


૩૫
૧૧

સં. ૨૦૧૬
ભાદ્ર

આદ્ય તંત્રી
૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક ॐ

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૦ ૨૦૧૬ : ભાદ્ર અંક ૫

ભારતમાં ભાષાનો કોયડો

રસિકલાલ છો. પરીખ

આપણા આખા દેશમાં ભાષાનો પ્રશ્ન અત્યારે મોખરે આવ્યો છે. આ એક દૃષ્ટિએ વિચારતાં આવકારવા જેવું છે.

કાર્લાઇલે એના *Signs of the Times* નામના નિબંધમા *Disease* અને *Consciousness*–રોગ અને સચેતપણા–માં સંબંધ જોયો છે આ મન્તવ્ય પૂરેપૂરું સાચું નથી, પણ સત્યની એક બાજુ તો જરૂર દેખાડે છે. શરીર પૂરું તંદુરસ્ત હોય તો શરીર છે એનું સચેતપણું રહેતું નથી, પણ ક્યાંક બગડે એટલે તુરત જ એનું ભાન થઈ આવે છે. સામાજિક ઘટનાઓમાં પણ કાર્લાઇલ આવો સંબંધ કલ્પે છે. જ્યાં સુધી બધું બરાબર ચાલતું હોય ત્યાં સુધી સામાજિક પ્રશ્નો કોઈ ઉપસ્થિત કરતું નથી. પણ જ્યાં અને જ્યારે કંઈક બગડે ત્યારે જાગૃતિ આવી જાય છે અને વિચાર કરવાની ફરજ પડે છે.

ભાષાના ક્ષેત્રમાં આપણા દેશમાં ઘણી ચર્ચા થાય છે એનું કારણ એ લાગે છે કે દેશમાં એ બાબતમાં સ્વસ્થતા કે સુસ્થિતતા બગડી ગઈ છે; કંઈક રોગ થયો છે. આ રોગમાંથી નીરોગી થવાની અત્યારે ગડમથલ ચાલે છે.

ભરતખંડના ભારત અને પાકિસ્તાન એવા બે રાજકીય ભાગો પડયા પછી ભારતને ભરતખંડનો ભાષાઓનો વારસો મળ્યો. ભરતખંડના ભારત વિભાગમાં સમવાયી છતાં એકરાજ્યતંત્રની સ્થાપના થઇ દુનિયાના ઘણા દેશોમાં એક રાજ્યતંત્રની સાથે એક ભાષા રહેલી દેખાય છે. તે ઉપરથી આપણા રાજકારણી પુરુષોમાં એવી માન્યતા ઊભી થઈ છે કે એકરાજ્યતંત્ર અને એકભાષા વચ્ચે 'અવિનાભાવ' સંબંધ છે; અને તેથી ભારતની એક ભાષા નહિ થાય તો ભારતનું ઐક્ય તૂટી જશે, અને સ્વાતંત્ર્ય ચાલ્યું જશે એવો મોટો ભય તેમને લાગે છે. આ કારણથી કેટલાક હિંદીને એવી ભાષા બનાવવા માગે છે, જ્યારે બીજા કેટલાક અંગ્રેજીને બનાવવા માગે છે—જો કે અંગ્રેજીમાં માનનારા એવું સ્પષ્ટ શબ્દોમાં કહેતા નથી અહિંદીભાષીઓ, ખાસ કરીને ગોદાવરીથી નીચે કર્ણાટક અને એથી નીચે દક્ષિણ પ્રદેશવાસીઓની સંમતિ વિના હિંદીને એવું સ્થાન આપવામાં નહિ આવે એવી બાંહ્યધરી વડાપ્રધાને અને ગૃહપ્રધાને આપેલી છે; અને એવો કાયદો પણ થવાનો છે એવી

આશા પણ આપેલી છે. તેનો અર્થ એ જ છે કે અંગ્રેજી એ અખિલ ભારતના રાજ્યતંત્રની ભાષા તરીકે ચાલુ રહેશે.

અંગ્રેજીને અખિલ ભારતના રાજ્યતંત્રની ભાષા રાખવામાં ઐતિહાસિક કારણોથી ખાસ અનુકૂળતા છે. દક્ષિણમાં 'હિંદી નહિ' એટલે અંગ્રેજી છે તેમ રહેવાનું અને ઉત્તરમાં પણ રાજ્યતંત્ર સાથે જેમને સંબંધ છે એવી મોટી સંખ્યાને પણ અંગ્રેજી જ સુગમ છે. હિંદીના આગ્રહી વિભાગોમાં પણ અંગ્રેજીને ખસેડી હિંદી મૂકવાનું કાર્ય સરલ થયું નથી—ખાસ કરીને તો જે જાતની શબ્દકોશી ભાષાન્તરિયા હિંદી આ વિષયમાં રજુ થઈ છે તેના કારણે. તે વિષે કેટલાક સરલ સ્વભાવના હિંદી વિદ્વાનો એમ કહે છે કે 'પરિભાષાકોશની મદદ વિના આ નવું હિંદી અમને પણ સમજાય એવું નથી!' તો પછી ઉત્તરની બીજી ભાષાઓવાળા ગુજરાતી, મરાઠી, બંગાળી વગેરેની તો સ્થિતિ કેટલી મુશ્કેલ છે એ જાણવું મુશ્કેલ નથી.

આમ અત્યારનાં ખલાબલ જોતાં એમ લાગે છે કે અંગ્રેજો આપણને જે અંગ્રેજી આપી ગયા છે તેને સાચવી રાખવામાં જ દેશની એકતા અને સ્વતંત્રતા સલામત છે. એવો મત અમલમાં રહેશે.

અને આપણા દેશના ઇતિહાસમાં શાસક-ભાષાને ચાલુ રાખવાનું બન્યું નથી એમ પણ નથી. ઘડીભર એમ માનીએ કે આર્યો ભરતખંડમાં બહારથી આવ્યા અને અહીંના દ્રાવિડોને જીતી તેમના ઉપર શાસન કર્યું, તો તેમની ભાષાને — સંસ્કૃતને ઉત્તર અને દક્ષિણ પ્રદેશોના વાસીઓએ એવી સ્વીકારી છે —'સ્વ કરી છે' કે જેનો જોટો દુનિયાના ઈતિહાસમાં જવલ્લે જ મળે! તુરકી, ફારસી, અરબી વગેરે ભાષા બોલનારા શાસકોનાં રાજ્યો ભરત-ખંડમાં થયાં એટલે હિંદુ મુત્સદ્દી વર્ગે એ ભાષા સ્વ કરી લીધી,—અલબત્ત સંસ્કૃત જેટલી નહિ! પણ સંસ્કૃત ખરેખર ગૌણ થવાનો પ્રારંભ તો આ ઐતિહાસિક રાજકીય પરિસ્થિતિમાં જ દેખાય છે. (મારા મિત્ર રત્નમણિરાવ જોટે—ઇસ્લામી યુગના ઇતિહાસના સારા અભ્યાસી—વારંવાર,—એક નાગર ગૃહસ્થ ફારસીમાં ગાયત્રીનો પાઠ કરતા તેનું—ઉદાહરણ મજાકમાં છતાં ગંભીરતાથી આપતા.) દક્ષિણના પ્રદેશોમાં ઇસ્લામી રાજ્યો ઉત્તરના જેટલાં વ્યાપક અને બલવાન ન બન્યાં તેથી ઉત્તર કરતાં દક્ષિણના પ્રદેશોમાં ફારસી આદિનું એટલું મહત્ત્વ થયું નહિ, અને સંસ્કૃતનું મહત્ત્વ સચવાઈ રહ્યું,—એટલું જ નહિ, તે પ્રદેશોનાં સંગીત-ગાયન વાદન નર્તન-પણ પરદેશી અસરથી મુક્ત, તળપદાં રહ્યાં!

પણ અંગ્રેજી અમલ દક્ષિણમાં અને પૂર્વમાં સૌથી પહેલો જામ્યો અને ત્યાં અંગ્રેજીનું શિક્ષણ પણ વહેલું શરૂ થયું, એટલે તે પ્રદેશોમાં સંસ્કૃતને સ્થાને અંગ્રેજીનું મહત્ત્વ થયું.

આ રીતે શાસક-ભાષા તરીકે સંસ્કૃતનું અને ઓછે અંશે ફારસીનું જે મહત્ત્વ થયું તે રીતે અંગ્રેજીનું થયું છે એ ઐતિહાસિક હકીકત છે—અને તેની નોંધ રાખ્યા વિના ચાલે તેમ નથી.

૨

પણ ૧૯૪૭માં ભારત સ્વતંત્રતા પામ્યું ત્યારે તેની ઐતિહાસિક જાગૃતિ આર્યોનાં આગમનના કાળમાં અને પછીના યુગોમાં હશે તેના કરતાં ઘણી બળવાન થઈ ગઈ હતી.

અંગ્રેજો પરદેશીઓ તરીકે આવ્યા અને પરદેશીઓ તરીકે જ. તેમણે શાસન કર્યું: ભારતખંડ કોઈ પણ કાળે આટલો ‘પર-તંત્ર’ ન હતો. એમનું શાસન એટલે પરાધીનતા. પરાધીનતા એટલે ગુલામી. એ ગુલામી તોડવાની પ્રેરણા અનેક રાષ્ટ્રાભિમાની ભારતવાસીઓએ આપી; પણ એ ગુલામી તોડી આપી ગાંધીજીની અપૂર્વ અને અનુપમ ક્રાન્તિપદ્ધતિએ.

આમ અંગ્રેજી શાસનથી મુક્ત થયા પછી એ પરતંત્રતાની ઊંડામાં ઊંડી ગયેલી સાંકળ,—અંગ્રેજી ભાષા! તેનાથી પણ મુક્ત થવું જોઈએ, અને થવાતું નથી—એ આપણો અત્યારે મોટો સંનેપાત છે. આ મુક્ત થવાનો અર્થ બહુ થોડા વિચારકો એવો કરતા હશે કે અંગ્રેજીનું જ્ઞાન આ દેશમાંથી ભુંસી નાંખવું. (અનેક ભાષાઓ ભણવી અને એ વાપરતાં આવડવી એ આ ભાષાકુશળ દેશની ઐતિહાસિક પરંપરા છે.) એટલે અંગ્રેજીનું શાસન-ભાષા તરીકેનું સ્થાન અને એની સાથે જ સંકલિત શિક્ષણના ‘માધ્યમ’ તરીકેનું સ્થાન શું?—એ જ પ્રશ્નની મૂંઝવણ મોટામાં મોટી છે; એ અત્યારે ‘દેશશરીર’નો એક મોટો રોગ છે. એ રોગમાંથી કેમ મુક્ત થવું એની ચિન્તાએ જ ભાષાપ્રશ્નને મોખરે આણ્યો છે. અનેક શારીરરોગોનું કારણ માનસરોગોમાં હોય છે તેમ કદાચ આ ભાષારોગનું પણ હોય. એનું થોડુંક નિદાન કરીએ.

૩

ભાષા અને પ્રદેશના સંબંધને વિચારીએ તો સૌથી પહેલું લક્ષણ એ ધ્યાનમાં આવે છે કે પ્રદેશવિસ્તાર ઉપર ભાષાની વ્યવહારક્ષમતા આધાર રાખે છે. ‘બાર ગાઉએ બોલી બદલાય’ એ કહેવત જ ફક્ત આ વસ્તુસ્થિતિની સૂચક નથી; પણ ભાષાઓનાં વિસ્તારના ઈતિહાસ પણ આની સાક્ષી પૂરે છે. અમુક અમુક પ્રાદેશિક અંતરે બદલાવાની ભાષાની આ ખાસિયત માણસ મટાડી શક્યો નથી, શકતો નથી. પણ આ જુદી જુદી બોલીઓમાં વપરાતી ભાષાનું સ્વરૂપ તેમાંની એકાદ બોલીને મુખ્ય બનાવી, તેનું વ્યાકરણ શોધી, અને તેનું શિક્ષણ આપી એ ભાષાપ્રદેશમાં વ્યવહારક્ષમ બનાવી શકાય છે. જનસમાજમાં વ્યાકરણશિક્ષિત ભાષા બોલનારા શિષ્ટભાષી કહેવાય છે, અને તેમની સમાજમાં પ્રતિષ્ઠા થાય છે. આ રીતે અમુક પ્રદેશ પૂરતી અમુક ભાષા એની બોલીઓ સાથે વ્યવહારનું સહજ સાધન બની રહે છે.

આવા એકભાષી કે એક ભાષાવાળા પ્રદેશમાં પરભાષી લોકોનું રાજ્ય થાય ત્યારે એક નવી પરિસ્થિતિ ઊભી થાય છે. પ્રારંભમાં તો એ પરભાષી રાજ્ય લોકોની ભાષા અને બોલીઓ સમજવા પ્રયત્ન કરે છે; પણ રાજ્ય સ્થિર થતાં પોતાની ભાષા આધીન દેશના લોકોને શીખવી પડે એવી સ્થિતિ ઊભી થાય છે. આ પરભાષી શાસકની ભાષા શીખનાર વર્ગ રાજદરબારમાં પ્રતિષ્ઠિત થાય છે, અને સમાજમાં શિષ્ટતા પામે છે. એટલે મહત્ત્વાકાંક્ષી પ્રજાજનો આ શાસકભાષા શીખવા લાગે છે. એ રીતે પરાધીનતાના કારણે પરભાષા ભાષી વર્ગ પ્રદેશમાં પરતંત્રતાને નીભાવતો શિષ્ટ ગણાય છે. લોકોમાં પરંપરાગત ભાષા વધારે જ્ઞાનસમૃદ્ધ અને સંસ્કારસમૃદ્ધ હોય તો તેનો અભ્યાસ શિષ્ટ વર્ગમાં ચાલુ રહે છે, આદરપાત્ર રહે છે,—જેમ સંસ્કૃતનો, ફારસી વગેરે દરબારી ભાષાઓ સાથે. પણ ભાષા એકલો શબ્દોચ્ચાર નથી,

એ વિચારનું વાહન છે; અને તેથી તે તે ભાષામાંના જ્ઞાન અને સંસ્કારના લાભાલાભ પણ તે જાણનારને અને અભ્યસ્ત કરનારને મળે છે. આ રીતે તુરકી, અરબી, ફારસી વગેરે ભાષાઓના સંસ્કાર ભરતખંડના લોકો ઉપર પડ્યા છે. છતાં ફારસી આદિનું સંસ્કારબલ સંસ્કૃતની કક્ષાને ઉતારી શકે એવું ન હતું.

આની આ પ્રક્રિયા અંગ્રેજોનો અમલ દૃઢ થતાં આપણા દેશના જુદા જુદા પ્રદેશોમાં બની. મુખ્ય સામ્ય: અંગ્રેજી શીખવાનું પ્રથમ પ્રલોભન એ શાસકોની અને રાજ્યતંત્રની ભાષા હતી એ. મુખ્ય તફાવતોમાં પ્રથમ એ કે પહેલાંનાં પરભાષી રાજ્યો કરતાં અંગ્રેજોની શાસનવ્યવસ્થા ઘણી વધારે વ્યવસ્થિત અને યોજનાબદ્ધ. આ વ્યવસ્થિતતા અને યોજનાબદ્ધતાને એ શાસને અંગ્રેજીને શાસનતંત્રની ભાષા તરીકે લોકોમાં તેનો પ્રચાર કરવામાં પણ વાપરી, જેને પરિણામે ફારસી વગેરે કરતાં અંગ્રેજીની ભરતખંડના લોકોને વધારે જરૂર પડી. પણ બીજો મુખ્ય તફાવત એ કે અંગ્રેજી ભાષા પ્રગતિશીલ જમાનાનાં જ્ઞાન, વિજ્ઞાન અને કવિતાથી સમૃદ્ધ, તેમજ નવા વિચારો કરવાની પ્રેરણા આપનારી ભાષા નીવડી. આ રીતે વ્યવહારુ લાભો સાથે નવો પ્રકાશ આપનાર સૂર્ય તરીકે પણ અંગ્રેજી આદરણીય થઈ, આ કારણોથી એની આપણા ભણેલા વર્ગોને ટેવ પડી ગઈ. એટલે અંગ્રેજો ગયા પણ તેમની ભાષા આપણામાંથી જતી નથી.

૪

આ પરિસ્થિતિની સમસ્ત લોકજીવન ઉપર શી અસર થઈ? ભારતીય સમાજમાં ઉચ્ચનીચના ભેદો તો પ્રાચીન કાળથી ચાલ્યા આવતા હતા. આ ભેદોમાં ઇસ્લામી કાળમાં હિંદુ દરબારીઓનો નવો વર્ગભેદ ઊભો થયો હતો, જેની મહત્તા આ પરંપરાગત ભેદો કરતાં જુદી હતી. એમ બનતું કે હિંદુ ઉચ્ચ કોમોના ચતુર માણસો મોટે ભાગે આ નવા દરબારી વર્ગમાં અગ્રેસર રહેતા—જેમ કે ગુજરાતમાં નાગરો (ગૃહસ્થો, બ્રાહ્મણો નહિ. કદાચ નાગરોમાં ગૃહસ્થ – બ્રાહ્મણનો ભેદ પડવામાં આ દરબારી શિષ્ટતા જ કારણભૂત નહિ હોય ?)! પણ આ નવા દરબારી વર્ગનું મોટામાં મોટું અનિષ્ટ એ હતું કે એમનું હિત લોકોના હિતથી અલગ થઈ જતું. તેમનું હિત પરતંત્ર શાસન અને તેના શાસકો સાથે લગ્ન થઇ જતું હતું. આની આ સ્થિતિ વ્યવસ્થિત અને યોજનાબદ્ધ રીતે અંગ્રેજી અમલમાં આગળ વધી. ઉપરાંત, એક ઇષ્ટ પરિવર્તન સાથે બીજી અનિષ્ટ સ્થિતિ ઊભી થઈ. અંગ્રેજી શિક્ષણને પરિણામે ક્રમે ક્રમે જૂના ઊંચનીચના ભેદો અમાન્ય થવા લાગ્યા; અને તેથી એ hierarchy—ઉચ્ચાવચતા ક્રમે ક્રમે તૂટવા લાગી, જે અત્યારે લગભગ તૂટી જવાની અવસ્થામાં છે. આપણા દેશને હાનિ કરનાર આ પરંપરા તૂટી એ ઇષ્ટ પરિવર્તન. પણ એ વર્ણક્રમમાં જે મૂલ્યાંકનો હતાં તે પણ તેની સાથે જ ગયાં કે જવા લાગ્યાં છે. વળી આ hierarchyનાં હિત લોકનાં હિતથી અલગ એવા પરશાસનની સાથે સંકળાયેલા ન હતાં, થોડીક વ્યક્તિઓ બાદ કરતાં. પણ આ ઉચ્ચાવચતાના શલ્યથી રહિત જે નવો વર્ગ—જેને અંગ્રેજી દરબારી કે દીવાનવર્ગ કહીએ—ઊભો થયો તેના જીવનવ્યવહારનો મુખ્ય સ્વાર્થ પરશાસનને સુદૃઢ બનવામાં સ્તંભ રૂપ થવું એ રહ્યો. આ અનિષ્ટ સ્થિતિ!

વ્યવસ્થિત રાજ્યતંત્રનું એક લક્ષણ એ હોય છે કે તે સમાજના બધા થરોને અને લગભગ આખી પ્રજાને અંકુશમાં લાવી દે છે. આને પરિણામે સરકાર સાથે સીધો સંબંધ ન હોય એવો બીજો મોટો વર્ગ પણ ઊભો થયો, અંગ્રેજી ભણેલાનો વર્ગ. છતાં આ વર્ગના મોટા ભાગનાં તાણાંવાણાં અંગ્રેજી દીવાની વર્ગ સાથે રહ્યા. પણ ૧૮૫૭ના બળવા પછી ભરતખંડને અંગ્રેજી શાસનથી મુક્ત કરવાના આંદોલનનો પ્રારંભ આ અંગ્રેજી વર્ગના જ અમુક ભાગથી થયો;—કોઈ એક દેશી રાજાને ભરતખંડનો રાજા બનાવવાના જૂના પ્રયત્નોથી તદ્દન જુદા એવા આંદોલનનો પ્રારંભ! અંગ્રેજી દ્વારા આવતા વિચારો અને ભાવનાઓનું આ પરિણામ હતું એ ઐતિહાસિક હકીકત છે. લાલ-બાલ-પાલની ત્રિપુટી અને શ્રી અરવિંદથી માંડી ગાંધીજી સુધીના બધા ક્રાન્તિકારોને આ લાગુ પડે છે.

આમ છતાં અંગ્રેજી સરકારની સીધી સેવા કરતો નોકર વર્ગ, તેમની હકૂમતની અદાલતોમાં વકાલત કરતો વકીલ વર્ગ, અંગ્રેજી દ્વારા શીખેલા વૈદાને વાપરતો દાકતર વર્ગ, સરકાર સ્થાપિત યુનિવર્સિટીઓની કોલેજોમાં અંગ્રેજી દ્વારા ભણાવતો પ્રોફેસર વર્ગ અને આ બધા ઉપરાંત 'યૂરોપ રિટર્ન્ડ'નો એક ખાસ જુદો વર્ગ—વળી અંગ્રેજી જાણતો ન જાણતો છતાં અંગ્રેજી અને તેના જાણકારો તરફ અહોભાવથી જોનારો મોટો વર્ગ—આ બધાની એક જુદી દુનિયા આપણા દેશમાં ઊભી થઈ ગઈ. આ વસ્તુસ્થિતિને રાધાકૃષ્ણન્ યુનિવર્સિટી કમિશનના અહેવાલમાં બહુ સ્પષ્ટ શબ્દોમાં રજુ કરી છે:

> "Use of English as such divides the people into two nations, the few who govern and the many who are governed, the one unable to talk the language of the other, and mutually uncomprehending. This is a negation of democracy." *
>
> (Vol. I, p. 316)

અર્થાત્ કે અંગ્રેજી આદરણીય છતાં તેનો રાષ્ટ્રભાષા તરીકેનો ઉપયોગ,—એ 'ડેમોક્રસીને નિષિદ્ધ કરવાની ક્રિયા' છે.

ભારતમાં ભાષાનો મોટો કોયડો આ છે. છેવટનાં સો વર્ષના ઇતિહાસે અંગ્રેજીને રાજ્યવ્યવહારની અને શિક્ષણના માધ્યમની ભાષા બનાવી છે; એ અરસામાં ઓછું અંગ્રેજી ભણેલો, અંગ્રેજીમાં વિચાર કરતો એવો એક મોટો વર્ગ ઊભો કર્યો છે, અને તેનાથી મોટો એવો અંગ્રેજી જાણતો-ન જાણતો છતાં અંગ્રેજી તરફ અહોભાવથી જોતો એવો વર્ગ ઊભો કર્યો છે—જે સ્વરાજ્ય પછી ઘટવાને બદલે વધતો જતો દેખાય છે—છતાં સમસ્ત ભારતની પ્રજાની અપેક્ષાએ આ ભાગ અલ્પ છે. આ ભાગનું વર્ચસ્ એ સ્વરાજ્યમાં 'ડેમોક્રસી'ને નિષિદ્ધ કરતી ક્રિયા છે.

---

* ભાષા તરીકે અંગ્રેજીના ઉપયોગથી પ્રજાના બે ભાગ પડી જાય છે: મૂઠીભર શાસકો અને અગણિત શાસિતો; એ બંને વર્ગ એકબીજાની ભાષા બોલી શકતા નથી અને પરસ્પરને સમજી શકતા નથી. આ વસ્તુ લોકશાસનને નિષિદ્ધ કરનારી ક્રિયા છે.

(વૉલ્યુમ ૧, પૃ. ૩૧૬)

—આમાંથી બીજું એવું ફલિત પણ ન થાય કે ડેમોક્રસીનો ગમે તેટલો પ્રચાર કરનારો પણ અંગ્રેજીને તેના અંગ્રેજી અમલના સ્થાને રાખવા કહેનાર ડેમોક્રસીનો નિષેધ કરે છે!

૫

તો આ કાયદાનો ઉદ્દેશ શેમાં છે? અંગ્રેજીને દેશનિકાલ કરવામાં? ના! અંગ્રેજીને ભારતીય સ્વરાજ્ય અને ડેમોક્રસીમાં તેના યોગ્ય સ્થાને મૂકવામાં. આ યોગ્ય સ્થાન તે શાસનની ભાષા તરીકેનું નહિ, શિક્ષણના માધ્યમ તરીકેનું નહિ. કારણ કે આ બન્નેમાં અંગ્રેજીનું સ્થાન એ ડેમોક્રસીનો નિષેધ કરનાર છે. ઉપરાંત શિક્ષણમાં તેનું માધ્યમ તરીકેનું સ્થાન ભારતીય પ્રજાની બુદ્ધિને ખીલવામાં અંતરાયરૂપ નીવડ્યું છે. રાધાકૃષ્ણન્ કમિશનના અહેવાલે આ પરિણામ બોધપ્રદ ભાષામાં વ્યક્ત કર્યું છે :

"We have paid a heavy price for learning through English in the past. Instead of laying stress upon thinking and reasoning we emphasized memorizing, In place of acquiring knowledge of things and realities we acquired a sort of mastery over words. It affected originality of thought and development of literature in the mother-tongue. We have impoverished ourselves without being able to enrich the language which we so assidiously studied. It is a rare phenomenon to find the speaker of one tongue contributing to great literature in a different language. The paucity of great literature which is the inevitable consequence of devotion by the educated to a language other than their own is a double loss—intellectual and social, for great literature is a powerful factor in fostering culture, refinement and true fellowship." * (Vol. I, p. 317) (અમારા)

* અંગ્રેજી મારફતે કેળવણી લેવા ખાતર આપણે ભૂતકાળમાં ભારે ભોગ આપ્યા છે. વિચાર અને તર્ક ઉપર ભાર મૂકવાને બદલે આપણે ગોખણપટ્ટી ઉપર ભાર મૂક્યો, પદાર્થો અને વાસ્તવિક હકીકતો વિશે જ્ઞાન મેળવવાને બદલે આપણે શબ્દો ઉપર જ એક પ્રકારનું પ્રભુત્વ મેળવ્યું. આની અસર મૌલિક વિચારણા અને સ્વભાષાના સાહિત્યના વિકાસ ઉપર થઈ. આપણે પોતે કંગાળ રહ્યા છીએ અને જે ભાષા આટઆટલા ખંતપૂર્વક કેળવી છે તેને સમૃદ્ધ કરી શક્યા નથી. એક ભાષા બોલનાર બીજી ભાષાના સાહિત્યમાં ફાળો આપે એવું જવલ્લે જ જોવા મળે છે. શિક્ષિત વર્ગ સ્વભાષા સિવાયની કોઈ ભાષા પ્રતિ નિષ્ઠાવાન રહે એટલે મહાન સાહિત્યની ખોટ રહ્યા જ કરવાની. અને તે–બૌદ્ધિક તેમજ સામાજિક, બે રીતે નુકસાનકર્તા હોય છે. કારણ, સંસ્કારિતા, સુરુચિ અને સાચા ભ્રાતૃભાવને પોષવામાં મહાન સાહિત્ય મહત્ત્વનો ભાગ ભજવે છે. (પૃ. ૩૧૭)

આ પરિણામ પ્રજાના માનસિક કે આધ્યાત્મિક જીવનનું એટલું બધું વિનાશક છે કે એ અહેવાલને કહેવું પડે છે કે—

"Whatever the advantages of English and the **immediate risks in a change over to the new,** the balance of advantage on a long view of the matter lies in the change." * (Vol. I, p. 317)

તો અંગ્રેજીનું ભારતીય સ્વરાજ્ય અને ડેમોક્રસીમાં યોગ્ય સ્થાન કયું? શિક્ષણમાં એક આવશ્યક વિષયનું, અને જેમ જેમ શિક્ષણની કક્ષા ઊંચી, તેમ તેમ તે ઊંચી કક્ષાને આવશ્યક અંગ્રેજીના ઊંચાં શિક્ષણનું; કારણ કે પ્રાદેશિક ભાષાને માધ્યમ તરીકે અંગ્રેજી વિના સફળ બીજી રીતે હાલમાં બનાવી શકાય તેમ નથી.

૬

આપણે એ સ્પષ્ટ સમજવું જોઈએ કે જગતની પ્રજાઓમાં ભારતની પ્રજાનું સ્થાન એના બૌદ્ધિક વિકાસ અને પ્રગતિ ઉપર છે. ભારતની પ્રજાકીય બૌદ્ધિક શક્તિ વારસાથી દુનિયામાં કોઈથી ઊતરતી નથી. પણ શક્તિ એ વ્યક્તિ નથી. એટલે એ શક્તિની વ્યક્તિ કેમ ઉત્તમ રીતે થાય એ વિચારવું આવશ્યક છે. શક્તિ પ્રકટ, કેળવણીથી અને શિક્ષણથી થાય છે. એટલે આપણું ધ્યાન ભારતીય પ્રજાની ચાલુ અને નવી પેઢીનાં કેળવણી અને શિક્ષણ ઉપર કેન્દ્રિત થવું જોઈએ. આમાં અનેક બાજુએથી વિચારવાનું છે. પણ હાલમાં વિવાદ શિક્ષણના માધ્યમનો છે. એટલે એ ભાષાના કોયડાને આપણે ઉકેલી નાખવો જોઈએ. એનો ઉકેલ સ્વભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવામાં અને અંગ્રેજીને આવશ્યક વિષય તરીકે શીખવવામાં છે.

રાધાકૃષ્ણન્ અહેવાલમાંથી ઉપર આપેલા ફકરામાં અંગ્રેજી દ્વારા શિક્ષણ આપવામાં કેટલી હાનિ થઈ છે એનું સુસ્પષ્ટ કથન છે. હિંદીને એના પ્રદેશ બહાર માધ્યમ બનાવવાની વાત શિક્ષણના મનોવિજ્ઞાનની દૃષ્ટિએ એટલી જ ખતરનાક છે. રાજકીય એકતાનાં કારણો વિષે ભૂલભરેલી માન્યતાઓનું એ પરિણામ છે. એક ભાષા હોવા છતાં અમેરિકા ઇંગ્લેન્ડ સાથે લડ્યું અને સ્વતંત્ર થયું. કેનેડામાં અંગ્રેજી અને ફ્રેન્ચ બન્ને માન્ય ભાષાઓ છે, અને છતાં તે બ્રિટિશ કોમનવેલ્થમાં છે. રશિયામાં અનેક ભાષાઓને શિક્ષણનું માધ્યમ રાખ્યા છતાં બીજે ક્યાંઇ નથી એવી એકતા છે—વગેરે વગેરે હકીકતો ન વિચારવાથી ભૂલ થાય છે. ઉપરાંત અંગ્રેજીના જ્ઞાનવિજ્ઞાનના લાભો હિંદીમાં નથી; અને કોઈ રાજકીય સરમુખત્યારીથી હિંદીને ભારતમાં શિક્ષણની ભાષા બનાવવામાં આવે તો એ પરિણામો આવે,—અંગ્રેજી નાશ નથી કરી શકી એવો નાશ એ ગુજરાતી, મરાઠી, અને બંગાળીનો કરશે—છતાં એક ભાષા બન્યા પછી માણસજાતની ભૌગોલિક ખાસિયત પ્રમાણે એ એક ભાષા પાછી પ્રાન્તીય બોલીઓમાં વિભક્ત થઇ જશે! આ ભાષાઓના ઇતિહાસનું અને વિજ્ઞાનનું ફલિત છે.

---

* અંગ્રેજીના ગમે તે લાભ હોય અને નવા પલટામાં તાત્કાલિક જોખમો ગમે તે હોય તો યે દીર્ઘદૃષ્ટિએ વિચારતાં પલટો કરવામાં જ વધારે લાભ છે. (પૃ. ૩૧૭)

રાજકીય એકતા સાચવવાના પ્રયત્નો બીજી રીતે થવા જોઇએ.

જે હિંદી ઉત્તર હિંદના મોટા ભાગને સમજાય છે તે જેને 'બજારૂ હિન્દી' કહે છે તે છે. શિક્ષણનું માધ્યમ બનવાની તેની ગુંજાશ નથી. છતાં એ હિન્દીને આંતરપ્રાન્તીય હિન્દી તરીકે વિકસવા દઈ, ભારતની બીજી ભાષાઓના શબ્દો અને લઢણોને તેમાં સમાવવા દઈ અને તેને નિયમનનો સંસ્કાર આપી હિન્દીને ભારતના વ્યવહારની બીજી ભાષા બનાવી શકાય—જેને રાધાકૃષ્ણન્ અહેવાલ 'federal language'–'સમવાયની ભાષા' કહે છે. આમાં હાલની પ્રતિષ્ઠિત હિન્દીને મોટો ભાગ ભજવવાનો હશે. એ અનુકૂળતા થાય માટે આપણા શિક્ષણમાં આવશ્યક વિષય તરીકે તે હિંદી કે જેને ગાંધીજી હિંદુસ્તાની કહે છે તેને સ્થાન મળવું જોઈએ.

તાત્પર્ય કે શિક્ષણના ક્ષેત્રમાં ભાષાની ગૂંચ આમ ઉકેલી શકાય: શિક્ષણની બોધભાષા કે 'માધ્યમ' તરીકે સ્વભાષા—ગુજરાતમાં ગુજરાતી, આંતરપ્રાન્તીય વ્યવહાર માટે હિન્દી–(અને હું ઉમેરું કે એક દ્રાવિડકુલની ભાષા–હિન્દીના વિકલ્પે કે સાથે), અને જ્ઞાનની બાબતમાં પછાત ન રહી જઇએ તથા જગત સાથે સંપર્ક રહે માટે અંગ્રેજી,—એમ ત્રણ કે ચાર ભાષાઓને યથાસ્થાને રાખવી.

શાસનક્ષેત્રે ઉમોકસી સાચવવાની હોય તો રાજકીય એકમોમાં તે તે પ્રદેશની ભાષા અને જ્યાં એકથી વધારે મુખ્ય હોય ત્યાં તેટલી ભાષામાં વ્યવહાર થવો જોઇએ. જુદા જુદા એકમો વચ્ચે અને મધ્યસ્થ સમવાયી તંત્ર સાથે હિન્દીમાં,—પણ જે નવું શબ્દકોશી હિન્દી હાલમાં નિર્માણ થયું છે તેમાં નહિ, પણ રાધાકૃષ્ણન્ અહેવાલ જેને 'federal language' કહે છે, અને ગાંધીજી જેને હિંદુસ્તાની કહે છે તે હિન્દીમાં; અને અહિન્દીભાષી એકમો અનુતા આપે નહિ ત્યાં સુધી ચાલુ અંગ્રેજીમાં વ્યવહાર.

૭

ભારતનો ભૂપ્રદેશ, ઇતિહાસ અને માનવસંસ્કાર જે વૈવિધ્ય રજુ કરે છે તેના નાશમાં ભારતની સમૃદ્ધિનો નાશ છે; અને એ વૈવિધ્યમાં જે એકય તેઓ રજુ કરે છે તે ન સાચવવામાં તેના આત્માની વિસ્મૃતિ છે. ભારતના બુદ્ધિમંતો અને વિદ્યાચતુરો આગળ વૈવિધ્યમાં એકય સિદ્ધ કરવાનું કપરું કાર્ય છે! એ કપરું છે છતાં થઈ શકે એવું છે,—જો સ્વરાજ્ય ભોગવતા સ્વતંત્ર ભારતને અનુરૂપ નવું માનસ કેળવવાની તકલીફ લઈએ તો. ગાંધીજીએ નવું માનસ કેવું હોય તેનું દિગ્દર્શન કરાવ્યું છે.

તા. ૨૫–૮–૬૦

ગુજરાત રાજ્યનું પ્રથમ બજેટ

ઠાકોર મિસ્ત્રી એમ. એ.

રાજ્યનું બજેટ રાજ્યની આર્થિક પરિસ્થિતિની આલોચના માટે સુંદર તક આપે છે. બજેટ રજૂ કરતી વખતે નાણાપ્રધાન રાજ્યની આર્થિક પરિસ્થિતિનો સવિસ્તર ખ્યાલ આપે છે. રાજ્યની મુખ્ય આર્થિક સમસ્યાઓ કઈ છે અને એ કઇ રીતે ઉકેલવામાં આવશે અને એ અંગે કેટલી રકમ જોગવવામાં આવી છે એનો ઝીણવટભર્યો ખ્યાલ નાણાપ્રધાન આપે છે. બજેટ પસાર થયેલા વર્ષમાં સરકારને થયેલી આવક અને સરકારે કરેલા ખર્ચ દર્શાવે છે અને આગામી વર્ષમાં સરકાર કઇ વિગત પર કેટલો ખર્ચ કરશે અને એ અંગે નાણાં કઇ રીતે મેળવવામાં આવશે એનો અંદાજ રજૂ કરે છે. રાજ્ય સરકારનાં આવક-ખર્ચની ગાઢ અસર રાજ્યના આર્થિક પ્રવાહો પર પડે છે એટલે બજેટનો અભ્યાસ સાર્થક અને ફળદાયી નીવડે છે. જે રાજ્ય માત્ર વહીવટી કારોબાર ચલાવે છે, ન્યાય અને સજા અંગે પ્રબંધ કરે છે, કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ અંગે પગલાં લે છે એ રાજ્યનો નાણાવહીવટ રાજ્યના અર્થકારણ ઉપર ઝાઝી અસર કરતો નથી. પરંતુ જે રાજ્ય કલ્યાણકામી હોય છે તેમજ ઝડપી આર્થિક વિકાસ માટે મોટું મૂડીરોકાણ કરે છે એ રાજ્યના નાણાવહીવટની નિર્ણાયક અસર રાજ્યના ધંધારોજગાર અને ખેતી ઉપર પડે છે. ગુજરાત રાજ્યનું બજેટ કઇ રીતે ગુજરાતના સમગ્ર અર્થકારણ ઉપર અસર કરવા ઇચ્છે છે?

ગુજરાતની આશરે ૭૩ ટકા વસતી એના ઓગણીસ હજાર ગામડાઓમાં વસે છે. રાજ્યની ૫૮ ટકા વસતી ખેતી ઉપર નભે છે. રાજ્યની ખેડાણયોગ્ય જમીન ૨૫૫ લાખ એકર જેટલી છે જેના અર્ધા ભાગ પર રોકડિયા પાક લેવાય છે. ૧૯૫૧-૫૨ માં અનાજનું ઉત્પાદન ૧૦ લાખ ૩૨ હજાર ટન હતું અને વધીને ૧૯૫૮-૫૯ માં ૨૪ લાખ અને ૧૯ હજાર થયું: (હેન્ડબુક ઓવ બેઝિક સ્ટેટિસ્ટીક્સ ઓવ ગુજરાત ૨૦૮-૧૯૬૦, પૃ. ૧૪) આ દાયકા દરમ્યાન અનાજનું ઉત્પાદન આટલું વધ્યા છતાં યે ગુજરાત પ્રદેશને પૂરતું અનાજ થતું નથી. અનાજની ખેતીમાં વપરાતી આશરે દસ લાખ એકર જમીન રોકડિયાં પાક હેઠળ આટલા સમયમાં જવા પામી છે. રોકડિયા પાકોમાં કપાસ અને મગફળીનું ઉત્પાદન આ વર્ષો દરમ્યાન અનુક્રમે ૩૦ લાખ ૫૦ હજાર ગાંસડીઓ અને ૨૧ લાખ ૩૦ હજાર ટન ઉપરથી વધીને ૪૫ લાખ ૧૫ હજાર ગાંસડીઓ અને ૨૨ લાખ ૬૦ હજાર ટન થયું છે. રોકડિયાં પાકોના ભાવો ઊંચા જવાથી યે ખેડૂતોને સારી આબાદી પ્રાપ્ત થઇ છે. ગુજરાતની અર્થરચનાના પાયામાં આવી આબાદ પ્રગતિશીલ ખેતી રહેલી છે. પરંતુ, ખેતીની આબાદીને વધારવા માટે પીયતની જમીનનું પ્રમાણ વધારવું જોઇએ. નાણાપ્રધાનના બજેટ ભાષણ પ્રમાણે ગુજરાતની કુલ ખેડાણયોગ્ય જમીનના માત્ર ત્રણ ટકા જળ-સીંચાઈની નાનીમોટી યોજનાઓ હેઠળ છે. ખાસ કરીને નાની યોજનાઓ પાછળ સવિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે કારણ કે એ કાર્યો ઝડપથી પરિણામો લાવે છે. બજેટમાં ખેતી અને એના વિકાસ માટે લગભગ રૂ. ૧૬ કરોડ ૪૮ લાખ ફાળવ્યા છે. કુલ ખર્ચના આશરે ૨૩ ટકા રકમ ખેતીના પાયાના ઉદ્યોગોને વિકસાવવા માટે વપરાશે એ હકીકત ઘણી જ સંતોષકારક છે.

ગુજરાત ખાતે ખેતી સિવાયના ઉત્પાદનમાં રોકાયેલા આજીવિકાવાળા લોકો આશરે ૯ લાખ જેટલા છે. એ લોકો અર્ધા ગામડાંઓમાં અને અર્ધા શહેરોમાં ઉદ્યોગો ચલાવે છે. ઉદ્યોગોને ખાણોમાં, કારખાનાંઓમાં અને નાના ઉદ્યોગોમાં વહેંચી શકાય. એ ત્રણેય પ્રકારના ઉદ્યોગોમાં ઉત્પન્ન થયેલી આવક નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે :

ગુજરાતની ઔદ્યોગિક આવક

[૧૯૫૫-૫૬ ના ભાવોમાં]

(કરોડ રૂપિયામાં)

	૧૯૫૫-૫૬	૧૯૫૮-૫૯	વધારો
ખાણો	૨·૩૯	૨·૬૫	+ ૦·૨૬
કારખાનાં	૮૮·૯૫	૧૦૮·૨૫	+ ૧૯·૩૦
નાના ઉદ્યોગો	૬૧·૪૪	૬૭·૪૯	+ ૦૬·૦૫
કુલ	૧૫૨·૭૮	૧૭૮·૩૯	+ ૨૫·૬૧

કારખાનાંઓનો વિકાસ રાજ્યના કબજામાં નથી પરંતુ ખનીજ તેલ અને તત્ત્વોનું સંશોધન થવાથી કારખાનાંઓના વિકાસની શક્યતાઓ ઘણી જ વધી જશે. એ ઉદ્યોગોને આનુષંગિક નાના ઉદ્યોગો વિકસાવવા પાછળ રાજ્ય વધારે ધ્યાન આપી શકે. ગુજરાત સરકારે આ વર્ષ માટે ઔદ્યોગિક વિકાસ માટે રૂા. ૨·૩૮ કરોડનો અંદાજ રજૂ કર્યો છે. વીજળીનો પુરવઠો વધારવા માટે મૂડી ખર્ચ રૂા. ૪૧ હજાર નક્કી કર્યો છે જ્યારે ગુજરાતના વીજળી બોર્ડને રૂા. ૪ કરોડની લોન ધીરી છે.

ઉદ્યોગ અને ખેતી ઉભયના ઝડપી વિકાસ માટે વાહનવ્યવહારના ક્ષેત્રમાં પણ પ્રગતિ સાથે સાથે થવી જોઈએ. ગુજરાતના રસ્તાઓની હાલત અત્યંત દયનીય છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનનાં સાધનો માટે ય બારે માસ વાપરી શકાય એવા રસ્તાઓ નથી. રસ્તાઓ માટે સરકારે રૂા. ૨·૦૭ કરોડ ફાળવ્યા છે. આવી મોટી રકમ પ્રશ્નને હળવો બનાવવામાં જરૂર મદદ કરશે. ગુજરાતમાં મધ્ય કક્ષાનાં બંદરોની સારી એવી સંખ્યા છે. દેશભરનાં ૧૮ મધ્યમ બંદરોમાંનાં ૮ બંદરો તો ગુજરાતમાં આવેલાં છે. ઉપરાંત ૪૩ નાનાં બંદરો છે. ભારતનાં નાનાં અને મધ્યમ બંદરોએ વર્ષે કુલ પચાસ લાખ ટન જેટલો માલ ચડે-ઊતરે છે. એમાંથી ગુજરાતનાં બંદરો ૨૦ લાખ ટન માલ સંભાળે છે. બંદરોની આવી મોટી અગત્ય ધ્યાનમાં લઈને સરકારે રૂા. ૯૪ લાખ એમના વિકાસ પેટે ફાળવ્યા છે.

બજેટમાં ફાળવવામાં આવેલી ખર્ચજોગી રકમ જોતાં એમ લાગ્યા વિના રહેતું નથી કે રાજ્યની ઝડપી પ્રગતિને અનુરૂપ જ સરકાર નાણાં ખર્ચવા માગે છે. પરંતુ, ગુજરાત સરકાર જરૂરી એવાં નાણાં કઈ રીતે ઊભાં કરવા ઇચ્છે છે ? કયા પ્રકારની ત્રેવડ એમણે કરી છે એ જાણવું જોઈએ.

આ વર્ષમાં બજેટમાં નીચેના કોઠામાં બતાવ્યા મુજબની નાણાકીય જોગવાઈ સરકાર કરવા ઇચ્છે છે :

[અનુસંધાન પૃ. ૨૪૧

માનવ મનની ભીતરમાં –

પંડિત શ્રી સુખલાલજી

[૧] અતીન્દ્રિય દર્શન

અધ્યાત્મી અને યોગી તરીકે હું નથી બોલતો; પણ જે કાંઈ શાસ્ત્રોમાં વાંચ્યું–વિચાર્યું છે અને તેના ઉપર યથાશક્તિ બીજી રીતે વિચાર કર્યો છે, તે આધારે અતીન્દ્રિય દર્શન વિશે કાંઈક કહેવા ધારું છું.

કોઈ પણ ઇન્દ્રિયથી થતું સીધું જ્ઞાન એ દર્શન કહેવાય, છતાં અત્રે મુખ્યપણે આંખથી થતા જ્ઞાનને દર્શન તરીકે સમજવાનું છે. બીજી ઇન્દ્રિયોની પેઠે આંખની દર્શનશક્તિની ખાસ મર્યાદા છે. મનુષ્ય ઇતર પ્રાણીઓથી મનની બાબતમાં અસાધારણ રીતે ચડિયાતો છે, પણ આંખ કે બીજી ઇંદ્રિયોની બાબતમાં એવું નથી. મનુષ્ય કરતાં બીજાં કેટલાંય પ્રાણીઓની નેત્રશક્તિ ઘણી વધારે છે. આ બધું છતાં ઇંદ્રિયોની ખાસ મર્યાદા એ છે કે તે વર્તમાન કાળના વિદ્યમાન વિષયોથી આગળ જઈ શકતી નથી; અને વર્તમાન વિષયોને પણ અમુક ક્ષેત્ર કે દેશની મર્યાદામાં જ ગ્રહી શકે છે. આને જ 'સેન્સરી પર્સેપ્શન' (sensory perception) કહે છે.

પ્રાચીન કાળમાં ચિંતકોએ ઇંદ્રિયોની આ શક્તિ–મર્યાદા વિશે જે જાણેલું, તેની નોંધ અનેક શાસ્ત્રોમાં મળે છે. ઈશ્વરકૃષ્ણની આવી નોંધ સંક્ષિપ્ત છતાં અર્થપૂર્ણ છે:

> अतिदूरात् सामीप्यात् इन्द्रियघातात् मनोऽनवस्थानात् ।
> सौक्ष्म्यात् व्यवधानात् अभिभवात् समानाभिहारात् च ॥

આનો ભાવાર્થ એટલો જ કે બહુ દૂર, બહુ સમીપ, બહુ સૂક્ષ્મ કે આડમાં હોય એવી વસ્તુ ઇન્દ્રિયો સાક્ષાત્ જાણી શકે નહીં.

આ રીતે એક કાળે જે વસ્તુઓ ઇન્દ્રિયગમ્ય ન હોવાને લીધે અતીન્દ્રિય લેખાતી, તે જ વસ્તુઓ વૈજ્ઞાનિક સાધનોને લીધે ઇન્દ્રિયગમ્ય પણ બની છે. દૂરદર્શક અને સૂક્ષ્મદર્શક શક્તિશાળી યંત્રો દ્વારા અતિદૂરની અને અતિસૂક્ષ્મ તેમ જ આડમાં રહેલ વસ્તુઓ પણ ગૃહીત થાય છે. ટેલિવિઝન પણ હવે પ્રચારમાં આવ્યું છે.

આમ વૈજ્ઞાનિક સાધનોની મદદથી દર્શનશક્તિ વધ્યા છતાં એક બાબતમાં મૂળગત સામ્ય રહેલું જ છે; તે એ કે એ સાધનો વિના જેમ ઇંદ્રિયો વર્તમાન કાળની મર્યાદાથી આગળ વધી શકતી ન હતી, તેમ એ વૈજ્ઞાનિક સાધનોની મદદ છતાં તે એ મર્યાદામાં જ કામ કરી શકે છે. વૈજ્ઞાનિક સાધનોએ પ્રથમની મર્યાદાનો ભંગ કર્યો હોય તો તે દૂરત્વ, સૂક્ષ્મત્વ અને વ્યવધાન આદિની બાબતમાં. આવાં સાધનો દ્વારા થતું દૂર અને દૂરતરનું તેમ જ સૂક્ષ્મ અને સૂક્ષ્મતરનું જ્ઞાન એ એક્સ્ટ્રા સેન્સરી પર્સેપ્શન (extra sensory perception) છે.

પણ અહીં તો આપણે અતીન્દ્રિય દર્શનનો વિચાર મનને લક્ષી કરવાનો છે. મન એ મનુષ્યની વિરલ સંપત્તિ છે. એની શક્તિઓ અમાપ છે. એમાંની સક્રિય શક્તિઓ, જે આપણા અનુભવમાં આવે છે, તે પણ અમાપ છે. અને બીજી અનેક સુષુપ્ત તેમ જ પ્રચ્છન્ન શક્તિઓ એમાં રહેલી જ છે, જે શક્તિઓ યોગ્ય પ્રયત્નથી કામ કરતી થાય છે. બાહ્ય ઇંદ્રિયો કરતાં મનની એક વિશેષતા તો એ જાણીતી જ છે કે બધી જ ઇંદ્રિયો દ્વારા જ્ઞાત થયેલ વિષયો ઉપર મન પોતે એકલું જ ચિંતન, મનન અને પૃથક્કરણ કરી શકે છે. તે ઉપરાંત બાહ્ય ઇંદ્રિયો દ્વારા અનુભવમાં નહીં આવતાં એવાં અનેક પદાર્થો, અનેક ઘટનાઓ અને અનેક પ્રશ્નો વિશે પણ મન કાંઈક ને કાંઈક જાણી-વિચારી શકે છે. ઉચ્ચતર અને ઉચ્ચતમ ગણિત કે તર્ક અને વ્યાપ્તિના નિયમો અગર કાર્યકારણભાવની ચોક્કસ ઘટમાળ—એ બધાંનું મન દ્વારા જ આકલન થાય છે.

મનની જાગરૂક અને સુષુપ્ત અનેક શક્તિઓ છતાં એની બાબતમાં એક મુદ્દો નોંધવા જેવો એ છે કે બાહ્ય ઇન્દ્રિયોની જ્ઞાનમર્યાદા વધારવા માટે, જેમ વૈજ્ઞાનિક સાધનો ઉત્તરોત્તર વધતાં રહ્યાં છે તેમ, હજી સુધીમાં એવું કોઈ વૈજ્ઞાનિક સાધન શોધાયેલું જાણમાં આવ્યું નથી કે જેની મદદથી મન પોતાની સુષુપ્ત શક્તિઓને ખાસ જાગૃત કરી કામમાં લઈ શકે, અને જાગરૂક શક્તિઓને સવિશેષ કામમાં લઈ શકે.

તો પછી પ્રશ્ન એ થાય છે કે મન પોતાની અંદર પડેલી શક્તિઓ દ્વારા અતીન્દ્રિય દર્શન કરી શકે, તેનો શો અર્થ; અને એવું દર્શન જો શક્ય હોય તો તે ક્યાં, અને કેવાં સાધનો દ્વારા?

મન અતીન્દ્રિય વસ્તુઓનું દર્શન કરી શકે છે, એનો અર્થ એક તો એ છે કે મન વર્તમાન કાળ સિવાયની—એટલે કે અતીત અને અનાગત કાળની—ઘટનાઓનું તાદૃશ ભાન ઓછાવત્તા પ્રમાણમાં કરી શકે. બીજો અર્થ એ કે બાહ્ય ઇન્દ્રિયો પોતાથી ભિન્ન એવા વિષયોને જાણે છે, જ્યારે મન પોતે પોતાના સ્વરૂપનું, પોતામાં પડેલ સારા-નરસા સંસ્કારોનું, પોતાની શક્તિઓનું અને પોતાની પ્રવૃત્તિઓનું વિકાસાનુસાર દર્શન કરી શકે છે. અને તે ઉપરાંત મન બાહ્ય વિષયોનું તો સાક્ષાત્ આકલન કરી જ શકે.

મનના અતીન્દ્રિય દર્શનનો આ અર્થ છે. દરેક માણસનું મન ઓછેવત્તે અંશે તે અનુભવે પણ છે. પરંતુ સામાન્ય લોકો મનની આ શક્તિને અતીન્દ્રિય દર્શન તરીકે ભાગ્યે જ લેખે છે. મનનું આ કાર્ય રોજ અનુભવાતું હોઈ એનું મહત્ત્વ સાધારણ લોકોને જણાતું નથી, પણ જ્યારે કોઈ મનની અસાધારણ કાર્યશક્તિ પ્રગટ થાય, કે જે સાધારણ લોકોના મનમાં દેખાતી ન હોય, ત્યારે લોકો અચરજમાં પડી જાય છે અને તેને એક ચમત્કાર લેખી-સત્કારે છે.

એક વાર આવો ચમત્કાર અનુભવાય, ત્યારે ઘણી વાર લોકોનું કુતૂહલ એ ચમત્કારને અનેકગણો વધારી મૂકે છે, છતાં મૂળમાં ચમત્કારની પાછળ રહેલું અસાધારણ શક્તિનું તત્ત્વ એ તો એક હકીકત જ છે; એમાં કોઈ કલ્પનાને સ્થાન નથી.

મનની આવી અનેક અસાધારણ શક્તિઓ છે, તો એને સક્રિય કે જાગરૂક કરી શકાય કે નહીં, અને તે કેવાં સાધનો દ્વારા, એ પ્રશ્ન હવે આવે છે. જ્યાં સુધી જાણ છે ત્યાં

સુધી એમ કહી શકાય કે મનની જાગરૂક શક્તિઓને વધારે સક્રિય કરવાનો અને સુષુપ્ત શક્તિઓને સક્રિય કરી તેને વિકસાવવાનો માર્ગ યોગપ્રક્રિયામાં છે. યોગમાર્ગીઓએ આ માટેના અનેક પ્રયોગો, જીવને જોખમે પણ, કર્યા છે. તેમાં કેટલાકને ઓછીવધતી સફળતા પણ મળી છે. એ પ્રયોગોની ઘણી વિગતો શાસ્ત્રોમાં નોંધાયેલી તો છે જ, પણ બહુધા એ યોગમાર્ગીઓના મુષ્ટિજ્ઞાન જેવી રહી છે. જૈન પરંપરામાં લબ્ધિને નામે, બૌદ્ધ પરંપરામાં ઋદ્ધિ કે અભિજ્ઞાને નામે અને યોગ પરંપરામાં વિભૂતિને નામે મનની શક્તિઓનાં ચમત્કારી કાર્યો નોંધાયેલ મળી આવે છે. આજે પણ આમાંની કેટલીક સિદ્ધિઓ વિશે ભ્રમ રહ્યો નથી, છતાં જે કાંઈ નોંધાયેલું મળે છે અને જે કાંઈ યોગભક્તો દ્વારા સાંભળવા મળે છે, તે બધું અક્ષરશઃ માની લેવાનો આ યુગ નથી. એનું પરીક્ષણ થાય એ સત્યની દૃષ્ટિએ જરૂરી છે, છતાં ઉતાવળા થઈ આપણા તર્કમાં ન બેસે એટલા કારણસર એ બધી મનની શક્તિઓને નકારી કાઢવી, એ પણ ઉપહાસપાત્ર બનવા જેવું છે.

કોઈ પણ એક સ્થૂળ કે સૂક્ષ્મ વસ્તુમાં મનને રોકવું, ત્યાર બાદ તે જ વસ્તુ વિશે એકાગ્ર થઈ તેનો વિચાર કરવો: એમ કરવા જતાં મન ચિંત્ય વિષયમાં એકરૂપ જેવી અવસ્થા અનુભવે છે. આ મનની ધારણા, ધ્યાન અને સમાધિની ત્રણ ભૂમિકાઓ છે. એ જ મનનો સંયમ છે. આવો સંયમ સિદ્ધ કરવો એ સાધારણ પુરુષાર્થની બહાર છે, પણ આવો સંયમ સિદ્ધ કરી શકાય છે. એવો સંયમ સિદ્ધ થાય, પછી ધ્યાની વ્યક્તિ જુદા જુદા વિષયોમાં એ સંયમનો પ્રયોગ કરે, ત્યારે એના મનની અનેક સુષુપ્ત શક્તિઓ આશ્ચર્યજનક રીતે કામ કરતી થઈ જાય છે. ધ્યાની વ્યક્તિ સૂર્યમાં સંયમ કરે તો એની સમક્ષ અજ્ઞાત બાહ્ય-વિશ્વનું તાદૃશ ચિત્ર રજૂ થાય છે. એ જ રીતે જો તે પોતાના સંસ્કાર પરત્વે સંયમનો પ્રયોગ કરે તો તે પૂર્વપૂર્વ સંસ્કારચક્રનું ભાન વધારતાં વધારતાં પૂર્વજન્મની સીમાઓ સુધી પણ પહોંચે છે. મનની જ્ઞાનશક્તિ ઉપરાંત તેમાં કેટલીક ક્રિયાશક્તિઓ પણ છે. અમુક પ્રકારના સંયમથી તેવી ક્રિયાશક્તિ સક્રિય બનતાં ધ્યાની અકલ્પ્ય શારીરિક અને માનસિક બળ પણ સિદ્ધ કરે છે. આ રીતે અનેક પ્રકારની જ્ઞાન અને ક્રિયાશક્તિ સંયમ દ્વારા સિદ્ધ થયાનાં વર્ણનો તો મળી આવે છે, પણ મને પોતાને, આ બધાં ઉપર વિચાર કરતાં અને કાંઈક તર્ક-યુક્તિથી પરીક્ષણ કરતાં, એમ લાગ્યું છે કે આ વર્ણનોમાં ઘણું સત્ય છે. આપણે જો યોગ્ય રીતે મનસંયમનો પ્રયત્ન કરીએ, તો એની પ્રતીતિ એટલી મુશ્કેલ નથી. જો અભ્યાસી વ્યક્તિ પોતાના ઇષ્ટ વિષયમાં, અભ્યાસને બળે, સર્વોપરિતા મેળવી શકે છે, તો માનસિક શક્તિઓને સક્રિય કરવાનો અભ્યાસ યોગ્ય રીતે કરવામાં આવે તો આજે જે નવાઈ જેવું લાગે તે સુગમ કેમ ન બને? પોતાના જીવનના વિકાસ પરત્વે અને માનસિક શક્તિઓના વિકાસ પરત્વે માણસ વિચાર કરે, તોપણ મનની અતીન્દ્રિય દર્શનની શક્તિ વિશે સંદેહ રહેવાને કોઈ કારણ રહે જ નહીં. હું પોતે ઘણીવાર મારા મનની ભૂતકાલીન અને વર્તમાનકાલીન અવસ્થા તેમજ શક્તિનું તારતમ્ય વિચારું છું, ત્યારે મને જણાય છે કે એક કાળે જે શક્તિની કલ્પના સુદ્ધાં શક્ય ન હતી, તે શક્તિ અભ્યાસ અને કાળબળે અનુભવાય છે; અને ઊંડું ચિંતન કરતાં તેમજ બીજા પરિમિત એવા અસાધારણ પુરુષોની શક્તિનો વિચાર કરતાં મને એમ જણાય છે કે મનમાં સાવ સુષુપ્ત, અર્ધસુષુપ્ત, જાગૃત અને અર્ધજાગૃત એવી શક્તિઓના અપાર થર પડેલા છે. આ જ મનની અંદરનું વિસ્મયકારી વિશ્વ છે.

[૨] અતીન્દ્રિય શ્રવણ

અતીન્દ્રિય દર્શન વિશે કાંઈક કહ્યા પછી હવે અતીન્દ્રિય શ્રવણ વિશે થોડુંક કહેવાનું છે. મર્યાદિત સમયમાં મુખ્ય મુખ્ય મુદ્દાઓનો જ નિર્દેશ કરી શકાય. શ્રવણ એ શ્રુ=સાંભળવું, એ અર્થવાળા ધાતુમાંથી થયેલ શબ્દ છે. સાંભળવાનો મુખ્ય અર્થ તો એટલો જ છે કે કાન દ્વારા શબ્દોને ઝીલવા ને તે શબ્દોનો બોધ કરવો.

લાકડું ભાંગતાં કે કપડું ફાડતાં ધ્વનિ પેદા થાય છે. એ ધ્વનિ પણ કાનથી સંભળાય છે. તેથી સાંભળનારને બહુ તો એટલું જ ભાન થાય છે કે આ ધ્વનિ લાકડા કે કપડાનો છે. પણ પ્રાણીના શબ્દની બાબતમાં એમ નથી.

એમ તો મનુષ્ય સિવાયની અનેક પ્રાણીજાતિઓ છે. દરેકના શબ્દ અને ધ્વનિમાં મોટું અંતર હોય છે. પણ અત્રે તો મનુષ્યે ઉચ્ચારેલા અને મનુષ્યથી જ સંભળાતા શબ્દોને લઈ મુખ્યપણે વિચાર કરીશું.

મનુષ્યના કાન ઇતર કેટલાંક પ્રાણીઓના કાન કરતાં ઓછી શક્તિ ધરાવે છે. સામાન્ય રીતે એમ મનાય છે કે શબ્દના વેવ (wave) એટલે તરંગની સોળથી ઓછી સંખ્યા હોય ત્યારે એ શબ્દ મનુષ્યના કાન સાંભળી ન શકે અને વીસ હજારથી વધારે વેવ (wave) હોય ત્યારે પણ સાંભળી ન શકે. મનુષ્યના કાનની ગ્રહણશક્તિની આ સામાન્ય મર્યાદા થઈ. તે મર્યાદા બહારના શબ્દો મનુષ્યના કાન માટે અતીન્દ્રિય ગણાય. એ જ રીતે અમુક દૂરીથી વધારે આગળના શબ્દો પણ સંભળાતા નથી. પણ વૈજ્ઞાનિક શોધે આ મર્યાદામાં અકલ્પ્ય ક્રાંતિ કરી છે. રેડિયો, વાયરલેસ ઇત્યાદિ સાધનો મારફત આપણે અતિદૂરના શબ્દો પણ સાંભળીએ છીએ; અને ન સંભળાય એવા ઊંચા કે નીચા ધ્વનિવાળા શબ્દો પણ વૈજ્ઞાનિક સાધનો દ્વારા મંદ કે તીવ્ર કરવાથી આપણે સાંભળવા પામીએ છીએ. આ રીતે જે શ્રવણ અતીન્દ્રિય ગણાતું, તે પણ હવે કર્ણગમ્ય બનવા પામ્યું છે.

પરંતુ અહીં માત્ર કર્ણ દ્વારા શબ્દ સાંભળવાની જ શક્તિનો વિચાર કરવાનો નથી; અહીં તો ખાસ કરી મનમાં રહેલી અતીન્દ્રિય શ્રવણશક્તિનો વિચાર કરવાનો છે. મન એ શરીરવ્યાપી છે, પછી ભલે એનું ખાસ સ્થાન કોઈ એક જ મનાતું હોય. મન જેમ બીજી ઇંદ્રિયો દ્વારા ગ્રહણ થતા રૂપ, રસ આદિ વિષયોને ગ્રહી તેના ઉપર વિચાર કરે છે, તેમ કાનથી ગ્રહણ થતા દૂર કે નજીકના મંદ કે તીવ્ર શબ્દોને ગ્રહી તેના ઉપર પણ વિચાર કરે છે. શબ્દો—ખાસ કરી મનુષ્યકૃત શબ્દો—વિશે મન વિચાર કરે, ત્યારે એનો શો અર્થ છે, એ સમજવું ઘટે. એમ તો પરિચિત, અપરિચિત એવી સંખ્યાબંધ ભાષાઓના ધ્વનિઓ કાનમાં પડે છે, પણ મન એ બધી ભાષાઓના અર્થ સમજી શકતું નથી. એને જે ભાષાના સંકેતો જ્ઞાત હોય અને જે ભાષાનો ઠીક ઠીક પરિચય હોય તે ભાષાના અર્થો તે સમજવા પામે છે. ભાષા બોલનારના મનમાં જે અર્થ વિવક્ષિત હોય, તે અર્થ તે ભાષાના સાચા સંકેતજ્ઞાનથી સાંભળનારનું મન જાણી શકે છે. એટલે કે બોલનારના મનમાં જે વિચાર હોય, તે વિચાર તેના દ્વારા બોલાયેલી ભાષા મારફત સાંભળનારનું મન જાણી શકે છે. બોલનારના મનનો વિચાર એ કોઈ પણ બાહ્ય ઇન્દ્રિયથી સીધો જ્ઞાત થઈ શકે નહીં. જેમ એવો વિચાર બોલનારની આકૃતિ કે ચેષ્ટા આદિ ચિહ્નો જોઈ અટકળી શકાય, તેમ એવો વિચાર જ્ઞાત

ભાષા દ્વારા પણ જાણી શકાય. પણ બન્ને અટકળોમાં મોટું અંતર છે. આકૃતિ કે ચેષ્ટા જોઈ સામાના વિચારનું અનુમાન, એ બહુ ઝાંખું અને દૂરનું જ્ઞાન છે, જ્યારે ભાષા સાંભળી તે દ્વારા બોલનારના મનના વિચારને જાણવો, એ ઘણું સ્પષ્ટ અને પૂરું જ્ઞાન છે. આવું જ્ઞાન કરવાની શક્તિ મનમાં રહેલી છે. આ શક્તિ તેજ મનની અંદર રહેલી અતીન્દ્રિય શ્રવણ-શક્તિ છે; એટલે કે કાન દ્વારા સાંભળેલ પરિચિત ભાષાથી મન દ્વારા કરાતું બોલનારના વિચારનું પૂરેપૂરું જ્ઞાન છે.

બોલનાર જે વિચાર પ્રગટ કરે, તે કાંઈ માત્ર વર્તમાન કાળને લગતો જ નથી હોતો કે માત્ર ભૌતિક અને સ્થૂળ વસ્તુને લગતો જ નથી હોતો. એ વિચાર તો અનેક વાર વર્તમાન ઉપર અતીત અને અનાગતને સ્પર્શતો હોય છે; અને અલૌકિક તેમજ સૂક્ષ્મતમ વસ્તુઓને લગતો પણ હોય છે. આવો ત્રૈકાલિક અને સૂક્ષ્મતમ વસ્તુઓ વિશેનો વિચાર ભાષાના શ્રવણ દ્વારા મનની કેળવણીના પ્રમાણમાં જાણી લેવો એ મનની અતીન્દ્રિય શ્રવણશક્તિ કહેવાય.

મનને અનેક રીતે કેળવી શકાય છે. એ કેળવણીના સંસ્કારો જેટલા પ્રમાણમાં સારા, સચોટ અને વ્યાપક, તેટલા પ્રમાણમાં એવું મન બીજા અનેકોનાં મનમાં પેદા થતા વિચારોને તેમની તેમની જુદી જુદી ભાષાઓ દ્વારા પણ જાણી શકે. કેટલાય સંસ્કારી અભ્યાસીઓ એવા હોય છે કે જેઓ અનેક ભાષાઓ સમજી શકે છે, અને તે દ્વારા દેશ-કાળથી ભિન્ન એવી અનેક વ્યક્તિઓના વિચાર યથાર્થ રૂપમાં જાણી પણ શકે છે. આ એક સુપરિચિત હકીકત છે.

પરંતુ કોઈ કોઈ એવી વિરલ વ્યક્તિ હોય છે કે જેનું સુસંસ્કૃત મન બોલનારની ભાષાનો પરિચય ન હોવા છતાં બોલનારના મનનો ભાવ માત્ર એ ભાષાના ધ્વનિ ઉપરથી કલ્પી શકે છે. આ પણ મનમાં રહેલ અતીન્દ્રિય શ્રવણશક્તિનો એક વિકાસ છે.

અહીં સુધી જે વાત કહી તે તો મુખ્યપણે બોલનાર અન્ય અને સાંભળનાર અન્ય, એ મર્યાદાને ધ્યાનમાં રાખી કરી છે. પરંતુ આ સિવાય પણ બીજી રીતે મનની અતીન્દ્રિય શ્રવણશક્તિનો વિચાર જાણવા જેવો છે.

આપણે એ તો અનુભવથી જાણીએ છીએ કે આપણામાં કોઈ એવી ચેતના છે કે જેના દ્વારા આપણું સમગ્ર જ્ઞાનતંત્ર ચાલે છે. આવી ચેતના યા ચૈતન્યશક્તિના અતિસ્વચ્છ દર્પણમાં કેટલાકને અણધારી રીતે જ કાંઈક અપૂર્વ સૂઝી આવ્યાનું પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબ માત્ર એ વ્યક્તિ પૂરતું છે. તે વ્યક્તિના મન સિવાય એ પ્રતિબિંબનો ખ્યાલ કોઈને હોતો નથી. પણ તે વ્યક્તિ પોતે એ પોતાની સૂઝના પ્રાથમિક સ્ફુરણને સાક્ષાત્ અને અસંદિગ્ધપણે જોઈ શકે છે.

આવા મનોગત પ્રતિબિંબ-દર્શન પછી તે વ્યક્તિ એને કેવી રીતે અન્યગમ્ય કરવું, એના મંથનમાં પડે છે. આવું મંથન એને પોતાના એ દર્શન અને એને વ્યક્ત કરી શકે એવાં સાધનોનો સુસંવાદ ગોઠવવા માટે પ્રેરે છે. ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સંગીત આદિ કળાનો નિષ્ણાત હોય કે ગેલીલીઓ, ન્યૂટન અગર આઇનસ્ટાઇન જેવો વૈજ્ઞાનિક હોય કે મહાવીર, બુદ્ધ અગર યાજ્ઞવલ્ક્ય આદિ જેવો તત્ત્વજ્ઞ હોય, તે પોતાના માધ્યમ દ્વારા એવા દર્શનને સાકાર કરે છે. જ્યારે કોઈ કવિ કે તત્ત્વજ્ઞ પોતાના મનોગત દર્શનને ભાષાના માધ્યમ દ્વારા સાકાર કરવા મથે છે, ત્યારે એના મનમાં વિચાર અને ભાષા બન્નેનું સુસંવાદી રસાયન તૈયાર થાય છે.

આ તૈયાર થતું રસાયન એ અંતર્જલ્પ છે, અર્થાત્ મનની અંદરની વાણી છે. હજી સુધી આ વાણી માત્ર એ વ્યક્તિના મનમાં જ લહેરાતી હોય છે. પણ એ વ્યક્તિ એ લહેરાતી વાણીને ઇતર શ્રોતાગમ્ય કરવા પ્રયત્ન કરે છે. જ્યારે એ પોતાનો પક્વ વિચાર વૈખરી દ્વારા શ્રોતાઓને કર્ણગમ્ય કરે છે, ત્યારે એનો મૂળમાં પેદા થયેલ મનોગત અતીન્દ્રિય દર્શન અને વિચારનો વ્યાપાર, એ શ્રોતાઓને પણ ગમ્ય બને છે.

આ રીતે જેમ મન બીજાઓના મનમાં પેદા થયેલ અતીન્દ્રિય વિચારોને ભાષા સાંભળી જાણી શકે છે, તેમ પોતાના અતીન્દ્રિય દર્શન અને વિચારવ્યાપારને પણ બીજાઓને ગમ્ય બને એ રીતે રજૂ કરી શકે છે. આ દૃષ્ટિએ જોતાં મનની શક્તિનો પ્રદેશ કેટલો વિશાળ અને કેવો સૂક્ષ્મ છે, એનો કાંઈક ખ્યાલ આવે છે. પોતાના જ મનમાં પેદા થયેલ અને બીજાને ગમ્ય નહીં એવા અતીન્દ્રિય વિચારને માણસનું મન પોતે જ પોતામાં સાંભળે છે. આને જ સંતો અંતર્નાદ કહે છે. અને વળી મન બીજાના મનમાં રહેલા વિચારોને પણ યથાર્થ રૂપમાં ભાષા દ્વારા સમજવાની શક્તિ ધરાવે છે. આ એક મનની ચમત્કારી છતાં રોજ અનુભવાતી શક્તિ છે.

જેમ જેમ મનનો વિકાસ યોગ્ય રીતે કરવામાં આવે છે, તેમ તેમ એની શક્તિના નિઃસીમ અજ્ઞાત પ્રદેશો ખૂલે છે. આ વિશે અનુભવી યોગીઓએ એક બાબત નોંધી છે, જે ધ્યાનમાં રાખવા જેવી છે.

યોગીઓએ અનુભવ્યું છે કે શબ્દ, તેનો અર્થ અને તેનાથી થતું જ્ઞાન—એ ત્રણે સામાન્ય જનને માટે સેળભેળ થયેલાં હોઈ એમની દૃષ્ટિએ વિભાગ અશક્ય જેવો છે; પણ જ્યારે મનને એ વિષય ઉપર એકાગ્ર કરવામાં આવે, ત્યારે એકાગ્ર ને સ્થિર થયેલું મન તે ત્રણે વચ્ચેનું અંતર અને એની બધી ભેદક વિશેષતાઓ જાણવાની આધ્યાત્મિક સિદ્ધિ પામે છે. આ સિદ્ધિ વખતે તે મન માત્ર મનુષ્યની જ વાચા અને તે પણ પરિચિત જ વાચા નથી સમજી શકતું, પણ મનુષ્ય ઉપરાંત બીજાં પ્રાણીઓની વાચા પણ સમજી શકે છે, એટલે કે તે તે પ્રાણીઓ કઈ લાગણી અને કયા વિચારથી તેમની તેમની ભાષા બોલ્યાં છે, તે આવો યોગી સમજી લે છે. પણ આ સિદ્ધિ એ તો યોગીની સિદ્ધિ હોઈ આપણા જેવાએ એના ઉપર અત્યારે તો શ્રદ્ધા જ કેળવવાની રહે છે.

પરંતુ આવી શ્રદ્ધાને નકારી ન શકાય એવા કેટલાક બીજા પ્રકારના અનુભવો આપણને પણ થતા હોય છે. એક વ્યક્તિએ અમુક વાક્ય કે એક મહાવાક્ય ઉચ્ચાર્યું, ત્યારે સાંભળનાર બધી સમજદાર વ્યક્તિઓ પણ એનો એકસરખો અર્થ તારવતી નથી હોતી. દરેક સાંભળનાર પોતાના મનના આંતરિક સમજણના સંસ્કાર અને સામર્થ્ય પ્રમાણે જ તે એક જ વાક્યનો જુદો જુદો અર્થ તારવે છે, અને અનેક વાર એવું દેખાયું છે કે તેવા તારવવામાં આવેલા અનેક અર્થો પૈકી એકેને પણ આપણે મિથ્યા કહી શકતાં નથી. આનો સંક્ષેપમાં ભાવ એ થયો કે એક જ વાક્ય કે એક જ સંદર્ભની પાછળ એના પ્રેરક વિચારને સમજવાની જુદા જુદા માણસોની ચડતી-ઊતરતી અનેક શક્તિઓ હોય જ છે. આવી શક્તિઓ એ જ મનની અંદર રહેલું અતીન્દ્રિય શ્રવણ-સામર્થ્ય છે. *

☆

* ઓલ ઇન્ડિયા રેડિયો, અમદાવાદ ઉપરથી તા. ૧૫-૭-૬૦ તથા તા. ૨૨-૭-૬૦ ના રોજ આપેલ વાર્તાલાપ માટે તૈયાર કરેલ લખાણ.

શ્રી પાઠક સાહેબ*

[એક સ્મૃતિમાલા]

સુન્દરમ્

પ્રાસ્તાવિક

'**પ્રસ્થાન**'ના સંચાલકે શ્રી રામનારાયણભાઈ માટે આ ખાસ અંક કાઢવાનો સંકલ્પ કર્યો તે ખરેખર જ યોગ્ય છે. પિતાનું શ્રાદ્ધ કરવાનું કર્તવ્ય અને હક જેમ પ્રથમ પુત્રને હોય છે તે મુજબ ભાઈશ્રી મિસ્ત્રીનું આ કર્તવ્ય છે અને હક પણ છે કે તેઓ જ પાઠક સાહેબની સ્મૃતિને માટે સાહિત્યક્ષેત્રમાં આવો પ્રયત્ન આદરે.

અને આ રીતે વિચારતાં મારે આ વિશેષાંકમાં શું લખવું તે અંગેની પણ એક દિશા હું સ્પષ્ટ થતી જોઉં છું. પાઠક સાહેબને પોતાના દીર્ઘ જીવનમાં અનેક માણસો સાથેના જે અનેકવિધ સંબંધો છે તેમાં હું જોઉં છું મારો અને એમનો સંબંધ એક ખાસ રીતનો રહેલો છે. એ સંબંધ બીજાઓની સાથેના તેમના સંબંધ જેટલો ગાઢ કે આંતરિક નથી પણ ખરો પણ છતાં જેટલો અને જેવો છે તેટલો તે નોંધપાત્ર છે. કદાચ અનન્ય છે એમ કહું તો પણ ચાલે એ અનન્યતા મને એક રીતે આનંદથી પુલકિત પણ કરે છે અને પૃથ્વી ઉપર માણસ માણસના સંબંધમાં આવીને પોતાના જીવનને કેવું સમૃદ્ધ કરી શકે છે એ રહસ્યમય ઘટનાનો કિંચિત્ પરદો પણ ઉપાડી આપે છે.

*

આ સંબંધનું સ્વરૂપ, તેના અંકોડા તાજા કરવા બેસું છું અને લગભગ ત્રીસ વરસનો એક લાંબો ગાળો નજર આગળ ખડો થાય છે. કેટલાક પ્રસંગો માંડ માંડ તાજા થાય છે, તો કેટલાક જાણે કે હમણાં જ બન્યા હોય તેવા તાદૃશ બની રહે છે. પણ એવો ઝાંખો-તાજો, સ્પષ્ટ-અસ્પષ્ટ ભૂતકાળ પણ મનોહર છે, આહ્લાદક છે, આર્દ્ર કરનાર છે.

અને ગુજરાતની આ વિભૂતિ માટેનો સૌથી વધુ વ્યાપક રીતે વાચક બનેલો શબ્દ મોંમાં આવીને સૌથી પ્રથમ ઊભો રહે છે: પાઠક સાહેબ.

પાઠક સાહેબ મારા જેવા અનેકોના 'પાઠક સાહેબ' રહેલા છે. સાક્ષરી અને શિષ્ટ જગતમાં તેઓ શ્રી રામનારાયણ વિ. પાઠક હતા. તેમના મુરબ્બીઓ સમક્ષ, અમારી વિદ્યાપીઠના અધ્યાપકોમાં, તેમના સાથીઓમાં તેઓ પાઠક હતા, કુટુંબમાં તેઓ બહુભાઈ હતા. પણ અમારે માટે, અને અમારા પછી એમની સાથે સંબંધમાં આવનાર ગુજરાતની એક બે પેઢીઓ માટે તેઓ એક તેજસ્વી મધુર અધ્યાપકના સંબંધે 'પાઠક સાહેબ' રહેલા છે. અને આમાં ગંમતની વાત એ છે કે, મમત્વને કારણે કહો કે માનવની અહકેન્દ્રિતતાને કારણે કહો, અમારા 'પાઠક સાહેબ'ને માટેનાં આ બીજાં નામો અમને અજુગતાં લાગેલાં છે! કઠ્યાં છે! એમનાં કુટુંબીજનોમાં એમનું બહુભાઈ તરીકેનું સ્થાન મને જાણે કે પૂરું સત્યનિષ્ઠ

* મૂળ લખાયેલ પાઠકસ્મૃતિઅંક માટે. પણ તે માટે મોડો પડ્યો હોવાથી તે અંકમાં લેવાયો નહતો. હમણાં જ પાઠકસાહેબની મૃત્યુતિથિ આવી ગઈ એટલે એ પ્રસંગે આ લાંબો લેખ શ્રદ્ધાંજલિરૂપે પ્રસિદ્ધ કરવાની તક લઉં છું. — સંચાલક

લાગતું નહોતું. એમની સાથેની એ કુટુંબીઓની આત્મીયતા ‘ પાઠક સાહેબ ’ના એક વિશાળ અને મહાન વ્યક્તિત્વને સમજવાને જાણે કે અશક્ત લાગતી હતી. અને માત્ર ‘ પાઠક ’ કે ‘ શ્રી રા. વિ. પાઠક ’ કહીને તેમને ઓળખનારા પણ જાણે કે ‘ પાઠક સાહેબ ’નું ગૌરવ જાણવાને, ઝીલવાને તથા ઝીલીને કૃતાર્થ બનવા માટે અતિશય મોટા લાગતા હતા ! ખરો સત્ય સંબંધ તો જાણે કે અમારો જ હતો ! ગુરુ અને શિષ્યનો.

અને ઘડી ભર વિચારતાં એમ પણ લાગે છે કે માનવ માનવ વચ્ચેનો વધુમાં વધુ સર્જક સંબંધ તો આ જ છે. માનવ માનવ વચ્ચે અનેક રીતના સંબંધ છે, દરેક સંબંધ માનવના વિકાસમાં વિશિષ્ટ અને અનન્ય તથા અનિવાર્ય એવો ભાગ પણ ભજવે છે, છતાં માનવની ચેતનાની શુદ્ધમાં શુદ્ધ ભૂમિકા ઉપર જો કોઇ સંબંધ રચાતો હોય અને માનવ ચેતનાને તેની પરમ સિદ્ધિ લગી પહોંચાડી શકવાને સમર્થ હોય તો તે આ ગુરુ–શિષ્યનો જ સંબંધ છે. બીજા કોઈ પણ સંબંધ માટે આપણે એમ નથી કહી શકતા કે —

‘ જિને ગોવિંદ દિશ બતાય. ’

*

વિદ્યાપીઠમાં

૧૯૨૬ની સાલ હતી. અને મેં ગૂજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં પ્રવેશ કર્યો. વિશાળ ખેતરોની વચ્ચે, શહેરથી બહાર, આસપાસનાં કોઇ પણ મકાનો કરતાં વિશેષ ઊંચું, વિશેષ ભવ્ય એ મહાલય, એની વચ્ચેનું વિશાળ ચોગાન, ગામડાંનાં ઘરો અને શહેરની શેરીઓમાંથી આવનાર અમારા બાલમાનસને માટે વિશાળતા, સ્વતંત્રતા અને એક મહાસમૃદ્ધ આંતર જગતના મૂર્તિમંત સ્વરૂપ જેવું હતું. અમારા મહાવિદ્યાલયના પુસ્તકાલયમાં ખુલ્લા ઘોડાઓ ઉપર ગોઠવેલાં હજારો પુસ્તકો, ભલે એમાંનું કંઇ પણ ન વાંચીએ તોપણ, એમનું દર્શન જ એક અઢળક ખજાનો આપણને હાથ આવી ગયો હોય તેવો ભાવ ભરી દેતું હતું. અને સામે બીજા ખૂણા ઉપરનો પુરાતત્ત્વ વિભાગનો રાજચંદ્ર ગ્રંથભંડાર તો ભૂતકાળની કોઈ અકળ, પ્રેરક મહા સમૃદ્ધિનાં આંદોલનોથી તરબોળ કરી દેતો હતો.

એ મહાવિદ્યાલય, એના અધ્યાપકો, એમના વર્ગો, મહાવિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓ, એનું છાત્રાલય, એમાંના છાત્રો એ બધી અમારે માટે એક નવી સૃષ્ટિ હતી, મોહક સૃષ્ટિ હતી. અને એ સૃષ્ટિમાં પાઠક સાહેબનું ચિત્ર હાજર થાય છે.

અમે મહાવિદ્યાલયમાં દાખલ થયાને થોડાએક દિવસ ગયા હશે ને અમારો એક સહાધ્યાયી ગોઠિયો મજાકમાં હસતો હસતો આવીને વાત કરવા લાગે છે: ‘ તમે જોયા ? પાઠક સાહેબને ? — conspicuous chin ? ’

Conspicuous — શબ્દ પણ મેં કદાચ ત્યારે જ પહેલી વાર સાંભળ્યો. ‘ એ શું ? ’ એવા મારા મૂંગા પ્રશ્નનો જવાબ પેલા મિત્રે આપોઆપ આપ્યો :

‘ કેમ ? પેલા હનુમાન ચિબુક ! હનુમાનજીના જેવી ખૂબ ખૂબ લાંબી દાઢીવાળા ! બધા એમને અહીં conspicuous chin કહે છે. ’ એ જ્ઞાન પણ એણે કોઇ અનુભવી જૂના વિદ્યાર્થી પાસેથી મેળવી આણ્યું હશે. અને એણે પાઠક સાહેબની લાંબી દાઢી બતાવવાનો અભિનય પણ કર્યો.

આમ પાઠક સાહેબની સુપરિચિત આકૃતિનો પરિચય થયો.

એ વખતે પાઠક સાહેબ અમારા છાત્રાલયના ગૃહપતિ હતા, અને છાત્રો માટેની ઓરડીઓમાંથી દક્ષિણના દરવાજા પાસેની બે ઓરડીઓમાં — એને અમારા પ્રચલિત 'રૂમો'ના માનવાચક નામથી ઓળખાવવી જોઈએ — રહેતા. રૂમની અંદર હોય ત્યારે અર્ધી બાંયની બંડીના તેમના હંમેશના પોષાકમાં હોય. વર્ગો લેવાના થાય ત્યારે તેના ઉપર શિષ્ટતાનું પૂર્ણ ગૌરવ ધારણ કરેલું આપણું આજનું યુગવસ્ત્ર — ઝભ્ભો ચડાવી લેતા, માથે ટોપી આવી ગઈ હોય, હાથમાં પુસ્તકો હોય, અને લાંબે ડગલે વર્ગોમાં પહોંચતી એ આકૃતિ તમારા મગજમાં બેસી જાય.

મને લાગે છે કે તે પછીના વરસે કે બીજે વરસે પાઠક સાહેબ છાત્રાલયમાંથી બહાર રહેવા ગયેલા. મીઠાખળી અને માદલપુરમાં પાઠક સાહેબ, અને તેમના બીજા સાથી અધ્યાપકો અને મિત્રો શ્રી રસિકલાલ પરીખ, પંડિત સુખલાલજી, પંડિત બહેચરદાસ ઈ○ રહેતા. હું ધારું છું કે માદલપુરમાં એક મેડા ઉપર અમે પાઠક સાહેબની મુલાકાતે ગયેલા અને ત્યાં તેમની સાથે તેમના ભાઈ પ્રાણજીવન પાઠક પણ રહેતા હતા. આ અધ્યાપક વૃંદ આ ઉપનગરોમાંથી ગતિ કરતું કરતું વિદ્યાપીઠમાં આવે. પાઠક સાહેબ શરીરે આમ પાતળા છતાં ચાલવામાં ઘણા ઝડપી. એમના જેવી જ પાતળી કાયાના અમારા સ્નાતક બંધુ નગીનદાસ પારેખ પણ એવા જ ઝડપી ચાલનારા. પાઠક સાહેબે ખભા ઉપર થેલી ભરાવેલી હોય, અને એ ઝભ્ભામાં અને ધોતિયામાં, ઝડપથી હાથ હલાવતા અને લાંબા ડગે ચાલતા–એમની સાથે નગીનદાસ પણ એવી જ ઝડપથી ચાલતા હોય–એ ચિત્ર મારા મનમાં ઘણી વાર અંકાઈ ગયેલું છે. અને આથી ઊલટું ચિત્ર શ્રી રસિકલાલભાઈનું પણ અંકાયેલું છે! એમની નીચી સુકોમળ કાયાથી માદલપુરની દિશામાંથી વિદ્યાપીઠની દિશામાં રેલવે લાઈનને પડખે પડખે એમને એકલા અથવા તો પંડિત બહેચરદાસ અને પંડિત સુખલાલજીના સાથમાં ધીરે ધીરે ડગલે રસ્તો કાપતા મેં જોયા છે—હું ત્યાં માદલપુર અને વિદ્યાપીઠની લગભગ અધવચ આવેલા નવરંગપુરમાં એકેક વરસ રહેલો—અને મને ઘણી વાર થયેલું કે આ મુરબ્બીઓ ક્યારેય પણ તેમના ગંતવ્ય સ્થાને પહોંચશે ખરા?

આ તો સહેજ આડવાત થઈ. ઝભ્ભો, ટોપી અને પુસ્તક લઈને ઉપર મેડા ઉપરના વર્ગોમાં બાજઠ ઉપર બેસીને વર્ગો લેતા પાઠક સાહેબ એક જુદી જ વ્યક્તિ, એક વિશિષ્ટ વિભૂતિ બની રહેતા.

અમારા પ્રથમના વર્ગમાં–પ્રિવિયસમાં તેમના હાથે અમે શું ભણ્યા, કે ભણેલા પણ ખરા કે કેમ તે યાદ નથી. હું ધારું છું મણિલાલ દ્વિવેદીનું 'કાન્તા' નાટક અને 'કાવ્ય-સમુચ્ચય ભા. ૧' એ અમારાં પાઠ્ય પુસ્તકો હતાં, અને પાઠક સાહેબ અમને 'કાવ્ય-સમુચ્ચય' ભણાવતા હતા. પણ તે પછીનાં સ્નાતકનાં ત્રણ વર્ષોનાં સ્મરણો તો બરાબર યાદ આવે છે. સ્નાતકમાં બધા જ વિદ્યાર્થીઓને ગુજરાતી અને હિંદીનો એક એક પ્રશ્નપત્ર ફરજિયાત રીતે લેવાનો રહેતો. મેં સ્નાતક માટે સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લીધા. સ્નાતક માટે ગુજરાતીનો સ્વતંત્ર વિષય પણ લઈ શકાતો. પણ મને લાગેલું કે ગુજરાતી કરતાં 'સંસ્કૃત'માં વધારે મોટી સમૃદ્ધિ છે એટલે તે વિષય જ લેવા દે.

ઢાળિયા ઉપર પુસ્તક મૂકવાની સગડ તેવી અધ્યાપકને નહિ!—એમને વર્ગમાં એવી જરૂર પણ ઓછી પડે. અને પાઠક સાહેબ પછી ચોપડીને હાથમાં રાખે કે ખોળામાં મૂકે અને વર્ગ લે. ચોપડીમાં કંઈ લખવાનું હોય ત્યારે ચોપડીને ખોળામાં મૂકીને ખિસ્સામાંથી ફાઉન્ટનપેન કાઢે, તેને ખોલે, લખી લે અને તેની ઓળી પાછી ઉપર બંધ કરે, સહેજ ટકોરો મારે અને પેનને ખિસ્સામાં મૂકી દે. પાઠક સાહેબની આ એક નિત્યની ઘણી પરિચિત ક્રિયા. વર્ગમાં ચાર પાંચ વાર આમ પેન ખિસ્સામાંથી નીકળે, ખૂલે, વસાય અને પાછી ખિસ્સામાં મુકાય. એ જમાનામાં ફાઉન્ટનપેનો આજના જેટલી વ્યાપક નહતી. હું સ્નાતક સુધી ભણ્યો ત્યાં સુધી હોલ્ડરથી જ કામ ચાલ્યું છે. એટલે અમે બાલસહજ મુગ્ધતાથી છતાં એક બુદ્ધિપ્રધાન તટસ્થતાથી પાઠક સાહેબની આ ક્રિયાઓ જોતા રહીએ. પાઠક સાહેબની પેન પાર્કરની હતી અને પારદર્શક હતી. એટલે અંદરનો સાહીભરેલો ભાગ, ખાલી ભાગ, એમાં થતી સાહીની ઉપરતળેની ગતિ એ બધું એક અસંપ્રજ્ઞાત એવી રસિકતાથી અમે માણતા રહીએ, પાઠક સાહેબનું કથન સાંભળતા રહીએ અને એમ વર્ગ આગળ ચાલતો રહે.

આ બુદ્ધિના તેજોમય વાતાવરણવાળા વર્ગોમાં પછી અમે એક અવનવીન વાત બનતી જોઈ. પાઠક સાહેબ તો ઘણા વિશદ અને તેજસ્વી એવા તર્કશાસ્ત્રી હતા. એમનું 'પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા' સ્વચ્છ વિચારશક્તિનાં બારણાં ખોલી આપતું હતું. 'પ્રેમ' જેવા વિષય ઉપર એમણે એક વ્યાખ્યાન આપેલું તે પણ કેટલું તર્કની હવાથી ઝળાં ઝળાં થઈ ગયેલું હતું. કવિતા, નવલકથા આદિની ચર્ચા પણ તેઓ ઘણી શાંત તટસ્થતાથી કરતા. આવા પાઠક સાહેબને અમે વર્ગમાં બધાની સમક્ષ, પાઠ્યપુસ્તકમાં અમુક પ્રસંગ આવે ત્યારે ગદ્‌ગદિત થતા જોતા, કાવ્યની અમુક પંક્તિ આવે, નવલકથામાં અમુક સંવાદ આવે અને એકાએક પાઠક સાહેબના અવાજમાં ફેર પડી જાય, કંઠ ગળગળો થઈ જાય, આંખમાં પાણી ભરાઈ આવે. અમારે નવાસવા વિદ્યાર્થીઓ માટે તો આ એક ઘણી મૂંઝવી નાખે તેવી વસ્તુ હતી. આ શું થઈ ગયું પાઠક સાહેબને? અમારું આ પ્રસંગે શું કર્તવ્ય હોઈ શકે? કાંઇ કર્તવ્ય પણ ખરું? કાંઈ સમજાય નહિ. આ કાંઈ સાંપ્રદાયિક ભાવાવસ્થાનો પ્રસંગ હોતો નથી. અમે ચૂપચાપ બેસી રહીએ. પોતાની આ અવસ્થાથી સહેજ પણ ક્ષુબ્ધ થયા વિના પાઠક સાહેબ પુસ્તક વાંચ્યે જાય. અને મિનિટ બે મિનિટમાં બધું પૂર્વવત્ થઇ જાય. જરૂર પડે તો રૂમાલ કાઢી આંખનાં આંસુ લૂછી પણ લે.

એમના ભવિષ્યના વિદ્યાર્થીઓને પણ આ અનુભવો થયેલા છે. પણ એમના વિદ્યાર્થીઓ સિવાય, વર્ગો સિવાય અન્યત્ર પાઠક સાહેબનું આ સ્વરૂપ બીજા કોઇને ઓછું જ જોવા મળ્યું હશે. પાઠક સાહેબને આમ કેમ થાય છે તે માટે ઊંડો વિચાર કરવા જેવી પણ અમારી સ્થિતિ ન હતી. એ તો કંઇક હશે એમ સમજી અમે અમારા કામમાં પરોવાઈ જતા. એવા બે પ્રસંગો મને ખાસ સ્મરણમાં રહી ગયા છે. એક છે 'ઇન્દુકુમાર'નો. એમાં નેપાળી જોગણ—હું ધારું છું કે એ જ, કાંતિકુમારી નહિ—આરંભના ભાગમાં એક સ્થળે બોલે છે, 'મારો આત્મા ઝંખે છે કુટુંબ કુટુંબ.' અને પછી કુટુંબસ્નેહની ઘણી મર્મસ્પર્શી ઉક્તિઓ આવે છે. આ ઉક્તિઓ વાંચતાં વાંચતાં પાઠક સાહેબ ગદ્‌ગદિત બનેલા. બીજો પ્રસંગ હતો 'સરસ્વતીચંદ્ર'માંનો. એમાં સરસ્વતીચંદ્ર ચાલ્યો જાય છે તે પછી ચન્દ્રકાન્ત સરસ્વતીચંદ્રના પિતાને જે ઠપકો આપે છે, અને જે માર્મિક પ્રહાર કરે છે એ પ્રસંગ.

અત્યારે પણ પાઠક સાહેબની આ ભાવવશતાનું પૃથક્કરણ કરવાની ઇચ્છા થતી નથી. પરંતુ એમના વ્યક્તિત્વના સમગ્ર રૂપનો વિચાર કરવાનો જો આવે તો તેમાં આ પ્રસંગો એક સૂચક બારી જેવા બની રહે છે. પાઠક સાહેબનું જીવન જે રીતે, તેમનાં પ્રથમ પત્નીના અવસાન પછી, અમુક એકલતામાં વીત્યું છે એ એકલતા એમણે ઘણી ધીરતાથી જીરવેલી છે છતાં અંદરનો શાંત પડેલો પ્રાણ જીવનની અમુક અવસ્થાઓ તેમની સમક્ષ ખડી થતાં ખરેખર વિગલિત થઈ જતો હતો. અને આ ગૂઢ વ્યથા પાઠકના જીવનની એક પ્રેરક અને સર્જક શક્તિ તરીકે પણ રહી છે એમ લાગે છે.

આનાં દૃષ્ટાંત રૂપે પાઠક સાહેબનાં બે કાવ્યોએ તે વખતે મારા ઉપર જે અસર કરેલી તે યાદ આવે છે. એ છે 'નર્મદાને આરે' તથા 'ધમાલ ન કરો'. 'નર્મદાને આરે' હું ધારું છું કે 'યુગધર્મ'માં મેં વાંચેલું હશે. તે વખતે કદાચ એ બહુ સમજાયું પણ નહિ હોય. પછી જ્યારે સમજાયું ત્યારે તે તથા આ બીજું કાવ્ય બંને એક સઘન વ્યથાને માનવનું હૃદય કેટલી તો સઘનતાથી પોતામાં સંઘરી શકે છે અને અલ્પ શબ્દોથી પણ કેટલી પ્રબળ રીતે વ્યક્ત કરી શકે છે તે અનુભવવા મળ્યું. એ બંને કાવ્યો ગુજરાતી કવિતાના મારા રસાનુભવમાં જાણે કે મોટી ઘટનાઓ જેવાં હતાં.

વિદ્યાપીઠના આ કાળમાંના બેત્રણ પ્રસંગો નોંધીને આ સમયની કથા સમાપ્ત કરીશ. વિદ્યાપીઠનું જીવન એવું હતું કે જેમાં સરકારી સંસ્થાઓમાં હોય છે તેવો અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે એક કેવલ ઔપચારિકતાનો જ સંબંધ ન રહેતાં શક્ય તેટલી અંગત સંબંધની ગાંઠ પણ રચાતી. મને યાદ છે કે ઉનાળાની એક રજાઓમાં મેં દૂધનો પ્રયોગ કરેલો ત્યારે દૂધ ઉકાળવા માટે પાઠક સાહેબે પોતાની તપેલી, એક ખાસ ઘાટવાળી, જરા ખૂંધાવાળી મને આપેલી, અને દૂધ કેવી રીતે ઉકાળવું, પાણીની અંદર વાસણ મૂકીને ઉકાળવું–સીધું નહિ, કેવી રીતે થોડું થોડું અમુક અમુક કલાકે પીવું એની સૂચનાઓ આપેલી. પણ આવી અંગત લેવડદેવડ બહુ ઓછી રહી છે. ભવિષ્યમાં થોડાં વરસો પછી મેં સ્વસ્તિક સોસાયટીમાં મકાન બાંધવાની પ્રવૃત્તિ ઉપાડી ત્યારે વાતવાતમાં એને માટેના નાણાંનો પ્રશ્ન નીકળેલો. અમારો એ અંગેનો વાર્તાલાપ પણ બહુ ટૂંકો હતો અને એમણે મને બહુ સરલતાથી કહી દીધેલું કે 'મકાન બાંધવાને માટે તો હું તમને પૈસા નહિ આપું.' આમાં કશું ખોટું ન હતું, બલ્કે એ જ ઇષ્ટ હતું એ વાત મને તરત જ સમજાઈ ગયેલી. જો કે પાઠક સાહેબે બીજા સાહિત્યમિત્રોને બીડને પ્રસંગે પોતાના તરફથી ખૂબ પ્રેમપૂર્વક મદદ કરેલી છે તે પણ હકીકત છે. પણ આમાં તો જુદી વાત હતી – મકાનને માટેનો પ્રસંગ હતો. નાણાંના રોકાણ ધીરાણની બાબત હતી જે એની પોતાની રીતે જ વિચારાય.

પણ આવી અંગત ભૂમિકા કરતાં પે અમે વિશેષ રીતે એક બિનંગત રીતના સંબંધમાં રહ્યા છીએ એ અત્યારે હું વિશેષ સ્પષ્ટ રીતે સમજી શકું છું. મારું સાહિત્યસર્જન થવા લાગ્યું, ત્યારે એ વિશે અમારે ઘણી વાતચીત, અભિપ્રાયો, મંતવ્યો, ઇ.ની લેવડદેવડ થતી રહી છે તેમાં વ્યક્તિગતતા હતી છતાંયે વ્યક્તિ કરતાં કોઈ મહાન તત્ત્વની ભૂમ પર અમે

જાણે મળતા હતા. 'તમારે છંદ બરાબર શીખીને લખવા જોઈએ' એ એમનું જે મને પ્રથમ દીક્ષાવાક્ય હતું ત્યારથી માંડી બધા—ઘણા ઘણા પ્રસંગો આ રીતના રહેલા છે.

વિદ્યાપીઠમાંનો એવો પહેલો પ્રસંગ છે મારા-પર પસાર થયેલી ઠપકાની 'દરખાસ્ત, અને તે પાઠક સાહેબના પ્રમુખપદે બોલાવાયેલી વિદ્યાર્થીઓની સભામાં। વિદ્યાપીઠના જીવનની આ એક નાનકડી છતાં ઘણી મહાન ઘટના હતી. અને એ ઘટનાએ ભવિષ્યના કેવા કેવાયે મોટા પાયા નાખેલા છે। મહાવિદ્યાલય તરફથી તે વખતે બે પત્રો પ્રસિદ્ધ થતાં: છાપેલું દ્વૈમાસિક 'સાબરમતી' કે જે ગુજરાતના સાહિત્યજગતમાં એક ખાસ હવા મૂકી ગયેલું છે; અને બીજું હસ્તલિખિત સાપ્તાહિક 'પંચતંત્ર'. આ 'પંચતંત્ર' હાસ્યપ્રધાન હતું અને તોફાનપ્રધાન પણ હતું। વિદ્યાપીઠનું-છાત્રોનું એ હાસ્યવિનોદનું તેમજ કડવી મીઠી વાનીઓની લેવડદેવડનું પણ એ સાધન હતું. એ 'પંચતંત્ર'ની વિશેષતા એ હતી કે એનો લગભગ દરેક તંત્રી ઠપકાની દરખાસ્ત પામીને જ નિવૃત્ત થતો. અને એ સદ્ભાગ્ય મને પણ મળ્યું અને હું પણ એ નામાંકિત તંત્રીઓમાં વિરાજમાન બન્યો.

એ પ્રસંગ પણ ગંભીર જ હતો. એ વખતે અમારા આચાર્ય કૃપાલાની હતા. વિદ્યાર્થીઓની પંચાયતના એ બંધારણીય રીતે હમેશના પ્રમુખ હતા. પણ વિદ્યાર્થીઓ અને એમની વચ્ચે કંઈ ખટરાગ રહેતો. અમને નવાસવા વિદ્યાર્થીઓને એની કંઈ ખબર નહિ પડે, તેમજ વરસો પછી પણ, આ મોટા અધ્યાપકોની દુનિયામાં કે વિદ્યાર્થીઓની દુનિયામાં પણ આવો ખટરાગ હોય તો તેની મને બહુ ગતાગમ નહિ પડતી, તેમાં રસ પણ નહિ રહેતો, જાણે કે એ કોઈ મારે માટેની નહિ એવી દુનિયા છે એવો ભાવ મને રહેતો. ત્યાં આવી એક પંચાયતની સભા મળી અને તેમાં આચાર્ય કૃપાલાનીએ, ઝગડો શો હતો તે તો હું કાંઈ બહુ જાણતો નહતો—વિદ્યાર્થીઓને ગદ્ગદિત કંઠે કહ્યું—અને આ અમારો અમારા અધ્યાપકોને રડતા જોવાનો બીજો પ્રસંગ હતો, પછીથી બીજા પ્રસંગોએ પણ અમારા આચાર્યોને અને અધ્યાપકોને અમે કંપિત થતા, શરીરશૈથિલ્ય અને વાક્શૈથિલ્ય અનુભવતા જોયેલા છે, જેમાં હું પણ કેટલીક વાર નિમિત્ત રહ્યો છું, અને મારામાં આવી શક્તિ હોઈ શકે તેની મને કલ્પના સરખા પણ પડેલાં ન હતી—અને તેમાંથી આ શબ્દો મને બરાબર યાદ રહી ગયા છે કે you have repeatedly insulted me—અને પછી હવે તમારી પંચાયત તમને સોંપી દઉં છું અને હું તેમાંથી ફારેગ થઈ જાઉં છું એમ કહી તેઓ સભા છોડીને ચાલ્યા ગયેલા. 'પંચતંત્ર'ના તંત્રી તરીકે મેં આ પ્રસંગની નોંધ લીધી અને વિદ્યાર્થીઓએ આમાં મૂર્ખાઈ કરી છે એવું લખ્યું. થયું, તંત્રીનું આવી બન્યું। વિદ્યાર્થીઓએ ચૂંટેલો તંત્રી તેમને મૂર્ખ કહે! લાવો વોટ ઑફ સેન્સ્યોર।

અને એ સભામાં પછી કૃપાલાનીને બદલે પાઠક સાહેબ પ્રમુખ હતા. તંત્રીની સામે દરખાસ્ત મુકાઈ. આપણે પોતે શાંતિથી બેઠા બેઠા બધું સાંભળ્યું. કાંઈ બચાવ જેવું પણ રજૂ કર્યું. જો કે મને બોલતાં બહુ ફાવતું ન હતું એમ યાદ આવે છે. અમારી વક્તૃત્વકળાની એક હરીફાઈમાં હું સાત ઊઠી ગયેલો. અને છેવટે પાઠક સાહેબે ઉપસંહાર કર્યો. એમાં ઘણી તટસ્થતા હતી છતાં હું જોઈ શકેલો કે તેઓ અંદરથી મારે માટે સહાનુભૂતિ ધરાવતા હતા. મારા બચાવમાં પણ તેમણે કહેલું—પણ દરખાસ્ત તો પસાર થઈ ગઈ!

આમાં અંગત તત્ત્વ નહિ છતાં એક ગૂઢ અંગત ભાવ હતો એ વાત મારા મનમાં રહી ગઈ. ભવિષ્યમાં અમે બેત્રણ વાર જાહેર વ્યાસપીઠ ઉપર ભેગા થયેલા છીએ. અને તે વેળા પણ પ્રસંગ આવ્યે તેઓ ઢાલ બનીને મારી પડખે રહેલા છે.

આ વખતનો બીજો પ્રસંગ તે ' પ્રસ્થાન 'ના પ્રાકટ્યનો હતો. ૧૯૨૫ની આસપાસનો એ જમાનો—એનું વાતાવરણું આજે એ પછીની પેઢીના યુવાનોને પોતાની સમક્ષ સાકાર કરવું સહેલું નહિ બને. એ વાતાવરણમાં ' પ્રસ્થાન 'નું પ્રગટ થવું એ એક બનાવ હતો, મારે માટે અંગત રીતે તેમ જ ગુજરાતના વ્યાપક જીવનને માટે. ' પ્રસ્થાન ' પહેલાં ગુજરાતમાં બેચાર ઉત્તમ પ્રભાવપૂર્ણ માસિકો પ્રગટ થઇ ગયેલાં ' વીસમી સદી ' તો આ સદીના લગભગ આરંભમાં જ અસ્ત પામી ગયું હતું. ' ગુજરાત 'ના ફૂકડાની કલગી હવે લગભગ ઢીલી પડી ગઇ હતી. વચ્ચે એક ' સુવર્ણમાળા ' અદ્ભુત સોનેરી ઝબકાર ઝબકાવી ગયેલું. ' નવચેતન ' એની રંગભૂમિની અને બીજી હવાથી સહેજ ચમકારા બતાવતું હતું. પણ ગુજરાતના આત્માને, તેની મેધા અને મહત્ત્વાકાંક્ષાને આકાર આપે તેવા પત્રની ખોટ હતી જ. અને આ ખોટને પૂરું પાડે તેવું ' યુગધર્મ ' પ્રગટીને જોતજોતામાં જ અટકી ગયેલું. ' યુગધર્મ 'નો શરૂઆતનો એકાદ અંક અમારા આમોદના બજારમાં જોતાં મને એક તદ્દન કિશોરને કેવી ગંભીર ગહન ઊર્મિઓ ઊઠેલી તે હું જ સમજી શકું છું. પણ ગુજરાતનો આત્મા–તેની મેધા અને મહત્ત્વાકાંક્ષા–એ શું છે અને કેવી રીતે પ્રગટ થાય છે ? જીવનનાં સર્વ મહાન તત્ત્વો વ્યક્તિની દ્વારા જ પ્રગટ બને છે. હાજી મહમ્મદ, મુનશી એવી રીતે ગુજરાતની ભાવના અને વ્યક્તિતા અને શક્તિના પ્રતિનિધિઓ બની કામ કરતા હતા એટલે તેમનાં પત્રો એવાં તેજસ્વી બનેલાં. પણ હવેના વિકસતા જતા ગુજરાતને માટે પોતાના મુખ રૂપ કોઈ નવીન વ્યક્તિઓની જરૂર હતી. પાઠક સાહેબ અને તેમના મિત્ર મંડળે આ જરૂરને, હું ધારું છું કે ખૂબ સભાન રીતે સમજીને, પૂરી પાડવાનું બીડું ઝડપ્યું. ગાંધીજીના યુગચક્રના પરિવર્તનથી એક નવીન જીવન જાગ્રત તો થયું હતું. ગાંધીજી પોતે ' નવજીવન ' ઈત્યાદિ ચલાવતા હતા. પરંતુ એ ઉપરાંત જીવનના સર્વતોભદ્ર સ્વરૂપને— જીવનની બહુવિધ ચિંતક પર્યેષક બુદ્ધિને, સર્જકતાને, આ ભાવનાત્મકતામાં રહીને અનેક રીતે વ્યક્ત કરે તેવું એકાદ મુખપત્ર ગુજરાતને જોઈતું હતું. અને તે વિદ્યાપીઠના આ પંડિતોએ પૂરું પાડ્યું. ' પ્રસ્થાન 'ના એક પછી એક અંકો ગુજરાતની સરસ્વતીની એક તેજોમય આગેકૂચ જેવા બહાર પડવા લાગ્યા તેમાંની વાર્તાઓ, કવિતાઓ, સ્વૈરવિહાર, અવલોકનો, અભ્યાસ લેખો, સમાજજીવન, રાજકારણ, અર્થશાસ્ત્રના વિષયો એ બધું ઊછરતી ઘડાતી બુદ્ધિને માટે બહુ પોષક સામગ્રી આપતું હતું. ગુજરાતને પોતાનું એક ' મોડર્ન' 'રિવ્યુ ' પ્રગટ કરવાની મુરાદ હમેશાં રહેલી છે. એ મુરાદ હજી અધૂરી જ છે છતાં ' પ્રસ્થાન ' ગુજરાતની શક્તિની મર્યાદાની અંદર રહીને આ કાર્ય થોડો વખત તો કરી ગયું. પણ કાળના પ્રવાહમાં બધું પલટાય છે તેમ તેના પાણીમાં પણ, આ પંડિતમંડળના જીવનમાં આવતા ગયેલા પલટાને લીધે, તથા ગુજરાતના જીવનમાં પણ આવેલા પલટાને લીધે ઓટ આવી ગઇ.

પણ આ મહા સફળ ' પ્રસ્થાને ' જ હું ધારું છું કે એક બીજું અણધાર્યું, અને અમારે માટે ઇષ્ટ નહિ એવું પરિણામ આણ્યું—પાઠક સાહેબ વિદ્યાપીઠમાંથી વિદાય થયા

એનાં બધાં કારણોની તો મને ખબર નથી પણ વિદ્યાપીઠનો એક એવો નિયમ હતો—આ પણ મારા સાંભળ્યા પ્રમાણેની વાત છે—કે તેના અધ્યાપકો આવી 'પ્રસ્થાન' જેવી સ્વતંત્ર પ્રવૃત્તિ કરી નહિ શકે. અને એને અંગે પાઠક સાહેબે વિદ્યાપીઠમાંથી નિવૃત્ત થવાનું પસંદ કર્યું હોય. વિદ્યાપીઠના તંત્રમાં જે નવા ફેરફારો થયા, કૃપાલાની ગયા અને આચાર્ય તરીકે કાકા સાહેબ આવ્યા અને જે નવી ઉદ્યોગપરાયણ શિક્ષણરીતિ આવી એથી ઘણા જૂના અધ્યાપકો અમારે ત્યાંથી ચાલ્યા ગયેલા. ગમે તે રીતે પાઠક સાહેબ ગયા. અમારા બીજા કેટલાક અધ્યાપકોને તો અમે સારી રીતે વિદાયમાન આપીને વિદાય કરેલા, પરંતુ પાઠક સાહેબ કેવી તો શાંત રીતે અદૃશ્ય થઈ ગયા તેની ખબર પણ ન પડી.

પણ એમનો અભાવ અમારે માટે એક મૂંગી પણ ઘણી કાતિલ વ્યથા હતી. એ તો અમે જ્યારે ગુજરાતીના વર્ગોમાં નવા અધ્યાપકોને કામ કરતા જોયા ત્યારે ખબર પડી. પાઠક સાહેબના ગયા પછી શ્રી ચંદ્રશંકર શુક્લ 'કાવ્ય સમુચ્ચય' લેવા લાગ્યા. બેશક, એ સારા અભ્યાસી હતા, ઘણા સુજન હતા. પણ એકનું વ્યક્તિત્વ કોઈ બીજાની ખોટ પૂરી શકે? એમની વિષયને રજૂ કરવાની પદ્ધતિને અમે બિલકુલ નાપાસ કરી નાખી! વિદ્યાપીઠમાંથી જાણે કે ગુજરાતીનું ગૌરવવંતુ અધ્યયન વિદાય થઈ ગયું હતું.

આમ વિદ્યાપીઠનાં મારાં ચાર વર્ષોમાંથી છેલ્લાં દોઢ બે વર્ષ પાઠક સાહેબ વિનાનાં જ ગયાં. ૧૯૨૯માં હું સ્નાતક થઈ ગયો. અને અમદાવાદમાંથી વિદાય લઈને કાઠિયાવાડમાં સોનગઢ ગુરુકુળને કાકા સાહેબે મને સોંપ્યો ત્યાં અધ્યાપક તરીકે ચાલુ થઈ ગયો.

અમદાવાદમાં

આમ પાઠક સાહેબ સાથેના સંબંધનું પહેલું પ્રકરણ પૂરું થાય છે. એ પછીની પાઠક સાહેબની પ્રવૃત્તિઓનો ઝાંખો ચિતાર હમણાં જ કાંઈ પહેલી વાર યાદ આવે છે. મને લાગે છે વિદ્યાપીઠમાંથી નિવૃત્ત થયા પછી પાઠક સાહેબ શ્રી રસિકલાલ માણેકલાલને ત્યાં (મા. જે. પુસ્તકાલયવાળા) અધ્યાપક તરીકે રહેલા. તે પછી થોડા જ વખતમાં સત્યાગ્રહ શરુ થતાં પાઠક સાહેબ સરકારના મહેમાન બન્યા. આ જ ગાળામાં આ બધા પંડિત મિત્રોના મંડળે ભારતીનિવાસ સહકારી સોસાયટી ઊભી કરી જેમાં વિદ્યાપીઠના આ બધા અધ્યાપકોએ—પાઠક, રસિકલાલભાઈ, પંડિત બેચરદાસ, મુનિ જિનવિજયજી અને આપણા રઘુભાઈજી મિસ્ત્રી વગેરેએ પોતાનાં મકાન બાંધ્યાં.

હું પણ સોનગઢમાં એકાદ વર્ષ રહું કરી ૧૯૩૦ના માર્ચ પછી તરત જ સત્યાગ્રહ માટે નીકળી ગયો, અને અમારા ભરૂચ જિલ્લામાં, ત્યાંના જંબુસર તાલુકાના હિજરતીઓમાં જઈને બેઠો. એ વીર ખેડૂતોની—બેશક, એ વીરતા આપણા ગુજરાતના જેવી જ—હિજરતની વિજયી સમાપ્તિ કરી તેમને વાજતેગાજતે ગ્રામપ્રવેશ કરાવી બેસતા ચોમાસે મુંબઈ પહોંચી ત્યાં દસેક માસ ફેલોશિપ સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરી આવ્યો. અને ગાંધીજી લંડનની રાઉન્ડ ટેબલમાંથી પાછા ફર્યા અને ફરી સત્યાગ્રહ શરૂ થયો ત્યારે મુંબઈ મૂકીને પાછો એ ગામડાંના ખેતરોમાં ચાલ્યો ગયો. ત્યાંથી ૧૯૩૪ સુધીના સત્યાગ્રહના વિવિધ પલટાઓમાં પસાર થતાં બે વાર સરકારનો અતિથિ બની આવ્યો.

આવા એક સત્યાગ્રહી સૈનિકની દશામાં, એક વાર પાઠક સાહેબને મળવા ગયો. આ સત્યાગ્રહના કાળમાં નિવૃત્તિ-પ્રવૃત્તિના પણ અનિયમિત ગાળાઓ આવતા. વિસાપુરની પહેલી જેલયાત્રામાંથી

કવિતાદેવીનો ઘણો પ્રસાદ પ્રાપ્ત થયો હતો અને એ યાત્રામાંથી આવ્યા પછી મારા બે કાવ્યસંગ્રહો 'કડવી વાણી' અને 'કાવ્ય મંગલા' મેં તૈયાર કર્યા. અને ઉમાશંકરે અમારી સાથે અમારી વડોદરાની છાવણીમાં સાથે રહીને 'ગંગોત્રી' પણ તૈયાર કરી. એ ૧૯૩૩ની સાલમાં જ નર્મદ શતાબ્દિ ઉજવાયેલી અને અમે બંનેએ સાથે એના પ્રસંગોમાં ભાગ લીધેલો. આ બધા વખતે અમદાવાદ અવારનવાર જવાનું રહેતું જ. આ કાળમાં જ ભારતીનિવાસ સોસાયટી તૈયાર થઈ ગયેલી અને અમારા બધા અધ્યાપકો ત્યાં રહેતા થઈ ગયા હતા.

હું ગયો ત્યારે પાઠક સાહેબ બંગલાના કંપાઉન્ડમાં ખુરસી ઉપર બેઠા હતા. પણ હું છેક પાસે ગયો ત્યાં સુધી તેમણે પરિચયનો કોઈ ભાવ બતાવ્યો નહિ. છેક પાસે જઈને મેં નમસ્કાર કર્યા ત્યારે તેઓ એકદમ બોલી ઊઠ્યા, ઓહ, તમે છો. મેં તમને એકદમ ઓળખ્યા નહિ. ખરેખર, એવું શું થઈ ગયું હતું? પાઠક સાહેબને ચશ્માં આવ્યાં હશે કદાચ. ના પણ, મેં જોયું કે મારો પોશાક એમાં જવાબદાર હતો. અમારા ગામડામાં જે ભૂરી ચડ્ડી અને ટૂંકું ખમીસ હું પહેરતો તે પહેરીને ગયેલો! ગામડાંમાંથી સીધો, અને તે આવો પોશાક, એમાં હું કેવો તો અ-નાગરિક લાગતો હોઈશ.

આ સત્યાગ્રહ પ્રકરણ ૧૯૩૪માં પૂરું થયું. સત્યાગ્રહ લગભગ સંકેલાઈ ગયો અને ઘણાખરા કાર્યકર્તાઓ કાંઈક રચનાત્મક કે બીજાં કામોમાં ચાલ્યા ગયા. હું જેલમાંથી બહાર આવ્યો અને અમદાવાદમાં શરૂ થયેલી સ્ત્રીસંસ્થા જ્યોતિ સંઘે મને પોતાને ત્યાં આમંત્રી લીધો. અને એમ પાછાં પાંચ વર્ષ પછી હું અમદાવાદમાં આવ્યો.

આ સંસ્થામાં અને આ અમદાવાદમાં અગિયાર વર્ષ ગાળી પછી મેં બીજી યાત્રા શરૂ કરી. આ અગિયાર વરસનો ગાળો ૧૯૩૪ થી ૧૯૪૫ તે પાઠક સાહેબ સાથેના મારા સંબંધનું બીજું પ્રકરણ અને ૧૯૪૫ થી ૧૯૫૫ સુધીનાં બીજાં દસ વર્ષનો ગાળો તે ત્રીજું પ્રકરણ બને છે.

હું અમદાવાદમાં આવ્યો ત્યારે પાઠક સાહેબ ત્યાં ન હતા. તેઓ મુંબઈ ગયાં હતા, ત્યાંની શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે, અને વિલેપાર્લેમાં રહેતા હતા. અમારે જાણે કે ન જેવો જ જાગૃત સંબંધ હતો એમ લાગતું હતું. પત્રવહેવાર ન જેવો, કાંઈ એવું ખાસ પ્રયોજન નહિ. પણ ત્યાં અણધાર્યું કાંઈક બન્યું. ૧૯૩૫ ના નવેમ્બર-ડિસેમ્બરમાં અમે પતિપત્ની દક્ષિણ હિંદનો પ્રવાસ કરી આવ્યાં અને એ કેવી રીતે ગોઠવાયું તે તો યાદ નથી રહ્યું, પણ વળતાં અમે આ પાર્લામાં પાઠક સાહેબનાં જ મહેમાન થયાં.

એક સરસ મઝાના મેડા ઉપર પાઠક સાહેબ રહેતા હતા. એક રસોયો સાથે હતો. રસોઈગીરી તો તેનો ગૌણ વિષય હતો, ખાસ તો તે સાહિત્યપ્રેમી હતો અને પાઠક સાહેબને ખાતર જ તેમને ત્યાં રસોઈ કરતો હતો. હમણાં આ જ વર્ષે એ સજ્જન મને ભદ્રમાં બસ સ્ટેન્ડ આગળ ભેગા થયા. ૨૧ વર્ષ ઉપરનું સ્મરણ તેણે તાજું કર્યું. પાઠક સાહેબને ત્યાં અમે જે એકાદ દિવસ રહ્યાં એમાં એક જ વસ્તુની ઝાંખી સ્મૃતિ રહે છે, પાઠક સાહેબનું લગભગ મૌન અને તેમની વાત્સલ્ય ઝરતી આંખો મારા કરતાંયે વિશેષે તો મંગળા ઉપર.

આ પછી ૧૯૩૭માં અમદાવાદમાં નવી કૉલેજો સ્થપાઈ, અને પાઠક સાહેબ એસ. એલ.ડી.માં અધ્યાપક તરીકે પાછા અમદાવાદ આવી ગયા. આ ૧૯૩૭થી તેઓ પાછા મુંબઈ ગયા, ૧૯૪૧–૪૨માં હશે કદાચ, ત્યાં સુધીનો અમારો લાંબો સહવાસ રહ્યો. અને અમારા સંબંધનો એ સૌથી વધુ સમૃદ્ધ કાળ હતો.

એ કાળની બધી વિગતો વધુ વિગતમાં નોંધવાનો પ્રયત્ન નહિ કરું. અત્યારે તો એનાં મીઠાં સ્મરણો તાજાં કરી લઈને જ સંતોષ માનીશ. અમદાવાદમાં એ ભારતીનિવાસમાંનું મકાન, ગુજરાત વિદ્યાસભાનું સ્થાન, પ્રેમાભાઈ હૉલની સભાઓ, ગુજરાત સાહિત્ય સભાની બેઠકો, 'રેખા' કાર્યાલયમાંનાં મિલનો, એમની એસ. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, સ્વસ્તિક સોસાયટીમાંનું મારું મકાન,—આ બધાં સ્થળોએ પાઠક સાહેબની મૂર્તિ વિવિધ રીતે હરતી ફરતી નજરે તરે છે.

પણ આ બધાં સ્થળોમાં સૌથી વધુ જીવતું સ્થળ તે તેમનું ભારતીનિવાસમાંનું નિવાસસ્થાન છે. પોતે બંધાવેલા આ મકાનમાં તેમણે પોતાના સૌથી નાનાભાઈને–નાનુભાઈને–તેમના આખા કુટુંબ સાથે સ્થાન આપેલું અને એ બધાં એક કુટુંબ તરીકે સાથે રહેતાં. એ કુટુંબ, એમાંનાં બાળકો પાઠક સાહેબની શીતળ દૃષ્ટિ હેઠળ પોતાનો વિકાસ કરતાં રહેતાં. એ મકાન, એના ઝાંપા ઉપર રા. વિ. પાઠકનું પાટિયું, મકાનને ફરતો નાનકડો બગીચો, કે જેમાંથી જૂઈનો વેલો લઈ જઈને મેં મારા સ્વસ્તિકના મકાનમાં રોપેલો, ને જે ખૂબ ફાલેલો, તેમાં એક મોટું ચીકુનું ઝાડ, મેડા ઉપર જવાની સાંકડી સીડી, ઉપરના પાઠક સાહેબના રહેવાના બે ઓરડા, એકમાં મોટો સુંદર હીંચકો, પુસ્તકોનાં કબાટો, બીજામાં તેમનો અભ્યાસખંડ, મોટા ટેબલ પાસે ખાટલો, વચ્ચે એક મોટી ટિપોઈ, તેની આસપાસ થોડીક ખુરસીઓ, નાનકડી અગાસી, બાથરૂમ–નીચે ભોંય તળિયે રસોડું, ઓટલો—આ બધાંમાં અમે સાથે બેઠેલા, વાતો કરેલી, ચા પીધેલી, નીચે જમેલા, પાઠક સાહેબને તેમની માંદગીમાં તેમ જ તંદુરસ્ત પ્રસન્ન દશામાં જોયેલા, અને જીવનની કેટલીક શાંત મધુર ક્ષણો માણેલી.

હું જાઉં અને ચાનો સમય હોય તો ઉપર ચા આવે, પાઠક સાહેબ માટે જરા ખાસ રીતની આવે. મારે જમવાનું ગોઠવાયું હોય તો નીચે રસોડામાં બેસીએ. પાઠક સાહેબની તબિયત પ્રમાણે અમુક ખાસ વાનીઓ બનાવાયેલી હોય. નાનુભાઈની નાનકડી દીકરી અમને ઉપર બોલાવા આવે, એના નાનકડા હાથે લોટાપવાલા મૂકે, અમે જમતા હોઈએ કે ચા પીતા હોઈએ ત્યારે આસપાસ એનાં ઢીંગલા ઢીંગલીઓથી રમે.

પોંડિચેરી
તા. ૨૪-૯-૫૬ [ચાલુ]

[આ લેખ આવતા અંકમાં પૂરો થશે.]

★

સતીની પ્રથા

વત્સલા મહેતા એમ. એ.

[અષાડ અંકથી ચાલુ]

અગિયારમી સદીમાં લખાયેલા 'કથા સરિત્સાગર' નામના ગ્રન્થમાં લેખક સોમદેવ ભટ્ટ સતીની પ્રથાનો ઉલ્લેખ કરે છે. અગ્નિદત્ત નામનો એક બ્રાહ્મણ મૃત્યુ પામ્યો ત્યારે એની વિધવા સતી થઈ. થોડા સમય પછી તે બ્રાહ્મણનો પુત્ર પણ મૃત્યુ પામ્યો. પરન્તુ તેની સ્ત્રી ગર્ભવતી હોવાથી તે સતી ન થઈ. બ્રાહ્મણ વિધવાઓ સતી થતી તેની પાછળ એવી માન્યતા હતી કે તે સતી થવાથી બીજે અવતાર કોઈ રાજાની માનીતી રાણી થતી.

અગિયારમી સદીમાં યાજ્ઞવલ્ક્યે 'મિતાક્ષરા' લખ્યું ને તેમાં સતીની પ્રથાની પ્રશંસા કરી. પરન્તુ જ્યાં મિતાક્ષરાનો કાયદો પ્રચલિત હતો ત્યાં સતીની પ્રથા એટલી પ્રચલિત ન હતી જેટલી જ્યાં દાયભાગનો કાયદો પ્રવર્તતો હતો ત્યાં (દા. ત. બંગાળમાં) હતી. કેમકે મિતાક્ષરા પ્રમાણે નિ:સંતાન પતિની વિધવાને સંયુક્ત કુટુંબમાં માત્ર ભરણપોષણ મળતું, જ્યારે દાયભાગ પ્રમાણે નિઃસંતાન પતિની વિધવા તેની સંપત્તિની એકમાત્ર વારસદાર બનતી. આથી પતિના પિત્રાઈઓ સંપત્તિ પોતાને મળે માટે વિધવાને સમજાવતા કે તે સતી થાય તો જ તેના પિતાને સ્વર્ગ મળે. તે પછી સતીની પ્રથાનો પ્રવાહ વધતો ગયો. શાસ્ત્રોએ ઋતુમતી વિધવાને સતી થવાની ના પાડી હતી તેથી ઋતુમતી વિધવાના પતિના શબને ત્રણ દિવસ રાખી મૂકવામાં આવતું અને પછી તે સ્ત્રી ત્રીજે દિવસે જ્યારે સ્નાન કરતી ત્યારે તેને પતિ સાથે બાળી મૂકવામાં આવતી—આટલે હદે આ પ્રથા ભારતના સમાજમાં પ્રસરી ગઈ હતી.

અગિયારમી સદીમાં વિશ્વવિખ્યાત મુસ્લિમ પ્રવાસી અલબેરૂનીએ ભારતમાં ઘણાં વર્ષો ગાળીને ભારત વિષે જે પુસ્તક લખ્યું છે તેમાં તે લખે છે: "હિન્દુઓ બહુ નાની વયે લગ્ન કરે છે—અને જો કન્યા વિધવા થાય તો તે ફરી લગ્ન કરી શકતી નથી. કાં તો એ આજીવન વૈધવ્ય પાળે છે, અથવા સતી થાય છે પરન્તુ તે સતી થવાનું પસંદ કરે છે કેમકે વિધવા તરીકે તેને પતિનાં સગાંઓ બહુ કષ્ટ આપીને રાખે છે."

બારમી અને તેરમી સદી સુધીમાં બાળલગ્નોને પરિણામે અનેક કન્યાઓ બાળવયે વિધવા થતી. આ બાળવિધવાઓની સામાજિક દશા બહુ જ દુઃખમય હતી. તે વિધવા દિવસમાં એક જ વખત જમી શકતી, જમીન પર સૂઈ રહેતી અને અલંકારો ધારણ ન કરી શકતી. આ દુઃખ કરતાં વિધવાઓ ચિતામાં સતી થઈને બળી મરવાનું પસંદ કરતી. ઘણી વિધવાઓમાં કષ્ટમય જીવન ગાળવાનું માનસિક બળ ન રહેતું કે સતી થવાનું શારીરિક બળ ન રહેતું. આવી વિધવાઓ અનીતિને માર્ગે વિચરતી. આમ વિધવા માટે વૈરાગ્યનું ધ્યેય તેના અનીતિમાન આચરણ માટે સીધી રીતે જવાબદાર બન્યું. ગંગાની ખીણના પ્રદેશમાં, પંજાબમાં, રાજસ્થાનમાં, મદુરામાં અને વિજયનગરના દક્ષિણના રાજ્યમાં સતીની પ્રથા વધુ સામાન્ય બની ગઈ હતી.

આખરે સોળમી સદીમાં સમ્રાટ અકબરે કાયદો પસાર કરીને સતીની પ્રથા ભારતભરમાં બંધ કરાવી. તે કહેતો, "એ બહુ જ આશ્ચર્યજનક કહેવાય કે હિન્દુ પત્નિઓ પોતાની

પત્નીઓના મૃત્યુ દ્વારા પોતાને સ્વર્ગ મળે એવું ઇચ્છે છે." પણ બાદશાહ જહાંગીરના મૃત્યુ પછી શાહજહાંનના સમયથી એ પ્રથા ફરીથી શરૂ થઇ.

મધ્ય યુગમાં અગિયારમી સદી પછી સતીની પ્રથા કેમ આટલી સામાન્ય થઈ પડી! બાળલગ્નોએ બાળવિધવાઓની સંખ્યા વધારી દીધી હતી. સંયુક્ત કુટુંબમાં અનેક પ્રલોભનો વચ્ચે આ વિધવાઓને આકરું જીવન ગાળવું પડતું. આથી વિધવાઓ ક્વચિત્ જાણેઅજાણે આડે માર્ગે જતી. આ વિધવાઓને અનીતિને માર્ગે જાય તેવી તક મળે તે પહેલાં જ પતિના શબ સાથે ચિતા પર ધકેલી દેવામાં આવતી.

વિધવાની આર્થિક મુશ્કેલીઓ પણ સતીની પ્રથા માટે ઘણે અંશે જવાબદાર હતી. અશિક્ષિત, પરાવલંબી જીવન ગાળતી વિધવા માટે કોઈપણ જાતની આર્થિક સહાય વિનાનું જીવન ગાળવું અતિ કઠિન હતું. વળી પ્રલોભનો અનેક હતાં. ક્વચિત્ કુટુંબના જ પુરુષોની વિષયવાસનાનો ભોગ થવું પડતું. બંગાળમાં દાયભાગ કાયદા પ્રમાણે વિધવા પતિની સંપત્તિની એકમાત્ર વારસ બનતી. આને લઇને જો તે સતી થાય તો પતિના પિત્રાઈઓના લાભની વાત હતી. તેથી તેને સતી થવાનું સમજાવવામાં આવતું. આમ અનેક કારણોને લઈને વિધવા સતી થતી. નાની વયે વિધવા થવાથી ઘણુંને બાળકો પણ ન હતાં કે જેને માટે તે જીવે. વિધવા કોઇ પણ સારા માઠા પ્રસંગમાં ભાગ ન લઈ શકતી, સારાં વસ્ત્રાભૂષણ ન પહેરી શકતી, સારું ખાઇ ન શકતી, તેને વાળ કપાવી નાખવા પડતા, અને ચૂડીઓ ફોડાવી નાખવી પડતી. આવા સામાજિક બહિષ્કારની જ્વાળાઓમાં જીવનપર્યન્ત બળવા કરતાં તે ચિતાના અગ્નિમાં એક જ વાર બળીને ચિરશાન્તિ પામવાનું પસંદ કરતી. ચિતાની જ્વાળા તો માત્ર અંગને બાળતી પરન્તુ બહિષ્કારની જ્વાળા તો મનના એકેએક ઉમંગ, એકેએક ઉલ્લાસ અને એકેએક આકાંક્ષાને બાળીને ભસ્મ કરી દેતી.

પરન્તુ આ પ્રકારની સતી થવાની ઇચ્છા કાંઈ પતિ પ્રત્યેના પ્રેમનો પુરાવો ન હતો. આ તો દુઃખમય ભવિષ્ય અને આત્મહત્યા વચ્ચેની પસંદગીનો પ્રશ્ન હતો; ક્વચિત્ જ કોઈ વિધવા પતિ પ્રત્યેના પ્રેમને લઈને ચિતા પર ચઢવા તૈયાર થતી; પરન્તુ હજારો વિધવાઓને તો બળજબરીથી ચિતામાં ધકેલી દેવામાં આવતી. એકવાર સંકલ્પ લીધા પછી વિધવા માટે પીછેહઠ કરવી અશક્ય હતી. આથી ઘણી વાર વિધવાને કોઈ કેફી પીણું પીવડાવી દેવામાં આવતું જેથી તે ઘેનમાં સંકલ્પ લઈ લે. ઘણી વાર ચિતામાં સગાંવહાલાંઓ વિધવાને લીલા વાંસથી દબાવી રાખતાં જેથી તે નાસી ન જાય. કાન ફાટી નાખે એવા અવાજે ઢોલ નગારાં વગાડવામાં આવતાં જેથી સતીની અપશુકનિયાળ ગણાતી ચીસો ન સંભળાય. એક મરજિયાત આત્મહત્યા સામે એકસો ખૂનો કરવામાં આવતાં.

ક્ષત્રિયોમાં પાંચમી સદીથી સતીની પ્રથા સામાન્ય થઈ પડી. કવિ ભાસ અને કવિ કાલિદાસ આ પ્રથાનો ઉલ્લેખ કરે છે. પરદેશી રાજાઓના અત્યાચારથી બચવા ક્ષત્રિય સ્ત્રીને ફરજિયાત સતી થવું પડતું. ક્ષત્રિયોમાં બીજી જ્ઞાતિઓમાં સતીની પ્રથા પાછળ રહેલો આધ્યાત્મિક હેતુ ન હતો. પરાજીત રાજપુતોની પત્નીઓને વિજયી સેનાઓના બળાત્કારનો અને ક્વચિત્ ધર્મભ્રષ્ટ બનવાનો સતત ભય રહેતો. આ કારણોને લઇને ક્ષત્રિય સ્ત્રીઓ કેસરીયાં કરતી—નહિ કે વિધવાની આર્થિક મુશ્કેલીઓનો અંત આણવા. ક્ષત્રિય સૈન્યના પરાજયના સમાચાર ક્ષત્રિય

પત્નીઓ સાંભળતી કે તરત જ એક મોટી ચિતા ખડકીને બધા જ સૈનિકોની પત્નીઓ સામટી બળી મરતી કે જેથી વિજયી સૈન્યના બળાત્કારનો ભોગ ન બનવું પડે. પરન્તુ જ્યારે કોઈ રાજા મૃત્યુ પામતો ત્યારે તેની પટરાણી માત્ર આધ્યાત્મિક હેતુથી જ ચિતા પર ચઢતી.

મધ્યયુગના ઈતિહાસમાં રાજપુતોમાં સતીનાં ઘણાં ઉદાહરણો આપણને મળી આવે છે. ૧૨૯૫ માં ઝૈદર આગળ જેસલમેરના ઘેરા વખતે ચોવીસસો સ્ત્રીઓએ કેસરીયાં કર્યાં હતાં. ૧૨૯૭માં જ્યારે અલ્લાઉદ્દીને ગુજરાતમાં રણથંભોરના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યારે બધી જ રાજપુત સ્ત્રીઓ સતી થઈ હતી. આનું એક કારણ એ હતું કે જ્યારે વિજેતા મુસ્લિમ બાદશાહોને તક મળતી ત્યારે પરાજીત રાજપુત કુંવરીઓને વેસ્યા તરીકે વેચી દેતા. શેરશાહે ૧૫૪૨માં રાયસીનાના ઘેરા પછી આ જ પ્રમાણે કર્યું હતું. જ્યારે અકબરે ચિતોડનો ઘેરો ઘાલ્યો ત્યારે વહેલા પ્રભાતે મુસ્લિમ સૈન્ય વિના વિલંબે અંદર જઈ શક્યું. રાજપુતો લડવાને તૈયાર જ નહોતા, કેમકે એમણે આગલી આખી રાત એક મોટી ચિતા ખડકીને પોતાની પત્નીઓને બાળવામાં કાઢી હતી! અકબરને આ બનાવ એટલો તો ક્રૂર ને અમાનુષી લાગ્યો કે તેણે પાછળથી સતીની પ્રથા ભારતભરમાં કાયદાથી બંધ કરાવી.

રા' ખેંગારની પ્રિય પત્ની રાણકદેવીને લઈ જવા સિદ્ધરાજ સોલંકીએ જુનાગઢને ઘેરો ઘાલ્યો ને રા' ખેંગારનો વધ કર્યો. રાણકદેવીને કેદ કરીને સિદ્ધરાજ પાટણ લઈ જતો હતો ત્યાં વઢવાણ આગળ જ તે સતી થઈ.

સિદ્ધરાજ સોલંકીના પાટણમાં જ્યારે સહસ્રલિંગ તળાવ બંધાતું હતું ત્યારે ઓડ લોકો કામ કરવા આવતા. આમાંના એક ઓડની સુંદર પત્ની જસમા ઓડણ પર રાજાની નજર પડી. રાજાથી બચવા બન્ને રાતોરાત નાસી જતાં હતાં પણ રાજ્યની સરહદ આગળ પકડાઈ ગયાં ને ઝપાઝપીમાં ઓડ માર્યો ગયો; આથી જસમા પણ રાજાને શાપ આપતી પતિ પાછળ સતી થઈ.

ગુજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલાના પ્રધાનની પત્ની રૂપસુંદરી પર રાજાની નજર પડી. બળજબરીથી રૂપસુંદરીને લાવવા રાજાએ સૈન્ય મોકલ્યું; પ્રધાનના નાના ભાઈ કેશવે સૈન્યને રોક્યું અને જે ઝપાઝપી થઈ તેમાં કેશવ મૃત્યુ પામ્યો. કેશવની પત્ની ગુણસુંદરી રાજાને શાપ દેતી પતિ પાછળ સતી થઈ.

ઉપરનાં ત્રણે ઉદાહરણોમાં પત્નીઓ પતિના આત્માની મુક્તિ અર્થે નહિ પણ બળાત્કારથી બચવા સતી થઈ એ નોંધપાત્ર છે.

૧૭૭૨માં પહેલા માધવરાવ પેશ્વાની પત્ની એની ચિતા પર સતી થઈ હતી.

આવા ઘણા સતીના બનાવો મધ્યકાલીન ઈતિહાસમાં નોંધાયા છે; પરન્તુ બધી જ રાજપુત રાણીઓ સતી નહોતી થતી. ભારતના ઈતિહાસના વિખ્યાત રાજ્યકર્તાઓમાં અનેક રાજ્યકર્તાઓ વિધવાઓ હતી. ગુજરાતની રાણી મીનળદેવી આવી શૂરવીર ક્ષત્રિય વિધવા રાજ્યકર્તાનું એક જ્વલન્ત ઉદાહરણ છે.

પરન્તુ સમય પસાર થતાં સતીની પ્રથાનો ફેલાવો વધતો ગયો ને તે એટલી બધી અમાનુષી, ભયાનક અને ક્રૂર બની ગઈ અને એટલી બધી કોમળ કન્યાઓ આ પ્રથાનો

ભોગ બની કે ૧૮૨૯માં રાજા રામમોહન રોયે અનેક ત્રાસ વેઠીને પણ અંગ્રેજ સરકાર પાસે આ પ્રથા કાયદાથી બંધ કરાવી.

ગુજરાતમાં ૧૭૪૧માં એક નાગર સ્ત્રી સતી થઈ. આ સ્ત્રીનું નામ શિવબાઈ હતું. અને તે સુરતમાં રહેતી. એક દિવસ તેને સમાચાર મળ્યા કે તેનો પતિ દિલ્હીમાં મૃત્યુ પામ્યો. આથી તેણે સતી થવાનો સંકલ્પ લીધો. સંધ્યાકાળે સૌભાગ્યવતીનો સ્વાંગ સજીને શિવબાઈ સગાંવહાલાંઓ સાથે સ્મશાન પહોંચી. પરન્તુ પહોંચતાં રાત પડી ગઈ અને સૂર્યાસ્ત પછી ચિતા ન પ્રગટાવાય આથી બધાંએ મળીને પાસેના બગીચામાં રાત ગાળી. વળતે પ્રભાતે વહેલાં ઊઠીને શિવબાઈએ સ્નાન કર્યું અને પૂજાવિધિ પતાવી. તે પછી તેને બેસવા એક લાકડાની ઝૂંપડી બનાવવામાં આવી. શિવબાઈ સ્વેચ્છાએ સતી થતી હતી છતાં એનાં દીયરને એનામાં વિશ્વાસ ન હતો તેથી તે શિવબાઈ નાસી ના જાય માટે ઝૂંપડીના બારણા આગળ ઉઘાડી તલવારે ઊભો રહ્યો. ઢોલનગારાંવાળાને શિવબાઈએ વિનંતિ કરી કે તે પોતે એક પણ ચીસ નહિ પાડે માટે ઢોલ નગારાં ન વગાડવાં. ઝૂંપડી સળગાવવામાં આવી અને મોંએથી એક શબ્દ કાઢ્યા વગર શિવબાઈ શાન્તિથી સતી થઈ.

છેક અત્યાર સુધી કોઈ કોઈ સતીનાં ઉદાહરણો આપણને છાપાંમાં વાંચવા મળે છે. મહાત્મા ગાંધી કહે છે, "સતી થવું એ પતિ પ્રત્યેનો પ્રેમ નથી સૂચવતું, એ આત્મહત્યા છે અને અનિચ્છનીય છે."

આથરે પહેલી સદીથી ભારતના સમાજમાં પ્રવર્તતા બેવડા નૈતિક ધોરણનો સતીની પ્રથા પ્રત્યક્ષ પુરાવો છે.

ધર્મશાસ્ત્રો અને ધર્મસૂત્રો બાહ્મણ ઋષિઓએ પોતાના શિષ્યોના લાભાર્થે રચ્યાં પરન્તુ હિન્દુઓએ તો તે ગ્રન્થોને ધાર્મિક સ્વરૂપ આપી દીધું. અને દુર્ભાગ્યે તે દૈવી ગ્રન્થો ગણાવા લાગ્યા. પરિણામે આ ગ્રન્થોએ હિમાયત કરેલાં બાળલગ્નો, અને સતીની પ્રથા દુર્ભાગ્યે હિન્દુ ધર્મનો એક ભાગ ગણાવા લાગ્યાં. સાચો ધર્મ ભુલાઈ ગયો અને પ્રણાલિકાઓ અને પ્રથાઓને હિન્દુ સમાજ ધર્મ ગણીને પૂજવા લાગ્યો. આ પ્રથાઓ અને પ્રણાલિકાઓ સમાજને વહેમને માર્ગે દોરી ગઈ અને હિન્દુ સમાજની આધ્યાત્મિક અધોગતિ થઈ.

એડવર્ડ ટોમ્પસન નામના એક અંગ્રેજ લેખક બહુ સુંદર રીતે સતીની પ્રથા પર વિવેચન કરે છે: "સ્ત્રીઓએ સતી થઈને પોતાના વ્યક્તિત્વ વિનાના, નીરસ અને પરાવલંબી જીવનનો અંત પતિના મૃત્યુ સાથે જ આણવાનું સ્વીકારી લેવાની અપાર શક્તિ બતાવી છે, પ્રશંસનીય જો સ્ત્રીઓ માટે નિઃશંક છે પરન્તુ પુરુષો માટે કોઈ કાળે પણ પ્રશંસનીય નથી જ."

☆

અનુસંધાન પૃ. ૨૧૮]

આવકનાં સાધનોનો અંદાજ

[૧૯૬૦–૬૧]

(કરોડ રૂપિયામાં)

૧.	કેન્દ્રીય કરવેરામાં હિસ્સો	૧૫·૬૩
૨.	અનુદાન	૦૦·૩૪
	૧+૨	૧૫·૯૭
૩.	જમીન મહેસૂલ	૪·૭૯
૪.	વેચાણવેરો	૯·૯૪
૫.	રાજ્યની આબકારી જકાત	૦·૧૫
૬.	સ્ટામ્પ્સ અને રજિસ્ટ્રેશન	૧·૬૦
૭.	વાહનવેરો	૨ ૨૩
૮.	જંગલો	૧·૩૪
૯.	ઇતર કરવેરા	૧·૭૧
	૩+૪+૫+૬+૭+૮+૯	૨૧·૭૬
૧૦.	મુલકી વહીવટ અને કાર્યો	૭·૦૭
૧૧.	વ્યાજ	૧·૮૧
૧૨.	પ્રકીર્ણ	૨·૦૧
	કુલ	૪૮·૬૨

આ કોઠામાં દર્શાવવામાં આવેલી રકમ ચાલુ ખાતાની આવક છે. મૂડી ખાતામાં સરકાર કેન્દ્ર સરકાર પાસે રૂ. ૧૬ કરોડની લોન ઇચ્છે છે. ખૂટતી રકમ પ્રજાજોગી લોન બહાર પાડીને પૂરી કરવામાં આવશે. રાજ્યની કુલ મહેસૂલી (=ચાલુ ખાતાની) આવકનો ત્રીજો ભાગ કેન્દ્રીય સહાય છે. જો કેન્દ્રીય લોનને સાથે ગણવામાં આવે તો એ રકમ આશરે રૂ. ૩૨ કરોડ જેટલી થવા જાય છે. એટલે કે, રૂ. ૬૮ કરોડના કુલ અંદાજી ખર્ચમાં રૂ. ૩૨ કરોડ કેન્દ્ર સરકારના છે. જો કે રૂ. ૬·૦૨ કરોડ જેટલી રકમ તો અસાધારણ વિગત કહી શકાય કારણકે વિભાજન વખતે ગુજરાતની કહેવાતી ખાધને પૂરવા માટે મહારાષ્ટ્રે એ રકમ પહેલે વર્ષે ગુજરાતને આપવાની હતી. એટલે ગુજરાત રાજ્ય માટેની કેન્દ્રની સાધારણ જિમ્મેવારી રૂ. ૨૬ કરોડ જેટલી જ ગણાય. ગુજરાત સરકારના કુલ ખર્ચના લગભગ ૩૮·૫ ટકા કેન્દ્ર ઉઠાવે છે એમ કહી શકાય. ગુજરાત રાજ્યને મળેલી કેન્દ્રની ટકાવારી સહાય ભારતનાં બધાં રાજ્યોને મળેલી સરેરાશ ટકાવારી સહાય કરતાં ઘણી ઓછી છે. બધાં રાજ્યોના કુલ ખર્ચ અને કેન્દ્રીય સહાયનું ટકાવારી પ્રમાણ ૧૯૬૦–૬૧ ના બજેટમાં ૫૧·૫ ટકા જેટલું છે (રિઝર્વ બેન્ક ઓવ ઇન્ડિયા બુલેટીન, મે, ૧૯૬૦–પૃ. ૬૨૯). ત્રીજા નાણા કમિશન સમક્ષ જુબાની આપતી વખતે ગુજરાત સરકારે આ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો જોઈએ.

ગુજરાત સરકારને વેચાણવેરામાંથી રૂા. ૧૦ કરોડ મળે છે. ઉત્પાદન અને વેપાર વધતાં એ રકમ વધતી જશે. પરંતુ કેન્દ્ર સરકાર બહુમતી રાજ્યોની મદદથી વેચાણવેરો કેન્દ્ર હસ્તક લેવાના પ્રયત્નો કરી રહી છે. જો વેચાણવેરો કેન્દ્રના હાથમાં જાય તો રાજ્યોની ચાલુ આવકમાં ઘટાડો થાય એવું કંઈ નહીં, ઊલટાનો થોડો વધારો થવા સંભવ છે. પરંતુ વેચાણવેરાનો દર વધારીને કે વધારે વસ્તુઓ એની જાળમાં લઈને આવક વધારવાની તક વ્યક્તિગત રાજ્ય ગુમાવી બેસશે. બંધારણમાં રાજ્યોને અપાયેલી કરવેરા નાંખવાની સત્તા આમે ય ઓછી છે અને બધા કરવેરા પૂરતા વૃદ્ધિશીલ (elastic) નથી. વેચાણવેરો જેવો રાજ્યોને ભાગે આપેલો વધારેમાં વધારે વૃદ્ધિશીલ વેરો કેન્દ્ર લઇ લેશે તો રાજ્યો પોતાનાં સાધનો પોતાની મેળે પોતાની સૂઝ (initiative)થી કઇ રીતે ઊભાં કરશે ? કેન્દ્રનું ઝઝૂમી રહેલું આ અતિક્રમણ સમવાય નાણાતંત્ર માટે ભયરૂપ છે.

જમીન મહેસૂલ અને વાહનવેરો એ નોંધપાત્ર સાધનો છે. પરંતુ આવાં નબળાં અને ભાગ્યે જ વૃદ્ધિશીલ એવાં સાધનો વડે ગુજરાત સરકાર ઔદ્યોગિક પ્રગતિને કઈ રીતે ઝડપી બનાવી શકશે ? બીજી યોજનાના છેલ્લા વર્ષમાં ગુજરાત રાજ્ય રૂા. ૩૪.૮૨ કરોડ ખર્ચશે. કેન્દ્રીય સહાય રૂ. ૨૬ કરોડ (જો કે આ વર્ષે રૂા. ૩૨ કરોડ રહેશે પરંતુ લાંબા ગાળાની દષ્ટિએ જોઇએ તો રૂા. ૨૬ કરોડ) રહેશે. એટલે સરકારને એ જવાબદારી પરત્વે રૂ. ૯ કરોડ ઊભા કરવાના રહેશે. રાજ્ય યોજનામાં રહીને જ ખર્ચ કરે છે એમ નથી પરંતુ યોજનાતીત વિકાસ ખર્ચ પણ હાથ ધરે છે. એટલે રાજ્યને પોતાની પ્રાદેશિક આવકમાંથી નાણા ઊભાં કરવાં પડે છે. લોન વગેરે દ્વારા ઊભાં થતાં નાણા પરત કરવાના હોય છે અને કરજ અંગેનો વ્યાજ વગેરે નો ખર્ચ ઉઠાવવો પડે છે. આ વર્ષે કરજ પેટે રૂા. ૬.૯૧ કરોડનો ખર્ચ થશે. સરકાર કરજનો બોજો વધાર્યા વિના નાણા કરવેરા દ્વારા ઊભાં કરી શકે.

વર્ગ કે વ્યક્તિની શક્તિ ધ્યાનમાં લઈને કરવેરા નાંખવામાં આવે છે. પ્રગતિશીલ અર્થરચનામાં જે વર્ગ કે અર્થક્ષેત્ર ઝડપથી વિકસતાં હોય તેના વિકાસમાં રાજ્ય પોતે થોડો હિસ્સો પડાવે છે. શરત એટલી જ કે એ હિસ્સો એટલો ન હોવો જોઇએ કે જેથી પ્રગતિ રૂંધાય કે એનો દર મંદ પડે. વૃદ્ધિશીલ કરવેરા પ્રગતિ વધતાં વધારે આવક સરકાર માટે ઊભી કરે છે. ગુજરાત રાજ્યમાં સૌથી વિશેષ પ્રગતિશીલ અર્થક્ષેત્ર ખેતી છે. ૧૯૫૫–૫૬ માં ખેડપ્રાપ્ત આવક રૂા. ૬૩ કરોડ હતી પરંતુ ૧૯૫૮–૫૯ માં એ આવક ('૫૫–'૫૬ ના ભાવોએ) રૂા. ૧૨૬ કરોડ જેટલી થઈ. સો ટકાના આ વધારામાં રોકડ પાકોનો નોંધપાત્ર ફાળો છે. ગુજરાત સરકાર જમીનમહેસૂલ દ્વારા ખેડૂતો પાસે રૂા. ૪.૭૯ કરોડ ઉઘરાવે છે. કુલ ખેતીની આવકના માંડ ત્રણ ટકા ભાગ ખેડૂતો તિજોરીમાં ભરે છે. (કુલ ખેતીની આવક ૧૯૫૮–૫૯ માં ગુજરાત ખાતે રૂ. ૬૬૫.૯૮ કરોડ જેટલી હતી.) ઝડપથી વિકસતી ખેતીમાંથી વધારે નાણા ઊભાં કરવાથી કયાં તો કરજનો બોજો ઓછો કરી શકાય કે કયાં તો રાજ્ય વધારે વિકાસકાર્યો હાથ ધરી શકે. બંને રીતે વધારાની આવક રાજ્ય માટે લાભદાયી છે. ભારતનાં અગિયાર રાજ્યોમાં ખેતીની આવક ઉપર વેરો લેવાય છે. માત્ર પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીરનાં રાજ્યોમાં એ વેરો લેવાતો નથી. મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીર ખેતીની આબાદી બાબત પંજાબ અને ગુજરાત જેટલાં નસીબદાર નથી. પંજાબ અને ગુજરાત માટે ખેતીની આવક ઉપરનાં વેરા માટેનો સમય પાકી ગયો છે.

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૭

સ્નેહી ભાઇશ્રી,

"મ્યુઝિયમોમાં શું જોવું છે! બધે લગભગ સરખું જ હોય છે! એ જ પથરા અને રોડાં, એ જ જૂની તલવારો અને બખ્તરો, રાજારાણીઓ અને અમીર-ઉમરાવોનાં તૈલચિત્રો, હાથીદાંત અને સુખડની કોતરેલી પેટીઓ, ચીનાઈ માટીની ફૂલદાનીઓ અને કૂંડીઓ, વાડકીઓ, તાડપત્રના હસ્તલિખિત ગ્રંથો, જૂના અને નવા કલાકારોનાં ચિત્રો, આરસની મૂર્તિઓ, વાજિંત્રો, રાની પશુઓનાં હાડપિંજરો, ઝૂમ્મરો અને બાદશાહોનાં તખ્તો વગેરે વગેરે હજારો વસ્તુઓ દરેક મ્યુઝિયમમાં એક અથવા બીજા સ્વરૂપે જોવા મળે છે. તે જોતાં જોતાં થાકી જવાય છે અને છેલ્લે છેલ્લે તો આપણે પગ ઉપાડીને કેટલાક ખંડોનું તો ઊડતું જ વિહંગાવલોકન કરીએ છીએ. કોઈ કોઈ મ્યુઝિયમ તો આપણે નામકે વાસ્તે 'હા, એ પણ મેં જોયું છે' એટલું કહી શકવા પૂરતું જ જોઈએ છીએ!"

ભારતનાં અનેક મ્યુઝિયમો જોયા બાદ મારા મનમાં આવા આવા ખ્યાલો ઘૂસી ગયા હતા. મેં વડોદરા, મુંબઈ, કલકત્તા, મદ્રાસ, ત્રિવેન્દ્રમ, હૈદરાબાદ વગેરે સ્થળોનાં મ્યુઝિયમો જોયેલાં જ હતાં. હૈદરાબાદના સાલારજંગ મ્યુઝિયમના ૭૮ ખંડો જોતાં મને ૭ કલાક લાગ્યા હતા છતાં જાણે અધૂરું જોયું હોય તેમજ લાગ્યું હતું! તેથી હવે જ્યારે લંડનનાં મ્યુઝિયમો જોવાનો પ્રસંગ આવ્યો ત્યારે શું કરવું તેની મૂંઝવણ ઊભી થઈ. લંડનમાં પાછું એક જ મ્યુઝિયમ નહોતું પણ એક ડઝન મ્યુઝિયમો હતાં! આ બધાં જોવાનો સમય કયાંથી લાવવો? હજી તો રોયલ ફેસ્ટીવલ હોલમાં કોન્સર્ટ સાંભળવા જવું હતું, લંડન ટાવર જોવું હતું, બની શકે તો એકાદ ફિલ્મ પણ જોવી હતી. પહેલા બે દિવસની પદયાત્રામાં તો જાણે ઘણું જોઈ નાખ્યું પણ મ્યુઝિયમની વાત આવી એટલે અનુભવસિદ્ધ 'સમયની તંગી' પાછી સાલવા માંડી. છેવટે બધાં મ્યુઝિયમોની યાદીનો અભ્યાસ કરીને નક્કી કર્યું કે રોડાં પથરા, કટાર બખ્તર અને તાડપત્રની કોટીના નમૂનાઓનાં સંગ્રહસ્થાનોને તો પૂરેપૂરાં જ ટાળવાં અને કંઈક મૌલિક, કંઈક અનોખું જ જોવા મળે તેવાં મ્યુઝિયમો જોવાં. યાદીમાં મને એક મ્યુઝિયમ એવું જણાયું કે જે દરેક મ્યુઝિયમોથી તદ્દન જુદા પ્રકારનું હતું. અને ખરેખર આ મ્યુઝિયમ જોયા બાદ "મ્યુઝિયમોમાં શું જોવું છે!" એવા જડ ખ્યાલે મારા મનમાંથી વિદાય લીધી. આ મ્યુઝિયમ તે લંડનનું અદ્ભુત "સાયન્સ મ્યુઝિયમ".

આ સાયન્સ મ્યુઝિયમમાં મને એટલો બધો રસ પડયો કે મારે લંડનની પદયાત્રાનો ત્રીજા અને ચોથા દિવસનો બધો પ્રોગ્રામ બદલી નાખવો પડયો. જો કે ઉપર લખ્યું તેમ, 'નામકે વાસ્તે' મેં ઝડપથી બીજાં પણ ત્રણચાર મ્યુઝિયમો જોયાં તો ખરાં જ પરંતુ વ્હીટસનની રજાના આ છેલ્લા બે દિવસો—વ્હીટ સન્ડે અને વ્હીટ મન્ડે—મુખ્યત્વે તો સાયન્સ મ્યુઝિયમને જ પૂરેપૂરું જોવા માટે ખર્ચી કાઢયા. બાકીનું બધું લંડનની ઓકટોબરની મુલાકાત

વખતે જોવાનું નક્કી કર્યું. ચાર દિવસમાં પદયાત્રા કરીને આખું લંડન જોઇ નાખવાની હિંમત કરવી એ તો ખરેખર ધૃષ્ટતા જ કહેવાય!

સાઉથ કેન્સીન્ગટન નામનું લંડનનું એક ઉપનગર એ ખરેખર એક 'મ્યુઝિયમ નગર' જ છે. સાયન્સ મ્યુઝિયમ ઉપરાંત તેની નજીક નજીકમાંજ વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ, નેચરલ હિસ્ટરી મ્યુઝિયમ, જીયોલોજિકલ મ્યુઝિયમ અને લંડન મ્યુઝિયમ આવેલાં છે. આમાંથી વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમ તેમજ જીયોલોજિકલ મ્યુઝિયમમાં હું થોડોક અંગુપાત કરી આવ્યો. વિક્ટોરિયા મ્યુઝિયમમાં દરેક સદીની સર્વોત્કૃષ્ટ કલાકૃતિઓ લટકાવેલી છે અને એક આખો ખંડ હિંદી ચિત્રકારોની કૃતિઓથી પણ ભરેલો છે—વિશેષતઃ મોગલ અને રજપૂત નમૂનાઓથી, કે જેમાં મને કશો જ રસ પડયો નહિ! ટાગોર, નંદલાલ બોઝ, કનુ દેસાઈ, ચાવડા જેવા અર્વાચીન કલાકારોની કૃતિઓ તો એકલ-દોકલ જ દેખાઇ. છતાં સંતોષ માન્યો કે આ મ્યુઝિયમમાં ભારતનું પ્રતિનિધિત્વ સારા પ્રમાણમાં જળવાયેલું છે. જીયોલોજિકલ મ્યુઝિયમમાં પૃથ્વીનો ઇતિહાસ સારી રીતે બતાવવામાં આવેલો છે. ભૂતળમાં જુદે જુદે સ્થળે જુદા જુદા પ્રકારના પથ્થરો, ખડકો, હીરા, માણેક, રત્નો, ધાતુઓ કેવી રીતે વહેંચાઇ ગયાં છે તેનો ખ્યાલ આ મ્યુઝિયમમાં ઘણી સચોટ રીતે આવે છે. લંડનનું સૌથી મોટું મ્યુઝિયમ 'બ્રિટિશ મ્યુઝિયમ'ના નામે વિખ્યાત છે અને તે ગ્રેટ રસેલ સ્ટ્રીટમાં આવેલું છે. ટોટનહેમ ટયુબ સ્ટેશનથી તે થોડુંક જ દૂર છે. જગતભરમાં દરેક સદીમાં માનવપ્રગતિ કેવા કેવા તબક્કાઓમાંથી પસાર થઇ હતી તે જાણવા જોવા માટે આ સ્થળ અજોડ છે. આ સંગ્રહસ્થાનમાં લાખ ઉપરાંત નમૂનાઓ છે. આ ઉપરાંત લંડનમાં વેલિન્ગ્ટન મ્યુઝિયમ, હોર્નિમેન મ્યુઝિક મ્યુઝિયમ, ઈમ્પીરિયલ વૉર મ્યુઝિયમ, જયુઈશ મ્યુઝિયમ, સોન મ્યુઝિયમ, વૉલેસ મ્યુઝિયમ વગેરે મ્યુઝિયમો પણ છે. પણ તે તો લંડનમાં લાંબો સમય રોકાવાનું હોય તો જ જોઇ શકાય. એ બધાં ભલે ન જોવાય તોયે લંડન જનાર કોઇએ પણ 'સાયન્સ મ્યુઝિયમ' જોવાનું તો ન જ ચૂકવું જોઇએ.

સાયન્સ મ્યુઝિયમનું મકાન પાંચ મજલાનું છે—એક મજલો ભોંયરામાં છે, બીજો રસ્તાની સપાટીએ છે અને પછી તેની ઉપર બીજા ત્રણ મજલા છે. ભોંયરાના મજલામાં 'ચીલ્ડ્રન્સ ગેલેરી' છે. નામ છે ચીલ્ડ્રન્સ ગેલેરી પણ તેમાં મૂકેલા નમૂનાઓમાં દરેકને રસ પડે તેવો છે. ચીલ્ડ્રન્સ ગેલેરીમાં પ્રવેશતાં વેંત જ એક અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું. કાચની બારીઓવાળી એક અંધારી કોટડીમાં પૃથ્વીની આસપાસ ચંદ્ર અને રશિયા તથા અમેરિકાના સ્પુટનિકો કેવી ગતિથી ફરી રહ્યા છે તેના પ્રકાશમાન મોડેલો સાચેસાચ ફરતા જોયા. કશા જ આધાર વગર હવામાં અદ્ધર ફર્યા કરતા આ લખોટા અને દડાઓ જોઇને સૌ કોઇ તાજૂબ થતા હતા. ત્યાંથી આગળ ચાલતાં કૃત્રિમ મેઘધનુષ્ય જોયું, સમય માપવાનાં પ્રાચીનથી માંડીને અર્વાચીન યંત્રો—છાયા યંત્ર, જળ યંત્ર, રેતી યંત્ર, લોલકવાળાં ઘડિયાળ, કાંડા ઘડિયાળ, ઇલેકટ્રીક ઘડિયાળ વગેરે જોયાં. ત્યાંથી આગળ ચાલતાં પ્રાચીનથી અર્વાચીન વાહનોની ઉત્ક્રાન્તિના નમૂના જોયા—માનવીના ખભા ઉપર, લાકડાની ગરગડીઓ ઉપર, બળદ અને ઘોડાની પીઠ ઉપર સામાનનું વહન થતાં થતાં ખટારા, બગ્ગી, તરાપા, વહાણ, સાઇકલ, સ્ટીમ એન્જીન, મોટરકાર, બલૂન, વિમાનના અનેક નમૂનાઓ જોયા. પછી દૂર દૂર સંદેશા મોકલવાનાં સામસામા-

ભડકા (બેકન ફાયર) કરવાની રીતથી માંડીને નગારાં પીટવાં, અરીસાથી સૂર્યકિરણો ફેંકવાં (હેલિયોગ્રાફ), વાવટા ઊંચા નીચા કરવા (સેમાફોર), ટેલીગ્રાફ, વાયરલેસ, ટેલીફોન, ટેલીપ્રિન્ટર, રેડિયો, ટેલીવિઝન, રેડિયો ફોટો વગેરે રીતોનો વિકાસ કેવી રીતે થયો તેના નમૂના બતાવવામાં આવ્યા છે. તેવી જ રીતે શક્તિનાં સાધનોની ઉત્ક્રાન્તિ માનવ સ્નાયુથી માંડીને પવનચક્કી, જળચક્કી, વરાળયંત્રો, વીજળીક ડાયનેમો અને અણુભઠ્ઠી સુધી કેમ થઈ તે પણ દર્શાવવામાં આવ્યું છે. પ્રકાશની ઉત્ક્રાન્તિ મશાલથી માંડીને દીવેટવાળા તેલના દીવાઓ, ફાનસો, પેટ્રોમેક્સ, ટન્ગસ્ટેન ફીલામેન્ટ લેમ્પ, મર્ક્યુરી વેવર લેમ્પ, ફ્લોરેસન્ટ ટ્યુબ્સ, ગેસ લાઈટ વગેરેના મોડેલોથી બતાવવામાં આવી છે.

આગળ ચાલતાં દીવાદાંડીનો દીવો અંધારું થતાવેંત આપોઆપ કેવી રીતે ઝબકે છે, ચોર ત્રિજોરીની નજીક આવતામાં જ ઘંટ કેવી રીતે વાગવા માંડે છે અને માણસ દરવાજાની નજીક આવતામાં જ દરવાજો કોઈના પણ અડકયા વગર આપોઆપ 'ઓપન સીસમ'ની જેમ કેવી રીતે ખુલી જાય છે તેવા ગમ્મતભરેલા પ્રયોગો 'ફોટોઇલેકટ્રીક સેલ'વાળા વિભાગમાં જોયા. ત્યાંથી આગળ ચાલતાં કોલસાની ખાણનો એક આખો વિભાગ ખરેખર કેવો હોય છે તેનો ખ્યાલ આપવા આવા વિભાગનો એક ફુલસ્કેલ ખૂણો આ ગેલેરીમાં અલગ ઊભો કર્યો છે. આ ઉપરાંત વિજ્ઞાનની વાતો સરળ રીતે રજૂ કરતી ફિલ્મો પણ આ ચીલ્ડ્રન્સ ગેલેરીમાં થોડા થોડા સમયના આંતરે દરરોજ બતાવવામાં આવે છે. આ બધું જોવા સાયન્સ મ્યુઝિયમમાં દરરોજ હજારો સ્ત્રી પુરુષો અને ભૂલકાં બાળકોની ઠઠ દેવમંદિરની જેમ જામે છે. બાળકોને તો અહીં બહુ જ ગમે છે કારણ કે તેમને બધા યંત્રોના મોડેલોને અડકવાની અને જાતે જાદૂ કરવાની પૂરેપૂરી છૂટ છે અને તે પણ કશી જ ફી આપ્યા વગર!

ચીલ્ડ્રન્સ ગેલેરી જોઈને ઉપર ચઢીએ છીએ એટલે તો વિજ્ઞાનના ધોધમાં આપણે પૂરેપૂરા તણાઈ જઈએ છીએ. વિજ્ઞાનના અસલ સિદ્ધાન્તો પ્રમાણે જ ચાલતાં, અસલ યંત્રોના જ જેવાં પણ તેનાં કરતાં પાંચદસ કે પચાસ ગણા નાનાં કદનાં (મીનીએચર) યંત્રોના હજારો નમૂનાઓ બધું મળીને ૬૬ ગેલેરીઓમાં ગોઠવેલા છે. મોટા રમકડાં જેવાં આ યંત્રોને આપણા હાથે જ બટન દબાવીને ચલાવવાની સૌકોઈ પ્રેક્ષકોને છૂટ છે. તેથી આ રમકડાંથી 'રમવા' ત્રણ વરસની ઉમરનાં બાળકોથી માંડીને એંશી વરસની ઉમરનાં બુઢ્ઢાબુઢ્ઢીઓ પણ હજારોની સંખ્યામાં દરરોજ આવે છે. મેં પણ અનેક યાંત્રિક રમકડાં ચલાવી જોયાં—નાનો ડાયનેમો, વિન્ડમીલ, હાઇડ્રોઇલેકટ્રીક પાવર સ્ટેશન, સ્ટીમ એન્જીન, મોટર, મોટરસાઇકલ, ટેલીફોન વગેરે. ટ્રેનો અને મોટરોના મોડેલો તો ખરેખર અદ્દભુત છે. ૧૭૭૦ થી ૧૮૦૦ની સાલનાં ત્રીસ વર્ષોમાં કુગ્નોટ, મર્ડોક, ટ્રેવીથીક અને સ્ટેન્લીએ વરાળથી ચાલતી બગીના આકારની મોટરો બનાવી હતી તેના નમૂનાઓથી શરૂ કરીને પછી પેટ્રોલથી ચાલતી મોટરોના નમૂનાઓ—૧૮૮૮ની 'બેન્ઝ'કાર, ૧૮૯૪ની 'પેનાર્ડ-લેવેસોર'કાર, ૧૯૦૫ની અસલ 'રોલ્સ રોઈસ'કાર, ૧૯૨૨ની અસલ 'ઓસ્ટીન સેવન', ૧૮૯૯ની 'વુલ્ઝલી'કાર, ૧૯૧૦ની 'વોક્ઝ હોલ'—વગેરે જોતાં જોતાં છેલ્લે ૧૯૫૮ની કલાકના ૧૨૫ માઇલની ઝડપે ચાલતી સ્ટ્રીમ લાઈન્ડ ફુલ સાઇઝ 'જેટ'કારનો પણ નમૂનો જોયો.

સાઇકલોના વિભાગમાં ૧૮૬૭ની અસલ હડ્ડીતોડ 'બોનશેકર મીચોક્સ' સાઇકલથી માંડીને

'સ્ટાર્લી પેનીફાધીંગ' સાઇકલ, 'ગોલ્ડન સનબીમ' સાઈકલ અને ૧૮૮૮ની 'ડનલોપ ટાયર' સાઈકલ પણ જોઈ. લોકોમોટિવ વિભાગમાં ૧૮૧૩નું હેડલીનું 'પફીંગ બીલી' એન્જીન, ૧૮૨૯નું સ્ટીફનસનનું 'રોકેટ' એન્જીન અને ૧૮૯૦નું પ્રથમ ઈલેક્ટ્રીક ટયુબ લોકોમોટિવ પણ જોયાં.

આ જ પ્રમાણે ગેસ અને ડીઝલ ઓઈલથી ચાલતાં એન્જીનો, ટેલીગ્રાફ અને ટેલીફોનના મોડેલો, મરીન એન્જીનો, ટાઈપરાઈટરો અને પ્રિન્ટીંગ પ્રેસના મોડેલો, માપતોલનાં યંત્રો, વેકયુમ પંપો, કાગળ બનાવવાનાં યંત્રો, નાયલોન, એસીટેટ અને વીસ્કોઝ રેયોન બનાવવાનાં યંત્રો, સુતરાઉ અને વુલન કપડાં વણવા, રંગવા, છાપવાના બધા યંત્રોના નાનકડા સુંદર મોડેલો, કેમિસ્ટ્રી, એગ્રિકલ્ચર, ગેસ રીફાઈનીંગ વગેરે વિજ્ઞાનના પ્રયોગોના નમૂનાઓ, એટોમીક ફીઝીક્સ, એસ્ટ્રોનોમી, ઓપ્ટીક્સ, માઈક્રોસ્કોપી, ફોટોગ્રાફી, સીનેમેટોગ્રાફી, એરોનોટિક્સ, જેટ એરોપ્લેન, ગ્લાઈડર, સ્ટીમર વગેરે વગેરેનો પ્રત્યક્ષ મોડેલોથી તે દરેક વિષયનું જ્ઞાન ઝડપથી મેળવવા માટે સાયન્સ મ્યુઝિયમ એક અજોડ સ્થાન છે. પુસ્તકો વાંચીને જે પૂરું સમજાતું નથી તે આ નમૂનાઓ જોવાથી સ્પષ્ટ રીતે સમજાય છે.

'ફર્સ્ટ લવ', 'લવ ઈન સીમલા', 'લવ મેરેજ', 'કોલેજ ગર્લ', વગેરે વગેરે ફેન્સી નામોવાળી ફિલ્મો ઉતારવા પાછળ અને જોવા પાછળ જે ખર્ચ અને સમય ભારતમાં બરબાદ કરવામાં આવે છે તેનો ઉપયોગ જો આવા સાયન્સ મ્યુઝિયમની ગેલેરીઓ વધારવા પાછળ કરવામાં આવતો હોત તો આજે આપણી જનતા પણ 'આવારા હું'ના લવારા કરવાને બદલે 'વિજ્ઞાની હું'નો નાદ ગજવતી હોત. પણ થાય શું? સડેલી ફિલ્મોના સર્જનનું અને દર્શનનું સ્વાતંત્ર્ય લોકશાહીમાં કચડી શકાય જ કેવી રીતે! લોકશાહીમાં તો સડો નાબૂદ કરવાની ઝુંબેશો કચડાય તે જ દીપે! કાળાં બજાર, પાઘડી, લાંચ રૂશ્વત, ભાવ વધારો, પગાર ઘટાડો, છટણી કરો—એવી એવી વસ્તુઓના વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર તરાપ મરાય જ કેમ! એવી તરાપ મારવા જતાં 'ટોટાલિટેરિયનીઝમ' આવી જાય તો પછી લોકશાહીનું શું થાય!

લંડનનું આ સાયન્સ મ્યુઝિયમ ૧૮૫૧ની સાલમાં બંધાયેલું છે અને તેમાં દર વરસે નવા ને નવા નમૂનાઓ ઉમેરાતા જ જાય છે. મકાનની ગેલેરીઓ પણ નવી નવી બંધાતી જ જાય છે. ખૂબીની વાત એ છે કે આ મ્યુઝિયમ વરસમાં ફક્ત બે જ દિવસ બંધ રાખવામાં આવે છે—ગુડ ફ્રાયડે અને ક્રીસ્ટમસ ડે. બીજી બધી રજાઓમાં પણ તે હંમેશ મુજબ સવારના ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવે છે. રવિવારે પણ બપોરે ૨-૩૦ થી સાંજના ૬ વાગ્યા સુધી તે ખુલ્લું હોય છે. વળી પ્રવેશ ફી પણ બિલકુલ રાખી નથી. તેથી આ મ્યુઝિયમનો લાભ આખી બ્રિટિશ જનતા ખૂબ સારી રીતે ઉઠાવે છે. તેઓ તો આ મ્યુઝિયમમાં ફરી ફરી આવે છે અને જેટલી વાર જુએ છે તેટલી વાર જ્ઞાનમાં કંઈ ને કંઈ ઉમેરો કરીને જ પાછા જાય છે.

રવિવાર તા. ૨૫ મી મેને દિવસે મેં સાયન્સ મ્યુઝિયમ બપોરના અઢીથી સાંજના ૭ વાગ્યા સુધી જોયું પણ ફક્ત બે જ માળ જોઈ શક્યો હતો તેથી ફરી પાછો વ્હીટ

મન્ડેને દિવસે બાકીના મજલા જોવા ગયો હતો. વ્હીટ મન્ડેને દિવસે સાંજની ૭ વાગ્યાની ટ્રેનમાં યુસ્ટન સ્ટેશનેથી મારે માન્ચેસ્ટર પાછા જવાનું હતું તેથી સવારનો જ હસુબહેનને ત્યાંથી મારી સૂટકેસ લઈને હું નીકળી પડ્યો હતો.

યુસ્ટન સ્ટેશન ઉપર મેં એક નવા જ પ્રકારની સગવડ જોઈ. સામાન્ય રીતે બધાં સ્ટેશનો ઉપર 'લેફ્ટ લગેજ'ની સગવડ તો હોય છે જ. આપણો સામાન 'લેફ્ટ લગેજ' ઑફિસના કર્મચારીને સોંપી દઈ ભાડું ભરી દઈ રસીદ લઈને ચાલતા પકડવાનું હોય છે અને જ્યારે તે પાછો જોઈએ ત્યારે રસીદ આપીને લઈ લેવાનો હોય છે. પણ યુસ્ટન સ્ટેશને તો મેં લેફ્ટ લગેજની ઑટોમેટિક યોજના જોઈ. સેફ ડીપોઝીટ વૉલ્ટના જેવાં પણ ઘણી મોટી સાઈઝનાં તિજોરી જેવાં સંખ્યાબંધ ખાનાંઓ પ્લેટફોર્મ ઉપર જડેલાં છે. દરેક ખાનામાં ત્રણચાર સૂટકેસો માઈ શકે તેવી જગ્યા હોય છે. આ ખાનાંઓની સંભાળ રાખવા કોઈ જ કર્મચારી રાખવામાં આવતો નથી. ખાનાનાં બારણા આગળ એક સ્લોટ હોય છે તેમાં ૭ પેન્સનો સિક્કો નાખીએ તો જ ખાનાની ચાવી ફરે છે અને ખાનું ઉઘાડી શકાય છે. આ પ્રમાણે ઉઘડેલા ખાનામાં આપણો સામાન ગોઠવી દઈને બારણું વાસી ચાવી ફેરવીએ એટલે બારણું જડાઈ જાય છે અને ચાવી છૂટી થઈ જાય છે. તે ચાવી કાઢી લઈને આપણા કબજામાં રાખવાની અને જ્યારે પાછા ફરીએ ત્યારે તે ચાવીથી બારણું ખોલીને સામાન કાઢી લેવાનો. આટલું કરતામાં તો ચાવી પાછી બારણામાં ચોંટી જાય છે અને બીજા ૭ પેન્સ નાખીએ તો જ તે પાછી નીકળી શકે છે. ચોવીસ કલાકની ઉપર જો સામાન ખાનામાં પડી રહે તો બીજા ૭ પેન્સ નાખ્યા વગર તમારા કબજાની ચાવીથી પણ ખાનું ખુલી શકતું નથી એવી ઑટોમેટિક યોજના છે. યુસ્ટન સ્ટેશને આવાં સેંકડો ખાનાં છે અને તે દરેકના નંબર જુદા જુદા હોય છે તેથી તેના પોતાના નંબરવાળી જ ચાવી કામ લાગે છે. ચાવી ગુમાવો તો જ સામાન ખોવાય બાકી તે સલામત પડી રહે છે. હાથમાં ભાર લઈને ફર્યા કરવા કરતાં થોડોક ભાર આવા એક ખાનામાં નાખીને પછી સગવડે પાછો લઈ જવા માટે આ એક સરસમાં સરસ કીમિયો છે. મેં એ કીમિયાનો લાભ વ્હીટ મન્ડેને દિવસે ઉઠાવ્યો. સૂટકેસને એક ખાનામાં પૂરી દઈને મેં સાંજના પોણા છ વાગ્યા સુધી લંડનમાં પદયાત્રા કરી.

રવિવારે સાંજે સાયન્સ મ્યુઝિયમમાંથી ૭ વાગે નીકળ્યા પછી મેં થેમ્સ નદીના ચેલ્સા એમ્બાર્કમેન્ટ (ઓવારા) તરફ પ્રયાણ કર્યું. આ ઓવારા પાસે રૉયલ ચેલ્સા હૉસ્પિટલ છે અને કવિ કાર્લાઈલનું ઘર છે. ચેલ્સા બ્રીજ ઉપર થઈને નદીના દક્ષિણ કિનારે ગયો તો ત્યાં એક મોટો બાગ જોયો. આ બાગનું નામ છે બેટર્સી પાર્ક. આ બાગમાં પાછું એક બોટીંગ કરવાનું સરોવર છે, ટેનીસ કોર્ટો છે અને સહેલ કરવાના ચકડોળ વગેરે અનેક પ્રકારનાં સાધનો છે. હજારો સહેલાણીઓ આ બાગમાં રોજ સાંજે ફરવા આવે છે.

અહીં એક સ્થળે હું સાડા ત્રણ પેન્સની ચા પીવા ઊભો ત્યાં આગળ ઉત્તર પ્રદેશના એક મિ. અગરવાલ અને તેમનાં પત્નીનું ઓળખાણ થયું. એ ભાઈ પેરીસમાં 'એર ફ્રાન્સ'માં નોકરી કરે છે અને વ્હીટસનની રજામાં તેઓ બે દિવસ લંડન જોવા આવ્યાં હતાં. તેમની સાથે થોડીક વાતો કરી અને પછી મેં આગળ યાત્રા ચલાવી. પાછો પહોંચ્યો વેસ્ટમિન્સ્ટર બ્રીજ તરફ અને ત્યાં આવેલા રૉયલ ફેસ્ટીવલ હૉલમાં ગયો. બીથોવનના સંગીતનો કૉન્સર્ટ ચાલુ થવાની તૈયારીમાં હતો પણ ટિકિટ પંદર શિલિંગથી નીચા વર્ગની ખતમ થઈ ચૂકી હતી તેથી કૉન્સર્ટ જોવાનું માંડી વાળ્યું. ઑક્ટોબરમાં ફરીથી આવ્યો

ત્યારે આ અદ્‌ભુત હૉલમાં લંડન સીમ્ફની ઑર્કેસ્ટ્રાનો પ્રોગ્રામ સાંભળવા ગયો હતો. આ હોલનો ભારતમાં કશો જોટો નથી. પાંચ પાંચ માળની બાલ્કનીઓમાં હજારો પ્રેક્ષકોની ઠઠ જામે છે છતાં ટાંકણી પડવાનો અવાજ પણ સ્પષ્ટ સંભળાઈ આવે તેવી શાંતિ આખા થિયેટરમાં વ્યાપી રહે છે. કોઈપણ પ્રેક્ષક ખોંખારો સુદ્ધાં ખાવાની હિંમત આ હોલમાં કરી શકતો નથી. લગભગ સો જેટલાં વાજિંત્રોની ઓરકેસ્ટ્રા હોલના મધ્ય ભાગમાં આવેલી સ્ટેજ ઉપર ગોઠવાઈ જાય છે અને તેની ચોગરદમ પ્રેક્ષકો ગોઠવાઈ જાય છે તેથી બધાં પ્રેક્ષકો (શ્રોતાઓ)ને એક સરખું સંગીત સાંભળવાનો લાભ મળે છે.

રોયલ ફેસ્ટીવલ હોલની આસપાસનો પ્રદેશ પણ ખૂબ જ રળિયામણો છે. તેની નજીકમાં એક બાજુ લંડનની કોર્પોરેશનનું મકાન છે અને બીજી બાજુ એક સિનેમા થિયેટર છે કે જેમાં 'પરદેશી' ફિલ્મો જ બતાવવામાં આવે છે. હું ગયો ત્યારે ત્યાં શ્રી. શાંતારામની "દો આંખે બારા હાથ"ની ફિલ્મ ચાલતી હતી પરંતુ મેં તે ભારતમાં જોયેલી હતી તેથી આગળ ચાલવા માંડ્યું. વોટર્લુ બ્રીજ ઓળંગીને હું પાછો નદીના ઉત્તર કિનારે આવી પહોંચ્યો. સ્ટ્રેન્ડ, ફ્લીટ સ્ટ્રીટ અને આલ્ડવીચના માર્ગો કાપતો કાપતો 'કોવેન્ટ ગાર્ડન'માં હું આવી પહોંચ્યો. ફ્લીટ સ્ટ્રીટમાં અખબારોની મોટી મોટી ઑફિસો છે તેમાં 'ડેલી એક્સપ્રેસ'નું નીતરા કાચનું આખું મકાન ખૂબ જ ધ્યાન ખેંચે તેવું છે. કોવેન્ટ ગાર્ડનમાં એક પ્રખ્યાત થિયેટર છે જેમાં શેક્સપીયરનાં નાટકો ઉપરાંત બીજા સુંદર પ્રોગ્રામો પણ ભજવાય છે.

કોવેન્ટ ગાર્ડનથી ચાલતો ચાલતો હું પાછો પીકેડીલી આવી પહોંચ્યો. રસ્તામાં નેશનલ ગૅલેરીના ફુટપાથ ઉપર લંડનના ભિખારીઓનું નિરીક્ષણ કરવા મળ્યું. આ ભિખારીઓ મફત ભીખ નથી માગતા. તેઓ ફૂટપાથ ઉપર રંગીન ચોકથી સુંદર રંગોળીઓ ચીતરે છે. આ આકર્ષક 'લેન્ડસ્કેપ' ચિત્રોની બાજુમાં તેઓ ખુલ્લી હેટ મૂકે છે અને હેટની બાજુમાં "થેંક્યુ" લખેલું પાટિયું મૂકે છે. કેટલાક કલાકાર ભિખારીઓમાં તો 'સેન્સ ઑફ હ્યુમર' પણ અજબ હોય છે. તેઓ હેટની સામે એમ પણ લખે છે કે "આ ચિત્રની કદર બદલ જો એક પેની હેટમાં તમે નાખી શકવા અસમર્થ હો તો જરૂર તમે આ હેટમાંથી એ પેની લેતા જજો કે જે બીજે આવી હેટમાં નાખવા કામ લાગે!" ભીખ માગવાની આ પણ એક સુંદર કળા છે! આ બધા ભિખારીઓ પણ સૂટબૂટમાં સજ્જ થયેલા હોય છે પરંતુ તે સૂટબૂટ મેલાઘેલાં અને ફાટેલાં હોય છે. પીકેડીલીની પ્રખ્યાત 'ચીકન ઈન' હોટલની સામેના ચોગાનમાં ભિખારીઓ સમૂહમાં ભેગા મળીને ભીખ માગે છે. ચાર પાંચ જણાની ભિક્ષુક ટોળી ચોગાનમાં કોમિક કસરતના પ્રયોગો કરી બતાવે છે, કોમિક ગીતો ગાય છે અથવા ઍકોર્ડીયન વગાડે છે અને આસપાસ ઊભેલા ટોળાંનું દિલ જીતી લીધા પછી હેટ ફરતી કરે છે જેમાં ટપોટપ પૈસા પડવા માંડે છે. હેટમાં પૈસા ઉઘરાવવાની પ્રથા મેં ઘણે સ્થળે જોઈ. કન્ડક્ટેડ કોચટુરના ડ્રાઈવર માટે 'ટીપ્સ' પણ એ કોચના મુસાફરોમાંનો સૌથી વધારે દયાળુ સજ્જન પોતાની હેટમાં ઉઘરાવવા માંડે છે અને ટુરના અંતે તે બધા પૈસા ડ્રાઈવરને 'થેંક્યુ' કહીને આપે છે એટલે ડ્રાઈવર પાછો લહેકા સાથે 'થેંક્યુ' કહીને પૈસા ખીસામાં મૂકે છે!

પીકેડીલીના રાત્રિજીવનનું વિહંગાવલોકન કરતો કરતો હું છેવટે રાત્રે અગિયાર વાગ્યે ઘેર પહોંચ્યો. રવિવાર હતો તેથી રાતનું જમવાનું લક્ષ્મીબહેનને ત્યાં બંધ હતું. તેથી ચારીંગ ક્રોસ સ્ટેશન પાસેની એક હંગેરિયન કેફેમાં જ મેં થોડોક નાસ્તો કરી લીધો હતો. બીજે

દિવસે સવારે નાહી ધોઈ નાસ્તો કરીને મારી સૂટકેસ લઈને હું યુસ્ટન સ્ટેશને પહોંચ્યો અને સૂટકેસને ઉપર વર્ણવેલા એક ઓટોમેટિક 'લેફ્ટ લગેજ'ના ખાનામાં પૂરીને મ્યુઝિયમો જોવા સાઉથ કેન્સીન્ગ્ટન ગયો. વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમ તેમજ જીયોલોજિકલ મ્યુઝિયમોને પહેલાં જોઈ નાખ્યા અને પછી ગઈ કાલે બાકી રહેલા સાયન્સ મ્યુઝિયમના ત્રણ મજલાઓ નિરાંતે જોયા. વચમાં નજીકની એક કેફેમાં લંચ પણ લઈ લીધું. સાડા પાંચે સાઉથ કેન્સીન્ગ્ટનથી ઊપડ્યો તે પોણા ૭ વાગ્યે યુસ્ટન પહોંચ્યો. ચાવીથી ખાનું ખોલીને મારી સૂટકેસ કાઢી અને સીધો ગયો પ્લેટફોર્મ નંબર ૧૩ ઉપર ઊભી રહેલી 'મન્ચુનિયન' નામની ટ્રેનમાં.

'મન્ચુનિયન' એ લંડનથી માન્ચેસ્ટર જવાની એક સ્પેશિયલ ટ્રેન છે અને તે પણ માન્ચેસ્ટરથી લંડન જેમાં બેસીને અમે ગયા હતા તેવી 'કોમેટ' ટ્રેનના જેવી જ ભપકાદાર છે. ટ્રેન બરાબર ૭ વાગ્યે ઊપડી. શ્રી. પદ્મનાભન પણ વખતસર આવીને ટ્રેનમાં ગોઠવાઈ ગયા હતા. મેં મારી ચાર દિવસની 'પદયાત્રા' વિશે તેમની સાથે વાતો કરી અને તેમણે આ "ચાર દિવસ અને ચાર રાત"માં શું શું કર્યું તેનું બયાન મારી સમક્ષ કર્યું. ચાર દિનોની ચાંદનીમાં તો તેમણે લંડનની નાઈટ કલબો વિશે રસભરપૂર માહિતી ભેગી કરી નાખી હતી! તેમની 'રસયાત્રા' આગળ મારી 'પદયાત્રા' તો સાવ ઝાંખી પડી ગઈ! પરંતુ હું તો આત્મસંતોષ સાથે પાછો ફરી રહ્યો હતો. ટ્રેનમાં અમે ફક્કડ ફક્કડ જમ્યા અને ફક્કડ પીણું એપલ જ્યૂસ – સાઈડર – પણ પીધું. શ્રી પદ્મનાભને આ સાઈડરના વિશિષ્ટ ગુણગાનનું બયાન મારી આગળ કર્યું હતું અને કહેવું પડશે કે એમાં પણ ચોક્કસ કંઈક રસ તો છે જ—સફરજંદનો જ કેવળ નહિ પણ કંઈક કંઈક વિશિષ્ટ પણ ખરો જ!


રાત્રે દસ વાગ્યે અમારી ટ્રેન માન્ચેસ્ટરના લંડન રોડ સ્ટેશને આવી પહોંચી. આમ તો ઘડિયાળમાં રાત્રિના દસ વાગ્યા હતા પરંતુ આકાશમાં પ્રકાશ હતો દિવસના ૭ વાગ્યા જેવો! સૂટકેસો હાથમાં ઊંચકીને અમે સ્ટેશનની બહાર આવ્યા અને ટેક્સીની 'કયુ'માં જોડાયા. અહીં જેમ ફાવે તેમ ટેક્સી બોલાવીને દોડી જવાતું નથી. ટેક્સીસ્ટેન્ડ પાસે લાઈનમાં ઊભા રહીને આપણા નંબર પ્રમાણે જ્યારે વારો આવે છે ત્યારે જ પોલીસમેન આપણને બોલાવે છે અને ટેક્સીમાં બેસાડી તેનું બારણું વાસીને "નેક્સ્ટ પ્લીઝ" બોલે છે અને આપણી ટેક્સી ચાલવા માંડે છે. એક બાજુ સામાન સાથે ઊભા રહેલા ઉતારૂઓની 'કયુ' હોય છે અને બીજી બાજુ ખાલી ટેક્સીઓની 'કયુ' હોય છે. અને આ બન્નેનો મેળાપ પોલીસમેન "સ્ટ્રીક્ટલી એકોર્ડિંગ ટુ ઓર્ડર" કરાવે છે. આટલી બધી ટેક્સીઓ હાજર હતી છતાં પંદર મિનિટ 'કયુ'માં ઊભા રહ્યા પછી જ અમને ટેક્સી મળી. રાત્રે સાડા દસ વાગ્યે અમે અમારા મુકામે પહોંચ્યા અને લંડનનાં સંસ્મરણો યાદ કરતાં કરતાં નિદ્રાધીન થયા.

આ પ્રમાણે વ્હીટસનની ચાર દિવસની રજામાં મેં લંડનની જે વિરાટ પદયાત્રા પૂરી કરી તે સદાયે યાદગાર બની રહેશે. ફરી પાછો ઓક્ટોબરમાં હું લંડન ગયો હતો અને તે સમયે લંડનના જે અનુભવો થયા તે યથાસ્થાને આગળ ઉપર લખી જણાવીશ.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જય હિંદ

卐



સં. ૨૦૧૬
આસો

માનદ તંત્રી
રામનારાયણ વિશ્વનાથ પાઠક

પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રસ્થાન

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૦ ૨૦૧૬ : આસો અંક ૬

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ વધેલી આવક ક્યાં ગૂમ થઈ?
૨ ગુજરાતનું આજનું જાહેરજીવન

પ્રશ્ન : આપણી બે પંચવર્ષીય યોજનાઓથી વધેલી આવક ક્યાં ગૂમ થઈ ગઈ ?

ઉત્તર : જેવું તમને કુતૂહલ થાય છે તેવી ચિંતા આપણી પાર્લમેન્ટને પણ થઈ લાગે છે. કારણ કે એણે ગૂમ થઈ ગયેલા વધારાને શોધવા અર્થશાસ્ત્રીઓનું એક કમિશન નીમી દીધું છે ને?

પ્રશ્ન : હા, છાપામાં વાંચ્યું હતું ખરું. પણ એમ એ જડશે?

ઉત્તર : એ તો શી ખબર પડે? ખૂબ વરસાદ પડ્યો હોય અને પાણી પાણી થઈ ગયાં હોય, ત્યારે બીજે દિવસે કોઈ પૂછે કે આ બધાં પાણી ક્યાં ગયાં તો એને કહેવાય કે કોરી જમીને ચૂસી લીધાં, અને વધ્યાં તે વહી ગયાં ! પૂછે કે ક્યાં વહી ગયાં, તો કહીએ કે નાળાંઓમાં થઈને નદીઓમાં અને નદીઓમાં થઈને સાગરમાં. એટલે એ વરસાદનું પાણી શોધવું હોય તો સાગરમાં જઈને શોધો. એ શોધ જેટલી સફળ થવાની આશા તેટલી આ શોધ સફળ થવાની આશા. પાણી વહી ગયાં પહેલાં પાળ બાંધી હોય તો સારું, પણ વહી ગયા પછી પાણી શોધવામાં જ આપણે થાકી જઈએ ત્યારે બીજા વરસાદ વખતે પણ પાળ બાંધવાની શક્તિ નહિ હોય. આ બધું આપણી પેલી ગુજરાતી કહેવત પ્રમાણે, ‘પચ્છમ બુદ્ધિનું લક્ષણ છે.’ તમે કે હું નાતજાતમાં માનતા નથી એટલે આ બ્રાહ્મણનું લક્ષણ છે એમ નહીં કહીએ. વળી આ કળિજુગમાં ઘણા બ્રાહ્મણો અગમચેતીવાળા હોય છે. પણ વિચારકોનું તો આ લક્ષણ ખરું, કારણ કે વિચારકોને ઘટના બની ગયા પછી જ વિચાર કરવાની સામગ્રી મળે અને તે પછી તેના પર વિચાર કરે. વિચારકો તો વધારાની આવક ખોવાઈ ગયા પછી જ તે ક્યાં ગઈ તેનો વિચાર કરે. એટલે એમાં દોષ કોનો કાઢવો ? પાણી આવે એ પહેલાં પાળ બાંધતાં આપણને નથી આવડતી એ તો આ સ્વરાજ્ય પછીનાં બાર વર્ષમાં અનેક વાર અને અનેક ઠેકાણે જોયું છે. બીજા સ્થૂળ અર્થમાં યે આપણને ક્યાં પાળ બાંધતાં આવડી છે ? નવા બાંધેલા બંધો યે—બંધો યે–તૂટી જાય છે. અને પંજાબ, બિહાર અને આસામમાં તો નદીઓ દરેક ચોમાસે પોતાનો કેર વર્તાવ્યે જ જાય છે. બંધો નહોતા બંધાતા અને ત્યાં પાણીની પેઠે પૈસા નહોતા ખરચાતા ત્યાં સુધી તો મન વાળતા કે ‘ભાઈ નદીમાતાના કોપ આગળ આપણું શું ચાલે ?’

જે હોય તે ખરું. પણ આવેલા પાણીને બાંધી રાખવાની કે ભાંગફોડ કરતાં પાણીને વહી જવાના માર્ગ કરી આપવાની, એમાંથી એકેની અગમચેતીની આપણને હજી આવડી નથી, એ પરદેશી આપણાં ગમે તેટલાં વખાણો કરે તો પણ ખાનગીમાં તો કબૂલ કરવું જ જોઈએ. આની આ બાબત ઘણાં કાર્યક્ષેત્રોમાં લાગુ પડે છે : જેમકે, નવી પ્રાંતરચનાઓ. પહેલેથી શું કરવું યોગ્ય ગણાય એની અગમચેતીવાળી સ્ટેટ્સમેનશીપના અભાવથી જ અત્યારની કષ્ટદાયક સ્થિતિ ઊભી થઈ છે.

શિક્ષણના ક્ષેત્રમાં પણ એમ જ બનતું દેખાય છે. કશી જ અગમચેતી કે આગળની તૈયારી વિના શિક્ષણના ક્ષેત્રમાં અખતરાઓ ચાલી રહ્યા છે. જો સ્વભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવું ઇષ્ટ હતું તો મધ્યસ્થ સરકારે આ બાબતમાં ગૂંચવાડા શા માટે ઊભા કર્યા ! આપણા ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને બહુ દુઃખી દિલના ઉદ્ગારો કાઢ્યા કે એમના પ્રમુખપણા નીચે આ દેશના અને પરદેશના ઉત્તમ શિક્ષણશાસ્ત્રીઓ અને વિચારકોના કમિશનની કામગીરી અને હેવાલ પછી તેને અમલમાં ન મૂકતાં કેવળ પ્રમાદ જ સેવાયો છે ! તે જ પ્રમાણે હિંદી કે હિંદુસ્તાનીના પ્રચાર માટે થયું છે.

હકીકતમાં એ સમજાતું જ નથી કે શિક્ષણમાં, અર્થકારણમાં કે રાજકારણમાં આપણી રાષ્ટ્રીય નીતિ શી છે? પરદેશના રાજકારણમાં તો આપણે સમજીએ છીએ કે આપણી નીતિ મૈત્રીભરી તટસ્થતાની છે. પણ બીજા કોઈ ક્ષેત્રમાં આપણે એવું કશું સ્પષ્ટ કહી શકીશું ?

ફરી પાછા આપણે પેલી વધેલી આવક ઉપર આવીએ. શું ખરેખર આવક વધી હતી ? કે આંકડાશાસ્ત્રીઓએ શોધી કાઢેલો વધારો હતો ? અને ખરેખર વધી હોય તો બીજી બાજુએ એ પણ સત્ય લાગે છે કે પેલા 'રૂપિયાનું ઝાડ' નાટકના પ્રારંભમાં કહ્યું છે તેમ, સાગરમાં જેમ બધી નદીઓ વહે તેમ, બધાની સંપત્તિઓ થોડાક ધનિક–સમુદ્રોમાં જ વહી જાય... કદાચ ખારા સમુદ્રમાં કોક નદીનું વહેણ હાથ લાગે પણ ધનિક–સમુદ્રમાં કશાનો પત્તો નહિ. પછી ભલેને સરકાર તજવીજ કરે. આ ધનસાગરના મદારીઓને પહોંચી વળવાની કરામત કોઈને આવડી નથી. કારણકે એ મદારીઓ એમના દેખાતા વિરોધીઓને જ પોતાને ત્યાં ધન વહેવડાવવાની નીકો બનાવી દે છે ! એટલે છેવટે તો, ભારતનો જૂનો નિઃશ્વાસ : 'શું કરીએ ભાઈ !'

પ્રશ્ન : ગુજરાતનું જાહેર જીવન કેવું પડતું જતું લાગે છે ?

ઉત્તર : પ્રજાનું જાહેર જીવન જેના હાથમાં એ હોય તેના જેવું થાય. જરા વધારે સ્પષ્ટતાથી કહીએ તો એમ કહેવાય કે પ્રજાના જેવા અગ્રેસરો હોય તેના જેવું થાય.

થોડાક દસકા પહેલાં આપણું સમાજજીવન જુદાજુદા મહાજનો દ્વારા વ્યક્ત થતું. એ મહાજનના મોવડીઓને અને શેઠીઆઓને મહાજનનું માનસ વ્યક્ત કરવાની ફરજ પડતી. તે પ્રમાણે ગામડાંમાં કે શહેરમાં મુખી, પટેલ કે નગરશેઠ પણ અમુક રીતે સમાજજીવનનું પ્રતીક બની જતો. વચમાં જ્યારે હિંદુ – મુસલમાનનાં રમખાણ બહુ થતાં ત્યારે એક વાર આચાર્ય આનંદશંકર ધ્રુવે ઉદ્ગાર કાઢેલો યાદ આવે છે કે આ શહેરમાં પહેલાના જેવો નગરશેઠ કે કોઈ મોભાદાર માણસ નથી. પહેલાં પણ રમખાણો થવાની પરિસ્થિતિ ઊભી થતી પણ આવો કોઈ મોભાવાળો માણસ કે નગરશેઠ ત્યાં જઈને ઊભો રહે અને મોટે ભાગે તો તેની એવી શરમ પડતી કે માણસો તેને જોઈ કે તેનું સાંભળી, માની જઈ વિખરાઈ જતા. જાહેર જીવનનો આ એક પ્રકાર હતો.

૧૯૧૦ થી તે ૧૯૨૦ સુધીના સમયના ગાળામાં—અને તે પહેલાં પણ—પણ એનો હું સાક્ષી ન હતો—આપણા ગુજરાતમાં જાહેરજીવનમાં સાક્ષરોનું અને વિદ્વાનોનું સારું માન અને સ્થાન હતું. અને તેથી રાજદરબારે કે સંસ્થાઓ ચલાવવામાં તેઓ મોખરે રહેતા. એ પછી ગાંધીજીનો યુગ આવ્યો. તેમાં વિદ્યા એ વિલાસિની છે એના જેવું કંઈક ધુમ્મસ થયું. સાક્ષરતા કંઈક પાછળ પડી ગઈ. સ્વરાજ્ય માટે લડનારાનો જમાનો આવ્યો. તેમાં ગાંધીટોપાની પ્રતિષ્ઠા બંધાઈ ગઈ. પણ જ્યાં સુધી ગાંધીજી જીવતા હતા ત્યાં સુધી જુદાં જુદાં બળોની તુલામાં સારાં બળોને બહુ વેઠવું પડતું નહિ.

પણ એ અરસામાં રાજદ્વારીઓ અને ધનિકોની વચ્ચે એક જાતનો અવ્યક્ત ગજગ્રાહ ચાલતો. ધનિકો એમ કહેતા કે અમે પૈસા આપીએ અને અમને કોઈ પૂછે નહિ, એવું આ કેવું? રાજદ્વારીઓ સૂચવવા લાગ્યા કે તમારું કામ પૈસા આપવાનું! એ પૈસા કેમ વાપરવા એ અમારું કામ! ધનિકોને થતા આ અન્યાયમાંથી તેમને બચાવાય નહિ, તો એ વિશે બબડતા રોકવા માટે કેટલાક રાજદ્વારી મોવડીઓ ધનિકોનો પક્ષ કરતા, અને તેમને આગળ કરતા, અને જાહેર સંસ્થાઓમાં તેમની સલાહસૂચના સંભળાય એવી તજવીજ કરતા. સ્વરાજ્ય આવ્યું પછી રાજદ્વારીઓ,—દરબાર અને તેમના હજુરિયાઓ—બધાઓ ધૃષ્ટતાપૂર્વક ધનિકોને એમ કહેવા લાગ્યા કે તમારું ધન અમારી કૃપા ઉપર છે! માટે તમે અમને પૈસા આપ્યા કરો અને અમે કહીએ તેમ કરો અને એ શરતે તમે જાહેરજીવનમાં મોખરે રહ્યા કરો!

ખાનગી જીવનમાં જો કે અત્યારે ગાંધીટોપી ગાળ બની છે, છતાં જાહેરજીવન અત્યારે રાજદ્વારીઓના હાથમાં છે, અને તેમના કૃપાપાત્ર ધનિકોના હાથમાં છે. પણ આ ધનિકો, તમારા પહેલા પ્રશ્નના જવાબમાં કહી ગયો તેવા, જાદુગરો છે. એટલે એમને આ રાજદ્વારીઓને પણ પોતાનું સાધન બનાવવાનો કીમિયો આવડે છે! દેખાવ એવો કે પોતે એ રાજદ્વારીઓના સેવક; હકીકતમાં, એ રાજદ્વારીઓ ચંદનના ભાર વહેતા . . .! અત્યારે આ સ્થિતિ છે.

આ રાજદ્વારીઓ અને ધનિકોના હાથમાં રહેલું જાહેરજીવન જેવું હોવું જોઈએ તેવું અત્યારે છે! વિદ્વાનો, વિચારકો, સાહિત્યકારો, કલાકારો એ બધી વ્યક્તિઓ આ બન્નેને મન—ધનિક-અને રાજદ્વારી બન્નેને મન સરખા નાચીજ છે. ધર્મગુરુઓ અને સંન્યાસીઓની વાત જુદી છે. સાધુ બાવાઓની પરિષદો ભરાય છે, તેમને પણ સેવાને નામે રાજદ્વારી આણ નીચે લાવવામાં આવ્યા છે. મારા એક સ્વર્ગસ્થ મિત્ર—પોતે વકીલ હતા—કહેતા કે દરેક શેઠીઆને પોતાનો એક રાજદ્વારી નેતા અને એક બાવો હોય છે, જેમને મોટરોના નંબર ઉપરથી તે કયા શેઠીઆ કે શેઠીઆઓના છે તે શોધી શકાય છે!

સામ્યવાદ કહે છે તે પ્રમાણે, આ કહેવાતા ધાર્મિકો તો મૂડીવાદ અને સત્તાધારીઓના મદદનીશ થવામાં જ કૃતાર્થતા અનુભવે છે. એટલે હવે તો અપેક્ષા રહે છે કોઈ આધ્યાત્મિક ક્રાન્તિની! કે જે સમાજનાં જુદાં જુદાં તત્ત્વોને પોતપોતાની સ્થાનમર્યાદામાં રાખી આધ્યાત્મિક આવિષ્કારોને આગળ પડવા દે. અને આ માટે કદાચ ચિંતકો અને સાહિત્યકારો તથા કલાકારોને ક્રૂસ વહેવો પડશે!

૧૯–૯–૬૦

☆

શ્રી. ગજ્જરનાં વ્યાખ્યાનોમાંથી

પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

...જર્મનીમાં રસાયણઉદ્યોગનું મુખ્ય કારણ તો ત્યાંનું રસાયણ શિક્ષણ જ છે. ત્યાંના રસાયણ શિક્ષણની પદ્ધતિ જ એવી છે કે દરેક શીખનાર જાણે શોધક થતો હોય તેવી રીતે શીખે છે. બીજા યાંત્રિક ઉદ્યોગોમાં જેમ મૂળ સિદ્ધાંતો કાયમ રહે છે અને થોડો ઘણો ક્રિયામાં ફેર પડે છે તેમ રસાયણઉદ્યોગમાં નથી. યાંત્રિક ઉદ્યોગનાં કારખાનાં જેમ શાસ્ત્રીય જ્ઞાન વગરના માત્ર અનુભવથી શીખેલા માણસોથી ચાલે છે તેમ રસાયણઉદ્યોગમાં બની શકે નહિ. યાંત્રિક ક્રિયા આંખે દેખાય એવી છે એટલે કારખાનામાં કામ કરનારા ચાલાક મજૂરો પણ એ ક્રિયાઓ જોઈ જોઇને શીખી શકે. રસાયણક્રિયા પરમાણુ વચ્ચે થાય છે, અને તે પરમાણુના વ્યાપાર આંખે દેખી શકાતા નથી. તે સમજવાને અને ચલાવવાને માટે જ્ઞાનચક્ષુ જ જોઇએ. આ વાત જર્મન લોકોએ સ્વીકારી અને તેથી તેમને આટલો બધો લાભ થયો. રસાયણઉદ્યોગમાં તો જે ક્રિયાઓ ચાલે છે તે ક્રિયાઓના સિદ્ધાંતો પણ બદલાતા જાય છે એટલે તેમાં મૂળ આધાર જ જ્ઞાન ઉપર છે. આપણા દેશમાં ઉદ્યોગો જેમાં માત્ર અનુભવ અને હાથકારીગરીની જરૂર છે, તે ઘણા ખીલ્યા છે; પણ રસાયણઉદ્યોગ જેનો મૂળ પાયો જ્ઞાન છે તેને માટેના ઘણાખરા પ્રયત્નો નિષ્ફળ થયા છે. એમાં કાંઇ નવીન નથી કારણ કે આપણા દેશમાં રસાયણનું જ્ઞાન મેળવવાનું સાધન જ જોઈએ તેવું નથી. આ મુંબઈ ઇલાકામાં તો એ માટે પ્રયોગ પણ રાખ્યા નથી અને વિદ્યાર્થી ફક્ત પરીક્ષાને સારુ વિષય શીખી મારે છે. જ્ઞાન સંપાદન કરવાની જે ખરી અન્વેષણ પદ્ધતિ તે તો આપણે હજુ જાણતા જ નથી. બધું જ શિક્ષણ પઠનપદ્ધતિથી થાય છે. રસાયણના પ્રાયોગિક અભ્યાસક્રમમાં માત્ર ટેસ્ટ-ટ્યુબ પકડતાં શીખવવામાં આવે છે.

* * *

જર્મન રસાયણઉદ્યોગનો આધાર બહુકે પ્રાણ અન્વેષણ છે. રાજ્ય તરફથી અન્વેષણ શાળાઓ સ્થપાઇ છે તેની સાથે દરેક મોટા રસાયણ કારખાનામાં પણ અન્વેષણશાળાઓ સ્થપાતી જાય છે. હાલમાંની ઘણી સૈદ્ધાંતિક શોધો પણ કારખાનામાંથી જ ઉત્પન્ન થઈ છે તેમ જ સરકારી પ્રયોગશાળાની શોધોને માટે સૂચન તેમ જ સાધન રસાયણઉદ્યોગમાંથી જ મળ્યાં છે. એ ઉપરથી એટલું ધ્યાનમાં લેવાનું છે કે અન્વેષણ અથવા શોધ અને ઉદ્યોગ સાથે સાથે જ ખીલી શકે. જ્યાં સુધી આ દેશમાં રસાયણઉદ્યોગો સારા પાયા ઉપર આવ્યા નથી ત્યાં સુધી મોટી શોધોની આશા રાખવી એ ભૂલભરેલું છે.

* * *

જર્મનીમાં ઉદ્યોગ એટલા મોટા પાયા પર આવી ગયો છે કે ત્યાં કારખાનાવાળાઓને પણ અન્વેષણશાળા રાખવી પડે છે. આપણા દેશમાં તો હજુ બધું કામ ગતાનુગત અથવા ગાડરિયા પ્રવાહથી ચાલે છે. મિલનો ઉદ્યોગ આટલો બધો વધી ગયો તોપણ તેમાં શાસ્ત્રનો કોઇ ભાવ પૂછતું નથી. ઊલટું શાસ્ત્ર તો ન જોઇએ એમ માનવામાં આવે છે. જર્મનીના રસાયણઉદ્યોગમાં ઊંચા પ્રકારના શાસ્ત્રીય શિક્ષણની આવશ્યકતા ગણાઈ છે અને કારખાના-

વાળાઓ રસાયણના શાસ્ત્રીય શિક્ષણ વગરનાને દાખલ કરતા નથી. આ આપણા લોકોને સમજતાં ઘણો વખત લાગશે. અન્વેષણશાળામાંથી અન્વેષકો તો કદાચ તૈયાર થઈને નીકળશે પણ તે અન્વેષકોને તો કોઈ કારખાનાવાળા કે મિલવાળા ઊભા નહિ રાખે તેમને તો બધા વહેવારકુશળ અને શાસ્ત્રશૂન્ય માણસો જોઈએ.

જર્મનીમાં આ શાસ્ત્રની, ઉદ્યોગસંયોગથી દિન પ્રતિદિન વૃદ્ધિ થતી જવાની; અને બીજા દેશોમાં જ્યાં સુધી શાસ્ત્રની કિંમત કરવામાં આવશે નહિ ત્યાં સુધી ઉદ્યોગની વૃદ્ધિ થઈ શકવાની નથી. આ વાત બિસ્માર્ક જેવા દીર્ઘદર્શી રાજ્યકારભારીના લક્ષમાં હતી અને ૧૮૭૭ માં પેટંટનો કાયદો કરવામાં આવ્યો, અને તેથી બધી રસાયણશોધોનું રક્ષણ કરવામાં આવ્યું.

* * *

ઓગણીસમી સદીનું જર્મની ખાતેનું રસાયણ શિક્ષણ

રસાયણશાસ્ત્રમાં જે વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે તેની સ્થાપના કરનાર લિબીગ હતો અને તેણે પોતાની પ્રયોગશાળા સ્થાપી હતી. તેમાં મુખ્યત્વે કરીને પુખ્ત ઉંમરના શિષ્યો દાખલ થયા હતા. લિબીગને મોટા શિક્ષક તરીકે ઘણું જ માન આપવામાં આવે છે તેનું કારણ એ છે કે તેણે પોતાના શિષ્યોની સર્વ શક્તિ વધારવામાં અને તેમનામાં ખરો શાસ્ત્રીય રસ ખીલવવામાં ઘણો જ પ્રયાસ કર્યો. લિબીગની પ્રયોગશાળાનું અનુકરણ કરીને બીજી મોટી પ્રયોગશાળાઓ યુરોપ ખંડમાં સ્થાપવામાં આવી અને તેમાં વ્યાવહારિક અને રસાયણઉદ્યોગનું જ્ઞાન આપવામાં આવ્યું અને હમણાં પણ આપવામાં આવે છે. જર્મનીની અને બીજા દેશોની પ્રયોગશાળામાં એટલો ફેર છે કે જર્મનીમાં વિદ્યાર્થીઓને કામ કરવાને ઘણી જ સગવડ કરી આપવામાં આવે છે. અને શિક્ષણના પ્રમાણમાં ફી ઘણી જ ઓછી રાખવામાં આવે છે. જર્મનીની પ્રયોગશાળાનું પોષણ રાજ્ય કરે છે તેમ બીજા દેશોમાં નથી.

મદ્રાસના ગ્રેજ્યુએટોને મિ. ક્રિગે કરેલા ઉપદેશો ઘણા ધ્યાન રાખવા લાયક છે. કેટલીક અફસોસની વાત છે કે જે દેશમાંથી સીસું જોઈએ તેટલું મળી આવવા છતાં, લોખંડની જુદી જુદી જાતની શુદ્ધ કાચી ધાતુ જથ્થાબંધ દેખાતાં છતાં, રૂપાની ધાતુનો ભંડાર ખાણોમાં માલૂમ પડી આવતો છતાં, ફક્ત કોલસાનો ઉપયોગ ન કરવાને લીધે તેનો કાંઈ પણ લાભ લેવામાં આવતો નથી. એ કેટલી દિલગીરીની વાત છે કે કેઓલિનને માટે સુશિક્ષિત કુંભાર નથી અને કોરંડમમાંથી ઍલ્યુમિનિયમ કાઢનારા નથી. એ કેટલી શરમ ભરેલી વાત છે કે હિંદુસ્તાનના રહીશો ઘાસ અમર્યાદ મળતું હોવા છતાં કાગળ પરદેશથી મંગાવવાને અચકાતાં નથી. પંદર વીસ વર્ષ પહેલાં જે દેશનું નામ સંભળાતું નહોતું તે જાપાન દેશથી દીવાસળી મંગાવતાં આપણા દેશના લોકો આનાકાની કરતા નથી. એ કેટલી તાજુબીની વાત છે કે પિત્તળનાં વાસણો આપણે ઘરમાં વાપરીએ છીએ તે પરદેશથી મંગાવતાં લાજ આવતી નથી. કેટલી નવાઈની વાત છે કે બધી જાતની ધાતુઓ, વસ્તુઓ, ચીજો, પદાર્થો આપણા દેશમાં મોટી સંખ્યામાં અને જથ્થામાં મળવા છતાં બારીના કાચથી તે ટાંકણી કે પાર્સલ બાંધવાની દોરી સુધીની તદ્દન નાની અને નજીવી ચીજોને માટે પણ આપણા દેશના લોકોને પારકા દેશના લોકો તરફ જોવું પડે છે. જ્યાં સુધી આપણા દેશમાં એવી ચીજો પેદા કરવાનાં કારખાનાં નીકળશે નહિ, ત્યાં સુધી આ દેશમાં સુધારો કદી પણ થશે નહિ, અને સેંકડે એકસઠ માણસો ભૂખે પીડાતા લોકો મરતા બચશે નહિ.

* * *

"મન જેટલે અંશે પોતાને માટે વાચા પ્રાપ્ત કરે છે તેટલે અંશે સંવર્ધન પામે છે; પરભાષા દ્વારા એ પ્રાપ્ત થઇ શકે નહિ. માતાના ખોળામાં રમતાં જે ભાષા શિખાય તેમાં જ આપણી લાગણીઓ, ભાવના અને વિચારમય જીવન બંધારણ પામે છે. જો કોઈ બાળક કદાપિ એક જ વખતે બે ભાષાઓમાં સરખી રીતે ઊછરી શકે, તો તેટલી તેને હાનિ જ છે. તેનું માનસિક તથા આત્મિક સંવર્ધન એથી બેવડાશે નહીં પણ અડધું થઈ જશે......આ પ્રમાણે શબ્દોને જીવંત કરવાને તેમને જીવનની સાથે તન્મય કરી નાખવા જોઇએ, અને જેમ આપણાં બે જીવન નથી પણ એક જ છે, તેમ ભાષા પણ એક જ હોઈ શકે. માટે જે જે ઇતર ભાષાઓ આપણે પ્રાપ્ત કરીએ તે આ સ્વભાષાના સંબંધમાં ગૌણ માત્ર હોઈ શકે."—પ્રો. લોરી

ઉપલા શબ્દોમાં જે સત્ય સમાયેલું છે તે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટરો તરફથી હિંદુસ્તાનના ગવર્નર જનરલને ઈ. સ. ૧૮૫૪ના જુલાઈની ૧૯મી તારીખે જે મહત્ત્વનો ઠરાવ મોકલવામાં આવેલો, તેના સમર્થ અને ઉદાર વિચારના લેખકો—લોર્ડ હેલિફેક્સ અને નોર્થબ્રુક—એમણે નિરંતર લક્ષમાં રાખ્યું હોય એવું માલૂમ પડે છે. એ ઠરાવને 'હિંદુસ્તાનની કેળવણીનો પટો' એવું નામ આપવામાં આવેલું છે તે યોગ્ય જ છે. કારણ કે તે એ ઠરાવમાં બતાવેલી યોજનાઓનો યોગ્ય અમલ કરવામાં આવે, તો તેથી આ દેશની કેળવણીની ઘણી ખામીઓ દૂર થયા વગર રહે નહિ; અને પ્રજા સમગ્રને મોટો લાભ થાય. પણ અફસોસની વાત એ જ છે કે આ યોજનાઓનો હજુ સુધી જોઈએ તેવો અમલ થયો નથી; અને ઠરાવ લખાયો તે વખતે દેશની કેળવણીમાં જે ખામીઓ હતી તે અદ્યાપિ કાયમ રહી છે...

...એ યોજનામાં બતાવવામાં આવ્યું હતું કે સમગ્ર પ્રજામાં જ્ઞાનનો પ્રસાર કર્યા વગર તેમનાં મનને જાગૃત કરી શકાય તેમ નથી; જ્ઞાનનો પ્રસાર સ્વભાષાના સંવર્ધન વગર બની શકે તેમ નથી; અને સ્વભાષાનું સંવર્ધન જ્યાં સુધી વિદેશી ભાષા જ મુખ્યત્વે કરીને શિક્ષણ-સાધન તરીકે વપરાય છે ત્યાં સુધી થઈ શકે તેમ નથી. એમ બતાવવામાં આવ્યું હતું કે વિશેષ કરીને આ ઇલાકામાં તો દેશી ભાષાઓની દુર્દશા છે; કારણ કે જ્યારે એક તરફથી સાહિત્યસમૃદ્ધિ જોઈએ તેવી પ્રતિબિંબિત નથી એમ કહીને તેના પ્રતિપક્ષીઓ તેનો ઊંચી કેળવણીના વિષયોમાં સમાવેશ કરવાની ના પાડે છે; ત્યારે બીજી તરફથી તેના પક્ષકારો એટલું જ બોલીને સંતોષ માની લે છે કે જ્યાં સુધી એ પ્રકારનો સ્વીકાર થશે નહીં ત્યાં સુધી દેશી ભાષાઓના સાહિત્યનો ઉત્કર્ષ પણ થશે નહીં. એમ પણ બતાવવામાં આવ્યું હતું કે આવી સ્થિતિને લીધે પક્ષકારો તરફથી સાહિત્યમાં અભિવૃદ્ધિ કરવાનો કે પ્રતિપક્ષીઓ તરફથી જેવું છે તેવું સાહિત્ય સ્વીકારવાનો કોઈ પણ પ્રકારનો પ્રયત્ન થતો નથી. અને છેવટે એવું સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે પ્રાથમિક શાળાઓની બહાર કોઈ પણ સ્થળે દેશી ભાષાઓનો ઉપયોગ ન થવાથી લોકો યુરોપના સાહિત્ય અને ફિલસૂફીનો જ નહીં પણ ત્યાંનાં શાસ્ત્રો અને કળાઓનો પણ લાભ લઈ શકતા નથી....

શ્રી પાઠક સાહેબ
[એક સ્મૃતિમાલા]

સુન્દરમ્

૨

[ગતાંકથી ચાલુ]

ભારતીનિવાસ સોસાયટીના મકાનના આ મેડા ઉપર અગાસીમાં પાસે પાસે ખુરસીઓ નાખીને અમે મારા 'વસુધા' કાવ્યસંગ્રહની હસ્તપ્રત વાંચેલી. હું વાંચું ને પાઠક સાહેબ સાંભળે. મારી પસંદ કરેલી કૃતિઓ ઉપર મોટે ભાગે એમની સંમતિની મહોર ઊતરે. પણ જે કૃતિ તરફ એમનું મન હું સહેજ મોળું જોઉં તેને હું વિના સંકોચે કાઢી નાખું. આવા જે બે ત્રણ મુરબ્બીઓ, જેમાં પાઠક સાહેબ ઉપરાંત બીજા બ. ક. ઠા. આવે—તેમના પરત્વે મારી એવી જ વૃત્તિ રહેલી છે કે એમને મારી જે કૃતિ ન ગમે તેને માટે મારું મમત્વ પછી ઊતરી જાય. અને એ વાત મને હમેશાં લાભકારક જ નીવડી છે. 'વસુધા'ની હસ્તપ્રત વાંચતાં વાંચતાં '૧૩–૭'ની લોકલનું કાવ્ય વાંચ્યું ત્યારે પાઠક સાહેબને ખાસ પ્રસન્ન થતા જોયા. તેમણે કહેલું, 'આમાંનું વર્ણન મને બહુ ગમે છે.' આ જ મેડા ઉપર બેસીને અમે મારા પ્રથમ વાર્તાસંગ્રહ 'હીરાકણી'ની પ્રસ્તાવના વિચારેલી અને મારી વાર્તાઓ વિષે હું કંઈક ક્ષમાયાચક વલણ વ્યક્ત કરતો હતો તેને બદલે તેમણે સૂચવ્યું કે એમ નહિ, એમ જણાવો કે 'આ કળારૂપ મને કવિતાના જેટલું જ ઉત્તમ... લાગ્યું છે. મારા વ્યક્તાવ્યના પ્રકટીકરણમાં કવિતાના જેટલો જ સંતોષ અને આનંદ મને આમાં પણ મળ્યો છે.' અને ખરેખર, વાર્તાઓ લખાવી શરૂ થાય છે ત્યારે જાણે કે હું કેવળ ધર્મે વાર્તાકાર જ છું એમ મને લાગે છે. પણ હવે તો એ લખાવી જ શરૂ થતી નથી ને!

આથી પે વિશેષ અમારો સહચાર તો મારા 'અર્વાચીન કવિતા'ના વિવેચન ગ્રંથ વિષે હતો. એની હજારેક પાનાંની હસ્તપ્રત મેં પાઠક સાહેબને આપી અને તેને તેઓ ખૂબ ધ્યાનપૂર્વક જોઈ ગયા. અને મને પાછી આપતી વેળાએ તેમણે કહ્યું, 'બેશક, આમાં તમને તમારા વ્યક્તિગત અભિપ્રાયની સ્વતંત્રતા છે જ. પણ કેટલીક વસ્તુઓ જુદી રીતે, જરા હળવી રીતે કહી શકાય.' લગભગ આટલી જ ટૂંકી વાતચીત હતી, પેલી પૃથ્વી–છંદની 'દીક્ષા' જેવી. એમનું કહેવું ન્હાનાલાલ વિષેના મારા લખાણ અંગે હતું. ગુજરાતના મહાન કવિઓ અંગેના મારા અભિપ્રાયો આમાં મેં કદાચ વધારે પડતી કડકાઈથી રજૂ કરેલા છે. ન્હાનાલાલ વિષેનું લખાણ હું ફરીથી જોઈ ગયો અને નિરર્થક કડકાઈને તેમાંથી દૂર કરી. પણ આ ટૂંકા વાર્તાલાપમાંથી જે બીજી એક વાત ધ્વનિત થઈ તે એ કે તેમણે મારા અભિપ્રાયોને–મૂલ્યાંકનોને એક સ્વાધીન ભૂમિકાનું ગૌરવ આપ્યું અને મને લગભગ તેમની સમાન કક્ષાએ મૂક્યો. આવો અનાગ્રહ કેટલું મોટું સર્જક તત્ત્વ બની શકે છે એ મેં મારા જીવનમાં જે જે વિભૂતિઓના સંપર્કમાં હું આવ્યો છું તેમના પ્રસંગમાંથી બહુ ચમત્કારિક રીતે અનુભવ્યું છે. આ બધા મહાનુભવો સાથેનો અમારો સંબંધ ગુરુ–શિષ્ય, મુરબ્બી અને અલ્પવયસ્કનો હતો

તે તેવા ને તેવા હમેશાં રહી શકે એવી અમારી સ્થિતિ હતી. પરંતુ અમે જોયેલું કે એ ગુરુજનો અમને થોડા વખતમાં જ પોતાના મિત્રસ્થાને મૂકી દેતા, અમારું ગૌરવ કરતા અને મને લાગે છે કે એને લીધે જ અમે નાનકડા ન રહેતાં મોટા બની જતા. પાઠક સાહેબની આ વિશેષતા ઘણી જ સ્પષ્ટ જેવી હતી. અમને વર્ગોમાં પણ તે કહેતા કે, તમારા અને અમારા વચ્ચે કંઈ બહુ ફેર નથી અમે તમારા પહેલાં બેએક કલાક વહેલું વાંચીને આવીએ છીએ એટલું જ! પણ એ ફેર હોય કે ન હોય, પણ પાઠ્ય પુસ્તકના વિષયો કે બીજા વિષયોના નિરૂપણમાં અને ચર્ચામાં જે મુદ્દાઓ અમારા બિલકુલ ખ્યાલમાં ન આવ્યા હોય તેવા મુદ્દાઓ પાઠક સાહેબ લઈ આવે ત્યારે તેઓ કહે કે ન કહે પણ ફેર તો ખરો જ એમ અમારું મન સ્વીકાર્યા વિના ન રહેતું. અને આમ તે મિત્ર બની જવા છતાં ઘણાઓના ગુરુ રહેલા, એટલે જ તો પાઠક સાહેબ ને!

આ મેડા ઉપર હું પાઠક સાહેબને માત્ર મારાં લખાણો બતાવતો એટલું જ બન્યું નથી, એમણે પણ એમનાં લખાણો, નવી લખાયેલી કવિતાઓ, નવી સરજાયેલી વાર્તાઓ મને વંચાવેલી સંભળાવેલી છે. એમણે ખાસ કરીને તો પેલી 'બુદ્ધિવિજય'ની વાર્તા મેં સાંભળી ત્યારે એમાં એક ઘણી ગૂઢ સમર્થ વાર્તાશક્તિને, તથા બુદ્ધિશક્તિને પણ પ્રગટ થતી જોયેલી.

પણ આ મેડા ઉપર, આ મકાનમાં અમારો માત્ર સાહિત્ય વિનિમય જ થતો રહ્યો નથી. નીચે બેસીને અમે નાનુભાઈના ચિરંજીવીઓના સંગીતના — એ નાના છોકરાઓ ભાતખંડેની પદ્ધતિથી જે ઝડપથી તૈયાર થતા હતા તેના આનંદદાયક પરિણામ રૂપ — જલસાઓ સાંભળ્યા છે. પાઠક સાહેબને ત્યાં મળવા આવતી અનેક વ્યક્તિઓને મળવાનો, નિકટથી જોવાનો લાભ મેળવ્યો છે. એમાં યે એક પ્રસંગ તો ખાસ યાદ રહી ગયો છે. એ છે આચાર્યશ્રી આનંદશંકરભાઈ પાઠક સાહેબને મળવા આવેલા તેનો. શા નિમિત્તે મળવા આવેલા, પાઠક સાહેબ માંદા હશે કે બીજું કાંઈ કારણ હશે—તે યાદ નથી. પણ બનારસમાંથી નિવૃત્ત થઈને આનંદશંકરભાઈ અમદાવાદ રહેવા આવ્યા ત્યાર પછી તેમનું સ્વાસ્થ્ય ઠીક રહ્યું ત્યાં લગી અમદાવાદના જાહેર જીવનમાં બૌદ્ધિક સમૃદ્ધિની એક ઘણી આહ્લાદક ભરતી આવેલી. પ્રેમાભાઈ હૉલમાં તેમનાં નિયમિત રીતે વ્યાખ્યાનો ગોઠવાયેલાં. અને ભલા ભલા અધ્યાપકો પણ નોટબુકો લઈને તેની નોંધ કરતા હતા. આનંદશંકરભાઈને આટલી નિકટતાથી જોવાનો આ કદાચ પહેલો જ પ્રસંગ હતો. એમનો શુદ્ધ અમદાવાદી પોશાક, પાઘડી, કોટ, કપાળનો ચાંલ્લો, ચકચકતા પોલિશવાળા જોડા, હાથમાંની લાકડી, આંખ પરનાં સોનેરી ફ્રેમનાં ચશ્માં, આ બધું વૃદ્ધત્વમાં પણ માણસ કેવો છટાદાર રીતે સુંદર હોઈ શકે તે બતાવી આપતું હતું. એ વખતે યુરોપમાં બીજું યુદ્ધ શરૂ થઈ ગયેલું તેની વાત નીકળેલી અને આપણા હિંદનું તેમાં કયું સ્થાન રહેશે તેનો મેં પ્રશ્ન કરેલો તેના જવાબમાં તેમણે કહેલું કે 'India will be where it will have to be!'

અને આ મેડા ઉપરની એક છેલ્લી વાત પણ નોંધવી તો જોઈશે જ. એ હતું ત્યાં હીરાબહેનનું આગમન! પાઠક સાહેબના અમે તો ચિર સહવાસીઓ. એમાં મુંબઈથી અમદાવાદ અભ્યાસ કરવા આવેલી આ નાનકડી છોકરી પાઠક સાહેબના મેડા ઉપર દેખાવા

લાગી. અમે એને નવતર પ્રાણી જ ગણીએ એમાં નવાઈ નહિ. જો કે મારું અને હીરાબહેનનું ઓળખાણ તો પાઠક સાહેબની સાથેના તેમના ઓળખાણ કરતાં પણ જૂનું છે. મુંબઈમાં ૧૯૩૧–૩૨ માં હું રહ્યો ત્યારે ન્યુ એરા સ્કૂલમાં એ ભણવા આવતાં, અને ત્યારે તો સાવ નાનકડાં, એકાદ પેન્સિલ જેવાં હતાં. પાર. પાઠક સાહેબ પાસે તે હવે એમની શ્રી વિદ્યાપીઠનો એમ. એ. નો અભ્યાસ કરતાં હતાં. ઘણો મોટો અભ્યાસ હતો એમાં શંકા ન હતી. પાઠક સાહેબનાં બધાં કબાટો તેમને ફેંદી વળવાં પડયાં હશે. પણ પછી એક દિવસે મેં જોયું કે, પાઠક સાહેબનાં કબાટો તો અમે પણ ફેંદતા હતા, અને હીરાબહેન ફેંદતાં હતાં તેમાં ફેર હતો! અમે તો ફેંદતાં હતા, પણ હીરાબહેન તો ગોઠવતાં હતાં! એમના હાથમાં હવે બીજો 'ટચ' આવ્યો હતો.

એ પરિચય વધતો વધતો એક અસાધારણ એવા દાંપત્ય જીવનમાં પરિણમ્યો. પણ એ વિકાસનો હું સાક્ષી બહુ રહ્યો નથી એટલે તેની વાત મારે માટે લખવી જરૂરી નથી. પાઠક સાહેબનો એ મેડા પરનો ઓરડો, એ એમનો અભ્યાસખંડ હતો, શયનખંડ હતો, દીવાનખાનું હતું, લાયબ્રેરી હતી, બધું હતું. અને આટલી બધી અનેક પ્રવૃત્તિઓને પરિણામે એ જગા તે ગમે તેવી તોયે એક કારખાનાના જેવી બની ગઈ હતી. મને લાગે છે હીરાબહેને આવી એ કારખાનાનો ઉદ્ધાર કર્યો. હું પાઠક સાહેબના બહુ અંતરંગનો જાણનાર તો નથી, પણ કેટલીક વસ્તુઓ જાણે કલ્પી શકાય તેવી લાગે છે. એ એકલા મેડા ઉપર, સાઠી માંહી અવસ્થામાં, શિયાળા ચોમાસાની ઠંડી થીજવતી રાતોમાં એ ખાટલામાં પડેલું પાઠક સાહેબનું નાનકડું શરીર, એ શરીરમાં શેષ જીવનને શાંત રીતે સ્વીકારી રહેલા તત્ત્વજ્ઞાનીનું હૃદય કોઈક વાર પણ—નીચે આખું એક ભર્યું ભાદર્યું સ્વજનોનું કુટુંબ હતું, અનેક મિત્રાદિક હતા છતાં—કોઈ એકલતા તો અનુભવતું હશે જ, કદાચ કોઈને ય ન કહેવાય તેવી, કદાચ પ્રભુ સમક્ષ પણ જેની સામે કદી ફરિયાદ ન કરાય તેવી અનિવાર્ય એકલતા અનુભવતું હશે. અને એ ધીરજતાથી જ પ્રસન્ન થઈને પ્રભુએ જાણે હીરાબહેનને સૃષ્ટિના સૌમ્ય સાર જેવાં તેમની પાસે મોકલી આપ્યાં હશે.

પણ ચાલો હવે, આ મેડા ઉપરથી ઊતરી જઈએ. અમદાવાદમાં થોડું ઝાપથી ફરી લઈએ અને છેવટે હીરાબહેને સરજેલા પાઠક સાહેબના ગૃહસંસારમાં ડોકિયું કરી લઈશું.

આ મેડાથી બહારના અમદાવાદમાંના પ્રસંગો તો ઘણા છે. પણ એ બધામાં નહિ જઈશું. એ બધા ઘણાને ઘણી રીતે જાણીતા છે, મારું અંગત એમાં બહુ નથી. માત્ર પ્રેમાભાઈ હોલની એક સભા યાદ આવે છે તે વિષે લખવું પડશે. એ હતું પાઠક સાહેબનું 'ટૂંકી વાર્તા' ઉપરનું વ્યાખ્યાન. સાહિત્યને લગતા વિષયોને સાંભળવા માટે અમદાવાદની આમજનતા બહુ આતુર લાગેલી નથી. ગુજરાત સાહિત્ય સભાનાં અમારાં કેટલાંક મહત્ત્વનાં વ્યાખ્યાનોમાં કેટલીક વાર સાહિત્ય સભાના કાર્યવાહી મંડળના સભ્યો જેટલો જ શ્રોતાવર્ગ રહેલો છે. પણ આ વખતે પ્રેમાભાઈ હોલ આખો ભરેલો હતો. અને ટૂંકી વાર્તાના વિષયને પાઠક સાહેબે એક સરસ ટૂંકી વાર્તા જેવો જ રસિક બનાવીને કહેલો. પાઠક સાહેબની વિશિષ્ટ શક્તિ શી છે એના સૂચક પ્રસંગ તરીકે આ સભા મને યાદ રહી ગઈ છે. આ જ સ્થળે આવી ભરચક સભાઓ ઘણી જોઈ છે. અને દરેક વક્તાનો વિશિષ્ટ પ્રભાવ,

તેનું વિશિષ્ટ વ્યક્તિત્વ એની પોતપોતાની રીતે આકર્ષક રહેલાં છે. દા. ત. એક બાજુ આનંદશંકરભાઈને સાંભળતો ભરચક શ્રોતાવર્ગ તો બીજી બાજુ મેઘાણીને સાંભળવા ઊભરાતી મેદની. અને ત્રીજી બાજુ પાઠક સાહેબની ટૂંકી વાતોને સાંભળતો શ્રોતાગણ. આમાં કોઇની પરસ્પર તુલનાની જરૂર નથી. પણ પાઠક સાહેબનું વિશિષ્ટ વ્યક્તિત્વ તે કેવું—બુદ્ધિની એક સ્વચ્છ મોદક ગતિ, તત્ત્વજ્ઞાનીની ઘેરી ધરા નહિ, તેમ જ લોકપ્રિય વક્તાની રમઝટ નહિ, પણ પોતાની એક સ્વસ્થ વિશદ આકર્ષક બુદ્ધિપ્રભાથી વિષયને નિરૂપવાની શક્તિ—આ પાઠક સાહેબની આગવી સિદ્ધિ હતી.

અમદાવાદના પ્રસંગોમાં નોંધવા જેવો ખાસ પ્રસંગ તે 'રેખા' કાર્યાલયનો અને તેમાંની એક રહસ્યમય ઘટનાનો છે. અત્યારે નામશેષ બનેલા આ 'રેખા' માસિકની પાછળ અમદાવાદનો એક લાક્ષણિક પ્રાણ અમુક વખત બહુ સમૃદ્ધ રીતે ધબકવે ગયેલો. એની પાછળના યુવાન તંત્રીઓ અને કાર્યકર્તાઓએ અમદાવાદના બુદ્ધિપ્રધાન વર્ગને-યુવાન લેખકો અને અધ્યાપક વર્ગને પોતાને આંગણે હળતા મળતા કરી દીધેલા. અને આ મિલનોમાં એક મહત્ત્વની વ્યક્તિ તે પાઠક સાહેબ પણ હતા.

અને પેલી રહસ્યમય ઘટનાના એ પણ એક પાત્ર હતા. અને એટલે જ આજ લગી ગુપ્ત રહેલી, અથવા કહો કે કેટલાકે તેને જાણવા છતાં તે વિશે રહસ્યમય મૌન જાળવી રાખેલું એવી એ ઘટના અત્યારે હવે કહી દેવા જેવી લાગે છે. વળી એ કહેવાનો મારો જ માત્ર એક અધિકાર છે અને અત્યારે એ જાણવાથી કશી હાનિ પણ નથી. એ ઘટના તે 'રેખા'માં આવતાં રહેલાં પ્રતિકાવ્યો. અમુક વખતે 'રેખા'માં આ પ્રતિકાવ્યો શરૂ થઈ અમુક વખત લગી ચાલ્યાં અને અમુક વખતે તે બરાબર અટકી ગયાં. અમે 'રેખા'માં મળતા ત્યારે આ પ્રતિકાવ્યોના કર્તા વિશે હળવી જિજ્ઞાસા જાગૃત થતી પણ એ તો તંત્રીનું રહસ્ય કહેવાય અને એનો લેખક તો એની વાત કરે જ શાનો? એ બધું આમ બનેલું.

આમાં એક રીતે તો કશું જ થઇ શકે તેમ ન હતું અને છતાં કાંઈ કરવાની જરૂર હતી. આ ' કસદર્શન ' અને '' માધુરી 'માંના કાવ્યો પાછળ કોનો હાથ હશે તે કલ્પના કરવી મુશ્કેલ ન હતી. પ્રતિકાવ્યોના સિદ્ધહસ્ત લેખક તરીકે કવિ ખબરદાર જાણીતા હતા. મદ્રાસથી મુંબઈ આવ્યા પછી એમની આસપાસ કેટલાક પ્રશંસક યુવાનો—વિશેષ તો કવિ કોલક ભેગા થવા લાગ્યા. કોલકના કાવ્યસંગ્રહની કવિએ પ્રસ્તાવના પણ લખી. અને એમાં નવી કવિતા વિષે તેમણે ઘણું ઘણું વિરુદ્ધમાં, કેવળ અપ્રતિષ્ઠિત રીતે કહ્યું, જેના તાત્ત્વિક મુદ્દાઓની છણાવટ મેં વિગતથી ' પ્રસ્થાન 'માં કરેલી. આ વિષય જો કેવળ તત્ત્વદૃષ્ટિએ ખેડાતો રહ્યો હોત તો સર્વને લાભ જ થાત. પણ મારી સમજ પ્રમાણે એમાં તત્ત્વઉપાસના કરતાં અંગત મહત્ત્વાકાંક્ષાનું તત્ત્વ કવિ ખબરદારમાં વિશેષ કામ કરતું હતું અને તેમાં તેમણે પાઠક સાહેબની સામે ગુપ્ત રીતે મોરચો બાંધ્યો. અને એ મોરચાએ એમના હાથે યા તો કોલકના હાથે લખાતાં આ પ્રતિકાવ્યો અને અભદ્ર ઉપહાસનું રૂપ લેવા માંડ્યું.

આ ઉપહાસ અને તેજોદ્વેષની વૃત્તિ કદાચ આપોઆપ પણ અવસાન પામી ગઈ હોત. પણ મને થયું કે આ પ્રવૃત્તિ હવે હદ બહાર જતી જાય છે, અને પ્રતિકાવ્યોની એક કલાત્મક પ્રવૃત્તિના નામ હેઠળ ગુજરાતી કવિતામાં કેવળ ગંદકી સરજાય છે. એ જો વહેલી મટાડી શકાય તો પરિણામે લાભ થવાનો સંભવ છે. અને મેં પ્રતિકાવ્યો રચવાનો સંકલ્પ કર્યો ! સુન્દરમ્ અને તે પ્રતિકાવ્યો લખે ! હું, ઉમાશંકર, દલાલ વગેરે મિત્રો ' રેખા 'માં બેઠા હોઈએ ત્યારે ઉપર કહ્યું તેવી પૃચ્છાઓ ઊભી થાય, પણ એ હું લખતો હોઇ શકું ખરો ! –એવી સ્પષ્ટ વાત કોઈ પૂછે નહિ–પૂછી પણ નહિ શકતા. પણ એનું એક કારણ એ પણ ખરું કે સુન્દરમની વિદ્યાપીઠમાંની કારકિર્દીની કોઇને બહુ ખબર પણ નહોતી.

હું શરૂઆતમાં જણાવી ગયો તે મુજબ અમારા ' પંચતંત્ર ' સાપ્તાહિકમાં હાસ્ય-વિનોદને પણ સારું સ્થાન હતું અને તેમાં અમે ઘણા ઊગતા લેખકો પ્રતિકાવ્યો ઉપર પણ કલમ ચલાવતા. ' સુન્દરમ્ 'નું ઉપનામ મેં પ્રયોજેલું તે પ્રથમ તો આવા એક હળવા કાવ્યની સાથે હતું. મારે માટે ગંભીર રીતે તો ' મરીચિ ' ' વિશ્વકર્મા ' એવાં ઉપનામો અજમાવેલાં. પણ ' પંચતંત્ર 'માં આવેલાં હળવાં તેમ જ ગંભીર કાવ્યોની હેઠળનું એ નામ મેં સ્નેહરશ્મિના મોંથી બોલાતું એકવાર સાંભળ્યું અને એ ઉદ્‌ગાર મારા મનમાં બેસી ગયો. અને મારે માટે એ સર્વત્ર સુન્દર લાગે તેવું નામ બની રહ્યું. જો કે એ હસતા હસાવતા ' પંચતંત્ર 'માં હાસ્યપરંપરા તો ઘણી ચાલેલી. પાટિયા પર ચોડાતા એ છાપામાં ' સુંન્દરમ્ 'ની આગળ કોઈ ' અ– ' ઉમેરી ગયું. મેં પછી ' અસુન્દરમ્ 'ની સહીથી લખવા માંડ્યું અને થોડા જ દિવસોમાં મારો અનુકર્તા બીજો કવિ ' છછુન્દરમ્ ' નીકળી પડ્યો. એ પ્રતિકાવ્યની પ્રવૃત્તિ પછી વિવેક વિના ખૂબ જ આગળ વધવા લાગી. વિદ્યાપીઠની પ્રાર્થનામાં ગવાતાં મીરાં વગેરેનાં દરેક સુંદર પદોનાં પ્રતિકાવ્યો એટલાં બધાં થવા લાગ્યાં કે આખરે કાકા સાહેબે અમને એક આર્દ્ર અપીલ કરી કે હસો કરો તેનો વાંધો નથી, પણ જગતમાં કેટલીક વસ્તુઓની પવિત્રતાને આપણે અણીશુદ્ધ જાળવી રાખવી જોઇએ. આવી ઉત્તમ વાણીની પ્રતિકૃતિ ન હોય. મને એ બહુ બેસી ગયું અને ત્યારથી અમારે ત્યાં પ્રતિકાવ્યોની હવા અટકી ગઈ.

આ સંસ્કારિતાનો સુમધુર સુબોધ મુંબઈના આ મિત્રોને કેવી રીતે પહોંચાડી શકાય! પરિસ્થિતિ એવી તો વિષમ હતી કે વિષની સામે વિષનો પ્રયોગ જ ઠીક લાગ્યો. એક બે પ્રતિકાવ્યો તૈયાર કરીને હું પાઠક સાહેબ પાસે લઈ ગયો અને અમારા મોરચાની વાત કરી તેમની સંમતિ માગી. અને હળવું હસતાં હસતાં, એ સ્મિતની પાછળ કદાચ ગ્લાનિ પણ હતી, તેમણે મૂંગી હા કહી. એમને પોતાને માટે આ ઘણી નાજુક પરિસ્થિતિ હતી. એમના ઉપર વરસતો આ કાદવ પોતાના કયા કર્તૃત્વને કારણે વરસતો હશે તે પણ તેઓ વિચારતા હશે. પણ કર્તૃત્વ તો મારું કંઈક વિશેષ કે મારા 'રસદર્શન'માંથી આ બધું ઊભું થયું. અને પછી 'રેખા'માં નિયમિત રીતે પ્રતિકાવ્યો આવવા લાગ્યાં. 'માધુરી'નાં એ પ્રતિકાવ્યોના લેખકો જે કોઈ હો તેમના ઉપર એની અસર તો થવા જ લાગી. બીજે ઠેકાણે પણ ઊહાપોહ થવા લાગ્યો. અને છેવટે 'પ્રજાબંધુ'માં 'સાહિત્યપ્રિયે' લખ્યું કે 'રેખા'માંનાં પ્રતિકાવ્યો નરી કળારહિત કૃતિઓ છે. તે હોય જ ને? એમાં ક્યાં કળા કરવા આપણે નીકળ્યા હતા? આ તો એક યુદ્ધ હતું! 'સાહિત્યપ્રિય'ની અપીલને માન આપી અમે છેવટની એક બે ગોળી છોડીને પ્રતિજ્ઞાપૂર્વક એ પ્રવૃત્તિને સંકેલી લીધી. અને 'માધુરી'ની પણ એ ગતિ પછી અટકી પડી.

આજે હવે એ 'રેખા' નથી, એ 'માધુરી' નથી, ખબરદાર નથી અને પાઠક પણ નથી અને એ અભદ્ર ઘટનાનું કોઈને સ્મરણ પણ નહિ હોય. પણ અત્રે આ ઘટના એક બીજા કારણે પણ નોંધું છું. ખબરદારના લેખના જવાબરૂપે મારી લેખમાળા આવતી હતી ત્યારે પંડિત બેચરદાસ દોશી મને ભારતીનિવાસને રસ્તે ભેગા થઈ ગયેલા અને આવી લેખમાળા અંગે તેમણે ચેતવણી આપેલી કે આમાં જો આપણે સાવધાન ન રહીએ તો આપણને એમાં આધ્યાત્મિક હાનિ થાય છે. આ 'આધ્યાત્મિક હાનિ' શબ્દો મને બહુ અસર કરી ગયા. એમની વાત તદ્દન સાચી હતી. હું ઘણો સજાગ બની ગયો. આ પ્રતિકાવ્યોની પ્રવૃત્તિ પણ આવી રીતે મારે માટે ઓછી હાનિકારક ન હતી. પ્રતિકાવ્યોનો 'માધુરી'નો મોરચો તો અમે બરાબર ભાંગી નાખ્યો પણ એ ભાંગતાં જે આંતરિક કિંમત આપવી પડી છે તે હું જ જાણું છું. આપણાં સામાજિક કે આંતરિક અનિષ્ટોની સામે આપણે સીધા સત્યમય અને તેજોમય ઉપાયો લઈ શકીએ એમાં આપણા જીવનનો શુદ્ધ ઉત્કર્ષ છે. પણ આ અંગે મને પાઠક સાહેબની એક બીજી વાત યાદ આવે છે. અમે ઘોડાગાડીમાં બેસી એલિસબ્રિજ તરફ જતા હતા ત્યારે મેં નિખાલસ સત્યદર્શી વિવેચનો થવાની જરૂર વિષે વાત કરી અને જવાબમાં પાઠક સાહેબે કહેલું, તમારી વાત ખરી છે, પણ જમાનામાં હમેશાં પૂરેપૂરું સત્ય ઝીલવા જેટલી શક્તિ હોતી નથી. આવું જ આ પ્રસંગમાં બનતું અનુભવાયું, પણ તે વિપરીત રીતે—સત્ય બોલી શકવાની અશક્તિ રૂપે—કે આ પ્રતિકાવ્યો અને વ્યક્તિનિંદાના અસત્યની સામે વાત કરવા માટે તે વખતે ગુજરાતમાં કોઈ તૈયાર ન હતું. એ અસત્યની સામે અમે મૂંગામૂંગા અમને આવડે તે રીતે ઝૂઝ્યા. અમારામાં જેટલી અનાધ્યાત્મિક વૃત્તિ હતી તેની કિંમત પણ ભરી આપી. હવે એટલું જ ઇચ્છીએ કે આવો પ્રસંગ ફરીથી ઊભો ન થાઓ. અને થાય તો તેને સત્યનો સીધો પ્રહાર કરી શકાય તેવી શક્તિ આપણને મળો.

આ પ્રકરણ — એને જો ‘પ્રકરણ’ કહી શકાય તો — પૂરું થયું. એક રીતે કહીએ તો આપણા સાહિત્યજગતમાંથી કલુષિતતાનો એક યુગ જાણે કે પૂરો થયો. કારણ કે આ પછીથી આપણા સાહિત્યકારોની વચ્ચે આ પહેલાંના જમાનામાં જે વિખવાદો અને કુરુક્ષેત્રો ખેલાઈ ચૂકેલાં તેવા કોઈ બનાવો બન્યા નથી. આ શાંતિની સ્થિતિ પ્રગતિનું લક્ષણ છે કે કેમ એમ ધીક શંકા થાય છે, આજના સાહિત્યકારોને માટે આવી ગયા યુગના સાક્ષરોની વચ્ચે હતી તેવી તીવ્ર રસાકસીની વસ્તુ રહી નથી એ આપણી સાહિત્યોપાસનાનું, આપણા વિદ્યાનુશીલનનું મંદત્વ તો નથી સૂચવતી ? કે પછી તકરારના બધા મુદ્દાઓનો નિકાલ આ પૂર્વજોએ કરી દીધો છે ? એ ગમે તેમ હો, પણ આ પૂર્વજો તત્ત્વને અંગે જે તીવ્ર વાગ્વ્યાપાર કરતા હતા તે ક્ષમ્ય જ નહિ પણ આવકાર્ય ગણાય છતાં તેમનો વાગ્વ્યાપાર તત્ત્વને મૂકીને ઈતર રીતે પણ ગતિમાન થતો હતો, એની પાછળ ચિત્તવૃત્તિનું એક અભદ્ર માલિન્ય પણ રહેતું હતું. અને એ માલિન્ય હવેના સાહિત્યજગતમાંથી નામશેષ થયું છે એ એક શુભ ઘટના જ છે.

અને જીવનનાં પાણી પાછાં વહેવા લાગ્યાં. ૧૯૪૭માં સ્વસ્તિક સોસાયટીમાં મારું મકાન તૈયાર થઈ ગયું અને ત્યાં ઉનાળામાં અમે વસવાટ શરૂ કર્યો. પાઠક સાહેબની એલ. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અહીંથી બે ફર્લાંગ જ દૂર. પાઠક સાહેબની અમારા ઘર પાસેના રસ્તે થઈને રોજ આવજા થાય. અમે રોજ મળીએ કે ન મળીએ પણ આ બનાવની હકીકત તો ધ્યાન પર રહે. એક વેળા તેમની કૉલેજના વિદ્યાર્થીઓ મને એક વાર્તાલાપ માટે બોલાવી ગયા. હું જરા અસ્વસ્થ હતો અને કોઈ ખાસ વિષય તૈયાર કરી શકેલો નહિ. એટલે વિદ્યાર્થીઓ આગળ શ્રી અરવિંદના ‘National Value of Art’માંથી અમુક અમુક ભાગ વાંચ્યો અને ચર્ચ્યો. પાઠક સાહેબ પ્રમુખસ્થાને હતા. મેં કહી દીધું કે આપણે એક સમૂહવાચન જેવું જ કરી શકીશું. અને એ કાર્યક્રમ ઘણો શિક્ષાપ્રદ નીવડેલો. પાઠક સાહેબે પણ એ વિષયનું શ્રી અરવિંદે જે રીતે નિરૂપણ કરેલું તેની ઘણી પ્રસન્નતાપૂર્વક પ્રશંસા કરેલી.

અને આના અનુસંધાનમાં હો કે પછી સ્વતંત્ર રીતે તેઓ સ્વસ્તિકમાં એક દિવસે મારે ત્યાં આવ્યા તે પ્રસંગ તાજો થાય છે. ૧૯૪૦માં હું શ્રી અરવિંદનાં દર્શને પ્રથમ વાર આવ્યો, ફેબ્રુઆરીમાં અને ત્યાંથી પાછા આવી અમે તુરત આ નવા મકાનમાં વાસ કર્યો. હવે મકાનમાં શ્રી અરવિંદની તથા શ્રી માતાજીની છબીઓ આવી, તેમનું સાહિત્ય આવ્યું. અને હું માનું છું કે એ અંગેની નવી હવા પણ આવેલી હતી. પાઠક સાહેબની એ મુલાકાતમાં કશું અસાધારણ ન હતું છતાં એમાંનું કશુંક મારા મનમાં બરાબર વસી રહેલું છે. અમારી વચ્ચે સામાન્ય રીતે તો સાહિત્યની વાતો હોય, કે બીજી સામાન્ય બાબતો હોય. અમે બંને બહુ વાતોડિયા નહિ એટલે બહુ વાર્તાલાપ પણ ન ચાલે. હવે મારે માટે એક નવો વિષય હાથ આવ્યો હતો. પાઠક સાહેબનો તત્ત્વજ્ઞાન પણ વિષય હતો. એટલે શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનની થોડી વાત નીકળી. કેટલાક મહાપંડિતોએ શ્રી અરવિંદના દર્શનની અને શંકરાચાર્યના વેદાન્તની તુલના કરેલી. એ વિષે કાંઈક ઉલ્લેખ મેં કર્યો. એ અંગેનું એક સુંદર વાર્ષિક મારી પાસે હતું તે મેં બતાવ્યું. મને આશા હતી કે વાતચીત કંઈ આગળ પણ લંબાય. પણ એમ ન બન્યું. આપણા વાર્તાલાપો–મિલનો ધીરે ધીરે વિકસતાં જાય છે, ખીલતાં જાય છે, કોઈ કલાકૃતિના વિકાસની પેઠે મિલનોની ઘટના પણ વિકસીને એક અવસ્થાએ બરાબર જામે છે અને પછી તેનું સમાપન થાય છે. આજે એમ બન્યું કે

અમારું આ મિલન વિકસ્યા વિના, જામ્યા વિના એકદમ પૂરું થઇ ગયું. પાઠક સાહેબ એકદમ અન્યમનસ્ક જેવા દેખાયા અને 'ચાલો, હવે હું જાઉં' કહી તુરત જ ઊઠ્યા અને ગયા, એમ કહું કે ચાલી ગયા. આમાં ખોટું લગાડવા જેવું પણ કાંઈ ન હતું. પણ આવો અચાનક વૃત્તિપલટો એ મને પાઠક સાહેબમાં નવી વસ્તુ દેખાઈ. અને પછીથી પણ ભવિષ્યમાં આવું બનતું જોવામાં આવેલું.

એમના વર્ગોમાં એમને આવતી ભાવવિવશતાનાં કારણોમાં કદી ઊતરવાનું મન મને થયું નથી તેમજ આ અંગે પણ મેં બહુ વિચાર કર્યો નથી. માણસનું ચિત્ત છે, અને તેની સ્વતંત્રતા ઉપર આપણે કશી માગણી કરી શકતા નથી. પણ હવે પાઠક સાહેબ ઘણીએક વાર થાકેલા દેખાતા. પહેલાં માંદા હોય ત્યારે પણ તેમને મળીએ ત્યારે અમુક રીતની આંતર પ્રસન્નતા તો હોય જ. એમના જેવા જીવનમાં વિષાદને હોવા માટે પૂરેપૂરાં કારણો હતાં છતાં એમનામાં આવો વિષાદ અમને દેખાયો નથી. પણ આ જે હતું તે વિષાદ નહિ, કાંઇ બીજું હતું.

એ કંઈક પરિવર્તન હતું. પાઠક સાહેબની એક વાત તો મેં ઉપર નોંધી છે કે તે અમો નવયુવાનોની સાથે મૈત્રીભાવે જ રહેતા, અને તેથી યે આગળની એક બીજી વાત એ કે અમારી પ્રવૃત્તિઓમાં, અમારા નવા નવા આરંભોમાં અમારી સાથે રહેતા. અમે લેખકમિલન શરૂ કર્યું ત્યારે અમારી અને અમારાથી મોટી ઉમ્મરના–પૂર્વપેઢીના સાહિત્યકારો વચ્ચે કદાચ ખેંચતાણ જાગશે એવો સહેજ ભણકાર લાગતો હતો. પણ એવું કશું જ ન બન્યું અને પાઠક સાહેબ તો અમને પરમ સાનુકૂળ બન્યા, અમારા પ્રથમ મિલનના અને છેક સુધીનાં મિલનોમાં સાથે જ રહ્યા, એક પ્રમુખ છત્રરૂપ રહ્યા એ એક ઘણી આનંદજનક ઘટના હતી. અને તેનું એક કારણ મને એ લાગ્યું કે એમને યૌવનનો સહવાસ, સહકાર ઘણો રુચિકર હતો, બલ્કે એમના આત્માને માટે તે પોષક પણ હતો. અમારી વચ્ચે બેસીને, અમને તે આપતા હતા તેટલું જ જાણે પામતા હતા. આ જીવનની હૂંફની કદર, વહેતા જીવનની સાથે વહેવાની શક્તિ એ તેમની અંદર એક ઘણું વ્યંજક તત્ત્વ હતું. એટલે 'રેખા'માં અમારાં મિલનોમાં પણ પાઠક સાહેબ હરહમેશ અચૂક હોય જ.

અને એ મિલનોમાં અમે–કદાચ મેં વિશેષ, પાઠક સાહેબને ધીરે ધીરે બદલાતા જોયા. વિદ્યાપીઠના પાઠક સાહેબ મને બરાબર યાદ છે. હવે પાઠક સાહેબમાં ધીરે ધીરે રૈનક આવવા લાગી. જમાનો પણ બદલાયો હતો. અસહકારનો એ તપોયુગ પૂરો થયો હતો. નવી કૉલેજોમાં નવી હવા પણ હતી. પાઠક સાહેબના વાળ હવે વધારે સુઘડતાથી કાપકૂપીપૂર્વક રહેવા લાગ્યા. ટોપીની, કપડાંની ઇસ્ત્રી ધ્યાન ખેંચે તેવી બનવા લાગી. એકલા સાદા ઝભ્ભા ઉપર હવે મઝાની કાળી સરસ કટવાળી બંડી આવવા લાગી. ધોતિયું પણ સરસ ચીપીને પહેરેલું હોય. અને એક દિવસે તો મેં જોયું કે આવી ઉત્તમ સજાવટના શિખર રૂપે તેમના જોડા પણ ચમકદાર પોલિશવાળા હતા. પાઠક સાહેબ નખશિખ સોહામણા લાગતા હતા. અમારી 'રેખા' કાર્યાલયની વાણીમાં કહીએ તો well-groomed હતા! અને દરેક રીતે પ્રસન્ન હતા.

અમદાવાદમાંનું પાઠક સાહેબનું એ છેલ્લું ચિત્ર મારી સ્મૃતિમાં બરાબર છે. બસ. અહીંથી હવે અમદાવાદની વિદાય લઈશું. કારણ આ પછી હું થોડા જ વખતમાં પોંડિચેરીનો

નિવાસી બન્યો. પાઠક સાહેબ પણ અમદાવાદ છોડી મુંબઈ જઈને રહ્યા. અને અમારા બંનેને માટે એક નવું જગત–નવું જીવન જાણે શરૂ થયું હતું.

*

મુંબઈમાં

પાઠક સાહેબના લગ્નના સમાચાર મને પોંડિચેરીમાં મળ્યા—અને તે એક અસાધારણ રીતે. રાતના દસ અગિયારની વચ્ચે શ્રી અંબુભાઈ એક તાર લઈને અમારા મેડા ઉપર મને આપવાને આવ્યા. મેં ફોડ્યો અને અંદરથી શબ્દો નીકળ્યા : Ramnarayan Pathak married Hiraben. Express your opinion. મુંબઈના એક છાપાના તંત્રીએ તાર મોકલ્યો હતો !

હું અને શ્રી અંબુભાઈ શાંત મને એકબીજાને જોઈ રહ્યા. આ છાપાવાળાને શું કરવું ! એનો આભાર પણ માનવો જોઈએ, અને ચાબુક લઈને... એક વ્યક્તિના જીવનની એક ગંભીર અને મંગલ ઘટનાને તે પોતાના છાપાની કટારોનો સનસનાટીભર્યો ખોરાક બનાવવા માગતો હતો. એના રિપ્લાય પેઈડનો મેં નકારમાં જવાબ આપ્યો.

પાઠક સાહેબનું આ લગ્ન એ કોઈ અણધારી ઘટના ન હતી. ધીરે ધીરે, સ્વાભાવિક રીતે વિકસતો સંબંધ એક ગાઢ રૂપ લેતો ગયો હતો. એ વિકાસનો કંઈક સાક્ષી હું પણ રહેલો છું. હીરાબહેનની તો અમે કદીક માર્મિક મશ્કરી પણ કરી હશે. અને આ સંબંધને લગ્નનું રૂપ આપવું એ જ ઇષ્ટતમ છે એવો આ યુવતીનો નિર્ણય તે સ્ત્રીમાં રહેલી સહજ પ્રગલ્ભતાનું જ એક ઉત્તમ દૃષ્ટાંત છે. આમાં સ્નેહની ગાઢતા તો હતી જ પણ એ ઉપરાંત પણ એક ઘણી ઊંડી વસ્તુ હતી, અને તે તેમના દસ બાર વર્ષના દાંપત્યે બહુ ઉત્તમ રીતે બતાવી આપી છે.

હવેનાં અમારાં મિલનો તે આ ગૃહિણીમંડિત પાઠક સાહેબનાં હતાં, અને તે વિશેષે મુંબઈમાં બનેલાં હતાં. પોંડિચેરીથી ગુજરાતમાં આવતાં જતાં વચ્ચે મુંબઈમાં રોકાવાનું થતું અને અમે કોઈ ને કોઈ રીતે પાઠક સાહેબને મળતાં.

મુંબઈનું પહેલું સ્મરણ ૧૯૪૬ની આસપાસનું છે. એ વખતે ગ્રાન્ટ રોડના પૂલ પાસેના એક મકાનમાં પાઠક સાહેબ રહેતા હતા. લડાઈનો એ કાળ, મકાનોની હાડમારી, 'પાઘડી'નો જમાનો-આ બધું પાઠક સાહેબના એ નિવાસને જોતાં ઘણું સ્પષ્ટ બની ગયું. ત્રીજે ચોથે માળે પાઠક સાહેબને રૂમ મળ્યા હતા. એ ત્રણ ચાર માળનાં પગથિયાં ચડતાં એક વિચિત્ર, કમકમાટી ઉપજાવે એવો અનુભવ થયો. સીડીનાં તમામ પગથિયાં જાળીવાળાં હતાં ! બધું પોલું પોલું લાગે, જાણે તમારા પગ નીચે નક્કર જમીન જ નથી. નીચે ઊતરીએ ત્યારે બધું અસ્તવ્યસ્ત રીતે આરપાર દેખાય. પણ રોજના રહેનારાઓ આ વિચિત્રતાથી ટેવાઈ ગયેલા જ હશે.

આ અનેક પગથિયાંને જોઈને વિચાર થયો કે પાઠક સાહેબ આ બધું કેવી રીતે ચડતા હશે. અને હવે તો સાંભળ્યું હતું કે એમને હૃદયની બીમારી શરૂ થઈ હતી. અને

પાઠક સાહેબે એનો ઘણો આહ્‌લાદક ખુલાસો આપ્યો. 'તમારી વાત ખરી છે. પણ એનો ઇલાજ મેં શોધી લીધો છે. અહીં આસપાસ પાટીવાળા મજૂરો તો હોય છે જ. હું બેએક જણને બોલાવી લઉં છું, અને તેઓ મને તેમના હાથ ઉપર બેસાડીને ઉપર પહોંચાડી દે છે! મારું વજન તો કાંઈ ખાસ છે નહિ!' અને એમણે એ આખી ક્રિયા અભિનયથી વર્ણવી બતાવી. નાના હતા ત્યારે અમે છોકરાઓ આવી રમત રમતા. એક જણ બીજાના હાથનું કાંડું પકડે અને ત્રીજો એના ઉપર બેસી જાય. અને એ રીતે આ મકાનમાં નિત્ય આરોહણ કરતા પાઠક સાહેબ રહેતા હતા.

પાઠક સાહેબનો ગૃહસ્થાશ્રમ તો મંડાયો હતો. પણ એમાં ગુજરાતનાં ગૃહોનો જે ધમકાર હોય છે તેવું ન હતું. એક તો લડાઈ ચાલુ હતી, બધે રેશનિંગના પંજા હતા, ધન હોય તો પણ ધાન્યના વાખા હતા. અને એમાં હીરાબહેનને પાછાં નોકરીએ જવાનાં હોય. સવારના પહોરમાં દસ થયા ન હોય ત્યાં સુધીમાં તો એ રસોડું–થોડી અમસ્તી વાનીઓવાળું, કયારનું ય આટોપાઇ ગયું હોય.

હું ધારું છું કે બીજી વાર પણ હું આ જ જગાએ એમને મળેલો. એ વખતે વાર્તાકાર પન્નાલાલ પોંડિચેરી આવી ગયેલા. ગામડામાંથી ક્ષય લઇને તે પંચગની રહી આવેલા. ત્યાંથી સારા થઈને સીધા આશ્રમમાં આવેલા ને પછી ઘેર ગયેલા. પન્નાલાલની આ બીમારી પાઠક સાહેબને ઘણી અસર કરી ગયેલી. અમે બીજી વાર ગુજરાત તરફ આવ્યાં ત્યારે આ જ પ્રોક્ટર રોડના મકાનમાં પાછાં પાઠકને મળ્યાં. આ વેળા બેએક વરસનો ગાળો વચ્ચે ગયેલો. પાઠક સાહેબનું વજન વધ્યું હતું. એક રીતની પ્રસન્નતા હતી. પણ હૃદયની અસ્વસ્થતા તો એવી જ હતી. પન્નાલાલની વાત નીકળતાં એમણે કહ્યું, આ રોગનો કશો ભરોસો નહિ. દરદી પોતે સારો થઇ ગયો છે એમ માને છતાં ગમે ત્યારે રોગ એને છક્કડ આપી દે છે. વાત તો સાચી હશે. આવી રીતની સાવધાનતા રાખવી પણ સારી. પણ મેં જોયું કે પાઠક સાહેબની આસપાસ જીવનની અસ્થિરતાની જાણે કે એક હવા હતી. અને તે આ રીતે જીવનમાં શ્રદ્ધાના તત્ત્વ કરતાં અશ્રદ્ધાના તત્ત્વ ઉપર જાણ્યે અજાણ્યે ઝૂકતી હતી.

હવે પાઠક સાહેબની પ્રવૃત્તિ પણ અહીં મુનશીજીના ભારતીય વિદ્યાભવનમાં બરાબર ગોઠવાઇ ગઇ હતી. એમને માટે ઔચિત્યપૂર્વક જ વર્ગો લેવાની સગવડ સંસ્થાએ કરી આપી હતી. અને એ અધ્યાપનની સાથે સાથે પાઠક સાહેબનું પિંગળ વિષે લખવાનું કાર્ય પણ ચાલતું હતું.

આ પછીના અમારા મિલનનું સ્થળ બીજું હતું. પાઠક સાહેબનું નવું સરનામું મારી પાસે આવ્યું—હિંદુ ઓરફનેજ બિલ્ડિંગ, ચોપાટી રોડ. 'હિંદુ ઓરફનેજ' શબ્દ વાંચીને હું નાખુશ થઇ ગયો, પાઠક સાહેબ આ અનાથાશ્રમમાં પાછા કયાં જઇ પડયા! પણ એ મકાનમાં જ્યારે ગયો ત્યારે એ નાખુશી ચાલી ગઇ. એ સીન તદ્દન જુદો હતો, અને ન ધારેલો એટલો ઉત્તમ.

આ સંસ્થાએ બાંધેલા એ ઘણા ઘાટદાર, નાનકડા પણ સરસ નિવાસો હતા. એક જ દાદર ચડીને ઉપર જવાનું હતું. એમાં મઝાનો વરંડો હતો, હવા ઉજાસ હતી, અને

ગૃહિણીના એક ચતુર હાથનો સ્પર્શ હતો. હીરાબ્હેને ઘરને ખરેખર સોહામણું બનાવ્યું હતું. સરસ ખુરસીઓ હતી. એક કાચવાળા પ્રશંસકે કાચમાં કોરેલા ચિત્રવાળું ટેબલ પાઠક સાહેબને બનાવી આપ્યું હતું. રેડિયો હતો, અને છેવટે પેલો માતબર હીંચકો પણ હતો.

મેં સાંભળ્યું કે પાઠક સાહેબે અમદાવાદનું મકાન વેચી દીધું હતું. અને મારા મનમાં પાઠક સાહેબના જીવનનું ચિત્ર હવે એક સ્થિર રીતે બેસી ગયું. હવે આ જ પાઠક સાહેબના જીવનની રંગભૂમિ: પાસે જ ભારતીય વિદ્યાભવન હતું. હીરાબ્હેન એમનું પ્રોફેસરકાર્ય કરતાં હતાં. પાઠક સાહેબ ભવનમાં જતા. ઑલ ઇન્ડિયા રેડિયોના હવે તે ગુજરાતી વિભાગના સલાહકાર હતા. નાનાં મોટાં સંપાદનો પણ તેમને હાથે થતાં રહેતાં હતાં. આમ ઇષ્ટ પ્રવૃત્તિ, સાહિત્ય જગતમાં, શિષ્ટ સમાજમાં બધે સંમાનમય સ્થાન, અને ગૃહજીવનની મધુરપ એમ હરેક રીતે સંતોષ અને આનંદ આપે તેવું બધું હતું.

૧૯૫૫માં મુંબઈ ગયો ત્યારે આ જ સ્થાનમાં પાછા અમે મળ્યા. હીરાબ્હેને જમવાનું આમંત્રણ પણ આપ્યું, જે મેં ખૂબ જ પ્રેમપૂર્વક સ્વીકારી લીધું. આ ઉનાળામાં અમે શ્રી અરવિંદના સાધકોનો એક શિબિર ગુજરાતના એક ગ્રામ પ્રદેશમાં કરેલો. એ મારે ગુજરાતમાં આવવાનું ખાસ કારણ હતું. ત્યાંથી પછી થોડા જ વખતમાં વડોદરામાં લેખકમિલન હતું. એ લેખકમિલનમાં પણ અમે પાછા મળ્યા, સાથે રહ્યા. પાઠક સાહેબનું અસલના જેવું જ પ્રસાદમય સ્વચ્છ વિચારવાળું પ્રવચન સાંભળ્યું. અમારા કાર્યકર્તાઓની વિચારણાઓમાં પણ એમને એકાગ્રતાપૂર્વક ભાગ લેતા જોયા. પાઠક સાહેબ આ વખતે એમના મુખ્ય પ્રવચન વખતે પણ ઘણા સાદા ઘરાઉ લેબાસમાં, ઘરમાં બધા બેઠા હોઈએ તેમ હતા. માથે ટોપી ન હતી, શરીર પર મોટો ઝભ્ભો પણ ન હતો. અને એ રીતે એક વૃદ્ધ સુરુબ્બી લેખકોની સાથે આત્મીય રીતે રહેલો છે એ બીના ઘણી પ્રસન્નતાપ્રેરક હતી. આ મિલન પછી પોંડિચેરી તરફ પાછા વળતાં મુંબઈમાં એમને ત્યાં ઉપરનું જમવાનું થયું.

મને પાછી અચાનક પેલી એમની મારા મકાનની મુલાકાત યાદ આવી. પણ હવે મને લાગે છે કે માણસો વિષેની મારી સમજ પણ વધવા લાગી હતી. પહેલાં, ઊછળતી આગ્રહશીલ મનોવૃત્તિના કાળમાં સામા માણસો પાસેથી આપણી પોતાની રીતની અપેક્ષા રાખવાનો આગ્રહ હતો. હવે એ આગ્રહ ઓછો થવા લાગ્યો હતો. એટલે સાહિત્યકાર મિત્રો સાથે મળતાં અમારી વચ્ચે જેટલી સમાન ભૂમિકા હોય તેટલી ભૂમિકા જ હું ખેડતો— ભલે એ ખેતરમાં પછી બહુ લાંબું હળ ચલાવવાનું ન હોય, અને ફસલ પણ બહુ ઝાઝી ન ઊતરવાની હોય! શ્રી અરવિંદાશ્રમના નિવાસ પછી ગુજરાત સાથેનો મારો સંબંધ સાહિત્યકાર—કવિ કે લેખક કરતાં યે વિશેષ રીતનો વિકાસ પામ્યો છે, અને સાહિત્યની સાથે સંબંધ ન ધરાવતી અનેકાનેક વ્યક્તિઓ સાથે જીવનની ઊંડી લેવડદેવડ રચાવા લાગી છે. આ લેવડદેવડ એવી વિશિષ્ટતાવાળી છે કે માત્ર સાહિત્યકારોને તેની બહુ સમજ ન પણ પડે. અને ગુજરાતમાં હું ફરતો હોઉં છું ત્યારે આ એક અનોખી આંતર સમૃદ્ધિવાળી હવામાં અમારું કામ ચાલતું હોય છે. એમાં હવે માત્ર પહેલાંના જીવનની ભૂમિકા ઉપરના જ સંબંધવાળા મિત્રોમાં જવાનું થાય ત્યારે આ હવાનાં બધાં બારીબારણાં બંધ કરી જૂની રીતની ખિડકીઓ જાણે ખોલતા હોઈએ એવું અનુભવવા લાગે. એ મિત્રોને મારે પણ

મારી આ નવી દુનિયા, નવા સંબંધો પણ નારિકેલવત્ જેવા, કદાચ આછી મૂંઝવણ કરનારા પણ હોય. આમ છતાં સાહિત્યની સમાન ભૂમિકા, તેમ જ નાની મોટી અંગત ભૂમિકા પણ ખરી તો ખરી જ, અને એને પણ પૂરતી રસમય તો જરૂર કહી શકાય.

પાઠક સાહેબને ત્યાં જવાનું થતું, હીરાબહેન સાથે અમારે વાતચીત થતી, રેડિયોની કે બીજી કવિસભાઓમાં કે સંમેલનોમાં જતો ત્યારે આ બહુલતા અને અલ્પતાનાં આહ્લાદનો એક કે બીજી રીતે મને પ્રત્યક્ષ રહેતાં. પાઠક સાહેબને પોંડિચેરીમાં પણ થોડોએક રસ તો ખરો. ત્યાં કોણ કોણ ગુજરાતીઓ છે તેની તે પૃચ્છા કરતા, શ્રી અંબુભાઇ પુરાણીની દીકરી ચિ. અનુ, જે ઉદયશંકરના નૃત્યમંડળ સાથે ગુજરાતમાં ફરેલી, તેની ખબર પૂછતા. અને પછી અમે જમવા બેસા.

મુંબઈનાં રસોડાં કાંઇ બહુ વિશાળ હોઈ શકતાં નથી. રસોડાના અંદરના ભાગમાં પાઠક સાહેબનો પાટલો હતો. બારણાથી બહારના ભાગમાં મારો પાટલો હતો. અને હીરાબહેને તૈયાર કરેલી અનેક વાનીઓ આવતી ગઈ. આમેય તબિયતને લીધે પાઠક સાહેબ જમતી વખતે બહુ ઝાઝું બોલતા નથી એમ મારો ખ્યાલ છે. તોય વાર્તાલાપનો સાવ અભાવ હોય છે એમ પણ નહિ. સાંજનો વખત હતો. વીજળીનો દીવો આછો આછો બળતો હતો. હીરાબહેન સહેજ દૂર ચૂલાઓ પાસે હતાં. અને ત્યાંથી વાનીઓ પસાર કરતાં હતાં, પીરસતાં હતાં. એ અધ્યાપિકા રસોઈકારિણીની રાંધવા પીરસવાની બધી ક્રિયાઓમાં બુદ્ધિચાતુર્ય અને ભાવસમૃદ્ધિ બંનેનું મિશ્રણ રહેતું. અને વાતવાતમાં એમના રસોડાની વાત નીકળતાં પાઠક સાહેબ બોલ્યા. એમણે જાણે કે એક સ્વતંત્ર એવી વાર્તા જ કહેવા માંડી.

'ટેનિસમાં આપણે સામાને દડો પહોંચાડીએ છીએ તેને સર્વિસ કહેવામાં આવે છે. જ્યારે ક્રિકેટમાં દડો નાખવાની ક્રિયાને આપણે એટેક—attack કહીએ છીએ. આ એ મને જે રીતે જમાડે છે તેને માટે એમ કહી શકાય કે Her service is an attack! [એમની સેવા એ આક્રમણ છે ! ']

અમારા ભોજન સમારંભમાં એક મીઠી આનંદની હવા જવાઇ ગઈ.

જમ્યા પછી હીરાબહેને પોતાનાં કાવ્યો સંભળાવ્યાં. નવી કવિતાની શૈલી એમની કલમમાં બરાબર આવી હતી. વિવેચકની રીતે નહિ પણ રસજ્ઞની રીતે અમે બંનેએ એ સાંભળ્યાં. પાઠક સાહેબ તો એ કાવ્યોને જાણતા જ હતા. પણ હીરાબહેનનો એ કાવ્યો માટેનો ઉત્સાહ અનોખો હતો. એ ઉત્સાહનું પાન અમારે બંનેને માટે પણ તાજગીદાયક હતું.

અને મેં પાઠક સાહેબની વિદાય લીધી. એ હતી જૂનની ૨૯ મી તારીખ, બુધવાર.

•

અને પોંડિચેરીમાં મદ્રાસના 'હિંદુ' દૈનિકે ઓગસ્ટની ૨૧મીએ થયેલા પાઠક સાહેબના અવસાનના ખબર આપ્યા.

આ અડસઠ વર્ષના આયુષ્યનો પૂર્ણ કુંભ કેવો સમૃદ્ધ હતો એ એમનું ગયું થતાં સૌને પ્રત્યક્ષ બની રહ્યું.

ગુજરાત પાઠકને જાણે છે એથી વિશેષ મારે કાંઇ જણાવવાનું નથી. આ વ્યક્તિ સાથેની આ પરિચયની ક્ષણોને સ્પર્શવાનાં હું પોતે જીવનનો એક વિશિષ્ટ રસ માણી શક્યો છું. અને એટલે આ કથા લખવી ગમી છે.

માનવ જીવનની ગતિ અનેકવિધ છે, અનેકધા છે. હરેક વ્યક્તિ માટે જીવનમાં વિશિષ્ટ સ્થાન છે. પાઠક સાહેબને જોઉં છું ત્યારે આ વિશિષ્ટતા તે શી વસ્તુ હોઈ શકે તેનું એક જીવતું અનન્ય દષ્ટાંત મળી રહે છે.

પાઠક સાહેબ—આ તે કેવું શરીર, મુઠ્ઠી જેટલાં હાડકાં, જીવનની કેવી કેવી પરિસ્થિતિ, પણ એ નાનકડા જડતત્ત્વનાં માળામાં પણ એક ચમકદાર ચેતના કેવું તો ચમકી ગઈ છે! પાઠક સાહેબનું શરીર ગમે તેવું હોય, પણ તમે એમની આંખ જુઓ, એમનું સ્મિત અને હાસ્ય જુઓ, એમના હાથની છટા જુઓ, એમની વાણીની વિશદતા અને વિશિષ્ટ રણકાર જુઓ અને માનવચેતના એટલે શું હોઈ શકે, ગમે તેવા શરીરને આધારે પણ તે શું શું કરી શકે તે વાત તરત સમજાઈ જાય, એ ચેતના કેવી તો આકર્ષક બની શકે, કેવી તો તીક્ષ્ણ અને પ્રકાશક બની શકે, કેવી તો પુરુષાર્થી બની શકે એ વાત પ્રત્યક્ષ થાય. મુંબઈમાં પાઠક સાહેબ રહ્યા તેટલો બધો વખત હૃદયની બીમારી તો રહી. જાણે કે કોઇ પણ ક્ષણે એ નાનકડું અંગ હડતાળ પાડીને ઊભું રહેશે એવી સ્થિતિ હતી. એવી સ્થિતિમાં કશી ગંભીર પ્રવૃત્તિ માણસ કરી શકે તેવી કલ્પના કરવી શકય ન હતી. અને છતાં મુંબઈના એ નિવાસમાં રહીને પાઠક સાહેબ પિંગળ વિષેના એ મહામૂલ્ય બૃહત્ ગ્રંથો રચી ગયા. એમની તેજોમય બુદ્ધિ શરીરની બધી મર્યાદાઓ અને અત્યવાયોને જીતી પોતાના સંકલ્પને સિદ્ધ કરી ગઈ.

*

ઉત્તરાંગ

હવે જાણે કે લખતો અટકી જાઉં એમ થાય છે છતાં કલમ અટકવા માગતી નથી. હજી કાંઈક લખવું કર્તવ્યરૂપ લાગે છે.

પાઠક સાહેબનું અવસાન ઘણું અચાનક હતું. એને સ્વીકારવું, એક બની ગયેલી ઘટના તરીકે અપનાવી લેવું એ સહેલી વાત નથી. અને આ વાત કેટલી તો વિષમ છે તે હીરાબહેને બતાવી આપ્યું છે.

પાઠક સાહેબના અવસાન પછી જેમણે હીરાબહેનને જોયાં છે તેમને ખબર છે કે આ બે વ્યક્તિઓનો સંબંધ કઈ અવસ્થાનો હતો, જીવનના કેટલા કેટલા ઊંડાણનો હતો. પણ વ્યક્તિના હૃદયની એ ગહન અનુભૂતિમાં—એ સર્જક વ્યથાની પવિત્ર ભૂમિમાં આપણે નહિ જઈએ.

પત્ની પતિનું અર્ધાંગ ગણાય છે. પણ હીરાબહેનને હવે જોઇએ છીએ ત્યારે તે કેવલ અર્ધાંગ નહિ પણ પાઠકનાં કેટલાં સર્વાંગમય હતાં તે સમજી શકાય છે.

આ વર્ષના ઉનાળામાં ફરીથી એ ઘરમાં જઈ આવ્યો.

પાઠક સાહેબની એ ખુરસી એમની એમ હતી. અમે સાત આઠ-જણ હતા છતાં એ ખુરસી અમે ખાલી જ રહેવા દીધેલી. ત્યાં પાઠક સાહેબ શું ન હતા? અને અમે જોયું કે હીરાબહેનમાં પાઠક સાહેબ કેટલા તો મૂર્તિમંત જીવી રહેલા છે.

આજે આ નમણી વિરહકૃશ યુવતી પાઠક સાહેબનું જાણે કે ઉત્તરાંગ બનીને જીવી રહેલી છે. પાઠક સાહેબનાં આદર્શો અધૂરાં રહેલાંને પૂરાં કરવાના કોડ સેવી રહેલી છે. આપણે કહીશું તથાસ્તુ.

પોંડિચેરી
૨૪-૮-૫૬

★

માંદગીમાં ખોરાક (૪)

ડૉ. કાન્તિલાલ શાહ

જઠરની ચાંદી

ચાંદી જઠરમાં હોય કે અંતરડીમાં હોય એમાં પાળવાની પરેજી સરખી જ હોય છે. આવા દરદીને આપવાના ખોરાક સંબંધી ધ્યાનમાં રાખવાના મુદ્દા આટલા છેઃ

૧. દરદીને યોગ્ય પોષણ મળવું જોઈએ; ઘણી વાર અને થોડા થોડા પ્રમાણમાં ખોરાક આપવો.

૨. જે પદાર્થ જઠરની કોમળ શ્લેષ્મકળાને ઈજા પહોંચાડે તેવા પદાર્થ બિલકુલ બંધ કરવા. દા. ત., રેસાવાળાં શાક, છોડાવાળાં ફળ, બિયાં, મરી મસાલા વગેરે.

૩. જે ખોરાક જઠરરસને ઉત્તેજે તે પણ ત્યજવા. દાખલા તરીકે ચા, કૉફી, દારૂ, પાનસોપારી, તમાકુ વગેરે.

૪. આ દરદીને માટે નત્રિલ સારાં છે તેથી છૂટ પ્રમાણમાં આપવાં. નત્રિલ ચાંદીને રૂઝવવામાં મદદ કરે છે.

૫. ચરબીવાળા પદાર્થો પણ સારા છે.

૬. ખોરાકમાં બધા પ્રજીવકો યોગ્ય પ્રમાણમાં હોવા જોઈએ.

જઠરની ચાંદીના દરદીને વિના સંકોચે આપી શકાય એવા પદાર્થો આ મુજબ છેઃ દૂધ, દહીં, મલાઈ, આઈસ્ક્રીમ, માખણ, ઘી, ચોખા, મેંદો, પાંઉ, સફરજન, કેળાં, નારંગી કે ટામેટાંનો ગાળેલો રસ, બટાટા, ગાજર, બીટ, વટાણા, ફુલેવર.

ખાસ તજવા યોગ્ય પદાર્થોમાં : અણછડ ધાન્ય કે કઠોળ, તળેલા પદાર્થો, કાચાં ફળ અને શાક, મસાલા વગેરે આવે છે.

આ દરદીની સારવાર શરૂ કરતી વખતે દરદીને સંપૂર્ણ શારીરિક આરામ તથા માનસિક શાન્તિ મળે એવી વ્યવસ્થા કરવી. શરૂઆતમાં દર કલાકે પાશેર ભેંસનું દૂધ આપવું. અમેરિકન નિષ્ણાતો નવટાંક દૂધ અને નવટાંક મલાઈની ભલામણ કરે છે. સવારના સાત વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી દર કલાકે આ મિશ્રણ આપવાનું હોય છે. આપણે પા શેર ભેંસનું દૂધ આપીએ તો આ મિશ્રણને બદલે ચાલે. સવારના સાતથી રાતના નવ સુધીના પંદર ટંક થાય અને કુલ પોણાચાર શેર દૂધ થાય. એમાંથી ૨૦૧૦ ઉષ્માંક તથા બોતેર ગ્રામ નત્રિલ મળી શકે. જો દરદી આટલું દૂધ ન લઈ શકે તો પાશેરને બદલે ત્રણ અધોળ દૂધ આપવું. આમ ત્રણ અધોળ દૂધ આપતાં પણ નત્રિલ તો પૂરતું (૫૪ ગ્રામ; અમેરિકન ધોરણ ૫૫ ગ્રામનું છે) મળી રહે. ઉષ્માંકની ઘટ પડે ખરી, પરંતુ દરદી પથારીમાં જ હોય એટલે આટલા ઉષ્માંક-૧૪૮૫-પૂરતા ગણાય. ઉષ્માંક વધારવા હોય તો આખા દિવસ દરમિયાન દૂધમાં જ થોડું થોડું ઘી નાખી આખા દિવસમાં થઈને એક અધોળ ઘી આપવું. આમ કરવાથી લગભગ અઢીસો ઉષ્માંક વધારે આપી શકાશે. આ રીતે દરદી દૂધ પર હોય ત્યારે દર કલાકે—દા. ત. સાડા સાતે, સાડા આઠે, એમ દૂધના બે

ટૂંક વચ્ચે, જે દવા આપવાની હોય તે આપવી. દૂધ વધારે સુપાચ્ય બને માટે એમાં દર અધોળ બે ગ્રેઈન સોડિયમ સાઇટ્રેટ નાખવાની ડૉ. પ્રાઇક ભલામણ કરે છે.

આ પ્રમાણે દરદીને અઠવાડિયું દસ દિવસ રાખ્યા બાદ એનો રોજનો ખોરાક નીચે મુજબ ગોઠવવો :

સવારે ૮ વાગ્યે	સાઇટ્રેટવાળું દૂધ ૧ કપ.
,, ૧૦ વાગ્યે	દૂધમાં બનાવેલી સાબુદાણાની કાંજી ૧ કપ.
બપોરના ૧૨ વાગ્યે	દૂધ ૧ કપ; ટામેટાનો ગાળેલો સૂપ ૧ કપ.
બપોરના ૨ વાગ્યે	દૂધ ૫ અધોળ + ૧ અધોળ ઘી.
,, ૪ વાગ્યે	સાબુ દાણાની કાંજી ઉપર મુજબ.
સાંજના ૬ વાગ્યે	દૂધ ૧ કપ; મોસંબીનો રસ ૧ કપ.
રાતના ૮ વાગ્યે	દૂધ ૧ કપ; પોચો ભાત પાશેર; ૧ ચમચી ઘી.
રાતના ૧૦ વાગ્યે	દૂધ ૧ કપ.

જે દવા આપવાની હોય તે વચમાં દર બે કલાકે આપવી. રાત્રે દરદીની પથારી પાસે ૧ કપ દૂધ મૂકી રાખવું. આટલા ખોરાકમાંથી આશરે બે હજાર ઉષ્ણાંક તથા ૬૦ ગ્રામ નત્રિલ મળી રહેશે. આ પ્રમાણે પંદર વીસ દિવસ ચાલુ રાખી, જે જે પદાર્થો આવા દરદી માટે પથ્ય ગણ્યા છે તે ઉમેરતા જવું.

જઠરની ચાંદીમાંથી જ્યારે લોહી તૂટી પડે છે ત્યારે જૂની પ્રથા મુજબ દરદીને પહેલે દિવસે કશું આપવામાં આવતું નહિ; માત્ર નસ વાટે ગ્લુકોઝનું પાણી ચડાવાતું. લોહી બિલકુલ બંધ થઇ જાય પછી દૂધ અને મલાઈનું મિશ્રણ આપવામાં આવતું. ૧૯૩૫ માં મ્યુલેનગ્રાક્ટે (Meulengracht) ક્રાંતિકારક ફેરફાર કર્યો. એના મત પ્રમાણે રક્તસ્રાવના પહેલા દિવસથી જ દૂધ, મલાઈ, ઉપરાંત પાંઉનો પોચો ભાગ તથા બાફેલાં અને કપડે છીણેલાં શાક આપી શકાય—આપવાં જોઇએ. આમ કરવાનો મુખ્ય હેતુ એ છે કે ચાંદીની જગાએ લોહી જામી ગયું હોય તે જઠરરસમાં ઓગળી ન જાય. આ જ હેતુથી અને ખાલી જઠર કરતાં ભરેલું જઠર ઓછું હલેચલે છે એ વાત લક્ષમાં રાખી, બીજા એક નિષ્ણાતે દૂધ, મલાઇ, ગ્લુકોઝ અને જેલેટિનના મિશ્રણની ભલામણ કરી હતી. ત્રીસ અધોળ દૂધ, સાડા ત્રણ અધોળ મલાઇ (વીસ ટકા ચરબીવાળી), બે અધોળ ગ્લુકોઝ અને દોઢ અધોળ જેલેટિન-આખા દિવસ દરમિયાન આપવામાં આવે છે. આ મિશ્રણના ૭ ઔંસ દર બે કલાકે આપવાના હોય છે. એમાંથી ૭૫ ગ્રામ નત્રિલ અને ૧૧૫૦ ઉષ્ણાંક મળે છે. ચાર દિવસ પછી ઈંડાં, આઇસક્રીમ, ઘેંશ વગેરે ઉમેરી શકાય. (ક્રમશઃ)

★

પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ

ગજ્જરની જીવનકથા*

ગુજરાતના મહાન કેળવણીકાર, સમર્થ વિજ્ઞાનશાસ્ત્રી અને એક ઉચ્ચ કોટિના શિક્ષક શ્રી. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનું જીવનચરિત્ર રજૂ કરતાં અમે ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ. પ્રો. ગજ્જરના પ્રિય શિષ્ય શ્રી. સાંકળચંદ શાહે એમના જીવનની રૂપરેખા કેટલાંક વર્ષ પહેલાં તૈયાર કરી હતી. તે ઉપરાંત અંગ્રેજી તેમ જ ગુજરાતીમાં ગજ્જરના જીવન વિષેનાં અનેક પ્રગટ અને અપ્રગટ લખાણો અમને મળી શક્યાં હતાં. ગજ્જરની પોતાની લગભગ ત્રીસ ફાઈલો અને અંગત નોંધપોથી તેમના પુત્ર ડૉ. કૃષ્ણલાલ ગજ્જરના સૌજન્યથી અમને પ્રાપ્ત થઈ હતી. આ જીવનચરિત્ર લખવામાં ડૉ. કૃષ્ણલાલ ગજ્જરે બને તેટલી માહિતી પૂરી પાડવા ખૂબ ઈંતેજારી બતાવી હતી.

આ પુસ્તક લખવાનું અમને કેમ સૂઝ્યું તેનો ઇતિહાસ રસિક છે. ગુજરાત યુનિવર્સિટીએ શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતીને સ્વીકારવાનો ઐતિહાસિક ઠરાવ કર્યો. એ ઉપરથી કેટલાક મિત્રોએ ગુજરાતીમાં રસાયણનું પુસ્તક લખવાનો નિર્ધાર કર્યો. પરંતુ પુસ્તકની પરિભાષા નક્કી કરવાની ખૂબ મુશ્કેલી હતી. એક વસ્તુ તો સ્પષ્ટ લાગતી હતી કે શિક્ષણનું સર્વશ્રેષ્ઠ વાહન તો માતૃભાષા જ હોઇ શકે. ગુજરાતના વ્યવહારકુશળ વિદ્વાનોએ આ વિષય ઉપર વિચાર કર્યો જ ન હોય એ તો અસંભવિત જ હતું. તપાસ કરતાં અમને માલુમ પડ્યું કે ગજ્જરે આ વિષય પરત્વે ખૂબ ચિંતન કર્યું હતું. એથી અમે અમારું પુસ્તક ખૂબ હર્ષ અને ગૌરવ સાથે આ મહાન વિદ્વાન રસાયણશાસ્ત્રી ત્રિભુવનદાસ ગજ્જરને અર્પણ કર્યું. આ સમયમાં શ્રી રસિક કે. શાહના આગ્રહ અને ઉત્સાહથી શ્રી. સાંકળચંદ જેઠાલાલ શાહને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં ૧૯૫૨માં ભાષણ કરવા નિમંત્ર્યા. અને તે પ્રસંગે શ્રી. ત્રિભુવનદાસ ગજ્જરનું જીવનચરિત્ર લખવાનો અમે સંકલ્પ કર્યો. ધાર્યા કરતાં ઘણી મુશ્કેલીઓનો સામનો અમારે કરવો પડ્યો. શ્રી સાંકળચંદ શાહે ગજ્જરના જીવનચરિત્ર અંગે તૈયાર કરેલી રૂપરેખા અમને સોંપી દીધી. ખાસ કરીને ગજ્જર ઉપરના પત્રો અને તેમના જીવનને લગતી બીજી હકીકતોની પસંદગીની જવાબદારી બાળ એ લેખકોની છે.

લેખકો કોઈ પણ રીતે સાહિત્યકાર હોવાનો દાવો કરી શકે તેમ નથી. અમે તો વિજ્ઞાનના વિદ્યાર્થીઓ છીએ. ગજ્જરનું જીવનચરિત્ર લખવાનો હક્ક અમને માત્ર 'ગજ્જરના જીવન અને કાર્ય' પ્રત્યેના પ્રેમ અને માનથી જ પ્રાપ્ત થાય છે. આ તેજસ્વી વૈજ્ઞાનિક જીવનમાં અવ્યવહારુ હતા. એથી તેમના જીવનનો મધ્યભાગ ક્લેશમય અને અંત ભાગ શારીરિક અને આર્થિક વિટંબણાઓથી ભરપૂર હતો. આ જીવનચરિત્ર લખવાનો મુખ્ય હેતુ

* પ્રાચ્યવિદ્યામન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી ટૂંકમાં બહાર પડનાર પુસ્તકની પ્રસ્તાવના. પુસ્તકના લેખકો : ડૉ. અશ્વિન મા. ત્રિવેદી, પ્રો. એસ. જે. શાહ અને ડૉ. આર. કે. શાહ છે.

ગુજરાતની ઊગતી પ્રજા આ મહાવિદ્વાનના જીવનમાંથી પ્રેરણા મેળવે અને એમનાં સ્વપ્ન સિદ્ધ કરે તે જ હોઈ શકે. જીવંત કે અવિદ્યમાન કોઈ પણ વ્યક્તિની લાગણી દુભાય તેવી બાબતનો સહેજ પણ નિર્દેશ નહિ કરવાનું અમે નક્કી કર્યું હતું. તે છતાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ પણ વ્યક્તિને દુઃખ થયું હોય તો તેની અમે ક્ષમા યાચીએ છીએ.

અઠ્ઠાવન વર્ષની જીવનચર્યામાં ગજ્જરે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી, પ્રેમાળ શિષ્યોનું જૂથ ઊભું કર્યું, સમસ્ત દેશમાં વૈજ્ઞાનિક તરીકે માન-આબરૂ મેળવ્યાં. જીવનમાં અનેકને મદદ કરી છતાં છેવટનાં વર્ષોમાં પ્રમાણમાં દુઃખી જીવન ગુજારવું પડ્યું. એ સમયના બીજા સમકાલીન વૈજ્ઞાનિકો જેવા કે વિલિયમ ગમ્બે, મેન્ડેલિફ, જે. સી. બોઝ, પી. સી. રેનો વિચાર કરીએ છીએ ત્યારે ઘડીભર નવાઈ લાગે છે કે ગજ્જરે શા માટે સંશોધનના ક્ષેત્રમાં ન ઝંપલાવ્યું? તીવ્ર બુદ્ધિ, ખૂબ જ પરિશ્રમ કરવાની શક્તિ, વૈજ્ઞાનિક પ્રયોગોનો શોખ અને તેજસ્વી વિદ્યાર્થીઓ તૈયાર કરવાની આવડત, આ બધું ગજ્જર પાસે હતું. છતાં એક ગુજરાતી વિદ્વાને કહ્યું છે તે પ્રમાણે, "જે કામ પ્રોફેસર ગજ્જર ગુજરાતમાં અને મુંબઈમાં કરવા ચાહતા હતા છતાં ન કરી શક્યા તે રાયે કલકત્તામાં સરસ કર્યું." અમને એમ લાગે છે કે ગજ્જરના જીવનને આ દૃષ્ટિકોણથી જોવું તે એમને અન્યાય કરવા જેવું છે. કોઈ પણ વ્યક્તિના જીવનને પૂરેપૂરું સમજવું હોય તો તેની પશ્ચાદ્ ભૂમિકા અને વિધિએ ઊભા કરેલા સંયોગો ધ્યાનમાં લેવા જોઈએ. ગજ્જરનો બાપીકો ધંધો સુથારી કામના કૉન્ટ્રાક્ટરનો અને ઇમારતી લાકડાંના વહેપારનો હતો. વડોદરામાં આવતાં જ તેમણે જોયું કે રંગ અંગેનું આધુનિક જ્ઞાન તેમ જ બીજા ઉદ્યોગો વિષેનું જ્ઞાન પ્રજામાં નહિ પ્રસરે તો આ દેશ બહુ પાછળ રહી જશે, અને ઇંગ્લૅંડને માત્ર કાચો માલ પૂરો પાડનાર તરીકે કાયમ ગરીબ અને ઓશિયાળી સ્થિતિ ભોગવશે. માત્ર ત્રીસ જ વર્ષની નાની ઉંમરમાં 'કલાભવન' જેવી સંસ્થા ઊભી કરવી, પરિભાષા તૈયાર કરવા જેવું આજે પણ વિષમ લાગતું કાર્ય તે સમયે ઉપાડવું, તે તેમની શક્તિનો ખ્યાલ આપે છે. ગુજરાત અને દેશને કમનસીબે વિજ્ઞાપ્ત જવાની યોજના તેમને પસંદ પડી નહિ. અને અનેક ખટપટોને અંતે વડોદરા અને પ્રિય શિક્ષણક્ષેત્ર છોડી તેમને મુંબઈ જવું પડ્યું. જો ગજ્જર વડોદરામાં જ કાયમ રહ્યા હોત અને સંશોધનપદ્ધતિનો અભ્યાસ કરવાની તેમને તક મળી હોત તો તો ચોક્કસ છે કે ગુજરાત અને મુંબઈ પ્રાંત સંશોધનક્ષેત્રમાં સમગ્ર દેશમાં આજે આગળ પડતું સ્થાન ધરાવતા હોત. પરંતુ વિધિએ કંઈ બીજું જ ધાર્યું હતું. ગજ્જર મુંબઈ ગયા, પ્રથમ વિલ્સન કૉલેજમાં જોડાયા, પછી ટેકનો-કેમિકલ પ્રયોગશાળા શરૂ કરી, વિકટોરિયા રાણીના બાવલા ઉપરના ડાઘ દૂર કર્યો, મોતી સુધારવાની નવી રીતો શોધી કાઢી, પ્લેગ અને ઇન્ફ્લુએન્ઝા માટે અનેક દવાઓ બજારમાં મૂકી, અનેકને નવા ધંધાએ લગાડ્યા, ઘણા નવા હુન્નરઉદ્યોગો શરૂ કર્યા, કાપડના ઉદ્યોગને પગભર બનાવવામાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો અને ખાસ કરીને 'એલેમ્બિક કેમિકલ વર્ક્સ' જેવી દવા બનાવવાની મોટી સંસ્થા ખૂબ જ પરિશ્રમ વેઠીને અને આર્થિક ભોગ આપીને ઊભી કરી. પરંતુ કમનસીબે જેમ જેમ વૈજ્ઞાનિક ગજ્જર વ્યવહાર અને ઉદ્યોગમાં પડતા ગયા તેમ તેમ તેમને નિરાશા ઉપજી અને દુઃખની પૂંજી ગળાવા માંડી. જ્યારે મુંબઈની કોઈ પણ કૉલેજ અનુસ્નાતક શિક્ષણ માટે વ્યવસ્થા કરવાની શક્તિ નહોતી દેખાડી શકતી ત્યારે રસાયણશાસ્ત્ર સાથે એમ. એ.ના અભ્યાસ માટે ટેકનોકેમિકલ લૅબોરેટરીમાં સગવડ આપીને ગજ્જરે

શિક્ષણક્ષેત્રમાં બહુ મહત્ત્વનો ફાળો આપ્યો. છેલ્લાં દસ વર્ષ ખૂબ જ દુઃખમાં ગયાં, યાતનાઓ ભોગવવી પડી, આઝાદી વખતના ઘણા મિત્રો અને સગાંસંબંધીઓ ચાલ્યાં ગયાં અને કદાચ ગજ્જરને લાગ્યું હશે કે પોતાને સફળતા ન મળી. પરંતુ જીવનમાં કોઈ સાચા તપસ્વીનું તપ નિષ્ફળ જતું નથી. આજે ગજ્જરના 'કલાભવન'માં હજારો વિદ્યાર્થીઓ એન્જિનિયરીંગ અને તેની વિવિધ શાળાઓમાં ભણે છે. તેમાંના ઘણા એમ. એસ. યુનિવર્સિટી-વડોદરાની 'ગજ્જર હૉસ્ટેલ'માં નિવાસ કરીને ગજ્જરના જીવનનું સ્મરણ કરતા હશે. 'એલેમ્બિક કેમિકલ વર્ક્સ' એક જબરદસ્ત શક્તિશાળી ઔદ્યોગિક સંસ્થા બની રહી છે અને દિનપ્રતિદિન તેનો વિકાસ થાય છે. સૌથી અગત્યનું તો એ છે કે ગજ્જરના વહાલા સ્વપ્ન 'માતૃભાષા દ્વારા શિક્ષણ' અંગે ગુજરાત યુનિવર્સિટીએ ભગીરથ પ્રયત્ન આદર્યો છે. આમ ગજ્જરના મૃત્યુ પછીનાં પાંત્રીસ વર્ષોમાં તેમનાં ઘણાં સ્વપ્નો સિદ્ધ થતાં લાગે છે. કોણ કહેશે કે ગજ્જરનું જીવન નિષ્ફળ ગયું હતું ?

★

યુનિવર્સિટી કમિશન સમક્ષ (માર્ચ : ૧૯૦૨) આપેલી જુબાનીમાંના શિક્ષણ અને માધ્યમ અંગેના પ્રો. ગજ્જરના વિચારોનો સારભાગ :

૧. માત્ર માહિતીની એકઠી કરવી એ શિક્ષણનો હેતુ નથી; પરંતુ શિક્ષણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીને વાચન તેમજ મનન માટે પૂરતો સમય આપવાનો છે.

૨. હવે હું દેશી ભાષાના અટપટા પ્રશ્ન ઉપર આવીશ. પ્રિ. સેલ્બી એમ કહે છે કે અંગ્રેજી પુસ્તકોના મુકાબલે ગુજરાતી કે મરાઠીમાં એવાં ક્યાં પુસ્તકો છે જેના અભ્યાસથી વિદ્યાર્થીનું માનસ ખીલે ? પરંતુ હું માનું છું કે આ દૃષ્ટિબિન્દુ ખતરનાક છે. આ પરિસ્થિતિ સાચી હોય—ગુજરાતી કે મરાઠીમાં યોગ્ય પુસ્તકોનો અભાવ હોય—તો પણ આપણા દેશનો ઇતિહાસ સમજવા માટે આપણી પોતાની ભાષાઓનો અભ્યાસ અનિવાર્ય છે. ગુજરાતી અને મરાઠીમાં અભ્યાસ કરવાની જરૂરિયાત બીજી પણ એક દૃષ્ટિથી છે. સર રેમન્ડ વેસ્ટે કહ્યું છે એ પ્રમાણે, જો શિક્ષણનો હેતુ ભારતનો રહેવાસી પાશ્ચાત્ય વિચારસરણી પચાવે એ હોય તો, એ અનિવાર્ય છે કે પાશ્ચાત્ય જ્ઞાનશાખાઓ વિશેનું શિક્ષણ એને એની માતૃભાષા દ્વારા આપવું જોઈએ. આમ કરીશું તો જ ભારતમાં શિક્ષણનાં મૂળ ઊંડાં જશે અને જગતની સંસ્કૃતિમાં ભારત પોતાનો ફાળો આપી શકશે....

★

ઇતિહાસકાર સરદેસાઈનાં ગજ્જર વિષેનાં સંસ્મરણો

માર્ચ, ૧૯૫૮

પ્રખ્યાત ઇતિહાસકાર સરદેસાઈ ગજ્જર સાહેબના બહુ નિકટ સંબંધમાં આવ્યા હતા. જ્યારે એમને ખબર પડી કે ગજ્જર સાહેબનું જીવનચરિત્ર લખાઈ રહ્યું છે ત્યારે લગભગ નેવું વર્ષથી વધુ ઉમ્મર થઈ હોવા છતાં ગજ્જર સાહેબ વિષેનાં પોતાનાં સંસ્મરણો કોઈ આવે તો લખવાનું કબૂલ કર્યું. શ્રી. કાળાભાઈ ગજ્જરે આ પ્રમાણે વ્યવસ્થા કરી અને સરદેસાઈના પોતાના શબ્દોમાં ગજ્જરનાં સંસ્મરણો મેળવવાનો લાભ મળ્યો. સરદેસાઈએ મૂળ અંગ્રેજીમાં લખાવ્યું તેનો સારાંશ ગુજરાતીમાં અને ત્યાં સુધી તેમના જ શબ્દોમાં નીચે આપવામાં આવ્યો છે:

ભારતના ઔદ્યોગિક પુનરુદ્ધારમાં ત્રિભુવનદાસ ગજ્જર અગ્રગણ્ય નેતાઓમાં પ્રથમ હતા. વડોદરા કૉલેજમાં પ્રોફેસર હતા ત્યારે પણ વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણોમાં કે મિત્રો સાથે વાતચીતમાં દેશના ઔદ્યોગીકરણની શક્યતાઓ વિષે તેઓ વિચાર કરતા. આજે તે ભુલાઈ ગયા છે પરંતુ જેઓ તેમના નિકટના પરિચયમાં આવ્યા હશે તેમને તો ખ્યાલ હશે જ કે દેશના ઉદ્યોગોમાં અને ખાસ કરીને કાપડના ઉદ્યોગની પ્રગતિમાં તેમણે કેટલો અગત્યનો ભાગ ભજવ્યો છે. લાખો અને કરોડો રૂપિયાની યોજનાઓનો તો તેમને હિસાબ નહોતો.

આ વખતે જર્મનીએ પ્રથમ જ બનાવટી રંગો ઉદ્યોગોમાં દાખલ કર્યા અને તેને લીધે ગળી જેવા કુદરતી રંગના ઉત્પાદનમાં ઉદ્યોગ લગભગ નાશ પામવાની સ્થિતિમાં આવ્યો. ગજ્જરે જર્મન ભાષાનો અભ્યાસ કર્યો અને તે દેશના વેપારીઓ જોડે પત્રવ્યવહાર શરૂ કર્યો. આ બધા ઉપરથી વિવિધ ઉદ્યોગોના વ્યાવહારિક શિક્ષણ માટે કલાભવન જેવી સંસ્થા શરૂ કરવાનો વિચાર તેમને ઉદ્‌ભવ્યો. અને થોડાં જ વર્ષોમાં આ સંસ્થા આખા દેશમાં પ્રખ્યાત બની. ઈંગ્લેંડ ભારતને કાચા માલના ઉત્પાદક તરીકે ગણે છે, અને એનો લાભ ઉઠાવે છે. ગજ્જરને આનો પૂરો ખ્યાલ હતો અને દેશનું ઔદ્યોગીકરણ કરવાનાં સ્વપ્નાં સેવતા હતા. મણિભાઈ, આપ્ટે અને ગજ્જર દિવસો અને મહિનાઓ લાંબી લાંબી ચર્ચાઓ કરતા, યોજનાઓ બનાવતા અને મહારાજા પાસે મંજૂરી મેળવવાનો પ્રયત્ન કરતા. આ દિવસોમાં ટાઇપરાઇટરની સગવડ નહોતી. મુસદ્દા બનાવવામાં અને નકલો તૈયાર કરવામાં ખૂબ કામ રહેતું. હું આપ્ટેને ઘેર જ રહેતો અને ગજ્જરને મારા જેવા અનેક આ કામમાં મદદ કરતા. આ પ્રમાણે અનેક સંધ્યાઓ અને રાત્રીઓ ગજ્જર સાથે વિતાવી છે. સમસ્ત દેશના ઔદ્યોગીકરણ માટેનું ચિંતન કરનાર આ સમયના વિદ્વાનોમાં પ્રોફેસર ગજ્જરને મુખ્ય ગણી શકાય. આ કાર્ય માટે પૂરતી સ્વતંત્રતા અને જોઈતી સગવડો આપવાનું માન પ્રગતિશીલ મહારાજા સયાજીરાવને ઘટે છે. ૧૮૯૦ માં મહારાજાએ દીવાન બહાદુર મણિભાઈ જશભાઈને મુખ્ય પ્રધાન તરીકે નીમ્યા. ગજ્જર મણિભાઈને મળ્યા અને એમની મદદથી મહારાજા પાસે તે સમયે તદ્દન નવી જ લાગતી એવી ઔદ્યોગિક શિક્ષણની યોજના મૂકી. સુથારીકામ, લુહારીકામ, વણાટ, રંગાટ વગેરે અનેક ધંધાઓને મદદ કરી શકે તેવી જાતની અદ્‌ભુત સંસ્થા આ પ્રમાણે ગજ્જરે ઊભી કરી. ગજ્જરને આ કામમાં એમના મિત્ર યશવંત વાસુદેવ આપ્ટે (બાપુસાહેબ)ની મદદ હતી. બાપુસાહેબ નાયબ દીવાન હતા અને શિક્ષણખાતું તેમના હાથમાં હતું. બાપુસાહેબને ઘેર જ હું પ્રથમ વાર ગજ્જર સાહેબને મળ્યો. નવી ઔદ્યોગિક સંસ્થાની નામકરણવિધિ પણ બાપુસાહેબને ત્યાં જ થઈ હતી. અને આ પ્રમાણે કલાભવનનો જન્મ થયો.

મણિશંકર રત્નજી ભટ્ટ પ્રોફેસર ગજ્જરના મદદનીશ હતા.

ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ અને મહાત્મા ગાંધીજીએ દેશના ઔદ્યોગીકરણમાં જે ઝડપી ફેરફારો શક્ય બનાવ્યા તેને લીધે ગજ્જરના પ્રારંભિક પ્રયત્નોને અન્યાય થયો છે. ખાસ કરીને કાપડનો ઉદ્યોગ ભારતમાં પગભર થયો તેને માટે ત્રિભુવનદાસ ગજ્જર આદ્ય કાર્યકર્તા ગણાવા જોઈએ. મને લાગે છે કે આધુનિક ઇતિહાસે આ બાબતમાં ગજ્જરને અન્યાય કર્યો છે.

આ ઉપરાંત પારિભાષિક શબ્દકોષ કરવામાં ગજ્જરે પહેલ કરી હતી, અને એલેમ્બિક કેમિકલ વર્ક્સ પણ તેમના જ પ્રયત્નને આભારી હતું.

આ પછી ગજ્જરને મુંબઈ જવું પડ્યું અને મુંબઈમાં ૧૮૯૭માં રાણીનું પૂતળું સાફ કર્યાથી તેમને દેશભરમાં કીર્તિ મળી. ગજ્જરે અનેક લોકોને ધંધાદારી બનાવ્યા હતા. મારા નાના ભાઈ નારાયણરાવને રંગના કામનું શિક્ષણ એમણે જ આપ્યું હતું. ત્રીસ વર્ષ સુધી નારાયણરાવ પ્રથમ વર્ગના રંગરેજ તરીકે આખા દેશમાં પ્રખ્યાત હતા.

ગજ્જરના જીવનના બીજા એક પ્રસંગનો ઉલ્લેખ અહીંયાં કરવો જોઈએ. ૧૯૦૭માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ સુરતમાં મળી ત્યારે કોંગ્રેસનો મુખ્ય મંડપ ગજ્જરના ઘરની પાસે જ હતો. આ વખતે હું એક અઠવાડિયું ગજ્જર સાથે હતો અને અનેક મિત્રોએ બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવવા ખૂબ પ્રયત્ન કર્યો હતો.

ગજ્જર કુટુંબનું સુરતમાં જૂનું ઘર છે અને એક લગ્ન પ્રસંગે પ્રોફેસર ગજ્જરે મને અને મારા ભાઈ નારાયણરાવને એમને ત્યાં રહેવાનું આમંત્રણ આપ્યું. ગજ્જરના પિતા તે વખતે જીવતા હતા અને ખૂબ મઝા આપતા. જતી વખતે અમને મીઠાઈ ભરેલી તાસક (ટ્રે) આપવામાં આવી અને તે તાસક આજે પણ મેં જાળવી રાખી છે.

☆

"હું વિજ્ઞાનશાસ્ત્રમાં ભણ્યો તો છું, પણ વ્યવહારમાં જો એ જ્ઞાન અને ઉપયોગી ન નીવડે તો શા કામનું? વિજ્ઞાનને હું જાણું એટલું મારે માટે બસ નથી. એનો ઉપયોગ મારે માનવતાના હિત અર્થે કરવો જોઈએ. આજે એ જ્ઞાનને અને મારી સમગ્ર શક્તિને મારે દેશના હિત માટે વાપરવી જોઈએ. દેશમાં શાસ્ત્રીય પદ્ધતિથી ચાલતાં કારખાનાંની જરૂર છે. કાચા માલમાંથી મોટા પાયા ઉપર ચીજો આ કારખાનાંમાં તૈયાર કરવાની જરૂર છે. કોઈ પણ ભોગે દેશનું ધન દેશમાં જ રહે તેમ કરવાની જરૂર છે. દેશના હુન્નરો ખીલવવામાં મારા જ્ઞાનનો હું ઉપયોગ કરીશ. બસ એ જ મારું ધ્યેય."

—ગજ્જરની અંગત નોંધપોથીમાંથી (સન ૧૮૮૬)

* * *

"તેમના સૂચનથી રાજ્ય તરફથી આમંત્રેલા જર્મન રંગરેજે ચાલુ કરેલી અને શીખવાતી રંગાટકામ અને છાપકામની જુદી જુદી વિધિઓ મને સમજાવી રહ્યા હોય તેવી રીતે ગજ્જર તેમના સાદા પોશાકમાં અને વિનોદી મુખમુદ્રામાં મારી સામે ઊભા હોય તેમ હજુ આજે પણ હું તેમને નિહાળું છું. મારે મન ગજ્જરનું નામ એટલે સખત પરિશ્રમ, અખૂટ ઉત્સાહ અને પ્રબળ ઇચ્છાશક્તિની પ્રેરણામૂર્તિ. મને ગજ્જર માટે અને તેમની આવડત શક્તિઓ માટે ખૂબ ખૂબ માન છે."

—શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ
એલેમ્બિક કેમિકલ વર્ક્સના રૌપ્ય મહોત્સવ
પ્રસંગે (૧૯૩૨માં).

☆

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૮

પંડિત શ્રી સુખલાલજીને 'વિલાયતની વાતો'ની લેખમાળા ઘણી ગમી ગઈ છે એ ખીના તમારા પત્ર દ્વારા વાંચીને એક બાજુ હું ધન્યતા અનુભવું છું, પરંતુ બીજી બાજુ આવા મહાનુભાવો સુદ્ધાં આ લેખમાળા વાંચે છે એ જાણીને લખાણની જવાબદારીનો વિચાર કરતાં જરાક ક્ષોભ પણ થાય છે. પહેલા જ પત્રમાં મેં લખ્યું હતું કે હું કોઈ ખ્યાતનામ અધિકારી લેખક નથી તેથી એક ગંભીર અભ્યાસના અફર વિધાનો રૂપે આ વાતો કરવાને બદલે મારી પોતાની સામાન્ય મતિ પ્રમાણે વિલાયતનું જીવન મને કેવું જણાયું તેના આધારે જ હું આ વાતો લખીશ. વિલાયત વિશેનું કશું પણ સંદર્ભ સાહિત્ય વાંચ્યા વગર, કેવળ વિલાયતથી મેં ઘેર લખેલા પત્રોના આધારે જ, આ લખાણ ચલાવે રાખું છું. જો કે તમે તો આ લેખમાળામાં કયા કયા ખાસ મુદ્દાઓ વિશે, વિષયો વિશે, લખવું તેની યાદી અવારનવાર મોકલતા રહો છો. પણ ઊંડો અભ્યાસ કરવાનો સમય મેળવવાનું સદ્ભાગ્ય તો આ ધાંધલિયા જીવનમાં હોય જ ક્યાંથી! લખવાનું તો ઘણું ઘણું છે પણ ખરું પૂછાવો તો હવે લખાણનો થાક લાગ્યો છે. લખું છું લખું છું ને પૂરું થતું જ નથી! દોઢ વરસથી લેખમાળા ચાલે છે છતાં હજી તો ૭ મહિનાના પ્રવાસમાંથી ફક્ત સવા મહિનાનું જ વર્ણન આવ્યું છે!!

આ લખતી વખતે વિલાયતથી ઘેર લખેલો પત્ર નં. ૫૦ મારી સમક્ષ છે. પત્રમાળાની અડધી સદી પૂરી થઈ તેની નોંધ લેતાં તે પત્રમાં મેં લખ્યું હતું કે "હવે મને ખાત્રી થતી જાય છે કે પત્રલેખનની રમતનો હું ખરેખરો ખેલાડી છું. હું ધારું છું કે આ બાબતમાં તો મારો જ વર્લ્ડ રેકોર્ડ થશે! પહેલાં એમ લાગતું હતું કે રોજ રોજ તે નવું શું લખી શકાય, પરંતુ હવે પ્રતીતિ થતી જાય છે કે જગતનાં બધાં છાપાંઓ રોજ નવા નવા સમાચારોથી ભરાયા વગર રહેતાં નથી તેવી જ રીતે એક વ્યક્તિના જીવનમાં પણ દરરોજ કંઇ ને કંઈ નવું કહેવા જેવું બનતું જ રહે છે. પણ દરેક જણ તે નોંધવાની દરકાર કરતું નથી. મહાન વ્યક્તિઓની ડાયરીઓ પ્રકટ થયેલી છે તે વાંચીએ છીએ ત્યારે લાગે છે કે એક માનવી કેટકેટલું નિરીક્ષણ કરી શકે છે અને તે જો બધું નોંધી રાખે તો બીજાઓને પણ તેમાંથી કેટલું બધું જાણવાનું મળે છે. આપણે પત્રો દ્વારા દૂર દૂરથી પણ દરરોજ મધુર મિલન કરી શકીએ છીએ એટલે ઘણો સંતોષ થાય છે. દરરોજ લખ્યા વગર મને ચેન જ નથી પડતું. શું લખવું, એવી મૂંઝવણ તો મને કદાપિ થઇ જ નથી. કાગળ અને ફાઉન્ટન પેન, ફાજલ સમય અને ટેબલ ખુરશી ભેગાં થયાં એટલે લખાણનો ધોધ શરૂ થઇ જ જાય છે. અંગત સ્વજનો સિવાયના બીજાઓને લખવા માટે એ ધોધ સહેલાઈથી છૂટી શકતો નથી કારણ કે તેમાં બધું તોળી તોળીને લખવું પડે. પણ અહીં તો જેમ ઘરમાં વાત કરતા હોઈએ તેમજ ખુલ્લા દિલે લખવાનું હોવાથી કશી જ

લેબોરેટરીથી ઘણું દૂર હતું તેથી સવારે વહેલા તૈયાર થવાની ધાંધલ દરરોજ કરવી પડતી હતી. આ કારણે અમે ખરી ન્યુ રોડ ઉપર આવેલી એક મોટી હોટલ 'હેઝલડીન'માં ચાલ્યા ગયા. આમ કરવાથી હોટલ અને ગેસ્ટ હાઉસના જીવન વચ્ચેનો તફાવત પણ સમજાયો! અલબત્ત સવારે જરાક મોડા ઊઠીએ તો ચાલે એટલો ફાયદો થયો ખરો, પરંતુ એકંદરે જોતાં એમ લાગવા માંડ્યું કે ડીડસબરીમાં હતા તે સારા હતા! હોટલ તે હોટલ જ, તેમાં 'પર્સનલ ટચ' જેવું કંઇ જ નહિ! મિસિસ જ્હોનસનને ઘેર તો સાંજે લાઉંજ રૂમમાં ટેલીવિઝનના પ્રોગ્રામો જોવાના મળતા હતા અને મધરાત સુધી ગેસ્ટ હાઉસના બધા સાથીઓ સાથે વાતોચીતોનો પણ સારો લાભ મળતો હતો. મિસિસ જ્હોનસન પણ આમાં સામેલ થતાં હતાં. તેમની માતા તથા અંકલ જ્હોન (જે બન્ને હવે ૭૦ વર્ષે પાછાં પરણ્યાં તે!) પણ ગમતી હતાં. રસોઈ પણ સારી મળતી હતી. આ બધું ગુમાવીને અમે બાપડાદાર હેઝલડીન હોટલમાં રહેવા આવ્યા! :

હેઝલડીન હોટલના લાઉંજ રૂમમાં સાંજે જમ્યા બાદ અમે તાપણીને ખાતર જવા માંડ્યું. દરરોજ એક જ દૃશ્ય—એક ખૂણામાં એક વૃદ્ધ સજ્જન સાંજનું છાપું વાંચતા હોય, બીજા ખૂણામાં એક વૃદ્ધા ખાલી આરામ ખુરશી ઉપર ઢળીને પડી રહેલી હોય, ત્રીજા ખૂણામાં બીજા બે પુરુષો મૂંગા મૂંગા સીગરેટ પીધા કરતા હોય, તો વળી ચોથા ખૂણામાં એક સન્નારી હિસાબનાં કાગળિયાં તપાસ્યા કરતી હોય! હું અને પદ્મનાભન ફાયરપ્લેસની પાસે હાથ ઘસતા બેઠા બેઠા એક બીજાની સામે જોયા કરતા હોઇએ! નાટકના 'ટેબ્લો'નું જ જાણે એક દૃશ્ય! ન કરે કોઇ વાત કે ચીત, કે ન તો કોઇ વગાડે ખૂણામાં પડેલો પિયાનો. નજર મળી જાય તો આંખથી જ સૌ કોઈ "કેમ છો?"નો ભાવ દર્શાવી દે, પણ જીભ તો કોઇની યે ખુલે જ નહિ! દિવસોના દિવસો આમ ચાલ્યા કર્યું. પણ પછી એક દિવસ બધાને આ પ્રમાણે મૂંગા મંતર બેસી રહેલા જોઈને એકાએક મને તથા પદ્મનાભનને એક્કી સાથે એટલું બધું હસવાનું મન થઇ ગયું કે અમે તરત જ હોઠ ઉપર હથેલી ઢાંકી દઇને ઊઠી ગયા અને મારા રૂમમાં દોડી ગયા. ત્યાં અમે એવું તો પેટ પકડીને હસ્યા કે બરડો પણ દુખી ગયો અને આંખ પણ પાણી પાણી થઈ ગઇ. "શું આ મેડહાઉસ જેવું જીવન છે!" એમ બોલવાની શરૂઆત કરવા જતાં વળી ઓર વધારે હસી દેવાતું હતું. પૂરા અડધા કલાક બાદ અમને બન્નેને કળ વળી અને લાઉંજને નમસ્કાર કરીને બહાર નીકળી પડ્યા. હોટલમાં એકબીજાને 'ઇન્ટ્રોડ્યુસ' કરનાર કોઈ ન હોવથી આવો મામલો થાય છે, જ્યારે ગેસ્ટ હાઉસમાં લેન્ડલેડી તરત જ બધાનું અરસપરસ ઓળખાણ કરાવે છે તેથી વાતો કરવાનું બધાને સુગમ પડે છે. અંગ્રેજો અતડા તો નથી હોતા, પરંતુ તેઓ ઓળખાણની ખાણ ફુદાવ્યા વગર મોઢામાંથી મગ પણ કાઢતા નથી!

છતાં એક દિવસ હિંમત કરીને મેં આ થીજી ગયેલા બરફને તોડ્યો—બ્રોક ધી આઈસ! પેલા વૃદ્ધ સજ્જનને પૂછ્યું કે "કાકા, કેટલા સમયથી આ હોટલમાં રહો છો?" તો કહે છે 'વર્ષોથી!'' પણ પછી પાછા ચૂપ! તેમનું હિમાલયન વદન જોઇને બીજો ગાંગડો તોડવાની હિંમત જ ન ચાલી. એક કલાક બાજુની ખુરશી ઉપર બેસીને સાથે તાપ્યું પણ બીજો સવાલ કે બીજો જવાબ ન થયા. ફરી પાછું 'મૌનખંડ' છોડીને રૂમમાં આવીને પેટભરીને હસી લીધું!

થોડા દિવસ બાદ પેલી વૃદ્ધાને પીગાળી અને તે તો ખરેખર પાણી પાણી થઈ ગઈ. તેની કહાણીનો થોડો ભાગ આપણી કોઈપણ ભારતીય માબાપના બોધની જેમ જ છૂટ્યો. અને કહાણી પણ કેવી કરુણ! ૭૦ વર્ષની આ ડોશીમા છેલ્લાં પાંચ વર્ષથી આ હોટલમાં એકલી રહે છે. તેની પુત્રી મોટી ડૉક્ટર છે અને પુત્ર પણ સારે ઠેકાણે પડેલો છે છતાં બેમાંથી એકે મારી માને તેમને ઘેર રાખતા નથી! “મિ. ગાંધી, તમે નહિ સમજી શકો, અમારો આખો સમાજ કેટલો સડ્યો છે તે. અનપ્રોડક્ટિવ યંત્રની જેમ અનપ્રોડક્ટિવ માનવોને પણ અહીં તો પાંજરે નાખવાના! અમારું તો મોઢું પણ જોવું કોને ગમે! જે બાળકને આપણે ઉછેરીને મોટાં કર્યાં તે પરણ્યા પછી તો સાવ એકલપેટાં થઈ જાય છે. સાચું છે કે મારા પતિ મને પૈસા આપતા ગયા છે તેમાંથી હું આટલો નિભાવ કરી શકું છું. પણ તે તો બળિયાના આંસુ લૂછવા જેવું અને મારી આપવા જેવું જ. જીવન શૂન્યમય છે! ભર્યાં દીકરાદીકરીએ હું એકલવાયી છું! આ જ છે જીવન આ દેશના ઘરડાં વૃદ્ધોનું!”

મૂકી આવતાં સંતાનોને પણ કશો સંકોચ થતો નથી. આનાં કરતાં તો મહાબળેશ્વરની શીનાળ હોટલનું જીવન અનેકગણું સારું છે." મહાબળેશ્વરમાં આ માજીની સાથે મેં સત્તર દિવસ ગાળ્યા હતા અને તેઓ રોજ રાત્રે મારી સાથે 'ચેસ' રમતી વખતે તેમજ સવાર સાંજ સાથે ફરવા જતી વખતે આવા વિષયોની ચર્ચા પણ કરતાં હતાં.

હેઝલડીન હોટલમાં રહેવા આવ્યા પછી બ્રિટનના નારી જીવનની ઝાંખી ઠીક ઠીક પ્રમાણમાં થવા લાગી. આ હોટલ પણ સ્ત્રીઓ જ ચલાવે છે. હોટલની માલિક છે મિસિસ કેલી અને મેનેજર છે મિસ પીસી. પીસીબાનુ તો જાણે એકદમ કામ સાથે કામ—મેટર ઓફ ફેક્ટ—ટાઈપનાં સન્નારી હતાં, પણ તેમની બે વેઈટ્રેસો મે અને એની ખૂબ વાચાળ હતી. સાત વર્ષના લગ્નજીવન બાદ વિધવા થયા પછી મે આ હોટલમાં વીસ વર્ષથી વેઈટ્રેસ તરીકે કામ કરે છે અને ઘરડી થવા આવી છે છતાં કામ કરતાં કરતાં ગીતોનું ગૂંજન કરતી જ હોય છે. એની કદાચ મારી ઉમરની હશે પરંતુ હજી પ્રભુતામાં પગલાં માંડયાં નથી, તેમજ માંડવા માંગતી પણ નથી. એને મન લગ્ન એ એક કૌતુકકારી કોયડો છે. તેને પોતાને લગ્નની કશી ઝંખના થતી નથી તેમજ બીજાઓ સુદ્ધાં લગ્ન શા માટે કરે છે તે જ તેને આશ્ચર્ય જેવું લાગે છે! સ્ત્રી પુરુષ વચ્ચેનું આકર્ષણ પણ તેની સમજની બહાર છે એમ જ્યારે તેણે જણાવ્યું ત્યારે ખબર પડી કે આ સમાજમાં પણ આવા નમૂના હોય છે તો ખરા જ!

અલબત્ત આ 'એની' તો એક અપવાદ રૂપ જ કહી શકાય તેવી નારી હતી. બાકી લગ્નની વાતમાં રસ ન હોય તેવી સ્ત્રીઓ તો ઘણી ઓછી જ જોવા મળે છે. શ્રી ફ્રેન્ક મીડે જ્યારથી મારી આગળ રહસ્યસ્ફોટ કર્યો હતો કે વિલાયતના સમાજમાં પરિણીત સ્ત્રીપુરુષોના ડાબા હાથની બીજી આંગળી ઉપર અચૂક વીંટી હોય છે જ ત્યારથી મને સ્ત્રીઓ સાથે વાતો કરવાનું ઘણું સુગમ થઇ ગયું હતું. ડાબા હાથની નિશાની ધ્યાનમાં લઈને વાત કરવાથી કુંવારી તેમજ પરણેલી સ્ત્રીઓ સાથે વાત કરવામાં મારાથી કશો છબરડો વળાઈ જતો નહોતો. ઊલટમાં મેં ભારતમાં કે વિલાયતમાં કદાપિ વીંટી પહેરી નથી તેથી એક વખત એક બિચારી અઢારેક વર્ષની બાળાએ જરાક છબરડો વાળેલો. એક તો મારા હાથ ઉપર વીંટી નહિ, બીજું મારી ઉમર બધાને છેતરે છે: હું ૪૨ વર્ષનો હોવા છતાં એ લોકોની નજરે ૨૫–૩૦ જેટલો જ લાગતો હતો. (ભારતમાં પણ મને હજી ઘણા ૩૦–૩૫ વર્ષનો જ માને છે.) વળી મારા કાળા ભમ્મર વાળ પણ એ સમાજમાં આકર્ષક ગણાતા હતા. વળી હું વાચાળ પણ ખરો જ. એક દિવસ પેલી બાળાએ મને આતુર નયને પૂછ્યું કે "મિ. ગાંધી, તમે હજી કુંવારા જ છો ને!" જવાબમાં મેં જ્યારે કહ્યું કે "બેટીજી, તમારા જેવડી તો મારી એક દીકરી છે." અને પછી મારા દીકરા દીકરી અને પત્નીના ફોટા તેને બતાવ્યા ત્યારથી આ બાળાબહેને મને 'ડેડી' કહીને સંબોધવા માંડ્યું! વાહ, બેટમજી!

બીજી એક વીસેક વર્ષની બાળાના હાથે વીંટી જોઈને મેં તેને પૂછેલું કે "તમારે ત્યાં તો લોકો બહુ મોડા પરણે છે. પણ તમે તો વહેલાં પરણી ગયાં હોવ તેમ લાગે છે." ત્યારે તેને જવાબ આપેલો કે "મારાથી એક ઘડી પણ વધારે કુંવારી રહી શકવાનું અશક્ય હતુંજી! સમજ્યા? સમજ્યા કે નહિ? મોડા પરણે તે બધા 'બંડલ' સમજવા! આઈ એમ ઓનેસ્ટ, સમજ્યા ને!" આ વાત મેં પચીસેક વર્ષની બીજી એક વીંટી વગરની ખૂબ ચંચળ

કુમારિકાને કરી તો તે કહે છે કે "વહેલા પરણે તે જ 'બંડલ' છે! મોડા પરણવાની ખૂબીઓ એ લોકો સમજે જ શું? કેમ બોલ્યા નહિ? તમે પણ મિ. ગાંધી, મારી જેમજ 'ફ્રેન્ક' હશો એમ માનું છું!" ઓત્તારી, હું એની જેમજ 'ફ્રેન્ક' હતો, શી વાત! એટલામાં તેણે ઉમેર્યું કે "મિ. ગાંધી, હાઉ એબાઉટ ટેકીંગ મી આઉટ વન ડે?" બાર ડાલા! મેં તેનું ભ્રમનિવારણ કરતાં જણાવ્યું કે "બ્હેનજી, આ ગાંધી ભલે મહાત્મા નથી પણ દુરાત્મા પણ નથી જ. કુટુંબકબીલાવાળો છું જી!" ત્યારે આ બાઈસાહેબ બોલ્યાં કે "સો વ્હોટ! મૅરેજ ઈઝ નો બાર ટુ ટેકીંગ ગર્લ્સ આઉટ!" પેલી પણ પ્રમાણિકતાનો નમૂનો અને આ પણ નિખાલસતાનો નમૂનો! આવા અનેક નમૂનાઓ અને તે પણ ઘણા મૌલિક વૈવિધ્યવાળા વિલાયતમાં જોવા મળ્યા હતા, પરંતુ તે દરેકનું વર્ણન કરવાનું અહીં શક્ય પણ નથી, અને ઉચિત પણ નથી. એટલું જ કહી શકય કે નમસ્કાર હજો આ જગદંબાઓને!

બીજી બાજુ મોટી ઉમરની કુમારિકાઓ (સ્પીન્સ્ટર્સ)ના જીવનની પણ કંઈક ઝાંખી જોવા મળી. ચાલીસેક વર્ષની દેખાતી એક યુવતીને મેં ઘણા દિવસ સુધી મૂંગી મૂંગી જ કામ કરતી નીહાળી. બીજી ચંચળ બાળાઓની જેમ તે નહોતી લીપસ્ટીક લગાડતી, નહોતી ફેન્સી કપડાં પહેરતી કે નહોતી સીગરેટ પીતી. એક દિવસ મેં વાતોમાંથી વાતો કરતાં પૂછી નાખ્યું કે "હજી તમારાં લગ્ન નથી થયાં શું?" તેણે જવાબ આપ્યો કે "ના, ભાઈ, તમારું અનુમાન સાચું છે." પછી તેણે તેનો થોડોક ઇતિહાસ કહી બતાવ્યો. તેની નજરમાં એક પણ છોકરો પરણવા લાયક નહિ લાગ્યો. જે એક બે છોકરા તેને ગમ્યા તેમણે તેને 'રીસ્પોન્સ' ન આપ્યો. એટલે પછી તેણે કુમારિકા રહેવાનું જ પસંદ કર્યું. મેં તેને પૂછ્યું કે "આવું એકલવાયુ જીવન તમને ગમે છે?" ત્યારે તેણે કહ્યું કે "ગમતું તો નથી જ પણ શું થાય? ત્યાગમાં પણ અમુક સૂક્ષ્મ આનંદ છે તે તો મને મળે છે ને! તમને પરણેલાઓને એ આનંદ ન સમજાય તે સ્વાભાવિક છે." પછી તેણે કહ્યું કે "ઘરડાં માબાપની સેવા કરવામાં પણ આનંદ આવતો હતો. હવે એ લોકો નથી. મારા ભાઈને ત્યાં મને રહેવું ગમતું નથી કારણ કે ભાભી મને પરણી જવાના મ્હેંણા મારે છે. આ કારણે અમારે ત્યાં કુંવારી છોકરીઓ ભાઈ કરતાં બહેનને ત્યાં રહેવાનું વધારે પસંદ કરે છે. માબાપ હોય ત્યાં સુધી તો માબાપ સાથે જ રહીએ પણ પછી બહેનને જ મશ્કરીમાં પૂછીએ કે "બહેન, તારા સુખમાં થોડોક ભાગ પડાવવા દેશે કે? ગભરાતી નહિ, હું તારા વરને ખૂંચવી તો નહિ જ લઉં!" એટલે બહેન પોતે જ કહે કે "અરે ભાઈ, ખૂંચવાય તો ખૂંચવી લેને, મેં તો એને બહુ ભોગવ્યો છે!" આ પ્રમાણે બહેનની મરજી દેખાય તો પછી અમે બહેનને ત્યાં જ રહેવા ચાલ્યાં જઈએ."

આવી જ વાત પચાસેક વર્ષની બીજી એક સ્પીન્સ્ટરે કરી. જે યુવકની સાથે પરણવાની તેની ઇચ્છા હતી તે યુદ્ધમાં મરી ગયો એટલે તે નિરાશ હૈયે યોગિનીની જેમ ત્યાગી જીવનમાં ઝંપી ગઈ. તેનો ભાઈ કે ભાભી તેનો વૈરાગ મિટાવી શકયાં નહિ. પણ પછી તેની બહેને તેને ત્યાં બોલાવી લીધી ત્યારથી સંસારમાં તેને પાછો કંઈક રસ જાગ્રત થયો. બાળકોની સ્કૂલમાં પ્રિન્સિપાલ થયા પછી તો તેને જીવન વધારે ધન્ય લાગવા માંડ્યું. મીઠાં ભૂલકાં બાળકોની વચમાં રહેનારને લગ્નની ઊણપ બહુ સાલતી નથી એવો તેનો મક્કમ અનુભવ છે.

હેઝલડીન હોટલમાં રહેવા આવ્યા બાદ થોડા દિવસ પછી એક સમી સાંજે હું ફરવા નીકળ્યો ત્યારે ખબર પડી કે હોટલની નજીકમાં જ એક મોટું સેન્ટ પોલનું દેવળ છે, સેલ્ફોર્ડનું સ્મશાન છે, અને 'ઓડિયન' નામનું સિનેમા થિયેટર છે. સ્મશાનમાં હજારો આરસની તખ્તીઓ ઊભી કરેલી છે અને તેની ઉપર "મારા પ્રિય પિતા, માતા, પતિ, પત્ની, દીકરા, દીકરી વગેરેની પુણ્યસ્મૃતિમાં" એવાં જાતજાતનાં લખાણો કે કાવ્યો સુંદર અક્ષરે કોતરેલાં છે. 'ઓડિયન' સિનેમામાં "ધી ટૂથ એબાઉટ વીમેન"—સ્ત્રીઓ વિશેનું સત્ય!—એ નામની ફિલ્મ ચાલતી હતી.

આવું જિજ્ઞાસાપ્રેરક નામ ધરાવતી ફિલ્મ મારા જેવા સત્યશોધકને આકર્ષ્યા વગર રહે જ કેમ? ૩.ડી શિલિંગની ટિકિટ કઢાવીને હું થિયેટરમાં ગયો. ફિલ્મનો કેન્દ્રધ્વનિ એ છે કે કુંવારી કરતાં પરણેલી સ્ત્રીઓ વધારે દુરાચરી હોય છે અને પતિની ગેરહાજરીમાં ગમે તેની સાથે અમનચમન ઉડાવવા ઘણીખરી પરણેલી સ્ત્રીઓ તૈયાર થઈ જાય છે! ફિલ્મ એમ કહેવા માગે છે કે લગ્ન એ તો ખાલી સલામતીનો એક બુરખો જ છે એમ આ સ્ત્રીઓ માને છે અને તેથી 'પરણવા' માટે તો ગમે તેવો પતિ પણ ચાલે! કુંવારી છોકરીઓ ગર્ભવતી થવાના ભયે દુરાચારથી ડરે છે પણ પરણેલી સ્ત્રીઓને આવો ભય ડરાવી શકતો નથી તેથી તેઓ તો મુક્તપણે સ્વચ્છંદમાં રાચે છે! કયા સમાજની સ્ત્રીઓ વિશેનું આ સત્ય છે તે તો ફિલ્મનિર્માતાઓ જ જાણે; બાકી આ સત્ય પશ્ચિમની સ્ત્રીઓ વિશે પણ વજૂદવાળું છે કે નહિ તે શંકાભરેલું છે. હિંદમાં તો ભાગ્યે જ આવી વાતની કલ્પના થઈ શકે!

અલબત્ત એટલું તો કહેવું પડશે કે આપણાં હિંદી થિયેટરોમાં ભાગ્યે જ જોવા મળે તેવાં દશ્યો વિલાયતમાં બધાં જ થિયેટરોમાં જોવા મળે છે. 'ઓડિયન' થિયેટરમાં પણ મેં ચારે બાજુ નજર કરી તો એ જ વ્યાપક દશ્ય દેખાયું કે ફિલ્મ ફિલ્મનું કામ કરે છે અને ફિલ્મ જોવા બેઠેલાં યુગલો એકબીજાના ખોળામાં હોય છે! રાત્રે બસ સ્ટોપો પાસે પણ યુગલો ફુટપાથ ઉપર જ ખુલ્લંખુલ્લા પ્રણય કરે છે અને બસ આવતાંમાં જ ખબર પડી જાય છે કે તે બન્ને જણા સાથે બસમાં ચડતાંજ નથી! એમાંથી એક જ જણ બસમાં ચડે છે અને ચડતાં ચડતાં પણ છેલ્લી 'ગુડબાય'નું એક ઓર દીર્ઘ ચુંબન કરી લે છે!

આને નૈતિક અધઃપતન કહો કે યુગનાં એંધાણ કહો પણ યુવાનવર્ગ ઉપર આ પ્રકારનું છરન ઘોડાપૂરની જેમ ત્રાટકી પડયું છે. આ ઘોડાપૂરને રોકવાનો કોઈ માનવ પ્રયત્ન હવે કામિયાબ નહિ નીવડે એવા નિર્ણય ઉપર આવેલા કેટલાક સદાચારવાદીઓ કેવળ ઈશ્વર પ્રાર્થનામાં જ આનો ઉકેલ જુએ છે એ પણ મને 'ઓડિયન'ની ફિલ્મ જોયા પછી બીજે જ દિવસે જાણવા મળ્યું.

તે દિવસે રવિવાર હતો. રાત્રે ફિલ્મ જોઈને મોડો આવ્યો હતો તેથી સવારના સાડા નવ સુધી હું ભરઊંઘમાં હતો. પણ એની બહેને બારણું ઠોકીને મને જગાડયો અને કહ્યું, "ચાલો, મિ. હવે, નહિ તો પછી બ્રેકફાસ્ટ મળશે નહિ. આજે જરા 'રશ' છે તેથી મોડા પડશો તો બ્રેકફાસ્ટ વગર રહેવું પડશે!" ઝટપટ દાતણ કરીને લેબાશ બદલીને હું ડાઇનીંગ રૂમમાં ગયો. જોયું તો ત્યાં એક પચીસેક સ્ત્રી પુરુષો અને બાળકોનું ટોળું બ્રેકફાસ્ટ માટે

આવીને એડું હતું. મારા ખીસામાં જીનતાનની ગોળી કાયમ હોય જ અને આ ગોળીથી મેં ઠેર ઠેર બાળકોનો પ્રેમ સંપાદન કર્યો છે. ભારત પાછા ફરતી વખતે સ્ટીમરની નર્સરી પાસે હું જરા જેટલો ફરકું એટલામાં તો ભૂલકાંઓ આંગળી ચીંધે કે "લુક, ધી અંકલ હુ ગીવ્સ રેડ પીલ્સ હેઝ કમ!" સ્ટીમર ઉપર આ મીઠાં બાળકો સાથે જે સત્તર દિવસ ગાળ્યા હતા તે તો કદાપિ નહિ ભૂલી શકું. આભાર જીનતાનની ગોળીનો! આ ગોળી મેં હેઝલડીન હોટલમાં પણ અજમાવી. પેલાં ટોળાંમાંનાં બે ત્રણ બાળકોને "કમ ઑન જ્હોની, કમ ડીયર ડાર્લિંગ, આઈ વુડ ગીવ યુ સમથિંગ ઇન્ટરેસ્ટીંગ" કહીને મારી સમીપ બોલાવ્યાં. આ ગોળી લેવાય કે નહિ તે જાણવા મમ્મીની સામે પરવાનગીની આતુર નજર માંડતાં બાળકોનું દસ્ય છબીકારો માટે એક સુંદર વિષય બની રહે તેવું હોય છે. પછી મમ્મી જ્યારે લઇ લેવાની પરવાનગી આપે છે ત્યારે નાચી ઊઠતાં બાળ કોનું દસ્ય પણ જોવા જેવું હોય છે. આ પ્રમાણે બાળકો પ્રત્યે પ્રેમ કરનાર પરદેશી પ્રત્યે બાળકોનાં માતાપિતાને પણ આદર ઉપજે છે અને પછી 'ઇન્ટ્રોડક્શન'ના કશા જ શિષ્ટાચારની રાહ જોયા વગર એ લોકો પણ વાતે વળગે છે.

આ ટોળામાંની બધી સ્ત્રીઓ હિંદી નારીના જેવી જ સાદી હતી. લિપસ્ટીક નહિ, ઘરેણાં નહિ એડીવાળા બૂટ નહિ; સાદું ફ્રોક, અંબોડાવાળા વાળ અને ચંપલ! મને લાગ્યું કે રશિયન તો નહિ હોય! પણ ના, એ બધી અંગ્રેજ બાઇઓ જ હતી. તેમની સાથે હું વાતે વળગ્યો એટલે ખબર પડી કે તે બધા થિયોસોફિકલ કૉન્ગ્રેસના ડેલીગેટ તરીકે ગામેગામથી માન્ચેસ્ટર આવ્યાં હતાં. તે દિવસે સાંજે સાત વાગે ફ્રી ટ્રેડ હૉલમાં ત્રણ હજાર ડેલીગેટો ભેગાં થઇને જગતમાં નૈતિક અધઃપતન વધી રહ્યું છે તે રોકવાની પ્રાર્થના કરવાનાં હતાં! પહેલી જ વાર મને વિલાયતમાં અંગ્રેજોનું આવું સાદું મોટું નૈતિક ટોળું જોવા મળ્યું. ભપકાથી ભલે આપણે અંજાઇ જતા હોઈએ છતાંયે સાદાઇપો ચોક્કસ રીતે આંપણામાં એક પ્રકારનું પવિત્ર આકર્ષણનો અનુભવ ઉદ્ભવે છે. આપણે તુલનાત્મક રીતે જોવા જઇએ છીએ તો એટલું તો લાગે છે જ કે ભપકાના આકર્ષણમાં વિકારનું તત્ત્વ ઓછા-વત્તા અંશે હોય છે જ. જ્યારે સાદાઈમાં સાત્વિકતાનાં દર્શન થયા વગર રહેતાં નથી. ચોગરદમ ભપકાએ વિકારનું વાતાવરણ ફેલાવ્યું છે તેવામાં આવી સાદાઈ જોઈને મનમાં શાંતિ અને શીતળતાનો અનુભવ થાય છે જ. છતાં શંકા એ જ રહે છે કે હવેની દુનિયા આ સાદાઈનાં મૂલ્યો તરફ કદાપિ પણ પાછી વળશે ખરી કે? આવાં ગણ્યાંગાંઠ્યાં ભલાં સ્ત્રી પુરુષો પ્રાર્થના કરીને છૂટાં પડશે અને જગત જગતનું કામ કરે જ જશે! આ સન્નારીઓએ મને સાંજની આ સમૂહપ્રાર્થનામાં આવવાનું આમંત્રણ આપ્યું અને તે મેં સ્વીકારી લીધું.

સાંજે હું ફ્રી ટ્રેડ હૉલમાં ગયો ત્યાં એક વિશાળ માનવ સમૂહ એકઠો થયેલો જોયો. આ આખો સમૂહ સવારે બ્રેકફાસ્ટ વખતે જોયેલી મંડળી જેવો જ સાદો હતો. સ્ટેજ ઉપર પચીસેક જેટલા નેતાઓ હતા. તેમાંના એકે પ્રાર્થનાની શરૂઆત કરાવી. આશ્રમભજનાવલી જેવી હાઇમ્સની પોથીમાંથી ભજન નં. ૧૦૯ ગાવાનો આદેશ થતાં વેંત આખો સમૂહ ઊભો થઈ ગયો અને મધુર સ્વરે ભજન ગાવા લાગ્યો. હું મૂંગો ઊભો હતો તેથી મારી બાજુવાળા એક ભાઇએ મારા હાથમાં તેમની ભજનાવલી સરકાવી. પરંતુ

અંગ્રેજી ભજન ગાવા જતાં કાંઈક બેસૂરો અવાજ કાઢી બેસું તેના કરતાં મૂંગા ઊભા રહેવાનું જ મને તો ઠીક લાગ્યું. એક ભજન પૂરું થયું એટલે તરત બીજું ભજન નં. ૨૨૦ શરૂ થયું. સમૂહગાન ક્રિશ્ચિયન દેવળોમાં આપણાં મંદિરો કરતાં વધારે શિસ્તબદ્ધ રીતે થાય છે તેથી ઘણું કર્ણપ્રિય લાગે છે. આ સંગીત સાંભળવાની મને મઝા આવી. પછી બધા ખુરશીઓ ઉપર બેસી ગયા અને એક એન્જીનિયર થિયેસોફીસ્ટનું ભાષણ શરૂ થયું. તેમણે સમાજમાં વધી પડેલા નૈતિક અધઃપતન, અપ્રમાણિકતા અને વૈભવ પ્રત્યેની આસક્તિનું બ્યાન કર્યું અને આ મહારોગમાંથી જગતને બચાવવા પતિતપાવન, પરદુઃખભંજન, પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી. "જે કાર્ય માનવપ્રયત્નો સિદ્ધ કરી શકતા નથી તે કાર્ય પરમાત્માની કૃપા થાય તો પળવારમાં સિદ્ધ થઇ શકે છે. પણ આવી કૃપા જગત ઉપર ઊતરે તેને માટે પ્રાર્થના ઘણી આવશ્યક છે." બધાં ભાષણોનો ધ્વનિ આવો જ હતો. આ પ્રમાણે પ્રાર્થના કરીને આ સમૂહે સંતોષ મેળવ્યો કે તેમણે નૈતિક અધઃપતનની બાબતમાં સાચામાં સાચું પગલું ભર્યું છે એટલે ઈશ્વર જરૂર કૃપા કરશે જ. પરંતુ હોલની બહાર નીકળ્યા કે પાછું એનું એ જ જગત નજરે પડ્યું. નજીકમાં જ રોયલ સિનેમા આગળ સાથીની શોધમાં ઊભેલી કામિનીઓ દેખાઈ!

હું એક ભજનિક ભાઈની સાથે વાતે વળગ્યો. મેં તેમની આગળ ગાંધીજી, વિનોબાજી, સ્વામી વિવેકાનંદ વગેરે વિભૂતિઓ વિશે થોડીક વાતચીત કરી પણ એ ભાઈએ જ્યારે મને જણાવ્યું કે "માફ કરજો, પણ મેં આ મહાપુરુષોનાં નામ સુદ્ધાં સાંભળ્યાં નથી" ત્યારે મેં પૂછ્યું કે "ગાંધીજીનું પણ નહિ?" એ ભાઈએ કહ્યું, "નહિજી, આઈ એમ એક્સ્ટ્રીમ્લી સોરી!" અલબત્ત આ અનુભવ મારે માટે નવો તો નહોતો જ વિલાયતમાં ગયા બાદ એક મહિનામાં જ સમજાઈ ગયું હતું કે ગાંધીજીનું નામ તો ત્યાં સેંકડો લોકોએ સાંભળ્યું નહોતું, અને જેમણે સાંભળ્યું હતું તેમને પણ ગાંધીજીની પ્રતિભાનો કશો જ ખ્યાલ નહોતો. એક વિદ્વાન વૈજ્ઞાનિક મિત્ર સુદ્ધાં આમ જ બોલેલા, "આહ, હા, વેલ વેલ, પેલા ઇન્ડિયન લીડર કે જે ઉપવાસ સારા કરી જાણતા હતા તેને તમે ગાંધીજી કહો છો! ઓળખ્યા, પૂઅર ઓલ્ડ બોય! આઈ વીશ અ.ઈ કુડ ફાસ્ટ લાઇક હીમ! રીયલી, હી વોઝ એ ગુડ જોક!"

આપણે જેને ક્રાઈસ્ટ સમોવડી યુગમૂર્તિ માનીએ છીએ તે તો અહીં એક 'જોક' છે 'જોક!' એટલે કે જોકર! આપણે ભારતમાં બેઠા બેઠા 'વીશફુલ' દાવો કરીએ છીએ કે જગત આખું ગાંધીજીને પૂજે છે અને વિનોબાજીનો સંદેશ જગતભરમાં ફેલાઈ જશે વગેરે વગેરે. પણ આ વિલાયતની દુનિયા જ એક 'હ્યુજ જોક' જેવી છે. તેને ગાંધીજીને કે કુશ્ચેવને સુદ્ધાં સમજવાની ફુરસદ જ ક્યાં છે! અહીં તો બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડ, ડાન્સ અને ડીનર, ડ્રિન્કસ અને કાબારેટ એ જ નવાં મૂલ્યો અને આદર્શો બનતાં જાય છે ત્યાં આગળ ગાંધીજી, ઉપવાસ અને બ્રહ્મચર્યની વાતો એક હ્યુજ જોક જેવી ન લાગે તો બીજું શું લાગે! છતાં ફ્રી ટ્રેડ હોલમાં પ્રાર્થના કરવા ભેગા થયેલા ભલા ભોળાઓને દૃઢ શ્રદ્ધા છે કે ઈશ્વર કૃપા કરશે જ અને જગતને જોકમાંથી બચાવશે!

વિલાયતનું વિકારી જગત એક જોક હોય કે વિકાર વિદારવાની પ્રાર્થનાઓ જોક હોય

"ગુડ ઇવનીંગ સર" કરતો દરજી દરવાજામાં આવ્યો અને મને પૂછ્યું કે "વ્હોટ કેન આઈ ડુ ફોર યુ, સર! વોન્ટ્યુ કમ ઇન?" એમ કહીને મને તેના ઘરમાં લઈ ગયો. આ દરજીનું ઘર આપણા બધાનાં ઘરો કરતાં પણ વધારે સરસ હતું. અને તે કેમ ન હોય! આ તો વેલ્ફેર સ્ટેટ છે. પાટલૂનનો પાયચો ઓટવાના સાડા ત્રણ શિલિંગ, કમરને ૩૪ માંથી ૩૨ ઇંચની કરવાના સાડા સાત શિલિંગ અને ઓવરકોટનું એક બટન ટાંકવાના ૭ પેન્સ મળીને સાડા અગિયાર શિલિંગનો બાદશાહી ચાર્જ લેવાનો હોય અને તેટલું કરવા માટે પંદર દિવસનો વાયદો હોય પછી ઘર કેમ સરસ ન હોય!

મેં ચાર્જ તો કબૂલ કર્યો જ—છૂટકો જ નહોતો! પણ વાયદો ફેરવાવ્યો: પંદર દિવસને બદલે ૪૮ કલાક કરાવી નાખ્યા! દરજીએ કહ્યું કે "ચાર્જ માટે તમે સ્પોર્ટીંગ થયા છો તો લો વાયદા માટે હું પણ સ્પોર્ટીંગ થાઉં છું. રવિવારે બપોરે આવીને લઇ જજો. ઇઝ ધેટ ઓલ રાઇટ!" હું તરત કબૂલ થયો. પેલી બાલિકા સાથે એક કલાક રમવાનો આનંદ મળ્યો હતો એટલે તેના બાપના સાડા અગિયાર શિલિંગના ચાર્જની ફિકર તો ક્યાંયે અલોપ થઈ ગઈ. અને હજી ફરી એકવાર આવવાનું છે. એટલે ફરી પણ પાછી બાલિકાને રમાડવાનું તો મળશે જ ને? અને તેમજ થયું. બે દિવસ બાદ પાછો આવ્યો ત્યારે પણ એ બાલિકા સાથે બીજો એક કલાક રમવા મળ્યું. દરજીને ખબર પડી કે તેની બેબી મારી સાથે સારી રીતે હળી ગઈ છે એટલે તેણે તો ચાર્જ લેવાની પણ ના પાડી! ઉલટે મારા ખૂબ આગ્રહને માન આપીને તેણે ફક્ત ત્રણ જ શિલિંગ સ્વીકાર્યા. બેબીના હાથમાં એક સુંદર રમકડું મૂકીને મેં આ સુખી કુટુંબની વિદાય લીધી.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જય હિંદ

★

હસવા માંડયું. બાબાગાડીમાં તેને સુંદર ગોદડી અને ગરમ ધાબળીઓની વચમાં લપેટીને માથા તળે એક મજેનો બચુકડો તકિયો ગોઠવીને સુવારેલી હતી અને તેના ફ્રોક ઉપર પટ્ટી બાંધીને પટ્ટાના બે છેડા બાબાગાડીની બે બાજુની કડીઓમાં બાંધી દીધેલા હતા કે જેથી તે ગાડીની બહાર ગબડી ન પડે. સાંકળની કડીઓ છોડીને મેં તેને બહાર કાઢી—પહેલી જ વાર એક સુંદર અંગ્રેજ બાળક મારા હાથમાં આવ્યું! સદ્ભાગ્યે આ બાલિકા મારાથી જરાયે ડરી નહિ કે રડી પણ નહિ. આસપાસની બધી દુનિયાને ભૂલી જઈને મેં આ બાલિકાને પોણો કલાક સુધી મુક્તપણે રમાડયા કરી અને તે પણ ખુશીથી મારી પાસે રમ્યાં કરી. તેની નાનકડી અંગુલિઓથી તેણે મારા નાક અને કાનને ચૂંટીઓ પણ ભરી અને મારી ટાઈને સજ્જડ પકડી રાખી. મને નવાઈ એ જ લાગી કે આ પ્રમાણે આકાશ નીચે બાળકને એકલું સુવાડીને માબાપ આઘાં ભાગી જાય એ કેવું વિચિત્ર! અને તે પણ આવી કકડતી ઠંડીમાં!

પોણા કલાક બાદ તેની મા આવી ત્યારે મેં પૂછ્યું કે આમ કેમ? તો જવાબ મળ્યો કે "બાળકને તો ખુલ્લી હવામાં જ રમવા દેવું જોઈએ. ઘરમાં ગોંધી રાખવાથી તો તે મૂંઝાઈ જાય!" પણ મેં પૂછ્યું કે "આવી ઠંડીમાં શરદી ન થઈ જાય?" તો કહે છે "જુઓને તેને કેવી પહેરાવી ઓઢાડીને સુવાડી છે તે! એના ગાલ, આંખ અને હથેલી સિવાય બીજું કશું ખુલ્લું છે ખરું?" મેં પૂછ્યું કે "આમ બાળકને એકલું કમ્પાઉન્ડમાં સુવાડી રાખો અને કોઈ ઊંચકી જાય તો?" ત્યારે જવાબ મળ્યો કે "વેલ! યુ આર વેલકમ-ટુ ટેક હર અવે! અરે ભાઈ! અહીં તો બધે એમ જ હોય છે. તમને પ્રેમ હશે તો જ ઉપાડી જશોને? અને કદાચ ઉપાડી જશો તો અમારા કરતાં પણ વધારે લાડ લડાવશો! છેલ્લી પંદર મિનિટથી હું ઘરમાંથી જોયા કરતી હતી કે બેબી તમારી પાસે કેવી રમી રહી છે! મારે તેમાં વિક્ષેપ પણ નહોતો નાખવો; પરંતુ બેબીને ટોઇલેટ કરાવીને દૂધ પાવાનો ટાઇમ થયો છે એટલે દિલગીર છું કે વિક્ષેપ નાખવો પડ્યો છે. વળી તે તમારાં કપડાં ભીંજવી નાખે તો તમે મીઠાને બદલે કડવો અનુભવ લઈને જાવ તેવું કેમ થવા દેવાય!?"

આવો વાર્તાલાપ ચાલતો હતો તે વખતે પડોશની બીજી ત્રણ ચાર સ્ત્રીઓ પણ ત્યાં આવી પહોંચી. તેમાંની એક જણ બોલી કે "તમે પરદેશી છો છતાં અમારાં બાળકો તમને ગમે છે તે જોઈને હું ખુશી થઈ છું." મેં તેનો આભાર માન્યો અને બાલિકાની માતાની પરવાનગી માગી કે એ બાલિકાને હું એક વાર ચૂમી લઈ શકું ખરો કે? માતાએ કહ્યું કે "ગો એહેડ, વ્હોટ આર યુ વેઈટીંગ ફોર! એકવાર શું અનેકવાર તમે તેને ચૂમી લઈ શકો છો! એમાં વળી પૂછવાનું શું?" બાજુમાં ઊભેલી બીજી એક સન્નારીએ તો ઓર વધારે કહી નાખ્યું કે "આ દેશમાં તો તમે મોટી મોટી બાળાઓને પણ ચૂમી શકો તેમ છો તો આવી નાની બાલિકા માટે આટલો બધો કલાક ચૂમી વગર કાઢયો તે જ નવાઈ જેવું છે!" કેવી અજબ છે આ અંગ્રેજ નારીઓ!

બાલિકા સાથે છેલ્લું હેત કરી લઈને મેં પેલા દરજી વિશે પૂછપરછ કરી તો જવાબ મળ્યો કે આ બાલિકાનો પિતા એ જ તમારો દરજી! બારણા ઉપર ઘંટડી દબાવી એટલે


"ગુડ ઇવીનીંગ સર" કરતો દરજી દરવાજામાં આવ્યો અને મને પૂછ્યું કે "વ્હોટ કેન આઇ ડુ ફોર યુ, સર! વોન્ચુ કમ ઇન?" એમ કહીને મને તેના ઘરમાં લઈ ગયો. આ દરજીનું ઘર આપણા બધાનાં ઘરો કરતાં પણ વધારે સરસ હતું. અને તે કેમ ન હોય? આ તો વેલ્ફેર સ્ટેટ છે. પાટલૂનનો પાયચો ઓટવાના સાડા ત્રણ શિલિંગ, કમરને ૩૪ માંથી ૩૨ ઇંચની કરવાના સાડા સાત શિલિંગ અને ઓવરકોટનું એક બટન ટાંકવાના ૭ પેન્સ મળીને સાડા અગિયાર શિલિંગનો બાદશાહી ચાર્જ લેવાનો હોય અને તેટલું કરવા માટે પંદર દિવસનો વાયદો હોય પછી ઘર કેમ સરસ ન હોય!

મેં ચાર્જ તો કબૂલ કર્યો જ—છૂટકો જ નહોતો! પણ વાયદો ફેરવાવ્યો: પંદર દિવસને બદલે ૪૮ કલાક કરાવી નાખ્યા! દરજીએ કહ્યું કે "ચાર્જ માટે તમે સ્પોર્ટીંગ થયા છો તો લો વાયદા માટે હું પણ સ્પોર્ટીંગ થાઉં છું. રવિવારે બપોરે આવીને લઇ જજો. ઇઝ ધેટ ઓલ રાઇટ!" હુ તરત કબૂલ થયો. પેલી બાલિકા સાથે એક કલાક રમવાનો આનંદ મળ્યો હતો એટલે તેના બાપના સાડા અગિયાર શિલિંગના ચાર્જની ફિકર તો ક્યાંયે અલોપ થઈ ગઈ. અને હજી ફરી એકવાર આવવાનું છે એટલે ફરી પણ પાછી બાલિકાને રમાડવાનું તો મળશે જ ને? અને તેમજ થયું. એ દિવસ બાદ પાછો આવ્યો ત્યારે પણ એ બાલિકા સાથે બીજો એક કલાક રમવા મળ્યું. દરજીને ખબર પડી કે તેની બેબી મારી સાથે સારી રીતે હળી ગઈ છે એટલે તેણે તો ચાર્જ લેવાની પણ ના પાડી! છેવટે મારા ખૂબ આગ્રહને માન આપીને તેણે ફક્ત ત્રણ જ શિલિંગ સ્વીકાર્યા. બેબીના હાથમાં એક સુંદર રમકડું મૂકીને મેં આ સુખી કુટુંબની વિદાય લીધી.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જય હિંદ

☆



વર્ષ ૩૬
અંક ૧

સં. ૨૦
કારતક

સાલ મુબારક

આદ્ય તંત્રી.
રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



દિવાળી પ્રસંગે ભેટ તરીકે
GOVERNMENT OF INDIA
POST OFFICE GIFT COUPON
FIVE RUPEES
પ્રાઇઝબોન્ડ અને ભેટ કૂપન આપો,
કોઈ પણ પોસ્ટ ઓફિસેથી મળી શકે છે.

સાલ મુબારક



卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭) ૨૦૧૭ : કારતક અંક ૧

વિશ્વકાલિન્દી

હે વિશ્વકાલિન્દિ,
તારા તટે કુંજ કશા કદમ્બના,
ને કુંજ કુંજે પગલી રસેશની,
શા રાસ, શાં નૂપુર, મોરલી શી,
શી ગોપિકા મૂર્છિત શ્યામ બાહુમાં.

ને તોય કાલિન્દિ,
તારા ઉરે ઘોર કશા મહા દ્રુહો,
અને ત્યહીં કાલિ-વિષ-પ્રવાહો,
ને ઝેરનો એ ઉપચાર-કારિ
તે હસ્ત જે વાદક વાંસળીનો.

આ કાલિનું મર્દન, ગોપિકાના
હૈયાતણું તર્પણ: કાર્ય બંને-
તણો રહ્યો એક જ દિવ્યકર્તા.
સૃષ્ટિતણી સંગમની સુધન્ય,
તું વિશ્વકાલિન્દિ, સદા ય અર્ધ્ય.

સુન્દરમ્

★

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧. રાજકીય પક્ષોના વાદો — લવાદ અને સિદ્ધાન્તવાદ.

૨. મુ. યુ. સેનેટ અંગે નિયુક્તિઓ.

૩. પુનોમાં પં. જવાહરલાલજી

પ્રશ્ન : આપણા રાજકીય પક્ષોના વાદોનું તારતમ્ય શું ?

ઉત્તર : આપણા રાજકીય પક્ષો શું કોઈ ખરેખર તાત્વિક દૃષ્ટિભેદથી જ ઊભા થયેલા લાગે છે? પરદેશી શાસન હતું ત્યાં સુધી તો બે દૃષ્ટિભેદ સ્પષ્ટ હતા: અંગ્રેજોનું શાસન ચાલુ રહે એવું ઇચ્છતો એક પક્ષ; અને 'ગમે તે થાઓ પણ ઇંગ્રેજોનું રાજ જાઓ, એમ ઇચ્છતો બીજો પક્ષ. આ બે મુખ્ય લક્ષ્યો સાધવાની વિચારસરણીઓમાં ભેદ હતો, હતા પણ ખરા: જેમકે હિંસક ક્રાન્તિથી ઇંગ્રેજોને કાઢવા ઇચ્છતો જોખમપક્ષ અને અહિંસક અસહકાર દ્વારા ઇંગ્રેજોને કાઢવા ઇચ્છતો રેંટિયાપક્ષ. તે જ પ્રમાણે ઇંગ્રેજોને રાખવા ઇચ્છતો— 'ઇંગ્રેજના નેજાની નીચે તારા તનુજ કરે ગુલતાન

એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન'

એમ ગાતો પિંઢારા-મરાઠાથી ત્રાસેલો લોકવર્ગ, અને 'ઇંગ્રેજોને રાજી રાખો, નહિ તો આપણું શું થશે?' એમ માનતો સરકારી અમલદારી વર્ગ—ત્યાંથી તે ઇંગ્રેજોના નેજા નીચે લોકપ્રતિનિધિત્વવાળું શાસન ઇચ્છતો મવાલ વર્ગ જેમાં ફિરોજશા ગોખલે અને તિલક ગાંધી સુદ્ધાં હતા; પણ જેમાંથી ગાંધી ઉતરે અહિંસક અસહકારનું સુદર્શનચક્ર લઈ ઇંગ્રેજને કાઢવા ઊભા થયા. આમ પદ્ધતિઓમાં ભેદ હોવા છતાં લક્ષ્યથી પહેલાં બે જ ભેદ આપણા દેશમાં હતા—ઇંગ્રેજોને રાખો કે ઇંગ્રેજોને કાઢો!

નેશનલ કોંગ્રેસનો મહિમા ગાંધીજીના નેતૃત્વ નીચે 'અંગ્રેજોને કાઢો' એ લક્ષ્યના કારણે પહેલાં હતો. એટલે એ લક્ષ્ય પૂરું થતાં, કોંગ્રેસમાં જે સમુદાય હતો એ બીજી રીતે ચંબુમેળા જેવો હતો એ હવે ઉત્તરોત્તર સ્પષ્ટ થતું જાય છે. અર્થાત્ કે કોંગ્રેસમાં અનેક વિચારસરણીવાળા રાજકારણીઓ હતા. અને એ ક્રમપ્રાપ્ત હતું; યોગ્ય હતું. આગળ વધી એમ કહીએ કે સ્વરાજ્ય મળ્યા પછી જુદા જુદા રાજકીય પક્ષો ઊભા થયા છે તે કોંગ્રેસમાંથી જ થયા છે તો એ લગભગ હકીકતનું સૂચક છે. કદાચ સામ્યવાદીઓ વિશે આ વિધાન હકીકતવાળું ન ગણાય; પણ તેમાં યે કામ કરનારા અને નાયકોની મોટી સંખ્યા ખાસ કરીને ચાલીશ-પિસ્તાલીશ—પચાશ—વર્ષની આજુબાજુની ઉપરના—ની જોશો તો એમાંના ઘણાખરાંમાં દેશસેવાની પ્રેરણા તો ગાંધીજીની કોંગ્રેસમાંથી જ મળેલી છે: આ વસ્તુસ્થિતિને બીજી રીતે જોઈએ તો એમ કહેવાય કે તાત્વિક મતભેદથી જુદા પડનારા તો કોંગ્રેસમાંથી જુદા પડતા જ જાય છે. તેઓ કાં તો રાજકીય પક્ષો નાનામોટા સ્થાપે છે, કાં તો એકલા એકલા આરામખુરશીમાં બેસી કે ઊભા ઊભા રોષપૂર્વક કે શાન્તિપૂર્વક પોતાના વિચારો કહે જાય છે,—અને કોઈ છાપનારું મળે તો પ્રગટ પણ કર્યે જાય છે! એટલે હવે કોંગ્રેસમાં જે બાકી રહે છે તેમને વિશે કોઈ તાત્વિક વાદનો નિર્દેશ કરવો એ એમને બધાને તકલીફમાં મૂકવા જેવું થાય. દાખલા તરીકે, રાજાજી કોંગ્રેસને સોસ્યલિસ્ટ કે કોમ્યુ-

નિસ્ટ કહી ભાડે, પણ એ બરાબર નથી. કારણકે સામો જવાબ મળે છે કે "અમે પુસ્તકિયા વાદીઓ છીએ જ નહિ. અમે સોશ્યલિસ્ટો નથી. અમે તો 'સોશ્યલિસ્ટિક પેટર્ન'વાળા છીએ!" હવે આનો જે અર્થ થતો હોય તે ખરો. હકીકતમાં આ સોશ્યલિસ્ટિક પેટર્નના છત્ર નીચે અનેક વિચારસરણીવાળાઓનો અથવા કોઈ પણ જાતની વિચારસરણી વિનાઓનો એવો મોટો સમુદાય છાયા મેળવી શકે છે. અલબત્ત, એમાં મધ્યબિંદુ તરફ કે દંડ તરફ ધસવાની મુક્કાબાજી નહીં તો કોણીઓ મારવાની પ્રક્રિયા તો ચાલુ જ છે, એ તો છાપાંઓમાં તમે જે રોજ વાંચો છો તે ઉપરથી સમજી જ લેતા હશો. એટલે, અત્યારે તો એ જ મુખ્ય વાદ મને દેખાય છે:—લડ્ડુવાદ અને સિદ્ધાંતવાદ.

પ્રશ્ન : એટલે શું?

ઉત્તર : ન સમજ્યા? 'જે તડમેં લડુ વો તડમેં હમ.' એ ઉર્દુ-ગુજરાતી કહેવત? અત્યારે કયા તડમાં લડુ મળવાનો વધારેમાં વધારે સંભવ છે એનું 'ઈન્ટ્યુઈશન' આપણામાં સહજસિદ્ધ છે. એટલે તમે જુઓ છો કે સ્વરાજ્યની ચળવળમાં લોકો ઉપર ઘોડા દોડાવનાર અને હાથ આવ્યે સખત શિક્ષા કરનાર સરકારી અમલદારોથી માંડીને તે જાહેર જીવનમાં સ્વરાજ્યનો વિરોધ કરનારા, હિંદુસ્તાનીઓની લાયકાત વિશે હલકામાં હલકો અભિપ્રાય ધરાવનારા, 'ઈંગ્રેજો અને ઈંગ્રેજી વિના આપણું આ દુનિયામાં ક્યાંયે સ્થાન નથી, એવું માનનારા વિચારકો અને કેળવણીકારો, અને 'અમે તો ઈંગ્રેજોના રાજ્યમાં પણ વેપારઉદ્યોગોને ખીલવીને દેશની સેવા કરતા હતા તે અત્યારે, એ જ રીતે પાછા સ્વરાજ્યમાં દેશની સેવા કરીએ છીએ' એમ કહેનારો આપણો વણિક વર્ગ,—જાતિના અર્થમાં નહિ, વ્યવસાયના અર્થમાં,—સુધી આ બધા એક જ સોશ્યલિસ્ટ પેટર્નની છત્રછાયા નીચે એકબીજાને કોણીઓ મારી રહ્યા છે. એવું દર્શન કરીને આ બે નવા વાદો હયાતિમાં આવે છે: લડ્ડુવાદ અને સિદ્ધાંતવાદ.

જે પક્ષમાં સત્તા હશે કે જશે તે પક્ષ તરફ આ લડ્ડુવાદીઓ હમેશાં ધસારો કરશે જ. અને એ લડ્ડુવાદીઓ એટલા નિરાગ્રહી અને રસ્તામાં જનારાનું પણ કામ કરનારા છે કે એમનું સ્વાગત દરેક સત્તામાં આવતો અથવા સત્તાનો આકાંક્ષી પક્ષ કરશે જ. આ પક્ષના અગ્રણીઓ હમેશાં હાથમાં ફૂલહાર રાખી ઊભા છે. જે ડોક લંબાવશે તેના ગળામાં ભરાવી દેશે! એટલે તમારે જો વાદોના વર્ગીકરણનું વૃક્ષ બનાવવું હોય તો આમ બનાવો :

વાદ

લડ્ડુવાદ — સિદ્ધાંતવાદ

એક પ્રકાર — અનંત પ્રકાર

પ્રશ્ન : ગુજરાત રાજ્યના ગવર્નર અને ગુજરાત યુનિવર્સિટીના ચાન્સેલરે યુનિવર્સિટીની સેનેટ માટે જે વીસ માણસોની નિયુક્તિ કરી તેમાં તમને કાંઈ શૈક્ષણિક સિદ્ધાંત દેખાય છે?

ઉત્તર : કાંઈ સિદ્ધાંત તો હશે, જો કે તે શુદ્ધ શૈક્ષણિક જ છે એમાં મતભેદને અવકાશ હોય. કારણ કે તેમાં કેટલાંક નામો એવાં પણ નજરે પડે કે જેમને શિક્ષણની સમજ કદાચ મુદ્દલ જ નહિ હોય, અને જે હોય તે 'આ બધા ભારતના મૂરખા છે' એવી દૃષ્ટિની જ હોય! કેટલાંક નામો કદાચ પ્રાંતિક સમિતિના એટલા ધસવાને કારણે જ હોય; અથવા તો સત્તાધારી પક્ષના વર્ચસને કારણે હોય. છતાં, એમાં કેટલાંક વિદ્વાનો અને શિક્ષકોનાં નામ પણ છે. બધાંને તો હું ઓળખતો નથી એટલે સમમતયા અભિપ્રાય આપી શકતો નથી. પણ વિદ્વાન અધ્યાપકોમાં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ. વિક્રમ સારાભાઈ, કુ૰ પ્રિયબાળા શાહ, ડૉ. નરેન્દ્ર દેસાઈ, શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ, જેવાં નામો એમાં છે એટલે એમ તો ન કહેવાય કે ઉચ્ચ શિક્ષણ અને સંશોધન નજર બહાર રહ્યું છે. અને કોઈ પણ 'નામાવલિ વિશે બધાં નામ જાણતા હોઈએ ત્યાં પણ બધાને વિશે એકસરખી સંમતિ આપીએ એવું બનવું તો વિરલ છે. છતાં આપણે એની અપેક્ષા તો જરૂર રાખીએ કે યુનિવર્સિટીની સેનેટ માટેની નિમણૂકોમાં કે વાઈસ ચાન્સેલરની ચૂંટણીમાં રાજકારણને બાકાત રાખવામાં આવે અને ઉચ્ચ શિક્ષણ તથા સંશોધનને મદદરૂપ થાય તેવા મૂકાય.

પ્રશ્ન : યુનોમાં પં. જવાહરલાલજીએ કેવો ભાગ ભજવ્યો કહેવાય? 'ટાઈમ્સ ઑફ ઇંડિયા' વગેરેનાં આ વિશે લખાણો જોયાં?

ઉત્તર : 'ટાઈમ્સ ઑફ ઇંડિયા' વગેરે ગમે તે કહે! ભારતને ગૌરવ અર્પે એવી કામગીરી પં. જવાહરલાલજીએ ત્યાં કરી છે. હૃદયના રણકારથી બુદ્ધ અને ગાંધીની ભાવનાઓને આગળ કરવાનું બીજા કોનું ગજુ છે? જે રીતે જવાહરલાલજીનો ઠરાવ ઊડી ગયો તે રીત તો યુનોને શરમાવનારી છે, જવાહરલાલજીને નહિ: યુનોમાંથી શ્રદ્ધા ઉઠાવી દેનારી છે, જવાહરલાલજીમાંથી નહિ. જે પ્રપંચથી પાશ્ચાત્ય સત્તાઓ અઢારમી-ઓગણીસમી સદીમાં દુનિયામાં ફેલાઈ, જે પ્રપંચના પ્રત્યાઘાત રૂપે એશિયા અને આફ્રિકામાં જાગૃતિ આવી અને સ્વાતંત્ર્યનું આંદોલન ફરી વળ્યું અને જે પ્રપંચના પરિપાક રૂપે એ સત્તાઓને પોતાની 'કૉલોનિયલ' બાજી સંકેલી લેવી પડે છે તે જ પ્રપંચ યુનોના નાશનું કારણ બને તો નવાઈ નહિ. જે ભવ્ય ઉદાત્તતાથી વિશ્વશાંતિના સંરક્ષણાર્થે જવાહરલાલજીએ પ્રવચન કર્યું તેથી દેશદેશની પ્રજાઓ આગળ—રાજકારણીઓ બાદ, આપણા દેશના પણ— મહાપુરુષ તરીકે સિદ્ધ થયા તે જવાહરલાલજીને અને આપણા દેશને શોભાસ્પદ હતું. અમેરિકાથી આવેલા અનેક સંદેશાઓમાં પેલી એક બાઈના સંદેશાએ મારું ખાસ ધ્યાન ખેંચ્યું : એણે કોઈ એક ભારતીય જનને એમ કહ્યું કે 'ગૌરવ લો કે તમારે ત્યાં આવો વડો પ્રધાન છે. અને હું ગૌરવ લઉં છું કે મારે આવો એક માનવબન્ધુ છે.' મને તો એમ લાગે છે કે પાશ્ચાત્ય રાજકારણીઓ વિશ્વનું નવું રાજકારણ સમજવામાં મૂઢતા દાખવે છે, જેમ આપણા કેટલાક જૂના રજવાડીઓ નવી પરિસ્થિતિને વિશે દાખવે છે તેમ.

૧૬-૧૦-૬૦

★

"સાવધાન, સાવધાન"

ડૉ. સુમન્ત મહેતા

૧

હિંદ દેશ અને 'પાકિસ્તાન' કહેવાતો દેશ છૂટા પડ્યા પછી પાકિસ્તાનમાં શું શું બન્યું તે જાણીતી ઐતિહાસિક બીના છે. એ દેશના મુખ્ય નેતા શ્રી મહમદઅલી ઝીણા મરણતોલ માંદા પડીને ગુજરી ગયા. એ દેશના સૌથી વધારે બાહોશ અને કાબેલ મુખ્ય પ્રધાન નવાબઝાદા લિયાકતઅલી ખાનનું રાજકીય ખૂન થયું. આજ સુધી એ કેસની સંપૂર્ણ તપાસ અને ફેંસલો થયાં નથી. ટૂંક સમયમાં કેટકેટલા મુખ્ય પ્રધાનો બદલાયા ? તેર વર્ષ પૂરાં થયાં છે છતાં હજી સુધી એ દેશનું રાષ્ટ્રીય બંધારણ ઘડી શકાયું નથી. રાજકીય, સામાજિક અને આર્થિક સુધારાઓની સામે મુલ્લાંઓ સતત નડ્યા જ કરે છે, કારણ કે મુસ્લિમ આમ-પ્રજા ઘણી અજ્ઞાન, અંધશ્રદ્ધાળુ અને ઝનૂની છે. પંજાબ એ ભારત દેશનો અન્નભંડાર ગણાતો હતો તે એમને મળવા છતાં અન્ન પરદેશથી મંગાવવું પડે છે. હિંદ દેશ પ્રત્યેના દ્વેષ તથા અણવિશ્વાસના કારણે તેમને અબજો રૂપિયા સૈન્ય પાછળ ખર્ચવા પડે છે અને તેટલા માટે અમેરિકાની જાળમાં ફસાઇ પડ્યા છે. મને અને મારા જેવા લાખો માણસોને પાકિસ્તાનને માટે દયા આવતી હતી—મને વિચાર આવતો કે આ બિચારા લોકો કેમ પ્રગતિ કરી શકતા નથી ?

હવે મને હિંદ દેશ માટે દયા આવે છે. જે દેશમાં સંપ નથી તેનું સત્યાનાશ જાય છે. હોડીમાં મોટી બખોલ પડી જાય તેના જેવો કુસંપ છે. પૃથ્વીરાજ ચૌહાણ અને બીજા રાજપૂત રાજાઓએ અનેક મુસ્લિમ હલ્લાઓને હરાવેલા. પણ એ રાજાઓ એકત્ર થઈને સંગઠિત હોત તો મુસ્લિમોનું રાજ્ય હિંદમાં સ્થપાયું ન હોત. પણ દ્વેષ, અને વૈરવૃત્તિ, તથા નાદાનીને લીધે રાજપૂતો અરસપરસ વહારે દોડ્યા નહીં અને ૬૦૦–૭૦૦ વર્ષ સુધી મુસ્લિમ વંશોએ ભારતદેશમાં રાજ્ય કર્યું. વીસમી સદીનાં ચાળીસેક વર્ષ સુધી આપણે સંપીલા રહ્યા અને બીજાં અનેક કારણોને લઇને આપણે બ્રિટિશરોની નાગચૂડમાંથી મુક્ત થયા.

પાકિસ્તાન પર દયા લાવનારા હિંદીઓ હવે આપણા દેશની ફજેતી જુઓ. કૉંગ્રેસ પક્ષની ઇજ્જત આબરૂ તો ૧૮૮૫ થી ૧૯૪૭ સુધીનાં હિંદીઓને આભારી છે. એ આબરૂ હવે રહી નથી. હિંદના દરેક પેટા રાષ્ટ્રમાં કૉંગ્રેસીઓ માંહોમાંહે સતત ઝગડ્યા કરે છે. બીચારા સમાજવાદીઓ પણ એકત્ર નથી અને મક્કમ ગણાતા સામ્યવાદીઓમાં ભારે ફાટફૂટ થોડાં વર્ષોથી ચાલ્યાં જ કરે છે.

દ્રાવિડ પ્રજાઓને ઉત્તર હિંદુસ્તાનીઓ કદી ન્યાય આપવાના નથી એ માન્યતા બધા દ્રવિડ દેશોમાં છે, જો કે દ્રવિડસ્થાનની માગણી આજ સુધી મર્યાદિત રહી છે. હમણાં જ બંગાળીઓને આસામમાંથી હાંકી કાઢ્યા એ શરમજનક બનાવની પાછળની હકીકત સૌ હિંદીઓને અકળાવી મૂકે એવી છે. બંગાળીઓથી ગુજરાતીઓ અને મારવાડીઓ ખમાતા નથી. ઉત્તર પ્રદેશના પૂરબીઓ (પૂર્વના) અને પશ્ચિમના લોકો વચ્ચે દુશ્મનાવટ છે. તેવું જ બિહારમાં છે. નાના સરખા પંજાબમાં ભારે અજંપો અને સતત ઝગડા ચાલ્યા જ કરે છે.

નાગ પ્રદેશનું સ્વતંત્ર રાષ્ટ્ર કર્યાં પછી પણ ત્યાં પરમ શાંતિ છવાઇ જશે એવું માનનારો કોઈ મૂર્ખ હશે નહીં. ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે વિખવાદ રહ્યો નથી એમ કહી ન શકાય. મહારાષ્ટ્ર અને મૈસૂર વચ્ચે પણ વર્ષોથી ઝગડા ચાલ્યા કરે છે. જનસંઘ અને ગોળવળકરના રાષ્ટ્રીય સેવક સંઘને "હિંદુસ્તાન" રચવાની એટલે મુસ્લિમોને હાંકી કાઢવાની છૂપી ઇચ્છા હોય કે નહીં તે કોણ જાણે! અને કોઈ સાવરકરીને આખા હિંદ દેશ પર મહારાષ્ટ્રીય પદપાદશાહી જમાવી દેવાની વાત બહાર પડે તો બહુ આશ્ચર્ય થાય ખરું?

પંચતંત્રની બહુ જૂની વાત સાંભરી આવે છે. લાકડીઓના ભારામાંથી એકેક છૂટી લાકડીને આપણે ભાંગી શકીએ છીએ, પણ બધી એકઠી બાંધી દીધી હોય તે ભારાને ભાંગી શકાતો નથી. હમણાં હમણાં એક સામાન્ય ભાષાના કારણે કે બીજા કારણે હિંદ દેશના ભાગલાઓ પાડવાનું જે ગાંડપણ આપણા દેશમાં ફેલાઇ રહ્યું છે તે અટકાવી દેવાની જરૂર છે.

એકલા અમદાવાદ શહેરમાં હજારો મહારાષ્ટ્રીઓ કમાઈ ખાય છે. શા માટે મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ ન રહે, કમાઇ ખાય નહીં?

એક તરફથી દ્રાવિડો બૂમરાણ કરે છે કે ઉત્તર હિંદમાં દ્રાવિડોને મોટી નોકરીઓ અને રાજ્યવ્યવસ્થામાં ઓછું સ્થાન મળે છે; બીજી તરફથી એમ કહેવાય છે કે દક્ષિણનો કોઈ પ્રધાન કે અમલદાર હશે તો તે ન્યાયથી કે નિષ્પક્ષતાથી નવી નિમણૂકો કરવાને બદલે દક્ષિણના માણસને જ ઘૂસાડી દે છે. પરિણામે દિલ્લીમાં એટલા બધા મેનનો ઘૂસી ગયા છે કે હિંદ દેશને 'મેનનાઇટીસ'નો રોગ લાગુ પડ્યો હોય તેવું જણાય છે! લોકોની બૂમરાણ છે કે બ્રાહ્મણ બ્રાહ્મણને અને પટેલ પટેલને એમ સૌ ન્યાતવાર નોકરીઓમાં ઘૂસાડે છે કે તેમને બીજી રીતના લાભ મેળવી આપે છે.

આવી પ્રાંતીય, ભાષાની અને ન્યાતોની સંકુચિત લાગણીથી દેશને પારાવાર નુકસાન થઇ રહ્યું છે.

જો આપણી રાષ્ટ્રીય ભાવના ઢીલી પડે અને હિંદીઓ માંહોમાંહે ઝગડ્યા કરે, અને વૈરવૃત્તિ રાખે તો તો જેવી રીતે આપણે મુસ્લિમોના હલ્લાઓ વખતે છિન્નભિન્ન થઇને હાર્યા હતા તેવી જ રીતે ભવિષ્યમાં જો કોઈ બીજું રાષ્ટ્ર આપણા રાષ્ટ્રને ખંડિત કરવાને આવશે તો આપણે સહેલાઇથી હારી જઇશું.

તેથી હું હિંદીઓને પોકાર સંભળાવું છું કે સાવધાન! સમય વરતી જાઓ! સાવધાન!

★

આવા સમયમાં વળી દિવાળીનાં રંગરોશની કેવાં?

વૈદ્ય મોહનલાલ કૃ. ભટ્ટ

એક દિવસ એક પાર્ટીમાં જવાનું થયું અને આગામી દિવાળીના તહેવાર વિશે વાત નીકળી. શ્રી એકસે કહ્યું: "આવા વખતમાં દિવાળી કેવી ઊજવવાની હોય?" શ્રીમાન એકસ સમાજમાં પ્રતિષ્ઠિત છે. વ્યાપારનો અને જાહેર સંસ્થાઓ ચલાવવાનો બહોળો અનુભવ ધરાવે છે. એક જણે પ્રશ્ન કર્યો: "કેમ કાકા! આમ બોલો છો? તમારે શું દુઃખ છે? દામ, દામ, ઠામ ત્રણેય તમારી પાસે છે. દીકરા કમાઉ છે. તમારે પણ એ ત્રણ પાસની આવક છે. તમે શા દુઃખે દિવાળી ન ઊજવો?"

શ્રી એકસ કહે: "ભાઈ, પહેલાંના જેવા ખુશનુમા અને હેમખેમના દિ ક્યાં રહ્યા છે! અમારી વાત તો ઠીક છે, પણ આ મધ્યમ વર્ગની સ્થિતિનો વિચાર કરોને! માથાની ટાલ પાડી દે તેવી કારમી મોંઘવારીની ભીંસમાં તે દબાઈ રહ્યો છે! ન કોઈને દુઃખ કહેવાય, ન કેમે કરી સહેવાય, ન ભીખ મંગાય, ન ગરીબ વર્ગમાં નામ લખાવી તેનો લાભ લેવાય! અનાજ પાણી મોંઘાં. ઘી પહેલાં તો વાર તહેવારે દેખાતા તે ય હવે સ્વપ્ના જેવું બન્યું છે. *ડાલડાયુગની આજ તો બલિહારી છે! જૂનાં દેવાં નહિ પત્યાં હોય ત્યાં દિવાળીના રંગ*—આતશબાજી અને ખાણીપીણી ખાતર જ્યાંથી ત્યાંથી ઉછીના પાછીના કરી એ દિવાળીના દિવસમાં જેમ કોઈ તમાચો મારી લાલ ગાલ રાખે તેમ રંગ રાખશે! અને આપણે બધાએ લોભાલાભનો વિચાર કર્યા વિના સંજેરી, સેવ, ઘૂઘરા, અને ડાલડાની બધી જ મિઠાઈઓ આનંદથી આરોગશું. જુઓને આ તેલનો શો ભાવ ચડવા બેઠો છે! લડાઈના વખતમાં જે ભાવ હતા તે અથવા તેના કરતાં કંઈક ગણા ખાદ્ય ચીજોના ભાવ થઈ ગયા છે. અને મોંઘવારી થવાથી કંઈક કુટુંબોમાં કૂવો પૂરવાના કે અન્ય રીતે આપઘાતના કિસ્સા બનવા પામે છે. જૂના રાજ્યને આપણે વગોવતા હતા. પૂ. ગાંધીજી અંગ્રેજી વહીવટી તંત્રને રાક્ષસી અર્થતંત્ર કહેતા! તો આ નવા રાજકર્તાઓએ શો સુધારો કર્યો? ભાઈ, અમને તો જંગલ—જંગલરાજ જેવું દેખાય છે. આ તે કંઈ રાજ છે! વળી તે પોતે તો આને 'કલ્યાણ રાજ' કહેવરાવે છે! સાચે જ જેનો રાજા વ્યાપારી તેની પ્રજા ભિખારી, એમ પહેલાંના ધર્મિષ્ઠ લોકો કહેતા તે વાત સાચી પડતી લાગે છે. વ્યાપાર પણ રાજ્યના હાથમાં! અથવા રાજ્ય સાથે ગાઢ સંબંધ ધરાવતાના હાથમાં! કંટ્રોલ – પરવાના – રુશ્વત—આ બધી નાગચૂડમાં મધ્યમ વર્ગ સિવાય કોનો મરો થાય છે? એ તો વિચારો ભલા! આ જમીનના કાયદા કર્યા તેમાં મધ્યમ વર્ગની રાંડીરાંડોની આજીવિકાની જમીનો પણ, સાંભળ્યું છે કે, જતી રહેશે. અને રહેશે તો પણ ખેડૂત વર્ગને બહુ બેકાબૂથી શાહુકાર ને ભાગ-બટાઈમાં શું દેવું છે! એમજ માની આક્ષેપ થાય છે. એની ખબર તો જેમને વેઠવું પડે છે તેમની જાતે જઈ જુબાની લેવાથી ખબર પડે. આજે જે સુધારા માટે તપાસ પંચ નિમાય છે તે પૂછે છે કોને! બહુધા અમલદાર વર્ગને અથવા રાજકર્તા વર્ગના આગેવાનોને. સામાન્ય

જનતાનો સંપર્ક કયારે સધાતો નથી. રાજકર્તા વર્ગ કહેશે કે, ' પક્ષના નેતા એ પબ્લિક-માંથી ચુંટાઈ આવે છે ને! એ જનતાનો અવાજ રજૂ કરે છે. ' જ્યારે હકીકત તો તદન જુદી જ છે. આ તો પ્રજાની આર્થિક અને સામાજિક અકળામણની વાત થઇ.

" હવે નૈતિક બાબતો જોઈએ. કાયદાતંત્રમાં જુઓ તો કાયદાપોથી પર કાયદા સાજા સમા છે, પણ અમલમાં શિથિલતા છે. નહિ તો, રોજ વર્તમાનપત્રમાં—પરફેડી, લૂંટ, ચોરી, નજીવી બાબતોમાં ખૂન કે અંગછેદ, ભૂખમરાને લીધે ઝેર ખાવાના કે કૂવા પૂરવાના બનાવો, કૌટુંબિક સામાજિક કે ગુંડાઓ તરફની સતામણી કે બળાત્કારના બનાવો અને તેથી તેમનાં અગ્નિસ્નાન કે ફાંસો ખાઈને પણ ઈજ્જત સાચવવાની મથામણ; એક બીજાનાં ખૂન કે કાયમી સતામણી, પ્રજા પર અમલદારોનો ખાનગીમાં ત્રાસ-એવા એવા કંઇક સમાચાર આવે જ જાય છે. છતાં આપણે બધા માનીએ છીએ કે શાન્તિ છે અને સબ સલામત છે! વાસ્તવિક રીતે આને સ્મશાન શાન્તિ કહેવાય. આવી સ્મશાન શાન્તિમાં દિવાળીના રંગરાગ ને રોશનીઓ—ફટાકડા અને ખાણીપીણી કોને ગમે? પ્રજાની મિટ્ટી જ બગડી ગઇ છે. તેને સાફ કરવાની અને સમાજના માળખાનું ધરમૂળથી નવું ઘડતર કરવાની જરૂર ઊભી થઇ છે."

એકે પ્રશ્ન કર્યો : " કાકા! ધારો કે તમારા મતના બધા રાજ કરવા આવે તો શું આ મોંઘવારી, ચોરી, ખૂન, આપઘાત બધું એક દાયકામાં સુધારી દો! અમને તો લાગે છે કે આજે દુનિયાભરમાં ચીજવસ્તુની મોંઘવારી છે. અને દાળખમે લોકોનાં મન કલહ-પ્રિય થયાં છે. એમાં કોઈ રાજકર્તા જાદુ કરી અન્યથા કરી શકે નહિ."

શ્રી એકસ: " મોંઘવારીની વાત કરો છો તો પડોશમાં પાકિસ્તાનનો દાખલો જુઓ. ત્યાં છથી સાત રૂપીએ મણ દેશી ઘઉં વેચાય છે. ચોખા પણ આપણે ત્યાં મળે છે તે કરતાં સારા અને સસ્તા. દૂધ ઘી પણ સસ્તાં છે. તો ત્યાંનું તંત્ર ભાવનિયમનની કેમ વ્યવસ્થા કરતું હશે? તેઓ આપણા જ યુગમાં જીવે છે ને? દુનિયાની મોંઘવારી તેમને પણ અસર કરતી જ હોય ને! પણ ભાઇ, આપણે તો ' જીવનધોરણ ઊંચું લાવવું છે માટે ભાવ વધારો '—એટલે લોકોની ખરીદશક્તિ વધશે—જેમની શક્તિ નહિ હોય તેઓ આળસ ત્યજી ઉદ્યમી બનશે. આમ દેશ બેઉ ઉપયોગો થશે. માટે ભાવવધારો જારી રહે એ જ ઠીક છે! અને આવતી ભાવી પેઢી માટે આપણે જરા કષ્ટ, વધુ કષ્ટ સહન કરી લઇએ એમાં ખોટું શું!—આ છે આપણા નવા અર્થશાસ્ત્રીઓની ફિલસૂફી. અને તે માટે દેશમાંથી ગરીબાઈને દેશવટો દેવા નવીનવી યોજનાઓ હાથ ધરવી રહી. અને યોજનાઓ માટે જરા દુઃખ અને વધારે કરકસર, અરે પેટપાટા બાંધીને પણ ભારે કરવેરા ભરવા અને ભવિષ્યમાં નવા આવે તે હસતે મોંએ સહન કરવા આ છે બીજો મુદ્દો.

અનાજના ભાવ તેજ રહે. અને ખાદ્ય પદાર્થોની મોંઘવારી થાય—ખાદ્યેતર ચીજો જેવી કે કાપડ, લોખંડ, સીમેન્ટ, રબર, સોનું, ચાંદી ઇ૦ ચીજોના ભાવો આપણા દેશના અર્થતંત્રનો ઉદ્ધાર કરવા વધારવામાં આવેલી જકાતોને જ આભારી છે ને ? ગામડાનાં લોકો તો કહે છે કે અમારા એક રાજા બાપુ હતા તે સારું હતું. હવે તો જેટલા જેટલા સાહેબો અમારા ગામ આવે તે બધા જ ટેકસ કે જકાત ઉઘરાવવા જ આવે છે, એમ અમને તો લાગે છે. કંઈક ઓફિસોમાં કાગળ પર પેપર વેઈટ મૂકીએ તો જ કાગળ ટેબલ પર રહે, નહિ તો ઊડીને કયાંય વહ્યો જાય છે ! અને લોકોનાં કલહપ્રિય મનની વાત કરો છો એમાં કાળધર્મની વાત સાચી પણ મહર્ષિ મહાભારતકારે કહ્યું છે કે 'राजा कालस्य कारणम् ॥' દેશકાળ ખરાબ આવે અથવા સુકાળ–દુષ્કાળ પ્રવર્તે એમાં રાજા કે રાજકર્તા જ કારણ છે. મહાભારતકાર ત્રિકાલદર્શી ભગવાન વ્યાસના શબ્દો અક્ષરશઃ સાચા છે. રાજ્યને સુરાજ્ય બનાવવું તે રાજકર્તાની ફરજ છે. આપણને સ્વરાજ્ય મળ્યું છે. રાજ્યના ઉપલા થરના નેતાઓ બહુ જ શાણા, જાગૃત અને દેશાભિમાનરત હોઈ દેશને ઊંચે લાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. પણ તેમના મદદનીશો, તેમના આશ્રિત અને ઇતરજનો પ્રજા સાથેના પોતાના સુયોગ્ય વર્તાવથી પ્રજાનો વિશ્વાસ અને સહકાર પ્રાપ્ત કરી શકતા નથી. એટલે સુરાજ્ય થતું નથી.

"લોનોમાં નાણાં ભરાય કે પ્રધાનોના આવાગમન વખતે સભામંચ પર વાહવાહનાં સંભાષણો થાય; સાંસ્કૃતિક પ્રોગ્રામો કે ઉદ્‌ઘાટન વિધિઓના સમારંભો ઊજવાય તેથી પ્રજાની આબાદી કે સંતોષનું માપ કાઢવાનું નથી. પહેલાં રાજાની જે ફરજો હતી તે જ ફરજો રાજકર્તાની આજેય એવી જ રહે છે. કવિ કાલિદાસ કહે છે :

> प्रजानां विनयाधानाद् रक्षणाद् भरणाद् अपि ।
> स पिता पितरः तासां केवलं जन्महेतवः ॥ रघुवंश

પ્રજાઓને વિનય=સંસ્કાર કે કેળવણી આપવી, વિનય અને વિવેકવાળી, બુદ્ધિમાન અને કલાહુન્નરનિપુણ બનાવવી એ પ્રથમ ફરજ. (૨) રક્ષણ આપવું—રોગોથી...પરચક્રથી અને સ્વચક્રથી એટલે પોતાના જ રાજ્યના અમલદાર–ડાકુ વગેરે પ્રજાને રંજાડતા હોય એમનાથી રક્ષણ આપવું એ બીજી ફરજ. (૩) પોતે ભૂખ્યા રહીને પણ પ્રજાનું ભરણપોષણ કરવું, એ ત્રીજી ફરજ. શ્રી રામચંદ્રજીએ ભરતને પ્રજાપાલન માટે ઉપદેશ આપતાં કહ્યું હતું કે રાજ્યનો મુખી પોતે ખાય પીએ છે તેણે પ્રજાને પણ ખાનપાન પહોંચે છે કે કેમ તેની તપાસ રાખવી જોઈએ. જેમ મુખ બધી ચીજો ખાય છે પણ શરીરના અદનામાં અદના ભાગને પોષણ મળે છે તેમ. રાજા રંતિદેવ, વિક્રમ, વગેરે અનેક રાજાઓનાં ચરિત્રો આ જ ઉપદેશ આપે છે. શું આજે આપણા યુગના રાજકર્તાઓમાં તેઓના જેવો પ્રજાપ્રેમ દેખાય છે ? આજે દેશમાં દુકાળ પડે તો આપણામાંના કેટલા ભોજનનો ત્યાગ કરવા તૈયાર થાય ? કવિ કહે છે કે ઉપરોક્ત ત્રણ પ્રકારની મહાન જવાબદારીઓ અદા કરીને રઘુ રાજાએ પ્રજાના પિતાનું બિરુદ મેળવ્યું હતું. તેમના જન્મદાતા પિતાઓ તો કેવળ નામમાત્ર જ હતા.

શ્રી એકરસે આગળ ચલાવ્યું : "આજે પ્રજામાં રાજકર્તાઓએ પોતાના વર્તનથી દાખલો બેસાડીને નીતિમત્તા વધારવાની જરૂર છે. જ્યાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા છે અને સાચો

જમીનનો પ્રશ્ન

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા

[ગુજરાત વિધાનસભામાં જમીન-ટોચ-મર્યાદા બિલ ઉપર ચર્ચા કરતાં તા. ૨૦-૯-૬૦ના રોજ આપેલું મનનીય ઐતિહાસિક વ્યાખ્યાન.]

આ બિલને રજૂ કરતાં ગૃહ-જમીન ખાતાના પ્રધાને જે નિવેદન કર્યું છે અને કેટલીક સ્પષ્ટતાઓ કરી છે એ માટે હું તેઓને અભિનંદન આપું છું. એક વાત તદ્દન સાચી છે કે ભારતમાં ૫૫૦ રજવાડાંઓ નાબૂદ થયાં છે ત્યારે ભારતના કલ્યાણ માટે થોડા માણસો પાસે હજારો અને લાખો એકર જેટલી જમીન રહે એ જાતની નીતિ કોઈ દિવસ ચાલી શકે નહીં. જ્યારે ગણોતનો કાયદો આવ્યો ત્યારે એની સામે વિરોધનો વંટોળ ગુજરાતભરમાં ઊપડ્યો હતો. તે અંગે તે પછીની ચૂંટણીઓ વખતે મતદારોને સમજાવવામાં આવ્યા કે ભારતમાં રાજાઓએ જ્યારે પોતાનાં રાજપાટ, રાજમુગટ વગેરે ભારત સરકારને ચરણે ધર્યાં છે ત્યારે તમે તાળીઓ પાડતા હતા; પણ હવે જ્યારે આપણી નીચે રેલો આવ્યો ત્યારે વિરોધ કરીએ એ બરાબર નથી. અમારા વિભાગમાં મારી આ દલીલ તેઓના ગળે ઊતરી અને વિરોધનો વંટોળ કંઈક અંશે શમી ગયો. ગણોતધારામાં ઘણી ક્ષતિઓ છે અને એટલા માટે જ ગઈ કાલે પ્રધાન શ્રી. રસિકભાઈને તે બિલ પાછું લાવવું પડ્યું હતું. આ બિલને પરિણામે પરિસ્થિતિ એ ઊભી થઈ છે કે જે લોકો પારકાના પરસેવા ઉપર જીવતા હતા, જેમના હાથમાં મોટા ભાગની જમીન હતી તે જમીન તેમના ગણોતિયાના હાથમાં ગઈ. આ બિલ ઉપર હું વિગતવાર ચર્ચા કરું તે પહેલાં મારે એક સ્પષ્ટતા કરવાની જરૂર છે. કારણ કે આજે પરિસ્થિતિ એવી છે કે આ બિલના સંબંધમાં જો માત્ર પ્રશંસા ન કરવામાં આવે, અને કંઈક સૂચનો કરવામાં આવે તો એ માણસ પ્રગતિશીલ વિચારસરણી ધરાવતો નથી પણ મોટા જમીનદારનો, મોટા ખાતેદારનો ટેકેદાર છે, બાંધીઓ છે એવો ભ્રમ પેદા થવાનો સંભવ છે. એટલે હું અહીંઆ કોઈ મોટા જમીનદારનો ટેકેદાર થઈને સૂચનો કરવા માટે ઊભો થયો નથી. આ સભાગૃહમાં ઘણા યુવાન મિત્રો નવા આવેલા છે. એમનો જ્યારે જન્મ નહિ હોય, કે એમનો રાજકીય રીતે જન્મ નહિ હોય તે વખતે, ઈ. ૧૯૨૧માં, દેશમાં જ્યારે ગાંધીજીએ હાકલ કરી ત્યારે મારી પાસે જે કંઈ મિલકત હતી તે મેં સમર્પણ કરી હતી. ત્યાર પછી-૧૯૨૧માં ગાંધીજીએ આદિવાસીઓના ઉત્કર્ષ માટે આદેશ આપ્યો. એ આદેશ માથે ચડાવીને આજ સુધી હું આદિવાસીઓની યથાશક્તિ સેવા કરતો આવ્યો છું. આજે ૫૦૦-૫૫૦ છોકરાઓ ગાબારી આદિવાસી આશ્રમશાળામાં ભણે છે અને ત્યાં હું મારું જીવન ગુજારું છું. પણ એનો અર્થ એમ નથી કે આ સભાગૃહના યુવાન મિત્રો અને જેઓ પછાત વર્ગના છે તેમના હૈયે ગરીબ લોકોનું હિત નથી તેઓની હું કદર કરું છું. પણ ગરીબના હિતનો ઈજારો માત્ર યુવાન લોકોને છે એ જાતનો ભ્રમ ન થાય એટલા માટે મેં આ સ્પષ્ટતા કરી છે.

સરચાર્જનો વિરોધ

એક બીજી વાત હું કરું. મુંબઈ ધારાસભાની બેઠક પૂનામાં મળી હતી તે વખતે જમીન ઉપર સરચાર્જ નાખવા માટેનું બિલ ધારાસભામાં આવેલું. આ બિલમાં જ વર્ગની જમીન

ઉપર ૨૫ ટકા, ચ વર્ગની જમીન ઉપર ૫૦ ટકા અને ક વર્ગની જમીન ઉપર ૭૫ ટકા અને ઢ વર્ગની જમીન ઉપર ૧૦૦ ટકા સરચાર્જ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બિલથી મને દુઃખ થયું હતું કારણ કે ૧૦૦ ટકા જેટલો સરચાર્જ હલકી જમીનવાળા પાસે લેવો એ અન્યાયી પગલું હતું. એટલા માટે મેં આ બિલ સામે દરેક સભ્યને અપીલ કરી અને એ વખતે ગુજરાત તેમ જ મહારાષ્ટ્ર અને કર્ણાટકના એકેએક ભાઈએ મારી અપીલને સમર્થન આપ્યું અને પરિણામે છપાયેલું બિલ પછાત વર્ગના હિતને કારણે અભરાઈએ ચડાવવામાં આવ્યું. આટલી સ્પષ્ટતા પછી આ બિલ સંબંધમાં હું મારા વિચારો રજૂ કરીશ.

ચરી ખાવાનાં બારાં બંધ

સૌથી પહેલાં, શ્રી રસિકભાઈ પ્રત્યે મારી સહાનુભૂતિ જાહેર કરું છું. જ્યારથી આ બિલ આવ્યું છે ત્યારથી એમના ખાટલામાં માંકડ પડયા છે, તેઓ સુખેથી ઊંઘતા હશે કે કેમ એની મને ખબર નથી, તેઓ કયારે ઊંઘી શકશે એ હું કહી શકતો નથી. મુંબઈમાં આ બિલ આવ્યું હતું તેની બીજી સુધારેલી આવૃત્તિ આવી છે. એમાં જે બેત્રણ ફેરફારો છે તે આવકારદાયક ફેરફારો છે. એક ફેરફાર કે જેના સંબંધે ખેડૂતોમાં મોટો વિરોધ હતો તે ૩૬૦૦ રૂપિયાની ચોખ્ખી આવક ખાતેદારો માટે કરી હતી. એ ૩૬૦૦ રૂપિયાની આવકને આ બિલમાં લક્ષમાં લેવામાં આવી છે પણ કાયદામાં સ્થાન આપ્યું નથી. આથી સિદ્ધાંતનો કોઈ ભોગ આપેલો નથી. પરંતુ કાયદામાં ૩૬૦૦ રૂપિયાનો ઉલ્લેખ નથી. અને આ ૩૬૦૦ રૂપિયાની આવકની જમીન નક્કી કરવા માટે અમલદારોને ચરી ખાવાનું મળશે નહીં અને તે લોકોનાં ચરી ખાવા માટેનાં બારણાં બંધ થઈ ગયાં છે. ગણોત બિલ રજૂ કરનાર પ્રધાનો અને આ ટોચમર્યાદાનાં બિલો રજૂ કરનાર પ્રધાનો આવશે અને જશે પણ ગણોત બિલમાં, ટેનન્સી એક્ટમાં જમીનની કિંમત નક્કી નહોતી કરી અને પરિણામે અમલદારોને પાછલે બારણેથી કમાવાનું મળતું (તાળીઓ). તાળીઓ પાડવા જેવો આ સવાલ નથી, દુઃખનો સવાલ છે. પણ આને માટેનો છેદ આ બિલમાં ઉડાડવામાં આવ્યો છે તે માટે હું પ્રધાનને અંતઃકરણપૂર્વક અભિનંદન આપીશ. એટલે આ બધા પછી ટોચમર્યાદાની બિલની આવશ્યકતા કરી શકે કારણ કે જે દેશમાં અનેક જમીનદારીની પ્રથા હોય, દરભંગાના મહારાજા પાસે બે કરોડની આવક જેટલી જમીન હતી, જેના મુકાબલે ગુજરાતનું રજવાડું કાંઈ હિસાબમાં નથી.

ચોથી વખતની પુમડી

યુ. પી., બિહાર, બંગાળ, હૈદ્રાબાદ ગમે તે ઠેકાણે આવી જમીનદારી હતી, એટલે પ્લાંગનિં કમિશને–પ્લાનિંગ કમિશનના સભ્યો અને ભારતની નીતિ જેના હાથમાં છે એ લોકો, આ વસ્તુ ન ચલાવે એ સમજી શકાય એવી વાત છે. શ્રી રસિકભાઈએ પોતાના ભાષણમાં ખુલાસો કર્યો છે કે આ બિલનો હેતુ, રખે કોઈ એમ માને કે તમામ જમીન વગરના લોકોને જમીન આપવાનો છે. આ બિલ જે જે રાજ્યોમાં પ્રગટ થયું છે એમાં એ હેતુ સ્પષ્ટ નીકળે છે કે एक ढांचो तैयार करवो, जेमां खेडूत मालिक बने अने तेने स्थिरता मळे, ए छे. मारे सवाल करवानो रहे छे के गुजरातमां जमीनदारी नाबूद थइ छे, सौराष्ट्रमांथी गीरासदारी नाबूद करी छे, इनामी लेन्ड गइ छे, अने बीजी घणी जातनी जागीरो नाबूद करी अने रैयतवारी तो पहेलेथी ज चाले छे. तेथी आ बिलमांथी आपणने थोडी

જમીન મળે એ સમજાય એવું છે. કપાસના ખેતરમાં પહેલી વણુણીમાં વીઘે બે મણ, બીજી વણુણીમાં ત્રણ ચાર મણ, ત્રીજી વણુણીમાં બે ત્રણ મણ અને ચોથી વણુણીમાં સ્પીકર સાહેબ, આપ ખેડૂત છો, આપને ખબર છે કે, પાંચ શેર પુમડી આવે. એટલે ગુજરાતના ખેતરમાંથી ૧૯૩૯થી માંડીને અને ખાસ કરીને ૧૯૪૮ના કાયદાથી માંડીને જમીનની વણુણી કરવામાં આવી છે. એટલે આ બિલ આવ્યું છે એ ચોથી વખતની પુમડી વણવાનું બિલ છે. એટલે એક વીઘે પાંચ રતલ મળે તો નાસીપાસ થવાનું કારણ નથી. આ પ્રદેશમાંથી અત્યાર પહેલાં ઘણી જમીન ગણોત કાયદાથી મળી ચૂકી છે એ સમજી શકાય એવું છે. વિરોધ પક્ષના નેતાએ સવારે મહેસૂલ પ્રધાનને અભિનંદન આપ્યાં કે થોડે જોખમે વધારે લાભ મળે, અલ્પ પુણ્યે મહાફળ પ્રાપ્ત થાય એવો કીમિયો કર્યો !

ગુજરાતને મુક્તિ આપો

મારું એમ કહેવું છે, કે ગુજરાતમાં વ્યવહારુ માણસો વસે છે. જો આટલી ઓછી જમીન મળતી હોય, અઢી લાખ જમીન વિનાનાં કુટુંબો છે એની વચ્ચે બે લાખ એકર જમીન વહેંચાય તો ૧૨–૧૫ હજાર માણસોને આપી શકશું એટલે ઘણો મોટો ભાગ એમને એમ રહેવાનો. એને માટે ઉદ્યોગો, દુઝાણું અને બીજા ઉપાયો લેવા પડશે. ત્યારે પ્લાનિંગ કમિશનને ભારપૂર્વક કહી શકતા હોય કે બીજાં રાજ્યોએ ગણોતધારા કર્યાં નહોતા, કે ઘણા મોડા કર્યાં જ્યારે મુંબઈ રાજ્યે ૧૯૩૯થી અને ખરા રૂપમાં ૧૯૪૮થી ગણોતધારો કર્યો છે એટલે જેટલી જમીન મળવી જોઈતી હતી એ મળી ગઈ છે અને ગણોતિયા માલિક થઈને બેઠા છે. જો હવે થોડી જ જમીન મળતી હોય, લોકોને મનદુઃખ થતું હોય તો ગુજરાત રાજ્ય આ બિલમાંથી મુક્તિ આપવાનું કહી શકતું હોય તો કહેવા જેવો પ્રસંગ છે.

જોખમ વહોરીને આજ્ઞાપાલન

આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતનો એક શિરસ્તો છેઃ દેશના કલ્યાણમાં, ગુજરાત મોખરે છે. એટલે આ વાત શ્રી રસિકભાઈને ગળે ન ઊતરે. આપણે કેટલાંક જોખમો વહોરીને આપણા વરિષ્ઠોની આજ્ઞા માનીએ છીએ. પહેલો ઝેરનો ઘુંટડો આપણે જ્યારે ત્રણ રાજ્યોની ફોર્મ્યુલા સ્થાઈ અને પાછી પલટી ગઈ, ત્યારે આ એક જ આદેશથી કર્યું કે વરિષ્ઠ સત્તા કોંગ્રેસની છે અને તેના નેતાનો આદેશ ઉઠાવવો પડે. પછી ત્રણ રાજ્યોમાંથી બે રાજ્યો આવ્યાં અને કામધેનુ જેવું મુંબઈ અલોપ થઈ ગયું ત્યારે બીજી વખત આ વાત સ્વીકારી. ફરી આ ત્રીજી વખત મારી હિંમત ચાલતી નથી શ્રી રસિકભાઈને કહેવાની કે નવી દેશો પારો. પરંતુ આજે બિલ જે રૂપમાં આવ્યું છે એમાં થોડાંક સૂચનો કરવામાં આવે અને એનો સ્વીકાર થાય તો આ બિલ આ દેશની નીતિ સાથે સુસંગત થાય એવું છે.

જમીનનું વર્ગીકરણ

એક બીજી વાત. જમીનનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે એ વૈજ્ઞાનિક રીતે થવું જોઈએ. આમ તો જેમણે 'અ', 'બ', 'ક', વગેરે વર્ગ પાડ્યા એ પાડવામાં કાંઈક ધોરણ લીધું હશે. પણ આવું ધોરણ મદ્રાસે વધુ વૈજ્ઞાનિક રીતે લીધેલું છે. એમણે જમીનના પ્રકારો પાડ્યા છે. સેટલમેન્ટ અને સોઈલ ક્લાસીફિકેશન એ બન્ને ધ્યાનમાં લઈને

જમીનના વર્ગ પાડ્યા છે. ૧૦ રૂપિયા અને તેની ઉપરની આકારની જમીન એનો 'ક' વર્ગ, દસની નીચે અને આઠની ઉપર એવી જમીનના એક પૂર્ણાંક એક અષ્ટમાંશ એકર બરાબર પહેલા વર્ગની એક એકર. આ પછી ચાર ઉપર અને આઠ નીચેની જમીનના એક પૂર્ણાંક ત્રણ પંચમાંશ એકર એ પહેલાના એક એકર બરાબર. આ પ્રમાણે કલાસીફિકેશન જમીન અને મહેસૂલ ધ્યાનમાં લઈને કર્યું છે. આ પ્રમાણે ગુજરાતના નવા બનેલા આખા રાજ્ય વિષે કહી શકતો નથી કારણ કે બધે રીતસરની જમીનની આંકણી થઈ નહોતી. કાઠિયાવાડમાં ભાવનગર, ગોંડલ સિવાય બાકીની જગ્યાએ ભાગ બટાઈ ચાલતી. પણ જૂના ગુજરાત રાજ્યમાં એકેએક તાલુકે, એકેએક ગામમાં કલાસીફિકેશન થયેલું છે, નંબરવાર મહેસૂલ ઠરેલી છે, જમીનની પ્રત જોઈને થયેલી છે. ઉત્પાદન, માર્કેટિંગ, હવાપાણી વગેરે ધ્યાનમાં લઈ મહેસૂલ ઠરેલી છે. એટલે મારી વિનંતી છે કે બીજાં રાજ્યોએ–આંધ્રમાં પણ આ જ પ્રમાણે સેટલમેન્ટના 'તેરમ' 'taram' ૧થી ૧૦ અને તેલંગણમાં જમીનનું સેટલમેન્ટ કલાસીફિકેશન ધ્યાનમાં લઈને આ વર્ગીકરણ કર્યું છે. આપણે ત્યાં કયા પાયા ઉપર થયું છે એ હું જાણતો નથી, પણ આ પાયા ઉપર ન થયું હોય તો આ પાયા ઉપર કરવું જોઈએ.

એક ભાઈએ કહ્યું કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના માપદંડ જુદા છે. સ્વાભાવિક છે કે જે વસ્તુનો જેને પરિચય હોય ત્યાં તેની ચોકસાઈ હોય છે, જેનો પરિચય ન હોય ત્યાં કોઈના કહેવા ઉપર આધાર રાખવો પડે છે. પરંતુ આ કાંઈ ગુજરાત–સૌરાષ્ટ્રનો સવાલ નથી. સૌરાષ્ટ્રમાં પણ આ વર્ગીકરણ અંગે ફરિયાદ ઉઠેલી છે જ.

સંગીન સૂચનો

જમીનના વર્ગીકરણ સંબંધમાં વૈજ્ઞાનિક રીતે એ વર્ગીકરણ ઠરાવવું જોઈએ એ મારું પહેલું સૂચન છે. બીજું સૂચન મારું એ છે કે આ બિલમાં જે જમીનમર્યાદા મૂકવામાં આવી છે, ૫૬ એકરથી ૧૩૨ એકર સુધીની, તે સંબંધમાં મારે કાંઈ તકરાર કરવાની નથી. થોડીઘણી અહીં તહીં ૨–૫ એકર કરીએ એ જુદી વાત છે. પણ મારો વાંધો એક છે. હિંદુસ્તાનનાં બીજાં રાજ્યોમાં આ અંગે સ્ટાન્ડર્ડ એકરનો પાયો ગણવામાં આવ્યો છે. આપણે ત્યાં સૂકી જમીનને આપણે પાયો ગણીએ છીએ. હું મારા બારડોલી તાલુકાનો દાખલો આપું. આ જે ૫૬ એકરની જમીન–ટોચ–મર્યાદા બાંધવામાં આવી છે, એમાં બારડોલી તાલુકાનાં અમુક ગામો આવશે. આ જે ૫૬ એકરની મર્યાદા છે તે નહેર યોજના જેવી કે કાકરાપાર નહેર, જેવી મોસમી સિંચાઈની યોજના માટે આ જમીનની મર્યાદા ૨૮ એકર રાખવામાં આવી છે. હવે આ જે મર્યાદા છે તે ૫–૧૦ વર્ષે ઉકાઈ જેવી બારમાસી યોજના આવશે ત્યારે એના ૨૮ એકરને બદલે ૧૪ એકર થાય. કેરળ સિવાય હિંદુસ્તાનના કોઈ પણ ભાગમાં આવો કાયદો નથી. કેરળમાં ૧૫ એકર જમીનનો કાયદો છે. આ કાયદો ત્યાં કોણે ઘડેલો છે? જેઓ ઊંધા અસ્ત્રાથી મુંડવામાં માને છે એવી કોમ્યુનિસ્ટ સરકારે. એ સિવાય ભારતભરમાં કોઈ પણ સરકારે આ જાતનું પ્રમાણ સ્ટાન્ડર્ડ એકર તરીકે ૧૫ થી ૩૦ એકર કરતાં ઓછું ઠરાવ્યું નથી. મારું સૂચન એ છે કે ગુજરાતના બિલની અંદર સ્ટાન્ડર્ડ એકર તરીકે ૨૫–૩૦ એકરને પાયો ગણીને, આથી દોઢી કે બમણી જમીન મર્યાદાની મત્તા આ બિલમાં રાખવામાં આવે તો

મોટા વિરોધનો વંટોળ જરૂર ઘણા અંશે શમી જશે. એમ કહેવામાં આવ્યું છે કે સ્ટાન્ડર્ડ એકર એ કાંઇ પેરિનિયલ નથી. પણ ત્યાંના બિલમાં ફર્સ્ટ કલાસ સોર્સ તરીકે જે જમીનને પાણી મળે એ પેરિનિયલ ગણાય. એ વ્યાખ્યા મદ્રાસના બિલની અંદર સ્વીકારવામાં આવી છે. એટલે મદ્રાસે આ ક્લાસીફિકેશન વૈજ્ઞાનિક ધોરણે કર્યું છે. આ પ્રમાણે આમાં ૩૦ એકરની સ્ટાન્ડર્ડ એકર તરીકેની મર્યાદા રાખી છે. આમાં 'अ' વર્ગની જમીન ૩૦ સ્ટાન્ડર્ડ એકર, 'ब' વર્ગની ૩૫ સ્ટાન્ડર્ડ એકર, 'क' વર્ગની જમીન ૪૮ સ્ટાન્ડર્ડ એકર, 'ड' વર્ગની જમીન ૬૦ સ્ટાન્ડર્ડ એકર, 'ई' વર્ગની જમીન ૭૫ સ્ટાન્ડર્ડ એકર, 'एफ' વર્ગની જમીન ૯૦ સ્ટાન્ડર્ડ એકર અને 'जी' વર્ગની જમીન ૧૨૦ સ્ટાન્ડર્ડ એકર. આ રીતે આપણી સાથે એમની ટોચ પણ મળી રહે છે. આપણે ત્યાં આ મર્યાદા ૧૩૨ છે અને ત્યાં ૧૨૦ એકર છે. આખિનો કાયદો જોઈએ. ત્યાં સ્ટાન્ડર્ડ એકમ તરીકે अ વર્ગમાં ૨૭ એકર, बમાં ૩૧, कમાં ૪૫, डમાં ૫૪, 'ई'માં ૧૦૮, 'एफ'માં ૬૧૨, 'जी'માં ૨૧૬ અને એચમાં ૩૨૪ એકર સુધી ત્યાં હોલ્ડીંગ છે. ઉપરાંત કુટુંબના ૫ થી વધુ દરેક માણસ દીઠ એકર વધારે ફેમિલી હોલ્ડીંગ રાખી શકે છે. એ રીતે બિહાર, મૈસૂરમાં ૩ મિનિમમ એરિયા સુધી રાખી શકાય છે. આ ઉપરાંત મદ્રાસમાં સ્ત્રીધન માટે ૧૦ એકર સુધી વધારે રાખી શકે છે. પણ आपणे त्यां सूकी खेतीवाळी जमीन ५६ एकर छे अने त्यां पेरिनियल जमीन ३० एक्र छे. आ पायानो फरक छे. आ जे फरक छे ते सुधारवामां आवशे तो हुं मानुं छुं के खेडूतोने न्याय मळशे.

વળી આ રાજ્યોએ ૫૦ એકર સુધી એક ઠેકાણે અને બીજા રાજ્યમાં સિલિંગનાં ૧/૩ એકર સુધી "મેક્ષીગ-લેન્ડ ખેડૂત राखी शके; एटलुं ज नहि पण वेचाती पण लइ शके तेवी जोगवाइ करेली છે. અને એ ઉપરાંત ઘરોના વાડા અને ઢોર બાંધવા માટેના વાડા અને ખળાં કરવા માટેની ૧૦ એકર જમીન એક રાજ્યમાં રાખી શકે છે. આ બાબતમાં સૌનો વડો પ્લાનિંગ કમિશન છે. એ મદ્રાસ માટે જુદો આદેશ અને આપણા માટે જુદો આદેશ આપે તેમ બની શકે નહિ. બીજાં બધાં રાજ્યોમાં કુટુંબોની અંદર પાંચ માણસ ઉપરાંતના સભ્ય દીઠ ૫ કે ૬ સ્ટાન્ડર્ડ એકર અથવા એક ફેમિલી હોલ્ડીંગ જમીન વધારે એટલે સિલિંગ એરિયાથી ડબલ સુધી યાને એ રાજ્યમાં ૩૦ થી ૨૫ સ્ટાન્ડર્ડ વધારે એકર—એવી જોગવાઈ કરી છે. આપણે એવું કર્યું નથી. કેરળ તો હથોડા અને દાંતરડાવાળું છે પણ તેમાં કુટુંબની જે વ્યાખ્યા છે તેમાં સ્ત્રી અને પતિ અને અપરિણીત ને સગીર છોકરાને કુટુંબમાં ગણવામાં આવ્યાં છે. એટલે પરણેલા ને પુખ્ત વયના છોકરાનું કુટુંબ જુદું ગણવામાં આવ્યું છે. આજ સુધી મને એમ હતું કે આના—(શ્રી પંડ્યા–કોમ્યુનિસ્ટ) વડીલો ઊંધા અસ્ત્રે મૂડે છે પણ એણે પણ વાસ્તવિકતા રાખી છે. હું એમ નથી કહેતો કે બધામાંથી આપણને અનુકૂળ પડે તેવું જ લઈને કાયદો કરીએ. બધા રાજ્યોએ સારું કર્યું છે. આ બાબતમાં એક રાજસ્થાન જુદું છે: ત્યાં રણ છે એટલે ત્યાં રણ જેવો કાયદો છે. એટલે ત્યાં ૨૦ મણ ઘઉં પાકે તેટલા એકરને સ્ટાન્ડર્ડ એકર ગણેલી છે. એટલે બીજાં બધાં રાજ્યોમાં વૈજ્ઞાનિક રીતે અને ધોરણે સિલિંગ ઠરાવેલી છે એટલે એ ધ્યાનમાં રાખવા મારી શ્રી રસિકભાઈને વિનંતી છે.

જમીનની પવિત્રતા

શ્રી રસિકભાઈએ કહ્યું છે કે કિંમત વિષે આમાં બે બાજુ છે: ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ. અમારા લલ્લુભાઈ જેવા કોઈ એમ કહે કે આની પાસે ૪૫ એકર રહે તો પછી વળતર

શું? ત્યારે બીજી બાજુ મારા જેવા એમ કહે કે જમીનની પવિત્રતા જળવાવી જ જોઈએ. પ્રધાન તો આપણે ત્યાં પાંચ છે. અને પાંચ એટલે પરમેશ્વર જેવા. અને તેમાં વહેવારકુશળ ચાર વાણીઆ છે અને એક બ્રાહ્મણ છે.

હિતુભાઇના ભાઈ

પણ અમારા શ્રી હિતુભાઈના (શ્રી હિતેન્દ્ર દેસાઈ) એક ભાઈ ખેડૂત છે. માનો કે મુરબ્બી કાનજીકાકાની મિલકતના બે ભાગ તેઓ કરે–પરંતુ મુ. કાનજીકાકાએ કાંઈ બચાવ્યું હોય તો–જો કે કાંઈ બચાવ્યું હોય તેમ હું માનતો નથી કારણ કે મુ. કાનજીકાકા તો રોટલીઆ હતા–છતાં પણ એમ માની લઈએ કે તેમણે કાંઇ બચાવ્યું હોય અને હિતુભાઈ તથા પ્રમોદભાઈ જુદા થાય અને પ્રમોદભાઈ જમીન રાખે અને હિતુભાઈ બચતના શેર કે લોન પોતાના ભાગમાં લે અને કંઈ રોકડ હોય તે પૈસા બેંકમાં રાખે અથવા તો શેર ખરીદે. એટલે આ બિલ આવ્યા પછી પ્રમોદભાઇને શી અસર થાય તે વિચારીએ તો, હિતેન્દ્રભાઈની પાઇએ પાઈ સહીસલામત રહે અને પ્રમોદભાઇને તેની જમીનની ચાર આની પણ ઉપજે નહિ! એક બાપના બે દીકરા એની આ જાતની સ્થિતિ થાય! ગણોત કાયદામાં જમીનદારને કિંમત ઓછી આપીએ તે સમજી શકાય અને એવા જમીનદારે પોતે કયાં પૂરા પૈસા ખર્ચ્યા છે? અને તેણે પરસેવો પાડયો નથી, અને જમીનદારી, રાજ્યોની જમીનદારી તો દેશદ્રોહના ઇનામ જેવી હતી. પરસેવો પાડયો છે ગણોતિયાએ. જ્યારે આપણે ત્યાં ગણોતની જમીનની ૨૦ થી ૨૦૦ પટની કિંમત ઠરાવેલી ત્યારે આનો વિરોધ કરવામાં આવેલ. ત્યારે આ બધી વાત લોકોને સમજાવી શકાઈ હતી, પણ ઘરખેડની જમીન માટે ત્યારે કહેવામાં આવેલું કે ૫૦૦, ૧૦૦૦ કે જે ભાવ હશે તે લઇ શકશે અને વેચી શકે છે. આજે શી પરિસ્થિતિ છે? આજે આ જમીન પર એક પણ ગણોતિયો નથી' એવી જમીન છે અને પરસેવો પાડીને જમીન ફળદ્રુપ બનાવી છે. એક ભાઇએ કહ્યું કે જમીન સરકારી છે અને આપણે ત્યાં તો તેનું રાષ્ટ્રીયકરણ થઈ ગયું છે. જમીન સરકારની કહેવા માત્રથી તે ફળદ્રુપ નહિ થઈ જાય. જમીનની માલિકી ખેડૂતની છે એ સંબંધમાં સમર્થન માટે અહીં એક દાખલો શ્રી. મગનભાઇ ચતુરભાઇનો આપવામાં આવ્યો. શ્રી મગનભાઈ ચતુરભાઇ તો પ્રમાણમાં નાના માણસ ગણાય. ખેડા જિલ્લામાં ૧૯૧૭–૧૮માં ગાંધીજીની આગેવાની નીચે સત્યાગ્રહ ચાલતો હતો ત્યારે શ્રી મગનભાઇએ 'બોમ્બે ક્રોનિકલ'માં લેખો આપેલા. પણ આની ઉપર સ્વ૦ રમેશચંદ્ર દત્તે વોલ્યુમનાં વોલ્યુમ લખ્યાં છે અને જમીનની મહેસૂલ એ રેન્ટ છે કે ટેક્ષ તે વિષે એ રેન્ટ છે તેમ પ્રતિપાદન કર્યું છે. હું એ કહેતો હતો કે ગણોતિયાવાળી જમીનની કિંમત ૨૦ થી ૨૦૦ પટ સુધી ઠરી છે ત્યારે આ ઘરખેડની જમીન જેમાં ખેડૂતે પરસેવો પાડ્યો છે, મૂડી ખર્ચી છે, તેની કિંમત ૧૦૦ પટ? આ રણોલીનાં કોતરો છે તેની શી કિંમત હતી? એમાં સરકારે મોરલો માર્યો નથી. નાથાકાકા જેવાએ હજારો રૂપિયા ખર્ચ્યા, યોજના કરી બંધ બાંધ્યા અને વાડી કરી! એની કિંમત તમો સો પટથી આંકશો! જેણે જંગલ તોડ્યું અને ઝેરનાં પાણી પીધાં અને જે જમીનની કિંમત દશ રૂપિયા પણ નહોતી એને ફળદ્રુપ કરી તેની જમીનની કિંમત આપણે શું આંકવાના છીએ! આ સાબર જિલ્લામાં જમીનના લાટના લાટ પડતર હતા. ત્યાં કાનમ, ચરોતર ને કચ્છના ખેડૂતો ગયા.

એ જમીનને પરસેવો પાડી, ખાતર નાખી, ફળદ્રુપ કરી. રાજપીપળાના સુરાપાગ બ્લોકમાં ૧૯૪૯માં સરદારશ્રીના મૃત્યુદિને આદિવાસી બ્લોક ખુલ્લો કરવામાં આવ્યો છે એને જમીન મફત આપી, ઘર બાંધી આપ્યાં, બળદો લેવાયા, હળ વગેરે સરકારે લઈ આપ્યાં અને ખેતી કરવામાં આવી. આજે તેને અગિયાર વરસ થયાં છે અને ત્યાં જઇને જોઈ આવો કે તે જમીન આજે કેવી છે? આપણા આ શ્રી બહાદુરભાઈના હાથે એક સહકારી ખેતી મંડળી ભરૂચ જિલ્લામાં ઊભી કરવામાં આવી હતી અને તેને માટે જે જમીન લેવામાં આવી હતી તે તેની કિંમત કરતાં પણ વધારે આપીને લેવામાં આવેલી પરંતુ આજે તે ફળદ્રુપ છે કે કેવી છે તે જોઇ આવો. એટલે, મારું કહેવું એ છે કે જમીન સરકારી હોય એટલે તે ફળદ્રુપ થઇ જાય તેમ કહી શકાતું નથી. ખેડૂત પરસેવો પાડે છે અને જે જમીન તૈયાર કરે છે તેને આપણે કલમને એક ઝટકે તેની કિંમત ચાર આના અને છ આના કરી નાખીએ અને તે રીતે ચોરી નાખવાની સત્તા દુનિયાની કોઇ પણ લોકશાહી સરકાર કહેવાતી હોય તેને નથી. અમારે ત્યાંના અનેક ભાઈ આફ્રિકા ગયા. ત્યાં મહેનત કરી પૈસા મેળવ્યા અને જમીનમાં નાખી જમીનને ફળદ્રુપ બનાવી અને પાકાં ઘર બાંધ્યાં. પરંતુ તેમની એ જમીન અને ઘરો જયકર સાહેબની આંખમાં આવ્યાં અને તેની મહેસૂલ વધારી. તે મહેસૂલ જમીન જોઇને નહોતી વધારવામાં આવી પરંતુ તેના આફ્રિકાની કમાણીનાં ઘરો જોઇને મહેસૂલ વધારવામાં આવી હતી! પરંતુ તેની સામે આંદોલન થયું અને સરકારની પીછેહઠ થઈ અને ખોળડી બંધ થઇ ગઇ.

બારડોલીની જમીન–ગેલન્ટ્રીની કદર

એ બારડોલી તાલુકાની જમીન હજાર–પંદરસોએ તો વીંઘું વેચાય છે, એ ત્રણ–ચાર રૂપિયાના દરથી ૧૦૦ પટે એટલે કે ૩૦૦–૪૦૦ રૂપિયા વીંઘે આપીને લઈ લેવી, એથી લોકોનાં કાળજાં ફાટી જાય છે. આજે આપણે સહુ અહીંયાં બેઠા છીએ એ કોના જોરે? માત્ર આપણા રાજ્યનું જ નહિ પણ હિંદુસ્તાનભરનાં રાજ્યોનાં પ્રધાનમંડળો બેઠાં છે, એ કોના જોરે પ્રધાનપદાં સંભાળી રહ્યાં છે? પ્લાનિંગ કમિશન કોના પાયા ઉપર બેઠું છે? જ્યારે આપણી અંગૂઠો મૂકવાની પણ શક્તિ નહોતી, ત્યારે આ બારડોલી તાલુકાના ખેડૂતોએ માથાં મૂક્યાં–આખા તાલુકાએ હિંમતભેર આગળ આવી, લાખો નહિ, પણ કરોડો રૂપિયાની જમીનને જોખમમાં મૂકી, આગળ આવ્યા હતા. એ આખા તાલુકાને લશ્કરે ઘેર્યો હતો તો પણ એમણે નમતું ન આપ્યું અને ગાંધીજીના કાર્યક્રમમાં શ્રદ્ધાના પ્રાણ પૂર્યા હતા. વીર નરીમાનને કહેવું પડ્યું હતું કે આખા હિંદુસ્તાનને બારડોલાઈઝ કરો. એના ભોગે આપણે આઝાદી હાંસલ કરી છે. આપણી સરકાર લશ્કરમાં કામ કરતા સીપાહીને આમાંથી એક્ઝેમ્પ્શન (મુક્તિ) આપે છે, એની સામે મારે તકરાર નથી; પણ એ કયા માણસો છે? આપણા સૈનિકો તો એ આજે થયા છે, બાકી બારડોલી જેવા તાલુકાને ઘેરનાર પૈકીના એ લોકો હતા. ત્યારે હું એમ કહેવા માગું છું કે જો ગેલન્ટ્રીની કદર કરવી હોય તો એ બારડોલીનાં ખેડૂતો કે જેમણે દુનિયાને કલ્પનામાં પણ ન આવે એવી રીતે રાચરચીલું વતન છોડી દઇને તાલુકો છોડી હિજરત કરી એ સ્વરાજ્યના સાચા સૈનિકો છે. એની ગેલન્ટ્રીની કદર કરવી જોઈએ–એ તમામ ખેડૂતોની જમીનને આ કાયદામાંથી બાદ કરવી જોઈએ. પણ એ વાત ઘેર ગઈ, પણ આજે એમની જમીનને ૧૪ એકરની ટોચ લગાડી કે ૨૮ એકરની

રોચ લગાડી નામની કિંમત આપીને લઈ લેવામાં આવે છે ત્યારે હું એમને શો જવાબ આપીશ ?

ગઈ તા. ૧૧મીએ બારડોલી તાલુકા કોંગ્રેસ સમિતિએ બોલાવેલી સભા મળી હતી. લોકોએ ખૂબ ઉકળાટ રજૂ કર્યો કે આ બિલ અમારે નથી જોઈતું. મેં કહ્યું : તમે તાલુકા કોંગ્રેસ સમિતિની સભામાં બોલો છો. કોંગ્રેસ આખા હિંદુસ્તાનનું તંત્ર સંભાળી રહી છે, એવી જબરજસ્ત આપણી કોંગ્રેસ સંસ્થા છે. આજે હિંદુસ્તાનમાં એવો બીજો કોઈ પક્ષ નથી કે જે હિંદુસ્તાનનું તંત્ર સલામત રાખી શકે. એ સંસ્થા તરફથી આ બિલ આવે છે ત્યારે એને આવકારવું પડશે. પણ તમે મને કહો કે જોડા જ્યાં ડંખતો હોય, તો ત્યાં કાલબૂટ મૂકી હથોડો મારી નડતર દૂર કરી શકાય. ત્યાર પછી મારે એમને એક કલાક સુધી સમજાવવા પડ્યા. આખરે એ લોકો ઠેકાણે આવ્યા અને એમણે પોતાની કેટલીક સૂચનાઓ શ્રી રસિકભાઈ સમક્ષ મૂકી છે. પણ બીજે જ દિવસે ખેડૂત મંડળવાળા અને સ્વતંત્રો આવી પહોંચ્યા. પાટીદાર હૉલમાં ૧૫૦૦ ખેડૂતોની સભા ભેગી થઈ હતી; મારી ઉપર કાગળ આવ્યો કોંગ્રેસના આગેવાનોનો કે અમારા હાથ ઢીલા પડી ગયા છે, અમે બે તરવાઈ ગયા છીએ. કેટલી ગેરસમજ ફેલાવવાની તક આ રીતે વિરોધ પક્ષવાળા ઝડપી લ્યે છે, તેનો આ દાખલો છે. એ લોકોએ કહ્યું કે ભવિષ્યમાં એ ખેતરો ઉપર સહકારી મંડળીઓની સ્થાપના કરવાની છે. અમારી જમીનની ચારે બાજુ જમીનના ટુકડા આ બિલથી મળે અને વચ્ચે સેંકડો એકરની અમારી જમીન લઈ લેવી હોય તો એમાં જોગવાઈ છે. મેં કહ્યું: વાત સાચી, પણ કિંમત તો બજારભાવની આપવાના છે ને ? પછી ફિકર શી ? એ પૈસાથી બીજો ધંધો કરી કમાશો ને છોકરાને ભણાવશો તો કોઈ દહાડો તે પ્રધાન પણ થઈ શકશે ! જમીન લેવાની જરૂર પડે તો એ લેવાનો સરકારને હક્ક છે. પણ એ ઘરખેડની જમીન અને ગણોતિયાની જમીન–એ બે વચ્ચેનો તાત્ત્વિક ભેદ શો છે, એ સમજવું જોઈએ. કેરળની સરકારે ડહાપણ ભરેલું પગલું ભર્યું છે. કેરળમાં પહેલાં પંદર હજારે બજારભાવના ૬૦ ટકા, એ પછીના પંદર હજારે ૫૫ ટકા, ત્રીજા પંદર હજારે ૫૦ ટકા, ચોથા પંદર હજારે ૪૫ ટકા, પાંચમા પંદર હજારે ૪૦ ટકા, છઠ્ઠા પંદર હજારે ૩૫ ટકા, સાતમા પંદર હજારે ૩૦ ટકા અને બાકીના ઉપર ૨૫ ટકા,—એ રીતનું ધોરણ અપનાવ્યું છે; જ્યારે આપણે અહીંયાં તો એક જ ઝાટકે ચોથો ભાગ કરી નાખ્યો છે. ત્યારે લોકો મને પૂછે છે કે તમે સારા કે કોમ્યુનિસ્ટો સારા ? ત્યારે મારી બોબડી બંધ થઈ ગઈ. હું એનો જવાબ આપી શક્યો નહિ. એટલે મારી વિનંતી છે કે ઘરખેડની જમીનનો બજારભાવ આપવો પડશે. હા એક વાત સાચી કે જે સ્થિતિપાત્ર માણસ હોય, એને સ્લેબ સિસ્ટીમ લાગુ પાડવી જોઈએ. જેમ કેરળની સરકારે લાગુ કરેલ છે તેમ ૧૦૦ ટકા બજારભાવ આપીએ તો એ ન્યાયી ગણાશે, પણ એમ ન કરી શકીએ તો ૭૫ ટકા રાખવું જોઈએ. કોમ્યુનિસ્ટોએ ૬૦ ટકા રાખ્યું, તો એથી થોડું આગળ તો આપણે રહેવું પડશે ને ? એટલે બજારભાવના ૭૫ ટકા તો આપવા જોઈએ. એમણે સ્લેબ માટે ૧૫હજાર–૧૫હજારના તબક્કા રાખ્યા છે તો આપણે ૨૦ હજારના રાખવા જોઈએ. પણ હું ૧૦ હજારના જ રાખવા કહું છું, અને પાંચ-પાંચ ટકાનો ઘટાડો કરવો. આમાં એ જમીનની કિંમત અંગેની વાત આવી. એ બધી વાતો ખૂબ અટપટી છે. હું તો મુંઝાઈ ગયો, શ્રી રસિકભાઈ પણ મુંઝાઈ ગયા. એમણે આવકના સાડાચાર–પાંચગણા કહ્યા. પણ

આંધ્રના બિલમાં વિરોધપક્ષે-માઈનોરિટી પક્ષે ડીસેન્ટીંગ નોટ મૂકી છે, તે જ્યારે મેં વાંચી ત્યારે મારી આંખ ઊઘડી ગઈ—પંજાબમાંથી વમગી કિંમત ત્યાંના બિલમાં છે.

શ્રી રસિકભાઈએ સાડાચાર કે પાંચગણી આવકનું કહ્યું, પણ આ લઘુમતિની વિરોધનોંધ આવી ત્યારે ૪૦૦ અને ૬૦૦ની આવકને પાંચે ગુણીએ તો બે થી ત્રણ હજાર રૂપિયાનો આંકડો મળી રહે છે. ત્યારે હું તો કહું છું કે બજારભાવના માત્ર ૭૫ ટકા સ્કેલમાં મૂકો તો એ ન્યાયી ગણાશે. એથી ઓછું વ્યાજબી નહિ ગણાય. એટલું જમીનની કિંમત સંબંધમાં.

કાયદાનો અમલ ક્યારથી?

હવે કાયદો ક્યારથી લાગુ પાડવો તે એક બીજો સવાલ છે. આપણે નાગપુર અધિવેશનમાં ઠરાવ કર્યો તેની ૧૫ જાન્યુઆરી, ૧૯૫૯, નક્કી કરી કે જેથી કરીને લોકો જમીનના ભાગલા ન પાડી નાખે. એ હેતુથી આ પ્રોવિઝન કરવામાં આવ્યું છે. સ્વાભાવિક છે કે બિલાડીનાં બચ્ચાંની ઉપર જ્યારે જોખમ આવે ત્યારે પોતાનાં બચ્ચાંના રક્ષણ માટે બિલાડી જીવ ઉપર આવીને આપણું ગળું પકડે છે. દુનિયામાં એવો કોઈ માણસ હશે કે જે કહેશે કે તમો આવો કાયદો કરવાના છો ત્યારે પોતાની મિલકતના રક્ષણ માટે પ્રયત્ન ન કરે? રાજ્યોનાં મર્જર થાય ત્યારે મર્જરોની છેલ્લી રાતે ૧૨ ટકોરા થયા ત્યાં સુધીમાં અનેક રાજાઓએ અનેક ખતપત્રો કરી આપ્યાં. આ રીતે અનેક મિલકતો ટ્રાન્સફર કરી છે. એમને કોઈએ આ રીતે કરતાં અટકાવ્યા નથી. ઈન્કમટેક્સની આકારણી કરવામાં આવે છે. નિષ્ણાતો ફી લઈને સલાહ આપતા હોય છે કે કેમ ઈન્કમટેક્સ ઓછો થાય, કેમ તું બચી જાય. માત્ર ખેડૂતો જ એક એવા છે કે જેણે પોતાની મિલકત માટે આવો કોઈ પ્રયત્ન ન કરવો! આવા ખેડૂતો માટે આ રીતે થતું હોય તો એ વસ્તુ કોઈ રીતે બરાબર નથી. બીજા રાજ્યમાં આને માટે શી જોગવાઈ છે? એક રાજ્યમાં એવી જોગવાઈ છે કે બિલ પાસ થાય અને પ્રમુખની સંમતિ મળે અને ગેઝેટમાં એ પ્રગટ થાય ત્યાર પછી એ અમલમાં આવે. એની વચ્ચેના ગાળામાં ટ્રાન્સફર થયા હોય તો એ ટ્રાન્સફર બોનાફાઈડ છે કે કેમ એને માટેની તપાસ કરવા માટે કલેક્ટરને સત્તા આપવામાં આવી છે. પણ તે પહેલાંના માટે નહિ. ત્યારે આપણે ત્યાં ૧૯૫૯ની ૧૫ મી જાન્યુઆરી પછી ભાગલા કરેલા હોય એને આપણે ઉડાડી દઈએ તે કાયદેસર છે? આ માટે કોઈ વકીલની સલાહ લેવામાં આવી છે ખરી? ધારાશાસ્ત્રી એમ કહેશે કે આમાં ૫૦ ટકા બરાબર છે. જો ૫૦ ટકા બરાબર હોય તો ખેડૂતોને હાઈકોર્ટના ખર્ચમાં ઉતારવા એ કેવી રીતે બરાબર ગણાશે? સોએ સો ટકા ખાતરી હોય એવી વાતને આપણે કાયદામાં મૂકવી જોઈએ. ગરીબ ખેડૂતોને કોર્ટના ચક્કરમાં નાખવા એ વ્યાજબી નથી. એટલે જ્યારથી આ બિલ પ્રગટ થાય, ગુજરાતનું રાજ્ય અમલમાં આવ્યા પછી, એની પ્રકાશનની તારીખ સુધીની પાછલી કોઈ વાતોને ધ્યાનમાં ન લેવી જોઈએ. મજૂરના પગારમાં આપણે કોઈ કાપ મૂકતા નથી છતાં વધુ મેળવવા માટે હડતાલો પાડવામાં આવતી હોય છે. સરકારી નોકરિયાતો પોતાના સંગઠન દ્વારા સરકારને થંભાવવાનો પ્રયત્ન કરે છે. શ્રી ફીરોજ ગાંધીને વચ્ચે આવવું પડે છે. જવાહરલાલજીને આ માટે ઉજાગરા કરવા પડે છે. કેટલા ટકાને માટે? પાંચ ટકા મજૂરો માટે કે બે ટકાથી ઓછા નોકરો માટે. ત્યારે આ ૬૦ થી ૭૦ ટકા

લોકો કે જે જમીન સાથે સંકળાયેલા છે એની મિલકતને ચાર આની કરવા માટે પ્રયત્ન થાય તો એ માણસ બેસી રહે તો એ માણસ બુધ્ધુ છે. એ માણસ ખેડૂત નથી પણ હજામ કહેવાય. બાપડો થઈને હું આમ કહેતો નથી. બિચારો છે એમ હું કહેતો નથી. એ તો મરદ માણસ છે. ધરતી ફોડીને અનાજ પકવી રહ્યો છે. આપણે એને 'ધરતીનો તાત' કહીએ છીએ. આજે દુનિયામાં કુંડાળાં કરવામાં આવે છે. એ તો આપણે કરીએ છીએ. લોકો આપણા તંત્ર મારફત લાયસન્સ મેળવે છે. ઘડીના છઠ્ઠા ભાગમાં લાખ રૂપિયા એ કમાઈ જાય છે. એને આપણે અટકાવી શકતા નથી. ત્યારે જમીનના ખરા હકદારને અટકાવીએ એ કેવું!

સોંસરો દાખલો

એક માણસને હું જાણું છું. એ ઘરડો માણસ છે. નવી પરણ્યો છે. જૂનીના છોકરા છે અને નવીના પણ છોકરા છે. આ માણસને દમનો વ્યાધિ છે. કાલે એ મરી પણ જાય. એનું કાંઈ ન કહેવાય. જો એ મરી જાય તો જૂનીના છોકરાને જમીન મળે તો નવી બૈરીના છોકરાઓને વખતે એ રખડાવે. તેથી ત્રણ વર્ષ પહેલાં મારા જેવાની અને વકીલો અને મિત્રોની સલાહ લઈને એણે જમીનના ભાગલા પાડ્યા. આ જે ભાગલા પાડ્યા એ એના છોકરા રખડી ન જાય એ માટે પાડ્યા છે. ત્યારે એ વખતે આ બિલ નહોતું આવ્યું. હવે આજે આ નવા બિલથી આ બધું રદ થતું હોય તો એમાં ન્યાયની કોઈ વાત નથી. કૉંગ્રેસ જે कांइ करे छे ए प्रजाहितने माटे करे छे. न्यायना पाया उपर करे छे. अने एटला माटे लोको कोंग्रेसने पूजे छे. लोको एने चुंटे छे. पण जे दिवसे कोंग्रेस न्यायनी वात करतां भूली जशे त्यारे एनां मूळियां छलदी जवानां छे. एमांथी कोइ एने बचावी शके एम नथी. માટે આ હકીકત ધ્યાનમાં રાખી કાયદાનો અમલ ક્યારથી કરવા માગીએ છીએ, કોને લાગુ પાડીએ છીએ: આ બધી વાતનો આપણે વિચાર કરવો પડશે. આ બિલ સિલેક્ટ કમિટી પાસે જવાનું છે. તેમાં આ બધી વાતોનો વિચાર થશે. આ જે બધી વાત હું કરું છું એ કૉંગ્રેસ પક્ષના એક સભ્ય તરીકે બોલું છું, મારી જવાબદારી સમજીને હું બોલું છું. હું આ એટલા માટે બોલું છું કે ભયનું એક મોટું વાવાઝોડું ગુજરાત ઉપર ચડી આવતું હું જોઉં છું. તેમાંથી કૉંગ્રેસને અને આ સરકારને મારે બચાવવી છે. અને એટલા માટે અપ્રિય થઈને પણ હું આ બોલું છું. જો આપણે આ લાલ બત્તીને નહિ સમજશું તો અહીં જેમનું કાંઈ સ્થાન નથી એવાને એક મોટું બળ મળશે, એને ખાતર મળશે. એને પાણી મળશે, અને એને પરિણામે આપણને મુસીબત થશે. હું તો હવે ૭૦ વર્ષનો થયો છું. મને ચાંદલો કરીને હાથમાં નાળિયેર આપો તો પણ હું આવતી ચૂંટણીમાં ઊભો રહેવાનો નથી. પણ ગુજરાત એ કૉંગ્રેસનો એક કિલ્લો છે. એ કિલ્લામાં ગાબડું ન પડે એ માટે હું આ કહી રહ્યો છું. આ એક મામૂલી જમીન આપતું બિલ છે. કોઈ વિક્રમ કરતું હોય તો જુદી વાત છે. લાખો માણસોનું આનાથી કલ્યાણ થતું હોય તો જુદી વાત છે. પણ આનાથી અમુક હજારથી વધારેનું કલ્યાણ સધાતું નથી. આનાથી તો ખેડૂતોની આંતરડી કકળાવીશું. એના દિલનો અસંતોષ વહોરીશું. તો પરિણામે આપણે ખત્તા ખાવાના છીએ. આ મારું કહેવું છે. જમીન લીધા પછી એનો આપણે શો ઉપયોગ કરવાના છીએ? ઓછી જમીનવાળા છે એને પહેલાં આપવાની વાત કરવામાં આવી છે. આ વાત મને બરાબર લાગે છે. કારણ કે બધા માણસને ટુકડો ટુકડો જમીન આપીએ તો બધા

ભૂખ્યા રહે, બધામાં અસંતોષ રહે. એના કરતાં થોડા લોકો પણ રોટલા પૂરતું રળતા થાય એ ડહાપણ ભરેલી વાત છે. એ પછી ખેતી સહકારી મંડળીને જમીન આપવી એમ વાત કરવામાં આવી છે. આ પણ બરાબર વાત છે. સહકારી મંડળીઓનો ક્યા કારણસર વિરોધ કરવામાં આવે છે એ મારી અક્કલમાં આવતું નથી. જવાહરલાલજીએ ખાતરી આપી છે કે આને માટે કોઈ ઉપર બળજબરી કરવામાં આવનાર નથી. શ્રી રસિકભાઇએ આ વાતનું પુનરુચ્ચારણ કર્યું છે. સહકાર અને ફરજિયાત એ બન્ને પરસ્પર વિરોધી છે. એટલે નાના ખેડૂતો કે જેની પાસે બે, પાંચ કે સાત એકર જમીન હોય—બે એકરવાળો ખેડૂત બળદ નહિ રાખી શકે, પાંચ એકરવાળો બે બળદની જોડ નહિ રાખી શકશે. આ કરતાં મંડળી રચવાથી વિશેષ જમીન એકત્ર થાય તો બળદની જોડ રાખી શકાય. એ કિર્લોસ્કરનું હળ કે એન્જિન રાખી શકશે. અને એ રીતે વધુ ઉત્પાદનનો લાભ લઈ શકશે. ખેતી સહકારી મંડળીની અંદર એક ભય રહ્યો છે ખરો, અને તે એ છે કે બે એકરવાળો માલિક છે એ માલિક મટીને મજૂર થઈ જવાનો ડર રહે અને એક નવો મેનેજર વર્ગ ઊભો થાય,—પેદા થાય એવો એક ભય રહેલો છે. સાથોસાથ એક બીજી વસ્તુ છે. નાગપુર અધિવેશન પછી જવાહરલાલજીએ કહેલું કે મેં ખેતી કરી નથી, મારા બાપે પણ ખેતી કરી નથી, પણ હું ખેતરે ખેતરે ફરીશ અને લોકોને સમજાવીશ કે સહકારી ખેતી એ સારી વસ્તુ છે. છાપામાં આને માટેના લખાણની શાહી હજુ સુકાઇ ન હતી ત્યાં એક જુવાન કાર્યકર્તા મારી પાસે મરોલી આશ્રમમાં આવે છે. મને એ જુવાન કહે છે કે "કાકા, હવે તમે અમારા સપાટામાં આવ્યા છો." મેં કહ્યું, "કેમ?" તો એ કહે છે કે "તમારા બારડોલી, સુરત, નવસારીના ખેડૂતોને ફરજિયાત ખેતીમાં જોડીશું." મેં કહ્યું કે "ભલા માણસ, જવાહરલાલજી આ અંગે શું કહે છે?" પણ એને મારી વાત ગળે ઊતરી નહિ. હું તો આ અંગે સમજતો હતો. પણ સામાન્ય ખેડૂતોમાં આવી વાતોને કારણે શી અસર ઊભી થાય છે? ખેડૂતોમાં એક કહેવત છે કે "ઘાસ કરતાં સુંખલાંનું જોર વધારે." ખેતરની અંદર જઇએ તો ધોતિયામાં એ સુંખલાં ભરાઇ જાય છે. એ જો કાઢવાં હોય તો એ સહેલાઈથી કાઢી શકાતાં નથી. જવાહરલાલજીએ સહકારી ખેતી અંગે શું કહ્યું છે તે હું જાણતો હતો. આ અંગે સરકારની શી નીતિ છે એ પણ હું જાણતો હતો. આ ઠરાવને પણ હું જાણતો હતો. આ અંગે હું તો બીતો નહોતો. પણ સામાન્ય ખેડૂતોને આવાં સુંખલાંએ જે ભડકાવ્યા હશે તેનો વિચાર કરવાનો રહે છે અને તેથી કરીને આવી સારી વાત સામે પણ વિરોધ થાય છે. બાકી સહકારથી કેટલો ફાયદો થાય છે એનો મને અનુભવ છે. એને માટેના દાખલા હું જાણું છું. બારડોલીમાં કરોડ રૂપિયાનું ખાંડનું કારખાનું આને કારણે થઇ શક્યું છે. ઠેકઠેકાણે સહકારી જીનિંગ પ્રેસો ચાલે છે. એટલે સહકારનો વિરોધ સિલિંગ કાયદાથી મળતી જમીનનો ઉપયોગ કરવો એ વસ્તુ બરાબર નથી.

હવે સિલિંગ કાયદાથી મળતી જમીનના ઉપયોગ વિષે સુરત જિલ્લાની વાત કરીશું. આ જમીનથી બહુ ઓછાં માણસની ભાજી પાકે એમ છે. અહીં અત્યારનવાર શ્રી ઉત્તમભાઈ અને નારણભાઇ, હળપતિઓને ઘર બાંધવા માટે જમીન મળતી નથી એની ફરિયાદ કરે છે. અને તે સાચી છે. અમારા સુરત જિલ્લામાં બે लाख हळपतिओ छे. एमनां ४०,००० कुटुंबो छे. एमने घर

કે આઠ ગુંઠા જેટલી જમીન આપીએ. તો ૮૦૦૦ એકર જેટલી જમીન આ લોકોને પહેલાં આપવામાં આવે તો આ આખો વર્ગ છે તે વર્ગ ઘરની થાંભલી મેળવતો થાય. પણ આ સંબંધમાં શ્રી રસિકભાઈ એમ કહેશે કે આ લોકો માટે જમીન એક્વીઝીશન કરીને લઈ શકાય એમ છે. એક તરફથી નહેર માટે, રસ્તાઓ માટે જમીન એક્વાયર કરીએ છીએ અને બીજી તરફથી સિલિંગ મૂકીને જમીન મેળવીએ છીએ. તો એમાંથી આઠથી દશ હજાર એકર જમીન ફાજલ પાડવામાં આવે તો એકેએક હળપતિને જમીન મળે અને આ લોકો ઘરની થાંભલી ઊભી કરી શકે. આ લોકોને એક બે ગુંઠા જમીન નહીં પણ પાંચથી આઠ ગુંઠા જેટલી જમીન આપવી જોઈએ કે જેથી કરીને આ જમીન ઉપર તેઓ ઘરના વાડામાં શાકભાજી વાવી શકે, એકાદ ગાય કે બકરી રાખી શકે. આમ કરવામાં આવશે તો આ હળપતિઓની ઘરની જમીનનો પ્રશ્ન પણ ઉકલી જશે. તે ઉપરાંત પારડીની ઘાસિયા જમીનના ઉકેલ માટે મેં મુંબઈ ધારાસભામાં સૂચનો કરેલાં. આ સિલિંગ કાયદાથી પારડીનો પ્રશ્ન પણ ઉકેલી શકાશે. પારડીના આગેવાન શ્રી ઈશ્વરભાઈ દેસાઈએ શ્રી રસિકભાઈ સાથે આ અંગે મંત્રણા કરી છે અને આ પ્રશ્નનું સુખદ સમાધાન થયું છે એથી મને સંતોષ થયો છે. આ બિલમાં પારડીનાં ઘાસિયાં જમીનને આમેજ કરીને સરકારે આ પ્રશ્નનો ઉકેલ કર્યો છે એ માટે હું શ્રી રસિકભાઈને અંતઃકરણપૂર્વકના અભિનંદન આપું છું. પણ પારડીની ઘાસિયા જમીન અને ખેડૂતનું ચરણુ એ બંનેને જુદું રાખવાનું છે. કૂવા, ઘર, બંધારા, ઢાળિયા, એન્જીન વગેરેની કિંમત આપવાની જોગવાઈ છે પણ એ કઈ કિંમત? એ તો ઘસારાની કિંમત છે. વિરોધ પક્ષ તરફથી ધારાસભામાં એક સવાલ પૂછવામાં આવ્યો હતો કે મુંબઈમાં સ્થાપેલી બેન્કના મકાનના પર લાખ રૂપિયા હતા તેના દોઢ લાખ રૂપિયા લઈને શા માટે પતાવ્યું? એ તો મકાનના ઘસારાની કિંમત ગણવામાં આવી હશે એટલે એ રીતે એ જમીન ઉપરનાં મકાનો, કૂવા વગેરેનો ઘસારો ગણવાનો છે. એક નવો કૂવો બાંધવો હોય તો આ માટે ત્રણ કૂવા ખોદવા પડે છે. હજુ હમણાં જ મેં એક કૂવા માટે ત્રણ હજાર રૂપિયાનું પાણી કર્યું છે. ત્રણ-ચાર ફર્લાંગ આઘે એક ત્રીજો કૂવો સંધાયો. એટલે ફક્ત નામની ઘસારાની કિંમત આપવામાં આવે તો કાળજું તૂટી જાય. આ બધી વસ્તુઓને સારી સ્થિતિમાં રાખવા માટે એની પાછળ ખર્ચ પણ કરવું પડતું હોય છે. કોઈ એન્જીન દશ હજાર રૂપિયાની કિંમતે લાવ્યા હોઈએ અને દસ વર્ષ વાપર્યા પછી વેચવા કાઢીએ તો બજારભાવે જે પૈસા ઉપજે તે આપવા જોઈએ. એટલે મને લાગે છે કે આ "ઘસારા" શબ્દ કાઢી નાખવો જોઈએ. આ બિલમાં જે એકઝેમ્પશન-મુક્તિ છે એ આવકારદાયક છે. આપણે ધરતી ઉપર પગ મૂકીને ચાલવું પડે છે, આકાશ ઉપર નથી ચલાતું. આપણે આ બિલમાં શાકભાજીની વાડી, કેળાં જેવાં ફળફળાદિ, શેરડી, આ બધાં જે મુંબઈના બિલમાં હતાં તે કાઢી નાખવામાં આવ્યાં છે. જો આ બિલમાં એ રહ્યાં હોત તો સારું હતું. આનાથી ઓછી તકરાર થાત. પરંતુ જે મોટાં સક્ષમ ખેતરો છે એને આમાં રાખેલાં છે. એના વિષે અહીંયા બે મત પ્રગટ થયા છે. એક ભાઈએ એમ કહ્યું કે કાળાં બજારના પૈસા ધોળા કરનારા છે તેમનાં ખેતરો શું કામ રાખવાં? જેની આવક બીજા ધંધાથી લાખોની હોય, આપણા નાના ખેડૂતો હોય એમની આવક ૧૫૦૦ રૂપિયાથી ઓછી હોય, આપણી વિધવાઓની આવક ૧૫૦૦ થી ઓછી હોય તો જ તેમને જમીનનાં સર્ટિફિકેટ મળે. પણ જ્યારે આવા લોકોની લાખોની આવક હોય અને એની પાસે ખેતરો હોય તો

એને સક્ષમ ગણવામાં આવે કારણ કે એની પાસે બીજાં સાધનો હોય છે. પોતાના ચોપડામાં આવક બતાવે પણ ખેતીની પહેલાં કાળાબજારના પૈસાને ધોળા કરે છે એનું શું? આ લોકો શું ખેડૂતથી વધારે પકવી શકવાના છે?

બીજું બારમાસી પીત, મોસમી પીત, ડાંગરની ખેતી અને સૂકી ખેતી અને તેનું પ્રમાણ શું આંકવું એ એક ચર્ચાનો વિષય છે. મહારાષ્ટ્રમાં ૧૯૨૦ થી નહેરો ચાલુ છે. ત્યાં શેરડીનાં કારખાનાંઓ છે. ત્યાં ખેતી કેવી થાય છે? મારી પાસે બારડોલીમાં ૧૪ એકર નહેર ઉપરની જમીન હોય અને ઉકાઈ થાય તો એ પેરેનિયલ બની શકે પરંતુ ચૌદેચૌદ એકર જમીનને બારે માસ પાણી આપી શકાતું નથી. એટલે એનાં પાંચ પાંચ એકરના ત્રણ બ્લૉક પાડવા પડે. પાંચ એકરમાં બારમાસી, પાંચ માં મોસમી અને પાંચ એકર સૂકી. જો એને સૂકી ખેતીમાં પલટીએ તો પાંચ પેરેનિયલ ગુણ્યા ચાર બરાબર વીસ એકર, પાંચ મોસમી ગુણ્યા બે બરાબર દસ એકર, પાંચ સૂકી ગુણ્યા એક બરાબર પાંચ એકર એટલે કુલ ૩૫ એકર થયા; જ્યારે શ્રી રસિકભાઈનો ઈરાદો તો ૫૬ સૂકી ખેતી આપવાનો છે. તેને બદલે માત્ર ૩૫ એકર થાય છે તેથી ૪=૨=૨=૧ ને બદલે તેનું પ્રમાણ બે, દોઢ, સવા અને એકનું હોવું જોઈએ. પ્લાનિંગ કમિશનના સભ્યે અથવા તો આપણા પ્રધાનમંડળના સભ્યે કોઈ દિવસ હળનું ચગડું પકડ્યું નથી, કે તેનું કપડું કાદવે ખરડ્યું એટલે કોને બારમાસી કહેવાય એ કદાચ તેઓ જાણતા ન હોય. જો બધી જ જમીનને ખેડૂત બારેમાસ પાણી આપે તો પરિણામે આ જમીન રેચક થઇ જાય છે, સુવાવડી થઈ જાય છે. તેથી બ્લૉક પાડવા પડે છે. વડોદરામાં ઘણે ઠેકાણે ડાંગરની સૂકી ખેતી થાય છે. તેમાં બીજો પાક થતો જ નથી. ઘણી વખતે ડાંગરની ક્યારી હોય પણ તેમાં વરસાદ ન પડે તો એ નિષ્ફળ જાય છે. ઉત્તર ગુજરાતમાં પણ આ વર્ષે નિષ્ફળ થયું છે. જ્યાં ૩૦ કે ૪૦ ઇંચથી વધારે વરસાદ થાય ત્યાં એને દોઢું બમણું ગણવું એ વ્યાજબી નથી. મુંબઈ ધારાસભામાં કાકરાપાડ તથા ઉકાઈમાં ૬૦ ઇંચ વરસાદ પડે છે એમ જ્યારે કહેવામાં આવતું હતું ત્યારે મેં કહ્યું હતું કે ખેડૂતોને જ્યારે જોઈએ ત્યારે વરસાદ આવતો નથી. કોઈ વખત થોડો પડે અને કોઈ વખત એકસામટો પડે. સુરતમાં તાપીની રેલ વખતે ત્રણ દિવસમાં ૩૦ ઇંચ વરસાદ પડ્યો. કોઈ વખત પાછલો વરસાદ આવતો નથી ને ઉએડ થતી નથી. એટલે કે દોઢો કે બમણો પાક થતો નથી. એટલે પેરેનિયલના એક એકર બરાબર ડાંગરના—જ્યાં ૪૦ ઇંચથી ઓછો વરસાદ હોય ત્યાં એક એકર રાખવી કારણ કે જ્યારે જોઈએ ત્યારે વરસાદ વરસતો નથી. એટલે સવાગણું રાખવું. મોસમી એક એકર બરાબર દોઢ સૂકી અને પેરેનિયલના એક એકર બરાબર બે સૂકી રાખવી. ડાંગરનો પાક સવાગો ગણવો અને મોસમી દોઢો અને પેરેનિયલનો બમણો ગણવો જોઈએ એ જાતનું મારું સૂચન છે. આ બાબતમાં વિરોધ પક્ષના નેતા તરફથી પણ કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે. તેઓ વિરોધ પક્ષમાં હોવા છતાં પણ તેઓ ઘણી વાતો સમતોલપણે મૂકે છે એટલે એમને હું ટેકો આપું છું. આ બિલ સિલેક્ટ કમિટીમાં જવાનું છે એટલે આ વિષે મારે વધારે સમય ન લેવો જોઈએ.

ø

સંત-મહિમા

શાન્તિલાલ ઠાકર એમ. એ

સંત પુરુષોનાં ચરણકમલ સેવ્યા સિવાય કોઇ પણ મનુષ્ય મોક્ષને માર્ગે—આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે જઇ શકતો નથી. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે-महत्सेवां द्वारमाहुर्विमुक्तेः। મહાપુરુષોની સેવાને વિમુક્તિનું દ્વાર ડાહ્યા પુરુષોએ કહ્યું છે. विना महत्पाद रजोऽभिषेकम्। જ્ઞાની પુરુષોના ચરણકમલની રજ માથે ચઢાવ્યા સિવાય મનુષ્યનું કલ્યાણ થતું નથી.

મહાત્માઓને ચરણે બેસવાથી માણસનું અભિમાન વિગલિત થઇ જાય છે, અને નિરભિમાની પુરુષ જ જીવનમાં જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, બીજાઓ પાસેથી કંઈ ઉત્તમ વસ્તુ શીખી શકે છે. સંત બહારથી મનુષ્યની આકૃતિવાળા, સામાન્ય માનવી, આપણા જેવા જ દેખાય છે; પણ તે હરહંમેશ બ્રહ્મમાં જ સ્થિતિ ધારણ કરતા હોય છે.

निमेषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना । બ્રહ્માકાર વૃત્તિ વિના સંતો એક અડધી પળ પણ જીવન ધારણ કરતા હોતા નથી. ખાતાં, પીતાં, પહેરતાં, હરતાં, ફરતાં, મળમૂત્રનો ત્યાગ કરતાં, આંખ ઉઘાડતાં-મીંચતાં—આ બધી ક્રિયાઓ કરતાં છતાં, તેઓ તો આંતર દૃષ્ટિએ આત્માનંદની મોજ જ માણતા હોય છે. બહારની સ્થૂલ ક્રિયાઓ ટેવને પરિણામે યંત્રવત્ થયા કરતી હોય છે, પ્રકૃતિના ત્રણ ગુણો પરસ્પર વ્યવહાર કરતા હોય છે, પણ સંતો તેમાંથી અલિપ્ત બની આત્મસ્વરૂપે અલગ પડી ગયા હોય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ તેવા સંતો માટે નાળિયેરના ગોટાની ઉપમા આપતા. અંદરનો ગોટો જેમ નાળિયેરની કાચલીથી, કાચલાથી અલગ પડી ગયો હોય છે, તેમ સંતો પોતાના સ્થૂલ સૂક્ષ્મ શરીરથી અલગ પડી આત્મસ્વરૂપમાં સ્થિતિ કરતા હોય છે. આને જ બુદ્ધ ભગવાન 'બ્રહ્મવિહાર' કહેતા.

આત્મજ્ઞાન અનુભવનો વિષય છે. તેથી તેમાં સદ્ગુરુની જરૂર પડે છે. ભવાટવી બહુ વિકટ છે. તેમાં અનેક ગલીકૂંચીઓ, અટપટી વીથીઓ હોય છે, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર—આ બધી માયાની અજાયું બળ મહાન હોય છે. અનેક પ્રલોભક રૂપો ધારણ કરી તે સાધકને લલચાવે છે. તીવ્ર વૈરાગ્ય અને ઉત્કટ અભીપ્સા ન હોય, તો સાધક સાધનાના માર્ગમાં વચમાંથી જ અટકી જાય છે. માનવનું મન બહુ ભ્રામક દલીલો કરી, પોતાનાં અવિદ્યાનાં પગલાંને વ્યાજબી ઠરાવવા કોશીશ કરતું હોય છે. हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । સત્યનું મુખ સોનેરી પાત્રના આવરણ વડે ઢંકાયેલું હોય છે. આ મોહક આવરણોને ભેદ્યા સિવાય સાધક આત્મપદાર્થની પ્રાપ્તિ કરી શકતો નથી.

સંત જે શિખામણ આપે, તે પોતાના શિષ્યના જન્મજન્માંતરના સંસ્કારો જોઇને આપે છે, તેનાં વિશિષ્ટ બળાબળો જોઇને આપે છે, તેની શક્તિ પ્રમાણે તેને ક્રમે ક્રમે આત્મપ્રાપ્તિને માર્ગે ઉપર ચઢાવે છે. એ જટિલ વિષયમાં માનવ મનનું જ્ઞાન, તેની દુનિયાદારીની ગણતરી કામ આવતી નથી. ઊલટું, તે તેને ખોટે માર્ગે લઇ જઈ રઝળાવે છે. માટે બધા ક્રાન્તકવિઓએ, ઓલિયાઓએ, સંતોએ, -મહાપુરુષોએ, યોગીઓએ સદ્ગુરુદેવનો મહિમા ગાયો છે. ભોજો ભગત, ધીરો ભગત, મીરાંબાઇ, કબીર સાહેબ, રામાનંદ વગેરે સંતોએ

ગુરુ મહિમાનાં અનેક ભજનો ગાયાં છે. કબીર સાહેબ તો ભગવાન કરતાં પણ ગુરુનું સ્થાન ઊંચું મૂકે છેઃ—

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય;
બલિહારિ ગુરુદેવકી જિને ગોવિંદ દિયો દિખાય.

ગુરુદેવ અને ભગવાન ગોવિંદ બંને મારી સમક્ષ ખડા છે, તેમાંથી પ્રથમ કોને પ્રણામ કરું? ગુરુદેવની બલિહારી છે—તેમને હું પ્રથમ પ્રણામ કરીશ, જેમણે મને ભગવાનનું દર્શન કરાવ્યું છે।

ગુરુ બિન કૌન બતાવે વાટ, બડા વિકટ યમઘાટ...

આ જન્મમરણનો ઘાટ બહુ ભયંકર છે; તેમાં ગુરુ વિના કોણ માર્ગ બતાવે?

ભગવાન શંકરાચાર્ય 'વિવેક ચૂડામણિ'માં સંતોનાં લક્ષણ બતાવતાં કહે છે કેઃ—

शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्तः ।
तीर्णाः स्वयं भीमभवार्णवं जनानहेतुनान्यानपि तारयन्तः ॥

શાન્ત અંતઃકરણવાળા, વિરાટવ્યાપી ચેતનાવાળા, વસંત ઋતુની પેઠે જગતનું કલ્યાણ કરવામાં રાચનારા, ભયંકર સંસારસાગરને પોતે તરી ગયેલા, અને કારણ વિના જ—નિઃસ્વાર્થભાવે બીજા લોકોને પણ સંસારસાગરમાંથી તારનારા સંતો—બ્રહ્મમાં જીવનધારણ કરનારા સંતો જગતમાં જરૂર વસે છે.

સંતોની પરંપરા જગતમાંથી ઉચ્છિન્ન થઇ ગઇ નથી. જો તેમ બને, તો જગત કોને આધારે નભે? સંતો સ્વભાવે શાન્ત હોય છે. કોઇ પણ સ્થિતિમાં તેમના ચિત્તની સમતામાં ભંગ પડતો નથી. તેમને કામના ઉદ્ભવતી જ નથી. પ્રિય પદાર્થની અપ્રાપ્તિમાં અને પ્રાપ્ત થયા પછી તેના પ્રણાશમાં ચિત્તની જે અભિજ્વલનરૂપ ક્રિયા બને છે, તેને ક્રોધ કહે છે, પણ કામના રહિત હોવાથી સંતોને ક્રોધ વ્યાપતો જ નથી. ભૂતકાળનું તે સ્મરણ કરતા નથી, અને ભવિષ્યકાળનું તે અનુસંધાન કરતા નથી. તેઓ તો માત્ર વર્તમાન ક્ષણમાં જ બ્રહ્માકાર વૃત્તિ ધારણ કરી રહે છે. તેથી તેમને ચિંતા, ભય, વ્યથા, આકુળતા—વ્યાકુળતા સંભવતાં નથી. મેરુ પર્વત ચલાયમાન થાય, આકાશનો કોઇ વીંટો કરી બગલમાં મારે, સૂર્ય શીતલ પડી જાય, અને ચન્દ્ર તપ્ત બની જાય, તો પણ તેને આશ્ચર્યભાવ, અહોભાવ, વિસ્મય થતો નથી.

'રામ અમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જોને,
પ્રીતમના સ્વામીની લીલા તે રજની દન નરખે જોને.'

સંતો મહાન હોય છે. ક્ષુદ્ર અહંભાવ કે સ્વાર્થ તેમને હોતાં નથી. તેમની ચેતના વિરાટ-ભાવને ધારણ કરી બધાં જગતનાં પ્રાણી પદાર્થોને પોતામાં સમાવી લે છે. પરિણામે તેમને કોઇ પોતાનો કે પારકો લાગતો નથી—તેમનામાં ભેદબુદ્ધિ હોતી નથી.

વસંતઋતુ આવે છે અને બધાં વૃક્ષોને નવી કુંપળો ફૂટવા માંડે છે, જીવન નવપલ્લવિત બને છે. આ પરોપકાર કરવો તે વસંતઋતુનો સ્વભાવ છે. તેમાં કાંઈ તેનો સ્વાર્થ નથી હોતો. સંત લોકો પણ નિઃસ્વાર્થ ભાવે જ દુનિયાના ત્રિતાપદગ્ધ મનુષ્યોને શાન્તિ પમાડે છે. 'શાન્તિ પમાડે તેને સંત કહીએ રે.' જેની પાસે બેસવાથી અંતઃકરણમાં ટાઢકનો શેરડો પડે, ચિંતાઓ શમી જાય, તનના સંકલ્પ-વિકલ્પ શાન્ત પડી જાય, ચિત્તવૃત્તિ આપોઆપ આત્મામાં એકાગ્ર બને, તેને સંત જાણવો. તેની આસપાસ એવાં આંદોલનો

ઊતર્યાં હોય છે, એવું વાતાવરણ જામેલું રહે છે, કે બીજાઓ પર તેનો પ્રભાવ પડે અને તેમનું ચિત્ત પણ શાન્ત અને એકાગ્ર બની જાય.

આ ભવસાગર તરવામાં તેમણે અનેક તપશ્ચર્યાઓ કરી હોય છે, યોગ માર્ગોનું સાધન કર્યું હોય છે, આંતર પ્રયોગશાળામાં અનેક અનુભૂતિઓ કરી હોય છે, ભવાટવીનાં કાંટાં-ઝાંખરાં દૂર કરી, નવીન કેડીઓ પાડી, પાછળ આવનાર સાધકો માટે રસ્તો બાંધી આપ્યો હોય છે, તેમને માટે માર્ગ સરળ, સુલભ, સ્વચ્છ કરી આપ્યો હોય છે. તેથી તો વેદમાં કહ્યું છે કે–નમઃ પૂર્વેભ્યઃ પથિકૃદ્ભ્યઃ । પૂર્વના ઋષિમુનિઓ–જેમણે આપણે માટે રસ્તો બનાવી રાખ્યો, તેવા આધ્યાત્મિક ઈજનેરોને નમસ્કાર હો!

સંતો વિશ્વના આધારસ્તંભ છે, પ્રભુના પ્યારા મદદનીશ છે. વિશ્વનાં સૂત્રોનું સંચાલન કરવામાં, માનવરૂપી કઠપૂતળીઓનો દોરીસંચાર કરવામાં, તેઓ પણ સૂત્રધાર રૂપે કાર્ય કરતા હોય છે. તેથી તો ભગવાન કહે છે કે—

"સંતો સૂવે, ત્યારે હું સૂતું છું; સંતો જાગે ત્યારે હું જાગું છું. સંતો ફરે ત્યારે હું ફરું છું, સંતો બેસે ત્યારે હું બેસું છું. હું સંતોની પાછળ પાછળ ભટકું છું."

આવો અગાધ છે સંતોનો મહિમા ! તેમને અનેકાનેક વંદન હો!

☆

ન્યાયમૂર્તિ

વૈકુંઠ શાહ

"અભિનંદન, મિ. દવે, હાર્દિક અભિનંદન."

મુલાકાતીએ હાથ લંબાવી સોમદત્ત દવેને હસ્તધૂનન કર્યું.

"આભાર આપને."

"આટલો આનંદ મને ભાગ્યે જ કોઇ નિમણૂકથી થયો હશે."–શ્રી. દવેએ મૌન સેવ્યું.

ચા–પાણી પી મુલાકાતી વિદાય થવા ઊભા થયા ત્યારે નમ્રતાના પ્રતીક—સમા શ્રી. દવેએ હાથ જોડી નમસ્કાર કર્યો. સવારથી જ શ્રી. દવેના નિવાસસ્થાને મુલાકાતીઓની સતત ધારા ચાલુ હતી અને તે વિનાકારણ ન હતી.

એમણે ન્યાયાધીશ તરીકે સારી ખ્યાતિ મેળવી હતી. એક સ્વતંત્ર, નિડર અને નિષ્પક્ષપાત ન્યાયમૂર્તિ તરીકે શ્રી. દવે પંકાયા હતા. તેમનો સૌથી નોંધપાત્ર ગુણ તેમની પ્રામાણિકતા હતી. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ સોમદત્ત દવેનો ન્યાય તો પ્રલોભનો અને નિર્બળતાના વમળમાં ગુંચવાયા વિના સત્યના શાંત પથ પરથી જ પસાર થતો અને જનતાનો આદર મેળવી લેતો.

આ માર્ગ કાંટાળો હતો. શ્રી. દવેને ઘણીવાર ઉચ્ચ સરકારી અફસરોનો, વગવસીલાવાળા ગૃહસ્થોનો અને કેટલીક વાર ખુદ સરકારનો ય ખોફ વહોરવો પડતો; પણ પ્રભુએ બતાવેલા ન્યાય્ય માર્ગનો તેમણે કદીયે ત્યાગ ન કર્યો.

એકવાર શહેરના એક અગ્રગણ્ય રાજકીય નેતા સામેનો મુકર્દમો એમની સમક્ષ આવ્યો. ન્યાયનું વજન નેતાની વિરુદ્ધ હતું. સોમદત્ત દવેએ નેતાની લાગવગ અને દબાણને અવગણીને ન્યાયમાતાને જ રીઝવવાનો નિર્ધાર કર્યો. તેમણે લેવા ધારેલાં પગલાંની અસર કેવી થશે અને તેમની નોકરી પણ જોખમમાં મુકાશે એવી ચેતવણી તેમના સ્નેહીઓ તરફથી આપવામાં આવી ત્યારે શ્રી. દવેએ વિનાસંકોચે કહ્યું :

"એ ખુરશી પર બેસનાર જો ન્યાયનો માર્ગ છોડી ખોટી પ્રતિભામાં અંજાઇ જાય તો ન્યાયની પવિત્રતા અને શોભા ક્યાં રહી? હું તો ફક્ત ઈશ્વરને સન્મુખ રાખીને જે નિર્ણય યોગ્ય લાગશે તે જ આપીશ. એમ કરતાં એ સ્થાન મારે છોડવું પડે તો મને તેનું જરા ય દુઃખ નહિ થાય."

આવા લોકપ્રિય અને ન્યાયપ્રિય ગૃહસ્થને સરકારે સેશન્સ જજ તરીકે નીમ્યા ત્યારે આખા શહેરમાં આનંદનું વાતાવરણ પ્રસરી ગયું. સવારના વર્તમાનપત્રમાં સમાચાર પ્રકટ થયા ત્યારથી શહેરમાં સર્વત્ર એક જ વાત સંભળાતી :

"એમના બહુમાનથી ન્યાયનું ગૌરવ વધ્યું છે."

*

જ્યારે નિમણૂકનો હુકમ એમની પાસે આવ્યો ત્યારે શ્રી. દવે એ કાગળ લઈ દેવસેવાની ઓરડીમાં ગયા અને પ્રભુના ચરણકમળમાં એ કાગળ મૂકી વિનમ્ર ભાવે કહ્યું :

"પ્રભુ, આ નવી આફત ક્યાં ઊભી કરી? મને તો હાલની સ્થિતિમાં પૂર્ણ સંતોષ

છે. નિડરતાથી મારી ફરજ બજાવવામાં અને તારા નામનું રટણ કરવામાં મને આનંદ છે. આ નવી ખુરશીને શોભાવવા અનેકગણી નૈતિક હિંમત જોઈશે. એ લેવા હું ક્યાં જાઉં? એ ન્યાય યોગ્ય રીતે તોળવાને કંઈક પ્રલોભનોને ઠોકર મારવી પડશે. એમ કરવા હું બળ ક્યાંથી લાવીશ? પ્રભુ, તું મને સહાય કરજે અને એવું કંઈ ન કરાવતો જેથી તારે નારાજ થવું પડે."

પ્રભુ સમીપ આંસુ સારી સોમદત્ત દવે તેમની માતા પાસે આવ્યા અને નવા હોદ્દાની વાત કરી કહેવા લાગ્યા :

"મા, તેં મને બાળપણથી પ્રભુથી ડરતા રહેવાનું શીખવ્યું છે. તું મને હંમેશ કહેતી : 'સાચું પગલું ભરતાં કદી ડરવું નહિ. ડરવું હીન કામ કરતાં જેનાથી પ્રભુ નારાજ થાય.'" શ્રી. દવેની આંખમાં ઝળઝળિયાં આવ્યાં જેનું પ્રતિબિંબ માની આંખમાં પણ દેખાયું. વૃદ્ધ માતાએ કરચલીવાળા હાથ પુત્રના માથા પર મૂકી લાગણીના ડૂમા સાથે કહ્યું :

"હા, ભાઈ, એ સલાહ ખોટી હતી?"

"મા, એ સલાહ પર મેં મારું આખું જીવન ઘડ્યું છે. અને આજે જે માન ને કીર્તિ પામ્યો છું તે તેને પ્રતાપે છે." સોમદત્તે માતાને પ્રણામ કર્યા : "પણ મા, આ નવું સ્થાન હું કેમ સંભાળી શકીશ? એ માટે બળ ક્યાંથી લાવીશ, મા. મને તો કંઈ સમજાતું નથી." શ્રી. દવેએ ભાવવશ થઈ કહ્યું.

"ભાઈ, જે ઈશ્વરે એ સ્થાન આપ્યું છે તે જ એને શોભાવવા બળ આપશે. ફરીથી એ જ સલાહ આપું છું કે પ્રભુને સદાય સન્મુખ રાખજે અને એ નારાજ થાય એવું કોઈ કામ ન કરતો.

*

સમય વહેવા લાગ્યો. અભિનંદનોનો જુવાળ શમી ગયો. શ્રી. દવેએ સેશન્સ જજનો હોદ્દો સંભાળી લીધો, પણ પહેલે દિવસે જે અજંપો દેખાતો હતો તે ઓછો ન થયો. સોમદત્તને ઉચ્ચ સ્થાન મેળવવાનો ન હતો આનંદ કે ન હતો ઉત્સાહ. તેમણે નવા સ્થાનને મિત્રો આગળ 'આફત' તરીકે જ સંબોધવાનું ચાલુ રાખ્યું ત્યારે મિત્રો કહેતા :

"સોમદત્ત, લોકો આ સ્થાન મેળવવા ઝંખે છે, લાગવગ લગાડે છે અને પ્રપંચ પણ કરે છે. તમને આવું વરદાન વણમાગ્યું મળ્યું ત્યારે ગ્લાનિને બદલે સંતોષ મેળવવો જોઈએ."

"મારી દૃષ્ટિ તમારા કરતાં જુદી છે. તમે દુન્યવી લાભ અને મોભાની દિશાએથી જુઓ છો. એ લાભ અને માન—સાથે જવાબદારી કેટલી વધે છે તે વિચારો છો?" શ્રી. દવેએ શાંતિથી ઉમેર્યું : "બળદગાડી ચલાવનારની જવાબદારી ઘણી ઓછી છે કારણ કે તેના વાહનમાં મુસાફરોની સલામતીને જોખમ આવવાનો સંભવ બહુ ઓછો છે. વિમાનવાહકની જવાબદારી અનેકગણી વધારે છે. તેની એક ગફલતથી બધાં ય પ્રવાસીઓના અસ્તિત્વને હાનિ પહોંચવા પૂરો સંભવ છે. અત્યાર સુધી બેલગાડી ચલાવતો હતો પણ હવે લૂંટ-ખૂનના કેસમાં મારે કેટલી જોખમદારી લેવી પડશે તે વિચાર્યું છે?"

તેમના શ્રોતાઓ શ્રી. દવેનું મંતવ્ય સાંભળી રહ્યા.

"ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ ન્યાયનું અહિત ન થાય એ જોવાનું રહે. જુવાની

સમજવામાં સહેજ પણ ભૂલ થાય તો પરિણામ કેવું ભયંકર આવી શકે એની કલ્પના કરી છે? એવી ભૂલ થાય તો પ્રભુ મને કદીયે માફ કરે?"

*

શ્રી. સોમદત્ત દવે સમક્ષ રામગોપાળનો મુકદ્દમો આવ્યો. પચીસ વર્ષના એ યુવાનને પોતાની ઓગણીસ વર્ષની પત્નીના ચારિત્ર્ય વિષે શંકા આવી અને ગુસ્સાના આવેશમાં આવી તેનું ખૂન કર્યું એટલું જ નહિ પણ મૃત્યુ પછી પણ તેના શરીર પર બાવીસ ઘા કર્યા.

કેસ સીધો-સાદો હતો. રામગોપાળ પાસે પશ્ચાત્તાપનાં આંસુ સિવાય બીજો કોઇ બચાવ ન હતો. જ્યારે રામગોપાળે કબૂલ કર્યું કે ક્રોધના ગુસ્સામાં તેનાથી આમ થઈ ગયું ત્યારે સૌકોઈને એમ લાગ્યું કે ફાંસીની સજા તેને માટે નિશ્ચિત છે.

શ્રી. દવેએ આખો ખટલો શાંત અને સ્વસ્થ મને સાંભળ્યો. પણ છેલ્લા બે દિવસથી તેમના મુખ પર વ્યગ્રતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી. જ્યુરીને જુબાની અને કેસ વિષે સાદી સમજ આપી, કાયદાની આંટીઘૂંટી સમજાવી શ્રી. દવે ચેમ્બરમાં ગયા. એક કલાકની મંત્રણા પછી જ્યુરીએ રામગોપાળને ખૂનના આરોપસર ગુનેગાર જાહેર કર્યો. શ્રી. દવેની વ્યગ્રતા અનેકગણી વધી ગઇ. બુધવારે ચુકાદો અપાશે એમ જાહેર કરી શ્રી. દવે અંદર ચાલી ગયા.

*

મ્લાન વદને શ્રી. દવે ઘેર આવ્યા ત્યારે તેની પત્નીએ તેમના માથા પર હાથ મૂકી પૂછ્યું:

"કેમ, શરીર બરાબર નથી?"

શ્રી. દવેએ પત્નીનો હાથ ખસેડતાં કહ્યું:

"શરીર બરાબર છે, મને શાંતિથી બેસવા દો."

આવી પરિસ્થિતિ પત્ની માટે નવી ન હતી એટલે પતિને એકલા છોડી તે ઘરકામે વળગી.

બે દિવસ પસાર થયા. સોમદત્ત દવે ન્યાયાલયમાં પણ ન ગયા. જેમ સમય જતો ગયો તેમ તેમની ગ્લાનિ ઘટવાને બદલે વધતી ચાલી. દિવસનો મોટો ભાગ દેવ-સેવાની ઓરડીમાં જ જવા માંડ્યો. એક જ ઉદ્‌ગાર તેમના કંઠમાંથી નીકળતો: "પ્રભુ, આ કેવું ધર્મસંકટ!"

માએ અને પત્નીએ સોમદત્ત દવેના દિલમાં ખેલાતું તુમુલ યુદ્ધ બે દિવસ સુધી બોલ્યા વિના જોયું પણ જ્યારે શ્રી. દવેની ચિંતાતુર મુખમુદ્રા બદલાવાનાં કોઈ ચિહ્ન ન દેખાયાં ત્યારે માતાએ પૂછ્યું:

"ભાઇ, બે દિવસથી તું કોઇ ભયંકર આપત્તિમાં હોય એવું દેખાય છે."

"હા મા, છે તો એવું જ" દીકરાએ માના ખોળામાં માથું મૂકતાં કહ્યું: "સાચે જ મારે દ્વિધામાં પડ્યો છું. કોર્ટમાં એક કેસ આવ્યો છે. તેમાં એક માણસ પર જુવાન પત્નીની હત્યાનો આરોપ છે."

"તેમાં હતાશ થવાનું શું કારણ?"

"એનો ચુકાદો કાલે આપવાનો છે."

"ઇશ્વરને સામે રાખી જે યોગ્ય હોય તે ચુકાદો આપજે."

"વાત એટલી સહેલી નથી, મા" શ્રી. દવેએ કંઇક લાગણીવશ થઇ કહ્યું: "કાયદાનું

પાલન ન્યાયથી કરાવવાનો મારો ધર્મ છે પણ પ્રભુના દરબારમાં મારો શો ધર્મ છે? મનુષ્યના બનાવેલા કાયદા પ્રમાણે રામગોપાળ ખૂની છે અને તેને દેહાંતદંડની શિક્ષા મળવી જ જોઈએ. સરકારે કાયદા પ્રમાણે ન્યાય કરવા મને બેસાડ્યો છે અને મારે તે ફરજ અદા કરવી જ રહી."

"જો ગુનો સાબિત થયો હોય તો દેહાંતદંડ આપવામાં શો વાંધો હોય?"

"પ્રભુના દરબારમાં મારો ન્યાય તોળાશે ત્યારે રામગોપાળનું ખૂન કરવાનો આરોપ મારા પર નહિ મૂકાય? પ્રભુના એક બાળકનો જીવ લેવાનો મને શો હક્ક છે?"

શ્રી. દવેના પ્રશ્નનો મા પાસે જવાબ ન હતો.

"બે વહેણ વચ્ચે અથડાતા હોડકા જેવી મારી સ્થિતિ છે. એક તરફ જેનું લૂણ ખાઉં છું તેના કાયદા પ્રમાણે ન્યાય આપવાની મારી ફરજ છે. બીજી તરફ સર્જનહાર મારી પાસે પ્રેમ-દયા અને અહિંસા માગે છે. જો હું રામગોપાળને ફાંસીની શિક્ષા આપું તો સર્વોચ્ચ ન્યાયાધીશ સમક્ષ ખૂની ગણાઉં."

ઘોડીવાર શાંતિ પ્રસરી ગઈ. શ્રી. દવેએ મનોવેદનાને વાચા આપતાં ઉમેર્યું:

"મા, હું નાનો ન્યાયાધીશ સારો હતો જ્યારે મારે જીવન-મરણના ચુકાદા આપવાના ન હતા. આજે સેશન્સ જજ બની મારે કોની આજ્ઞા પાળવીઃ મનુષ્યના કાયદાની કે પ્રભુના કાયદાની?"

જે સંસ્કારનું સિંચન નાનપણથી કર્યું હતું તેનું પાલન પુત્ર કેટલી હદ સુધી કરે છે તે જોઈ માતાને ગૌરવ થયું પણ પુત્રને ભીંસતા કોયડાનો ઉકેલ ન જડ્યો.

"મા, મેં વિચાર કર્યો કે રાજીનામું આપી દઉં પણ તેમ કરવામાં કાયરતા દેખાય છે—સરકારે મારામાં મૂકેલા વિશ્વાસનો દ્રોહ દેખાય છે."

મા પાસે સોમદત્તે હૃદયની વ્યથા સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરી. એમની વાત એટલી સાચી હતી કે જવાબ આપવો કે તોડ કાઢવો અશક્ય હતો. બારણામાં ઉભેલી પત્ની પતિની મહાનતાથી પ્રભાવિત બની.

દિવસ આગળ વધતો ચાલ્યો. સોમદત્તને ન માર્ગદર્શન મળ્યું-ન પ્રેરણા લાધી.

જ્યારે માનસિક વિષાદ અને શારીરિક કષ્ટનો બોજો અસહ્ય બન્યો ત્યારે ઈશ્વરની દયા અને પ્રકાશની ભિક્ષા માંગતા સોમદત્ત પથારીમાં પડ્યા. થોડી જ વારમાં નિદ્રાદેવીએ તેમને આવકાર્યા.

જે નિર્ણય ત્રણ દિવસના મનન પછી સોમદત્ત ન કરી શકયા તેનો નિકાલ ઈશ્વરના દયાળુ હાથે ઘડીકભરમાં થઈ ગયો અને ઈશ્વરે તેમને ધર્મસંકટમાંથી સાચે જ ઉગારી લીધા. શ્રી૦ દવેની ન્યાયની દેવી અકલંકિત રહી અને તેનું ઓજસ અનન્ય શોભાથી ઝળહળી રહ્યું.

બીજે દિવસે સવારે પથારીમાં સોમદત્ત દવેનું મૃત શરીર પડ્યું હતું. તે મુખમુદ્રા પર ગ્લાનિ કે વિષાદની છાયા સરખીય ન હતી. સૌમ્ય મલકાટથી તે શોભતું હતું.

★

અન્યાયનો વારસ

પતીલ

[મંદાક્રાન્તા]

કોઈ માટે નિયત શરતે ક્યાં સુધી કો કસાયે ?
થોડુંયે જે નહીં બચી શકે ભાવથી જે અપાયે !
આવે સાંજે કશું નવ રળી ઘેર જો સાસુજાયો,
ચાલુ ઠંડી સગડી કરવા યોજવા શા ઉપાયો ?

વેલો પ્યારો નિજ શિશુ તણો આંખ સામે ઝુરે છે,
પાડોશીઓ સ્વજન અથવા ખેલ ત્યારે જુવે છે :
આખું આયુ સુપરત કર્યું અન્ય કલ્યાણ માટે
વેચાતો તે નિજ નગરમાં રોજના શેર આટે.

અંગે એને રહી ન કફની એહની યોગ્યતાની,
રાખી જેણે હતી ન પરવા બાપના વારસાની :
વિદ્યાકામી રસિક ગરવો આત્મ જે કે'વરાવે
ઓ ! પોતાને મુખથકી કયા આજ તે ઓળખાવે ?

હેતો ભાડું સડક ઉપરે ચાલવા કારણે એ,
ના દેખાતો વગર ખપનો કોઇને બારણે એ;
એની મેડી પણ ગણી રહી માત્ર મેહમાન એને,
લાખોમાંથી કદીક કરતું કો હશે યાદ એને !

એને માટે કશુંક ખપતું કાર્ય શોધ્યું મળે ના,
એની સાથે નિસબત ખરી કોઈએ કેળવે ના :
મારી જાણ્યું કદી ન વગડે પંખીને ઢેકું એકે
તેને આજે ખપવી શકશે કોણ ખેડૂત લેખે ?

ચાખ્યો પોંક નથી મન ભરી કે ચખાડયો બિજાને
બોલ્યું તેનું અગર બકતું દેશમાં કોણ માને ?
એને સાચો સકળ જગમાં આજ કો ન્યાય આપે ?
ભાવી સાથે લડત કરતો જિંદગી જેહ કાપે !

સાથી મેણું સહન કરતાં બંધુઓ એકરાગી
તેની હૈયે સખત રહી છે એહને ચોટ લાગી.
ઊઠો જાગો, નિજ હક લઈ સામટી રાડ પાડો,
જ્યાં જ્યાં દીસે ભય કંરુણતા ત્યાં ખડા થૈ ભગાડો !

જ્હેમી વ્યૂહો નવ કદી શક્યાં સત્યને માર્ગ આપી
પાડો રસ્તો નવલ; બળવાખોર વીરો પ્રતાપી !
છેદી નાખો તરત ન છૂટે ગાંઠ જે છોડવાથી :
છે હૈયામાં બળ ગતિ પછી થાવું હેરાન શાથી ?

જે મ્હેલોમાં વસતી ન છબી આત્મની પુણ્યશાળી
ભીંતો તેની પડી જતી ભલે ઊજળા ઢંગવાળી :
આદર્શોના જહીં ન દીસતાં છાંટણાં ભાવનીના
પીઠાં પ્યારાં વધુ સુખદ છે તેહથી મદ્યપીનાં !

ઓ રે ! વિદ્યા તુજ ભિતરમાં શે ગુલામી હજીયે ?
વર્ષો લાંબા શિશુ સમયના મુક્તમાં આચરી હે
યંત્રો જેવાં વપુ બની જતાં જીવતાં માનવીનાં
ખોઈ તત્ત્વો સકળ સુખદા હેત શી લાગણીનાં.

આજ્ઞાકામી અનુચર રળે ટેંક વ્યાયામ સાટે,
એક ખાલી દીસતી ન જગા ભવ્ય વ્યાસંગ માટે !
આ તે કેવું તિમિર હજીયે આજ કેરી ઘડીએ ?
અંધશ્રદ્ધા ગ્રસતી સહુને તીવ્ર એની કડીએ.

ઊઠ ઊઠ છોડો નહીં અનુગામી લોક આચાર પેલા,
લોપે ન્યાયો ઉભય જગના દાવ સાધી રહેલા :
દષ્ટિ જ્યાં જ્યાં પડતી તહીં છે દંભ કેરા પથારા,
કર્તવ્યોનાં ફળ મહીં નથી વાયદાઓ અકારા !

★

સમય માપન [Dating the Past]

ડૉ. અશ્વિન ત્રિવેદી
ડૉ. મફતલાલ પટ્ટણી

આપણે કોઈ વ્યક્તિને—ખાસ કરીને સ્ત્રીને અથવા સરકારી નોકરને—તેની ઉંમર પૂછીએ તો તેને ખોટું લાગે છે. ખરી રીતે તો આપણને સૌને નાના રહેવું ગમે છે. આથી વિરુદ્ધ આપણે કોઈ ઐતિહાસિક કે પ્રાચીન સ્થળની મુલાકાતે ગયા હોઈએ, તો ત્યાંના રહેવાસીઓ ત્યાંનાં મકાન, કિલ્લા વગેરે સ્થાપત્યો જેમ બને તેમ વધુ જૂનાં છે તેમ દેખાડવાનો પ્રયત્ન કરશે. ધર્મશાસ્ત્રીઓ, ઇતિહાસકારો, પુરાતત્ત્વવિદો, જીવશાસ્ત્રીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓએ વસ્તુની વય નક્કી કરવા માટે ભિન્ન ભિન્ન પ્રકારની પદ્ધતિઓ અપનાવી છે. આપણી પૃથ્વી કેટલી જૂની છે, એને માટે ધર્મશાસ્ત્રીઓએ જુદાં જુદાં મંતવ્યો બતાવ્યાં છે. હિન્દુ ધર્મની માન્યતા પ્રમાણે સમય અનંત છે. આપણી પૃથ્વી ઉપરના સમયનો આ ચોથો યુગ-કળિયુગ છે. દરેક યુગ લગભગ ૪૩ લાખ વર્ષનો કલ્પવામાં આવ્યો છે. હિબ્રુ અને ખ્રિસ્તી ધાર્મિક લખાણો પ્રમાણે પૃથ્વીનું વય માત્ર ૫૯૬૪ વર્ષ છે, અને પૃથ્વીનો જન્મ ચોથી ઑક્ટોબર ઇ. સ. પૂ. ૪૦૦૪માં થયો હતો. ઇતિહાસકારો અને પુરાતત્ત્વવિદોએ પણ સમય નક્કી કરવા માટે વૈજ્ઞાનિક રીત કરતાં કલ્પનાનો વધુ ઉપયોગ કર્યો હતો.

પૃથ્વી ઉપરના ખડકોની ઉંમર શોધવાનો વૈજ્ઞાનિક પદ્ધતિનો અભ્યાસ ભૂસ્તરશાસ્ત્રીઓ અને જીવશાસ્ત્રીઓએ કર્યો હતો. મનુષ્યના અવશેષો સાથે જો પ્રાણીના અવશેષો મળી આવે તો તે ઉપરથી મનુષ્યના અવશેષો કેટલા જૂના છે તે જાણી શકાય છે. દાખલા તરીકે, મૅક્સિકોમાં મનુષ્યના અવશેષો સાથે ઘોડા વ૦ પ્રાણીના અવશેષો મળ્યા. પ્રાણીઓના અવશેષનો અભ્યાસ કરતાં જણાયું કે આ પ્રકારનાં પ્રાણીઓ ૮૦૦૦ વરસ પહેલાં જ સંભવી શકે. આ ઉપરથી એમ કહી શકાય કે મનુષ્યના અવશેષો પણ નિદાન ૮૦૦૦ વર્ષ જેટલા જૂના હોવા જોઈએ. હાડકાંમાંના ફ્લોરિનના જથ્થાના પરિમાપનથી પણ હાડકાંનો એટલે કે પ્રાણીનો સમય જાણી શકાય છે. જમીનના પાણીમાં રહેલો ફ્લોરિન હાડકાના કૅલ્શિયમ સાથે પ્રક્રિયા કરી સંયોજિત થાય છે. હાડકું જેમ વધુ જૂનું તેમ ફ્લોરિન સંયોજનનું પ્રમાણ તેમાં વધુ પ્રમાણમાં હશે. આ પ્રમાણે હાડકામાંના ફ્લોરિનના પ્રમાણ ઉપરથી હાડકાંનો સમય જાણી શકાય છે. વૃક્ષના થડને આડું વહેરવામાં આવે ત્યારે આડછેદમાં દેખાતાં કુંડાળાં ઉપરથી વૃક્ષની વય નક્કી કરી શકાય છે. નદીમાંથી કાંપ આવે છે અને દર વર્ષે તેનો થર બાઝે છે, અંતે આવા થરમાંથી ખડકો બને છે. આ ખડકોને સેડીમેન્ટરી (sedimentary) ખડકો કહેવામાં આવે છે. આવા ખડકની ઉંમર થરની સંખ્યાના જ્ઞાન ઉપરથી ગણી શકાય. સાદા કોષમાંથી અટપટો માનવી થતાં કેટલાં વર્ષો લાગે તે પણ જીવશાસ્ત્રીઓએ શોધવાનો પ્રયત્ન કર્યો છે. દરિયાનું પાણી અત્યારે ખારું છે. શરૂઆતમાં આ પાણી ક્ષારવિહીન હોય અને દર વર્ષે નદીઓ દ્વારા મુકરર પ્રમાણમાં ક્ષાર આવતો હોય તો અત્યારનું ક્ષારનું પ્રમાણ પહોંચતાં કેટલાં વર્ષો લાગ્યાં હશે તે શોધી શકાય.

ઉપરની પદ્ધતિઓ વૈજ્ઞાનિક હોવા છતાં દરેક પદ્ધતિમાં અમુક પ્રકારની મુશ્કેલીઓ રહેલી છે. અને એને લીધે શોધાયેલી ઉંમરમાં થોડેઘણે અંશે અનિશ્ચિતતા આવે છે. વય શોધવાની એક માત્ર ઉપયોગી પદ્ધતિ રેડિયો એક્ટિવ પદ્ધતિ છે.

રેડિયો એક્ટિવિટી એટલે શું ? કેટલાંક ભારે તત્ત્વો જેવાં કે યુરેનિયમ, થોરિયમ, ઇત્યાદિમાંથી આલ્ફા, બીટા કે ગામા કિરણો નીકળે છે, અને નવાં તત્ત્વો બને છે. અંતે માત્ર સીસું અને હીલિઅમવાયુ રહે છે. આ ક્રિયાને રેડિયોએક્ટિવ વિભાજન કહેવામાં આવે છે. તત્ત્વના પરમાણુવિભાજનનો દર પરમાણુની સંખ્યા અને તત્ત્વની જાત ઉપર આધાર રાખે છે. પ્રતિ સેંકડે તત્ત્વના જેટલા પરમાણુનું વિભાજન થાય તેને વિભાજન અચલાંક (Decay constant) કહેવામાં આવે છે. કુલ પરમાણુની સંખ્યાને વિભાજન અચલાંકથી ગુણીએ તો તત્ત્વનો પરમાણુ વિભાજન દર મળે છે. જેમ પરમાણુની સંખ્યા ઘટતી જાય તેમ આ દર પણ ઘટતો જાય છે, એટલે સૈદ્ધાન્તિક રીતે તત્ત્વનું સંપૂર્ણ વિભાજન સંભવે જ નહિ, કારણકે જેમ પરમાણુની સંખ્યા ઘટે, તેમ પરમાણુ વિભાજનનો દર પણ ઘટતો જ જાય છે. આ સમજવા માટે કાચબા અને સસલા વચ્ચેની દોડવાની શરતનું ઉદાહરણ લઈએ. કાચબાભાઈ બહુ ધીમા એટલે દરરોજનું થોડું પણ મુકરર અંતર કાપવા માંડ્યા અને નિયત સમયે નિર્ણીત સ્થળે પહોંચી ગયા. વધુ પડતા આત્મવિશ્વાસવાળા સસલાભાઈએ પહેલે દિવસે જ અર્ધું અંતર કાપ્યું અને આ જ પ્રમાણે દરરોજ બાકીના અંતરનો અર્ધો ભાગ કાપવો એમ નક્કી કર્યું. તમે ગણી જોશો તો જણાશે કે સસલું કોઈ દિવસ નિર્ણીત સ્થળે પહોંચી શકશે નહિ. આ જ સિદ્ધાંત પ્રમાણે રેડિયો એક્ટિવ તત્ત્વનું સંપૂર્ણ વિભાજન સંભવે જ નહિ. એથી તત્ત્વનો અર્ધ આયુષ્ય સમય નક્કી કરવામાં આવે છે. અર્ધ આયુષ્ય સમય એટલે તત્ત્વના પરમાણુની સંખ્યા અથવા રેડિયો એક્ટિવિટી પ્રથમ કરતાં અર્ધી થવા માટે જોઈતો સમય. અર્ધ આયુષ્ય સમય તત્ત્વના વિભાજન દરના વ્યસ્ત પ્રમાણમાં હોય છે. જેમ વિભાજન દર વધુ તેમ અર્ધ આયુષ્ય સમય ઓછો. ભિન્ન ભિન્ન રેડિયો એક્ટિવ તત્ત્વના અર્ધ આયુષ્ય સમય જુદા જુદા હોય છે; અને સેકંડના લાખમા ભાગથી માંડીને લાખો વર્ષ સુધીનો હોય છે. યુરેનિયમ (પરમાણુભાર=૨૩૮) નો અર્ધ આયુષ્ય સમય લગભગ ૧૦૦ કરોડ કે ૧૦૦૦ મીલિયન વર્ષ છે. એટલે કોઈ પણ ખડકમાં રહેલા યુરેનિયમ અને સીસાનું અથવા યુરેનિયમ અને હીલિયમનું પ્રમાણ જાણીને તેની ઉંમર ચોકસાઈથી નક્કી થઈ શકે. પૃથ્વીના જૂના ખડકોની ઉંમર નક્કી કરવા માટે યુરેનિયમ પદ્ધતિ વપરાય છે. રૂબીડિયમ (Rb) તત્ત્વવાળી ખનિજની વય પણ ઉપરની રીતથી જાણી શકાય છે. કાચી ધાતુમાંના રૂબીડિયમ (પરમાણુભાર = ૮૭, Rb^{87}) નું વિભાજન થઈ સ્ટ્રોન્શિયમ (Sr^{87}) અને B–કિરણ મળે છે. કાચી ધાતુમાંના રૂબીડિયમ અને સ્ટ્રોન્શિયમના ગુણોત્તર ઉપરથી ગણતરી કરી ખનિજની વય જાણી શકાય છે. આ રીતનો ઉપયોગ કરી રૂબિડિયમની જૂનામાં જૂની ખનિજની ઉંમર લગભગ ૩.૪ × ૧૦૯ વર્ષ ગણવામાં આવી છે.

સંસ્કૃતિની દૃષ્ટિએ છેલ્લાં ત્રીસથી ચાલીસ હજાર વર્ષના બનાવો માટે વધુ રસ હોય તે દેખીતું છે. પ્રમાણમાં આવા ટૂંકા સમયને ચોકસાઈથી જાણવા માટે ટૂંકા અર્ધ આયુષ્ય-

વાળાં તત્ત્વો વધુ ઉપયોગી ગણાય, પરંતુ આ તત્ત્વોના એટલા મોટા ભાગનું વિભાજન થઈ ગયું હોય છે કે બાકી રહેલા તત્ત્વનો વિભાજન દર માપવો પ્રાયોગિક રીતે શક્ય નથી. જો કોઈ ટૂંકા અર્ધ આયુષ્ય સમયવાળું તત્ત્વ કુદરતમાં સતત રીતે સરજાતું હોય તો તે ઉપયોગી થઈ પડે. આવું એક તત્ત્વ કાર્બન (પરમાણુભાર = ૧૪, C^{14}) છે. આ તત્ત્વ જાણીતા તત્ત્વ કાર્બન (C^{12}) નો સમસ્થાનિક છે, એટલે કે બન્નેના રાસાયણિક ગુણ-ધર્મો એક જ હોય છે. C^{14} નો અર્ધ આયુષ્ય સમય ૫૫૭૦ વર્ષ છે. લગભગ ૪૦,૦૦૦ ફુટ ઊંચે વાતાવરણમાં રહેલા ન્યૂટ્રોનની નાઈટ્રોજન ઉપરની અસરથી C^{12} બને છે. અને Co_2 રૂપમાં રહેલા C^{12} ની સાથે એકરૂપ થઈ જાય છે. ઉપરની ક્રિયા વાતાવરણમાં C^{14}નું પ્રમાણ વધારે છે; પરંતુ C^{14} રેડિયો એક્ટિવ હોવાથી વિભાજન થવાથી તેનું પ્રમાણ ઘટે છે. આ બન્ને ક્રિયાનો વેગ સરખો હોવાથી વાતાવરણમાં C^{14}નું પ્રમાણ નિશ્ચિત રહે છે. વળી બધી સજીવ વસ્તુઓમાં રહેલા કાર્બનનો વાતાવરણમાં રહેલા Co_2 માંના કાર્બન સાથે સતત વિનિમય થવાથી સજીવ વસ્તુઓમાં પણ C^{14}નું પ્રમાણ નિશ્ચિત રહે છે. પરંતુ જેવી સજીવ વસ્તુ નિર્જીવ બને કે તરત જ આ વિનિમય અટકી જાય છે અને C^{14} નું પ્રમાણ ચાલુ વિભાજનથી ઘટતું જાય છે. દાખલા તરીકે, વૃક્ષ કે જીવિત પ્રાણીમાં રહેલા કાર્બનમાં C^{14}નું પ્રમાણ મુકરર રહેવાનું; જેવી સજીવ વસ્તુ નિર્જીવ બને કે તરત જ વાતાવરણમાંથી આવતો C^{14} બંધ થશે અને વિભાજન ચાલુ રહેશે, એટલે C^{14}નું પ્રમાણ સતત ઘટતું જશે. કોઈ કાગળનો કકડો, લાકડાનો કકડો કે હાડકામાં C^{14}નું પ્રમાણ નક્કી કરીએ તો આ વસ્તુઓ સજીવ સૃષ્ટિનું અંગ ક્યારે હતી તે જાણી શકાય છે. આ પ્રમાણે કોઈ હસ્તપ્રત કેટલી જૂની હશે અથવા અમુક હાડકાવાળું પ્રાણી ક્યારે સજીવ હશે તે આપણે ચોક્કસપણે જાણી શકીએ છીએ. લોયલમાંથી મળેલા પ્રાણિજ અવશેષો કેટલા જૂના છે તે C^{14} પદ્ધતિથી જાણી શકાય. આ જ પદ્ધતિનો ઉપયોગ કરી એમ નક્કી થયું છે કે ઉત્તર યુરોપમાં ફક્ત ૧૨,૦૦૦ વરસ પહેલાં બરફ હતો, કારણ કે આથી જૂનો કોઈ સજીવ વસ્તુનો અવશેષ મળી આવ્યો નથી. એ નિર્વિવાદ છે કે C^{14} પદ્ધતિ જીવશાસ્ત્ર અને પુરાતત્ત્વ અંગેના સંશોધનમાં અગત્યનો ભાગ ભજવશે. આ પ્રમાણે જેમાં કાર્બન રહેલો છે તેવા અવશેષોનો સમય નક્કી કરવા માટે વિજ્ઞાને બહુ સરસ પદ્ધતિ આપી છે. દેખીતી રીતે જ જેમાં કાર્બન ન હોય તેવી વસ્તુનો સમય પારખવા માટે આ પદ્ધતિ વાપરી શકાય નહિ. આવા સંજોગોમાં પણ સમય પારખવાની પદ્ધતિઓ શોધવાનો વૈજ્ઞાનિકોએ પ્રયત્ન કર્યો છે.

બધા જ પદાર્થોમાં રેડિયો એક્ટિવ તત્ત્વો સૂક્ષ્મ પ્રમાણમાં હોય છે. આ તત્ત્વોનું વિભાજન થતાં નીકળતા ઇલેક્ટ્રોન (B-કિરણ) સાધારણ ઉષ્ણતામાને ઘન પદાર્થમાં અટવાઈ રહે છે. આવા ઇલેક્ટ્રોનની સંખ્યા પદાર્થની વયની સાથે વધતી રહે છે. પુરાણાં માટીનાં વાસણો, ઈંટો વગેરે ને ૮૦૦° ફે. ગરમ કરવાથી તેમાંથી આ બંધાયેલા ઈલેક્ટ્રોન બહાર નીકળે છે, અને વિશિષ્ટ પ્રકારનો પ્રકાશ આપે છે. આ પ્રકાશના માપ ઉપરથી ઇલેક્ટ્રોનની સંખ્યા અને તે પરથી પદાર્થ ક્યારે ભઠ્ઠીમાં પકવી તૈયાર કરવામાં આવ્યો તેનો સમય જાણી શકાય છે. આ રીતથી લગભગ એક લાખ વરસ જેટલી મર્યાદાનો સમય જાણી શકાય છે.

જ્યારે કુદરતમાં લાવારસનો ખડક કે કાચ બને છે, ત્યારે તેની સપાટી દ્વારા પાણીનું શોષણ થાય છે. આ શોષેલું પાણી સમયની સાથે ધીમે ધીમે પદાર્થમાં ઊંડું ઊતરતું જાય છે. પદાર્થમાં ભેજની સપાટી કેટલે નીચે પહોંચી તે જાણવાથી પદાર્થનું વય નક્કી કરી શકાય છે. પ્રથમ C^{14} દર્શક તત્ત્વ તરીકે વાપરી કારખાનામાં બનાવેલા કાચનું વય ગણવામાં આવે છે. પછી તે કાચમાં ભેજની સપાટી કેટલી ઊંડી છે તે માપવામાં આવે છે. આ ઉપરથી ભેજને એટલી ઊંડાઈ પહોંચવા માટેનો સમય નક્કી થાય છે. હવે જે લાવારસના કાચની વય જાણવી હોય તેમાં ભેજની સપાટી કાચની ઉપરની સપાટીથી કેટલી ઊંડી ગઈ છે તે માપવામાં આવે છે. ઉપરના પરિણામનો ઉપયોગ કરી ભેજની આટલી ઊંડાઈ માટેનો સમય ગણવામાં આવે છે. આ રીત હજી પ્રાથમિક સ્વરૂપમાં જ છે.

સમય માપનની પદ્ધતિઓ હજુ તો પ્રાથમિક તબક્કામાં છે. આ વિષયમાં સંશોધન ચાલુ જ છે. કદાચ ભવિષ્યમાં ઇતિહાસકારો કે પુરાતત્ત્વજ્ઞો કલ્પનાને બદલે વૈજ્ઞાનિક પદ્ધતિએ ઇતિહાસ જાણવાનો પ્રયત્ન કરશે અને આમ પ્રાચીન સમય અને ઇતિહાસનું આપણું જ્ઞાન વધુ ચોક્કસ બનશે.

★

ગ્રન્થ-સ્વીકાર

ચેતન પ્રકાશન ગૃહ લિ૦
વડોદરાનાં પ્રકાશનો:

ગુજરાત દર્શન
સંપાદક : ભોગીલાલ ગાંધી
કિં. રૂ. ૯-૦૦

નેહરૂ—અણુયુગના સમન્વયક
લેખક : ભોગીલાલ ગાંધી
કિં. રૂ. ૩-૦૦

વંદેમાતરમ્
લેખક : રમણલાલ સોની
કિં. રૂ. ૧-૨૫

એચરકાકા
લેખક : રમણલાલ સોની
કિં. રૂ. ૧-૨૫

શરીરની સાચવણ
લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી
પ્રકાશક : પુસ્તકાલય સ. સ. મંડળ લિ૦
રાવપુરા, વડોદરા
કિં. રૂ. ૫-૫૦

વિજ્ઞાનની ઝાંખી
મૂળ લેખક : ડૉ. સી. વી. રામન
અનુવાદક : ડૉ. નરસિંહ મૂળજીભાઈ શાહ
પ્રકાશક : મિનિસ્ટ્રી ઓફ ઇન્ફોરમેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ
ભારત સરકાર : દિલ્હી.
[નેશનલ બુક ટ્રસ્ટનું પુસ્તક]
કિં. ૦-૭૫

કિંશુકમાલા

નટવરલાલ પ્રભુલાલ બુચ

[બે ચા-કાવ્યો]

૧

શક્તિધામ

[મંદાક્રાન્તા]


મેં હોટેલો મહીં જઈ જઈ પેય કૈં ચાખી જોયાં,
કોફી, કોકો, અવલટિન મેં મોં મહીં નાખી જોયાં;
ઠંડાં પીણાં પણ કંઈક તું સાથ મેં સાંખી જોયાં,
ઊનાંટાઢાં ઘર મહીં ઘણાં પેય મેં રાખી જોયાં:
કોકો કેરી નરી મધુરતા માંહીં ના સ્વાદ આવે,
ને કૉફીની કટુ મધુરતા લેશ મૂને ન ભાવે;
ઠંડાં પીણાં નહીં તનમને જોઈતી હૂંફ લાવે,
પીણાં હીણાં અવર સઘળાં માહરે કામ ના'વે:
મા-શી તારી મધુર કટુતા સ્તન્ય શી પોષનારી
પીને પામી બળ પ્રથમ હું શૈશવે લોચ રીખ્યો,
'મા, ચા પા'થી વિનંયનવિધિ યે શરૂ થૈ છ મારી,
હૂંફે તારી રહી વિવિધ વિદ્યાકળાઓ હું શીખ્યો:
મોળાં ધ્યેયો સમ અવર પેયો બધાં છે નકામ,
શ્રદ્ધા મારી દૃઢ થઈ છ, ચા, તું જ છે શક્તિધામ.

૨

અમારો સૂર્ય ઊગે ના,
અમારી આંખ ખૂલે ના,
અમારાં મન્ — વિહંગો
જાગૃતિની ડાળ ઝૂલે ના;
ન જો એ હોય ચા તો
જિંદગી રે સાવ વન્ધ્યા છે.
અમારી એ જ ઉષા ને
અમારી એ જ સંધ્યા છે.

[પાદપૂર્તિ]

★


VIJAYA
FABRICS
VIJAYA MILLS LTD,
AHMEDABAD-2.

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૯

સ્નેહી ભાઈશ્રી,

લોકશાહીનો એક નૂતન પ્રયોગ બ્લીટક્રાપડે તાં. ૩૦-૫-૫૮ ને દિવસે જોવા મળ્યો.

વાત એમ બની કે હું પેલા દરજીની બેબીને રમાડીને હેઝલડીન'હોટલમાં પાછો આવ્યો ત્યારે ભાઈ પદ્મનાભન તેમના રૂમમાં એકાએક ઉપડી આવેલી 'હોમસિકનેસ'થી પીડાઈ રહ્યા હતા. આ રોગ ઘણો ચેપી હોવાથી તેમની પીડાની વાત સાંભળીને મારા મન ઉપર પણ 'હોમસિકનેસ'નું મોજું પાછું ફરી વળ્યું. હું તો ત્રણ જ બાળકોનો પિતા હતો પરંતુ ભાઈ પદ્મનાભન તો સાત બાળકોના પિતા હતા (હવે આઠના છે અને ઝડપથી ડઝનના થવાની ઉમેદ રાખે છે!) તેથી તેમનું દર્દ મારા કરતાં તમણું હોય તો કશું નવાઇ પામવા જેવું નથી! પત્ર નં. ૭માં મેં 'હોમસિકનેસ' ઉપર સ્વરચિત કાવ્ય રજૂ કર્યું હતું તે તો તમને યાદ હશે જ. તેમાં લખ્યું હતું તેમજ ભાઈ પદ્મનાભન પણ પોકારી ઊઠયા કે "વધારે કંઈ નથી જોવું, હવે ભાઇલા! ચલો ઘેર! બળ્યું છે શું વિલાયતમાં, નથી જે આપણા ઘરમાં?" આવી પરિસ્થિતિ પેદા થવાનું મુખ્ય કારણ તો એ હતું કે હેઝલડીન હોટલના લાઉન્જ રૂમનું વાતાવરણ મેં ગયા પત્રમાં વર્ણવ્યું તેવું ખૂબ જ મૂગુમંતર હતું અને આ હોટલનું ભોજન પણ મિસિસ જ્હોનસનને ઘેર મળતું હતું તેવું મુલાયમ નહોતું. મુંબઈના ઘરની યાદ તો સતાવતી જ હતી તેમાં વળી મિસિસ જ્હોનસનના ઘરની યાદ પણ ભળી. છેવટે અમે વિષાદને ખંખેરી નાખીને મુંબઈના નહિ તો ડીડસબરીના એ ઘરની મુલાકાત લઈ આવવાનું નક્કી કર્યું.

મિસિસ જ્હોનસને અમને આવકાર આપ્યો અને 'મદ્રાસી સાંભાર'વાળું ભોજન તૈયાર હતું તે લઇ લેવાનો પણ આગ્રહ કર્યો. આમ તો હેઝલડીનમાંથી અમે જમીને જ નીકળ્યા હતા પરંતુ આ વિષાદનાશક સાંભારનું નામ સાંભળીને મોઢામાં પાણી છૂટ્યું અને ખરેખર જાણે મુંબઈના ઘરમાં જ આવી પહોંચ્યા હોઈએ તેવું લાગવા માંડ્યું. સાંભારને ન્યાય આપીને અમે મિસિસ જ્હોનસનના ઘરની જીવતી જાગતી લાઉંજમાં આવ્યા. અમે આ ગેસ્ટહાઉસ છોડયા બાદ જે નવાં મહેમાનો રહેવા આવ્યાં હતાં તેમની સાથે અમારું ઓળખાણ કરાવવામાં આવ્યું. તેમાં ઇન્ડોનેશિયાના એક મિ. અને મિસિસ ચુ પણ હતાં. બીજું એક ફ્રેન્ચ યુગલ હતું અને એક સ્વીસ તથા ઇટાલિયન ભાઇ પણ હતા. આવા મજેના આંતરરાષ્ટ્રિય વાતાવરણ વચ્ચે આવ્યા તેથી મન પાછું પ્રફુલ્લિત થઈ ગયું. નવા મિત્રો સાથે ખૂબ વાતો કર્યા બાદ ટેલીવિઝનનો પ્રોગ્રામ જોવા બેઠા. આ પત્રની શરૂઆતમાં જણાવ્યો તે લોકશાહીનો નૂતન પ્રયોગ ટેલીવિઝન ઉપર અમે આ રાત્રે જોયો.

આ પ્રોગ્રામ ખરેખર અસાધારણ હતો અને ટેલીવિઝન ઉપર એક પ્રયોગાત્મક શરૂઆત રૂપે પહેલી જ વાર રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં નાટકના જેવી કશી જ પૂર્વ-

યોજના કે 'સ્કીમ્સ'નાં બંધનો નહોતાં. આ પ્રોગ્રામમાં વાણીસ્વાતંત્ર્યનો છૂટો દોર આપવામાં આવ્યો હતો. પાર્લમેન્ટમાં તો વિવિધ પક્ષના પ્રતિનિધિઓ જ સામસામી ચર્ચાઓ કરે છે અને તેમાં સામાન્ય જનતા સીધી રીતે ભાગ લઈ શકતી નથી. પરંતુ આ ટેલીવિઝનના પ્રોગ્રામમાં તો જનતાને પણ પ્રતિનિધિઓ ઉપર પ્રશ્નોની ઝડીઓ વરસાવવા દેવામાં આવી હતી. ટેલીવિઝન સ્ટુડીઓના નાનકડા સભાગૃહમાં જાહેર સભા રાખવામાં આવી હતી અને સ્ટેજ ઉપર લેબર, લિબરલ અને કૉન્ઝરવેટિવ પક્ષના મોટા નેતાઓને સાથે બેસાડવામાં આવ્યા હતા (દાખલા તરીકે; ભારતમાં નેહરૂ, અશોક, ઢેબ, રાજાજી, જયપ્રકાશ, વિનોબાજી વગેરેને એક જ સ્ટેજ ઉપર ભેગા બેસાડવામાં આવે તેવી રીતે). પછી પ્રેક્ષકોમાંથી સંખ્યાબંધ નરનારીઓએ વારાફરતી પ્રશ્નોની ઝડીઓ વરસાવવા માંડી હતી.

આ પ્રશ્નો એવા કાતીલ હતા કે નેતાઓ જવાબ આપતાં પણ મૂંઝાઈ જતા હતા. પ્રશ્નો ચાલુ બનાવોને લગતા જ હતાઃ દાખલા તરીકે લંડનની બસ હડતાલ, સરકારની માલિકીના ઉદ્યોગોમાં દેવાળું, સસ્તાં ઘરોની યોજના, મોંઘવારી, પૂર્વ અને પશ્ચિમ જર્મનીની એકતા, બ્રિટનના તોફાનો, હાઈડ્રોજન બોમ્બનું વિસર્જન, ધર્મગુરુઓનો રાજકારણમાં હસ્તક્ષેપ, ચાંગ કાઈ શેકને અમેરિકાનો ટેકો વગેરે વગેરે. મૂંઝાયેલા નેતાઓને બહુ જવાબદારીભરી રીતે જવાબો આપવા પડતા હતા અને જો તેઓ સંદિગ્ધ જવાબ આપવાનો પ્રયત્ન કરતા તો ચબરાક પ્રેક્ષકો "આઈ પુટ ઈટ ટુ યુ સ્ટ્રેઈટ, સે યસ ઑર નો, ઈઝ ધેર ઑર ઈઝ ધેર નોટ એની ઈન્ટરફીયરન્સ બાય ચર્ચ ઈન પોલિટિક્સ ?" એવા સીધા જ સવાલો કરતા હતા. તેજસ્વી યુવાનો અને બુઢ્ઢાબુઢ્ઢીઓ સુદ્ધાં નેતાઓ પ્રત્યે કશી જ દયા માયા રાખ્યા વગર આવા પ્રશ્નો પૂછ્યે રાખતા હતા.

પાર્લમેન્ટની ચર્ચા તો છાપાંઓમાં ઘણીવાર વિકૃત સ્વરૂપે રજૂ થાય છે અને તે વાંચતાં આપણને કંટાળો પણ આવી જાય છે. વળી તે વાંચતાં વાંચતાં પ્રશ્નો પૂછવાનું મન થાય છે તો તે પણ મનમાં ને મનમાં જ રહી જાય છે. પરંતુ ટેલીવિઝન ઉપરની આવી ચર્ચા તો તેના અસલ સ્વરૂપમાં જ આખો દેશ નજરોનજર નિહાળી શકતો હોવાથી દરેક જણ જાતે જ નક્કી કરી શકે છે કે કયા પક્ષમાં વધારે પાણી છે. અસલના જમાનામાં જે દ્વંદ્વયુદ્ધમાં જીતી જતો હતો તેને વરમાળા પહેરવા મળતી હતી. તેને બદલે હવે આવા વાક્યુદ્ધમાં જે પક્ષ જનતાનું દિલ હરી લે તેને જ સત્તાસ્થાને ચૂંટાવા મળે તેવા આશયથી પ્રેરાઈને આ પ્રયોગાત્મક પ્રોગ્રામ ટેલીવિઝન ઉપર રજૂ કરવામાં આવ્યો હતો. ચૂંટણી વખતે દરેક હરીફ ઉમેદવારને તેને મત આપનારી સમસ્ત પ્રજા પૂરેપૂરી પિછાણી શકે અને પછી જ તેને મત આપે તેવી સાચી લોકશાહી હવા પેદા કરવા માટે ટેલીવિઝનનો આ હિંમતભર્યો પ્રયોગ ખરેખર પ્રશંસનીય છે. બીજા દિવસના 'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં આ નૂતન પ્રયોગને આવકારતો એક લેખ પણ પ્રગટ થયો હતો. આ પ્રથા જગતભરમાં ફેલાય તો સાચી લોકશાહી પણ ઠેર ઠેર સ્થાપિત થતી જાય. પછી કોઈને કહેવાપણું નહિ રહે કે તેનો અવાજ જનતામાં ફેલાવવાની તક ન મળવાથી તે ચૂંટણીમાં હારી જાય છે. લોકમત કેળવવા માટે ટેલીવિઝન કેટલું બધું શક્તિશાળી સાધન છે તે આ પ્રયોગ ઉપરથી સચોટ રીતે સમજાઈ શકે તેમ છે. બીજી બાજુ 'રૉક એન્ડ રોલ'ની સંસ્કૃતિ ઝડપથી ફેલાવવા માટે પણ ટેલીવિઝન એક અજોડ સાધન છે!

લોકશાહીના નૂતન પ્રયોગના આ પ્રોગ્રામ ઉપરાંત તેજ રાત્રે ટેલીવિઝન ઉપર અમને એક બીજો પણ સુંદર પ્રોગ્રામ જોવા મળ્યો. બ્રિટનના ભૂતપૂર્વ મજૂર વડાપ્રધાન લોર્ડ ઍટલીના જીવન-પ્રસંગો વિશે તેમના ભાઈ, પુત્રી તથા મિત્રોને પ્રશ્નો પૂછાતા હતા અને તેઓ તેના જવાબો આપતા હતા.

ટેલીવિઝનના આ પ્રોગ્રામો જોઈને પછી ગપ્પાં મારતાં મારતાં રાતના અગિયાર વાગી ગયા હતા અને અમારે ડીડસબરીથી પાછા હેઝલડીન હોટલમાં જવાનું તો બાકી જ હતું. પણ શુક્રવારની રાતે સૌ કોઈ નિરાંતે જ ઘેર પાછા ફરે છે કારણ કે દર શનિ અને રવિવારે રજા હોય છે. ડીડસબરીથી અમને ૧૧-૨૦ વાગે એક બસ મળી તે ૧૧-૫૦ વાગે પીકેડીલી પહોંચી. ત્યાંથી હેઝલડીનની બસ મળવી મુશ્કેલ હોવાથી અમે સેલ્ફોર્ડના બસ સ્ટેશન સુધી ચાલી નાખ્યું. અમદાવાદના લાલ દરવાજા કે મુંબઈના માહીમના બસ સ્ટેશન જેવા આ સ્થળે મધરાતે પણ મોટાં ટોળાં બસની રાહ જોતાં ઊભાં હતાં. ખાસ કરીને દર શુક્રવારે રાત્રે ઠેર ઠેર આવાં ટોળાં નજરે પડે છે.

આ ટોળાંનું દિલ બહેલાવવા બસ સ્ટેશનના વિશાળ ચોગાનમાં ભિખારી ગવૈયાઓ મીઠું સંગીત ગાતા હતા અને વાયોલીન ઉપર દિલના તાર ઝણઝણાવી મૂકે તેવા સૂરો વગાડી રહ્યા હતા. એક અડધી પાગલ જેવી બોખી બુઢ્ઢી ભિખારણ બ્રેડનો ટુકડો ખાતી ખાતી એવું કરુણ છતાં મધુર સ્વરોવાળું ગીત ગાતી હતી કે સૌ કોઈને દયા આવી જાય. આ 'જોગીઆ'ના સૂરો છે શું? તેનો એક બુઢ્ઢો સાથી વાયોલીન પણ ખૂબ કરુણ સૂરોમાં વગાડતો હતો. આટલો મધુર કંઠ અને આટલું મીઠું વાદ્યવાદન સાધવા છતાં 'કલ્યાણ રાજ્ય'માં તેમની આવી હાલત શાથી? મિસિસ જ્હોનસને અમને વખતોવખત કહ્યું હતું કે "કલ્યાણ રાજ્યમાં કોઈને પણ ભીખ માગવાપણું હોય જ નહિ—સિવાય કે તેને ખૂબ દારૂ ઢીંચવાની ટેવ પડી ન હોય તો!" અને ખરેખર આ સંગીતકારો ખૂબ ઢીંચીને જ આવેલા હતા. એટલું જ નહિ પણ બસની કયુમાં ઊભેલાં ઘણાં નાગરિકો પણ શુક્રવારની રાત "પબ"માં ઊજવીને ઘેર પાછા ફરી રહ્યા હતા તેથી ખૂબ રંગમાં આવી ગયેલા હતા. કયુમાં ઊભેલા નાગરિકોએ આ ભિખારી બુઢ્ઢાની હેટમાં પેની એ પેની નાખીને સંતોષ મેળવ્યો—પીએ જાવ, ઔર પીએ જાવ અને પીવડાવતા જાવ! ભાઈ પઠાણોએ તો એક આખો શિલિંગ હેટમાં હોમી દીધો! ભલે પીયો, ઔર રાજી રીયો! શરાબમાંથી આવું સુંદર સંગીત ઝરતું હોય તો શરાબનું પણ લોકજીવનમાં જ સ્થાન હોવું ઘટે છે!

પણ વાત આટલેથી જ નથી અટકતી. થોડી વાર પછી બીજી એક બે ટોળીઓ બસની કયુમાં જોડાઈ. આ ટોળીઓ તો સારી પેઠે પી કરીને આવી હોય તેમ લાગતું હતું. તેમાંની એક આધેડ વયની નારીએ પેલી ગાયિકા બુઢ્ઢીને ડાન્સના સૂરો ગાવાની 'ફરમાઈશ' કરી અને બુઢ્ઢીએ તે પ્રમાણે ગાવાનું શરૂ કરતાં પેલી મસ્તાની ઔર વધારે રંગમાં આવી ગઈ. તેણે તો પેલી બુઢ્ઢીને જ કમરથી પકડીને ડાન્સ કરવા માંડયો! પછી તેને છોડીને કયુમાંના એક ભલા આદમીને પકડીને ડાન્સમાં ખેંચ્યો. એમ કરતાં કરતાં તે તો અમારી સમીપ પણ આવી પહોંચી! પદમથી કહે છે કે "લો, ગાંધીજી, કરો, હવે ડાન્સ! શીખ્યા કેમ નહિ? શીખ્યા હોત તો અહીં કામ લાગત ને!" આ સાંભળીને પેલી રંગીલી તો ખરેખર 'ગાંધીજી'ને પણ પકડવા આવી પહોંચી! મેં કહ્યું, "માફ કર મારી માઈ, મને

તો ડાન્સનો એકડો પણ નથી આવડતો!" ત્યારે પેલીએ કહ્યું, "શું હું બુઢ્ઢી લાગું છું તે મને માફ કહો છો? જરા જુઓ તો ખરા હું કેવી જુવાનજોધ છું તે!" મેં કહ્યું, "અલબત્ત, અલબત્ત, માય ચાર્મિંગ ડાર્લિંગ બેબી, તું તો ખૂબ જ જુવાન છે; પણ મને માફ કર બલા!" બલા આખરે ટળી અને તેણે બીજાને પકડ્યો.

રાતનો એક વાગ્યો હતો છતાં બસનું કંઈ ઠેકાણું ન લાગ્યું! આ સ્થળ તો મધરાતે બસ સ્ટેશનને બદલે ડાન્સ હોલના જેવું બની ગયું હતું! આખરે એક બસ આવી ખરી, પરંતુ તેમાં અમારો નંબર ન લાગ્યો. બીજી બસ તો બે વાગે આવે તેમ હતું! તેથી એક કલાક આ પ્રમાણે તપ્યા બાદ અમે ઊપડ્યા ટેક્સી સ્ટેન્ડ ઉપર! અહીં પણ ટેકસીરસિયા-ઓની કયુ લાગેલી હતી. છતાં અમને બીજા બે નાગરિકોની ભાગીદારીમાં એક ટેક્સી તરત મળી ગઈ તો ખરી. રાત્રે દોઢ વાગે અમે હેઝલડીનમાં પહોંચ્યા અને અમારા રૂમમાં આવીને ઊંઘ્યા તે શનિવારે સવારે નવ વાગે ઊઠ્યા. શુક્રવારનું રાત્રીજીવન આવું હોય છે તેનો ખ્યાલ આ અનુભવે આપી દીધો. ત્યાર પછીના પણ કોઈ કોઈ શુક્રવારની રાત્રે અમે આ પ્રમાણે જુદાં જુદાં સ્થળોની સહેલ કરવા ઊપડી જતા હતા અને નવા નવા અનુભવો સાથે પાછા ફરતા હતા. 'હોમસિકનેસ'ને મારી હઠાવવા માટેના અનેક પ્રયોગો-માંનો આ પણ એક સફળ પ્રયોગ હતો!

આવા એક શુક્રવારે અમારા એક મિત્ર મિ. ગ્લેન્ડહીલ અમને ખુદ 'પબ'ના જીવ-નનો અનુભવ કરાવવા પણ લઈ ગયા હતા. માન્ચેસ્ટરના પીકેડીલી અને સેલ્ફોર્ડના બે વિશાળ બસ સ્ટેશનોની વચ્ચે માર્કેટ સ્ટ્રીટના છેડે શહેરનું જૂનામાં જૂનું (૬૩૦ વર્ષ જેટલું જૂનું) એક 'વર્થિંગ્ટન ઈન' નામનું મકાન છે. આ મકાનની બાંધણી આસપાસનાં બધાં મકાનો કરતાં જુદી જ તરી આવે છે તેથી તેના વિશે પૂછપરછ કરવા દરેક જણ પ્રેરાય છે. અને ત્યારે ખબર પડે છે કે આ મકાનમાં તો માન્ચેસ્ટરનું એક જૂનામાં જૂનું પ્રખ્યાત 'પબ' (પીઠું) આવેલું છે. વિલાયતના જીવનમાં 'પબ'નું સ્થાન આગવું છે. આખા દિવસના શ્રમ બાદ દરેક વર્ગના શ્રમજીવીઓ, કારીગરો અને બુદ્ધિજીવીઓ સુદ્ધાં આ પબોમાં 'ફોર ધી ગ્લાસ ધેટ ચીયર્સ' પીવા માટે ટોળે મળે છે. અસલના જમાનામાં તો મજૂરો અને માલિકો, ગરીબો અને અમીરો ખભેખભા મિલાવીને આ એક સ્થળે સમાન ધોરણે ભેગા મળતા હતા અને 'એક ચ પ્યાલી'માં તેમની ચિંતાઓને ડુબાડી દેતા હતા—'સેંક ધેર સોરોઝ'! પણ હવે તો વર્ગભેદ ઉપર રચાયેલી, સીધી સાદી પબથી ચઢિયાતી, ફેશને-બલ બારો અને ક્લબો અસ્તિત્વમાં આવી છે તેથી સમાજનો ઉપલો થર—અપર સ્ટ્રેટા સોસાયટી—પબમાં ભાગ્યે જ દેખાય છે. અમે એક શુક્રવારે મિ. એલેક્સ ગ્લેન્ડહીલ સાથે વર્થિંગ્ટન ઈનમાં આવેલી આ 'પબ'નો અનુભવ લીધો અને બીજા એક શુક્રવારે મિ. સ્ટુઅર્ટ મીન સાથે પીકેડીલીમાં આવેલી 'કાબારેટ ક્લબ'નો પણ અનુભવ લીધો.

'પબ'નું વાતાવરણ મને તો 'ચીયરીંગ' લાગવાને બદલે ગૂંગળાવી નાખે તેવું લાગ્યું. શો આ બધો શોરબકોર અને શી આ ગેલછા! અને આ બધી વાસ પણ કેવી વિચિત્ર છે! આને શું મીઠી 'એરોમા' કહેવાય કે કડવી? ગુલાબ, મોગરા, કેસર, એલચી, તજ કે લવિંગનો આ પમરાટ નહોતો પણ ક્વીનાઈન અને કરિયાતાની વમનપ્રેરક વાસ

હતી અને તેમાં ચારે બાજુથી સીગારેટના ધુમાડા ભળતા હતા. કલાકોના કલાકો આ લોકો આવી 'ગેસ ચેમ્બર'માં કઈ રીતે બેસી રહેતા હશે તે જ મને તો નવાઈ જેવું લાગ્યું. છતાં મેં અનુભવ કરવા ખાતર અડધો કલાક આ 'પબ'માં વીતાવ્યો. 'બીયર'માં મને કશો રોચક સ્વાદ ન જણાયો તેથી મેં તો સીધેસીધો અનેનાસના રસ—પાઈનેપલ જુઈસ—નો ગ્લાસ મંગાવી લીધો. ભાઈ પદ્મનાભન અને મિ. ગ્લેન્ડહીલ તો 'ડીસ્ક્રીમિનેટિંગ કોનોઈઝર્સ ઓફ ડ્રીન્કસ' હતા તેથી તેમણે તો અવનવાં પીણાં અજમાવ્યાં!

મેં આજુબાજુના તમાશાનું નિરીક્ષણ કરવા માંડ્યું. અર્ધપીધેલ માનવીઓના સંવાદો સાંભળવા માંડ્યા. આ લોકો ફાવે તેમ બકતા હતા. "ગોશ! માય બોસ ઈઝ એન્ એસ!" અથવા તો "સ્વીટી! આઈ વીલ સ્કવીઝ યુ ટુનાઈટ!" જેવી કચડાયેલી મનોકામનાઓનો ઉભરો સૌ કોઇ આ સ્થળે ઠાલવતા હતા. એક બાપ-દીકરાની જોડી મારી નજીકમાં બેઠેલી હતી. આવા સ્થળે ઇન્ટ્રોડકશનની રાહ જોવાની હોતી જ નથી તેથી પેલા દીકરાએ મને પૂછ્યું, "ફ્રોમ ઈન્ડીયેન!" અને મેં કહ્યું, "યા!" એટલે દીકરો રંગમાં આવી ગયો. એણે જણાવ્યું કે ગયા યુદ્ધમાં તે હિંદમાં આવેલો અને આઠ દસ હિંદી શબ્દો પણ શીખેલો! પછી તેણે મને પૂછ્યું કે 'ફાધર'ને હિંદીમાં શું કહેવાય? મેં કહ્યું "પિતા." એટલે તેણે તેના પિતાનું ઓળખાણ કરાવતાં મને કહ્યું, "મીટ માય પટિા!" આ પીટયાના 'પીટા'એ પીતાં પીતાં મારી સામે આંખ મીંચાવી અને તેનો ગ્લાસ ઊંચો કરીને બોલ્યો "ચીયર્સ!" મેં તેને મારો અનેનાસનો રસ બતાવીને કહ્યું કે "ચીયર્સ તો આમાં છે!" એટલે તેણે તો તે સુંઘવા માંડયો અને બોલ્યો, "ઊંહું! નોપૂ, આઇ ડુ નોટ એગ્રી!" સારું ભઈલા! તું નહિ એગ્રી થાય તેથી શું!

મેં આ બધા ભાઈબંધોની રજા લીધી અને આ સ્થળ ઝડપથી છોડયું. મારું તો માથું ભમી આવ્યું હતું. બહાર આવ્યો ત્યારે ખુલ્લી હવાની કિંમત સમજાઈ. સંધ્યા સમયે મિત્રોનાં મિલનસ્થાન તરીકે મને તો આ પબો કરતાં આપણાં દેવમંદિરો કે બાગબગીચાઓ હજાર દરજ્જે સારાં લાગે છે. પણ આ લોકો કહે છે કે પબ તે પબ જ, તેનું સ્થાન બીજું કોઇ લઇ શકે તેમ નથી! સંભાવત છે, કારણ કે "માંહી પડયા તે મહાસુખ માણે, બહાર ઊભેલા દાઝે રે!" એવું પણ આ બાબતમાં કદાચ હોઈ શકે. પણ આપણે જો બહાર ઊભા ઊભા જ મહાસુખ માણતા હોઈએ તો પછી અંદર જવાની જરૂર જ શી છે! અને એક સુખ નહિ ભોગવ્યું તો યે શું ખાટું મોળું થઈ જવાનું છે!

આ લોકોનો પબપ્રેમ એટલો બધો વ્યાપક છે કે લગભગ દરેક રસ્તા ઉપર બે ત્રણ પબો હોય છે જ. અને ખૂબીની વાત એ છે કે આપણે રસ્તા ઉપર કશુંક સ્થળ શોધતાં હોઇએ તો તે કયાં આવ્યું છે તે બતાવવા તેઓ અચૂક પબનું કે ટ્રાફિક લાઇટનું જ નિશાન આપે છે. "ટુ ધી રાઈટ ઓફ ધી ટ્રાફિક લાઈટ આફ્ટર ધી નેકસ્ટ પબ" એવી ભાષામાં જ તેઓ સ્થળો વિશે માર્ગદર્શન કરાવે છે! પોતે સ્થળ બતાવી શકવા અસમર્થ હોય છે તો "મને ખબર નથી" એમ કહેવાને બદલે "સોરી, આઇ કુડ નોટ ટેલ યુ" એમ કહે છે. મેં અનેક મિત્રોને પૂછી જોયું કે આ વાકયમાં 'કેન'ને બદલે 'કુડ' જેવો ભૂતકાળાત્મક શબ્દ કેમ વપરાય છે તો બધા જ ખભા ચઢાવીને જવાબ આપતા હતા કે

"વેલ, આઈ એમ સોરી, આઈ કુડ નોટ ટેલ યુ બ્હાય. ધી ઇંગ્લિશ લેન્ગ્વેજ ઈટસેલ્ફ ઈઝ સચ!" એક ભાઇએ વધારે સ્પષ્ટ રીતે કહ્યું કે વ્યાકરણની દષ્ટિએ 'કુડ' ખોટું છે પણ 'યુસેજ'ની દષ્ટિએ તે ખોટું નથી! "મેં કહું છું" જેવું!

પબમાંથી તો જાણે મેં મુક્તિ મેળવી પણ હવે આગળ ક્યાં જવું તે સમજાયું નહિ. ચાલતો ચાલતો હું પહોંચ્યો પીટર સ્ક્વેરમાં. આ ચોકના છેડે ઑક્સફર્ડ સ્ટ્રીટ નામનો એક પ્રખ્યાત રસ્તો છે: આ રસ્તા ઉપર ત્રણ ચાર મોટાં સીનેમા થિયેટરો છે, મુંબઈની તાજ મહાલ જેવી મોટી 'મીડલેંડ' હોટલ છે, વાય. એમ. સી. એ.ની મોટી હોસ્ટેલ છે, માન્ચેસ્ટરની વિખ્યાત રેફરન્સ લાયબ્રેરીનું વર્તુળાકાર મકાન છે, 'મેક્કા' ડાન્સીન્ગ ક્લબ છે, ફ્રી ટ્રેડ હોલ છે, હિંદી 'કોહીનૂર' હોટલ છે—એમ ઘણું બધું જામતું અને ધમધમતું વાતાવરણ છે. 'ઑક્સફર્ડ' સીનેમામાં એક બહુ ગવાયેલી "સાઉથ પેસીફિક" નામની ફિલ્મ ચાલતી હતી. સાડા ત્રણ શિલિંગવાળી એક ટિકિટ ખરીદીને હું આ થિયેટરમાં ઘૂસ્યો.

'સાઉથ પેસીફિક'ની ફિલ્મ કેવળ ટેકનિકલર અને વિશાળ સ્ક્રીનવાળી જ નથી પણ આ તો વળી તદ્દન નવા જ ટેકનિકથી ઉતારેલી છે. "ટોડ એ ઓ" નામના ટેકનિકથી ઉતારેલી આ ફિલ્મ બતાવવાની સ્ક્રીન અર્ધગોળાકાર—કોન્કેવ—હતી. આ ટેકનિકનો ફાયદો એ છે કે ફિલ્મમાં ચકડોળ ચાલતો હોય તો આપણને લાગે કે આપણે પણ ચકડોળમાં જ બેઠા છીએ! ફિલ્મની અંદર મોટરકાર બાગબગીચામાંથી કે ખીણોમાંથી પસાર થતી હોય તો આપણને એમ જ લાગે છે કે આપણે પણ એ મોટરમાં જ બેઠેલા છીએ. દશ્યો આટલાં બધાં તાદશ લાગવા ઉપરાંત અવાજ પણ ખૂબ સ્પષ્ટ હોવાથી જાણે આપણે જાતે જ વાતો કરતા હોઈએ તેવું લાગે છે. 'પેનેરામિક કૅમેરા'થી ફિલ્મ લીધેલી હોવાથી એક જ દશ્યમાં માણસોના માઈલો સુધીનો વિસ્તાર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે તેથી આપણી ચાલુ ફિલ્મોની જેમ બધા વિસ્તારો ટુકડે ટુકડે જુદાં જુદાં દશ્યો રૂપે બતાવવા પડતા નથી. મરીન ડ્રાઈવ ઉપર નાળિયેરપાણી પીતાં સહેલાણીઓ, ચોપાટી ઉપર ભેળપુરી ખાતાં રસિયાઓ અને કમળા પાર્કમાં ખૂણો શોધીને બેઠેલા દર્શકો એક જ દશ્યમાં સ્પષ્ટ રીતે દેખાડી શકે તેવો આ પેનેરામિક ટેકનિક છે.

આ ટેકનિક કરતાં પણ જરાક વધારે ચડિયાતો ટેકનિક મેં આગળ ઉપર લંડનની ઓક્ટોબરની મુલાકાત વખતે 'સેવન વન્ડર્સ ઑફ ધી વર્લ્ડ' નામની ફિલ્મમાં જોયો હતો. એ ટેકનિકનું નામ 'સીનેરામા' છે. એ ફિલ્મે તો હદ જ કરી નાખી છે. જગતનાં મુખ્ય મુખ્ય દર્શનીય સ્થળોનાં દર્શન આ એક જ ફિલ્મમાં થઈ જાય છે અને આપણે જાતે જ જાણે ઇજિપ્તનાં પિરામિડની સામે ઊભા હોઇએ કે તાજમહાલમાં ફરી રહ્યા હોઇએ કે રોમ અને રોડિયોની ગલીઓમાં ફરી રહ્યા હોઈએ તેવું લાગે છે. આ ફિલ્મ આપણને બે કલાકમાં 'વર્લ્ડ ટૂર' કરાવી નાખે છે—પેલું પ્લેનેટેરિયમ જેમ ચાલીસ મિનિટમાં વિશ્વદર્શન કરાવી નાખે છે તેમ જ!

'સાઉથ પેસીફિક'ની ફિલ્મનાં દશ્યો ઉપરાંત ગીતો પણ ઘણાં મીઠાં છે—અરસિકોને પણ અમેરિકન સંગીત પ્રત્યે આકર્ષણ કરાવે તેવાં મધુર છે. જાપાન તરફના એક ટાપુની

વતની બાઈ જે બેત્રણ ગીતો ગાય છે તેનો રણકો કાનમાંથી હજુયે લુપ્ત થયો નથી. બાકી વાતોમાં બહુ દમ નહોતો. તે બાઈએ તેની પંદરેક વર્ષની પુત્રી પાસે એક અમેરિકન સૈનિક સાથે જે બેહૂદો પ્રેમ કરાવ્યો છે તેનાં દશ્યો તો સેન્સરે કાપી નાખવા જેવાં જ છે. નાનકડી ચીની છોકરી આવડા મોટા ગંજાવર સૈનિક સાથે આ પ્રમાણે કરે તે સુરુચિનો બહુ જ ભંગ કરતું દેખાય છે.

અને સુરુચિનો ભંગ કેવળ ફિલ્મોમાં જ નથી થતો. નજરોનજરના 'ફ્લોર શો'માં તો તેથીયે અધિક પ્રમાણમાં સુરુચિભંગ થતો અમે 'કાબારેટ ક્લબ'માં જોયો. એક શુક્રવારે સાંજે અમારા મિત્ર મિ. ગ્રીન પહેલાં તો અમને ફ્રેન્ક સીનાટ્રાની 'પાલ જોય' નામની ફિલ્મ જોવા લઇ ગયા, પછી ત્યાંથી 'રોયલ' હોટલમાં બાદશાહી ભોજન કરાવીને રાત્રે પેલી 'કાબારેટ ક્લબ'માં લઈ ગયા. આ ક્લબોમાં ગમે તે વ્યક્તિ એકદમ જઈ શકતી નથી. મેમ્બરો અને તેમના મહેમાનોને જ પ્રવેશ આપવામાં આવે છે. અમે મહેમાન તરીકે ગયા હતા. મિ. ગ્રીન અમને આ સ્થળે એટલા માટે લાવ્યા હતા કે જેથી માનવ સંસ્કૃતિના આ પાસાંનો પણ અમને ખ્યાલ આવી શકે અને અમે 'નોર્મલ માનવી' બની શકીએ! આવું જોયા વગરના માણસોના મનમાં પૂર્વગ્રહોનાં જાળાં બહુ હોય છે તે ખંખેર્યા વગર વિશાળ દૃષ્ટિ—બીજાનું દૃષ્ટિબિંદુ જોવાની કે માપવાની શક્તિ—આવતી નથી એવું તેમનું મંતવ્ય હતું અને તે સાચું પણ હતું.

મરજાદી કુટુંબમાં ઉછરેલા મેં જાળાં ખંખેરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. આભડછેટ અને અસ્પૃશ્યતા, જ્ઞાતિબંધનો અને ખાનપાનની મર્યાદાઓ, સાંપ્રદાયિક પ્રણાલિકાઓ અને ગુરુભક્તિ, તીર્થજાત્રાઓ અને હરિકીર્તન, પારણાં હિંડોળાં અને ભગવદ્ દર્શન, એ બધાંમાં હું ઠીક ઠીક ખૂંપેલો હતો. પરંતુ પછી તો રાષ્ટ્રવાદ, ગાંધીવાદ, સમાજવાદ, માર્ક્સવાદ, રેશનાલિઝમ, એથેઇઝમ, ટ્રેડ યુનિયનિઝમ, કોસ્મોપોલિટનિઝમ, હ્યુમેનિઝમ વગેરે 'વાદો' અને 'ઈઝમો'ની હવા લાગતાં લાગતાં અનેક જાળાંઓ ખંખેરાતાં ગયાં. હવે કશાથી અભડાઈ જવાય તેવું રહ્યું નહોતું. લગ્નવિધિ, સીમંત, મૂંડણ, જનોઈ, નિશાળગરણાં, શ્રાદ્ધ, પિંડ, બ્રાહ્મણ-ભોજન વગેરેનાં જાળાં પણ ખંખેરી નાખ્યાં હતાં છતાં સુરુચિભંગનું જાળું ખંખેરવાનું બાકી હશે તેથી 'નોર્મલ માનવી' બનવા માટે 'કાબારેટ ક્લબ'માં જવું પણ આવશ્યક હતું જ!

ડ્રીન્કસ આવ્યાં. અહીં સુધી આવો અને પીઓ નહિ તે કેમ ચાલે! અને અહીંનું વાતાવરણ પેલો 'પ્રોલિટેરિયન પબ' જેવું ધુમાડિયું નહોતું. આ તો 'બુર્ઝવા' સોસાયટીની 'પોશ' ક્લબ હતી. ઝાંખી બત્તીઓ અને મંદ વાર્તાલાપો વચ્ચે 'ફ્લોર શો'નો પડદો ખુલે છે. તાળીઓ વગાડીને પ્રેક્ષકોનાં નયનો ડોલી રહ્યાં છે. તેમને વધુ ડોલાવવા સ્વર્ગમાંથી પરીઓ ઊતરી પડે છે. તેમનું આખું અંગ વસ્ત્રોથી ઢંકાયેલું છે પરંતુ ગરમાગરમ સંગીતના તાનમાં નાચતાં નાચતાં આ પરીઓનાં વસ્ત્રો પણ એક પછી એક, મનનાં જાળાંઓની જેમ, ખરવા માંડે છે. કશુંયે બાકી રહે છે ખરું કે? જી, હા. એક 'ગર્ડલ સ્ટ્રીંગ' નામની ફૂમતાં જેટલી લંગોટી! આમાં તમને સુરુચિભંગ જેવું શું લાગે છે?!—આ તો તમારા યોગીઓ અને સંન્યાસીઓનો લેબાસ છે. રામદાસ સ્વામીનું ચિત્ર જોયું છે કે નહિ? બસ, તેવી જ રીતે આ અમારી યોગિનીઓ છે; બધું જ ત્યજી દે છે, નહિ જોઈએ વસ્ત્રો કે નહિ જોઈએ ઘરેણાં, એ જૂઠી મોહમાયા જોઇએ જ શા માટે?


આ યોગિનીઓ આગળ વધે છે. યોગીઓ સાથે રાસ રમે છે. સ્ટેજ પરના યોગીઓ આ યોગિનીઓને આખીને આખી ઊંચકી લે છે અને ઢીંગલીની જેમ ઊંધીચત્તી ઉથલાવીને રમાડે છે. આ જોઈને પ્રેક્ષકોમાં પણ રાસલીલાનું વાતાવરણ ફેલાય છે. મહારાસનું સંગીત ગાજી ઊઠે છે. શરાબ અને સુંદરીની અસરમાં ચકચૂર બનેલો પુરુષ નજીક બેઠેલી, ગમે તે સ્ત્રી પાસે જઈને પ્રોપોઝ કરે છે કે "વુડ યુ લાઈક ટુ ડાન્સ વિથ મી?" અને આ કંઈ આપણી ભારતીય સન્નારીઓ નથી કે પ્રોપોઝ કરતાં ડરવું પડે કે તમાચો ખાવા માટે તૈયાર રહેવું પડે! આ 'સ્પોર્ટિંગ' સન્નારીઓ તો "ઓફ કોર્સ, વિથ પ્લેઝર" કહીને ઊઠે છે અને પુરુષના હાથમાં હાથ પરોવીને નૃત્યભૂમિ ઉપર આગે બઢે છે. ફરી પાછું "માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે રે" જેવું વાતાવરણ સર્જાય છે. ડાન્સ કરવાનું શીખ્યા વગર આવા સ્થળે આવ્યા છો તો લો હવે બેઠા બેઠા જુઓ બીજાઓ શું કરે છે તે! આ શું ચાલી રહ્યું છે? સંગીત જોર પકડે છે અને સ્ત્રી પુરુષો પણ વધારે મસ્તાના બને છે. પણ આ સામસામા કપડાં કેમ ખેંચે છે! અરે ભાઈ, સમજતા કેમ નથી? તમે હોળી નથી ખેલતા? આ તેનાથી પણ વિશિષ્ટ પ્રકારનો એક ખેલ જ છે. ખેલનું નામ છે 'સ્ટ્રીપ ટીઝ' યાને કે 'કપડાં ઉતરાવવાની ખીજવણીની રમત.' પછી શું? પછી હિંમતે મર્દા તો મદદે ખુદા! સુરુચિ કુરુચિની વાત ખંખેરી નાખીને બેસવા માંડો એક બીજાના ખોળામાં! છે કબૂલ? . . . આ બધો તમાશો જોઈને રાત્રે બે વાગે અમે ઘેર પહોંચ્યા.

તાજેતરમાં કલકત્તાની ગ્રાન્ડ હોટલમાં 'બોમ્બ બસ્ટર' નામની એક સ્કેન્ડીનેવિયન 'કાબારેટ આર્ટિસ્ટ' આવી માદક કલાનું પ્રદર્શન કરી રહી હતી જેને પરિણામે કેટલાયે બંગાળી બાબુઓ આ પ્રદર્શનના દર્શનાર્થે રાતોની રાતો ઘરમાંથી ગૂમ થયેલા રહેતા હતા. ગૃહિણીઓએ કારણ શોધી કાઢ્યું અને વિરોધ નોંધાવ્યો. 'બોમ્બ બસ્ટર, ચલે જાવ!'નું આંદોલન શરૂ થયું. કેસ ન્યાયાલયમાં ચર્ચાયો અને એક બંગાળી ન્યાયમૂર્તિએ જ 'બોમ્બ બસ્ટર'ને નિર્દોષ જાહેર કરી! તેમણે જણાવ્યું કે "ભાઈ! કાબારેટ એટલે કાબારેટ જ કહેવાય, એ કંઈ ભજનમંડળી ઓછી જ છે! અને આ કામિનીની કલા બોલો તમારામાંથી બીજું કોઈ પણ કરી દેખાડે તેમ છે ખરું કે? ઉપલું અંગ હાલે ત્યારે નીચલું અંગ સ્થિર અને નીચલું અંગ હાલે ત્યારે ઉપલું સ્થિર! સહેલું નથી, અજમાવી જુઓ. આ તો એક કલા છે કલા. એમાં સુરુચિભંગ જોનારના પોતાનામાં જ કંઈક ખામી છે. 'બોમ્બ બસ્ટર'નો કંઈ જ વાંક નથી. જોવું ન ગમતું હોય તો જોવા આવવાનો કંઈ તે આગ્રહ કરતી નથી!"

જય સ્ટ્રીપ ટીઝ! જય કાબારેટ! જય ફોલી બર્જેર્સ! હજી પેરીસની ફોલી બર્જેર્સની વાત તો કહેવાની બાકી જ છે, પણ તે તો આપણે પેરીસમાં આવીશું ત્યારે. હજી તો તેને ઘણી વાર છે. ત્યાં સુધી તો આપણે જય ગરબા! જય રાસ! જય ભારત નૃત્યમમાં જ રાચીએ તે ઠીક છે. બધાં જ જાળાં ખંખેરી નાખીશું તો પછી કરોળિયાની નાજુક નકશીની કલા ભસ્મીભૂત થઈ જશે. ઘરમાં અને મનમાં થોડાંક જાળાં સંઘરી રાખવાં તો જરૂરી જ છે!

લિ૦ સ્નેહાધીન,
કાન્તિ ગાંધીના
જય હિંદ.

★



વર્ષ ૩૬
અંક ૨

આદ્ય તંત્રી
સ્વ૰ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૧ ૨૦૧૭ : માગશર અંક : ૨

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧. ઉજવણીનું ઔચિત્ય
૨. બોળાદમાં યાત્રા

પ્રશ્ન : આપણી પાડોશી ક્લબના ઉત્સવમાં આપે હાજરી આપી હતી?

ઉત્તર : હું કોઈ ક્લબનો સભ્ય નથી; અને હું કોઈ V. I. P. કે I. P. નથી કે મને એમ ને એમ નિમંત્રણ મળે. હાજરી આપવા પૈસા ખરચવા જેટલી મારી આવક કે સંપત્તિ નથી. છતાં એના બે લાભ તો અહીં ઘેર બેઠાં બેઠાં જ મળતા હતા. એના દીવાઓનો ઝગારો એટલો બધો હતો કે અહીં આપણા ઘર આગળ જ આપણી આંખો અંજાઈ જાય! અને એનું ધ્વનિવર્ધન કે અવાજનો ફેલાવો એવો હતો કે પથારીમાં સૂતાં સૂતાં પણ આપણને એ સાંભળવા મળે. ત્યાં જઈ આવેલા કેટલાકે એમ કહ્યું કે સ્ટેજ ઉપર રજૂ થતું બધું પેન્ટોમાઇમ જેવું લાગતું હતું. વળી બીજે અવાજ એટલો થતો હતો કે આપણે ઘેર બેઠા બેઠા જે ચોખ્ખું સાંભળી શકતા હતા તેવું ચોખ્ખું તેમને સાંભળવા મળતું નહતું. એટલે આપણે કાંઈ ગુમાવ્યું નથી. હા, ત્યાં જનારને આપણા કરતાં વધારે લાભ એ કે— દીવાનો ઝગઝગાટ વધારે. અને વધારાનો લાભ એ કે ઝગઝગાટમાં રંગબેરંગી પોશાકોનું દર્શન. પણ એ વિશે વાતચીત કરવા જેટલો તો આપણને ખ્યાલ ખરો.

'મુદ્રારાક્ષસ' નાટકમાં ચાણક્ય કહે છે કે ઉત્સવપ્રિયઃ खलु लोकः। લોક ઉત્સવપ્રિય છે. મારું પણ એવું જ માનવું છે. હું લોકનો ભાગ છું, મને પણ ઉત્સવો પ્રિય છે.

ગાંધીજીએ લોકને ઉપવાસપ્રિય કરવા જાતદાખલાથી ઘણી મહેનત કરી. પણ માનવ-સ્વભાવની અથવા લોકસ્વભાવની અથવા લોકપ્રકૃતિની વિરુદ્ધ મહાત્માઓ પણ ફાવી શકતા નથી. એમાં એકલા મહાત્મા ગાંધી જ નિષ્ફળ થયા છે એમ નથી. મહાવીર સ્વામીએ અને બુદ્ધ ભગવાને તેમ જ બીજા મોટા નાના અનેક સાધુઓ, સંન્યાસીઓ આ દેશમાં વૈરાગ્યના ઉપદેશની ઝડીઓ હજારો વર્ષથી વરસાવતા આવ્યા છે, પણ એની કાંઈ અસર દેખાતી નથી. ઊલટાનું એ વૈરાગ્યપ્રધાન સંપ્રદાયોમાં ઉત્સવોના ઝગઝગારા ચાલુ જ રહ્યા કર્યા છે. વૈષ્ણવોના સંપ્રદાયોમાં તો એ હોય, કારણ કે વૈષ્ણવોને તો આખી દુનિયા ભગવાનની લીલારૂપ દેખાય છે, અને તેથી ભક્તો પણ લીલા કરે એ બરાબર છે. પણ પરમ વૈરાગી મહાવીર અને બુદ્ધના અનુયાયીઓ ઉત્સવોની બાબતમાં તો વૈષ્ણવોથી કે બીજા કોઈથી પાછા પડતા નથી. ભરતખંડ ઉત્સવપ્રિય રહ્યો એટલે જ કદાચ જીવતો રહ્યો!

પણ આ તો બીજી વાત થઈ. હકીકત એમ છે કે વૈરાગ્યનો ઉપદેશ સ્મશાનવૈરાગ્યમાં સમાપ્ત થાય છે. લોક તો સ્વભાવથી ન્હાનાલાલની શૈલીનો શબ્દ વાપરીએ તો 'ઉત્સવિયું'

જ છે, એટલે આમ ઉત્સવો થાય એથી તમારા–મારા જેવા થોડેલા માણસોને અડચણ પડે છતાં આપણે એમને આવકારવા જોઈએ.

તથાપિ ઉત્સવમાં ઔચિત્યને સ્થાન તો હોય કે નહિ? શા નિમિત્તે, શું ઉજવવા ઉત્સવ થાય છે અને એ કેવી રીતે ઉજવાય છે, એમાં મળતો આનંદ એ ખરેખર ઉત્સાહ-વર્ધક છે કે નહિ, ઉત્સવ પૂરતો નહિ પણ ઉત્સવ પછીના જીવનમાં—આ બધું વિચારવાથી જ અમુક ઉજવણીમાં ઔચિત્ય છે કે નહિ તે સમજાય.

કદાચ કોઈ એમ પ્રશ્ન પૂછે કે એક ક્લબનાં પચીસ ત્રીશ કે પચાસ વર્ષોની શી ઉજવણી? હા, એણે કાંઈ સમાજમાં ખાસ કાર્યો કર્યાં હોય, ખાસ સેવાઓ આપી હોય, સમાજ સુધારાની, રાજકીય શુદ્ધિની, સાહિત્ય કલા કે વિદ્યાના સંવર્ધનની—આવી કંઈ સિદ્ધિઓ હોય તો એનું 'ઉજવણું' અથવા જૈનોનો શબ્દ વાપરીએ તો એનું 'ઉજમણું' શોભે. આવી ક્લબોની સ્થાપના વખતે અપાતી ચેતવણી અને પ્રેરણા કેટલી ઝીલાઈ? એમાં પણ જાણવા જેવા લાયક કાંઈક થયું હોત તો તો એ ઉજવવાનું અભિમાન એ ક્લબના સભ્યો લે અને બાકીના લોકો એના ઉલ્લાસમાં ભાગ લે એમાં ઔચિત્ય ગણાય.

પાશ્ચાત્ય પરંપરાની આ ક્લબ-સંસ્થા પશ્ચિમમાં પણ ટીકા પામી છે: ખાસ કરીને, કુટુંબજીવનની ઉપેક્ષા કરાવવામાં. છતાં, અમુક સામાજિક કે રાજકીય કે સાહિત્યકીય લક્ષ્યો-વાળી ક્લબો પશ્ચિમમાં તો સમાજને ઉપયોગી સંસ્થાઓ થતી રહે છે.

પણ આવા કોઈ ઉદ્દેશ વિનાની ક્લબોમાં મુખ્યત્વે દારૂ અને જુગારનું વ્યસન જ વધે છે. પહેલાં મુંબઈ રાજ્યમાં અને હવે આપણા ગુજરાત રાજ્યમાં સદ્ભાગ્યે દારૂબંધી કાયદાથી ચાલુ છે. જો કે આપણા ગવર્નર સાહેબ એમ કહેતા છાપામાં વાંચ્યાં છે કે એમાં કાયદાનો ભંગ જ વધારે થાય છે. શબ્દો બરાબર યાદ નથી પણ આવો કાંઈક ભાવાર્થ છે. છતાં એક પ્રજાજન તરીકે આજુબાજુ જે નિરીક્ષણ કરવાનું મળે છે તે ઉપરથી મને તો લાગે છે કે દારૂબંધીના કાયદાથી દારૂની વ્યસની કોમોમાં આર્થિક અને સામાજિક ઘણો લાભ થયો છે. વર્ષો સુધી હું એવા વાસમાં રહ્યો છું કે જ્યાં આંતરે દિવસે દારૂ પીને ભાયડાઓ આવે, બૈરાંઓને મારે, જૂના કજિયાઓના વેરો લે, નવા બાંધે અને ખળભળાટ મચાવી મૂકે. આવા એક દારૂડિયાનો મારે પણ માર ખાવાનો પ્રસંગ આવ્યો છે.

પ્રશ્ન : એ શી રીતે બન્યું? તમે શી રીતે સપડાયા?

ઉત્તર : મેં કાંઈ દારૂબારૂ પીધો હશે એવો તો વહેમ નથી આવતો ને? હકીકત એવી છે કે એક દારૂડિયો એની ઘરડી માને મારતો મારતો લઈ જતો હતો. એટલે-કોઈના કજિયામાં ન પડવાની મારી ટેવ હોવા છતાં,—એ મારાથી જોઈ શકાયું નહિ. તેથી હું વચમાં પડ્યો અને જો કે મેં દારૂ પીધો નહતો છતાં ક્રોધે અને પણ દારૂડિયા જેવો જ લડવાડિયો કરી નાખ્યો અને મારામારી થઈ. રમૂજની વાત તો એ છે કે એ વખતે એક મુરબ્બીને ત્યાં હું જમવા જતો હતો અને એ વખતે આ વિઘ્ન આવ્યું; એટલે આ પ્રસંગ યાદ રહી ગયો છે. પણ આપણે આડી વાતે ચડી ગયા.

અદબપૂર્વક પણ ગવર્નર સાહેબને હું અરજ કરું કે દારૂબંધીથી ગુજરાતની અમુક કોમોને તો સારો ફાયદો થયો છે. પણ આ પે આડી વાત થઈ. હું કહેતા એ જતો હતો

કે આપણા રાજ્યમાં સદ્‌ભાગ્યે દારૂબંધી હોવાથી કલબોમાં દારૂનું વ્યસન છડેચોક તો પોષણ પામતું નથી. પણ દારૂ કરતાં અમુક બાબતમાં વધુ ભયંકર દ્યૂત કે જુગારનું વ્યસન કલબોમાં પોષણ પામે છે, એની ફરિયાદો સંભળાતી નથી? જુગારબંધીનો પણ કાયદો તો છે, પણ એનો ભંગ વધારે સીફતથી થતો હોય છે. દાખલા તરીકે, પત્તાની જાતજાતની રમતોમાં, જ્યાં પૈસાની હોડ મૂકાય છે ત્યાં, આ જુગારનું જ તત્ત્વ કામ કરે છે. અને આ હોડ સેંકડો–હજારો સુધી પહોંચે છે. મેં તો એવું પણ સાંભળ્યું છે કે કેટલાક માણસોનો તો આ ખાસ ધંધો હોય છે અને તેઓ કલબોમાં દાખલ થઇ ધનિકજાદાઓને,—અને હવે તો તેમની બેગમોને પણ,—પ્રલોભનોમાં ફસાવે છે, અને એકમાંથી બીજું એમ 'ચલોડયો ગંગેયમ્' જેવું થાય છે.

મારા કહેવાનો એવો ભાવાર્થ ન કરશો કે અમુક આ એક કલબમાં એવું થાય છે. કારણકે આ કલબ વિશે મને અંગત માહિતી કશી નથી.

પણ મૂળ મુદ્દા પર આપણે આવીએ. શું ઉજવવું? કયી કારકિર્દી ઉજવવી? એ ઉત્સવોના ઔચિત્યમાં મહત્ત્વનો પ્રશ્ન છે. એક સાહિત્યસભા હોય એ પોતાના સાહિત્યકાર્યની ઉજવણી કરવામાં અભિમાન લઇ શકે, એક સંગીતમંડળ, નટમંડળ કે કલામંડળ હોય એ પોતાના કાર્યની ઉજવણી ગૌરવભેર કરે, કોઇ શાળા હોય, કૉલેજ હોય, યુનિવર્સિટી હોય, વિદ્યાપીઠ હોય એ પોતાનાં કાર્યોની પરંપરા ઉત્સવો કરી સાચવે; સમાજસેવાની સંસ્થાઓ હોય તે પોતાની સેવાઓની ઉજવણી કરી લોકોમાં તેવી સેવાઓ માટે પ્રચાર કરે પણ કલબોનું એવું શું કાર્ય કે જેમાં ઉજવણી કરવા જેવું હોય? આટલો જ મારો પ્રશ્ન છે. જો કે એનો ઉત્તર પણ મારી પાસે છે: અને તે એ કે મને એમના કાર્યની કાંઇ ખબર નથી. અને મને ખબર ન હોય એટલે મારે એની ટીકા કરવી એ કદાચ મારી ઊંઘમાં ખલેલ પડવાથી,—અવાજોના કારણે,—ચીડાયો હોઉં તેનું જ એ પરિણામ હોય. મારે એકરાર કરવો જોઇએ કે મને આ વિશે કાંઈ ટીકા કરવાનો અધિકાર નથી. અને મારે એ પણ કબૂલવું જોઇએ કે એ કલબના સભ્યોને એમની ગૌરવભરી કારકિર્દીની ઉજવણી કરવામાં પૂરેપૂરું ઔચિત્ય લાગ્યું હશે.

બીજા પ્રકારનું ઔચિત્ય ઉજવણીની સુરુચિ પરત્વે વિચારવાનું હોય છે. આ વિશે તો આપણા જેવા જૂનવાણીઓએ હવે મૌન જ રાખવું જોઇએ. જ્યાં ગરબાના તાલને ઠેકાણે કૂટવાના તાલો સંભળાતા હોય, જેમાં ઊંચા જતા 'એ'કારો, એક સન્નારીએ લખ્યું છે તેમ, પ્રાણીપોકની યાદ આપતા હોય, જ્યાં સ્વરસંવાદ કે તાલલય તુંબડીમાં ખખડતા કાંકરા જેવા લાગતા હોય, જેમાં નવીનતાની લાલસાથી ભરતનાટયમ્ કે એવું બીજું ઘુસાડવાની મિથ્યા કોશીશો હોય, જ્યાં વિચિત્ર વેષભૂષામાં ગુજરાતની લલિત વેષભૂષાની છટા ગુમ થઇ ગઈ હોય અને છતાં જેની અભિનવ યુવતીઓ ઉલ્લાસભરી રમઝટ મચાવતી હોય અને જેની પ્રશંસા પ્રશંસક યુવકો કરતા થાકતા ન હોય, ત્યાં જૂનવાણીઓ ચૂપ રહે એમાં જ શોભા છે, ઔચિત્ય છે. દલપતરામે જે શેઠિયા પાસે આહ્‌વાન અપાવ્યું કે "સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે" તે શેઠિયો, તેનો શેઠજાદો અને શેઠજાદી અને જુવાન બેગમ આજે કલાના સંવર્ધનમાં એટલા બધા આગળ વધી ગયા છે કે કોઈ પણ કૂદકાને તે નાચ માનવા તૈયાર છે, કોઈ પણ બૂમબરાડાને સંગીત માનવા તૈયાર છે, અને કોઇપણ જોડકણાને કવિતા માનવા તૈયાર છે. એટલું જ નહિ પણ હવે તો સંગીતકલબોમાં ગાયકો અને ગાયિકાઓને એટલા સારા પુરસ્કારો મળે છે કે એની આગળ જૂના રાજદરબારી પસાયો તુચ્છ લાગે. અને આ

સંગીત મંડળોમાં કલાકારોને સાંભળવા આવતા જુદી જુદી વયનાં, વિવિધ પ્રકારનાં વસ્ત્રા-ભૂષણ વિભૂષિત બૈરાંઓ અને નવા અમેરિકન શેતરંજી જેવા ખમીસોમાં શોભતા ભાયડાઓ ભેગા થાય છે તેમને જોઈને પેલા ગાયકોને શું થતું હશે એ કહેવું મુશ્કેલ છે. પણ નામચીન ઉસ્તાદોને સાંભળવા આવનાર થોડાક સંગીતસ્વાદિયાઓને શી મુશ્કેલી પડે છે તેનો તો ખ્યાલ આપી શકાય તેમ છે. આગળપાછળ બેઠેલી સ્ત્રીઓનો સમુદાય તો સંગીત ચાલતું હોય છે ત્યારે, કેટલીક નાતજાતની કે ઘરબારની કે કુટુંબકલેશની નાનામોટા અવાજથી વાતો કરતી હોય છે! કેટલીક આગળ વધેલીઓ ક્યારે માથું હલાવવું, ક્યારે તાળીઓ પાડવી વગેરે માટે જેમના તરફથી સૂચનો મેળવવાનાં હોય તેમના તરફ ધ્યાનથી જોઈ રહેતી હોય છે અને સૂચન મળે માથું હલાવવું, સ્મિત કરવું, તાળી પાડવી વગેરે ક્રિયાઓ કરતી હોય છે, સખીઓને સાનથી અને ન સમજે એને ચીપટીથી કે ગોદાથી સમજાવતી હોય છે. ભાયડાઓ, નાનીમોટી ઉમરના, આમતેમ ફરવામાં, નહિ તો બજારના ભાવોની વાતચીતોમાં, પ્રેમની લાગણીની અસર અનુભવવાની તાઝગી જેમનામાં રહી હોય તેઓ ચક્ષૂરાગથી તેમનું પોષણ કરવામાં, તો થોડાક અગ્રેસરો પોતે કેવા સારા ઉસ્તાદો કે ગાયિકાઓને બોલાવી શક્યા છે તેની ચર્ચામાં પડેલા હોય છે. એકંદરે, ૪૦૦–૫૦૦ માણસના સમુદાયમાં ૨૦–૨૫ માણસો જ સંગીત સાંભળવા—માંણવા આવ્યા હોય છે, જ્યારે બાકીનાઓ—આ શ્રોતાઓને એ લાભ ન લેવા દેવાના કાર્યમાં ગુંથાયેલા હોય છે; જો કે કલાકારોને સારો પસાયતો આ બાકીનાઓના ઉત્સાહથી જ મળતો હોય છે. જ્યાં આવી પરિસ્થિતિ હોય ત્યાં પેલા કાશ્મીરી કવિ દામોદર ગુપ્તનું વચન—'વણિજો નેતારો યત્ર... — વાણિયાઓ જ્યાં નેતાઓ હોય'...યાદ કરી આશ્વાસન લેવું અને કોઈની પણ સુરુચિ વિશે કાંઈ પણ કહેવામાં ઔચિત્ય ન હોય.

છતાં આપણો પાડોશીધર્મ છે કે આપણા પાડોશમાં આવેલું કોઈ પચીસ વર્ષનું થાય તે માટે આપણે તેને અભિનંદન આપવું અને ઈચ્છવું કે...

* * *

પ્રશ્ન : પાઠક સાહેબના ભોળાદ ગામે તમે ગયા હતા?

ઉત્તર : હા, આખે રસ્તે એમને સાથે રાખીને ગયો હતો. એમાં એક પરિણામ એવું આવ્યું કે એ સ્વૈરવિહારીની દૃષ્ટિથી બધું મને દેખાવા લાગ્યું. ધૂળથી ભર્યા અમે બસમાંથી ઊતર્યા ત્યાં જોયું તો ગામમાંથી મોટું સામૈયું આવ્યું હતું. નગારાં–ત્રાંસા તો હતાં જ, પણ બંદૂકોના ભડાકા પણ થતા હતા, અને સ્ત્રીઓ ગીતો ગાતી હતી. પણ એથી વધારે તો એ થયું કે એક ગાડામાં આસન ઉપર રવિશંકર મહારાજ અને બીજાઓને ગોઠવી દેવામાં આવ્યા. અંગ્રેજીમાં જેને perched કહે છે એવા એમાં બેઠેલા લાગતા હશે. સ્વૈરવિહારીને તો એવા જ દેખાતા હશે. આમાં કોઈ વર તો હતો નહિ છતાં આ ઝુલુસ વરઘોડાની અદાથી ગામમાં ચાલવા માંડ્યું. ઠેકાણે ઠેકાણે શેરીઓમાંથી સ્ત્રીઓ આવી ઓવારણાં લે અને અક્ષત નાખે! એમ કરતાં કરતાં આ ઝુલુસ ઉતારે પહોંચ્યું. સ્વૈરવિહારી સાથે હતા એટલે મને તો બહુ મઝા આવી. પણ સ્વૈરવિહારીનું હાસ્ય જેમ દર્દગર્ભ રહેતું તેમ મારી મઝાની પાછળ પણ દર્દ થઈ આવ્યું. અને તે એ કે આપણે શું કરવા ગામડાંના લોકો પાસેથી આવું બધું માન લઈએ છીએ? રજવાડાં ગયાં એની સાથે ગામડાંની આ રજવાડી રીતભાતને આપણે કેમ કાઢી શકતા નથી? બહારથી આવતા લોકોને માટે આવાં અહોભાવનું

પોષણ-ગામડામાં શા માટે થવા દેવું? પ્રજાસત્તાક સ્વરાજ્યમાં પ્રજાસત્તાને ઉચિત હોય તેવી રીતથી જ સ્વાગત કરવાનું, હળવા મળવાનું, કેમ ગોઠવાતું નહિ હોય? આ બધી મઝામાં આ દર્દ કાંટા જેવું મને તો ભોંકયા કરતું હતું. સુજનતા અને સભ્યતાને માટે આવી રસમોની કશી જરૂર મને લાગતી નથી.

સભા થઈ. પ્રારંભમાં ભાષણો થયાં તે સાંભળીને તો મને ભ્રમ થયો કે હું રામનારાયણભાઇના ગામમાં એમના ગુણોનું સ્મરણ અને કીર્તન કરવા આવ્યો છું કે ગામડાંઓના ગંદવાડનું શ્રવણ કરવા આવ્યો છું? ગંદવાડ વગેરે દૂષણો તો ઘણુંખરાં સાચાં છે અને દૂર કરવા જેવાં છે. પણ આવાં દૂષણો હોવા છતાં, અત્યારે છે તેના કરતાં અધિક હોવા છતાં, આવું ગામડું વિશ્વનાથ સદારામ પાઠક અને રામનારાયણ વિશ્વનાથ પાઠક જેવા વિદ્વાન બ્રાહ્મણો અને સમર્થ શાસ્ત્રજ્ઞ અને સાહિત્યકારો કયી વિશિષ્ટતાથી નિપજાવી શક્યું એનો કોઇ કેમ ખ્યાલ કરતું નથી? એ સાચવી રાખવા જેવું તત્ત્વ કેમ શોધાતું નથી? દરેક ઠેકાણે જાણે કે રાજકારણી બડાશો જ સાંભળવાની હોય, આપણે ગંદા ગરીબ ભીખારી છીએ એવી દીનતાનું જ સ્મરણ કરવાનું હોય, અને જીવનધોરણો ઊંચાં કરવાની બાબતમાં આર્થિક દૃષ્ટિ જ સેવવાની હોય—એમ કેમ છે? પૂજ્ય રવિશંકર મહારાજે જીવનધોરણ ઊંચું રાખવાના અર્થ ઉપર સારું વિવેચન કર્યું અને બતાવ્યું કે કેવળ પૈસાની પ્રાપ્તિથી જ જીવનના ધોરણની ઊંચાઈ મપાવાની નથી. અને એમની વિશિષ્ટ રીતે શ્રોતાઓને સમજાવ્યું કે જીવનધોરણની ઊંચાઈ શેમાં છે.

જે બાબતોની વાસના માણુસને સ્વાભાવિક છે: કામલાલસા અને અર્થલાલસા,—તેના સંવર્ધનને માટે ઉપદેશની જરૂર છે? એ અનિષ્ટ માર્ગોએ જતી હોય તો તેને રોકવાના ઉપદેશની જરૂર ખરી. પ્રજાની આર્થિક મુશ્કેલીઓ અને સ્ત્રી-પુરુષના સંબંધોના મૂક અંતરાયો દૂર કરવાના પ્રયાસો થવા જોઇએ. પણ જે કરવાનું છે તેને હમેશાં કહેવાની જરૂર છે? તેનો ઉપદેશ આપવાની જરૂર છે? જાહેરમાં પ્રચાર કરવાની જરૂર છે? —આમ બહુ બોલવાથી કદાચ જે કરવાનું છે તે થાય જ નહિ. અને બીજી બાજુએ જેને અંગે ઉપદેશ તો સંયમ રાખવા અને મર્યાદા રાખવા કરવાનો હોય છે તેવી વાસનાઓ અને લાલસાઓ માટે એ વધારે જાગૃત થાય એવા જાહેર ઉપદેશોથી શાં પરિણામ આવે? દેશમાંથી ગરીબાઈ દૂર થાય એ તો સૌ કોઇ ઇચ્છે અને સૌ કોઈએ એમાં સહાયક થવું જોઈએ; પણ જે ઉપદેશમાંથી માણુસોને સતત અંગત સંપત્તિ વધારવાની પ્રેરણા મળ્યા કરે એવા ઉપદેશો દેશની સંપત્તિને પોષક થશે? માણુસની અર્થલાભની વાસનાને ઉત્તેજન મળ્યા કરે એવાં પ્રવચનો અને સૂત્રો જીવનધોરણનાં ધારક થશે? કે 'ઘાતક' થશે? અહીંયા આપણાથી હવે ધર્મ કે ચારિત્રની-વાત થાય નહિ, કારણ કે, બધાએ આર્થિક બાબતમાં જીવનધોરણ ઊંચું કરવાનો પ્રયાસ કરવો એ મુખ્ય ધર્મ, અને તેથી દરેકે વધારેમાં વધારે સંપત્તિ—પૈસા—મેળવવા પુરુષાર્થ કરવો એ ચારિત્ર!

બીજો એવો ઉપદેશ કુટુંબનિયોજનનો થતો જાય છે. પ્રજાની સંખ્યા સારું પોષણ પામી શકે એની મર્યાદામાં રહે એ દેશની શાન્તિ માટે આવશ્યક છે. વધારે પડતાં બાળકોથી સ્ત્રીઓ માંદીકાંગલી બની જાય એ પ્રજાને માથે ભારે અનિષ્ટ છે. તેથી એ અંગેના ઉપાયો વિચારાય, લેવાય એ જરૂરનું છે. પણ માણુસની સૌથી અદમ્ય વાસના એ કામવાસના છે. એને નિયમનમાં કેટલાક કુદરતી ભયો રાખે છે અને બીજી બાજુએ સામાજિક ભયો

રાખે છે. આમાં બાળક થવું એ ભય ધર્મ બહાર, કાયદા બહાર સેવાતી કામવાસનાને મર્યાદામાં રાખનાર તત્ત્વ છે. બાળક થવાના ભયમાંથી મુક્ત રાખવાની યોજનાઓ અને તરકીબોની કૃતકૃત્યતા બાળકને આવતાં અટકાવવામાં છે; અર્થાત્ કામસેવનના એ કુદરતી અને સામાજિક ભયને, જોખમને દૂર કરવામાં છે. આના સતત ઉપદેશ અને પ્રચારના પરિણામે કામસેવનની સ્વચ્છંદતાને એક પ્રકારની સામાજિક પ્રતિષ્ઠા નહિ તો માન્યતા મળી ન જાય? અહીંયા પણ ધર્મ કે ચારિત્રનો વિચાર કરવો અપ્રસ્તુત થાય છે.

ટૂંકામાં, અત્યારે આપણા દેશમાં અર્થ અને કામ અંગે એવું વાતાવરણ સર્જાતું જાય છે કે હવે આપણને ધર્મની બહુ જરૂર નહિ રહે! સંપ્રદાયના અર્થમાં તો ઘણો ધર્મ રહેશે. પણ અર્થ અને કામનું નિયમન કરનાર ધર્મની જરૂર નહિ રહે. કોઈ આવો સીધો ઉપદેશ તો હમણાં નહિ કરે, પણ જીવનધોરણ ઊંચું કરવાના અને કુટુંબનું નિયોજન કરવાના પ્રચારાત્મક સતત ઉપદેશોનું આવું પરિણામ ન આવે? મને એવી બીક લાગ્યા કરે છે! ઓછામાં ઓછા નિયમનમાં માનનાર હું છું. પણ કદાચ એવાને પણ વારસાગત, પરંપરાગત કોઈ રૂઢિ–ધર્મરૂઢિ–સતાવતી હોય, દમન કરતી હોય! આપણી અત્યારની સામાજિક મોટરનાં, ખાસ કરીને પ્રચારાત્મક ઉપદેશની મોટરનાં બ્રેક્સ ક્યાં છે તેની મને ખબર પડતી નથી! પણ આ તો આડી વાત થઈ ગઈ.

પ્રશ્ન : આ તમારી વાતમાં એક બાબત સમજાઈ નહિ. આર્થિક જીવનધોરણ ઊંચું લાવવું જોઈએ અને કુટુંબનિયોજન થવું જોઇએ એનો તો તમે વિરોધ કરતા નથી. આ બરાબર છે?

ઉત્તર : હા, તમે બરાબર સમજ્યા છો. હું એનો વિરોધ કરતો નથી.

પ્રશ્ન : તો પછી જે કરવાયોગ્ય છે તેનો ઉપદેશપ્રચાર કરવામાં શો વાંધો?

ઉત્તર : મારા બોલવાનો આ અંતર્ગત વિરોધ તમે ઠીક બતાવ્યો. મારા પણ એ ખ્યાલમાં છે. એનો જવાબ આપવો પણ મુશ્કેલ છે, કારણ કે જે કરવાયોગ્ય હોય તે કહેવાયોગ્ય હોય; જે બધું કહેવાયોગ્ય તે જો કે કરવાજેવું હોતું નથી.

પ્રશ્ન : તો પછી આનો શી રીતે ખુલાસો કરવો?

ઉત્તર : એક ઉત્તર તો એવો અપાય કે જે ગાંધીજી જેવાને મુખે શોભે: પ્રજોત્પત્તિ ન કરવી હોય તો મૈથુન ન સેવવું. કાલિદાસ જેવાનું એકાદ વાક્ય પણ ટાંકી શકાય: प्रजायै गृहमेधिनाम्। રઘુઓ પ્રજોત્પત્તિ માટે જ સ્ત્રીસંગ કરનારા હતા. કદાચ અંતે તો આ સિદ્ધાંત જ કલ્યાણકારી સાબિત થાય.

પણ એક બાજુએ કામવાસનાનું અદમ્ય બળ અને બીજી બાજુએ દેશની આર્થિક કંગાલિયત રોકવા માટે આવશ્યક એવું સંતતિનિયમન. આમાંથી ઉત્પન્ન થતું સામાજિક કે ધાર્મિક અનિષ્ટ. એવું અનિષ્ટ કે જેમાંના એક અનિષ્ટને બીજા અનિષ્ટથી જ રોકી શકાય. આવા સંજોગોમાં વ્યવહાર માર્ગ બને તેટલું ઓછું અનિષ્ટ થાય એ જોવાનો હોય છે. ખાસ કરીને જ્યારે વ્યવહારની દૃષ્ટિએ એ અનિષ્ટને સર્વથા રોકવું અસંભવિત માલૂમ પડતું હોય. એટલે એવા પ્રસંગોમાં અમુક અનિષ્ટ વિહિત કરવાની ફરજ બધા સ્મૃતિકારોને પડે છે. પણ એ અનિષ્ટ છે એમ સમજી, એનો બરાબર ખ્યાલ રાખી એનો ધર્મ તરીકે ઉપદેશ કરતા તેઓ રોકાય છે. ઉદાહરણ તરીકે લોકમાં હિંસાનો ઉપદેશા-

[અનુસંધાન પૃ. ૬૭

સંવેદનાનું રસાયણ

સ્વામી આનંદ

[સ્વ૦ ડૉક્ટર વ્રજલાલ મેઘાણી મુંબઈ મ્યુનિસિપાલિટીના એક નિષ્ઠાવંત ડૉક્ટર હતા. આઝાદી અગાઉ થોડાં વર્ષો પર મુંબઈનાં કોમી રમખાણો દરમ્યાન ગુંડાઓની છરીનો ભોગ થયા. એમનું હૃદય ગરીબો પ્રત્યેની હમદર્દીથી સદાય છલોછલ રહેતું. મુંબઈ મ્યુનિસિપાલિટીની ગટર ગંદકીમાં જીવનારાં હીન અને તિરસ્કૃત લેખાતા વર્ગોનાં સ્ત્રી-પુરુષો વચ્ચે પોતાની દાક્તરી ફરજો અંગે એમને ફરવું ને કામ કરવું પડતું. આ વર્ગોનાં દુઃખ નજીકથી નિહાળી નિહાળીને એમના સંવેદનશીલ હૈયામાં વખતોવખત જે પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠતો તેણે તેમને દુખિયારાંના વકીલ બનાવ્યા હતા, ને તેઓ વખતોવખત પોતાની લાગણીઓને ટૂંકી વાર્તાઓ રૂપે લેખબદ્ધ કરતા. આવી વાર્તાઓનો એક સંગ્રહ 'આળાં હૈયાં' એવે નામે આશરે પંદરેક વર્ષ ઉપર પ્રગટ થએલો, તેના અવલોકન રૂપે આ લેખ લખાયો હતો ને તે 'પ્રબુદ્ધ જૈન'માં તે વખતે પ્રગટ થયો હતો.

—સ્વામી આનંદ]

પંદરસે દહાડે ત્રણચાર કરોડનું કારભારું કરનાર મુંબઈનું શહેરસુધરાઈ તંત્ર હિંદુસ્તાનનાં મોટામાં મોટાં રજવાડાંઓની હરોબરી કરે એવડું મોટું ગણાય. આવડા વિશાળ તંત્રમાં એક અદના દાક્તરનો દરજ્જો એ તાતા ગજવેલના અગડંબંબ કારખાનામાં એક ટપકા જેવડા સ્ક્રૂ કે ચકરડાંના કરતાં મોટો ન ગણાય. અને છતાં એવા એક અદૃષ્ટ તંત્રના નિયમન તળે હાલતા ચાલતા ને માલિકે નીમેલું કામ બજાવી આપતા કલ્લાગરા દાંતા વચ્ચે અને ધબકતું હૈયું લઈને ખાતાની નોકરી બજાવવા નીકળનાર માનવી વચ્ચેનો તફાવત દેખીતો છે. વિવેકાનંદ કહેતા કે લોખંડી સડેપાટ પર દોડ્યે જતા એન્જિન કરતાં તે પાટા પર ચાલી જતી નાનીશી ઇયળ કે ગોકળગાય વધુ મોટી છે. કારણ, એને પોતાની એવી સ્વયંભૂ પ્રેરણા અને ઇચ્છાશક્તિ છે. તેની મદદથી આ આવડુંશું જંતુ એન્જિનનો અવાજ સાંભળતાં વેંત પાટા પરથી ખસી ઊતરી જઈને પોતાની જાતને બચાવી લે છે; જ્યારે હજાર ઘોડાબળને જોરે દોડ્યું જતું એન્જિન એ જ પાટે સામેથી આવતી બીજી ટ્રેન જોયા પછી પણ પોતાને કે પોતાને આશરે રહેલાં બીજાઓને ભયાનક અકસ્માતથી બચાવી શકશે નહિ. માનવીનો દરજ્જો ઇયળથી જેટલો ઊંચો તેટલી તેની ઇચ્છાશક્તિ વધુ સામર્થ્યભરી, વધુ ફળદાયી અને પોતાને માટે તેમ જ પોતાની આસપાસનાં સૌને માટે વધુ કલ્યાણકારી કે ભયજોખમભરી.

સાયન્સે સાંકડી કરી મૂકેલ આજની દુનિયામાં સજ્જન તેમ જ શિરજોર પ્રજાઓ અને વર્ગો વચ્ચેનો કલહ તીવ્રતમ થઈ ઊઠ્યો છે. મૂઠીભર શસ્ત્રસજ્જ ભક્ષકોનાં મતલબી સંગઠનો હેઠળ લાખો કરોડો લાચારો દિનરાત પરસેવા પાડી પોતાનાં લોહી સૂકવે છે. સંસ્કૃતિ, કાયદો, સુલેહશાંતિ અને વ્યવસ્થાની વ્યાખ્યાઓ ભક્ષ્ય-ભક્ષક માટે જુદી જુદી છે. સબળાં નબળાંની ટેસમટેસ વચ્ચે સંસાર આખો એક વિશાળ યુદ્ધ-છાવણી બની ગયો છે.

આવા આ કારમા ક્રાંતિકાળ વચ્ચે ગણ્યાગાંઠ્યા ત્યાગી તપસ્વી દ્રષ્ટાઓના તપોબળને પ્રતાપે આપણા જમાનાની નવી સ્લોગન (મુક્તિમંત્ર)નો જન્મ થયો. એ મંત્ર છે શ્રમપૂજા. શ્રમજીવીઓની પૂજાપ્રતિષ્ઠા. આજના ઋષિઓએ સમસ્ત સંસારની મંગલ અને કલ્યાણ-

કારી શક્તિનો ઉગમ આ એક જ સ્થાને જોયો, અને આ કાળના તમામ વિસંવાદોના એકમાત્ર તરણોપાય રૂપે સમાજવ્યવસ્થામાં સૌથી નીચા ને હળવા લોહીના ગણાએલા એ તિરસ્કૃત અને હડધૂત વર્ગોની નવેસર પ્રાણપ્રતિષ્ઠા કરવા સંસારને હાકલ કરી. આ મંત્રની સંચારશક્તિએ આજે દુનિયાની તમામ દલિત પીડિત પ્રજાઓને તેમજ જનસમુદાયોને સંગઠિત કરવાનું બીડું ઝડપ્યું છે. એ મંત્રની અસર તળે સંસારનાં સાહિત્યોમાં એક નવો જ સૂર સંભળાવા લાગ્યો છે. એ સૂરની ધૂને મોટમોટા માનવસમાજોને અસ્વસ્થ કરી મૂક્યા છે. કળાનો પ્રાણ એ જ સૂરમાં પોતાનું દર્દ આજે વ્યક્ત કરી રહ્યો છે.

એ સૂર છે સંસારને અંધારખૂણે જહેમતો ખેડતાં અને મૂંગાં આંસુ સારતાં અસંખ્ય દીનદુખિયાં શોષિત–વંચિતોનાં દુઃખો પ્રત્યેની સંવેદના અને એમની બંધનમુક્તિની, એમની આઝાદી અને પ્રતિષ્ઠાની, ઝંખના. આ ઝંખનાએ દેશ, કોમ, ધર્મ, ન્યાતજાત, તમામ ભેદો અને રાષ્ટ્રો તેમ જ પ્રજાઓના સરહદસીમાડા ભૂંસી નાખ્યા છે. એકેએક સંવેદનશીલ માનવના આતમતાર એણે આજે ઝઝણાવી મૂક્યા છે. એ વેદના અને એ ઝંખનાવિહોણી કવિતા પર આજે સમાજ ડોલતો નથી. એના વિનાનું સાહિત્ય આજે અલૂણું, પછાતકોટિનું અને પ્રગતિવિહોણું ગણાવા લાગ્યું છે.

આવી સંવેદનાથી છલોછલ હૈયું લઈ ને દા. મેઘાણી અલબેલી મુંબઇ નગરીના રસ્તા પર ને ગલીકુંચીઓને નાકે, કયાંક કચરાપટ્ટીનાં પીપો કે ગટરમૂતરડીઓને ખૂણે, તો કયાંક લગભગ એ જ બેઅદબ સ્થાનોની ગંદકીને શરમાવે એવી બદબો અને સડામાં સબડતા ઉજળિયાત સમાજ વચ્ચે, ફર્યા છે; અને શહેર આખાની ગટર, ગંદકી ને મેલકચરા સાફ કરનારાં મેલનાં જંતુઓની જોડે જંતુ જેવું જીવન ગાળનારાં દીન માનવીઓનાં જીવનના જે સારઅંશોને સેંકડો હજારો વરેમાણુંઓ–સાક્ષીઓ કે સાથીઓએ રોજ રોજ આંખ સામે ભજવાતા છતાં છતી આંખે જોયા ન જોયા કર્યા, એને દા. મેઘાણીએ અંતરની આહ સાથે ઉપાડી લીધા છે. અને તેમાંથી હરકોઈના હૈયાને હલાવનારું રસાયણ નીપજાવ્યું છે.

કયાંક કોઈ તાલેવંતે કોથળીને જોરે સુધરાઈ અમલદારો પાસે ધરાર તોડાવેલ ઝૂંપડાંઓમાંથી નિરાધાર નીકળીને ઝાડ તળે પડેલાં શ્રમજીવીઓ વચ્ચે, તો કયાંક અનાથ પરાયા બાળકને ઉછેરવા ખાતર બકરી પાળીને સુધરાઇ કાનૂનનું ઉલંઘન કરનાર જઇફ જઈનાબીની ગેરકાનૂની દલીલ કટાણે મોએ સાંભળનારી અને તે પાછળ રહેલી નૈતિક અપીલ તરફ સદંતર દુર્લક્ષ કરવાની પોતાની ફરજ સમજનારી અદાલત આગળ, કયાંક કોઈ નિરાધાર અબળા ઉપર સમાજને નિષ્ઠુર હાથે ગુજરતા કરપીણ જુલમોના સાક્ષી થવા, તો કયાંક ન્યાતજાતના ભેદોને મેલની જેમ ખંખેરીને ધંધાના સાથીની શોકાતુર માનો સગો દીકરો બની મરનારનું તર્પણ કરનાર અને શ્રાદ્ધના પિંડ દઈ તે પહોંચ્યાની ખાત્રી માતાની પાસેથી મેળવનાર અદના શ્રમજીવીનું ઓળખાણ કરાવવા દા. મેઘાણી વાચકને લઇ જાય છે.

મરહૂમ ભગિની નિવેદિતાએ બરમી પ્રજાનાં જીવન અને ભાવનાઓનો ઊંડો અભ્યાસ કરનાર એક નામાંકિત સંવેદનશીલ અંગ્રેજ લેખકની સાહિત્યકૃતિને ગૌરવપૂર્વક ઉદ્દેશીને એકવાર લખેલું કે એક પરાયી પ્રજાનાં જીવનની ભાવનાઓ અને સુખદુ:ખની લાગણીઓ જોડે આવડી આત્મીયતાથી ઓતપ્રોત થઈ જનાર હૈયાનો માણસ પેદા કરવો એ એક પ્રજાને માટે મોટા મહાયુદ્ધમાં મળનારી લશ્કરી જીત કરતાં વધુ મોટો વિજય અને મગરૂબીનો વિષય છે. પણ એ લખાયા પછી વીતેલા છેલ્લા ત્રણ ચાર દાયકાઓ દરમિયાન સંસારમાં પ્રજાકીય

હોય, હરીફાઈ અને વેરઝેરનો પારો ઊલટો એટલો તો ઊંચો ચડ્યો છે, અને તેમપિ આપણે ત્યાં તો ઘરગથ્થુ કોમી કલહો અને સામાજિક અન્યાયોથી પ્રજા એટલી તો ત્રાસી ઊઠી છે કે સંવેદનશીલ કલમથી લખાયેલું જેવું તેવું સાહિત્ય પણ અત્યારે અનેક બળ્યાંઝળ્યાં હૈયાંને ચંદનલેપની ગરજ સારે એમ છે.

અસંખ્ય આવાં હૈયાંની, અને તેવાં હૈયાંવાળા માનવીઓના બનેલા સમાજની, ભીતર દિવસરાત ધૂંધવાતી કારમી વેદનાઓને આટલી સંવેદનાપૂર્વક રજૂ કરવી એ કોરા ફિલસૂફ (stoic) કે વહેવારપટુની વૃત્તિને અસાધ્ય વસ્તુ છે. તટસ્થવૃત્તિનું સમતોલન જાળવીને કે સમાજના દર્પણ બનીને સમાજના નાના મોટા ગુણદોષોનું ચિત્ર રજૂ કરનાર સિદ્ધહસ્ત સાહિત્યકારનો કાર્યપ્રદેશ જુદો છે. નર્યો નરદમ વાસ્તવવાદ પણ અહીં નિષ્ફળ નીવડે છે. એ તો રજૂઆત માગી લે છે ' સૌ લાખન મેં એક ' એવા કોઈ પ્રૉફિટ કે દીક્ષિતની ધગશ, ધાલાવેલી ને અજંપો. અંગ્રેજ ગ્રંથકાર સીલીએ એના ઈશુચરિતની રજૂઆતમાં એક સ્થળે એવા કોરા ફિલસૂફ અને પેગમ્બર વચ્ચેનો ભેદ બહુ માર્મિક રીતે સમજાવ્યો છે:

'જ્ય ભરતની જાનના જોગી જે જગ માંયછે
ઇંદ્રિય મનની ઉપરે રહે સતુ સદાયછે'

એવા નર્યો જતિ જોગી કે સાંખ્યવાદીઓ સંસારની વેદનાઓને સૃષ્ટિનિયંતા ઈશ્વરના અધિકારપ્રદેશનો વિષય ગણીને તે પ્રત્યે સમજપૂર્વકની ઉદાસીનતા સેવે છે, જ્યારે પ્રૉફિટ પેગમ્બર પોતાને થયેલ અનુભૂતિ કે સત્યદર્શનની સંસારને લહાણી કરવા ઉમ્મર આખી અજંપો સેવે છે; 'બહુજન હિતાય, બહુજન સુખાય' પ્રજાઓનાં હિત અને સુખને અર્થે વસમી જહેમતો વેઠે છે અને દેશ દુનિયા તેમજ પોતાના તમામ સમકાલીનોને વાવંટોળ કે ધરતીકંપની થપાટો દઈ દઈને ક્રાન્તિસ્રોતે પોતાની સાથે ઘસડી જાય છે.

દા. ત. સોક્રેટીસ, પ્લેટો જેવા જ્ઞાનીઓ પોતપોતાના કાળની દુનિયાના નભોમંડળમાં પોતાના જ્ઞાનભંડાર તથા ડહાપણનો સૌમ્ય પ્રકાશ પાડી આથમ્યા કે અમર થયા, ત્યારે બુદ્ધ, ઈશુ, મહંમદ અને તેમનામાં પોતાનાં ઈમાન મૂકનાર મરજીવા પ્રૉફિટો, અને વિશ્વાસીઓએ સમકાલીન દુનિયાને એકથી બીજા છેડા લગી ઢંઢોળી, વલોવી, ઉથલાવી પાડી લાખોના સમુદાયોને બેચેન કરી મૂક્યા અને અસંખ્ય સ્ત્રી-પુરુષોની જિંદગીઓનાં લક્ષ્ય ને સુકાન ફેરવી નાખી સંસારના જીવનવહેવારમાં મહાન ક્રાંતિઓના જુવાળ આણ્યા. આ વસમી માળાના છેલ્લા મેરુમણિ ગાંધીજીએ પણ આપણી આજની દુનિયા જોઉ એવી જ વંટોળ ચલાવી એના આપણે સૌ સાહેદી છીએ. આવો પેગમ્બર, કે પ્રૉફિટ પાપભારે લદાએલી પૃથ્વી ઉપર ઈશ્વરી સ્વર્ગરાજ્ય ઉતારવાનું પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવાની લગનીમાં દિવસરાત જંપતો નથી, ને કોઈને જંપવા દેતો નથી. આ અજંપાને સીલીએ enthusiasm of humanity (માનવતાની ધાલાવેલી) એવું નામ આપ્યું છે.* ગીતાકારે એ જ વસ્તુને 'લોકસંગ્રહ' કહી છે.

આવી ધગશની ચિનગારીથી દાઝીને તેનો અજંપો વેદના કુજેડર પામેલો તટસ્થ દર્શન કે રજૂઆતની અપેક્ષા રાખવી નકામી હોય છે. એ કંઈ ઠરેલું જ્યમતું કશું ન જોતાં આંખે પાટા બાંધીને ન્યાય તોળવા બેસનારો ન્યાયાધીશ કે કેસ સાંભળવા અદાલતમાં આવેલો પ્રેક્ષક નથી. એ તો ખુલ્લો પક્ષકાર છે, ફરિયાદી છે. અગત્યભર્યો અને ચોંકાવનારા સાક્ષીપુરાવા ને દાખલાદલીલો સાથે એ પોતાનો કેસ રજૂ કરે છે. થયેલ કે થતા અન્યાય સામે જીવ

* જુઓ પ્રો. સીલી પ્રણીત Ecce Homoનું Enthusiasm of Humanity શીર્ષક પ્રકરણ.

તોડી તોડીને ન્યાય માગે છે. અદાલતના અમલદારોથી માંડીને સાક્ષી, અપરાધી ને પ્રેક્ષક વર્ગ સુધી સૌ કોઈને તે અસ્વસ્થ કરી મૂકે છે. ખુદ ન્યાયાધીશને પણ એ વેળાઅવેળા "ઉપલી અદાલત"ની યાદ અપાવી સકડામણમાં મૂકે છે. ભલા ભૂપની પતરાજ રાખ્યા વગર વવોનાતે હૈયે કડવું સત્ય સંભળાવે છે ઈશુ ઉપદેશનાં ધગધગતા તેજાબ સમાં અનેક વસમાં વચનો તેની આ ધાલાવેલીને આભારી છે કબીર, તુકારામ આદિ આપણે ત્યાંના સંતોએ પણ એવી જ નિર્ભીક વાણીમાં સમકાલીન સમાજને ઉપાલંભો આપીને પોતાના સંદેશ સંભળાવ્યા છે.

આવો પ્રેષિત, પેગમ્બરની અદાથી પોતાનું કામ ઉપાડે છે ને એવી જ ધગશ ધાલાવેલીથી એનો અમલ કરવા પાછળ અંત લગી તે ટૂટી મરે છે એ જ રીતે આજના નવા યુગનું સાચું સાહિત્યસર્જન કરનારો સર્જક, પ્રણેતા કે કવિ હરકોઈ દેશમાં કે સમાજમાં આજે આવી જ ધગશથી પ્રેરાએનો ને દીક્ષિત માનસવાળો જોવામાં આવશે

'આળાં હૈયાં' ને રજૂ કરનાર પ્રસ્તુત કથાઓના પ્રણેતા દા મેઘાણી નર્યા પ્રેક્ષક, તટસ્થ વિવેચક અગર તો કેવળ 'કળાને ખાતર કળા'ની ઉપાસના કરનારા નિર્લેપ સાહિત્યકાર નથી, પણ અવ્વલથી આખર લગીના પક્ષકાર છે પોતે સાહિત્યક્ષેત્રના વ્યવસાયી નથી. પણ ભાવના અને ભાવવૈભવ તો આખા મેઘાણીકુળનો જન્મગત વારસો છે એ બીનાની એક વધુ સાબિતી પ્રસ્તુત કથાકૃતિઓ દ્વારા તેમણે પૂરી પાડી છે. આ વારસાગત પૂંજીમાં પોતાના સ્વાધ્યાય કે વ્યાસંગથી તેમણે કેટલો ઉમેરો કર્યો છે એ તો હું નથી જાણતો, પણ જીવન્ત માનવ સંપર્કથી અનેક આળાં હૈયાંની મૂંગી વેદનાઓને વાચા આપીને તેમણે એ વારસાને દીપાવ્યો છે અને અનેકગણો સમૃદ્ધ કર્યો છે એમાં શક નથી. વાર્તા, સંવાદ, કટાક્ષ એમ પેરે પેરે કરીને તેમની તમામ વસ્તુસંકલના એક જ ધ્રુવબિન્દુની દિશા પકડે છે કારમી છતાં આજના આપણા સમાજજીવનમાં સામાન્ય થઈ પડેલી હોવાથી નાની-નજીવી લાગતી બીનાઓ અને ઘટનાઓને એક સૂક્ષ્મ અવલોકનકારની અદાથી પકડી લઈને તેમાંથી કયાંકાર ખાસા કૌશલ્યપૂર્વક કરુણ તેટલાં જ રોમાંચકારી કથાનકો ઊભાં કરે છે ને અનેક આળાં હૈયાંના ઉના આહ-નિશ્વાસથી વાંચનારના અંતરને હલાવી મૂકે છે.

આવી જ કોઈને કોઈ ઘટનાઓ અને વેદનાઓને સરવાળે સંસારની ક્રાંતિઓ જન્મી છે એમ આપણે જાણીએ છીએ. મિસીસ સ્ટોના 'અંકલ ટોમની કુટિર' અમેરિકન ક્રાંતિ નજીક આણી ને નીગ્રો જાતિની ગુલામીની બેડીઓ તોડવામાં સંગીન ફાળો આપ્યો એ જાણીતી બીના છે. એ જ રીતે પોતાની કલાકૃતિ દ્વારા જર્મન ક્રાંતિમાં ફાળો આપનાર એક બાઈનું દોરેલ ચિત્ર ઘણાં વર્ષોની વાત પર કોઈ અંગ્રેજી માસિકમાં ઉધ્ધૃત થયેલ મેં જોયેલું. ખગ્રાસ સૂર્યગ્રહણની વેળા સમી વિષાદમય અભદ્ર અંધાર પાર્શ્વભૂમિ વચ્ચે એક હળ ખેતરમાં ચાસ કાઢી રહ્યું છે. ઘોડાની જગાએ બે માનવી જૂત્યાં છે: એક પુરુષ અને બીજી સ્ત્રી. ચિત્રમાં પુરુષ પશ્ચાદ્ ભાગે ને સ્ત્રી સંમુખે દેખાડયા છે પણ સ્થાને જુતેલ બે માનવી-અને પાછળ હાંકનાર ત્રીજું માનવી એમ ત્રણે પર કોઈ ભયાનક ઓથારના ઓળા સમો અંધારમય વિષાદ છવાયેલ છે પણ ચિત્ર જોનારને સૌથી પ્રમુખપણે તો દેખાય છે ઢોરની ઢમે ઝૂસરે જૂતેલ અને કષ્ટભારે બેવડ વળી ગયેલ સ્ત્રીની લગભગ ફાટીને લોહીના ટશિયા આવી ગયેલ ડાળા આંખ એક બે દાયકા એ ચિત્ર જોયાને વીત્યા હશે, પણ તીખ વેદનાના ઓળા નીગળતા એ ચિત્રમાં આખી પ્રજાની-એક આખા જમાનાની વેદનાને સામટી ઠાલવતી પેલી આંખ હું કદી ભૂલી શક્યો

નથી. ચિત્ર તળે કે બીજે ક્યાંય એવું પણ વાંચ્યાનું મને સ્મરણ છે કે જર્મનક્રાંતિમાં આ ચિત્રે પૂરેલ હિસ્સો મિસીસ સ્ટોના 'અંકલ ટોમ્સ કેબિન' જેવો જ કંઈક હતો. એ એક જ આંખમાંથી જર્મન ક્રાંતિ ઝરી હતી. આપણે ત્યાંના આજના ક્રાંતિકાળને જુદે જુદે તબક્કે રચાએલા 'ઘણુ રે બોલે ને એરણુ સાંભળે', 'દિલડાના ડુંગરામાં દાવાનળ લાગિયા', 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' વગેરે કાવ્યો અગર તો આઝાદ હિંદ ફોજનું 'કદમ કદમ બઢાયે જા' વાળું આપણું છેલ્લામાં છેલ્લું રાષ્ટ્રગીત આપણે ત્યાંની ક્રાંતિની લડતોમાં સમયે સમયે તેવો જ ફાળો પૂરનાર પ્રતિભાની પ્રસાદી છે.

વાતોરૂપે રજૂ થતાં આવાં ચિત્રો હંમેશાં સાંગોપાંગ વાસ્તવદર્શી હોય છે એમ કોઈ ન માને. માનવી ભાવનાઓની ભીતર વલોવાતાં અને ધૂંધવાતા જ્વાળામુખીના ઉદ્રેક અને ઝંઝાવાતોની વેદનાઓના એ સૂચક માત્ર હોય છે. એ વેદનાનાં તોલમાપ ન તો કાછિયાને ત્રાજવે નીકળે, ન મારવાડી બજારને કાટે. એનાં મૂલ જેને વીતી હોય તે જ જાણે, કાં જાણે જેનાં અંતરપટ આ વાર્તાઓના લેખકની જેમ સહાનુભૂતિનાં બાષ્પબિન્દુથી ભીંજાઈને ભીનાં થયાં હોય ને સંવેદનાના રસાયણથી રસાયાં હોય. *

---

* લેખકની લેખી પરવાનગી વિના આ લેખ અગર તેનો કોઈ પણ અંશ કે ભાષાંતર કોઈથી છાપી શકાશે નહિ.

✶

[અનુસંધાન પૃ. ૬૨

ત્મક પ્રચાર કરવો એ મોટું અનિષ્ટ છે, છતાં દેશને માથે યુદ્ધો આવી પડતાં હિંસાનો આશ્રય લેવો પડે છે અને મર્યાદિત પ્રચાર પણ કરવો પડે છે. છતાં હરહંમેશ સતત હિંસાનો ઉપદેશ આપતો પ્રચાર થતો નથી. આના જેવું જ આ અર્થ અને કામલાલસાઓનું પણ કંઈક છે. એમાં સંભવાસંભવના ખ્યાલથી જે કાંઈ અનિષ્ટ વર્તન સહન કરી લેવું પડે તે બીજો ઉપાય ન સૂઝવાથી સહન કરવું પડે છે. છતાં એ અનિષ્ટ હોવાથી એનો કર્તવ્ય તરીકે અમર્યાદિત ઉપદેશપ્રચાર થઈ શકતો નથી. આવો કંઈક ખુલાસો કરી શકાય. હકીકતમાં તો વાસનાઓના વર્તુલમાંથી બહાર નીકળવાની માનવપ્રાણીની અશક્તિનો એ એકરાર છે.

ટૂંકામાં, માનવસમાજમાં એવું ઘણું વિહિત છે કે જે સહન કરી લેવું પડે પણ જેનો ઉપદેશ કે પ્રચાર કરવાથી ભવતિ વિનિપાતઃ શતમુખઃ।

આજે અરે બધી આડી વાતો જ થાય છે! અને કાંઈ સ્પષ્ટ સમજાતું મે નથી.

બોળાદમાં રામનારાયણભાઈની સ્મૃતિ સચવાય એ માટે યોગ્ય સ્મારકો થયાં છે અને એમાં બોળાદવાસીઓને ઘણો ઉત્સાહ છે એવું મને ત્યાં જવાથી પ્રતીત થયું. પણ આ બધા ભારનું વહન તો હીરાબેને કર્યું છે એ વાત મનમાં સતત રહ્યા કરી છે. મેં પહેલાં કહ્યું કે રામનારાયણભાઈ મારી સાથે જ હતા એટલે મને ઘણી સ્મૃતિઓ પ્રત્યક્ષ થતી હતી. પણ એ તો બધું અંગત—ઘણું અંગત, પાડોશીની વાતચીતમાં પણ બોલતાં ન ફાવે એવું અંગત.

૨૩-૧૧-૬૦

✶

મોંઘવારીનો સામનો—

આવકમાં વધારો કરવો : શું એ એક જ ઉપાય છે?

ચંદુલાલ ભગુભાઈ દલાલ

મોંઘવારી વધતી જાય છે એ વિષે બે મત નથી. ગરીબમાં ગરીબથી માંડીને તવંગરમાં તવંગર સુધીના સૌ બૂમ મારે છે કે મોંઘવારી વધતી જાય છે. ગરીબ કહે છે—અનાજ, કાપડ અને જીવનની જરૂરિયાતોના ભાવ વધતા જાય છે. મધ્યમ વર્ગ કહે છે—આ બધું મોંઘું તો છે જ, અને એ ઉપરાંત રહેઠાણ અને બાળકોની કેળવણી મોંઘી થતી જાય છે. પૈસાદાર કહે છે—આ બધું મોંઘું તો છે જ, પણ એ ઉપરાંત નોકરો, મોટર-ગાડીઓ, રેડિયો વગેરે મોંઘાં થતાં જાય છે.

બધા પૂછે છે અમે શું કરીએ તો આ મોંઘવારીને પહોંચી વળાય? એને પહોંચી વળવા માટે અમારી આવકમાં વધારો કરવાની જરૂર છે પણ એ વધારો કરવો કેવી રીતે?

જે નોકરિયાત નથી તે, પોતાનો માલ ઊંચા ભાવે વેચવા પ્રયત્ન કરે છે; અને એ ન બને તો ધંધો બંધ કરી નોકરી શોધે છે. નોકરિયાત વર્ગ મોંઘવારીભથ્થાની માગણી કરે છે. સંગઠિત નોકરિયાતોનું મહાજન પોતાના બળે ધાર્યું મોંઘવારીભથ્થું મેળવી શકે છે. બીજા, ધાર્યું ન મેળવી શકે તો થોડુંક ઓછું, પણ મેળવી તો શકે જ છે. કેટલાક વળી લાંચ લઈ આવકમાં વધારો કરે છે.

જરૂરિયાતોને પહોંચી વળવા માટે ચીજ–વસ્તુ પેદા કરવી પડે છે. કોઈ પણ ઉત્પાદનમાં મજૂરી એ મહત્ત્વનું અંગ છે. એકલી જમીન કે એકલી મૂડી ઉત્પાદન કરવા માટે પૂરતું નથી. તેમ એકલો મજૂર પણ એ માટે પૂરતો નથી. પણ જમીન અને મૂડી નિર્જીવ છે, જ્યારે મજૂર સજીવ છે. એટલે મોંઘવારીની અસર એને તુરત જ થાય છે. અને એને પહોંચી વળવા માટે જ્યારે એ મોંઘવારીભથ્થું માગે છે ત્યારે એ જાણે છે કે આ ભથ્થાની રકમ જો જરૂરિયાત કરતાં વધુ ન મેળવાઈ હોય તો આવેલી વધારાની રકમ ખરચાઈ જવાની છે. કાપડની મિલમાં મજૂરી કરનાર મજૂર મોંઘવારીભથ્થું માગે છે ત્યારે એ એ પણ જાણે છે—અગર એણે જાણવું જોઈએ—કે જે ચીજોની એને જરૂર છે એ ચીજો પેદા કરનાર બીજા પણ મજૂરો જ છે, મોંઘવારી એમને પણ નડે છે, એનો સામનો કરવા એ પણ પોતાના દરમાં વધારો માગે છે; એમ કરતાં એ ચીજના ભાવ વધે છે અને એ મોંઘા ભાવે એને ચીજ ખરીદવી પડે છે. આમ, મોંઘવારીભથ્થું મેળવીને આવક વધારનારની આવકમાંથી એને કાંઈ બચત રહેતી નથી.

મોંઘવારીભથ્થું અને ચીજ–વસ્તુના ભાવ, બન્ને એકબીજાને અનુસરે છે અગર તો એક બીજાનો પીછો પકડે છે. જીવનની જરૂરિયાતોના ભાવ વધ્યા છે માટે આવક વધારવી જોઈએ, આવક વધારી એટલે ઊંચા ભાવવાળી ચીજો ખરીદી શકાય; અને એ ઊંચા ભાવે ખરીદનાર હોય ત્યાં સુધી ભાવ ઘટે નહિ. એટલે મોંઘવારીભથ્થા તરીકે મેળવેલું મોટા ભાગે તો ખરચાઈ જ જાય છે.

આમ હોય ત્યાં સુધી તો આવક વધારવા પ્રયત્નો થાય, એ સમજી શકાય. પરન્તુ જ્યારે એમ નથી હોતું, અને મોંઘવારીભથ્થું આવક વધારવાનું માત્ર એક સાધન જ હોય છે ત્યારે એ માગનારના, એ માગતી વખતે, અગર તો એ મળે એટલે, જીવનની જરૂરિયાતોના ખ્યાલો બદલાય છે. જે ચીજ ગઈ કાલે જીવનની જરૂરિયાત નહોતી તે, આજે એની જરૂરિયાત બની જાય છે. અગર તો, ગઈકાલ સુધી અમુક ચીજ જે પ્રમાણમાં ખરીદવાની જરૂર લાગતી હતી એ પ્રમાણ આજે ઓછું પડે છે અને એમાં વધારો કરવાનું જરૂરી લાગે છે. આમ પ્રકાર અગર પ્રમાણ અગર બન્ને બદલાય છે. એટલે ખરચ વધે છે. એટલે પાછી આવક ઓછી પડે છે અને વધતા ખરચને પહોંચી વળવા માટે વળી વધુ આવક મેળવવા તરફ પ્રવૃત્તિ મંડાય છે.

જરૂરિયાતો વધારવામાં મોટા ભાગે કુટુમ્બનો મુખ્ય માણસ જવાબદાર હોય છે. એને પોતાને અમુક ચીજોની ખોટ સાલે છે. એનું દેખીને કુટુમ્બનાં બીજાં માણસો પણ જરૂરિયાતો વધારતા જાય છે. મુખ્ય માણસને તો આવક વધારવાની મુશ્કેલીઓનો ખ્યાલ હોય છે, પરન્તુ કુટુમ્બનાં બીજાં માણસોને એનો ખ્યાલ હોતો નથી. એટલે આ લોકો પોતાની જરૂરિયાતો ઊંધું ઘાલીને વધારતા જાય છે. આ વખતે મુખ્ય માણસ પોતે જો કાંઈક સંયમ જાળવે તો કુટુમ્બનાં બીજાં માણસો ઉપર અસર પાડી શકે અને જરૂરિયાતો ન વધારવા એમને સમજાવી શકે.

પણ મોટા ભાગે તો પાયો જ વાંકો હોય છે. મુખ્ય માણસ જ જરૂરિયાતો વધારવામાં રચ્યો પચ્યો હોય છે. એટલે પછી કુટુમ્બનાં બીજાંઓ વધારે છે—એમને રોકવાનું એનાથી બની શકતું નથી.

જેનો પાયો વાંકો નથી અને જેને જીવનની મુખ્ય જરૂરિયાતો પણ મળતી નથી—પૂરતા પ્રમાણમાં મળતી નથી—એ, સરકાર તરફ જુએ છે. સ્વરાજ મળતાં, દરેક માણસને પૂરતું ખાવાનું, પૂરતાં કપડાં અને રહેવા માટે છાપરું મળી રહેશે—એને પોસાય એ ભાવે અને એની જરૂરના પ્રમાણમાં મળી રહેશે—એવું આશ્વાસન એને આપવામાં આવ્યું હતું. પરન્તુ એ આશ્વાસન કાર્યમાં પરિણમ્યું નથી એટલે વધતી મોંઘવારીમાં આજે તો એ હતાશા અનુભવે છે.

ખોરાક જીવનની સૌથી પહેલી જરૂરિયાત છે. એ પૂરી પાડવા માટેના પ્રયત્નને મનુષ્ય સૌથી અગ્રસ્થાન આપે છે. પણ દરેક માણસ અનાજ પેદા કરી શકે નહિ એટલે જોઈતું અનાજ પેદા કરવા-કરાવવાની જવાબદારી રાજ ઉપર આવી પડે છે. પણ અનાજને જીવનની પ્રાથમિક જરૂરિયાત માનતા છતાં આજે બીજી જ ચીજો—જે આવી જરૂરિયાત નથી અગર તો અનાજ કરતાં ઓછી જરૂરની છે તે—પેદા કરવા તરફ વધુ ધ્યાન અપાય છે એ આપણી કમનસીબી છે. અનાજની જરૂરિયાતને પહોંચી વળવા માટે આપણી સરકાર સમર્થ નીવડી નથી. સાઠ કરોડ રુપિયાનું—આટલો ફુગાવો નહોતો એ સમયના સાઠ કરોડ રુપિયાનું—કાપડ પરદેશથી ન આવે એના માટે, સ્વરાજ મળ્યા પહેલાં ગાંધીજીની અને આપણા હાલના રાજકર્તાપક્ષની રાહબરી નીચે લોહીનું પાણી કરવામાં આવ્યું. આજે આ "ખેતીપ્રધાન" દેશને અનાજ માટે—કાપડથી પણ વધુ મહત્ત્વની ચીજ માટે—પરદેશ પર આધાર રાખવો પડે છે! તમાકુના વાવેતર ઉછેર અને સુધારણા માટે

પ્રોત્સાહન અપાય છે, કારણ કે એ પરદેશી હૂંડિયામણ મેળવી આપે છે—એ, પૈસા પેદા કરી આપે છે—એ money crop છે. પણ તમાકુ ખોરાક નથી, એ જીવનની જરૂરિયાત નથી, બલકે એ એક શોખની ચીજ છે. જીવનની જરૂરિયાત તો અનાજ છે. એ સસ્તું, સારું, જોઈએ એ પ્રકારનું અને જોઈએ એટલા પ્રમાણમાં પેદા કરવાના સરકારના પ્રયત્નો કામયાબ નીવડ્યા નથી એ એક હકીકત છે.

એ પ્રયત્નો કેમ કામયાબ નીવડ્યા નથી એ પ્રશ્ન અહીં વિચારવાનો નથી. એ, નિષ્ણાતોનો—સાચા નિષ્ણાતોનો—આંકડાની જાળમાં ફસાયા વિના વિચાર કરનાર નિષ્ણાતોનો—જીવનમાં પ્રથમ શું જરૂરનું છે એનો તટસ્થ ભાવે અને લોકહિતની દૃષ્ટિએ વિચાર કરનાર નિષ્ણાતોનો—વિષય છે. અહીં તો ફક્ત, અનાજની બાબતમાં પણ આપણે પરદેશાવલંબી બની ગયા છીએ અને ખાદ્યચીજોના ભાવો વધતા ગયા છે એ સ્થિતિનો જ નિર્દેશ છે.

સરકાર કહ્યા જ કરે છે: ફુગાવો અમે દાબી દઈશું. ફુગાવાથી ભાવો વધે નહિ એ અમે જોઈશું. એ, આ કેમ કરી શકશે તે એ જાણે; પણ હજી સુધી તો કરી શક્યા નથી એ પણ એક હકીકત છે. નહિ તો, મોંઘવારીભથ્થા માટે સરકારી કર્મચારીઓને પણ હડતાળ ઉપર જવું પડે નહિ, અને એ ભથ્થું માગનારની માગણીઓ ઉપર વિચાર કરવા સરકારને ફરજ પડે નહિ.

આપણા અર્થશાસ્ત્રીઓ અને એમની આંખે જોનાર સરકાર પણ જરૂરિયાતો વધારવામાં, પ્રગતિ દેખે છે. એ કહે છે: જરૂરિયાતો વધારો, એટલે એને પહોંચી વળવા તમે વધારે પ્રયત્ન કરશો, એટલે વધુ કમાશો અને એમ દેશનું ધન વધશે.

મોંઘવારી, મોંઘવારીભથ્થું, જરૂરિયાતોમાં વધારો, કમાણીમાં વધારો આ બધાંનું વિષચક્ર આમ ચાલ્યા જ કરે છે. પરિણામે મોંઘવારી ઘટતી નથી; અને મોંઘવારીભથ્થાંયે ઘટતાં નથી.

આ વિષચક્રમાં ન ઘસડાનાર—પાછું વળીને જોનાર—કોઈ વ્યક્તિ હશે ખરી? સમગ્ર દિશામાં વધતી મોંઘવારી રોકવી કોઈ એકલદોકલ માણસના હાથમાં નથી અને રાજ અત્યાર સુધી એ રોકી શક્યું નથી. તો પછી માણસ પોતે જ એકલો જ પોતા પૂરતું પણ કાંઈ કરી શકે એમ છે કે નહિ એનો—કેવળ આવક વધારવા સિવાય બીજો કોઈ ઉપાય છે કે નહિ એનો—વિચાર કરનાર કોઈ હશે ખરા?

બાળક શાળાએ જતું થાય ત્યારથી પેન, નોટ અને ચોપડીઓનો બોજો એના માથે નાખવામાં આવે છે—માનસિક તેમજ શારીરિક:—આ બધી ચીજો સાચવવાની જવાબદારી બાળક ઉપર હોય છે એ એનો માનસિક બોજો; અને એ બધું ઊંચકવું એ એનો શારીરિક બોજો.

કેમ કોઈ શાળા સ્લેઇટનો ઉપયોગ કરવાનું નથી વિચારતી? શું જેટલું લખ્યું-લખાવ્યું એ બધું હમેશા સાચવી રાખવા યોગ્ય હોય છે? શું જેટલું લખવાનું લખ્યું—હોય તે બધું શાહીથી જ લખવા જેટલું મહત્ત્વનું હોય છે? અને શું શાહીથી લખવા જેવું હોય તે બધું પેનથી જ લખવું જોઈએ? આજે તો નાનું બાળક પણ પેન માગતું થઈ ગયું છે. શાળાના શિક્ષકો પણ એને ઉત્તેજન આપે છે. અરે માબાપ પણ "હવે તો મારી બેબી (અગર બાબો) પેનથી જ લખે છે" એમ કહી ગૌરવ અનુભવે છે, અને બાળક પેન માગે એને આર્થિક સદ્ધરતાની, જીવનધોરણની ઉન્નતિની અને સુધારાની નિશાની ગણે છે!

ચોપડીઓ પણ દર વર્ષે બદલવી જોઈએ; એમ કરીએ તો જ નવા લેખકોને ઉત્તેજન મળે એમ કહેવામાં આવે છે. પણ એ કોના ભોગે એનો વિચાર કરવામાં આવે છે ? કે પછી, લેખકોના લાભ ખાતર જ દર વર્ષે ચોપડીઓ બદલવામાં આવે છે ?

જ્યારે કોઈ ચીજ ખરીદવામાં આવે છે ત્યારે ખરીદનાર એ વિચારે છે કે એ ચીજની ખરેખર જરૂર છે ? જે પ્રમાણમાં એ ખરીદવામાં આવે છે તે પ્રમાણમાં એની જરૂર છે ? વપરાશમાં ઘટાડો થઈ શકે એમ નથી ? જે પ્રકારની ચીજ વસાવીએ છીએ એનાથી ઊતરતા પ્રકારની–સસ્તી કિંમતની–ચીજથી ચાલી શકે એમ નથી ? અગર તો એની અવેજીમાં કોઈ બીજી ચીજ ચાલી શકે એમ નથી ?

આ સાલ નવાં કપડાં સીવડાવવાની જરૂર છે ? જે છે એનાથી ચાલે એમ નથી ? નવા રંગની અગર છાપની સાડીઓ બજારમાં આવી છે એ વાત ખરી, પણ એના વિના ચાલે એમ નથી ? કપડાં સહેજ ફાટયાં હોય તો સાંધીને ચલાવી શકાય એમ નથી ? પગરખાંની એક જોડ તો છે. વધુ જોડોની જરૂર છે ? એ નવી ફેશનનાં નીકળ્યાં છે. એ વાત સાચી, પણ જે છે તેનાથી ચાલે એવું નથી ? વાસણ જોઈએ એ ખરું, પણ એ સ્ટેઈનલેસ સ્ટીલનાં જ હોવાં જોઈએ એવો આગ્રહ શા માટે ? આ ધાતુનાં વાસણો ખૂબ મોંઘાં હોય છે. એમ કહેવામાં આવે છે કે આવાં વાસણને કલાઈ કરાવવી પડતી નથી અને તેથી સરવાળે એ સસ્તાં પડે છે. આમ હોય કે ન હોય પણ કલાઈ કરાવવાની જરૂર ન હોય એવાં સ્ટેઈનલેસ સ્ટીલનાં જ વસાવવામાં આવે છે. આ બધું શા માટે ?

પાડોશીના બાળકને ભણાવવા શિક્ષક આવે છે તો મારા બાળકને પણ ભણાવવા માટે કેમ નહિ એવું વિચારનાર મા–બાપ એ વિચારે છે કે મારા બાળકને હું જ કેમ ન ભણાવું ? ઘરનોકર ગમે એટલું વીતાડે તોપણ એને ભાઈ–બાપા કહીને કામ કરવા વિનંતિ કરનાર એમ વિચારે છે કે લાવોને આપણે હાથે જ કામ કરી લઈએ ? પૈસા બચશે અને શરીર પણ સારું રહેશે. કુટુમ્બમાં કોઈ–એક વ્યક્તિના માથે બધું કામ ન પડે એ માટે ઘરનાં સૌએ કામ વહેંચી લેવું એમ વિચારવામાં આવે છે ? દરેક પોતપોતાની થાળી માંજી લે, પોતપોતાનાં કપડાં ધોઈ લે, પોતપોતાની પથારી કરે અને ઉપાડે, પોતપોતાનો ખંડ (જો વધુ ખંડ હોય તો) વાળે એવો વિચાર કરવામાં આવે છે ?

એક બાજુ લખેલા, પણ બીજી બાજુ કોરા હોય એવા કાગળોનો ઉપયોગ કરવા વિચારવામાં આવે છે ? પેનને બદલે પેન્સિલથી ચલાવવાનું વિચારવામાં આવે છે ? પેન્સિલનો ટુકડો સહેલાઈથી હાથમાં પકડી ન શકાય એટલો નાનો થઈ જાય ત્યારે એને ભૂંગળીમાં બેસાડી એનો છેવટ લગી ઉપયોગ કરવાનું વિચારવામાં આવે છે ? અર્ધો માઈલ–માઈલ ચાલવું હોય તો વાહનની જરૂર ન હોવી જોઈએ એ મુજબ શરીરને કેળવવામાં આવે છે ? બસથી ચાલતું હોય તો રિક્ષાની જરૂર ન હોવી જોઈએ એવું વિચારવામાં આવે છે ? દરેક નવી આવતી ફિલ્મ જોવાની જરૂર ન હોય એવું વિચારવામાં આવે છે ?

આવક વધારવાની ક્રિયામાં દોષ નથી—જો એ પ્રવૃત્તિ સંયમવાળી, સીધી અને નીતિવાળી હોય તો. પણ જ્યાં આ ક્રિયા એ પોતે જ ધ્યેય બની જાય ત્યાં આવું બનતું નથી. આ ધ્યેયને અગર સાધ્યને પહોંચી વળવા માટે સાધનો શુદ્ધ હોતાં નથી. અને પરિણામે આવક વધારનારને પોતાને, એના કુટુમ્બને અને છેવટે આખા સમાજને નુકસાન થાય છે. જો

આવક વધારવી એ એક જ ધ્યેય હોય અને એ વધારવાનાં સાધનોની શુદ્ધતા વિશે આવક વધારનાર ઉદાસીન હોય તો છેવટે પરિણામ માઠું આવે છે. કાં તો એ પોતે ફસાય છે અને કુટુમ્બને રડતું રઝળતું મૂકી આ દુનિયા છોડી જાય છે અગર જેલ ભેગો થાય છે. અગર તો—અને આ સૌથી વધુ ખરાબ છે—એના કુટુમ્બનું નીતિનું ધોરણ ખૂબ નીચે ઊતરે છે. બાપ, દીકરાનો વિશ્વાસ કરતો નથી; દીકરો બાપનો વિચાર કરતો નથી; તેમજ પતિપત્ની અને ભાઈભાઈ વચ્ચે પણ અણવિશ્વાસનું વાતાવરણ સરજાય છે.

આ સ્થિતિનું મૂળ મોંઘવારી છે. મોંઘવારી માટે કોણ જવાબદાર છે એ વિષય ચર્ચવાની અહીં જરૂર નથી પણ મોંઘવારી અને મોંઘવારીભથ્થાના આ વિષચક્રમાંથી સરકાર હજી આપણને કાઢી શકી નથી એટલે એમાંથી નીકળવાનો પુરુષાર્થ લોકોએ જાતે જ કરવો રહ્યો. એવો પ્રયત્ન કરવા રવિશંકર મહારાજ જેવા કોઈ વિરલા સાદાઈનો ઉપદેશ દેવા નીકળે છે પણ એમનું કોણ સાંભળે છે ? બધા એમની સાદાઈ વખાણશે પણ એ કહે એ જીવનમાં ઉતારવા કોણ તૈયાર છે ?

ક્યાંથી તૈયાર હોય ? જ્યાં બધા જ કમાવાની—જલદી કમાવાની—ગેન કેન પ્રકારેણ કમાવાની—દોટમાં પડ્યા હોય ત્યાં આ તતૂડીનો અવાજ કોણ સાંભળે ?

☆

ભોળાદ : તીર્થસ્થાન

અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી

"તીર્થ પુરુષો જે સ્થળે વિચરણ કરે છે તે સ્થળો તીર્થસ્વરૂપ બની રહે છે."

ખંભાતના અખાત ભણી પથરાયે જતા ભોગાવાને જમણે કાંઠે—ભાલના નપાણિયા પ્રદેશની સીમા ઉપર ૧૩૦૦ આશરેની વસ્તીનું એક નાનું આવું તીર્થરૂપ "ભોળાદ" ગામ આવેલું છે. ભાલના છેડા ઉપર આવેલા આ ગામની વર્ષાઋતુમાં સાધુસંન્યાસીના ચાતુર્માસ જેવી સ્થિતિ હોય છે. પાણીથી તરબોળ થયેલી અનેક માઈલોની સપાટ જમીન ઉપર ટીંબે વસેલાં આવાં ગામડાં જગતથી જુદાં પડી જાય છે. ખેતરો ખરાં, પણ ચોમાસું વીત્યે પાણી સુકાય ત્યારેજ કામનાં. પાણી સુકાયું એટલે પછી એ જ ખારી જમીન અમૃતમય બની જાય;—જગતના ઉત્તમ પ્રકારના ઘઉંમાં શ્રેષ્ઠ સ્થાન અને માન પામેલા દાઉદખાની ઘઉંનો મબલખ પાક આપનારી આ જમીન. ઘઉંની જેમ ઉચ્ચ કોટિના માનવીઓનું પણ ઉદ્‌ગમસ્થાન આ. ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના કવિ વિવેચક નિબંધકાર નવલિકાકાર સંશોધક સારસ્વત સ્વ૦ રામનારાયણ પાઠક—'દ્વિરેફ', 'સ્વૈરવિહારી' અને 'શેષ'નું જન્મસ્થાન આ જમીનના એક ખૂણે પડેલું નાનું શું એ ભોળાદ. બ્રહ્મપોળની ઉત્તર સીમાએ દક્ષિણાભિમુખ આવેલા એક નાના ઓરડામાં એ મહાસજ્જન વિદ્વાનનો જન્મ. જન્મવખતે એ મકાન બીજાં અનેક મકાનોના મધ્ય ભાગમાં હતું; આજે લગભગ ગામને ઈશાન ખૂણે પરવાડે આવી ગયેલું છે. બે ચાર મકાનોને અપવાદે પૂર્વ બાજુ તૂટેલાં મકાનોના જમીનદોસ્ત ટીંબા જ બચ્યા છે. આ મકાનની દક્ષિણ બાજુના મકાનની પણ દક્ષિણે ત્રિભેટા ઉપર એક "હવેલી"—ગામડામાં નાનું છોબંધ ભોંતળ ઉપર એક માળનું આ મકાન એ-માં પાઠકસાહેબનો ઉછેર. પ્રશ્નોરા એટલે વૈદ્ય, કવિ ને કર્મકાંડી. કે. વા. સદારામ પાઠક આ ત્રણે ગુણોથી સજ્જ હતા. એમના પુત્ર વિશ્વનાથ પાઠક પિતાથી સવાયા થયા ને સૌરાષ્ટ્રના કેળવણી ખાતામાં એમણે મહત્ત્વની સેવા આપેલી. મારા પૂ. પિતાશ્રી આજે ૮૦ મે વર્ષે પહોંચ્યા છે; એઓશ્રી જ્યારે ૧૯–૨૦ વર્ષની વયે પોરબંદરની રાજકીય સંસ્કૃત પાઠશાળામાં અધ્યાપન કરતા હતા ત્યારે કે. વા. વિશ્વનાથ પાઠકના પરીક્ષક દરજ્જે દર્શન પામ્યા હતા. એમને ત્યાં સદ્‌ગત રામનારાયણ પાઠકનો પ્રાદુર્ભાવ સારસ્વતના અવતાર સમા આ મહાપુરુષે ભોળાદને છોડ્યું—અનેક લોકો જેમ પોતાનાં ગામડાંના સ્થળ વધુ ઉન્નતિ માટે છોડે છે તેમ છોડ્યું. એ પછી ગયેલા નહિ સગાંવહાલાં આજે પણ ત્યાં છે. સૌનાં પ્રેમ અને આદરના સ્થાનરૂપ, છતાં યોગ આવ્યો જ નહિ. અનૂક્તિકં ત્યજેદ્દેશ એનું એ કારણ કહો કે અન્નજળનું કારણ કહો, ભોળાદ ભલે ન ગયા, પણ ભોળાદ એમને હૈયે હતું અને એમની સાહિત્ય-કૃતિઓમાં એ અમર બની પણ ગયું છે. એમનો પ્રાણ દૂર રહ્યે રહ્યે પણ ભોળાદમાં હતો, એની ખાતરી તો મૂક સેવિકા સમાં સાધ્વી હીરાબહેને કરાવી આપી. કોઈ જાણતું યે નહોતું કે હીરાબહેનની ભોળાદ પ્રત્યે કેવી ઉન્નત ભાવના હૈયામાં ભરેલી છે. ઉપર જમીનને મીઠી વીરડી બનાવવાના મનોભાવને પરિપાકે એક નાનું આરોગ્ય-મંદિર, નારીગૃહ, બાલવાડી, અને જગતનાં સૌ માનવીઓને કોઈ અને કોઈ એક દિવસે આત્યંતિક વિસામાનું સ્થાન બનવાને સરજાયેલી સ્મશાનભૂમિ ઉપર દાહ-મંડપિકા—આ ચાર સ્થાન રૂપિયા સોળ હજાર જેટલું દાન આપી હીરાબહેને મૂર્ત કરાવી આપ્યાં. ભાઈશ્રી અરવિંદ ગજાનન પાઠકે એ સાધી આપવાનું માથે લીધું અને ભોળાદના મુખી શ્રી જયંતી-લાલ ગુલાબચંદ અને બીજા ભાઈઓએ એમાં સારી રકમોનું ઉમેરણ કર્યું. ને હીરાબહેન

૮૦ થી ૧૦૦ જેટલાં વિદ્વાનો અને સ્વજનોને લઈ બોળાદના પાદરમાં ગામ તરફથી ઉમળકા-ભેર યયેલા સ્વાગતે—બંદૂકોના ભડાકા અને ઢોલ–શરણાઈના મંગલનાદ સાથે સત્કાર પામતાં–વેલડામાં પુણ્યાત્મા શ્રી. રવિશંકર મહારાજ, પાઠક સાહેબના પરમ મિત્ર પ્રો. રસિકલાલ પરીખ, પાઠક–ઘરની સન્નારીઓ હીરાબહેન અને સુલોચનાબહેન, તથા ગુજરાતનાં આજન્મ કેળવણીકાર કુ શ્રી. ઇન્દુમતીબહેન શેઠ બેઠાં છે એવી રીતે સામૈયું થતાં નિશાળનાં ગામ સોંસરવા નીકળી દક્ષિણ ભાગોળે તળાવના કાંઠા નજીકના મેદાનમાં પહોંચ્યાં ત્યારે જ સાચો ખ્યાલ સૌને આવ્યો.

ચા–નાસ્તાના સુઘટિત સુવ્યવસ્થિત સત્કાર પછી ખાસ ઊભા કરેલા સમિયાણા નીચે મેમાનોની અને સમગ્ર ગ્રામજનોની એક સુંદર સભા ગોઠવાઈ ગઈ. જુદા જુદા વક્તાઓએ બે શબ્દો કહ્યા; ગામના હૃદયનો પરિચય સાધ્યો, પરિચય આપ્યો. પ્રો. રસિકલાલ પરીખ અને પૂ. રવિશંકર મહારાજનાં છેલ્લે પ્રેરક વ્યાખ્યાન થયાં. આ વસ્તુ કદી હૃદયમાંથી ન ખસે તેવા પ્રકારની થઈ—એમાંના એક પ્રસંગે સવિશેષ. શ્રી. હીરાબહેન ગામનો આભાર માનવા ઊભા થયાં, માઇક પાસે આવ્યાં, બોલવા વેણ કાઢવા ગયાં; એકાદ બે શબ્દ નીકળ્યા, આંખો આંસુએ પલળી; કંઠ ગદ્‌ગદ થયો, આગળ બોલી ન શક્યાં; બેસી ગયાં.

આ મૌનમાં જ સમગ્ર પ્રસંગનું હાર્દ સ્પષ્ટ થતું હતું. હીરાબહેને રકમ તો આપી, પણ ગામે રકમો ઉમેરી આપી ન હોત તો? કદાચ આ સ્મારકો આટલાં સારાં ને પ્રેરક ન પણ થયાં હોત. જ્યારે પૂ. રવિશંકર મહારાજે ઉદ્‌બોધક શબ્દો કહેતાં આરોગ્યમંદિરનો (=દવાખાનાનો) ઓછામાં ઓછો લાભ લેવાય એ અભીષ્ટ અને એ તો પ્રજા સતત ઉદ્યોગ-શાલી બને તો શક્ય એમ કહ્યું, ત્યારે એ શબ્દોનું જે પ્રેરક તત્ત્વ વિકસી આવ્યું તે ઉદ્યોગ-મંદિરને નિમિત્તે શ્રી. હીરાબહેન તરફથી, એમનાં માબાપો તરફથી, એમના ભાઈઓ તરફથી, શ્રી. અરવિંદભાઈ પાઠક તરફથી, એક પછી એક સારી રકમો–ચાર પાંચ હજારની–નાં વચન જાહેર થયાં–એ જ. દોઢથી બે કલાકનો સમય આ વગડાની જમીનમાં—ઉખર જમીનમાં મીઠી વીરડીના જેવો બની ગયો. ગામ લોકોનાં હૈયાં પણ જાણે કે ઉપકારવશ હતાં અને દૂધપાક–પૂરી અને લાડુના સત્કારથી યત્કિંચિત્ વાળી આપવામાં કૃતકૃત્યતા અનુભવવા લાગ્યાં. એક પીરસનારાઓના નેતાએ શ્રી. અરવિંદભાઈને બાસુંદી વધુ લાવી આપવાનું પૂછયું ત્યારે જ ખ્યાલ આવ્યો કે દૂધપાકમાં જે સ્વલ્પ પ્રમાણમાં ચોખા હતા તે ન જ હોત તો એ સાચા અર્થમાં બાસુંદી હતી, સાચા દૂધની, અને એ પણ બોળાદ જેવા છેવાડાના ગામમાં.

ગામ નાનું છે, પણ અંદરથી વિશાળ છે, એની પ્રાચીનતાને લઇ. રાધાકૃષ્ણનું અને સ્વામિનારાયણનું એ મંદિર નવાં, પણ શ્રીમાધવરાયજીનું અને શ્રીમહાદેવજીનું મંદિર જૂનાં. શ્રીમાધવરાયજીનું ચતુર્ભુજ સ્વરૂપ કાળા આરસનું ૮૦૦ થી ૧૦૦૦ વર્ષનું જૂનું–સુંદર શિલ્પકલાકૃતિનો નમૂનો. બાજુની એવી ચતુર્ભુજ વિષ્ણુમૂર્તિ ખસો ત્રણસો વર્ષની જૂની; મંદિરની બાંધણી શિખરબદ્ધ, પણ સાદી, પ્રમાણમાં નવી;–પણ શિવાલયની બાંધણી ભલે ઈંટાની છે, પણ એની બાંધણી જોતાં પાંચસેંથી પણ વધારે વર્ષ–કદાચ એથી પણ વધારે જૂની. ગર્ભમંદિરમાં જમણે મથાળે અક્ષરો પણ જણાયા. કદાચ ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ જૂના; પણ ધોળાયા હોવાને કારણે દુર્વાચ્ય બની ગયેલા. આ સ્થાનો આ ટીંબાની પ્રાચીનતા જેમ કહી જાય છે તેમ ઉપર લાગતી આ ભૂમિની કોઈ કાળની રસાદ્રતાની પણ સમજ આપી જાય છે. લોથલના અવશેષ ત્યાંથી ઉતરે ઘોડા માઈલો ઉપર જ છે. જે યુગમાં લોથલનું સ્થાન સમૃદ્ધિની ટોચ ઉપર હશે ત્યારે આ ભૂમિની જાહોજલાલી

ઓછી નહિ જ હોય. દરિયો આજે દૂર ગયો છે તે નજીક પણ હશે; ત્યારના આ ટીંબા ન હોય ભલે, પણ એ જાહોજલાલીના ઉત્તર યુગોના વિકાસનાં આ ગામો ફળ હોય તો એ અસંભવિત નહિ હોય. પ્રશ્નોરા બ્રાહ્મણો આ ગામમાં જઈને વસ્યા હશે તે કાળે ગામની સમૃદ્ધિ સૂચક પ્રકારની હશે. અને "પાઠકો" ત્યાં રહેતા હતા તેથી વૈદિક યજ્ઞયાગાદિ સંસ્કૃતિ પણ પ્રભુત્વ ધરાવતી હશે જ. આજે એ કાંઇ નથી; બીજે બધે હવે નથી; મોટાં નગરોમાં પણ નથી. કાલાત્માની એ અદ્ભુત લીલા.

ગામમાં બધા મળી ૭ કલાક ગાળ્યા. ચાર વાગ્યે સૌએ ભાવભીની વિદાય લીધી. વિદાય વખતે આપણા જૂના નિયમની યાદ—વિદાય લેનારાને પાણી પિવડાવવાની પણ આ ગામલોક ભૂલ્યા નહોતા. ત્યાંથી ઉતેલિયાના દરબારશ્રી નામ. શ્રી જશવંતસિંહજી વાઘેલાના આગ્રહથી ઉતેલિયાના દરબારગઢનાં અને નવાબી ઘાટના મહેલનાં દર્શનનો યોગ મળ્યો. દરબારશ્રીએ મીઠાં પાણીથી સૌનો સત્કાર કર્યો. આમ આ આખો પ્રસંગ સંપૂર્ણ મધુરતામાં પસાર થયો. માતૃહૃદય હીરાબહેનના સૌજન્યનો પણ આ પ્રસંગથી સાચો ખ્યાલ આવ્યો. શ્રી હીરાબહેનને તેમજ ભોળાદવાસીઓને આ સુમધુર પ્રસંગ માટે ધન્યવાદ આપ્યા સિવાય —સાચા હૃદયના ઉમળકા સાથેના ધન્યવાદ આપ્યા સિવાય રહી શકાતું નથી;—સદ્ગત પાઠક સાહેબનું માર્દવ ભરેલું સાલસ અંતઃકરણ આવી જ જમીનમાં આકાર લઇ શક્યું એની પણ આ પ્રસંગે સાચી પ્રતીતિ થઇ; તેથી જ ધન્યવાદપાત્ર પહેલા પાઠક સાહેબ,–તરત જ એ પછી હીરાબહેન અને ભોળાદવાસીઓ.

માંદગીમાં ખોરાક — ૫ં

ડૉ. કાન્તિલાલ

સંગ્રહણી

છેક હમણાં સુધી—ખાસ કરીને ફોલિક એસિડ નામના વાઈટેમિનની શોધ પહેલાં—આ રોગની સારવાર માત્ર આહાર ઉપર જ આધાર રાખતી હતી. આ રોગ અસાધ્ય નહિ તો પણ દુઃસાધ્ય તો ગણાતો જ હતો; અને દરદીને માત્ર દૂધ અને ફળ કે માત્ર દહીં અને છાશ પર રાખી વૈદ્યો પોતાના કેસ સારા કરતા તથા દાક્તરો પર સરસાઈ ભોગવતા. જ્યાં સ્ટ્રોબેરીઝ નામનાં ફળ બહુ પાકે છે તેવા મુલકમાં આ ફળથી સંગ્રહણીના રોગ સારા થયાનું નોંધાયું છે. ન્યુ ઓર લીન્સ (યુ. એસ. એ.)માં આવા દરદીઓને દસથી બાર પાકાં (ખૂબ પાકી ગયેલાં) કેળાં આપવાની પ્રથા હતી એમ એક લેખક જણાવે છે.

અદ્યતન આહારશાસ્ત્ર પ્રમાણે સંગ્રહણીના દરદીને (૧) અધિક નત્રિલ, (૨) અલ્પતમ ચરબી, (૩) મર્યાદિત કર્બોદિત — મુખ્યત્વે ફળ અને શાકભાજીના રસ, તથા (૪) પૂરતા પ્રમાણમાં વાઈટેમિન—એટલે કે ફોલિક એસિડ, બી વર્ગ તથા સી—આપવાં જોઈએ.

દરદીને ઝાડા વધારે હોય તો ફળોના રસ તથા શાકભાજીના ગાળેલા રેસથી શરૂઆત કરવી; દહીં અગર છાશ આપવાં. ઝાડા કાબૂમાં આવે પછી દૂધ શરૂ કરવું. હવે ફોલિક એસિડ આપવાથી આ રોગ વહેલો કાબૂમાં આવે છે એટલે આહારમાં છૂટછાટ આપી શકાય છે. નીચે એવો નમૂનો આપ્યો છે:

પાંઉના ત્રણ ચકતાં અગર બે અધોળ લોટના ખાખરા;
માખણ દસ ગ્રામ;
ગાયનું દૂધ પાંચ કપ (= ત્રીસ અધોળ);
રેસા વિનાનાં, બાફેલાં શાકભાજી—દસ અધોળ;
પાકાં કેળાં ત્રણ (= નવ અધોળ);
સપરેટ દૂધની ભૂકી નવટાંક.

આખા દિવસ દરમિયાન આટલી વાનીઓ આપવાથી આશરે ૧૫૨૦ ઉષ્માંક, ૫૮ ગ્રામ નત્રિલ, ૪૦ ગ્રામ ચરબી અને ૨૨૬ ગ્રામ કર્બોદિત મળશે. રોગ જેમ જેમ કાબૂમાં આવે તેમ તેમ નત્રિલ તથા કર્બોદિત વધારતા જવું, ચરબીનું પ્રમાણ ન વધારવું. સપરેટ દૂધની ભૂકી વધારવાથી કર્બોદિત વધશે. કેરીની ઋતુમાં કેરીનો રસ અથવા પાકી કેરી ચૂસવા આપી શકાય.

સંગ્રહણીના દરદીને સુવાડી રાખવાથી જલદી આરામ થાય છે. આહારશાસ્ત્રીઓ સંગ્રહણીવાળાને ખાંડ, સાકર અથવા ખાંડના પદાર્થો, કે ચા કૉફી જેવાં પીણાં નહિ આપવાની હિમાયત કરે છે.

*　　*　　*

હવે આપણે બીજા પ્રકારના કેટલાક રોગો જોઈએ, જેમાં આહાર મુખ્ય નહિ છતાં અગત્યનો ભાગ ભજવે છે. આ પ્રકારના રોગોમાં જ્વરયુક્ત રોગો, હૃદયના રોગ, લોહીનું વધારે દબાણ, મૂત્રના રોગો વગેરેનો વિચાર કરીશું.

સૌથી પ્રથમ તાવનો વિચાર કરીએ. જ્યારે શરીરમાં તાવ હોય ત્યારે ખોરાકને અંગે કેટલાક નિયમો યાદ રાખવાના હોય છે. દાખલા તરીકે તાવનો દરદી પથારીવશ હોય છે તેથી હરતા ફરતા દરદી કરતાં આ દરદીને કંઈક ઓછા ઉષ્માંક જોઈએ. પરંતુ શરીરમાં તાવ હોય છે ત્યારે ચયાપચયની ક્રિયા ઉત્તેજાય છે, અને એક ડિગ્રી તાવ વધે તો શરીરમાં વપરાતા ઉષ્માંકમાં સાત ટકાનો વધારો થાય છે. દરદી અસ્વસ્થ હોય, લોથતો હોય, લવરી કરતો હોય કે ખાંસી ખાતો હોય તો પણ ઉષ્માંકની જરૂરીઆત વધે છે. બીજું, તાવમાં માંસ ઓગળે છે તેથી નત્રિલની વધારે જરૂર પડે છે. વળી શરીરને નત્રિલ પૂરતા પ્રમાણમાં મળતું હોય તો શરીરનો ઘસારો જલદી પુરાય છે, રૂઝ વહેલી આવે છે, શરીરની રક્ષણશક્તિ અથવા રોગ સામે લડવાની શક્તિ વધે છે, યકૃત તથા બીજા અવયવો બરાબર કામ કરે છે. એટલે તાવમાં નત્રિલનું પ્રમાણ જળવાવું જોઈએ. આ ઉપરાંત પાણી પણ તાવના દરદીને પુષ્કળ મળવું જોઈએ જેથી શરીરમાંથી કચરો અને ઝેર બહાર કાઢવાની ક્રિયા બરોબર ચાલ્યા કરે. સાથે સાથે લોહીમાં અમ્લતા ન થઈ જાય તેથી કર્બોદિત—ખાસ કરીને ગ્લુકોઝ અને મધ જેવા જલદી પચી જાય તેવા કર્બોદિત—ની આવશ્યકતા પણ રહે છે. તાવવાળા દરદીની ભૂખ ઘટી જાય છે તેથી ઉપર લખ્યા મુજબનો આદર્શ ખોરાક આપવાનું ઘણીવાર મુશ્કેલ બની જાય છે. આમ હોવાથી દરદીને થોડા થોડા પ્રમાણમાં જરૂરી પોષણ આપતા જવું હિતાવહ છે.

મેલેરીઆ, ન્યુમોનિયા કે ઇન્ફ્લુએન્ઝા જેવા ટૂંકી મુદતના તાવની બહુ ફિકર કરવા જેવું નથી. એમાં દરદી લંઘન કરે તો પણ હરકત નથી, એટલે શરૂઆતમાં માત્ર ફળોનો રસ અને દ્રાક્ષ શર્કરા (ગ્લુકોઝ) આપી શકાય તો પણ બસ છે. બધી દૃષ્ટિએ, દૂધ એ માંદા માણસ માટેનો ઉત્તમ ખોરાક છે, તેથી આવા દરદીઓ થોડું થોડું દૂધ પણ લે તો પછી કશી ચિંતાને કારણ નથી. તાવ ઊતરી ગયા પછી દરદીની ભૂખ ઊઘડે છે, અને એને ઝડપથી યોગ્ય આહાર પર ચઢાવી શકાય છે.

મુશ્કેલી લાંબા ગાળાના તાવમાં આવે છે. તેથી મુદતિયા તાવ (ટાઈફૉઈડ)માં કેવો અને કેટલો આહાર આપવો જોઈએ તેનો વિચાર કરીએ.

મુદતિયો તાવ

આપણે ત્યાં આ તાવમાં ખોરાક આપતાં દાક્તરો તેમ જ દરદીનાં સગાંસંબંધી હમેશાં બહુ ડરે છે. કેટલીક વાર તો દૂધ આપતાં પણ ડર લાગે છે તો મલાઈ કે માખણની તો વાત જ શી? અમેરિકન લેખકો ૩૦૦૦ ઉષ્માંક તથા લગભગ સો ગ્રામ નત્રિલની ભલામણ કરે છે, કારણ આ રોગમાં તાવ જ્યારે વધે છે ત્યારે શરીરના ઘણા કોશો નાશ પામે છે તેથી નત્રિલની વધારે જરૂર પડે છે, અને ચયાપચય (મેટાબૉલિઝમ)નો વેગ વધે છે તેથી વધારે ઉષ્માંકની પણ જરૂર પડે છે.

ડૉ. પાઠક એક દિવસ દરમિયાન નીચેની ચીજો આ પ્રમાણે આપવાની ભલામણ કરે છે।

ગાયનું દૂધ સાડા ત્રણ રતલ;
ગ્લુકોઝ અગર મધ પાશેર;
માખણ બે અધોળ;
મલાઈ બે અધોળ;
મોસંબીનો રસ એક કપ.

આ પ્રમાણેનો ખોરાક દરદી લઈ શકે તો ૫૬ ગ્રામ નત્રિલ અને ૨૨૯૪ ઉષ્માંક એ મેળવી શકે.

આપણે ગાયના દૂધને બદલે જો ભેંસનું દૂધ આપીએ તો માખણ અને મલાઈ કાપી નાખી શકીએ, દરદી, નર્સ તથા દરદીનાં સગાંવહાલાંને ખુશ રાખી શકીએ, તથા ઉષ્ણાંક અને નત્રિલનું પ્રમાણ સાચવી શકીએ. આ માટે સવારના સાતથી શરૂ કરી દર બે બે કલાકે એક કપ દૂધ આપવું. દરદી જાગતો હોય તો રાત્રિ દરમિયાન પણ એક કે બે વાર પોષણ આપવાની કેટલાક લોકો હિમાયત કરે છે, પરંતુ મને તે બિનજરૂરી લાગે છે. આ રીતે દિવસમાં આઠ વખત એકેક કપ (=૭ અધોળ) ભેંસનું દૂધ આપીએ તો લગભગ ૫૭ ગ્રામ નત્રિલ અને ૧૬૦૦ ઉષ્ણાંક આપી શકીએ. દરેક કપમાં એકેક ચમચો મધ આપતા જઈએ તો ડૉ. પાઠકે સૂચવેલું મધ પણ આપી શકીએ અને બીજા ૪૮૦ ઉષ્ણાંક પણ ઉમેરી શકીએ. દરદીને તરસ લાગે ત્યારે ત્યારે મોસંબીનો રસ ગ્લુકોઝ સાથે આપવામાં આવે તો પ્રવાહી અને ઉષ્ણાંક બંને વધી શકે.

આ મુજબના વધારે ઉષ્ણાંકવાળા તથા થોડી છૂટછાટવાળા આહારથી ટાઈફોઈડમાં મૃત્યુપ્રમાણ ઘટયું છે અને બીજા ઉપદ્રવો પણ ઓછા થાય છે, તથા રોગનાં ચિહ્નો સૌમ્ય બને છે. મુંબઈની બાળકોની ઇસ્પિતાલમાં ઠેઠ ૧૯૪૨–૪૩ સુધી ટાઈફોઈડના દરદીને છાશ, સપરેટ દૂધ કે આ કોઈ જ આપવામાં આવતાં. તેમાં ફેરફાર કરી ડૉ. કોએલ્હો (બાળરોગોના નિષ્ણાત)એ બાળક ઇસ્પિતાલમાં દાખલ થાય ત્યારથી જ પાંઉ, માખણ, પાકાં કેળાં, દૂધ, ભાત, આઈસ્ક્રીમ વગેરે) આપવા માંડયું. આ પ્રમાણેના ફેરફારથી બાળરોગીઓને કશું નુકસાન તો ન થયું પરંતુ બાળક વધારે તેજસ્વી, પુષ્ટ, ચપળ તથા ઓછાં ફીકાં દેખાવા લાગ્યાં. કલકત્તા, મદ્રાસ વગેરે સ્થળોએ પણ આવા પ્રકારનો આહાર આપવાનું શરૂ થયું છે.

આ રોગ જેમ આગળ વધે છે તેમ તેમ તાવ વધતો જાય છે, દરદીની રુચિ નબળી થતી જાય છે, ભૂખ મરી જાય છે અને દરદી ચીડિયો થઈ જાય છે. આ વખતે જ સારવાર કરનારની ધીરજ તથા ચતુરાઈની કસોટી થાય છે. દરદીને સમજાવી, પટાવી, રુચિ ન હોય તો પણ જરૂરી ઉષ્ણાંક જાળવવા. દૂધ ન ભાવતું હોય તો એમાં ઓવલ્ટાઈન ઉમેરી શકાય; દૂધને બદલે આઈસ્ક્રીમ આપી શકાય. દરદીને દહીં ભાવતું હોય, અગર ઝાડા થતા હોય તો દૂધને બદલે દહીં આપી શકાય. દરદીને બંધકોશ હોય તો ગ્લુકોઝને બદલે સેકરોઝ આપવો. દરદીનું પેટ ચડતું હોય તો પણ દૂધને બદલે દહીં આપી શકાય, અને ગ્લુકોઝનું પ્રમાણ ઘટાડાય.

દરદી જ્વરમુક્ત થાય અને શક્તિ મેળવતો જાય તેમ તેમ વધારે ઉષ્ણાંક આપતા જવાનું છે. આ માટે નીચે આપેલી વાનીઓમાંથી ઉમેરતા જવું :

ઈંડાં નંગ બે	...	૧૪ ગ્રામ નત્રિલ,	૧૦૦ ઉષ્ણાંક
ઓવલ્ટીન, એક અધોળ	...	૪ ,, ,,	૧૧૪ ,,
બે અધોળ ચોખાનો પોચો રાંધેલો ભાત		૪ ,, ,,	૨૦૦ ,,
મગની દાળ, ફોતાં વિનાની, એક અધોળ		૬ ,, ,,	૧૦૦ ,,
અધોળ લોટના ખાખરા	...	૪ ,, ,,	૧૦૦ ,,

કોળું, દુધી, કે બીજું રેસા વિનાનું શાક...રુચિ મુજબ.

આ બધું સામટું ઉમેરવાનું નથી. દરદીની રુચિ, પાચનશક્તિ તથા સારવારની અનુકૂળતા મુજબ ફેરફાર કરવાનો છે.

પ્રકૃતિની વિકૃતિ

ડૉ. સુમન્ત મહેતા

જ્યારે આપણે અંધારી રાત્રે આકાશમાં ટમટમતા લાખો-અસંખ્ય તારા અને આકાશગંગા જોઈને સૃષ્ટિની અદ્ભુત લીલાનો વિચાર કરીએ છીએ ત્યારે આ કુદરત (ઈશ્વર) ની કરામતથી મુગ્ધ થઈ જવાય છે.

તેવી જ રીતે આપણે જ્યારે આ પૃથ્વી પર સરજાયેલાં અસંખ્ય પ્રાણીઓનાં જુદાં જુદાં અંગો જેનાથી એ પ્રાણીઓ ખાય છે, પચાવે છે, શ્વાસ લે છે, પોતાના શરીરમાં એકઠા થતા કચરાનો ત્યાગ કરે છે, જુએ છે, સાંભળે છે અને તેવી જ બીજી અનેક ક્રિયાઓ કરે છે, અને અમુક પ્રકારની ક્રિયાઓ વડે પ્રજનન કરે છે—ત્યારે પણ કુદરતની કરામત જોઈજાણીને આશ્ચર્યચકિત થઈ જવાય છે.

આ સૃષ્ટિ કે કુદરતનું સંચાલન અનેક નિયમોને અનુસરીને નિયમિત રીતે ચાલ્યાં જ કરે છે એ વાત સાચી, પણ કરોડો મનુષ્યો એ હકીકત જાણતાં નથી કે આકાશમાં પણ તારાઓ કે ગ્રહો ક્વચિત અફળાઈ પડે છે અને આપણે "તારાઓને" ખરતા જોઈએ છીએ. એવી જ રીતે અનેક જાતનાં પ્રાણીઓના ઘડતરમાં કુદરતની ભૂલ થાય છે અને કોઈ કોઈ વાર બે માથાંનાં પશુઓ કે ચારને બદલે વધારે પગનાં પ્રાણીઓ જન્મે છે. આવાં પ્રાણીઓને અંગ્રેજી ભાષામાં monster (રાક્ષસ) કહે છે. કોઈ છોકરું જન્મે છે તેનો ઉપલો હોઠ, અને કવચિત્ છેક ટાળવું પણ ફાટેલું હોય છે. કેટલાંક છોકરાંઓ બન્ને હાથ અગર પગ વિનાનાં જન્મે છે. દરેક હાથે કે પગે પાંચ પાંચ આંગળીઓને બદલે છ આંગળીઓ હોય છે. આવી અનેક પ્રકારની વિચિત્રતા આપણા જોવામાં આવે છે. અર્થાત્ કુદરતના અદ્ભુત નિયમન તથા સંચાલનમાં કોઈ વાર કવચિત્ ભૂલ થઈ જાય છે.

આપણે એ હકીકત જાણીએ છીએ કે અમુક મનુષ્યો (સ્ત્રી કે પુરુષ) જન્મથી જ નપુંસક હોય છે અને કેટલીક વ્યક્તિઓની જનનેન્દ્રિયો ખીલી હોતી નથી. બીજાં કેટલાંક મનુષ્યો એવાં હોય છે કે જે પુરુષ છે કે સ્ત્રી તેનો સ્પષ્ટ નિર્ણય કુદરતે કર્યો હોતો નથી અને જન્મે છોકરો, જન્મેલું બાળક મોટું થઈને છોકરી થઈ જાય છે; અગર જન્મે છોકરી, જન્મેલું બાળક વર્ષો પછી પુરુષ તરીકે વિકસે છે. આવા બનાવો અગર કિસ્સાઓને વિષે આ લેખ વિજ્ઞાનની દૃષ્ટિએ લખાયો છે.

હવે આપણે જાતીય વિકૃતિનાં દૃષ્ટાંતો જોઈએ. એક અમેરિકન જુવાનિયાની આ સત્ય કથા ઘણી વિચિત્ર અને જાણવા જેવી છે. અમેરિકાના પશ્ચિમ સમુદ્રકાંઠાના જાણીતા પ્રાંત કેલિફોર્નિયાનો એ વતની હતો. એનું નામ હતું એડવર્ડ પ્રાઇસ રિચર્ડ્સ. એનું વજન ૧૧૮ રતલ હતું, જે ૨૯ વર્ષના અમેરિકન જુવાન માટે જરા ઓછું કહેવાય. છાતીની પહોળાઈ ૩૦ ઈંચ હતી, એ પણ ઓછી કહેવાય. થાપાની પહોળાઈ સરેરાશ જુવાનોના કરતાં જરા વધારે હતી. દરેક જુવાનની જેમ એ દરરોજ મૂછ અને દાઢી મૂંડતો હતો. આ યુગના ઘણા અમેરિકનોની જેમ એના વાળ ખરવા લાગ્યા હતા, અને એને માથે ટાલકી પડવાની શરૂઆત થઈ હતી. એ પોતાના ધંધામાં રોકાયેલો રહેતો હતો.

આશરે બે વર્ષ પહેલાં એણે પોતાના શરીરમાં, તેમ જ પોતાના માનસમાં સમજી ન શકાય તેવું પરિવર્તન થતું જોયું—અનેક સ્ત્રીઓ જરા મરદાની દેખાય છે તેના જેવો એ બની ગયો. આવી મરદાની સ્ત્રીઓનાં હાડકાં કાંઈક મોટાં હોય છે, થાપાનો ભાગ બીજી સ્ત્રીઓના કરતાં સાંકડો હોય છે અને તેની ચાલ પણ જરા મરદાની હોય છે તેના જેવો આ જુવાન રિચર્ડ્સ બની ગયો.

ટૂંકામાં, આ એડવર્ડ પ્રાઇસ રિચર્ડ્સ સ્ત્રી જેવો થઇ જતો હતો. એની ગભરામણ આપણાથી સંપૂર્ણપણે સમજી શકાય તેવી નહોતી. કોઈ પણ વ્યક્તિનું આવું પરિવર્તન થતું હશે તેનો એને ખ્યાલ સરખો નહોતો. આવાં પરિવર્તનો વિશે સામાન્ય માણસો સાંભળે છે કે વાંચે છે તેના કરતાં વધારે થાય છે પણ લાજ તથા બીકના કારણે આવી હકીકતો છૂપી રાખવામાં આવે છે.

બીજા વિશ્વયુદ્ધમાં જ્યારે અમેરિકાએ ઝંપલાવ્યું ત્યારે યુદ્ધમાં મોકલવા લાયક પુરુષોની વૈદકીય તપાસ કરવામાં આવી. એ સૈનિક થવા માટે તદ્દન નાલાયક છે એવું સર્ટિફિકેટ લશ્કરી દાક્તરે એને આપ્યું. આવી રીતે એ દાક્તરોની વિગતવાર તપાસમાંથી બચી ગયો. જો આમ ન થયું હોત તો એની વિચિત્ર અને કઢંગી સ્થિતિની જાહેરાત થઈ જાત.

આ પ્રસંગ ઊભો થયો અને એનાં જાતીય અંગોમાં પરિવર્તનો થવા લાગ્યાં ત્યાર પહેલાં, રિચર્ડ્સ લોરેન વિલ્કોક્સ નામની એક યુવતીની સાથે પરણ્યો હતો. આ લગ્નના પ્રસંગે એના શરીર તથા મન પર જે ભારે અસરો થઇ તેના કારણે જ એના આખા શરીરમાં ઝડપી ફેરફારો થયા અને તેની જાતીય ઇન્દ્રિય સંકોચાઇને અદશ્ય થઇ ગઈ! આ પરિવર્તન થતું હતું ત્યારે રિચર્ડ્સને ઘણી જ મૂંઝવણ થતી હતી, અને એ લગભગ ગાંડા જેવો થઇ ગયો હતો. એના સારા નસીબે જે સ્ત્રી (લોરેઇન) ની જોડે એ પરણ્યો હતો તેણે એના તરફ અગાધ સહાનુભૂતિ બતાવી અને એને મદદ કરવાનું સતત ચાલુ રાખ્યું.

દાક્તરી તપાસ વખતે એવી હકીકત જણાઇ આવી કે એ જ્યારે પાંચેક વર્ષનો છોકરો હતો ત્યારે એને સ્પાઇનલ મેનિનજાઇટીસ (એટલે કરોડરજ્જુની અંદરના તંતુનો રોગ) લાગુ પડ્યો હતો. દાક્તરોનું એવું અનુમાન હવે છે કે બચપને આ માંદગીને લીધે શરીરમાં પુરુષ તથા સ્ત્રીનાં જે જાતીય તત્ત્વો (હોરમોન્સ) દરેક સ્ત્રી પુરુષમાં હોય છે તેનું પ્રમાણ એનામાં ઓછું થઈ ગયું અને રિચર્ડ્સના શરીરનાં સ્ત્રી હોરમોન્સનું બળ વધી ગયું હશે, અને એના શરીરમાં પરિવર્તનની આછી શરૂઆત થવા લાગી હશે. પછી જ્યારે એને લૉરેઇન સાથે પરણીને જે વિચિત્ર અને કડવા અનુભવો થયા હશે ત્યારથી એ પરિવર્તન વધારે ઝડપી બન્યું અને એનાં શારીરિક અંગો સ્ત્રીના જેવાં બનવા લાગ્યાં.

ઉપર જણાવ્યું છે તે પ્રમાણે, લૉરેઇન વિલ્કોક્સ ને રિચર્ડ્સ પરસ્પર પ્રેમમાં પડ્યાં હતાં અને જ્યારે લૉરેઇનને સમજ પડી કે રિચર્ડ્સ પોતાને જાતીય સંતોષ આપી શકે એવો પુરુષ નથી ત્યારે તેનો માનસિક આઘાત ખરેખરો ભયંકર હતો. હવે એણે તોફાન કરવું કે ગાળો દેવી કે રકઝક કરવી કે શું કરવું તેની સમજણ પડી નહીં. પણ છેવટે તેણે નિર્ણય કરી લીધો કે રિચર્ડ્સે એને છેતરી નથી પણ તેને ખરી સ્થિતિનું બરાબર ભાન જ નહોતું અને પછી ઘણી પીડા અને મથામણો તથા ચિંતન પછી લૉરેઇને નક્કી કર્યું કે "પાયું પાનું નિભાવી લેવું" એ જ સુખશાંતિનો ઉત્તમ માર્ગ છે. એટલે એ બન્નેએ પતિપત્ની તરીકે જ રહેવાનું ચાલુ રાખ્યું.

આ હકીકત પ્રસિદ્ધ થઈને છપાઈ તેનાં બે વર્ષ પહેલાં એડવર્ડ પ્રાઇસ રિચર્ડસે લૉસ એન્જેલેસની કૉર્ટમાં મૅજિસ્ટ્રેટની પાસે લેખિત એકરાર કરીને પોતાનું નામ, પહેરવેશ, તથા પોતે સ્ત્રી છે તેવું જાહેર કરવાની પરવાનગી માંગી. આ કેસ રજૂ કરવા માટે તેણે અને લૉરેઈને સારો વકીલ રોક્યો હતો. રિચર્ડસની વૈદ્યકીય પરીક્ષા અનેક દાક્તરોએ કર્યા પછી દાક્તરોનું સર્ટિફિકેટ પણ રજૂ કરેલું. ન્યાયાધીશે આ બધી હકીકતો કાળજીપૂર્વક સાંભળ્યા પછી એવો ચુકાદો આપ્યો કે રિચર્ડસના શરીરમાં પરિવર્તન થયું છે તે પુરવાર થઈ ગયું છે; પણ આ પરિવર્તન કાયમી છે એવી ખાતરી કૉરટને થતી નથી તેથી તેને બાર્બરાનું નામ ધારણ કરવાની કે સ્ત્રીનાં કપડાં પહેરવાની કે એવું સ્ટૅટસ એટલે પુરુષને બદલે સ્ત્રી તરીકે નોંધાવવાની પરવાનગી આપી નહીં.

અમેરિકામાં કોઈ પણ પુરુષ સ્ત્રીનાં કપડાં પહેરીને જાહેરમાં ફરે તો તેને ગુનાહિત કૃત્ય ગણવામાં આવે છે અને તે માટે સજા ફટકારવામાં આવે છે. રિચર્ડસને હવે પુરુષનાં કપડાં પહેરવાં ગમતાં નહોતાં અને જો સ્ત્રીનાં કપડાં પહેરે તો પોલીસ એને પકડે તેવી બીક હતી. વળી જ્યારે વસતિ-ગણતરી (સેન્સસ) થાય ત્યારે એણે કઇ જાતિ લખાવવી એ બીજો પ્રશ્ન હતો. આખો કેસ ચાલ્યો તેમાં એની "પત્ની" લૉરેઇન તરફથી એને સંપૂર્ણ મદદ મળી હતી. આ હકીકત છપાઇ ત્યાં સુધી એ બન્ને પતિપત્ની તરીકે રહેતાં હતાં.

[આ હકીકત 'એશિયાટિક ડાઇજેસ્ટ' નામના માસિકના ૧૯૪૨ના મે મહિનાના અંકમાં પ્રસિદ્ધ થઇ છે.]

સ્ત્રીનો પુરુષ

હવે આપણે ઉપલા કેસથી તદ્દન જુદા પ્રકારના પરિવર્તનની હકીકતો જોઈએ.

સ્કૉટલૅન્ડના એક "બૅરન" મોટા જમીનદાર, લૉર્ડ ફૉર્બ્સ-સેમ્પીલની બહેન ઇલિઝાબેથ જન્મથી "છોકરી" જન્મી હતી યુવાવસ્થામાં પ્રવેશી ત્યારે તેનું કદ બેઠું અને કંઈક ટૂંકું હતું—ભૂખરા (ગ્રે) રંગના વાળ હતા, અને જરા ભુરાશ પડતી આંખો. છેક નાનપણથી જ એને કસરત તથા મેદાની રમતોનો શોખ હતો. એ ઘોડેસવારી કરતી, માછલાં પકડતી અને એને સારી નિશાનબાજીથી શિકાર કરવાનો શોખ હતો. એને છોકરીનાં કપડાં પહેરવાનો સખત અણગમો હતો. જન્મ વખતે એ છોકરી જેવી હશે પણ એનો વિકાસ છોકરા જેવો જ થયો. કદ જરા ઓછું હતું, હાથ મરદના જેવા હતા, પણ પગ નાના નાજુક હતા. એને ખાતરી થઈ હતી કે એ સ્ત્રી નથી પણ પુરુષ છે. એની બધી વૃત્તિઓ અને લાગણીઓ પુરુષના જેવી હતી, પણ એણે લોકલાજના કારણે પુરુષ હોવાનું જાહેર કર્યું નહીં.

માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી એણે એબરડીન યુનિવર્સિટીમાં વૈદકીય અભ્યાસ કરીને ડોક્ટરની પદવીઓ મેળવી અને એ શહેરમાં જ પ્રેક્ટીસ શરૂ કરી, અને તેની સાથે જ એણે પોતાનો પહેરવેશ તથા નામ બદલી નાખ્યાં. હવે એનું નામ ઇવૅન સૅમ્પીલ છે. આ બધો ફેરફાર કરવાનું મુખ્ય કારણ તો એ હતું કે એ એક યુવતી સાથે પ્રેમમાં પડ્યો હતો. એને પુરુષ ઇન્દ્રિયને બહાર કાઢવા માટે ઓપરેશન કરાવવું પડ્યું નહોતું. પણ એણે પુરુષત્વ વધારવા માટેના હૉરમોનની દવા લીધેલી ખરી. હવે એ સંપૂર્ણપણે પુરુષ થઈ ગયો છે, અને જે હેવાલ મારી પાસે છે તે વખતે એ પોતાના લગ્નના ઉત્સાહમાં હતો. પોતાના મોટા ભાઇ લોર્ડ સેમ્પીલને છોકરાં નથી એટલે સ્કૉટલૅન્ડના કાયદા પ્રમાણે એના ભાઈના



(જાતિ બદલાતાં) ક્રિસ્ટિન જોર્ગન્સન — જ્યોર્જ જોર્ગન્સન

અવસાન પછી એ લોર્ડ બનશે અને બધી જમીનદારી તથા મહેલ (કેસલ)નો માલિક બનશે. (મારી પાસે એની છબી છે.) વખતે એને કોરટમાં જઈને હુકમ તો મેળવવાનો રહેશે જ.

ત્રીજો કિસ્સો

જ્યોર્જ જોર્ગન્સન નામનો એક અમેરિકન જુવાન હતો. એનો બાપ ન્યૂયોર્કમાં સુથારનો ધંધો કરતો હતો. જ્યોર્જે માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું તે અરસામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને અમેરિકાએ તેમાં ઝંપલાવ્યું. જ્યોર્જ પણ લશ્કરમાં જોડાયો અને બે વર્ષ પછી એ છૂટો થઈ ગયો. જ્યારે એ સૈન્યમાં ગમે કોઈ સૈનિકની જેમ રોજ-બ-રોજનું કામ કરતો હતો ત્યારે એણે જોયું કે એની જાતીય ઇન્દ્રિયોમાં સમજાય નહીં એવા ફેરફાર થયા કરે છે.

યુદ્ધ પૂરું થયું હતું તેથી જ્યોર્જે ન્યૂયોર્કની એક મેડિકલ કોલેજમાં દાકતરી અભ્યાસ શરૂ કર્યો અને એણે મનુષ્યની (સ્ત્રી પુરુષના) જાતીય ગ્રંથીનો, અને હારમોનનો ખાસ અભ્યાસ કર્યો. એક પ્રસંગે એ કેલિફોર્નિયાની મુસાફરીએ ગયો હતો ત્યાં એક દાકતરે એને માહિતી આપી કે ડેન્માર્કના પાટનગર કોપનહાગનમાં એક (રસી) "સીરમ" ઇન્સ્ટીટ્યુટ છે અને તેનો ડોક્ટર હામ્બુર્ગર આ વિષયનો કાબેલ નિષ્ણાત ગણાય છે. સારા નસીબે કેલિફોર્નિયામાં જ એને એક સન્નારી મળી જેણે એને ડેન્માર્ક લઈ જવાની તૈયારી બતાવી—જ્યોર્જ ત્યાં ગયો. એને બે હજાર જેટલાં ઇન્જેકશનો હારમોનનાં આપ્યાં અને એના પર પાંચ છ નાનાં મોટાં ઓપરેશનો થયાં. ડેન્માર્કથી જ એણે પોતાનાં માબાપને જણાવી દીધું કે એની ચિકિત્સા સફળ નીવડી છે, અને કુદરતે ભૂલ કરીને એને પુરુષ ગણાવ્યો હતો પણ હવે એ સ્ત્રી બની ગયો છે અને પોતાનું નામ બદલીને ક્રિસ્ટિન રાખ્યું છે. વયે એ ૨૬-૨૮ વર્ષની છે અને ગોરી તથા દેખાવડી જણાય છે. [સ્ત્રી તરીકે અને પુરુષ તરીકેની એની છબી મારી પાસે છે.]

*

આવા બનાવો ઘણા ઓછા જાણવામાં આવે છે. મારા પોતાના અનુભવોમાં મેં થોડી સ્ત્રીઓને તપાસી છે કે જેનામાં કોઈ ને કાંઈ વિકૃતિ પકડાઈ આવી છે. કોઈને ગર્ભસ્થાન લગભગ હોય જ નહીં, અને એક બ્રાહ્મણની રૂપાળી (૧૬ વર્ષની) છોકરીને યોનિની ઉપરનાં બીજા જાતીય અવયવો (ગર્ભસ્થાન) હતા જ નહીં. મેં તેને મુંબઈની હોસ્પિટલમાં તપાસ માટે મોકલેલી. અને મારી પરીક્ષા સાચી નીકળી હતી.

થોડા વખત પહેલાં એક સારા કુટુંબની સુંદર દેખાતી બ્રાહ્મણ સ્ત્રી અમને મળવા આવેલી. એ યુરોપમાં રહેતી હતી અને ત્યાં પોતાના પતિ સાથે રહીને સાથે સાથે નોકરી પણ કરતી હતી. ઠીક સારું ભણેલી, ચબરાક અને ચાલાક હતી. જે રીતે એ મારા મકાનનાં પગથિયાં ચઢી તે જોઈને, તથા તેની વાતો અને વર્તનથી તરત મને વિચાર આવ્યો કે આ એક સામાન્ય સ્ત્રી નથી. પછી મેં તેને વિશે માહિતી કાઢતાં એટલું જાણવા મળ્યું કે એને કદી ઋતુસ્રાવ થયો નહોતો, અને છોકરાં તો થાય જ શી રીતે? એની વૃત્તિઓ પુરુષોના જેવી જ હતી. આ સિવાય વિશેષ માહિતી મળી નહીં.

ઉપર લખેલી બધી વિકૃતિઓને માટે એટલી મહત્ત્વની બાબત સમજી લેવાની જરૂર છે કે દરેક મનુષ્યમાં મૂળભૂત અંગો અને અવયવો લગભગ એક સરખાં હોય છે. પુરુષોમાં સ્ત્રીઓનાં જેવાં અંગો વિકાસ ન પામતાં નાનાં અને ખીલ્યા વિનાનાં (પુરુષોમાં સ્તન અને તેની ડીંટડીના જેવાં) રહી જાય છે. તેવી જ રીતે સ્ત્રીઓમાં પણ પુરુષોના જેવાં અંગો હોય છે, કે જે વિકાસ ન પામતાં અવિકસિત રહી જાય છે. સ્ત્રી તેમજ પુરુષ બન્નેનાં જાતીય અંગોમાંથી અંતસ્રાવ ઉત્પન્ન થાય છે. પુરુષોના અને સ્ત્રીઓના જનનાંગ વૃષણ અને અંડપિંડ (ઓવરી) એ બન્ને અંગોમાં ગર્ભ રહેવા માટે જે પદાર્થો ઉત્પન્ન થાય છે તે ઉપરાંત તેમાંથી અંતસ્રાવ (હોરમોન) પણ પેદા થાય છે—પુરુષોના અંતસ્રાવને એન્ડ્રોજન (androgen) અને સ્ત્રીઓના અંતસ્રાવને એસ્ટ્રોજન (estrogen) કહે છે. સ્ત્રીપુરુષોના શરીરના વિશેષ (સેકંડરી) ચિહ્નો વિકસાવવા માટે આ અંતસ્રાવ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. (પુરુષને મૂછ, દાઢીના વાળ વગેરે અને સ્ત્રીઓને સ્તન વગેરે માટે.) જ્યારે કોઈ રોગ કે માનસિક આઘાતને લીધે અંતસ્રાવમાં વધઘટ થઈ જાય છે ત્યારે સ્ત્રી પુરુષોનાં અંગોમાં ફેરફાર થઈ જાય છે.

એક વિદ્વાન નિષ્ણાતની નોંધ

ઉપર લખેલાં કારણો વિશે મને પોતાને શંકા ઉત્પન્ન થવાના કારણે મેં ગુજરાત કોલેજના બાયોલોજી એટલે જીવવિદ્યાના પ્રોફેસર શ્રી ગિરીન્દ્ર પંડ્યાને (ઓળખાણ વિના) પુછાવ્યું અને એમણે મને જે નોંધ લખી મોકલી છે તે અક્ષરશઃ અહીં રજૂ કરું છું:—

"આવા જણાવેલા કિસ્સાની બાબતમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં જણાશે કે તેમાં જાતિનું પરિવર્તન ખરી રીતે થતું નથી. આના કારણમાં એમ જણાવી શકાય કે મનુષ્યમાં લિંગભેદ તો ગર્ભવિકાસના ત્રીજા તબક્કામાં એટલે કે સ્ત્રીના અંડકોષ (egg-cell) અને શુક્રકોષના (sperm-cell) મિલન વખતે જ નક્કી થઈ જાય છે. અંડકોષના ફલનમાં જો બે એક્સ (x) લિંગસૂત્રો (2 x-sex-chromosomes) સાથે આવે તો ગર્ભનો વિકાસ સ્ત્રીમાં પરિણમે છે; અને x y લિંગસૂત્રો (x y sex-chromosomes) સાથે આવે તો ગર્ભનો વિકાસ પુરુષમાં પરિણમે છે. જો કોઈ પણ કારણસર ઉપર જણાવેલાં લિંગસૂત્રની સંખ્યામાં ફેરફાર થાય તો શરીરની અંદર આવેલી જનનેન્દ્રિયોનું નિર્માણ થવામાં ફેરફાર થઈ શકે, અને ગર્ભમાં કદાચ બન્ને પ્રકારની અંદરની જનનેન્દ્રિયો એટલે કે

વૃષણ (testis) અને અંડપિંડનું (બીજાશય-ovary) એકી સાથે નિર્માણ થવા પામે છે. બન્ને પ્રકારની જનનેન્દ્રિયો ધરાવતી આવી વ્યક્તિને દ્વિલિંગી (hermaphrodite) કહેવામાં આવે છે, વળી આવી દ્વિલિંગી વ્યક્તિઓ કાર્યક્ષમ શુક્રકોષો અને અંડકોષોને ઉત્પન્ન કરી શકે છે; પણ આવા પ્રકારનું દ્વિલિંગીપણું મનુષ્યની બાબતમાં ભાગ્યે જ જોવા મળે છે.

"શરૂઆતમાં વર્ણવેલા કિસ્સાઓમાં શરીરની અંદર આવેલી જનનેન્દ્રિયો (એટલે કે વૃષણ અથવા અંડપિંડ) અપૂર્ણ વિકાસ પામેલી છે, જ્યારે બન્ને પ્રકારની—સ્ત્રી અને પુરુષની બાહ્ય જનનેન્દ્રિયો (પુરુષમાં શિશ્ન અને વૃષણકોથળી અને સ્ત્રીમાં યોનિહોષ્ઠો અને યોનિમાર્ગ) બન્ને દેખાય છે; અને તે પણ સામાન્ય હોય તેના કરતાં કદમાં નાની હોય છે. વળી આવા દાખલાઓમાં તેમનાં દ્વિતીયક જાતીય લક્ષણો (સેકંડરી sexual characters)—જેવાં કે દાઢી, મૂછ, સ્તન, અવાજ વગેરે પણ વચલા વળનાં (ન તો પૂરેપૂરાં પુરુષનાં કે ન તો પૂરેપૂરાં સ્ત્રીનાં) હોય છે.

"પહેલા કિસ્સામાં રિચર્ડસની શરૂઆતની જિંદગીમાં તેને અલ્પવિકસિત પુરુષની બાહ્ય જનનેન્દ્રિયો સ્પષ્ટ રીતે હતી એટલે તેની ગણના પુરુષમાં કરવામાં આવી. કદાચ તેના અંડપિંડ (ovary) પણ અસલની જગ્યાએથી સ્થાનભ્રષ્ટ થઈ નીચે ઊતરી આવ્યાં હોય તો તેઓ વૃષણ તરીકે ગણાવાનો સંભવ છે. આવી જાતનાં લક્ષણો હોવાનું કારણ તેને પાંચ વર્ષની વયે થયેલા સ્પાઈનલ મેનિનજાઇટીસને લીધે હોર્મોન્સના પ્રમાણમાં થયેલો ફેરફાર હતો. અમુક ઉંમર પછી તેનામાં જાતીય પરિવર્તન થતું જોવામાં આવ્યું એનું કારણ માત્ર એ છે કે તે વખતે તેના અંડપિંડમાંથી અને શરીરમાં આવેલી બીજી અંતસ્રાવી ગ્રંથીઓમાંથી (ductless glands) "એસ્ટ્રોજન હોર્મોન્સ (estrogen hormones)નો સ્રાવ વિશેષ પ્રમાણમાં થવાથી તેનામાં પુરુષનાં બાહ્ય જાતીય લક્ષણો દબાઈ ગયાં અને સ્ત્રીનાં સર્વજાતીય લક્ષણો વધારે સ્પષ્ટ થવા માંડ્યાં, જેથી તે પુરુષમાંથી સ્ત્રીના સ્વરૂપમાં ફેરવાતો હોય એમ જણાયું.

"બીજો,-ઈલિઝાબેથનો સ્ત્રીમાંથી પુરુષમાં પરિવર્તન પામવાનો બનાવ પહેલા કરતાં વિરુદ્ધનો કિસ્સો છે; જ્યારે ત્રીજો કિસ્સો પહેલા જેવો જ છે, જેનાં કારણો પણ ઉપર જણાવ્યા પ્રમાણે છે.

"અંતમાં, ફરીથી સ્પષ્ટ કરવાની જરૂર છે કે મનુષ્યમાં એક વખત જાતિનું નિર્માણ થયા પછી તેને કોઈ પણ કાળે વિરુદ્ધ જાતિમાં ફેરવી શકાતી નથી, પણ રોગિષ્ઠ સ્થિતિમાં અથવા બીજા કોઈ પણ જનીની કારણોને (genetic reasons) લીધે માત્ર તેની જાતિનાં બાહ્ય લક્ષણોમાં જે કાંઈ વિરુદ્ધપણું જણાતું હોય તો ફક્ત તેમાં જ "gonadotrophic hormonesના" સ્રાવનું યોગ્ય પ્રમાણ જાળવવાથી પરિવર્તન થઈ શકે છે. વળી સ્ત્રીમાં (અને સસ્તનોમાં—mammals) ગર્ભાશયનો વિકાસ એવા વિશિષ્ટ પ્રકારનો છે કે તેને લીધે પણ જાતીય પરિવર્તન અશક્ય બને છે."

લેખના પ્રારંભમાં જણાવ્યું છે તે પ્રમાણે, કુદરતની યોજના અને નિયમોમાં ક્વચિત કોઈવાર ભૂલ થઈ જાય છે તે હકીકત ઉપરના કિસ્સાઓમાં પુરવાર થઈ ગઈ છે. ૪૦૦-૫૦૦ વર્ષ પહેલાં એક ફારસી કવિ ઉમ્મર ખય્યામે માટલાંની એક દુકાનમાં એક બેડોળ માટલાને કહેતાં સાંભળેલું કે "શું ઈશ્વરનો હાથ હાલી ગયો હશે!"

આ પ્રશ્નનો ઉત્તર હકારમાં છે.

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૨૦

સ્નેહી ભાઈશ્રી,

વિલાયતનું સાંસ્કૃતિક જીવન 'પબ' 'બાર' અને 'કાબારેટ કલબ'માં જ પરિસમાપ્ત થઈ જાય છે એમ રખે કોઈ માની લે. આ વસ્તુઓ તો ત્યાંના લોકજીવનનાં અનેક પાસાંઓમાંના એક નાનકડા છતાં મહત્ત્વના પાસારૂપ છે તેથી ગયા પત્રમાં મેં તેનું આછું પાતળું નિરૂપણ કર્યું હતું. ફક્ત 'પબ' અને 'નાઈટ કલબ'માં સમાપ્ત થતી સંસ્કૃતિ લાંબી ટકી શકે જ નહિ. વસ્તુતઃ વિલાયતનું સમગ્ર જીવન આવું છીછરું છે જ નહિ. કેવળ છીછરા મનના પ્રવાસીઓ જ આવા જીવનથી પ્રભાવિત થઈ જાય છે અને સ્વદેશમાં પાછા ફરીને તે પ્રકારનું જીવન સ્વદેશમાં પણ ઝંખે છે. આમ થતું હોવાથી વિલાયતની સંસ્કૃતિના ટીકાકારોના હાથ મજબૂત બને છે અને પછી તેઓ જેમ ફાવે તેમ પાશ્ચાત્ય સંસ્કૃતિને વગોવે છે અને ઉતારી પાડે છે. હકીકતમાં તો વિલાયતની સંસ્કૃતિના પાયા પણ આપણી સંસ્કૃતિની જેમ જ ઊંડા છે અને તેની પોતાની એક આગવી પ્રતિભા પણ છે જ. આ પ્રતિભાનું ઊંડાણ સમજવાની પણ કેટલીક તકો મને મળી હતી અને મેં તે ઝડપી લીધી હતી.

'પબ' અને 'બાર' કરતાં તદ્દન નિરાળી સંસ્કૃતિનાં દર્શન વિલાયતની અનેક સંસ્થાઓમાં થાય છે. પાશ્ચાત્ય સાહિત્ય, સંગીત અને કલાની સમૃદ્ધિ કેટલી આગળ વધી ચૂકી છે તેના ચમકારા મેં આવી સંસ્થાઓની મુલાકાત વખતે નિહાળ્યા. વિલાયતમાં ઠેર ઠેર મ્યુઝિયમો અને આર્ટ ગેલેરીઓ, લાયબ્રેરીઓ અને ફિલોસોફિકલ સોસાયટીઓ, સંગીત મંડળો અને નાટ્યસંઘો, મહિલા મંડળો અને મજૂર સંઘો જેવી વિશાળ સંસ્થાઓ ઉપરાંત બીજી નાની નાની પણ કેટલીક સંસ્થાઓ રસ ઉપજાવે તેવી હોય છે. પુષ્પપ્રેમીઓ અને શ્વાનપ્રેમીઓની પણ સંખ્યાબંધ મંડળીઓ છે અને તેઓ વખતોવખત જ્યાં ત્યાં 'ફ્લાવર શો' અને 'ડૉગ શો' ગોઠવે છે. આવાં પ્રદર્શનો મેં જ્યારે નજરોનજર જોયાં ત્યારે જ ખ્યાલ આવ્યો કે પુષ્પપ્રેમ અને શ્વાનપ્રેમ પણ કેટલી હદ સુધી વિકસાવવાનું શક્ય છે. વક્તૃત્વકળા વિકસાવવાની સંસ્થા, આકાશદર્શનની સંસ્થા, ક્રિકેટ સંચાલકોની સંસ્થા, મૂંગાં બહેરાંની કલબો, ઉડ્ડયન કલબો, ચેસ કલબો, આંતર રાષ્ટ્રીય મૈત્રી મંડળો, શાંતિ અને સ્વાતંત્ર્યનાં મંડળો, સ્પોર્ટ્સ કલબો અને પ્રવાસ મંડળો, ચિત્રકલા અને ફોટોગ્રાફીના વિકાસની કલબો—એવી એવી સેંકડો સંસ્થાઓ વિલાયતમાં છે અને તેનો લાભ લાખો લોકો લે છે. આ બધાંની કુલ અસર વિલાયતના સરેરાશ માનવીને એક સુસંસ્કૃત વ્યક્તિરૂપે ઘડવામાં થયા વગર રહેતી નથી. આ કારણે 'પબ' અને 'બાર'માં જનારી વ્યક્તિઓમાં પણ મેં અમુક પ્રકારનું સંસ્કારતેજ તો જોયું જ કે જે તેમનામાં હમેશાં પુરાંતમાં જ રહેશે.

વિલાયતની પ્રજાના નીતિનિયમ આપણા કરતાં નિરાળાં છે, છતાં દરેક બાબતમાં સામી વ્યક્તિની સુખસગવડનો ખ્યાલ રાખીને જ વર્તન કરવાની સભ્યતામાં અને તેમની

સંસ્કૃતિનું પ્રતિબિંબ સચોટ રીતે પડતું દેખાયું. સામાન્ય વ્યવહારમાં પણ, પતિ પત્ની સુદ્ધાં, સામસામા 'સોરી' અને 'થેંક્યુ'નો મંત્રોચ્ચાર અચૂક કરે છે જ તે જોઇને શરૂઆતમાં તો આપણને વધારે પડતું લાગે છે. પરંતુ પછી ઊંડેથી વિચાર કરતાં આ સભ્યતા વ્યાજબી જ લાગે છે. આ સભ્યતાનું રહસ્ય મારા મિત્ર શ્રી. 'કલીફ' (કલીફૉર્ડ) ન્યૂટને સચોટ રીતે સમજાવ્યું હતું. તેમના શબ્દો હજીયે મને યાદ છે કે " આ બધા સભ્યતાના શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરવાથી એક નવો જ સંસ્કારી મિજાજ ઘડાય છે કે જે તમને ગુસ્સે થતાં રોકે છે, કોઇની પણ સાથે તકરાર કરતાં રોકે છે!"

આ વાત સાવ સાચી પણ છે. ભારતમાં આપણે ઠેર ઠેર જે કલહ, કંકાસ, કજિયો, તકરાર, બોલાચાલી, મારફાડ અને ભાંગફોડનું વાતાવરણ વખતોવખત જોવા પામીએ છીએ તેવું વિલાયતમાં ભાગ્યે જ જોવા મળે છે. સંસ્કારિતાની ખરેખરી કસોટી મને તો આ બાબતમાં ખૂબ સ્પષ્ટ રીતે દેખાઈ. માનવસ્વભાવ તો બધે સરખો જ હોય છે છતાં તેનું ઘડતર જેટલું ઊંચી કોટિનું કરવું હોય તેટલું થઇ શકે તેમ છે તે વાતની પ્રતીતિ મને વિલાયતના દરેક થરના માનવીઓના સંપર્ક પરથી થઇ છે. આપણાં ઘરોમાં જે નજીવા કલહકંકાસ થાય છે અને પછી તે મોટું સ્વરૂપ પકડી લે છે તેવું વિલાયતમાં નહિ થવાનું રહસ્ય કલીફે સમજાવેલા 'સંસ્કારી મિજાજ'માં જ સમાયેલું છે. નાનપણથી જ બાળકને પોતાની ભૂલ કબૂલ કરવાની અને ક્ષમા માગવાની તાલીમ મળી ગઈ હોય છે તેથી તેને 'સોરી' કહેવામાં કશું નાનમ જેવું લાગતું નથી. એટલો એક નાનકડો શબ્દ વખતસર વાપરી દેવાથી અનેક મોટા સંઘર્ષો આગળ વધતા અટકી જાય છે. તેવી જ રીતે સામી વ્યકિતએ કરેલા એક નાનામાં નાના ઉપકારનો પણ તાત્કાલિક બદલો બીજા નાનકડા શબ્દ 'થેંક્યુ'થી વાળી દેવાથી 'ગુડવિલ'નું ભાથું ખૂબ જમા થતું જાય છે. પોતાનું દરેક વર્તન સામી વ્યકિતનો ખ્યાલ રાખીને કરવાની તાલીમ વિલાયતની પ્રજાને નાનપણથી જ મળતી હોવાથી જંગલી, અણઘડ સ્વભાવમાં રહેલી સ્વાર્થલક્ષ્યતા (સેલ્ફ સેન્ટર્ડનેસ), સંકુચિતતા (નેરોમાઇન્ડેડનેસ) અને અસહિષ્ણુતા (ઇન્ટોલરન્સ) તેમના મિજાજમાંથી ઘસાઈ ગયેલી હોય છે. પરિણામે તેઓ પોતાનાથી જુદો મત ધરાવનાર પ્રત્યે સહિષ્ણુતા રાખે છે, પોતાની ભૂલ 'સ્પોર્ટિંગલી' કબૂલ કરે છે અને પોતાના વિરોધીના ગુણોની પણ પ્રશંસા કરે છે.

બીજી બાજુ આપણે ત્યાં પોતાના જ લાભની દૃષ્ટિએ વર્તન રાખવાની તાલીમ ઠેર ઠેર અપાય છે. " એમ ગાંજ્યા જવું નહિ, સમજ્યો! જબરા થઈને રહીએ તો જ ગામ વચ્ચે રહીએ. આપણે આપણી જગા પહેલાં કરી લેવી—જમણવારની પંગતથી માંડીને ટ્રેન, બસ કે સિનેમા થિયેટરમાં સુદ્ધાં." આવી મનોદશાને ઉત્તેજન મળવાથી ટ્રેન કે બસમાં ચડવા માટે ખોટી પડાપડી થાય છે, 'ક્યુ' જળવાતી નથી, મોડા આવનારા વહેલા આવનારનું સ્થાન પચાવી પાડે છે અને બિલકુલ બીનજરૂરી સંઘર્ષો ઊભા થાય છે. થિયેટરમાં ઊંચી દીવાલની ટોપી પહેરીને બેસનારાઓ પાછળ બેઠેલાઓનો ખ્યાલ જ કરતા નથી. 'તમને ટોપી ઉતારીને બેસવાની વિનંતિ કરવામાં આવે છે તો—" જેવું છે! તકરાર કરવી છે તમારે!" એમ સામું સંભળાવવામાં આવે છે! 'શો' ચાલુ થઈ ગયા પછી મોડેથી

આવનારા પ્રેક્ષકો બીજાઓના પ્રેક્ષણમાં નિક્ષેપ નાખે છે તેનો પણ ખ્યાલ કરતા નથી. ઊલટું જંગલી ઝાડીમાંથી પસાર થતા હોય તેમ, બીજાઓના પગ ખૂંદતાં ખૂંદતાં પોતાની જગ્યા શોધવા માંડે છે. કેટલાક વળી ફિલ્મના ગીતમાં પોતાનો ગણગણાટ ઉમેરે છે અને પોતાની પડખે બેઠેલાને વાર્તા સમજાવે છે અથવા તો ફિલ્મના ગુણદોષનું વિવેચન કરવા બેસી જાય છે. થિયેટરમાં નાનાં બાળકોને સાથે લાવનારાઓ બાળક રડશે ત્યારે આસપાસનાં બધાંને ખલેલ પહોંચાડશે તેવો ખ્યાલ પણ રાખતા નથી.

આ જ મનોદશા બીજી બધી બાબતોમાં પણ દેખાય છે. રેડિયો અને લાઉડસ્પીકરોનો ત્રાસ તો હવે ખૂબ જ વધી પડ્યો છે. સિનેમાનાં ગીતો રેડિયો ઉપર 'ફુલવોલ્યુમ' ઉપર વગાડવાનો પરવાનો તો હવે દેશભરમાં વ્યાપી ગયો છે. પાડોશીનો ખ્યાલ કરવાની જરૂર જ શી છે? ટ્રેનમાં સામી બેઠક ઉપર બૂટ સાથે પગ લંબાવવામાં પણ શું અજુગતું છે? મોટર હાંકતી વખતે રસ્તે ચાલનાર કે આગળ ચાલતી મોટરોનો ખ્યાલ રાખ્યા વગર 'ઓવર ટેકીંગ' કરવામાં પણ શું ખોટું છે? જ્યાં ત્યાં થૂંકવામાં કે કચરો ફેંકવામાં પણ શાં વાંધાં છે? કેળાંની છાલ ઉપર પગ પડતાં બીજી વ્યક્તિ લપસી પડીને જિંદગીની ખોડ વહોરશે તેથી શું? 'સો વ્હોટ?' બીજાઓનું ગમે તે થાય પણ આપણે આપણો આનંદ તો લૂંટે જ જવો!

ખરેખર શું આ આપણી સંસ્કૃતિ છે? એમ કહેવામાં આવે છે કે આપણો બગાડો પશ્ચિમની સંસ્કૃતિના સંપર્કથી થયો છે. પણ ખરી રીતે તો પશ્ચિમની સંસ્કૃતિમાં આવું એક પણ અપલક્ષણ મારા જોવામાં ન આવ્યું. તેમનાં પ્રેમી યુગલો ભરબજારમાં ચુંબન અને આલિંગન કરતાં દેખાય છે એ ત્યાંની સંસ્કૃતિનો નવો વળાંક છે ખરો, પરંતુ સામી વ્યક્તિને તકલીફ પડે એવું કોઈ પણ લક્ષણ તો એ સંસ્કૃતિમાં નથી જણાતું.

હમણાં અમે માથેરાન ગયાં હતાં ત્યાં વળી એક નવી ઘેલછા જોવા મળી. રીગલ હોટલમાં અમે ઊતર્યાં હતાં ત્યાં એટલા બધા પ્રવાસીઓ 'પોકેટ રેડિયો' સાથે લઈને આવ્યા હતા કે ન પૂછો વાત. એક જણ 'વિવિધ ભારતી' વગાડે તો બીજો વળી 'સીલોન' વગાડે અને ત્રીજો એક પણ પ્રોગ્રામ સ્થિર રીતે વગાડવાને બદલે કેવળ 'ઘુરર ઘુરર' કરતો પ્રોગ્રામો બદલે જ રાખે. અરે ભઈલા! અમે અહીં શાંતિ અને આરામ માટે આવ્યાં છીએ ત્યાં વળી આ નવો 'નાદ' શાનો છે? રેડિયો કેવળ રૂમમાં જ વગાડવાને બદલે આ મહેરબાનો તો જમતી વખતે ડાઇનિંગ હોલમાં સુદ્ધાં વગાડતા હતા. વચમાં થાળી વાડકા, એક બાજુ પાણીનો લોટો અને બીજી બાજુ રેડિયો! વાહ, ભાઈ! સંસ્કૃતિ ક્યાં ક્યાં નથી ફેલાઈ? રસ્તે ચાલતાં ચાલતાં બગલમાં આ નવી 'સંસ્કાર સારંગી' વગાડનારાઓ ખીણોમાં અને ગિરિશૃંગો ઉપર પણ હવે સંસ્કાર વધારે જાય છે. ફક્ત હવે સ્નાનગૃહ અને શૌચગૃહમાં જ આ સંસ્કાર રેડવાનું બાકી હોય તેમ લાગે છે! તેમ પણ થાય તો યે નવાઈ પામવા જેવું નથી!

રેડિયોના 'નાદ' વિશે આપણને વાંધો હોઈ શકે નહિ. તે વ્યક્તિના શોખની વસ્તુ છે. પરંતુ એ 'નાદ' પોકારનું સ્વરૂપ પકડે છે અને જેને નથી સાંભળવો તેવા પાડોશીઓને પણ સાંભળવો પડે છે તે વાંધાભરેલું છે. બાકી વિલાયતમાં પણ મેં આવા રેડિયો-

રસિયાઓ તો જોયા જ હતા. અમારી લેન્ડલેડી મિસીસ જ્હોનસન સુદ્ધાં પોતાના રસોડામાં રેડિયો રાખતી હતી અને રસોઈ કરતાં કરતાં મૃદુ હળવું સંગીત સાંભળતી હતી. પણ બાજુના રૂમવાળાને તકલીફ ન પહોંચે તેવું ધીમું વગાડતી હતી. હેઝલડીન હોટલમાં પણ એક દિવસ એક નવું દૃશ્ય જોવા મળ્યું હતું. હોટલની દીવાલોનું રંગકામ કરવા ત્રણ ચાર રંગારીઓ આવ્યા હતા. તેમાંના એકે એકાએક તેના ખીસામાંનો રેડિયો વગાડવો શરૂ કરી દીધો. સમાચાર સાંભળવાનો તે રસિયો હતો અને કામ કરતાં કરતાં પણ "લેટેસ્ટ ન્યુઝ" થી તે વાકેફ રહેવામાં માનતો હતો. સમાચાર પૂરા થયા પછી તેણે સુંદર સંગીતનો પ્રોગ્રામ પણ ચાલુ કર્યો અને તે સંગીત સાથે તાલ મિલાવતાં મિલાવતાં રંગનું બ્રશ ભીંત ઉપર ફેરવવા માંડ્યું. મેં તેની સાથે થોડીક વાતચીત કરી ત્યારે તે બોલ્યો કે "ગોવર્નર! મ્યુઝિક લાઇટન્સ અવર બર્ડન! ડોન્ટ્યુ એગ્રી? ઓર શેલ આઇ સ્વીચ ઇટ ઓફ્?" મેં કહ્યું કે "કેરી ઓન, આઇ લાઇક ઇટ્ ટૂ!" સંગીત શ્રમને હળવો બનાવે છે તે તો આપણા શ્રમજીવીઓના પણ અનુભવની વાત છે. હળથી ખેડતાં, કોશ હાંકતાં, પાણી ખેંચતાં, સામાન ચઢાવતાં, ઘંટી ચલાવતાં કે સંમિલું ટીપતાં ગીતો ગાવાથી શ્રમ હળવો લાગે છે જ. પરંતુ ભારતમાં તો આજે સંગીત કરતાં ઘોંઘાટનું જ સામ્રાજ્ય ફેલાઇ ગયું હોય તેમ લાગે છે! ફુલ વોલ્યુમથી વાગતો પોકેટ રેડિયો તો વાંદરાના હાથમાં આવેલી નિસરણી જેવો જ બની ગયો છે!

એક બાજુ ભારતમાં સંગીતની અધોગતિ ઘોંઘાટ રૂપે થઈ છે તો બીજી બાજુ વિલાયતમાં સંગીતની ઉન્નતિ દિવસે દિવસે નવી નવી સપાટીઓ હાસિલ કરતી જાય છે. ફક્ત માન્ચેસ્ટરની જ વાત કરીએ તો ત્યાંના લોકજીવનમાં સંગીતનો પ્રભાવ કેટલો પ્રબળ છે તે ત્યાંની વિખ્યાત સંગીત સંસ્થાઓના હજારો સભ્યોની યાદીઓ પરથી જણાઇ આવે છે. 'હાલી' કોન્સર્ટ સોસાયટી નામની એક વિશ્વવિખ્યાત આંતરરાષ્ટ્રીય સંગીત સભા માન્ચેસ્ટરમાં પૂરાં સો વર્ષથી કામ કરી રહી છે અને તેનું ધ્યેય કશો જ નફો કર્યા વગર જનતામાં ઉચ્ચ સંગીતનો શોખ ફેલાવવાનું છે. આ ધ્યેય તેણે ખૂબ જ સફળતાપૂર્વક પાર પાડ્યું છે. આ સોસાયટી તરફથી ચાલતી 'હાલી 'કોઇર'માં દર અઠવાડિયે ૨૨૫ ગવૈયાઓ ભેગા મળે છે અને નૂતન સંગીતની રચના કરે છે. 'હાલી ઓર્કેસ્ટ્રામાં ૧૦૦ જેટલાં વાજિંત્રો એકી સાથે એક સૂરથી વાગે છે. આ ઉપરાંત માન્ચેસ્ટર ફીલહાર્મોનિક સોસાયટી, માન્ચેસ્ટર ચેમ્બર કોન્સર્ટ સોસાયટી, માન્ચેસ્ટર ગીટાર સર્કલ, માન્ચેસ્ટર બાક કોઇર, માન્ચેસ્ટર ગેલિક કોઇર, વેલ્સ કોરલ સોસાયટી, કેન્ટુકી મીન્સ્ટ્રેલ્સ, સ્ટ્રીંગ સોસાયટી, વગેરે વગેરે અનેક નાની મોટી સંગીત સભાઓ માન્ચેસ્ટરમાં છે. તે જ પ્રમાણે ઓપેરા અને ડ્રામાટિક સોસાયટીઓ પણ ઘણી છે. આ બધાંમાં બ્રિટનની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉચ્ચતમ પ્રતીક સમી 'હાલી ઓર્કેસ્ટ્રા'નું સ્થાન સૌથી ઊંચું છે. તેથી વિલાયત જતી વખતે મિ. મીલ્સને મને આ ઓર્કેસ્ટ્રાના પ્રોગ્રામો જોવાનું નહિ ચૂકવા માટે ખાસ ભલામણ કરી હતી.

સદ્ભાગ્યે હું માન્ચેસ્ટરમાં એવા શુભ સમયે હતો કે જ્યારે 'હાલી' કોન્સર્ટ સોસાયટીની શતાબ્દી ઉજવાઇ રહી હતી. તા. ૧૦મી જૂન થી ૨૧મી જૂન, ૧૯૫૮ના

દિવસોમાં માન્ચેસ્ટરનું સમસ્ત વાતાવરણ 'હાલી' સંગીતના પમરાટથી મઘમઘી રહ્યું હતું. આ યાદગાર 'સેન્ટીનરી સીઝન' માં મેં પણ દસમાંથી બે પ્રોમેનેડ કોન્સર્ટો તા. ૧૧ મી અને તા. ૧૭ મીએ જોયા. અઠવાડિયા પહેલાં તો મારે પાંચ શિલિંગવાળી ટિકિટો બુક કરાવી દેવી પડી હતી કારણ કે છેલ્લી ઘડીએ ટિકિટો મળે તેમજ નહોતું. પ્રોગ્રામ ફ્રીટ્રેડ હોલમાં જ હતા કે જેમાં હું પેલા થિયોસોફિસ્ટોનાં ભજનો સાંભળી આવ્યો હતો. હોલની સ્ટેજ વિશિષ્ટ પ્રકારની હતી. આપણા સંગીતકારો ગાદી ઉપર બેસીને તબલા અને તંબૂરો, સારંગી અને શરણાઈ, સીતાર અને દીલરૂબા, ખંજરી અને બંસરી એમ દસથી વીસ જેટલાં જ વાજિંત્રો વગાડે છે તેથી તેમને માટે ખાસ પ્રકારની સ્ટેજની જરૂર હોતી નથી. પરંતુ આ 'હાલી' ઓર્કેસ્ટ્રા માટે તો ૮૫ વાજિંત્રકારો ખુરશીઓ ઉપર બેસીને વાજિંત્રો વગાડી શકે તેવી સગવડ સ્ટેજ ઉપર હતી. સ્ટેજ એક પ્રકારના આડ વિશાળ પગથિયાંના દાદર જેવી કહી શકાય. દરેક પગથિયા ઉપર ૧૦-૧૨ ખુરશીઓ હતી અને તે આખા દાદરની સામે ઓર્કેસ્ટ્રાના કન્ડક્ટરનું પીંજરું હતું.

૮૫ કલાકારોમાં ૨૫ તો સન્નારીઓ હતી. વાજિંત્રોમાં ૨૫ વાયોલીન, ૧૦ ગીટાર, ૪ સેલો, ૧૦ બેન્ડવાજાં, ૧ પિયાનો, ૧ હાર્પ, ૧ પડઘમ, ૨ નાની પડઘમો, ૧ ખંજરી, ૧ ત્રિકોણ સળિયો, ૧ મોટી કાંસી જોડ (કીમ્બાલ), ૧ વાંસળી, ૫ શરણાઈ (ક્લેરીઓનેટ) અને બીજાં નાનાં મોટાં ૧૫-૨૦ વાજિંત્રો હતાં. કલાકારો પોતપોતાની ખુરશીઓ ઉપર ગોઠવાઈ ગયા અને પ્રેક્ષકોએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. આમાં યેકો કોનો નામની જાપાનીઝ યુવતી પિયાનો ઉપર હતી અને આલ્ફ્રેડો કમ્પોલી નામનો વિખ્યાત ઇટાલિયન કલાકાર વાયોલીન ગ્રુપનો નેતા હતો. આ ઉપરાંત ક્લાઇવ લીથગો અને રેમોન્ડ લેવેન્થાલ નામના લોકપ્રિય કલાકારો પણ આ ઓર્કેસ્ટ્રામાં હતા. છેલ્લે જ્યારે આખી ઓર્કેસ્ટ્રાના કન્ડક્ટર જ્યોર્જ વેલ્ડન સ્ટેજ ઉપર આવ્યા ત્યારે તો આખા ઓડિયન્સે ઊભા થઈને પાંચ મિનિટ સુધી તાળીઓ પાડીને તેમને વધાવી લીધા.

ટિકિટ ઉપર જ છાપેલું હતું કે સમયસર નહિ આવનારને હોલમાં પ્રવેશ નહિ મળે, કારણ કે પ્રોગ્રામ શરૂ થતાં પહેલાં પાંચ મિનિટ અગાઉથી જ દરવાજા બંધ થઈ જશે અને કોઈ પણ સંજોગોમાં તે ખોલવામાં નહિ આવે. આવી કડક શિસ્તને લીધે આખો ઓડિયન્સ પંદર મિનિટ વહેલો આવી ગયો હતો. પ્રોગ્રામ ચાલુ થયા પછી હોલમાં કશી જ અવરજવર થવી ન જોઈએ કારણ કે તેનાથી કલાકારોનું ધ્યાન ચ્યુત થાય છે. કોઈ પણ પ્રેક્ષક ખોંખારો સુદ્ધાં ખાતો નહોતો. ખુરશીઓવાળા વર્ગોની પાછળ ઊંચાણવાળી ખાલી જગ્યાને 'પ્રોમેનેડ' ક્લાસ કહેવામાં આવે છે. આ જગ્યાની ટિકિટ બે શિલિંગની હતી અને તેમાં બેસવા માટે કેટલાક લોકો પોતાના ઓવરકોટનો ઉપયોગ કરતા હતા અથવા કેટલાક તો સાથે તકિયા સુદ્ધાં લાવ્યા હતા! કેટલાક 'પ્રોમ' ક્લાસની ભીંતને અડીને ઊભા ઊભા જ પ્રોગ્રામ જોતા હતા. આ વર્ગને ખાતર હાલી સોસાયટીની સ્થાપના થયેલી હોવાથી હાલીના કોન્સર્ટને 'પ્રોમ્સ'ના નામે પણ ઓળખવામાં આવે છે.

સાત વાગ્યાના ટકોરે પ્રોગ્રામ શરૂ થયો. રોઝીની રેસ્પેઘીની 'લા બ્યુટીક ફેન્ટસી' નામની બેલે (નૃત્યનાટિકા) નું સંગીત એકી સાથે ૮૫ વાજિંત્રો ઉપર વાગવા માંડ્યું.

આટલાં બધાં વાજિંત્રો એક ક્ષણની પણ ગફલત કર્યા વગર એકસૂર અને એકતાલ થઈને જગતનું શ્રેષ્ઠ સંગીત વગાડે તેની કલ્પના કરો! એક પણ વાજિંત્ર આઘુંપાછું કે બેસૂરું વાગતું નહોતું. આખો ઓડિયન્સ સ્તબ્ધ નજરે આ વિરાટ સંગીતમાં તરબોળ થઈ ગયો. એક બેલેનું સંગીત પૂરું થયું અને પાછી તાળીઓ પડી. પછી ચાઇકોવસ્કીની 'સ્લીપીંગ બ્યુટી' (સોજા રાજકુમારી!) નામની બેલેનું સંગીત વાગવા માંડ્યું ત્યારે તો જાણે સંગીતની સાથે સાથે બેલે પણ ભજવાતી ન હોય એમ લાગવા માંડ્યું. કન્ડક્ટર વેદન લાકડી હલાવતો હતો તે જાણે રબરની પૂતળીની જેમ નાચતો ન હોય તેમ લાગતું હતું., પછી વેબરની બેલે 'ઇન્વીટેશન ટુ વોલ્ઝ', ગેર્શવીનની બેલે 'એન અમેરિકન ઇન પેરીસ' સ્ટ્રેવીન્સ્કીનું 'રશિયન નૃત્ય સંગીત' એમ ઉપર.છાપી પ્રોગ્રામોને અંતે રેવેલનું 'બોલેરો' નામનું બેલેસંગીત તો આખા પ્રોગ્રામની પરાકાષ્ટા રૂપ લાગ્યું. આ કૃતિ એકદમ ધીમા ટંકારથી શરૂ થઈને આઠ દસ સપ્તક જેટલી ઊંચી ચડતી ચડતી મેઘનાદ જેવી ગાજી ઊઠી હતી અને આ પરાકાષ્ટા વખતે ઓડિયન્સની તાળીઓનો ગડગડાટ પણ સંગીતના તાલમાં એક રૂપ થઈ ગયો હતો. કલાકારોને વધાવવાની અંતિમ તાલીઓનો ગડગડાટ પૂરી પાંચ મિનિટ ચાલ્યો. હોલમાં એકોસ્ટીક્સ (અવાજના પડઘા) ની વ્યવસ્થા પણ ઘણી સુંદર છે. આવી સંગીતસંધ્યાથી ચડિયાતો સાંસ્કૃતિક આનંદ બીજો શો હોઈ શકે!

તા. ૧૭મી જુને બીજી સંગીતસંધ્યા માણવા પાછો હું ફ્રીટ્રેડ હોલમાં ગયો ત્યારે હાલી ઓર્કેસ્ટ્રાએ ચાઇકોવસ્કીની પ્રખ્યાત રશિયન બેલે 'સ્વોન લેક' (હંસ સરોવર)નું સંગીત રજૂ કર્યું હતું. થોડાં વર્ષો પહેલાં મુંબઈના વલ્લભભાઈ સ્ટેડિયમમાં રશિયાથી આવેલા કલાકારોના સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળે આ 'સ્વોન લેક' ની બેલે રજૂ કરી હતી. તેમાંનું માયા પ્લીસેટસ્કાયાનું નૃત્ય સ્મૃતિમાં તાજું જ હતું તેથી હાલીના સંગીતની સાથે માયા પાછી નાચતી હોય તેમ જ લાગવા માંડ્યું. આ સંગીત એટલું બધું કર્ણપ્રિય છે કે મેં થોડા દિવસ બાદ માન્ચેસ્ટરના વુલવર્થ સ્ટોરમાંથી 'સ્વોનલેક'ની એક લોંગ પ્લેઇંગ રેકોર્ડ પણ ખરીદ કરી લીધી. વળી હું ત્યાંની 'ક્લાસિકલ ક્લબ' નો સભ્ય પણ થઈ ગયો કે જેથી ફક્ત સાડાચોદ શિલિંગની કિંમતે શ્રેષ્ઠ સંગીતની લોંગ પ્લેઇંગ રેકર્ડો ખરીદ કરી શકું. મોઝાર્ટ, બાક, સ્ટ્રૉસ, શુબર્ટ, વાગ્નર, શોપે, ચાઈકોસ્કી, બીથોવન જેવા સંગીતસમ્રાટોની રેકર્ડો હું આ પ્રમાણે સસ્તામાં મેળવી શક્યો—જેની કિંમત મુંબઈમાં પાંત્રીસથી ચાલીસ રૂપિયા જેટલી હોય છે!

હાલી કોન્સર્ટની શતાબ્દી નિમિત્તેના આ ખાસ પ્રોગ્રામો જોતાં હું ભાગ્યશાળી થયો તે બદલ મારે મિ. ગીલ્મનનો આભાર માનવો જોઈએ કારણકે એમણે જો ભારપૂર્વક ભલામણ ન કરી હોત તો હું કદાચ આ સુંદરમાં સુંદર તક ચૂકી ગયો પણ હોત. શતાબ્દી ઉત્સવના પંદરેક દિવસ પહેલાં હાલીના કલાકારો ચેકોસ્લોવેકિયાથી પાછા ફર્યા હતા અને તેમની કલા ઉપર ચેક જનતા કેવી આફરીન થઈ ગઈ હતી તેના હેવાલો છાપાંઓમાં આવ્યા હતા ત્યારે જ મિ. ગીલ્મનની ભલામણની યથાર્થતા સમજાઈ હતી અને પછી જાતે જ્યારે પ્રોગ્રામ જોયો ત્યારે તો પૂરેપૂરી ખાત્રી થઈ. આ બે કોન્સર્ટ ઉપરાંત લંડનમાં રોયલ ફેસ્ટિવલ હોલમાં લંડન સીમ્ફની ઓર્કેસ્ટ્રાનો પણ એક કોન્સર્ટ મેં જોયો હતો અને બીથો-

વનના મંત્રમુગ્ધ કરે તેવા દિવ્ય સંગીતમાં હું બે કલાક લુપ્ત થઇ ગયો હતો. વિલાયતની સંસ્કૃતિના ઊંડાણ આવા કોન્સર્ટોમાં હતા, અને નહિ કે પેલી પબો અને વસ્ત્રહરણ (સ્ટ્રીપટીઝ) માં રાચતી નાઇટ ક્લબોમાં.

સંગીત માટે જેમ માન્ચેસ્ટરના પીટર સ્કેવરમાં આવેલી 'હાલી કોન્સર્ટ સોસાયટી'નું સ્થાન મોખરે છે તેવી જ રીતે નૃત્યનાટિકા (બેલે) માટે લંડનના કોવેન્ટ ગાર્ડનમાં આવેલી 'ધી રોયલ બેલે'નું સ્થાન મોખરે ગણાય છે. આ રોયલ બેલે તરફથી ૧૯૫૮ના સપ્ટેમ્બર માસમાં માન્ચેસ્ટરના ઓપેરા હાઉસમાં બે અઠવાડિયાંનો કાર્યક્રમ રજૂ થવાનો હતો. આમાંનો એક કાર્યક્રમ ઉમદા સંગાથમાં જોવાનું સદ્‌ભાગ્ય મને સાંપડયું. એકવાર હું ઇમ્પીરિયલ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝના ડાયરટફ્સ ડીવિઝનના ચીફ કેમીસ્ટ અને વિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. થોમસ વીકરસ્ટાફના નિવાસસ્થાને ભોજન માટે ગયો હતો ત્યારે તેમણે મારા કુટુંબીઓના કેટલાક ફોટા જોયા હતા. તેમાંનો એક ફોટો ચિ. પ્રજ્ઞાનો હતો અને તે 'ફૂલડે ફૂલડે ફોરમ વરસે' નામના નૃત્યગીતના પ્રોગ્રામ વખતે સ્ટેજ ઉપર લેવાયેલો હતો. ડૉ. વિકરસ્ટાફને આ ફોટો યાદ રહી ગયો હતો તેથી સપ્ટેમ્બરમાં જ્યારે રોયલ બેલે માન્ચેસ્ટરમાં આવી ત્યારે તેમણે એક પ્રોગ્રામ બુક કરી દઇને મને તે જોવા આવવાનું નિમંત્રણ આપતાં કહ્યું હતું કે "તમારી પુત્રીનો પેલો ફોટો અને તમારો સંગીતપ્રેમ ધ્યાનમાં લઇને મેં આ પ્રોગ્રામ યોજ્યો છે." આ યોજના પ્રમાણે તા. ૨૫મી સપ્ટેમ્બરની સાંજે મને ડૉ. વીકરસ્ટાફ અને તેમનાં પત્નીની સોબતમાં રોયલ બેલેનો એક ઉમદા કાર્યક્રમ આગલી હરોળમાં બેસીને જોવા મળ્યો.

પાશ્ચાત્ય બેલે પણ આપણી હિંદી અને ગુજરાતી બેલેના જેવી જ ભાવવાહી હોય છે. તે જોતાં જોતાં આપણી લીટલ બેલે ટ્રુપના 'રામાયણ' અને 'પંચતંત્ર' તેમજ શ્રી અવિનાશ વ્યાસની નૃત્યનાટિકાઓ 'આમ્રપાલી', 'તાના રીરી' વગેરે યાદ આવવા લાગ્યાં. 'લેસ સીલ્ફાઇડસ' નામની એક નાનકડી બેલેમાં શ્વેત વસ્ત્રો સજ્જવેલી વનકન્યાઓ મુગ્ધા કુમારિકાઓના ભાવ દર્શાવતું નૃત્ય કરી ગઇ. ત્યારબાદ મુખ્ય નાટિકા 'ધી ફાયરબર્ડ' (જ્યોતપંખી) શરૂ થઇ. પડદો ખુલે છે ત્યારે ઘનઘોર રાત્રી છે. એકાએક સ્ટેજ ઉપર જ્યોતપંખી ચમકારા મારતું પ્રવેશે છે અને તેને પકડવા એક રાજકુમાર પાછળ પાછળ ભમે છે. એક વૃક્ષ ઉપર સુવર્ણફળ છે તે તોડવા પંખી મથી રહ્યું છે તેવામાં તો તે પેલા રાજકુમારના હાથમાં ઝડપાઇ જાય છે. રાજકુમાર તેની પાસેથી ફક્ત એક પીંછું જ માગે છે અને જ્યોતપંખી તે આપે છે એટલે રાજકુમાર તેને છોડી દે છે. અજવાળું થવા મોંડ છે ત્યારે રાજકુમાર એક કિલ્લાના દરવાજા આગળ આવી પહોંચે છે. અહીં એક રાજકુમારી તેની બાર સખીઓ સાથે નૃત્ય કરતી હોય છે. કુમાર અને કુમારી વચ્ચે તારામૈત્રક થાય છે!

રાજકુમારી રાજકુમારને અહીંથી ચાલ્યા જવાની વિનંતિ કરે છે કારણ કે આ કિલ્લામાં રહેનારો એક અમર જાદૂગર અહીંથી પસાર થતા સૌ કોઇને પથ્થર બનાવી દે છે! પણ હવે રાજકુમાર ખસે જ કેવી રીતે! તારામૈત્રક પણ થયું હતું અને ચુંબન પણ કરાઇ ચૂક્યું હતું. હવે ભલે પથ્થર થવાય તો પથ્થર પણ પ્રેમસીને તો છોડાય જ કેવી રીતે! સવાર પડી ચૂકી હતી અને જાદૂગરના કિલ્લાનો દરવાજો ખુલી ગયો હતો. જાદૂગર તેની ચુડેલો સાથે

બહાર ધસી આવ્યો અને રાજકુમારને પથ્થર બનાવી દેવા આગળ વધ્યો. પણ ખબરદાર! રાજકુમારે તો પેલા જ્યોતપંખીનું પીંછું જાદૂગરની સામે ફીંક્યું અને જાદૂગર ઉપર જ જાદૂ થઈ ગયો. તે અને તેની ડાકણો ખૂબ નાચવા મંડી ગયાં. એવા નાચ્યાં, એવા નાચ્યાં કે થાકીને લોથ થઈ ગયાં અને તમ્મર ખાઈને તૂટી પડ્યાં. રાજકુમારે જાદૂગરના આત્માવાળું એક ઈંડું તફડાવ્યું અને એવું તો પછાડ્યું કે અમર ગણાતો જાદૂગરનો આત્મા પણ ભાંગીને ભૂક્કો થઈ ગયો. તે જ ક્ષણે જાદૂગરે જેને પથ્થર રૂપે બંદી બનાવ્યાં હતાં તેવાં સંખ્યાબંધ નરનારીઓ સજીવન થઈ જાય છે અને રાજકુમારને આશીર્વાદ આપે છે. જ્યોતપંખી કુમારીનો હાથ કુમારના હાથમાં પરોવી આપે છે અને પછી ફુ થઈ જાય છે!

કથાનક પણ આપણી બેસે જેવું અને રજૂઆત પણ લગભગ તેવી જ હતી. વેશભૂષા, પાર્શ્વસંગીત અને સ્ટેજક્રાફ્ટ ઘણી ઊંચી કોટિનાં હતાં. સ્ટેજક્રાફ્ટની બાબતમાં પાશ્ચાત્ય દેશોએ ઘણી સારી પ્રગતિ કરી છે. તા. ૪ થી જૂન, ૧૯૫૮ની સાંજે આઈ. સી. આઈ.ના દિલ્હી વિભાગના સેલ્સ ખાતાના વડા શ્રી. જ્યોર્જ સ્ટોક્સ સાથે ઓપેરા હાઉસમાં 'સાર્જન્ટ કમ બેક' નામનું પ્રહસન જોવા હું ગયો હતો ત્યારે પ્રહસનના કથાનક કરતાં મને તેના સ્ટેજક્રાફ્ટમાં વધારે રસ પડ્યો હતો. કથાનક તો સામાન્ય કોટિનું હતું. અમેરિકન સૈનિકો દારૂ પીને કેવા પાગલ થઈ જતા હતા અને એરોપ્લેન કપ્તાને બદલે કયાં હંકી જઈને બખેડો કરતા હતા એ પ્રહસનનું કથાનક હતું. પરંતુ નાટકની સામાન્ય કદની સ્ટેજ ઉપર જાણે સાચેસાચ એરોપ્લેન ઊડતું હોય અને તે એરોપ્લેનમાં બેઠેલા આઠ સૈનિકો જે વાતો કરતા હોય તે સ્પષ્ટ રીતે આપણે સાંભળી તથા જોઈ શકીએ તેવી રચના ખરેખર અદ્ભુત હતી.

એરોપ્લેન ઊડવાનો અવાજ, તે તૂટી પડવાનો ધડાકો અને તેમાંથી પેરાશૂટ વડે ઊતરી પડતા સૈનિકો એ બધું જ સ્ટેજ ઉપર જ જોવા મળ્યું. વળી સ્ટેજ ઉપર દુકાનો, ઓફિસ, બાથરૂમ, લૉરી જેવી મોટી વસ્તુઓ પણ આબેહૂબ આકારના લાકડાનાં ખોખાંઓરૂપે આવજા કર્યા જ કરતી હતી. એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવાની ક્રિયા પણ સ્ટેજ ઉપર પૂરેપૂરી દેખાડવામાં આવતી હતી અને નહિ કે 'વિંગ'માં ચાલ્યા જઈને મન મનાવી લેવાનું કે બીજા ઓરડામાં ગયા! આપણાં નાટકોમાં હમણાં હમણાં એકાદ સોફાસેટ, ટેલિફોન, ડ્રેસિંગ ટેબલ અને એકાદ દારૂના સેટિંગ દેખાડવામાં આવે છે તે આ પાશ્ચાત્ય સજાવટની સરખામણીમાં તો સાવ પછાત જેવા લાગે. એ લોકો તો વાદળાં સુદ્ધાં સ્ટેજ ઉપર બનાવે છે અને વાદળાંમાંથી પસાર થતા વિમાનનો ઊડવાનો આબેહૂબ અવાજ તેમજ અંદર ચાલતા સંવાદો પ્રેક્ષકોને બરાબર સંભળાય તેવી કરામતો પણ સ્ટેજ ઉપર ખડી કરે છે.

બ્રિટનની સંખ્યાબંધ નાટ્યસંસ્થાઓમાં અગ્રસ્થાન ધરાવતી સંસ્થા મહાકવિ શેક્સપિયરના વતન સ્ટ્રેટફર્ડ-અપોન-એવોનમાં છે. એવોન નદીના કિનારા ઉપર એક ખૂબ જ આકર્ષક 'શેક્સપિયર મેમોરિયલ થિયેટર' બાંધેલું છે અને તેમાં શેક્સપિયરનાં નાટકોની 'સીઝન્સ' વખતોવખત રાખવામાં આવે છે. હું જ્યારે એવોન ગયો હતો ત્યારે 'સીઝન' ચાલુ નહોતી તેથી શેક્સપિયરનાં નાટકો જોવાનો લાભ ન મળ્યો. કેવળ થિયેટર, કવિની મૂર્તિ અને કવિનું નિવાસસ્થાન જોઈને જ સંતોષ માન્યો. થિયેટરનું મકાન ઘણું જ રમણીય છે અને તેની સમીપમાં વહેતી નહેર જેવી નદીના કિનારા ઉપર અનેક હંસલાઓ રમતા

હતા તે દૃશ્ય ભૂલાય તેવું નથી. મથુરાના વિશ્રામઘાટ ઉપર જેમ કાચબાઓ એકઠા થઈ જાય છે તેમ આવોનના આ ઘાટ ઉપર હંસલાઓ એકઠા થઇ જાય છે અને એકબીજાની ચાંચ સાથે ગેલ કરે છે.

સંગીત અને નાટકનું ધોરણ જેટલું ઊંચું છે તેટલું જ ઊંચું ધોરણ બ્રિટનની અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ છે. કોઈપણ મ્યુઝિયમ કે લાયબ્રેરીમાં જઈએ છીએ તો ત્યાં ખૂબ જ વૈવિધ્ય જોવા મળે છે અને તેનો લાભ લેનારાની સંખ્યા પણ મોટી હોય છે. માન્ચેસ્ટરની સેન્ટ્રલ લાયબ્રેરીમાં જ્યારે જઇએ ત્યારે ત્યાં જ્ઞાનપીપાસુઓની ઠઠ જામેલી જ હોય છે. ચાર માળના આ ગોળાકાર મકાનમાં પોણા બે લાખ પુસ્તકો ધીરવા માટે રાખેલાં છે અને બીજાં ચાર લાખ પુસ્તકો સંદર્ભગ્રંથો તરીકે રાખેલાં છે. દર મહિને અહીં બે હજાર માસિકો આવે છે. દરેક વિષયનું સાહિત્ય અહીં વાંચવા મળી શકે છે. વચમાં મોટો વાંચનખંડ છે તેમાં બેસીને તમે જાતે જ કબાટમાંથી ખેંચી લીધેલું પુસ્તક વાંચી શકો છો અને તે પુસ્તક વાંચીને તેની અસલ જગ્યાએ ગોઠવી દેવાને બદલે વાંચવાના ટેબલ ઉપર જ છોડીને ચાલ્યા જવાનો નિયમ છે કારણકે ખોટી જગ્યાએ ગોઠવાય તો અવ્યવસ્થા ફેલાય. બીજો વાંચનખંડ માસિકો માટેનો પણ છે. આ જ મકાનમાં ત્રણસો માણસ બેસી શકે તેવું એક 'લાયબ્રેરી થિયેટર' પણ છે અને તેમાં સામાન્ય થિયેટરોમાં કદાપિ જોવા ન મળે તેવી નાટ્યકૃતિઓ ભજવાતી જોવા મળે છે. માન્ચેસ્ટરમાં આઠ મોટી આર્ટ ગેલેરીઓ પણ છે. તેમાં ચિત્રો ઉપરાંત ફોટોગ્રાફો, શિલ્પ, ભરતકામ, ફર્નિચર, ઢીંગલીઓ વગેરે ભિન્ન ભિન્ન પ્રકારની કલાના હજારો નમૂનાઓ જોવા મળે છે. 'નવા કાળ'ના નમૂનાઓ માટે વખતોવખત પ્રદર્શનો પણ યોજાય છે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું એક ખૂબ ચેતનવંતુ સ્થળ છે તે માન્ચેસ્ટરનું 'વાય. એમ. સી.એ.' નામ જો કે છે 'યન્ગ મેન્સ ક્રિશ્ચિયન એસોસિયેશન' છતાં આમાં ક્રિશ્ચિયન અને યન્ગ શબ્દો નામનાં જ છે. કોઈપણ વ્યક્તિ આ સંસ્થાની સભાસદ થઇ શકે છે. પણ સભાસદ થવાની ફી જબરી ભારે છે. વીસથી ત્રીસ, ત્રીસથી પાંત્રીસ, પાંત્રીસથી ચાલીસ, ચાલીસથી પચાસ એમ વધતી જતી ઉંમરના પ્રમાણમાં, વીમાના પ્રીમિયમની જેમ, સભાસદ ફી પણ વધતી જ જાય છે. મેં મારા માટે પૂછી જોયું તો કમસેકમ વાર્ષિક ફી ૮૪ શિલિંગ થશે એમ જાણવા મળ્યું! છતાં આ સંસ્થા ખરેખર ઘણી સુંદર છે એમાં તો શંકા નથી જ. ત્રણ હજાર જેટલા તેના સભ્યો છે અને તે બધા આ સંસ્થાનો લાભ સારી રીતે ઉઠાવે છે. સંસ્થાના સેક્રેટરીએ ખાસ તકલીફ લઈને મને આખી સંસ્થામાં દોઢ કલાક ફેરવ્યો અને ઉપરથી ચા પણ પાઇ.

વાય. એમ. સી. એ.નું ચાર મજલાનું વિશાળ મકાન પિટર સ્કવેરમાં સેન્ટ્રલ લાયબ્રેરી અને મિડલેન્ડ હોટલની બાજુમાં જ આવેલું છે. નીચેના માળે મોટો લાઉંજ રૂમ છે: તેમાં એક ખૂણામાં 'ટેરેરિયા' છે અને બીજા ખૂણામાં 'શાંતિધામ' છે કે જ્યાં વાંચન-રસિયાઓ અને ચેસના ખેલાડીઓ મૂંગા મૂંગા તેમનું કામ કરી શકે છે. બાકીની વિશાળ લાઉંજ એક મોટા વેઇટિંગ રૂમ જેવી છે જેમાં લોકો ધૂમ્રપાન, મંદસ્વરે વાતો કે ખાલી આરામ કરવા બેસે છે. આવી જ મોટી લાઉંજ મેં સ્કોટલેન્ડની મુલાકાત વખતે

ગ્લાસ્ગોના વાય. એમ. સી. એ.માં પણ જોઈ હતી. ગ્લાસ્ગોમાં હું વાય. એમ. સી. એ.ની બસો રૂમવાળી મોટી હોસ્ટેલમાં જ ઊતર્યો હતો.

માન્ચેસ્ટરના વાય. એમ. સી. એ. તરફથી પણ ત્રણ મોટી હોસ્ટેલો ચાલે છે. એક તો પીટર સ્કવેરમાં આ મકાનની બાજુમાં જ છે; બીજી લંડન રોડ સ્ટેશનની પાસે છે પણ તેમાં ફક્ત સૈનિકોને જ રહેવા દેવામાં આવે છે; અને ત્રીજી થોડે દૂર ' મોન્ટગોમરી હાઉસ 'માં છે. મોન્ટગોમરી હાઉસની હોસ્ટેલમાં બસો ત્રીસ રૂમો છે અને રહેવા ખાવાનો ચાર્જ મહીને ફક્ત દસ જ પૌંડ જેટલો છે. આવું સસ્તું હોય તો આપણે પણ આ રાજભવન જેવા સ્થળે રહેવા શા માટે ન જવું એમ વિચાર કર્યો. પણ ત્યાંની રીસેપ્શનિસ્ટ સન્નારીએ જ્યારે ઠંડે પેટે જવાબ આપ્યો કે હાલ તો બધા રૂમો ભરેલા છે અને બીજાં અઢી વર્ષ સુધી બધા રૂમોનું બુકીંગ થઈ ગયેલું છે ત્યારે આપણે તો ઠંડાગાર થઈ ગયા ! આ સ્થળ તો એવું છે કે આગળ ઉપર આપણા કોઈ સંતાનોને અહીં ભણવા મોકલવાં હોય તો તેને માટે અત્યારથી જ રૂમ બુક કરાવી દઈએ તો ચાલે !

પીટર સ્કેવરના વાય. એમ. સી. એ. નો લાઉંજ રૂમ જોઈને ઉપર પહેલે માળે ચડ્યા તો ત્યાં એક મોટા ખંડમાં બીલિયર્ડ રમવાના આઠ મોટાં ટેબલો જોયાં. આ બધાં ટેબલો ઉપર રમત ચાલુ જ હતી. આ ટેબલ ઉપર ખૂબી એ હતી કે તેની ઉપરની બત્તી સળગાવવા બત્તીની સ્વીચ પાસેના એક સ્લોટમાં એક શિલિંગનો સિક્કો રમવા ઇચ્છનાર નાખે તો જ બત્તી થાય અને તે પાછી અડધા કલાક બાદ આપોઆપ બુઝાઈ જાય અને વળી પાછો એક શિલિંગ નાખવામાં આવે તો જ બત્તી ફરીથી સળગે ! આ સ્લોટ મશીનોની માયા તો ખરેખરી તાજુબ કરે તેવી છે ! ભારી સભાસદ ફી ભરીને પણ પાછો આ બધો ખર્ચ તો રોજનો રોજ કરવાનો જ ! બીજે માળે આ જ પ્રમાણે એક વિશાળ ખંડમાં ટેબલ ટેનીસ રમવાનાં સંખ્યાબંધ ટેબલો છે.

ત્રીજે માળે એક મોટો અખાડો (જીમ્નેશિયમ) છે જેમાં દરેક પ્રકારનો વ્યાયામ કરવાની સગવડો છે. બાસ્કેટ બોલ, વોલીબોલ, બોક્સીંગ, જૂડો ફેન્સીંગ અને કુસ્તીની રમતો અહીં ચાલુ જ રમાયાં કરે છે. તે ઉપરાંત પટાબાજી, મગદળ, વેઈટ લિફ્ટીંગ વગેરે રમતોની પણ અહીં સગવડ છે.

ખરેખરું આશ્ચર્ય તો ચોથા માળે જોયું. આપણી તો કલ્પનામાં પણ ન આવે તેવી આ વાત છે. સાગર અને સરિતા, સરોવર અને સ્વીમિંગપુલમાં તરનારાં તો આપણે હજારો નરનારીઓને જોયેલાં છે પરંતુ તે બધાંને જમીનની સપાટીએ અને ઠંડા જળમાં સામાન્ય સ્વરૂપે તરતાં જોયાં છે, જ્યારે માન્ચેસ્ટરના ' વાય. એમ. સી. એ. ' માં તો તરવાની વ્યવસ્થા જોનારને છક કરી નાખે તેવી છે. એક તો આ સંસ્થાનો સ્વીમિંગ પુલ મકાનના ચોથા માળે આવેલો છે એ હકીકત જ તાજુબ કરી નાખે તેવી છે. અને આ સ્વીમિંગ પુલ પણ કંઈ નાનકડા હોજ જેવો નથી. ખાસ્સો મોટો છે અને આરસપહાણથી મઢેલો છે. બીજું તેમાં ભરેલું નીતર્યું પાણી કેવું છે ! ગરમાગરમ ! જી, હા, આટલો મોટો સ્વીમિંગ પુલ પણ સ્ટીમથી ગરમ રાખવામાં આવે છે કારણ કે નહિ તો વિલાયતની કડકની ઠંડીમાં માણસો તરી શકે જ કેવી રીતે !

ગરમ સ્વીમિંગ પુલ અને તે પણ મકાનના ચોથા માળે ! આશ્ચર્ય અહીંથી જ અટકતું નથી—ખરું આશ્ચર્ય તો હવે આવે છે ! આમાં કેવી જાતનો સ્વીમિંગ સુટ પહેરીને બધા તરતા હશે વારુ ? કરો કલ્પના !—જે સ્વીમિંગ સુટ પહેરીને બધા જન્મે છે તે જ સ્વીમિંગ સુટ પહેરીને ભલભલા આમાં તરવા પડે છે !! કારણકે બીજી કોઈ પણ જાતનો સ્વીમિંગ સુટ પહેરવાની અહીં મનાઈ છે ! હું તો આ જોઈને સ્તબ્ધ જ થઈ ગયો ! આ શું ? આટલા બધા પંદર વીસ માણસો તરે છે અને બધા સાવ જ નાગા ! કાબારેટની કલાસુંદરીઓ પણ થોડીક મર્યાદા તો જાળવે છે—ફૂમતાં જેવી નાની 'જીસ્ટ્રીંગ' કમરે બાંધે છે; જ્યારે આ તો પુરુષો-સદ્‌ગૃહસ્થો-આ પ્રમાણે કેમ સંપૂર્ણ દિગંબર સ્વરૂપે તરવા પડયા છે ?

કારણ પૂછ્યું તો કહે છે કે અહીંયા સ્ત્રીઓ ક્યાં આવવાની છે કે કપડાં પહેરવાની જરૂર પડે ! આ તો સદંતર પુરુષોની જ સંસ્થા છે ! મેં પૂછ્યું કે યન્ગ વીમેન્સ ક્રિશ્ચિયન એસોસિયેશન (વાય. ડબલ્યુ. સી. એ.)માં પણ આ મુજબ જ મામલો છે કે શું ? તો કહે છે કે હા ! બાજુના મકાનમાં સ્ત્રીઓનો પણ આ મુજબનો જ સ્વીમિંગ પુલ છે ! વાહ, ભાઈ, વાહ ! આ તો ઉપરાછાપરી આશ્ચર્યોની દુનિયામાં જાણે આવી પડયા ! પણ ત્યારે તમે અહીં ડાન્સનો પ્રોગ્રામ કેવી રીતે રાખો છો ? તો કહે છે કે ફક્ત ડાન્સ પૂરતાં જ સ્ત્રી-પુરુષો અહીં ભેગાં થાય છે, બાકી સૌ કોઈ પોતપોતાની સંસ્થામાં જ ખેલે કૂદે છે ! ખાત્રી રાખજો કે ડાન્સ કરતી વખતે તો સ્ત્રીઓ અને પુરુષો કપડાં પહેરીને જ આવે છે !

સ્વીમિંગ પુલમાં પડતાં પહેલાં દરેક જણને માટે બાજુના ખંડમાં ગરમ 'શાવર' નીચે નગ્નસ્નાન કરવાનું પણ ફરજિયાત છે. આ ખંડમાં હું ગયો તો ત્યાં પણ નવું જ દૃશ્ય જોવા મળ્યું. સંખ્યાબંધ ફુવારાઓની નીચે સૌ કોઈ મસ્ત રીતે નાગા બાવાની જેમ સ્નાન કરતું હતું. આ પ્રમાણે આખું અંગ શુદ્ધ કરીને જ તરવાના હોજમાં પડવા દેવામાં આવે છે કે જેથી તરવાના પાણીમાં કોઈ પણ જાતના ચેપી રોગના જંતુ જવા ન પામે. જો ચડ્ડી પહેરીને પડવા દેવામાં આવે તો ગુપ્ત રોગવાળો કોઈ છૂપો રુસ્તમ ઘૂસી જાય અને રોગ ફેલાવતો જાય. નગ્નસ્નાનનું ખરું રહસ્ય તો આ છે ! બાકી સ્ત્રીઓની ગેર-હાજરીમાં પણ પુરુષોને એક બીજાની સમક્ષ સાવ દિગંબર થવું તો નથી જ ગમતું ! પણ ધીમે ધીમે સભ્યો આ કસરતથી પણ ટેવાઈ જાય છે અને શરમ કે સંકોચ અનુભવતા નથી. કુંભમેળાના નાગા બાવાઓ વિશે તો છાપામાં જ વાંચ્યું હતું પણ માન્ચેસ્ટરમાં તો નજરો-નજર પશ્ચિમના આ નાગાબાવાઓને ગંગાસ્નાન કરતાં નિહાળવા મળ્યા !

બંધિયાર રમતો અને વ્યાયામો ઉપરાંત વાય. એમ. સી. એ. તરફથી ખુલ્લી હવાની રમતોની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી છે. ક્રિકેટ, હોકી, ટેનીસ, ઘોડેસ્વારી, પોલો, સોકર વગેરે રમતોનો લાભ સભ્યો સારી સંખ્યામાં લે છે. તે ઉપરાંત આ સંસ્થાની પોતાની એક સીમ્ફની ઓરકેસ્ટ્રા અને ગાયકવૃંદ છે તેમ જ એમેચ્યોર થિયેટ્રિકલ કંપની છે કે જે શેક્સપિયરનાં નાટકો ભજવવા માટે જાણીતી છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, કલા, વિજ્ઞાન, સાહિત્ય વગેરે વિષયો ઉપર ભાષણો અને ચર્ચાઓ પણ આ સંસ્થા ગોઠવે છે. આવી બધી પ્રવૃત્તિઓને લીધે સભ્યોનો સાંસ્કૃતિક વિકાસ ઘણો સુંદર રીતે થાય છે અને તેની અસર

આસપાસના સમાજમાં પણ પડ્યા વગર રહેતી નથી. વાય. એમ. સી. એ. અને વાય. ડબલ્યુ. સી એ. ની શાખાઓ આખા દેશમાં ઠેર ઠેર છે અને તે બધી આખા દેશના સાંસ્કૃતિક જીવનમાં મહત્ત્વનો ફાળો આપે છે. હકીકતમાં તો વાય. એમ. સી. એ. એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા જ છે કે જેની શાખાઓ અને પ્રવૃત્તિઓ જગતના ઘણા દેશોમાં ચાલે છે—ભારતમાં પણ છે જ.


બ્રિટિશ જનતાના જીવનમાં જે ઉચ્ચ સાંસ્કૃતિક મૂલ્યો સદીઓથી વણાઇ ગયેલાં છે તે "વગર મટીરિયાલિઝમ" કે "ડાયાલેક્ટિકલ મટીરિયાલિઝમ"ની નવી હવાથી એકદમ ભૂંસાઈ જાય તેમ નથી કારણ કે એકંદરે જોતાં તો બ્રિટિશ પ્રજા બીજી સૌ કોઈ પ્રજા કરતાં વધારે સ્થિતિચુસ્ત દેખાય છે. સારી તેમજ નરસી બધી જ પ્રણાલિકાઓ અને રૂઢિઓ સાચવી રાખનારો સમૂહ ત્યાં ઘણો જ મોટો છે તેથી ત્યાં કોઈ પણ બાબતમાં એકાએક ક્રાન્તિકારી પલટો આવવાની તો શકયતા જ નથી. રવિવારે સવારે ચર્ચ તરફ સૌ કોઈનાં પગલાં દોટ મૂકવાનાં જ, જમતી વખતે 'ટેબલ મેનર્સ' પૂરેપૂરી પાળવાના જ, પરિચયવિધિ વિના વાતચીતનો સંબંધ નહિ જ બાંધવાનો, ભલે દુનિયાના બધા દેશોનું તંત્ર પ્રજાસત્તાક બને પણ બ્રિટિશ પ્રજાના હૃદયમાં તેમના રાજવી માટે જે ભક્તિ છે તે તો કદાપિ નહિ જ ચળવાની!

આ વિશે રમૂજમાં એમ કહેવાય છે કે છેલ્લે જગતમાં પાંચ રાજાઓ તો અમર રહેવાના જ : લાલનો, ચોકટનો, કાળીનો, ફુલ્લીનો અને બ્રિટનનો! મુઠ્ઠીભર બ્રિટિશ સામ્યવાદીઓ કહે છે કે જ્યારે તેઓ સત્તાસ્થાને આવશે ત્યારે આ ભલી સન્નારી 'હર મેજેસ્ટી'ને તેના હાલના કંટાળાજનક નિત્યક્રમમાંથી 'મુક્ત' કરીને તેઓ તેને લાયકની ખૂબ ઉપયોગી દેશસેવાની કામગીરી આપશે! પણ વો દિન કહાં કે મિયાં કે પાંવમેં જુતિયાં! અમેરિકા સમેત આખું જગત સામ્યવાદી બનવાની વાત કદાચ માની શકો પણ બ્રિટન અને તે પણ સામ્યવાદી! સૂર્ય પશ્ચિમમાં ઉગે તો પણ એ તો સંભવિત નથી જ! અરે હજી તો ત્યાં સામ્રાજ્યવાદીઓની સંખ્યા પણ લાખોની છે. આ વાતનું ભાન તો મને ત્યાં અલ્જેરિયા અને સાઈપ્રસના સ્વાતંત્ર્યની ચર્ચા કરતી વખતે થયું. સાઈપ્રસ તાબડતોબ સ્વતંત્ર થવું જોઈએ એવું કહેનારો એક પણ હરિનો લાલ મને ત્યાં મળ્યો નહિ—જુવાન વર્ગમાં સુદ્ધાં! પણ હવે તો સાઈપ્રસ પણ સ્વતંત્ર થઈ ગયું છે એટલે એ વાત પણ પુરાણી થઈ ગઈ કહેવાય. છતાં એક વાત તો નિશ્ચિત છે કે સંસ્થાનો ભલે એક પછી એક સ્વતંત્ર થતા જાય અને પ્રજાસત્તાક બને પણ બ્રિટનનો પોતાનો "વંદે માતરમ્" સમો મંત્ર તો એક જ રહેશે—"ગોડ સેવ ધી ક્વીન!"

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન,
કાન્તિ ગાંધીના
જયહિંદ

★



વર્ષ ૩૬
અંક ૩

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



માંગલિક પ્રસંગે ભેટ તરીકે
GOVERNMENT OF INDIA
GIFT COUPON
FIVE RUPEES
With all good wishes
પ્રાઈઝ બોન્ડ
કે
ભેટ કુપન
આપો,
કોઈ પણ પોસ્ટ ઓફિસેથી મળી શકે છે

॥ પ્રસ્થાન ॥

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૧ ૨૦૧૭ : પોષ અંક : ૩

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ કોંગ્રેસ અને ભપકા
૨ રાષ્ટ્રપ્રમુખની બંધારણીય સત્તા
૩ કોંગ્રેસમાં વ્યાપક આંતરકલહો શાથી?
૪ ગુજરાતમાં આંતરકલહ નથી?

પ્રશ્ન : 'પ્રબુદ્ધ જીવન'માં એક ભાઈએ કોંગ્રેસના અધિવેશન અંગે જે લખલૂટ ખર્ચ થાય છે અને થવાનો છે એ અંગે વિવેચન કર્યું છે. તે તમે વાંચ્યું?

ઉત્તર : હા. મારા વિચારો એમાં જરા જુદી જાતના છે. પણ એ કહું એ પહેલાં આવાં વિવેચનો થવાનું એક મુખ્ય કારણ કહું. કોંગ્રેસના આજના મોવડીઓ હરહંમેશ ગાંધીજીની અદાથી સાદગી અને કરકસરનાં પ્રવચનોનો પ્રવાહ રેલાવતા જ રહે છે અને પછી એમને જ્યારે કંઈ કરવાનું હોય છે ત્યારે, કરકસર અને સાદગી બન્ને વિસારે પડી જાય છે. ટીકા થવાનું આ મુખ્ય કારણ છે. પણ આ તો એક સામાન્ય રોગનો વિશિષ્ટ પ્રકાર છે. ગાંધીજીના સમયથી રાજકારણીઓને પ્રજાના શિક્ષક અને ઉપદેશક થવાની એક આદત પડી ગઈ છે! અને ગાંધીજી જેમ ઉપદેશ આપ્યા પહેલાં એ પોતે અમલમાં મૂકતા એવું એમનાથી બનતું નથી, છતાં બીજો ભાગ—એટલે કે ઉપદેશ આપવાનો ભાગ—તેઓ જોરશોરથી ભજવે છે. અને તે આ કરકસર અને સાદગી પૂરતું જ નથી. સત્ય અને અહિંસા, સેવા અને સ્વાર્થત્યાગ, જાહેર જીવનમાં ઊંચાં ધોરણો, જ્ઞાતિ અને આપાકીય તત્ત્વોને રાજકારણમાં ન લાવવાં, વગેરે વગેરે અનેક વિષયો ઉપર પ્રવચનોનો ધોધ પડ્યા જ કરતો હોય છે! છતાં એ પ્રવચનનાં ઉચ્ચારો ચાલતાં હોય છે, લખાતાં હોય છે એ વખતે જ એનાથી વિરુદ્ધ વર્તનોની તજવીજો તેમનાથી ચાલતી જ હોય છે. એટલે, લોકોને આઘાત આ ઉપદેશ અને આચાર વચ્ચેના વિરોધથી થાય છે. દુનિયાભરના રાજકારણીઓ જે કામ ધર્મોપદેશકો, શિક્ષકો અને વિચારકો માટે રાખે છે તે કામ આપણા દેશના રાજકારણીઓ પોતાને માથે લઈ લેવાની ફરજ સમજે છે. એનાથી જ આ ટીકાઓનો માર એમને સહન કરવાની ફરજ પડે છે! અલબત્ત, એ સહન કરવાની શક્તિ એમણે સારી રીતે ખીલવી છે. ટૂંકામાં, પેલું સંસ્કૃત સૂત્ર "परोपदेशे पाण्डित्यं सर्वदा सुकरं नृणाम्" એ સુકરતાનો ભોગ—સહેલાઈથી થઈ શકે એ કરવાની લાલસાનો ભોગ—તેઓ બને છે. એટલે આવી ટીકા કરવાનું ગમે તેને પણ સૂઝે.

બાકી તો, મારા જેવા ઉત્સવપ્રિય લોકોને તો એમાં કશું ટીકા કરવા જેવું લાગતું નથી. આપણે ગયે વખતે જે વાતચીત કરી તેમાં ક્યારે અને શા અર્થે ઉત્સવો યોગ્ય સ્થાને છે તેનો

નિર્દેશ કર્યો હતો. એ દૃષ્ટિએ કોંગ્રેસના અધિવેશન વખતે આનંદ ઉત્સવ ઉલ્લાસનું વાતાવરણ સર્જાય એ માટે જે કાંઈ ખર્ચ થાય તે યથાસ્થાને જ છે. આવે પ્રસંગે કલા કારીગીરી વગેરેને અવકાશ ન મળે તો શું ધનિકોના, મધ્યમ ધનિકોના, અધમ ધનિકોના, પૈસા વિનાના પણ ધનિકોની અદા રાખતા ને ઘેર છોકરા–છોકરી પરણે કે બાપા–બેઓની વરસગાંઠ આવે કે ઘરનાં વાસ્તાં થાય, કે પત્તાં રમતી કલબોના પચીસ–પચાસ વર્ષ પૂરાં થાય ત્યારે જ શું ભભકો કરાય? મને યાદ છે કે જ્યારે ૧૯૨૧માં અમદાવાદમાં કોંગ્રેસ ભરાઈ ત્યારે ગાંધીજીએ પોતે જ દેશની ઉત્તમ કલા કારીગીરીનું પણ એ વખતે દર્શન થાય એવી સૂચના કરી હતી. એમને મન એ રાષ્ટ્રીય મેળો હતો અને તે સમયે દેશના જુદા જુદા ભાગોમાંથી વિવિધ પ્રકારનાં માણસો આવે તેમને રાજકારણ ઉપરાંત દેશના સંસ્કારનું પણ દર્શન થાય એ જરૂરનું લાગતું. એ વખતે દેશના સારા સારા સંગીતકારોને પણ બોલાવવાની તજવીજ થઈ હતી એવું કાંઈક મને સ્મરણ છે. એટલે, અત્યારે જ્યારે, ગુજરાતને આંગણે કોંગ્રેસનું અધિવેશન ભરાય છે ત્યારે ગુજરાતે પૂરા ભભકાથી એ ભરવું જોઈએ એમ મારા જેવાને તો લાગે. કોંગ્રેસનો જૂનો મહિમા ભલે આજે ન હોય, તો પણ હજી યે દેશનો એ મોટામાં મોટો સાર્વજનિક મેળો છે એમાં શંકા નથી. એવે પ્રસંગે ઉત્સવનું વાતાવરણ હોય અને એ ઉત્સવને કલાસૌંદર્યયુક્ત કરવા પ્રયત્ન થાય, સંસ્કૃતિપોષક મંડપો પ્રદર્શનો ઇત્યાદિ થાય,—થવાં જ જોઈએ. દેશને એક સ્થળે જુદા જુદા પ્રદેશના આટલી મોટી સંખ્યામાં માણસો ભેગાં થાય એવું નામ હું તો તીર્થ કહું છું. એટલે 'અપવ્યય ન થાય' એ ઉપર નજર રાખી, આવે પ્રસંગે ખર્ચની દૃષ્ટિથી બહુ વિચાર ન કરવો જોઈએ એમ હું માનું છું.

* * *

પ્રશ્ન : રાષ્ટ્રપ્રમુખની બંધારણીય સત્તા વિશે જે ચર્ચા ચાલે છે તે વાંચો છો?

ઉત્તર : હા. રાષ્ટ્રપતિએ પોતે જ એ મુદ્દાને ચર્ચાના વિષય તરીકે મૂક્યો અને એની ચર્ચા કરવા પ્રોત્સાહન આપ્યું એ બાબત પોતેજ વિચાર કરતા કરી દે એવી છે. બંધારણ ઘડાતું હતું ત્યારે રાજેન્દ્રબાબુ એ પરિષદના પ્રમુખ હતા અને એના ઘડવૈયાઓમાંના એક ગણાય એવું એમનું સ્થાન હતું. એટલે એમણે આ પ્રશ્ન કેમ ઉપસ્થિત કર્યો એ બાબત જ આપણને વિચારમાં નાખી દે એવી છે. છાપાંઓમાં અનેક અટકળો થઈ છે અને એવી અટકળો થાય એમાં કોઈનો વાંક પણ ન કઢાય. ભારતના રાષ્ટ્રપ્રમુખ એ અમેરિકાના પ્રેસિડન્ટ જેવો સત્તાધારી નથી એ તો સુવિદિત છે, પણ એ ઇંગ્લાંડના રાજા જેવો બિનસત્તાધારી પણ નથી એ જોઈએ તેટલું સુવિદિત નથી. પણ આ ચર્ચામાંથી આપણને એક નવો વિચાર આવે—વડા પ્રધાનને અને એમના પ્રધાનમંડળને જ જો કુલ સત્તા હોય તો રાષ્ટ્રપ્રમુખ જેવું મોંઘું શોભાસ્થાન આપણને પોસાય! કોંગ્રેસે જ્યારે સત્તા સ્વીકારી ત્યારે તેમાં જે આખી રાષ્ટ્રીયતા હતી તે હવે છે? એ ક્રમેક્રમે પક્ષીય સત્તાના સ્થાન ઉપર ઊતરતી જતી નથી? અને એ પક્ષીય સત્તા કાયમ રાખવા રાષ્ટ્રના આખા હિતનાં કામોમાં ઉપેક્ષા કરતી નથી? બીજા પક્ષો અને મતો આગળ ન વધે તે માટે એ ફક્ત નૈતિક પગલાં જ ભરે છે? રાષ્ટ્રના ઉદ્ધાર અને વિકાસનાં એવાં ઘણાં સ્થાનો અને કાર્યો નથી કે જે પક્ષના સ્વાર્થથી પર હોય! અને એવાં રાષ્ટ્રનાં આખાં કામો અને સ્થાનો પરત્વે રાષ્ટ્રપ્રમુખને બીજી રીતે વર્તવાની અને પ્રધાનમંડળને વર્તાવવાની સત્તા ન હોવી જોઈએ? બહુમતીના નિર્ણયો તે તે અખિલ હિતનાં કાર્યોને લાભદાયક હોય છે એમ તો ડેમોક્રસીના અઠંગ ઉપાસકો હવે કહેતા નથી. એટલા માટે તો તેઓ કેટલાંક ક્ષેત્રોમાં બહુમતીને બાજુ પર

સાંખી રાષ્ટ્રહિતના તે તે કાર્યમાં યોગ્ય કરનારું સત્તાસ્થાન બહુમતીના માથે સાચવી રાખે છે. ઉ. ત., બે કે ત્રણ વર્ષ પહેલાં એમ વાંચેલું કે કોંગ્રેસની એ. આઈ. સી. સી.એ એવું સૂચન કે ઠરાવ કર્યો છે કે રાજકારણને શિક્ષણ આદિનાં ક્ષેત્રોમાં દાખલ થવા ન દેવું. આજે યુનિવર્સિટીઓનાં બંધારણો એવાં છે કે જેમાં સત્તાધારી પક્ષની બહુમતી આપોઆપ આવી જાય છે. અને તેથી તેઓ એ બહુમતી દ્વારા પોતે ધારેલાં માણસોને એ યુનિવર્સિટીનાં સત્તાસ્થાનો ઉપર બેસાડી શકે છે. આનો લાભ ગુજરાત યુનિવર્સિટીને છેલ્લાં ત્રણ વર્ષોમાં સારી રીતે મળ્યો છે—જો કે, કોઈ એમ પણ કહે કે આ રાજકીય ડખલનો લાભ—તો ગુજરાત યુનિવર્સિટીને એના આરંભથી જ મળતો રહ્યો છે. પણ એમાં ખૂબી તો એ છે કે એક બાજુએ એ. આઈ. સી. સી.નું તટસ્થ રહેવાનું ઉચ્ચારણ શમ્યું હોતું નથી ત્યાં જ, અને તે વખતે જ, એના મોવડીઓ આવી ડખલ કરવાની પેરવાઈ કરી રહ્યા હોય છે. આમાં રહસ્ય એવું જણાય છે કે જ્યારે કોંગ્રેસ એમ કહે કે રાજકીય ડખલ ન હોવી જોઈએ ત્યારે એનો અર્થ પોતા સિવાયના બીજા રાજકીય પક્ષોની એમાં ડખલ ન હોવી જોઈએ! કારણ કે પોતે પોતાને રાજકીય નહિ પણ રાષ્ટ્રીય હજી માને છે. આ એમની માન્યતાને ૧૯૪૭ સુધી ઝીણાસાહેબના વિરોધ છતાં સમર્થન મોટા પ્રમાણમાં હતું. પણ ક્રમેક્રમે એ સમર્થન જતું રહ્યું છે અને હવે તો દેશ કોંગ્રેસને પણ એક રાજકીય પક્ષ જ ગણે છે અને હકીકતમાં કોંગ્રેસનું વર્તન પણ એવું છે. બીજા પક્ષોની વિચારસરણી કે વિશિષ્ટ વ્યક્તિઓનો સમન્વય કરવાનું એવું પહેલાંનું લક્ષણ હવે તદ્દન જતું રહ્યું છે. એટલે અત્યારે રાષ્ટ્રપ્રમુખ અને રાજ્યપાલોને અમુક ક્ષેત્રોમાં જરૂર એવી સત્તા હોવી જોઈએ કે જ્યાં બહુમતીની ડખલને તેઓ રોકી શકે અથવા તો એનાં દુષ્પરિણામોથી એને બચાવી શકે.

શિક્ષણ અને યુનિવર્સિટી એ આવું એક ક્ષેત્ર છે. એ ઉપરાંત લઘુમતીઓના પણ એવા અનેક પ્રશ્નો છે કે જેના ઉપર બહુમતીનો કોરડો વિંઝાતો અટકાવવાની સત્તા રાષ્ટ્રપ્રમુખને અને રાજ્યપાલોને હોવી જોઈએ. અલબત્ત, એઓ આનો હંમેશાં સદુપયોગ જ કરશે એવી તો ખાત્રી હોતી નથી. એમની નિમણૂંક પણ બહુમતીની મહેરબાની પર આધાર રાખતી હોય છે એટલે એમનું વલણ પણ એને જ ખુશ રાખવાનું રહે અને એ કારણથી જ કદાચ રાષ્ટ્રપ્રમુખને અને રાજ્યપાલોને થોડીક અબાધિત સત્તા આપવામાં એમને વાંધો ન હોય. જો કે, અત્યારે બહુમતીવાળો સત્તાધારી પક્ષ એવો અને એટલો ભયભીત છે અને એટલો આંતરકલહવાળો છે કે આવી કશી તટસ્થતા કે નિષ્પક્ષતા તે સાંખી શકે નહિ. જૂના જમાનાના મોગલ શહેનશાહો જેમ એમના પોતાના ફરજંદોથી પણ બીતા અને સાવધ રહેતા અને નવા જમાનાના ડિક્ટેટરોને પોતાના સાગરિતોથી સાવધ રહેવું પડે છે તેમ, રખેને સત્તા છૂટી જાય એવા ભયમાં પડેલો બહુમતી પક્ષ પણ એ શહેનશાહો અને ડિક્ટેટરોની દશામાં આવી પડ્યો છે. અને ઇતિહાસનો બોધ જેમ કોઈ શહેનશાહો કે ડિક્ટેટરો લેતા નથી તેમ, લાંબા વખતની સત્તાનો ભોગી બહુમતીપક્ષ પણ લઈ શકે નહિ. અને એમને એ પણ ન સૂઝે કે જે શહેનશાહ કે ડિક્ટેટરને સૂઝતું નથી કે એકહથ્થુ સત્તા આંતરકલહ ઊભો કરે છે અને ફેલાવે છે, પ્રજાની પ્રીતિ ગુમાવે છે અને પરિણામે અણધારેલા વિનાશની સ્થિતિમાં લાવી મૂકે છે. ડેમોક્રસીની સાર્થકતા જ એમાં છે કે બહુમતી એ લઘુમતીના વિચારો, ભાવનાઓ અને હિતો સમજે, મતભેદની કલેશની તીવ્રતાનું રૂપ પોતે લેવા ન દે. અને સત્તાનો અમલ કરવામાં પોતે જે મુશ્કેલીઓ અનુભવતા હોય તેનો અનુભવ

અમુક સમયના ગાળે બીજા પક્ષોને પણ અનુસરવા દઈ પોતે વિરોધપક્ષની કંઈક બિન-જવાબદાર એવી મુક્તતામાં રહેવાની હિંમત કરે.

પણ આ તો બીજી વાત થઈ! રાષ્ટ્રપ્રમુખ અને રાજ્યપાલોને જો કોઈ પણ બાબતમાં પોતાને યોગ્ય અને હિતાવહ લાગે એવી રીતે વર્તવાની સ્વાયત્તતા—પ્રધાનમંડળની ઉપરવટ થઈ વર્તવાની સ્વાયત્તતા—ન હોય તો પ્રજાને માથે એવાં સ્થાનોનો ખર્ચ અને આડંબર રાખવો નિરર્થક છે. બિનસત્તાધારી એવો ઈંગ્લાંડનો રાજા અને બહુસત્તાધારી એવો અમેરિકાનો પ્રેસિડન્ટ—એ બેની વચમાં આવે એવું સત્તાનું સ્થાન રાષ્ટ્રપ્રમુખને અને રાજ્યપાલોને હોવું જોઈએ, એવું રાજેન્દ્રબાબુને રાષ્ટ્રપ્રમુખ તરીકે પ્રધાનમંડળ સાથેના પોતાના લાંબા અનુભવથી લાગ્યું હોય અને એટલા માટે એમણે આ મુદ્દાને વિચારણા માટે મૂક્યો હોય, અને એ વિચારણા કરવા બંધારણપંડિતોને પ્રેર્યા હોય—ઉશ્કેર્યા હોય તો નવાઈ નહિ.

મારી પોતાની તો આવી કંઈક અટકળ છે.

* * *

પ્રશ્ન : કૉંગ્રેસમાં આટલા વ્યાપક આંતરકલહોનું શું કારણ?

ઉત્તર : સેવાની અહમહમિકા કે સ્પર્ધાના કારણથી તો આ કલેશ નથી. અથવા સત્યનિષ્ઠાથી પ્રેરાયેલા મતભેદોના કારણે પણ આ કલેશ નથી. પણ ખુરસીઓ થોડી છે અને એમાં બેસી જવા ઇચ્છતા ઘણા છે. એ દોડાદોડીમાં જે પહેલા બેસી ગયા તેમને ગમે તે કારણે પાછળ રહી ગયેલા ઉઠાડવા મથે છે અને પહેલા બેઠેલા ખુરસી ઉથલી જાય નહીં ત્યાં સુધી ખસવા તૈયાર નથી એનું આ પરિણામ છે. સત્તા એવી મદિરા છે કે જેનું સૌને આકર્ષણ હોય છે, એ એવો કાંટાળો મુગટ છે કે જે બધા પહેરવા ઇચ્છે છે. એટલે કેવળ સત્તાની લાલસા પણ કલહો ઊભા કરવા બસ છે. પણ એટલું જ નથી, એ સત્તામાં પોતાની, પોતાનાં સંબંધીઓની, નાતીલાઓની, મિત્રોની, વગેરેની લાગવગમાં અને ધનદોલતમાં વૃદ્ધિ કરવાનું પણ સાધન છે. આપણી વાતચીતમાં અનેક વાર નિર્દેશ કર્યો છે કે આજે હવે મહિમા ફક્ત રાજકીય સત્તાનો જ રહ્યો છે. એટલે સત્તાધારી પક્ષમાં આંતરકલહો કેમ થાય છે એનું આ કારણ તો વ્યવહારુ માણસને તુરત સમજાય એવું છે.

પ્રશ્ન : તો તો પછી આ પક્ષ વિચાર અને ભાવના ઉપર બંધાયેલો ન કહેવાય!

હોઈએ તો પણ, અરે આપણે છૂપા કોમવાદી હોઈએ, સનાતની હોઈએ, અસ્પૃશ્યતાને ધર્મ માનતા હોઈએ તોપણ, આપણે જો સત્તા ઉપર કે તેના વર્તુળમાં રહેવું હોય તો કોંગ્રેસના પક્ષમાં જ રહેવું જોઈએ. આપણે કોંગ્રેસપક્ષની કચેરીમાં જતા-આવતા હોઈએ તો આપણી વકીલાત સારી ચાલે, આપણો દાક્તરી ધંધો સારો ન ચાલે તો દવાખાનાંઓમાં સારા અધિકારો મળે, વેપારી હોઈએ તો મોટા કોન્ટ્રાક્ટો મળે, આપણા છોકરા-છોકરીનાં લગ્નમાં ગવર્નરો, પ્રધાનો, મિલમાલિકો વગેરે પધારે અને છાપાંમાં એના ફોટા આવે—આવા નાનામોટા અનેક લાભો હોય ત્યારે આપણા વિચારો અને ભાવનાઓ ગમે તે હોય તોપણ આપણને કોંગ્રેસમાં રહેવાથી જ લાભ છે એ તો દીવા જેવું છે.

આમ કોંગ્રેસપક્ષ આજે જવાહરલાલ અને એવા થોડા બીજા મહાનુભાવોના મહિમાથી મહિમાવાળો ચાલુ રહેલો હોય તો પછી એમાંથી છૂટા પડવાનું તો હોય જ નહીં. પછી બાકી રહ્યું તે કામ એમાં રહીને આપણાં વર્તુલો જમાવવાં, એ વર્તુલોને આગળ કરવાં, અને પોતાના પક્ષમાં રહીને જ પ્રધાનમંડળો બદલાવવાં—કે જે સામાન્ય રાજકીય પરિસ્થિતિમાં બીજા પક્ષો દ્વારા બદલાતા હોય છે. પણ આપણે ત્યાં એક જ પક્ષ રહ્યો અને પ્રધાનમંડળ બદલાવવાં એ રાજકીય કુદરતનો નિયમ હોવાથી એક જ પક્ષમાં આ પ્રમાણે પલટા થયા કરે. આપણે બહુ રાજકીય પક્ષોમાં માનતા નથી, પણ એક રાજકીય પક્ષમાં બહુ પક્ષો કરવામાં માનનારા છીએ. એમ આપણું ભારતનું રાજકારણ આ રીતે અનોખું છે! પલટા કરવા હોય તો કલહ પણ કરવો જોઈએ. અને એ રીતે આપણા વિપુલ કોંગ્રેસપક્ષમાં કલહ થાય એ પણ રાજકીય કુદરતના નિયમ પ્રમાણે જ થાય છે.

* * *

પ્રશ્ન : તો આપણા ગુજરાતમાં કેમ એમ થતું નથી?

ઉત્તર : કારણકે આપણે શાણા છીએ. પહેલું શાણપણ એ કે સત્તાની માથાકૂટમાં શા માટે પડવું!—જો એમાં પડયા વિના જ એના બધા લાભો મળતા હોય! અને બીજું શાણપણ એ કે તો પછી શા માટે બોલી બગાડવું! બીજા પ્રાંતોમાં જે બુદ્ધિનું સતેજપણું હોય છે તે આપણામાં નથી એમ નથી, પણ આપણે બોલવામાં બહુ માનતા નથી. આપણે 'સાયલન્ટ રેવોલ્યુશન'માં માનનારા છીએ. વળી આપણે ખાનગી સાહસમાં માનનારા છીએ, કોંગ્રેસપક્ષને આર્થિક ફાળા આપી લાભ ઉઠાવવાની કળામાં કુશળ છીએ, તેથી સંપત્તિ મેળવતા રાજકારણરૂપી જાહેર સાહસ માટે આપણામાં બહુ પડાપડી નથી.

અને આમ છતાં યે કોંગ્રેસ કચેરીઓની આજુબાજુ જે નાનમોટાં વર્તુળો ફરતાં હોય છે તેમાં ભળી જશો તો તરત જ તમને સમજાશે કે જે વર્તુળ સાથે તમે વાત કરતા હો તે જ સાચામાં સાચું કોંગ્રેસી છે એવું તમને ઠસી જાય. અને બીજા બધાને દંભી, સત્તાખોર, પ્રપંચી, નેતાઓના કાંધિયા વગેરે વગેરે વિશેષણોથી ઓળખતા થશો. એટલે, બીજે જેવું છાપાંમાં વાંચીએ છીએ એવું અહીં ગુજરાતમાં હકીકતમાં છે પણ આપણે તે પ્રગટ થવા દેવામાં માનતા નથી! આ કદાચ વધારે ભયંકર રોગ કહેવાય, અંદર ઊતરતો રોગ બહાર નીકળતા રોગ કરતાં વધારે ભયંકર હોય છે, એમ.

પણ આ વિચારોને કોઈક તર્કજાળની ભ્રમણા જ કહે. પણ હું તો એમ કહું કે આપણે એટલા શાણા છીએ! બીજા એમ પણ કહે કે ગુજરાતે ગાંધીજી અને સરદાર પાસેથી શિસ્તનો સારો પાઠ લીધો છે. જે હોય તે ખરું. પણ ગુજરાતની કોંગ્રેસને લાગે વળગે છે એ બાબતમાં તો જેવું દેખાય છે તેવું હકીકતમાં નથી. એ પરિસ્થિતિ જીવન જાહેર માટે જેવું હોય તેવું દેખાય એના કરતાં વધારે જોખમકારી છે.

★

લિયો તોલ્સતોય અને ભારતીય તત્ત્વચિંતકો

એ. શીફ્રમેન માસ્ટર ઓફ ફિલોસોફી

લિયો તોલ્સતોયના જીવનમાં ૧૮૭૩નું વર્ષ અનેક રીતે યાદગાર બની રહે તેવું હતું. આ વર્ષમાં તેઓ પીટર પહેલાના સમયની એક નવલકથા લખી રહ્યા હતા અને સાથોસાથ એમની વિખ્યાત નવલકથા 'આના કેરેનિના' લખવાનું આયોજન પણ તેમણે આ દિવસોમાં જ કર્યું હતું. વળી આ પ્રવૃત્તિમય દિવસોમાં જ તેમણે પોતાની ડાયરીમાં પોતે વહેલામાં વહેલી તકે વાંચવા ઇચ્છતા હતા તેવાં તત્ત્વજ્ઞાન વિશેનાં ભારતીય પુસ્તકોની એક યાદીની નોંધ કરી હતી.

એ વર્ષે એમણે માનવતાના આધ્યાત્મિક મૂલ્યોના અધ્યયન પાછળ સારો એવો સમય ગાળેલો. તેમણે પશ્ચિમના તત્ત્વચિંતકોનો, કનફ્યુસિયસ અને લાઓત્સેનો, બુદ્ધની દંતકથાઓનો અને શંકરાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી વિવેકાનંદનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત ભારતીય તત્ત્વજ્ઞાન, પુરાતન વેદો અને ઉપનિષદો તેમ જ 'મહાભારત' તથા 'રામાયણ' જેવી અમર રચનાઓનું પણ તેમણે અધ્યયન કર્યું.

પ્રાચીન કાળના ભારતીય ઉપદેશ અને સિદ્ધાંતોનો પ્રથમ ઉલ્લેખ તોલ્સતોયની ૧૮૭૯ની રચનાઓમાં જોવા મળે છે. 'માઈ કનફેશન' નામના પોતાના આત્મકથાના સ્વરૂપના ગ્રંથમાં તોલ્સતોયે બીજા ચિંતકોનાં બોધવચનો ઉપરાંત જીવનનું સત્ય શોધી કાઢનાર બુદ્ધની કથા પણ આલેખી છે.

યુવાન અને સુખી શાકયમુનિ નામનો રાજકુમાર મોતની ભયાનકતા નિહાળીને માનવકલ્યાણના પંથે વિચરે છે એ કથાનાં તેમણે કરેલાં આલેખનમાં તેમના મનમાં એ સમયે ઘોળાઈ રહેલા વિચારોનું પ્રતિબિંબ પડે છે. માનવી વિચાર વિના જીવી જ ન શકે, અવિચારી જીવન અસહ્ય છે, માનવીને કંઈક લક્ષ્ય હોવું જ જોઈએ અને તેણે જીવનના હેતુ અને ઉદ્દેશને સદૈવ સ્મરણમાં રાખવો જોઈએ એવી વિચારધારાનો પડઘો આ કૃતિમાં સંભળાય છે.

બુદ્ધ પર નિબંધ

પૂર્વના મહાન વિચારકો અને તત્ત્વચિંતકો વિશે સાદી અને સરળ રશિયન ભાષામાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની તેમની મહેચ્છા હતી અને આ ઇરાદાના અમલનો પ્રારંભ તેમણે બુદ્ધ વિશે એક નિબંધ લખીને કર્યો.

આ નિબંધનું વૈવિધ્ય રસપ્રદ છે. આ નિબંધમાં આપણને માત્ર શાકયમુનિની પરંપરાગત દંતકથાનું કાવ્યમય વર્ણન જ નહીં, પરંતુ ભારત વિશેની બહુમૂલ્ય માહિતીઓ પણ વાંચવા મળે છે. આ નિબંધ ભારતના ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો વાચકને પરિચય કરાવે છે. આખો નિબંધ ભારતના લોકો અને તેમની સંસ્કૃતિ પ્રત્યેના આદરભાવથી સભર છે.

તોલ્સતોયે આ નિબંધમાં લખ્યું છેઃ "તમે રશિયાની મધ્યમાંથી વસંતના ઊગતા સૂર્યની દિશામાં આગળ વધશો તો હજારો માઈલના અંતરે સારાતોવ, ઉરાલસ્ક, કીરગીઝ, તાશકંદ અને બુખારા થઈને જેનાં શિખરો હિમાચ્છાદિત છે તેવા પર્વતોની ભૂમિમાં

પહોંચશો. આ પર્વતમાળા ઓળંગતાં જ તમે ભારતની ધરતી પર પહોંચી જશો: ભારતની ધરતી રશિયાની ધરતીના ત્રીજા ભાગ જેટલી છે પરંતુ જમીન ઉમ્દું અને ફળદ્રુપ છે આથી ત્યાં રશિયા કરતાં ત્રણું ગણું અનાજ લોકો એ જમીનમાંથી મેળવે છે: ભારતની વસતી ચોવીસ કરોડની હોવાનું મનાય છે. અત્યારે ભારત પર અંગ્રેજો શાસન ચલાવે છે. સેંકડો વર્ષ પહેલાં અંગ્રેજોએ ભારત જીતી લીધું તે પહેલાં ભારતના લોકો સ્વતંત્ર હતા અને તેમના દેશનું શાસન તેમના જ રાજાઓ ચલાવતા હતા."

આવી જ સરળ ભાષામાં તોલ્સતોય પ્રાચીન ભારતના આદર્શ નૈતિક નીતિ-નિયમો અને કાનૂનોનું વર્ણન કરી, ભારતીય સંસ્કૃતિના મહાન સ્મારક સમા વેદોના આલેખાયેલા એ સિદ્ધાંતોની તેમણે મુક્તકંઠે પ્રશંસા કરી છે.

ઉમદા સિદ્ધાંતો

તોલ્સતોય ભારતના લોકોની નીતિમત્તાને બિરદાવતાં આ નિબંધમાં માત્ર માનવ હત્યાથી જ નહીં પરંતુ કોઈપણ જીવની હત્યાથી દૂર રહેવું જોઈએ: એટલે કે કોઈ જીવની હત્યા કરવી ન જોઈએ; ગુસ્સો કરવો ન જોઈએ, દારૂના વ્યસનથી દૂર રહેવું જોઈએ. માણસોએ વ્યભિચાર કરવો ન જોઈએ, આળસુ બનવું ન જોઈએ, અતિઆહાર લેવો ન જોઈએ અને અસત્ય કથન કરવું ન જોઈએ. લોકોએ બીજાઓના કાજી ન બનતાં પોતાની જાતના કાજી બનવું જોઈએ. લોકોએ વિનયી, વિવેકી, પ્રામાણિક, સત્યવક્તા, અને ચારિત્ર્યવાન બનવું જોઈએ અને બુરાઈનો બદલો ભલાઈથી ચૂકવવો જોઈએ. પ્રાચીન ભારતના લોકો આ નિયમોનું ચુસ્તપણે પાલન કરતા.

સમય જતાં સ્વાર્થી બ્રાહ્મણ ધર્મગુરુઓ વેદનો અનર્થ કરવા લાગ્યા. એ ઉમદા કાનૂનો અને સિદ્ધાંતોને તેઓ બળીઆઓ અને મૂડીપતિઓના હિતમાં વિકૃત કરવા લાગ્યા. તેઓએ બલિ આપવાની, પ્રાર્થનાની અને આત્મશુદ્ધિની ઉતરામણી પ્રથાઓ દાખલ કરી. જાતિઓ અને જ્ઞાતિઓના ભેદભાવ દ્વારા લોકોને વિભક્ત કર્યા. આ ધર્મગુરુઓ જાતે જ અનાચાર આદરતા. તેઓ લોકોને જંગલમાં જઈ રહેવાનો અને ઉપવાસ કરી દેહને સૂકવી નાખવાનો ઉપદેશ આપવા લાગ્યા. પ્રાચીન ભારતના ઉદાત્ત અને ઉમદા સિદ્ધાંતોને નામશેષ કરવા તેઓ મેદાને પડ્યા હતા.

તોલ્સતોયે બુદ્ધની કથા તેઓ એ સમયે જે રીતે રશિયાની લોકકથાઓ લખતા હતા એ રીતે જ લખી છે. બુદ્ધની લોકકથામાં તેમણે ધરતી પર અને લોકોની વચ્ચે રહેવાનું જ પસંદ કર્યું છે. બુદ્ધને ફિરસ્તા કે દેવદૂત કે ઈશ્વરી અવતાર તરીકે ન ઓળખાવતાં એક સામાન્ય માનવી તરીકે જ ઓળખાવ્યા છે અને આ માનવીનાં દૂષણો અને વાસનાઓ પર તપશ્ચર્યા દ્વારા પ્રભુત્વ મેળવવાના પ્રયાસોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પછીનાં વર્ષોમાં તોલ્સતોયે બુદ્ધ વિશે બીજો નિબંધ લખ્યો અને તેનો 'રીડીંગ સાઈકલ' નામક સંગ્રહમાં સમાવેશ કર્યો. સંગ્રહની બીજી આવૃત્તિ માટે તેમણે આ નિબંધને ફરીવાર મઠારીને લખ્યો. ૧૯૧૦માં મૃત્યુ પહેલાંના થોડા દિવસો અગાઉ પોસરેડનીક પ્રકાશન ગૃહ દ્વારા બહાર પાડવામાં આવેલા 'ધી લાઈફ એન્ડ ટીચીંગ ઓફ સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ' નામના પુસ્તકની પ્રસ્તાવના લખી.

બૌદ્ધ-સિદ્ધાંતોમાંથી તારવેલા સારને તોલ્સતોયે 'કર્ઝ' નામની પરિકથામાં અને 'ધેટ ઇઝ યુ' નામની વાર્તામાં વાચા આપી. આનો સાર એ હતો કે સાચું સુખ પ્રામાણિક મહેનતમાં રહેલું છે. પોતાના નૈતિક વિચારો સાથે જ મળતાં આવતા પ્રાચીન ભારતના એ ઉમદા વિચારોને લેખકે પોતાની સુંદર કૃતિઓમાં વણી લીધા છે.

શંકરાચાર્યનો અભ્યાસ

પ્રાચીન તત્ત્વચિંતકોમાં શંકરાચાર્યનો અને અર્વાચીનોમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી વિવેકાનંદનો તોલ્સતોયે ખૂબ અભ્યાસ કર્યો હતો.

એક રશિયન સામયિકમાં પ્રસિદ્ધ થયેલો 'ધી ઇંડિયન સેઈજ શંકર' નામનો લેખ તેમણે ૧૮૯૭માં વાંચ્યો અને શંકરના સિદ્ધાંતો તરફ એ આકર્ષાયા. તોલ્સતોયે પોતાના મિત્ર વી. ચેર્તકોવ પરના પત્રમાં આ લેખ વિશે લખેલું કે: "લેખ ઘણો જ સારો છે. બધા મહાન ચિંતકોના વિચારોનું તેમાં પ્રતિબિંબ છે."

૧૯૦૯માં તેમણે 'વેદિક મેગેઝીન'માં પ્રસિદ્ધ થયેલ 'પ્લેટો અને શંકરાચાર્ય' શીર્ષક લેખ વાંચી પોતાની નોંધપોથીમાં શંકરના નૈતિક સિદ્ધાંતોમાં અને વિશ્વ-કલ્યાણ વિશેના અને એ હાંસલ કરવા અંગેના પોતાના વિચારોમાં રહેલી સામ્યતા વિશે નોંધ લખી હતી.

તોલ્સતોયે મોટી વયે શ્રીરામકૃષ્ણ પરમહંસ અને તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદને વાંચ્યા. શ્રીરામકૃષ્ણ પરમહંસની વાણીની તેમના શિષ્યો જે વિસ્તૃત નોંધ કરતા તેમાંથી સાર તારવીને વિવેકાનંદે તૈયાર કરેલ 'રામકૃષ્ણ પરમહંસ કથામૃત'થી તોલ્સતોય ઘણા જ પ્રભાવિત થયા હતા. રામકૃષ્ણ પરમહંસ ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા અને વિનમ્ર જીવન જીવતા હતા એ વાતની તેમના મન પર ઊંડી છાપ પડી હતી અને પરમહંસના આવા વ્યક્તિત્વની તેમણે ભારોભાર પ્રશંસા કરી હતી.

વિવેકાનંદનું આકર્ષણ

તોલ્સતોયે વિવેકાનંદના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ૧૮૯૬માં શરૂ કરેલો. આ સંબંધમાં તેમણે પોતાની નોંધપોથીમાં લખેલું કે "ભારતના જ્ઞાન વિશે રસપ્રદ પુસ્તક વાંચ્યું. સ્વામી વિવેકાનંદે ૧૮૯૫-૯૬માં ન્યુયોર્કમાં આપેલાં પ્રવચનોનો એ સંગ્રહ હતો. ભારતીય વૈજ્ઞાનિક એ. કે. દત્તે તોલ્સતોયને આ પુસ્તક મોકલતાં લખ્યું હતું: "તમારા સિદ્ધાંતો સૌથી વધુ પુરાતન એવા ભારતીય તત્ત્વજ્ઞાનને સંપૂર્ણપણે મળતા છે એ જાણીને તમને આનંદ થશે!"

તોલ્સતોયે જવાબમાં લખેલું: "તમે મોકલેલ સ્વામી વિવેકાનંદનું પુસ્તક મને ખૂબ ગમ્યું. સ્વતંત્રતા એ જ ભારતના લોકોનો એકમાત્ર ઉદ્દેશ છે એવા તેમના મંતવ્ય સાથે હું પૂર્ણપણે સહમત થાઉં છું!"

ભારતીય તત્ત્વચિંતક વિવેકાનંદના વિચારો પર વેદકાલીન વિચારો અને આદર્શોના પ્રભાવને તોલ્સતોય પારખી શક્યા હતા. અને આ વિચારો પોતાના વિચારોના જેવા જ હતા એ એમના માટે આનંદની વાત હતી.

તોલ્સતોયે વિવેકાનંદનું બીજું જે પુસ્તક વાંચેલું તેનું નામ હતું 'સ્પીચીઝ એન્ડ આર્ટિકલ્સ.' અંગ્રેજી ભાષામાં લખાયેલ આ પુસ્તક તોલ્સતોયને તેમના મિત્ર આઇ. નઝીવીને ૧૯૦૭માં મોકલ્યું હતું. વિવેકાનંદનું આ પુસ્તક તમારે જોઇએ છે કે? એવા નઝીવીના પ્રશ્નનો ઉત્તર આપતાં તોલ્સતોયે લખેલું: "મહેરબાની કરી એ બ્રાહ્મણનું પુસ્તક મને અવશ્ય મોકલશો. આવાં પુસ્તકો વાંચવાથી વિશેષ આનંદ મને બીજે કયાંય નથી મળતો. એથી આપણા આત્માને એ વિશાળ બનાવે છે!"

આઇ. નઝીવીને ૧૯૦૮માં 'વોઇસીસ ઓફ પીપલ્સ' નામક જે ગ્રંથ પ્રસિદ્ધ કરેલો તેમાં વિવેકાનંદનો બે લેખો —ઢીમ ઓફ ધી પીપલ, અને ગોડ એન્ડ મેન —નો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. 'ગોડ એન્ડ મેન' વાંચીને તોલ્સતોયે નઝીવીનને લખેલું: "સાચે જ એ ઘણો સરસ લેખ છે!"

તોલ્સતોય સ્વામી વિવેકાનંદના વ્યકિતત્વથી ઘણા જ પ્રભાવિત થયેલાં અને તેઓ સ્વામીજીની યુરોપ, અમેરિકા તથા ભારતમાંની પ્રવૃત્તિઓના તથા પોતાના દેશબંધિવોના બચાવમાં તેમણે આપેલાં જુસ્સાદાર પ્રવચનોના અહેવાલો રસપૂર્વક વાંચતા.

તોલ્સતોયે લોકોને સારાં પુસ્તકો સસ્તા દરે મળે એવી યોજના ઘડેલી અને આ યોજના હેઠળ પ્રસિદ્ધ કરવાનાં પુસ્તકોની જે નામાવલિ તેમણે ૧૯૦૯ના માર્ચમાં તૈયાર કરી હતી તેમાં 'સેઇન્ટ્સ ઓફ ધી ન્યૂએસ્ટ—રામકૃષ્ણ એન્ડ વિવેકાનંદ'નો પણ સમાવેશ થતો હતો.

એ જ વર્ષે એપ્રિલમાં તેમણે એન. ઇન્ગોનને લખેલું: "અમે વિવેકાનંદના વિચારોનું એક પુસ્તક તૈયાર કરી રહ્યા છીએ. વિવેકાનંદના વિચારોને હું અમૂલ્ય માનું છું."

આ પરથી તોલ્સતોયનો ભારતીય તત્ત્વચિંતકો અને તેમની રચનાઓમાં કેટલો બધો રસ હતો તે સાફ જણાઇ આવે છે. તોલ્સતોયે રશિયામાં ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે જેટલું કર્યું છે તેટલું બીજા કોઇએ પોતાના દેશમાં ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે નથી કર્યું એ તો સૌએ સ્વીકારેલી વાત છે. તોલ્સતોયનો ભારતીય તત્ત્વજ્ઞાન, ભારતીય મહાગ્રંથો, ભારતીય લોકકથાઓ માટેનો રસ અને ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રચાર માટેની તેમની પ્રવૃત્તિએ રશિયા અને ભારત વચ્ચે સાંસ્કૃતિક સંબંધોના ઇતિહાસનું એક અવિસ્મરણીય અને ગૌરવવંતુ પ્રકરણ છે. ભારતીય અને રશિયન જનતા વચ્ચેની સૈકાઓ જૂની મિત્રતાને આવી ફળદાયી પ્રવૃત્તિઓ દ્વારા વાચા સાંપડી છે.

માંદગીમાં ખોરાક — ૬

ડૉ. કાન્તિલાલ

હૃદયના રોગો

હૃદયના રોગોમાં પથ્યાપથ્યના કોઇ ચોક્કસ નિયમો નથી. સામાન્ય રીતે એમ કહી શકાય કે હૃદયને બહુ બોજો ન પડે છતાં પૂરેપૂરું પોષણ મળી શકે એવી રીતે આહાર ગોઠવવો જોઈએ. દરદી મેદસ્વી હોય તો એનું વજન ઘટાડવું જોઈએ. યાદ રાખવા જેવા મુદ્દા આ પ્રમાણે છે:

૧. નત્રિલનું પ્રમાણ ઓછું રાખવું. વધારે નત્રિલવાળો ખોરાક આપવાથી હૃદયને પૂરતો આરામ મળતો નથી. પચાસ ગ્રામ કે એથી કંઇક ઓછું નત્રિલ આપવામાં આવે તો હૃદયને ઓછામાં ઓછો શ્રમ પડશે.

૨. કર્બોદિત પુષ્કળ આપવા. હૃદયની કાર્યશક્તિ દ્રાક્ષશર્કરામાંથી આવે છે; બલ્કે કહો કે દ્રાક્ષશર્કરા હૃદયનો ખોરાક છે, તેથી આ સાકર અને એવા બીજા પદાર્થો—મધ, લેક્ટોઝ (તક્રશર્કરા), હોરલિક્સ મોલ્ટેડ મિલ્ક વગેરે વધારે આપવા.

૩. ચરબી ઉષ્માંક પૂરા કરવા જેટલી જ આપવી.

૪. ઉષ્માંક, જરૂરિયાત જેટલા જ કે થોડા ઓછા.

૫. જે આહાર દિવસ દરમિયાન આપવાનો હોય તે પાંચ કે ૭ ટંકમાં વહેંચી નાખવો અને દરેક ટંકે થોડો થોડો આપવો. સાંજનું ભોજન ખાસ હલકું રાખવું. હૃદયરોગના ઘણા હુમલા ભારે જમણ પછી કે પુષ્કળ જમ્યા પછી આવે છે તે યાદ રાખવું.

૬. જો શરીરે સોજા હોય તો પાણી તથા પ્રવાહી ઘટાડવાં. દિવસ દરમિયાન બે થી ત્રણ રતલ બધું મળીને પ્રવાહી આપવું. તથાપિ દરદીની રુચિ અનુસાર તથા ઋતુ અનુસાર એમાં થોડો વધારો ઘટાડો કરી શકાય.

૭. મીઠું ઓછું આપવું. મૂળ ખાદ્ય પદાર્થમાં જેટલું હોય તે ઉપરાંત વધારાનું ઉપરથી બિલકુલ ન આપવું.

જ્યારે હૃદયની શક્તિ ભાંગી પડે, સોજા વધી જાય અને દરદી પથારીવશ બને, ત્યારે પહેલા બે ત્રણ દિવસ કેરલની પદ્ધતિ મુજબ પોષણ આપવું. આમાં સવારના આઠે, બપોરના બારે, સાંજનાં ચારે, અને રાતના આઠ વાગ્યે એકેક ગ્લાસ ગાયનું દૂધ આપવામાં આવે છે. આ રીતે દિવસ દરમિયાન લગભગ ત્રીસ અધોળ દૂધ જતાં, એમાંથી ત્રીસ ગ્રામ નત્રિલ અને છસો ઉષ્માંક મળી રહે છે. આ ભૂમિકાએ દરદીને ટામેટાનો રસ આપવાથી પણ ફાયદો થાય છે. દૂધમાં સોડિયમ (મીઠાની મૂળ ધાતુ, જેને કારણે મીઠાનો નિષેધ કરવામાં આવે છે) વધારે હોય છે, જ્યારે ટામેટાના રસમાં સોડિયમ ઓછું ને પોટેશિયમ (સોડિયમ જેવી જ પણ સુરોખારની મૂળ ધાતુ, જે અત્રે નિષિદ્ધ નથી) વધારે હોય છે. દૂધના એક કે બે કપના બદલામાં ટામેટાનો રસ આપી જોવો.

કેટલીક વાર દરદીને મોળ આવે છે તથા અજીર્ણ થાય છે; તેવે વખતે પ્રવાહી નથી ટકતું પણ કાંઈ અગર નક્કર પદાર્થ ટકી જાય છે; તો દૂધને બદલે એકાદ ખાખરો કે બિસ્કીટ, પપૈયું કે કેળું કે એવું એકાદ ફળ પણ આપી શકાય. પછીથી રફતે રફતે વધારે વાનીઓ—જેવી કે પાંઉ અગર રોટલી, માખણ અગર ઘી, ઈંડાં, ફળ તથા શાકનો રસ વગેરે ઉમેરી શકાય. દિવસ દરમિયાન આવો આહાર આમ યોજી શકાય :—

સવારે : ૧ કપ નારંગી અગર મોસંબીનો રસ;
૧ કપ દૂધ — ભેંસનું.

બપોરના : ભાખરી અગર ફુલકા રોટલી, નવટાંક લોટની;
એક અધોળ મગની દાળમાંથી બનાવેલી ઢીલી દાળ;
બ વર્ગનાં શાક, રુચિ મુજબ;
એક અધોળ ચોખાનો ભાત.

ચાના સમયે : એક કપ દૂધ + ૧ ચમચો મધ.

વાળુ વખતે : નવટાંક લોટની ભાખરી;
બે કેળાં. એક કપ દૂધ અગર દહીં.

રાત્રે સૂતી વખતે : એક કપ દૂધ.

આ મુજબ ખોરાક આપવાથી ૫૧ ગ્રામ નત્રિલ અને અંદાજે ૧૭૦૦ ઉષ્માંક મળી રહે છે.

જ્યારે દરદીને "હાર્ટ એટેક" આવે છે એટલે કે હૃદયને પોષતી મુખ્ય રોહિણી (=ધમની, જાં આર્ટરી)માં અવરોધ ઊભો થાય છે ત્યારે તો દરદીને આરામની આવશ્યકતા હોવાથી ખોરાક લેવામાં પણ એને શ્રમ ન પડવો જોઈએ. આવી વખતે પહેલા ૨૪, ૪૮ કે ૭૨ કલાક સુધી દરદીને આગ્રહ કરીને કશું પણ પોષણ આપવું નહિ; માત્ર ફળનો રસ, મધનું કે નાળિયેરનું પાણી કે એવું પ્રવાહી જ આપવું. જો ઊબકા કે ઊલટી હોય તો બરફ ચૂસવા આપવો.

આમ પાંચ ૭ કે આઠ દિવસ પસાર થયા બાદ ધીમે ધીમે ગાયનું દૂધ, પછી ભેંસનું દૂધ, ઇંડાં, માખણ, આઇસક્રીમ વગેરે ઉમેરતા જવું અને ઉપર આપેલા નમૂના સુધી પહોંચી જવું. લગભગ મહિનાની આખરે એટલા ઉષ્માંકે પહોંચવું. પેટમાં પવન પેદા કરે એવા પદાર્થો, જેવા કે વધારે પડતું ગળપણ, સૂકો મેવો, મરી મસાલા, તળેલા પદાર્થો, લસણ, ડુંગળી, ફુલેવર, કોબીજ, બટાટા વગેરે તજવા. આવી રીતે ઓછા નત્રિલ અને ઓછા ઉષ્માંકવાળો ખોરાક ઘણા દિવસ આપવાથી ચયાપચય (ચયલીઁજ)ની ક્રિયાનો વેગ ઘટે છે, અને હૃદયને વિશેષ આરામ મળે છે.

છેલ્લાં કેટલાંક વર્ષથી એક એવો વાદ ઊભો થયો છે કે હૃદયરોગના દરદીઓના લોહીમાં કોલેસ્ટેરોલ નામનું દ્રવ્ય વધી જાય છે (જો કે આ સર્વાંશે ખરું નથી), માટે હૃદયરોગના દરદીઓને કોલેસ્ટેરોલ વિહીન પદાર્થો—ખાસ કરીને ચરબીવાળા, કારણ ચરબીવાળા પદાર્થોમાં આ દ્રવ્ય હોય છે — ન આપવા. ચરબીવાળા પદાર્થોમાં પણ તેલ કરતાં ઘીમાં કોલેસ્ટેરોલ વધારે હોવાથી આપણે ત્યાં કેટલાક દાક્તરો દરદીને ઘી દૂધની મનાઈ કરે છે. પરંતુ આ વૈજ્ઞાનિક છે કે નહિ તે શંકાસ્પદ વાત છે. લૂઈ અને સાઇમન્સ (૧૯૫૮) પોતાના અનુભવ પરથી જણાવે છે : "લોહીમાંના કોલેસ્ટેરોલના પ્રમાણને અને (હૃદયની) ધમનીઓના રોગને કશો સંબંધ ન હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાના નિષ્ણાતોની સમિતિ જણાવે છે કે અત્યારે જેટલી માહિતી ઉપલબ્ધ છે તેટલા પરથી લોકોના આહારની પ્રથામાં કોઈ પણ ફેરફાર કરવાનું વૈજ્ઞાનિક જણાતું નથી. આમ છતાં, જે શાકાહારી છે તેમણે કોલેસ્ટેરોલની બહુ ફિકર કરવા જેવું નથી. કોલેસ્ટેરોલ જેમાં ભરપૂર છે એવા ખોરાકની યાદી જોતાં જણાય છે કે એમાં માંસ, માછલી અને ઈંડાં જ આગળ પડતાં છે. માખણ બાદ કરતાં શાકાહારીના ખોરાકના બીજા પદાર્થોમાં અલ્પ જ હોય છે. એક સામાન્ય નિયમ તરીકે ચાળીસની ઉપરની ઉંમરના તંદુરસ્ત માણસે

પણ (અને હૃદયરોગવાળા દરદીએ) એકંદર ચરબીનું પ્રમાણ ઘટાડવું હિતાવહ છે, કારણ કે જે દેશોની પ્રજાના ખોરાકમાં વધારે પડતી ચરબી વપરાય છે ત્યાં હૃદયરોગનું પ્રમાણ વધારે માલૂમ પડે છે.

લોહીનું ઊંચું દબાણ

આ રોગમાં ધ્યાન રાખવાના મુદ્દા આટલા છે :—

૧. ઉષ્ણાંક : દરદીનું વજન સરેરાશ હોય તો તે ટકી રહે, અને દરદી મેદસ્વી હોય તો વજન ઘટે એટલા ઉષ્ણાંક આપવા જોઇએ. લોહીના ઊંચા દબાણને મેદસ્વિતા સાથે ઘણો સંબંધ છે. પાતળા માણસોને લોહીના વધારે દબાણનું દરદ જેટલા પ્રમાણમાં થાય છે, તેના કરતાં ત્રણ ગણા પ્રમાણમાં જાડા માણસોને થાય છે. તેથી વજન ઘટાડવાની જરૂર રહે છે.

૨. નત્રિલ—યોગ્ય પ્રમાણમાં. સામાન્ય રીતે ઊંચા રક્તદાબના નિર્દોષ પ્રકાર (બિનાઇન હાઇબ્લડ પ્રેશર અથવા ઇસેન્શિયલ હાઇપર ટેન્શન)માં મૂત્રપિંડો તંદુરસ્ત હોય છે, તેથી નત્રિલ પર કાપ મૂકવાની જરૂર નથી.

૩. મીઠું, બની શકે તેટલું ઓછું. ૧૯૪૮માં કેમ્પનર નામના નિષ્ણાતે ચોખા, ખાંડ અને ફળોના રસથી આવા ઘણા દરદીઓને સારા કર્યા ત્યારથી એની આહારપદ્ધતિ "ચોખાનો પ્રયોગ" એ નામથી જાણીતી છે. કેમ્પનર જેટલાં સારાં પરિણામ બીજા નિરીક્ષકોને મળ્યાં નથી, છતાં એટલું નક્કી થયું છે કે કેમ્પનરના આહારથી ફાયદો થવાનું મૂળ કારણ એ હતું કે એણે બતાવેલા ખોરાકથી દરદીને બહુ જ ઓછું સોડિયમ મળતું હતું. ફાયદો થવાનું ખરું કારણ આ હતું, એટલે આજે કેમ્પનર જેટલા અલ્પ પ્રમાણમાં નત્રિલ કે ઉષ્ણાંક આપવાની જરૂર નથી. દરદીને સોડિયમ ઓછું મળે એટલું બસ છે. વ્યાવહારિક મુશ્કેલી એટલી નડે છે કે નત્રિલ ઓછું કર્યા વિના સોડિયમ તદ્દન ઓછું કરવાનું શક્ય નથી.

૪. મસાલામાં પણ કાપ મૂકવો; અને ચા, કોફી, કોકો વગેરે બને તો તજવાં અથવા કમી કરવાં.

અલ્પ સોડિયમવાળા ખોરાકનો વિચાર કરીએ તો શાકાહારીને ઘણો લાભ છે. દરેક પ્રકારનાં માંસ, માછલી, તથા ઇંડામાં ઘણું સોડિયમ છે. શાકાહારીના ખોરાકમાં કઠોળમાં, દૂધ દહીંમાં તથા ભાજીમાં અને મૂળા, ગાજર તથા બીટમાં સોડિયમ વિશેષ છે. આટલી વાનીઓ છોડી દેવામાં આવે તો પછી શાકાહારીનો ખોરાક આપોઆપ અલ્પ સોડિયમવાળો બની જાય છે. એટલું યાદ રાખવાનું કે રાંધતી વખતે કે જમતી વખતે મીઠું ઉમેરવું નહિ.

સોડિયમ નજીવું હોય એવા પ્રકારનો એક દિવસનો ખોરાક આ પ્રમાણે યોજી શકાય:

ઘઉં પાશેર
ચોખા નવટાંક
મગની છડેલી દાળ દોઢ અધોળ
કાકડી, કોળુ, વેંગણ, ટામેટા વગેરે શાક—અનઉર
મધ — ૧ અધોળ
મગફળી — ૧ અધોળ

આ વાનીઓમાંથી આશરે ૪૫ ગ્રામ નત્રિલ, ૧૩૦૦ ઉષ્ણાંક અને અંદાજે ૧૦૦ મિલિગ્રામ (તેથી પણ ઓછું) સોડિયમ મળે છે. આ ખોરાક રાંધવામાં મીઠું તો નથી જ વાપરવાનું પરંતુ રાંધવાનો સોડા પણ ન વાપરવો.

ક્રમશઃ]

★

મંગલસૂત્ર

નીતીન એ. ભટ્ટ

"**અલી** રૂડી, ગાણાં ગાવાના ટાણે ચમ આઘા છેટા ઓઢશ? તારા વના ગાણાં કાણ ગાશે–મારી બલારાત? રાજુ તારી બેન કે'વાય. બેનના લગ્નમાં રિસાય છે શું?"

"તે મને ય બેન પાહે માંયરામાં બેસવા થો તો ગાણાં ગાઉં. કલવો યે હું પીરસીશ હો—" રૂડીએ પ્રત્યુત્તર વાળ્યો.

"હો હો...એમ કરજે. લે હીંડ ઊઠ..."

ને મનાપેલ રૂડીએ ગીત-ઉપાડ્યું:

"મારો રાજો, રાણીને લઈ જાય...હો રામ...
જાણે મોટો બાલીટણ સા'જ...હો રામ..."

ને પછી તો મુખીના ઘરના આંગણામાં ગાણાંની રમઝટ ઊડી. ઘેર મંડાઈ; જાણે યૌવન હેલે ચડ્યું. ને હેલે ચડેલ ગ્રામયુવતીઓએ ફટાણાં દ્વારા ગાળોની અતિવૃષ્ટિ વેવાઈ પર કરવા માંડી.

બીજી બાજુ એકાએક શરણાઈના સૂર ગૂંજી ઊઠ્યા. ઢોલ પર ઢોલીની દાંડી અટાપટા રમવા માંડી...વરકન્યા સપ્તપદીના મંગલફેરા ફરી રહી વડીલોને પગે લાગી રહ્યાં હતાં... ને આ બાજુ યુવતીઓ તો જાણે ગાંડી જ બની ગઈ...આખા દિવસનો થાક જાણે લાગ્યો જ ન હોય તેમ, ગળાં બેસી ગયાં હતાં; છતાં સમયનું ભાન ભૂલી વેવાઈને સંભળાવી રહી હતી:

"...ગાડીમાં ભર્યા છે ચોખા,
વેવાઈ બધા છે બોખા..."

ધીમે ધીમે સૂર્યદેવ ક્ષિતિજ ઉપર ઊભા રહી સંધ્યાને પોતાની પાસે બોલાવવા લાગ્યા. અને પછી પોતાનાં કિરણો વડે સંધ્યાના વાળની લટો સરખી કરતાં દેવળિયા ગામની વિદાય લઈ રહ્યા...ને આ બાજુ પણ લગ્નના આનંદમહેરામણમાં શોકનું એક મોજું હીલોળા લેવા લાગ્યું. લગ્ન ઉકલી ગયાં હતાં, રાજુને વળાવવાની વેળા આવી પહોંચી હતી.

"અલ્યા ગિરધર, ક્યાં ગેતો રહ્યો ભા! ઊભો ઊભો રામા પટેલને ભેળો થાતો આવ. કે'જે કે બાપાએ રામલખમણની તેમની જોડ મંગાવી છે. મગના રાતને ય ભેળો થાતો આવજે. તેના વના કોણ હડિયાપાટી કરશે." રાજુના બાપે દીકરાને દોડાવ્યો.

ગિરધર દષ્ટિમર્યાદા ઓળંગવાની ત્યાં તૈયારીમાં હતો ત્યાં જ પાછો ડોસાએ સાદ પાડ્યો: "એ ગિધા, લખમણી માળણને પણ તોરા બનાવવાનું...અરે તૈયાર જ હશે...તું લેતો જ આવજે."

"હો, હો; તમ તમારે તૈયારી કરો હું આવી પુગું છું," કહેતો ગિરધર મોટી મોટી ડાંફો ભરતો સંધ્યાના આછેરા અજવાળામાં અદૃશ્ય થઈ ગયો.

રાજુના બાપ પાછા સાજનમાં આવી બેઠા. મંડળીમાં હુક્કો ફરવા માંડ્યો. બબ્બે ફૂંક મારી લઈ આગળ મોકલતાં વાતોએ વળગ્યા. પાનની તાસક પણ ફરવા માંડી. પીચકારીઓ મારી મારીને જમીન ઉપર ભાતભાતની આકૃતિઓ ઉપસી આવી; રોંઆમાં અભિવૃદ્ધિ કરવા માંડી. ને વાતચીતમાં ખાસ્સો સમય પસાર થઈ ગયો.

"બાપા, બધું આવી પુગ્યું છે. ચ્યાં ગયા મા'રાજ? હીંડો ટાણું વયું :ને જાય," કહેતો ગિરધર ચાયરામાં દાખલ થયો.

ને પછી અષ્ટંપષ્ટ સાદે શ્લોક બોલતાં ગોરમહારાજે રામા પટેલની રામલખમણની બળદની જોડીને કંકુઅક્ષતથી પૂંજ્યા. આયેથી લોટામાં પાણી ભરી ઉતાર્યું. વેલ્યને ચારે ખૂણે સ્વસ્તિક ચિતર્યો અને યુવાનોને વેલ્ય સજાવવાનો આદેશ કર્યો.

જોતજોતામાં યુવાનોએ વેલ્યને પૂરેપૂરી રીતે શણગારી. રામા પટેલની રામલખમણની બળદની જોડીને વેલ્ય સાથે જોતરી. બન્ને બળદ પર ભરતભરેલા રેશમી ઝૂમચા નાખ્યા. તેમની ડોકમાં ઘૂઘરીઓ બાંધી; તેમના સીસમ જેવા કાળા શીંગડાં પર પણ ઘુઘરીઓવાળી સોનેરી નાની નાની નાજુક શીંગડીઓ પહેરાવી. વેલ્યની ચારે બાજુએ ભરત અને આપથી ભરેલા પડદા પાડ્યા. અને પડદા પર કેસૂડાંનાં ફૂલનાં તોરા લટકાવ્યા.

આ તરફ રાજુ માતાપિતાને પગે લાગવા ગઈ. પિતા તો વિદાયના દુઃખનો ડૂમો હૃદયમાં ભંડારી શક્યા, પણ મા-દીકરી બન્નેનાં હૃદયનાં બંધ તોડી આંસુનાં ધસમસતાં પૂર ઊભરી પડ્યાં. ને ફીણફીણ થઈ આંખો દ્વારા વેરાઈ જવા માંડ્યાં.

રડતી રાજુને માએ છાતી સરસી ચાંપી.

"બેટા, ડાહી દીકરીને વધુ શું કે'વાનું હોય! સાસુ-સસરાની સેવા કરજે. હવે તો ઈ જ તારાં મા-બાપ છે. આપણ અસ્તરી જાત; પોતાના આદમીને સુખે સુખી અને ઈનાં દુખે દખી. ઈ જ આપણો ધરમ. ને જો આ મંગલસૂતર, તેનું જીવે જતન કરજે. ઈ તો તારું સૌભાગ્ય. ઈના વના આપણ જીવતરનું જીવવું રાખ છે."–આમ કહી રાજુના ગળામાં તેની માએ મંગળસૂત્ર પહેરાવ્યું.

"ચ્યાં ગયાં જીવી વહુ; રાજુને લઈ આવો; શુકન વહી જાય છે."–ગોરમહારાજે બૂમ પાડી. ને રડતી આંખે અને બળતે હૃદયે બહેનને અને સાહેલીઓને ભેટી, કન્યા, વર પાસે વેલ્યમાં બેસી ગઈ.

ગોરમહારાજે વેલ્યનાં પૈડાં પર કુમકુમ-અક્ષતથી પૂજાવિધિ કરી. બીજી બાજુ શરણાઈવાળાઓએ વિલંબીત ગતિમાં સા'...થી એકદમ તીવ્ર સાં પર પહોંચી શરણાઈમાં વિદાયનાં સૂર ગૂંથવા માંડ્યા. તે તીવ્ર સૂરમાં સહુને લાગ્યું કે રાજુ તેમનાં હૈયાં કોરીને લઈ જાય છે.

"ફ્ચ્ચ!" ગોરમહારાજના શ્લોકો સાથે નાળિયેર ફુટવાનો અવાજ થયો અને તે સાથે વેલ્ય ઊપડી અને પાછળ વેવાઈનું ગાડું પણ. . . .

થોડી વારમાં જ જ્યાં પહેલાં આનંદમહેરામણ ઊભરી રહ્યો હતો ત્યાં શોક છવાઇ ગયો. આખા ઘરમાં નિસ્તબ્ધતાનું વાતાવરણ છવાઈ ગયું. ઢોલૈયા વિદાય થઇ ગયા હતા. યુવાનો જાજમો ઊંચકી લઇ તેના માલિકને પહોંચતી કરવામાં પડ્યા હતા. ગિરધર પણ મૂંગે મૂંઢે તેમાં સામેલ થતો હતો. રૂડી અને તેની સાહેલીઓ પર હવે આખા દિવસના થાકે દેખા દેવા માંડી હતી. કોઇનામાં એક શબ્દ પણ ઉચ્ચારવાની હામ ન હતી. રાજુનાં માતા-પિતા ઠાંકચાડૂમાં કરવામાં પડ્યાં હતાં.

આ બાજુ વેલ્યે ગામનું પાદર મૂક્યું. પહેલી રાત પૂરી થવા આવી હતી અને બાપ રાત્રિનો અંધકાર ધીમે ધીમે અવની ઉપર પોતાનું સામ્રાજ્ય ફેલાવતો જતો હતો; ઘરેણાંથી લદાયેલી રાજુ, પોતાનાં મા-બાપ, બહેન અને સાહેલીઓના વિયોગથી દુઃખી મને પોતાના

ભાવિજીવનના વિચારમહેરામણમાં ગોથાં ખાતી હતી. વરરાજા પણ ઊંઘથી ઘેરાયેલી આંખે નવી પરણેતર તરફ ઘડી ઘડી ચોરીછૂપકીથી જોઈ લેતા હતા, અને સમય પસાર કરવા કે પછી નવી પરણેતર આગળ પોતાનું ઊંઘણશીપણું છતું ન થઇ જાય તે માટે, વેલ્ય હાંકનારને ઘડી ઘડી અર્ધઊંઘમાં જ વાતો ઉપર લેવાનો પ્રયત્ન કરતા હતા. વેલ્ય હાંકનારો પણ અર્ધઊંઘમાં ઉંહકારા ભરી કયારેક કાંઈક જાગૃતાવસ્થા પ્રાપ્ત થતાં, "હાલો મારા બાપ". કહી બળદની પૂંછડી આમળતો દોડાવતો હતો. પાછળના ગાડામાં પણ હાંકનારની સાથે સાથે વેવાઇ પણ પરાળની મીઠી હૂંફમાં, કાગાનીંદરમાં પડ્યા હતા.

ધીમે ધીમે વેલ્ય 'કાળીની નેળ' પાસે આવવા લાગી. આ નેળ પાસે રસ્તાની બન્ને બાજુએ ઘીચ ઝાડી હતી. ઝાડીની આથમણે આંબાવાડિયું હતું. આ નેળ અને આંબાવાડિયા વચ્ચેનો પ્રદેશ બહારવટિયાના રહેઠાણ માટે પ્રસિદ્ધ હતો. વાદળાં સાથે આંખમિંચામણી કરતા અને ક્વચિત જ દેખાતા ચંદ્રનાં કિરણો આ ઘીચ ઝાડીમાંથી ચારણીની જેમ ગળાઇને આવતાં હતાં.

મંથરગતિએ ચાલતી વેલ્ય નેળ પાસે આવી...ને...

"ખબરદાર! વેલ્ય થોભાવો. આગળ વધ્યા છો તો ઠાર મર્યો જાણજો" એવો અવાજ સંભળાયો. અવાજ સાંભળી વેલ્ય હાંકનારો એકદમ ઝબકી ગયો. તેણે ચારે બાજુ, આંખો ચોળીને જોવા માંડ્યું. એકાએક અવાજથી, કાગાનીંદરમાં પડેલાં વરકન્યા અને પાછળના ગાડાવાળા પણ સતેજ થઇ ગયાં; અને ગભરી આંખે અવાજની દિશામાં જોવા લાગ્યાં. જોતજોતામાં નેળ અને આંબાવાડિયા વચ્ચેના પ્રદેશની, પશ્ચિમ દિશાની ઝાડીમાંથી શ્યામ, કદાવર, ધારિયાંધારી બુકાની બાંધેલા સાત ઓળાઓ બહાર નીકળી આવ્યા. તેમને આવતા જોઈ સહુ કંપી ઊઠયા. તે ઓળાઓમાંથી એક આગળ આવી, વેલ્યની રાશ હાંકનાર પાસેથી ઝુંટવી લઈ, વેલ્ય ઊભી રાખી. બીજા એકે વેલ્યના પડદા ઊંચા કર્યા. રાજુ અને વરરાજા, બન્નેનાં શરીર પર કિંમતી ઘરેણાં જોઈ તેમના સરદાર જેવા લાગતા એક ઓળાએ કહ્યું:

"કાળુ! માલ નક્કર છે. તમારો શો વિચાર છે?"

"વિચાર! વિચાર શો હોય? બધો માલ જમા કરો...ને કોઈ વાંકો થાય તો તેને ઠમે કરો—" કાળુએ પ્રત્યુત્તર વાળ્યો.

અને પોતાના સાથીમાં વિશ્વાસ ન હોય તેમ, પોતે આપેલ હુકમનું પાલન કરવા પોતે જ વેલ્ય પાસે ગયો. તેણે વેલ્યના પડદા ઊંચકી અંદર નજર નાખી, પોતાના સાથીના વચનની સાર્થકતાની સાબિતી મેળવી લીધી.

"એય...ચૂં ચાં કર્યા વગર ઘેણાં કાઢી દો. નકર જાન સલામત નથી." કહી કાળુએ ધારિયું ઉગામ્યું.

બન્નેએ-વરકન્યાએ ધ્રૂજતાં ધ્રૂજતાં પોતાનાં ઘરેણાં કાઢી આપ્યાં. કોઇ તેમને મદદ કરી શકે તેમ ન હતું. નિઃશસ્ત્ર એવા સૌ, શસ્ત્રધારીઓ સામે નિરુપાય થઇ ગયા હતા, પોતાની સહજ હિંમત ગુમાવી બેઠા હતા.

મંગલસૂત્ર સિવાય બધાં ઘરેણાં રાજુએ ઉતારી આપ્યાં. ઉપરે કાળુએ તે પણ કાઢી આપવા કહ્યું.

મંગલસૂત્ર ! ભારતીય નારીનું સૌભાગ્યચિહ્ન ! આમ નારીને તો વળી પોતાના પતિ જેટલું જ મહત્ત્વ આ મંગલસૂત્રનું હોય છે. પતિ જેટલો જ તેને, તેને માટે પ્રેમ હોય છે. પોતાના જીવન કરતાં પણ મંગલસૂત્ર તેને મન વધારે કિંમતી હોય છે. તેને પોતાના જીવનથી વિખૂટું પાડવું તે તો બીજું વૈધવ્ય ! તે અપાય જ કેમ ?

અત્યાર સુધી ડરની મારી રાજુ કાંઈ પણ બોલી શકી નહિ; પણ જ્યારે કાળુએ તેના એકના એક સૌભાગ્યચિહ્નની-મંગલસૂત્રની માગણી કરી ત્યારે તો તેનું હૃદય હાલી ઊઠ્યું. તેના નયનકિનારાઓએ માઝા મૂકી અને તેની આંખમાંથી શ્રાવણભાદરવાની જેમ આંસુ ચૂવા લાગ્યાં. . . ટપ્ ટપ્ ટપ્ . . .

ને...રડતી રાજુએ કાળુના પગ પકડી લીધા અને તેને વિનવતાં કહેવા માંડ્યું:

"ભાઈ, મેં મારાં બધાં ઘેણાં તને દઈ દીધાં...હજુ તું ધરવ પામ્યો નથી ? હું તારે પગે પડું છું...હું તને મારો ભાઈ ગણી કહું છું: તારી બોન પાહેથી તેનું સૌભાગ્ય ઝુંટી ન લે; આ એક સૂત્ર તો રહેવા દે, ભઈલા . . ."

"ભાઈ" ! કાળુ ચોંક્યો. જાણે વજ્ર-પાત થયો. "રાજુએ તેને ભાઈ કહ્યો !... કેવો મધુર શબ્દ ! પોતાને કોઈ બહેન ન હતી. અને કોઈએ તેને ભાઈ તરીકે સંબોધી કદી બોલાવ્યો નહતો. બહેન માટે તે કેટલો તલસતો હતો. દરેક બળેવ આવતી, અને તેના હૃદયમાં અરેરાટી બોલાવી જતી. આજે એક બહેન તેને ભાઈ ગણે છે, અને પોતાના સૌભાગ્ય-ચિહ્ન માટે તેની આગળ પોક પોક આંસુ સારતી ખોળો પાથરે છે ! તેની પાસેથી કાંઈ લઈ જ કેમ શકાય ? ભાઈએ તો બહેનને કાપડું આપવું જોઈએ. ત્યારે આ તો ઊલટું જ થયું. બહેનને જ પોતે લૂંટવા નીકળ્યો...આ શું ?—પથ્થરદિલ કાળુનું હૃદય હાલી ઊઠ્યું.

"બોન, ના રડ ! મારે બોન નથી-હતી...ને તો નાનો હતો ત્યારે જ સરગમાં પૂગી ગઈ. પણ તેં મુને ભાઈ કહ્યો છે, તો આજે મને મારી બોન પાછી મળી. અરે ! રે ! હું કેવો ગોઝારો ! બોનને કાપડું આલવાને બદલે તેની જ લાજ લેવા બેઠો ? ભગવાન આ શેં માફ કરશે ?" છલકતી આંખે આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા કાળુએ, પોતાના પગ પકડી તેને ભીંજવતી અને આંસુ સારતી રાજુને ઊભી કરી અને તેનાં બધાં ઘરેણાં પાછાં આપી, પોતાના ગળામાંની ચાંદીની એક સેર કાઢી રાજુને ગળામાં પહેરાવતાં બોલ્યો, "બોન, આજે તો મારી પાહે બીજું કાંઈ નથી. પણ મારી ભૂએલી બોને મારા ગળામાં આ સેર નાખેલી, તે તું મુને પાછી મળી તેથી બેન તને એ આપું છું—આ ગોઝારા ભાઈ પાસેથી તારે કાંક તો લેવું જ જોઈએ. ઠાલે હાથે નો જવાય—આ સેર હું તને કાપડું ગણીને આલું છું."

રાજુની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી. આજ તેને એક ભાઈ મળ્યો હતો, પોતે એક ભાઈની બહેન બની હતી. તેણે કાળુનાં ઓવારણાં લીધાં, "ખમ્મા મારા વીર ! સો વરહનો થાજે. આજે ભાઈના અભરખા પૂરા થયા. તેં મુને બોન ગણી છે તે ભાઈ તરીકે વચન આલ કે આવતી બળેવે તારો ઘોડો મારે આંગણે બંધાહે."

કાળુ ગદ્‌ગદિત થઈ ગયો: "બોન, જો હું આવતી બળેવે તારો મે'માન થઈશ, પછે છે કાંઈ ?" ને આમ કહી પોતાના સાગરિતો સાથે તે જોતજોતામાં ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો !

અને ભાઈ-બહેનના સ્નેહના મંગલતાંતણાથી જોડાયેલ રાજુને લઈ ઘૂઘરા વગાડતી, આંછેરી ધૂળ ઉડાડતી વેલ ઊપડી . . . ચંદ્ર આકાશમાં માથે આવ્યો હતો.

卐

ફરેબ

'સફરીજહાઁ'

સુરેન્દ્રનું મગજ ફરી ગયું!

પણ ના, એ ગાંડો તો નહોતો જ થયો. પરંતુ ઊર્મિલાની વાતે એનું જીવન અને આત્મા બંનેય હણી નાંખ્યા હોય એવું તો એને થઈ જ આવ્યું. રમાયેલ રમતમાં થયેલી એની ફસામણીએ એના અંગે અંગે દાહ જગાડ્યો, ને એ ક્રોધના આવેશમાં જ એ ઓરડા બહાર દોડી આવ્યો: "મા, મા! આ શું? મારું જીવન...'

'બેટા!' અત્યંત નરમાશથી મા બોલી.

'મા! આવું કરવું હતું તો મને મારી કાં ન નાંખ્યો? મા, બોલ! હું તારી આજ્ઞાઓ પાળતો આવ્યો—તને રાજી રાખતો આવ્યો એનો આ બદલો?! બોલ મા!' સુરેન્દ્રે માના ખભા પકડી એને હલાવી નાંખી.

જીવકોર ચૂપ હતાં. હૈયામાં આગ હતી. દીકરાનું દુઃખ સમજી ચૂક્યાં હતાં. પોતે વૃદ્ધ અને રીતરિવાજના જાણકાર હોવા છતાંય ફસાઈ ગયાં હતાં. એમનો ક્રોધ આંખમાં આંસુ બની ગયો. 'સુરુ, બાપા! હું ય ફસાઈ—મેં ય નહોતું સાંભળ્યું કે નહોતું ધાર્યું. તારા મામાના વચનમાં વિશ્વાસ રાખ્યો—...પણ સગો ભાઈ જ કસાઈ નીકળ્યો!' ને એમણે ડૂસકું ખાધું: 'દીકરા! બધુંય ફરેબ...હા બેટા...દુનિયા આખીય....'

'ફરેબ?!!'

'હા, ભાઈ! હું રૂપિયાના ફરેબમાં લૂંટાઈ; તું આદર્શોના ફરેબમાં.'

'પણ મા, આવી રમત? આ તો જીવન-મરણનો સવાલ છે!' ને માના કાન સુધી મોં લઈ જઈ શ્વાસભેર એ બોલ્યો: 'જાણે છે મા! આ તો એને બીજે જાય છે—અત્યારે!'

'મેં બધું સાંભળ્યું છે.'

ને પળભર રહી જીવકોર બોલ્યાં: 'સુરુ! વાંક એનો નથી—તારા સસરાનો છે.' ને અંદર જતાં એ બોલ્યાં: 'તને ઠીક લાગે તેમ કર—નભાવવી હોય તો નભાવ—નહીં તો પિયેર તગેડી મૂક—' ને અંદરના ઓરડામાં પગ મૂકતાં જીવકોર લાંબો નિસાસો નાંખતાં બોલ્યાં: 'ફરેબ, દીકરા, હળાહળ ફરેબ! નહિતર આવું હોય?...'

ફરેબ!! હળાહળ ફરેબ!!!

સુરેન્દ્ર સૂનમૂન બની ત્યાં જ બેસી પડ્યો!

*

ગામમાં જે બેત્રણ જ્ઞાતિનાં ઘર હતાં તેમાં કરસનદાસનું ઘર કાંઈક આગળ પડતું હતું. કરસનદાસ પાસે સારી જમીન-જાયદાદ હતી. ગામમાં બેત્રણ ઘર હતાં. એક મોટું છેન હતું. પાસે અપી-પોણો લાખનો જીવ પણ ખરો. એટલે એ અને એમનું ઘર પાંચ માણસમાં જરૂર પૂછાતાં.

કરસનદાસને ત્રણ ત્રણ પત્નીઓ થઈ હતી. પ્રથમની બે પત્નીઓ નિઃસંતાન જ મૃત્યુ

પામી હતી. આ ત્રીજી પત્ની શુભ પગલાંની નીકળી. એણે એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો. પુત્રને ખપ જેટલું ભણાવી ધંધામાં આમેજ કરી દીધો. પુત્રી ઉંમર લાયક થતાં વર શોધવા માંડ્યો.

જ્ઞાતિમાં વાંકડાનો રિવાજ હતો. છોકરાના ભાવ બોલાતા. કરસનદાસની સંપત્તિને લીધે એમની પુત્રીનો હાથ પકડવા જ્ઞાતિનાં કેટલાંય ઘરો તૈયાર હતાં. પરંતુ કરસનદાસ એમ હા પાડે તેવા નહોતા. 'મફત ઓછી પરણાવવી છે ? રોકડા દશ હજાર મુંબઈગરો ગણુરાનો છું, મારી તરુનાં લગનમાં" એ કહેતા.

અંતે કરસનદાસની નજરમાં એક મૂરતિયો વસી ગયો. ઘર, સંપત્તિ ને બીજી બાબતોથી એ સારો હતો. એમણે ચૌદ વર્ષની તરુના એ સત્તર વર્ષના યુવક જોડે વિવાહ કરી દીધા, ને ત્રણ વર્ષ બાદ લગ્ન લેવાનું ય નક્કી કરી નાખ્યું.

પરંતુ પેલા યુવકના નસીબમાં તરુ નહિ હોય, કે તરુના નસીબમાં એ યુવક—વિવાહ પછી સાતમે જ મહિને પેલો યુવક ટાઈફૉઈડ તાવથી મૃત્યુ પામ્યો.

એ છોકરાના ઉઠમણામાં ગયેલા કરસનદાસ, એ વખતે બીજો મૂરતિયો પાસ કરતા આવ્યા. પાસ કર્યો એટલું જ નહિ પરંતુ વિવાહ પણ કરતા આવ્યા. ઘેર આવી એમણે એ વાત પત્નીને કહી. પત્ની એ છોકરાને સારી રીતે ઓળખતી હતી. એ છોકરાના લફંગા-વેડાના કારણે જ પોતાની નાની બહેનનાં લગ્ન એની સાથે નહોતાં કર્યાં એય જણાવી, વિવાહ ફોક કરવા કહ્યું. કરસનદાસ શરૂ શરૂમાં મક્કમ રહ્યા, પરંતુ અંતે પત્ની પાસે હાર ખાવી પડી.

વળી પાછી મૂરતિયાઓની શોધાશોધ ચાલી. આ વખતે પતિ–પત્ની બંનેએ સાથે જ બધું જોવા માંડયું. ને અંતે એ બંનેએ એક મૂરતિયો પસંદ કરી નાખ્યો. લગ્ન પણ નક્કી કરી નાખ્યાં. બંને પક્ષે લગ્નની ધામધૂમ શરૂ થઈ ગઈ; કરસનદાસે હાશકારો લીધો : 'અંતે તરુનું ઠેકાણું પડ્યું ખરું !'

ને લગનના દિને વરરાજા જાન સાથે પરણવા આવ્યા. કરસનદાસ કેટલાક સ્નેહી સંબંધીઓ સાથે વરરાજા–જાનને લેવા સ્ટેશને ગયા.

પરંતુ વરરાજાને હિસ્ટીરિયાનું દર્દ હતું. ગાડીમાંથી ઊતરતાં ઊતરતાં હિસ્ટીરિયાની આંચકી આવી. વરરાજા પ્લેટફૉર્મ પર ગબડી પડયા. વરમાળા ક્યાંય ઊડી ગઈ. હાથમાંનું શ્રીફળ ચાર ફૂટ દૂર જઈ પડયું.

આ જોઈ કરસનદાસ ચમકી ગયા : 'હેં ! આ તો તમે મને જણાવ્યું જ નહોતું !' એ વેવાઈને કહી રહ્યા. 'ના, ભાઈ ! હું તમારા આવા છોકરા જોડે મારી લાખ રૂપિયાની દીકરી નહિ પરણાવું,' ને પાછા વળતાં સાફ સાફ કહી દીધું : 'એ હવે માંડવે આવશો જ માં ! વિવાહ–લગ્ન કાંઈ જ નહિ થાય !'

વરવાળા ચમકી ગયા. ઘડીભર મૂઢ બની એકબીજા સામું જોઈ રહ્યા. વરના બાપનું મોં ધોળી પૂણી જેવું થઈ ગયું. રઘવાયો રઘવાયો એ કરસનદાસ પાસે પહોંચ્યો : 'અરે દાસ ! આમ તે હોતું હશે ? એ તો એણે જીવનમાં પહેલીવાર ઉપવાસ......'

'બસ, બહુ થયું વેવાઈ ! જુઠ્ઠું ન બોલો. મારે કાંઈ દીકરી એમ ને એમ નથી આપવાની—રોકડા દશ હજારે ય સાથે આપવાના છે. ના, ભાઈ !'

'તો તમે દશ હજાર ન આપતા!' વરતો બાપ કહી રહ્યો; 'પણ આમ મારું છ્વતર કાં બગાડો? મારા ધોળામાં ધૂળ કાં નાંખો?'

'આવા હિસ્ટીરિયાના દર્દવાળા છોકરા જોડે મારી છોકરી હું હરગીઝ નહિ પરણાવું.'

'કરસનદાસ! ભાઈ!!...' વેવાઈ બે હાથ જોડી પાઘડી ઉતારતાં કરગરવા લાગ્યા.

'કાલા થાવ માં! એક વાર કહ્યું'તું ના કે હું....'

'પણ આમ મારો દીકરો પીઠી ચોળ્યો રઝળે! અમારે લીલા તોરણે પાછું જવું પડે....'

કદમ ઉપાડતાં કરસનદાસ ન બોલવાનું બોલી ગયા: 'એ લીલા તોરણે ન જવું હોય તો આ પેલી ભંગડીની જોડે દીકરાને વરાવી દો!' ને ખડખડ હસતા એ ચાલ્યા ગયા!

વેવાઇ અને જાનૈયા દિગ્મૂઢ બની ગયા. કરસનદાસની વર્તણૂક અને શબ્દોએ સૌને ઉશ્કેરી મૂકયા. 'એને પૈસાનું ગુમાન છે. એની છોકરી નહિ તો બીજા કોઇની.'

'પણ અત્યારે તો લીલા તોરણે રતો....'

'જુઓ; તમારે આબરૂ સાચવવી છે કે પૈસા જોવાના છે?' 'કાં?'

'ના, મારું કે'વું એમ છે કે એક મ્યાનમાં બે તલવારો ન રહે તેમ આ બે વાત સાથે નહિ બને. તમે એકાદ નક્કી કરી અને કો' તો હું અબઘડી રસ્તો બતાવી દઉં.'

'તો, તો ભાઈ! તારા જેવો કોઈ જ નહિ.'

'તો બોલો શું પસંદ છે?'

'આબરૂ જાળવવી એ જ અત્યારે મહા પ્રશ્ન છે.'

'તો ચાલો. આ ગામમાં જ ગોરધન ઉમરાળાવાળાની છોકરી છે. પરંતુ એની પાસે વાંકડાનો જોગ નથી. વગર વાંકડે લઇ જાવ.'

વરપક્ષવાળા ભેગા થયા. પા-અર્ધો કલાકની ગુસપુસ વાતો ચાલી. અંતે આબરૂ છ્તી. વર વગર વાંકડે પરણીને વહુ લઈ ચાલતો થયો.

*

કરસનદાસને ત્યાં જાનની રાહ જોવાઇ રહી હતી. માંડવે એક બાજુ જાનને વધાવવાની દોડધામ થઇ રહી હતી. કન્યાપક્ષની સ્ત્રીઓ દિવસોથી મોઢે કરી રાખેલ લગ્નગીતો લાંબા રાગડે ગાઇ રહી હતી. અને એમની સાથે હરીફાઈમાં ઉતરેલ શહેરમાંથી ભાડે લાવેલ ગ્રામોફોન પર સિનેમાની વિવિધ રેકાર્ડો વાગી રહી હતી.

ત્યાં તો સ્ટેશને જાનને લેવા ગયેલ કરસનદાસ અને બીજા ચાર-પાંચ માણસો આવી પહોંચ્યા. પરંતુ પાછળ જાન કે બીજા કોઈને ન જોતાં સૌના મુખ પર પ્રશ્ન છવાઇ ગયો. પણ કોઇને પૂછવાની જરૂર ન રહી. કરસનદાસે જ જવાબ દઈ દીધો: 'હાળા! ગમો પરણાવવા હાલી નીકળ્યા! ઉંહ....' ને તિરસ્કારભર્યું હસતાં બોલ્યા: 'એવા રોગાળા જોડે હું મારી કંચન જેવી દીકરી પરણાવું? હાથે કરીને કૂવામાં પડું એવો મૂરખ હું ખરો ને?'

'દાસકાકા! ભાભુમા તમને બોલાવે—અંદર.' એક નાનકી છોકરીએ આવી કહ્યું: 'અબ ઘડીજ જાવ!'

'એને વળી શું છે?' કહેતા કરસનદાસ અંદર ગયા. માંડવામાં અંદર અંદર ગણગણાટ રહી.

ઓરડામાં આવેલ કરસનદાસને અંદર બેસાડી, પત્નીએ બહાર જોઈ લીધું, ને પછી ઓરડો બંધ કર્યો. પાસે આવી દબાતા અવાજે કહ્યું : 'આ તમે શું કર્યું ?'

'તે તારે એવા રોગાળા જોડે દીકરી દેવી 'તી ?'

'હવે રોગાળો ને કૂબડો કરવા રે'શો તો કોઠીમાં મોં ઘાલી રોશો.'

'એટલે !!!' બહાર જવા કરતાં કરસનદાસ એકદમ પાછા વળી ઊભા રહી ગયા. એમના જમાના ખાધેલ મુખ પર અવનવા રંગ ફરી ગયા. કંઇક સમજમાં આવ્યું હોય એમ, પત્ની પાસે જઈ એના ખભા પર હાથ મૂકી બોલ્યા: 'તરુએ કાંઇ....'

'બાકી કાંઇ જ નથી રાખ્યું !' 'એટલે ?'

'એટલે, એટલે કરો છો, પણ ઈશારા ભેગા ય નથી સમજતા ?. તમ મરદજાતને શું કે'વું ?' કહેતાં પત્નીએ બે હાથે મોં ઢાંક્યું. એક આછેરું ડૂસકું મૂક્યું : 'લાખ વાર નાણી નાણીને જુઓ, પણ નસીબ ફરેલું હશે તો એ નાણી-કસોટીને લીધેલ વસ્તુ ય કથીર નીવડવાની.'

'હવે વાત સીધે સીધી કે'ને.' કંટાળો વ્યક્ત કરતાં કરસનદાસ બોલ્યા. 'બૈરાંની જાત ! જ્યાં ત્યાં મોણ ઘાલીને જ વાત કરવાની.'

'તો લ્યો સાંભળો ! તમારી દીકરીએ ધંધો કરી લીધો છે—બીજે બેઠો !'

'હેં !!' માથે હાથ દેતાં કરસનદાસ ત્યાં જ ફસકી પડ્યો. 'પણ ... પણ ... તું અત્યાર લગી ભસી કાં ન મરી ? રાં ... મા-દીકરી બેઉ પરભવના વેરી નીકળ્યાં તો ....'

'દીકરી કોની ? તમારી ના ?' ને ધીરેથી આગળ ચલાવ્યું : 'મને ય ખબર નો પડવા દીધી. એ તો એને નાવણ ચડ્યું ત્યારે મને જરા વે'મ આવ્યો. મેં પૂછ્યું તો પે'લા કે' કે કો'ક કો'ક વાર મોડું ય થઇ જાય. ટચૂકડી મને શિખામણ દેતી થઇ ગઇ ! મેં કાન પકડી એક અડબોત દેતાં કહી દીધું કે, દીકરી મારી ! આ તારી માને-ગાંગલી સમજતી માં ! બધું ય જાણે છે. સીધે સીધી કહી દે—નકર જીવતી ચીરી નાંખીશ.'

'પણ .... પણ .... હળી 'તી કોની જોડે ? આડોશ-પાડોશમાં કોઈ....'

'રામ રામ ! આડોશી-પાડોશીનું નામ ન લેતા. ઇ તો લાખ રૂપિયાના માણસો છે.'

'ત્યારે ?' 'ઓલ્યો તમારો સગલો ....'

'કોણ ?' 'વનિયો.' 'વનિયો ? મુંબઇવાળો ?'

'હા. ઇ હમણાં હમણાંથી બહુ આવતો'તો. મને તો જરા જરા વહેમ પણ ખરો, ને ખરું પૂછો તો મેં તમને ચેતાવેલા ય ખરા. પણ તમે તો ....'

'ના, ઇ તો મારા બેરુ નાયાનો દીકરો. લા .. ખ .. રૂપિયાનું માણસ !'

કરસનદાસની પત્નીએ ચાળા પાડ્યા : 'લ્યો લેતાં જાવ ! ઇ લાખ રૂપિયાના માણસની ભેટ !'

કરસનદાસ સ્તબ્ધ બની ગયા. મોં પર કાલિમા છવાઇ ગઇ. 'હે ભગવાન !' માથું ખંજવાળતાં એમણે ઓરડામાં બે ચાર આંટા માર્યા. એકદમ અટકી ગયા. ઝડપભેર પત્ની પાસે આવી ઊભા. ધીરા અવાજે બોલ્યા :

'બીજું કોઈ જાણે છે ?' 'શું ?' 'એ જ કે તરુને મહિના ....'

'ના.' 'કોઇ જ નહિ ?' 'તરુ, હું ને તમે—ચોથું કોઈ જ નહિ.'

કરસનદાસે ચપટી વગાડી : 'બસ, ત્યારે.'

'શું બસ ત્યારે ?'

'એ જ, હવે તું બોલતી નહિ.' ને મોં પર હાસ્ય લાવતાં કુટિલતાંલયું હસ્યા. 'એમ ડરી જાય એવો આ કરસનને જાણતી નહિ. એને બધીય જાતનાં ફેરબ કરતાં આવડે છે.' ને જાણે આત્મપ્રશસ્તિ અયોગ્ય રીતે થઈ ગઈ હોય તેમ સુધારી લેતા બોલ્યા: 'એ તો બધા આ પૈસાના ખેલ છે.' ને એ બહાર ચાલ્યા ગયા.

ઘરની ચોપાડમાં બેસી તેમણે ચારપાંચ આગેવાનોને એકઠા કર્યા. ખબર સાંભળ્યા કે આવેલ વર ગામમાં જ પરણીને ગયો ને નાક જાળવ્યું.

'ચાલો; એ પણ સારું થયું,' કરસનદાસે સમભાવપણું દર્શાવ્યું. 'પણ મારી તરફનું શું?' ને બેઠેલ સગાંસંબંધીઓ પર નજર ફેરવતાં આગળ ચલાવ્યું: 'છોકરી પીઠીચોળી છે. લીધાં લગન અટકે એ સારું નહિ.'

'હા, એ તો નાક જાય તેવું' કોઈકે બોલ્યું.

કરસનદાસે આંચકો અનુભવ્યો — જાણે સાચેસાચ એમનું નાક ગયું હોય એવો એમને ભાસ થયો. છતાંય મક્કમ રહેતાં એ બોલ્યા: 'જે થયું તે થયું. હું એ કહેવા માગું છું કે તમારા કોઈનો છોકરો . . . . લગનનો ખર્ચો મારો. ને ઉપરાંત રૂપિયા પંદર હજારના રોકડ–દાગીના આપીશ.'

કોઈ જ ન સળવળ્યું. સૌ એકબીજાના મોં જોઈ રહ્યા.

ત્યારે એક છેડે સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈ બેઠેલ એક આધેડ સ્ત્રીની નજર અને કાન બંને ચમકી રહ્યાં. પાસે બેઠેલ એક માનવી અને એ જરા દૂર થયાં. પંદરેક મિનિટની ગુસપુસ વાતો થઈ, ને પેલો માનવી પાછો આવી બેઠો!

'હરજીવનભાઈ શી વાત છે?' કોઈકે પૂછ્યું.

'જવા દો, દાસભાઈથી એ નહિ થાય' હરજીવને બેફિકરાઈ દર્શાવી.

'ના, ના; કહો તો' કરસનદાસે જ કહ્યું, 'બહેન કાંઈક કહેતાં હતાં ને?'

'એ તો જીવકોર એના છોકરાનું કહેતી હતી.'

'અરે, કહેતા શું નથી? જાવ; કબૂલ! મારે કાંઈ જ જોવું નથી. તમે છો તો પછી મૂરતિયામાં કાંઈ કવણ ઓછું હશે?' કરસનદાસ હર્ષઘેલા થઈ ઊઠ્યા.

'પણ દાસભાઈ! જીવકોર બીજું કં છે?'

'શું?!' 'એનો સુરેન્દ્ર કોલેજમાં ભણે છે.'

'અરે, તો તો સોનામાં સુગંધ . . .'

'પણ એ સુગંધ મેળવવામાં મોણ ઓછું પડે છે.'

'એટલે?'

'એટલે કે રૂપિયા વીસ હજાર પૂરા હોય તો . . .'

'વીસ હજાર!!'

'હા, ને છોકરાને લેવા તમારા ખર્ચે ગાડી અમદાવાદ મોકલવી.'

કરસનદાસ વિચારમાં પડ્યા; ધીરેથી બોલ્યા: 'તમે તો મને મારી નાખવાનું જ વિચાર્યું છે ના!'

ત્યારે હરજીવનદાસેય નફકરા બની સંભળાવ્યું: 'મારો ભાણો રસ્તામાં રેઢોય કર્યો પડ્યો છે? એમ કહો ને કે તમારું નાક જાળવવા મારી બહેન તૈયાર થઈ છે.'

કરસનદાસ દ્વિધામાં પડી ગયા. દીકરીએ કરેલું કામ જોડે ઉઘાડું થઈ જાય તો તો અત્યારે જે આબરૂ જવા બેઠી છે તે વહેલી જાય અને પોતાને ડૂબી જ મરવું પડે. તો બીજી બાજુ ગજા ઉપરવટ ખર્ચની વાત હતી. અંતે એમને હા પાડવી જ પડી.

અર્ધો કલાકની દોડધામ બાદ ગામના ઠાકોરની જીપગાડી કઢાવી. જીપમાં હરજીવન, જીવકોર અને બીજાં બે જણાં બેઠાં. જીપ અમદાવાદના માર્ગે દોડી. રાત્રે દશે ગયેલી જીપ પરોઢમાં ચાર વાગ્યે પાછી ફરી. જીપમાં વધારામાં એક ફૂટડો નવજુવાન હતો. એના દેખાવ પરથી લાગતું હતું કે એને એની કાચી ઊંઘમાંથી ઉઠાડી લાવવામાં આવ્યો હતો. અંગ પર સાદાં વસ્ત્રો હતાં.

સૂમસામ બનેલો માંડવો પ્રાણ આવ્યો હોય તેમ સળવળી ઊઠ્યો. આંખો ચોળતાં માંડવિયા બે ભાગમાં વહેંચાઇ ગયા. લગ્નમંત્રો બોલાયા, ને લગ્નની ધામધૂમ ઉકલી ગયા.

ત્યારે . . . .

કરસનદાસની આંખોમાં આબરૂ જળવાઈ ગયાનો સંતોષ હતો.

હરજીવનની આંખોમાં બહેનના ભાણાને સારા ઘેર ઠેકાણે પાડ્યાનો સંતોષ હતો.

જીવકોરની આંખોમાં દીકરાનું ધાર્યા કરતાં ય વિશેષ મૂલ ઊપજ્યાનો સંતોષ હતો.

સુરેન્દ્રની આંખોમાં જીવનમાં સેવેલા આદર્શવાદીના આદર્શોનું પ્રથમ સોપાન અણધારી રીતે સફળ કર્યાનો સંતોષ હતો.

નહોતો સંતોષ માત્ર તરુની આંખોમાં:-એની આંખોમાં ભાવિનો ભય હતો. પોતે અક્ષત નહોતી, પાપી હતી. પાપ પેટમાં હતું, એ પાપની જે દિવસે ખબર પડશે તે દિવસે . . .

ત્યારે એનો ફરેબી દુનિયા કેવો ઉકેલ કરશે ?

પોતાનું સ્થાન ક્યાં હશે ? ! !

સૌ કોઈ મનોમન માનતું અને મનાવતું હતું કે પોતે ઈડરિયો ગઢ જીત્યો છે. પરંતુ એ ઈડરિયો ગઢ રેતીનો હતો.

ને એ રેતીનો ગઢ તૂટી પડ્યો મધરાતે જ.

તરુના જીવનની એ માઝમ રાત કાળરાત્રી હતી. એના હૈયે હજાર હજાર વીંછીના ડંખની વેદના હતી.

ને પાપ પરખાઇ ગયું.

ઘડી પહેલાંનો, ગેલ કરવા આવેલ નાવલિયો ક્રોધથી ગાંડો બની ગયો. એણે તરુની પાસે સત્ય માગ્યું. તરુ અવાક્ થઈ ગઈ. એ શહેરી, સુધરેલા કોલેજિયને તરુને મારી નાંખવાની ધમકી આપી. તરુ ડરી ગઇ. એણે વીતક કહી દીધી.

સુરેન્દ્ર એને છોડીને ચાલ્યો ગયો. માને એણે ખરી વાત કહી તતડાવી, જીવકોરની આંખો ખુલી. ઓહ ! કેવો ફરેબ ! પૈસાના લોભે એ દીકરાનું જીવન વેડફી બેઠી.

એક અઠવાડિયા સુધી સુરેન્દ્ર ઘરમાં કોઇની જ જોડે ન બોલ્યો. તરુ સૂનમૂન બની ગઈ હતી.

અંતે, સાતમે દિવસે સુરેન્દ્રે તરુને બોલાવી : 'તરુ !' નતમસ્તકે તરુ સુરેન્દ્ર આગળ કંપતી આવી ઊભી. 'તરુ ! મેં ખૂબ મનોમંથન કર્યું. આપણે સૌ મનચાહી વસ્તુ પામવાના ફરેબમાં અટવાઈ ગયાં. ભલે, બનવાકાળ બની ગયું. ડરીશ નહિ. હું તને સ્વીકારીશ...'

'નાથ ! . . . . ' તરુ સુરેન્દ્રના પગમાં ઢળી પડી. એનાં આંસુઓ સુરેન્દ્રના ચરણો પખાળી રહ્યાં.

★

ગુજરાતનાં લગ્નગીતો

જોરાવરસિંહ ડી. જાદવ

"લગ્ન એ સ્વર્ગનું પગથિયું છે. લગ્ન એ બે હૃદયનું મિલન છે."

—ન્હાનાલાલ

"કવિતા લગ્નમાંથી ન જાગે તો પછી બીજે કયાંથી જાગે ! સર્વ કાવ્યોનું મહાકાવ્ય તે લગ્ન. સર્વરસનું સાચું ઝરણુ ને જીવનના સર્વરુધિરની સાચી નસ તે આ લગ્ન."[1]

જેમ આપણા કવિઓએ પોતાનાં કાવ્યોમાં લગ્નપ્રસંગને સ્થાન આપ્યું છે તેમ આપણા લોકકવિઓએ લગ્નગીતો મીઠી હલકથી ગાયાં છે. 'લગ્ન એ તો જીવનનું મહાકાવ્ય છે.' લગ્નપ્રસંગ માનવ જીવનનો મહામૂલો પ્રસંગ છે. લગ્નસમય દરમ્યાન જુદે જુદે પ્રસંગે ગવાતાં અનેક પ્રકારનાં લોકગીતો મળી આવે છે. એ ગીતો કેવાં સુંદર અને મધુર હોય છે !

"લગ્નોત્સવના થોડા દિવસ પ્રહેલાં વરકન્યાનાં બન્ને ઘરો પ્રભાતિયાંના મંગલસૂરે ગુંજતાં રહે છે, જાણે કે પ્રત્યેક પંક્તિએ મંગલભાવનાઓના ધૂપ દેવાઈ રહ્યા છે. ઘરમાં જાણે શબ્દો વડે દેવ–આરતીના ડંકા પડે છે. ઊગતા સૂર્યના તેજનાં, રાંદલ આદિત્યની પ્રેમલીલાનાં અને લગ્નજીવનના જે કાંઈ આદર્શો હોય તેનાં સ્તવનો વડે એક બાજુથી પ્રભાતને સ્વાગત દેવાય છે, ને બીજી બાજુ સૂતાં સ્વજનોની નિદ્રા ઉડાડાય છે."[2] :

સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણુરી કે વા'સેલાં ભલે વાયા રે
સૂતા જાગો રે વાસુદેવના નંદ કે ,, ,, ,,
તમે જાગો રે જાગે સહુ દેવ કે ,, ,, ,,
લેજો લેજો પિતળના લોટા કે ,, ,, ,,
દાતણુ કરજો રે તુલસીને ક્યારે કે ,, ,, ,,
મુખ લ્હોજો રે પામરિયોને છેડે કે ,, ,, ,,
નામ લેજો રે શ્રી રામના કે ,, ,, ,,[3]

(પછી ભાઈ–ભાભી વગેરેનાં નામો લઈને આ ગીત ગવાય છે.)

લગ્ન સમય દરમ્યાન શુભક્રિયાનો આરંભ દુઃખભંજક દુંદાળા ગણેશની સ્થાપના અને સ્તવનથી જ થાય છે :

પરથમ ગણેશ બેસારો રે
  મારા ગણેશ દુંદાળા !
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા
ગણેશજી વરદાન દેજો રે !
  મારા ગણેશ દુંદાળા !

---

1. 'ચુંદડી' : ઝવેરચંદ મેઘાણી.
2. ઝવેરચંદ મેઘાણી.
3. ગુજરાતનાં લોકગીતો – લગ્નગીતો : માધુભાઈ પટેલ.
4.

લગનના દિવસો નજીક આવતાં લગ્નવાળા ઘેરે આડોશી પાડોશી તથા સગાસંબંધીઓ ભેગાં થાય છે. બારણે ઢોલ શરણાઈ ત્રાસાંથી વાતાવરણ આનંદદાયી બને છે. શુભ મુહૂર્ત જોઈને લગન લખાય છે, કંકુ છાંટીને કંકોતરી લખાય છે. ગોરમહારાજ બધે વહેંચવા માટે જાય છે. પણ માંડવે કંકોત્રી કઈ રીતે મોકલાય છે? લોકકવિએ દેવપંખી મોરલાને જ દૂત કલ્પ્યો છે:

મોર, તારી સોનાની ચાંચ
મોર, તારી રૂપાની પાંખ,
સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય.
મોર જાજે ઉગમણે દેશ
મોર જાજે આથમણે દેશ
વળતો જાજે રે વેવાયુને માંડવે હો રાજ!
વેવાઈ મારા સૂતા છે કે જાગ
વેવાઈ મારા સૂતા છે કે જાગ.
બાણુભાઈ વરરાજે સીમાડી ઘેરી માણારાજ!

સગાસંબંધીઓને નોતરાં પણ કેવી રીતે દેવાય છે? લોકકવિની કલ્પના પ્રફુલ્લ પરિમલની માફક ખીલી નીકળે છે:

'લીલી પાંખનો ભમરલો રે
ભમીઓ દેશ પરદેશ જો
જાજે રે ભમરા નોતરે.
પહેલું તે નોતરું સુરત ગામે
રાતે ચુંદલે એનીબા અમારાં

(આમ જુદા જુદા સંબંધીઓનાં નામ દઈને આ ગીત ગાવામાં આવે છે.)

કોડિલી કન્યાએ તો પોતાના ભાવિ સ્વામીનાથને એક છાની પત્રિકા ભમરા જોડે મોકલી દીધી. તેણે શું લખ્યું હતું?—

રાયવર વહેલેરા આવ, સુંદરવર વહેલેરા આવ.
તારા ઘડિયા લગન રાયવર વહી જશે રે.

ત્યારે મૂરતિયો મોંઘો થાય છે. તે શો જવાબ આપે છે?—

હું તો કચરાની ચોરીએ નહીં પરણું
હું તો પતરાને તોરણ નહીં પરણું
હું તો લાકડાને બાજોઠ નહીં પરણું
ઘડીએ ન મોડો પરણીશ,
ઘડીએ ન વહેલો પરણીશ.

બિચારી ભોળી કન્યા નાળિયેરના તોરણ, રૂપાના બાજોઠ અને ત્રાંબાની ચોરીની વાત કરે છે. ત્યારે પણ વરરાજા તો માનતા નથી, નવી હઠ પકડે છે. આ હઠની પાછળ નિર્દોષ આનંદ અને મીઠી મશ્કરી જ હોય છે. તે કહે છે:

ચૈતર વૈશાખના તડકા રે પડશે
ધોરી બળદના પગ રે તળવાશે.
ગોરા જાનૈયા રેજે ભરાશે
ગોરી જાનડીઓ શામળી થાશે.

પણ કન્યા તો મીઠાં કામણ કરી જાણે છે. પોતાના વાક્ચાતુર્યથી વરરાજાનું હૃદય જીતી લે છે. વરરાજા માની જાય છે.

લગ્નસમય તો આનંદ આનંદ જ હોય છે. વરરાજાની બહેન પણ કેવી ખુશ ખુશ હોય છે. તે પોતાની સાહેલીઓ સાથે મધુર ગીતોની રમઝટ બોલાવે છે :

" માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો;
તારા ગજરાને માનશું મુજરો...માલણ૦
તારા ગજરાનું આપીશ મૂલ, મહિ ગુંથજે ગુલાબનું ફૂલ
જે તું કહીશ તે કરશું કબૂલ...માલણ૦
જેવી હોય તારી ચતુરાઈ, તેવી કરજે તેમાં સરસાઈ
કાંઈ બાકી ન રાખીશ બાઈ...માલણ૦"[૪]

લગ્નદિવસ આડે બે વરષ બાકી રહે ત્યારે મોળિડા મોળિયા અને ફૂલ-વીંજણા માલણ ફૂલગુલાબી ગજરા કરંડિયા ભરીને રંગબેરંગી ફૂલો લાવે છે. આડોશી પાડોશી સગાંસંબંધી કુટુંબ કબીલા મામા મોસાળ સૌ ભેગાં થાય છે. શુભ મુહૂર્ત જોઈને માંડવો રોપાય છે. ઢોલ શરણાઈ વાગે છે અને ગીતોના મધુર સુરો ગુંજે છે:-

"ઊંચો માંડવ મધતેલો રોપાવો રે
લીમજી નવલા સાજન આવશે.
માંડવલામાં બાજઠડાં મેલાવો રે લીમજી...
બાજઠડા પર સોગઠડાં મેલાવો રે
સોગઠા રમશે બાળુભાઈ વીરા રે"[૫]

'મારે માંડવે રે હીરનો દોર ચીરનો દોર ઘૂઘરિયાળાં ગોદડાં'[૬]
'મધ બેઠું રે લીલા માંડવા હેઠ કે મધડાં રે રળિયામણાં'[૬]
'મારે માંડવે રે સોનાના થંભ રૂપા કેરી વળિયું રે.'[૬]

પછી તો વરરાજાને પીઠી ચોળવાની વિધિ થાય છે. ટીખળી સૌજાઈને યાદ આવી જાય છે કે વેવાઈને ઘેર કન્યા સૌંદર્ય વધારવા માટે પીઠી ચોળાવતી હશે એટલે ભાભીએ દેવરને વિશિષ્ટતા જાળવવા માટે દૂવા દીધી:

પીઠી ચોળે પીઠી ચોળે પિતરાણી
હાથ પગ ચોળે રે વરની ભાભી

---

૪ આ ગીત દલપતરામ રચિત છે. પણ લગ્નમાળામાં ગુજરાતને ગામડે—ગામડે ગવાતું હોવાથી લોકહૈયે વસીને લોકગીત બની રહ્યું છે.

૫ 'ગુજરાતનાં લોકગીતો': મધુભાઈ પટેલ.

૬ લોકસાહિત્ય માળા-ભા. ૨ 'ભાલપ્રદેશનાં લોકગીતો': સં. જોરાવરસિંહ જાદવ.

મુખડાં નિહાળે રે વરની માતા!
પે'લી પીઠી ચડશે રે મારા જિયાવરને
ઊતરતી ચડશે રે પેલી છોડીને!
પડતી ફેરી ખાશે રે મારા જિયાવર.
ગોટલા તો ચૂસશે રે પેલી છોડી રે.

પછી તો માથામાં તેલ સીંચી, પીઠીનું મર્દન કરી, વરરાજાને નવરાવી, બાજોઠે બેસાડી, આંખોમાં કાજળ આંજી કપાળે ચાંલ્લો કરી કાને મસો કરીને વરને માંડવા નીચે પસ ભરાવાય છે. ત્યારે બહેન પોતાના ભાઈને આનંદથી ચીડવે છે: 'કાં મોટાભાઈ! લગ્ન કરવાની ના પાડતા હતા ને હવે?'

કળજુગના વાયરા, સરકારી કાયદા
બાબુભાઈ પરણ્યા વિના કેમ ચાલશે!
કહો તો બાબુભાઈ વીંટી ઘડાવી દઉં,
મીનો પુરાવી દઉં, પરણ્યા વિના કેમ ચાલશે!
કહો તો બાબુભાઈ ઘડિયાળ મગાવી દઉં,
પટ્ટો ઘડાવી દઉં, પરણ્યા વિના કેમ ચાલશે?
કળજુગના વાયરા ને સરકારી કાયદા!

સાંજ પડતાં તો ચોરે નગારા ઉપર દાંડી દેવાય છે. ઝાલર અને શંખના અવાજ સંભળાય છે. ઠાકોરજીની આરતી ઊતરે છે ત્યાં માંડવે તો ફૂલેકાની તૈયારી ચાલે છે. ઘોડીને સોળે શણગારથી સજાવવામાં આવે છે. જીન ઉપર હીર અને અટલસથી ભરેલી અને છેડે ઘૂઘરિયો ટાંકેલી ગાદલી ઉપર વરરાજાને બેસાડીને વાજતે ગાજતે ફૂલેકુ ગામમાં ફરે છે. ગામની સ્ત્રીઓ ફૂલેકામાં સાથે ફરે છે. સ્ત્રીઓ નાળિયેર અને ફૂલો, કંકુ અને ચોખાથી વરને વધાવે છે, હાથ ગરણું કરે છે. ગીતો ગાય છે:

આ ખાદીનો સાફો ભરતે ભર્યો
આવેલો ઊભલાને દેશ રે, આ સાફો ક્યાંથી વાપર્યો!
ઓઢી પહેરી ... ભાઈ નિસર્યા
જોઈ રહ્યા ગામના નગર શેઠ રે.
આ ખાદીની સાડી ભરતે ભરી
ઓઢી પહેરી ... વહુ નિસર્યાં
જોઈ રહ્યાં ગામનાં શેઠાણી રે.
એમના દાદા દિલ્હીના દીવાન છે.
રાજકોટના રજવાડા, સુરજના સરદાર,
મુંબઈના મવખારા, ગાંધીજીએ ભેટ મોકલી.૭

૭. લોકસાહિત્ય માળા, મણકો ૨—'ભાલપ્રદેશનાં લોકગીતો': જો. દા. બારૈયે.
... નામ બોલવું.

લગ્નને દિવસે વેલડીને શણુગારવામાં આવે છે. વેલમાં વરરાજા પરણવા જાય છે. માતા તેના મીઠડા લઈને આશિષ આપે છે. વેલના [8]પૈને નાળિયેરના પાણીથી સિંચવામાં આવે છે. શુકનમાં સાથે શ્રીફળ આપવામાં આવે છે. ધમધમ કરતી વેલડી ચાલી નીકળે છે. બળદ પર નાખેલી હીરના ભરત ભરેલી ઝૂલ્યોનાં આભલાં સૂરજ સામા સનકારા કરે છે. ઘૂઘરા વાગે છે. બળદોના શિંગરોટિયાં, મખિયાડા, અને રંગબેરંગી મોરલા હવામાં ઊડે છે. વરરાજાની બહેન ત્રાંબાના [9]કળશ્યામાં સોપારી અને પૈસો નાખીને વરને માથે વગાડે છે. જાનડીઓ ગીતોની રમઝટ બોલાવે છે:

> કોયલ બેઠી જૂનાગઢને ગોંખ
> મોરલિયો બેઠો રે ગઢને કાંગરે હો રાજ!
> કોયલ માગે રે સુંદરીઓની જોડય.
> ...ભાઈ માગે રે લાડિયેલ લાડડી હો રાજ![12]
> કોયલ બેઠી જૂનાગઢને ગોંખ
> મોરલિયો બેઠો રે ગઢને કાંગરે હો રાજ!
> કોયલ માગે અંગડીઓની જોડય
> ...ભાઈ માગે રે લડિયેલ લાડડી હો રાજ![12]

સાંજના સમયે જાન સાસરાના ગામ આવીને ઊભી રહે છે. પાદરની શાળામાં ઉતારો કરે છે. પછી વાજતે ગાજતે વરરાજાના સામૈયા થાય છે. સાસુ વરરાજાને પોંખે છે. પછી જાન ઉતરિ જાય છે. જમવાનો વખત થતાં માંડવાપક્ષ તરફથી [10]હજામ જમવા માટે બોલાવવા જાય છે. જાનૈયા માંડવે જમવા માટે આવે છે. જાન જમે છે ત્યારે માંડવાપક્ષની સ્ત્રીઓ જાનૈયાઓની મીઠી મશ્કરીઓ કરીને વિનોદ ગીતો અને ફટાણાની રંગત જમાવે છે:

> [11]. સામે ચુલે મસુરીઆની દાળ
> વેવાઇ થોડી થોડી ખાજો મસુરિયાની દાળ
> તમારા પેટડિયામાં દુઃખશે „ „
> તમારા પેટડિયામાં એતર બોલે, લેતર બોલે,
> ગામના ગધાડા બોલે, શેઢાની શિયાળ બોલે,
> હોલો કહે છે ઘૂ ઘૂ ઘ ઘૂઘ.

એક પૂરું થાય ન થાય ત્યાં તો બીજું ઉપાડે છે:

> કાખમાં સૂંડલો ને બહુ લાડય લેવા જાય.
> મારા રાસુભાઇની છોડિયુંના કાન કરડી જાય.
> મારી સ્વપ્નધેડી રહેજે પલંગ પર શીશી ઢળી.[12]

---

[8] પૈડાં.
[9] ત્રાંબાની લોટી.
[10] કુંભાર પણ જાય છે.
[11] ચૂલા ઉપર
[12] લોકસાહિત્ય માળા-૨ 'ભાલપ્રદેશનાં લગ્નગીતો' સં: જો. દા. ગાંધી.

આવી ગયા, બેસી ગયા, ચાવી ગયા,
બણુભાઈની ફાંદ ઉપર દો દો નિશાન
મારી સ્વપ્નઘડી રહેજે પલંગ પર શીશી ઢળી.

બીજે દિવસે મંડપ નીચે ચોરી રચાય છે. માયરા થાય છે. ઘડમાંચી ઉપર વરરાજા અને બાજોઠ ઉપર કન્યાને બેસાડાય છે. અગ્નિની સાખે બંનેનું મિલન યોજાય છે. ત્યારે સ્ત્રીઓ કેવાં સુંદર મંગલગીતો ગાય છે :

માયરામાં પહેલું મંગળ વરતાય રે[૧૨]
પહેલે [૧૩]ગવરીના દાન દેવાય રે
બીજે ચાંદીના દાન દેવાય રે
ત્રીજે સોનાના દાન દેવાય રે
ચોથે મંગળ કન્યાદાન દેવાય રે.

બીજા ગીતમાં કન્યાને શિખામણ દેવાય છે :

ત્રાંબાકુંડી નવગજ ઊંડી, તે ઘર બેની પરણજે રે
માતા જેવાં સાસુ હોય તો, તે ઘર બેની પરણજો રે
પિતા જેવા સસરા હોય તે ઘર બેની પરણજો રે
બેની જેવાં નણદી હોય તો તે ઘર બેની પરણજો રે
વીરા જેવા દીયર હોય તો તે ઘર બેની પરણજો રે.[૧૨]

"માંડવામાં માનવ મેદનીની હાજરી છે. તેમની વચ્ચે વર-વધૂના પ્રથમ પ્રેમલ હસ્ત-મેળાપ પણ છે. એક બાજુ સમાજની લાજ મરજાદ છે; તો બીજી બાજુ હથેવાળા વાટે પરસ્પર દેહ-વીજળીના ચાલતા મધુર સંચાર પણ છે. દૂધેલરી થાળીમાં બંને હાથ કોડીની રમતો રમી રહ્યા હોય તો તે સામે ગોત્રેજ દેવની પાપ-ડારતી જ્યોત પણ બળતી રખાયેલી હોય છે. સહુના દેખતાં વર-વધૂનું પહેલી વારનું સહભોજન પણ ત્યાં જ થાય છે. તે સામે અગ્નિદેવની ચોકી પણ ત્યાં જ ઊભી હોય છે. પુરોહિતના ધર્મ-મંગલ મંત્રોચ્ચારની જોડાજોડ સગાંવહાલાંના મીઠા પરિહાસ પણ ત્યાં જ ચાલે છે."[૧૪] વિનોદ ગીતોની ગંગા આગળ વહે છે. મંડળની સ્ત્રીઓનો હર્ષ હિલોળે ચડે છે. તેમનો આનંદ રોકયો કેમ રોકાય ? :

રતનબા ચાંદાનું ચાંદરડું રે	રતનબા નિશાળે ભણવાને ગ્યાંતાં
માવસંગ જમાઈ વગડાનું વાંદરડું રે	માવસંગ જમાઈ માસ્તર થઈને ગ્યાતા
રતનબા પાણીડાં ભરવાને ગ્યાતાં રે	રતનબા મોટરમાં ફરવા ગ્યાંતાં
માવસંગ જમાઈ પખાલી થઈને ગ્યાતા રે	માવસંગ જમાઈ ડ્રાયવર થઈને ગ્યાતા
જમાઈડે બહુ રે કલ્પના કીધી	જમાઈડે બહુ રે કલ્પના કીધી
ત્યારે અમે દેવકન્યા દીધી.	ત્યારે અમે દેવકન્યા દીધી.[૧૫]

૧૨. લોકસાહિત્ય માળા-૨ 'ભાલપ્રદેશનાં ગીતો' સં. : જો. દા. જાદવ.
૧૩. ગાય.
૧૪. ચુંદડી : ઝ. મેઘાણી
૧૫. લોકસાહિત્યમાળા-૨ 'ભાલપ્રદેશના ફટાણાઃ સં. : જો. દા. જાદવ.

આમ આનંદમાં ને આનંદમાં ચોરી અને માયરા પૂરાં થાય છે અને જાન જમવા જાય છે.

સાંજના સમયે વરકન્યા લગ્નની યાદીના પ્રતીકરૂપે આડોશી પાડોશીને ઘેર કંકુના થાપા મારવા જાય છે. પછી ઢોલ શરણાઇના સૂરો વચ્ચે જાન બારોટે છે.

બીજે દિવસે વહેલી સવારનાં જાન જવાની તૈયારી કરે છે. વેલડીમાં મા આટલું બંધાય છે. પૈડા ઉપર નાળિયેરનું પાણી સિંચાય છે. કન્યાનાં માતાપિતા દાદા અને સગાંસંબંધી સૌ પાદર સુધી વળાવવા આવે છે. વાતાવરણ કારુણ્યથી ઘેરું બને છે. કન્યા રડતે હૈયે માતપિતાને અને દાદાને પગે પડી મૂક આશિષ માગે છે:

દાદાને આંગણે આંબલો, આંબલો ઘેર ગંભીર જો
એક તો પાન મેં ચુંટિયું, દાદા ગાળ ન દેશો
અમે રે લીલા વનની ચરકલડી, ઊડી જાશું પરદેશ જો
આજ રે દાદાજીના દેશમાં, કાલે જાશું પરદેશ જો.
દાદાને વહાલા દીકરા, અમને દીધા પરદેશ જો.

વાતાવરણ કરુણભાવનાની પરાકાષ્ટાએં પહોંચે છે. માતપિતા પોતાની વહાલી કન્યાના વિયોગ માત્રથી ધ્રુજી ઊઠે છે. તેમની આંખમાં આંસુના ધોધ ઉમટે છે. તેઓ સ્તબ્ધ બનીને ઊભાં રહી જાય છે. સાહેલીઓ સાસરે જતી પોતાની બહેનપણીને શિખામણું આપે છે:

આ દશ આ દશ આંબલી, આ દશ દાદાનાં ખેતર,
દાદાને આંગણ આંબલો, આંબલો ઘેર ગંભીર જો.
સાસરાના સઅડક ઘૂમટા, સાસુને પાયે રે પડજો,
જેઠ દેખી જીણાં બોલજો, જેઠાણીનો વાદ ન વદશો.
નાનો દેરીડો લાડકો, તેનાં હસણાં ખમજો,
નાની નણંદ જશે સાસરે, તેનાં માથડાં ગુંથજો.
માથા ગુંથીને સાસરે વળાવજો..........

ત્યાં તો મધુર ગીતોના ગુંજારવ સાથે વેલડી ચાલી નીકળે છે. સીમાડા સુધી કન્યાના ડૂસકા જ સંભળાય છે. જાન વરરાજાને ઘેર આવે છે. ઘેર સામૈયા થાય છે. માતા વધાવે છે. વરકન્યા ગલાલે રમે છે. પછી ગોત્રજ આગળ રૂપિયે રમે છે. જે રૂપિયો જીતે તેનું ઘરમાં ચલણ રહે એવી કાલ્પનિક લોકમાન્યતા છે. પછી કુળદેવતા આગળ જઈને છેડા છેડી છોડે છે. અને વરકન્યા સંસારજીવનમાં મંગળ પગલાં માંડે છે.

લગ્ન એ આપણી સંસ્કૃતિનું જ પ્રતીક છે ને? આજે શહેરોમાં લગ્નગાળા દરમ્યાન સિનેમાની નખરાળી રેકોર્ડો અને બેન્ડવાજાં જ વાગે છે. શહેરની સન્નારીઓને લગ્નનાં મંગલ ગીતો ગાતાં શરમ લાગે છે. (ઘણાંને ગાતાં જ નથી આવડતું તેથી શરમને નામે છૂપાવે છે.) લગ્ન એ તો માનવજીવનનો મહામૂલો આનંદ અને ઉલ્લાસનો પ્રસંગ છે. આને તો મંગલ ગીતોથી વધાવવો જ જોઈએ.

卐

દત્ત-અવધૂત-અંક : 'મંગળ મંદિર'નો વિશેષાંક

સંપાદક: મંગળજી ઉદ્ધવજી શાસ્ત્રી, નાની હમામ, ઘીકાંટા રોડ, અમદાવાદ. કિંમત રૂ. ૪=૦૦ પૃષ્ઠ ૩૧૨

ગુજરાતી ધર્મસાહિત્યમાં ભગવાન દત્ત વિશે જે કંઈ સાહિત્ય ઉપલબ્ધ છે તે જોઈએ એટલા પ્રમાણમાં સર્વાંગી અને સંપૂર્ણ નથી. આથી દત્તના જીવન, જ્ઞાન, ભક્તિ અને દર્શન જેવાં વિવિધ પાસાંઓને આવરી લેતું સાહિત્ય આ 'મંગળમંદિર' માસિકના વિશેષ અંકમાં પીરસવામાં આવ્યું છે. આ પ્રકારના અભ્યાસીઓ અને પ્રમાણભૂત વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખો સંપાદિત કરીને શાસ્ત્રી મંગળજીએ ગુજરાતના ધાર્મિક સાહિત્યમાં એક પ્રશંસાપાત્ર સેવા કરી છે. દત્ત વિશે સમગ્ર ખ્યાલ મેળવવા માટે આવું પ્રમાણભૂત સાહિત્ય એકત્ર કરીને આ દળદાર અંકને એક વિશિષ્ટ પ્રકારનો અંક બનાવ્યો છે.

ગુરુદત્તનાં મંદિરો અને બીજાં એમનાં સ્થાનો વિશે એક સંપૂર્ણ યાદી આપીને ભારતવર્ષમાં ભગવાન દત્તના જીવનની અસર આજે પણ કેવી ઉત્તમ રહેવા પામી છે એનો સંપૂર્ણ ચિતાર આમાં આપવામાં આવ્યો છે.

આવા અભ્યાસપૂર્ણ ને વિદ્વત્તાભર્યા લેખો ઉપરાંત ભગવાન દત્તને લગતી રોચક અને બોધક કથાવાર્તાઓ અને કાવ્યોનો પણ આ અંકમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને એના પરિણામે સામાન્ય વાચકને પણ ભગવાન દત્ત વિશે સારી એવી માહિતી સાંપડી શકે છે.

જરા વિસ્તારથી અવલોકન કરતાં જણાય છે કે આમાં પ્રથમ ખંડમાં વિદ્વાનોને હાથે લખાયેલા સંશોધનદૃષ્ટિવાળા વિદ્વત્તાભર્યા લેખો છે; બીજા ખંડમાં દત્તાત્રય અને એમના ભક્તો તથા સાધુસંતોની સુંદર અને રોચક શૈલીમાં ચરિત્રકથાઓ અપાઈ છે; માનવજીવનને પ્રગતિને પંથે લાવી મૂકે એવા પ્રકારનાં કથાનકો છે; ત્રીજા ખંડની અંદર ભગવાન દત્તાત્રયની ઉપાસનાનાં તીર્થક્ષેત્રોની યાદી આપી છે.

આમ, ત્રણ ખંડોના વાચન બાદ વાચકને સહજ ખ્યાલ આવે છે કે દત્ત કેવા સહિષ્ણુ, નિષ્ઠાવાન અને ઉત્તમોત્તમ વિભૂતિ હતા. આજના વર્તમાન યુગમાં આપણી આધ્યાત્મિક સંપત્તિનો દૂર હ્રાસ થતો જોવાઈ રહ્યો છે એ વેળા, આ વિશિષ્ટ અંક આધ્યાત્મિક જીવનદૃષ્ટિમાં નવો જ પ્રાણ પૂરે છે.

અને ખાસ મહત્ત્વની તથા ગુજરાતની ધાર્મિક જનતા ગૌરવ લઈ શકે એવી બીના તો એ છે કે આ અંકની પ્રથમ આવૃત્તિ ગણતરીના દિવસોમાં જ ખલાસ થઈ ગઈ અને એથી એની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આવો દાખલો ગુજરાતી સામયિકોના ખાસ અંકોમાં કદાચ પ્રથમ જ હશે. આ જ બીના એની લોકપ્રિયતા અને ઉપયોગિતાની પ્રતીતિ કરાવે છે.

卐

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૨૧

સ્નેહી ભાઈશ્રી,

લગ્નોત્સવ આપણા અને લગ્નોત્સવ વિલાયતના વિશે મારે કેટલાક અંગ્રેજ મિત્રો સાથે માહિતીની આપલે થઈ હતી અને આ આપલેમાંથી થયેલા રહસ્યસ્ફોટથી બન્ને પક્ષે આશ્ચર્ય અનુભવ્યું હતું—મારા કરતાં એ લોકોએ સવિશેષ!

"શી વાત કરો છો, મિ. ગાંધી! અરેબિયન નાઈટ્સની વાતો તો નથી કરતા ને? તમારા દેશની જનતા તો ખૂબ ગરીબ છે તો પછી લગ્નો પાછળ શા માટે આવો પૈસાનો ધુમાડો કરે છે? અમારો સમાજ પૈસેટકે સુખી—ઍફ્લ્યુઅન્ટ—છે છતાં અમે લગ્નોત્સવ ઉજવવા ઘણો ઓછો ખર્ચ કરીએ છીએ. ચર્ચ-મેરેજ હોય કે રજિસ્ટર્ડ મેરેજ હોય પણ લાંબોચોડો કશો વિધિ જ નહિ. ધર્મગુરુ કે રજિસ્ટ્રાર સમક્ષ વરવધૂએ અન્યોન્ય વફાદારીના શપથ લેવાના, વીંટીની આપ-લે કરવાની અને પછી નિકટનાં જ પચીસથી પચાસ સ્નેહીઓ સાથે ડ્રિન્કસ અને ભોજન લઈને છેલ્લે ડાન્સ કરવાનો. પછી થોડો છૂટો—બન્ને જણ ઊપડી જાય મધુરજની માણવા! સોમાંથી નવ્વાણું લગ્નો તો આવાં જ થાય છે. ફક્ત કોઈ અમીર, ઉમરાવ, શાહજાદા કે કંપની ડાયરેક્ટરને ત્યાં લગ્નોત્સવ હોય તો જ બસો પાંચસો મહેમાનોને 'બેન્ક્વેટ' જમાડવામાં આવે છે. પણ તેવાં લગ્નો હવે તો જવલ્લે જ જોવા મળે છે."

આ ચિત્રની સામે મેં આપણા રીતરિવાજોનાં ચિત્રો રજૂ કર્યાં. પહેલું તો લગ્ન પહેલાં મહિનાઓથી કરવામાં આવતી તૈયારીઓનું ચિત્ર—વડી પાડવાના, પાપડ વણવાનાં અને લગ્નગીતો ગાવાનાં નોંતરાં, મોંઘાં કપડાં અને ઘરેણાંની ખરીદીઓ; ઘી, તેલ, ઘઉં, ચોખા, મસાલા ભરી લેવાની દોડધામ, કંકોત્રીઓ લઈને ઘેરઘેર સર્વેજનનાં નોંતરાં દેવા જવાનું; રીસેપ્શનની અને જમણની જુદી જુદી કંકોત્રીઓ છપાવવાની, 'ખાણી ઘાલવાની', વરવહુને પીઠી ચોળવાની, 'જાન'ને ઉતારો આપવાનો, તે બધાને ચા નાસ્તા અને બપોરના દાળભાત દરરોજ ખવડાવવાના, ગામેગામથી મહેમાનો લગ્નમાં હાજરી આપવા ખાસ દોડી આવે (ચાલે કંઈ!) તે બધાના નહાવા, ધોવાં, જમવાની વ્યવસ્થા કરવાની વગેરે વગેરે. પછી લગ્નવિધિ અને લગ્નોત્સવનાં ચિત્રો રજૂ કર્યાં—મંડપ મુહૂર્ત અને ગ્રહશાંતિ, સાસુ પોંકે અને વરરાજાનું નાક ખેંચે, ચોરી અને માંયરું, સપ્તપદી અને હસ્તમેળાપ (સમય વર્તે સાવધાન!), ચાંલ્લા લખાવવાનો ગલ્લો અને ભેટસોગાદ લખાવવાનો ચોપડો, રીસેપ્શનમાં પાન, ગુલાબ, આઈસક્રીમ, શરબત વગેરે, વિદાયગીરીનો વરઘોડો અને બેન્ડવાજાં, રોશની, આતશબાજી અને ગરબા, અને છેલ્લે જમણની પંગતો—"દાળ તમારે દાળ; બરફી તમારે બરફી, ભજિયાં તમારે ભજિયાં, ભાત કાઢો ભાત, અલ્યા એ આ બાજુ પાણી ફેરવ!..."

આટલાં વર્ણનથી અંગ્રેજ મિત્રો સ્તબ્ધ થઇ જાય છે ત્યાં તો હું ઉમેરું છું કે "આ પંગતો ક્યાં પડે છે તે જાણીને તો તમે વધારે તાજુબ થઈ જશો! વાડી હોય તો તો ઠીક, નહિ તો પછી રસ્તા ઉપર જ—ધૂળવાળી ધરા ઉપર જ—પતરાળીઓ અને પડિયા પથરાય! સામે પલાંઠી મારીને બેસી જવાનું, પછી ભલે પીઠની બરાબર પાછળ મોરી અને સંડાસ હોય તો પણ!" અંગ્રેજોની તો અક્કલમાં પણ ઊતરતું નથી કે આ પ્રમાણે રસ્તા ઉપર બેસીને જમાય જ કેવી રીતે! "આનાં કરતાં ન જમો કે ન જમાડો તો શું ન ચાલે? બસો પાંચસોને આ પ્રમાણે 'અનહાઇજીનિકલી' જમાડવા કરતાં પચીસ પચાસને સારા વાતાવરણમાં જમાડવા શું બહેતર નથી?"

અંગ્રેજોને બાપડાઓને ક્યાંથી ખબર હોય કે પાતરાં, પેટીસ અને પકવાનથી મોઢામાં કેવું પાણી છૂટે છે અને તેવા પાણીવાળાનું નોતરું કાપનારને જિંદગીભર કેવું ટાંકાવું પડે છે! પલ્લું, પહેરામણી, વાંકડો, દાયજો અને પંજાબનાં લગ્નોમાં તો વરઘોડામાં જ કબાટો, સોફાસેટ, વાસણો વગેરેનું કરવામાં આવતું પ્રદર્શન વગેરે વાતો સાંભળીને આ સાહેબો તો આભા જ બની ગયા. "શી વાત કરો છો, મિ. ગાંધી! રીયલી શું ભારતીય લગ્નોની મહેફિલ આ પ્રમાણે ચાર ચાર પાંચ પાંચ દિવસ સુધી ચાલ્યા કરે છે? લગ્ન એ વ્યક્તિનો અંગત પ્રશ્ન છે પણ તેનું પ્રદર્શન આમ જાહેરમાં વરઘોડાઓ કાઢીને કરવામાં આવે છે એ શું બેહૂદું નથી લાગતું?" અરે ભાઈ! બધા જ કરે તે કરવામાં બેહૂદું શું વળી! જરા વધારે ઊંડેથી જોવા જાવ તો લગ્ન કરવાં અને પ્રજોત્પત્તિ કરવી એ જ શું બેહૂદું નથી લાગતું?

અમારી લેબોરેટરીમાં ઓડ્રી નામની એક કુમારિકાનાં લગ્ન નીકળ્યાં. મેં માનેલું કે આમંત્રણ પત્રિકા આવશે જ અને આપણને અંગ્રેજી લગ્ન જોવાનાં મળશે. પણ પછી જ્યારે બધાને એક એક કેક વહેંચાઈ ત્યારે જાણ્યું કે આખી લેબોરેટરીમાં એક પણ વ્યક્તિને આમંત્રણ પત્રિકા મળી નહોતી. એવો ત્યાં રિવાજ જ નથી. અહીં તો આપણે લગન-ગાળામાં દર વરસે વીસ ત્રીસ કંકોત્રીઓ તો આવવાની જ—પરણનારને પૂરા ઓળખો નહિ તોયે! કેક વહેંચાઈ એટલે સાથીઓએ મશ્કરીનાં જોડકણાંઓ ઉચ્ચારવા માંડ્યાં. એક ભાઈએ તો પૂંઠાનું પારણું બનાવીને તેમાં ગુલાબી ઢીંગલી પણ સુવાડી દીધી અને ગાવા માંડ્યું: "રોક બેબી રોક, રોક એન્ડ રોલ, રોલ એન્ડ રોક!" બીજાએ તો પ્રણયનો અભિનય પણ કરી બતાવ્યો: "નૈનોસે મિલે નૈના, દિલસે મિલે દિલ!" કેટલાક વળી છાપાંઓનાં પ્રસંગોચિત કટિંગો કાપી લાવીને ઓડ્રીને આપવા લાગ્યા. બસ પતી ગયું. નહિ ચાંલ્લાની યાદીઓ કે નહિ રીસેપ્શનમાં જવાની જરૂર. અહીંથી જ દુલ્હનને સૌ કોઇએ વિદાય કરી દીધી: "જાવ, ખૂબ ખૂબ મઝા કરીને પાછાં આવજો અને પછી કહેજો કે મધુરજનીના મધુની મીઠાશ કેવી છે!"

પહેલું વિલાયતી લગ્ન આટલેથી જોયું. પછી થોડા દિવસ બાદ હેઝલડીન હોટલમાં બીજું એક લગ્ન જરાક વધારે સમીપથી જોવા મળ્યું. ડાયનિંગ હોલમાં એક લાંબા ટેબલની બન્ને બાજુ મળીને ત્રીસેક ખુરશીઓ ગોઠવાયેલી હતી. રકાબીઓ, છરીકાંટા અને સોમરસની પ્યાલીઓ ઉપરાંત ટેબલના મધ્ય ભાગમાં એક મોટી 'વેડીંગ કેક' ગોઠવેલી હતી. વરવધૂ અને તેમનાં નિકટનાં સ્નેહીઓ આવ્યાં, કેક કાપીને તેના ટુકડા સૌ કોઈએ લીધા, પ્યાલીઓ

ટોસ્ટ લીધા અને પછી ફાઈવ કોર્સનું ડીનર જમીને બધાંએ ડાન્સ કર્યો. થઈ ગઈ ઉજવણી પૂરી! નહિ જાન કે વરઘોડો, નહિ ચાંલ્લો કે દાયજો!

રેલાંડ નામના એક મિત્રે કહ્યું કે અસલના જમાનામાં વિલાયતમાં પણ માબાપો જ લગ્નો ગોઠવી આપતાં હતાં પણ હવે તો માબાપોએ આ બાબતમાંથી પૂરેપૂરા હાથ ધોઈ નાખ્યા છે. અહીં જ્ઞાતિસંસ્થા જેવી કોઈ ચીજ તો છે જ નહિ એટલે સૌ કોઈએ પોતપોતાનું ગોઠવી લેવાનું. ઘણાંખરાં લગ્નો તો ડાન્સ હૉલનાં ઓળખાણોમાંથી જ થાય છે પણ કેટલાંક લગ્નો કૉલેજ, ફૅક્ટરી કે ઑફિસના ઓળખાણમાંથી પણ થાય છે. ઉમર ૨૧ વર્ષથી નીચેની હોય છે તો કાયદેસર માબાપની અનુમતિ આવશ્યક છે. પણ ૨૧ વર્ષની ઉમર થઈ ગયા પછી માબાપની પરવાનગી આવશ્યક નથી. આ કારણે છોકરીની એકવીસમી વરસગાંઠ તો ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. તે દિવસથી તેને "ફ્રીડમ ઑફ ધી કી" મળે છે એટલે કે તે ઉમરે પહોંચ્યા પછી છોકરી તેના રૂમમાં ગમે તે પુરુષમિત્રોને લાવે તો માબાપ કશો વાંધો લઈ શકે નહિ તેમ જ તેને પૂછી પણ શકે નહિ કે "કયાં જઈ આવ્યાં!"

બીજી બાજુ આવું 'ફ્રીડમ' ભોગવવાની યોગ્યતા પણ અંગ્રેજ યુવક યુવતીઓમાં આ ઉમરે આવી જાય છે એ પણ નક્કર હકીકત છે. લગ્ન થતાં વેંત જ તેઓ માબાપનાં ઘરમાં રહેવાનું છોડી દે છે અને પોતાનું આગવું જ ઘર માંડે છે. આવું જુદું ઘર માંડવાની અને નિભાવવાની શક્તિ જ્યાં સુધી ન આવી હોય ત્યાં સુધી યુવક યુવતીઓ લગ્ન કરતાં જ નથી. લગ્ન બાદ માબાપના ઘરમાં જ પાર્ટિશન કરીને પડી રહેવામાં અંગ્રેજ યુવક યુવતીઓનું પુરુષાર્થ-ગૌરવ ઘવાય છે. "મેક એ હોમ મીન્સ મેક એ રીયલ હોમ એન્ડ નોટ એ પાર્ટીશન ઇન પેરન્ટ્સ હોમ!" રીટા નામની એક કન્યાએ મને કહ્યું કે "મારો વર તો શોધાઈ ગયો છે પણ વર હવે ઘર શોધી રહ્યો છે. ઘર મળશે કે તુરત જ અમે પરણી જઈશું."

અને વિલાયતમાં ઘર મેળવવાનું બહુ મુશ્કેલ પણ નથી હોતું. પ્રતિવર્ષ હજારો નવાં નાનકડાં ઘરો હાઉસિંગ સોસાયટીઓ બાંધી રાખે છે અને તે બધાં 'હાયર પરચેસ' પદ્ધતિથી સસ્તા ભાડે મળી શકે છે. વિલાયતમાં આ 'હાયર પરચેસ' ની જે પદ્ધતિ પ્રચલિત બની છે તે ખરેખર ઘણી જ આશીર્વાદ રૂપ છે. આ પદ્ધતિ પ્રમાણે કેવળ ઘર જ ભાડે નથી મળતાં પણ જીવનની દરેક કીમતી જરૂરિયાત—કે જે એક સામટી ખરીદ કરવાની શક્તિ ન હોય છતાં વાપરવાની ઈચ્છા હોય તેવી—વિલાયતમાં ભાડેથી મળી શકે છે. નવદંપતી 'હાયર પરચેસ' નું ઘર ભાડે લે છે એટલું જ નહિ પણ અંદરની બધી સજાવટ—પલંગ, સોફા, કબાટો, કાર્પેટ, ડાઇનિંગ ટેબલ, રેફ્રીજરેટર, વૉશિંગ મશીન, રેડિયો, ટેલિવીઝન, પિયાનો વગેરે વગેરે મૂલ્યવાન વસ્તુઓ-પણ ભાડેથી જ ઉપાડી લાવે છે કે જેથી તે બધાંનો આસ્વાદ પહેલા દિવસથી જ કરવા મળે. આ બધું રોકડેથી ખરીદવાની શક્તિ તો જિંદગીના અંત સુધી આવે કે ન પણ આવે છતાં તેનો ભાડેથી ઉપભોગ કરવાની શક્તિ તો ત્યાં શરૂઆતથી જ ઘણાખરાની હોય છે. દરેક વસ્તુનું ભાડું "નૉમિનલ" હોય છે તેથી ઘણા લોકોને આવો લોભામણી ભપકો કરવાનું પરવડે છે. બે મહિના ટેલિવીઝનની મોજ કે એક અઠવાડિયું મોટરકારની સહેલ કરવી હોય તો તે પણ ભાડેથી થઈ શકે છે. પલંગ,

પથારી, અરીસા કે એવી કોઇ પણ ચીજ ઓછામાં ઓછા એક અઠવાડિયાના ભાડે મળી શકે છે.

ખૂબીની વાત એ છે કે કોઇ વસ્તુનું ભાડું અમુક લાંબી મુદત સુધી ભર્યા કરવામાં આવે છે તો છેલ્લે એ વસ્તુની માલિકી પણ ભાડું ભરનારની થઇ જાય છે તેથી ભરી ચુકાયેલા ભાડા માટે કશો ઉચાટ પણ રહેતો નથી. દાખલા તરીકે જે ઘરનું ભાડું આપણે વીસ વર્ષ સુધી ભર્યા કર્યું હોય તે ઘર પછી આપણી પોતાની માલિકીનું જ થઇ જાય છે! મતલબ કે એ વસ્તુ વસ્તુતઃ આપણે ભાડે લીધી નહોતી પણ સસ્તા હપ્તા—ઈઝી ઇન્સ્ટોલમેન્ટ્સ—ના ધોરણે ખરીદ જ કરી હતી એમ કહી શકાય. હપ્તા ભરી શકવાનું સામર્થ્ય ચાલ્યું જાય છે તો જ માલિકી ચાલી જાય છે: બાકી છેલ્લે તો માલિકી પણ આવી જાય છે.

'હાયર પરચેસ' ની આ પદ્ધતિને લીધે સૌ કોઈ પોતાના પગાર તરફ નજર નાખીને કયા કયા શોખ ભાડેથી પરવડશે તેની યાદી કરી નાખે છે અને બધી ભાડાની રકમોનો સરવાળો પગારના અમુક ભાગ જેટલો થઇ જાય છે તો એ બધી વસ્તુઓ ઉપાડી લાવે છે. જ્યારે ન પરવડે ત્યારે થોડીક વસ્તુઓ પાછી મોકલી દે છે. ભાડે આપનાર સ્ટોરોમાં આ વસ્તુઓ 'નવરી' પડી રહે તેના કરતાં તે તુરત જ 'કમાતી' થઇ જાય એ દૃષ્ટિએ વ્યાપારીઓને પણ આ પદ્ધતિ ફાયદાકારક લાગે છે. નવી નવી ફેશનના રસિયાઓ એક 'મોડેલ' થી કંટાળે છે તો તે પાછો આપીને બીજો નવો 'મોડેલ' ભાડે લઈ આવે છે. ખરીદ કરેલી વસ્તુ જલદી પાછી કાઢી શકાતી નથી અને તેના હાજર ઘરાક પણ મળતા નથી પણ ભાડે લીધેલી વસ્તુઓ તો દર અઠવાડિયે બદલ્યાં કરો તો તે પણ ચાલે. અરે ખુદ સૂટ, બૂટ, અને ફોટો પણ ભાડે વાપરનારાં પડેલાં છે! ઘરમાં ભાર સંઘરવો જ શા માટે? પાર્ટીમાં જવાનું હોય તે દિવસે સારો પોશાક ભાડે જ લઈ લેવામાં શું ખોટું? સાચવવાની પણ કશી ચિંતા નહિ! વૈવિધ્ય ચાહનાર માટે આ ભાડે લેવાની પદ્ધતિ બહુ મઝેની છે. હજી પતિ કે પત્ની ભાડૂતી લાવવા સુધી વાત પહોંચી નથી એટલું સારું છે!

આ પદ્ધતિની સફળતાનું કારણ એ છે કે વિલાયતની પ્રજામાંથી પૈસો બચાવવા તરફનું વલણ ઘટી ગયું છે અને "આજનો લ્હાવો લીજીયે કાલ કોણે દીઠી છે!" ની મનોદશા ફેલાઇ ગઈ છે. બાકી એકંદરે ભાડાની વસ્તુ થોડીક મોંઘી તો પડે છે જ, તે જ વસ્તુ રોકડ ખરીદી લેવામાં આવે તો સસ્તી પડે છે. પણ રોકડ ખરીદવાનું પરવડે તો ને! એટલું તો બધા જાણે છે જ કે ભાડું ભરવાનું પરવડશે ત્યાં સુધી જ વસ્તુ રાખવાની છે અને નહિ પરવડે તે દિવસે પાછી મોકલી દેવાશે. તો પછી 'આજનો લ્હાવો' શા માટે જતો કરવો! બચત નહિ થાય તો જોયું જાશે! અલબત્ત આ મનોદશા પરવડવાનું મુખ્ય કારણ તો એ છે કે 'કલ્યાણ રાજ્ય' તરફથી વૃદ્ધાવસ્થા, માંદગી અને બેકારી વખતે દરેક જણને કંઈ ને કંઈ મદદ મળી રહે છે અને બાળકોના ખર્ચ માટે પણ નિશ્ચિંત રહી શકાય તેવી 'સોસિયલ સિક્યોરીટીઝ' ની યોજનાઓ છે. આવું અભય વચન હોય પછી શા માટે 'આજનો લ્હાવો' લૂંટતાં ખચકાવું જોઇએ! 'એફ્લુઅન્ટ સોસાયટી' અર્થાત્ દેશની આબાદીનું આ એક ચિહ્ન છે કે દરેક પ્રજાજનની સામાન્ય જરૂરિયાતો અને કેટલાક શોખો સુદ્ધાં સંતોષવાનું શક્ય બની ચુક્યું છે.

પણ 'એફ્લ્યુઅન્ટ સોસાયટી'માં બીજાં કેટલાંક એવાં પણ ચિહ્નોનો ઉદય થયો છે કે જે 'એક કદમ આગે અને બે કદમ પીછે' જેવાં લાગે છે. "કલ્યાણ રાજ્ય તરફથી અમુક મદદ તો મળવાની છે જ તો પછી વધારે મહેનત કરવાની શી જરૂર છે?"—એવી મનોદશા પણ પ્રજાના આળસુ વર્ગમાં ફેલાતી જાય છે. આ વર્ગમાંથી કેટલાક મવાલીઓ, ચોર, લફંગા અને શરાબીઓ પણ ઘડાતા જાય છે અને 'ટેડી બોય્સ'ની જેમ સમાજના કલંક રૂપ જીવન જીવે છે. સૌથી વધારે ફટકો તો લગ્નબંધન ઉપર પડયો છે. પતિપત્ની સુખદુઃખના સાથી બનવાને બદલે ફક્ત સુખના જ સાથી બનવા પ્રેરાતાં જાય છે. લગ્નસુખની આડે જો પતિપત્નીની કોઈપણ ખામી આવે તો લગ્નનો અંત લાવવો જોઈએ એવા ખ્યાલથી દોરાઈને છૂટાછેડા તરફ પતિ અને પત્ની બન્ને ઘસડાતાં જાય છે. દુઃખમાં પણ એકબીજાને વળગી રહેવાનો લગ્નજીવનનો આદર્શ નબળો પડતો જાય છે. એકબીજાનાં દોષો અને ખામીઓ પ્રત્યેની સહિષ્ણુતા અને તેમાં સુધારો જોવાની ધીરજ પણ ઘટી ગયાં છે. આ વાત હું માની શકતો નહોતો પરંતુ એક દિવસ જ્યારે આ વિષય ઉપર મારે, પહેલાં જેમના વિશે હું ઉલ્લેખ કરી ગયો છું તે વયોવૃદ્ધ વૈજ્ઞાનિક શ્રી. એન્થની હેઈલવુડ સાથે લાંબી ચર્ચા થઇ ત્યારે માનવી પડી. શ્રી. હેઈલવુડે વિલાયતના લગ્નજીવન ઉપર તદ્દન નવા જ પ્રકારનો પ્રકાશ નાખ્યો.

શનિવાર તા. ૧૪મી જૂન, ૧૯૫૮ને દિવસે અમને શ્રી. હેઈલવુડને ઘેર જવાનું નિમંત્રણ મળ્યું હતું તે અનુસાર સેલ્ફોર્ડ બસ સ્ટોપથી ૪૮ નંબરની બસમાં બેસીને અમે અલ્ટ્રીન્ચહામ પહોંચ્યા. શ્રી. હેઈલવુડ બસ સ્ટોપ ઉપર અમને તેડવા આવ્યા હતા કારણ કે સાંકડી હેઝલ રોડ ઉપર આવેલું તેમનું ઘર સામાન્ય પૂછપરછથી મળી જાય તેવું નહોતું. તેમના ઘરમાં પ્રવેશ કરતાં વેંત તેમણે મને અને ભાઈ પદ્મનાભનને તેમનાં ૮૮ વર્ષનાં માતુશ્રી, ૬૦ વર્ષની બહેન એડીથ અને ૫૫ વર્ષની બીજી બહેનનું ઓળખાણ કરાવ્યું. શ્રી. હેઈલવુડ પોતે ૬૨ વર્ષના છે. બસ આ ચાર વૃદ્ધોનું જ આ કુટુંબ છે! તેમાંથી બે તો અપંગ છે! માતુશ્રી ઉંમરને લીધે પથારીમાં પડયાં પડયાં ટેલિવીઝન જોયાં કરે છે અને નાની બહેન લકવા વાળી છે. ફક્ત એડીથ અને એન્થની જ સશક્ત હતાં અને આ બે જણાંએ મળીને અમારી સરભરા કરવા માંડી. માતુશ્રીના બેડરૂમમાંથી અમે લાઉન્જમાં ગયા અને તુરત જ એડીથ ચા અને ગરમ ટોસ્ટ લાવી.

અનેક વિષયો ઉપર વાતો ચાલી. જ્યોતિષ, ઇશ્વરેચ્છા, અદૃષ્ટ બળ, શ્રદ્ધા, ચમત્કાર, યુદ્ધ, દુષ્કાળ, વિપ્લવ, ઉત્ક્રાન્તિ જેવા વિષયો ઉપર ખૂબ રસપ્રદ વાતો કરતાં કરતાં પછી જ્યારે ડ્રીન્કસ આવ્યાં ત્યારે શરાબ વિશે પણ ચર્ચા ચાલી. શ્રી. હેઈલવુડે જણાવ્યું કે તેઓ છેલ્લાં ૪૮ વર્ષથી જાતજાતનાં પીણાં પીએ છે છતાં તેમને એક જ વખત ચઢયો હતો— તેમના ભાઈના લગ્નને દિવસે ખૂબ પીધો ત્યારે જ! તેમની માતા છેલ્લાં ૭૦ વર્ષથી પીએ છે છતાં કદાપિ ચઢયો નથી. તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું કે "પૈસાની દૃષ્ટિએ પીવાની ટેવ મોંઘી છે એ હું કબૂલ કરું છું પણ તે ટેવ ખરાબ કે અનીતિમય છે એમ હું કદાપિ નહિ કબૂલ કરું. ઊલટો મર્યાદામાં રહીને પીનારને તો તેનાથી શારીરિક ફાયદો પણ થાય છે. મર્યાદા રાખવાનો આધાર શિક્ષણ અને સંસ્કાર ઉપર રાખે છે. છતાં માનવીનું મન બહુ સંકુચિત

છે તેથી તે વિશાળ વૈજ્ઞાનિક નજરે વિચાર કરવાને બદલે પોતે પાળેલા અભિપ્રાયોના ચોકઠાં-થી જ બધું તોળે છે. તેથી તે પાપ અને પુણ્યની વ્યાખ્યા પણ મનગમતી જ કરે છે. અને આ વ્યાખ્યા તે બીજાઓ ઉપર લાદવાનો પ્રયત્ન કરે છે તે ઘણું જ શોચનીય છે."

ડ્રીન્કસ લઈને પછી ડીનર માટે ખૂણાના ટેબલ ઉપર ગયા. એડીથે પણ અમારી સાથે જ ભોજન લીધું. એપલ ટાર્ટ અને કોફીના છેલ્લા કોર્સ પૂરા થાય બાદ પાછા અમે સોફા ઉપર આવીને બેઠા. અને પછી એક ખૂબ જ અગત્યના મહાપ્રશ્નની ચર્ચા થઈ. સ્વાભાવિક રીતે જ મેં પ્રશ્ન કર્યો કે "તમારાં પત્ની અહીં નથી?" તેના જવાબમાં શ્રી. હેઇલવુડે જણાવ્યું કે "આ દેશમાં હજારોની સંખ્યામાં જે ઘટના બને છે તેવી ઘટનાનો હું પણ ભોગ બનેલો છું! કોઈની એકની એક દીકરીને પરણનારા હજારો પુરુષોની આ સ્થિતિ છે. તે બધાની પત્નીઓ હયાત હોય છે છતાં પતિ સાથે રહેવાને બદલે તેઓ તેમની મા સાથે રહેવા ચાલી જાય છે તે પાછી આવતી જ નથી! આ દેશના કાયદા એવા છે કે આ પ્રમાણે ચાલી ગયેલી પત્ની તથા તેની મા માટે પોષણનું ખર્ચ કાયમ મોકલ્યા જ કરવું પડે છે. આ કાયદાનો લાભ સાસુઓ સારી પેઠે ઉઠાવે છે. મારી પત્ની આજથી ત્રીસ વર્ષ ઉપર મારી સાસુ માંદી હતી તેની સારવાર કરવાના બહાને ગઈ તે ગઈ. "હજી મા માંદી છે અને આવતે મહિને પાછી આવીશ" એમ કર્યા સુધી તો ચાલ્યું. પછી સાસુ સારી થઈ ગઈ અને હજી જીવતી જાગતી છે છતાં મારી પત્ની તેની માને જ વળગી રહી છે અને અહીં નથી આવતી. તેમનું પોષણ ખર્ચ મોકલતાં મોકલતાં મારે ઘર પણ વેચી નાખવું પડ્યું! મારે ૩૧ વર્ષની એક પુત્રી છે તેને પણ હું પંદર વર્ષથી નથી મળ્યો! એ બધાં આફ્રિકામાં રોડેશિયામાં રહે છે! આ સ્થિતિ ઈંગ્લેન્ડના હજારો પુરુષોની છે. એક જ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ૧૪૦૦ કેસ આ જ પ્રકારના આવેલા છે—પત્નીને તેની માતા ખાઈ જાય છે અને વર હાથ ઘસતો બેસી રહે છે!"

આ નવું રહસ્ય જાણ્યા પછી તો બીજાં અનેક નવાં રહસ્યો જાણવા મળ્યાં! મેં દલીલ કરી કે "હિંદમાં પણ કોઈ વાર પત્ની તેની માતાને ત્યાં લાંબો સમય ચાલી તો જાય છે—પણ તે પતિને ત્યાં ત્રાસ પડતો હોય ત્યારે જ. અને તેમ છતાં વર્ષે બે વર્ષે પણ બીજા કોઈ કારણસર નહિ તો છેવટે પોતાની વાસનાતૃપ્તિના સ્વાર્થ ખાતર પણ પતિને ત્યાં પાછી ફરવાનો વિચાર કરે છે અને કંઈ ને કંઈ સમાધાન તો થઈ જાય છે જ. ધાર્મિક દૃષ્ટિએ પણ હિંદુ નારી પતિને જ પહેલું સ્થાન આપે છે—પછી જ બીજાં બધાં. તો અહીં આમ કેમ?"

આ પ્રશ્નનો જવાબ શ્રી. હેઇલવુડે ખૂબ ચમકાવે તેવો આપ્યો અને તે સાંભળીને અમે તો દિંગ જ થઈ ગયા! તેમણે કહ્યું કે "લો, સાંભળી લેજો, મિ. ગાંધી, તમને નવાઈ જેવું લાગશે પણ આ એક સાચામાં સાચી વાત છે. તમારા ગરમ પ્રદેશોમાં સ્ત્રીપુરુષની કામેચ્છા વર્ષોનાં વર્ષો સુધી સતેજ રહે છે તેથી પતિપત્ની વચ્ચે ઘણો દૃઢ પ્રેમ કુદરતી રીતે જ સચવાઈ રહે છે. પણ અહીં તેમ નથી. લગ્ન પહેલાંનાં બે વર્ષ, અને લગ્ન પછીનાં ચાર પાંચ વર્ષ, બસ આ ૭ સાત વર્ષ જ અહીંની ઘણીખરી સ્ત્રીઓમાં કામેચ્છાનો તરવરાટ રહે છે—પછી બધી જ ઠંડીગાર! મુખડું આકર્ષક, શરીર આકર્ષક, પણ પ્રેમની તમન્ના! ભૂંછાઈ જ માંડી ઠરી ગયેલા કોલસાને તો પાછો સળગાવી શકાય છે પણ તેની રાખોડીને

તમે કઈ રીતે સળગાવી શકવાના? ખૂબ મદિરાપાન કરાવીને થોડીક તેજી લાવી શકાય પણ તે સુદ્ધાં મરેલા ઘોડાને ગાડીએ જોતરવા જેવું જ। અહીંની સ્ત્રીઓ આટલી બધી ઠંડી પ્રકૃતિની હોવાથી તેમને ઉશ્કેરવા જાતજાતના પ્રયોગો કરવા પડે છે છતાં તેમની ઠંડી પ્રકૃતિ પકડાઈ જાય છે તો તે છોકરીઓને કુંવારી જ રહેવું પડે છે। તેના દેહલાવણ્યથી મુગ્ધ થયેલો જુવાનિયો જ્યારે સમજી જાય છે કે આ ઠંડા ઠૂંઠા પાછળ પ્રેમના ઊભરા કાઢવા વ્યર્થ જવાના છે ત્યારથી તે છોકરીની લગ્નબજારમાં કિંમત ઓછું થઈ જાય છે. પરણી ચૂકેલા સેંકડો અંગ્રેજ પુરુષોને પૂછી જોજો અને તે કબૂલ કરશે કે પરણ્યા પછી પાંચ, છ, કે બહુ બહુ તો દસ વર્ષ બાદ કોઈ પણ પતિને તેની પત્નીમાં રસ રહેતો નથી કારણ કે તેની શીતળતાનો પારો નીચામાં નીચો ગબડી ગયેલો હોય છે। પછી તો સજ્જન માણસો 'બૌદ્ધિક સાથી' તરીકે 'દિવ્ય પ્રેમ'ના આશ્વાસન હેઠળ પત્ની સાથે રહે તો છે જ પણ તેનો જીવ તો બળ્યા જ કરે છે કે આ શું થઈ ગયું!"

મેં પૂછ્યું કે "ઠંડી હવાની આવી ઠંડી અસર શું પુરુષોને નથી સ્પર્શતી?" તેના જવાબમાં તેમણે કહ્યું કે "હા, તેમને પણ જરૂર સ્પર્શે છે, એટલું જ નહિ પણ વિજ્ઞાનની શોધ, બિગ બીઝનેસ વગેરેમાં બહુ ઊંડા ઊતરી ચૂકેલા પુરુષો તો વળી સ્ત્રીઓથી પણ વધારે ઠંડા પડી જાય છે. માનશો તમે? ઇંગ્લેન્ડમાં સરેરાશ પતિ પત્ની વરસમાં ચાર કે પાંચ જ વખત એકબીજામાં ઊંડો રસ લઈ શકે છે। અહીંની નવલકથાઓ, ફિલ્મો, કાબારેટ શો કે પીકેડીલીનાં દશ્યોથી છેતરાશો નહિ. અહીંનાં સ્ત્રીપુરુષો ખૂબ ખામી ભરેલાં અને ઠંડાં છે, તેથી તેમને ઉત્તેજિત કરવા માટે જ આ બધું સર્જન થઈ રહ્યું છે। બાકી જે બાહ્ય ધમપછાડા દેખાય છે તેની પાછળ બરફના પહાડો જ છે! હું અને મારી પત્ની ત્રીસ વર્ષથી ભરજુવાનીમાં છૂટાં પડેલાં છીએ છતાં મને કે તેને અમારી એક બીજાની કે બીજા કોઈની પણ જરૂર જણાય જ નથી. આ હવામાં યોગી બનવાનું બહુ સહેલું છે। શરાબ ના પીઈએ તો તો માનસિક ઉત્તેજના પણ ન આવે. શારીરિક ઉત્તેજના તો જુવાનીનાં દસ પંદર વર્ષ જ અનુભવવાની–પછી તો ખાલી યાદ જ કરવાની। તમે હિંદના લોકો સાચે જ ભાગ્યશાળી છો કે લગ્નજીવનની મોજ લગન બાદ બીજાં ત્રીસથી ચાળીસ વર્ષ જેટલી લાંબી મુદત સુધી ભોગવી શકો છો. અંહીં તો એવાં ઠૂંઠાં પણ છે કે જેમની ઉંમર ૪૦–૪૫ વર્ષની થઈ ગઈ છે છતાં લગ્નસુખ એટલે શું તે પણ સમજી શક્યાં નથી હોતાં—એબ્સોલ્યુટલી ફ્રોઝન। આ કારણે લગ્ન પહેલાં જુવાનિયાઓ પાંચ સાત છોકરીઓની પરીક્ષા પ્રયોગ સાથે કરી જુએ છે અને શોધી કાઢે છે કે કયો રેડિયો લાંબો ટકે તેવો છે અને કયા રેડિયોના વાલ્વ બે વર્ષમાં ખલાસ થઈ જવાના છે। વિલાયતના મોટા ભાગના જુવાનિયાઓ લગ્ન પહેલાં વેશ્યાને ત્યાં જઈ આવેલા હોય છે એ કહેતાં મને શરમ આવે છે પણ હકીકતમાં વાત સાચી છે।"

છેવટે શ્રી હેઈલવુડે ઉમેર્યું કે "મારી પત્ની ત્રીસ વર્ષથી છૂટી રહેવા ચાલી ગઈ છે તેનો અફસોસ તેને પણ નથી કે મને પણ નથી—પણ કાયદાનાં બંધનોને લીધે તેને નિભાવવાના પૈસા તો મારે જ ખર્ચી કરવા પડે છે એ જ એક અન્યાય મને ખૂંચે છે। આ સ્થિતિ અહીંના સંખ્યાબંધ પુરુષોની છે અને આ વિશે કાયદા ઘડવા અનેક મોજાંઓ મથી રહ્યાં છે."

શ્રી હેઇલવુડની આ વાતમાં ઘણું તથ્ય છે તેની ખાત્રી મને અનેક અંગ્રેજ જુવાનિયાઓની વાતો ઉપરથી થયેલી તો હતી જ પરંતુ શ્રી. હેઇલવુડ જેવા વિદ્વાન, વૈજ્ઞાનિક અને વયોવૃદ્ધ અનુભવીને મોઢે આ વાત સાંભળી ત્યારે તો પાકી ખાત્રી થઈ ગઇ કે અહીંની સ્ત્રીઓ ખૂબ ફ્રીજીડ હોવી જોઇએ જ, નહિતર આ પ્રમાણે કોઇ વાત કરે જ નહિ. ભારતમાં તો ઊલટી આનાથી ઊંધી જ વાતો સાંભળવા મળે છે! કુદરતની કેવી કરુણતા! ગુલાબને કાંટા આપનાર કુદરતે આ બધી ઢંઢીગાર સ્ત્રીઓને બાહ્ય રીતે તો ખૂબ જ રૂપરંગ આપ્યાં છે તેથી આપણે તો ભૂલાવામાં જ પડી જઇએ પણ હકીકતમાં તો તે બધાં ઠૂંઠાં જ છે ઠૂંઠાં! વાહ, વિલાયત! તારી ભીતરની આ વાત તો હવે જ બરાબર સમજાય છે!


શ્રી. હેઇલવુડ સાથે વાતો કરતાં કરતાં રાતના અગિયાર વાગી ગયા! આવો વાર્તારસ તો કદાપિ જામ્યો નહોતો. પૂરા સાત કલાક અમે આ પ્રમાણે વાતો કરી હતી અને શ્રી પદ્મનાભન અને શ્રી. હેઇલવુડે મળીને પચાસેક સિગારેટો તો ખતમ કરી નાખી હતી. મેં પણ એક જ દિવસમાં પાંચ સાત સિગારેટ જિંદગીમાં પહેલી વાર આ પ્રસંગે પી નાખી હશે. હજુ મારે એક પ્રશ્ન પૂછવાનો બાકી હતો કે "જો તમે કહો છો તેમ અહીંનાં સ્ત્રીપુરુષો આટલા બધા ફ્રીજીડ છે તો પછી અહીંની પીકેડીલીમાં અને લંડનના સોહો ચોકમાં કામિનીઓ ભટકે છે તેનું રહસ્ય શું છે?" શ્રી હેઇલવુડે જણાવ્યું કે "તેનું રહસ્ય એ જ છે કે જે લોકો જાતે ફ્રીજીડ નથી પણ જેમના લગ્નસાથી ફ્રીજીડ હોય છે તેમને પણ કંઇક ઉપાય તો કરવો જ જોઇએ ને? આમાંની કેટલીક કામિનીઓ આ પ્રકારની પણ હોય છે; તેઓ પૈસા માટે ભટકતી હોતી નથી પણ 'નિમ્ફોમેનિયા'ની ઝંખનાતૃપ્તિ માટે ભટકતી હોય છે,—'પ્રેમનો શોખ' પૂરો કરવા ભટકતી હોય છે! લગ્નસાથીને ત્યજીને તેઓ આવું સ્વતંત્ર જીવન જીવવાનું પસંદ કરતી હોય છે. બીજી કેટલીક કામિનીઓ આ ધંધામાં 'ઇઝી મની' મળતા હોવાથી પણ પડે છે. નોકરીની કડાકૂટ વગર આ ધંધામાં સારી આવક સરળતાથી કૂટી કઢાય છે એવી તેમની ગણત્રી હોય છે. કેવળ ગરીબાઈમાં જ વેશ્યાવૃત્તિનાં મૂળ નથી. ગરીબાઈમાંથી મુક્ત થયેલા દેશોમાં પણ આ ધંધો તો ચાલે છે જ એ શું દર્શાવે છે? જ્યાં સુધી અતૃપ્ત પુરુષો અને અતૃપ્ત સ્ત્રીઓની હયાતી રહેશે ત્યાં સુધી આ ધંધો એક યા બીજા સ્વરૂપે ચાલુ રહેશે જ—પછી દેશ ગરીબ હોય કે પૈસાદાર તેનો સવાલ જ રહેતો નથી. મિ. ગાંધી અને મિ. પદ્મનાભન, તમે ઘણા નસીબદાર છો. વીસ વર્ષના લગ્નજીવન બાદ મિ. ગાંધી તેમનું લગ્નજીવન ખૂબ સુખી છે એમ હિંમતથી કહી શકે છે અને સાત બાળકોના પિતા હોવામાં મિ. પદ્મનાભન ગૌરવ લઈ શકે છે એ ખૂબ આનંદ પામવા જેવું છે. પતિપત્નીની એકના જાળવી રાખનાર જીવંત કામેચ્છા જ સુખી લગ્નજીવનનો ખરો પાયો છે. જેનામાંથી તે અકાળે મરી પરવારી છે તેનું જીવન એ જીવન જ નથી—એ કેવળ 'કાગળનું ફૂલ' જ છે!"

આની યાદગાર ચર્ચા કરીને ઉતારે અમે શ્રી. હેઇલવુડની વિદાય લીધી. અર્ટીન્ચરામથી મોસ સાઇડ અને મોસ સાઇડથી પીકેડીલી બસમાં આવ્યા અને ત્યાંથી ઉતરીને ટેક્સી કરીને અમે રાત્રે સાડા બાર વાગે હેઝલદીન હોટલમાં પાછા ફર્યા અને એક વાગે સૂઇ ગયા.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન,
કાન્તિ ગાંધીના
જય હિંદ.

★



વર્ષ ૩૫
અંક ૪

સં. ૨૦
મહા

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંપાદક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

ક્ક પ્રસ્થાન ક્ક

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૯ મહા : ૨૦૧૬ અંક ૪

પાર્થને કહો ચ્હડાવે બાણ !

"ક્રોધમા ! વન્દું છું,
ને ત્રિકાળ ત્હમને વંદશે.
ત્હમે આજ યુગયોગેશ્વરી છો,
ત્હમે આજ યુગધર્મ ઉચ્ચારો છો."

પછી કુન્તામાએ પાર્થસન્દેશ કહ્યો
વિશ્વગાજન્તી ગંગા સ્વર્ગેથી ઉતરે,
વિધાત્રી વિધિવાક્ય ઉચ્ચારે,
એવાં કુન્તામાતા ઉચ્ચર્યાં.
યુગભરના ભારેલા અગ્નિ,
કંઈક ગ્રીષ્મોની દુઃખજ્વાલા
જાણે બોલે બોલે ઉછળતી.
જાણે વાઘેશ્વરીએ સંહારગીત ગાયું.
જ્વાલામુખી ફાટે એવી
અંગારઝરતી યુગપ્રલયિની અગ્નિવાણી
કારમાક બોલ કુન્તામાતા બોલ્યાં
પાંડવમાતાને વેણે વેણે
અલખવાહી પ્રોત્સાહન વરસતાં
પાંડુદુર્ગાએ "દુર્ગાસ્તોત્ર ગાયું.

"પાર્થને કહો ચ્હડાવે બાણ
હવે તો યુદ્ધ એ જ કલ્યાણ,
કહો, કુન્તાની છે એ આણ
પાર્થને કહો ચ્હડાવે બાણ.

૨. ભીખ્યાં, ભટક્યાં વિષ્ટિ, વિનવણી–
  ફરીયાં સુજનનાં કર્મ:
આર્યસુજનતા દૈન્ય ગણી તો
  યુદ્ધ એ જ યુગધર્મ.
સજીવન થાય પડ્યા પે પ્હાણ:
પાર્થને કહો ચ્હડાવે બાણ.

૩. દ્રૌપદીની હજી વેણ છૂટી છે,
  રાજસભાના બોલ;
રણ્હોતરાંના ઉત્તર દેજો,
  રણધીર ને રણદોલ:
પાર્થની પ્રત્યંચાને વાણ:
પાર્થને કહો ચ્હડાવે બાણ.

૪. મેહુલો બોલે, વાયુ ફુંકારે,
  ત્યમ તલપો, સિંહબાળ !
યુગપલટાના પદ પડછન્દે
  ગજવો ઘોર ત્રિકાળ:
સજો શિર વીર ! હવે શિરત્રાણ:
પાર્થને કહો ચ્હડાવે બાણ.

૫. ત્રૈલોક જોશે, કાળ નિરખશે
  રણરમતો કુરુ વંશ:
સત્ય શીલ ને ધર્મયજ્ઞમાં
  હજો વિશ્વ વિધ્વંસ:
ઉગે જો ! નભ નવયુગનો ભાણ
પાર્થને કહો ચ્હડાવે બાણ:
વિધિનાં એ જ મહાનિર્માણ:
પાર્થને કહો ચ્હડાવે બાણ."

'કુરુક્ષેત્ર'માંથી]

ન્હાનાલાલ દ. કવિ

ક્ક

卐 મંગલાષ્ટક 卐

॥ जायापत्योर्न विभागो विद्यते । पाणिग्रहणाद्धि सहत्वं कर्मसु ॥ आ. ध. सू. २. ६. १४., १६–१७

૧ અર્ધનારીશ્વર :

રુદ્રે તાંડવ નૃત્તથી જગતની ઉંધી તુલાને કરી
જોઈ, લાસ્ય થકી કરે સમલયા લાલિત્યથી પાર્વતી !
ભાળી શંકર વિશ્વની સમતુલા, માંહાત્મ્ય દેવી તણું;
વિશ્વે મંગલ સાધવા શિવ થયા હા ! અર્ધનારીશ્વર !

૨ પરીક્ષક વિષ્ણુ :

"દેવો મંથન મા કરો, પ્રગટ ના રત્નો કરો માહરાં,
મિથ્યાયાસ કરો ! પરીક્ષક નથી રત્નો તણા આપમાં.
લક્ષ્મી આ પ્રકટે !" કહી વિરમતો રત્નાકર. વિષ્ણુ ત્યાં
શ્રીજીને પરખી સ્વયં વર થયા. વિશ્વે થયું મંગલ !

૩ મૂગી વેણુ :

કાલિન્દી તટકુંજમાં વિચરતો ગોપાલનો નંદન,
રાખી વેણુ મુખે છતાં નિકળતો ના સૂર એકે અહો !
ત્યાં માથે મટકી ધરી મલપતાં રાધા – કરે કંકણે
પાયે નૂપુરમાં જ વેણુ રણકે, ગાતી સદા મંગલમ્ !

૪ પૌત્રીને હસાવતા પિતામહ :

બ્રહ્મા કહે: "મુજ દીકરી તુજ મુખે ગાંભીર્ય કાં આવડું,
ક્યાં તારૂં સ્મિત એ કુમાશ કમલે જેવું રમંતું સદા ?"
"દાદાજી અનુરાગપાત્ર જડિયું, દેશો અનુજ્ઞા !" "અરે
શંકા શું કરતી ?" કહી હસવતા બ્રહ્મા કરો મંગલમ્ !

૫ નવીન ચક્ષુ :

વર્ણોની રચના ઘટે ગુણ અને કર્મો તણા તત્ત્વથી,
જન્મે જાતિ થતી બધી પશુ તણી, સંસ્કારથી માનવી!
ભૂલી માનવ તત્ત્વ, જે પતિત છે ગતો મહીં રૂઢિના
તેના ચક્ષુ નવીન શા યુગલનું શોધો! કરો મંગલમ્!

૬ ભ્રૂભંગ :

"હાથે ગાલ મુકી, કરી નયનને નીચાં, લખે લોંય શું?
લાંબી પાંપણમાં જરા સરકતું મોતી ગુંથી રાખતી?
કાં આ લાડકડી ઉદાસ સરખી?" નંદે યશોદા પુછ્યું,
જે આ પ્રશ્ન સુણી જ સસ્મિત કરે ભ્રૂભંગ એ મંગલમ્!

૭ ઉભયાન્વયી અવ્યય :

"વ્હેની કાં મન મોહિઆં વર વિષે?" "વિજ્ઞાનનો પંડિત!"
"તો તો શુષ્ક હશે!" નહીં, "મધુર એ ગાતો!" "તુફાની હશે!"
"તોફાની, પણ દીલનો સરલ છે, સાચો, ન દંભી જરા."
"આસ્થા એ ઉભયાન્વયી હૃદયની, માંગલ્યનું અવ્યય!"

૮ માંગલ્યની સાધના :

નિદ્રામાં અનિરુદ્ધને નિરખીને ઊઠી ઉષા વ્હાવરી!
સ્વપ્ને પૌત્ર ય કૃષ્ણનો ઝબકતો જોઈ ઉષા કામિની!
ક્યાં બાણાસુર દેશ એ! વિલસતી ક્યાં સૌમ સૌરાષ્ટ્રની!
રહોયે મેળ! સુબન્ધુ જો ખચિત, તો માંગલ્યની સાધના!

તા: ૨૩-૧-૬૦

卐

પાડોશી સાથે વાતચીત – ચર્ચા

૧ શિસ્તના શહીદો.

૨ વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત.

૩ ગુજરાતની આર્થિક સંપત્તિ.

પ્રશ્ન : મુંબઈ રાજ્યના વિભાજન અંગે મતભેદના કારણે છૂટા પડેલા કોંગ્રેસીઓને મુંબઈ અને પૂનાની પ્રાંતિક સમિતિઓએ જેવો આવકાર આપ્યો તેવો ગુજરાતની પ્રાંતિક સમિતિ કેમ આપતી નથી ?

ઉત્તર : તેનું કારણ, મુંબઈ અને મહારાષ્ટ્રની પ્રાંતિક સમિતિઓ એક બાજુએ અને બીજી બાજુએ ગુજરાતની પ્રાંતિક સમિતિ એ બે વચ્ચે જે સમજફેર છે તેમાં મને દેખાય છે. પ્રથમ તો મહારાષ્ટ્રના કોંગ્રેસી અને બિનકોંગ્રેસી રાજદ્વારીઓ 'મુંબઇસહ સંયુક્ત મહારાષ્ટ્ર झाला च पायजे' એ વિશે એકમત હતા; અને સરખા આગ્રહી હતા. ફેર એટલો જ કે શ્રી. એમ. વિ. ગાડગીલે પ્રથમ વિભાજન બિલ સમયે પોતાનું છેવટનું પ્રવચન કરી, મત આપવામાં તટસ્થ રહી વાચિક મૌન સેવ્યું હતું અને તે નીતિને બીજા મહારાષ્ટ્રી કોંગ્રેસીઓ અનુસર્યા હતા; પણ મહારાષ્ટ્રના બીજા કોંગ્રેસી રાજદ્વારીઓએ જોરશોરથી અને સંગઠનથી કોંગ્રેસી રાજદ્વારીઓની મૂક સહાનુભૂતિ તથા ગુપ્ત સહકાર સાથે દ્વિભાષીને તોડવાની ચળવળ એકધારી રીતે ચાલુ રાખી હતી. ત્યારે ૧૯૫૬ના ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં ત્રીજી–ચોથી તારીખ સુધી પ્રાંતિક સમિતિના જે વહીવટદારો ગુજરાતના રાજ્યના પ્રધાનોના આસનો ઉપર કોને બેસાડવા અને કોને ન બેસાડવાના વિવાદમાં ગ્રસ્ત હતા, તેઓએ જ પાર્લમેન્ટમાં દ્વિભાષી રાજ્યનો કાયદો થતાં માનેલી શિસ્તને કારણે જોરશોરથી દ્વિભાષીનો પ્રચાર કરવા તનતોડ મહેનત કરી હતી. આ મહેનત કરવામાં કેટલાકે રાજદ્વારી કુનેહના અભાવે અને બોલવામાં સભ્યતાની મર્યાદાઓ ઓળંગી જવાના કારણે, ગુજરાતમાં ભારે વૈમનસ્ય ઊભું કર્યું હતું. એટલું જ નહિ પણ ઘણા કોંગ્રેસની પરંપરામાં માનનારાઓને પણ એવો આઘાત પહોંચાડ્યો હતો કે આ જાતના કોંગ્રેસીઓની સત્તા નીચેના ગુજરાતના કોંગ્રેસતંત્રમાં રહેવું એમાં સ્વમાન કે સજ્જનતા નથી એવું તેમને લાગ્યું. આ પરિસ્થિતિને લઈને જ્યારે દ્વિભાષીના આ ગુજરાતી પ્રચારકોને પોતાનું બોલેલું બધું ગળી જવાનો પ્રસંગ આવે ત્યારે એ સમજી શકાય એવું છે કે તેઓ દ્વિભાષીના વિભાજન અંગે મતભેદના કારણે છૂટા પડેલા કોંગ્રેસીઓને સદ્‌ભાવપૂર્વક આવકારી ન શકે. મહારાષ્ટ્રમાં તો આ કારણે છૂટા પડેલા કોંગ્રેસીઓ અને બીજા રાજદ્વારીઓ વચ્ચે કોઈ વેર કે વૈમનસ્ય ન હતાં. ખરી રીતે ગુજરાતની પ્રાંતિક સમિતિના મોવડીઓ શિસ્તના શહીદ થયાં છે! તેમને માટે સીધો અને સ્વમાનનો માર્ગ ડેમોક્રસીની રીતરસમને અનુસરવાનો છે. પોતે જે મતને મહત્ત્વનો માન્યો હોય અને જેને અંગે આગ્રહપૂર્વક પ્રચાર કર્યો હોય તેમાં પરાજય મળે તો પોતે સત્તાસ્થાનેથી ફારેગ થઈ જવું, અને જેમનો મત સ્વીકારાયો હોય તેમને તે સ્થાને મૂકી દેવા ! જો કોંગ્રેસની સમિતિઓ ડેમોક્રસીની આ પદ્ધતિ ન સ્વીકારે તો તેમની બહુમતિથી રચાતી સરકાર પાસે ડેમોક્રસીની પદ્ધતિની કેટલી આશા રાખી શકાય ? મને લાગે છે કે કોંગ્રેસના અખિલ ભારતીય મોવડીઓએ અને તેમની કારોબારીએ ગુજરાતના શિસ્તના શહીદોની કરવી જોઈએ તેવી કદર કરી નથી. ઊલટું તેમને હાથે વિભાજનનું કાર્ય કરાવી તેમને કફોડી સ્થિતિમાં મૂકી દીધા છે! આ દયાજનક સ્થિતિ છે, જે ગુજરાતના રાજકીય નેતૃત્વની કંગાલિયતની સૂચક છે. આ વસ્તુ મારા જેવાને બહુ ખટકે છે તેનું કારણ એ છે કે

તેઓ જાણે છે કે ગુજરાતની પ્રાંતિક સમિતિએ એવા નેતાઓ આપ્યા હતા કે જેમણે ગુજરાતના ગૌરવને આંચ આવવા દીધા વિના ભારતનું ગૌરવ સાચવ્યું હતું. અસ્તુ

હવે જે નવો ઉત્સાહ ગુજરાતમાં દેખાય છે તેમાંથી તે ઉત્સાહ સમર્થ નેતૃત્વ પણ ઉત્પન્ન કરો એવી પ્રાર્થના આજે, ૨૬મી જાન્યુઆરીએ, અગિયારમા સ્વાતંત્ર્યદિને, પ્રભુ પ્રત્યે હું કરું છું.

પ્રશ્ન : સાચું નેતૃત્વ એટલે ગુજરાતનું ગૌરવ સાચવવું એ ?

ઉત્તર : ના. ભારતનું ગૌરવ સાચવવું એ. પણ એ ગૌરવ તેના અંગોના તેજથી જ વધી શકે, એવી સમજવાળામાં હું સાચું નેતૃત્વ કલ્પું છું. આખાને સોંગે અંગને પોષવામાં હું બુદ્ધિની નબળાઈ જોઉં છું, જેમ અંગો ઉપર ધ્યાન નહિ આપી અંગીની તંદુરસ્તી ઇચ્છનારમાં મૂઢતા હોય છે. ટૂંકામાં, ભારતના રાજકારણમાં જે નેતાઓને આ અંગાંગીની સમજ યથાર્થ હશે તે જ ભારતનું કલ્યાણ કરવાને શક્તિમાન થશે એમ હું માનું છું.

* * *

પ્રશ્ન : હાલમાં દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓનાં તોફાન અને ગેરવર્તાવ મૂંઝવે એવાં નથી ?

ઉત્તર : તોફાન એ મૂંઝવે એવી બાબત નથી. વિદ્યાર્થીઓમાં—જુવાનોમાં તોફાન ન હોય તો શું મારા-તમારા જેવામાં તોફાન આવશે ? પણ ગેરવર્તાવ એ બહુ મૂંઝવે એવી બાબત છે. તોફાન એ જુવાનીના જોમનું સૂચક છે, પણ ગેરવર્તાવ એ કુટુંબ–શાળા–અને સમાજના આચારના ધોરણોની હીનતાનું સૂચક છે. કુટુંબોમાં ગમે તે રીતે આજીવિકા ચલાવવાનું ધોરણ હોય અને સ્ત્રી સન્માન ન હોય શાળામાં શિક્ષણ આપવા કરતાં પરીક્ષાઓ પાસ કરવા ઉપર વધારે ધ્યાન આપતું હોય, અને શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે અનુક્રમે ગુમાસ્તા અને શેઠનો સંબંધ હોય અને સમાજમાં રાજદ્વાર અને ધનનો જ મહિમા હોય તથા એ બન્ને પ્રાપ્ત કરવામાં વર્તનનું કોઈ પણ ધોરણ ન હોય તો વિદ્યાર્થીઓમાં વર્તનનું ધોરણ ક્યાંથી આવે ? મોટા મોટા રાજદ્વારી નેતાઓ પ્રજા આગળ જીવનનાં આર્થિક ધોરણો ઊંચા લાવવાનો સતત ઉપદેશ આપતા હોય અને આચારનીતિનાં ધોરણો જેવું જાણે કાંઈ હોય જ નહિ અને અર્થપ્રાપ્તિ એ જ જીવનનું સૌથી મહત્ત્વનું ધ્યેય હોય એવું વાતાવરણ જમાવતા હોય ત્યારે વિદ્યાર્થીઓને સદ્વર્તન અને અસદ્વર્તનનો વિવેક ક્યાંથી મળે ? બાળઉછેરમાં એક ઘણી રમૂજ ભરેલી બિના શિક્ષણશાસ્ત્રીઓના ધ્યાનમાં આવે છે : તે એ છે કે મોટેરાંઓ જ્યારે બાળકોને ઉપદેશ કરે છે ત્યારે બાળકો તેમનાથી નાનાઓને ઉપદેશ કરવાનો પાઠ શીખે છે ! બાકી વડીલો જેમ ઉપદેશ આપી કૃતાર્થ થતા હોય છે તેમ બાળકો પણ થતા હોય છે. એમ આજે ચારે બાજુએ એકબીજાને ઉપદેશ આપવાનો વહીવટ ચાલી રહ્યો છે !

એટલે કે, વિદ્યાર્થીઓનો ગેરવર્તાવ અટકાવવાનો કે દૂર કરવાનો ઉપાય એક જ છે અને તે એ કે કુટુંબમાં વર્તનનાં ધોરણો પળાય, શાળામાં પળાય, પણ ખાસ કરીને તો, સમાજના જાહેર જીવનમાં વર્તનના ધોરણો સચવાય

પ્રશ્ન : ગુજરાતમાં આર્થિક સંપત્તિનાં સાધનો અંગે જે ચર્ચા થાય છે તેને વિશે શું ધારો છો? તે સંપત્તિ ગુજરાતના નવા રાજ્યને સમૃદ્ધ બનાવે એવી છે?

ઉત્તર : સૌ પ્રથમ તો મને 'ગુજરાતનું નવું રાજ્ય' એ શબ્દો વિશે થોડોક વાંધો છે. હું આ બધાં રાજ્યોને ભારતના 'અંગ-રાજ્ય' શબ્દથી અથવા 'સંસ્થાન-રાજ્ય'થી નિર્દેશવાનું વધારે પસંદ કરું છું. આ નવા અંગ-રાજ્યમાં આર્થિક સંપત્તિ કેવી થશે એનો આધાર તો આ નવા અંગરાજ્યના વહીવટદારોની કુનેહ અને કાબેલિયત ઉપર છે. એઓ જો ગુજરાતના વિવિધ વર્ગોમાં ઉત્સાહ અને ઉલ્લાસ ઉપજે અને વિકાસ પામે એવી એમની વર્તણૂક રાખશે તો મને ગુજરાતની આર્થિક સંપત્તિની સમૃદ્ધિ વિશે બહુ ચિંતા થતી નથી. उपरे विउसस्यं स्याद् यत्र राजा युधिष्ठिरः ।—જ્યાં રાજા યુધિષ્ઠિર હોય ત્યાં ઉખરમાં પણ અનાજ પાકે, એવું કથન ભાસના એક નાટકમાં છે. અલબત્ત, હું અર્થશાસ્ત્રી નથી એટલે અર્થશાસ્ત્રીઓ કદાચ આવાં વિધાનોને લાગણીવેડામાં કાઢી નાખે.

આપણે અર્થશાસ્ત્રીઓની વાત કરી તો એ અંગે મારે કાંઈક કહેવું છે. હાલમાં છાપાંઓમાં ગુજરાતની સંપત્તિનાં સાધનો કેટલાં છે અને કયી જાતનાં છે એ અંગે જે ચર્ચાઓ થાય છે અને તાજેતરમાં ગુજરાત વેપારી મહામંડળની પરિષદમાં જે નિષ્ણાતોનાં ભાષણો થયાં તે વાંચી મને જરા કૌતુક થયું—કે આ સરકારી અને બિન-સરકારી નિષ્ણાતોને ગુજરાતની આર્થિક સંપત્તિનાં સાધનોની માહિતી ક્યાંથી મેળવવી એની ખબર છે કે નહીં? કદાચ ખબર હશે, તો એ બધી માહિતી ભેગી કરવાની કોઈએ તસ્દી લીધી જણાતી નથી! મારી જાણ પ્રમાણે ગુજરાત અને રાજસ્થાન વિવિધ પ્રકારનાં ખનીજોમાં સારી રીતે સમૃદ્ધ છે. ખંભાતના વિસ્તારમાં તેલ છે એ તો હવે બધા જ જાણે છે. પણ મારવાડમાં પણ તેલ છે એવી કેટલીક પ્રાચીન નોંધ છે. તે જ પ્રમાણે સૌરાષ્ટ્રમાં પંચલોહ—ताम्र, रीति, त्रपु, सीसक અનેકાલાયસ નામની પાંચ-ધાતુઓ[1] છે. આચાર્ય હેમચંદ્ર કહે છે કે सौराष्ट्रकं पञ्चलोहं । તે આ[2]. અર્થાત્ કે સૌરાષ્ટ્રક શબ્દથી આ પાંચ ધાતુઓ ઉદ્દિષ્ટ છે. એ સૌરાષ્ટ્રમાંથી નીકળતી હશે કે બનાવાતી હશે.

કદાચ આપણે આવા પુરાતત્ત્વીય ઉલ્લેખો ઉપર બહુ કામ ન કરી શકીએ. પણ અંગ્રેજ સરકારે તેમની કારકિર્દીના પ્રારંભમાં હિંદુસ્તાનના જુદા જુદા પ્રદેશોમાં જે ખનીજ સંપત્તિ અને એના ઉપર ચાલતા જે ઉદ્યોગો હતા તે અંગેની માહિતીના સારા સંગ્રહો તૈયાર કર્યા છે. પણ તે બધા પુસ્તકાલયોના જૂના ગ્રન્થોમાં પડી રહ્યા છે! આ બધું જોવાની-તપાસવાની અને તે ઉપરથી અહેવાલો તૈયાર કરવાની તસ્દી લેવાય તો સારી એવી પ્રાથમિક માહિતી મળી રહે, જેના ઉપરથી નવાં અન્વેષણો હાથ ધરી શકાય.

આવું કાંઈક વાંચેલું મને સ્મરણમાં આવતું હોવાથી હું એમ કહું છું કે ગુજરાતમાં અને રાજસ્થાનમાં સારી એવી ભૂમિજ સંપત્તિની શક્યતા છે. પણ આ બાબતોનો હું કાંઈ નિષ્ણાત નથી, એટલે અર્થશાસ્ત્રીઓ અને સરકારી અમલદારોના અને એના ઉપર આધાર રાખતા પ્રધાનોનાં કથનોને નમસ્કારપૂર્વક સ્વીકારી લેવાં જોઈએ.

★

---

૧ ताम्र=તાંબુ रीति=પિત્તળ त्रपु=કલઈ सीसक=સીસું कालायस=લોઢું.

૨ 'अभिधानचिन्तामणि' काण्ड ४, श्लोक ११६.

માનવતાના પાયા, એનું મૂલ્યાંકન અને જીવનમાં એનો વિનિયોગ

વ્યાખ્યાતા : પંડિત શ્રી સુખલાલજી સંઘવી

આક્ટોબરની બીજી તારીખે ગાંધીજીનો જન્મદિવસ છે. એ પ્રસંગે મને જે વિષય સોંપવામાં આવ્યો છે, એનું નામ છે: માનવતાના પાયા, એનું મૂલ્યાંકન અને જીવનમાં એનો વિનિયોગ.

૧ માનવતાના પાયા

'માનવ' કે 'માનુષ' કે 'મનુજ' એ શબ્દનો અર્થ લોકોના મનમાં ઘણીવાર સ્પષ્ટ નથી હોતો. સામાન્ય રીતે તેઓ એમ સમજે છે કે મનુનાં દીકરા કે મનુની સંતતિ એ માનવ; અને મનુ એ કોઈ રાજર્ષિ કે વ્યક્તિવિશેષ થયેલ છે. પણ આ અર્થ બરાબર નથી. યાસ્કે નિરુક્તમાં સ્પષ્ટ કહ્યું છે અને તે સાચું કહ્યું છે કે "મનનાત્ મનુઃ" (—મનન કરે છે, માટે મનુ). મનુનો અર્થ મનન; અને એ મનન કરનાર અથવા મનન કરવાની શક્તિ ધરાવે તે માનવ. એટલે માનવનો જ્યારે આવો અર્થ કરીએ છીએ, ત્યારે આખી મનુષ્યજાતિ એમાં આવી જાય છે. તો હવે મનનશક્તિ ધરાવનાર જે માનવ, એમાં રહેલ માનવતાના પાયા શા છે, એ વિચારવાનું છે.

મનનશક્તિ એ ઇન્દ્રિયશક્તિ કરતાં જુદી વસ્તુ છે. ઇન્દ્રિયો મનુષ્ય સિવાયનાં પ્રાણીઓને છે, અને મનુષ્યને પણ છે. અને એ ઇન્દ્રિયો દ્વારા—આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિયો દ્વારા—ભૌતિક વિશ્વનું ભાન થાય છે. વિજ્ઞાનનાં સાધનો આટલાં બધાં વધ્યાં, છતાં જ્યારે જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા થાય છે, ત્યારે તે ભૌતિક વિશ્વનું જ થાય છે—પછી ભલે એ જ્ઞાન સૂક્ષ્મ ભૌતિક વિશ્વનું થાય.

બીજી બાબત એ છે કે ઇન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થાય છે, તે માત્ર વર્તમાનકાળ પૂરતું થાય છે; કોઈ ઇન્દ્રિયો ભૂત કે ભવિષ્યમાં જઈ શકતી નથી. અને દૂર દૂરના પદાર્થોને જણાવનારાં જે વૈજ્ઞાનિક યંત્રો તૈયાર થયાં છે, એ મારફત પણ ગમે એટલું જોઈએ; તોપણ એ કંઈ સમગ્ર વિશ્વને અથવા વિશ્વના દૂર-દૂરતમ પ્રદેશને ગ્રહણ ન કરી શકે; છેવટે તો એમાં પરિમિત પ્રદેશ જ આવવાનો. એટલે ઇન્દ્રિયોની શક્તિ, એ વર્તમાનકાળ અને નજીક કે સહેજ દૂર, એ પ્રદેશપૂરતી જ સીમિત છે; અને બીજું એ કે ઇન્દ્રિયો માત્ર ભૌતિક વિશ્વને ગ્રહણ કરી શકે છે, અભૌતિકને નહીં.

તૈત્તિરીય ઉપનિષદમાં પાંચ બ્રહ્મ, અને બીજી જગાએ પાંચ પુરુષ કહેવામાં આવ્યા છે: અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદ. એ પાંચને બ્રહ્મ કહો કે પુરુષ કહો. અન્નનો અર્થ છે દેહ. પ્રાણનો અર્થ છે શ્વાસપ્રશ્વાસ અને જીવનશક્તિ. બીજાં સૂક્ષ્મ જંતુઓ અને પશુ-પક્ષીઓમાં પણ દેહ અને શ્વાસોચ્છ્વાસ હોય જ છે. એટલે બીજાં પ્રાણીઓ જેમ પાંચભૌતિક

દેહ ધારણ કરવાથી ભૂત કહેવાય અથવા પ્રાણ ધારણ કરવાથી પ્રાણી કહેવાય, તેમ મનુષ્ય પણ દેહ ધારણ કરે છે, એટલે એ ભૂત કહેવાય છે, અને પ્રાણ ધારણ કરે છે તેથી પ્રાણી પણ કહેવાય છે. એટલે કે સર્વ ભૂતોમાં અને સર્વ પ્રાણીઓમાં મનુષ્ય પણ આવી જાય છે. પણ બીજાં પ્રાણીઓ જે ભૂત અને પ્રાણી કહેવાય છે, તેના કરતાં મનુષ્યમાં, તે ભૂત અને પ્રાણી કહેવાયા છતાં, એક વિશેષતા છે, અને તે આ મનની છે. એટલે અન્ન અને પ્રાણ પછી મનને ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે.

હવે આપણે મનનું સ્વરૂપ જોવું જોઈએ. બીજાં પ્રાણીઓ ઇન્દ્રિયો મારફત જ્ઞાન મેળવે, તેમ મનુષ્ય પણ ઇન્દ્રિયો મારફત જ્ઞાન મેળવે, ભૌતિક વિશ્વનું મેળવે, વર્તમાનકાળ પૂરતું મેળવે અને સહેજ નજીક કે દૂરના પ્રદેશનું મેળવે; તો ઇન્દ્રિયો કરતાં મનમાં એવી કઈ વિશેષતા છે કે જેને કારણે એ માનવ બીજાથી જુદો પડે છે અને મનની શક્તિ ધરાવનાર તરીકે જુદો ઓળખાય છે, તે જાણવું જોઈએ.

પહેલી વાત તો એ છે કે ઇન્દ્રિયો મારફત જે જ્ઞાન મળ્યું હોય તે વર્તમાનકાળ પૂરતું જ હોય છે; પણ મનની શક્તિ કંઈક એવી છે કે, તે ત્રણે કાળનો વિચાર કરી શકે છે. જે વર્તમાનકાળનું જ્ઞાન મળ્યું, એને સંગ્રહી અને સ્મરણ કરી શકે, અને વર્તમાનકાળનું જ્ઞાન અને ભૂતકાળનું જ્ઞાન, એ બન્નેનું મિલન કરી તેના પરથી ભવિષ્યની કલ્પના કરી શકે. વસ્તુઓના અનેક ઝીણા ઝીણા અર્થોની–સૂક્ષ્મ અર્થોની–સમજણશક્તિ એનામાં વધારે છે; એટલે તો સમજણ, સ્મૃતિ, કલ્પના, એ શક્તિઓ માણસમાં વધારે છે, અને ઘણી વધારે છે. એ જેટલી કેળવી શકે એ પ્રમાણમાં એ કેળવાઈ પણ શકે છે. એ ઉપરાંત મનની અંદર બીજી પણ ખાસ શક્તિઓ છે, જેવી કે ઇચ્છા, શ્રદ્ધા, સંકલ્પ. કોઈ પણ વસ્તુ પ્રત્યે અભિમુખ થવા માટેની વૃત્તિ તે ઇચ્છા; એ જ પ્રવૃત્તિમાં કે કામમાં ટકી રહેવા માટેની આંતરશક્તિ તે શ્રદ્ધા; અને આ કે તે કોઈ પણ કામ કરવામાં અડગ રહેવાની શક્તિ તે સંકલ્પ. તે ઉપરાંત એમાં ભય, કામ, ક્રોધ, લોભ, એ બધી વૃત્તિઓ પણ છે. અને આ જે મન છે, એ બહિર્મન કહેવાય છે, જે આપણને સૌને ઓછાવત્તા પ્રમાણમાં વિકસિત રૂપમાં મળેલું છે, અને જેના દ્વારા આપણે જીવન જીવીએ છીએ.

માનવ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી એણે જે જે સામાજિક રચના કરી, ગામ, નગર, દેશોની સંસ્કૃતિ રચી, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય આદિ કળાઓનો જે વિકાસ કર્યો અને જે વિજ્ઞાનની શોધો કરી, એ મુખ્યપણે આ બહિર્મનને આભારી છે. એટલે ખરી રીતે એમ કહેવું જોઈએ કે માનવસમાજે લાંબા વખતથી અત્યાર લગીમાં દેશ–વિદેશમાં સર્વત્ર મનુષ્યને રહેવા લાયક જે એક સંસ્કૃતિ નિર્માણ કરી છે, સમાજ નિર્માણ કર્યો છે, એ આ બહિર્મનની રચના છે. અને આ જે સમાજરચના, એ માત્ર મનુષ્યને માટે જ ઉપકારક છે એમ નહીં; પણ એ બીજાં પ્રાણીઓને માટે પણ ઉપકારક કે આશીર્વાદ રૂપ થઈ જાય છે. અલબત્ત, એમાં શાપનાં તત્ત્વો પણ સમાયેલાં તો છે જ. પણ આ તો બહિર્મનની વાત થઈ.

માનવતાના પાયામાં બહિર્મન મુખ્ય છે, એ ઉપરાંત એથીય મુખ્યતર અને મુખ્યતમ એક અંતરમન છે. એ અંતરમન, એ એક બહુ જ અદ્‌ભુત શક્તિ ધરાવે છે. એ અંતરમન અને બહિર્મન એ બે કંઈ સાવ જુદાં નથી; એ બન્ને એકબીજાંની પાસે છે. વચ્ચે થોડોક

પડદો હોય તેટલું જ. અથવા, સમજાવવું હોય તો, એમ કહી શકાય કે એક અખંડ કમરા (ઓરડા)માં વચ્ચે એક નાનો પડદો કે પાર્ટિશન નાખીને જેમ બે ભાગ કરીએ, પાતળો પડદો હોય અને એના બે ભાગ થઈ જાય, અને તે ખસેડીએ તો બન્ને ભાગ મળીને એક જ કમરો થાય છે, તે રીતે, ખરી રીતે જોતાં, બહિર્મન અને અંતરમન એ કોઈ છૂટા ભાગ નથી, પણ એ બેની વચ્ચે એક નાનું આવરણ, નાનો પડદો છે; અને એને કારણે જ્યારે બહિર્મન કામ કરતું હોય, ત્યારે એ અંતરમન ગૂઢ પણ રહે, કામ ન પણ કરે. એટલે એ ભાગ જુદો પડે છે.

બીજી વાત એવી છે કે બહિર્મનની શક્તિઓ તમામ મનુષ્યોમાં ઓછેવત્તે અંશે કામ કરતી જ હોય છે, જ્યારે અંતરમનની શક્તિઓ એ રીતે બધામાં કામ કરતી નથી હોતી. અંતરમનની અંદર મુખ્ય બે વસ્તુઓ સમાયેલી હોય છે: એક પ્રકાશનું તત્ત્વ અને બીજું મૈત્રી, આત્મૌપમ્ય કે શીતળતાનું તત્ત્વ–સૌમ્યતાનું તત્ત્વ. એ અંતરમનની ખાસ વિશેષતા છે. આ રીતે અંતરમન અને બહિર્મન વચ્ચે ફેર છે. બહિર્મન સૌને માટે મોકળું હોય છે, અને અંતરમન એ સૌને માટે મોકળું નથી. પણ એનો અર્થ એવો નથી કે પ્રયત્ન કરવાથી પણ એ ખુલ્લું ન થઈ શકે. પ્રયત્ન કરવાથી અંતરમન પણ ઊઘડે છે, અને જ્યારે ઊઘડયું નથી હોતું ત્યારે પણ મનુષ્યજાતિમાં એ અંતરમનનો કાંઈક ને કાંઈક એવો ઝાંખો પ્રકાશ, ઝાંખી સૌમ્યતા, ઝાંખી શીતળતા અથવા મૈત્રીવૃત્તિ એ બહિર્મન ઉપર અસર કરે જ છે. અને તેથી એ બહિર્મન દુનિયામાં અનેક જાતનાં કામો કરવા સાથે અંતરમનના પ્રકાશ અને અંતરમનની મૈત્રીવૃત્તિ કે આત્મૌપમ્ય વૃત્તિને લીધે સમાજરચના કરે છે. સમાજમાં કુટુંબ બંધાય છે, સમાજ આખો ઘડાય છે અને આમ તેમ જ નગરની સંસ્કૃતિ રચાય છે, લોકો એકબીજા સાથે હળેમળે છે, અને આત્મીયભાવે વર્તે પણ છે; અલબત્ત, એ મર્યાદિત અર્થમાં.

હવે આ રીતે બહિર્મન અને અંતરમનનો તફાવત તો આપણે જોયો. પણ પ્રશ્ન એ થાય છે કે બહિર્મન સૌને માટે ખુલ્લું છે, તો અંતરમનને ખોલવાનો કોઈ રસ્તો છે? તો એ પ્રશ્નનો જવાબ છે, હા. આજથી ઘણાં વર્ષો પહેલાં—શતાબ્દીઓ પહેલાં, સહસ્રાબ્દીઓ પહેલાં—અનેક લોકોએ એ માર્ગે પ્રયત્ન કર્યો છે. અને તે માત્ર હિંદુસ્તાનમાં જ નહીં પણ બીજા દેશોમાં પણ એ દિશામાં કેટલાક લોકોએ પ્રયત્ન કર્યો છે. અને એ પ્રયત્નમાં એ લોકો સફળ પણ થયા છે. પહેલાં જે કહેવામાં આવ્યું કે બહિર્મન અને અંતરમનની વચ્ચે એક સૂક્ષ્મ પડદો છે; એ પડદાને શાસ્ત્રોમાં પ્રકાશાવરણ તેમજ ક્લેશાવરણ કહે છે. પ્રકાશને ઢાંકે એવો એ પડદો અંતરમન યા ગૂઢમનની અંદર જે અદ્ભુત પ્રકાશ છે, એને ઢાંકે છે. અને સાથે સાથે મૈત્રીવૃત્તિ, અખંડ ભ્રાતૃભાવ, આત્મૌપમ્યની વૃત્તિ, એને પણ જે મર્યાદિત કરે છે, એને ક્લેશાવરણ કહે છે.

આવાં બે ઝીણાં ઝીણાં આવરણો હોવાથી એ અંતરમન જોઈએ એટલું પ્રકાશિત થતું નથી. અને જેટલા પ્રમાણમાં એનામાં આત્મૌપમ્યવૃત્તિ પ્રગટવી જોઈએ, એ પણ પ્રગટતી નથી. પણ જેઓ સાધકો હતા, જેઓ આ દિશામાં પ્રયોગો કરતા હતા, એમણે જોયું કે કઈ રીતે એ શક્તિ પ્રગટ થઈ શકે? ત્યારે પહેલાં એમને એમ દેખાયું કે મનુષ્ય હમેશાં બહિર્મુખ થઈ દુનિયા તરફ જ ઝૂકેલો હોય છે, અને બહારના વિષયોમાં જ રચ્યોપચ્યો રહે છે. એટલે એને પોતાના અંતરમન અને અંદરની શક્તિઓ વિશેનો કશો ખ્યાલ જ હોતો નથી.

તેથી પહેલાં તો માણસનું મન, જે બહિર્મુખ છે, તે અંતર્મુખ થવું જોઈએ, એટલે કે અંદરની તરફ વળવું જોઈએ. અને એ અંદરની તરફનું જે વલણ, એને દિવ્યાભિમુખતા અથવા પરમાત્માભિમુખતા કહે છે. વેદાંતની ભાષામાં કહેવું હોય તો એમ કહી શકીએ કે એ બ્રહ્મજિજ્ઞાસા છે અથવા અધ્યાત્મજિજ્ઞાસા છે. જ્યારે મન અંતર્મુખ થાય; ત્યારે એને પહેલું શું લાગે છે? એને પહેલું એમ લાગે છે કે સત્યનો માર્ગ અને અલૌકિક વિશ્વ—ભૌતિક વિશ્વ જેવું નહીં, પણ ભૌતિકથી પર એવું અભૌતિક વિશ્વ—એ તો અપાર છે, અને એ દેખાતું નથી. એ વખતે એને મૂંઝવણ અને ગૂંગળામણ થાય છે, ત્યારે 'એનું કારણ શું?'—એની એ અંતર્મુખ થઈને તપાસ કરે છે. જ્યારે એ અંતર્મુખ થાય, ત્યારે એને દેખાય છે કે વચ્ચે કાંઈક પડદો છે. એને પોતાનું એ આવરણ ખટકે છે. અને તેથી એ કોઈ અલૌકિક શક્તિ તરફ કહો, પરમાત્મા તરફ કહો, બ્રહ્મ તરફ કહો કે ઈશ્વર તરફ કહો, અભિમુખ થાય છે. એના તરફ અત્યંત નમ્ર થઈને એ વિનંતી કરે છે. એ અલૌકિક તત્ત્વ છે પ્રકાશ કે પરમાત્મા. પણ એને એ વ્યાવહારિક ભાષામાં અગ્નિ, પૂષન્ એવા નામ આપીને સંબોધે છે; અને પહેલી માગણી એ એમ કરે છે કે "હે અગ્નિ! હે પ્રકાશ! હે પરમાત્મા! તું મને યોગ્ય રસ્તે લઇ જા!"[1]

ભૌતિક વિશ્વમાં માણસ આડાંઅવળાં તાણોમાં અને વહેણોમાં ફંટાય છે. એમાંથી નીકળવા માટે એ પ્રકાશ પાસે પ્રકાશની માગણી કરે છે. આ એક શ્રદ્ધા છે, ઊંડી શ્રદ્ધા છે; અને એને આપણે પરમાત્માભિમુખતા કહી શકીએ છીએ. એની સાથે એ એમ પણ કહે છે કે "મને સુપથે-યોગ્ય રસ્તે દોર!" એટલું જ નહીં પણ એથી આગળ વધીને એ માગણી કરે છે કે "મને આડે રસ્તે લઈ જનાર જે પાપ, જે કલેશવૃત્તિ અથવા જે મોહ છે, તેનો તું નાશ કર!"[2] અને વળી કહે છે કે "હે પરમાત્મન્! આજ સુધી હું લોભમાં, લાલચમાં અને મોહમાં ખેંચાઉં છું, તેને કારણે સત્યનું મુખ ઢંકાયેલું છે. તો એ આવરણને તું દૂર કર, જેથી જે સત્યધર્મ છે, એનું દર્શન થાય."[3] આનો અર્થ એ થયો કે જે વખતે માણસના મનમાં પરમાત્મા પ્રત્યેની અભીપ્સા, ઊંડી શ્રદ્ધા અથવા ભક્તિ વધે છે, ત્યારે એને એમ થાય છે કે ખરું સત્ય મારી સામે નથી; હું તો કાંઈક ઉપર ઉપરના, આછા-ઝાંખા એવા સત્યાભાસને સત્ય માનીને ચાલું છું. અને તેથી એ આમ કહે છે.

આમ માનવી પહેલો પરમાત્મા તરફ, ચૈતન્ય તરફ, શુદ્ધ શક્તિ તરફ અભિમુખ થાય છે. અને પછી જ્યારે એ અલૌકિક સત્ત્વ તરફની, અલૌકિક તત્ત્વ તરફની શ્રદ્ધામાંથી એ આગળ જાય છે, ત્યારે એનું આવરણ સહેજ ખસે છે. અને જ્યારે એ આવરણ ખસે છે, ત્યારે એને શું દેખાય છે? ત્યારે એ "તમામ પ્રાણીઓને પોતામાં જુએ છે, અને પોતાને તમામ પ્રાણીઓમાં જુએ છે; અને કોઈની ઘૃણા કરતો નથી."[4] ભૌતિક વિશ્વના દર્શન

---

૧. अग्ने नय सुपथा । —ઈશાવાસ્ય ઉપનિષદ્ ૧૮

૨. युयोध्यस्मज्जुहुराणमेनः । એજન. ૧૮

૩. हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ એજન. ૧૫

૪. यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानु पश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ એજન. ૬

વખતે એને માત્ર એકબીજાથી ભેદ દેખાતો હતો; અને ભેદ છતાં એ પરાણે સપીને સુખથી રહેતો હતો. પણ પછી એને, આ ભેદો હોવા છતાં, એમાં કાંઈક અભેદનું, આત્મૌપમ્યનું તત્ત્વ દેખાય છે; અને કોઈ અલૌકિક એવા સત્યધર્મનું ભાન થાય છે. એટલે એ વિચારે છે કે "જ્યાં સર્વ પ્રાણીઓ પોતારૂપ જ બન્યાં છે, અને જ્યાં એકત્વ કે આત્મૌપમ્યનું દર્શન થાય છે, ત્યાં પછી મોહ કેવો અને શોક કેવો?"[૫] આવી રીતે શ્રદ્ધા દ્વારા આવરણ દૂર થતાં એને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે, અને દિશા સૂઝે છે.

ત્યાર પછી એને વિચાર આવે છે કે જીવવું કેમ? જીવવાની રીત તો આજ સુધી હતી જ; એ રીતે એ જીવતો આવ્યો હતો, પણ એ જીવવાની રીત પછી બદલાઈ જાય છે. એને એમ વિચાર આવે છે કે હું જે સંગ્રહ કરું અથવા જે ભોગવું, એમાં બીજાનો ભાગ છે કે નહીં? બીજા લોકોના જીવન સાથે મારો સંબંધ છે કે નહીં? એમ વિચાર કરતાં, પહેલાં લીધેલ એકત્વ-દર્શનથી, એ નિર્ણય કરે છે કે "જગતમાં જે કાંઈ છે, તે સર્વમાં ઈશ્વરનો વાસ છે; તેથી એ જે કંઈ આપે તેટલું ભોગવ, અને બીજાનું છે તેનો લોભ ન કર."[૬] અને એને એવી જીવનકળા લાધે છે.

આ જીવનકળા શી? માણસ હોય કે બીજું પ્રાણી હોય, એ કાંઈ ખાધા-પીધા સિવાય, મકાન-આશ્રય સિવાય જીવી શકતાં નથી. એટલે કે ભોગ સિવાય તો જીવન ચાલતું જ નથી; ઉપભોગ તો આવશ્યક જ છે. પણ એ ઉપભોગમાં સમગ્ર જીવન ખર્ચાઈ ન જાય, ઉપભોગ માટેના સંગ્રહમાં સમગ્ર શક્તિ ખર્ચાઈ ન જાય, એ તરફ એનું ધ્યાન જાય છે; અને સમજાય છે કે જીવન છેવટે જીવવા માટે છે, અને ઉપભોગ પણ જીવનના પોષણ માટે છે. તેથી ઉપભોગની સામગ્રી એટલી બધી વધારવી, અને બીજાની સામગ્રી તરફ લલચાઈ રહેવું, એમાં તો જીવનનો ક્ષય થઈ જાય છે. એટલે એને સહજ રીતે જે મળે તેનાથી જીવન જીવવાની કળા (तेन त्यक्तेन भुञ्जीथाः) લાધે છે. આ રીતે જ્યારે અંતરમનનું દ્વાર ઊઘડે છે, ત્યારે એમાંથી એક જાતનો પ્રકાશ અને એક જાતની મૈત્રી કે આત્મૌપમ્યવૃત્તિ પ્રગટ થાય છે.

જે માણસ આવો હોય, એ કાંઈ સમાજથી જુદો નથી પડતો; કેમ કે એનું બહિર્મન તો હંમેશા જેમ કામ કરતું હોય એમ જ કરે છે. પણ તે વખતે બહિર્મનનું જે સ્વરૂપ, જે દિશા, જે પ્રવૃત્તિ હોય, એ બધું સાવ જુદા રંગમાં રંગાઈ જાય છે; કારણ કે અંતરમનમાંથી પ્રકાશ પ્રગટ થતાં, ઉપર સૂચવ્યું તેમ, એકત્વદર્શન થાય છે, અને સાથે સાથે પોતાનો દોષ જોવાની દૃષ્ટિ પણ મળે છે. અને પછી તો પોતાના ઉપર સહેજ પણ આવરણ આવ્યું હોય કે સહેજ પણ ભૂલ થઈ હોય, તો તે અસહ્ય બની જાય છે.

પણ જેમનું અંતરમન ખુલ્લું થયું હોય, અને એમાંથી પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા કે ભક્તિ કહો, જ્ઞાન કહો અથવા કર્મયોગ કહો, એ ત્રણે જેમનામાં આવિર્ભાવ પામ્યા હોય,

---

૫. यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥ એજન. ૭

૬. ईशा वास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ એજન. ૧

એવા માણુસો કંઈ જગો જગોએ મળતા નથી. તો પ્રશ્ન એ થાય છે કે લાખો, કરોડો ને અબજો માણુસો થતા આવ્યા છે, એમાં આવા વિરલ એક-બે માણુસો હોય તેથી શું વળે ! આનો ખુલાસો એ છે કે જેમ સૂર્ય એક હોવા છતાં ચોમેર પ્રકાશ પાથરે છે, એ જ રીતે જે માણુસનું અંતરમન કે ગૂઢમન પ્રકાશિત થાય છે તે, એક હોય તોપણુ, મોટામાં મોટી માનવમેદનીને અજવાળે છે; એના પર એ એક પ્રકારની જુદી જ અસર કરે છે. અને એ અસરને લીધે માનવસમાજનું સ્વરૂપ કાંઈનું કાંઈ થઈ જાય છે. આપણે ઇતિહાસમાં જોઈએ છીએ કે આવા અનેક માણુસો થયા, અનેક પુરુષો થયા. ભલે વચ્ચે વચ્ચે-અંતરે અંતરે-થયા, વચ્ચે ઘણો કાળ વીતી ગયા પછી થયા; પણ એવા એક, બે કે ચાર માણુસોએ આવીને પણ માનવજાતને અજવાળી છે.

આ બધાનું તાત્પર્ય એ થયું કે માનવસમાજને જીવવા માટેની સમગ્ર સામગ્રી—જેમાં સંસ્કૃતિ, કળા, સાહિત્ય, વિજ્ઞાન અને જીવનને નભાવવાનાં બધાં સાધનો સમાઈ જાય છે—એ બહિર્મન દ્વારા રચાય છે; પણ એ બધામાં સંવાદ આણુનાર, અને એ બધામાં એક જાતનો વધારે પ્રકાશ પાથરનાર અને સમાજને સૌને માટે જીવવા લાયક બનાવનાર, એ અંતરમન છે. અલબત્ત, આ અંતરમન બહુ જ ઓછે અંશે માણુસોમાં પ્રગટતું હોય છે; અને ઘણી વાર એ અંતરમનના વિકાસનું બળ એટલું ઓછું હોય છે કે બહિર્મન એની સાથે હંમેશા એક જાતની અથડામણુમાં આવે છે; અને એમાં બહિર્મન વધારે ફાવી જાય છે. અને તેથી બહિર્મને જે સમાજ રચ્યો, એ સમાજમાં હંમેશાં મોટી મોટી ઊથલપાથલો થયા કરે છે. આથી માણુસો અંદર અંદર એકબીજા સાથે લડે છે—અનેક કારણે લડે છે, કારણુ વિના પણ લડે છે. એટલે અંતરમનની જે શકિત છે, એ માનવતાનો બીજો અને મુખ્ય પાયો છે.

ઈશાવાસ્યના ઋષિએ કહ્યું કે અમને સુમાર્ગે લઈ જા; અમને આડે રસ્તે દોરી જનારું જે પાપ, એનું તું નિવારણ કર; અમારું આવરણ દૂર કર વગેરે વગેરે. પણ આવી રીતે કેવળ ઈશાવાસ્યના ઋષિએ જ કહ્યું છે, એમ નહીં; એ તો આવા કેટલાક સુમાર્ગે ગયેલા, આગળ વધેલા માણુસોનાં હૃદયનો એક પ્રતિધ્વનિમાત્ર છે. આપણે કુરાનમાં જોઈએ તો, કુરાનની પહેલી સુરાની પાંચમી-છઠ્ઠી આયતમાં મહંમદ પેગંબર પણુ એ જ રીતે પ્રાર્થના કરે છે કે "હે પરમેશ્વર ! તારી અમે પૂજા કરીએ; અમને તું સત્ય બતાવ; અમે આડે રસ્તે ન ફંટાઈએ." એ જ રીતે દીર્ઘતપસ્વી મહાવીર[૭] અને તથાગત બુદ્ધ,[૮] એમણે પહેલી વાત એ કહી કે માણુસે અંતરમનનો વિકાસ કરવો હોય તો, એની ઉપરનું આવરણ, જે મળ કે દોષ છે, તે પહેલાં જવું જોઈએ; બીજી વાત પછી. એમાં સત્ય-પ્રકાશ ક્યારે પ્રગટે ! જો એના ઉપરનું આવરણ કે મળ દૂર થાય તો. એટલા માટે જ એમણે સાધનામાં પ્રજ્ઞાવરણ અને કલેશાવરણના મળને નિવારવાની વાત પહેલી મૂકી છે.

૭. छंदं निरोहेण उवेइ मोक्खं । ઉત્તરાધ્યયન ૪, ૮.

૮. सब्बपापस्स अकरणं कुसलस्स उपसंपदा ।
सचित्तपरियोदपनं एतं बुद्धान सासनं ॥—ધમ્મપદ ૧૪, ૫.

એટલે જો સાધના કરવી હોય તો પહેલી શરત એ છે કે એ અંતરમન ઉપર પડેલો જે પડદો, એને ખસેડવો જોઈએ, પાતળો પાડવો જોઈએ, અને પ્રયત્ન કરીને છેવટે એનો ક્ષય પણ કરવો જોઈએ; એમ થાય તો જ સત્યનું દર્શન થાય. એમ ન થયું હોય ત્યાં સુધી ભલે આપણે કહીએ કે આખા જગતનાં તમામ પ્રાણીઓ એક જ તત્ત્વના આવિર્ભાવો હોઈ, "બધાં એક જ કુટુંબનાં છીએ",૯ પણ એ માત્ર શાબ્દિક જ રહે છે. ખરું ભાન પોતાનો દોષ દૂર કર્યા સિવાય થઈ શકતું નથી. જિસસ ક્રાઈસ્ટનું ધ્યાન પણ એ તરફ ગયું હતું. પોતાની દસ આજ્ઞાઓમાંની એક આજ્ઞામાં એમણે પોતાના શિષ્યોને કહ્યું કે તમે બીજાના દોષ ન જુઓ. બીજાની આંખમાં તણખલું જુઓ એ પહેલાં તમારી પોતાની આંખમાં શું છે, તે જુઓ. એનો અર્થ એ થયો કે માણસે અંતર્મુખ થઈને પોતાના દોષ જોવા જોઈએ; એ દોષો અસહ્ય બને એટલી અકળામણ ભોગવવી જોઈએ. જેમ રોગી થયેલો માણસ ઇચ્છે કે હું જલદી રોગથી મુક્ત થઈ જાઉં, તે રીતે ખરો સાધક, ખરો અંતર્મુખ માણસ, જે પરમાત્માભિમુખ થયો હોય તે માણસ, કોઈ દિવસ પોતાના દોષને સહી નહીં શકે; એને એ અસહ્ય બની જશે. જ્યારે એ અસહ્યતાનું ભાન થાય, ત્યારે જ એને એવી માગણી કરવાનું મન થાય છે કે હે પરમાત્મન્, તું મને આવાં પ્રલોભનોથી, મોહથી બચાવ. જ્યારે આવી માગણી કરે છે, ત્યારે અલબત્ત, એને ઓછું કે વધતું ભાન થાય છે; અને પછી આત્મપ્રતીતિ થાય છે; અને એમાંથી એને જીવન જીવવાની ખરેખરી કળા લાધે છે.

આ રીતે, આપણે જોયું કે, માનવતાના પાયામાં બે વસ્તુ ખાસ ધ્યાન રાખવાની છે: એક તો બહિર્મન, અને બીજી અને મુખ્ય વસ્તુ તે અંતરમન. આમાં બહિર્મનની બધી શક્તિઓ ઓછેવત્તે અંશે આપણામાં પ્રગટેલી છે: આપણે જીવન જીવીએ છીએ, સમાજમાં રહીએ છીએ; પણ એ શક્તિઓ આપણને પૂર્ણપણે કામ નથી આપતી. ઘણીવાર એ આડે રસ્તે દોરે છે, અને કેટલીક વાર એ શક્તિઓને કારણે સંઘર્ષો કે અથડામણ પણ થાય છે. કારણ કે જેને સમજણ હોય, સ્મૃતિ હોય અને કલ્પના હોય એવું માણસ સિવાય બીજું એક પણ પ્રાણી નથી; તેમ જ દુનિયામાં ભયાનકમાં ભયાનક પશુ-પક્ષીઓમાં પણ કોઈ એવું પ્રાણી નથી, જે માણસ જેટલું ભયાનક થઈ શકે. પણ સાથે જ માનવતાના પાયામાં બીજી અને મહત્ત્વની વસ્તુ અંતરમન રહેલી છે, અને તે બહિર્મનની એ બધી શક્તિઓને નિયંત્રિત કરવામાં બહુ સહાયક પણ થઈ જાય છે.

આગળ કહ્યું તેમ, અંતરમનને ભલે કોઈ કોઈ ઉઘાડે; એ રસ્તો ભલે વિરલ વ્યક્તિનો હોય; અને અંતરમનને ખુલ્લું કરવાની જહેમત ઉઠાવવી અને એ રીતે જિંદગી ગાળવી એ ભલે સૌને માટે શક્ય ન હોય; પણ એ ઉપરથી આપણે માટે એ અસાધ્ય છે, એમ સમજવાની જરૂર નથી. એટલે આપણે માનવતાના પાયારૂપ જે બહિર્મન, અને એને મજબૂત કરનાર—એને અજવાળનાર જે અંતરમન, તેની શક્તિઓ તરફ ધ્યાન આપવું જોઈએ. તેથી જ તૈત્તિરીય ઉપનિષદ્‌માં વિજ્ઞાન અને આનંદને મન પછી મૂક્યાં છે. અને તે એટલા માટે કે મન જો ખૂલે—બહિર્મન પછી અંતરમન સહેજ પણ ખૂલે—તો એમાં વિજ્ઞાન

૯. वसुधैव कुटुम्बकम् ।

એટલે પ્રજ્ઞાન, અલૌકિક વસ્તુ, દેશકાલાતીત વસ્તુ, જેમાં લૌકિકતાનો સંબંધ નથી એવી વસ્તુનું ભાન થાય છે. અથવા એ બધું મળીને પરમાત્મા કહો કે બ્રહ્મ કહો, એનું ભાન થાય છે. અને એ જ મહત્ત્વની વસ્તુ છે. એ પ્રજ્ઞાન છે. અને જ્યારે એવું થાય છે, ત્યારે એ માણસને કોઈ જાતના દુઃખનો, આઘાતનો સ્પર્શ નથી થતો. દુનિયામાં તો દુઃખ અને સુખના પ્રવાહો ચાલ્યા જ કરે છે; પણ એ પ્રવાહો એ માણસની વૃત્તિને સ્પર્શતા નથી. આ ભૂમિકા એ છેલ્લી આનંદની ભૂમિકા. એટલે વિજ્ઞાન અને આનંદ, એ અંતરમન, જે મનનો અંદરનો ભાગ છે, એ દ્વારા પ્રગટ થાય છે. અને બહિર્મન દ્વારા રચાયેલ આખી ભૌતિક સૃષ્ટિ જીવવા લાયક બને છે. ઇશ્વરની સૃષ્ટિ એ એક વસ્તુ છે, અને માનવકૃત સૃષ્ટિ એ બીજી વસ્તુ છે. ઇશ્વરની સૃષ્ટિને આપણે જુદી પારખી શકીએ : પૃથ્વી, પાણી, તેજ, સૂર્ય, ચંદ્ર, એ બધું ઇશ્વરકૃત છે. કદાચ કોઇ એને એ રીતે ન પણ માને, તોપણ મનુષ્યની સૃષ્ટિ તો નિશ્ચિત છે.

માનવે શું શું કર્યું ? અને તે કોની કઈ શક્તિથી ? તો એણે એ બહિર્મનની શક્તિઓથી કર્યું. એણે સારું કર્યું કે નરસું, અંદરઅંદર ખુવારી પણ મેળવી; એણે ખેતી પણ કરી અને ખેતીને ઉજાડી પણ ખરી; એણે મકાનો બાંધ્યાં પણ ખરાં અને મકાનોનો ધ્વંસ પણ કર્યો. પણ એ બહિર્મન મારફત. પણ જ્યારે અંતરમન વિકસે છે, ત્યારે એ આખી માનવકૃત સૃષ્ટિ જુદી બની જાય છે. અને એ માટે જ કહ્યું છે કે માનવતાના પાયામાં મનની જે આંતરિક શક્તિ છે, એ જ મુખ્ય પાયો છે. એ પાયો જો હોય તો બહિર્મનનો પાયો—બહિર્મન દ્વારા થયેલી સૃષ્ટિ—તે સુસ્થિર છે; નહીં તો એ ડામાડોળ જ રહેવાની.

એથીજ જ્યારે રશિયાના વડા પ્રધાન ક્રુશ્ચોવ અમેરિકા જવા લાગ્યા ત્યારે વિલાયતના કોઇ છાપાએ એવી મતલબનું કહેલું કે આ બધી શક્તિઓ-વૈજ્ઞાનિક શક્તિઓ-ને લીધે, વૈજ્ઞાનિક સંપત્તિને લીધે બે દેશો વચ્ચે હરીફાઈ ચાલુ છે અને બન્ને આગેવાનો એકબીજાને મળે છે, એ બધું તો સારું છે. પણ, એણે એક વાત કહી તે એ કહી કે, એ બેયની જેટલી શક્તિ વિજ્ઞાન દ્વારા અને શસ્ત્ર સરંજામ દ્વારા છે, અથવા બીજી સંપત્તિની જેટલી શક્તિ છે, એ કરતાં જો બન્નેના અંતરમાં કાંઈક જુદી જાતની શક્તિ સંચરે, તો એ બન્નેના મળવાથી એમનું, એ બે દેશોનું અને એમની સાથે આખા વિશ્વનું ભલું થશે.

આ કથનનો અર્થ આ હતો કે અંતરમન, જે ગૂઢ શક્તિ છે, એ જો ઢંકાયેલી હોય તો, બહિર્મન દ્વારા ગમે તેટલી સૃષ્ટિ, વિભૂતિ, વિજ્ઞાનના આવિષ્કારો, સાહિત્ય-સંસ્કારો હોય તોપણ એમાં ક્યાંક ને ક્યાંક અથડામણ રહેવાની, રહેવાની ને રહેવાની ! તેથી માનવતાના પાયા તરીકે અંતરમન અને ગૂઢ શક્તિનું મૂલ્ય આવું આંકવામાં આવ્યું છે. *

(ચાલુ)

★

* ગાંધી જયંતી નિમિત્તે, આકાશવાણી અમદાવાદ ઉપરથી, તા. ૨-૧૦-૧૯૫૯ તથા તા. ૪-૧૦-૧૯૫૯ ના રોજ આપેલ વિશેષ પ્રવચન—કેટલાક ફેરફાર સાથે. આકાશવાણીના સૌજન્યથી.

ડૉ. ચિદાનન્દની હૉસ્પિટલ

'ભદ્ર'

ડૉ. ચિદાનન્દની હોસ્પિટલ રેલવે સ્ટેશનથી પાંચ માઇલ દૂર હતી. આ સંસ્થાને આધુનિક ઢબની હોસ્પિટલ કહેવાય કે કેમ એ શંકા પડતું હતું. એક મોટું ચોગાન હતું, એની ચારે બાજુ પડાળીઓ હતી, પડાળીઓને માથે બે ઢાળિયું છાપરું હતું. પરન્તુ ભીંતો નહોતી. એટલે બારી-બારણાં પણ નહોતાં. ફક્ત એક બાજુ બે ઓરડીઓ હતી. એકમાં હોસ્પિટલ અંગેનાં કેટલાંક સાધનો હતાં અને બીજીમાં દરદીઓની સારવારની ગોઠવણ હતી. ચારે બાજુની પડાળીઓમાં એક બાજુની પડાળીમાં વચ્ચે દરવાજો હતો. ચોગાનની બહાર ત્રણ-ચાર ઝૂંપડાં હતાં, એક બાજુ કૂવો હતો અને જરા દૂર પાયખાનાં હતાં. બધાંને આવરી લેતી, તારની એક વાડ હતી.

એક વહેલી સવારે ડૉક્ટર, એક પછી એક પથારી પાસે જઈ દરદીઓને તપાસતા હતા ત્યાં સ્ટેશન માસ્તરના દીકરાને, મારતી સાયકલે દરવાજાની અંદર દાખલ થતો એમણે જોયો. એ સીધો ડૉક્ટર હતા ત્યાં આવ્યો. એનો શ્વાસ માતો નહોતો.

"દાક્તર સાહેબ, બાપુજી જલદી બોલાવે છે." છોકરો શ્વાસ ખાતાં બોલ્યો.

'શું છે?"

"એક્સિડન્ટ થયો છે. ત્રણ ડબા ઊંધા વળી ગયા છે. કેટલાકને બહુ વાગ્યું છે, ચીસાચીસ થઈ રહી છે."

જોડે ઊભેલાં દેવીબહેનને યોગ્ય સૂચનાઓ આપી, સારવારનાં જરૂરી સાધનો લઈ ડૉક્ટર પોતાની સાયકલ ઉપર નીકળ્યા.

સ્ટેશન નાનકડું હતું. ચોવીસ કલાકમાં ઉતારુઓની એક જ ગાડી અહીં રોકાતી. સ્ટેશન માસ્તર, એકાદ કારકુન અને ત્રણ-ચાર બીજા નોકરો સ્ટેશન પાસે જ રહેતા હતા. સવારના સાતેક વાગ્યે પસાર થતી ગાડી સ્ટેશનની નજીકમાં પાટા પરથી ઊતરી પડી હતી. કોઈ માણસ ફાજલ નહોતો એટલે એમણે પોતાના પુત્રને મારતી સાયકલે ડૉક્ટરને બોલાવવા મોકલ્યો હતો. છોકરો, દૂરના શહેરમાં ભણતો હતો અને ઉનાળાની રજાઓમાં ઘેર આવ્યો હતો.

ડૉક્ટર પહોંચ્યા ત્યાં સુધીમાં, ઇજા પામેલાંઓની સારવાર માટે કોઈ વ્યવસ્થા થઈ શકી નહોતી. એમણે અને સ્ટેશન માસ્તરે બીજાઓની મદદથી ઇજા પામેલાંઓને પ્લેટફૉર્મ ઉપર સુવાડ્યાં અને ડૉક્ટરે બધાંને એક પછી એક તપાસવા માંડ્યાં. સારા નસીબે ઘણાની ઇજાઓ નહિ જેવી હતી. ફક્ત બે-ચાર જણાની જરા વધુ ગંભીર હતી.

ડૉક્ટરે પોતાની પાસેનાં સાધનોમાંથી પાટાપિંડી કરવા માંડી.

સ્ટેશન માસ્તરે એક્સિડન્ટ થયો કે તુરત નજીકના મોટા સ્ટેશને તારથી ખબર આપી હતી. ત્યાંથી જવાબ આવ્યો કે ચારેક કલાકમાં એક સારવાર મંડળી આવી પહોંચશે.

ગંભીર રીતે ઇજા પામેલાંમાં એક યુવતી હતી. એની આંખોને ઇજા થઈ હતી. એ એકે ય આંખ ઉઘાડી શકતી નહોતી. અને માંડ ઉઘાડે તો એ કહેતી કે મને કાંઈ દેખાતું નથી! એની સાથે એના પતિ હતા. એમને ખાસ કાંઈ ઇજા થઈ નહોતી.

ડૉક્ટરની હૉસ્પિટલ સામાન્ય રોગો માટે હતી. પરન્તુ ડૉક્ટર પોતે આંખના રોગોના નિષ્ણાત હતા. બીજાઓની સારવાર થઈ ગયા પછી એમણે બાઈને ફરીથી તપાસી. કેટલોક વિચાર કરી એમણે બાઈના પતિને દરદીથી દૂર બોલાવ્યા અને સૂચના કરી કે જો તમારી ઇચ્છા હોય તો હું તમારાં પત્નીને અમારી હૉસ્પિટલમાં રાખું. આંખને નુકસાન ઠીક પ્રમાણમાં થયું છે, પરન્તુ સુધરવાની મને આશા છે. ઓછામાં ઓછું એક મહિનો એમણે અહીં રહેવું પડશે. અત્યારે ને અત્યારે જ એમને દૂર ખસેડવાથી આંખને વધુ નુકસાન થવાનો ડર છે. સ્ટેશન માસ્તર ત્યાં હતા. એમણે પણ હૉસ્પિટલનો લાભ લેવા ખાસ ભલામણ કરી.

પતિએ આનાકાની કરવા માંડી. પણ ડૉક્ટરે ફરીથી કહ્યું કે દરદીને દૂર ખસેડવામાં જોખમ છે અને સારવાર જેમ બને તેમ જલદી કરવાની જરૂર છે એટલે પતિ નછૂટકે સંમત થયા. એમની સંમતિ મળતાં ડૉક્ટર હૉસ્પિટલે પાછા ગયા અને ત્યાંથી એક સ્ટ્રેચર અને ઊંચકનારને મોકલી પતિ–પત્નીને હૉસ્પિટલમાં બોલાવી લીધાં.

એ આમ તો પોતાના ધંધાનું ભણેલા હતા પરન્તુ એ પોતે કુદરતી અને ઘરગથ્થુ ઉપચારોમાં માનનાર હતા. એમણે આંખો ફરીથી બરાબર તપાસી. સાધારણ રીતે, દરદીને તપાસતી વખતે ડૉક્ટર દેવીબહેનને મોઢેથી સૂચનાઓ આપતા પરન્તુ આ વખતે બધી સૂચનાઓ એમણે લખીને આપી. દેવીબહેન જે કાંઈ પૂછે એનો જવાબ હકારમાં અગર નકારમાં ડોકું ધુણાવીને આપતા. પરન્તુ દરદી સાંભળે એ મુજબ એ એક અક્ષર પણ બોલ્યા નહિ ! ડૉક્ટરનો સ્વભાવ માયાળુ અને દરદી તરફ સહાનુભૂતિભર્યો હતો. "દરદી પોતાનું અર્ધું દુઃખ તો, એની સાથે માયાથી વાતો કરવામાં આવે એટલે એ ભૂલી જાય છે" એમ કહેનાર ડૉક્ટર આજે મોંમાંથી એક અક્ષર પણ બોલતા નહોતા. દેવીબહેનને જરાક નવાઈ લાગી.

ડૉક્ટરે આંખે પાટો બાંધ્યો અને પંદર દિવસ પછી છોડવાની સૂચના આપી.

બાઈના પતિની ઈચ્છા, પ્રાથમિક સારવાર કરાવી એને પોતાના ગામ લઈ જવાની હતી. પરન્તુ એમાં જોખમ છે એમ ડૉક્ટરે જણાવ્યું એટલે એ પણ નછૂટકે રોકાયા. ચોગાન બહારનાં ઝૂંપડાંઓમાંથી એકમાં એમને રહેવાનું રાખ્યું અને દરદીઓના રસોડે, જ્યાં ડૉક્ટર અને દેવીબહેન પણ જમતાં હતાં ત્યાં એમના માટે જમવાની વ્યવસ્થા કરી.

પણ પતિ બે દિવસમાં થાકી ગયા. ડૉક્ટરે એમને સલાહ આપી કે તમારો વખત જાય એ માટે તમે પણ મારી સાથે રોજ કામ કરો અને હું બતાવું એ મુજબ દરદીઓની સારવારમાં ગુંથાઓ. આમાં હૉસ્પિટલને લગતું શારીરિક કામ પણ આવી જતું હતું. પણ આ ભાઈને એ રુચ્યું નહિ. "મારે કામ છે; હું હમણાં જઉં છું અને પાટો છોડવાનો છે એ દિવસે આવીશ" એમ કહી એ ગયા.

ડૉક્ટરને જરા નવાઈ લાગી. આ લોકો ગરીબ દેખાતા નહોતા. ઊલટું એમ લાગતું હતું કે એઓ પૈસાદાર છે. મુસાફરી સેકન્ડ ક્લાસમાં કરતા હતા. પતિએ ધાર્યું હોત તો એકાદ બાઈ એમનાં પત્નીની સારવાર માટે એ ખાસ રોકી શકત. દેશના આ ગરીબ ભાગમાં એવી સારવાર કરનાર બાઈઓ મળવાની મુશ્કેલી પણ નહોતી. કેટલીય બાઈઓ, કામ હોય તો બતાવવા ડૉક્ટરને કહેતી. એકાદ બાઈ રાખી લેવા ડૉક્ટરે સૂચના કરી પણ ખરી. પરન્તુ પતિએ ના પાડી, અને પત્નીને હૉસ્પિટલમાં છોડીને એ ગયા.

★

આનન્દનો જન્મ એક સાધારણ કુટુંબમાં થયો હતો. એનાં મા-બાપનો એ એકનો એક દીકરો હતો એટલે આર્થિક સ્થિતિ સાધારણ હતી છતાં પુત્રની કેળવણી પાછળ એ પૂરતું ધ્યાન આપી શકયાં હતાં. તબીબી કૉલેજમાં એ ભણતો હતો ત્યારે, સાધારણ રીતે બને છે એનાથી ઊલટું, બિનતબીબી કૉલેજમાં ભણતી, રંજના નામની એક છોકરી સાથે એને ઓળખાણ થયું. પણ, આનન્દ, વધુ અભ્યાસ માટે પરદેશ જવા નીકળ્યો ત્યાં સુધી એ લોકો કાંઈ નિર્ણય લઈ શકયાં નહિ.

પણ પરદેશ ગયા પછી થોડા વખત બાદ આનન્દે એનાં માતા-પિતાને કાગળ લખ્યો કે રંજનાની સાથે વેવિશાળ કરવા હું ઇચ્છું છું, એમાં અમે બન્ને સંમત છીએ અને એના પિતા તરફથી કહેણ આવે તો તમે સ્વીકારી લેજો. માબાપને આ ગોઠવણથી જરા નવાઈ લાગી. જતાં પહેલાં નક્કી કરીને ગયો હોત તો શો વાંધો હતો? આમ, પાછળથી નક્કી કરવાનું એમને કાંઈ ગમ્યું નહિ. પરન્તુ પુત્રે લખ્યું હતું એટલે રંજનાના બાપે જ્યારે કહેવરાવ્યું, ત્યારે એમણે એ વધાવી લીધું અને વેવિશાળ અંગે જે વિધિઓ કરવી પડે તે પતાવી.

આનન્દ બે વર્ષ પરદેશ રહ્યો. એનો અભ્યાસ ઠીક ચાલતો હતો. એના ગયા પછી રંજનાએ એક પેઢીમાં નોકરી શોધી કાઢી. એ પણ ભણેલી હતી એટલે એને નોકરી મેળવતાં બહુ મહેનત ન પડી.

બન્ને વચ્ચે પત્રવ્યવહાર ચાલતો હતો. છએક માસ બાદ, રંજનાએ આનન્દને લખેલા એક કાગળમાં, એ હતો ત્યાં જવા ઇચ્છા દર્શાવી અને ઉમેર્યું: "આપણા લગ્નમાં તમારાં મા-બાપ જે ખરચ મારા માટે કરવાના હોય—દર, દાગીના, કપડાં વગેરે—એ બધું એ વખતે ન કરે અને અત્યારે મને એ પૈસા આપે તો હું ત્યાં સહેલાઈથી આવી શકું."

આનન્દે જવાબ આપ્યો: "અમે ખરચ કરી શકીશું કે કેમ અને કરીશું એ પણ કેટલું એનો મને ખ્યાલ નથી. તું તો જાણે છે કે અમારી સ્થિતિ સાધારણ છે, અને અહીં આવ્યો છું એ પણ પૈસા ઉછીના લઈને આવ્યો છું. એનું વ્યાજ આપવાનું નથી પણ હપ્તા તો ભરવાના છે જ. એ જોતાં, હું દેશમાં પાછો ફરું, ત્યાર પછી પણ એ પૈસા પાછા વાળી શકાય ત્યાં સુધી બહુ જ સાદાઈથી રહેવું પડશે. આ સ્થિતિમાં, મારાં મા-બાપ તું અહીં આવી શકે એવી સહાય આપી શકે નહિ."

રંજનાએ થોડા વખત બાદ લખ્યું કે "મારા પોતાના કુટુંબ તરફથી મારા ખરચની ગોઠવણ થઈ શકશે." આનન્દે પૂછ્યું: "કાંઈ ભણવા આવવું છે?" રંજનાએ જવાબ આપ્યો: "ભણવા નહિ, પણ ફરવા." આવા કારણે આવવાની આનન્દે ના લખી.

"મારા બાપુ પૈસા આપશે. તમારી પાસેથી લેવાના નથી. કે નથી તમારા બાપે આપવાના. તો પછી શું કામ ના પાડો છો?"

"પૈસા છે એ માટે આમ ખરચવા એ કાંઈ એનો સદુપયોગ નથી. દુનિયામાં ઘણા એવા છે કે જેમને વધુ અભ્યાસ માટે આર્થિક મદદની જરૂર છે. તારા બાપુ પાસે પૈસા હોય તો એમને કહે કે એવા અભ્યાસીને એ મદદ કરે. એમાં પૈસાનો સદુપયોગ રહેલો છે."

રંજનાને લાગ્યું કે હું પોતે આનન્દની સાથે રહેવા ઉત્સુક છું પણ એ એમ ઇચ્છતો નથી. આનન્દનો વિરોધ એ સમજી શકી નહિ. છતે પૈસે એનાથી આમ અલગ રહેવું એને ગમતું નહોતું, અને આનન્દ ના પાડે છે એ કાંઈ એને સમજાયું નહિ.

"હું આવીશ તેથી કાંઈ તારા અભ્યાસમાં ખલેલ નહિ પડે. હું આવું એ તારી સગવડ માટે અને મારા આનન્દ માટે. પછી શા માટે ના પાડે છે?"

"તું હા કહે કે ના કહે પણ મારા અભ્યાસમાં ખલેલ પડે જ. તારે અહીં કાંઈ કામ ન હોય એટલે પછી મારા કરતાં તારી સગવડ સાચવવાનો પ્રશ્ન પહેલો ઊભો થાય. તને કંટાળો આવે અને તું મુંઝાય એ તો મને ન જ ગમે. પરિણામે મારે મારા અભ્યાસ માટેના સમયમાંથી તારા માટે સમય કાઢવો પડે. એમાં આપણું શ્રેય નથી એટલું તો તું જરૂર સમજી શકીશ."

રંજનાને આનન્દનું આ વલણ સમજાયું નહિ. એની દરેક દલીલનો, આનન્દ આવા પ્રકારનો જવાબ આપતો. વખત જતાં રંજનાને, આનન્દના પત્રોમાં શિથિલતા દેખાઈ, અને પછી ઉદાસીનતા દેખાઈ. એને લાગ્યું, આનન્દ એની અવગણના કરે છે અને છેવટે માન્યું, એની અવહેલના કરે છે.

એમનો પત્રવ્યવહાર નિયમિત ચાલતો પરન્તુ એમાં શરૂઆતમાં જે ભાવ અને ઉમળકો હતા એ ધીમે ધીમે મોળા થતા ગયા. રંજનાં તરફની આ મોળાશ આનન્દ તરફના તેના સ્નેહનું પ્રતિબિમ્બ હતું; જ્યારે આનન્દ માનતો કે પત્રોમાં શરૂઆતમાં જે જુવાળ હોય એ સમય જતાં જરા ઓસરે એ બનવા જોગ છે. પણ ખરું જોતાં રંજનાના મનમાંથી આનન્દ ઊતરતો જતો હતો.

ત્યાં, બે પ્રસંગો બન્યા.

રંજનાના એક દૂરના સગાનો પુત્ર આનન્દ જ્યાં ભણતો હતો ત્યાં ભણતો હતો. એણે લખેલા એક પત્રમાં એણે આનન્દની સફળતાનાં વખાણ કર્યાં અને ઉમેર્યું: "એમના સ્વભાવના કારણે અને અભ્યાસમાં મેળવેલી નિષ્ણાતતાના કારણે એ સૌના પ્રિય થઈ પડ્યા છે; વિદ્યાર્થીવૃન્દમાં એમનું બહુમાન થાય છે અને અનેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ એમનો સાથ શોધે છે."

રંજનાને આમાં કાંઈક કાળું દેખાયું. આનન્દના કાગળોમાંની મોળાશનું કારણ જડ્યું છે એમ એને લાગ્યું. એના પોતાના કાગળો લગભગ મહેણાના રૂપમાં પરિવર્તન પામતા ગયા. અને એક વખત તો લખ્યું: "તને અમારી શી પડી હોય? તને ત્યાં સારો સાથ મળી ગયો છે એટલે પછી અહીં આવવાની ઉતાવળ અને જરૂર પણ શી હોય?"

આનન્દે, આને મજાક ગણી, અને રંજનાને હસી કાઢી. રંજનાને આમાં પોતાનું અપમાન થતું દેખાયું એટલું જ નહિ પણ આનન્દ હવે મારો રહ્યો નથી એમ પણ એ માનતી થઈ ગઈ!

ત્યાં બીજો પ્રસંગ બન્યો.

જે પેઢીમાં એ નોકરી કરતી હતી એના મેનેજરને ત્યાં કાંઈક સમારંભ હતો ત્યાં એને નિમંત્રણ હતું. સમારંભમાંથી ઘેર આવતાં મોડું થયું એટલે પેઢીમાં કામ કરતા પ્રમોદ નામના બીજા એક નિમંત્રિતે એને ઘેર પહોંચાડવા વિવેક કર્યો. આજે જ આનન્દનો પત્ર આવ્યો હતો કે હજી બીજા છએક માસ રહેવા મારો વિચાર છે. શા માટે રહેવું પડશે? ક્યાં રહેવું પડશે? વગેરે કાંઈ વિગતો આ પત્રમાં નહોતી. રંજના મનમાં હતાશા ભોગવી રહી હતી.

રસ્તો લાંબો હતો. વાતવાતમાં આનન્દની વાત નીકળી. રંજનાના બોલવામાં હતાશા, નિરાધારતા, કટુતા હતી. પ્રમોદે એની દયા ખાધી. થોડો વખત તો જાણે એ પાટાઓ જોડે જોડે ચાલતા હોય એમ લાગ્યું પરન્તુ થોડા વખત બાદ રંજનાની ગાડી જોડેના પાટા ઉપર ચઢી ગઈ અને બન્નેની ગાડી એક જ પાટા ઉપર ચાલવા લાગી!

બીજે દિવસે મળવાનું નક્કી કરી એ છૂટા પડ્યાં.

અને ત્યાર પછી એમની મુલાકાતો વધતી ચાલી—સંખ્યામાં અને સમયમાં. પ્રમોદે, આનન્દનો વિચાર છોડી દઈ પોતાની સાથે લગ્ન કરવા આગ્રહ કર્યો. પણ એ આનન્દ જેટલું ભણેલો નહોતો અને ખાસ તો એ ગરીબ હતો એટલે રંજનાએ કાંઈ ચોક્કસ જવાબ આપ્યો નહિ.

એણે પ્રમોદને તુચ્છકાર્યો પણ નહિ અને વિનયપૂર્વક ના પણ ન પાડી. એણે વખત ટાળવા માંડ્યો. પ્રમોદ, રંજનાથી અંજાઈ ગયો હતો એટલે હમણાં નહિ તો થોડા વખત પછી રંજના હા પાડશે એવી આશાએ એ તેને વળગતો રહ્યો.

અને રંજના બન્નેને વળગતી રહી. આનન્દને પત્રો લખતી અને પ્રમોદ સાથે ફરતી. આનન્દનાં માતાપિતાને કાને વાતો આવવા લાગી. કોઈ કહેતું: "આનન્દ અને રંજના પરણે ત્યારે ખરાં." પણ આનન્દના પિતા આમાં બહુ માનતા નહિ અને રંજના તો કેવળ એની નોકરી અંગે જ બીજાઓ સાથે હરે ફરે છે એમ પોતાના મનને મનાવતા.

પ્રમોદને લીધે હવે રંજનાને હૂંફ લાગવા માંડી. એને હવે એકલવાયું લાગતું નહિ. એ આનન્દને કાગળ લખે એમાં પોતાની આકાંક્ષાઓ ઠાલવતી અને કાગળ લખીને કાંઈક નિરાંત અનુભવતી. એને આ બન્ને એકબીજાના પૂરક લાગતા—એક હરવાફરવા માટે અને બીજો પત્રો લખવા માટે. એ બન્ને એકબીજાથી બહુ દૂર હતા એટલે એમની વચ્ચે ઘર્ષણ થવાનો સંભવ નહોતો અને રંજનાએ સાવચેતી રાખવાની ખાસ જરૂર નહોતી.

એટલે રંજનાએ મનમાં ગાંઠ વાળી કે આનન્દ આવે ત્યાં સુધી આમ ચલાવવું. પછીની વાત પછી. આનન્દ જો અનુકૂળ માલૂમ પડે તો એની સાથે લગ્ન કરવું. અને જો એવું ન માલૂમ પડે તો પ્રમોદ ક્યાં ગયો છે? એ તો બિચારો મારા પગ પૂજે છે. એ તો મારી રિઝર્વ સીટ છે.

છેવટે, આનન્દ આવ્યો. રંજનાએ ઑફિસમાંથી એક અઠવાડિયાની રજા લીધી. બન્ને બહુ પ્રેમપૂર્વક મળ્યાં. રંજના અને પ્રમોદની વાતો ઊડતી ઊડતી, પરદેશમાં, આનન્દના કાને પણ આવી હતી. એટલે આનન્દને, રંજનાનું વર્તન કાંઈક ન સમજાય એવું અને વધુ પડતું આક્રમક લાગ્યું. પહેલાં તો રંજના પોતાના કાગળોમાં લખતી કે આનન્દ આવે એટલે તુરત લગ્ન કરી નાખવાં; પરન્તુ પ્રમોદ સાથે ઓળખાણ થયા પછી આવતા કાગળોમાં આવી કોઈ ઉતાવળ આનન્દને દેખાઈ નહોતી. દરેક કાગળમાં લગ્નનો નિર્દેશ કરતી રંજના, આનન્દના આવ્યા પછી આ બાબતમાં કાંઈ બોલતી જ નહિ અને આનન્દ વિષે એના મનમાં જે વહેમ હતો એમાં કાંઈ તથ્ય છે કે નહિ એનો કયાસ કાઢવા એ મથતી. આનન્દ ઉપર આવતા કાગળો એ વાંચતી, આનન્દ બીજાને લખે એ પણ વાંચતી, એની પેટીઓ ફેંદતી, એનાં કાગળિયાં જોતી, એની પાસેના ફોટાઓ જોતી અને આમ અનેક રીતે એની જડતી લેતી.

એના આ પ્રકારના વર્તનના કારણે, આનન્દને, એણે ધારેલી અને માનેલી રંજના દેખાઈ નહિ. એ વહેમીલી બની ગઈ છે અને સ્વાર્થી બની ગઈ છે એમ એને લાગ્યું. લગ્ન કરવાની ઉતાવળ કરવા જેવું નથી એમ આનન્દને પણ લાગ્યું.

સગાંવહાલાંને મળવા બન્ને સાથે જતાં ત્યારે તે લોકો, લગ્ન કરી નાખવાનું આ બન્નેને કહેતાં. ત્યારે રંજના જવાબ આપતી : " લગ્ન તો કરીશું જ ને ? પણ શી ઉતાવળ છે ? આનન્દ જરા ઠેકાણે પડે, સ્થિર થાય, પછી વાત."

રંજનાના આ જવાબથી આનન્દને આશ્ચર્ય થતું. એને લાગ્યું રંજના કાં તો ડાહી બની છે કે કાં તો હરામખોર બની છે.

રંજના બે દિવસ નહોતી આવવાની. ત્રીજા દિવસે આનન્દને એનાં તરફથી પત્ર મળ્યો કે મેં પ્રમોદ સાથે લગ્ન કર્યાં છે !

આનન્દ અવાક્ બની ગયો. એના બાપને એણે કાગળ વંચાવ્યો. એ ભોંય પર ફસડાઈ પડયા. એની બાએ જાણ્યું ત્યારે એમની આંખોમાંથી આંસુ વહેવા માંડયાં.

★

સને ૧૯૫૦ના ઑગસ્ટ માસની પંદરમી તારીખ. ભારતને સ્વતંત્રતા મળી એનો દિવસ. સારા દેશમાં એની ઉજવણી થઈ. આખા દિવસનો કાર્યક્રમ. સાંજે જાહેર સભાઓમાં નેતાઓનાં પ્રવચન.

ભારતની ઈશાન સરહદે આવેલા આસામ દેશના ઈશાન ખૂણે પણ આ ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો ત્યાં પૃથ્વીનો ભાર ઝીલતા નાગદેવતાએ ડોકું હલાવ્યું. મકાનો જમીનદોસ્ત થયાં; નદીઓનાં તળિયાં ઉંચકાઈ આવ્યાં, પરિણામે એમના પટ પહોળા થઈ ગયા, બ્રહ્મપુત્રાનો ત્રણ માઈલનો પટ સાત માઈલ જેટલો પહોળો થઈ ગયો; બીજી કેટલીક નદીઓએ વહેણ બદલ્યાં; જમીન ચીરાઈ ગઈ; રસ્તાઓ પાણી વહેવાના માર્ગ બન્યા; પહાડની કેડીઓ ભૂંસાઈ ગઈ; ઝાડો તૂટી પડયાં; બખોલો પૂરાઈ ગઈ; સપાટ જમીનના ખાડા બની ગયા; નદીઓમાં આડા બંધ બંધાઈ ગયા, પાછળ પાણી એકઠું થતું ગયું, સુકાયેલા પટમાંનાં માછલાં તરફડવા મંડયાં, મચ્છીખાઉ લોકોને અણધાર્યા મેવા મળ્યા; પણ બે દિવસ બાદ આ બંધ તૂટયા; પાછળ બંધાઈ ગયેલું પાણી સોગણા જોસથી ધસ્યું; વચ્ચે જે આવ્યું એ તણાતું ગયું; પશુ અને માણસ, ઘર અને ઝાડ જે વચ્ચે આવ્યું એ ઘસડાયું.

સમાચાર આખા દેશમાં વીજળીના વેગે ફરી વળ્યા. ભૂકંપ રાહત માટે દેશના ચારે ખૂણેથી આર્થિક મદદ મોકલવામાં આવી પણ કાર્યકરોની તંગી હતી. છતાં કેટલાક નીકળી આવ્યા; ડૉ. આનન્દે પોતાની સેવાઓ ધરી. એ સહર્ષ સ્વીકારવામાં આવી.

ભૂકંપથી પીડાયેલો આ દેશ એના વતનથી હજારો માઈલ દૂર હતો. એ એણે જોયો નહોતો. એનાં લોકો, બોલી, વેશ, રીતરિવાજ, જરૂરિયાતો બધું એના માટે નવું હતું. પણ આજે એણે આ કશાયનો વિચાર કર્યો નહિ. એને કોઈ ઠેકાણે શાન્તિ વળતી નહોતી. આસામનો ધરતીકંપ એને શાન્તિ મેળવવામાં સહાયભૂત થશે એમ એને લાગ્યું.

એણે કામ બહુ ઝડપથી શરૂ કર્યું. એનામાં આવડત તો હતી જ. કામમાં એ તલ્લીન થઈ ગયો. ભૂકંપ વિસ્તારના ખૂણે ખૂણે એ ફરી વળ્યો. સાધારણ સંયોગોમાં અઠવાડિયે એક વખત પણ ટપાલ ન જાય એવો પ્રદેશ એ પગપાળા ખૂંદી વળ્યો. વાહન તો નહિ જેવું હતું. રેલવેમાર્ગો નકામા પડી ગયા હતા. રસ્તાઓ તૂટી ગયા હતા; નદીઓ રોજ વહેણ બદલતી હતી; નાળાં જરા યે સહીસલામત નહોતાં; જંગલની કેડીઓ ભૂંસાઈ ગઈ હતી.

પણ એનામાં ધગશ હતી. એ કારણે, આમાંની એકેય મુશ્કેલી એને નડતરરૂપ લાગી નહિ. એણે પોતાના તરફ જોયું નહિ અને પોતાનાં સુખસગવડ આરામ કશાનો વિચાર કર્યો નહિ. એના દિલમાં લાગેલા કારી ઘાએ એને આ કામમાં ઓતપ્રોત કરી દીધો.

રોજ સવાર પડે અને દવાઓ, રાહતનો સામાન, અનાજ, મીઠું, ચોખા, ચા વગેરે એ અને એના સાથીદારો કેન્દ્રમાંથી નીકળી પડે, બને એટલાં ગામડાં અને ઘરોની મુલાકાત લે, જરૂરી ચીજો આપે અને માંદાની માવજત કરે. રોગચાળો ન ફાટી નીકળે એ ખાસ જોવાનું હતું. સાંજે પાછા આવે ત્યારે થાકીને લોથ થઈ ગયા હોય; બોલવાના હોંશ પણ ન હોય.

પણ આનન્દના ચિત્તમાં આનન્દ ઉભરાતો હોય; જ્યારે એ બોલે ત્યારે એ હસતો હોય. લોકો એને આનન્દબાબુ કહેવાને બદલે ચિદાનન્દ બાબુ કહેવા લાગ્યા.

સવારે ઊઠયા પછી અને રાત્રે સૂતા પહેલાં એ એક જ પ્રાર્થના કરતોઃ પ્રભુ, જે કાંઈ દુઃખ પડે એ સહન કરવાની મને શક્તિ આપજે; જ્યાં જ્યાં જોખમ હોય ત્યાં ત્યાં જવા મને પ્રેરજે; એનાથી જરાયે નહિ ડરવા જેટલું મને બળ આપજે અને જરૂર પડે તો આ લોક-કલ્યાણની પ્રવૃત્તિમાં ખપી જવા જેટલી હિંમત આપજે.

એ કોઈ કોઈ વખત એમ ઈચ્છતો પણ ખરો કે રસ્તે ચાલ્યો જતો હોઉં ને ઉપરથી ભેખડ ધસી પડે; નાળા ઉપર થઈને જતો હોઉં અને નાળું તૂટી પડે અને નીચે ધસમસ વહેતાં પાણીમાં ડૂબી મરું; ઊંઘતો હોઉં ને ભૂકમ્પ થાય, ધરતી ફાટે અને બીજું કોઈ નહિ પણ હું એકલો જ એમાં સમાઈ જઉં. એક વખત હોડીમાં એ બ્રહ્મપુત્રા નદી ઓળંગતો હતો ત્યાં હોડી ઊંધી વળી, એ ડૂબું ડૂબું થઈ ગયો, એને લાગ્યું ઈશ્વરે મારી પ્રાર્થના સાંભળી ખરી. પણ બીજી હોડીઓ આવી પહોંચી અને એને બચાવી લીધો. આ પ્રસંગને એણે વધાવી લીધો નહિ.

એના કામથી સૌ કોઈ રાજી થયા. સર્વત્ર એનાં વખાણ થવા લાગ્યાં. રાહતનું કામ આઠ-દસ મહિના ચાલ્યું. ત્યાર પછી જ્યારે એ પોતાના દેશ તરફ પાછો જવા તૈયાર થયો ત્યારે આ જ દેશમાં સ્થિર થવા એને અનેક માણસો અને સંસ્થાઓ તરફથી કહેવામાં આવ્યું. પરન્તુ ત્યાં જ રહેવા એની ઈચ્છા નહોતી.

એવામાં, દેશના બીજા એક ભાગમાં નિસર્ગોપચારનું એક કેન્દ્ર સ્થાપવાને લગતી સૂચના એની સમક્ષ આવી. સ્થાનિક માણસોએ ખરચો ઉપાડી લેવા બાંયધરી આપી. ડૉ. આનન્દે એ સૂચના સ્વીકારી.

એ ત્યાં આવ્યો. ઓછામાં ઓછા ખરચે પોતાની જાતદેખરેખ નીચે એણે રેલવે સ્ટેશનથી પાંચ માઈલ દૂર એક તદ્દન સાદી હૉસ્પિટલ બાંધી. એ પોતે એમાંથી પોતાને જરૂર જોગું જ લેતો અને જે કોઈ દરદી આવે એના દરદના ઉપચાર સેવાભાવે કરતો. મદદમાં એક લાયકાતવાળી આધેડ ઉંમરની નર્સ હતી એને એ દેવીબ્હેન કહેતો. બીજાં બે-ચાર માણસો હતાં. બને ત્યાંસુધી દરદી પોતાનું કામ કરી લે એવી ગોઠવણ હતી, પરન્તુ જરૂર પડે તો બીજાની મદદ પણ આપવામાં આવતી. આજુબાજુના પ્રદેશમાંની શાળાઓમાં રજાઓ પડે ત્યારે કેટલાય વિદ્યાર્થીઓ આ સંસ્થામાં આવી જાતસેવા આપતા. સ્ટેશન માસ્તરનો પુત્ર પણ આવી સેવા આપનારમાંનો એક હતો. અને ડૉ. ચિદાનન્દની પણ ઈચ્છા

હતી કે મારા હાથ નીચે હું એને તૈયાર કરું કે જેથી એ મારી મદદમાં રહી શકે અને જ્યારે હું ન હોઉં ત્યારે સંસ્થા સંભાળી શકે.

રંજનાએ પ્રમોદ સાથે લગ્ન કર્યાં પછી પાંચ વર્ષ વહી ગયાં. ત્યાં, આ સ્ટેશનને પસાર થતી રેલગાડીમાં એ લોકો મુસાફરી કરતાં હતાં એ વખતે એકિસડન્ટ થયો, સ્ટેશન માસ્તરે ડૉ. ચિદાનન્દને મદદે બોલાવ્યા; એ આવ્યા અને પહેલી જ નજરે એમણે રંજનાને ઓળખી. એ ખૂબ સુકાઈ ગઈ હતી. ડોકટરે વિચાર્યું કે રંજના પોતાને ન ઓળખે તો સારું. એની આંખોને ખૂબ નુકસાન પહોંચ્યું હતું એટલે એ ડોકટરને જોઈ શકે એમ તો નહોતું જ, પરન્તુ બોલે તો અવાજથી હું પરખાઈ જઈશ એવો એને ડર હતો એટલે રંજના સાંભળી શકે એવી રીતે એ કાંઈ બોલ્યો નહિ, અને એની પાટાપિંડી વખતે એણે દેવીબહેનને સૂચનાઓ આપી એ પણ લખીને જ આપી.

*

રંજનાનાં લગ્ન પછી થોડાક જ વખતમાં આનન્દનાં માતા-પિતાનાં અવસાન થયાં હતાં. ત્યાર પછી આસામનો ધરતીકંપ થયો. એમાં રાહતનું કામ કરવા જતી વખતે ત્યાં ન જવાનો આગ્રહ કરનાર એના અંગતું કોઈ નહોતું. એણે ધાર્યું, એક રીતે બધું સારું જ થયું છે. જો બા-બાપા હોત તો હું જઈ શકત નહિ, જઈ શકત તો બનતી ઉતાવળે પાછો આવવા એ આગ્રહ કરત, અને આ દેશ હંમેશ માટે હું છોડી શકત નહિ. રંજનાનાં લગ્નનો ઘા એ ભૂલી શકતો નહોતો. એટલે આ ભૂકંપ આનન્દ માટે તો આશીર્વાદ રૂપ નીવડ્યો.

એકિસડન્ટ પછી પ્રમોદનું વર્તન જોતાં એને ખાતરી થઈ કે એને રંજનાની કાંઈ પડી નહોતી. નહિ તો, આમ દુઃખમાં અને પરાયા દેશમાં, એને આમ એકલી મૂકીને એ જાય નહિ. રંજના દુઃખી હતી એમ આનન્દ જોઈ શક્યો. એના દિલમાં દયા ઉત્પન્ન થઈ એટલે રંજનાને હોસ્પિટલમાં રાખ્યા પછી એને એક જ વિચાર આવતો હતો—રંજનાને સારું થશે અને એ મને ઓળખશે તો શું થશે? પાંચ પાંચ વર્ષો થયાં હું એને ભૂલ્યો નથી; તો પછી દુઃખી રંજના મને કેવી રીતે ભૂલી હોય?

રંજનાનો ખાટલો બીજા દરદીઓની માફક એક પડાળીમાં જ હતો પરન્તુ કેસ જરા ગંભીર હતો એટલે એને બીજાથી અલગ પાડી હતી. ડોકટરે દેવીબહેનને સૂચના આપી હતી કે તમે તમારી મદદમાં એક બાઈને રાખી લેજો અને તમારો બને એટલો સમય રંજના પાસે બેસવામાં ગાળજો.

દેવીબહેન અને રંજના અનેક પ્રકારની વાતો કરતાં. આ પ્રદેશની ભાષા હિન્દી હતી. રંજનાને થોડું થોડું હિન્દી આવડતું એટલે વાતો ચાલતી. વાતવાતમાં રંજનાએ સંસ્થા વિષે અને ડોકટર વિષે કેટલીક માહિતી મેળવી; પણ ડોકટર કેમ કાંઈ કોઈ દિવસ બોલતા નથી એ મતલબના એના પ્રશ્નો દેવીબહેન સંતોષકારક જવાબ આપી શક્યાં નહિ. ડોકટરના પાછલા જીવન વિષે એ કાંઈ જાણતા નહોતા. પરન્તુ આસામના ધરતીકંપ બાદ રાહતકાર્ય કર્યા પછી આ સંસ્થા સ્થાપવામાં આવી હતી, અને પહેલેથી જ ડોકટર ચિદાનન્દ અહીં કામ કરે છે—એ જ એના આદ્યસ્થાપક અને પ્રાણ છે—એમ કહેતાં દેવીબહેને ગૌરવ અનુભવ્યું.

પાટા છોડવાનો દિવસ પાસે આવતો હતો પણ પ્રમોદનો તો પત્ર સુદ્ધાંત નહોતો!

છેલ્લે દિવસે પણ એ આવી પહોંચશે એવી આશાએ આનન્દે પાટો છોડવાનું અને એટલું મોડું કર્યું. પણ ન આવ્યો પ્રમોદ કે ન આવ્યો એનો પત્ર.

છેવટે ડૉક્ટરે પાટો છોડયો. દરદીને લાગ્યું કે પોતે થોડું થોડું જોઈ શકે છે. હાથનાં આંગળાં દેખાડતાં એ એની સંખ્યા બહુ ભૂલો કર્યા વિના કહી શકી. કુતરા, બિલાડી, ચકલી વગેરે પ્રકારનાં પશુ-પક્ષીનાં રમકડાં એક પછી એક એની આંખ આગળ ધરતાં કેટલાંકને એ ઓળખી શકી. આંખમાં સુધારો થયો છે એમ લાગ્યું પરન્તુ એ સમ્પૂર્ણપણે સુધરી છે એમ ન કહેવાય. ડૉક્ટરે નવો પાટો બાંધ્યો. કુલ બે પાટા સાત સાત દિવસના અન્તરે બદલવા પડશે એવી સૂચના દેવીબહેનને આપીને એ ગયા.

આ વખતે ડૉક્ટરને બોલ્યા વિના છૂટકો નહોતો. એ હિન્દીમાં બોલતા પણ આ વખતની એમની બોલવાની ઢબમાં દેવીબહેનને કાંઈક ફેર લાગ્યો અને રંજનાને એમાં ગુજરાતીની કાંઈક છાંટ છે એવું લાગ્યું. કેટલીક વખત એ પોતે હિન્દીમાં સ્પષ્ટ જવાબ આપી શકતી નહિ ત્યારે એકાદ ગુજરાતી અગર અંગ્રેજી શબ્દ બોલી ડૉક્ટર દરદી પાસેથી જવાબ કઢાવતા. ડૉક્ટરને ગુજરાતી પણ આવડે છે એ દેવીબહેને પહેલી વખત જાણ્યું.

પણ તો પછી ડૉક્ટર દરદીથી અળગા ને અળગા જ કેમ રહે છે એ કાંઈ એમનાથી સમજાયું નહિ; અગર એના વર્તનમાં કાંઈક અગાધ ઊંડાણ છે એમ એમને લાગ્યું. પણ બાઈ ઠરેલ હતી. ડૉક્ટરના વર્તનમાં એણે કોઈ દિવસ આછકલાપણું દેખ્યું નહોતું. ફક્ત આજે જ એ કાંઈક લાગણીવશ બન્યા છે એવો એને ભાસ થયો. પણ એ કાંઈ બોલ્યાં નહિ.

બીજા સાત દિવસ ગયા. પાટો છોડતાં દરદી વધુ સ્પષ્ટ જોઈ શકતી હતી. છાપાનાં મોટાં મથાળાં વાંચી શકતી હતી.

હવે ત્રીજો—છેલ્લો—પાટો છોડવાનો સમય થઈ આવ્યો. ડૉક્ટરને ખાતરી હતી, એ છોડવામાં આવશે ત્યારે દરદીની આંખો તદ્દન સારી થઈ ગઈ હશે અને દરદી બધું બરાબર જોઈ શકશે.

રંજનાને આંખોઆંખ મળવા એ તૈયાર નહોતા.

"કાલે મારે તાકીદે બહારગામ જવાનું આવ્યું છે એટલે કાલે તમે જ પાટો છોડી નાખજો." એ મતલબની સૂચના દેવીબહેનને આપવા આગલી રાત્રે એ વિચાર કરતા હતા ત્યાં દેવીબહેન ઉપર તાર આવ્યો કે એમનાં પુત્રવધૂની તબિયત એકદમ બગડી ગઈ છે અને તેથી એ તાકીદે આવે. ડૉક્ટરથી ના પડાય એવું નહોતું. દેવીબહેન ગયાં.

બીજે દિવસે સારવારના ખંડમાં ડૉક્ટરે પાટો છોડ્યો. દરદીને બધું સ્પષ્ટ દેખાતું હતું. ડૉક્ટરે એની પાસે વંચાવ્યું, એ એણે બરાબર વાંચ્યું. ડૉક્ટરે ખુરશી પરથી ઊતરી રૂમમાં ધીરે ધીરે ફરવા સૂચના કરી. કોઈપણ જગ્યાએ અથડાયા વિના દરદી બરાબર ફરી શકી.

રૂમમાં એક છબી હતી. એના ઉપર એની નજર પડતાં એ ચમકી અને છબી જોતી ત્યાં જ ઊભી રહી.

"હવે તમે બેસી જાવ. કાળાં ચશ્માં થોડા દિવસ પહેરી રાખજો અને બહુ અજવાળામાં જશો નહિ." ડૉક્ટરે સૂચના કરી.

પણ રંજના છબી પાસેથી ખસી નહિ. ખંડમાં બીજું કોઈ નહોતું.

"આ તમારી છબી છે?" એણે ધ્રૂજતા અવાજે પૂછ્યું.

ડૉક્ટરે જવાબ આપ્યો નહિ.

"ચિદાનન્દની વ્યુત્પત્તિ શું ?"

"ચિત્તનો આનન્દ." ડૉક્ટરે શુદ્ધ ગુજરાતીમાં જવાબ આપ્યો.

"એ મળ્યો છે ?" થોડીવાર પછી રંજના બોલી.

"મેળવવાનો પ્રયત્ન કરું છું."

"તમે મેળવ્યો હશે. પણ મેં તો ચિત્ત અને આનન્દ બન્ને ખોયાં છે."

ડૉક્ટરે કાંઈ જવાબ આપ્યો નહિ.

રંજના છબી પાસેથી ખસી, ડૉક્ટરની પાસે આવી, જરા વાર એના સામું જોઈ રહી.

"તમે શા માટે મારી આંખોની સારવાર કરી ?" એના અવાજમાં ઠપકો અને નિરાધારતા હતાં.

"એ ફૂટેલી રહેત તો સારું થાત. એક વખતે મારાં અંતર્ચક્ષુ ફૂટ્યાં હતાં—હવે બાહ્ય ફૂટ્યાં. તો પછી એ ફૂટેલાં જ રહેવા દેવાં હતાં ને ?" જરાવાર પછી એ બોલી.

એ ખુરશીમાં બેસી ગઈ અને માથા ઉપર સાલ્લાનો છેડો નાખ્યો.

"બાહ્ય સુધર્યાં છે એમ લાગે છે ?" આનન્દે જરાવાર પછી કહ્યું.

"ત્યારે તો આ છબી જોઉં છું અને રોઉં છું." આંખો લૂછતાં રંજના બોલી.

"તો પછી એ બાહ્યનો ઉપયોગ કરી અંતરનાં ખોલો." આનન્દના અવાજમાં મૃદુતા અને કઠોરતા બન્ને હતાં.

"હું સમજી નહિ."

"અહીં બે દિવસ ફરો. જુઓ કે કેવા પ્રકારના લોકો અહીં સારવાર માટે આવે છે. દુનિયામાં કેવા પ્રકારના માનવીઓ વસે છે અને એમને કેવા પ્રકારનાં કષ્ટ પડે છે. એમનાં એ કષ્ટ આગળ આપણાં કષ્ટ કાંઈ હિસાબમાં નથી. એમનાં કષ્ટ દૂર કરવામાં આપણે આપણાં કષ્ટો ભૂલી જઈએ છીએ. અને જ્યારે એ સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે અંદરનાં ચક્ષુ આપોઆપ ખૂલી જાય છે. ચિત્તનો આનન્દ સ્વાર્થમાં પરાયણ રહેવામાંથી આવતો નથી પણ સેવામાંથી અને સ્વાર્થના ત્યાગમાંથી આવે છે."

"હું શું કરું એમ તમે ઇચ્છો છો ?"

"તમે સ્વસ્થ થાવ એટલે અહીંથી દેશમાં જાવ અને તમારા પૈસાનો ઉપયોગ આવી સંસ્થા સ્થાપવામાં કરો."

"અત્યારે તો હું એકલી છું. જઉં પણ કેવી રીતે ?"

"પ્રમોદભાઇને કામ હતું એટલે એમને જવું પડ્યું. તમે કહો તો કોઈને અહીંથી તમારી સાથે મોકલું."

"એમના ગયા પછી એમનો એકેય પત્ર આવ્યો નથી."

"મારા ઉપર ત્રણ–ચાર આવ્યા હતા અને દરેકમાં તમારી ખબર પૂછતા હતા. એમને એમના કામે રોકાઈ જવું પડ્યું એટલે એ આવી શક્યા નહિ. એમને તમારા માટે બહુ લાગી આવે છે પણ એ આવી શકે એમ નથી એટલે એમણે પોતે જ સૂચના કરી છે કે જો બને તો કોઈની સાથે તમને દેશમાં મોકલવાં."

"કાગળો મને બતાવી શકશો ?"

"એ તો મેં ફાડી નાખ્યા છે."

卐

ગર્વખંડન

'સફરીજહાઁ'

શ્રાવસ્તી નગરી આજ ઉત્સવમગ્ન હતી. નગરીમાં આજ એકેએક ગૃહ–મહેલથી માંડી પર્ણકૂટી સુધી–રંગબેરંગી પુષ્પો અને આભૂષણોથી શણગારાયેલ હતું. રંગબેરંગી ને કલાત્મક સાથિયા અને રંગોળીઓથી આંગણાંઓ દીપી રહ્યાં હતાં.

ને સાથેસાથ શ્રાવસ્તીનાં હજારો નગરજનો–આબાલવૃદ્ધ, રંગબેરંગી કિંમતી આભૂષણો ને વસ્ત્રાલંકારોમાં સજ્જ થઈ નગરીમાં ને નગરોદ્યાનમાં મસ્ત બની ઘૂમતાં હતાં.

આજ વસંતોત્સવ હતો ના?

ને એ વસંતોત્સવને રંગભર્યો બનાવવા માત્ર શ્રાવસ્તીની જ નહિ, ઉત્તરાપથ ને પૂર્વાપથ, પશ્ચિમાપથ ને કિન્નર દેશ ને દક્ષિણાપથથી સેંકડો વાજિંત્રકારો, નૃત્યકારો ને નગરનારીઓ–પોતપોતાની કલા અને સૌંદર્યનાં મૂલ મૂલવવા આવ્યાં હતાં. નગરીમાં એ દિને સ્વરસ્પર્ધા થતી, સૌંદર્યસ્પર્ધા થતી, સૌંદર્યનાં મૂલ મૂલવાતાં.

પણ આજ તો સર્વનું ધ્યાન નગરના પેલા ઉદ્યાનમાં હતું. હકડેઠઠ ભરાઈ ચૂકેલાં એ નગરોદ્યાનમાં શ્રાવસ્તીનાં હજારો નગરજનો સમક્ષ, દક્ષિણાપથથી આવેલી એક સૌંદર્યશ્રેષ્ઠ નગરનારી ઊભી હતી. અપ્સરાસમી એ નારીએ એ હજારોની જનમેદનીને પડકાર કર્યો હતો : "છે કોઈ એવો નરપુંગવ–જે મારા આ તીવ્ર લાવણ્ય અને યૌવનના આકર્ષણથી અલિપ્ત રહી શકતો હોય? મારા સૌંદર્યને જે હરાવશે–મને જે પરાજિત કરશે, હું–કુવલયા એની દાસી બનીશ; પણ જો એ હારશે તો એને મારા આ ગુલામોની જેમ મારા દાસ બનવું પડશે."

એનાં સૌંદર્યને મૂલવી લેવા પોતાની અપરંપાર સંપત્તિ ફના કરવા અનેક શ્રેષ્ઠિઓ તૈયાર હતા, પરંતુ કુવલયાની શરત સાંભળતાં જ સૌ ઠંડાગાર થઈ ગયા.

આમ પોતાના પડકારનો કોઈ જ જવાબ ન મળતાં એ ગર્વોન્મત્ત અને સૌંદર્યોન્મત્ત નારીએ એ સારીય માનવમેદની પર તિરસ્કારયુક્ત દૃષ્ટિ ફેંકી. 'બસ...'

પણ રે! એ આગળ કાં ન બોલી શકી?

જોયું તો સભાના છેડે યૌવનના ઉંબરે પગ દેતો એક યુવક ઊભો હતો. કુવલયા થંભી ગઈ. એની નજર એના પર સ્થિર થઈ ગઈ. કેટલો સોહામણો હતો એ!

આખર પોતાના પડકારને ઝીલનારો મળ્યો, એનો એને આનંદ થયો. સાથેસાથ દુનિયાદારીથી અણજાણ એવા એ નવયુવકને પોતાને હરાવવા તૈયાર થયેલ જોઈ એની બાલિશતા પર હસવું પણ આવ્યું.

"તું......",

"સૌંદર્યમયી!" એ યુવકે વિનમ્ર છતાં ધીરગંભીર વાણીમાં કહ્યું: "સૌંદર્યમયી! શ્રાવસ્તી નગરીનો નર તારા જેવી અનેક રૂપાંગનાઓને જોઈ ચૂક્યો છે. તારાથી ય અદકાં રૂપ અમારી શ્રાવસ્તી નગરીની નારીઓ પાસે છે. એટલે તારા સૌંદર્યપડકારને ઝીલવો એ અમારે મન મામૂલી વાત છે. છતાં ય જો તારે તારા સૌંદર્યની પરીક્ષા જ કરાવવી હોય તો..."

"તો?" અધવચ્ચે જ કુવલયા પૂછી રહી.

"તો જેતવનમાં જાવ."

"જેતવનમાં? ત્યાં જંગલમાં મારાં સૌંદર્યને કોણ મૂલવવાનું હતું?" કુવલયા હસી. "મૂર્ખ! શ્રાવસ્તી–પુરુષોની નબળાઈનો તને બચાવ કરતાં સારો આવડે છે હોં!"

પણ યુવકે એની વાત પર ધ્યાન જ ન આપ્યું. એ એની ધૂનમાં જ હતો. "હા, ત્યાં જેતવનમાં–ત્યાં તારા સૌંદર્યને મૂલવનારો છે."

"કોણ—પેલો ગૌતમડો?" કુવલયા તિરસ્કારથી ગર્જી ઊઠી. "એ ભગતડો મારાં સૌંદર્યને મૂલવશે એમ?"

"હા, જરૂરથી મૂલવશે. તું એના પાસે જા. તારું સૌંદર્ય એને પરાજિત કરે તો હું માનું કે તારો સૌંદર્ય–ગર્વ સકારણ છે. નહિતર ..."

"નહિતર શું? તારું સૌંદર્ય પામર છે જ." કહેતાં યુવક હસ્યો.

કુવલયા ફૂંફાડી ઊઠી. એનું માન ઘવાયું. "એવા તો કઈંક ગૌતમડા મેં જોઈ નાખ્યા છે. એ લોકો તો મારા સૌંદર્યનાં દૂરથી દર્શન માત્ર કરતાંજ ચલિત થઈ જાય છે," કહેતાં એ જેતવન તરફ ચાલી નીકળી.

ને જેતવનમાં ધ્યાનસ્થ બેઠેલા ગૌતમ સન્મુખ આવી ઊભી: "મુનિરાજ! નયનો ખોલો." એ લહેકાતા સ્વરે તિરસ્કારથી બોલી. એ સાથે જ એણે ગણિકાસહજ હાવભાવો કરી ગૌતમ પર સૌંદર્યમોહિની ફેલાવવી શરૂ કરી. પોતાના દેહસૌંદર્યને પૂર્ણપણે સજાવી પ્રદર્શિત કર્યું.

પણ હાય રે! ધ્યાનસ્થ ગૌતમે ન તો આંખો ખોલી કે ન તો જરાય વિચલિત થયા!

ઘવાયેલી એ નારીએ જીતનો આખરી દાવ ખેલ્યો. એણે પોતાના દેહને વસ્ત્રરહિત કરવાની તૈયારી કરવા માંડી. ત્યાં જ ગૌતમે આંખો ખોલી, એના પર દૃષ્ટિપાત કર્યો!

ને કુવલયા પુલકિત થઈ ઊઠી. બાજી હવે એની હતી. જીત હાથવેંતમાં હતી. એણે એના સૌંદર્યને રમતું મેલવા...

રે, આ શું?

ઘડી પહેલાંની અપ્સરાસમી કુવલયા ક્યાં ગઈ? યૌવન અને સૌંદર્યની ઉન્મત્ત પ્રતિમા ક્યાં ગઇ? હવે તો હતી: જીર્ણશીર્ણકાય, કુરૂપ અને અકાલવૃદ્ધા કુવલયા!

કુવલયા પોતાની આ અવસ્થા જોતાં જ કંપી ઊઠી. એનું સ્વપ્નું વિલાઈ ગયું. ગર્વ ગળાઈ ગયો.

કકળતે હૈયે એ ગૌતમના ચરણોમાં ઢળી પડી. આંસુઓ વહાવતાં એ બોલી રહી: "દેવ! હું હારી. હું ગર્વાન્ધ અને સૌંદર્યાન્ધ નારી બની આપને ન ઓળખી શકી. દેવ! મને માફ કરો!"

ત્યારે ગૌતમ બોલ્યા: "કુવલયા! તારાં વચનો યાદ છે? તારી શરત મુજબ વર્તવા તું તૈયાર છે? તો તારું સૌંદર્ય તને પાછું મળશે."

"હા, દેવ! આ કુવલયા આજથી આપની દાસી છે. આપ કહેશો તેમ કરીશ."

ને નિર્મળ નજરે એના તરફ જોતાં ને એનું રૂપ પાછું આપતાં ગૌતમ બોલ્યા: "કુવલયા! ગર્વ કરીશ નહિ. ગર્વ એ માનવીનો મોટો શત્રુ છે. પહેલાં એ માનવીને બહેકાવી મૂકે છે, ને પછી એને દીનહીન બનાવી દે છે. ઇશ્વર તારું ભલું કરે! મારો આદેશ છે કે તું ધર્મને શરણે જા."

ને તે જ પળે સંસારની સર્વ માયા–મમતા ત્યજી કુવલયા બૌદ્ધ સાધ્વી બની ગઈ!

★

શ્રી ગુરુલીલામૃત – એક રસાસ્વાદ

શાન્તિલાલ ઠાકર એમ. એ.

પરમપૂજ્ય શ્રી રંગ અવધૂતે ગુજરાતી ભાષામાં શ્રી ગુરુલીલામૃતના ત્રણ ખંડો રચ્યા છે. તેમણે શ્રી દત્તાત્રેય અવધૂતનું વિપુલ અને ગુણવત્તાવાળું સાહિત્ય ગુજરાતીમાં રચ્યું છે. તેમાં શ્રી ગુરુલીલામૃતના ત્રણ ખંડો અગ્રસ્થાને બિરાજે છે. તેમાં કુલ ૧૪૮ અધ્યાયો છે. પહેલો ખંડ જ્ઞાનકાંડ છે, બીજો ખંડ કર્મકાંડ છે અને ત્રીજો ખંડ ઉપાસનાકાંડ છે.

આ ગ્રંથ કેવળ આધ્યાત્મિક અનુભૂતિના પરિણામરૂપ છે. પોતે જ પહેલા અધ્યાયમાં ગાયે છે કે—

જોયું જે અનુભવદૃગે, બોલું તે જ પ્રમાણ;
રાખો શ્રદ્ધા હૃદયમાં; નવ કરશો અનુમાન.
આકંઠ તૃપ્તિ થતાં સ્વાભાવિક ઉદ્ગારે;
જેમ નીસરે તેમ આ નિશ્ચય ભુક્તોદ્ગાર.

× × ×

બ્રહ્મરસાસ્વાદે ભર્યો નથી ગ્રંથ સાદ્યંત;
મદ્વાક્યે વિશ્વાસ જો, જોશે પરચો સંત.

આ ગ્રંથની રચના તેમણે પોતાના સદ્ગુરુદેવ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજની આજ્ઞાથી લખ્યો છે. લખવા ખાતર આ લખાયો નથી. પોતે જ શ્રી ગુરુની આજ્ઞા નીચે પ્રમાણે અક્ષરબદ્ધ કરી છે—

"ચરિત્રામૃતઘટ લે સુખે, કરી પાન પિવાડ;
હોય તૃષાતુર તેહને, મોત પાડશે રાડ.
દૈન્ય રહેશે ના કદિ, જા મોજ કર મસ્ત!"
એમ કહી મૂકયો શિરે, વરદ સ્વપ્નમાં હસ્ત.

ભાષાપ્રસાદ સુંદર છે. કાવ્યસમૃદ્ધિ ગણનાપાત્ર છે. અલંકારોનો પ્રયોગ ધ્યાન ખેંચે તેવો છે. વર્ણનશક્તિ અદ્ભુત ગણાય તેવી છે. ગુજરાતી ભાષામાં મરાઠી ઓવીનો આવો અને આટલો સફળ પ્રયોગ બીજા કોઈ લેખકે કર્યો જાણમાં નથી.

પ્રથમ ખંડને જ્ઞાનકાંડ કહ્યો છે, તે યથાર્થ છે. તેમાં પવિત્ર નર્મદાતટે આવેલા શ્રી અત્રિમુનિના આશ્રમનું વર્ણન છે. જંગમ બ્રહ્મવિદ્યા સમાન તેમના આશ્રમમાં રહેતાં સતી માતા શ્રી અનસૂયાનો ગુણભંડાર ગાયો છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ–આ ત્રિમૂર્તિ તેમના ગાર્હસ્થ્ય યોગના પરિણામરૂપે તેમને ત્યાં દત્ત ભગવાનરૂપે પ્રગટ થયા, તેનું વર્ણન છે. તે પ્રસંગે અનસૂયા માતાના મુખમાંથી નીકળતાં બે હાલરડાં—

'ઝૂલો ઝૂલો રે, દત્ત દિગંબર સ્વામી! અવધૂત પરાત્પર નામી.'

અને 'ઝૂલો ઝૂલો રે અવધૂતા! શોક મોહ અતીતા!'–સુંદર વિરાટ્ રૂપકવાળાં, ચમત્કૃતિપૂર્ણ, કાવ્યત્વથી પરિપૂર્ણ સુંદર હાલરડાં છે. પછી તો પહેલા ખંડમાં સતી શાંડિલી આખ્યાન, જંભ દૈત્યનો વધ, સહસ્રાર્જુનનો જન્મ, તેને અવધૂત શ્રી દત્તાત્રેયે કરેલો જ્ઞાનોપદેશ અને યોગોપદેશ, ભૃગુમુનિના આશ્રમનું વર્ણન, સતી સત્યવતીની કથા, પરશુરામનો સંભવ, પરશુરામનું ચરિત્ર, સતી મદાલસાનું આખ્યાન, પુત્રોના ઉદ્ધાર માટે સતી મદાલસાએ તેમના બાલકાળમાં ગાયેલાં બે અદ્ભુત હાલરડાં—'રડે કાં બાળ! તુજને ના સ્પર્શે કાળ' અને 'ઝૂલો રે કુંવર પારણે! કેમ રડે તું આમ!', સતી મદાલસાના ચોથા પુત્ર અલર્કને

દત્ત ભગવાને કરેલો વેદાંતનો બોધ, યોગીની ચર્યોનું વર્ણન, સિદ્ધિઓ અને યોગમાં આવતાં વિઘ્નોનું વર્ણન, સ્વરોદયનું વિવરણ, નવધા ભક્તિનું વિવરણ, મૃત્યુકાળનાં ચિહ્નોનું વર્ણન, નહુષ અને અશોકસુંદરીની કથા તથા હુંડાસુરનો વધ, કચદેવયાનીની કથા, યદુ રાજાને કરેલો શ્રી દત્તભગવાને આત્મબોધ તથા પોતે કરેલા ચોવીસ ગુરુઓ અને તેમની પાસેથી પોતે લીધેલા બોધ—આ બધી સામગ્રી સમૃદ્ધ છે, બોધક છે, વિપુલ છે, અદ્ભુત છે, અને શુદ્ધ સંસ્કૃતની છાંટવાળી સુંદર રસિક બાનીમાં પૌરાણિક ઢબથી પીરસાઇ છે.

મૂળથી જ આ ગ્રંથનું સપ્તાહ પારાયણ તથા પ્રવચન કરવામાં સુગમતા થાય, તે દૃષ્ટિએ દૈનિક પારાયણ તથા પ્રવચન ક્યાં સુધી થાય અને અટકે, તેનું વિભાગીકરણ પણ સૂક્ષ્મ યોજનાપૂર્વક અને બુદ્ધિપૂર્વક કરવામાં આવ્યું છે.

બીજા ખંડમાં દત્તાવતાર શ્રીપાદ શ્રી વલ્લભનું ચરિત્ર તથા શ્રીમન્નૃસિંહ સરસ્વતીનું ચરિત્ર પૂજ્ય ગ્રંથકારે ગાયું છે. આ બંને અવતારોમાં અનેક અધિકારી જીવોના હૃદયકમળની પાંખડીઓને વિકસાવી, તેમનામાં જ્ઞાનસૂર્યની પ્રભાનું રશ્મિ સ્થાપી, તેમને ઐહિક સુખસંપત્તિ ભોગવાવી, અંતે તેમનું આત્યંતિક કલ્યાણ કેમ કર્યું—તેની અનેક પાવન કથાઓ આવે છે. તેમાં પણ તે બંને દત્તભગવાનના અવતારોએ પોતાની યોગશક્તિનો પ્રભાવ કેવી રીતે બતાવ્યો, તેનું વર્ણન છે. એટલે તેને યથાર્થ રીતે કર્મકાંડનું નામ આપવામાં આવ્યું છે.

ત્રીજા ખંડમાં પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજે પોતાના સદ્‌ગુરુદેવ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજની જીવનકળાઓ વાણીબદ્ધ કરી છે. તેઓ શ્રી દત્ત ભગવાનના પરમ ઉપાસક હતા. છત્રીસ વર્ષની ઉમ્મરમાં તેમણે ગૃહત્યાગ કરી દંડીસંન્યાસ ધારણ કર્યો હતો. અને વિચરણ કરતાં કરતાં પણ પોતાના ઇષ્ટદેવ શ્રી દત્ત ભગવાનની નાનકડી મૂર્તિ સાથે રાખી હતી. અરે, તેમણે પોતાના વહાલા ભક્તની સાથે કહેવાનો તેમની સાથે કરાર કર્યો હતો. પોતે ક્યાં રહેવું, ક્યાં જવું, શું ખાવું, કેટલું ખાવું, અમુક સ્થાનમાં કેટલો સમય રહેવું—તે બધું પોતાના ઉપાસ્ય દેવ શ્રી દત્ત ભગવાન દૃષ્ટાંત આપે તે પ્રમાણે જ કરતા, અથવા પ્રગટ થઈ આજ્ઞા કરે તે પ્રમાણે જ આચરતા. આવો ઘનિષ્ઠ સંબંધ આ ઉપાસ્ય-ઉપાસકની અદ્ભુત બેલડી વચ્ચે હતો. અદ્વૈતની પીઠિકા પર રહીને ભક્ત તથા ભગવાન દ્વૈતમયી લીલાભંગીઓનો અનુભવ કરતા, પ્રેમામૃત ચાખતા અને ચખાડતા, ઉપાસનાનો આનંદ લૂંટતા અને લૂંટાવતા, રીસામણાં-મનામણાં પણ થતાં, નાનામાં નાની જીવનપરિપાટીની વિગત ઇષ્ટદેવના સંકેત પર કે ઇશારા પર જ થતી-આવી અદ્ભુત જીવનકલાનું મનોરમ અને બોધપ્રદ ચિત્રણ ત્રીજા ખંડમાં આવે છે અને તેથી યોગ્ય રીતે જ તેને ઉપાસના કાંડનું બિરૂદ મળ્યું છે.

વચ્ચે વચ્ચે 'અયિ માત સરસ્વતી નમીએ, પદપંકજ ભાવે ચૂમીએ,' 'શિશુશરણાગત તારક સામ્બ, વંદે વિન્ધ્યાંબર હરં સામ્બ,' 'શ્રીમદ્ ભગવત્પૂજ્ય પદેશ્વર વૈદિક માર્ગ સ્થાપક શંકરે,' જય જય નર્મદ ઇશ્વરિ એકસ સંજાતે'-એમ સરસ્વતીનાં, મહાદેવજીનાં, શ્રી શંકરાચાર્યનાં, નર્મદાજીનાં સ્તોત્રરત્નો પણ આવે છે. જમદગ્નિ મુનિનો સહસ્રાર્જુને આવીને વધ કર્યો, તે સમયે 'હાય હાય હાય હાય ! શું હવે કરું ! પતિવિહીન વ્યર્થ જીવન કાં હવે ધરું ?' અથવા બાળકુંવર નહુષને હુંડાસુર હરી ગયો ત્યારે તેની માતા વિલાપ કરે છે કે, 'હાય હાય હાય હાય, પુત્ર ક્યાં ગયો ? ક્ષણ વિલાસ કરીને હાસ, ગુપ્ત ક્યાં થયો !' જેવાં વિલાપ ગીતો કરુણ રસની પણ જમાવટ કરી જાય છે. સહસ્રાર્જુન આવી દત્ત ભગવાનના ચરણમાં પુકાર કરે છે કે—

ૐ અઘભંજના દત્ત મુનિરંજના, સંસૃતિગંજના વિશ્વમૂર્તે;
પૂર્ણ કરી કામના સત્ય કર નામના, દુઃખ હર વામના ભવ્ય મૂર્તે!

આ એક ઉદાત્ત, ભવ્ય ગુરુપ્રબોધન સ્તોત્ર છે.

ક્ષમાપન સ્તોત્ર, વ્યાધિનાશન સ્તોત્ર વગેરે સ્તોત્રો તો વચમાં વચમાં આવે જ છે; અને તેમાં પણ કવિત્વ વિલસે છે.

દત્ત ભગવાનના પ્રાકટ્ય સમયે આનંદનું વાતાવરણ સરજાઈ ગયું. તેનું વર્ણન આ રહ્યું—

પુષ્પવૃષ્ટિ દેવો કરે, વહે મંદ સમીર;
વાગે દુંદુભિ સ્વર્ગમાં, ગાય ગંધર્વ ધીર.
નાચે આનંદે અહા! અષ્ટ નાયિકા ત્યાંય,
સ્થાવર જંગમ સર્વને, અમિત આનંદ થાય.
વંધ્ય વૃક્ષ ફળ્યાં અહો! વંધ્યા સગર્ભ તેમ,
આનંદોત્સવ વિશ્વમાં, વર્ત્યો સઘળે એમ.
મૂળ પુરુષ જ્યાં અવતરે, ઊડે અખંડ ગુલાલ,
દુઃખો નાસે દશ દિશા, ટળે દુરિત દુષ્કાળ.

અલર્ક રાજાને શ્રી દત્ત ભગવાનનાં દર્શન થાય છે, તે સમયે તેમનું કરેલું વર્ણન આ રહ્યું—

રમ્ય છબી એ દત્તની, શોભા મુખની તેમ;
નેત્ર ચપળતા શી કહું? જીવંત મત્સ્યો જેમ.
રૂપ મનોહર ફૂટડું, વદનકંજ સુહાસ્ય;
પ્રેમકટાક્ષો જોઈને, કરે સૌન્દર્ય લાસ્ય.
વરદ અભય બે કર અહા, કંઠ શંખ સમ તેમ,
વિશાળ વક્ષઃસ્થળ અહા, પેટ પર્ણસમ એમ.
નાભિ સુહામણી અતિ, ઊરુ કેળ સમ જાણ;
વજ્રાંકુશધ્વજપદ્મથી અંકિત ચરણ પ્રમાણ.
મંદસ્મિત મુખ પર બસે, તેજપુંજ શરીર,
જોઈ મનડું ના ખસે, સાચી જાણ લગીર.
અલૌકિક છબી એ નકી, નિર્ગુણ જાળ પ્રમાણ;
મનોમત્સ્ય જેમાં જઈ થાયે તન્મય માન.

અશ્વતર અને કંબલનાગોએ સરસ્વતીદેવીને કરેલી સ્તુતિ આ રહી :—

આપી સ્ફૂર્તિ વાઙ્મયી, બોલાવે તું જાણ;
બોલે બાળક તેમ આ, સત્ય ભારતી માન.
દૃશ્ય વિશ્વ જે આ બધું, કેવળ તે ત્વદ્રૂપ,
ભિન્ન કોણ હું ત્યાં કહે, સ્તવું કેમ અરૂપ?
જડ દૃશ્યાત્મક ક્ષર નકી, ભોક્તા જીવ અક્ષર;
તું તો બેથી પાર આ, કેવળ સાક્ષી અમર.
પરપોટા પાણી મહીં, જીવેશ્વર આ તેમ;
ચિદ્રૂપે ભાસે અહીં, ઉપાધિ ભેદે એમ.
પ્રણવરૂપિણી ભાસ્વતી, ગુણસ્વામિની જાણ;
અર્ધમાત્રા ચિન્મયી, નિર્વિકાર પ્રમાણ.

ક્રિયાતીત તું ભામિની, ભુક્તિમુક્તિપ્રદ એમ,
સ્વરવર્ણાદિ પ્રકાશીને, સાધે વ્યવહૃતિ તેમ.
યજ્ઞાદિકનું મૂળ તું, સર્વપ્રકાશક જાણ;
વિદ્યાદેવી સરસ્વતી, વેદ યોનિ તું માન.
નિરાધાર આધાર તું, સર્વકારણ એમ;
સર્વવ્યાપક તાદૃરૂં લહે રૂપ કો તેમ ?
મંગલ તારું ધામ એ જાણે સુભક્ત લોક,
ધ્યાન અહર્નિશ જે ધરે; બીજાં ફાંફાં ફોક.

તે સિવાય પૂજ્ય શ્રી રંગ અવધૂતે જે આરતી લખી છે, તે તો અગમવાણી છે, સીધી પ્રેરણાની ભૂમિકામાંથી ઊતરી આવી છે, દિવ્ય અનુભૂતિની જ્યોતિમાંથી વૈખરી વાણીમાં ટપકી પડી છે. આ રહી તે આરતી:—

આનંદવાજાં વાગે ગગનમાં, ઘણુણુણુ ઘંટા ભેરી (૨);
મંગલ આરતી થાય મારા ગુરુની, મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્‌ચિત્ આનંદ હેલી ! (૨)
બ્રહ્મા હરિહર એક સ્વરૂપે, કરે અગમ ગઢ કેલિ (૨);
શૂન્ય શિખર પર શબ્દ સુણાયે, ચાલ દોડ અલબેલી ! (૨)
આનંદવાજાં વાગે ગગનમાં...
પ્રાણ પડઘમે શ્વાસાદાંડી, ધડુડુડુ નોબત ઘેરી (૨);
શબ્દ-અશબ્દની વચમાં હેલી, નાચે અપસરા ઘેલી ! (૨)
આનંદવાજાં વાગે ગગનમાં...
થેઈ થેઈ થનથન્ ધડુડુડુ ધમ્ ધમ્, ખમા ખમા રંગરેલી (૨);
જ્ઞાનવિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં, પિંડબ્રહ્માંડની હોળી (૨) !
આનંદવાજાં વાગે ગગનમાં...
આપહી ગાવત આપ બજાવત, ફિરે આપ ફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો, યેહી દેવ યહ ડેરી (૨),
આનંદવાજાં વાગે ગગનમાં...
બં બં ભોળા ગુરુ ગિરનારી, દત્ત દિગંબર લહેરી, (૨)
સુરત નુરત બિચમેં મૂરત, દેખે રંગ ગુરુ ચેરી (૨),
આનંદવાજાં વાગે ગગનમાં...

તે સિવાય તેમના કાવ્યગ્રંથ 'અવધૂતી આનંદ'માં ઘણાં ગરબી ભજનો છે, ભક્તિભાવપૂર્ણ ગીતો છે, આત્મમસ્તીની ખુમારીવાળાં અવધૂતી કાવ્યો છે, અનુભૂતિના ઉદ્‌ગારસમાં જ્ઞાનજ્યોતથી આલોકિત કાવ્યગુંજનો છે. સંસ્કૃતભાષામાં પણ તેમણે રંગરહસ્ય, શ્રી વાસુદેવ નામસુધા, દત્તનામસંકીર્તન, બોધમાલિકા, દત્તનામસ્મરણ, સ્તોત્રપટ્ક, રંગતરંગ, શ્રી દત્તરક્ષાસ્તોત્ર–આમ અનેક પુસ્તકો રચ્યાં છે. ગુજરાતીમાં પણ તેમનાં રચેલાં નાનામોટાં પુસ્તકોની સંખ્યા લગભગ વીસ ઉપર છે.

આશા છે કે આટલા નાનકડા એક જ મહામંથના કરાવેલા રસાસ્વાદથી ગુજરાતની ધાર્મિક જનતા તથા સાહિત્યપ્રેમી સજ્જનો શ્રી અવધૂત મહારાજના ગ્રંથોનો અભ્યાસ કરવા પ્રેરાશે.

卐

પુસ્તક–પરિચય

' પ્રસ્થાન–તંત્ર '

ગુજરાતના સાહિત્યસર્જકો–શબ્દોમાં અને ચિત્રોમાં : કલા સંપાદન : શ્રી રવિશંકર રાવળ : લેખ સંપાદન : શ્રી ગુલાબદાસ બ્રોકર; ઇતિહાસ આલેખન : શ્રી કલાવતી વોરા. પ્રકાશક–સી. સપ્લાયર્સ (પ્રા૦) લિમિટેડ વતી શ્રી જગદીશ કિલ્લાવાળા, સ્ટેશન સામે, વિલેપારલે, મુંબઇ–૨૪. પૃષ્ઠ સંખ્યા ૧૮૮. મૂલ્ય વીસ રૂપિયા. ફેબ્રુઆરી, ૧૯૫૯.

તરુણ પ્રકાશક શ્રી જગદીશ કિલ્લાવાળાના આ કીંમતી ' સાહસ 'ને આવકારતાં અત્યંત હર્ષ થાય છે. શાળાઓને કેળવણી વિષયક સાધનો પૂરાં પાડવાના વ્યવસાયમાં એમણે કેળવણીને પોષક એવી સરસ દૃષ્ટિ કેળવી હોય એમ લાગે છે. એઓ માત્ર સાધનો પૂરાં પાડનાર વેપારી જ નથી : વેપારીઓ સામાન્યતયા હેતુનિરપેક્ષ ધનલક્ષી વ્યક્તિ ગણાય છે. જ્યારે શ્રી. કિલ્લાવાળાએ જેમને એઓ ઉપકરણો પૂરાં પાડે છે એમનામાં એમણે ઊંડો રસ દાખવ્યો છે અને શાળાંના તબક્કે વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યનો ચિત્રાત્મક પરિચય આપવા માટે એક સાહસ કર્યું છે. આવા દૃષ્ટિસંપન્ન પ્રકાશક અભિનંદનના પૂરા અધિકારી છે.

પ્રકાશન ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે : (૧) ચિત્રસંપુટ; (૨) દરેક સાહિત્યસર્જકની તસવીર સાથે એમનો ટૂંકો પરિચય; અને (૩) ચિત્રસંપુટના આરંભે શ્રી કલાવતી વોરા લિખિત ગુજરાતી સાહિત્યનું વિહંગાવલોકન.

પુસ્તકનું સાચું ગૌરવ અને સિદ્ધિ ચિત્રસંપુટમાં રહેલાં છે. ચિત્રસંપુટનું સંપાદન ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળે કર્યું છે. ચિત્રોની પસંદગીમાં એમણે પીઢ અને પારખુ કલાકારની દૃષ્ટિ બતાવી છે. ' જ્યારે કોઈ પણ પ્રજામાં સંસ્કારચેતના જાગે છે ત્યારે રાષ્ટ્રના વિધાયકોનાં સંસ્મરણો દ્વારા તેમની ભાવના અને કૃતિનો પ્રસાદ મેળવવા તે આતુર બને છે. અને તે માટે તેમનાં નામ, જીવન કે કથાને રૂપ આપવા, અને વર્તમાન જીવનવ્યવહારમાં તેમના પ્રતીક યા પ્રતિબિંબની પ્રતિષ્ઠા કરવા ઉદ્યત બને છે.... પરંતુ આજનાં વિદ્યાલયો માટેનાં પાઠ્યપુસ્તકોમાં તેમની મુખમુદ્રાઓ જોઈએ છીએ ત્યારે કદી નહીં ધારેલી એવી વિકૃતિઓ ભરી છાપો પ્રજાને પીરસાતી જોઈ બહુ જ ખેદ થાય છે; અને એટલે જ, નજીકના જમાનામાં થઈ ગયેલા સાક્ષરોનાં પ્રતિબિંબની આવી અવહેલના થતી અટકે, અને પ્રજા શુદ્ધ, સ્પષ્ટ અને લક્ષણયુક્ત સાચી તસવીરોમાંથી પ્રેરણા અને પ્રસાદ મેળવે એવી તમન્નામાંથી આ ચિત્રસંપુટનો ઉદ્‌ભવ થયો છે. ' સાચી અને લાક્ષણિક મુદ્રાઓ અંકિત કરતી તસવીરો બનાવવામાં માનનીય કલાગુરુ શ્રી રાવળે કશી કચાશ રાખી નથી. ' પ્રમાણિત અને શુદ્ધ રેખાંકન હોય એવા મૂળ ફોટાઓ પ્રાપ્ત કરવાનો ઉદ્યોગ મેં શરૂ કર્યો, ત્યારે જણાયું કે બહુ સમીપના સમયના સાક્ષરોની સારી છબીઓ પણ અપ્રાપ્ય બની હતી. તે

માટે પુસ્તકો અને જૂની ફાઈલો ઉથલાવી, એક યા બીજા સ્થળે શોધતા પૂછપાછ કરી અને જેવી-તેવી જૂની પણ પ્રમાણિત છબીઓ પ્રાપ્ત કરી. તે પરથી નવી નેગેટિવ કરી બધી છબીઓને એક માપમાં મોટી કરી, તે પર બહુ ઝીણવટથી સમજ અને સંશોધનપૂર્વક રેખાઓ અને ચહેરાના લાગ-મરોડ સુધારી, નવા જેવી છબીઓ તૈયાર થઈ ત્યારે મને સંતોષ આવે એવી ચિત્રમાળા રજૂ કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.' ઘણાં સમકાલીન અને નવોદિત સાહિત્યસર્જકોને, તેમના સારા ફોટાનો સંભવ ઓછો હોવાથી, સંમેલનો કે પરિષદમાં કૅમેરા સામે લાવી તેમના નવા જ ફોટોગ્રાફ લીધા છે. આવી અથાગ મહેનત પછી દરેક સર્જકની નોખી માનસપ્રતિભા પ્રકટ કરતી મુદ્રાઓ તસવીરોમાં ઝડપી લેવામાં આવી છે. આ અપ્રતિમ ચિત્રસંપુટ પ્રકાશનને એક શ્રેષ્ઠ કલાકૃતિ બનાવી મૂકે છે.

શ્રી. ગુલાબદાસ બ્રોકર જેવા સમર્થ અને સંવેદનશીલ સાહિત્યસર્જકે ચાળીસ (એમની સાથે) જેટલા સાહિત્યકારોનો સુંદર અને લાઘવયુક્ત પરિચય આપ્યો છે. પાઠ્યપુસ્તકોમાં આવતા લઘુપરિચયોથી ક્યાંયે ચઢિયાતા પરિચયો દ્વારા વિશાળ વિદ્યાર્થી સમુદાયને અત્યંત મોટો લાભ થશે.

ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું વિહંગદર્શન સરળ અને સુબોધ છે. પરંતુ, સાથે સાથે એ લખાણ જો કલ્પનોત્તેજક અને રસવાહી બની શક્યું હોત તો પાછળની તસ્વીરો જોવાની અને પરિચય મેળવવાની વાંચકની ઉત્કંઠા તીવ્ર, અને અનુભૂતિ વધારે સંતોષપ્રદ નીવડી હોત.

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૦

સ્નેહી ભાઇશ્રી,

"વિલાયત જઈ આવ્યા પછી તમે ઘણા મોંઘા થઈ ગયા છો!" "ભઈ, એ તો હવે મોટા માણસ થઇ ગયા, આપણા જેવા મામૂલી માણસો સાથે વાત કરવામાં હવે તેમને ક્યાંથી રસ હોય!" આવા પ્રકારની ફરિયાદો વિલાયત જઈ આવેલા ઘણાઓને સાંભળવી પડે છે. હું પોતે પહેલાં આવી ફરિયાદ બીજાઓ માટે કરતો હતો. પણ હવે તો આવી ફરિયાદો સાંભળવાનો મારો પણ વારો આવ્યો છે તેથી હવે એ વિશે થોડુંક આત્મનિરીક્ષણ કરવું જ રહ્યું! શું ખરેખર હું મોંઘો કે મોટો માણસ થઇ ગયો છું? શું ખરેખર મને મામૂલી માણસો સાથે વાત કરવામાં રસ નથી પડતો? શું હું અભિમાની અને ઘમંડી તો નથી બની ગયો?–આવા આવા પ્રશ્નો મને પેલી ફરિયાદ સાંભળવા મળે છે ત્યારે થાય છે. સાચી હકીકત શી છે?

એટલું હું જરૂર કબૂલ કરું છું કે વિલાયતથી પાછા ફર્યો બાદ મારામાં થોડોક પલટો તો થયો છે જ. કલાકોના કલાકો સુધી ગપ્પાં મારનારો હું હવે વાતોમાં મિતભાષી બની ગયો છું એ વાત પણ ખરી. પરંતુ તેની પાછળ ઘમંડ, અભિમાન, મોટાઈ કે મોંઘાઈનું કશું કારણ છે એ વાતનો હું સાફ ઈન્કાર કરું છું. વચમાં આપણા 'ગુજરાતના સાહિત્ય સર્જકો'ના પ્રકાશક ભાઈ જગદીશ કિલ્લાવાલાનાં પત્ની અને મારાં સાળાવેલી નીરુબહેને પણ ફરિયાદ કરી હતી કે "તમને નથી લાગતું કે કાન્તિલાલ હવે આપણાથી 'એલૂફ' થતા જાય છે!" પણ પછી હું એકવાર 'એપોઇન્ટમેન્ટ' લઇને તેમને ત્યાં ગયો અને પહેલાંની જેમજ કલાકો સુધી ગપ્પાં માર્યાં ત્યારે તેમને કબૂલ કરવું પડ્યું કે "ના, હોં, કાન્તિલાલ 'એલૂફ' થઈ ગયા છે એમ તો હવે ન જ કહી શકાય!"

એટલે આ પલટાનું રહસ્ય 'એપોઇન્ટમેન્ટ' શબ્દમાં સમાયેલું છે. અલબત્ત ગણનારા તો 'એપોઇન્ટમેન્ટ'ની વાતને પણ મોંઘાઈનું જ લક્ષણ ગણે છે, અને તેમ હોય તો કબૂલ છે કે હું મોંઘો બની ગયો છું! પણ આને માટે આપણે દોષ ઇશ્વરને જ દેવો પડશે કારણ કે તેણે દિવસ ચાલીસ કલાકને બદલે ચોવીસ જ કલાકનો બનાવ્યો છે! સાચી વાત તો એ છે કે જીવનને સુવ્યવસ્થિત બનાવવા માટે, સૌ કોઇને સંતોષ આપી શકાય તેવું બનાવવા માટે, જરૂરી એવા સમયની તંગી મને એટલી બધી સાલે છે કે સ્નેહીઓમાં સુદ્ધાં આવી ગેરસમજ પ્રવર્તે છે છતાં તેનો સંતોષકારક ઉકેલ મળતો નથી. શ્રીમતીજીનું કહેવું એમ છે કે આ બધાં છાપાં, માસિકો અને ટેકનિકલ સાહિત્ય વાંચવાનું ઘટાડી નાખો, ઊંઘવાનું પણ ઓછું કરો અને પછી જુઓ ગપ્પાં મારવાનો કેટલો બધો સમય મળે છે! હે પ્રભો! આ શી કફોડી પરિસ્થિતિ! મારા પ્રિયમાં પ્રિય બે શોખ—ખૂબ લહેજતથી આઠ કલાક ઊંઘવું

અને નવરા પડ્યા કે વાંચવા બેસી જવું—એ બેનોજ ભાગ આપી દેવાની સલાહ કેવું ધર્મસંકટ ઊભું કરે છે! બધું તજીને પણ ગપ્પાં તો મારોજ, ભારતમાં ગપ્પાં તજવાની વાત જ કેમ સંભવે!

હું પોતે ગપ્પાં મારવાનો વિરોધી નથી જ. મને પણ ગપ્પાં મારવાનું તો ઘણું યે ગમે છે પરંતુ તે ઉપયોગી અને જરૂરી વસ્તુઓના ભોગે તો નહિ જ. અને તેથી જ મને વિલાયતનો 'એપોઈન્ટમેન્ટ'નો રિવાજ ઘણો ગમી ગયો છે. અલબત્ત હજી યે વગર એપોઈન્ટમેન્ટે પંદર, વીસ કે ત્રીસ મિનિટ સુધી ગપ્પાં મારવા આવનાર, જરૂરી કામ લઈને આવનાર કે બહારગામથી આવેલી વ્યક્તિ પ્રત્યે મને કશો વિરોધ નથી. પરંતુ પહેલેથી કશી જ ખબર આપ્યા વગર એકાએક સહકુટુંબ, સહપરિવાર ચઢાઈ લઈ આવનારા, ખાસ કામ વગરના નવરાઓ કલાકોના કલાકો વાતોમાં જામી જાય છે અને આપણે કરવા ધારેલું કામ આ જ કારણે અટકી પડે છે ત્યારે ઘણો રંજ થાય છે. આ કારણે જ 'એપોઈન્ટમેન્ટ'નો ઉકેલ એ યોગ્ય ઉકેલ છે. એમાં મોંઘાઈનું તત્ત્વ જરાયે નથી. અન્યોન્ય અનુકૂળતાને માન આપવાની દૃષ્ટિ જ આની પાછળ રહેલી છે. મારા સહુ સ્નેહીઓ જાણે છે કે પહેલેથી નક્કી કરેલી બેઠકો કે પાર્ટીઓમાં હું કેટલી લહેજતથી વાતો કરું છું છતાં કેટલાકને લાગે છે કે હું મોંઘો કે 'એલફ' થઈ ગયો છું! એકાએક ચઢાઈ લઈ આવનાર સાથે પણ વાતો તો કરું છું જ પણ મારી નવી નીતિ પ્રમાણે આવા પ્રસંગોએ બોલવા કરતાં સાંભળવાનું કે ટહુકા પૂરવાનું જ વધારે રાખું છું! પાછું એ પણ સાચવવાનું કે મળવા આવનારને ખોટું ન લાગી જવું જોઈએ કે "અમે આવ્યા છતાં આ તો બિલકુલ વાત જ કરતો નથી, કેવો અવિવેકી છે!"

વિલાયતમાં તો સાચી રીતે વગર એપોઈન્ટમેન્ટે કોઈને ઘેર પહોંચી જવું તેને જ અવિવેક ગણવામાં આવે છે, અને નહિ કે એપોઈન્ટમેન્ટ વગર આવેલા પ્રત્યે જરાક ઠંડો આવકાર આપવો તેને. મને એક પ્રસંગ યાદ છે કે માન્ચેસ્ટરમાં મારા એક હિંદી મિત્રે એક રવિવારે સવારે દસ વાગ્યે એક અંગ્રેજ મિત્રને ત્યાં વગર એપોઈન્ટમેન્ટે જવાની વાત કાઢી. મેં જણાવ્યું કે "એમ કરવું ઠીક તો નથી જ પણ તમારો આગ્રહ છે તો ચાલો—લેટ્ અસ ટેક એ ચાન્સ!" ઘરના દરવાજા આગળ જઈને કોલબેલનું બટન દબાવ્યું અને પાંચેક મિનિટ ઊભા રહ્યા ત્યારે પેલા અંગ્રેજ મિત્રે તેમના પાયજામા સૂટ ઉપર ડ્રેસિંગ ગાઉન વીંટાળતા વીંટાળતા, આંખો ચોળતાં અને બગાસાં ખાતાં ખાતાં બારણું ખોલ્યું અને અમને જોઈને સાશ્ચર્ય બોલ્યાઃ "હલ્લો! ગુડ મોર્નિંગ, વોન્ટ્યુ કમ ઇન!" તેમણે અંદર બોલાવવાનો વિવેક તો કર્યો જ પરંતુ અમને તરત જ સમજાઈ ગયું કે આ પ્રમાણે તેમને ઘેર જવામાં અમે અવિવેક જ કર્યો હતો! તે મિત્રે અમને લાઉંજમાં બેસાડ્યા અને પછી "એક્સક્યુઝ મી" કહીને તેઓ તેમની પત્નીને જગાડવા ગયા. થોડીવાર પછી તેઓ બન્ને ટીકટાક કપડાં પહેરીને ચાનું ટ્રે લઈને લાઉંજમાં હાજર થયાં. અમને ચા પાઈ અને વિવેક પૂરતી થોડીક વાતો કરી. પછી તેમણે હળવેથી ઉમેર્યું પણ ખરું કે "ફરીવાર જરાક પહેલેથી ખબર આપીને આવો તો આપણે નિરાંતે બેઠક રાખી શકીએ—બોલો ક્યારે રાખો છો?"

મારા તો આ સ્વાનુભવની જ વાત છે. રવિવારે જરાક મોડા તો ઊઠું જ અને નહાઉં પણ મોડા, એટલે લેબાસ પણ ઠેકાણા વગરનો હોય અને આવી દશામાં જ એકાએક કોઈની ચઢાઈ આવી લાગે! અથવા તો રવિવારે બપોરે જમીને જરાક ઝોકું ખાવા જઈએ તેવે સમયે પણ ચઢાઈ આવી લાગે! અરે ભલા, આવો, જરૂર આવો, પણ જરાક અગાઉથી જણાવીને તો આવો! હવે તો ઘણાખરાની ઑફિસમાં કે પાડોશમાં ટેલીફોનની પણ સગવડ હોય છે. અને તે ન બને તો જરાક પોસ્ટકાર્ડ દ્વારા "પ્લીઝ ડ્રૉપ એ લાઈન"! પણ ભારતમાં મહેમાનોને આવું કહીએ તો ખોટું લગાડીને સદંતર આવવાનું બંધ કરી દેવાના અને આપણને વગોવવાના માર્ગે ચઢી જશે—પણ એમ તો નહિ જ સ્વીકારે કે હા, એપોઈન્ટમેન્ટ લઈને આવવું સારું!

એપોઈન્ટમેન્ટ લેવા–આપવાના જેટલી જ મહત્ત્વની વાત એપોઈન્ટમેન્ટ પાળવાની પણ છે. "આપણે તો ઘર જેવું છે તેથી મોડા જઈશું તો ચાલશે" એવી શિથિલ મનોદશા ભારતમાં ખૂબ પ્રવર્તે છે. વિલાયતમાં તો ઘર જેવું હોય તોયે નિયત સમયે પહોંચી જવું (પન્કચ્યુઆલિટી) એ એક રાષ્ટ્રીય ખાસિયત છે. નક્કી કરેલા સમય કરતાં પાંચ મિનિટ પણ જો કોઈ મોડું પડી જાય છે તો તે અત્યંત દિલગીરી દર્શાવે છે; જ્યારે આપણે ત્યાં તો સાડાપાંચનું કહ્યું છે એટલે છનું જ સમજવાનું અને સાડા છએ પહોંચીએ તો કંઈ વાંધો નહિ એવી જ દલીલો થાય છે! કેટલીયે વાર મારે ત્યાં મહેમાનો નક્કી કરેલા સમય કરતાં બબ્બે કલાક મોડા આવ્યાના બનાવો પણ બનેલા છે. અને આ બે કલાકમાં તો આપણને અનેક પ્રકારના તર્ક–વિતર્કો મહેમાનની રાહ જોતાં જોતાં થઈ જાય છે: રસોઈ બગડશે કે શું? કંઈ અકસ્માત તો નહિ થયો હોય ને? સરનામાની કાપલી તો નહિ ખોવાઈ ગઈ હોય ને? તારીખ તો બરાબર લખી હશે ને? કે પછી એપોઈન્ટમેન્ટ સાવ ભૂલી તો નહિ ગયા હોય ને? આ છેલ્લા પ્રકારના પણ મને બે અનુભવ થઈ ચૂક્યા છે. એક મિત્ર રવિવારે જમવા આવવાના હતા પણ તેઓ તે વાત જ સદંતર ભૂલી ગયેલા અને સોમવારે ઑફિસમાં મળ્યા ત્યારે જ તેમને યાદ આવ્યું! બીજા એક મિત્રે મને તેને ઘેર બોલાવેલો. આપેલા સમયે ગયો ત્યારે ઘરે તાળું! પાડોશીએ જણાવ્યું કે એ તો સીનેમા જોવા ગયા છે! અને તે દિવસે એપ્રિલની પહેલી તારીખ પણ નહોતી!

એક તો મહેમાન મોડા આવે અને પછી બેઠા ન બેઠા તેટલામાં તો "ચાલો ત્યારે હવે જઈએ" એમ કહેવા માંડે એવા પ્રસંગો પણ આપણે ત્યાં ઘણી વાર બને છે. આનું કારણ એ જ છે કે આપણે એપોઈન્ટમેન્ટની મહત્તા કે ગંભીરતા કાં તો સમજતા નથી કાં તો સ્વીકારતા નથી. આપણી આદત જ એવી વિચિત્ર હોય છે કે વગર એપોઈન્ટમેન્ટે જઈએ ત્યારે ખૂબ ચીટકી જઈએ અને એપોઈન્ટમેન્ટ લઈને જઈએ ત્યારે પાછા ફરવા માટે અધીરાઈ કરવા માંડીએ! વિલાયતમાં આ બન્ને વર્તુ અવિવેક લેખાય છે. ત્યાં તો તમને સાંજે જમવાનું આમંત્રણ હોય અને તમે તે સ્વીકાર્યા બાદ આખી સાંજ–હોલ ઈવનીંગ–એટલે કે લગભગ મધરાત સુધી તમારી કંપનીનો લાભ યજમાનોને આપો તો તમે ઉમદા મહેમાન ગણાવ. બેઠક જામી ગઈ હોય અને તમે આખો ઘડીયે ઘડિયાળ સામું જોયા કરો તો તે અસભ્યતા ગણાય, યજમાન પ્રત્યે અવિવેક ગણાય, તેમની મહેમાનગીરીમાં કંઈક ખામી

કે ઊજપ હોવાથી તમે અસ્વસ્થ થયા છે। એમ ગણાય. આવો રસ્તો કરી, બસ કે ટ્રેન નહિ મળે એવી એવી દિક્કતોનો ઈલાજ પહેલેથી જોઈ વિચારીને જ આમંત્રણ સ્વીકાર્યું હોય તો પછી રંગમાં ભંગ પાડીને—બ્રેકીંગ ધી પાર્ટી—ઊઠી જવાનો અવિવેક ન કરવો પડે. સાંજ ઊજવવા આવ્યા છો તો પૂરી રીતે ઊજવો, જાઉં જાઉં ન કરો!

વિલાયતમાં ઘણાં અંગ્રેજ કુટુંબોમાં આવી સાંજની બેઠકોમાં અમને આમંત્રણો મળતાં રહેતાં હતાં. આવા પ્રસંગોએ એ લોકોનું કુટુંબજીવન પણ અમને જોવા મળતું હતું અને તે ઉપરથી તેની તુલના આપણા કુટુંબજીવન સાથે અમે કરી શકતા હતા. વિલાયતમાં નક્કી કરેલા સમયે મહેમાનોના આગમનની અપેક્ષા રાખવામાં આવે છે જ. ઘરના દરવાજા ઉપરનું બટન દબાવો એટલે શ્રીમાન તુરત જ અંદરથી દરવાજો ખોલે છે અને શ્રીમતી પણ તેમને પડખે જ ઊભેલાં હોય છે. 'ગુડ ઈવીનીંગ' અને હસ્તધૂનનથી બન્ને જણા મહેમાનને આવકાર આપે છે અને પહેલું તો તમારું ઓળખાણ શ્રીમતીની સાથે કરાવી દેવામાં આવે છે. ઓળખાણ થતાં વેંત જ શ્રીમતી તમારા ઓવરકોટ અને હેટ ઉતારી લે છે અને તેને અંદરના કબાટમાં ગોઠવવા ચાલી જાય છે. પછી ત્યાં ઉપસ્થિત અન્ય મહેમાનોનું અને બાળકોનું સુદ્ધાં અરસપરસ ઓળખાણ અચૂક કરાવી દેવામાં આવે છે. આપણે ત્યાં પરિસ્થિતિ જુદી જ હોય છે. કેટલાયે કુટુંબોમાં શ્રીમતીનાં તો દર્શન જ થતાં નથી. તે તો બિચારાં રસોડામાં મહેમાનો માટે ફરસાણ, પુરી વગેરે તળવાની જ ફરજ બજાવી રહ્યાં હોય છે! અને હાજર રહેલા અન્ય સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓના ઓળખાણ કે પરિચયની બાબતમાં તો સૌ કોઈએ પોતપોતાનું ફોડી લેવું પડે છે. મહેમાનોના સંમેળામાં કોનું નામ શું હતું તે તો છૂટા પડતી વખતે પણ કેટલાક પ્રસંગોએ જાણવા મળતું નથી!

વિલાયતમાં પરિચયવિધિ–ઈન્ટ્રોડક્શન–એ શિષ્ટાચારનું એક મહત્ત્વનું અંગ છે, કારણ કે ત્યાં કોઈ વચગી વ્યક્તિ—કોમન ફ્રેન્ડ–ઓળખાણ કરાવવાનું ભૂલી જાય છે તો બે અપરિચિત વ્યક્તિઓ કદાપિ એક બીજા સાથે વાત કરતી નથી. પણ અંગ્રેજ યજમાનો આવી ગફલત કરતા જ નથી. "હેવ યુ મેટ માય ફ્રેન્ડ મિ. રસેલ બીફોર?" અને "મીટ મિ. ગાંધી–માય ફ્રેન્ડ ફ્રોમ ઈન્ડિયા" એ પ્રમાણે બન્ને તરફનો પરિચય યજમાન કરાવી આપે છે તેથી બન્નેને વાતો કરવામાં મુગમતા પડે છે. હમણાં હમણાં આપણે ત્યાં પણ પરિચય કરાવવાનો શિષ્ટાચાર તો પ્રચલિત બન્યો છે પરંતુ હજુયે મોટા ભાગના પરિચયો કેવળ એક તરફી જ કરાવવામાં આવે છે. અને સ્ત્રીઓની ઓળખાણ તો ભાગ્યે જ કરાવવામાં આવે છે! વિલાયતમાં તો સ્ત્રીઓનું બહુમાન કરવામાં આવે છે તેથી તેમની સમક્ષ પુરુષોનું ઓળખાણ પહેલું કરાવવામાં આવે છે અને પછી સ્ત્રીઓનું ઓળખાણ પુરુષોને કરાવવામાં આવે છે. સામાન્ય રીતે નાની વ્યક્તિનું ઓળખાણ મોટી વ્યક્તિ સમક્ષ પહેલું કરાવવું એ સાચો શિષ્ટાચાર છે.

બાળક સાથે પરિચય કરાવ્યા બાદ અડધાએક કલાકમાં તેમને ઊંઘવા મોકલી દેવામાં આવે છે તેનું બયાન હું મારા પત્રમાં કરી ગયો છું. બાળકોને આ પ્રમાણે નિયમિત રીતે ઊંઘવાની ટેવ ત્યાં પહેલેથી પાડી દેવામાં આવે છે તેથી સાંજના સાત વાગ્યા પછી વિલાયતમાં બાળકોનાં દર્શન જ દુર્લભ બની જાય છે. આપણે ત્યાં તો વાર તહેવારે અને

મહેમાનો આવે ત્યારે બાળકો પણ મોડે સુધી ઉજાગરા કરે છે અને દરરોજ સુદ્ધાં મોટાઓના ગપ્પાં સાંભળવા મોડે સુધી જાગે છે. આ પ્રમાણે શરૂઆતથી જ બાળકનું ઘડતર અનિયમિતતાના વાતાવરણમાં થાય છે તેથી ભવિષ્યમાં પણ તેને સમયની કિંમત સમજાતી નથી.

અંગ્રેજો સમયની કિંમત ખૂબ સમજે છે તેથી જ તેઓ એપોઇન્ટમેન્ટ અને પંક્ચ્યુઆલિટીને આટલું બધું મહત્ત્વ આપે છે. રાત્રે જમ્યા પછી પણ જો ફાજલ વખત મળે છે તો તેનો સદુપયોગ એ લોકો જાતજાતની સાધનાઓ પાછળ કરે છે—જેવી કે સંગીતની પ્રેકટીસ, પેઇન્ટીંગ, રાજકારણનો અભ્યાસ કે પછી વધારાની આવક પેદા કરે તેવી કોઈ પાર્ટ ટાઇમ પ્રવૃત્તિ. જ્યારે આપણે ત્યાં આ સમય નિરર્થક ગામગપાટાં, કુથલી, રોદણાં વગેરે પ્રકારની નકામી પ્રવૃત્તિઓમાં કરોડો લોકો બરબાદ કરી નાખે છે. ઘરમાં ગપાટાં મારવા ન મળે તો પછી વારાફરતી પાડોશીઓને ત્યાં વગર એપોઇન્ટમેન્ટે પહોંચી જઈ તેમની સાથે ગપાટાં મારવા એ આપણી રાષ્ટ્રીય ખાસિયત છે. વિલાયતના લોકો પણ રાત્રે જમી પરવારીને ફરવા જવાનો શોખ તો ધરાવે છે જ પરંતુ તેઓ કેવળ જાહેર સ્થળોએ જ ફરવા જાય છે અને નહિ કે બીજાની ઊંઘ બગાડવા, કામ બગાડવા કે 'પ્રાઇવસી' બગાડવા કોઈને ઘેર વગર એપોઇન્ટમેન્ટે પહોંચી જાય છે!

આપણે ત્યાં ઓળખાણવાળા બે જણા રસ્તામાં ઘણે વખતે ભટકાઈ જાય છે ત્યારે સામસામી ફરિયાદ કરે છે કે "તમે તો કંઈ દેખાતા જ નથી! બોલો હવે આપણે ઘેર ક્યારે આવો છો?" તેના જવાબમાં "આવીશું, આવીશું. એકવાર હવે તમારા તરફ નીકળી આવવાનો વિચાર છે જ. પણ સાલું કંઈ ને કંઈ કામ નીકળી આવે છે તેથી આવવાનું રહી જાય છે!" આવી ઉડાઉ-વેગૂ-વાતો બન્ને જણા જ્યારે જ્યારે ભટકાઈ પડે છે ત્યારે કરે છે અને છૂટા પડે છે; પણ કોઈ કોઈને ઘેર વર્ષોનાં વર્ષો સુધી જતું જ નથી! વિલાયતમાં મિત્રો આવી અસ્પષ્ટ વાત કરતા જ નથી. જો તેમની ઇચ્છા ખરેખર તેમને ઘેર બોલાવવાની હોય છે તો સીધેસીધું જ પૂછી નાખે છે કે "આર યુ ફ્રી ધીસ સેટરડે ઈવીનીંગ?" અથવા તો "આર યુ ડુઈંગ એનીથીંગ ધીસ સનડે મોર્નીંગ?" અથવા તો "ગીવ મી ધી ડે એન્ડ ટાઇમ એન્ડ વી શેલ બી વેઇટીંગ ફોર યુ." આમ ત્યાં ને ત્યાં જ તડ ને ફડ એપોઇન્ટમેન્ટ નક્કી કરીને જ મિત્રો છૂટા પડે છે. આપણે પણ જો ખરેખર મળવા ઇચ્છતા જ હોઇએ તો પછી શા માટે આ પ્રમાણે રસ્તે ભેટનાર મિત્ર સાથે ઉડાવ "આવીશું" કહેવાને બદલે દિવસ અને સમય નક્કી નથી કરી નાખતા? મળવાની ઇચ્છાને ચોક્કસ એપોઇન્ટમેન્ટ રૂપે ત્યાંની ત્યાં જ મૂર્ત કરી દેવામાં આવે તો પછી કોઇને પણ ખોટી ફરિયાદ કરવાનું રહે નહિ. પણ આપણે અંદરખાનેથી જાણતા હોઇએ છીએ કે હવે પાછા ચાર છ મહિના પછી જ આ મિત્ર તો અથડાવાનો છે માટે ઉડાઉ જવાબ દીધે રાખોને! અને જવું જ હશે તો અહીં ક્યાં એપોઇન્ટમેન્ટનો રિવાજ છે! એકાદ દિવસ અચાનક જ ચઢાઈ લઈ જતાં આપણને ક્યાં નથી આવડતું!

આપણી આવી મનોદશાને લીધે કોઈ એપોઇન્ટમેન્ટ લેતું નથી અને કોઈ આપતું પણ નથી. પરિણામે જીવનમાં સુવ્યવસ્થા સ્થપાતી નથી. જાહેર ભાષણોમાં પણ સમયની વાતમાં અંધાધૂંધી પ્રવર્તે છે. મીટીંગનો સમય છ વાગ્યાનો જાહેર કર્યો હોય છે ત્યારે મુખ્ય વક્તા જ સાત વાગ્યે આવે છે! સીનેમાનો શો શરૂ થઈ ગયા બાદ સેંકડો લોકો અંદર પ્રવેશે છે અને બીજાઓને ખલેલ પહોંચાડે છે. માન્ચેસ્ટરના ફ્રી ટ્રેડ હોલમાં હું એ વખત વિશ્વવિખ્યાત સેગોવીઆનો 'હાલીઝ કોન્સર્ટ'ના પ્રોગ્રામમાં ગયો હતો ત્યાં પંક્ચ્યુઆલિટીની ગંભીરતા જોવા મળી હતી. ટિકિટો ઉપર જ લખી દીધેલું હતું કે શો શરૂ થવાની દસ


મિનિટ પહેલાં સૌ કોઈએ પોતાની બેઠક લઈ લેવી જોઈએ કારણ કે પછી બારણાં બંધ કરી દેવામાં આવશે અને મોડા આવનારને કોઈ પણ સંજોગોમાં પ્રવેશ નહિ જ મળે. અને વાત પણ સાચી હતી. મોટી પચીસ શિલિંગની ટિકિટ ધરાવનારા પણ જો એ મિનિટ મોડા આવતા તો તેમને 'એક્સ્ટ્રીમ્લી સોરી' કહીને પાછા કાઢવામાં આવતા હતા! લંડનના રોયલ ફેસ્ટીવલ હોલમાં પણ "લંડન સીમ્ફની ઓરકેસ્ટ્રા" ના એક કોન્સર્ટ વખતે મેં આવી કડક નિયમિતતા જોઈ હતી એક વિશાળ સ્ટેજ ઉપર ૮૦ થી ૧૦૦ જેટલાં વાજિંત્ર વગાડનારાઓ કન્ડક્ટરની સોટી સાથે એકતાન થઈ સંગીતનો સાગર રેલાવી રહ્યા હોય તેવે સમયે એક મોડા આવનાર પામર માનવીને તેમની તલ્લીનતામાં ભંગ પડાવવાનો શો અધિકાર છે? અને આ સંગીતકારો પણ બરાબર ઘડિયાળના ટકોરે જ પ્રોગ્રામ શરૂ કરે છે અને જાહેર કરેલા સમયે જ 'રાષ્ટ્રગીત' વગાડીને પ્રોગ્રામ પૂરો કરે છે.

આ પ્રમાણે એપોઇન્ટમેન્ટ અને પંક્ચ્યુઆલિટીનું મહત્ત્વ સૌ કોઈ સમજતું થઇ જાય તો આપણો ત્યાં સમયનો જે રાષ્ટ્રીય દુર્વ્યય રોજના કરોડો કલાકોના હિસાબે થઈ રહ્યો છે તે અટકી જાય અને મેં આ પત્રની શરૂઆતમાં લખી તેવી ફરિયાદો અને ગેરસમજ થતાં પણ અટકી જાય. આ જમાનામાં તો કામ ઘણું છે અને સમય ઘણો જ ઓછો છે. તેથી પૈસાની જેમ સમયને પણ યોજનાપૂર્વક જ ખરચવો પરવડે તેમ છે.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ

✯



વર્ષ ૩૫
અંક ૫

સં. ૨૦૧૨
ફાગણ

આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
સંચાલક

પ્રકાશક : રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
તા. ૧-૩-૧૯૬૦

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૯ ફાગણ : ૨૦૧૬ અંક ૫

આગે કદમ

પૂજાલાલ

આગે કદમ! આગે કદમ! આગે કદમ!
વિજયોત્સવોના વાંછનારા વીરવર! આગે કદમ!
ઉર ધૂન ધિંગા ધ્યેયની!
સરણી સહાયે શ્રેયની!
કસ કાઢતી વાટે વિકટ આગે કદમ! આગે કદમ!
પઠ પ્હાડીઓ સામે ખડી,
હો ઝાડીઓ આડે અડી;
પદ-ઠેઠ ચૂર્ણ કરંત કંટક-કંકરો આગે કદમ!
દરિયા ડરાવત ડોળતા,
પીસી રણો રસ ઘોળતા,
દીવાલ દશ દિશની વિદારી દોડતા આગે કદમ!
ના કાળથીયે કાંપતા,
પાતાળ ચરણે ચાંપતા,
માપી ત્રિવિક્રમથી ત્રિલોક વિરાટ સમ આગે કદમ!
હો આંધીઓયે ઊમટે,
ઘેરે ઘૂમડતે ઘૂમટે;
પાવકતણા ગ્રોત્તુંગ પર્વતશૃંગ શા આગે કદમ!
સર સર્વ કરવી સિદ્ધિઓ,
રળવી અતંબર રિદ્ધિઓ;
પુરુષાર્થના પગથાર પર પુરુષોત્તમો! આગે કદમ!

卐

પાડોશી સાથે વાતચીત – ચર્ચા

૧ શિક્ષણમાં ભાષાઓ
૨ સ્વભાષાને સમૃદ્ધ કેમ કરવી?

પ્રશ્ન : શિક્ષણમાં ભાષાઓના પ્રશ્ન પરત્વે આપને શું લાગે છે?

ઉત્તર : એક બાબતમાં મારું મન્તવ્ય હજી સુધી નિશ્ચિત છે અને તે એ કે શિક્ષણની બધી કક્ષાઓમાં બોધભાષા માતૃભાષા જ હોવી જોઈએ. તેમાં મુખ્ય હેતુ એ છે કે એ રીતે અપાયેલા વિષયોનું શિક્ષણ સમજવામાં, પચવવામાં અને પોતાની રીતે પ્રગટ થવામાં સારામાં સારી રીતે સફળ થાય છે. આમાં પ્રાદેશિક ભાષાના અભિમાનનો કે પરદેશી ભાષાઓથી વિમુખ થવાનો પ્રશ્ન નથી. છતાં આપણી પ્રાદેશિક ભાષાઓની હાલની વિકાસકક્ષા અને બીજા પ્રગતિશીલ દેશોમાં જ્ઞાન–વિજ્ઞાન જે રીતે વિકસ્યાં છે, અને જેનું જ્ઞાન આપણે માટે બીજા દેશોની હારમાં રહેવા માટે આવશ્યક છે તે—એ બે બાબતોનો સાથે વિચાર કરતાં મને એમ લાગે છે કે સ્વભાષા દ્વારા શીખવાતા વિષયોનો લાભ જ્ઞાન–વિજ્ઞાનની કક્ષામાં ઊતરી પડવાના ગેરલાભમાં પરિણમાવવા દેવો ન હોય તો, જ્યારે સ્વભાષાને બોધભાષા તરીકે કરવાનો સિદ્ધાંત સ્વીકારીએ તે સાથે જ અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન કે રશિયન એવી એકાદ ભાષાનું સારું એવું જ્ઞાન હોવું એ આવશ્યક છે. અંગ્રેજી ભાષા ઐતિહાસિક કારણોને લઈને આપણા દેશમાં આવી ગયેલી છે અને તેની જ્ઞાનસમૃદ્ધિને લઈને પ્રિય થઈ ગયેલી છે. એટલે, હું એમ માનું છું કે, જો બોધભાષા તરીકે સ્વભાષાનો પ્રયોગ બરાબર સફળ કરવો હોય તો કમમાં કમ વીસમી સદીની બીજી વીસીમાં અંગ્રેજી સમજવાનું તેમજ બોલવા–લખવાનું જે ધોરણ હતું તે રહેવું જ જોઈએ. કદાચ બોલવાં–લખવાની નિપુણતામાં ઊણપ હોય તો ચલાવી લઈએ પણ અંગ્રેજી ભાષા પોતપોતાના વિષયોમાં સારી રીતે સમજવાની ઊણપ જરા પણ ચલાવી લેવાય નહીં. કારણ સ્પષ્ટ છે. જે જ્ઞાન–વિજ્ઞાન અંગ્રેજીમાં ખેડાયેલું છે તે જ્ઞાન–વિજ્ઞાન આપણે ઇચ્છા કરી કે તરત જ આપણી ભાષાઓમાં આવી જવાનું નથી. એટલે આપણો શિક્ષક હજી કેટલાં યે વર્ષો સુધી પોતાના વિષયો અંગ્રેજી પુસ્તકોમાંથી તૈયાર કરશે એટલું જ નહીં પણ યુનિવર્સિટીની કક્ષાના વિદ્યાર્થીઓને પોતપોતાના વિષયોને સારી રીતે જાણવા માટે અંગ્રેજી પુસ્તકોનો આશરો લેવો જ પડશે. એમ નહિ થાય તો આપણે ઉચ્ચ શિક્ષણનું નામ લઈશું, પણ હકીકતમાં તે માધ્યમિક શિક્ષણની કક્ષાથી આગળ વધશે નહીં. એટલે, મારો સ્પષ્ટ મત છે કે ગુજરાતીને બોધભાષા करवानो प्रयोग त्यारेज सफळ थशे के ज्यारे तेना एक निश्चित साथीदार तरीके अंग्रेजीनो खभो हशे. આ કારણથી હું બોધભાષા માટે સ્વભાષાને જ અમલમાં મૂકવામાં માનતો હોવા છતાં, અંગ્રેજીની બાબતમાં કચાસ કહે એ ઇષ્ટ માનતો નથી. આવી કચાસના ગેરલાભ કદાચ તાત્કાલિક નહીં દેખાય કારણકે દેશમાં હજી તે તે વિષયમાં અંગ્રેજીમાં નિરૂપિત થયેલું સાહિત્ય જાણનારાઓની સંખ્યા ઠીક છે; પણ હાલ જેમ બની રહ્યું છે તેવી ઉત્તરોત્તર અંગ્રેજી જ્ઞાનની નિર્બળતા વધતી રહેશે તો આપણી ભવિષ્યની પેઢીઓ વર્તમાન જ્ઞાન–વિજ્ઞાનથી અધિકાંશ વંચિત રહેશે એવો મને ભય છે. એટલે જેમ, નવા થયેલા રાજાને જૂના પીઢ સાથીઓની જરૂર છે તેમ, સ્વભાષાને શિક્ષણમાં સ્વરાજ્ય આપતાં સાથે અંગ્રેજીનો જૂનો એવો સાથી જોઈશે.

પ્રશ્ન : સ્વભાષાને જ્ઞાન-વિજ્ઞાનથી સમૃદ્ધ કેમ કરવી?

ઉત્તર : મને લાગે છે કે અનુવાદો કરાવવાની પ્રથા જોકે જરૂરી છે પણ તે કદાચ બહુ કામમાં ન આવે. ખરો માર્ગ તો આચાર્યશ્રી આનન્દશંકર ધ્રુવે એકવાર બતાવેલો તે લાગે છે. એમની સૂચના એવી હતી કે કોઇ પણ વિષયમાં ગુજરાતને સમૃદ્ધ કરવા માટે અનુવાદ કરાવવાની પ્રથા થોડોક વખત મુલતવી રાખવી જોઈએ અને તે તે વિષયના જાણકારને અથવા રસિયાને એ વિષયના અદ્યતન ગણાય એવા પાંચ સાત અંગ્રેજી ગ્રન્થો આપી તેને તેનો અભ્યાસ કરી જવા કહેવું, અને પછી તેને જે કાંઈ પોતે સમજ્યો હોય તે ગુજરાતી ભાષામાં લખી આપવાની સૂચના કરવી. એક શબ્દને બદલે અનુવાદનો એક શબ્દ મૂકવાની રૂઢિ વિચારની પ્રગતિને રુંધનારી છે. કોઈ વાર અંગ્રેજીના એક શબ્દને બદલે ગુજરાતીમાં આખું વાકય પણ મૂકવું પડે; જ્યારે કોઇ વાર અંગ્રેજીના આખા વાકયને સ્થાને ગુજરાતીમાં એક શબ્દ કે એક સમાસ કે અમુક પદોનો સમુદાય મૂકવાથી કામ સારું થાય. અર્થાત્ કે અંગ્રેજીમાંથી જે કાંઈ જાણ્યું હોય તેને પોતાની ભાષામાં ઉતારવાની માનસિક પ્રક્રિયા કરવાની જરૂર છે. આ માનસિક પ્રક્રિયા જો ચીવટથી અને પ્રતિભાથી કરવામાં આવે તો તેમાંથી તે તે વિષયના નિરૂપણમાં પોતે જે કાંઈ જાણ્યું હોય તેમાં નવા પરિષ્કારો પણ દાખલ થઈ શકે. ટૂંકામાં, અંગ્રેજીમાંથી જાણેલું ગુજરાતી ભાષામાં જીવતું થવું જોઇએ અને જો એ જ્ઞાન જીવતું થાય તો જ સાચી રીતે ગુજરાતી ભાષા સમૃદ્ધ થઇ શકે. અનુવાદો નિરુપયોગી છે એવો મારો અભિપ્રાય નથી. પણ અનુવાદોમાં ઘણી જડતા અને નીરસતા આવી જવાનો સંભવ છે. અર્થાત્ કે હું ગુજરાતી માટે તેમજ ભારતની બીજી ભાષાઓ માટે એવા શિક્ષકો, વિદ્વાનો અને વિચારકોની જરૂર જોઉં છું કે જેઓ અન્ય ભાષાઓમાંથી શીખેલું પોતાની ભાષામાં જીવતા જ્ઞાન તરીકે મૂકી શકે. આવી વ્યક્તિઓ ગુજરાતમાં છે, અને બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ છે. આવાઓની સંખ્યા વધવી જોઈએ, એવાઓને સ્વભાષાને સમૃદ્ધ કરવાની કામગીરી આપવી જોઇએ. આમ, આપણી ભાષાઓ જ્ઞાન-વિજ્ઞાનમાં સમૃદ્ધ થશે, મૌલિક થશે, અને એવો પણ વખત આવશે કે જ્યારે તે તે વિષયોનું તે તે સમય માટે પૂરતું ગણાય એવું જ્ઞાન આપણને પ્રાદેશિક ભાષામાં મળી શકશે. તેવે સમયે કોઇ પણ પાશ્ચાત્ય ભાષાના જ્ઞાન વિના આપણે જ્ઞાનકક્ષામાં બીજાઓની સરસાઇમાં હોઈશું, જેમ જપાનમાં છે. એવે વખતે પ્રગતિશીલ એવી પાશ્ચાત્ય ભાષાનું જ્ઞાન તે તે ક્ષેત્રોમાં શું થઇ રહ્યું છે એ જાણવા માટે આવશ્યક રહેશે. પણ અત્યારે તો જ્ઞાન-વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં તે તે વિષયોમાં ખેડાયેલા જ્ઞાનમાં પછાત ન રહી જવા માટે અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક છે. વિદ્યાઓ સારી રીતે સમજાય, પચાવાય અને પ્રગટ કરી શકાય તે માટે હું ગુજરાતીને બોધભાષા કરવાની આવશ્યકતા માનું છું; અને તે તે વિષયમાં પછાત ન રહી જવાય અથવા છીછરા ન થઇ જવાય એ માટે અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક માનું છું. અંગ્રેજીને હાલના તબક્કે ઢીલું કરવામાં કૂપમંડૂકતા આવી જવાનો મોટો ભય છે, જે કાંઇ પણ ન આવડતાં કરતાં વધારે હાનિકારક છે. એટલે, અત્યારે ચાલતા વિવિધ પ્રવાહો સાથે મારો કાંઇ મેળ થતો નથી. જે લોકો માતૃભાષાને સ્થાને અંગ્રેજી અગર અંગ્રેજીને કાઢી હિંદી મૂકવા માગે છે તેમની સાથે હું સંમત થઈ શકતો નથી; તેમજ જે લોકો અંગ્રેજીની બરાબર સમજણને શિથિલ કરવા માગે છે તેમની સાથે પણ હું સંમત થઇ શકતો નથી.

★

પ્રસંગિકાઓ

'સફરીજહાઁ'

૧. એવરેસ્ટનો શોધક

બંગાળ સરકારની મોજણી (Survey) ખાતાનો વડો ત્યારે સર એવરેસ્ટ નામનો ગોરો અંગ્રેજ હતો.

તિબેટમાં વહેતી સાંગપો અને તિબેટમાંથી આવતી બ્રહ્મપુત્રા—આ બે નદીઓ એક છે કે જુદી જુદી એની તપાસનું કામ એણે ઉપાડેલું.

અને એ જોવાનું કામ એણે એના હાથ નીચેના એક મામૂલી બંગાળી સર્વેયરને સોંપ્યું. બંગાળી સર્વેયરે તિબેટમાં જઇ, કરેલી નિશાનવાળાં લાકડાં સાંગપો નદીમાં તરતાં મૂકવાં. એ લાકડાં જો તરતાં તરતાં બ્રહ્મપુત્રામાં દેખાય તો માનવું કે બંને નદીઓ એક છે—આ યોજના હતી.

પેલો બંગાળી સરહદ ઓળંગી તિબેટમાં દાખલ થયો. પરંતુ કમનસીબે લૂંટારાઓના હાથમાં પકડાઇ ગયો. જેમ તેમ કરીને એ એમની પાસેથી નાઠો. અથડાતો ફૂટાતો એ હિંદની સરહદ પર સૂતેલા હિમાલય આગળ આવી ઊભો.

અહીં તેણે એક અજાણ્યું, ઉત્તુંગ હિમાચ્છાદિત શિખર જોયું. હિમાલયની મોજણીનો નકશો એને યાદ હતો. એને પણ તત્કાળ સમજાયું કે શિખર નકશામાં નહિ ઉલ્લેખાયેલું નવું જ હતું. એણે મનોમન શિખરની મોજણી, સ્થાન અને સ્થળ નક્કી કરી લીધાં.

ત્યાં તો એને પોતાને સોંપાયેલું કામ યાદ આવ્યું. તરત તે ઊપડ્યો. સાંગપો નદીમાં નિશાનીવાળાં લાકડાં તરતાં મૂકીને હિંદ આવ્યો.

અહીં, મોજણી ઓફિસનો બીજો એક માણસ લાકડાંની રાહ જોતો બ્રહ્મપુત્રાના હિંદ-પ્રવેશ–માર્ગ પર કેટલાય દિવસો સુધી બેઠો રહ્યો. અંતે માન્યું કે મોકલેલ માણસ ભૂલો પડ્યો હશે કે ઠંડીથી મોતને ભેટ્યો હશે.

એટલે જ્યારે પેલો બંગાળી પોતાની ઓફિસમાં આવી ઊભો ત્યારે એનો પલટાયેલો ચહેરો અને વેશ જોઈ કોઈજ એને ન ઓળખી શક્યું. માંડ માંડ ઓળખ પડી.

બંગાળીએ પોતાના કામના રિપોર્ટની સાથેસાથ પેલા નવા શોધેલ શિખરની વાત કરી. ઘડીનાય વિલંબ વગર એવરેસ્ટ એને સાથે લઈને જ એ શિખર જોઇ આવ્યો.

એ સાથે જ જાહેર થયું કે બંગાળ સરકારના મોજણીખાતાના વડા ગોરા સાહેબ સર એવરેસ્ટે હિમાલયનું અણજાણ શિખર શોધી કાઢ્યું છે. જગતે વાત સ્વીકારી લીધી. એ નવા—૨૯,૦૦૨ ફૂટ ઊંચા શિખરનું નામાભિધાન પેલા ગોરાના નામ પરથીજ કરાયું : 'માઉન્ટ એવરેસ્ટ !'

જ્યારે ખરો શોધક પેલો બંગાળી ગૌરીશંકર કાળ અને જગતની વિસ્મૃતિના ગર્ભમાં ક્યાંય ફેંકાઇ ગયો !

[નોંધ : પછી જ્યારે આ બાબત પર ખૂબ ખૂબ ઉહાપોહ થયો ત્યારે બ્રિટિશ સરકારે એ ગૌરીશંકરનું નામ એ શિખર સાથે જોડ્યું અને શિખર 'માઉન્ટ એવરેસ્ટ' અથવા 'ગૌરીશંકર' કહેવાયું.]

*

૨ સુલતાન અહમદ

પાટણનું એ શાહી કારાગાર હતું. એ કારાગારમાં બે રાજવંશીઓ હતાઃ એક જૈફ હતો, બીજો યુવાન હતો; જૈફના મુખ પર અનુભવોનો રંગ હતો અને લાચારીની રેખાઓ હતી. યુવાનના મુખ પર તુમાખી હતી, સત્તાશાળીની ભાવનાઓ હતી.

હાથમાંનો કટોરો જૈફને આપતાં યુવાન સત્તાવાહી સ્વરે કહી રહ્યો હતો : " આ પી જાવ. ખુદાના દરબારમાં મારો બાપ એના ખૂનીની રાહ જુએ છે. " ને સંતોષનો એક દમ ભરતાં આગળ ચલાવ્યુંઃ " આખરે હું મારા બાપના ખૂનીને સજા કરવામાં કામિયાબ નીવડ્યો. "

યુવાનના હાથમાંનો કટોરો લેતાં જૈફ બોલ્યોઃ " અહમદ ! ભારે ઉતાવળ કરી તેં ! તારો તો બાપ હતો, પરંતુ મારો તો એ પુત્ર હતો ! તારી માફક એ વખતે હું સત્તાના સિંહાસને હતો. તારા બાપને તારી જેમ જ સિંહાસન હાથ કરવાની ઉતાવળ જાગી. એણે સિંહાસન હાથ કરવા મારી સામે મોરચો માંડ્યો, મારી પ્રજાને હેરાન-પરેશાન કરવા માંડી. પરંતુ અંતે એ હાર્યો ને ભાગ્યો. એ વખતે એના જ કોઇ વેરીએ એનું ખૂન કર્યું. હું આજે અત્યારે મોતની અણી પર છું. ખુદા અને પવિત્ર કુરાનના કસમ ખાઇને કહું છું કે મેં મારા દીકરા—તારા બાપ—ને નથી માર્યો. " ને એ જૈફ મુઝફ્ફરશાહે કટોરામાંનું ઝેર ગટગટાવી ગયો. " ખુદા તારું રક્ષણ કરો " એટલું કહી એ ઢળી પડ્યો.

સુલતાન અહમદે દાદાની વાતની તપાસ કરાવી. સત્ય હકીકત જાણતાં અને પોતાનું પગલું ઉતાવળું અને ભૂલભરેલું લાગતાં એ અફસોસ કરી ઊઠ્યો !

*

૩ મછીન્દ્રનાથ

નાથોના નાથ ગુરુ મછીન્દ્રનાથ એકવાર એમના પ્રિય શિષ્ય ગોરખનાથ સાથે એકલવાયી વાટે જઈ રહ્યા હતા. આગળ મછીન્દ્રનાથ હતા, પાછળ ગોરખનાથ.

ત્યાં રસ્તામાં એક સુવર્ણ અલંકાર ઠેબે ચડ્યું. મછીન્દ્રનાથે એક દૃષ્ટિ એના પર કરી. બીજી નજરે ગોરખને જોયો. ને આગળ ચાલતા થયા. દશેક મિનિટ બાદ એમણે જોયું તો ગોરખ શ્વાસભેર પાછળ પાછળ દોડ્યો આવતો હતો. " કેમ રે, સાથે ચાલતાં ચાલતાં પાછળ કાં રહી ગયો ? "

" એ તો ગુરુદેવ ! પેલું સુવર્ણ અલંકાર હતું ને તે દાટી દીધું—ખૂબ ખૂબ ઊંડું. "

" કેમ ? "

" મને થયું કે એ સુવર્ણ અલંકાર ક્યાંક આપના મનમાં બીજી જ...... "

" ગોરખ ! " મછીન્દ્રનાથ ત્રાડી ઊઠ્યા : " આમ જો. " કહેતાં તેમણે આંગળી ચીંધી. ગોરખની નજર અંજાઇ ગઇ. એની સામે પડેલી સારીય વાટ સુવર્ણની હતી !

" ગોરખ ! "

મછીન્દ્રનાથે આગળ ચલાવ્યું : " એ સુવર્ણ અલંકાર પણ મારી જ માયા હતી. હું તારી પરીક્ષા લેતો હતો. ભલા, જેણે સર્વસ્વ ત્યાગ્યું—જેણે સુવર્ણ અને માટી એક ગણ્યાં, તે શું અલંકાર માટે લલચાશે ? ગોરખ ! તેં મારું ગુરુપદ લજાવ્યું. તારા સંયમને વશ રાખવા તારે એ અલંકાર દાટવું પડ્યું ! ત્યાગી એ છે જે જળકમળવત્ માયાના પ્રચંડ આકર્ષણો વચ્ચેય રહી શકે છે. "

★

માનવતાના પાયા, એનું મૂલ્યાંકન અને જીવનમાં એનો વિનિયોગ

પંડિત શ્રી સુખલાલજી સંઘવી

[ગતાંકથી ચાલુ]

૨ એનું મૂલ્યાંકન

વ્યાખ્યાનનો બીજો ભાગ છે, માનવતાનું મૂલ્યાંકન. માનવતામાં મુખ્ય વસ્તુ છે ચિત્ત. એમાં શક્તિઓ અને વૃત્તિઓનું દેવાસુર યુદ્ધ ચાલ્યા જ કરે છે. તેથી જ પાતંજલ યોગશાસ્ત્રમાં એમ કહ્યું છે કે "ચિત્તરૂપી નદી બંને બાજુ વહે છે: કલ્યાણ તરફ પણ વહે છે; અને પાપ તરફ પણ વહે છે."[૯] રાત ને દિવસ પ્રત્યેક વ્યક્તિના મનની અંદર, સમાજમાં, રાજ્યમાં અને માનવતાની વચ્ચે આવું ધમસાણ યુદ્ધ ચાલ્યા જ કરે છે.

દેવ અને અસુર, એના યુદ્ધનો અર્થ આ છે. પણ એમાં દૈવી વૃત્તિનો વિજય થાય છે, અને થવો જ જોઈએ. શા કારણે? તો, એને મનુષ્યનું શરીર મળ્યું છે, તેને લીધે. શરીરની અંદર જેમ ચિત્ત કામ કરે છે, તેમ શરીરની રચના પણ કામ કરે છે. આ જ કારણથી મોટા મોટા ઋષિઓએ અને ચિંતકોએ માનવશરીરને બહુ જ કીમતી ગણ્યું છે. જ્યારે મહાવીરે પોતાના શિષ્યોને એમ કહ્યું કે "દુર્લભ વસ્તુઓ ચાર છે, અને તેમાંની પહેલી મનુષ્યજન્મ,"[૧૦] ત્યારે એનો આ જ અર્થ છે. મહાભારતમાં વ્યાસે પણ એ જ વાત કહી કે "મનુષ્યજન્મ કરતાં વધારે શ્રેષ્ઠ કાંઈ નથી."[૧૧]

પણ પ્રશ્ન એ છે કે મનુષ્યજન્મને શ્રેષ્ઠ કહે છે, એનાં કારણ શાં છે? એમાં એ વાત છે: માણસના ચિત્તમાં જે બુદ્ધિ છે અને એની શરીરરચનામાં જે હાથનો ભાગ છે, તે મહત્ત્વનાં છે, અને એ બુદ્ધિ જ્યારે પ્રજ્ઞામાં પલટાઈ જાય છે, ત્યારે માણસનું જે શ્રેષ્ઠપણું કહ્યું છે, તે ખરેખરું પ્રગટ થાય છે. પ્રજ્ઞાનું પ્રગટ થવું એટલે કે બુદ્ધિ પ્રજ્ઞામાં પલટાય, એટલે વિવેકની ખિલવણી થાય. અને વિવેકની ખિલવણી થાય એટલે માણસ પોતાની બુદ્ધિને માત્ર સર્જનમાં જ નહીં પણ રક્ષણમાં અને પાલનમાં પણ ખર્ચે. જ્યારે પ્રજ્ઞાનો આવિર્ભાવ થાય, ત્યારે હાથ અને પગ, એ બીજાને મારવામાં નહીં પણ બીજાને જિવાડવામાં વપરાય.

મહાભારતમાં એક આખ્યાન છે. તેમાં એમ આવે છે કે ક્યારેક કેટલાક લોકોએ યયાતિ રાજાને વરદાન આપવાનું કહ્યું, અને કહ્યું કે તમે કંઈક માગો, માગો! ત્યારે યયાતિ

---

૯. चित्तनदी नामोभयतो वाहिनी वहति कल्याणाय वहति पापाय च । १-१२; भाष्य

१०. माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं । —उत्तराध्ययन ३-१

११. न मानुषात् श्रेष्ठतरं हि किंचित् । —शांतिपर्व, १८०-१२

કહે છે કે નહીં, "જે મેં પોતે કર્યું નથી એને હું સ્વીકારવાનો નથી;"[૧૨] અર્થાત્ મારું પોતાનું જે કરેલું છે, તેને જ હું ભોગવવાનો છું. આ એક શક્તિ છે; પ્રજ્ઞાનું સામર્થ્ય અને હાથની શક્તિ છે. આપણે કહીએ છીએ કે "ભગવાને હાથ દીધા છે" (देवदत्तौ पाणी।) એનો અર્થ આ છે. લોકોક્તિમાં પણ કહેવાય છે કે ભગવાને હાથ-પગ આપ્યા છે, તો શા માટે પરાધીન રહેવું?

એક વાર એક ઋષિપુત્ર અને એક વણિકપુત્ર, એ બેની વચ્ચે કંઈક ઘર્ષણ થયું. વાણિયાનું ધન જોઈને અને એનો ગર્વ જોઈને પેલા ઋષિપુત્રને એમ થયું કે મારો ગરીબનો આ જન્મ નકામો છે. એટલે એણે તો આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. પણ એટલામાં ઇન્દ્રે આવીને એને કહ્યું કે "ભલા માણસ, તારી પાસે સંપત્તિ નથી, પૈસા નથી, જમીન નથી, સત્તા નથી, એ કબૂલ. પણ તને હાથ તો મળ્યા છે ને? અને જો હાથ મળ્યા છે, તો તારે બીજું શું જોઈએ? એટલે તારે જે કંઈ સંપત્તિ મેળવવી હોય—જ્ઞાન-સંપત્તિ મેળવવી હોય કે ભૌતિક સંપત્તિ મેળવવી હોય—તે હાથથી એટલે કે પરિશ્રમથી લભ્ય છે." અને તેથી જ ઉપરે ઇન્દ્રે એને કહ્યું કે "હાથ મળ્યા છે, તેના કરતાં શ્રેષ્ઠ બીજો કોઈ લાભ નથી." (न पाणिलाभादधिको लाभः कश्चन विद्यते ।) પણ સાથે જ વ્યાસે મહાભારતમાં એ વાત પણ કરી કે "પ્રજ્ઞાલાભ એ મોટો લાભ છે."[૧૩]

પ્રજ્ઞા અને બુદ્ધિ, એ બેમાં ફેર છે. બુદ્ધિ, એ આપણા બધા લોકોની રોજ કામ કરવાની સામાન્ય બુદ્ધિ છે. પણ એ બુદ્ધિ જ્યારે કલ્યાણાભિમુખ થાય છે, જ્યારે એ સદ્‌વૃત્તિમાં પલટાઈ જાય છે, ત્યારે એ પ્રજ્ઞા કહેવાય છે. અને પ્રજ્ઞા અને હાથ, એ બે મળે એટલે માણસનો જન્મ આખો બદલાઈ જાય છે. મહાવીરે આ જ દૃષ્ટિથી મનુષ્યજન્મને શ્રેષ્ઠ કહ્યો કે જો મનુષ્યજન્મ મળે તો જ શ્રદ્ધા, શ્રુતિ-શાસ્ત્ર અને સંયમનો પુરુષાર્થ, એ બધું સંભવે છે; મનુષ્યજન્મ સિવાય નહીં. એ જ રીતે વ્યાસે જે હંસગીતામાં કહ્યું તેનો અર્થ પણ આ જ છે કે "જો માણસે દૈવી વૃત્તિઓને જગાડવી હોય તો એણે પ્રજ્ઞાને પ્રગટાવવી જોઈએ."

પ્રજ્ઞાને પ્રગટાવવી એટલે વિવેકને પ્રગટાવવો. વિવેકને પ્રગટાવવો એટલે બુદ્ધિનું આખું સ્વરૂપ બદલાઈ જવું. એમ થાય છે ત્યારે બુદ્ધિ એ સામાન્ય બુદ્ધિ નથી રહેતી, પણ એ ઉચ્ચ કક્ષાની થઈ જાય છે. એ જ અર્થમાં વ્યાસે પ્રજ્ઞાલાભને ઉત્કૃષ્ટ લાભ કહ્યો છે. આ રીતે જ્યારે પ્રજ્ઞા અને હાથ, એ બેનું મિલન થાય છે, ત્યારે કોઈ પણ માણસના મનમાં રહેલા જે નાશકારક ભાવો, તે દૈવીવૃત્તિમાં-કલ્યાણવૃત્તિમાં પલટાઈ જાય છે. એટલે જોકે દેવાસુરયુદ્ધ હમેશાં ચાલતું હોય છે, તોપણ માણસનું જે આ સામર્થ્ય, તે આ જન્મમાં કે જન્માંતરમાં ક્યારે તે કાળે પ્રગટ થયા સિવાય રહી શકતું નથી; અને જ્યારે એ પ્રગટે છે, ત્યારે એ માણસનો જન્મ એક ઉત્કૃષ્ટ જન્મ ગણાય છે.

એટલે માણસાઈનું જ્યારે મૂલ્યાંકન કરીએ, ત્યારે આ વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે હાથ મળ્યા છે, બુદ્ધિ મળી છે; એ બે વસ્તુ મળી હોય તો, બધી જ સંપત્તિ આવીને ઊભી

૧૨. अहं तु नाभिगृह्णामि यत्कृतं न मया पुरा ।—આદિપર્વ, ૭૩-૧૨

૧૩. प्रज्ञा प्रतिष्ठा भूतानां प्रज्ञालाभः परो मतः ।—શાંતિપર્વ, ૧૮૦-૨

રહે છે. એમાં ફક્ત એક વિવેકનો વધારો થાય એટલે બુદ્ધિ પ્રજ્ઞાનું રૂપ લે; અને હાથ છે તે નવી દિશામાં કામ કરતા થઈ જાય. એથી એ સર્જન તો કરે જ, પણ સાથે સાથે રક્ષણ, પાલન અને સારાં સારાં બધાં જ કામો કરી શકે.

શુક્લયજુર્વેદના ઋષિએ મનની આ શક્તિ જોઈ; અને ગાયું કે મનની એક એવી શક્તિ છે કે જો તમે સંકલ્પ કરો તો તમારું ધાર્યું કામ થાય. એ મંત્ર શિવસંકલ્પમંત્ર કે શિવસંકલ્પસૂક્ત કહેવાય છે. એના છ મંત્રોમાં છેલ્લું પાદ-ધ્રુવ પાદ-આવે છે, જે "तन्मे मनः शिवसंकल्पमस्तु" —એ પ્રમાણે છે. માણસ જ્યારે એવો સંકલ્પ કરે કે મારા મનની સદ્‌વૃત્તિઓ હમેશાં જાગ્રત થાઓ! અને હું અસદ્‌વૃત્તિઓથી મુક્ત થાઉં, ત્યારે એ માણસનું મન પ્રકાશવત્ થાય છે, અને જે આસુરીવૃત્તિઓ હમેશાં સદ્‌વૃત્તિઓને દબાવ્યા કરે છે, તે આસુરીવૃત્તિઓ શમી જાય છે.

એટલે આપણે જોયું કે માણસાઈના પાયામાં ખાસ બે વસ્તુ છે: એક તો એના મનની પ્રજ્ઞાશક્તિ, અને બીજી એના શરીરની રચનામાં મળેલ પાણિ—હાથ, અને બે હાથમાં થઈ ને દસ આંગળાં. માણસને જેવું શરીર મળ્યું છે, એવું બીજા કોઈ પ્રાણીને મળ્યું નથી. માણસ ટટાર ઊભો રહી શકે છે, ફાવે તેમ વળી શકે છે, ફાવે તેમ સૂઈ શકે છે, અને હાથથી ધાર્યું કામ કરી શકે છે. દસ આંગળાં એટલે દસ દસ દિશાઓનું રાજ્ય. એ ફાવે ત્યાં વિચરી શકે છે. એ ભૂમિતલ પર ચાલી શકે, પાણીમાં ગમે ત્યાં સંચરી શકે અને આકાશમાં પણ ઊડી શકે.

આ રીતે જ્યારે માણસને હાથની શક્તિ મળી છે અને બુદ્ધિ પણ પ્રજ્ઞાનું રૂપ ધારણ કરી શકે છે, તો પછી આપણે સમજી શકીએ કે માણસાઈનું જે મૂલ્ય છે, તે કેટલું વધારે છે. તેથી તો વ્યાસે કહ્યું છે કે "માણસ કરતાં વધારે શ્રેષ્ઠ બીજું કંઈ નથી."

૩. જીવનમાં એનો વિનિયોગ

વ્યાખ્યાનનો ત્રીજો ભાગ છે: માનવતાના પાયાનો જીવનમાં વિનિયોગ. જીવન એ માત્ર વ્યક્તિગત નથી. દેહભેદે આપણને એમ લાગે છે કે દરેકનાં જીવન જાણે જુદાં છે, અને એક રીતે એ જુદાં છે પણ ખરાં; પણ બીજી રીતે જોઈએ તો એમ લાગ્યા વગર નહીં રહે કે, કોઈ એક વ્યક્તિનું જીવન બીજી વ્યક્તિઓના જીવનથી સર્વથા જુદું છે જ નહીં. એટલે, જ્યારે માણસ માણસાઈનો ઉપયોગ કરે, પ્રયોગ કરે, ત્યારે એ પોતાના જીવનને સંભાળવા, વિકસાવવા તો કરે જ, પણ સાથે સાથે એ ધ્યાનમાં રાખે કે એનું જીવન બીજાથી છૂટું નથી. આ રીતે આપણે વિચાર કરીએ તો માણસાઈના પાયાના અથવા માનવતાના ગુણોના વિનિયોગનો જીવનમાં પ્રયોગ કરવો જોઈએ. એ વિષે વિચાર કરીએ ત્યારે આજ ગાંધીજીના જન્મના દિવસે, ખરી રીતે, આપણી સામે ગાંધીજી આવવા જોઈએ.

ભૂતકાળમાં આ દેશમાં અને બીજા દેશોમાં ઘણા મહાપુરુષો થયા છે અને એમણે સમાજને બદલવાના-વિકસાવવાના પ્રયત્નો કર્યો છે. પણ ગાંધીજીનું કામ અને ગાંધીજીની સૂઝ, એ સૌથી અનોખી છે; અને વધારામાં તો એ કે આપણામાંના અનેક લોકોએ તેમની સાથે જીવન ગાળ્યું છે; અનેક લોકોએ એમની પ્રવૃત્તિ જોઈ છે, અને અનેક લોકોએ એમના કામમાં ભાગ લીધો છે. અને જે લોકોએ આ રીતે ભાગ નથી લીધો કે જેઓ એમના

સહવાસમાં નથી આવ્યા, એવા બીજા દેશોના લોકોએ પણ ગાંધીજીનાં લખાણો મારફત, એમની પ્રવૃત્તિ મારફત, એમને વિશે ઘણું જાણ્યું છે. એટલે ગાંધીજીના દાખલા સાથે આ વાત કરીએ તો એ સૌને વધારે ગળે ઊતરે એવી થાય.

ગાંધીજીની દિશા કઈ હતી ? એમનો ધ્રુવતારો હતો માત્ર સત્ય. ગાંધીજી પણ આપણા જેવા માટીપગા માણસ હતા; પણ જ્યારથી એમની દૃષ્ટિ સત્ય તરફ ગઈ, ત્યારથી એમનું ખાવાનું, પીવાનું, બોલવાનું, બેસવાનું એમ આખું વલણ બદલાઈ ગયું. અને જેમ જેમ તેઓ ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ એમને પોતાની આખી જીવનપ્રક્રિયા જ બદલવી પડી. એને માટે ગાંધીજીએ કહ્યું તો એમ છે કે ‘સત્યના પ્રયોગો.’ પણ એ સત્યના પ્રયોગો ધીરે ધીરે કરતાં કેવા ઊંડા ગયા છે, અને કેવી રીતે કેટલાં ક્ષેત્રોમાં વ્યાપ્યા છે, એ બધાનું વર્ણન તો આજે ન થઈ શકે. પણ એમાંથી કેટલીક બાબતો આપણે જોઈએ.

ગાંધીજીની સત્ય તરફની, સત્યના ધ્રુવતારા તરફની દૃષ્ટિએ એમનામાં જે બુદ્ધિનું રૂપ હતું તેને આખું પ્રજ્ઞાન રૂપ આપ્યું. ગાંધીજી, દુનિયાના બીજા ઘણા વિશિષ્ટ માણસો કરતાં, ઓછું ભણેલા; ઓછું વાંચેલું; પણ એમનામાં જે તેજ હતું, તે પ્રજ્ઞાના પ્રકાશનું તેજ હતું. એટલે એમની બુદ્ધિ આડે રસ્તે જાય જ નહીં.

ગાંધીજીએ લોકોને એકત્ર કર્યા, આશ્રમમાં એકત્ર કર્યા. જૂના વખતમાં પણ આશ્રમો હતા, ગાંધીજીએ પણ આશ્રમો બાંધ્યા; અત્યારે પણ દેશમાં આશ્રમો છે, બીજે પણ હશે. તો ગાંધીજીના આશ્રમમાં શી વિશેષતા હતી ? સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે ચાર આશ્રમો છે. લોકો પ્રાચીન કાળથી એમ માનતા આવ્યા અને અત્યારે પણ માને છે કે બ્રહ્મચર્યાશ્રમ, એ ખાસ જુદો હોવો જોઈએ; ગૃહસ્થાશ્રમ, એ તો સાવ નિરાળો; અને વાનપ્રસ્થ અને સંન્યાસની પણ એ જ સ્થિતિ છે. પ્રાચીન કાળમાં–ધર્મસૂત્રોના કાળમાં– એવા મતભેદો પ્રવર્તતા. કોઈ માત્ર ગૃહસ્થાશ્રમને માનતા, તો કોઈ બ્રહ્મચર્ય અને ગૃહસ્થ એમ બેને; વળી કોઈક વાનપ્રસ્થ મળીને ત્રણને માને, તો કોઈ વળી સંન્યાસ સહિત ચારેને માને.

ગાંધીજીએ આશ્રમજીવનમાં આ ચારેય આશ્રમોને એકરસ કર્યા. ત્યાં જે તદ્દન બ્રહ્મચર્ય પાલન કરવા ઇચ્છતા હોય એવા બ્રહ્મચારી લોકો પણ રહે, અને જે ગૃહસ્થાશ્રમી હોય તે પણ રહે. વળી વાનપ્રસ્થની પ્રક્રિયા પણ ત્યાં ચાલે, અને સંન્યાસની વૃત્તિ જેની ખરેખર હોય, તે પણ ચાલે. એટલે ચાર આશ્રમોની વચ્ચે ઉંમરનો, દેશનો કે કાળનો જે વિરોધ હતો, એના બદલે એમણે પોતાના આશ્રમમાં ચારેય આશ્રમોનું એકીકરણ કર્યું; અને જેનામાં જે શક્તિ હોય તેને તે રીતે વિકસાવવાની તક આપી. અને વ્યક્તિગત જીવનમાં પણ ચારે આશ્રમોનો યથાશક્ય સમન્વય એમણે સંભવ બનાવ્યો.

પણ ગાંધીજીએ કંઈ ચાર આશ્રમોનું એકીકરણ કરીને જ સંતોષ ઓછો માન્યો છે ! એમણે તો ચાર વર્ણ, જેમાં ઊંચ–નીચભાવ પ્રવર્તે, અરસપરસ એકબીજાની સાથે ખાય નહીં, સગપણ નહીં, ભગવાનો જાણે કોઈ સંબંધ નહીં, એકબીજાના પડોશમાં રહેતા હોય તેનો કોઈ ખ્યાલ નહીં, આવી સ્થિતિ હતી ત્યાં ગાંધીજીએ શું કર્યું ! ઊંચ–નીચભાવ દૂર કર્યો; એટલું જ નહીં, એક વર્ણને બીજાની પાસે આવવા દીધો અને બધા સાથે રહે એટલું જ નહીં, પણ એમણે તો એમ કહ્યું કે માણસના જીવનમાં ચારે વર્ણો પ્રગટવા જોઈએ.

જે બ્રાહ્મણ હોય તે જ ક્ષત્રિય; અને જે બ્રાહ્મણ અને ક્ષત્રિય હોય તે જ વૈશ્ય; અને જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય હોય તે જ શૂદ્ર અથવા સેવક- એક માણસમાં આ ચારેય શક્તિઓ વિકસવી જોઈએ, પછી ભલેને એ મુખ્યપણે એક શક્તિ અથવા એક વૃત્તિથી કામ કરે. પણ એવું ના હોવું જોઈએ કે કોઈ માણસ પોતાને માત્ર બુદ્ધિજીવી અને બ્રાહ્મણ કહે, અને રક્ષણને માટે પરાધીન હોય. વળી એવું પણ ના હોવું જોઈએ કે જે બુદ્ધિનું અને રક્ષણનું કામ કરતો હોય, તે અર્થની–હિસાબકિતાબની વાત જ ન જાણે. ગાંધીજીના જીવનથી પણ આપણે આ વાત જાણીએ છીએ. એમણે તો મજૂરીનાં કામ કર્યાં, ખેતરનું કામ કર્યું, બગીચાનું કામ કર્યું, પ્રેસનું પણ કામ કર્યું. આપણે માનવતાના પાયાની મૂલવણીમાં હાથની વિશેષતા જોઈ. ગાંધીજીએ પોતાના દસ આંગળીવાળા બે હાથથી બધું જ કામ કર્યું. એમણે સેવકનું પણ કામ કર્યું; અને ગણતરીબાજ તો એવા હતા કે એમની આગળ ભલભલા અર્થશાસ્ત્રીઓ પણ પોતાની ભૂલો સમજતા. એ જ રીતે એમણે રક્ષણની પણ જવાબદારી લીધી.

પછી આવે છે, ખાસ કરીને પુરુષાર્થની વાત. આપણે ઘણા લોકો એમ માનીએ છીએ કે અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ એ તો દુનિયાના પુરુષાર્થ છે; અને ધર્મને અર્થ અને કામ સાથે કોઈ જ સંબંધ નથી. પણ એમ નથી. ગાંધીજીએ જોયું કે જગતનો તંતુ અને આખો સમાજ, એ તો કામ–સુખ ઉપર રહે છે. એટલે કામનો ઇન્કાર કેમ કરી શકાય? અને અર્થ વિના, સંપત્તિ વિના, સાધન વિના, સમાજ કાંઈ ટકે નહીં. તો અર્થનો ઇન્કાર પણ કેવી રીતે કરી શકાય? લોકોના મનમાં દુવિધા હતી કે અર્થને અને કામને ધર્મની સાથે સંબંધ નથી. પણ ગાંધીજીએ તો કાલિદાસની રીતે એમ કહ્યું કે નહીં, "કામની સાથે ધર્મ–ન્યાય્યતા, અર્થની સાથે ધર્મ–ન્યાય્યતા એટલે કે વાજબીપણું જોડાયેલું જ છે. કામસુખનો ભોગ હોય, પણ એમાં માણસ પોતાનું જીવન સંપૂર્ણ ખરચી ન નાખે;"[૧૪] પ્રજાતંતુ ચલાવે. એ પ્રજાતંતુનો પણ વિકાસ થાય, એનું પણ મન સંતુષ્ટ રહે. કુટુંબ પણ સુખી રહે. એ રીતે કામનો ઉપભોગ કરવો જોઈએ; નહીં કે શક્તિનો સર્વથા વ્યય કરી નાખે એ રીતે. એમણે અર્થ માટે પણ કહ્યું કે પૈસા, સંપત્તિ, માલમિલકત, એના વિના ચાલે નહીં; પણ એમાં એ ગૃધ્નુ એટલે કે આસક્ત ન હોય, તેમ જ બીજાના પ્રાણને ભોગે કે બીજાની સગવડના ભોગે એ સંચય કર્યા કરે, એમ પણ ન થવું જોઈએ. એ રીતે, લોકો સમજતા કે, અર્થ–કામની સાથે ધર્મનો મેળ ખાય; એટલે કે આપણે વાજબી રીતે કામની અને અર્થની મર્યાદા રાખીએ તો ધર્મનો એટલો સંબંધ કહી શકાય; પણ મોક્ષનું શું? મોક્ષ તો સંસારથી સાવ જુદો જ છે. એટલે લોકો માનતા હતા કે જે માણસ મોક્ષગામી હોય, જેને મોક્ષની અભિલાષા હોય, એણે તો શરીરને સર્વથા છોડી દેવું જોઈએ; પછી કામ, અર્થ અને ધર્મની તો વાત જ ક્યાં રહી? ગાંધીજીએ એ પણ જીવી બતાવ્યું કે નહીં, મોક્ષનો સંબંધ પણ આ જીવનમાં જ છે. મોક્ષ એટલે શરીરથી મુક્ત થવું, એટલું જ બસ નથી; પણ ખરી રીતે ચિત્તમાં જે વાસનાઓ છે, મલિન વૃત્તિઓ છે, સંકુચિતતા છે, એનાથી મુક્ત થવું એ જ સાચી મુક્તિ છે.

---

૧૪. આપ્તુરાદદે સોઽર્થમસક્તઃ સુખમન્વભૂત્ ।—રઘુવંશ ૧-૨૧

ઉપનિષદ્‌માં કહ્યું છે, અને તે વાત સાચી છે, કે "માણસનું મન જ એવું છે કે એક યા બીજા કાળે એ સંકીર્ણતા, સંકોચ કે સંકડામણ અનુભવી શકતું નથી કે મર્યાદાબદ્ધ રહી શકતું નથી." એને જેમ જેમ ખીલવાની વિકસવાની તક મળે, તેમ તેમ એ પ્રમોદ અનુભવે છે, સુખ અનુભવે છે, એટલે ક્યારેક ને ક્યારેક તો એ મોકળાશ અનુભવવા માગે છે, આંતરિક મોકળાશ અનુભવવા માગે છે. અને એ આંતરિક મોકળાશ અનુભવવા માટે એને પોતાની જે આસુરી વૃત્તિઓ, તેના પર કાબૂ મેળવવો પડે છે. અને જ્યાં આસુરી વૃત્તિઓ ઉપર કાબૂ મેળવ્યો, ત્યાં જ મોક્ષનું બીજ નંખાઈ ગયું સમજવું; મોક્ષનો બીજો કોઈ જુદો અર્થ નથી.

એટલે ગાંધીજીએ જેમ ચાર આશ્રમોનું પોતાના જીવનમાં એક તીર્થ બનાવ્યું કે જુઓ, આ આશ્રમોનો વિરોધ નથી—શરત એટલી જ કે જે માણસો આશ્રમમાં જોડાનાર હોય તે પ્રામાણિક હોવા જોઈએ; બ્રહ્મચર્યાશ્રમમાં દાખલ થયો અને એનું મન બીજી બાજુ ભટકતું હોય, ગૃહસ્થાશ્રમમાં દાખલ થયો અને એની જવાબદારી ન સમજતો હોય, અને સંન્યાસ કે વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો હોય અને મન પાછું ભટકતું હોય તો તે ન ચાલે—તે જ રીતે એમણે એ પણ બતાવ્યું કે ખરેખર બહાદુર અને વિવેકપૂર્વક જીવન જીવનાર માટે ચારે વર્ણોનો પરસ્પર વિરોધ નથી; અને એ જ રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનો પણ પરસ્પર વિરોધ નથી.

ગાંધીજીએ જ્યારે, આ રીતે, સત્યની દિશામાં મોઢું ફેરવ્યું અને એ જ જ્યારે એમનો ધ્રુવતારો થયો, અને એ બાજુ એમણે કૂચ શરૂ કરી, એટલે એમને તરત જ સૂઝી આવ્યું કે, સત્યને સમજવા માટે અને એ દિશામાં આગળ વધવા માટે તો જરૂર છે અહિંસાની. અને અહિંસા એટલે પ્રેમવૃત્તિ; અહિંસા એટલે બીજામાં પોતાપણાનો ભાવ અને પોતામાં બીજાપણાનો ભાવ. એમાંથી એમણે હાથમાંની શક્તિ અને બુદ્ધિમાંની શક્તિ, એ બેયને નવું રૂપ આપ્યું. એટલે "તેન ત્યક્તેન ભુઞ્જીથાઃ" એ મંત્ર એમના જીવનમાં સાકાર થયો; અને અહિંસાને માર્ગે ચાલતાં એમણે અહિંસાનું નવું રૂપ ખીલવ્યું.

આજ સુધી કોઈ એમ નહોતું માનતું કે માણસો શસ્ત્ર વિના લડી શકે: દુનિયામાં કોઈ એવું માનતું જ નહીં, યુદ્ધશાસ્ત્રીઓ હોય કે બીજા ગમે તે હોય, તો તે એક જ વાત કરે કે ભાઈ, જો લડવું હોય તો શસ્ત્ર વિના લડી શકાય જ નહીં. શસ્ત્ર એટલે છેવટે બીજું કંઈ હથિયાર ન હોય તો પાણો, લાકડી કે છેવટે હાથ, એમ ગમે તે ચલાવીને જ આપણે બીજા સાથે લડી શકીએ, અને બીજાને પરાભૂત કરી શકીએ. દુનિયામાં યુદ્ધનો ઇતિહાસ એવો કોઈ નથી કે જેમાં મારપીટ વિના, મારામારી સિવાય કોઈ યુદ્ધ થયું હોય. પણ ગાંધીજી જે સત્યના પ્રયોગો કરતા હતા, અને એ પ્રયોગોમાં આગળ વધતાં એમનામાં અહિંસા અથવા મૈત્રીવૃત્તિનું જે સ્ફુરણ થયું, એણે એમના આખા જીવનને જ બદલી નાખ્યું. અને તેથી એમણે હિંદુસ્તાનને પરરાજ્યથી મુક્ત થવા માટે જ નહીં, પણ આખી માનવજાતને સ્વતંત્ર થવા માટે એક સાવ નવો માર્ગ સૂચિત કર્યો કે, જુઓ, તમારે લડવું હોય તો પોતાની દુર્વૃત્તિઓ સામે લડો. જે વિરોધી માણસ છે તે પણ છેવટે તો માણસ જ છે, અને એનામાં પણ સારી વૃત્તિઓ છે—ભલે પછી એ એનામાં છૂપી પડી હોય.

એટલે તમે એની સામે કંઈક એવી રીતે લડો, એવી રીતે જીવન જીવો કે સામા ઉપર એનો એવો પ્રભાવ પડે કે એ તમને મુક્ત પણ કરે અને તમારો આભાર પણ માને; અને એ રીતે તમે વિરોધી મટીને પાસે પાસે આવો. આ વિચારમંથનમાંથી એમને સત્યાગ્રહ અને અસહકારની વાત સૂઝી, અને એ એમણે આફ્રિકામાં અને હિંદુસ્તાનમાં રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, એમ જ્યાં દેખો ત્યાં સફળતાપૂર્વક અજમાવી પણ ખરી. પણ એમણે કંઈ એટલું જ નથી કર્યું.

અર્થની દૃષ્ટિએ વિચારીએ તો એમણે દસ આંગળીવાળા જે બે હાથ માણસને મળ્યા છે, જે પરમેશ્વરની અથવા કુદરતની બક્ષિસ (देवदत्तौ पाणी) છે, એને લક્ષીને કહ્યું અને કરી બતાવ્યું કે જો બે હાથ હોય તો માણસે ગરીબી શા માટે અનુભવવી? એટલે એમણે દરેક માણસને એમ કહ્યું કે તમારે શ્રમ કરવો. આજે દેશમાં અને દુનિયામાં બધાને લાગી રહ્યું છે કે જો કોઈ વસ્તુની ખરી જરૂર હોય, તો શ્રમની જરૂર છે. બુદ્ધિની જરૂર તો છે જ; પણ બુદ્ધિવાળા માણસો જેમ જેમ વધતા જાય છે, તેમ તેમ શ્રમ ઓછો થતો જાય છે, શ્રમની પ્રતિષ્ઠા ઓછી થતી જાય છે; તેથી લોકોને ભારપૂર્વક સમજાવવું પડે છે કે તમે શ્રમ કરો! અને ગાંધીજીએ તો નાની નાની ગણાતી બાબતોમાં પણ શ્રમ કરીને બતાવ્યું છે કે હાથમાં કેટલી શક્તિ છે. આ રીતે એમણે એક નવો જ માર્ગ શરૂ કર્યો, એમ કહી શકાય. અને એ માર્ગે યુદ્ધના ક્ષેત્રમાં, અર્થના ક્ષેત્રમાં અને સામાજિક ક્ષેત્રમાં ઊભા થતા પ્રશ્નોના નવા જ ઉપાયો સૂચવ્યા.

આર્થિક ક્ષેત્રે એમણે એટલે સુધી કહ્યું કે તમારામાં કમાવાની શક્તિ અને બુદ્ધિ હોય તો તમારી વૃત્તિને શા માટે ટૂંકાવો છો? તમે યંત્ર દ્વારા, વ્યાપાર દ્વારા કે સત્તા દ્વારા કમાવ. પણ સાથે સાથે એમણે એક વાત કરી—અને એ વાત એમને સત્યની દિશામાં જતાં અને એમનામાં અહિંસાનું નવું પ્રગટીકરણ થતાં સૂઝી—કે તમે જે કમાવ તેમાંથી પોતા પૂરતું રાખો, અને બાકીનું બીજાને માટે વાપરો. તમારા વારસદારોને સોંપશો, તો શી ખાતરી કે ભવિષ્યમાં તેઓ એનો કેવો ઉપયોગ કરશે? એના કરતાં તો તમે જીવો ત્યાં સુધીમાં એનો ઉપયોગ તમારાં બાળકો અને તમારા પોતાના કુટુંબના પોષણમાં કરવા ઉપરાંત બીજા માટે પણ કરો ને! આ રીતે વિચારતાં ગાંધીજીને જે મંત્ર સૂઝ્યો તે ટ્રસ્ટીવાસ્યનો મંત્ર હતો; અને તે એમના જીવનમાં સાકાર થયો હતો. એમનું જીવન કેવું પલટાઈ ગયું હતું! તેઓ પાઈપાઈનો હિસાબ રાખતા; પણ એ હિસાબ રાખવાની પાછળ એમની દૃષ્ટિ, પહેલાં કાલિદાસની ભાષામાં સૂચવ્યું તેમ, ગૃધ્નુ એટલે આસક્તિ ભરેલી ન હતી. તેઓ પૈસા ગ્રહણ કરતા; અરે, પોતાના હસ્તાક્ષર આપે તો તેની પણ ફી લેતા; અને કોઈ ભેટ આપી જાય તો તે પણ લેતા; છતાં એની સાથે એમને અંગત લેવા-દેવા કાંઈ જ નહીં. એ બધાનો ઉપયોગ લોકોના ભલા માટે જ થતો.

ધર્મ એટલે બીજાની સાથેનો સદ્વ્યવહાર; બીજા પ્રત્યેની ઉચ્ચ પ્રકારની ભાવના. જેમાંથી ન્યાય પણ આવે, નીતિ પણ આવે; અને માણસનું મન મોટું બને, એનું નામ ધર્મ. પણ લોકો તો એમ માનતા કે ધર્મના દિવસો તો ઘડપણ આવે ત્યારે આવે; બીમાર પડીએ ત્યારે આપણે હરિને ભજવા જોઈએ. પણ ગાંધીજીએ તો કહ્યું કે એમ હોય નહીં. જે વખતે માણસના શરીરમાં પૂરેપૂરી શક્તિ હોય, સ્ફૂર્તિ હોય, ત્યારે ધર્મપાલનનું ખરેખરું

મહત્ત્વ છે. અને કાલિદાસની વાણીમાં એમણે પોતાના જીવનથી બતાવ્યું કે "કોઈ પણ જાતની બીમારીમાં સપડાયા પહેલાં જ ધર્મનું પાલન કર્યું."૧૫ મતલબ કે માણસ બીમાર ન હોય, વૃદ્ધ ન હોય, પરતંત્ર ન હોય, ત્યારે ધર્મનું સેવન કરવું જોઈએ.

ગાંધીજીએ કેટકેટલી વાતો બતાવી? માણસો એમ સમજતા કે શરીર એ તો આજે છે ને કાલે નથી. એટલે આ ખાધું તોય શું, અને તે ખાધું તોય શું? સૂકું ખાધું તોય શું, અને લીલું ખાધું તોય શું? જુવાનીમાં ભૂખ લાગી હોય ત્યારે માણસો બીજાની ચડસાચડસીમાં વધારે પણ ખાય; અને ક્યારેક ભૂખ્યા રહે ત્યારે એટલા ભૂખ્યા રહે કે દિવસોના દિવસો ઉપવાસ કરે. ગાંધીજીએ કહ્યું, શરીર એ મુખ્ય સાધન છે, માટે શરીરને શક્તિશાળી અને નિયમિત રાખવા માટે ખોરાકની આવશ્યકતા છે. એમણે ખોરાકનાં તત્ત્વો પણ શોધ્યાં કે કયાં તત્ત્વો એવાં છે કે જે શરીરને પોષી શકે; કયાં એવાં તત્ત્વો છે કે જે શરીરને ઉન્માદ કરાવે; અને કયાં કયાં તત્ત્વો એવાં છે કે જે કામ આપે. આ રીતે એમણે ભોજનનું પણ એક શાસ્ત્ર રચ્યું. બેસવાનું, ઊઠવાનું, સૂવાનું, બોલવાનું, એમ જીવનની એવી કોઈ ક્રિયા નથી કે જે વિશે એમણે શાસ્ત્ર રચ્યું ન હોય.

જૈન આગમમાં એક પદ્ય આવે છે કે "जयं चरे, जयं चिट्ठे, जयमासे, जयं सये, जयं भुंजंतो भासंतो";૧૬ એનો અર્થ એ છે કે માણસ ચાલે વિવેકથી, ઊભો રહે વિવેકથી, બેસે વિવેકથી અને શયન કરે વિવેકથી. આ તો થોડીક ક્રિયાઓ ગણાવી; પણ જીવનની તમામ પ્રવૃત્તિ માણસ વિવેકથી કરે. અને વિવેક એટલે પ્રજ્ઞા. એ પ્રજ્ઞા જ્યારે માણસના શરીર સાથે, એટલે કે હાથ-પગ સાથે જોડાય તો માણસ પોતે સામાન્ય માણસ નથી રહેતો; પણ એ જ માણસ દુનિયામાં દેવ ગણાય છે.

ગાંધીજીને આપણે દેવતુલ્ય માનીએ છીએ; એટલું જ નહીં પણ, હું જ્યાં સુધી સમજું છું ત્યાં સુધી, અત્યારના બધા મહાન પુરુષો, લેખકો, રાજપુરુષો, કવિઓ ગમે તેટલા હોય, પણ ગાંધીજીએ માનવજીવનને જે બદલ્યું છે, એનું કોઈ પણ મૂલ્યાંકન કરશે તો, એને ખબર પડશે કે, માનવતાના જે પાયાની આપણે મૂલવણી કરી ગયા, અને ગાંધીજીએ જેનો વિનિયોગ કર્યો, એની ફળશ્રુતિ શી છે, એ તો ગાંધીજીના જીવનને બારીકાઈથી જોનાર જ કહી શકશે.

હવે આપણે અહીં જ પૂરું કરીશું. ગાંધીજીએ પોતાના જીવનમાં માનવતાના પાયાનો કેવો વિનિયોગ કર્યો, એ આપણે સમજી ગયા. એમાંથી એ જ વસ્તુ ધ્યાનમાં રાખવાની: પ્રજ્ઞા અને હાથ, અર્થાત્ બુદ્ધિ અને હાથ. અને એની પાછળ હમેશાં પેલો સંકલ્પ: "तन्मे मनः शिवसंकल्पमस्तु"। એ શુભ સંકલ્પની હમેશાં પ્રાર્થના કરવી, એવી આકાંક્ષા રાખવી, અને એ દિશામાં આગળ વધવું.* (સંપૂર્ણ)

---

૧૫. मेजे धर्ममनातुरः।—રઘુવંશ, ૧-૨૧

૧૬. દશવૈકાલિકસૂત્ર, ૫-૮

* ગાંધી જયંતી નિમિત્તે, આકાશવાણી અમદાવાદ ઉપરથી, તા. ૨-૧૦-૧૯૫૯ તથા તા. ૪-૧૦-૫૯ ના રોજ આપેલ વિશેષ-પ્રવચન—કેટલાક ફેરફાર, ઉમેરા સાથે.
—આકાશવાણીના સૌજન્યથી.

વૈજ્ઞાનિક પરિષદ (૪૭ મી) : મુંબઇ

પ્રોફે. અશ્વિન એમ. ત્રિવેદી M. S. C., Ph. D.

આપણે પહેલી એપ્રિલ '૧૯૬૦ના રોજ જે મુંબઈ મહારાષ્ટ્રને દાયજામાં આપવાનું નક્કી કર્યું છે, તે અલબેલી મુંબઇમાં આ વર્ષે વૈજ્ઞાનિક પરિષદ યોજવામાં આવી હતી. લગભગ ત્રણસો વર્ષ પહેલાં ઇંગ્લાંડના રાજા ચાર્લ્સ બીજાને પોર્ટુગીઝ કન્યા કેથેરાઇન જોડે દાયજામાં મુંબઈની ભેટ મળી હતી. મુંબઈ સંસ્કૃતિ, ઉદ્યોગ, શિક્ષણ ઇત્યાદિમાં સારા ભારતવર્ષમાં વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. ભારતની આર્થિક રાજધાની તેને ગણી શકાય. મુંબઈના જીવનમાં વિવિધતા છે, તેની પ્રજા પચરંગી છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી દિબ્રુગઢના રહેવાસીઓ અત્યારે તો ત્યાં શાંતિથી વસે છે. એ ઉપરાંત પૃથ્વીના દરેકે દરેક દેશના રહેવાસીઓ અહીં મળી આવે છે. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો વધુમાં વધુ સુમેળ અહીં જોવામાં આવે છે. દિલ્હી, કલકત્તા કે મદ્રાસ કરતાં અહીંની પ્રજા વધુ શિસ્તપ્રિય છે. કોઈપણ દેશ અભિમાન લઇ શકે એવી વિજ્ઞાનની સંસ્થાઓ મુંબઈમાં છે. મુંબઈ યુનિવર્સિટીની દેખરેખ નીચે ચાલતું કેમિકલ ટેકનોલોજી ખાતું (Department of Chemical Technology) આમાં વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. ઈ. સ. ૧૯૩૪ માં માત્ર વીસ વિદ્યાર્થીઓ અને ૭ અધ્યાપકોથી શરૂ થયેલી આ સંસ્થામાં આજે ૨૨૫ વિદ્યાર્થીઓ, ૯ પ્રોફેસરો, ૧૧ રીડરો અને ૧૨ લેક્ચરરો છે. સો ઉપરાંત વિદ્યાર્થીઓ ટેકનોલોજીનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સંશોધન કરે છે. વિદ્યાર્થીઓને માસિક રૂા. ૧૦૦ થી રૂ. ૫૦૦ સુધીની શિષ્યવૃત્તિઓ મળે છે. અત્યાર સુધીમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ સ્નાતકની, ૧૯૦ એમ. એસસી.ની અને ૯૫ વિદ્યાર્થીઓએ પી. એચ. ડી.ની ઉપાધિઓ મેળવી છે. જુદા જુદા વિખ્યાત મહેમાનોને સાપનું ઝેર (જે દવામાં વપરાય છે) કાઢવાના પ્રયોગો દેખાડવા માટે પ્રખ્યાત હાફકિન ઇન્સ્ટિટ્યુટ લગભગ સાઠ વર્ષ પહેલાં એક રશિયન યુવાન વાલ્ડેમર મોરડેકાઇ વુલ્ફ હાફકિને (*Waldemar Mordecai Wolff Haffkine*) પ્લેગની રસી માટે શરૂ કરેલ હતું. આજે ભારત ગૌરવ લે તેવી પ્રગતિ આ સંસ્થાએ કરી છે અને ચેપી રોગોના અભ્યાસ માટે તેમજ રસીઓ બનાવવા માટે એ વિશ્વવિખ્યાત છે. સર દોરાબજી ટાટાની બાદશાહી સખાવતથી ઊભી કરેલ કેન્સર રીસર્ચ અને નિદાન માટેની સંસ્થા 'ઇન્ડિયન કેન્સર રીસર્ચ સેન્ટર' પણ આજે પ્રશંસનીય કાર્ય કરે છે. પરમાણુ કિરણોની જીવીતક્રિયા ઉપરની અસર ઉપર પણ અહીં સંશોધન કરવામાં આવે છે. આજે આપણા દેશમાં ટેકિનકલ શિક્ષણની ખૂબ ભૂખ જાગી છે. ભારત સરકારે દેશનાં ચાર કેન્દ્રોમાં આવા શિક્ષણની વિશિષ્ઠ વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું છે. આમાંનું એક ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી પોવાઇ (Powai)માં ઇન્ટર સાયન્સ પાસ થયેલ વિદ્યાર્થીઓને એન્જીનિયરીંગની વિવિધ શાખાઓ જેવી કે કેમિકલ, સિવિલ, ઇલેકટ્રીકલ, મિકેનિકલ ઇત્યાદિમાં ડીગ્રી સુધીના શિક્ષણનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ સંસ્થા લગભગ ૧૨૦૦ વિદ્યાર્થીઓ લઇ શકશે અને સ્નાતક ઉપરાંત અનુસ્નાતક શિક્ષણની પણ જોગવાઇ કરવામાં આવશે. યુનેસ્કો અને રશિયાની મદદથી આ સંસ્થા ઊભી કરવામાં આવી છે. ભારત અને સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકોએ જેનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે તે પરમાણુ અંગેની સંસ્થાઓ મુંબઇમાં છે. ટાટા ઇન્સ્ટિટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ અને ટ્રોમ્બે ખાતેની પરમાણુ શક્તિ અંગેની

સંસ્થાઓમાં અત્યારે એક હજારથી વધુ વૈજ્ઞાનિકો કામ કરે છે. આ સંસ્થાના વડા ડૉ. ભાભા ખ્યાતનામ વૈજ્ઞાનિક હોવા ઉપરાંત સંસ્થાઓ શરૂ કરવામાં, ટકાવવામાં, યુવાન કાર્યકર્તાઓ પાસેથી વધુમાં વધુ કામ લેવામાં, તેમને પ્રેરણા આપવામાં અને આપણી સરકાર તેમજ પરદેશી વૈજ્ઞાનિકો જોડે સારો સંબંધ કેળવવામાં કુશળ છે. પરમાણુ શક્તિના શાંતિમય ઉપયોગ માટેના પ્રક્રિયકો ઉપર અહીં કામ ચાલે છે. પંડિત નેહરૂને પણ આ સંસ્થા બહુ પ્રિય છે. પરમાણુ પ્રક્રિયકના અહીંનાં સંશોધન પછી દેશમાં પરમાણુ શક્તિમાંથી વિજળી ઉત્પન્ન કરવાનાં કારખાનાં ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં પણ આવા પ્રકારનું કારખાનું શરૂ થવાનો સંભવ છે.

આવી અદ્‌ભુત વૈજ્ઞાનિક સંસ્થાઓવાળા મુંબઇમાં આવવા વૈજ્ઞાનિકો લલચાય-તે સ્વાભાવિક છે. આ વર્ષે દરવર્ષ કરતાં પણ વધુ વૈજ્ઞાનિકો પરિષદમાં ભાગ લેવા આવ્યા હતા. પરદેશથી પણ ૬૮ વૈજ્ઞાનિકો આવ્યા હતા. એમાં ડેન્માર્કના વિખ્યાત વૈજ્ઞાનિક નિલ્સ બ્હોર (Niels Bohr) ખાસ આકર્ષણ હતા. મુંબઈ યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઑફ લૉઝ'ની પદવી માનાર્થે અર્પણ કરી હતી. ૭૫ વર્ષના બ્હોરને ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, પ્રિન્સ્ટન (યુ. એસ. એ.), ન્યુયોર્ક ઇત્યાદિ યુનિવર્સિટીઓમાંથી પણ માનાર્થે પદવીઓ મળી છે. ૧૯૨૨માં તેમને નોબેલ ઇનામ આપવામાં આવ્યું હતું. પરમાણુ વિજ્ઞાનના કમાલ વૈજ્ઞાનિકોમાં તે ભીષ્મપિતામહ જેવા છે—જો કે તેમને પત્ની છે અને ચાર પુત્ર અને ઓછ પ્રપૌત્ર છે. તેઓ છેલ્લાં ૩૯ વર્ષથી કોપનહેગનની સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રની સંસ્થાના વડા તરીકે કામ કરે છે. પરમાણુ વિભાજન કે જેણે પરમાણુ યુદ્ધ અને શાન્તિમય ઉપયોગમાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે તેના સંશોધનમાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ૧૯૫૭માં અમેરિકાએ પરમાણુના શાન્તિમય ઉપયોગ (Atom for Peace) અંગેનાં સંશોધનો માટે તેમને ૭૫,૦૦૦ ડૉલરનું ઇનામ આપ્યું હતું. જુવાનીમાં બ્હોર ડેન્માર્કની આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ ટીમના ખેલાડી હતા. આજે પણ ખૂબ સશક્ત અને ઉત્સાહી છે. ભારતની તેમની મુલાકાતે ઘણા યુવાન વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપ્યું છે.

સામાન્ય રીતે વૈજ્ઞાનિક પરિષદ ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં નાતાલની રજાઓમાં મળતી હતી. છેલ્લાં બે વર્ષથી આ પરિષદ જાન્યુઆરીમાં મળે છે: આથી કોલેજના શિક્ષકોને બહુ મુશ્કેલી પડે છે અને વિદ્યાર્થીઓને ભણાવવામાં એટલો ઓછો સમય મળે છે. કોની સગવડ માટે આમ કરવામાં આવે છે તે સ્પષ્ટ નથી. આ વર્ષે જાન્યુઆરીની ૩ જી તારીખે પરિષદનો પ્રારંભ થયો હતો. દરવર્ષ માફક ઉદ્‌ઘાટન માટે પંડિત નેહરૂ આવ્યા હતા. સલામતી પોલીસ (Security Police)ની સલાહ મુજબ માનવંતા મહેમાનો અને પરિષદના હોદ્દેદારો માટેનો મંચ અને શ્રોતાજનના મંડપ વચ્ચે ૫૦ ફૂટ જેટલી ખુલ્લી જગા રાખવામાં આવી હતી. પંડિત નેહરૂ અને માનવંતા મહેમાનોના દર્શનાર્થે સુરજ ભગવાન પધાર્યા અને તડકાથી તેમજ, ક્રોધથી તપેલા પંડિત નેહરૂએ પોતાના ભાષણમાં કહ્યું કે " મારા આવવાથી સલામતી માટે આ પ્રકારની વ્યવસ્થા કરવી પડતી હોય તો હવેથી વૈજ્ઞાનિક પરિષદોમાં આવવા પહેલાં મારે વિચાર કરવો પડશે." પંડિત નેહરૂ જેટલી ઝડપથી ગરમ થાય છે તેટલી ઝડપથી ઠંડા પડે છે. ભાષણ કરતાં પંડિતજી રંગમાં આવી ગયા. અને કહ્યું કે જ્યારે બીજા દેશોમાં પરમાણુ અને જેટ વિમાનોનો યુગ ચાલે છે ત્યારે આપણે હવે ધીમે ધીમે

પ્રગતિ કરવા માંડી છે અને બળદગાડીમાંથી બાઇસીકલ યુગમાં પ્રવેશ્યા છીએ. આનો આપણે એમ અર્થ ઘટાવીએ કે યંત્રનો ઉપયોગ ભારતના જીવનનું અંગ બની ગયો છે. જ્યાં સુધી યંત્રના ઉપયોગથી માનવના ઉપયોગમાં વાંધો ન આવે—એક યંત્ર ચાર માનવીઓને નિરુદ્યમી ન બનાવે ત્યાં સુધી યંત્રનો ઉપયોગ કરવાનો આપણને વાંધો નથી. હવે ગામડે ગામડે રસ્તાઓ થવા માંડયા છે. ટપાલી અને ખેડૂત પણ, અરે દૂધ આપવા જતો રબારી પણ બાઇસીકલનો ઉપયોગ કરતા થઈ ગયા છે. મનુષ્યનો પરિશ્રમ ઘટાડવા યંત્રનો ઉપયોગ આપણને માન્ય છે.

પરિષદના વરાયેલા પ્રમુખ ઉત્કલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને ખેટાનીના પ્રાધ્યાપક પેરીજા (Parija)નું ભાષણ અત્યંત મનનીય હતું. ભાષણનો વિષય હતો: "*સમાજની વિજ્ઞાન ઉપર અસર.*" *સામાજિક પરિસ્થિતિ વિજ્ઞાનના વિકાસમાં શો ભાગ* ભજવે છે તેનો તેમણે નિર્દેશ કર્યો હતો. સામાન્ય રીતે વિજ્ઞાને સમાજને શી અસર કરી છે તેનો આપણે વિચાર કરીએ છીએ; પરંતુ કોઈપણ દેશમાં પ્રવર્તતી સામાજિક પરિસ્થિતિ વિજ્ઞાનના વિકાસમાં અવરોધ પેદા કરી શકે છે અથવા તો તેને ઉત્તેજન પણ આપી શકે છે. આપણા દેશમાં ભૂતકાળમાં વિજ્ઞાનના વિકાસમાં આપણી સંસ્કૃતિ અને સામાજિક પરિસ્થિતિએ શી અસર કરી હતી તે જાણવું આવશ્યક છે. એ ઉપરથી વિજ્ઞાનના વિકાસનું આપણા દેશમાં શું ભાવિ છે તે વિષે ખ્યાલ આવવાનો સંભવ છે. લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ વર્ષ પૂર્વે ભારત, ચીન અને ઈરાનમાં વિજ્ઞાનની કેટલીક શાખાઓમાં ખૂબ પ્રગતિ થઇ હતી: ખગોળવેત્તા વરાહમિહિર, વૈદ નાગાર્જુન અને શબ્દકોષનો નિર્માતા અમરસિંહ, કવિ કાલિદાસના વખતમાં થઈ ગયા એમ માનવામાં આવે છે. આ બધાને વિજ્ઞાનની અમુક શાખાનું સારું જ્ઞાન હતું. દા.ત., અમરકોશમાં છોડ તેમ જ પ્રાણીની ખાસિયતો ઉપર બહુ સૂક્ષ્મ નિરીક્ષણ નોંધવામાં આવ્યું છે. સાતમી સદીમાં વૈદક, ખગોળશાસ્ત્ર અને ગણિતનાં પુસ્તકો ભારતની ભાષામાંથી ચીનની ભાષાઓમાં ઉતારવામાં આવ્યાં હતાં. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ પ્રાણીમાત્રનાં લક્ષણો છે. માત્ર ધર્મનું પાલન જ માનવીને અન્ય પ્રાણીઓથી ઊંચી ભૂમિકાનો અધિકારી બનાવે છે. કુદરતનું નિરીક્ષણ કરવું, તેના ઉપરથી તારણ કરવું અને પ્રાણીમાત્રને ઉપયોગી હકીકતો ભેગી કરવી તે માનવની ફરજ કે ધર્મ છે. આમ માનવના વિકાસનું વિશિષ્ટ લક્ષણ કુદરતનું અવલોકન અને તેના ઉપરથી સિદ્ધાંતોનું સંશોધન ગણી શકાય. જ્ઞાનના વિકાસનો આ એક માર્ગ છે જેને આપણે વૈજ્ઞાનિક પદ્ધતિ કહીએ છીએ. સાથે સાથે એક બીજી વિચારસરણી પણ પગભર થતી જતી હતી. જ્ઞાન ઇશ્વરકૃપાનું પરિણામ છે. એને માટે ઇશ્વરનું ચિંતન કરવાની જરૂર છે." કુદરતના અવલોકનની આવશ્યકતા નથી, પરંતુ જ્ઞાન મેળવવા માટે અધિકારી થવું તે વધારે અગત્યનું છે. " ગુરુકૃપા વિના જ્ઞાન ન હોય " એ આ વિચારસરણીનું મુખ્ય સૂત્ર હતું. ગુરુને પણ જ્ઞાન ઇશ્વરદત્ત હતું અને પ્રેરણાથી પ્રાપ્ત થયું હતું. ગુરુ અધિકારી ઠરાવે તેના જ શિષ્યને ગુરુ અને ઇશ્વરની ઉપાસના કર્યાથી જ્ઞાનપ્રાપ્તિ થાય. ગુરુને પ્રસન્ન કરવા એ જ શિષ્યનું ધ્યેય થયું. ગુરુ-વચનમાં શ્રદ્ધા એ એનો ધર્મ થયો. આ વિચારસરણી કદાચ તર્કજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રના અભ્યાસ માટે અનુકૂળ હશે પરંતુ વિજ્ઞાનના વિકાસને અવરોધે તેમાં બિલકુલ શંકા નથી. વૈજ્ઞાનિક પદ્ધતિથી જ્ઞાન મેળવવા માટે કુદરતનું નિરીક્ષણ અને અભ્યાસ અનિવાર્ય છે. આ નિરીક્ષણ ઉપરથી વૈજ્ઞાનિક સિદ્ધાંતો બાંધે છે; અને આ સિદ્ધાંતોને અનુસરીને નવા પ્રયોગો યોજે છે. જો નવા પ્રયોગનાં પરિણામ સિદ્ધાંતની વિરુદ્ધ જાય તો નવા સિદ્ધાંતો અપનાવવા પડે છે.

વૈજ્ઞાનિક ગમે તેટલો મહાન હોય તો પણ તેના સિદ્ધાંતો શાશ્વત રહે એમ વિજ્ઞાનમાં મનાતું નથી. અને નવા સિદ્ધાંતો સ્વીકારવાથી વૈજ્ઞાનિક માટે માન ઓછું થાય છે એમ વિજ્ઞાનમાં કોઈ માનતું નથી. દા. ત., વસ્તુ અને શક્તિ ઉભયની શાશ્વતતાના સિદ્ધાંત ઉપર રચાયેલો ડાલ્ટનનો પરમાણુવાદ આપણને આજે સ્વીકાર્ય નથી. આપણે હવે જાણીએ છીએ કે પરમાણુનું વિભાજન થઈ શકે છે તેટલું જ નહિ પરંતુ પરમાણુમાંથી શક્તિ પણ ઉત્પન્ન થાય છે. પણ આનો અર્થ એ નથી કે ડાલ્ટન માટે આપણું માન ઓછું થયું. આજના સ્વીકૃત સિદ્ધાંતો પણ શાશ્વત નથી રહેવાના. વિજ્ઞાનના વિકાસમાં શાશ્વત છે માત્ર જ્ઞાન મેળવવાની વૈજ્ઞાનિક પદ્ધતિ. આથી વિરુદ્ધની જ્ઞાન મેળવવાની પદ્ધતિ જેને આપણે અવૈજ્ઞાનિક કે પ્રેરણા પદ્ધતિ કહીશું તેના આગમનથી ભારતના વિજ્ઞાનના વિકાસને મોટો ધક્કો પહોંચ્યો, દા. ત., રોગનાં નિદાન અને દવાનાં વર્ણનો એવી અસ્પષ્ટ ભાષામાં આપવામાં આવ્યાં અને વૈદકશાસ્ત્રમાં જરૂરી અને બિનજરૂરી હકીકતો એટલી બધી મૂકવામાં આવી કે સામાન્ય માનવીને કશી સમજ ન પડે. એ ઉપરાંત આ જ્ઞાન સમાજના અમુક જ વર્ગનો ઈજારો બની ગયું. પ્રયોગને બદલે શાસ્ત્રાર્થને વધુ અગત્યતા આપવામાં આવી. ગુરુવચન કે શાસ્ત્રમાં જે લખેલું છે તેમાં શંકા લાવનારને જ્ઞાનના અધિકારથી વંચિત રાખવામાં આવ્યો.

વૈજ્ઞાનિક વિચારસરણીઓ લોકશાસનની રાજ્યપદ્ધતિ (Democracy) સાથે જાય છે. આપણે અંગ્રેજોને હાંકી કાઢ્યા તે સારું થયું. કદાચ અંગ્રેજી વગર પણ આપણે ચલાવી શકીશું. પણ મુક્ત વિચારસરણી કે જે પાશ્ચાત્ય સંસ્કૃતિનો પાયો છે તેના વિના વિજ્ઞાનનો વિકાસ આપણે ત્યાં રૂંધાશે. પૂર્વની સંસ્કૃતિ શ્રદ્ધા અને અધિકારમાં માને છે. આપણે ત્યાં હવે ફરી પાછી આ વિચારસરણી દૃષ્ટિગોચર થાય છે. દા. ત. મહાત્મા ગાંધીજી મહાન થઈ ગયા. બધી કક્ષાએ માતૃભાષામાં શિક્ષણ આપવાનો એમણે આદેશ આપ્યો છે. આમાં ન માનનાર ગાંધીજીમાં માનતો નથી એમ કહેવામાં આવે છે. ગાંધીજીએ શું કહ્યું તે નક્કી કરવાનો અધિકાર પણ અમુક વર્ગનો જ છે. બીજાઓ ગાંધીજીને સમજ્યા નથી અને સમજવાના નથી. અધિકારી વર્ગની ફરજ છે કે સમાજને પોતાનાથી બચાવવો. અહીં માતૃભાષા માધ્યમ તરીકે (બધી કક્ષાએ) યોગ્ય છે કે નહિ અથવા કયા ધોરણથી અંગ્રેજી શીખવવું ઇત્યાદિ પ્રશ્નો અપ્રસ્તુત છે. સાચી વૈજ્ઞાનિક દૃષ્ટિ એ છે કે ગાંધીજીએ ગમે તે કહ્યું હોય તો પણ આજની પરિસ્થિતિને અનુલક્ષીને સ્વતંત્ર વિચાર કરવાનો અને ગાંધીજીનાં મંતવ્ય સ્વીકારવાનો કે ન સ્વીકારવાનો દરેકને અધિકાર છે. આમ કરનારને ગાંધીજી કે જેમણે પોતાના જીવનને જ 'સત્યના પ્રયોગો' આલેખ્યું છે તેને માટે માન નથી તેમ કહેવું વ્યાજબી નથી. દેશમાં વૈજ્ઞાનિક વલણ અને લોકશાસન (democracy)નાં મૂળ કેટલાં ઊંડાં ગયાં છે તેની આ કસોટી છે. સમાજને મુક્ત વિચાર કરવાની છૂટ અથવા તેમ કરવાની હિંમત છે કે નહિ એ જ અગત્યનું છે. સમાજની ઇચ્છા વિરુદ્ધ કોઈ પણ વિચારસરણી તેના ઉપર લાદવામાં આવે અને તેથી ગમે તેવાં સારાં પરિણામો (થોડા વખત માટે) આવે તો પણ તે અનિચ્છનીય છે. એમ તો કોમ્યુનિસ્ટ દેશ અને ખાસ કરીને રશિયામાં વિજ્ઞાને સરસ પ્રગતિ કરી છે. એ છતાં પ્રજામાં મુક્ત વિચારસરણી નથી; ત્યાંના વૈજ્ઞાનિકો રાજ્યકર્તાઓનાં મંતવ્યો અનુસાર જ વૈજ્ઞાનિક સિદ્ધાંતો રજૂ કરી શકે છે તે જાણીતું છે. અને એટલે દરઅસલ આ પ્રજાઓનું વલણ અવૈજ્ઞાનિક છે. આપણે ચેતતા નહિ રહીએ તો આપણે ત્યાં પણ આવું જ એક પ્રકારનું સરમુખત્યારપણું (દા. ત. ગાંધીવાદી ડિક્ટેટરશીપ) આવવાનો સંભવ છે.

પ્રો. પેરિજાનાં કેટલાંક મંતવ્યો (અને એ ઉપરના લેખકના વિચારો) ઉપર રજૂ કર્યા છે. પરિષદમાં બીજા પણ ઘણા વૈજ્ઞાનિકોનાં ભાષણો યોજવામાં આવ્યાં હતાં. એ બધાંનો ઉલ્લેખ કરવો શક્ય નથી. આ બધામાંના એક પ્રો. સાલમનું વ્યક્તિત્વ બધાને ગમી ગયું. પાકિસ્તાનમાં જન્મેલા અને લંડન યુનિવર્સિટીના મેથેમેટિક્સના પ્રાધ્યાપક માત્ર ચાલીસ વર્ષની વયે વિશ્વવિખ્યાત થઈ ચૂકયા છે. એમનો વિષય હતોઃ 'મુળભૂત કણો'. અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે મુળભૂત કણોમાં એકજાતની સમરૂપતા (Symmetry) છે. જેટલા ધન કણો છે તેટલા જ ઋણ કણો છે. મહાન જર્મન વૈજ્ઞાનિક ડબલ્યુ. પોલી (W. Pauli) તો આને કુદરતનો એક મહાન્ સિદ્ધાંત માનતા હતા. પરંતુ હવેનાં સંશોધનોએ આ માન્યતા ખોટી ઠરાવી છે. વૈજ્ઞાનિકોને ફરી પાછો આ પ્રશ્ન પરત્વે વિચાર કરવો પડશે અને કદાચ સમરૂપતાના સિદ્ધાંતને પણ વિદાય લેવી પડે.

મુંબઈમાં આવનાર દરેક વૈજ્ઞાનિકને મન પરિષદમાં હાજરી આપવા જેટલું જ અગત્યનું કામ ટ્રોમ્બેના પરમાણુ-કેન્દ્રની મુલાકાત હતું. સમસ્ત ભારતના એક હજારથી વધુ વૈજ્ઞાનિકો અહીં કામ કરે છે. આપણે એમ ઇચ્છીએ કે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મેથેમેટિક્સ અથવા વિજ્ઞાન અને અંગ્રેજીનો સારો અભ્યાસ કરી આવી સંસ્થામાં કામ કરવાની તક મેળવે.

★

અનુસંધાન પૃ. ૨૦૮]

બહેનો અને વહુ-દીકરીઓ પાસે કરાવતી. પોતાના જ ઘરની યુવાન વિધવાઓને સ્ત્રીઓ ગર્ભપાત ને બાળહત્યા કરાવવામાં મદદ કરતી પણ તે જ વિધવાઓ નીતિમય રહીને પુનર્લગ્ન કરવા ઇચ્છતી તો તેની ચોખ્ખી મનાઈ કરવામાં સ્ત્રીઓ જ મુખ્ય ભાગ ભજવતી.

પ્રખર સંસ્કૃત વિદ્વાન સ્વ. ડૉ. આલ્તેકર કહે છે તેમ, "પોતાના જ કલ્યાણાર્થે ઘડાયેલા સામાજિક અને નૈતિક ધારાઓની સ્ત્રીઓ પોતે મોટામાં મોટી વિરોધી હોય છે." પોતાની જ સામાજિક અને નૈતિક પ્રગતિને અંતરાયરૂપ થઈ પડતાં તત્ત્વોને નિર્મૂળ કરવામાં પણ સ્ત્રીઓ જ સૌથી વધારે નારાજી દર્શાવે છે.

આમ, સ્મૃતિઓએ વિધવા પુનર્લગ્નની છૂટ આપ્યા છતાં, સમાજે વિધવા પુનર્લગ્ન પર પ્રતિબંધ મૂકયો અને ધીરે ધીરે વિષ્ણુસ્મૃતિએ જેની હિમાયત કરવાની શરૂઆત કરેલી તે સતીની પ્રથાનો વધુ ને વધુ ફેલાવો સમાજે કરવા માંડયો તે એટલે સુધી કે સત્તરમી ને અઢારમી સદીમાં આ પ્રથાને નામે ભયંકર સ્ત્રીહત્યા હજારોની સંખ્યામાં ભારતમાં થઈ જેથી અંગ્રેજ સરકારને કાયદાથી તે બંધ કરવી પડી. આખરે વિધવા પુનર્લગ્ન પર સમાજે એટલો કડક પ્રતિબંધ મૂકયો કે અઢારમી ને ઓગણીસમી સદીના સમાજ સુધારકો બાળવિધવાનાં ત્રાસમય જીવન જોઇને ત્રાહ પોકારી ગયા અને ૧૮૫૬ માં ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે ઘણી મહેનતે અંગ્રેજ સરકારને સમજાવીને વિધવા પુનર્લગ્નને કાયદેસર ગણાય એવો ધારો પસાર કરાવ્યો. આ ધારો પસાર થયાને સો વર્ષ થયાં પણ હજી પ્રમાણમાં ઘણાં ઓછાં વિધવા પુનર્લગ્નો થાય છે તે આપણા સમાજ માટે શોચનીય ગણાય.

★

શાસ્ત્રોમાં વિધવા અને વિધવા પુનર્લગ્ન

વત્સલા મહેતા એમ. એ.

ધર્મશાસ્ત્રો (સ્મૃતિઓ)નો અભ્યાસ કરીશું તો જણાશે કે વિધવાના અધિકારો પુરુષે ઘડેલા ધારાઓ, તે સમયની પ્રચલિત પ્રથાઓ અને સ્ત્રીકેળવણીના અભાવને લઇને સ્મૃતિઓએ ઘણા જ મર્યાદિત કરી દીધા છે. ધારાઓ ઘડવામાં માનવ સમુદાયના અર્ધોઅર્ધ ભાગને બાતલ કરી નાખીને પુરુષજાતિએ સમાન અધિકારોનો સિદ્ધાન્ત ઉથલાવી પાડ્યો છે. સ્મૃતિકારો જો સ્ત્રીઓ હોત તો સ્ત્રીજાતિને વધુ ન્યાય મળત.

સ્મૃતિઓ રચાઇ તે સમયે હિન્દુ સમાજ પર વૈરાગ્યની ભાવનાનું એક મોજું ફરી વળ્યું હતું. સંસાર એ એક માયા છે અને તેનો ત્યાગ કલ્યાણકારી છે એ માન્યતા પ્રચલિત હતી. આને લઈને પુરુષને ગૃહસ્થાશ્રમ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરાવવાના પ્રચારો થતા. ગૃહસ્થાશ્રમ અને લગ્ન પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરાવવી હોય તો સ્ત્રીને નૈતિક અધોગતિને માર્ગે ઘસડી જનારી આલેખવી જોઈએ. આ અર્થે બ્રહ્મચર્યની પ્રશંસા શરૂ થઈ અને સ્ત્રીને વિનાશને માર્ગે લઈ જનારી આલેખવામાં આવી. સર્વ સ્મૃતિકારોએ કહ્યું :

"સ્ત્રીને બાળપણમાં પિતા, યુવાન વયમાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્ર પોષે છે. સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી."

પરન્તુ પુરુષને સ્ત્રી કરતાં ઉચ્ચ ગણ્યો, તેને સ્વેચ્છાએ આચરણ કરવાની છૂટ આપી અને તેના સ્વચ્છન્દને પણ કોઈએ રોક્યો નહિ તેથી જ પુરુષનું નૈતિક અધઃપતન થયું. સ્ત્રી તો કદી પણ આ અધઃપતનનું કારણ બની જ નહિ: સ્ત્રી ભયરૂપ નહોતી—પોતાની વાસનાઓ અંકુશમાં ન રાખી શકતો પુરુષ સમાજને ભયરૂપ હતો. સ્વેચ્છાએ આચરણ કરતો પુરુષ વૈરાગી નહોતો—પોતાની વાસનાઓ અંકુશમાં રાખી શકતી સ્ત્રી વૈરાગી હતી. કદાચિત વ્યવહારમાં વિધવા નીતિને માર્ગે સીધી ન જઇ શકતી તો પણ નીતિમાન આચરણ એ તેનું જીવનધ્યેય હતું. વિધુરનું તો નીતિમાન આચરણ એ જીવનધ્યેય પણ ન હતું. બહુપત્નીત્વની પ્રથાને પણ આ સમયમાં ઉત્તેજન મળ્યું. વૈરાગ્યની ભાવનાનું મોજું ન તો પુરુષના એક લગ્નને સ્પર્શી શક્યું, ન તેનાં અનેક લગ્નોને સ્પર્શી શક્યું. આમ સ્મૃતિકાળમાં અનેકપત્નીત્વના રિવાજને લીધે, બાળલગ્નોના રિવાજને લીધે અને કન્યાકેળવણીને અભાવે વિધવાની સામાજિક સ્થિતિ અતિ દુઃખદાયક થઈ પડી અને બાળવયમાં લગ્ન થતાં શિક્ષણ ન લઇ શકતી સ્ત્રી વૈધવ્ય આવતાં પરાવલંબી જીવન ગાળવા લાગી.

સ્મૃતિઓનો સમય તે ભારતના સમાજમાં પુરુષના સમાજ પરના શાસન માટે સ્મરણીય થઈ રહેશે. ઘરની વેદિનો અગ્નિ જ્વલન્ત રાખવા એક પત્ની મૃત્યુ પામતાં જ પુરુષ બીજી પત્ની કરતો. આત્માના કલ્યાણાર્થે પુત્રની જરૂર હોવાથી એક પત્નીને પુત્ર ન થતો તો પુરુષ અનેક પત્નીઓ કરતો. પત્ની કલેશ કરનારી નીવડતી તો પણ શાસ્ત્રો અનુસાર

તે તરત બીજી પત્ની કરતો! જ્યારે પત્ની માટે મનુ કહે છે: "જો કોઈ સ્ત્રી પતિ તરફનું પોતાનું કર્તવ્ય ચૂકે તો રાજાએ તેને હિંસક કૂતરાઓ આગળ ફેંકી દેવી."

એક પ્રથા તરીકે વિધવા-પુનર્લગ્ન કદી ભારતના સમાજમાંથી અદૃશ્ય થઈ જ નહોતી. આશરે ચોથી સદીમાં રાજા ચંદ્રગુપ્ત (રાજા વિક્રમાદિત્ય) પોતાના વડીલ બંધુની વિધવા ધ્રુવસ્વામિનીદેવી સાથે પરણ્યો હતો.

ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં ગૌતમ ધર્મશાસ્ત્ર કહે છે: "જે બ્રાહ્મણ સ્ત્રીનો પતિ પરદેશ અભ્યાસાર્થે ગયો હોય તે સ્ત્રીએ પતિની બાર વર્ષ વાટ જોવી અને પછી ફરી લગ્ન કરવું." આ પરથી એમ અનુમાન કરી શકાય કે એણે વિધવાને પુનર્લગ્નની છૂટ અવશ્ય આપી હશે. સ્મૃતિઓએ જે બાર પ્રકારના પુત્રોને નિઃસંતાન પિતાના વંશજ તરીકે ગણાવ્યા છે તેમાં પૌનર્ભવ (વિધવાનો પુત્ર)ની ગણત્રી કરવામાં આવી છે.

ઈ. સ. પૂર્વે પમી સદીમાં વસિષ્ઠ ધર્મશાસ્ત્ર કહે છે: "જે કન્યાનાં માત્ર મંત્રોચ્ચારથી લગ્ન થયાં હોય પણ જેણે સંસારસુખ ન ભોગવ્યું હોય તે કન્યાનો પતિ જો મૃત્યુ પામે તો આ કન્યાનું અવશ્ય પુનર્લગ્ન કરવું." આ કન્યા "અક્ષતયોનિ પુનર્ભૂ" તરીકે ઓળખાતી. વસિષ્ઠ પૌનર્ભવ (વિધવાનો પુત્ર)ને નિઃસંતાન પિતાના વંશજ તરીકે સ્વીકારે છે એટલે આપણે એમ માની લઈશું કે જેણે સંસારસુખ ભોગવ્યું છે એવી વિધવાને પણ એ ફરી લગ્નની છૂટ આપે છે.

ઈ. સ. પૂર્વે ૪થી સદીમાં બૌધાયનધર્મશાસ્ત્ર કુંવારી વિધવાને ફરી લગ્નની છૂટ આપે છે.

ઈ. સ. પૂર્વે ૨ જી સદીમાં મનુએ રચેલું માનવધર્મશાસ્ત્ર આપણા પ્રમાણિત શાસ્ત્રોમાં સૌથી વધુ મહત્ત્વનું ગણાય છે. મનુ અક્ષત વિધવાને ફરી લગ્નની છૂટ આપે છે,—લગ્નસુખ ભોગવ્યું હોય એવી વિધવાને નહિ. મનુ નિયોગની પ્રથા (વિધવાને મૃત પતિના આત્મ કલ્યાણાર્થે પુત્રની જરૂર હોવાથી દિયરથી પુત્ર ઉત્પન્ન કરવાની પ્રથા)ની વિરુદ્ધ હોવાથી કહે છે, "કોઇ પણ સ્ત્રીને સ્વર્ગે જવા માટે પુત્રની આવશ્યકતા નથી. કોઈ વિધવા પવિત્ર જીવન ગાળે તો તેનો આત્મા પુત્ર વિના પણ સ્વર્ગે જાય છે." મનુ પૌનર્ભવ (ફરી પરણેલી સ્ત્રીનો પુત્ર)નો ઉલ્લેખ કરે છે આથી સ્પષ્ટ જણાય છે કે મનુના સમયમાં વિધવા પુનર્લગ્નની પ્રથા પ્રચલિત હતી.

વિષ્ણુ મનુ જેવી સંકુચિત દૃષ્ટિનો નથી પરન્તુ બધી જ વિધવાઓને વિષ્ણુ ધર્મશાસ્ત્રમાં પુનર્લગ્નની છૂટ આપે છે. તે નિઃસંતાન વિધવાને પતિની સંપત્તિની વારસ બતાવે છે.

યાજ્ઞવલ્ક્યસ્મૃતિ કન્યાના પિતાને, કન્યા માટે બધી જ રીતે યોગ્ય વર પસંદ કરવાનું કહે છે જેથી કન્યાના વૈધવ્યનો સંભવ ઓછો થાય. અક્ષતા કે ક્ષતા બધી જ વિધવાઓને ફરી લગ્ન કરવાની યાજ્ઞવલ્ક્ય છૂટ આપે છે: "અક્ષતા ચ ક્ષતા ચૈવ પુનર્ભૂઃ સંસ્કૃતા પુનઃ॥"

બ્રાહ્મણધર્મના પુનરુત્થાનના પ્રખર હિમાયતી કુમારિલ પછી લગભગ બે સદી પછી નારદે પોતાની (પ મી સદી) સ્મૃતિ રચી. નારદના સમય સુધીમાં બૌદ્ધધર્મ હિન્દમાંથી અદૃશ્ય થઈ ગયો હતો અને તેની જગાએ બ્રાહ્મણધર્મે ફરી પોતાનું વર્ચસ્વ જનતા પર સ્થાપી દીધું હતું. પાંચ આપત્તિઓમાં સ્ત્રીએ ફરી પતિ કરવો એમ નારદે કહ્યું છે: (૧) જ્યારે કોઈ સ્ત્રીનો

પતિ ખોવાઈ ગયો હોય; (૨) કે પતિ મૃત્યુ પામ્યો હોય; (૩) કે પતિએ વૈરાગ્ય ધારણ કર્યો હોય; (૪) કે પતિ નપુંસક હોય; (૫) કે પતિ જ્ઞાતિ બહાર મુકાયેલો હોય; તો—એવા પાંચ સંજોગોમાં સ્ત્રીએ અવશ્ય ફરીથી લગ્ન કરવું. એકલવાયી વિધવા પ્રત્યે નારદને સહાનુભૂતિ છે. વિધવાને પતિ તરફનાં સગાંઓ ન હોય અથવા તો પોતે ગરીબ હોય તો તેના પિતાને તે વિધવાનું રક્ષણ કરવાનું નારદ કહે છે.

સતીની પ્રથા ફરી શરૂ કરવા માટે અને તે પ્રથાને કીર્તિનો ઓપ ચઢાવવા માટે નારદ, બૃહસ્પતિ, વિષ્ણુ અને પરાશર ધર્મશાસ્ત્રો જવાબદાર છે.

સ્મૃતિકાળમાં બૃહસ્પતિ સ્મૃતિ પ્રથમવાર જ નિઃસંતાન પતિની વિધવાને પોતાના પતિના આત્માને પિંડ અર્પવાની છૂટ આપે છે. નારદ વિધવાને પુનર્લગ્નની છૂટ આપે છે અને તેને લઈને વિધવાને તેના પતિની સંપત્તિની વારસ બનાવતો નથી; જ્યારે બૃહસ્પતિ વિધવાને પુનર્લગ્નની છૂટ નથી આપતો પરન્તુ તેને આર્થિક મુશ્કેલી ન પડે માટે તેના પતિની સંપત્તિની વારસ બનાવે છે.

પરાશરસ્મૃતિ સાતમી સદીમાં રચાઈ તે સમય સુધીમાં વારસાના સ્પષ્ટ કાયદાના અભાવે વિધવાની સ્થિતિ ઘણી દુઃખદાયક થઇ પડી હતી. આથી નારદ દર્શાવે છે એ જ પાંચ આપત્તિઓમાં પરાશર સ્ત્રીને ફરી લગ્ન કરવાની છૂટ આપે છે.

આશરે અગિયારમી સદીથી વિધવા પુનર્લગ્ન પર સમાજે પ્રતિબંધ મૂક્યો. સપ્તપદીના સાતમે પગલે કન્યાનું લગ્ન થઇ ચૂક્યું ગણાતું અને તે પછી તત્કાળ પતિ મૃત્યુ પામતો તો પણ આઠ કે નવ વર્ષની કન્યાનું ફરી લગ્ન ન કરવામાં આવતું; પરન્તુ પચાસ કે સાઠ વર્ષનો વૃદ્ધ વિધુર ફરી લગ્ન કરતાં ન અચકાતો. દસ કે અગિયાર વર્ષની ઉપરની બધી જ કન્યાઓ શાસ્ત્રાજ્ઞા અનુસાર લગ્ન કરી ચૂકેલી હોવાથી સાઠ વર્ષના વિધુરને ફરી લગ્ન માટે અગિયાર વર્ષની નીચેની કન્યા મળતી. આમ કજોડાં વધતાં અને કન્યાના વૈધવ્યનો સંભવ પણ વધતો અને બાળવિધવાઓની સંખ્યામાં વધારો થતો ગયો.

લગ્નની વય ઓછી થતાં વૈધવ્યનો સંભવ વધ્યો અને પુનર્લગ્નની પ્રથા બંધ થતાં બાળવિધવાઓ અનીતિને માર્ગે વળી. ગર્ભપાત અને બાળહત્યા વધ્યાં. જો કોઈ વિધવા આર્થિક મુશ્કેલીઓને લઇને અનીતિનો માર્ગ લેતી તો તેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવતો, સિવાય કે તે અમુક પ્રાયશ્ચિત્ત કરતી.

તેરમી સદી પછી સમાજે વિધવા પુનર્લગ્ન પર કડક પ્રતિબંધ મૂક્યો. કન્યાના અખંડ કૌમાર્ય પર વધુ પડતો ભાર મુકાતાં વિધવાને ફરી પરણવામાં અનેક વિઘ્નો નડર્યાં. સતીની પ્રથાને પ્રશંસનીય ગણતાં સ્મૃતિઓનાં વચનો સમાજે વિધવા આગળ ધર્યાં. એંશી વર્ષનો વિધુર પિતા ફરી લગ્ન કરતો પણ પોતાની ચારપાંચ વર્ષની વિધવા પુત્રીને ફરી ન પરણાવતો. વિધવાનું દુર્ભાગ્ય પૂર્વજન્મનાં પાપનું પરિણામ ગણાતું પરન્તુ એ જ નીતિ વિધુરને લાગુ પડતી નહિ. જે વિધવાઓમાં સતી થવાની હિંમત નહોતી કે આજીવન બ્રહ્મચર્ય પાળવાનું મનોબળ નહોતું તે વિધવાઓ અનીતિને પંથે વળતી. ફરજિયાત વૈધવ્ય અને આજીવન બ્રહ્મચર્ય પાળવાની સમાજની નીતિ આને માટે જવાબદાર હતી. પુરુષો વિધવાઓ માટે કડક સામાજિક ધારાઓ રચતા પરન્તુ તેનું એટલું જ કડક પાલન સ્ત્રીઓ જ પોતાની વિધવા

[અનુસંધાન પૃ. ૨૦૫

ઍન્તન ચેખૉવ

પુષ્કર ચંદરવાકર એમ. એ.

"જેના દાદા હાળી હતા અને પિતા ધંધે નાનકડા વેપારી હતા, જેણે દેવળની સંગીત મંડળીમાં બેસીને ભજનો ગાયાં છે, જેનું વિદ્યાર્થીજીવન અમલદારી નોકરીના જમાનાને આદર આપતાં વ્યતીત થયું છે, જેણે ધર્મગુરુઓના હાથ ચૂમ્યા છે, જે અન્ય માનવોના અભિપ્રાય આગળ નમી પડ્યો છે, અને જેણે રોટીનો ટુકડો ખાધો છે તે માટે આભારની લાગણી પ્રગટ કરી છે એવા જુવાન માનવની વાર્તા લખો.

"જેણે કોરડાનો માર સહ્યો છે, જેની પાસે શિયાળાની કડકડતી ઠંડીમાં બરફ પર થઈને ચાલતાં પગને ઢાંકવાને જોડા ય નથી, જેણે નાનપણમાં સમવયસ્કો જોડે લડયા કર્યું છે, જેણે પશુઓને પીડ્યાં છે, જેણે પોતાનાં માલદાર સગાંવહાલાં સાથે જમવાનું પસંદ કર્યું છે, જેણે ભગવાન આગળ અને લોકો આગળ અકારણે દંભી વર્તન દાખવ્યું છે, તેવા જુવાનની કથા આલેખો.

"પણ ધીરે ધીરે પોતાના અંદરના ગુલામને તેના સ્વભાવમાંથી કેવી રીતે ખતમ કર્યો અને એક આહ્લાદક પ્રભાતે એણે અનુભવ્યું કે તેની નસોમાં ગુલામનું નહીં, પણ માનવીનું લોહી કઈ રીતે વહે છે, એ જાણ્યું તેના વિશે કહાણી માંડો."

ઍન્ટન ચેખોવે ઈ. સ. ૧૮૮૯ ના વર્ષમાં, 'નોવેયે વ્રેમ્યા' ('નવયુગ'ના તંત્રી મહાશય સુવોરિનને એક ખાનગી અને અંગત પત્રમાં આ પ્રમાણે લખ્યું. તો તેના મૃત્યુ પહેલાંના આગલા વર્ષે ઈ. સ. ૧૯૦૩ ની સાલમાં તેની પત્ની ઓલ્ગા નીપરે એક પત્રમાં ચેખોવના સ્વભાવને પ્રશંસ્યો, તો તેના પત્રના પ્રત્યુત્તરમાં તેણે લખ્યું: "મારે તને જણાવવું જોઈએ કે સ્વભાવે હું અતિ કડક છું. હું તુંડમિજાજી પણ છું. પણ મેં મારી વૃત્તિઓને સંયમમાં રાખવાની ટેવ કેળવી છે. કોઈ પણ સજ્જને પોતાની પત્ની પરનો કાબૂ ગુમાવવો ન જોઈએ. હું મારી પૂર્વાવસ્થામાં કેમ જીવતો, તે માત્ર પ્રભુ જ જાણે છે."

આ બન્ને પત્રોમાંથી ચેખોવનો સ્વભાવ, કુટુંબની વિશિષ્ટતાઓ, રશિયાના લોકજીવનનું ચિત્ર અને તેમાંથી જગતસાહિત્યકારમાં આવીને બેસતા સમર્થ વાર્તાકારની તસ્વીરોની રેખાઓ, અલબત્ત, આછી આછી, દૃષ્ટિ સામે ચોક્કસ તરવરતી લાગે છે.

આ તસ્વીરો ઓગણીસમી સદીના રશિયાની છે, ત્યાંના સમાજ જીવનની છે, રાજકીય અને ધાર્મિક જીવનની છે, જેણે ત્યાંના માનવીના સ્વભાવ પર જબ્બર નાગચૂડ લીધી હતી.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના રશિયાનું ઇતિહાસકારોએ દોરેલું ચિત્ર હતાશા, અંધકાર, નિરાશા અને અંધાધુંધીના રંગોથી ભરેલું હતું. પ્રજામાંથી ઉલ્લાસ, હર્ષ, આનંદ અને ચેતનાના તરવરાટે વિદાય લીધી હતી. તેના સ્થાને પ્રજામાં ગરીબી, અજ્ઞાન, જૂની રૂઢિઓ, ગુલામીભરી મનોદશા, લોભી વૃત્તિઓ, ભય ઇત્યાદિએ સમાજમાં ઠેર ઠેર અડ્ડાઓ જમાવ્યા હતા. રશિયન લોકો આથી દારુણ દુઃખની ગર્તામાં ધકેલાઈ ગયા હતા. તેથી તેમનામાંની સાહસિક વૃત્તિ નષ્ટ થઈ ગઈ હતી. કલ્પનાહીન અને નવીનતાહીન તેઓ બની

બેઠા હતા, તેમના જીવનનો વહેતો જીવનનદ બંધિયાર બની ગયો હતો. રશિયન સમાજની જ્યારે આવી દુર્દશા હતી, ત્યારે જૂના પંચાંગ પ્રમાણે ઈ. સ. ૧૮૬૦ ના જાન્યુઆરીની ૧૭ મીના રોજ તાગાનરોગ નામના નગરમાં, જે ઉત્તર કૉકેસસના છેડા પાસે આઝોવ સાગર પર આવેલું છે ત્યાં, નાનકડા પણ ધર્મ અને કલાપ્રેમી વેપારી પૅવિયેલ ચેખોવને ત્યાં ઍન્ટન ચેખોવનો જન્મ થયો. ચેખોવનાં માતાનું નામ યેવધેનિયા. પિતાના પિતા હાળી, ખેતમજૂર, ઊભડ (serf) હતા. તેણે ઈ. સ. ૧૮૬૧ માં તેના ધણિયામા ચર્ટખોવ પાસેથી સાડાત્રણ હજાર રૂબલ આપીને વંશવારસોને પણ હાળીપણામાંથી મુક્તિ અપાવી.

પૅવિયેલ ચેખોવને કુલ્લે ૭ બાળકો, તેમાં પાંચ પુત્રો અને એક પુત્રી. પાંચ પુત્રોમાં ઍન્ટન ચેખોવ તેનું ત્રીજું બાળક. એના પાંચ પુત્રોમાંથી સૌથી મોટો ઍલેકઝાંડર, પત્રકાર બન્યો. નિકોલી ચિત્રકાર તરીકે પંકાયો. ઈવાન અને મિખિલનું જીવન કશા ય પરાક્રમ વિના તેમજ સિદ્ધિ વગરનું વીત્યું પણ ઍન્ટન ચેખોવ નામધારી વાર્તાકાર તરીકે મુલકમશહૂર બન્યો અને માનવી તરીકે ગણનાપાત્ર.

ચેખોવના શૈશવકાળમાં રશિયામાં શિક્ષણ ખૂબ સસ્તું હતું. જો કે ઝારશાહીનો કોરડો ક્રૂર રીતે પ્રજા પર વીંઝાતો હતો. નવ વર્ષની વયે ચેખોવને ત્યાંની માધ્યમિક શાળામાં દાખલ કર્યો. બીજા અને પાંચમા ધોરણમાં તે નિષ્ફળ નીવડયો, પરિણામે તેનું શિક્ષણજીવન લંબાયું. ઈ. સ. ૧૮૭૬ ની સાલમાં શેરતોવ, તાગાનરોગની બાજુના ગામે રેલગાડી આવી. પરિણામે તાગાનરોગના વેપારને બહુ મોટો ફટકો પડયો, અને તે વર્ષે રાતોરાત છાનોમાનો પૅવિયેલ ચેખોવ તાગાનરોગ છોડીને મૉસ્કો ચાલ્યો ગયો. ચેખોવ એકલો તાગાનરોગમાં રહ્યો. ચૌદ વર્ષની વયે ચેખોવે દરજીકામ શીખવાની શરૂઆત કરી, પણ તેમાં તેને યારી ન મળી. તેણે તે છોડી દીધું. ઈ. સ. ૧૮૭૯ ના વર્ષે ઔષધશાસ્ત્રનો વિષય લઈને શાળાંત પરીક્ષા પસાર કરી. અને ઔષધશાસ્ત્રનો વિષય લઈ તેણે ઈ. સ. ૧૮૮૪ માં મૉસ્કોની વિદ્યાપીઠમાંથી ડીગ્રી લીધી.

પણ ચેખોવે ડીગ્રી લીધી તે પહેલાં ટુચકાઓ, વિશેષે રમૂજી, લખવાના શરૂ કરી દીધા હતા: 'નવયુગ' નામના પત્રમાં. જ્યારે તેણે રમૂજી, હાસ્યરસની કટાક્ષમિશ્રિત વાર્તાઓ લખવી શરૂ કરી ત્યારે ઓગણીસમી સદીના અંતભાગમાં તુર્ગેનેવ અને ડૉસ્ટૉઈવસ્કી જીવનને આરે આવી ઊભા હતા; કાઉન્ટ લિયો ટૉલસ્ટૉય સર્જનાત્મક લેખનપ્રવૃત્તિ લગભગ સંકેલીને નીતિ અને ધર્મનાં દાર્શનિક લખાણો લખવામાં પડ્યા હતા. આથી તેના સાહિત્યક્ષેત્રના પ્રવેશકાળે રશિયામાં કોઈ પ્રતિભાશીલ સર્જક કથાઓ લખવા માટે કલમ ચલાવતો ન હતો. ત્યારે 'નવયુગ' રાજ્યપક્ષનું પત્ર હતું. તેના તંત્રીઓ ઓગોરોવીચ અને સુવરીન નવલકથા ક્ષેત્રના જાણકાર મનાતા, અને સુવરીને ચેખોવની થોડી પ્રગટ થયેલી વાર્તાઓ વાંચી, અને તેમાં પડેલી તેની સુપ્ત તાકાતને તે પારખી ગયો. તેણે ચાલાકીથી ને આવડતથી ચેખોવને તેના પત્રમાં લખવા માટે પ્રેર્યો. તેણે ચેખોવ માટે જ એક અઠવાડિક પત્ર શરૂ કર્યું. તેમાં વર્ષો સુધી, ચેખોવે વાર્તાઓ લખી અને સુવરીન સાથેની મૈત્રી પણ ખૂબ લાંબી ટકી.

ચેખોવે વાર્તાઓ લખવી શરૂ કરી ત્યારે રશિયામાં વાણીસ્વાતંત્ર્ય કે લેખનસ્વાતંત્ર્ય ન હતું. હળવા લેખો ને વાર્તાઓ સૌ વાંચતા, અને લેખકો તેવા જ પ્રકારનાં લખાણ પસંદીને

રોટલો રળવામાં મશગુલ હતા. રશિયામાં ક્રાંતિકારીપક્ષે ઍલેક્ઝાંડર બીજાનું ખૂન કર્યું. તેના આપેલા સુધારાઓને ક્રાંતિકારીપક્ષે ફેંકી દીધા અને આથી રાજ્ય કરનાર ઍલેક્ઝાંડર ત્રીજો રાજકીય દૃષ્ટિએ વિશેષ કડક બન્યો હતો. આ સમય તે ઈ. સ. ૧૮૮૧ થી ૧૮૯૪ નો. જે કાળમાં ચેખોવે ગંભીરપણે સાહિત્યનું સર્જન કરવા માંડ્યું હતું. આમ તો ચેખોવે વાર્તાલેખન છેક ઇ. સ. ૧૮૮૦ થી શરૂ કરેલ. ત્યારનું રશિયાનું રાજકીય વાતાવરણ અત્યંત ધૂંધળું, નિરાશાજનક, પ્રત્યાઘાતી, જડ, અસ્થિરતાથી અને ભયથી ભરેલું. કોઇ પણ પ્રકારનું ગંભીર લખાણ ન કોઈ લખે, કે ન કોઇ પ્રગટ કરવાની હિંમત પણ કરે. પણ હાસ્ય અને ઠઠ્ઠાના સાહિત્યનો અને લખાણનો ઊભરો આવેલો. પણ તે દ્વારા ઝારની કડક રાજનીતિ સામે, દમનશાહી સામે, આપખુદ સત્તા સામે પ્રજાના ગૂંગળાઈ ગયેલા અવાજને રજૂ કરવાનું તે યુગના સર્જકોએ મુનાસબ માન્યું. તેવા સર્જકોનો મોવડી ચેખોવ હતો. તે કટાક્ષભરી વાર્તાઓ લખવા મંડ્યો, તેનો રોષ તે સમયના સડેલા અને અન્યાયથી ખદબદતા સમાજ પર હતો, વ્યક્તિ પર નહીં. આથી તેની ટૂંકી વાર્તાનાં પાત્રોમાંથી વાન્કા, ઊંઘે ઘેરાયેલી છોકરી, વૉર્ડ નં. ૬ નો નાયક આંદ્રેઈ રાગિન, દારોગો નિકેતા, અને સંસ્કારપ્રિય દરદી ગ્રામોવ, ડાર્લિંગ ઑલેન્કા, પોલીસ ઇન્સ્પેક્ટર ઓકુમેલોફ, ગાનારી પાશા, યોનિચ—આ બધાં પાત્રો તેમના સમાજનું પ્રતિનિધિ ધરાવતાં પાત્રો છે. એ પાત્રોનાં કાર્યોથી, તેમના સ્વભાવનાં વળાં વડે, તેમની વાણી અને આદતોથી ચેખોવ તેમને જીવંત બનાવે છે, સંજીવની પાય છે, તેની સાથે તેમનો સાર્વત્રિક (universal) પણ બનાવે છે. આંદ્રેઈ રાગિન, દારોગો નિકેતા, પોલીસ ઇન્સ્પેક્ટર ઓકુમેલોફ અને યોનિચ માત્ર રશિયામાં—અર્ધવિકસિત અને અવિકસિત રશિયામાં—જ હોય તેવું લાગતું નથી, પણ સારીય આદમજાતમાં ઠેર ઠેર નજરે પડે તેવાં પાત્રો—સાર્વત્રિક પાત્રો છે.

ત્યારે ઈ. સ. ૧૮૮૬ પહેલાંના જે ચેખોવના લખાણમાં ઘસડપટ્ટી જેવું જોવા મળે છે તે જ ચેખોવ ઈ. સ. ૧૮૮૬ થી ગંભીરપણે અને નિષ્ઠાપૂર્વક જાણે સાહિત્યસર્જનની ઉપાસના ન કરી રહ્યો હોય! વાચકો અને વિવેચકોને તે તત્ત્વ હવે સ્પષ્ટપણે જોવા મળે છે. ચેખોવે જિંદગીભર લખ્યા કર્યું. જગત જેને તેના શ્રેષ્ઠ સર્જન તરીકે સ્વીકારે છે, તેનું ચેખોવે લખ્યું. પણ તેણે પોતે તો તેવા સર્જન માટે લખ્યું છે: "હું વાર્તા ઘસડી કાઢું છું. *I've spun off a tale.'* હું પાંચેક વર્ષના સમય માટે ક્યાંક ગુપ્તવાસ સેવવાનું ઇચ્છું છું; અને પછી ગુપ્તવાસમાં રહીને ગંભીર અને શ્રમભર્યું કંઈક સર્જવા ઇચ્છું છું. પ્રારંભથી જ મારે સર્જનનો એકડો ઘૂંટવો છે કેમકે સર્જક તરીકે હું સાવ અણઘડ છું!"

કેવો દિવ્ય અસંતોષ, આ સર્જકને! છતાંય ઇ. સ. ૧૮૮૬ ની સાલ સુધી તો પ્રજાની આગળ તે ખોબે ને ધોબે વાર્તાઓ ઠાલવતો જ જાય છે. પણ ઈ. સ. ૧૮૮૫ પછી તેની સર્જન-પ્રવૃત્તિમાં ગાણિતિક ઘટ થવા લાગે છે. ઇ. સ. ૧૮૮૫ માં તેણે ૧૨૯ વાર્તાઓ પ્રસિદ્ધ કરી, '૮૬ ના વર્ષમાં ૧૧૨ વાર્તાઓ, '૮૭ની સાલમાં ૬૬ અને '૮૮ની સાલમાં માત્ર ૧૨!

આ ગાળામાં નાણાંકીય દૃષ્ટિએ તે સુખી થયો. કુટુંબના ભરણપોષણની જવાબદારી તો માધ્યમિક શાળામાં હતો ત્યારથી આવી હતી, તે સંપૂર્ણ જાગૃતિ સાથે એ અદા કરી રહ્યો હતો અને ડૉક્ટરની ઉપાધિ મેળવ્યા પછી તે ધંધામાં નહીં ઝંપલાવતાં તેણે વાર્તાઓ જ

લંબ્યે રાખી, અને તેમાંથી એ સારું કમાઇ લેતો. પરિણામે ઈ. સ. ૧૮૯૧માં મોસ્કોથી પચાસ માઇલ દૂર મેલિખોવોમાં તે મકાન બાંધે છે, અને ત્યાં વસવા જાય છે. માંબાપ, ભાઈબહેન, સૌ તેની સાથે ત્યાં જ રહે છે. અને સ્થાનિક લોકોના સહકારમાં તે પ્રજાસેવાના કામમાં પડે છે. ૧૮૯૨–૯૩ માં તે પ્રદેશમાં કોલેરા ફાટી નીકળે છે, ત્યારે તે પ્રદેશના સ્વાસ્થ્ય ખાતાના મોવડી તરીકેની તે જવાબદારી લે છે, અને પ્રજાસેવાના કામે કેડ બાંધીને લાગી જાય છે. તે પ્રદેશમાં તે તેની કમાણીમાંથી પ્રાથમિક શાળાઓ પણ ખોલાવે છે. મેલિખોવોમાં તે ઈ. સ. ૧૮૯૭ સુધી રહ્યો. ત્યાં ક્ષયે તેનાં દેહમાં પ્રવેશ કર્યો અને પાછલા જીવનનો કેટલોક સમય તેણે ક્રીમિયાના દક્ષિણ કિનારા પર ગાળ્યો, તો થોડો સમય ફ્રાન્સ અને જર્મનીનાં આરોગ્ય ભવનોમાં. ઈ. સ. ૧૯૦૪ માં જુલાઇની બીજી તારીખે, બેડનવેલરના આરોગ્યભવનમાં તેનો દેહ પડ્યો. મૃત્યુ પછીના દશમા દિવસે મોસ્કોમાં તેની દફનક્રિયા કરવામાં આવી.

રશિયન ભાષાનો આ મહાન સર્જક ઇ. સ. ૧૮૮૦ થી ઈ. સ. ૧૯૦૪ સુધીનાં ચોવીસ વર્ષોનો ગાળામાં સર્જનપ્રવૃત્તિને જ જીવનની મુખ્ય પ્રવૃત્તિ બનાવી. તેમાં તેણે રેખાચિત્રો, ટુચકા જેવી વાર્તાઓ, ગંભીરપણે ચિંતનયુક્ત લાંબી ટૂંકી વાર્તાઓ લખી. કોઈ વિવેચકોના કહેવા પ્રમાણે રશિયન ભાષામાં તેનો આંક હજારેકનો છે; બીજા એક વિવેચકના કહેવા પ્રમાણે સાતસોથી આઠસોનો છે. અંગ્રેજી ભાષામાં તેના તેર સંગ્રહો (કોન્સ્ટન્સ ગાર્નેટમાં) Tales from Chekhov મળે છે. અંગ્રેજીમાં લગભગ બસોની આજુબાજુની સંખ્યામાં વાર્તાઓ અવતરેલી છે. ચેખોવના ભાષાંતરકારો કહે છે: તેની વાર્તાઓનાં અન્ય ભાષામાં ભાષાંતર કરવાનું કામ ખરેખર કઠિન હોવાના કારણે (તેની સર્વ વાર્તાઓમાં રશિયન જીવનની વિશિષ્ટતાઓ અને રશિયન ભાષાની ખૂબીઓ હોવાના કારણે) અન્ય ભાષાઓમાં બધી વાર્તાઓ ભાષાંતરિત નથી થઈ. અને આથી ચેખોવની વાર્તાઓને 'રશિયારંગી' વાર્તાઓ કહી છે, અને એનો યુગ 'ચેખોવિયન મનોદશાનો યુગ' કહેવાયો છે.

એવા ખ્યાતખ્યાત વાર્તાકારના વધુ શિષ્યો રશિયામાં નથી પાક્યા, જો કે તેના માટે ચેખોવની પોતાની અનોખી વાર્તાકલા જવાબદાર છે. તેનું અનુકરણ થઇ શકે તેવી ગુંજાશ નાનીસની પ્રતિભાવાળા વાર્તાકારમાં ન પણ હોય. તેની વાર્તાઓના નિરૂપણમાં પ્રયોગો; પ્રયોગો અને બસ પ્રયોગો. નિરૂપણ કલાની દૃષ્ટિએ એક વાર્તા તેની બીજી વાર્તાને મળતી ન આવતી હોય: 'વાન્કા' કાગળ લખતો લખતો વાર્તા કહી જાય તો 'ગુઝબરી' વાર્તાનો નાયક ગપ્પાં હાંકતાં હાંકતાં વાર્તા કહે જતો હોય. તો 'દીવા' જેવી વાર્તાને ન મળે અંત કે આરંભ. ત્યારે 'કૂતરાવાળી'માં કથાતત્ત્વ ક્યાં છે ! છતાં ય તે વાર્તા વાર્તા જ છે. ત્યારે જ તેની વાર્તાકળા માટે ગાલ્સવર્ધીને કહેવું પડ્યું છે: 'તેની વાર્તાકલા કાચબાની પીઠ જેવી છે.' અર્થાત્ તેને કહેવાનું હોય તે જ તે કથી જાય છે. બીજી લાંબી લપછપમાં તે પડતો નથી. એની વાર્તાઓ કલાદૃષ્ટિએ ઘોડદોડ જેવી દેખાય છે, બીજા શબ્દોમાં કહીએ તો માથા અને પગ વગરની એમ એક અંગ્રેજ વાર્તાકારે પણ ચેખોવ માટે કહ્યું છે.

પણ તેનાથી ય મહત્ત્વનું વાર્તાઓમાં છે વાર્તાકારનું જીવનદૃષ્ટિબિંદુ. રશિયાનો તત્કાલીન ઇતિહાસ કહે છે, કે સમાજ વેપારધંધામાં પડેલ માણસોની પકડમાં જકડાઈ ગયો હતો. તુચ્છ અને હીનવૃત્તિવાળા માનવી સમાજશિરોમણિ બનીને બેઠા હતા. સરકારી, કલાપ્રેમી,

મુલાયમ અને મૃદુ સ્વભાવના માનવીઓની, ધનિક, અભણ અને સમાજશિરોમણિ થઈને ફરતા માનવીઓ ઉપેક્ષા અને હાંસી ઊડાવતાં. ચેખોવે આ પ્રકારની સામાજિક પરિસ્થિતિમાં આખાં ય રશિયાને લાગું પડેલ કોઈ મહારોગ જોયો, તેનું હૈયું કકળી ઊઠયું. ઇ. સં. ૧૮૯૦માં સખાલિન ટાપુની મુલાકાતે એ ગયો. સખાલિન ટાપુ એટલે કાળા પાણીની સજા પામેલાઓ 'મારેતું' નરક. ચેખોવે સખાલિનની જેલોમાં કેદીઓ ઉપર ગુજરાતા નારકી અત્યાચારો સગી આંખે નિહાળ્યા. ચેખોવમાંનો સર્જક રડી રહ્યો અને એ માનસસંક્ષોભમાંથી 'વૉર્ડ નં. ૬' વાર્તા સર્જાઈ, જે તેની અમર કૃતિ છે. તેને દેખાયું કે આખો ય રશિયા માંદાની ઈસ્પિતાલ સમ છે. તેના રક્ષણકારો દારોગા નિકીતાના સ્વભાવના અને સ્વાર્થઅંધ ડાક્ટર શા દેશના મોવડીઓ છે. આંદ્રેઈ રાગિન અને ગ્રામોવ જેવી સંવેદનશીલ, સંસ્કારી, કલ્યાણકારીવૃત્તિના સેવાભાવી જુવાનો ગુંડાઓ અને સ્વાર્થઅંધ લોકોની પકડમાં એવા તો આવી ગયા છે કે તેમના માટે ક્યાંયથી ઊગરવાની આશા નથી. જેઓ બુદ્ધિશીલ અને કલ્પનાશીલ છે, નવનવાં પ્રસ્થાનો કરી શકે તેમ છે, તેઓ અસહાય છે. એ વાર્તામાં તત્કાલીન રશિયાનું એટલું તો વાસ્તવભર્યું જીવન તેણે આલેખ્યું છે કે લેનિને જ્યારે તે વાર્તા વાંચી ત્યારે દેશની દુર્દશાનું તેને તેમાં પ્રતિબિંબ જોવા મળ્યું, તેથી તે ખૂબ અસ્વસ્થ થઈ ગયો. રશિયાનાં જીવનની આવી ઉપરછલ્લી ઉપરથી પરખને આલેખતી કથાઓના સર્જકને વિવેચકોએ Impressionalist કહ્યો છે, તો તેની કેટલીક વાર્તાઓએ તેને Expressionalist બનાવ્યો છે. તેની કેટલીક વાર્તાઓમાં તે Naturalist છે; અને ચેખોવ Realist તો છે જ.

ચેખોવની સર્જકપ્રતિભા નાટયક્ષેત્રે—તે શાળામાં ભણતો ત્યારથી પ્રગટવા મથતી હોય તેવું દેખાય છે. તેના પરિપાકરૂપે તેનું પહેલું નાટક ઈ. સ. ૧૮૮૮માં 'ઇવાનોવ' લખાયું; ઈ. સ. ૧૮૯૬માં 'ધ સી ગલ' અને 'અંકલ વાન્યા'. ઈ. સ. ૧૯૦૦માં 'થ્રી સીસ્ટર્સ' અને ઈ. સ. ૧૯૦૩માં 'ધ ચેરી ઓરચાર્ડ.' પીટર્સબર્ગના એલેકઝાન્ડ્રીસ્કી નાટકઘરમાં ઇવાનોવ ઇ. સ. ૧૮૮૯ના વર્ષમાં ભજવાયું. તે નાટકથી ચેખોવની નાટ્યકાર તરીકેની પ્રતિષ્ઠા બંધાઈ અને જીવનના અંતભાગનાં પંદર વર્ષમાં તેણે ઠીકઠીક સંખ્યામાં લાંબાં નાટકો અને સાત એકાંકીઓ લખ્યાં. એકાંકીઓમાં 'ઓન ધ હાઈ રોડ', 'ધ વેડીંગ' અને 'બેર' અતિ જાણીતાં છે. તેનાં છ એકાંકીઓનાં અંગ્રેજી ભાષાંતરો મળે છે, પણ નાટ્યકાર ચેખોવની પ્રતિભા તેનાં લાંબાં નાટકોમાં વિશેષે પ્રગટયા કરે છે. ઇવાનોવ રશિયન રંગભૂમિના નાટકોની પરંપરાને અનુસરતું નાટક હોવાથી, જ્યારે તે ભજવાયું ત્યારે તે લોકોમાં અતિ માનીતું થઈ બેઠું. આ નાટયમાં નાટયખેંચ (dramatic suspense)થી જ દરેક દૃશ્યનો અંત આવે છે અને આથી પ્રેક્ષકોને કુતૂહલ અને જિજ્ઞાસામાં નાટકનું વસ્તુ જકડી લે છે. આ નાટકની સફળતાને કારણે તે બીજાં નાટકો લખવાના પ્રલોભનમાં પડ્યો અને તેણે 'ધ વુડ ડેમન' લખ્યું. તેના સર્જકમિત્રોએ અને નાટ્યકંપનીઓનાં કાર્યકરોએ આ નાટકની આકરી ટીકાઓ કરી અને તેની હયાતિમાં આ નાટક કદી ય ભજવાયું નહીં. ચેખોવે તેની નિષ્ફળતાને સ્વીકારી અને તે પછીના સાત વર્ષના ગાળામાં તેણે એક પણ નાટ્યકૃતિનું સર્જન કર્યું નથી. ઈ. સ. ૧૮૯૬માં 'ધ સી ગલ' લખાયું—એલેકઝાન્ડ્રીસ્કીના નાટકઘરમાં તે ભજવાયું. તેને પણ નિષ્ફળતા મળી. આ નાટક જોવા માટે ચેખોવ પોતે ગયેલો. બે અંકો ભજવાઇ ગયા કે નાટકની નિષ્ફળતા દેખી મિત્રોની નજરમાંથી છટકીને

ચેખોવ નાટ્યઘરમાંથી ચાલતો થયો. આખી રાત તેણે શહેરમાં ઘૂમીને કાઢી અને પરોઢિયે ગાડી પકડીને તે મેલિખોવો પહોંચી ગયો અને સવારે તેના મિત્ર સુવોરિનને લખ્યું : 'હું તે રાત કદી નહીં ભૂલું...કદી નહીં...તેમ કદીએ હું નાટક લખીશ નહીં, તેમ ભજવાવીશ પણ નહીં !'

પણ પ્રતિભાશીલ સર્જકની આવી ઘોર નિરાશા તેને ઉત્તમ સર્જન તરફ ખેંચી જાય છે. ત્યારપછી 'અંકલ વાન્યા', 'થ્રી સીસ્ટર્સ' અને 'ધ ચેરી ઓરચાર્ડ' લખાયાં. આમાં 'ધ થ્રી સીસ્ટર્સ' ખરેખર, ચેખોવની સર્જનપ્રતિભાને પૂર્ણપણે પ્રગટાવે છે. અંગ્રેજ વિવેચકોએ કદી અતિશયોક્તિ કે અત્યુક્તિનો ગુણ વિવેચનક્ષેત્રે કેળવ્યો નથી પણ તેઓએ 'ધ ચેરી ઓરચાર્ડ' માટે કહ્યું છેઃ "શેક્સપિયરનાં નાટકો પછીનું 'ધ ચેરી ઓરચાર્ડ' ઉત્તમ નાટ્યસર્જન છે અને 'ધ થ્રી સીસ્ટર્સ' જગતનાં નાટકોમાં ઉત્તમોત્તમ છે." અને તેમ છતાં ય ચેખોવનાં નાટકોમાં ન મળે કથાવસ્તુ (plot) કે ન મળે કાર્યવેગ. તેનાં નાટકોને ઘાટ મળતો હોય છે કેટલીય નકામી દેખાતી વીગતોમાંથી. આથી મિ. ડી. એસ. મીરસ્કી કહે છે: "વસ્તુતઃ તે જગતનાં નાટકોમાં ખૂબ જ બિન–નાટ્યાત્મક છે."

ખરેખર તો રશિયાનાં વાસ્તવલક્ષી નાટકો આંતરસ્વરૂપે કાર્યવેગ વગરનાં અને વસ્તુ વગરનાં હોય છે. પણ ચેખોવ આ તત્ત્વને તેના છેડા પર લઈ ગયો અને રશિયાની નાટ્યકૃતિઓમાં તેણે નવો ચીલો પાડ્યો, નવું નામ આવાં નાટકો માટે પ્રચલિત કર્યું—અનાટ્યાત્મક નાટ્યકૃતિઓ (undramatic drama).

તો વિવેચકોમાંથી કેટલાક મત ધરાવે છે કે ચેખોવે ઇબ્સેનને રશિયામાં લઈ જવાનું કામ કર્યું છે. તેમ માનવાને આ જ કારણ કે ચેખોવનાં નાટકોમાં સંવેદનાનાં અને ઊર્મિજન્ય ભાવપ્રતીકો યોજાયાં છે. તેનાં નાટકોમાં વ્યંજના અને કાવ્યતત્ત્વ પણ કવિતાની ખૂબ નજીક આવી ઊભાં હોય તેવું પણ વારંવાર દેખા દે છે.

તેણે 'ધ થ્રી સીસ્ટર્સ' અને 'ધ ચેરી ઓરચાર્ડ'માં રશિયાના સમાજજીવનના જ પ્રશ્ન લીધા છે. સ્ત્રીસ્વાતંત્ર્યની ઝંખના રાખનાર સર્જકને રશિયન સમાજની સ્ત્રીઓની કેટલી કરુણ અને બેહાલ હાલત છે તે પ્રગટ કરવું છે, તો સંસ્કારપ્રેમી બાઈ જડથા વેપારીના હાથમાં કેવી કરુણ દશાને પામે છે તે 'ધ ચેરી ઓરચાર્ડ'માં ચેખોવને તેની નાટ્યશૈલીમાં પ્રગટાવવું છે અને તેમાં તે સફળ પણ થયો છે, તેવી રીતે વિષાદ, હતાશા અને રૂંધાતા માનવજીવનની કરુણતા પ્રગટ કરીને !

ચેખોવની નાટ્યકૃતિઓ વાંચ્યા પછી પ્રશ્ન થાય છે કે ચેખોવની પૂર્ણ પ્રતિભા તેની ટૂંકી વાર્તાઓમાં પ્રગટી છે કે નાટ્યકૃતિઓમાં? અંગ્રેજ વિવેચકો માને છે કે everything is perfect in Chekhov.*

---

* ઓલ ઇંડિયા રેડિયો–અમદાવાદથી તા. ૧૬–૧–૬૦ના રોજ આપેલી ટૉક — થોડાં વધારા સાથે.—આકાશવાણીના સૌજન્યથી.

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૧

સ્નેહી ભાઈશ્રી,

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત" એ સૂત્રની યથાર્થતા સચોટ રીતે તો વિલાયત પહોંચ્યા પછી પૂરો એક મહિનો વીતી ગયા બાદ જ સમજાઈ. મારી વિશાળ ભારતયાત્રામાં તો ઠેર ઠેર ગુજરાતીઓ મળી રહેતા હતા, પરંતુ આ તો જિંદગીમાં પહેલીવાર નવો અનુભવ થયો કે લાગલગાટ એક મહિના સુધી મને ગુજરાતીમાં વાત કરનાર કોઈ મળતું નહોતું તેમજ ગુજરાતી ભોજનનાં પણ દર્શન થતાં નહોતાં! અલબત્ત પત્રો દ્વારા તો દરરોજ ગુજરાતીમાં જ વાતો કરતો હતો પરંતુ જીભ અને હોઠ દ્વારા જ્યાં સુધી ગુર્જરી વાણીનો ઉચ્ચાર કરવા ન મળે ત્યાં સુધી મને સંતોષ ક્યાંથી થાય? તેથી કોઈ કોઈ વાર તો એકલો પડતો ત્યારે હું મારી પોતાની સાથે જ થોડીક સ્વગત વાતો—સોલીલોકવી—ગુજરાતીમાં કરી લઈને સંતોષ માનતો! પણ પછી તો વિલાયતમાં એકાએક મને સાક્ષાત્ મહાગુજરાતનાં દર્શન થયાં.

ગુરુવાર તા. ૨૨ મી મેને દિવસે હું તથા શ્રી. પદ્મનાભન માન્ચેસ્ટરના લંડનરોડ સ્ટેશનેથી સાંજે પોણા છ વાગે 'કોમેટ' નામની કલાકના પોણોસો માઈલની ઝડપે દોડતી એક સ્પેશિયલ ગાડીમાં બેઠા અને ફક્ત સાડાત્રણ કલાકમાં જ એટલે કે સાંજે સવા નવ વાગ્યે (સૂર્યાસ્ત પહેલાં!) લંડનના યુસ્ટન સ્ટેશને આવી પહોંચ્યા. આ આખી ગાડી એક જાતની વિશાળ ડાઈનિંગ કાર જેવી હતી, એટલે કે તેમાં દરેકની બેઠક રીઝર્વ કરેલી હતી અને તેની સામે ભોજન લેવાનું નાનકડું ડાઇનિંગ ટેબલ જડેલું હતું. ગાડી ઊપડયા પછી થોડી વાર બાદ વેઇટરો "શું પીશો? શું ખાશો?"ના ઓર્ડરો લખી લેવા આવવા માંડયા અને જોતજોતામાં તો ગરમાગરમ 'સૂપ'ની રકાબીઓ પીરસાવા પણ માંડી. ઉપરાછાપરી 'કોર્સો' પીરસાતાં પીરસાતાં છેલ્લે આઇસક્રીમ અને કોફી પણ આવ્યાં.

ઝડપથી વહી રહેલી ગાડીની બારીમાંથી કોલસા અને લોખંડની મનાતી આ 'શુષ્ક' ભૂમિ ઉપર ચિત્તને હરી લે તેવાં લીલાંછમ ખેતરો હજારોની સંખ્યામાં નિહાળ્યાં. મે માસમાં ભારતનાં ખેતરોમાં તો આવી 'ગ્રીનરી'ની કલ્પના પણ ન થઈ શકે. પરંતુ વિલાયતમાં તો લગભગ બારે માસ ઝરમર ઝરમર વરસાદ પડતો હોવાથી ભૂમિ દરિયાળી ને હરિયાળી જ રહે છે. ત્યાંના 'શીતળ ઉનાળા'માં પણ ખેતરો લીલાંછમ રહે છે અને કોઈક જ વાર થોડા દિવસ ઉનાળો જરા 'ઉગ્ર' બને છે (એટલે કે ટેમ્પરેચર ૭૦° ફેરનહાઇટ થઈ જાય છે!) ત્યારે ત્યાંનાં ખેતરો જરાક 'બ્રાઉન' થઈ જાય છે અને નરનારીઓ ફફડી ઊઠીને રાતા પીળા થઈ જાય છે. ખેતરોમાં ટ્રેક્ટરો તેમજ ઘોડાથી થતી ખેતી જોઈ અને ખેતરોની વચ્ચોવચ બાંધેલાં ખેડૂતોનાં સુંદર નિવાસસ્થાનો ઉપર ઠેર ઠેર ટેલીવીઝનનાં એરિયલો પણ જોયાં. થોડા થોડા માઇલના અંતરે કારખાનાંના પ્રદેશો પણ જોયા.

ગાડીમાં બેઠાં બેઠાં "રાત્રે લંડનમાં રહીશું ક્યાં?" તેના વિચારો પણ અમને આવતા હતા. પહેલી મુલાકાત વખતે તો કંપની તરફથી અમારે માટે આલીશાન ગ્રોવેનોર હોટલમાં રૂમો રીઝર્વ કરાવેલા હતા. પરંતુ આ તો અમારી લંડનની 'અનઓફિશિયલ' વિઝિટ હતી તેથી રોજના બાવન શિલિંગ લઈને 'બેડ એન્ડ બ્રેકફાસ્ટ' આપનાર આવી મોંઘી હોટલમાં ઊતરવાની આ વખતે અમારી ઇચ્છા નહોતી. સોમવારે "વ્હીટસન મન્ડે"ની રજા હતી તેને જોડીને શુક્રવારની એક રજા ઉમેરવાથી ચાર દિવસ લંડનમાં ફરી શકાય એ હિસાબે અમે લંડનની આ બીજી મુલાકાત ગોઠવી હતી. લંડનમાં ઊતરવા માટે મેં તથા શ્રી. પદ્મનાભને અમારા કેટલાક હિંદી મિત્રો ઉપર પત્રો તો લખ્યા હતા જ પરંતુ 'મારા વ્હાલા' કોઈએ પણ જવાબ લખવાની તસ્દી લીધી નહોતી! છતાં સદ્દભાગ્યે યુસ્ટન સ્ટેશને ઊતર્યો ત્યારે શ્રી. પદ્મનાભનના એક મિત્ર શ્રી. ગોપાલકૃષ્ણન ત્યાં હાજર હતા. શ્રી. પદ્મનાભનજીનું તો આ પ્રમાણે ઠેકાણું પડી ગયું. પણ મારું શું?

સદ્દભાગ્યે મારું પણ ઠેકાણું પડી ગયું અને તે લંડનના મહાગુજરાતમાં! માન્ચેસ્ટરથી નીકળ્યો તે જ દિવસે બપોરે જે પહેલા ગુજરાતીનો મેળાપ મને થયેલો તે શ્રી. વિલાસ પટેલે જતાં જતાં મને લંડનમાં 'પેઇંગ ગેસ્ટ' તરીકે ઉતરી શકાય તેવાં કેટલાંક ગુજરાતી કુટુંબોનાં સરનામાં આપ્યાં હતાં. મેં શ્રી. ગોપાલકૃષ્ણનને આ વિશે વાત કરી અને પછી તો તરત જ તેમણે સ્ટેશનના 'ટેલીફોન બુથ' ઉપર જઈને સરનામા ઉપરથી ટેલીફોન નંબર શોધી કાઢી પેટીમાં ચાર પેન્સ નાખ્યા અને જોડાણ થયું કે તરત ટેલીફોનનું રીસીવર મારા હાથમાં સોંપી દઈને બોલ્યા : "લ્યો કરો હવે પેટ ભરીને ગુજરાતીમાં વાત!" બીજે છેડેથી શ્રીમતી હસુબહેન બાલમુકુંદ પરીખ વાત કરી રહ્યાં હતાં. મેં તેમને પૂછ્યું કે 'તમારે ત્યાં મારી જગ્યા થશે ખરી કે?' અને જવાબ આવ્યોઃ 'ખુશીથી. તમે સીધા યુસ્ટન સ્ટેશનેથી અન્ડરગ્રાઉન્ડ ગાડીમાં નોર્ધર્ન લાઇનમાં બેસીને પંદર મિનિટ બાદ ગોલ્ડર્સ ગ્રીન નામનું સ્ટેશન આવે ત્યાં ઊતરી પડજો અને ત્યાં નજીકમાં જ એક્સપ્રેસ ડેરીની સામે વેન્ટવર્થ રોડ છે તેના પાંત્રીસ નંબરના ઘરમાં આવી પહોંચો.' અને આ બિનચૂક માર્ગદર્શન પ્રમાણે હું અડધા કલાકમાં તો હસુબહેનને ઘેર પણ આવી પહોંચ્યો. ત્યાં પહોંચતા વેંત જ જાણે ગુજરાતમાં પાછા આવી પહોંચ્યા હોઈએ તેવું લાગવા માંડ્યું. ગુજરાતનો જગમશહૂર અતિથિસત્કાર, ગુજરાતનો કુટુંબકબીલા વિશેની પૂછપરછ અને અજાણ્યા મહેમાનને પણ ઘર જેવું લાગે તેવો નિખાલસ વર્તાવ આ સ્થળે મને એક કલાકમાં જ અનુભવવા મળ્યો.

બે ગુજરાતીઓ મળે એટલે વાતો કરતાં કરતાં થોડીવારમાં જ એક એવા ત્રીજા ગુજરાતીને જરૂર શોધી કાઢે કે જે બન્નેને સારી રીતે ઓળખતો હોય! હસુબહેનની બાબતમાં પણ એમ જ બન્યું. એક તો તેઓ મારી જેમ વડોદરાનાં નીકળ્યાં; બીજું તેઓ મારા નિકટના મિત્ર શ્રી. પદ્મકાન્ત ર. શાહનાં સગાં નીકળ્યાં; અને ત્રીજું તેમના પતિ શ્રી. બાલમુકુંદ પરીખ અને મારા સદ્દગત વડીલબંધુ શ્રી. ચતુરભાઈ ગાંધી વડોદરાની શ્રી સયાજી હાઇસ્કૂલમાં સહાધ્યાયી હતા—એવાં બધાં ઓળખાણો નીકળ્યાં એટલે પછી કુદરતી રીતે જ આ સ્થળ મને ઘર જેવું લાગવા માંડ્યું.

શ્રીમતી હસુબહેને આ 'અપના ઘર'ની સ્થાપનાનું બ્યાન કરતાં જણાવ્યું કે જ્યારે તેમના પતિ શ્રી. બાલમુકુંદ પરીખ લંડનમાં ટી. ડી. નો અભ્યાસ કરતા હતા ત્યારે જ તેમને એક સુંદર વિચાર આવેલો કે લંડનમાં એક ઘર ખરીદી લઈને તેમાં ગુજરાતીઓ માટે 'પેઇંગ ગેસ્ટ'ની વ્યવસ્થા કરવામાં આવે તો સ્વાર્થ સાથે પરમાર્થ સાધવાનું બની શકે. પછી તો તેમને કેન્યા (પૂર્વ આફ્રિકા)માં પ્રિન્સીપાલ તરીકેની સારા પગારની નોકરી મળી. છતાં તેમનો પેલો "લંડનમેં અપના ઘર"નો વિચાર તો ચાલુ જ હતો. તે અમલમાં લાવવા તેમણે હસુબહેનને ત્રણ વર્ષ સુધી સમજાવ્યા કર્યું અને છેવટે નિર્ણય પણ થઈ ગયો. પાંચ હજાર પૌંડનું આ મકાન તેમણે હપ્તે હપ્તે કિંમત ચૂકવવાની પદ્ધતિથી ખરીદી લીધું અને ૧૯૫૮ ની શરૂઆતમાં જ તેમણે હસુબહેન અને તેમનાં ચારે બાળકોને લંડન મોકલી આપ્યાં— બે સુંદર આશયોથી પ્રેરાઈને: એક તો બાળકોનું શિક્ષણ અને ઘડતર ઉમદા રીતે થાય; અને બીજું હસુબહેન પણ એક નવા જ પ્રકારના ઉપયોગી કાર્યમાં ગૂંથાઈ જાય.

આ મકાનમાં પોતાના વપરાશ માટે બે રૂમો રાખીને બીજા બધા રૂમોમાં 'પેઇંગ ગેસ્ટ'ની વ્યવસ્થા કરી છે. દરરોજના પંદર શિલિંગ અથવા અઠવાડિયાનો સાડા ત્રણ પૌંડના (લંડનના હિસાબે સાવ સસ્તા) ચાર્જે હસુબહેન કેવળ 'બેડ ઍન્ડ બ્રેકફાસ્ટ' જ નથી આપતાં પરંતુ રાતનું ભોજન પણ આપે છે. તેથી તેમને કાયમ પેઇંગ ગેસ્ટો મળી પણ રહે છે. સસ્તું ભાડું અને લંડનની જાત્રા ગુજરાતી ભોજન સાથે મળતી હોય તો પછી બડી બડી હોટલો શોધવાની આથાકૂટ શા માટે કરવી જોઈએ! ખાસ નોંધવાલાયક હકીકત તો એ છે કે દસ બાર મહેમાનો અને ઘરનાં પાંચ માણસો માટે ગુજરાતી ભોજન રાંધવું, પીરસવું અને ડીશો સાફ કરવી એ બધાં કામો કોઈ પણ નોકરની સહાય લીધા વગર હસુબહેન અને તેમનાં બાળકો ભેગાં મળીને જ કરી નાખે છે અને તે બધાં આવી જાત-મહેનતમાં ગૌરવ લે છે. બપોરે હસુબહેન શાકભાજી વગેરે ખરીદ કરવા જાય છે અને બાળકો સ્કુલમાં જાય છે. આ લોકો લંડનમાં ગુજરાતનું ગૌરવ દીપાવી રહ્યાં છે.

હસુબહેને મને જણાવ્યું હતું કે "અમે પૈસાનાં ભૂખ્યાં નથી, માણસનાં ભૂખ્યાં છીએ. આપણે ઘેર ગુજરાતીઓ રહે અને આનંદ પામે તેમાં જ અમારો આનંદ છે. આવી કામગીરીને લીધે તો મહિનાઓ સુધી પતિથી દૂર રહેવાની દિલગીરી પણ બહુ સાલતી નથી." શ્રી. બાલમુકુંદ પણ હવે કેન્યાની નોકરીમાંથી જલદી (૪૬ વર્ષે) 'રીટાયર્ડ' થઈને પછી કાયમ લંડનમાં જ વસવાટ કરવાના છે. ત્યાં કંઈક પાર્ટટાઈમ કામ મળે તો ઠીક, નહિ તો આ 'અપના ઘર' તો છે જ ને! તેમના વિચારો પણ મારા જેવા જ લાગે છે કે જો વહેલી ઉંમરે પણ રીટાયર્ડ થવા જેટલી સંપત્તિ એકઠી થઇ જાય તો પછી કેવળ અર્થસંપાદન માટે જ જિંદગીનો કીમતી સમય શા માટે ખર્ચી કરવો? આપણને બીજા અનેક વિષયોમાં રસ છે અને તે પોષવાની ફુરસદ પણ આ અર્થસંપાદનની પ્રવૃત્તિને લીધે મળતી નથી. છતાં આશ્ચર્યની વાત છે કે લાખો રૂપિયા કમાઈ ચૂકેલાઓ પણ કરોડો કમાવા પાછળ જ જિંદગીનો અમૂલ્ય સમય છેલ્લે સુધી ખર્ચે જાય છે! ધનપ્રાપ્તિનું પૂર્ણ-વિરામ સ્વેચ્છાએ આ કરોડપતિઓ નથી મૂકી શકતા એ ખરેખર અજાયબી જેવું લાગે છે!

ગુરુવારે રાત્રે તો આ પ્રમાણેની વાતોથી કેવળ હસુબહેનનો જ પરિચય થયો અને પછી હું ઊંઘી ગયો. પણ ખરેખરું ધમધમતું ગુજરાત તો બીજે દિવસે સવારે જ જોવા

મળ્યું: ચિ. કિરણ જેટલો અને જેવો દેખાતો હસુબહેનનો નાનકડો પુત્ર ચિ. શરદ અને તેનો મોટો ભાઇ શ્રીકુમાર મારી સાથે હળી ગયા. બાથરૂમમાં દાતણ કરવા અનેક ભાઇઓ પ્રવેશવા માંડ્યા—શ્રી. રાવજીભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જે. શાહ, શ્રી. ગોર, શ્રી. પરીખ, શ્રી સોલંકી વગેરે માન્ચેસ્ટરમાં મિસિસ જહોનસનના 'એલરસ્લી' ગેસ્ટ હાઉસ'માં રહેનારા વિલાયતી સાથીઓ અંગ્રેજી એટીકેટ પ્રમાણે "ક્યાંથી આવ્યા, ક્યાં જવાના?" ની પૂછપરછ ભાગ્યે જ કરતા અને ખૂબ મૃદુ કંઠે બોલતા હતા. પણ અહીં તો સંપૂર્ણપણે મહા-ગુજરાતનું વાતાવરણ હતું. એ જ નિખાલસ પૂછપરછ, એ જ "હે તાળી" જેવો બુલંદ વાર્તાલાપ, એ જ ખખળાવીને કોગળા કરવાનું દશ્ય, "લે રાખ હવે, ડાહ્યો મા થા," "લાવ તારો સાબુ અને લે મારો ટુવાલ" જેવા એ જ ગુજરાતી સંવાદો અને દશ્યો સવારથી જ સંભળાવા-દેખાવા માંડ્યાં. અને પછી બ્રેકફાસ્ટ ટેબલ ઉપર તો મુક્તપણે ઘરની જેમ જ વાતો અને ઠઠ્ઠામશ્કરીની રમઝટો ઊડવા માંડી.

હસુબહેનને ત્યાં બ્રેકફાસ્ટ તો અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે જ આપવામાં આવે છે—કોર્નફ્લેક્સ અને દૂધ, જામ, બટર, ટોસ્ટ અને ઓમ્લેટ અને પછી ચા અથવા. કૉફી. પરન્તુ જમણ પૂરેપૂરું ગુજરાતી પદ્ધતિનું હોય છે. હું અહીં ચાર દિવસ રહ્યો તેટલામાં તો દાળ, ભાત, રોટલી, શાક ઉપરાંત શીરો પુરી, લાડુ અને ભજિયાં પણ જમ્યો તેથી ઘણી તૃપ્તિ અનુભવી શક્યો. સ્વદેશ કરતાં પરદેશમાં જ આપણે ગુજરાતી ભાષા અને ગુજરાતી ભોજનની વધારે કદર કરી શકીએ છીએ. ભારત આવતાં પહેલાં ફરી પાછો હું ઑક્ટોબરમાં યુરપની ટુર કરીને લંડનમાં છેલ્લું અઠવાડિયું ગાળવા આવ્યો ત્યારે પણ શ્રી. હસુબહેનને ત્યાં જ રહ્યો હતો. ગોલ્ડર્સગ્રીન નામના લંડનના આ ઉપનગરમાં ગુજરાતીઓની વસ્તી સારા પ્રમાણમાં છે. હસુબહેનના જેવાં અન્ય ગેસ્ટ હાઉસો પણ ગુજરાતીઓ અહીં ચલાવે છે તેથી આ સ્થળ જાણે ગુજરાત જ હોય તેવું લાગે છે. બીજા એક પ્રસંગે યુરપની ટુર ઉપર જતાં પહેલાં લંડનમાં હું મારા એક જ્ઞાતિબંધુ અને બરોડા બેન્કના એક અધિકારી શ્રી. અનંત શેઠને ત્યાં ગ્લેનલોચ રોડ ઉપર ઊતર્યો હતો. તેમને ત્યાં પણ ગુજરાતનું વાતાવરણ પાકે પાયે હતું. પાછળથી માન્ચેસ્ટરમાં પણ મને શ્રી. નવીન ગાંધીનું ઓળખાણ થયું હતું તેમને ત્યાં પણ સદાકાળ ગુજરાત જેવું જ લાગતું હતું. એટલે "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત"નું સૂત્ર ખરેખરું અનુભવસિદ્ધ લાગે છે.

મને તો લાગે છે કે જેવી રીતે મદ્રાસી ઇડલી, દોસાએ પ્રાંતીયતાની વાડ કુદાવીને આખા ભારતભરમાં પોતાનો ડંકો બજાવ્યો છે અને ઠેર ઠેર 'ઉડીપી' હોટલોના નવા ધંધાનો વિકાસ પોષ્યો છે તેવી જ રીતે આપણે પણ ભારતભરમાં તો શું પણ જગતભરમાં આપણી કેટલીક સુંદર વાનગીઓ દ્વારા ગુજરાતનો ડંકો ઠેર ઠેર બજાવી શકીએ તેમ છીએ. આવા સાહસને કેવળ ઇંગ્લેન્ડમાં નહિ પણ અમેરિકા, ફ્રાંસ, જાપાન અને રશિયા સુદ્ધાંમાં સફળતા મળે તેમ છે. છતાં હજી આ ક્ષેત્રનો આપણે યોજનાબદ્ધ વિકાસ કર્યો જ નથી. વિલાયતના દરેક શહેરમાં મેં સંખ્યાબંધ ચાઈનીઝ રેસ્ટોરાંઓ જોઈ હતી અને તેમની સફળતા જોતાં મને ખાત્રી થઈ છે કે આપણે પણ જો મન ઉપર લઈએ તો મહાગુજરાતનો ડંકો આપણા ભોજન દ્વારા આખા જગતભરમાં જરૂર બજાવી શકીએ તેમ છીએ. ફીકો ખોરાક ખાવા

ટેવાઈ ગયેલા. કેટલાક અંગ્રેજ મિત્રોને અમે કોહીનૂર, રાજમહાલ, બોમ્બે રેસ્ટોરન્ટ જેવી હિંદી હોટલોમાં દહીંવડાં અને ખમણ ઢોકળાં જેવી વાનગીઓ ખવડાવેલી તેનો ચટાકો તેમને એવો તો લાગેલો કે તેઓ આ હોટલોમાં ફરી ફરી આવવા લાગ્યા હતા. લંડનમાં તો વીરસ્વામી, અને ઇન્ડિયા ક્લબ જેવી હિંદી હોટલોમાં હમેશાં ગીરદી જ રહે છે અને તે પણ અંગ્રેજોની. તેથી હજીયે આ ધંધાના વિકાસને ઘણો અવકાશ છે. મોટા પાયા ઉપર રેસ્ટોરાંનું ન બની શકે તો હસુબહેન જેવા ગેસ્ટ હાઉસોનો ધંધો તો ચોક્કસ ચાલે તેવો છે જ.

લંડનમાં આ ચાર દિવસ હું ખૂબ રખડયો. પણ લંડન કંઈ નાનું-સૂનું શહેર નથી કે તે ચાર દિવસમાં પૂરેપૂરું જોવાઈ જાય. ઓછામાં ઓછા પંદર દિવસ તો લંડનને સારી રીતે જોવા માટે જોઈએ જ. તેથી આ પ્રસંગે જોવાય તેટલું જોઈને પાછો ફરીથી હું સપ્ટેમ્બર-ઓકટોબરમાં પણ લંડનમાં બીજા આઠદસ દિવસ ગાળી ગયો હતો અને હસુબહેનના ગેસ્ટ-હાઉસનો લાભ ઉઠાવ્યો હતો. ગુજરાતી ભોજનના લોભે તો હું લંડનમાં સાંજે કોઈ પણ સ્થળે ફરતો હોઉં ત્યાંથી ભોજનના સમયે ઘેર પાછો ફરતો હતો અને ભોજન લઈને વળી પાછો ફરવા નીકળી પડતો હતો ! અલબત્ત આવું ભોજન ફક્ત સાંજે જ મળતું હતું અને બપોરે તો ફક્ત રજાના દિવસે જ મળતું હતું. અન્ય દિવસોએ તો બપોરનું ભોજન સૌ કોઈએ પોતાને ફાવે ત્યાં લઈ લેવું પડતું હતું. માન્ચેસ્ટરમાં મિસિસ જ્હોનસનને ત્યાં પણ આ પ્રમાણે જ હતું. આવી યોજનાને લીધે ગેસ્ટ હાઉસનો ધંધો કરનારને બહુ ઢસરડા જેવો શ્રમ પહોંચતો નથી. અને બપોરનું ભોજન આપવાનું રાખે તોયે ઘર સુધી પાછા ફરવાનું કોઈને ફાવે પણ નહિ. બપોરનું ભોજન તો સૌ કોઈ પોતાના કાર્યધામની નજીકની રેસ્ટોરાંઓમાં જ લઈ લે છે તેથી આવી રેસ્ટોરાંઓ, કેન્ટીનો, કેફેઓનો ધંધો વિલાયતભરમાં ખૂબ જ સારો ચાલે છે.

અનેક બુઢ્ઢીઓ અને વિધવાઓ આપણા રેલવે સ્ટેશનો ઉપરના ટી સ્ટોલ જેવી નાની નાની કેફેઓ અને સ્નેકબાર્સ રસ્તાના ખૂણેખાંચરે ચલાવે છે અને તેમાં કંઈ બહુ વસ્તુઓ પણ રાખવી પડતી નથી. સેન્ડવીચ, બીન્સ ઓન ટોસ્ટ, પાઇ, હેમ્બર્ગર, સોસેજીસ, વેફર્સ જેવી સર્વમાન્ય ખાદ્ય વસ્તુઓ ઉપરાંત ચા અને કોફી આવી કેફેમાં મળે છે. અમારી લેબોરેટરીની નજીકમાં આવી એક કેફે હતી તેમાં કોઈક કોઈક વખત પણ અમોએ બહુ ભૂખ ન હોય તેવા દિવસે જતા હતા. આ કેફે એક બુઢ્ઢી અંગ્રેજ બાઈ અને તેની મધ્યમવયની પુત્રી ચલાવે છે. બેત્રણ વખત ત્યાં ગયા પછી તે બન્ને અમને સારી રીતે ઓળખી ગઈ હતી અને અમે પગથિયાં ઉપર પગ મૂકીએ કે તરત જ "હલ્લો લવ, ગુડ મોર્નીંગ, વ્હોટ વુડ યુ લાઈક ટુ હેવ ? કોફી એન્ડ સેન્ડવીચીઝ !" એમ પૂછતી હતી અને તાજાં સેન્ડવીચ અને ગરમાગરમ કોફી બનાવી આપતી હતી. 'બીન્સ ઓન ટોસ્ટ' પણ પાંચ મિનિટમાં બનાવી આપવાની તેમની પાસે સગવડ હતી. પ્રેશર કુકરમાં એક મુઠ્ઠી વાલ નાખે તો તેને ચઢતાં વાર કેટલી ? ગરમાગરમ વાલ ઉપર મરી મીઠું ભભરાવીને ટોસ્ટ ઉપર તે પાથરી આપતી હતી. ખાતાં ખાતાં મને બે ગ્લાસ પાણી પીવાની ટેવ છે તે પણ આ બાનુઓ વગર કહ્યે સમજી ગઈ હતી તેથી મને પહેલેથી જ બે ગ્લાસ પાણી પણ આપી દેતી હતી.

વ્હીટસનની રજામાં હું લંડન ગયો ત્યારે ત્યાં ત્રણ અઠવાડિયાંથી બસની અદ્ભુત હડતાલ ચાલતી હતી. આખા લંડન શહેરમાં એક પણ બસ ચાલતી નહોતી. ખ્યાલ કરો, દરરોજ બસમાં પચીસ લાખ માણસો જતા–આવતા શહેરમાં એક પણ બસ ચાલતી ન હોવા છતાં લંડનનું કામકાજ જેમનું તેમજ ચાલતું દેખાતું હતું. અને તેનો યશ ઘટે છે લંડનની અદ્ભુત જેવી અંડર ગ્રાઉન્ડ ટ્યુબ ટ્રેનોને. બસ કામદારોના નેતા મિ. ફ્રેન્ક કૉસીન્સ બસની હડતાલને સફળ બનાવવા ટ્યુબ ટ્રેનોની હડતાલ પડાવવા પણ કોશીશ કરી રહ્યા હતા અને બીજી બાજુ બ્રિટિશ સરકારના મજૂરપ્રધાન હડતાલનો ઝડપી અંત લાવવા મિ. કૉસીન્સને મંત્રણાઓ માટે પણ બોલાવ્યા કરતા હતા. છેવટે હડતાલનો સુખદ અંત આવ્યો હતો અને અઠવાડિયે આઠથી દસ પૌંડ કમાનાર બસ કામદારના પગારમાં બીજા સાતેક શિલિંગનો વધારો થયો હતો.

બસની હડતાલ હોવા છતાં ચાર દિવસમાં તો મેં લંડનમાં ઘણાં સ્થળો જોઈ નાખ્યાં. એ બધાંનું શક્ય તેટલું વિગતવાર વર્ણન તો આવતા પત્રમાં જ કરવા ધારું છું. છતાં, શું શું જોયું તેનાં કેવળ નામો આપું તો યે તે ઘણાં છે — જેવાં કે લંડન પ્લેનેટેરિયમ, મેડમ ટુસોડસ વેક્સવર્ક્સ સ્ટુડિયો, બકીંગહામ પેલેસ, હાઉસીસ ઑફ પાર્લમેન્ટ, વેસ્ટ મિન્સ્ટર એબે, સેન્ટ પોલ્સ કેથેડ્રલ, બ્રિટિશ મ્યુઝિયમ, સાયન્સ મ્યુઝિયમ, નેચરલ હિસ્ટરી મ્યુઝિયમ, નેશનલ ગેલેરી, વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ, ટાવર ઑફ લંડન, હાઈડ પાર્ક, સેન્ટ જેમ્સ પાર્ક, કોવેન્ટ ગાર્ડન, રીજંટ પાર્ક, લંડન ઝુ, રોયલ ફેસ્ટીવલ હોલ, ટ્રફાલગર સ્કવેર, પાલમોલ, માર્બલ આર્ક, પીકેડેલી સર્કસ વગેરે વગેરે. આ બધાંમાં ફેશનેબલ નરનારીઓને ફરવાનું મુખ્ય સ્થાન પીકેડેલી લંડનના કેન્દ્રભાગમાં આવેલું છે.

લંડનનાં પ્રખ્યાત ચિત્રગૃહો, નૃત્યગૃહો, હોટલો, રેસ્ટોરાં, બાર, જુગારખાનાં, નગ્નલીલાખાનાં એ બધું અહીં જ છે. પીકેડેલીના ફુટપાથ ઉપર પોર્નોગ્રાફી (નગ્ન નારીદેહનાં ચિત્રો) પણ એકાગ્ર વેચાય છે અને તેની બાજુમાં ' પીપલ ' નામનું એક છાપું મેં જોયું, તેમાં શીર્ષક હતું : " કાળા માણસોનો લંડનમાં ધસારો." આ વાંચીને મેં બાજુમાં ઉભેલા એક અંગ્રેજ યુવકને પૂછ્યું કે " આનો અર્થ શો ? તમારે ત્યાં પોર્નોગ્રાફિક સાહિત્ય ઉપર કશો પ્રતિબંધ નથી શું ? અને કાળા માનવીઓ ઉપર શું આટલો બધો ધિક્કાર તમારા દેશમાં ખરેખર છે કે ? " આટલા સવાલ પછી મારે આ ભાઈની સાથે ફુટપાથ ઉપર ઊભાઊભા જ પૂરા ત્રણ કલાક (રાતના ૮ થી ૧૧ સુધી !) વાતો કરવી પડી. પણ તે વાતો ઘણી જ રસપ્રદ હતી તેથી પગ થાકીને લોથ થઈ ગયા હતા છતાં મેં આવી રીતે અસાધારણ ધીરજ રાખીને વાતો ચલાવ્યે રાખી હતી.

આ ભાઈનું નામ હતું મિ. સ્ટેન્લી ઈવાન્સ. તે દેખાવે આકર્ષક હતો અને તેની વાતો ઉપરથી સમજાયું કે તે એક મજૂરનેતા હતો. સીને ફોટો વર્કસ યુનિયનનો તે અગ્રણી કાર્યકર્તા હતો અને તેથી લંડનમાં ત્રણ અઠવાડિયાંથી ચાલતી બસ હડતાલથી તે ખુશ હતો. તેણે મને જણાવ્યું કે બસકામદારોની સહાનુભૂતિમાં ટ્યુબ ટ્રેનના કામદારો પણ હડતાલ પાડે તો બન્નેને ફાયદો થાય. એનું કહેવું એમ હતું કે " બ્લડી બોસીસ " દર અઠવાડિયે ૫૦ થી ૬૦ પૌંડ જેવો જંગી પગાર લઈને મઝા કરે છે તો મજૂરોને શા માટે દસ જ પૌંડ ! તેણે

કહ્યું કે 'નાલાયક' માણસોને મોટરોમાં અને મોટી મોટી હોટલોમાં મઝા કરતા જોઇને તેને ઉકળાટ થઇ આવે છે અને મજૂરોનું ખૂન ચુસાતું જોઇને તેનું ખૂન ઊકળી આવે છે! પછી રંગીન પ્રજા વિશે બોલતાં તેણે જણાવ્યું કે રંગીન માનવી પ્રત્યે અમને કશો જ દ્વેષ નથી. પણ અહીંની પ્રજાના ભોગે રંગીન પ્રજાને અહીં મઝા કરવા મળે છે તે તેને ગમતું નથી. આવેશપૂર્વક તે બોલ્યો કે "આ પાકિસ્તાની યુવકો કે જેમાં તમારા હિંદીઓ પણ ભળેલા છે તે અહીં આવીને બ્રિટિશ, જર્મન, ફ્રેંચ અને હંગેરિયન છોકરીઓ સાથે આ પ્રમાણે ભટકે છે તે જોઇને મને તે બધાને 'ચલે જાવ' કહેવાનું મન થઇ જાય છે. શું હિંદમાં અંગ્રેજો કે બીજા પરદેશીઓ આ પ્રમાણે તમારી યુવતીઓ સાથે અમનચમન કરે તો તમારું હિંદીઓનું લોહી ઉકળે ખરું કે નહિ? તમારા શોષણકર્તાઓને તમે 'ચલે જાવ' કહેલું કે નહિ?"

બ્રિટનના પ્રણયજીવન વિશે તેણે પ્રકાશ નાખ્યો કે યુદ્ધને લીધે ઘણી સ્ત્રીઓ ભરજુવાનીમાં વિધવા થઈ, જર્મની અને ઑસ્ટ્રિયાથી હજારો પતિવિહોણી સ્ત્રીઓ લંડનમાં પાણીના ધોધની જેમ ધસી આવી — શું આ બધી સ્ત્રીઓએ વાસનાજીવનમાં ભૂખ્યા જ રહેવું? આ સ્ત્રીઓને લગ્નની સ્થિરતા મળતી નથી તેથી તેઓ કાળા માનવીઓ પાસે પૈસા કઢાવી લઇને ગુજારો કરે છે. અને હાલ તો અહીં હજારો કાળા માનવીઓનાં ટોળાં ઊતરી પડેલાં છે. તેઓ હોટલોમાં વેઇટરો તરીકે કે બસડ્રાઇવર તરીકે ઓછા પગારે નોકરી સ્વીકારી લઇને અંગ્રેજ કામદારોના માર્ગમાં આડા આવે છે અને આ લોકો ખૂબ વિષયી હોવાથી કમાયેલા બધા પૈસા ખર્ચીને આ અભાગી સ્ત્રીઓનો લાભ ઉઠાવે છે.

કાળા માનવીઓની આ લંપટતાની વાત બાજુએ રાખીએ તોપણ બ્રિટનનાં જ યુવક-યુવતીઓ છડેચોક પ્રણયમાં રાચે છે તેના વિશે સ્ટેન્લીનું શું કહેવું છે? સ્ટેન્લી પોતે આમાં કશું અજુગતું જોતો નથી! તેણે રહસ્યસ્ફોટ કરતાં જણાવ્યું કે "ટ્રાયલ કર્યા વગર આપણે બૂટ, રેડિયો કે ખમીસ સ્વીકારતા નથી તો પછી જેની સાથે જિંદગી ગાળવાની છે તે વર કે વહુને પણ ટ્રાયલ કર્યા વગર શા માટે સ્વીકારી લેવા જોઇએ? બ્રિટનનાં યુવકયુવતીઓ સામાન્ય રીતે લગ્ન પહેલાં જ વાસનાતૃપ્તિનો અનુભવ અનેક વખત લઈ લે છે કે જેથી બન્નેને પરસ્પરના ઠંડાગરમપણાનો પૂરેપૂરો ખ્યાલ આવી શકે! અને આ સ્વાતંત્ર્ય કેવળ પુરુષોને જ નથી, સ્ત્રીઓને પણ છે જ ને? બન્નેને સરખું સ્વાતંત્ર્ય હોય તો પછી ઈર્ષ્યાને સ્થાન રહેતું નથી. કોઇને પણ જબરજસ્તીથી વહુ કે વર તરીકે બાંધી રાખવો તે ગેરવ્યાજબી છે તેથી લગ્ન બાદ પણ ગમે ત્યારે બન્નેને છૂટા પડવાની છૂટ હોવી જોઈએ અને અમારે ત્યાં તે છે જ તેમાં ખોટું શું છે?" આ પ્રમાણે હવે અહીં સ્ત્રી અને પુરુષની સરખામણી રેડિયો, બૂટ અને ખમીસ સાથે થવા માંડી છે — આનું નામ જ મટીરિયાલીઝમ! ત્યાગ, લાગણીવશતા વગેરે માનવમૂલ્યો અહીંથી ભૂંસાવા માંડ્યાં છે. હિંદમાં ત્યાગ અને સત્યાગ્રહની કદર થાય છે જ્યારે સ્ટેન્લીના કહેવા પ્રમાણે વિલાયતમાં તો તેવું કરવા જનારને મૂર્ખ ગણીને બધા હસે છે! "'લીવ ધી ફુલ એલોન' એમ કહીને તમારા સત્યાગ્રહીને અહીં તો અમે પડતો જ મૂકીએ! તમારા દેશના લોકો લાગણીવેડાવાળા છે તેથી જ સત્યાગ્રહીની પાછળ ટોળાંઓ ઘેલાં બને છે!" વાહ, સ્ટેન્લીભાઈ, વાહ!

આવા વિચારો કેવળ સ્ટેન્લીના જ નહોતા. મેં બીજાં અનેક યુવકયુવતીઓ સાથે આ છોકરીઓની પ્રણયલીલા વિશે ચર્ચા કરી જોઈ હતી અને તે બધાંને બર્ટ્રાન્ડ રસેલની મુક્ત-પ્રેમની ફિલસૂફીએ ઘેરી લીધા હોય તેમ લાગે છે. મેં એક યુવતીને પૂછ્યું કે "લંડનમાં હાઇડ પાર્ક, રીજન્ટ પાર્ક જેવા બાગબગીચાઓના બાંકડાઓ ઉપર જ નહિ પરંતુ ઘાસ ઉપર સુદ્ધાં યુવકયુવતીઓ બેઠાં બેઠાં તેમ જ સૂતાં સૂતાં એક બીજાને ચુંબનો અને બીજાં લાડ કરે છે તેને નફ્ફટાઈ કહેવી કે સ્વાતંત્ર્યની પરાકાષ્ઠા કહેવી ?" તેણે તો જવાબ આપ્યો કે "અમે પોતે પણ જાણતાં નથી કે આને શું કહેવું ! આ તો અમારા જીવનની એક પ્રણાલિકા છે — બધાં કરે છે માટે અમે પણ કરીએ છીએ. આવો લાભ ગુમાવવાનું કોઈને પણ ગમતું નથી એટલે હવે આ બાબતમાં કોઈ કોઈની ટીકા પણ કરતું નથી." મેં જ્યારે પૂછ્યું કે આ બધી પ્રણયલીલા ઘરમાં ન થઈ શકે કે આવી રીતે જાહેરમાં કરવી પડે છે? ત્યારે તેણે કહ્યું કે "એ બે પરણવાનાં હોય તો ને ! તો તો પછી માબાપો ઘરમાં જ બન્નેને ન બોલાવે !" મેં પૂછ્યું "તો શું આ પંખીઓ પ્રેમ કરીને પરણતાં નથી?" જવાબ મળ્યો: "અલબત્ત નહિ ! હા, પરણે ખરાં પણ આ પ્રમાણે આઠ દસ જગ્યાએ પ્રેમ કર્યા બાદ જ ! છેલ્લી પસંદગીમાં વર એંઠો મળે તો વહુ પણ એંઠી જ હોય છે ને એટલે સરવાળે બધું વસૂલ ! પહેલા જ પ્રેમમાં પરણી જાય તો તો બિનઅનુભવી હોવાથી આગળ ઉપર પસ્તાય. તેના કરતાં બધા અનુભવો કરીને પછી જ પરણે તો ઉલ્ટે એક બીજાને 'વધારે વફાદાર' રહી શકે છે !"

સમજ્યા મારા મહેરબાન ! વફાદારી કેળવવા માટે પણ પ્રયોગો કરવા જરૂરી છે ! પછી મેં જ્યારે પૂછ્યું કે "પહેલાના પ્રેમીઓ પ્રત્યે પણ કંઈક તો લાગણીવશતા રહી જાય ને ! તેઓ સામા મળે તો શું કરે?" ત્યારે જવાબ મળ્યો કે "લાગણીવશતા ! તમારા જૂના બૂટ માટે તમને શું લાગણીવશતા હોય છે ખરી? અરે એ તો ભૂલી જવાના ભૂલી !" સમજ્યા મારા મહેરબાન ! અહીં કોઈ કોઈની લાગણીથી દબાયેલું રહેતું નથી. એક છોકરી પ્રેમ કરવાની ના પાડે તો તે નહિ તો તેની બહેન ! અને પુરુષ ના પાડે તો તે નહિ તો તેનો ભાઇ ! લાગણીવેડા અહીં કાઢવાના જ નહિ ! અહીં તો કમાઉ છોકરા છોકરીઓને જોઈએ તેટલા પ્રેમીઓ અને પ્રેયસીઓ મળી રહે છે—અને ન ફાવે તે ઘડીએ છૂટ્ટા !" મેં પૂછ્યું કે "તો પછી કદરૂપા, નબળા પાંગળા, ગરીબો અને બેકારોને તો પ્રેમનો લાભ મળે જ ક્યાંથી?" જવાબ મળ્યો: "મળે, જરૂર મળે. તેમની જ કોટિના કદરૂપા પાંગળાઓ તો મળે ને ! તેઓ પણ શોધતા જ હોય ને !"

મોટી વયના માણસોને આ વિશે પૂછીએ છીએ તો તેઓ ખભા ચડાવીને કહે છે કે "વેલ ! ધીસ ઇઝ એ ન્યુ વે ઓફ લાઇફ !" અસલ વાત તો એ છે કે અહીં એકંદરે બધાંની આર્થિક સ્થિતિ સારી છે અને બાળકો બહુ થતાં નથી (થવા દેતા જ નથી !) તેથી આ પવન ફેલાઇ રહ્યો છે. એક ભાઈએ તો હુકમના એક્કા જેવી દલીલ એમ કરી કે "વેલ ! જે લોકોને આવા જીવનનો લાભ મળ્યો નથી તે લોકોને મોજ ભોગવનારની અદેખાઇ આવે છે તેથી જ તેઓ આવા જીવનને ખરાબ કહે છે ! બાકી તેમને પણ સામેથી ચાલીને આવો લાભ આવતો હોય તો તેઓ જતો કરશે કે? અને જતો કરશે તો ક્યાં

સુધી? વરસ, બે વરસ કે જિંદગીભર?" મેં દલીલ કરી કે "હિંદમાં સ્ત્રી પુરુષો એક બીજા માટે ત્યાગ આપે છે એ તો એક નક્કર હકીકત છે અને મોટા ભાગનાં યુગલો ઉદાત્ત ભાવનાઓથી પ્રેરાઈને એક બીજા પ્રત્યે ખરેખર વફાદાર રહે છે જ." ત્યારે એ ભાઈ બોલ્યા કે "આ બધી ઉદાત્ત ભાવનાઓ નક્કર છે કે પોકળ તે તો કસોટીએ ચઢે ત્યારે જ મપાય! એક આકર્ષક વ્યક્તિ સામો પ્રેમ કરતી આવે ત્યારે કેટલી વફાદારી ટકી રહે છે તે જોવાનું છે!" મેં કહ્યું કે "આવી ઉદાત્ત ભાવનાઓ ભારતની સ્ત્રીઓમાં તો ખરેખર નક્કર છે જ. પુરુષોમાં થોડીઘણી પોકળતા છે એમ કહી શકાય ખરું. તે ભાઈએ કહ્યું: "સ્ત્રીઓમાં પણ પોકળ જ હોય છે પણ હજી તમારી સ્ત્રીઓએ આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું નથી, સંતતિનિયમનથી અજ્ઞાત છે તેથી જ તેઓ આટલી બધી વફાદારી અને પતિભક્તિ કરે છે. બાકી ખરેખર કોઈ પણ સ્ત્રી આટલી બધી ચુસ્ત રહેવા માગતી હોતી નથી! સ્ત્રી અને પુરુષ બન્ને સ્વભાવથી જ મુક્તપ્રેમમાં માનતાં હોય છે, પણ સમાજે તેમને વફાદારીની શૃંખલામાં નાખ્યાં છે તેથી આ બધું બહારનું પોલીશ છે! તમારા હિંદી સમાજમાં આ શૃંખલાને લીધે તમે અતૃપ્ત રહી જાવ છો તેથી જ તમને અમારું જીવન અજુગતું લાગે છે. બાકી તૃપ્ત માનવી બીજો તૃપ્તિ મેળવતો હોય તેથી રાજી જ થાય, તેની ટીકા કરે જ નહિ. બધી ટીકાનું મૂળ ઈર્ષ્યા તો નથી ને તે ટીકાકારોએ પ્રામાણિકપણે પોતાના અંતરાત્માને પૂછી જોવાનું છે!"

આવી આવી મુક્ત ચર્ચાઓ તો વિલાયતમાં ઠેર ઠેર સ્ત્રી પુરુષો કરે છે. સ્ત્રી અને પુરુષની સરખામણી જૂના જોડા કે જૂના ખમીસ સાથે થવા માંડી છે તેને સાંસ્કૃતિક પ્રગતિ ગણવી કે અધોગતિ? આમ કરતાં કરતાં ત્યાગ અને ભોગનાં સૂક્ષ્મ માનવમૂલ્યો છેક જ અલોપ તો નહિ થઈ જાય ને! બીજા કરે છે માટે આપણે પણ કરવું એટલે તેમાં કંઈ જ અજુગતુ નથી એવી સરળ ફિલસૂફી સ્વીકારી લીધા પછી બીજો કશો ઊંડો વિચાર કરવાનો રહેતો જ નથી! વાહ જડવાદ! સંસ્કારિતા એ તો એક વેવલાઈ છે, લાગણીવેડા છે! સ્ત્રી પુરુષની સમોવડી બની છે તે અરસપરસની પરવાનગી લેવા અને થેંક્યુ કહેવા! પતિ પોતાની પત્નીની સીગરેટ પણ "ડીયર, હું એક લઉં?" એમ પૂછીને જ લઈ શકે અને પત્ની "યસ પ્લીઝ" કહે એટલે પતિએ "થેંક્યુ વેરી મચ ડાર્લિંગ" કહેવું જ પડે. 'થેંક્યુ' ન કહો તો અહીં તો અપમાન પણ લાગી જાય છે! પતિ પત્નીએ દિવસમાં સો વાર એક બીજાને ડીયર અને ડાર્લિંગ કહ્યા કરવાનાં. વચમાં વચમાં ચુંબન પણ કરતા રહેવાનું અને ચુંબન બદલ પણ 'થેંક્યુ' તો કહેવાનું જ! આ છે વિલાયતનું રસજીવન!

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ

રજિસ્ટ્રેશન ઑફ ન્યૂસ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ રૂલ નં. ૮ ફૉર્મ IV અનુસાર 'પ્રસ્થાન' પત્ર અંગેનું નિવેદન


૧	પ્રકાશન સ્થળ	પ્રસ્થાન કાર્યાલય, પ્રાર્થના સમાજ મંદિર, રાયપુર, અમદાવાદ.
૨	ક્યારે ક્યારે પ્રસિદ્ધ થાય છે	દર મહિનાની પહેલી તારીખે—માસિક તરીકે.
૩	છાપનારનું નામ	મણિલાલ છગનલાલ શાહ
	રાષ્ટ્રીયતા (નૅશનૅલિટી)	ભારતીય
	સરનામું	ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, નૉવેલ્ટી ટૉકીઝ પાસે, ઘીકાંટા રોડ, અમદાવાદ નં. ૧.
૪	પ્રકાશકનું નામ	રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
૫	તંત્રીનું નામ	"
૬	માલિકનું નામ	"
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	૧૨ અ, ભારતીનિવાસ સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ-૬

હું, રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, આથી સોગંદપૂર્વક જાહેર કરું છું કે ઉપરની હકીકત હું જાણું છું અને માનું છું ત્યાં સુધી ખરી છે.

(સહી) રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
પ્રકાશક

તા. ૨૮-૨-૬૦

હું, રણછોડજી



આદ્યતંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

જે ગ્રાહકોનું લવાજમ ૨૦૧૬ના ચૈત્ર અંકથી પૂરું થાય છે તે ગ્રાહકોને..

'પ્રસ્થાન'નો આવતો અંક

વી. પી. પી. થી મોકલાશે

'પ્રસ્થાન'ના મોટે ભાગના ગ્રાહકો તો કારતક માસથી ગ્રાહક તરીકે નોંધાયેલા છે. પણ જેઓ વર્ષના અધવચથી ગ્રાહક થયા હોય તેમનું લવાજમ ચૈત્ર અંકથી—આ અંકથી પૂરું થશે. તેમને આવતો અંક-વૈશાખ અંક—રૂા. ૭=૧૨ ના વી. પી. થી રવાના થશે તે સ્વીકારી લેવા વિનંતી છે.

પણ અમારી તો વિનંતી છે કે અંક વી. પી. થી મંગાવવા કરતાં આપ આપનું લવાજમ મ. ઓ. થી યા ચેકથી મોકલી આપશોજી. વી. પી. કરાવવાથી નવ આનાનો ખર્ચ વધુ આવે છે; વળી વી. પી. વાળો અંક બેચાર દિવસ મોડો પણ મળે છે એટલે આપ આપનું લવાજમ તા. ૨૫–૪–૬૦ સુધીમાં મળે એમ મોકલી આપશોજી. ત્યાં સુધીમાં આપનું લવાજમ નહીં મળી જાય તો તા. ૧–૫–૬૦ ની આસપાસ રૂા. ૭=૧૨ નું વી. પી. કરીશું તે સ્વીકારી લેવા વિનંતી છે.

જેમની ઈચ્છા ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ન હોય તેમણે, તે મુજબ લખી જણાવવું. પરદેશના ગ્રાહકોને વી. પી. થતાં નથી માટે તેમણે પોતાનું લવાજમ રૂા. ૯=૦૦ (અને જો પાછલું બાકી નીકળતું હોય તો તે પણ) પોસ્ટલ ઓર્ડરથી (ક્રોસ કરવા નહીં) યા ચેકથી યા મ. ઓ. થી મોકલી આપવું.

આવતા વર્ષ દરમ્યાન (૧) સ્વામી આનંદના લેખો, (૨) રાજકારણ, અર્થશાસ્ત્ર, કેળવણી વિષયક પ્રશ્નોની ચર્ચા કરતો વિભાગ **પાડોશી સાથે વાતચીત**, (૩) શ્રી. કાન્તિલાલ ગાંધી લિખિત **અમેરિકાની વાતો** વગેરે અપાશે.

ગ્રાહકોને વિનંતી છે કે તેઓ પોતાનું લવાજમ રૂા. ૬=૫૦ મ. ઓ. કરી તરત મોકલી આપે.

પ્રસ્થાન કાર્યાલય
રાયખડ : અમદાવાદ
૩૦–૩–૬૦

વ્યવસ્થાપક

આપ ગ્રાહક તરીકે ચાલુ રહી આ પ્રવૃત્તિને સહકાર આપશોજી.

: હવે પછીના છ માસ દરમ્યાન પ્રસિદ્ધ થશે :

ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છનું નવું રાજ્ય 'ગુજરાત' રચાય તે પ્રસંગે બહાર પડનાર ખાસ અંક

આરોગ્યઅંક **આઝાદીઅંક** **દીવાળીઅંક**

પ્રસ્થાન લવાજમ : હિંદમાં રૂા. ૬=૫૦ પરદેશના રૂા ૯=૦૦

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૬૯ ચૈત્ર : ૨૦૧૬ અંક ૬

ભારત – આજ અને આવતીકાલ

પં. જવાહરલાલ નેહરૂ

આપણે ભાવિ સામે મીટ માંડવી જોઈએ અને તે માટે હેતુપૂર્વક, શ્રદ્ધાથી અને ઉત્સાહથી કાર્ય કરવું જોઈએ. સાથેસાથ આપણે આપણા ભૂતકાળના વારસાને જાળવી રાખવો જોઈએ. અને તેમાંથી પોષણ મેળવવું જોઈએ. પરિવર્તન આવશ્યક હોય છે એ ખરું; પણ સાતત્ય પણ જરૂરનું હોય છે. ભૂતકાળમાં અને વર્તમાનમાં નાખવામાં આવેલા પાયા પર ભાવિની રચના કરવાની હોય છે. ભૂતકાળને નકારવો અને એની સાથેનો સંબંધ સાવ તોડી નાખવો એટલે આપણી પોતાની જાતનાં મૂળિયાં ઉખેડી નાખવાં અને પોષણ વિનાના થઈને કરમાઈ જવું. ગાંધીજીનો ગુણ એ હતો કે તે આપણી પ્રજાની અને આપણા દેશની સમૃદ્ધ પ્રણાલિકાઓમાં દૃઢમૂલ થઈને ઊભા રહેતા અને સાથેસાથ ક્રાંતિની ભૂમિકાએ કાર્ય કરી શકતા. પોતે જેને જૂના જમાનાના થઈ ગયેલા ગણતા હોય તેવા અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો તેમને સ્વીકાર કરવા અથવા કોઈક પ્રકારના પ્રણાલિકાવાદને તેમને ટેકો આપતા અને પ્રત્યાઘાતી બળોને પ્રોત્સાહન પણ આપતા જોઈને ઘણા માણસો એમની ટીકા કરતા; અને છતાં જે કોઈ એમની પ્રવૃત્તિના વિશાળ વ્યાપને તપાસે છે તે એમનાં ક્રાંતિકારી પરિણામોને જોઈને આશ્ચર્યમુગ્ધ થયા વિના રહેતા નથી. એ પરિણામોને રાજકીય ક્ષેત્રમાં જોઈએ કે સામાજિક ક્ષેત્રમાં જોઈએ, પણ આપણે સંઘર્ષની પાશ્ચાત્ય પ્રણાલીમાં ઊછર્યાં હોવાથી એને પિછાણતાં આપણને કંઈક તકલીફ પડે છે. ગાંધીજી જાણતા હતા કે સાચી ક્રાંતિ તત્ત્વતઃ સામાજિક હોવી જોઈએ. ગાંધીજીની પહેલાં અનેક ઉત્તમ સુધારકો આવી ગયા અને થોડાઘણા નાના નાના ફેરફારો કરવાના કે નવો સંપ્રદાય રચવાના કાર્યમાં ફાવ્યા પણ ખરા; પણ ગાંધીજીએ રામરાજ્યની પરિભાષામાં વાતો કરતાં કરતાં ને શું થઈ રહ્યું છે તેની લોકોને પૂરી ખબર પણ ન પડે તેવી રીતે કરોડો કુટુંબોમાં ક્રાંતિ કરી નાખી. એમણે જ્ઞાતિસંસ્થાની જ્ઞાતિસંસ્થા તરીકે ભાગ્યે જ નિન્દા કરી હશે; (જો કે પોતાના આયુષ્યના છેવટના ભાગમાં એમણે કંઈક અંશે એમ કરેલું ખરું;) પણ દલિતો અને અસ્પૃશ્યોના ઉદ્ધાર માટેનો આગ્રહ સેવીને એમણે આખી જ્ઞાતિસંસ્થાના પાયા હચમચાવી નાખ્યા; અને આ કામ તેમણે ઈરાદાપૂર્વક અને પરિણામોનો પૂરેપૂરો ખ્યાલ રાખીને કર્યું. રાજકીય પ્રવૃત્તિની જે પદ્ધતિ તેમણે અપનાવી તેને લીધે તેમણે લાખો અને કરોડો મનુષ્યોમાં ચેતનાનો સંચાર કર્યો. એમના મનમાંથી ભયને કાઢી નાખ્યો અને એમનામાં સ્વમાન અને સ્વાશ્રયની ભાવનાને જાગૃત કરી. એમણે વિશિષ્ટ અધિકાર વિનાના અને ગરીબીમાં ડૂબેલા વર્ગ પર જે ભાર મૂક્યો તેને લીધે એમણે આપણને સૌને સામાજિક ન્યાયની દૃષ્ટિએ

વિચાર કરતા કરી દીધા. અને આ બધું એમણે શાન્તિથી અને અનુમિલ રીતે, સંઘર્ષન ભાવને મોટે ભાગે ટાળી દઈને કર્યું. સૌથી વિશેષ તો એ છે કે એમણે સત્ય પર અ શાન્તિમય સાધનો પર ભાર મૂક્યો. સત્ય તો બેશક, એમને માટે જીવનનું અપરિહા તત્ત્વ જ બની ગયું. એમની ગતિમાન કાર્યશીલતા હમેશાં સત્યની સાથે જ સંકળાયેલી રહેતી આમ કરીને એમણે જે મૂળગત સિદ્ધાન્તોએ ભૂતકાળમાં આપણી પ્રજાના જીવનને સમૃ બનાવ્યું હતું તેની સ્મૃતિને આપણી પ્રજાના મનમાં તાજી કરી. આમ એમણે પુરાતન પાય પર નિર્માણ કર્યું અને સાથેસાથ ભાવિ તરફ દૃષ્ટિ રાખીને ઈમારતની રચના કરી. પોતાન કેટલાક અર્થવ્યવસ્થાના કે બીજા સિદ્ધાન્તોનો અર્વાચીન વિચારોની સાથે મેળ મળતો નહોતે કે એ સિદ્ધાન્તોનું થોડુંઘણું પ્રાસંગિક મહત્ત્વ જ હતું એ હકીકત એમને મૂંઝવતી નહોતી ગાંધીજી બદલાતી જતી પરિસ્થિતિને અનુકૂળ થવાને હમેશાં તૈયાર રહેતા, શરત માત્ર એટલી કે પાયો સાબૂત હોવો જોઈએ.

ગાંધીજી ભૂતકાળને વર્તમાનની તેમ જ ભવિષ્યની પણ સાથે કેવી રીતે સાંકળી શક્યા તે મને હમેશાં આશ્ચર્યકારક લાગ્યું છે. અને એ આ કરી શક્યા તેથી તેઓ પ્રજાને જરા પણ અટક્યા વિના એકેક ડગલું ભરાવતાં ભરાવતાં આગળ વધારી શક્યા અને સંઘર્ષને સારી પેઠે ટાળી પણ શક્યા. એમણે આપણને સૌથી વિશેષ મહત્ત્વનો જે પાઠ શીખવ્યો કે નવેસરથી સંભારી આપ્યો તે સાધનોના મહત્ત્વનો હતો. સાધ્ય પોતે પોતાની મેળે કદી પણ પર્યાપ્ત થતું હોતું નથી; કારણ કે જે સાધનો દ્વારા એ સિદ્ધ થયું હોય તેની અસર તેના પર પડ્યા વિના રહેતી નથી. આ સિદ્ધાન્તમાં અને ગાંધીજીની કાર્યપદ્ધતિમાં જો કોઈ મૂલગત સત્ય રહ્યું હોય તો આપણે પણ એમણે નાખી આપ્યા છે તે પાયા પર જ ઈમારત ચણવી જોઈએ. આનો અર્થ એ નથી કે એમણે જે કાંઈ કહ્યું હોય કે કર્યું હોય, અને જે આપણા અસ્તિત્વની એક ભૂમિકાએ અનુકૂળ થયું હોય પણ જેની યોગ્યતા આજે કરી રહેવા પામી ન હોય તે બધાંનું આપણે આંખ મીંચીને અનુકરણ કર્યા કરીએ. આપણે બદલાતી જતી પરિસ્થિતિને અનુકૂળ થવાનું પણ હોય છે. પણ માર્ગદર્શન તો આપણે મૂળભૂત સિદ્ધાન્તો પાસેથી જ મેળવવાનું ચાલુ રાખવું જોઈએ.

* * *

આજનું ભારત આશા અને યાતનાનું, નોંધપાત્ર આગેકૂચનું અને સાથેસાથ નિશ્ચલતાનું, કોઈ નવા જ ખમીરનું અને ભૂતકાળના અને વિશિષ્ટાધિકારોના નિષ્પ્રાણ બોજાનું, વધતા જતા ઐક્યનું અને છિન્નભિન્નતા તરફ લઈ જનાર અનેક વૃત્તિઓનું અત્યંત મિશ્ર ચિત્ર રજૂ કરે છે. એના પેટાળમાં લોકોના મનમાં અને ક્રિયામાં મહાન ચૈતન્ય અને સ્ફૂર્તિ ચાલી રહ્યાં છે. કદાચ, આપણે જે આ અહોરાત્ર બદલાતા જતા દૃશ્યની વચમાં ઊભા છીએ તે જે કંઈ થઈ રહ્યું છે તેનું પૂરેપૂરું રહસ્ય હમેશાં ન પણ સમજીએ. ઘણી વાર બહારનાં માણસો આ પરિસ્થિતિનો વધારે સાચો ક્યાસ કાઢી શકે છે.

એ નોંધપાત્ર વસ્તુ છે કે જે દેશ અને જે પ્રજા દૂરદૂરના ભૂતકાળમાં મૂળિયાં નાંખીને પડ્યાં છે, જેણે ભૂતકાળમાં પરિવર્તનનો અસાધારણ પ્રતિકાર કર્યો છે તે અત્યારે ઝડપભેર અને દૃઢ ગતિએ આગેકૂચ કરી રહ્યાં છે. આપણને એવું ભાન ન હોય તો પણ આપણે ભારતમાં ઈતિહાસનું સર્જન કરી રહ્યાં છીએ.

વર્તમાન પેઢીના પરિશ્રમ અને મથામણમાંથી શું નીકળશે? આવતીકાલનું ભારત કેવું હશે તે હું કહી શકતો નથી. હું તો માત્ર મારી આશાઓ અને આકાંક્ષાઓ જ વ્યક્ત કરી શકું. સ્વાભાવિક રીતે જ મારે જોઈએ છે કે ભારત ભૌતિક કક્ષા પર વિકાસ સાધે, પોતાની વિશાળ વસ્તીના જીવનધોરણને ઊંચું લાવવા માટેની પોતાની પંચવર્ષીય યોજનાઓને સફળ કરે. મારે જોઈએ છે કે ધર્મ કે નાતજાત, ભાષા કે પ્રાંતને નામે ચાલતા આજના સંકુચિત સંઘર્ષો શમી જાય અને જ્યાં પ્રત્યેક વ્યક્તિને પોતાની મૂલ્યવત્તા અને શક્તિ અનુસાર વિકસવાનો પૂરેપૂરો અવકાશ મળે એવી વર્ગવિહીન, જ્ઞાતિવિહીન સમાજરચનાની સ્થાપના થાય. ખાસ કરીને હું એવી આશા રાખું છું કે જ્ઞાતિવાદના શાપનું વિમોચન થશે કારણ કે જ્ઞાતિવાદની ભૂમિકા પર ન તો લોકશાસન નભી શકશે, ન તો સમાજવાદ આવી શકશે . . . . .

આવતીકાલનું ભારત, એને આપણે આજના પરિશ્રમથી જેવું બનાવીશું તેવું હશે. મને મુદ્દલ શંકા નથી કે ભારત ઔદ્યોગિક રીતે તેમ જ બીજી રીતે પ્રગતિ કરશે, એ વિજ્ઞાન અને ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં આગળ વધશે, આપણા લોકોનું જીવનધોરણ ઊંચે આવશે, શિક્ષણનો પ્રસાર થતો જશે, આરોગ્ય માટેની પરિસ્થિતિ વધારી સારી થશે અને કલા અને સંસ્કૃતિ લોકોના જીવનને સમૃદ્ધ બનાવશે. દૃઢ નિશ્ચય અને શુભનિષ્ઠ હૃદય સાથે આપણે આ યાત્રાએ નીકળ્યાં છીએ, અને મંજિલ ગમે તેટલી દૂર હોય તો પણ આપણે આપણી યાત્રા પૂરી કર્યા વિના રહીશું નહિ.

પણ મને જે ચિંતા છે તે માત્ર આપણી આધિભૌતિક પ્રગતિની જ છે, એવું નથી; આપણા લોકોની ગુણવત્તા અને ગહનતાની પણ છે. ઔદ્યોગિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રભુત્વ મેળવીને શું તેઓ વ્યક્તિગત સમૃદ્ધિ અને એશઆરામભર્યા જીવનની શોધમાં પોતાની જાતને ખોઈ બેસશે? એ તો અત્યંત દુઃખદાયક હશે, કારણ કે ભારત ભૂતકાળમાં અને મને લાગે છે કે વર્તમાનમાં પણ (ગાંધીજી દ્વારા જેવું દષ્ટાન્ત મળ્યું છે તે પ્રમાણે) જેને વળગી રહ્યું છે, તેનો એ ચોખ્ખેચોખ્ખો ઈન્કાર હશે. સત્તા જરૂરની છે, પણ ડહાપણ સવિશેષ આવશ્યક છે. સત્તા સાથે ડહાપણ ભળ્યું હોય તો જ તે સારી ગણાય.

આપણે સૌ આજે હક્કોની અને વિશિષ્ટાધિકારોની વાતો કરી રહ્યાં છીએ અને માગણી કરી રહ્યાં છીએ. પણ પ્રાચીન ધર્મનો ઉપદેશ તો ફરજો અને કર્તવ્યો વિષેનો હતો. બજાવેલાં કર્તવ્યોને પગલે પગલે હક્કો આવતા જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને આ મન અને આત્માના વિકાસની સાથે આપણે જોડી શકીશું ખરા? વિજ્ઞાનને આપણે બેવફા ન થઈ શકીએ, કારણ કે એ આજના જીવનની મૂલગત હકીકતનું પ્રતિનિધિ છે. અને પેલા તાત્વિક સિદ્ધાન્તો, જેને માટે ભારત ભૂતકાળમાં યુગોના યુગોથી ખડું રહ્યું છે તેને તો આપણાથી બેવફા થઈ શકાય જ નહિ. તો ચાલો, આપણે આપણા સર્વ સામર્થ્ય અને શક્તિપૂર્વક ઔદ્યોગિક પ્રગતિને આપણે માર્ગે આગળ ધપીએ અને સાથોસાથ એ પણ યાદ રાખીએ કે સહિષ્ણુતા, દયા અને ડહાપણ વિનાની ભૌતિક સમૃદ્ધિ કરતાં ધૂળ અને રાખ સારાં છે. આપણે એ પણ યાદ રાખીએ કે "ધન્ય છે શાન્તિ સર્જકો."

[નેશનલ બુક ટ્રસ્ટનું પુસ્તક : "ભારત—આજ અને આવતીકાલ" લે : જવાહરલાલ નેહરુ
અનુવાદક : મનસુખલાલ ઝવેરી. કિં. ૭૫ નયા પૈસા—માંથી સાભાર ઉદ્ધૃત]

卐

પાડોશી સાથે વાતચીત – ચર્ચા

૧. લોકની નીતિ.

૨. વિભાજનનું ભાપણ

૩. ખનીજ અને પુરાતત્ત્વ

૪. રાજનગરનું સ્થળ

પ્રશ્ન : કોઈ કોઈ વાર મધ્યસ્થ સરકારના પ્રધાનો પણ * એવી ફરિયાદ કરે છે કે અમે શું કરીએ ? લોકોની નીતિ જ એટલી બધી બગડી ગઈ છે કે કશું યે ચોખ્ખું,–સેળભેળ વિનાનું ચોખ્ખું મળે જ નહિ !

ઉત્તર : હા, થોડા દિવસ પહેલાં એક છાપામાં વાંચ્યું હતું કે કોઈ પરદેશી લેખકે આપણા દેશ વિશે એવી ટીકા કરી છે કે ભારતમાં આપઘાત કરવા ચોખ્ખું ઝેર પણ મળતું નથી ! × ક્યાંક કહ્યું છે ને કે–ખરાબમાંથી પણ સારું પરિણામ આવે ! એનો આ દાખલો. આપણા વેપારીઓની સેળભેળ કરવાની નીતિ (!) થી કોઈકનો જીવ બચી ગયો ! આવા

---

* New Delhi, March 9:

" There is hardly any foodstuff in the country that is not adulterated, and this is my personal and Governmental experience," the Health Minister, Mr. Karmarkar, told the Rajya Sabha today.

Mr. Karmarkar who was replying to a barage of questions about adulteration of foodstuffs said that this state of affairs reflected on the character of the people and he was sorry to say this, but the problem could be tackled only by all-round efforts to raise character and moral standards. Governmental efforts to check adulteration could only have a limited effect, he added.

—Times of India, March 10, 1960

—સંચાલક

× 'ટાઇમ્સ ઑફ ઇંડિયા' તા. ૧૩–૩–૬૦ રવિવાર : " In Search of Purity "

" Mr. Alexander Campbell, author of that widely and rightly criticised book, *Heart of India*, has a rather amusing story to tell of a young man in this country who could not find himself a job. *In the end poverty drove him to desperation;* and he went to a chemist's shop and bought himself a quantity of poison. At home in the evening this poison was mixed in the meal the wife had prepared, and eaten by the entire family. After that, they all lay down to await their end—only to get up hale and hearty next morning. The explanation? The poison was adulterated."

—સંચાલક

ઘણા ફાયદાઓ આપણા દેશને હાલ થઈ રહ્યા છે! લોકોને સંતોષ આપે એવી સરકાર હોત તો આપણને અત્યારે જે છિદ્રો શોધવાની કરામત આવડી ગઈ છે તે ક્યાંથી આવડત? સરકારની ટીકા કરવાની જે બહાદુરીભરી હિંમત આપણે અત્યારે બતાવીએ છીએ તે શી રીતે બતાવી શકાત? એટલે, લોકોની બગડી ગયેલી કે ઊતરી ગયેલી નીતિ પણ એના પોતાના અનોખા લાભ વિનાની તો નથી જ. અત્યારની પરિસ્થિતિમાં વેપારીઓ અને અમલદારો (અને મોટા ભાગના પક્ષનેતાઓ) પોતપોતાની અનોખી રીતે જે લાભો ઉઠાવી રહ્યા છે તે લોકોની નીતિ જો ચોખ્ખી હોત તો શી રીતે તેમને મળત? આપણને આપણા સામ્યવાદી મિત્રો હમેશાં શીખવતા આવ્યા છે કે સમાજમાં વર્ગો પોતપોતાના લાભ અને સ્વાર્થમાં જ મચી રહ્યા છે, અને તવંગર લોકો-જેમાં વેપારીઓ અને અમલદારો (અને મોટા ભાગના પક્ષનેતાઓ) બન્નેનો સમાવેશ કરવો જોઈએ-તેઓને પોતાના પૈસાના બળ ઉપરાંત પોતાનાં વર્ગીય નીતિ અને ધર્મનું પણ બળ હોય છે. એટલે અત્યારે જો જૂનાં ધર્મ અને નીતિ પાછાં પડે તો તેમાંથી એક ફાયદો તો ખરો જ કે પહેલાં જે પૈસાના પ્રવાહો અમુક જૂના વર્ગો તરફ જ વહેતા હતા તે હવે નીતિ અને ધર્મના બગડી જવાથી એ જૂની દિશાઓમાં ન બંધાઈ જતા, લાયસન્સ મેળવવા વગેરેની ગમે તે દિશામાં-બંધન વિના વહી શકે છે અને તેથી જેને એ લાભ લેતાં આવડે છે એને એ લઈ લેવામાં હવે ધર્મ કે બંધન આડે આવતાં નથી! જો ધર્મ અને નીતિનો ભાર અંતઃકરણ ઉપર રહે તો રાજકીય ક્ષેત્રોમાં જેઓ અત્યારે સત્તાના મધ્યબિંદુ ઉપર અને એનાં વર્તુલોમાં રહે છે અને હરેફરે છે તેમાંના કેટલા આ સુખ ભોગવી શકત? એક દાખલો જૂનવાણી સત્યનો જ લઈએ. જે પક્ષ અને ખાસ કરીને તેના નાયકો થોડા સમય પહેલાં દ્વિભાષી મુંબઈ રાજ્યના વિભાજનને કોઈક મોટું પાપ કે અનિષ્ટ સમજતાં હતાં તેઓ જાણે કે કોઈ દિવસ આવો સ્વપ્ને પણ ખ્યાલ કર્યો ન હોય તેમ અત્યારે તેના પ્રશંસકો બની ગયા છે! તે જો સત્યનો આગ્રહ હોત તો ક્યાંથી બનત? અને પ્રજાને નવા ગુજરાત કે મહારાષ્ટ્રનાં રાજ્યોમાં, એમને જ ટકાવી રાખી, દેશની હજી વધારે સેવા કરવાની તક આપવાની ભાવના ખીલવવાના પુરુષાર્થનું બળ એમને ક્યાંથી મળત? કેટલીક સ્મૃતિઓ જ બહુ મૂંઝવણ કરનારી હોય છે. જો લોકોએ '૫૬ ની સાલથી તે હમણાં સુધી વિભાજનનો વિરોધ જ કર્યો કર્યો એમનું એ સત્ય એમને અત્યારે યાદ કરાવો તો કેટલું કઢે? એટલે, સત્તાધારી પક્ષ જે દેશકાળમાં જે ઘડીએ જે કહે તે સત્ય, અને તે નીતિ, અને તે સદાચાર—એમ મનાવવાનો દંડો ફરતો જ હોય ત્યાં સત્ય-અસત્ય, નીતિ-અનીતિ, સદાચાર-દુરાચાર, ભેળસેળ અને ચોખ્ખું—એ બધું 'દંડ'સાપેક્ષ છે! શું એ લોકો આપણને એમ ન કહી શકે કે જો બધું ચોખ્ખું આપવાનો જ આગ્રહ રાખ્યો હોત તો પેલો આપઘાત કરવા ગયેલો માણસ કેવી રીતે બચી શકત? એમ જો એ ન કહે તો આપણે કહેવું જોઈએ કે તે હજી એટલા જૂનવાણી છે! તદ્દન નવા યુગના કે ભાવી યુગના નથી!

પ્રશ્ન : આ તો અવળવાણી થઈ! પણ મધ્યસ્થ સરકારનો કોઈ પ્રધાન આમ હાથ ધોઈ નાખે એ કેમ ચાલે? આમાં કાંઈ સરકારી જવાબદારી નથી?

ઉત્તર : મધ્યસ્થ સરકારનો પ્રધાન હાથ ધોઈ ન નાખે તો શું કરે? મેલા રાખે! સરકારી જવાબદારીની ખૂબી જ એ છે કે વ્યક્તિને કશું અડે – આભડે જ નહીં! સરકારનાં કાર્યો, સરકારની નીતિ, સરકારનાં ધોરણો, એ બધું બિનઅંગત જ હોય છે! અને સરકાર

જે કાંઈ કરે તેમાં લોકોની ભાગીદારી અને જવાબદારી તો હોય છે જ. એટલે જ્યારે કોઈ પ્રધાન વ્યક્તિને શું કરવું એ ન સૂઝે ત્યારે એની જવાબદારી લોકો ઉપર સહેલાઈથી નાખી શકાય। કારણકે એમાં કોઈ વ્યક્તિને અડે – આભડે નહીં. તમે એમ કહો કે સરકાર એવા કાયદાઓ કરે છે અને છાશવારે અને છાશવારે એવા બદલે છે કે લોકોને ધીરજ રહે એવું કોઈ પણ આલંબન રહે નહીં અને તેથી તે ગમે તેમ વર્તે. આ વાત ખરી હશે — ખરી છે એમ પણ તમે કહેશો. પણ આપણાથી સરકારને કાંઈ એમ કહેવાય કે કાયદા ન કરશો ? અને અગત્ય પડે તો પણ છાશવારે અને છાશવારે તે ન બદલશો ? આ પરિસ્થિતિથી પ્રજા મૂંઝાય, અને મૂંઝવણના માર્યા નીતિ – અનીતિ ભૂલી જાય અને પછી નીતિ – અનીતિ જેવો કોઈ ભેદ છે કે નહીં એ પણ ભૂલી જાય એમ પણ થાય। એવું નિદાન શું એવો કદાચ પ્રશ્ન થાય. તો એનો ઉત્તર તો अंधेन नीयमाना यथान्धाः। [આંધળો આંધળાઓને દોરી રહ્યો છે] એમાં જ દેખાય. પણ તેથી આપણે લોકો જે આંધળા છીએ તે આપણામાંના એક આંધળાને, કે જે નાયક થાય છે તેને તેના આંધળાપણા માટે કેમ દોષ આપી શકીએ ? એટલે છેવટે તો, આપણે દેખતા થઈએ અને કોઈ દેખતાને જ નાયક બનાવીએ તો જ આ અંધ વર્તુળમાંથી બહાર નીકળીએ. આખરે તો આપણે આપણો પોતાનો જ દોષ જોવો રહ્યો અને પેલા પ્રધાનસાહેબે જે અફસોસ – ઉદ્‌ગાર કાઢ્યો હોય તેની સાથે આપણે બધાએ ભેગો અફસોસનો ઉદ્‌ગાર કાઢવો જોઈએ. ટૂંકામાં, પ્રજા જો જાગ્રત ન થાય અથવા તેને કોઈ દેખતો અને જાગતો નાયક દોરનાર ન મળે તો અત્યારે જે બની રહ્યું છે તેમાં કંઈ હર્ષ – શોક કરવા જેવું નથી।

પ્રશ્ન : ડૉ. જીવરાજ મહેતાએ મુંબઈની ધારાસભામાં કરેલું ભાષણ કેવું લાગ્યું ?

ઉત્તર : સારું લાગ્યું। આખરે એક કૅાંગ્રેસ–આગેવાનોએ એમના મનમાં ભરાઈ રહેલા ભાવોને સ્પષ્ટ વાચા આપી તે સારું કર્યું. પણ ઘણી વાર એવું બને છે કે જે સત્ય સામાન્ય માણસોને બહુ વહેલાં સમજાય છે તે વિશિષ્ટ માણસ મોડા સમજે છે। અથવા કદાચ એનો એકરાર મોડો કરે છે। પણ સ્ટેટસમેનની એ વ્યાખ્યા નથી કે સામાન્ય માણસને દેખાય એના કરતાં વધારે સ્પષ્ટ રીતે એને ઘટનાઓ દેખાવી જોઈએ ! એમણે ડાંગની ભાષા વિશે જે કહ્યું એ તો એ પહેલાં ભાષાશાસ્ત્ર જાણનારા અને નહીં જાણનારા એવા ઘણાઓ કહી ચૂક્યા હતા. છતાં એ કહેનાર તરફ સત્તાધારી પક્ષની કેવી કરડી નજર થતી હતી ! મુંબઈ રાજ્યમાંથી મહારાષ્ટ્રીય બંધુઓ આપણને કાઢી મૂકવા માગે છે એ સત્ય આટલું મોડું મોડું પણ કહેવાય છે એ સારું છે। ઘણા સામાન્ય માણસોને '૫૬ના ઓગસ્ટ પહેલાં આ હકીકત સમજાઈ ગઈ હતી અને તેથી ગુજરાતની આર્થિક પરિસ્થિતિની બાબતમાં ચિંતા હોવા છતાં, એની સંકડામણની જાણ હોવા છતાં, આ વાતો ખાઈને રહેવાનું એમને ગમતું ન હતું। '૫૬માં જ એ હકીકત તો સ્પષ્ટ થઈ ગઈ હતી કે ગુજરાતને મુંબઈ રાજ્યમાંથી કાઢી મહારાષ્ટ્ર બનાવવાની બાબતમાં મહારાષ્ટ્રના કૉંગ્રેસપક્ષ અને બીજા બાકીના પક્ષો વચ્ચે કોઈ મતભેદ હતો જ નહીં. આ વાત આપણા રાજદ્વારી આગેવાનો નહીં જાણતા હોય એમ તો કહેવાય જ નહીં. તો પછી '૫૬ ના ઓગસ્ટથી ગુજરાતને માથે આટલી બધી યાતનાઓ શા માટે ગુજરી—એ પ્રશ્ન હજુ કોઈ કદાચ ન પૂછે, પણ ઇતિહાસમાં

વૃદ્ધ પર્વત છે, હિમાલય કરતાં ઘણો વધારે વૃદ્ધ એમ ભૂસ્તરવિદો કહે છે. આ બધાથી જો ગૌરવ લેવાનું હોય તો અમે સાબરવાસીઓ પણ ગૌરવ લઈએ!

પણ બીજી બાજુએ શ્વભ્રમતીના શ્વભ્રનો નરક અથવા નરક જેવું સ્થળ એવો પણ અર્થ થાય છે. તેથી સાબરવાસીઓ એટલે આદિ માનવીઓ નહીં તો પણ અમે જંગલીઓ તો ખરા જ. અને જંગલી લોકોના ગુણ-દોષો સંસ્કૃતિઓના આટલા બધા યુગો પછી પણ કદાચ ખરું બદલાયા ન હોય! ક્યાંક એવું પણ સાંભળ્યું છે કે શ્રીકૃષ્ણને સૌરાષ્ટ્રમાંથી ઇન્દ્રપ્રસ્થ જતાં કે આવતાં આ શ્વભ્રવાસીઓએ મૃત્તિકાવતી આગળ લૂંટી લીધા હતા! એટલે એક રીતે જેને 'વર્જિન સોઈલ' કહીએ એવો આ મુલક છે! તેથી ગુજરાતનું નવું પાટનગર અહીં થાય એ વિધિના અનેક ચમત્કારોમાંનો એક ચમત્કાર છે એમ લાગે!

સાબરમતીના કાંઠા ઉપર અમદાવાદના વિસ્તારમાં પહેલી જાણીતી વસાહત એ આશા ભીલનું આશાવળ. એનું સ્થાન હાલ જ્યાં કેલીકો મિલ છે અને આસ્ટોડિયા છે અને ઢાળની પોળ છે એ બાજુ કેટલાક સંશોધકો જુએ છે. બીજી વસાહત એટલે કર્ણાવતી નગરી. હકીકતમાં તો એ આશાવળની જૂની વસાહતનો ઉત્તર બાજુએ વિસ્તાર છે અને સાબરને પશ્ચિમ કાંઠે કોચરબ, પાલડી વગેરે ગામો છે એ બાજુ પણ એ વસાહત વધી હશે. સરદારપૂલ બંધાયો ત્યારે સાબરમતીનાં પશ્ચિમ કાંઠે જે ખોદકામ થયાં એમાંથી ઘણા એવા ખંડિયેરો નીકળ્યાં હતાં કે જેને એ કર્ણાવતીના અવશેષો માનવાનું વિદ્વાનોને મન થાય. હમણાં થોડા મહિના પહેલાં સેશન્સ કોર્ટના કમ્પાઉન્ડમાં નવાં મકાનો માટે પાયા ખોદતાં કેટલાક ખંડિયેરો નીકળ્યાં હતાં કે જે કોઈ જૈન મંદિરનાં હોય એવાં લાગતાં હતાં. આ કર્ણાવતીની વસાહતને જ ઉત્તર બાજુએ લંબાવીને અહમદશાહે અહમદાબાદ બાંધ્યું હોય એમ લાગે છે. હવે એ અહમદાબાદ ઉત્તરમાં વિસ્તરી ગાંધીનગર થશે અગર જેમ પહેલાંના નગરસ્થાપકો સ્વતંત્ર રીતે પોતે નવી વસાહતો સ્થાપતા અને પછી તે જેમ જૂની વસાહતો સાથે જોડાઈ જતી તેમ નવું ગાંધીનગર એ અહમદાબાદ સાથે સંધાઈ રાજનગર થશે. જો કે ભિન્નમાલ-શ્રીમાલથી અણહિલવાડ પાટણ અને અણહિલવાડ પાટણથી અહમદાબાદ એમ પાટનગર દક્ષિણ દિશામાં સરી જવાનું વલણ દેખાય છે; તો પણ આ અહમદાબાદની બાબતમાં વલણ દક્ષિણથી ઉત્તર તરફ વિસ્તરવામાં લાગે છે. એમ તો ગુજરાતની પ્રજાએ દક્ષિણે મુંબઈમાં પોતાનું ધામ કર્યું, પણ હાલના સંજોગોમાં એને પાછું ઉત્તર તરફ આવવું પડે છે!

પણ હકીકતમાં આ જાતના વિચારો હવે કાલબાધિત છે, કારણ કે આપણો દેશ તો ભારત છે. તેથી ભારતના જે ભાગમાં આપણે જઈએ તે આપણો જ મુલક છે, —એ જ સાચી ભાવના છે. તેમજ ભારતના બીજા કોઈ ભાગમાંથી જે કોઈ અહીંઆ આવે અને વસે તેનો જ આ મુલક છે. ગુજરાતનું રાજ્ય એ તો એક વહીવટી સગવડ છે, બાકી એ કોઈ રાજ્ય નથી. રાજ્ય તો ફક્ત ભારત જ છે. આ પ્રદેશમાં જે કાંઈ કહ્યું એ તો ઇતિહાસની જુદી જુદી અવસ્થાઓ મુલવવા પૂરતું જ છે. અને એમાં એક જાતની રમૂજ છે.

卐

કિશોરલાલ મશરૂવાળા

[એક જીવન પ્રસંગ]

'જયભિખ્ખુ'

દીવા ખુશી અને ગમ બન્નેના હોય છે.

સ્વાતંત્ર્ય દિનના દીવા જોયા ત્યારે અમને ખુશી થઈ, પણ ગમ પણ થયો.

ખુશી એ માટે થઈ કે આખરે આપણું ભલું કે ભૂંડું કરવાની સ્વતંત્રતા આપણને સાંપડી જ ગઈ! ગમ એ માટે થયો કે, આ સ્વતંત્રતા જેઓના હાડ, ચામ અને રક્તનાં બલિદાનમાંથી આવી એને આપણે સાવ ભૂલી ગયા. માણસને ભૂલી જઈએ, એ સાવ સ્વાભાવિક છે, પણ માણસના સતને ભૂલી જઈએ એ મોટી બિના છે.

આજે એમ લાગે છે કે એ માણસો ચાલ્યા ગયા; સાથે એમનાં સત, તપ ને એમની વૈભવી ગરીબાઈ પણ ચાલી ગઈ.

એક પુણ્યકથા અત્યારે અમને યાદ આવે છે. ઈ. સ. ૧૯૩૪ની વાત છે. એ વખતે સાબરમતીનો આશ્રમ સૂનો પડતો ચાલ્યો હતો, અને વર્ધા આશ્રમ વસતો જતો હતો. પૂ. મહાત્મા ગાંધીજીએ ત્યાં નિવાસ કર્યો હતો. ગાંધીજીની સાથે આત્મીય બનીને રહેતા લોકો ત્યાં આવી ગયા હતા. શ્રી. કાકાસાહેબ ત્યાં વસવાનો વિચાર કરતા હતા. આ વખતે શ્રી. કિશોરલાલ મશરૂવાળાએ પણ ત્યાં જઈ ને નિવાસ કર્યો.

આપણા દેશમાં વૈશ્ય ઋષિતુલ્ય બિરુદ પામનાર શેઠ જમનાલાલ બજાજ આ સર્વેને અહીં વસાવવામાં કારણભૂત હતા. શ્રી. જમનાલાલ બજાજ આ વખતે ગાંધી સેવા સંઘ નામની એક સંસ્થા ચલાવતા હતા. થોડાક સેવકો આ સંઘમાં પોતાની રીતે અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા, ગ્રામોદ્યોગ વગેરેનું કામ કરતા હતા. શ્રી. જમનાલાલ બજાજે આ સંઘને વિશાળ રૂપ આપવાનો અને ગાંધી વિચારસરણીને સત્ય અને અહિંસાને વરીને કામ કરનાર લોકોને એમાં સમાવવાનો નિરધાર કર્યો.

ગાંધી સેવા સંઘની પુનર્રચનાના વિચાર સાથે પ્રથમ પ્રશ્ન એ થયો કે આ સંઘના પ્રમુખ તરીકે કોની વરણી કરવી? કોઈ ગાંધીવાદનો પરમ અભ્યાસી અને ત્યાગી અને વિવેકી પુરુષ પસંદ કરવો જોઈએ. આ માટે આખા ભારતવર્ષમાં ગાંધીવિચારસરણીને વરેલાં સ્ત્રી-પુરુષો તરફ દૃષ્ટિ ફરી. દૃષ્ટિ બધે ફરતાં ફરતાં શ્રી. કિશોરલાલ મશરૂવાળા પર આવીને ઠરી. શ્રી. જમનાલાલ બજાજે આ માટે શ્રી. મશરૂવાળાને વિનંતી કરી. શ્રી. મશરૂવાળાએ એ વિનંતીનો અસ્વીકાર કરતાં કહ્યું :

'એક તો હું માંદો માણસ છું. માણસના વિચાર પર એના રોગની થોડીઘણી અસર થાય જ છે. બીજું મારા અને પૂ. ગાંધીજીના વિચારોમાં ક્યાંક ક્યાંક મતભેદો છે. એટલે ગાંધીજીના આદર્શો તથા કાર્યક્રમોને વરેલી સંસ્થાના પ્રમુખ થવું મારે માટે મુનાસીબ નથી.'

શ્રી. કિશોરલાલ મશરૂવાળા આ સંઘના સભાસદ તો હતા જ. તેઓએ આ વખતે ચેતવણી આપતાં કહ્યું :

'મને ભય રહે છે કે આ પ્રકરણમાંથી કદાચ ભવિષ્યમાં ગાંધી સંપ્રદાય નીકળશે. તેમ થશે તો હું સંઘ સાથે બિલકુલ સંબંધ રાખીશ નહિ.

'વળી ગાંધીજી એક માનવ છે, સત્યશોધક છે. તેમના સત્યશોધનના પ્રયત્નમાંના અનુભવો આપણને મદદરૂપ થયા, તેથી તેમના તત્ત્વજ્ઞાનનો પ્રચાર ભલે થાય, પણ તેમાં અંધ વિભૂતિપૂજા ન હોવી જોઈએ. સત્યાગ્રહ શોધક મંડળ કે સત્યતત્ત્વશોધક મંડળ એવું નામ રાખવું જોઈએ.

'ગાંધીજીને એક વિભૂતિ બનાવી દેવી ન જોઈએ. તેમના સત્ય અને અહિંસાના તત્ત્વનું સંશોધન કરવું એ તરફ આપણી દૃષ્ટિ હોવી ઘટે.'

આમ હોવા છતાં આ સંઘના પ્રમુખ તરીકે વધારે યોગ્ય માણસ ન જડવાથી ફરી શ્રી. મશરૂવાળાનું નામ આવ્યું. પણ મશરૂવાળા તો ના પાડીને બેઠા હતા.

છેવટે સહુએ પૂ. ગાંધીજીને સમજાવ્યા. ગમે તેવા મતભેદ છતાં શ્રી. મશરૂવાળા ગાંધીજીની આજ્ઞા માનનારા હતા. ગાંધીજીએ શ્રી. મશરૂવાળા પર વૉરન્ટ બજાવતાં શ્રી. મહાદેવભા સાથે સંદેશો મોકલ્યો :

'મેં તમારું નામ પસંદ કર્યું છે. તમારે ના ન પાડવી.'

શ્રી. મશરૂવાળા માટે ગાંધીજીની ઇચ્છા એ એમના અંતર્યામીની ઇચ્છા બરાબર હતી. તેઓએ ના પાડવા છતાં હા પાડી.

પૂ. ગાંધીજીએ તા. ૨૯–૧૧–૩૪ની સભામાં પોતાના હાથે સૂતરનો હાર પહેરાવી ગાંધી સેવા મંડળસંઘના તેમને પ્રમુખ જાહેર કર્યા.

થોડા વખત પછી ગાંધી સેવા સંઘનું બંધારણ ઘડવામાં આવ્યું અને તેનાં અધિવેશનો જ્યાં સારી રીતે રચનાત્મક કામ ચાલતાં હોય, ત્યાં રાખવામાં આવ્યાં. ગ્રામસેવકોને પડતી મુશ્કેલીઓ ને મૂંઝવણોનો વિચાર કરવામાં આવ્યો. અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા, સ્ત્રીજાતિનો ઉત્કર્ષ, ખાદી અને ગ્રામઉદ્યોગ વગેરે પર ખૂબ જ લક્ષ કેન્દ્રિત કરવામાં આવ્યું.

તેમણે આ બધા દોષ અને રોગનો ઉપાય શોધતાં કહ્યું : 'આપણી આધ્યાત્મિક દૃષ્ટિના સંશોધનથી જ આપણો નવજન્મ થશે, અને આ રોગ જશે.'

ગાંધી સેવા સંઘના સભ્યોએ દેશમાં સારું રચનાત્મક કામ ઉપાડ્યું.

વહાણના કપ્તાનને વહાણ ચલાવવાનું કે બોઈલરમાં કોલસા નાખવાના હોતા નથી. એને તો વહાણ સારી રીતે ને સાચા રસ્તે ચાલે છે, એ જોવાનું હોય છે.

શ્રી. મશરૂવાળા એ રીતે સંઘને દોરી રહ્યા. એ વખતે ધારાસભાની ચૂંટણીઓ આવી. કોંગ્રેસે એમાં ઝૂકાવ્યું. ઘણા પ્રાંતોમાં કોંગ્રેસપક્ષ બહુમતિમાં આવ્યો. હવે કોંગ્રેસે પોતાનું પ્રધાનમંડળ રચવું કે નહિ, તેની વિચારણા ચાલી રહી.

શ્રી. મશરૂવાળાએ પોતાના સંઘના સભ્યો જોગ નિવેદન કરતાં જણાવ્યું કે :

'ગાંધી સેવા સંઘના સેવક કે સહયોગી ધારાસભા માટે ઉમેદવારી કરી શકે નહિ.' આ નિવેદને ભારે ખળભાટ મચાવ્યો. ધારાસભાની ચૂંટણીઓમાં ભાગ લેનારાઓમાં સરદાર વલ્લભભાઈ, રાજેન્દ્રબાબુ, પ્રફુલ્લબાબુ, ગંગાધરરાવજી, જમનાલાલજી તથા શંકરરાવ દેવ જેવા આજન્મ સેવકો ને ચારિત્ર્યવાન નેતાઓ હતા.

આ અંગે સંઘની એક બેઠક હતી. આ બેઠકમાં આપણા મહાન લોકનાયકો એકત્ર થયા. એમાં રાજેન્દ્રબાબુએ કહ્યું :

'ધારાસભામાં જવાવાળા સત્ય અને અહિંસાનું પૂરેપૂરું પાલન નહીં કરી શકે, પણ એવા ભયને આપણે ઊડી દેવો જોઈએ. આપણા સભ્યોને ધારાસભામાં જવાની પરવાનગી આપવી જોઈએ.'

સરદાર વલ્લભભાઈએ કહ્યું :

'ત્રણ કરોડ પ્રજાજનોને મત આપવાનો અધિકાર મળ્યો છે. એ લોકોને એમ જ છોડી દેવા ઠીક નથી. ધારાસભાઓનો કાર્યક્રમ એ પણ દેશનું જ કામ છે. માટે સેવા સંઘના જે સભ્યની ઈચ્છા જવાની હોય તેને જવા દેવા જોઈએ.'

કેટલાક સભ્યોએ આમ મત આપ્યા.

શ્રી. જમનાલાલ બજાજે કહ્યું : 'આપણે ગાંધી સેવાસંઘમાં એક પ્રતિજ્ઞા લઈએ, કોંગ્રેસમાં બીજી લઈએ, ધારાસભામાં જઈને ત્રીજી લઈએ. એક તરફ સત્ય–અહિંસાની પ્રતિજ્ઞા કરીએ; બીજી તરફ ધારાસભામાં જઈ વર્તમાન રાજને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લઈએ. એમાં મેળ ક્યાં મળે ? શું આ બધું સત્ય અને અહિંસાને છાજે તેમ છે ?'

આ વખતે પૂજ્ય ગાંધીજીએ ધારાસભાપ્રવેશની તરફેણમાં બોલતાં કહ્યું : 'ગાંધી સેવા સંઘનો કોઇ પણ સભ્ય ધારાસભામાં જઇને પણ પૂર્ણ સ્વરાજનું કામ કરી શકે તો આપણે તેને જરૂર મોકલવો જોઇએ, અને તેણે જવું જોઇએ.'

આ ચર્ચા ખૂબ ચાલી. સત્ય અને અહિંસાની ખૂબ ઝીણવટથી છણાવટ થઈ.

આખરે શ્રી. મશરૂવાળાએ કહ્યું : 'ગાંધી સેવા સંઘ રચનાત્મક કામને વરેલો હોઈ, ધારાસભામાં જવાથી તેનામાં નિષ્ઠાભેદ થવાનો સંભવ છે. હાલની ધારાસભાઓમાં મારો વિશ્વાસ નથી. જે પ્રકારની લોકશક્તિ ઉત્પન્ન કરવાનાં સ્વપ્ન આપણે સેવીએ છીએ, તે ધારાસભા દ્વારા ઉત્પન્ન થશે તેવો મને વિશ્વાસ નથી. સત્ય અને અહિંસા એમાં ખોવાઈ જશે. સાધનનો વિવેક રાખી શકીશું નહિ. બીજાં ઘણાં મહત્ત્વનાં કામ કરવાનાં છે.'

ખૂબ ચર્ચાને અંતે ધારાસભાપ્રવેશના ઠરાવ પર મત લેવાયા.

એક તરફ શ્રી. મશરૂવાળા અને શ્રી. જમનાલાલજી રહ્યા; બીજી તરફ બીજા બધા રહ્યા. પ્રવેશનો ઠરાવ પસાર થયો.

ઠરાવને પસાર થયેલો જાહેર કરતાં પ્રમુખ શ્રી. મશરૂવાળાએ કહ્યું : 'નવી નીતિ ઘડવાનો તમને અધિકાર છે. પણ એ નવી નીતિના અમલ માટે આપે એવો માણસ શોધવો જોઇએ જે એમાં શ્રદ્ધા ધરાવતો હોય. માટે તમારે નવો પ્રમુખ ચૂંટી લેવો જોઇએ.'

ફરી મોટી મૂંઝવણ ઊભી થઈ ગઈ.

ગાંધીજીએ આ સિદ્ધાંતને તેમના ગળે ઉતારવા ઘણો પ્રયત્ન કર્યો પણ કંઈ ન બની શક્યું. ગાંધીજીએ બીજાઓને શ્રી. મશરૂવાળાને સમજાવવા કહ્યું. પણ કોઈ એ કાર્ય ન કરી શક્યું. શ્રી. મશરૂવાળાને એમના સિદ્ધાન્તથી પાછા વાળવા શક્ય નહોતા.

આખરે સૌ ગાંધીજી પાસે આવ્યા ને કહ્યું : 'આપ તેમને આજ્ઞા કરો. આપની આજ્ઞાનો એ કદી અનાદર નહિ કરે.'

ગાંધીજી કોઇને આગ્રહ કરવાના મતના નહોતા. પણ સ્થિતિ વિચિત્ર હતી. આખરે તેઓએ હુકમ કર્યો ને કહ્યું:

'સંઘના સભ્યો આ માર્ગે જતાં પ્રલોભનમાં પડી જશે, એ ડરથી સંઘનો ત્યાગ કરવો તમારા માટે યોગ્ય નથી. જ્યારે તમને એવું જણાય ત્યારે સંઘને દફનાવી દઈ શકો છો.'

ગાંધીજીની આજ્ઞા શ્રી. મશરૂવાળા માટે ઈશ્વરઆજ્ઞા બરાબર હતી. એ પોતાના મતને વળગી રહ્યા છતાં ગાંધી સેવા સંઘના પ્રમુખ તરીકે ચાલુ રહ્યા.

પણ પછી તો દેશના વાતાવરણમાં ભારે ધડાકા થયા.

રાજકોટમાં ગાંધીજીની અહિંસાની આકરી તાવણી થઈ. હિંદુ-મુસ્લિમ હુલ્લડો શરૂ થયાં. ત્યાં ત્રિપુરી કોંગ્રેસમાં પેદા થયેલા વાતાવરણે કલુષિતતા પેદા કરી, સાધનની શુદ્ધિ વિસરાઈ ગઈ. પદ અને પ્રતિષ્ઠા માટે કોંગ્રેસીઓ જ અંદર અંદર ઝગડવા લાગ્યા. આંતરિક વિખવાદ વધી ગયા. ને સત્ય અને અહિંસાનાં સિદ્ધાન્તો ભૂલાઈ ગયાં. ચૂંટણીઓમાં ખુદ કોંગ્રેસીઓમાં અંદરઅંદર હરીફાઈ જાગી. સત્ય અહિંસા નેવે મુકાયાં.

ઈ. સ. ૧૯૩૯ માં વિશ્વયુદ્ધ સળગ્યું. હવે કોંગ્રેસની અહિંસાની કસોટી આવી ઊભી. આ વખતે કોંગ્રેસ નેતાઓ અને પ્રાંતોના પ્રધાનોએ નિવેદનો કર્યાં કે,

'અંગ્રેજ સરકાર હિંદુસ્તાનને પૂર્ણસ્વરાજ આપી દે તો કોંગ્રેસ અંગ્રેજ સરકારને આ લડાઈમાં પૈસા તથા સિપાઈઓની પૂરી મદદ કરશે અને દેશના લાખો જુવાનોને જર્મનીની સામે લડવા મોકલશે.'

જાહેર જનતાને આ વાત રુચી ગઈ. નાક દબાવ્યા વિના મોંમાંથી રામ ન નીકળે. પણ સત્યના ઉપાસકો કોઈની લાચારીનો લાભ ન લે.

આ વાતનો શ્રી. મશરૂવાળાએ વિરોધ કર્યો. ને સત્ય અને અહિંસાના ઉપાસકો સ્વરાજ ખાતર પશુબળને આવો ટેકો આપે એ ન ગમ્યું. તેઓએ કહ્યું : 'હિંસાભિમુખ પ્રવાહને આપણે ભલે એકદમ બદલી ન શકીએ; પણ એમાં તણાઈ જવું ઉત્તમ નથી.' અહિંસાની પ્રતિજ્ઞા કરી હિંસાનો સ્વીકાર કરીએ તે યોગ્ય નથી.

શ્રી. મશરૂવાળા દેશમાં એવા કાર્યકર્તાઓ ઈચ્છતા હતા, જેઓ પદ કે પ્રતિષ્ઠા લીધા વિના નૈતિક પ્રતિભાથી કામ કરે અને ફક્ત સેવા જ કરે, અહિંસાને સમજે, સત્યને સમજે.

આ પ્રસંગે પં. જવાહરલાલે એક નિવેદનમાં ગાંધી સેવા સંઘના સભ્યોની પ્રવૃત્તિની ટીકા કરતાં કહ્યું કે, 'ગાંધી સેવા સંઘ એક રાજદ્વારી પક્ષ જ છે. અને એ કોંગ્રેસનો કબજો લેવા માગે છે.'

આ પછી સભ્યોની યાદી બનાવવામાં આવી અને તેમાં મોટા ભાગના સભ્યો ધારાસભા, સુધરાઈ, લોકલ બોર્ડના સભ્યો માલુમ પડવાથી અને પંડિતજીના શબ્દોમાં કંઈક સત્યાર્થ લાગવાથી વિચાર કરવા બેઠા. ગાંધી સેવા સંઘની બધી પ્રવૃત્તિ આજે કોંગ્રેસ જેવી હતી. પછી તેની હયાતિની જરૂર ન લાગી. ને અંતે સંઘનું વિસર્જન કર્યું!

આ વખતે શ્રી. મશરૂવાળાએ ઉપસંહાર કરતાં કહ્યું કે,

'હિંદના કરોડો લોકોની ઉન્નતિ રચનાત્મક કામથી થઈ શકે, એમ સંઘ માને છે. રચનાત્મક કાર્ય એ એક એવું કાર્ય છે કે જેમાં આમજનતા સીધેસીધો ભાગ લઈ શકે છે. આ માટે સંઘ હવેથી હોદ્દા નહીં સ્વીકારે. એની પ્રવૃત્તિ રચનાત્મક રહેશે.'

સંઘ વિસર્જન થયો કારણ કે મોટા ભાગના સભ્યો રાજદ્વારી ક્ષેત્રમાં પડી ગયા હતા.

આ કહાણી એક સત્યચિંતક અને સત્યનિષ્ઠ પુરુષની સચ્ચાઈ પ્રગટ કરે છે. આવા જ લોકો વહાણને જાળવે છે. તે સારે રસ્તે ને સાચા રસ્તે લઈ જાય છે! આજે એવાની ખોટ છે! ગાંધી સેવા સંઘ જેવી સંસ્થાની આજે ખાસ જરૂર છે જે પદ, પ્રતિષ્ઠા ને ધન ત્યજી દેશની કરોડરજ્જુને મજબૂત કરે. આપણે આજે સોયથી ડરીએ છીએ ને કાતરનું સન્માન કરીએ છીએ. પણ સોય સાંધે છે, કાતર કાપે છે!!

ગાંધીજીની મહત્તા સોય જેવા સત્યનિષ્ઠ માણસોને પોતાની પાસે રાખવામાં અને રાખીને એમને એમના માનેલા માર્ગે જવાની સંમતિ આપવામાં હતી.

માટે જ ગાંધીજી વિભૂતિ હતા.

★

બજેટ, આર્થિક પ્રગતિ અને સામાન્ય નાગરિક

શ્રી ખંડુભાઈ દેસાઈ સભ્ય, રાજ્યસભા

સમગ્ર દેશનું આર્થિક સ્વાસ્થ્ય તપાસવાનો આ એક માત્ર પ્રસંગ છે. આ વર્ષના બજેટને લાગે વળગે છે ત્યાં સુધી તો હું નાણાંપ્રધાન સાથે સંમત થાઉં છું કે આર્થિક પ્રગતિ ભેશીલી છે અને દેશનાં આર્થિક સ્વાસ્થ્ય વિશે કોઈ પણ આશાવાદી બની શકે. બંને યોજનાઓમાંથી આપણે લગભગ પસાર થઈ ગયા છીએ. પહેલી પંચવર્ષીય યોજનાને પૂરી થયે ઘણો સમય થયો છે.. અને બીજી યોજના આવતે વર્ષે પૂરી થશે. ત્રીજી પંચવર્ષીય યોજના અભ્યાસ અને વિચારણા હેઠળ છે. મારું માનવું છે કે છેલ્લાં દશ વર્ષમાં દૃષ્ટિગોચર થયેલા આર્થિક પ્રવાહો અને પરિસ્થિતિનું વિહંગાવલોકન કરવાનો આ યોગ્ય સમય છે, જેથી ત્રીજી યોજના અંગેની વિચારણા સરખી પરિપાટી ઉપર મૂકી શકાય. આપણે બંને યોજનાઓમાંથી પસાર થયા હોવા છતાં યે એ બંને યોજનાઓને લીધે રાષ્ટ્રિય અર્થકારણે કયો વળાંક લીધો છે એ બતાવનારા આંકડાઓ હજી યે સેન્ટ્રલ સ્ટેટીસ્ટીકલ ઈન્સ્ટીટયૂટે આપણને આપ્યા નથી. તેમ છતાં યે વાર્ષિક બજેટ અને એવા બીજા હેવાલોની મદદથી મેં આંકડાઓનો અભ્યાસ કર્યો છે.

૧૯૪૮–૪૯ માં આયાતનિકાસ જકાતમાંથી સરકારને રૂા. ૬૧૭ કરોડની રકમ મળી હતી. પ્રથમ યોજનાના પહેલે વર્ષે જકાત આવક રૂા. ૧૪૫·૩૧ કરોડ અને યોજનાને અંતે ૧૯૫૬–૫૭ માં એ રકમ રૂા. ૧૭૧ કરોડ જેટલી હતી. ૧૯૫૯–૬૦ માં એ રકમ રૂા. ૧૬૦ કરોડ થઈ અને ૧૯૬૦–૬૧ના બજેટમાં રૂા. ૧૬૨·૫૦ કરોડનો આંકડો અંદાજવામાં આવ્યો છે. આ જકાતમાંથી મળતી રકમ લગભગ સ્થગિત થઈ ગયેલી માલમ પડે છે. એનો અર્થ એ થાય કે પરદેશી હૂંડિયામણ અને એવી બીજી મુસીબતોને લીધે આયાત ઉપર અંકુશ મૂકવામાં આવી હતી.

૧૯૪૮–૪૯ ના વર્ષની સરખામણીમાં આબકારી જકાતે સારી એવી પ્રગતિ દર્શાવી છે. એ વર્ષે આબકારી જકાત રૂા. ૫૦·૨૫ કરોડ હતી. પ્રથમ યોજનાની શરૂઆત આપણે રૂા. ૬૯·૬૨ કરોડથી કરી. આ ગૃહને હું જણાવવા માગું છું કે ૧૯૪૭–૪૮ પહેલાં આબકારી જકાત લગભગ નહોતી જ. આ કરનો સંપાતકે બોજો વધતો જ ગયો છે. પ્રથમ યોજનાને અંતે ૧૯૫૬–૫૭ માં એ રકમ વધીને રૂા. ૧૮૮·૧૩ કરોડ થઈ. ૧૯૫૯–૬૦ના ફરીથી ગોઠવેલા અંદાજે રૂા. ૩૫૦·૮૨ કરોડની રકમ બતાવે છે અને નવી આબકારી જકાતો ઉમેરાતી અનુગામી વર્ષ દરમ્યાન રકમ રૂા. ૪૭૯·૬૪ કરોડ જેટલી થશે. આનો અર્થ એટલો જ થાય કે આ આડકતરા વેરા કે જેનો બોજો લગભગ વાપરનારના ઉપર જ પડે છે—લગભગ આઠ ગણો વધ્યો છે.

હવે હું આવકવેરા તેમજ નિગમવેરા (કોર્પોરેશન વેરા) ઉપર આવું છું. ૧૯૪૮–૪૯ માં બંને વેરાની કુલ રકમ રૂા. ૧૫૮ કરોડ હતી. ૧૯૫૦–૫૧માં એ રકમ રૂા. ૧૬૬·૮૦ કરોડ અને ૧૯૫૬–૫૭ માં લગભગ રૂા. ૧૩૯·૮૫ કરોડ થઈ. ૧૯૫૯–૬૦ ના વર્ષ માટે ફરી અંદાજેલી રકમ રૂા. ૧૬૩·૭૭ કરોડ છે અને ૧૯૬૦–૬૧ બજેટમાં રૂા. ૧૮૭·૬૫ કરોડની આવક ધારવામાં આવી છે. આ આંકડાઓ પરથી એવો અર્થ ઘટાવી શકાય કે

સીધા કરવેરા લગભગ એટલા જ રહ્યા જ્યારે આડકતરા વેરામાં આઠ ગણો વધારો થયો. યોજના અને રાષ્ટ્રીય વિકાસનો પૂરેપૂરો બોજો દેશના સામાન્ય નાગરિકે જ ઉઠાવ્યો છે.

લોન તેમજ રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો દ્વારા ઇચ્છવામાં આવેલાં નાણાં પૂરાં મેળવી શકાયાં નથી અને આપણી વિકાસોન્મુખ અર્થરચનામાં સ્વાભાવિક રીતે જ પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવા માટે મોટા વિકાસની જરૂર છે અને એટલા માટે ખાધપૂરક નાણાં વાપર્યા વિના છૂટકો નથી.

હવે ખાધપૂરક નાણાંનાં શાં પરિણામ આવ્યાં એ આપણે જોઈશું. વાપરનારની દૃષ્ટિએ-સામાન્ય નાગરિકની દૃષ્ટિએ જથ્થાબંધ ભાવોના આંકડાઓ, હું માનું છું કે થોડે અંશે ભ્રામક છે. મહત્ત્વના આંકડાઓ તો એ છે કે એને રોજબરોજ શું ચૂકવવું પડે છે. એટલે કે સામાન્ય નાગરિક ઉપરનો બોજો કેટલો છે એ જાણવા માટે જીવનખર્ચ કે ખરીદનારના ભાવાંકના આંકડાઓ ધ્યાનમાં લેવા જોઈએ. અને તમે જોઈ શકશો કે આ બાબત થોડી અશાંતિ ઉપજાવે એવી છે.

૧૯૪૯ને પાયાનું વર્ષ ગણવામાં આવે અને ખરીદનારનો ભાવાંક ૧૦૦ હોય તો ૧૯૫૯માં ભાવાંક વધીને ૧૨૫ થયો છે. (આ અંગેના છેલ્લા આંકડા ૧૯૫૯ના વર્ષના જ મળે છે.) એનો અર્થ એ કે જીવનખર્ચમાં પચીસ ટકા વધારો થયો છે. મારા માનવા પ્રમાણે આ વધારા માટે ઘણાં પરિબળો જવાબદાર હશે પરંતુ ખાધપૂરક નાણાં એમાંનું એક પરિબળ છે.

મને એમ લાગે છે કે જ્યારે હું એમ કહું કે સામાન્ય નાગરિકે આબકારી જકાત તેમજ બીજા કરવેરાઓ ભરી વિકાસ સમસ્તનો ભાર પોતે ઉઠાવ્યો છે ત્યારે હું સત્યથી વેગળો નથી.

છેલ્લાં દસ વર્ષની પ્રગતિ એક માપદંડ છે જેના વડે દસ વર્ષમાં ઉદ્ભવેલા આર્થિક પ્રવાહને માપી શકાય. એ પશ્ચાદ્ભૂમિકાની સરખામણીમાં જોઈએ તો સારો ઔદ્યોગિક વિકાસ થવા પામ્યો છે, નવા ઉદ્યોગો ઊભા થયા છે. પોલાદના ઉત્પાદનમાં સારો એવો વધારો થયો છે. આંકડાઓ સુપ્રસિદ્ધ હોવાથી એમાં હું ઊંડો ઉતરતો નથી. ખાંડ અને રસાયણ, રંગ વગેરેનું ઉત્પાદન પણ વધ્યું છે. દેશમાં સર્વાંગીણ ઔદ્યોગિક વિકાસ થયો છે. પરંતુ આબકારી જકાતના વધારા દ્વારા કે ભાવો ઊંચા ગયા હોવાથી ખરું તો સામાન્ય માણસે જ વધારેમાં વધારે બલિદાન આપ્યું છે. છેલ્લાં દસ વર્ષમાં ઔદ્યોગિક ઉત્પાદનનું વલણ ઘણું સંતોષકારક રહ્યું છે: હકીકતમાં ઉત્પાદનમાં ૫૦ ટકા વધારો થયો છે. પરંતુ છેલ્લાં ચાર-પાંચ વર્ષ દરમ્યાન મૂડીસર્જન માટે કંપનીઓ (=Corporate sector) થોડું બચાવી શકે એટલા માટે તેમને થોડી રાહતો આપવામાં આવી છે.

એક ક્ષણાર્ધ પણ હું એમ કહેતો નથી કે આવી રાહતો ન આપવી જોઈએ કારણ કે ઊંચા જીવનધોરણનો આધાર છેવટે તો ઔદ્યોગિક પ્રગતિ ઉપર જ રહેલો છે. પરંતુ નાણાંપ્રધાને વર્ષોવર્ષ આ વલણનો ઊંડો અભ્યાસ કરવો જોઈએ. મને ખબર છે કે આયોજિત અર્થતંત્ર, અંકુશ, નિયમન અને પરદેશી હૂંડિયામણની અછતને લીધે બધા જ ઉદ્યોગો — ઓછામાં ઓછું કહીએ તો પે—છેલ્લાં દસ વર્ષથી આબાદીનો અનુભવ કરી રહ્યા છે. એમને કોઈ પણ હરીફાઈનો સામનો કરવો પડતો નથી. અકાર્યક્ષમ અને ગેરવહીવટવાળાં ઔદ્યોગિક એકમો પણ નફો કરી રહ્યાં છે. એમણે નફો કરવો જોઈએ પરંતુ પરિણામ એ આવ્યું છે કે સામાન્ય કક્ષાના વહીવટવાળાં એકમો પણ લખલૂટ નફો કરે છે. આવા અબજપ નફા

માત્ર એમના સંચાલન કે કાર્યક્ષમતાને લીધે જ છે એમ ન માની શકાય. એ યોજનાઓને આભારી છે કે જ્યાં ઉત્પાદન હરહંમેશ વેચાઈ જાય છે. આયોજિત અર્થતંત્રમાં સીમાવર્તી કે નિકૃષ્ટ પેઢીઓને પણ જીવાડી શકાય છે પરંતુ એને પરિણામે સારાં એકમો લખલૂટ નફો કરે છે. એટલે જ ગયે વર્ષે મારા ભાષણમાં મેં કહ્યું હતું કે જ્યાં સુધી આયોજન ચાલુ છે ત્યાં સુધી વધારાના નફા ઉપરનો કર આપણી કરવ્યવસ્થાનું કાયમી અંગ હોવું જોઈએ. આ બાબત ગયે વર્ષે કહેવામાં આવી હતી પરંતુ એને ધ્યાનમાં લેવામાં આવી નથી. સાધારણ નફો કેટલો હોવો જોઈએ એ બાબત ઊંડી વિચારણા અને કયાસ માંગી લે છે પરંતુ ત્રીજી યોજનાના સમય માટે કંપનીઓ બાબતના કરવેરાઓને સંગીન ભૂમિકા ઉપર મૂકવાનો સમય હવે પાકી ગયો છે.

પુરોગામી વક્તાઓએ ફુગાવાના મુદ્દા ઉપર ભાર મૂક્યો છે. પરંતુ ફુગાવો થયો કઈ રીતે? બીજી પંચવર્ષીય યોજનાનું અન્નોત્પાદનનું લક્ષ્યાંક આઠ કરોડ ટનનું છે. પરંતુ આપણે એ લક્ષ્યાંક સિદ્ધ કરી શકયા નથી. નાણાપ્રધાનના કહેવા મુજબ અન્નોત્પાદન આશરે સાત કરોડ અને ત્રીસ લાખ ટન થશે. ગયે વર્ષે પણ આટલું જ ઉત્પાદન થયું હતું. વસતી વધી છે અને પરિણામે અનાજની તંગી હોવાથી આપણે સ્વાભાવિક રીતે જ અનાજની આયાત કરવી પડે છે. એટલે અંગત રીતે મને લાગે છે કે આવતા વર્ષ દરમ્યાન ભાવો નીચા જશે નહીં, આ તો જે મને લાગે છે એ કહું છું. પરંતુ એ બાબત શું થઈ શકે? જ્યારે ભાવો ઊંચા જાય ત્યારે મધ્યમ વર્ગ, શ્રમજીવી વર્ગ અને ભૂમિહીન ખેડૂતોને વધારેમાં વધારે સહન કરવું પડે છે. એટલે અનાજને સબસીડી વડે સોંઘું બનાવવાનો સમય હવે આવી ગયો છે. નહીંતર આર્થિક પ્રવાહ અશાંતિજનક નીવડશે.

હવે એક બીજી વાત. માનનીય નાણાપ્રધાને કહ્યું છે કે પહેલી યોજનાના પાંચ વર્ષમાં રાષ્ટ્રિય આવકમાં અઢાર ટકા વધારો થયો છે, અને સંભવ છે કે બીજી યોજનામાં આશરે વીસ ટકા વધારો થશે. હવે હું ઇચ્છું છું કે સરકારનું નાણાખાતું કલકત્તાના ઇન્ડિયન સ્ટેટીસ્ટીકલ ઇન્સ્ટીટ્યૂટને, આ આડત્રીસથી ચાળીસ ટકા આવક-વધારો પ્રજાના જુદા જુદા વર્ગમાં કેટલા પ્રમાણમાં વહેંચાયો છે એના આંકડાઓ તારવવાનું કાર્ય સોંપે. દસ વર્ષ પછી આવકની વહેંચણીની તપાસ ખરેખર આપણે કરી જ શકીએ. મારી પાસે એ અંગે કશી જ માહિતી કે આંકડાઓ નથી. હું ઇચ્છું છું કે મને એ આયોજન સમિતિ કે સરકાર પાસેથી મળે. એ માહિતી આપણને બતાવશે કે ચાલીસ ટકા વધારાને લીધે ઉત્પન્ન થયેલી ખરીદ-શક્તિને કઈ રીતે વહેંચીને દેશનું આર્થિક સ્વાસ્થ્ય કેટલું સંગીન બનાવવામાં આવ્યું છે. એ બતાવી શકશે કે આવક કેટલા પ્રમાણમાં ધનવાનો પાસે, મધ્યમ વર્ગ પાસે, શ્રમજીવીઓ પાસે, જમીનદારો પાસે અને નાના ખેડૂતો પાસે ગઈ છે. આ જ બાબતો આપણને ત્રીજી યોજનામાં કઈ રીતે સામાજિક અને આર્થિક ઇજનેરી વાપરવી એનો સાચો ખ્યાલ આપી શકશે. મેં આટલો સમય ચેતવણીનો સૂર રજૂ કરવા માટે લીધો છે. છેલ્લાં દસ વર્ષમાં ઉદ્‌ભવેલી આર્થિક વસણ ચિંતા ઉપજાવે એવી છે: અને ત્રીજી યોજના દરમ્યાન કંઈક અસામાન્ય એવું કરવું રહેશે. પરંતુ એ માટે નાણાખાતાએ તેમજ આયોજન પંચે વધારે કાળજી રાખવી જોઈએ.

[શ્રી ખંડુભાઈ દેસાઈએ રાજ્યસભામાં બજેટ ચર્ચા વખતે તા. ૪-૩-૬૦ના રોજ આપેલું વ્યાખ્યાન.]

★

હિમખંડ એન્ટાર્ટિકા

શશિકાન્ત ચં. કડકીઆ

સ્વ૦ કાન્તની ચક્રવાકી પોતાના પ્રિયતમ ચક્રવાકને કહે છે:

'ચાલો એવા સ્થલ મહિં વસે સૂર્ય જેમાં સદૈવ.'

ત્યારે ચક્રવાક આ ભીરુને યોગ્ય ઉત્તર આપે છે:

'લાંબા છે જ્યાં દિન પ્રિય સખી ! રાત્રિ યે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય ! આશા જ કેવી?'

અને પછી તો બંને ઊંચે ઊંચે ઊડે છે અને અંતે સાથે મૃત્યુમાં એક બને છે ! આવા લાંબા દિવસ ને લાંબી રાત્રિઓ ઉત્તર ધ્રુવ ઉપર જેમ હોય છે તેમ દક્ષિણ ધ્રુવ ઉપર પણ હોય છે. આજે દુનિયાનાં રાષ્ટ્રોએ દક્ષિણ ધ્રુવને લડાઈનું કે શસ્ત્રોનું મથક નહીં બનાવવાનો ઠરાવ કર્યો છે એ હકીકત ત્યાંના હિમખંડ એન્ટાર્ટિકાને વિશેષ મહત્ત્વ આપે છે. દક્ષિણ ધ્રુવને ઓળખવા માટે ઉત્તર ધ્રુવનો થોડો ખ્યાલ જરૂરી છે.

ઉત્તર ધ્રુવ પૃથ્વીનું ટાલવાળું માથું ગણાય છે. તેની આસપાસ કોઈ ભૂમિપ્રદેશ નથી આવ્યો. તે તો દરિયામાં ડૂબેલો પ્રદેશ છે. ૧૮૯૩માં નોર્વેના નાનસેને ત્યાં જવાને પગપાળો પ્રવાસ આદરેલો. તેની પાસે સ્લેજ ગાડી હતી. તે ઉત્તર ધ્રુવ પહોંચી શકયો નહીં. પરંતુ તેનો પ્રવાસ સાહસભર્યો અને રોમાંચક બન્યો. ૧૯૦૫માં અમેરિકાથી પિયરી નામનો સાહસિક પુરુષ ઉત્તર ધ્રુવની સફરે નીકળેલો. ૧૯૦૯ની એપ્રિલની ૬ઠ્ઠી તારીખે તે તેના મુકામે પહોંચ્યો અને દુનિયામાં તેણે વિક્રમ સ્થાપ્યો. ગયે વર્ષે વિલિયમ એન્ડરસન નોટીલસ નામની સબમરીનમાં પેસિફિક મહાસાગરેથી નીકળ્યો હતો. આ સબમરીન એટોમિક હતી. તે એટોમેટિક પાયલટવાળી હતી. તા. ૨૨, જુલાઈ ૧૯૫૮ને દિન તે પર્લ હાર્બરથી ઉપડી હતી. ૩જી ઓગસ્ટે તે ઉત્તર ધ્રુવ પહોંચી હતી. પરિણામે પાણીની ઊંડાઈ અને ત્યાંના બરફના થરની જાડાઈનું માપ નીકળ્યું, તેમ જ એટોમિક માલનાં વહાણો માટે રસ્તો ખુલ્લો થયો. આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ અંગેનાં સંશોધનનું જેમ આ એક ઉત્તમ ફળ મળ્યું તેમ એન્ટાર્ટિકાના એક છેડેથી બીજા છેડા ઉપર પહોંચીને બ્રિટનના ડૉ. વિવિયન ફૂકસે બીજો વિક્રમ સ્થાપ્યો.

આખરી વિજય પરાજયની પરંપરાઓનું છેલ્લું સોપાન હોય છે. રોસ, શેકલટન, એમન્ડસન, સ્કોટ......વગેરે સાહસવીરોના અનુભવનું ભાથું ડૉ. ફૂકસને ન મળ્યું હોત, હિલેરીનું માર્ગદર્શન ન મળ્યું હોત, છેલ્લી ઢબની યાંત્રિક શોધોનું ફળ ન પ્રાપ્ત થયું હોત, તો ડૉ. ફૂકસનો વિક્રમ વિશેષ ક્રમ ન બની શકયો હોત.

ઉત્તર ધ્રુવનો પ્રવાસ સરખામણીએ સહેલો છે. ત્યાં બળદ, રેઇન ડીઅર, સીલ માછલી ને કેંક પશુઓ જોવા મળે છે. પરિણામે માંસાહારી ખોરાક ને તેલ ત્યાં મળી શકે છે. શ્વેત અંધકારના આ બરફના સહરામાં પ્રાણી કે વનસ્પતિ જોવા મળતી નથી. પ્રવાસીઓ પોતાની સાથે બળતણ, ખોરાક, તેલ વગેરે લઈ જાય છે. આ હિમાચ્છાદિત ખંડ શોધવાનું પ્રથમ

સાહસ કરનાર એક ફ્રેંચ નૌકા-અમલદાર હતો. એનું નામ પીઅર બોવર. ૨૨૦ વર્ષ પૂર્વે એણે આ સાહસ કર્યું હતું. ત્યાર બાદ સર જેમ્સ કૂક ૭૧° ૧૦' સુધી પહોંચીને પાછો વળેલો. ૧૮૩૯માં જેમ્સ કલાર્ક રોસ બે વહાણ લઈને ઈંગ્લેંડથી નીકળ્યો. તેણે ઘણી ઘણી શોધ કરી. એના નામ ઉપરથી રોસ ટાપુ અને રોસ સમુદ્ર ઓળખાય છે. તેણે ૧૮૪૨માં ૭૮° ૧૦' અક્ષાંશ સુધી હિમપ્રદેશ ખૂંધો. તેની સામે હિમદીવાલ રુકાવટ બની. તેની આરપાર જવા પૂર્વ બાજુ તે ૪૫૦ માઇલ સુધી ગયો, પણ તેને અંદર જવાને બાકોરું ના જ મળ્યું. તેને પાછા ફરવું પડ્યું. રોસ પછી મહાન સંશોધક શૅકલટન ૧૯૦૯માં ઈંગ્લેંડથી આ હિમખંડના સંશોધન માટે નીકળી પડ્યો. દક્ષિણ ધ્રુવથી ૯૭ માઇલ દૂર સુધી તે પહોંચ્યો. ખોરાક પૂરો થઈ જવાથી નાછૂટકે તેને પાછા ફરવું પડ્યું. અડગ સાહસ, અતૂટ શ્રદ્ધા, અને અતુલ ધૈર્ય હોય તો જ આવા પ્રવાસ યોજી શકાય. ખોરાકનો પ્રશ્ન દરેક સાહસવીરને મૂંઝવતો આવ્યો છે. ૧૯૦૨માં ૮૨° ૧૭' અક્ષાંશે પહોંચી મુશ્કેલીઓ આવતાં પાછો ફરેલો કૅપ્ટન રૉબર્ટ ફાલ્કન સ્કૉટ, ૧૯૧૦ની ૧ જુને પોતાના મિત્રો સાથે આ હિમખંડ ઉપર વિજય મેળવવા પુનઃ નીકળ્યો. તેણે સ્લેજ ગાડીઓનો ઉપયોગ કર્યો. ખોરાક ને બળતણના પૂરવઠા અમુક અમુક અંતરે રાખવામાં આવ્યા. ૧૯૦૨માં સ્કૉટ અહીં આવેલો; ત્યારે હિમ-દીવાલે તેને આગળ વધતો અટકાવેલો. આ વેળા હિમ-દીવાલનું વિઘ્ન તેણે દૂર કર્યું. લગભગ ૧૬૦૦ થી ૧૮૦૦ ફૂટ જાડાઇના હિમથર ત્યાંના મૂળ ખડકોને બાઝેલા હોય છે. સમુદ્ર સપાટીથી ૧૩૦૦ ફૂટ નીચે ને ૨૦૦ ફૂટ ઉપર તેઓ ઊભેલા હોય છે. મોટી હિમનદીની જેમ મહિને ૧૦૦ ફૂટ દૂર સરકતા તે તરે છે. તે જ્યારે સમુદ્રને મળે છે ત્યારે ભાંગીને હિમટાપુ કે હિમપહાડમાં ફેરવાઈ જાય છે. આ લંબ હિમદીવાલનું વિઘ્ન વટાવીને ઇવાન્સ, ઓટસ, બાવર્સ અને વિલ્સનની સાથે સ્કૉટ મહાન સાહસના છેલ્લા તબક્કામાં પ્રવેશ્યો. જ્યારે તેઓ દક્ષિણ ધ્રુવની નજીક આવ્યા ત્યારે તેમણે પોતાનો યુનિયન જેક ખોલ્યો, પરંતુ જ્યાં તેઓ પોતાનો ધ્વજ લહેરાવવા જાય છે ત્યાં જ થોડે દૂર એક કાળું ટપકું તેમની આંખે ચડ્યું. ત્યાં જઈને તેમણે જોયું કે સ્લેજગાડી સાથે બાંધેલો નૉર્વેનો રાષ્ટ્રધ્વજ લહેરાતો હતો। નૉર્વેનો એમંડસન નામનો પ્રવાસી તેમની પૂર્વે ત્યાં પહોંચી ગયો હતો. સ્કૉટમંડળી નિરાશ થઈ. આમ દક્ષિણ ધ્રુવ ઉપર પહેલા આવવાનું માન એક નૉર્વેજીઅન ખાટી ગયો. તેઓ પાછા ફર્યા. વધુમાં, તેઓ કમનસીબ હતા. બરફના વાવાઝોડાને લીધે તેઓ સમયસર મુસાફરી કરી શકયા નહીં. તેમને ખોરાક ને બળતણ વગર હિમવંટોળને લીધે તંબુમાં જ દિવસો પસાર કરવા પડ્યા. બહાર તો સખત હિમ-વાવાઝોડું ફૂંકાતું હતું; ભૂખ, તરસ ને હિમ-તોફાનના કારી જીવલેણ ઘાને પરિણામે એક પછી એક સૌને મૃત્યુની સોડ તાણવી પડી. સ્કૉટની રોજનીશીમાં આ સૌ વીરોની કરુણ સાહસકથા અમર બની છે. તેમના મૃત્યુ બાદ આઠ માસ પછી ત્રણના શબની સાથે આ રોજનીશી મળી આવી હતી.

એક બીજાના અનુભવની ખાંધ ઉપર બેસીને સાહસિકો દક્ષિણ ધ્રુવ પહોંચ્યા; પરંતુ દક્ષિણ ધ્રુવને ઘેરતો હિમખંડ અણશોધાયેલો હતો. આ પ્રદેશના નવા વિસ્તારો શોધવા એક વાર ફરીથી શૅકલટન કવેસ્ટ નૌકામાં ૧૯૨૨માં પ્રવાસે નીકળ્યો; પરંતુ હૃદયરોગથી તેનું મૃત્યુ નીપજતાં તેના મનની વાત મનમાં રહી ગઈ. તેના પછી અનેક પ્રવાસીઓ—એડમિરલ બાયર્ડ, હર્બર્ટ વિલ્કિન્સ, ડગ્લાસ મોસ—ત્યાં આવી ગયા. જે વિસ્તાર શોધાયા તેમની સાથે

સામાન્યપણે અંધકાર એટલે ચારે બાજુ, બધું કાળું કાળું એમ સમજીએ છીએ. કાંઈ જોઈ શકાય નહીં. ચારે બાજુ બધું જ ધોળું ધોળું હોય, ને કાંઈ જ જોઈ શકાય નહીં એની કલ્પના આવે છે? આવો શ્વેત અંધકાર આ હિમધવલ વાતાવરણવાળા પ્રદેશની અજાયબી છે. ટોમસ હેનરીના શબ્દોમાં આ વિચિત્રતા સાંભળીએ :

"હું ને મારો સાથી સફેદ કપડાં પહેરીને બરફ ઉપર ટહેલતા જતા હતા. ચારે પાસ કેવળ ધોળાશ ને ધોળાશ હતી. હવા પણ શ્વેત હતી. પૃથ્વી ને આકાશ પણ સફેદ સફેદ લાગતાં હતાં. નાકમાંથી નીકળતો ઉચ્છ્વાસ થીજી જઈને સફેદ બની જતો હતો. આ વાતાવરણમાં એકાએક મને લાગ્યું કે મારો સાથી જાણે મારી પડખે ચાલતો જ નથી. એવું લાગ્યું કે તે હવામાં ડૂલ થયો છે. તે આંખે દેખાતો નહોતો, પણ તેની વાતચીત પાસે ચાલતો હોય એ રીતે સંભળાતી હતી. તેને ખ્યાલ નહોતો કે તે મારે માટે દેખાતો બંધ થયો હતો. એક પળ બાદ તે મને થોડા ફૂટને અંતરે અને હવામાં તરતો હોય તેમ દેખાયો. છતાં પાસે ચાલતો ચાલતો વાત કરતો હોય એવી તેની વાતચીત તો મને સંભળાતી જ હતી. આ અનુભવ અહીંની એક વિચિત્રતા છે. શ્વેત-દિને આંખોને આમ ધોખો મળે છે અને ગાયબ થઈ જવાની ઘટના બને છે. જ્યારે આકાશ મેઘાચ્છાદિત હોય ત્યારે શ્વેતદિન હોય છે. મેઘાચ્છાદિત આકાશ અને હિમાચ્છાદિત શ્વેત ભૂમિ વચ્ચે બંધ થયેલાં તેજકિરણો એટલાં બધાં ઘનીભૂત થઈ જાય છે કે માનવદૃષ્ટિ એમાં ડૂબી જાય છે. અમાસની રાતે જેમ ચારે કોર કાળો ઘનીભૂત અંધકાર જામે છે તેમ અહીં આ સંજોગોમાં ગાઢ શ્વેત અંધકાર વ્યાપ્ત બને છે. કંઈ જ દેખાય નહીં. માનવ જાણે શરાબીની માફક લથડતો ચાલતો હોય!

આ વાતાવરણની બીજી વિચિત્રતા એ છે કે દરેક વસ્તુ ડાબી બાજુએ ઘૂમતી દેખાય છે. એક વાર અમુક સ્થળે પેટ્રોલની ટાંકીઓ જમા કરવામાં આવેલી. ત્યાંથી ૩૦૦ ફૂટને અંતરે બીજી કેબીન હતી જ્યાંથી બે ડ્રાઈવરો પેટ્રોલ લેવા ઊપડ્યા. પાછા આવતાં બંને જણ ઘનીભૂત શ્વેતતિમિરમાં ફસાઈ પડ્યા. કેટલોક વખત આમતેમ અટવાતાં તેઓ તે જ સ્થળે પાછા આવી પહોંચ્યા કે જ્યાંથી તેઓ પેટ્રોલ લઈને ઉપડેલા! એમનાં પદચિહ્નો ઉપરથી માલમ પડ્યું કે એક માઈલનો ફેરો ખાઈને તેઓ તે જ સ્થળે પાછા આવેલા; વિશેષ વાત તો એ બની હતી કે તેઓ ડાબી દિશા તરફ જ અટવાતા જતા હતા; જો કે તેમણે જમણી બાજુ અને સીધા જ રસ્તે ચાલવાનું નક્કી કર્યું હતું. પરંતુ શ્વેત નિબિડ તિમિરમાં તેમનાથી ડાબી બાજુ ચલાઈ જવાતું. ત્યાં બરફની આંધીઓ ડાબી બાજુ જ ચક્કર લગાવે છે; સૂર્ય જમણી બાજુથી ડાબી બાજુ જાય છે; પેંગ્વિન પક્ષીનાં પાદચિહ્ન ડાબી બાજુ પડેલાં દેખાય છે; સીલ માછલી જમણી બાજુથી ડાબી બાજુ જાય છે.

ઉત્તર ધ્રુવના પ્રદેશમાં આનાથી ઊલટો અનુભવ થાય છે. સૌ જમણી બાજુએ ચાલતા જણાય છે!

દુનિયાનો આ છઠ્ઠો ખંડ વસાહત માટે બહુ પ્રતિકૂળ છે. ઠંડા યુદ્ધ લડનાં રાષ્ટ્રો આ ઠંડા પ્રદેશને યુદ્ધની ગરમીથી નહીં ઓગાળી દે એવી પ્રતીતિ આજે તો, જ્યારે ત્યાં જેમણે પગદંડો જમાવ્યો છે તેવાં રાષ્ટ્રોએ ઠરાવ કર્યો છે કે લશ્કરી થાણાં નહીં રાખવાં—થાય છે. હમણાં તો આ ખંડ અંગે એટલો બધો પ્રકાશ ધીરે ધીરે-શોધખોળને પરિણામે—મળતો રહે છે કે એકવાર આ ખંડ અજાણ્યો હતો એ પણ કદાચ નજીકના ભવિષ્યમાં ભુલાઈ જાય તો નવાઈ નહીં.

સુન્દરમ્‌ની સુવર્ણસૃષ્ટિ

પ્રા. કાન્તિલાલ આચાર્ય

નવીન કવિતાના આપણા અગ્રણી સર્જકોમાં સુન્દરમ્ અનેક દૃષ્ટિએ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ગાંધીયુગની ભાવનાઓને કાવ્યમય ઉદ્‌ગાર આપનાર તરીકે, તથા બ. ક. ઠા.એ પ્રયોજેલી શૈલીના સફળ સર્જક તરીકે તેમનું અગ્રેસરત્વ સુપ્રસિદ્ધ છે. વસુંધરા અને તેનાં વહાલાં-દવલાં સહુ કોઈ માટે આ કવિને ખૂબ પ્યાર છે. સુન્દર માત્રને ચાહવાની અને અસુન્દરને ય ચાહી ચાહી સુન્દર કરી મૂકવાની આ કવિની નેમ છે. સહાનુભૂતિની વિશ્વવ્યાપી ફલક ધરાવતા અને સૂક્ષ્મ સૌન્દર્યગ્રાહી દૃષ્ટિવાળા આ કવિએ જેમ 'બુદ્ધનાં ચક્ષુ,' 'ત્રિમૂર્તિ,' 'શ્રી અરવિંદ' અને 'કાલિદાસને' તેમના કવનવિષય બનાવ્યા છે તેમ 'તલાવણી', 'ભંગડી', 'માગણ' અને 'વેશ્યા'ને તથા 'મોરીનું ફૂલ' અને જાજરૂની બાપીને પણ પોતાની કાવ્યસૃષ્ટિમાં આવકાર્યાં છે અને તેને દરેકને પોતાના રસોદ્રેકથી શણગાર્યાં છે. તેમણે ધરા ઉર દટાઈ રહેલી પ્રચંડ જ્વાલાવલિને સંબોધી છે. પૂલ નીચે ઊભા રહી પૂલનું હૈયું નિરખ્યું છે અને પતંગિયાની પાંખે ચઢી — વાદળોની સંગે ઊડી — બહુરૂપિણી માયાનો મોહક વૈભવ ગાયો છે. આવા આ કવિની એક આગવી વિશિષ્ટતા તે તેમનાં અધ્યાત્મરંગી કાવ્યોની છે.

સુન્દરમ્‌નાં આધ્યાત્મિક સ્પન્દનોની સમૃદ્ધિએ અને તેમને અભિવ્યક્ત કરતાં કાવ્યોની માતબર સંખ્યાએ કાવ્યરસિકોનું સવિશેષ ધ્યાન ખેંચ્યું 'યાત્રા' સંગ્રહથી; પણ પરમ પ્રકાશની પ્રાપ્તિ માટેની કવિહૃદયની શાશ્વત ઝંખનાના સ્ફુલિંગો 'કાવ્યમંગલા' અને 'વસુધા'માંથી અભ્યાસીની નજરે ઓછા પડતા નથી. 'કાવ્યમંગલા'ના ઊઘડતા પાને કવિ કહે છે :

> 'અરે, મારી ભોળી શિશુક કવિતાને હજી નથી
> મળ્યું એનું સાચ્ચું ધ્રુવપદ, ભમે આજ અટૂલી
> સુગ્રંથ્યાં વિશ્વોમાં બસુર સ્વરથી, કાવ્યઘડુલી
> મહા સત્યાબ્ધિમાં સ્થિર તરણ અર્થે રહી મથી.'

આ પંક્તિઓમાં પ્રગટ થતા સાત્ત્વિક અસંતોષવાળા કવિની સાચ્ચા ધ્રુવપદની પ્રાપ્તિ માટે જારી રહેલી, ઉગ્ર સભાનતાવાળી કાવ્યસાધનાએ તેમને તપોગિરિની આનંદયાત્રાના શ્રદ્ધેય યાત્રી બનાવ્યા છે. અહીં તેમના જ ઉદ્‌ગારોની તેજલ કેડીએ, તેમના અધ્યાત્મરાહને અવલોકવાનો આછેરો પ્રયાસ માત્ર કરીશ. ભક્તિ અને અધ્યાત્મના પ્રવાહો હમેશાં અલગ અલગ ન વહેતા હોઈને અને આ દેશની ભૂમિ તથા હવા તેમના સંયુક્ત વહનને વધુ મહિમાવંતુ તીર્થ બનિતી હોઈને તે બે વચ્ચે મેં અત્ર સૂક્ષ્મ પ્રભેદ કર્યો નથી.

સુન્દરમ્‌ના મનોવિકાસમાં આરંભકાળની સ્થિતિ શ્રદ્ધાળુ, પ્રભુભક્ત જીવની છે. પછી વાસ્તવાભિમુખ બનેલા કવિને જાગતિક જંજાળોનો અનુભવ નાસ્તિકતા તરફ તો અંતરનો પુકાર બીજી તરફ ઢસડે છે. ચિન્તનને ચાકડે ચઢાવે છે_અને અન્તે ધ્રુવપદને શોધતા કરે છે. નાસ્તિકતાનાં ભ્રમણો અને મંથનનાં વમળો દરમિયાન પરમ તત્ત્વની પ્રબળ-ઉત્કટ છતાં ક્ષણિક ઝાંખી કવિને ક્યારેક, કદીક સતાવી જતી પણ આજે તો તેના અનુપમ સૌન્દર્યનું સંપૂર્ણ દર્શન કરતાં અને તજ્જનિત અખંડ આનંદ અનુભવતાં કવિ કહે છે :

> 'હે માતા, જગમાંહિ સુન્દર ન કો દૃષ્ટે પડ્યું તું સમું,
> મારાં ત્વચ્ચરણારવિંદ વિરમે સૌન્દર્યસ્તોત્રો હવે.' (યાત્રા, ૧૨૮)

જગતનાં સૌન્દર્યોનો અનુભવ કર્યા વિના કવિએ આ સરખામણી કરી નથી. હકીકતમાં તો સંસારનાં સુખો અને જગતનાં સૌન્દર્યોના અનુભવે જ આ સતત જાગૃત કવિ પાસે 'સ્વપ્નભંગ', 'કાવ્યપ્રણાશ', 'ધ્રુવપદ કયહીં?' અને 'રામજીએ તો' જેવાં કાવ્યો લખાવ્યાં છે. સ્વપ્નાવસ્થાનું સુખ કેવું હતું?

> 'રંગ ને રાગ મચાવ્યા અંદર, મોહમદિરાનું પાન,
> ભોગનાં ભોજન પેટમાં ભાર્યાં, કાનમાં કામુક ગાન,
> ચડ્યો મદસિંહ ઉછાળે રે,
> હવે જગ છો જમ મારે રે.' ('કાવ્યમંગલા' ૪૬)

એમ છતાં, માયાનાં ગમે તેવાં દૃઢ આવરણો ભેદીને માંહ્યલો જાગે છે અને એ સ્વપ્નસૃષ્ટિને તથા નિદ્રાના સુખને ફગાવી દેતાં કવિ કહે છે:

> 'રંગ બેરંગી ઉષાનાં ઓઢણ, આભના તેજ અંબાર,
> શીતળ લીલી છાંય વનોની, કોયલના ટહુકાર,
> સુણું તુજ ભોમકા એવી રે,
> હવે મને નીંદર કેવી રે?' (કા. મં. ૪૬)

કવિને હૈયે સૂતેલા રામજી સળવળવા લાગ્યા છે, આતમરામ જાગવા માંડ્યો છે અને કવિના આત્માને પરમાત્માથી છે તે જુદાઈ ખૂબ ખૂબ સાલે છે. તે કહે છે:

> 'અલખનાં તારે ઓઢણુ પોઢણુ,
> ઓઢણુ પોઢણુ, માયાની ચાદર મારે ભાઈ,
> જોગમાયાના નાથ નિરંજન,
> નાથ નિરંજન, કયાં લગ રાખીશ આમ જુદાઈ?' (કા. મં. ૬૭)

નિરંજનનાથ માટેનો આ તલસાટ સકારણ છે. 'જગત કાવ્યને ચાખવા' કવિએ શ્રમણ ઓછું નથી કર્યું. 'જગતનાં મુખ્ય તત્ત્વો — કુદરત, મનુષ્ય અને તેનાં કાર્યો — વિષેની કલ્પના કે સ્વપ્નોને સાચાં નાણી જોવા માટે'ના કવિના પ્રયત્નોનું પરિણામ શું આવ્યું? જગત સ્વાર્થી, ડરપોક, ખૂની, દીન અને રસહીન લાગ્યું. માટે 'આ દેખાતા દુઃખસમુદાયની પાછળ કંઈ બીજો ગૂઢ, કલ્યાણપરિણામી અર્થ છે કે કેમ તે ખોળવા પોતાના સર્વ રુચિતંત્રને સમાધિ લેવાડવા કવિ ઇચ્છે છે.' કવિના 'હૃદયની આશા, જીવનનું અને એટલે જગતનું અંતિમ સત્ય, રહસ્ય પામવાની છે.' જ્યારે અહીં તો બધે કેવું છે?

> 'સુખો આનંદોથી સ્થળ ન સ્થિતિ એકે કદી ભરી,
> ન પૂર્ણત્વે કોઈ પટ પૃથિવિને મંડિત થયું,
> સમગ્રા યોજેલી પ્રકૃતિરચનાનાં અવયવો
> જુદાં પાડી તેમાં સુખ લહવું, એ મૂઢય નરી. (કા. મં. ૧૧૯)

માટે કવિ સંકલ્પ કરે છે કે:

> 'ઉકેલી વિશ્વોની ગહન લિપિ સામંજસ્યવતી,
> સુયોજવા સંસારે સ્થળ મનુજનું સત્ય નિરખી,
> પ્રતિ પ્રાણીનાં જીવન જલતણાં વ્હેણ પરખી,
> હું શબ્દે શ્રદ્ધાના કવિશ કવિતા ઓજસવતી.' (કા. મં. ૧૨૦)

તલસાટની ઉત્કટતા વિના ઉત્તમ વસ્તુની પ્રાપ્તિની શકયતા નથી. ધ્રુવપદની પ્રાપ્તિ થશે જ એ શ્રદ્ધાનો બુલંદ, મીઠો રણકો આવ્યો કયાંથી ? અલખને પામવા માટે કવિહૃદયમાં વધતી જતી ઝંખનાની માત્રામાંથી. આધુનિક જ્ઞાનવિજ્ઞાનના બૌદ્ધિક કે ભૌતિક વિકાસની શકયતાઓથી પરિચિત, છતાં તેની મર્યાદાઓથી પણ અનન્ત કવિ ભજનિકનો આર્તપુકાર અને દૃઢ નિર્ધાર સાંભળવો છે !

'વિદ્યુતના ઝબકાર જગાવ્યા,
વાયુ વરુણને વશ વરતાવ્યા,
પણ ચેતવવા ચેતન તણખો
ફોગટ ફાંફાં માર્યાં રામ, તું હિ, તું હિ.
× × ×
વિશ્વોના સૌ બાગ સુકાશે,
સૂર્ય શશીના દીપ બુઝાશે,
પણ અંતરના વલખાં તારે
અરથે બંધ તું થાશે રામ, તું હિ, તું હિ.' (કા. મં. ૫૪)

'જન્મગાંઠ' અને 'બળતા બચાવજો' આમ તો પ્રાસંગિક કાવ્યો છે. પણ પચીસમું વર્ષ શરૂ કરતા કવિના હૃદયનો પ્રધાનભાવ સહજ રીતે આમ પ્રગટ થઈ જાય છેઃ

'ધન્યવાદ ના'પશો યદા પડેલ જન્મગાંઠ, ૩૩
ધન્યવાદ આપજો છૂટે યદા પ્રચણ્ડ ગાંઠ.' (કા. મં. ૭૭)

'બળતાં બચાવજો'માં કવિના ચિન્તનવિસ્તાર માટે કારણ છે કેદમાંના સાથીઓને મળતી મુક્તિનું. પ્રસંગ તો આનન્દનો પણ તુરંગમાંથી છૂટી સાથીઓ દેશવ્યાપી દાસ્યના તુરંગમાં જવાનાં; એ ય તુરંગ તૂટશે પણ માનવચિત્તે ઊભા કરેલા મોહમાયાક્રોધની વૃત્તિઓના તુરંગ નડશે — ને અંતે રહેશે સૌથી વધુ દુર્ભેદ્ય તુરંગ માનવના અહંનો. એ તુરંગનો તંગ તૂટે ત્યારે સાચી પરમ મુક્તિનું દિવ્ય પ્રભાત ઊગે.

આમ આદમની મધરાતે વેરણ થયેલી નીંદરીનાં અને મારકડોશીની મૂરછાનાં ગીતો ગાતા 'કાવ્યમંગલા'ના કવિની પરમ મંગલ પ્રત્યેની અભિમુખતા વર્ષોજૂની છે, ને તેમની ચેતનાનો સાહજિક અને પ્રબળ ઉન્મેષ પહેલેથી છે. ફક્ત કવિની અધ્યાત્મપરાયણતાનું સાતત્ય તથા તે જ ભાવોર્મિનું વિવિધ, સુંદર પ્રકારાન્તરે અનુરણન ત્યાર પછી વધતું રહ્યું છે અને તે ત્યાં સુધી કે સંસારી જીવની અન્ય સાહજિક સંવેદનાઓ તેમની કવિતામાંથી અદૃશ્ય થતી જતી લાગે છે.

૨

'વસુધા'માં પરમધન પ્રભુનાં લેવા માટે, 'સુન્દર પ્રભુકે અમર પ્રેમકી બાંધ ગઠરિયાં' કવિ નીકળી પડે છે. અલક્ષ્યના યાત્રીનો મત્ત આનન્દ અને મધુર તરવરાટ તેના પદેપદમાં પરખાય છે; અને 'વિરાટની પગલી'માં તો ઈશ્વરના સાક્ષાત્કારમાંથી જન્મતો, કવિહૃદયમાં પ્રભુ પધાર્યાની પ્રસન્નતામાંથી ઉદ્ભવતો, ધન્યતા અનુભવતા ભક્તહૃદયનો આહ્લાદક લલકાર ગાજી રહે છે. વળી કોઈ 'એક સવારે', સુભાગી પળે પરમચૈતન્યનું સ્પન્દન કવિને ઝબકાવી જાય છે. મીઠી, ઓજસવતી વાણીમાં એ આત્મિક જાગૃતિનું ગાન ગાતાં કવિ કહે છેઃ

'વસંતની ફુલમાળા પ્હેરી,
કોકિલની લઈ બંસી,
પરાગની પાવડીએ આવી,
કોણ ગયું ઉર પેસી!
મુજને કોણ ગયું ઝબકાવી?' (વસુધા: ૫)

સ્પષ્ટ છે કે કવિનો પ્રભુ સાથેનો નાતો વધુ ઘનિષ્ઠ થયો છે. કવિ તેમના મનના માલિકને એમની બંસીમાં બે બોલ વગાડી જવા, એમની વીણાની વાણી જગાડી જવા, તેની મોજના હલેસે એમની નૌકાને ફાવે ત્યાં હંકારી જવા ચિત્તાકર્ષક, કોમળ, પ્રેમળ વાણીમાં વિનવે છે. પરમચેતના તો સર્વવ્યાપી છે. માત્ર ભક્તની આંખે તેને પારખવાની હોય છે. 'કોણ'ની સૂચક પ્રશ્નાવલિ કેવી મીઠાશથી પ્રભુની યાદ આપી જાય છે? 'બહુરૂપિણી' પ્રકૃતિનટીને નચવતા લીલાધરના દર્શન માટે તલસતો જીવ પૂછે છે:

'અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ?
કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ?' (વસુધા: ૧૫)

કવિને આપણે સામા પૂછીશું ખરા કે જીવનનાં ભાર્યાં ખાંધી, મૃત્યુના વનવગડા વીંધી, કાળ-કિનારે હરદમ ભટકવાનો તલસાટ તમે કોના માટે સેવો છો? પણ, થોભો કવિ, અધીરા થાશો મા. જેની પગલી ઢૂંઢતાં ઢૂંઢતાં તમે જગતનગરની ગલી ગલી ઘૂમી વળ્યા તે જ હવે તમારામાં લોભાયો છે. પ્રીતિનાં કર્ષણો તો હંમેશાં ઉભયાન્વયી જ હોય. કવિનો પ્રીતમ હવે 'નયનને બારણે ઊભી ટકોરા કૈં લગાવે છે' અને 'હૃદયની ખોલતાં ખિડકી, મીંચી આંખો છુપાવે છે.' કવિ તેની સામે મીઠી ફરિયાદ નોંધાવે છે. પણ કવિને ખૂબ ખૂબ ગમતો આ 'ઠાક' જે 'અજબ ખુશબુભર્યો ગાઢો થઈ વંટોળ આવે છે' તેની કવિના હૃદયપદ્મમાં થયેલી કાયમી પ્રતિષ્ઠા 'યાત્રા'માં જોવા મળે છે.

૩

આત્મતત્ત્વનો પરમોન્નત વિકાસ સાધવા માગતા ભક્તની મધુમય પ્રાર્થના 'તવ-ચરણે'થી યાત્રાનો આરંભ થાય છે. આ ભક્તહૃદયને માત્ર ઇહલોક-પરાયણ, ક્ષુદ્ર સંસારી જીવડાનું, ઇન્દ્રિયોના ભોગોપભોગોમાં ગૂંચવાતું જીવન કેટલું દીન, હીન અને ઘૃણાભર્યું છે તેની પ્રતીતિ ક્યારનીય થઈ ચૂકી છે. એટલે એ ગગનચારિ નાથને તેના ઉગ્ર પંજેથી પોતાને ઊઠાવી જવા પ્રાર્થના કરે છે:

'ભલે ત્વચ તૂટો, ફૂટો હૃદય, માંસમજ્જા બધું
બનો સમિધ તાહરા ઉદર અગ્નિમાં ઉજ્જ્વલ,
કશું ન વસમું જ એ, વસમું માત્ર આ જીવવું
ધરા–તમસમાં પ્રમત્ત મૃદભક્ષી આ કીટનું.' (યાત્રા: ૪)

ભલે તે ગગનનાથ 'પવનોની પાંખે ચઢી' આવે, ભલે તે તેની સાથે 'શત મૃત્યુ કેરી ઝડી' લાવે. ઊર્ધ્વ પંથના યાત્રીને તેના આરોહણમાં નડતાં વિઘ્નો તે વિઘ્નો છે જ નહિ; એ તો પ્રભુની કસોટીમય પ્રસાદી છે. પ્રભુની પ્રાપ્તિ માટે મૃત્યુથી મહોબ્બત બાંધતા, ફનાગીરીના પંથે મુસ્તાક રહેતા જીવને શ્રદ્ધા છે ઇષ્ટની અવશ્યંભાવિ પ્રાપ્તિમાં. પછી તેને ડરવાનું શું? દિવ્ય મસાલ તેના માનસને પામે એ જ લક્ષ્ય છે માટે

કવિ 'જાગ અગની'માં અંતરના અગ્નિને, સ્વયંપ્રકાશિત આત્મજ્યોતિને જાગવાની આગ્રહભરી વિનંતી કરે છે. 'અંગુલિ હે'માં કવિ તેમનાં દશેય અંગાગ્રને સંપુટ રચવાનું કહે છે. શરીરની ચેતનદોરા જેવી આંગળીઓથી કવિએ ઘણીબધી ક્રિયાઓ કરી છે. શૈશવમાં માટી ખાધી છે, કૈશોર્યમાં ખેલો ખેલ્યા છે, યુવાનીમાં પ્રિયના કરે સરી બિસતંતુની કુમાશ ધારી છે, એ કરાંગુલિથી જેકાર ઝીલ્યા છે–દીધા છે, આશિષો આપી છે, ભોળપભાવથી માળા જપી છે. પણ હવે ? કવિ–ભક્ત શરીરના ચૈતન્યને હવે વિખરાઈ જવા દેવા તૈયાર નથી. એ તો કૂર્મોઽગાનીવ સર્વશઃ પોતાની તમામ પ્રવૃત્તિઓને સંકેલી લેવા માગે છે. દશજિહ્વવહ્નિની માફક દશાંગુલિઓમાંથી સરી જતી શક્તિઓને સંપુટમાં બાંધી લઈ, ભક્ત ચૈતન્યની એક એવી દૃઢજ્યોત પ્રગટાવવા ઇચ્છે છે જે અહંનાં વન બાળે ને અગમ્યમાં આરોહવા માટે તે સંપુટ ક્ષેપનદોરાનું કામ કરે. પેલું નભચારિ પંખી, ઊર્ધ્વલોકનાં બધાં અમૃત લઈને સો ઊતરશે, એ સંપુટમાં તેનો નીડ રચશે અને પછી એ કરાંગુલિઓમાંથી સ્રવશે

'સંજીવની અર્પતું દિવ્ય અમ્રત.'

'વસો ઊંચે'માં કવિ તેમના ચૈતન્યને ઊંચે શિખર ઉપરે વસવા આદેશ આપે છે. નીચે તળેટીમાં તો અંધારામાં અટવાવાનું, વળી 'હજારો વેલાનાં વમળ' અને 'હજારો કાંટાળાં કુહર' ચરણોની અને કિરણોની ગતિને અવરોધે પણ. '—જઈએ'માં કવિ સંસારનાં તેમનાં પ્રેમપાત્રોને પણ તેમની આનંદયાત્રામાં જોડાવાનું કહે છે. મધુર, સુભગા બાલાની આહ્‌લાદક પ્રીતિની અર્ચનાને પાત્ર નથી હૃદય કવિનું, વળી બાલા રૂપી કુસુમ પણ કેવું છે? 'હજી તારાં અંગો રજકણ અને કંટક વહે' આવાં હૃદયોનાં સ્નેહસંચારનું ફળ શું હોઈ શકે?

'બેસૂરાં કાંટાળાં ઉરથકી કયી રાગિણી ઝરે?
અને જેથી પૃથ્વી છલકતી સુધાના સરવરે?' (યાત્રા : ૨૯)

તો કરવું શું? કવિસાધકનું નિમંત્રણ છે:

'નહીં, ચાલો જૈએ અભિનવ કલાસાધક કને,
જહીં તારું મારું રસધન બધું દિવ્ય જ બને.' (યાત્રા : ૨૯)

કવિના ભક્તહૃદયને હવે હરકોઈ પળે ને ગમે તે સ્થળે, વિશ્વસમસ્તને ગુલગુલાબી કરી મૂકતી આધ્યાત્મિક અનુભૂતિઓ સ્પર્શી જાય છે. અનુભૂતિનાં એ આનંદોદ્‌ગારનું એક રળિયામણું રૂપ 'દીઠી તને'માં જોઈએ:

'મેં નેત્ર મીંચ્યાં:
પૂંઠળે પાંપણતણા પરદાતણી
ચક્ર એક રહ્યું ઘુમી
તેજના દ્યુતિ, કિનારો ઇન્દ્રધનુ શી ચમકતી.
ને તેહના નાભિ વિષે
એક પદ્મે આસનસ્થા
મૂર્તિ કો બીડી હતી,
હસતી સિતારાઓ તણી ફૂંદી લઈ કિરણાવલિ,
રક્ત અળતા શી હથેલી આશિમુદ્રાથી ધરી;
જોતી હતી :

જાણે યુગોથી જાણતી મુજને હતી,
જાણે પ્રતીક્ષા માહરી વિશ્રમ્ભથી કરતી હતી.'

કવિએ તેની પાસે આ પૃથ્વી માટે સૌન્દર્યરૂપી અમૃત યાચ્યું ત્યારે—

'એના દ્યુતિમય દીપ્ત અધરો
અધીક દીપ્યા સ્મિત તણા શું ઉત્તરે.
ને તેજના એ ચક્રમાંથી
એક લેઈ દંત જાણે રૂપ કેરી કટાર શો
મારા ભણી ફીંકી હસી એવું જ એ મીઠું રહી!
ને આંખ મુજ મીચાઈ ગઇ,
એ કટાર તણી અણી
ક્યાં વાગી તે જાણ્યું નહિ.
ને આંખ જાગી
તો ધરા ઉપર તને દીઠી તહીં
એ મોહના, એ સોહના,
પૃથ્વી પરે મુજ પ્રાર્થનાની પૂર્તિ શી!' (યાત્રા : ૪૭)

આવી 'પ્રાર્થનાની પૂર્તિ'ને પધારવા માટે કાંઈ મુહૂર્ત થોડું આપવાનું હોય! કવિ 'તું આવજે' (યાત્રા : ૫૦)મા કહે છે :

'તું આવજે :
મધરાત હો કે ભોર હો,
હો આભ ખુલ્યો કે પછી ઘનઘોર હો,
તું આવજે,
વિદ્યુત્ સમી ઉદ્યોતની કિરપાણ લઈ તું આવજે..
પાછા જવાની વાત મૂકી
આ અમારા નેસની ચિરવાસિની થઇ આવજે,
તું આવજે, તું આવજે.'

૪

પરમ તત્ત્વના પ્રભાવનો, તેના અપાર વૈભવનો, તેના અનુપમ લાવણ્યનો પરચો થયો હોવા છતાં મન સદૈવ તેને જ ધ્યાતું રહે એમ ન પણ બને. 'આકર્ષણ' માં કવિ કહે છે :

'અરે, મનનું માંકડું વિવશ ચાલતું રોકું ઘણું,
ઘણોય ઉપદેશ દેઉં, દઉં શાસ્ત્રની આણુ કે,
અને હરિરસોની લાલચ દઉં, છતાં વાંદરા
સમું હુક કરી હમેશ દઇ ઠેક ડાળે ચડે.' (યાત્રા : ૫૩)

ગીતામાં મધુસૂદને પ્રબોધેલા યોગની પણ 'સ્થિરામ્ સ્થિતિમ્' આ જ કારણે અર્જુનને શંકાસ્પદ લાગેલી; અને ભગવાને તેને અભ્યાસ અને વૈરાગ્યનો માર્ગ ચીંધેલો. આપણા કવિ-યાત્રીનું સદ્ભાગ્ય છે કે માતૃકૃપાથી તેમનું મનનું માંકડું સહેજે હનુમંતદષ્ટિ સંપન્ન બની રહે છે :

'હવે વન અશોકવેડી ઉરતૃપ્ત હનુમંત શું
અનેલ, મન સીતના ચરણસ્પર્શ સંપૂત થૈ,
દરેક મણિરત્ન ભાગી મહીં રામમૂર્તિ ચહે,
અને જ્યહીં ન રામ, તે ગરતમાંહિ વ્હેતું કરે.' (યાત્રા : ૫૪)

'નાચીજની કહાણી' (યાત્રા : ૧૬૩) કહેનાર અને 'મનુજઅંણુ' (યાત્રા : ૫૯) ઢૂંઢનાર કવિની તત્ત્વનિષ્ઠાએ પ્રેરેલો આ સ્વાભાવિક આધ્યાત્મિક વિકાસ છે. જગતમાં વાંછેલું પણ હાથ નહિ લાધેલું કુસુમ કવિ અંતે જુએ છે માના હાથમાં અને તેમનો તલસતો જીવ બોલી ઊઠે છે:

'અરે મારું – મારું કુસુમ ક્યહીંથી તવ કરે?'
ધસ્યો હું ઔત્સુક્યે, કુસુમ ત્યહીં 'મા ! મા !' ઉચરિયું —
મને શું ટાળંતું, અધિક કરને એ વળગિયું,
અને જૂના શલ્યે ઉર છણુછર્યું દગ્ધ રુધિરે.'

પણ માની નિરવધી કૃપાએ શું કર્યું?

'પસાર્યો મૂર્તિએ કર કુસુમવંતો, શિર ધર્યો
વળી મારે, કોઈ સુરભિ મુજ હૈયે રહી સરી.
હતી એ તે કોની? કુસુમતણી? વા તે સ્મિતભરી
અમીરી આંખોના અગમ ઉરની જ્યાં રસ નર્યો!'

ગમે તેમ પણ કવિ સમજ્યા કે જીવનયાત્રાનું ચરમસ્થાન તે આ. તેથી તો કવિ કહે છે:

'પછી ધીરે ધીરે કમલચરણે નેત્ર અરપી,
ઉકેલ્યું મેં હૈયું: તલસન બધી, આરત બધી,
અધૂરી આંખોની ભટકણ બધી; તેજલ નદી
અહો એ નેત્રોની તરસ રહી સૌ મારી તરપી.'

આવો અપૂર્વ ચમત્કાર તે હોય? આવું સંપૂર્ણ સુખ તે સ્વપ્નાવસ્થાનું તો નહિ ને? ના, નહિ જ. આ-જ ખરી જાગૃતાવસ્થા. અને એ સાચી અખંડ જાગૃતિને પામેલા કવિને કહેવાનું છે તે આ:

'મને અંગે અંગે અણુઅણુમહીં કો પરસતું
ગયું, એવા રીત્યે ઝરમર રસો કો વરસતું
રહ્યું એવા જેવા મનુજ જગમાં ક્યાંય ન વસ્યા!
વસ્યા એ મીઠેરા રસ અમિત, જ્યાં અમૃત રસ્યા
ત્યહીં મારાં હાવાં ચરણ વળતાં તૃપ્ત – તરસ્યાં.'

૫

'કાવ્ય પ્રણાશ'ના કવિને 'આ-ધ્રુવપદ' સુધી પહોંચાડતી અનુભવોની સૃષ્ટિ; પ્રેરક શક્તિ અને ચિન્તનની શ્રેણી કંઈ છે!

પ્રેમપ્રાપ્તિ માટેનો પ્રબળ આવેશપૂર્ણ તલસાટ — 'યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસ' — આ કવિના સ્વભાવમાં પહેલેથી દેખાય છે. અને એ તો હકીકત છે કે પ્રણયની પ્રાપ્તિ માટેના આવેશની ઉગ્રતાના પ્રમાણમાં, પ્રણયવૈફલ્યની ક્રાન્તિકારક ચોટ સામેની હોય

છે. 'સર્વાંગ સળિયા પરે' ઉદ્ભવેલાં દ્રષ્ટિ, દેહને છેતરવા માટેનો એક રાહ 'ધૂળના થાંભલાઓ' બની જીવવામાં છે. 'મનુજ પ્રણય'માં કવિ આ માર્ગ અપનાવે છે:

'સરી મારી નાની લઘુ મનુજની ક્લાન્ત કથની,
જગઝંઝા કેરી ઝપટ થકી મૂછીતટ ઢળ્યાં
મનુષ્યોને કાજે ચરણ મુજ પાછાં જગ પળ્યાં,
ઝગી ઊંડી ઝંખા—લઉં હું ય ધુરા વિશ્વરથની!' (યાત્રા : ૬૧)

વિશ્વરથની ધુરા વહેતા કવિ પાસે ક્યારેક કોઈક આવે છે અને 'મણીજ' કે 'મરીજ'ના સ્વરે મેદફિલ મચાવે છે. 'ભમંતાં ભૂક્ષેત્રે પથતટ પરે શ્રાન્ત પગલે' ઢળેલા કવિને આ કોક સાથેની જન્માન્તરોની પિછાણ જાગતાં કવિ શાતા અનુભવે છે:

'કશો ધીળોધોળો પરસ ઉતર્યો કો મુજ શિરે!
ધર્યાં મારાં અંગે મૃદુ કુસુમનો અંચલ ધરી
ગયું કો શું, ઓપે જનની ઉદરે આભ ઉતરી
નવા કો જન્માર્યે, ત્યમ જઉં ઢળી નીંદશિખરે.' (યાત્રા : ૬૬)

'પ્રવાસી પંથીના' (યાત્રા : ૧૧૭) બની એકલા અટૂલા અથડાતા કવિને જાણે નિશિગન્ધાની સુરભિ સ્પર્શી ગઈ! શો એ અનુભવ! અગોચર ગોચર થવાના અભિનવા આનન્દને માણતો કવિ તો:

'પથા પોઢે પદ્મે ભ્રમર ત્યમ તે મૂર્છિત ઢળ્યો,
નિશારાણીએ ગે મઘમઘ મૂકી વ્હેતી સુરભિ.
હતી એ મૂછીની તમસભર નિદ્રા? પથિકની
મટી સૌ ઝંખાઓ, ચરમ વિસરી મંઝિલ અને
ગણ્યાં સૌ સાફલ્યો સકલ ત્યહીં યાત્રા નિજ તણી.' (યાત્રા : ૧૧૮)

આ અનુભૂતિએ આપેલી નૂતન દૃષ્ટિએ જોતાં જીવનમાં કે જગતમાં નિરાશા કે અવસાદને કોઈ સ્થાન નથી. સાગર હરિનું શયન છે, ગગન પ્રભુનું હૃદય છે, વાયુ જગતમાં સંવાદનું અનુરણન રચતો માતરિશ્વા છે, પૃથ્વી પરના વિપુલ જીવનનું સંવર્ધન કરતો સૂર્ય પિતા છે અને આ ધરા સૌ જીવોની માતા છે. 'તૃણના અંકુરથી માંડી ઠેઠ મનુજની મતિ સુધી, માનવને પ્રેરતી પ્રેરણા બની તે જીવનની રિદ્ધિ રચી રહે છે.' આ જીવસૃષ્ટિમાં માનવી ભયંકર છે તો વિશ્વસનીય, આશાસ્પદ અને શ્રદ્ધેય પણ તે જ છે....' સર્વ પ્રાણીને તેણે વશ કર્યાં છે, તો પ્રભુપદનું તીર્થ પણ તેણે જ રચ્યું છે. ભૂતલ પર રહી સ્વર્ગની સુધા ઝંખનાર એ પ્રથમ પ્રાણી છે. અને ત્યાંથી, માનવની એ ઝંખનામાંથી પૃથ્વીના જીવનનો નવો તબક્કો સ્થાય છે. એ મરતત્ત્વની પોતાની જ ઊર્ધ્વગતિ છે. જેને પરિણામે

'પ્રભુત્વે આરોહી, પ્રભુતણી લઈ સિદ્ધિ સકલ,
ધરા હૈયે પાછું અવતરિત થાવું, પ્રભુ તણી
અહીં આંકી દેવી બૃહત ઋતમુદ્રાઃ–રણઝણી
રહો એ ભવ્યાશે વિકસિત ઉરોનાં શતદલ.' (યાત્રા : ૧૯૭)

૬

કવિની સ્વાનુભૂતિએ ચીંધેલા આ આધ્યાત્મિક ઉચ્ચતાને પામવાનો કોઈ માર્ગ ખરો? સુન્દરમ્ કહે છેઃ 'યોગમાં દરેક પુષ્પની ચેતના પ્રત્યક્ષ થઈ શકે છે અને તેનું રહસ્યરૂપ વરતી શકાય છે. ચંપાની પાંચ પાંખડીઓ દ્વારા ચિત્તને–અંતરાત્માને–પૂર્ણતા પ્રતિ લઈ જતા પાંચ સૂચવાતા ભાવ આ છે: અભીપ્સા, શ્રદ્ધા, સમર્પણ, ભક્તિ અને સત્યનિષ્ઠા. આ પાંચે ભાવોને પરિચિત રૂપકોમાં પ્રયોજીને કે નવાં પ્રતીકો યોજીને કવિએ સંખ્યાબંધ કાવ્યોમાં ગાયા છે, જો કે મન, વચન અને કર્મની એકરૂપતામાંથી પ્રગટતી સત્યનિષ્ઠાનું પ્રેરક ઉદાહરણ તેમનું પોતાનું જીવન બની રહ્યું છે.

આ રીતે સાધેલી ચિત્તપૂર્ણતાથી મેળવવાનું શું? સ્વર્ગ? વૈકુંઠ? ના. આપણી પરંપરા-પ્રાપ્ત વિચારણા મુજબ તો ત્યાં પહોંચ્યા બાદ ક્ષીણે પુણ્યે મર્ત્યલોકમાં પ્રવેશ કરવાનો રહે. ગોલોક ગોલોક રહે અને ભૂલોક ભૂલોક. શ્રી અરવિંદના દીક્ષિતોના મંતવ્યાનુસાર તો યોગના ફળ રૂપે પરમાત્માની પરમ ચિતિનો આ જડ ભૂમિ પર વાસ બનશે. ત્યારે ધરતી પરનાં બધાં અનિષ્ટો—વર્ગભેદો, વર્ગવિગ્રહો અને કોલાહલો—શાશ્વત શાંતિને પામશે, વિશ્વ આખું ગુલગુલાબી થઈ જશે. 'ગુલબાસની સોડમાં' (યાત્રા : ૧૧૦)થી કવિને લાધેલું આશ્વાસન કયું છે?

'આ ભૂમિએ નિજ રોગનું ઔષધ રહ્યું છે માગવું,
આકાશની શીતળ ધટાની ગહન રસશાળા થકી.'

કવિને શ્રદ્ધા છે કે પૃથ્વી પરના ગરલ સામે ગગનમાંથી શિવનયન ઠરશે અને ઝેરની ભરતી ચઢેલી ઓટ થૈ પાછી જશે. આમ જ થવાનું હોય તો શિલાની જડતા કે ભાવહીનતા સામે ઊર્મિએ ફરિયાદ કરવાની જરૂર નથી. છતાં શિલાએ ઊર્મિને આપેલો જવાબ આપણને કેટલો ટાઢો, ઠંડા કરી નાંખે તેવો લાગે છે?

'હતાં એકી રૂપે અગુણમય પૂર્વો સ્થિતિ મહીં:
શિલા ન્હોતી, ઊર્મિ પણ નવ હતો ગૂઢ તમસે.
ત્યહીં આનંદાર્થે ધસતી પ્રકૃતિ પૂર્ણ રભસે
બની તુંમાં–હુંમાં શત વિષમતાપૂરિત મહીં.
હવે ઊર્ધ્વે ઊર્ધ્વે ચડવું, જ્યહીં આ ભેદ ફલકે
નવા કોઈ ઐક્યે પરમ રસ કો ભવ્ય છલકે.' (યાત્રા : ૩૨)

ભરતી આવી, ગઈ અને કીચડ મૂકતી ગઈ તેથી ખિન્ન બનેલા તટને પણ પરિપૂર્ણ ચિત, ચંદ્રમાંથી જોતાં, સમગ્રની દૃષ્ટિએ જવાબ દઈ શકે કે હે તટ,

'ધરતી સુત! તું ય જો અરે,
નહિ અંશ તું એક સીમિત:
જ્યહીં અબ્ધિની છોળ રેલતી
ત્યહીં તું ત્યહીં સર્વદા સ્થિત.

વાયરા વસંતના

રમણ કોઠારી

રે સખી! વાયરા વાયા વસંતના.
વગડાનાં વાસી વહે નૂતન હેબાશમાં,
ધરતી આકાશ નવ્ય જીવનના પાશમાં,
રમણીના રાસ ચગ્યા ચહુદિશ વિલાસમાં.
રે સખી! વાયરા વાયા વસંતના.
રાધાનો કહાન રમે ઢેલડની સંગમાં,
ઢેલડનું રૂપ ભર્યું રાધાના અંગમાં,
રાધાને સંગ સારી સૃષ્ટિ ઉમંગમાં.
રે સખી! વાયરા વાયા વસંતના.

卐

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૨

સ્નેહી ભાઈશ્રી,

હજી થોડાં વર્ષો પહેલાં જ એ વાત સાચી હતી કે 'મહાન બ્રિટિશ સામ્રાજ્યના કબજા હેઠળ એટલા બધા પ્રદેશો છે કે તેની ઉપરથી સૂરજ કદી આથમતો જ નથી.' પણ હવે સૂરજ આથમવા માંડ્યો છે—અલબત્ત સૂરજ તો હજી એ સૌ કોઈ પ્રદેશ ઉપર પૂર્વવત્ જ તપે છે અને તપ્યા કરશે પણ સામ્રાજ્ય આથમવા માંડ્યું છે. એશિયા અને આફ્રિકાની ક્રાન્તિએ એક ગૌરવશાળી સામ્રાજ્યનું ગર્વખંડન કરી નાખ્યું છે અને તેનું સ્વરૂપ પણ બદલી નાખ્યું છે. આવા મહાસામ્રાજ્યનું સંચાલન જ્યાંથી ચાલતું હતું અને હજીયે વિશ્વના રાજકારણ, હુન્નરઉદ્યોગ, સંસ્કાર પ્રવૃત્તિઓ અને બીજાં અનેક ક્ષેત્રોમાં જેનું મહત્ત્વ ઘણું જ છે તે સ્થળ તે લંડન.

લંડન જગતનું સૌથી મોટું શહેર છે. લગભગ એક કરોડની તેની વસ્તી છે—એટલે કે આખા દેશની વસ્તીનો પાંચમો ભાગ તો એક શહેરમાં જ કેન્દ્રિત થઈ ગયો છે. છતાં લંડનમાં ફરતી વખતે આપણને એમ નથી લાગતું કે લંડનની વસ્તી આટલી બધી હશે. આનું કારણ છે ત્યાંનું વ્યવસ્થિત જીવન. મુંબઈ, અમદાવાદ, દિલ્હી, કલકત્તા કે મદ્રાસના માનવટોળાં જાણે આપણી છાતી ઉપર ધસી આવતાં જણાય છે અને અમારી વિલેપાર્લેની મોંઘીબાઈ રોડ ઉપરની માર્કેટમાં સાંજે શાકભાજી ખરીદવા નીકળો તો દરરોજ જાણે એમજ લાગે હમણાં જ પંડિત નેહરુનું ભાષણ સાંભળીને આ ટોળાં છૂટાં થયાં હશે! એક લાખની વસ્તીના ગામમાં એક જ માર્કેટ હોય, એક જ સીનેમા હોય, એક જ મંદિર હોય, એક જ હાઈસ્કૂલ હોય—એમ બધું એક એક જ હોય તો પછી ટોળાંનો પણ શો વાંક? ગામના બધા લત્તાઓમાં બધી સગવડો હોય તો પછી ટોળાં પણ જરૂર વહેંચાઈ ગયા વગર ન જ રહે. સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને સૌરાષ્ટ્ર મેલ સિવાય ત્રીજી ટ્રેન સૌરાષ્ટ્ર તરફ જતી જ ન હોય તો પછી ટોળાં પણ શું કરે? દર કલાકે બધી લાઈનો ઉપર ટ્રેનો ઊપડતી હોય તો એવું પણ લાગવા માંડે કે ભારતની વસ્તી એકાએક ઘટી ગઈ છે કે શું! તેવી જ રીતે વિપુલ સંખ્યામાં સ્કુલો, હોસ્પિટલો, સીનેમાઓ, બાગબગીચા વગેરે જાહેર સગવડો ગામેગામ હોય તો પછી ટોળાં શાં અને વાત શી! લંડન શહેરની સફળતાનું રહસ્ય સગવડોના આવા વિકેન્દ્રીકરણમાં અને ઉત્તરોત્તર વિકાસમાં સમાયેલું છે.

એક કરોડ માનવીઓની સગવડોને પહોંચી વળવું એ કંઈ નાનીસૂની બાબત નથી. પણ લંડનની કાઉન્ટી કાઉન્સિલે તેની સ્થાપના બાદ છેલ્લાં સીત્તેર વર્ષમાં આ કાર્ય ઘણી જ કુનેહથી બજાવ્યા કર્યું છે. આ કાઉન્સિલ દિનપ્રતિદિન પ્રજાની સગવડોમાં નવા નવા ઉમેરા કર્યે જ જાય છે. મૂળ ૧૨૦ ચોરસમાઈલ જેટલો લંડન કાઉન્ટી પ્રદેશ આજે લગભગ ૨૦૦૦ ચોરસ માઈલ જેટલો (એટલે કે ૫૦ માઈલ લાંબો અને ૪૦ માઈલ પહોળો) ફેલાઈ ગયો છે. આનો પણ લંડન ટ્રાન્સપોર્ટ બોર્ડ તરફથી યોજાયેલા કોઈને પણ મુગ્ધ કરી નાખે તેવા સુંદર વાહનવ્યવહારને ફાળે છે.

ખોડ તરફથી હજારોની સંખ્યામાં બસો દોડે છે અને સેંકડોની સંખ્યામાં ભૂગર્ભ ટ્રેનો દોડે છે. તેલથી ચાલતી બસનાં ૨૭૦ તો 'રૂટસ' છે અને ઇલેક્ટ્રીકથી ચાલતી ટ્રોલી બસના પોતાં બીજા ૬૩ 'રૂટસ' છે. નં. ૧ થી નં. ૨૭૦ સુધીના બધા નંબરોની બસો પોતપોતાનાં 'રૂટ' ઉપર થોડી થોડી વારે આવતી જ રહે છે. ટ્રોલીબસો અમુક લત્તાઓમાં જ ફરે છે કે જ્યાં ટ્રામના જેવા ઇલેક્ટ્રીક તારો નાખેલા હોય છે. ટ્રોલીબસોના છાપરા ઉપર ઇલેક્ટ્રીક તારનું જોડાણ કરવાનો 'પોલ' ટ્રામો ઉપર હોય છે તેવો જ હોય છે પણ ટ્રામની જેમ ટ્રોલીબસને પાટાની જરૂર હોતી નથી. ટ્રોલીબસના નંબર ૫૦૦ના આંકડાથી શરૂ થાય છે અને ત્રૂટક ત્રૂટક રીતે ૭૦૦ સુધી પહોંચી જાય છે. ૨૦ રૂટસ ઉપર તો બસો આખી રાત ચાલુ રહે છે. આ બધી બસો મુંબઇની લાલ બસો જેવી જ દેખાય છે, પરંતુ અંદરની અપહોલસ્ટ્રી 'રેક્ષીન'ને બદલે ઊનની હોય છે. આ બસો ઉપરાંત પ્રવાસીઓ માટે સ્પેશિયલ 'લક્ઝરી કોચીસ' પણ ઘણી સારી સંખ્યામાં ઉપડે છે.

સૌથી વધારે ચમત્કારિક સગવડ તો અન્ડરગ્રાઉન્ડ ટ્યુબ રેલવેની છે. આખા જગતમાં આ બાબતમાં લંડનેજ પહેલ કરી છે. લંડનની ભૂગર્ભ ટ્રેનો ચાલુ થયા પછીજ પેરીસ, ન્યુયોર્ક, મોસ્કો વગેરે શહેરોમાં આવી ટ્રેનો શરૂ થઈ છે. હજી ભારતમાં તો ચર્ચગેટ સ્ટેશનની સામેનો રસ્તો ઓળંગવા જમીનની સપાટીથી ફક્ત દસ ફૂટ ઊંડું અને સો ફૂટ લાંબું એક સબવે (સબવે) હમણાં બનાવવામાં આવ્યું છે તે જોઇને ઘણા 'વારી વારી' જાય છે. તેની સરખામણીમાં પચાસ વર્ષ પૂર્વે લંડન શહેરના 'પાતાળ'માં રચાયેલી આ અભિમન્યુના ચક્રાવા જેવી અટપટી માયા તો માન્યામાં પણ ન આવે તેવી ચમત્કારિક છે. જમીનની ખૂબ નીચે (૪૦ થી ૨૫૦ ફૂટ ઊંડે સુધી) બાર ફૂટ પહોળાઈની ટનલ માઈલોના માઈલો સુધી જુદી જુદી દિશામાં કોરી કાઢવામાં આવેલી છે, ખુદ થેમ્સ નદીની નીચે પણ આવી ટનલો કોરવામાં આવેલી છે. અને તેમાં પૂરઝપે ઇલેક્ટ્રીક ટ્રેનો કશા જ અંતરાય વગર રાત ને દિવસ દોડે જાય છે. આ ટ્યુબ ટ્રેનોના બધું મળીને ૩૪૬ સ્ટેશનો છે. આ સ્ટેશનોનાં ટિકિટગૃહો, પ્રવેશદ્વારો અને બહાર આવવાના માર્ગો શહેરની સપાટી ઉપર જ હોય છે પરંતુ તેનાં પ્લેટફોર્મો ભૂગર્ભમાં હોય છે — ટ્યુબના જ એક ભાગ રૂપે.

પ્લેટફોર્મ આગળ ટ્યુબની પહોળાઇ બારને બદલે ચોવીસ ફૂટ જેટલી હોય છે. વળી એક જ સ્ટેશને સામસામી દિશામાં જતી ટ્રેનોની ટ્યુબ અને પ્લેટફોર્મ પાછાં એક જ સપાટીએ નથી હોતાં. ભૂલેચૂક ઉત્તરને બદલે દક્ષિણ કે પૂર્વને બદલે પશ્ચિમ તરફ જતી ગાડીના પ્લેટફોર્મ ઉપર જો પહોંચી જઈએ તો એ બધો વિધિ ઊંધો કરીને પાછા સ્ટેશનની સપાટીએ આવવું પડે છે અને દિશા બદલવી પડે છે. સામી દિશાની ટ્રેનનું પ્લેટફોર્મ વધારે ઊંડાણમાં કે ઊંચાણમાં પણ હોઈ શકે છે! જુદાં જુદાં સ્ટેશનનાં પ્લેટફોર્મોની ઊંડાઇના આંકડા વાંચીએ તો હેબતાઈ જ જઈએ — દાખલા તરીકે ચોકફાર્મ ૪૨ ફૂટ ઊંડાણમાં છે, ટોટનહામ કોર્ટ રોડ ૧૦૧ ફૂટ, બેલ્સાઇઝ પાર્ક ૧૧૯ ફૂટ અને હેમ્પસ્ટેડ સ્ટેશનનું પ્લેટફોર્મ ૨૫૦ ફૂટ નીચે ભૂગર્ભમાં છે.!

પણ આ બધી માયામાં કોઈ કદાપિ ભૂલું તો નથી જ પડી જતું. કારણ કે માર્ગદર્શક સાતા તીર એવાં તો ધારદાર હોય છે કે આખા માર્ગના દરેકે દરેક વળાંકે તે આપણને અપ્રાય છે અને જાણે બોલતાં હોય છે કે "હાં, બરાબર, હવે જમણી બાજુ આગળ વધો,

માટે જો નાખી શકાય છે તો બાર ફૂટ પહોળી ટ્યુબો પણ શા માટે ન નાખી શકાય! અને દસ ફૂટ ઊંડે પાઇપો નાખી શકાય છે તો અઢીસો ફૂટ ઊંડે પણ શા માટે ન નાખી શકાય! કરવું હોય તો બધુંયે થાય! માટે "યા હોમ કરીને પડો, ફત્તેહ છે આગે" એવી સાહસવૃત્તિથી આ ભૂગર્ભ ટ્રેનોનો પ્રયોગ જગતમાં પહેલી જ વાર લંડનમાં શરૂ થયો.

૧૮૯૨ ની સાલમાં બ્રિટિશ પાર્લમેન્ટમાં 'ટ્યુબ રેલવે બીલ' રજૂ થયું. પરિણામે એક સમિતિની રચના થઈ અને તેણે સાડાઅગિયાર ફૂટ પહોળી ટનલો નાખવાની ભલામણ પણ કરી દીધી. ટ્રેનો ફીરકી ઉપર વીંટાતાં દોરડાં (કેબલ ટ્રેક્શન)થી ચલાવવી કે સ્ટીમથી, તેની પણ ચર્ચાઓ થઈ; પરંતુ છેવટે ઇલેક્ટ્રીકથી જ આ ટ્રેનો દોડાવવાનું નક્કી થયું. આ સમયે અમેરિકાનો એક મોટો ઉદ્યોગપતિ ચાર્લ્સ યેર્કસ એકાએક લંડનમાં આવી પહોંચ્યો અને તેણે એક લાખ પૌંડ ખર્ચીને હેમ્પસ્ટેડ ટ્યુબ ચલાવવાના હક્કો ખરીદી લીધા. તે બીજા ત્રણ કરોડ પૌંડ અમેરિકાના અન્ય ઉદ્યોગપતિઓ પાસે મેળવી લાવીને આ ધંધામાં પડવા માગતો હતો અને તેમાં તે પૂરેપૂરો સફળ થયો. ટ્રેનો ચલાવવા માટે જરૂરી એવું જંગી ઇલેક્ટ્રીક પાવર હાઉસ પણ તેણે ચેલ્સા ખાતે બંધાવવાની યોજના રજૂ કરી.

હેમ્પસ્ટેડની આઠ માઈલ લાંબી ટનલનું ખોદકામ ૧૯૦૩માં શરૂ થયું અને ૧૯૦૫માં પૂરું થયું. આ ખોદકામ આપણી ગટરોના ખોદકામ જેવું સાધારણ નહોતું, એટલે કે ઠેરઠેર સપાટીની ઉપરથી ખોદતાં ખોદતાં ઊંડે ઊતરવાને બદલે ફક્ત એક જ છેડે આવી રીતે ઊંડે ઉતર્યા બાદ ઊંડાણમાંથી જ અંદર અંદર જમીન કોરતાં કોરતાં ટનલનો માર્ગ કરવામાં આવ્યો હતો. (ઉપરના રસ્તા, મકાનોને ખોદ્યા વગર જ) પ્રાઈસ એન્ડ રીવ્સ નામના કોન્ટ્રાક્ટરોએ આ કામ માથે લીધું હતું અને ટનલ કોરવા તેમણે 'ગ્રેટહેડ શીલ્ડ' અને 'પ્રાઈસ એકસ્કેવેટર' નામનાં સાધનોનો ઉપયોગ કર્યો હતો. કોરતાં છૂટી પડેલી માટી ટનલની બહાર કાઢીને આખી ટનલને છત અને દીવાલોને પોલાદનાં પતરાંઓથી તેમ જ ગર્ડરોથી મઢી દેવામાં આવી હતી કે જેથી ઉપરથી માટીનાં નવાં ચોસલાંઓ ટનલમાં ખરવા ન માંડે. ચારીંગ ક્રોસ સ્ટેશનનું ખોદકામ તો વળી ઘણું જ વિચિત્ર રીતે કરવું પડ્યું હતું. ટનલમાંથી સ્ટેશનની ઉપર આવવા માટે જે કૂવા જેવી બીજી ઊભી ટનલ કોરવાની હતી તેને "ઉપરથી નીચે" કોરવા સામે સાઉથ ઇસ્ટર્ન રેલવેવાળાઓએ વાંધો લીધો હતો તેથી આ કૂવો "નીચેથી ઉપર" ખોદવો પડેલો!

મૂળ આઠ જ માઈલ લાંબી આ હેમ્પસ્ટેડ લાઇન ઉપર શરૂઆતમાં સોળ જ સ્ટેશનો હતાં અને દરેક સ્ટેશનનાં પ્લેટફોર્મ ૩૫૦ ફૂટ લાંબાં હતાં. આજે આ લાઇન ચાલીસ માઈલ લાંબી થઈ ગઈ છે અને તેની ઉપર હવે ૫૭ સ્ટેશનો છે. ૧૯૩૭માં હેમ્પસ્ટેડ લાઈનનું નામ બદલીને તેને "નોર્ધર્ન લાઈન" એવું નામ આપવામાં આવ્યું.

પછી તો ૧૯૧૦માં લંડન ઈલેક્ટ્રીક રેલવે કંપનીએ નવી લાઇનો નાખવાનું કામ ઉપાડી લીધું. પરિણામે બેકર્લૂ લાઈન, પીકેડેલી લાઈન, એમ એક પછી એક લાઈનો ઊભી થઈ ગઈ અને તેમણે લગભગ આખા લંડન શહેરને આવરી લીધું છે. લંડનના કોઈ પણ ભાગમાં ફરતાં ફરતાં અડધા પોણા માઈલના અંતરે 'અંડરગ્રાઉન્ડ' એટલા જ શબ્દો લખેલું 'ક્રોસિંગ' પાટિયું અથડાવાનું જ. પાછી ખૂબીની વાત એ છે કે 'અંડરગ્રાઉન્ડ' સ્ટેશનમાં જવા માટે રસ્તો ઓળંગવાની પણ જરૂર રહેતી નથી. રસ્તાની બન્ને બાજુ એક જ સ્ટેશનનાં બબ્બે ચચ્ચાર તો પ્રવેશદ્વારો હોય છે—દાખલા તરીકે ટ્રાફાલ્ગર સ્ટેશનમાં પ્રવેશવાનાં દરવાજાઓ ફીરોઝ સીનેમા, એમ્પાયર, ગેરિક્મ, મુંબઈબાઈ હોલ જેવાં દૂરનાં સ્થળોએ પણ હોય છે કે જેથી રસ્તો ઓળંગીને જ સ્ટેશનમાં પ્રવેશવાનું ફરજિયાત નથી બની રહેતું!

પહેલવહેલા બે એસ્કેલેટરો ૧૯૧૪માં નાખવામાં આવ્યા અને પછી ૧૯૨૯ સુધીમાં તો ઠેર ઠેર લીફ્ટને સ્થાને એસ્કેલેટરો આવી ગયાં છે. ફક્ત ખૂબ જ ઊંડાં સ્ટેશનો ઉપર હજી લીફ્ટો ચાલુ છે. ત્યારબાદ ઓટોમેટીક ટિકિટો કાઢવાનાં યંત્રો પણ આવ્યાં કે જેમાં ગણત્રીના પૈસા નાખવાથી તેટલી જ કિંમતની ટિકિટ બહાર નીકળે છે. ટિકિટ ઉપર કેવળ સ્ટાર્ટીંગ સ્ટેશનનું જ નામ છાપવામાં આવે છે કારણકે ટિકિટ ત્રણ આનાવાળી હોય તો તે ત્રણ આનામાં જે કોઈ દિશામાં જઈ શકાય તે બધા સ્ટેશને જવા માટે ચાલે છે—દાખલા તરીકે પાર્લાથી ચર્ચગેટની ટિકિટ પાર્લાથી બોરીવલી માટે પણ ચાલે કારણ કે કિંમત સરખી જ હોય છે. લંડનમાં ટિકિટો અંદર પ્રવેશતી વખતે તેમજ બહાર નીકળતી વખતે બતાવવી પડે છે; ત્યારે પેરીસમાં ટિકિટની વાત ઘણી જ સરળ છે. બધાં જ સબવે સ્ટેશનોની ટિકિટ સરખા જ ભાવની રાખેલી છે તેથી તે કેવળ પ્રવેશ ટિકિટ જેવી જ ગણવામાં આવે છે. સ્ટેશનમાં પ્રવેશતાંની સાથે જ ટિકિટ લઈ લેવામાં આવે છે. અંદર પ્રવેશ મળી ગયા પછી તમારે જોઈએ તેટલાં સ્ટેશનો ઘૂમો, બહાર નીકળતી વખતે ટિકિટ બતાવવાની ત્યાં જરૂર જ રાખી નથી! ફરી ફરીને તમે કેટલું ફરી નાખવાના! બહુ ઘૂમવા જતાં તમે પોતે જ થાકી જવાના! ફરીથી પ્રવેશ કરવા માટે બીજી તાજી ટિકિટ લેવી જ પડે છે. આ કારણે પેરીસમાં તો લોકો ખીસામાં જ ટિકિટોની કુપનબુક લઈને ફરે છે કે જેથી ટિકિટ કઢાવવા દર વખત જવું ન પડે.

લંડનમાં આ પ્રમાણે બસ, ટ્રોલીબસ અને અન્ડરગ્રાઉન્ડની વિશાળ પાયા પર વ્યવસ્થા કરવામાં આવેલી છે તેથી કરોડ માણસની વસ્તી પણ આ શહેરમાં આરામથી રહી શકે છે. આ ઉપરાંત ટેક્સીઓ અને પ્રાઈવેટકારો તો હોય છે જ—પણ તે તો મોટા માણસોને જ પરવડે છે. લંડનમાં ફરવાની આ સગવડો સમજી લીધા પછી લંડન જોવાનું ઘણું સરળ બની જાય છે. લંડન વિશે માહિતી આપતાં પેમ્ફલેટો, લંડન શહેરના નકશાઓ, ટુરીસ્ટ ગાઈડો વગેરે એટલી બધી સંખ્યામાં મળે છે કે બધાં વાંચવા જતાં પાછો ગૂંચવાડો થવા માંડે છે. તેથી ગમે તે એક જ ગાઈડ અને એક જ નકશો લઈને ફરવું સારું. જેવી રીતે અંડરગ્રાઉન્ડ સ્ટેશનો ઉપર રેલવેના સુંદર નકશા મૂકેલા હોય છે તેવી રીતે બાગબગીચા મ્યુઝિયમો વગેરે જાહેર સ્થળો આગળ લંડન શહેરના ખૂબ મોટા અને સુંદર નકશાઓ મૂકવામાં આવેલા હોય છે. આ નકશામાંથી આપણું ધારેલું સ્થળ તુરત જ શોધી કાઢવા માટે નકશાની નીચે નકશાની ચાવી—કી ટુ ધી મેપ—આપેલી હોય છે. નકશા ઉપર 'યુ આર હીઅર'નું તીર તો હોય છે જ. પછી તમારે સમજો કે ત્યાંથી પ્લેનેટેરિયમમાં જવું છે તો ચાવીમાં 'પી' ઉપર પ્લેનેટેરિયમ શોધી કાઢવાનું અને તેની સામે ડી-૩, બેકરસ્ટ્રીટ એમ લખેલો જવાબ આવી જશે તેનો અર્થ એ કે નકશામાં આડી લાઈનનો 'ડી' શોધો અને ઊભી લાઈનનો '૩' શોધો. એ બે લાઈનો નકશામાં જ્યાં મળે તે ચોરસમાં બેકરસ્ટ્રીટ છે ત્યાં જાવ. બેકરસ્ટ્રીટ જવાની અન્ડરગ્રાઉન્ડ લાઈન કયી છે અને બસ કયી છે તે પણ નકશામાં આપેલું હોય છે. એટલે કોઈને કશું પૂછવાનું જ રહેતું નથી. બધા નકશા ઉપર ઊભી લાઈનો એ, બી, સી, ડી, ઈ...એ પ્રમાણે દોરેલી હોય છે અને આડી લાઈનો ૧, ૨, ૩, ૪, ૫...એ પ્રમાણે દોરેલી હોય છે. તેથી દરેક સ્થળની નિશાની કયી બે લાઈનોના સંગમ નજીક તે આવેલું છે તે જાણવાથી ઝટ મળી જાય છે. સ્થળોનાં નામ કક્કાવાર ગોઠવેલા હોય છે એટલે તે શોધવામાં પણ કશી તકલીફ પડતી નથી.


લંડન શહેરનાં વિશિષ્ટ સ્થળો ઘણાં જ છે અને તેનું વર્ણન આ પત્રમાં આપવાનું મેં ગયા પત્રમાં લખ્યું હતું પરંતુ અન્ડરગ્રાઉન્ડના વર્ણને જ આ પત્રની ખૂબ જગ્યા રોકી લીધી છે તેથી એ વાયદો હવે આવતા પત્ર માટે રાખું છું. તેમ છતાં લંડનના ખુલ્લી હવા ખાવાનાં થોડાંક સ્થળો વિશે ટૂંકમાં કહી લઉં. લંડન શહેરના કોઈ પણ નકશા ઉપર નજર કરતાં એક વાત આંખે ઊડીને વળગે તેવી એ છે કે શહેરની વચ્ચોવચ એક ખૂબ લાંબી નદી–થેમ્સ–પૂર્વથી પશ્ચિમ દિશામાં લટકમટક કરતી વહે જાય છે. આ આખી નદીના બન્ને કિનારા પાકા ચણી દીધેલા છે તેથી તેની પાળે પાળે ફરવાનો આનંદ એ પણ લંડનવાસીઓ માટે એક અનેરો જ લાભ છે. એક કિનારેથી સામે કિનારે જવા માટે અગિયાર તો પુલો છે–જેમ સાબરમતી ઉપર એલીસબ્રીજ, સરદારબ્રીજ અને નેહરુબ્રીજ છે તેમ. આ પુલોમાં પાછા પ્રખ્યાત પુલો છે ટાવરબ્રીજ, લંડનબ્રીજ, વોટર્લુબ્રીજ, વેસ્ટમિન્સ્ટરબ્રીજ, લેમ્બેથબ્રીજ, ચેલ્સાબ્રીજ અને બેટરસીબ્રીજ. આમાંયે પાછો વેસ્ટમિન્સ્ટરબ્રીજ અને વોટર્લુબ્રીજ વચ્ચેનો પ્રદેશ કે જે વિક્ટોરીયા એમ્બાર્કમેન્ટ કહેવાય છે તે સહેલાણીઓ માટે બહુ સુંદર પ્રદેશ છે. વેસ્ટમિન્સ્ટરબ્રીજની પૂર્વ બાજુએ રોયલ ફેસ્ટીવલ હોલ, સર્વિસીસ મ્યુઝિયમ અને કાઉન્ટી હોલની સુંદર ઇમારતો આવેલી છે અને પશ્ચિમ બાજુએ પાર્લામેન્ટનાં મકાનો, વેસ્ટમિન્સ્ટર એબે, બકીંગહામ પેલેસ, હાઇડ પાર્ક, સેન્ટ જેમ્સ પાર્ક, નેશનલ ગેલેરી, ટ્રફાલ્ગર સ્કેવર એ બધું થોડે થોડે અંતરે જ આવેલું છે. અહીંથી બોટીંગ કરવા જવા ઇચ્છનાર માટે મોટરબોટો પણ ખૂબ ઉપડે છે.

નદીના પ્રદેશ ઉપરાંત નકશામાં નજર કરતાં બીજી એક વાત ખૂબ ધ્યાન ખેંચે તેવી એ જણાશે કે લંડનમાં સેંકડો નાનામોટાં ઉદ્યાનો છે. આમાં ખૂબ પ્રખ્યાત ઉદ્યાનો છે હાઇડ પાર્ક, કેન્સીનગટન ગાર્ડન્સ, સેન્ટ જેમ્સ પાર્ક, બેટરસી પાર્ક, રીચમન્ડ પાર્ક, વીમ્બલડન પાર્ક, ગ્રીનીચ પાર્ક, વુલવીચ પાર્ક, હેમ્પસ્ટેડ હીથ, અલેકઝાન્ડ્રા પાર્ક, હેમ્પ્ટન કોર્ટ પાર્ક, વિક્ટોરીયા પાર્ક, ગનર્સબરી પાર્ક, ગ્લેડસ્ટન પાર્ક વગેરે વગેરે–આ તો ઘણાં જ ઓછાં નામો લખ્યાં છે. બાકી લંડનમાં તો ઠેરઠેર બાગબગીચા હજારોની સંખ્યામાં છે. તેથી દેશનાં બીજાં ઔદ્યોગિક શહેરો કરતાં લંડનની હવા વધારે ચોખ્ખી રહે છે.

ઉપર જણાવ્યા તેમાંના કેટલાક બાગ તો ખૂબ જ વિશાળ છે. એકી સાથે તેમાં દસ દસ હજાર સ્ત્રી–પુરુષો ફરતાં દેખાય છે છતાં તે ભરાઈ ગયા હોય તેવું કદાપિ લાગતું નથી. હાઇડ પાર્ક જેવા કેટલાક બાગોમાં તો બેન્ડ પણ વાગે છે અને લોકો આરામ ખુરશીઓ ભાડે લઈને બેન્ડ સાંભળવા બેસે છે. ચારીંગ ક્રોસ સ્ટેશન પાસેના એક વિક્ટોરીયા–એમ્બેન્કમેન્ટ ગાર્ડન્સ નામના બાગમાં હું જઈ ચડ્યો તો ત્યાં જોયું કે એકબાજુ રંગભવન જેવા મંચ ઉપર સુંદર બેન્ડ વાગી રહ્યું હતું અને બીજી બાજુ તે સાંભળવા ત્રણેક હજાર સ્ત્રી–પુરુષો આરામ ખુરશીઓ (ભાડે) લઈને લોન ઉપર બેઠાં હતાં અને તેમની આસપાસ બીજાં ત્રણેક હજાર સ્ત્રી–પુરુષો ઊભાં ઊભાં (મફત) બેન્ડ સાંભળી રહ્યાં હતાં.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ



સં. ૨૦
જેઠ

આરોગ્ય અંક—૮

રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક : રણછોડલાલ કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, શ્રી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
તા ૧-૬-૧૯૬૦

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૦   જેઠ : ૨૦૧૬ : : આરોગ્ય અંક   અંક ૨

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧. રવિશંકર મહારાજનું આદિ પ્રવચન.
૨. મુખ્ય પ્રધાનનું નીતિનિવેદન.
૩. નવા રાજ્યનું ભાવિ. લોક સાથે મેળ.
૪. પ્રધાનો અને પક્ષનાયકોના ઉપદેશો.

પ્રશ્ન—ગુજરાત રાજ્યનો પ્રારંભ કરતાં પૂ. રવિશંકર મહારાજે કરેલું આદિપ્રવચન કેવું લાગ્યું?

ઉત્તર—ગયે વખતે મેં થોડુંક કૌતુક વ્યક્ત કર્યું હતું કે પૂ. રવિશંકર મહારાજ જેવા આમાં શી રીતે જોતરાયા? હજી જો કે એ કૌતુક તો છે પણ એમનું ભાષણ રેડિયો ઉપર સાંભળતાં મને એમ ખરેખર લાગ્યું કે જે થયું છે તે ઉત્તમ થયું છે. એમના જેવા પુરુષની પુણ્યવાણી આ પ્રસંગે સાંભળતાં મને ખરેખર રોમાંચ થયો. એમણે જે અનેક મુદ્દાઓને સ્પર્શ્યા અને એના જે ઉપાયો સૂચવ્યા તે સાદા સીધા અને સચોટ છે. અને જ્યારે પોતે 'લોકશાસનની સાચી ચાવી' વિશે "રાજકર્તાઓએ દંડશક્તિનો ઓછામાં ઓછો આશરો લેવો" એ વિશે અને "ગોળીબાર જેવાં આકરાં પગલાં લેવાં જ ન પડે" એ વિશે બોલવા માંડ્યા ત્યારે એમના અવાજમાં જે ફેરફાર થયો અને 'શહીદ નહીં શહીદ'ની ચર્ચા વિશે બોલતાં એમના કંઠમાં જે કમ્પ અને આર્દ્રતા આવ્યાં તે સાંભળતાં મને થયું કે ગુજરાત રાજ્યના પ્રારંભકાળે પહેલો વક્તા આ પુરુષ થયો તે સારું થયું. અને જ્યારે એમણે "એ વખતે ઘવાયેલા કે મરાયેલા એ આપણા ગુજરાતના જ બાળકો હતા એ લાગણી ભૂલાતી નથી" એમ કહી ભાવાર્દ્રતા વ્યક્ત કરી શાસકવર્ગને જે શીખ આપી: "પ્રજાની એ લાગણી તરફ પણ સહાનુભૂતિથી જોવું જોઈએ" અને હણાયેલાનાં માબાપોને કહ્યું કે "હું વિનંતી કરું છું કે તેઓ ગઈગુજરી ભૂલી જાય" ત્યારે મને લાગ્યું કે ગુજરાતમાં જ્યાં સુધી આવો એક માણસ છે ત્યાં સુધી ગુજરાતનું ભાવિ નિરાશામય નથી.

પૂજ્ય મહારાજની નિર્ભીક સહૃદયતાને હું વંદન કરું છું.

સાથે જ, એવો એક પ્રશ્ન થઈ આવે છે કે શાસકવર્ગમાંથી કોઈને પણ આટલું બોલવાનું સૂઝ્યું હોત તો ગુજરાતના હૃદયમાં જે આમળો પડી ગયો છે તેનો ઉકેલ કેટલેસરળ થઈ જાત! પણ આવું કોઈને સૂઝ્યું નથી એમાં જ મને ગુજરાતના ભાવિ શાસનની કઠિનાઈ લાગે છે!

પ્રશ્ન—ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાનું નીતિનિવેદન કેવું લાગ્યું?

ઉત્તર—બહુ વિચારપૂર્વક વ્યવસ્થિત રીતે તૈયાર થયું હોય એમ લાગ્યું. ભાષા પણ સારી, સ્વચ્છ, સરળ અને અસંદિગ્ધ હતી. ઉચ્ચારણ પણ સારું હતું, સહેજ કંઈક કાઠિયાવાડી પ્રાદેશિકતા અને બેત્રણ સ્ખલનો બાદ કરીને. જો કે આવો દોષ જોવો અસ્થાને છે, કેમકે કવિઓ અને સાક્ષરો પણ એનો સારો નમૂનો પૂરો પાડતા નથી.—પણ આ તો આનુષંગિક.

નીતિનિવેદન બહુ જવાબદારીપૂર્વક થયું લાગતું હતું. ધ્યાન દેવા જેવી બધી આર્થિક, વહીવટી, શૈક્ષણિક અને સાંસ્કૃતિક બાબતોને સ્પર્શ થયો છે. પણ જે બાબતે મને નવાઈ સાથે સંતોષ આપ્યો તે ગુજરાતને કયા બળની જરૂર છે તે વિશેની હતી: "અને અંતમાં,

આધ્યાત્મિક ક્ષેત્રમાં ધર્માંધ થયા વિના, આપણે ધર્મભાવના કેળવવાની છે. ધર્મ એટલે કોઈ સંપ્રદાય નહિ, પરંતુ એના વિશાળ અર્થમાં ધર્મને સમજવાનો છે. ધર્મનો સાચો અર્થ સમજવાથી આત્મબળ તેમજ નૈતિક બળ વધે છે. આ બન્ને બળની આજે ગુજરાતને જરૂર છે." સાચી જરૂર ઉપર ભાર મુકાયો છે.

પ્રશ્ન—ગુજરાતનું નવું રાજ્ય કેવું ચાલશે ?

ઉત્તર—એ તો હું કહી ન શકું. મને જ્યોતિષ આવડતું નથી કે જેથી હું ગુજરાતની કુંડળી માંડી એનું ભવિષ્ય ભાખું. પૂ. રવિશંકર મહારાજે કરેલાં સૂચનો અને મુખ્ય પ્રધાને આપેલી આશાઓ અમલમાં મૂકાય તો તો ગુજરાતનું રાજ્ય ઉત્તમ કોટિનું થાય. પણ આ વર્તમાનયુગમાં જાહેર પ્રાર્થનાઓ કરવાનો, જાહેરમાં ઉત્તમ ભાવનાઓ વ્યક્ત કરવાનો, અને નીતિનિવેદનો કરવાનો રિવાજ પડી ગયો છે. એટલે તેમાં સાંભળવાનો તત્કાળ આનંદ પ્રાપ્ત થાય. પણ તે ઉપરાંત બીજા શેની અપેક્ષા રાખવી તે કહી શકાય નહિ. છતાં સારી ભાવનાઓ અને શું કરવાનું છે એવું સ્પષ્ટ ભાન એ ઉપયોગી તો છે જ. કંઈ નહીં તો રાજકીય અમલને માપવાના 'માનદંડ' તો એમાંથી મળી જ રહે !

મૂળ વાત તો પ્રજા સાથેના મેળની છે. એ મેળ સાધવાની સૂઝ શાસક એવા કોન્ગ્રેસ પક્ષને ખાસ હશે તો એનો પુરાવો છેવટનાં વર્ષોમાં મળ્યો નથી. પ્રજા પાસે સહકારની માગણી થાય છે પણ જેમાં સહકાર મેળવવાનો છે એવી બાબતોમાં પ્રજાને કેળવવાનો કોઈ પ્રયત્ન જ દેખાતો નથી ! ૧૯૨૦–૨૧ થી તે આજ સુધીના ગુજરાતના જાહેરજીવનના એક સાક્ષી તરીકે છેલ્લા વર્ષપંચકમાં મને એક વિલક્ષણ બાબત દેખાતી આવી છે: પહેલાં લોકોને જે સમજાવવાનું–કેળવવાનું આવશ્યક મનાતું હતું તે કામ કાં તો પૂરું થઈ ગયું હોય એમ હવે મનાય છે અથવા કદાચ એમ મનાતું હશે કે હવે શાસનથી બધું કરી શકાશે, તો પછી સમજાવવાની તકલીફ લેવાની શી જરૂર છે ? છતાં લોકોને સમજાવવાના કાર્યક્રમ નથી એમ નથી, ફક્ત વિલક્ષણતા એટલી જ છે કે એ સમજાવવાનું કાર્ય, જેમને શાસન કરવાની ટેવ છે એવા સરકારી અમલદારો પાસે કરાવવામાં આવે છે !—જે કામ પહેલાં લોકનાયકો અને લોકસેવકો કરતા હતા. એટલે, લોકોના મનનો મેળ કરવાનો જે કંઈ પ્રયત્ન થાય છે તે ફોગટ જાય છે.

પ્રશ્ન—પક્ષનાયકો ભાષણો અને ઉપદેશો તો હવે ઘણાં કરે છે !

ઉત્તર—હા, બહુ કરે છે ! પ્રધાનો, ઉપપ્રધાનો, મ્યુનિસિપાલિટીના પ્રમુખો, મુખ્ય અમલદારો, પક્ષના નેતાઓ—બધા જ અત્યારે ઉપદેશકનું કામ કરે છે. હવે ભારતને શિક્ષકોની અને ધર્મોપદેશકોની જરૂર જ નથી એમ તમને નથી લાગતું ? શાસકો જ,–પ્રધાનો, અનેઅમલદારો કે પ્રધાનો અને અમલદારોની ચોટલીઓ પકડી રાખનાર પક્ષનાયકો—હવે ધર્મોપદેશકો બની ગયા છે એટલી તમારી વાત સાચી. પણ તેમાં જ મને મોટું અનિષ્ટ દેખાય છે. કારણ કે આ મહાશયો ઉપદેશમાં જે કહેતા હોય છે તેનાથી લગભગ ઊલટાં જ એમનાં વર્તન થતાં દેખાય છે ! અને એમ થાય એ કેટલેક અંશે અનિવાર્ય છે. કારણકે ઉપદેશમાં સિદ્ધાંતોનાં કથન કરવાનો આનંદ હોય છે જ્યારે વ્યવહારમાં એ સિદ્ધાન્તોનો અમલ થઈ શકતો નથી. કે કરવાનો હોતો નથી. પરિણામે ઉપદેશ સાંભળનારાઓની સિદ્ધાંતોમાંથી શ્રદ્ધા જ ઊઠી જાય છે. કેટલાક એમ માને કે સિદ્ધાંતો તો બોલવા માટે જ હોય, કરવા માટે નહિ ! કેટલાક એમ માને કે સિદ્ધાંત જેવું કંઈ છે જ નહિ, વગેરે, વગેરે. પરિણામે 'તુમ બોલતે હો, હમ સુનતે હૈં' એ સંતોષ લેવાનો હોય છે.

બીજા દેશોના રાજકારણી પુરુષો પાર્લમેન્ટમાં અથવા એવી બીજી રાજ્યસભાઓમાં ભાષણો કરતા હોય છે, પોતાનાં નીતિનિવેદનો રજૂ કરતા હોય છે. પણ આપણા રાજદ્વારીઓની જેમ, એમને સિદ્ધાન્તોના ઉપદેશ કરતા તો જવલ્લે જ જાણીએ છીએ. ગાંધીજીનું અનુકરણ એ કેવું જોખમકારક થઈ પડે છે એના નમૂના આપણા હાલના પ્રધાનો અને પક્ષનેતાઓ છે. એક ગાંધીજી જે કરી શકયા તેનું કારણ એ હતું કે તે સૌપ્રથમ સાધક હતા, શોધક હતા, વિચારક હતા અને તત્ત્વદ્રષ્ટા હતા, અને આને પરિણામે મળેલા વિચારોને અમલમાં મૂકવાનું રાજકારણને એક સાધન ગણતા હતા. પણ આમ વિચારક અને રાજકારણીનો યોગ દુનિયાના ઇતિહાસમાં વિરલ જ રહ્યો છે. વસિષ્ઠ અને રામ, કૃષ્ણ અને અર્જુન, રામદાસ અને શિવાજી, મેઝિની અને ગેરિબાલ્ડી, કાર્લ માર્કસ અને લેનિન,—જુદા જ રહેલા છે. પણ આપણા પ્રધાનો કે પક્ષનેતાઓ તો રાજકારણનો તો ઉપદેશ આપે જ, પણ સાહિત્યકારોને સૂચના આપે કે કેવું લખવું અને કેમ લખવું, સંગીતકારોને સલાહ આપે કે એમણે કેમ ગાવું અને કેવું ગાવું, નૃત્યકારોને કેવાં પગલાં ભરવાં અને કેવા તાલ લેવા એની સૂઝ આપે, ચિત્રકારોએ ચિત્ર કેમ દોરવાં એના નિયમો આપે, શુદ્ધ આયુર્વેદ એ જ આદરણીય અને આ પરદેશી દાક્તરી એ તો વંચના—એમ લોકોને દોરવણી આપે, શિક્ષકોએ કેમ શીખવવું અને આચાર્યોએ કેમ શિસ્ત રાખવી એના માર્ગો બતાવે, ધર્માચાર્યોએ શું કરવું જોઇએ, સાધુઓએ, સંન્યાસીઓએ કેમ વર્તવું જોઇએ વગેરે વગેરે! દુનિયાનો કોઈ એવો વિષય નથી, કોઈ વિદ્યા એવી નથી, કોઈ કલા એવી નથી, કોઈ શાસ્ત્ર એવું નથી કે જેને વિશે આપણા પક્ષનેતાને કે પ્રધાનને માર્ગદર્શન કરાવવાનું ન હોય! અને આ આદત સહેજે ભૂલાય એમ નથી. કારણ કે સંગીત પરિષદો જેમના કાન સા કે રીનો તફાવત પારખી શકતા નથી એવાઓની પાસે એમનાં ઉદ્‌ઘાટન કરાવે, જેમને તાલ અને લયનું ભાન નથી, જેમને મુદ્રા અને અભિનયનો અર્થ પણ ભાગ્યે જ સમજાય છે તેમની વાહવાહની અપેક્ષા નૃત્યકારો રાખે, ઇતિહાસ એટલે શું, ઇતિહાસ અને દંતકથાઓમાં શો ફેર, પુરાતત્ત્વીય અવશેષો એટલે શું—એની મુદ્દલ ગમ ન હોય એવાઓને ઇતિહાસ પુરાતત્ત્વની પરિષદોમાં ભાષણો કરવાનું દબાણ કરવામાં આવે ત્યારે બીચારા પક્ષનેતા કે પ્રધાનોને એમની આ ટેવ ભૂલાય નહિ તો કેમ ટેપ દેવાય?

એટલે ગુજરાતનું ભાવિ આ શંભુમેળામાંથી કેવું ઘડાશે એ તો ભગવાન શંભુ જ જાણે! અત્યારે આપણી દશા વિવેકભ્રષ્ટ જેવી છે. 'विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः' એ પંક્તિ યાદ આવતાં જીવને ગભરામણ થાય છે કે આપણું શું થશે?

આપણામાંથી ઔચિત્યનું ભાન જ જતું રહ્યું હોય એમ લાગે છે. કયાં પોતાનું સ્થાન અને કયાં નહિ, એનો વિવેક જ રહ્યો નથી. અને એનું કારણ રાજકીય પક્ષોનું સમાજમાં શું સ્થાન છે એ નહિ સમજવામાં મને દેખાય છે. અત્યારે તો કોન્ગ્રેસ અને કોમ્યુનિસ્ટ બન્ને પક્ષો એમ માનતા લાગે છે કે જીવનનાં સર્વ ક્ષેત્રોમાં આપણો દંડો ચાલવો જોઇએ એમનો એટલે તે તે પક્ષનો રાજકારણી પુરુષ જ્યોતિષ કે આયુર્વેદથી માંડીને Relativity—ના સિદ્ધાંત સુધી બધા જ વિષયોમાં પોતાના પક્ષને મહત્ત્વનું સ્થાન હોવું જોઇએ એમ માને છે. Welfare State—કલ્યાણ રાજ્યની કોઇ ઊંધી સમજ આપણામાં પેસી ગઈ લાગે છે. જ્યાં સુધી આ બધી બાબતોમાં વિવેક આવે નહિ, અને વિવેકપૂર્વક વર્તન થાય નહિ અને સૌ પોતપોતાના સ્થાનની મર્યાદા અને કર્તવ્યો સમજે નહિ, ત્યાં સુધી આ શંભુમેળાની સ્થિતિમાંથી જે કાંઇ આશા રાખી શકાય તે રાખવી.

૨૬-૫-૬૦

*

આરોગ્ય અને આહાર

વૈદ્ય કુલાભાઈ મ. પટેલ

આરોગ્ય દૈવી ચીજ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું તે ઉત્તમ મૂળ છે. એ છે તો સુખનાં તમામ સાધનોનો અર્થ છે. એ નથી તો બધું વ્યર્થ છે. એટલે જ્ઞાનીઓ હમેશાં આરોગ્યની ઈચ્છા કરતા આવ્યા છે. આરોગ્યદાન જેવું બીજું કોઈ દાન નથી એ ઉક્તિ સો ટકા સાચી છે.

ભોજનમાં રુચિ, ભોજનનો સુખપૂર્વક પરિપાક, મળ મૂત્ર અને વાયુનું વિસર્જન, શરીરની લઘુતા–સ્ફૂર્તિ, ઇન્દ્રિયોની પ્રસન્નતા, સુખપૂર્વક જાગવું અને ઊંઘવું, બળ વર્ણ તથા આયુષની પ્રાપ્તિ, મનની પ્રસન્નતા અને અગ્નિની સમતા—આ આરોગ્યનાં લક્ષણો છે. એથી વિપરીત લક્ષણો અનારોગ્યનાં છે. એ પરથી દરેક પોતાને રોગી કે નીરોગી સમજી લે.

આહાર વિના જીવન શક્ય નથી. એ બાહ્ય પ્રાણ છે. એની મદદથી આભ્યંતર પ્રાણ શરીરને ટકાવે છે. એટલે જ લોકો આહાર માટે તલસે છે. વર્ણની નિર્મળતા, સારો સ્વર, જીવિત, પ્રતિભા, સુખ, તુષ્ટિ, પુષ્ટિ, બળ અને મેધા—આ બધું અન્નમાં પ્રતિષ્ઠિત છે. અરે! સદાચાર પણ અન્નને આધીન છે. બુભુક્ષિત માણસો કયું પાપ નથી કરતા? એ કથન આ વાતની સાક્ષી પૂરે છે.

આમ તો આહાર્યતે–ગલાદધો નીયતે—ઇતિ આહારઃ ॥ ગળાની નીચે ઉતારવામાં આવે તે આહાર, એવી આહાર શબ્દની વ્યુત્પત્તિ છે. તેમ છતાં હિત આહાર અને અહિત આહાર એવા બે વર્ગ આહારના છે. તેમાંથી હિત આહારનું સેવન આરોગ્યકર છે. ચરકના જમાનામાં જે હિતકર દ્રવ્યો હતાં તેમાં ચોખા, મગ, સિંધવ, ડોડીનું શાક, ગાયનું ઘી, ગાયનું દૂધ, સાકર, તલનું તેલ, દ્રાક્ષ—આ દ્રવ્યોને અતિ હિતકર કહેલાં છે. ત્યારે અડદ, ઉખરભૂમિનું લવણ, સરસવનું શાક, ઘેટીનું ઘી, ઘેટીનું દૂધ, ફણસ, ફાણિત—આ દ્રવ્યોને અહિત કરનારાં દ્રવ્યોમાં આગળ પડતાં ગણાવ્યાં છે. અત્યારે આહારદ્રવ્યોમાં ઘણો ઉમેરો થયો છે તેમાંથી સાધનસંપત્તિ પ્રમાણે દરેકને ઉપયોગ કરવાનો રહે છે. સારો આહાર સર્વના સદ્‌ભાગ્યમાં નથી હોતો તેમ છતાં આરોગ્ય માટે સારો આહાર જ કારણભૂત નથી રહેતો. બળ, વર્ણ, ઓજની પ્રાપ્તિ આહારમાંથી થાય છે, પરન્તુ છેવટે તો તે સારી રીતે પચે એની ઉપર આધાર રાખે છે. એટલે અગ્નિને ઇંધનરૂપે મળતો આહાર તેને સારી રીતે પ્રજ્વલિત રાખે એ જરૂરનું છે. એટલે કહેલું છે કે આરોગ્ય ભોજનને આધીન છે, પણ ભોજન વિધિની અપેક્ષા રાખે છે. એ જોતાં આપણો આહાર કેવી રીતે લેવાય છે તેની ઉપર આરોગ્ય અને અનારોગ્યનો આધાર છે. આયુર્વેદમાં એના નિયમોની ઝીણવટથી ચર્ચા કરેલી છે. આપણે તેમાંથી કેટલાક અતિ મહત્ત્વના નિયમોની અહીં નોંધ કરીશું.

આયુર્વેદ કાલભોજન ઉપર ઘણો ભાર મૂકે છે. સવાર અને સાંજ આહારના સમયો છે. અગ્નિહોત્રી જેમ અગ્નિમાં બે જ વખત પવિત્ર અન્નની આહુતિ આપે છે તેમ મનુષ્યે પણ જઠરાગ્નિમાં સવાર સાંજ બે જ વખત હિતભોજન લેવું જોઈએ. વચમાં કંઈ જ

જઠરમાં ઓરવું ના જોઈએ. આજકાલની પાર્ટીઓ અને ઉપાહારોની પરંપરાને આયુર્વેદનું પ્રોત્સાહન નથી એ આ ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે. સાથે સાથે એ પણ સમજવાનું છે કે કાલનું આગમન ઘડિયાળને કાંટે નથી થતું કે સવાર સાંજને આધારે પણ તે નથી રહેતો. જ્યારે ભૂખ લાગે ત્યારે કાલ ગણાય છે. એટલે ભૂખ ન હોય તો સવારે કે સાંજે ભોજનનો નિષેધ છે. આયુર્વેદે તો લાખ રૂપીઆનું એક સૂત્ર રજૂ કર્યું છે કે ભૂખ એ ભોજનનો કાલ છે અને તરસ એ પાણી પીવાનો કાલ છે—भोज्यस्य कालं पुनर्यो बुभुक्षां वदन्ति तृष्णामपि पानकालम् । ('काश्यपसंहिता') આ કાલને અંગે અહીં એ પણ જાણી લેવું જરૂરી છે કે ભૂખ હોય ત્યારે પાણી ના પીવું અને તરસ લાગી હોય ત્યારે આહાર ના લેવો.

ભોજનમાં મનની પ્રસન્નતાનો ખાસ વિચાર કરેલો છે. મનને આહ્લાદક વાતાવરણ હોય તો જ ભોજન પર રુચિ થાય છે. શુદ્ધ અને પવિત્ર સ્થળે ભોજન લેવાનું કહેલું છે તેના મૂળમાં આ બાબત રહેલી છે. અપવિત્ર સ્થળ ગમે તેટલું શુદ્ધ કરીને સજાવ્યું હોય તો પણ ઘૃણાનું ઉત્પાદક હોઈ વર્જ્ય જ ગણાવું જોઈએ. પાયખાનાને બિલકુલ શુદ્ધ કરીને તે સ્થાને ભોજન લેવાનું રાખ્યું હોય તો? શુદ્ધ હોવા છતાં પવિત્રતાનો અભાવ મનને ખુંચે છે એટલે રુચિ મારી જાય છે. ઇષ્ટ મિત્રોની હાજરી મનને પ્રસન્નતા અર્પે છે. ત્યારે ચિંતા, શોક, ભય, ક્રોધ—આ બધાં કારણો ચિત્તનો અવસાદ કરનારાં છે એટલે ભોજનકાળે આ બધાંથી મુક્ત રહેવું ઇષ્ટ છે.

દરરોજના અભ્યાસથી જે અનુકૂળ થઈ ગયું હોય તે માફક આવે છે. જેમને ઘઉં માફક છે તેમને જુવાર સુંકાય છે અને જેઓ જુવારના અભ્યાસી છે તેમને પથ્ય ગણાતા ઘઉં અનુકૂળ પડતા નથી. આ અનુભવની વાત છે એટલે આયુર્વેદે સાત્મ્ય—અભ્યાસથી અનુકૂળ—ઉપર ધ્યાન ખેંચ્યું છે અને કહ્યું છે કે જે માફક હોય તે ખાવું; નહિ તો પ્રતિકૂળ પડશે અને રોગને આમંત્રણ આપશે.

એક જ પ્રકારની રસોઈ રુચિમાં ભંગ કરે છે એટલે સમય સમયે વિવિધ બનાવટો રાખી હોય તો જઠરાગ્નિને તેજ કરનારી બને છે.

દૂધ અને ઘીનો અભ્યાસ રસાયનના ગુણ આપે છે. જેમને આ પદાર્થો તરફ અરુચિ હોય તેમને આયુર્વેદની દૃષ્ટિએ નિર્ભાગી ગણવા જોઈએ. જેમને એ ભાવે છે પણ મળતા નથી તેમની વાત જુદી છે. છતાં ઘીથી અન્નને પવિત્ર કરવાની આપણી પ્રાચીન પરિપાટીને ભોજનમાં સ્થાન મળે તો હિતાવહ છે.

ભોજનના આદિ, મધ્ય અને અંતમાં આંબળાનું સેવન હિતકારક છે એ સુશ્રુતનો મત ઘણો પ્રાચીન છે, છતાં આજના વિજ્ઞાનની કસોટીએ તે અર્વાચીન છે. વિટામિન સી ની દેહને જરૂરીઆત છે, અને નાશ પણ દરરોજ થતો રહે છે એ જોતાં, દરરોજની એક મોટી ઊણપ એ પૂરે છે એ દૃષ્ટિએ ભોજનવિધિમાં એનું સ્થાન અનોખું છે.

અતિ સ્નિગ્ધ પદાર્થો તેમજ અતિ રૂક્ષ પદાર્થો હાનિકારક છે. મધ્યમ માર્ગ આરોગ્યનો માર્ગ છે.

ગરમ ભોજન લેવાનો આદેશ છે. પણ દઝાવાય એવાં ખાનપાન નિષિદ્ધ છે. એ જ પ્રમાણે અતિ ઠંડા આહારને ઉત્તેજન આપવાનું ના કહેલું છે.

પાટલે બેઠા પછી ઉતાવળને અવકાશ ના રહેવો જોઈએ. નિશ્ચિંત ચિત્તે જમવું જોઈએ. ગાડી પકડવાની કે ઑફિસે દોડવાની ચિંતા સાથે ચપચપ જમવામાં જોખમ છે. આધુનિક યુગના ઘણા રોગોમાં આ રિવાજે મોટો ફાળો નોંધાવ્યો છે.

જેમનો સંયોગ હાનિકારક છે એવાં દ્રવ્યોને એક સાથે ના લેવાં જોઈએ. આયુર્વેદ એને વિરુદ્ધાહાર કહે છે. ડુંગળી ને દૂધ, ગોળ અને મૂળા વગેરે સાથે નથી લેવાતાં. તાત્કાલિક હાનિ ન હોય પણ નિરંતર સેવન ઝાઝે કાળે નડે છે. સાત્મ્ય થઈ જાય તો પણ અહિત વસ્તુનો અભ્યાસ પરિણામે હાનિકારક છે. અલબત્ત, सर्वं बलवतां पथ्यम्—બળવાનોને બધું જ પથ્ય છે. પણ બળવાન તો અપવાદ રૂપે હોય, બધાએ એમનો દાખલો ના લેવો. મહાકવિ નાનાલાલના શબ્દોમાં કહીએ તો મગરમચ્છોનું યુદ્ધ માછલાંએ ના માંડવું જોઈએ।

આહારમાં માત્રાનો વિચાર મોખરે છે. માત્રા એટલે માપ. માણસે માપસર ખાવું જોઈએ. માપસરનો અર્થ તૃપ્તિ થાય એટલું, પેટ તણાય એટલું ખાવામાં જોખમ છે. એટલું ખાનારને પશુ સાથે સરખાવ્યા છે. અને રોગોના મૂળરૂપ અજીર્ણની ભેટ તેમને મળે છે એમ જણાવ્યું છે. એટલે દરેકે પોતાને જેટલા આહારની સ્વભાવથી જરૂર હોય તેટલો આહાર લેવો. જઠરના ચાર ભાગ કલ્પીએ તો બે ભાગ આહારના, એક ભાગ પાણીનો, એક ભાગ હવાને ફરવા માટે ખાલી રાખવાનો એવો ક્રમ આવે. આહારને વલોવવો પડે છે. હોજરીમાં થોડોક ભાગ ખાલી રાખ્યો હોય તો એ શક્ય બને છે. આપણે ત્યાં ઉણોદર-વ્રતની વાત છે એ ઉણોદરવ્રત આરોગ્ય માટે આ દૃષ્ટિએ હિતકારક છે.

જમતાં જમતાં પાણી પીવાય કે નહિ? ઉપર કહ્યું છે કે તરસ એ પાણી પીવાનો કાલ છે. અન્યત્ર જેમ તરસ લાગે ત્યારે પાણી પીવું તેમ ભોજનમાં પણ તરસ પેદા થાય તો થોડું થોડું પાણી પીવું. કૃત્રિમ મસાલાવાળો આહાર વગર જરૂરે પાણી પીવાની ફરજ પાડે છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. બાકી ખૂબ પાણી પીવાથી ખોરાક પચતો નથી. અને બિલકુલ પાણી ન પીવાથી પણ એ જ દોષના ભાગી બનવું પડે છે એમાં શંકા નથી.

છેવટે, ભોજન લીધા પછી થોડો આરામ કરવો જોઈએ એ બાબત પર ધ્યાન દોરવામાં આવે છે. ભોજન પછી કામના સ્થળે જલદી જલદી પહોંચવા માટે દોડવું પડે એ કમનસીબી છે. ખાઈને દોડનારની પાછળ મૃત્યુ પણ દોટ મૂકે છે—मृत्युर्धावति धावतः । એ આયુર્વેદનું વચન યાદ રાખવા જેવું છે. એવા મનુષ્યો મૃત્યુને વહેલા ભેટે છે એ એનો અર્થ છે.

આ રીતે આપણે સંક્ષેપમાં ભોજનવિધિનો વિચાર કર્યો. કેવળ આહાર ઉપર આધાર ન રાખતાં આ વિધિનું પાલન કરવાં તરફ પણ સૌ કોઈ લક્ષ રાખશે તો આરોગ્યની દિશામાં ઘણું થઈ શક્યું ગણાશે।

卐

માંદગીમાં ખોરાક

ડૉ. કાન્તિલાલ

૧. પ્રાસ્તાવિક

આયુર્વેદનો એક શ્લોક છે કે पथ्ये सति गदार्तस्य किमौषध निषेवणम्। पथ्येऽसति गदार्तस्य किमौषध निषेवणम् ॥ અર્થાત્ રોગી જો પથ્ય પાળતો હોય તો તેને ઔષધની જરૂર નથી; અને રોગી પથ્ય ન જ પાળતો હોય તો તેને ઔષધ શો ફાયદો કરનાર છે? આમ આયુર્વેદમાં આહારને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. એ લોકો એમાં ઊંડા ઊતર્યા છે. અદ્યતન તબીબી વિજ્ઞાન હજી એટલું ઊંડું ઊતર્યું નથી. આયુર્વેદની અને એની પરિભાષા પણ જુદી. તબીબી વિજ્ઞાન (અથવા 'એલોપથી') મુખ્યત્વે વિશ્લેષણાત્મક રહ્યું છે. કોઈ પણ ખાદ્ય પદાર્થમાં અમુક ટકા નત્રિલ (અં' પ્રોટીન) છે, અમુક ટકા ચરબી છે, અમુક ટકા કર્બોદિત (અં કાર્બોહાઇડ્રેટ) છે, અમુક અમુક વાઇટમિન છે એમ દાક્તરો કહી શકે છે પરંતુ જુદા જુદા ખાદ્ય પદાર્થો શરીરમાં ગયા પછી જુદી જુદી અસર કરે છે કે કેમ તે વિષે અમે દાક્તરો બહુ ઓછું જાણીએ છીએ; ત્યારે આયુર્વેદવાળા એમની પરિભાષામાં કહી શકે છે કે અમુક પદાર્થ વાતલ છે, અમુક કફલ છે, અમુકથી પિત્ત કોપે છે, ઇત્યાદિ.

આમ અમારું આહારશાસ્ત્રનું જ્ઞાન મર્યાદિત છે; તથાપિ છેલ્લાં ત્રીસ ચાળીસ વર્ષમાં તેમાં ઘણો વધારો થયો છે. પહેલાં તો દાક્તરોને દરદી ખાવા વિષે પૂછે ત્યારે દાક્તર એટલો જ જવાબ આપતા કે "હલકો ખોરાક ખાજો." પરંતુ દરદીઓ પર સંસ્કાર તો આયુર્વેદના પડેલા હોય, એટલે એ વાનીઓનાં નામ લઈ લઈને દાક્તરને પૂછે, "કઢી ખવાય? ઓસામણ પિવાય? પાપડ ખવાય? અથાણું ખવાય?" દાક્તર મુંઝાય એટલે કંઈક કંટાળીને, કંઈક ટીખળમાં જવાબ આપે, "બધું ખવાય. એક દાક્તરનું માથું ન ખવાય."

માંદગીમાં કયા પ્રકારનો અને કેટલો ખોરાક આપવો જોઇએ તે નક્કી કરતાં પહેલાં એક તંદુરસ્ત માણસને કેટલો અને કેવો ખોરાક મળવો જોઈએ તે જાણવું આવશ્યક છે. પુખ્ત ઉંમરના એક પુરુષ માટે હિંદી નિષ્ણાતોએ નીચે મુજબની ભલામણ કરી છે:

ઉષ્ણાંક (અં. કેલરી) —	૨૪૦૦
નત્રિલ	૮૨ ગ્રામ (સાડાસાત તોલા)
કેલ્શીયમ	૧૦૦ ગ્રામ
લોહ	૨૦ મિલિગ્રામ *
વાઇટમિન એ	૩ થી ૪ હજાર ઇંટરનેશનલ યુનિટ્સ
થાયેમાઇન (વિટામિન બી$_1$)	૧ થી ૨ મિલિગ્રામ
એસ્કોર્બિક એસિડ („ સી)	૫૦ મિલિગ્રામ

* મિલિગ્રામ એટલે ગ્રામનો હજારમો ભાગ. હવે થોડા વખતમાં જ આપણે આ પદ્ધતિથી ટેવાવું પડશે એટલે એ જ માપ રાખ્યાં છે. આજનો એક નયો પૈસો ૧·૫ ગ્રામ થાય છે.

આમાં ચરબી અને કર્બોદિતનું પ્રમાણ આપ્યું નથી, કારણ ચરબી માટે કોઈ નિશ્ચિત પ્રમાણ સ્વીકારાયું નથી અને કર્બોદિત ભૂખ તથા રુચિ મુજબ લેવાનાં છે.

આ બધાં ઘટકો યોગ્ય પ્રમાણમાં જેમાંથી મળી શકે તેવા ખોરાકનો એક નમૂનો નીચે મુજબ છે :

ધાન્ય (ઘઉં, બાજરી, ચોખા વગેરે)	૧૪ અઘોળ
કઠોળ (તુવર, મગ, ચણા વગેરે)	૩ ,,
લીલોતરી (લીલાં પાંદડાંવાળાં શાક, તાંદળજો, મેથી વગેરે)	૪ ,,
બીજાં શાક (ભીંડા, કોળું, દૂધી વગેરે)	૬ ,,
કંદમૂળ (બટાટા, શકરિયાં, સુરણ વગેરે)	૩ ,,
ફળ (કેળાં પપૈયું, જામફળ વગેરે)	૩ ,,
દૂધ (અગર દહીં)	૧૦ ,,
ખાંડ અને/અથવા ગોળ	૨ ,,
ઘી અને/અથવા તેલ	૨ ,,
માંસ અને/અથવા માછલી	૩ ઔંસ
ઈંડું, નંગ	૧

આ નમૂનો આર્થિક તેમ જ ધાર્મિક રીતે બધાંને અનુકૂળ ન પણ આવે. એવા લોકો માટે નીચે બીજો નમૂનો આપ્યો છે :

અનાજ ...	૧૪ ઔંસ
કઠોળ ...	૩ ,,
લીલોતરી ...	૮ ,,
બીજાં શાક ...	૬ ,,
દૂધ (દહીં) ...	૪ ,,
તેલ... ...	૨ ,,
ખાંડ/ગોળ ...	૨ ,,

આ પદાર્થોમાંથી પણ જરૂરી ઉષ્માંક તથા બધાં આવશ્યક તત્ત્વો મળી રહે છે. એટલું યાદ રાખવાનું કે લીલાં પાંદડાંવાળાં શાક (તાંદળજો, મેથી, મૂળા, પાલખ)નું પ્રમાણ ઘટવું ન જોઈએ.

આપણા આહારશાસ્ત્રીઓએ ૮૨ ગ્રામ નત્રિલની ભલામણ કરી છે તે મારા નમ્ર મત મુજબ અનાવશ્યક છે. તેઓ એમ માનીને ચાલતા છે કે વનસ્પતિનું નત્રિલ પ્રાણિજ નત્રિલ કરતાં ઊતરતા પ્રકારનું છે, તથા ઓછું સુપાચ્ય છે. આવું અગાઉ મનાતું હતું પરંતુ જેમ જેમ સંશોધન આગળ વધે છે તેમ તેમ આ માન્યતા યથાર્થ નથી એવું જણાય છે. વનસ્પતિ આહારમાં એક જ જાતનું નત્રિલ નથી—ઘણી જાતનાં ઘણાં નત્રિલ છે; આમાંના કેટલાંક પૂર્ણ નત્રિલો છે. એટલે આપણી જુદી જુદી વાનીઓનું બુદ્ધિપૂર્વક મિશ્રણ કરવામાં

આવે, તથા દૂધ–દહીં કે છાશ થોડા પ્રમાણમાં રોજ લેવામાં આવે તો આપણને પૂરતા પ્રમાણમાં અને યોગ્ય પ્રકારનાં નત્રિલ મળી રહે. આજે તો માંસાહારી એટલો જ દાવો કરી શકે એમ છે કે ઇંડાનાં જે નત્રિલ છે તે સૌથી શ્રેષ્ઠ છે; પરંતુ માંસ કે માછલી માટે આવો દાવો થઈ શકે એમ નથી. આથી, હિંદી નિષ્ણાતોએ ૮૨ ગ્રામ નત્રિલ—એટલે વ્યક્તિના દર કિલોગ્રામ વજને દોઢ ગ્રામ (કુલ પંચાવન નયા પૈસાભાર)=ની જે ભલામણ કરી છે તેને બદલે દર કિલોગ્રામ વજને એક ગ્રામ—એટલે સામાન્ય ગુજરાતીનું વજન પંચાવન કિલોગ્રામ લઈએ તો—રોજનું પંચાવન ગ્રામ (આશરે છત્રીસ નયા પૈસાભાર) નત્રિલ આવશ્યક બને છે એવો મારો પોતાનો મત છે.

૨. રોગ અને આહાર

હવે વ્યાધિની દૃષ્ટિએ આહારનો વિચાર કરીએ. કેટલાક વ્યાધિઓ એવા છે કે જે ખોરાકના અમુક ઘટકના અભાવ કે ઊણપને પરિણામે ઉદ્ભવે છે. દાખલા તરીકે વિટામિન સી ના અભાવથી થતો સ્કર્વી કે વિટામિન બી ૧ ના અભાવથી થતો બેરીબેરી નામનો રોગ. અહીં આવા રોગોનો વિચાર કરવાનો નથી. આવા રોગોમાં દરદીના રોજિંદા ખોરાકમાં ફેરફાર કરવાને બદલે જે વિટામિન ખૂટતું હોય તે બજારમાંથી લાવી દરદીને આપવાથી રોગ સત્વર કાબૂમાં આવે છે. મારા કહેવાનો એવો આશય નથી કે વિટામિનની ઊણપથી થતા રોગોને દરદીના ખોરાક સાથે કશો સંબંધ નથી. બલ્કે અપૂર્ણ આહારથી જ આવા રોગો સામાન્ય રીતે થાય છે. હું એટલું જ કહેવા માગું છું કે આવા રોગો મટાડવા માટે ખોરાકનો ફેરફાર કામિયાબ નીવડતો નથી; તેને માટે વિટામિનનો ઔષધરૂપે—મોટી માત્રામાં—ઉપયોગ કરવો પડે છે, અને રોજિંદા ખોરાકની બહુ ચિંતા કરવાની રહેતી નથી. આવા રોગ થાય જ નહિ તે માટે આહાર અલબત્ત અગત્યનો છે; પરંતુ તે માટે તો આપણે તંદુરસ્ત માણસનું જે ધોરણ આગળ આપી ગયા તે જળવાય તો એટલું પૂરતું છે. એટલે આપણે અહીં તે રોગો અગર ખામીઓનો વિચાર કરીશું જેને દરદીના રોજિંદા ખોરાક સાથે સીધો અને પ્રધાન સંબંધ હોય, યા ગૌણ અને થોડો ઘણો અથવા આડકતરો સંબંધ હોય; દરદીને શું આપવું અને શું ન આપવું એ પ્રશ્ન અગત્યનો હોય તથા ચિકિત્સકને મૂંઝવતો હોય. આવી ખામીઓમાં મુખ્ય (૧) કૃશતા અથવા ઓછું વજન; અને (૨) મેદસ્વિતા અથવા વધારે પડતું વજન પ્રથમ આવે છે. આપણે પહેલાં કૃશતાનો વિચાર કરીએ.

કૃશતા

પહેલો સવાલ એ છે કે કૃશ અથવા ઓછા વજનના કોને ગણવા? સામાન્ય રીતે એમ કહી શકાય કે એક પુખ્ત ઉંમરના પુરુષનું જે વજન હોવું જોઈએ તેથી દસ ટકા ઓછું વજન હોય તો તેવા પુરુષને ઓછા વજનનો ગણવો. પરંતુ આપણે ત્યાં એવા આદર્શ અગર આવશ્યક વજનના આંકડાઓ મળતા નથી. આ માટે મારી એવી સૂચના છે કે પુરુષની ઊંચાઈ પાંચ ફીટ હોય ત્યારે એનું વજન સો રતલ હોવું જોઈએ; પાંચ ફીટથી વધારે ઊંચાઈ માટે દર ઇંચે ચાર રતલ વધારતા જવું અને તે આંકડાને આપણું ધોરણ ગણવું. મારો એવો અનુભવ છે કે ૨૧ વર્ષ અને તેથી મોટી ઉંમરના ગુજરાતી યુવાનનું સરેરાશ વજન ૧૧૬ રતલ હોય છે, અને ઊંચાઈ ૬૪–૬૫ ઇંચ હોય છે. આવા યુવાનનું વજન દસ ટકા ઓછું હોય એટલે કે ૧૧૬ને બદલે ૧૦૪ કે તેથી ઓછું હોય તો તેને

કૃશ ગણવો. ડૉ. પાઠક દશ ટકાને બદલે પંદર રતલનો સ્થિર આંકડો (ઘટાડો) સૂચવે છે, તે પણ ખોટું નથી. એમની રીતે ગણતાં આપણા યુવાનનું વજન ૧૦૧ રતલ કે તેથી ઓછું હોય તો તેને કૃશ ગણવો. સ્ત્રીઓ માટે પુરુષો કરતાં દસ રતલ ઓછા ગણવા.

ઓછું વજન હોય તે વધારવા માટે નીચેના સિદ્ધાંતો યાદ રાખવા જોઈએઃ (૧) ઉષ્માંક વધારવા જોઈએ. તંદુરસ્ત માણસને માટે ૨૪૦૦ ઉષ્માંક આપણે આવશ્યક માન્યા છે; કૃશ માણસો માટે ૨૪૦૦ ને બદલે ૩૦૦૦ ઉષ્માંકને ધોરણ લઈને ચાલવું. ઉષ્માંક વધારવાનો સારામાં સારો રસ્તો એ છે કે વ્યક્તિના રોજિંદા ખોરાક ઉપરાંત ભોજનની વચમાંના ગાળામાં એને કંઇ ને કંઈ ખાવાનું આપવું. આપણે ત્યાં સામાન્ય રીતે બે જ ટંક જમવાનો રિવાજ છે. ઘણે ઠેકાણે સવારનો નાસ્તો લેવાનો રિવાજ હોય છે ખરો, તેમ છતાં બપોરના ભોજન અને રાતના વાળુ વચ્ચે સમયનું બહુ મોટું અંતર રહે છે. કૉલેજમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓનું વજન ઓછું હોય છે, તેનાં ઘણાં કારણો હોઈ શકે. પરંતુ એક મુખ્ય કારણ મને આ લાગ્યું છે કે એમના ભોજન અને વાળુ વચ્ચે બહુ સમયનું અંતર હોય છે અને વચલા ગાળામાં ઘણાને કંઈ જ પોષણ મળતું નથી. આ દૃષ્ટિએ વિચારતાં વચગાળાના સમયમાં કંઇ ને કંઈ ખોરાક આપીને ઉષ્માંક વધારી શકાય. આ માટે જુદા જુદા ખોરાકમાંથી કેટલા ઉષ્માંક મળે છે તે જાણવું જોઈએ. સામાન્ય રીતે એમ કહી શકાય કે ઘઉં, ચોખા, બાજરી ઇત્યાદિ અનાજમાંથી તથા તુવર, મગ, ચણા વગેરે કઠોળમાંથી એક અધોળે સો ઉષ્માંક મળે છે; એક અધોળ બટાટામાંથી ૨૫; એક અધોળ શક્કરિયામાંથી ૩૦; એક અધોળ કેળામાંથી ૪૦ (એક આખું કેળું=૧૪૦;) એક અધોળ ભેંસના દૂધમાંથી ૩૪; એક અધોળ પનીર (ચીઝ)માંથી ૧૦૦; એક ઈંડામાંથી ૯૦; એક અધોળ ગોળ અગર ખાંડમાંથી ૧૧૦; એક અધોળ મગફળી અગર તલમાંથી ૧૫૦; એક અધોળ ઘી અગર તેલમાંથી ૨૫૦. સામાન્ય અંદાજી ગણતરી માટે આ જાડું માપ આપ્યું છે. અત્રે બતાવેલા પદાર્થોમાંથી અનુકૂળતા, રુચિ અને સંજોગો પ્રમાણે પદાર્થો પસંદ કરી ઉષ્માંક વધારી શકાય. (૨) બીજો મુદ્દો એ યાદ રાખવાનો કે ઓછા વજનવાળાને પ્રોટીન પણ પૂરતું અને માફકસર મળવું જોઈએ. એના રોજિંદા ખોરાક ઉપરાંત વધારાનું દૂધ, કે દૂધ અને ઈંડુ, પનીર, મગફળી, તલ વગેરેમાંથી કોઈ પદાર્થ આપવામાં આવે તો નત્રિલ પણ યોગ્ય પ્રમાણમાં મળી રહેશે. (૩) ચરબીનું પ્રમાણ સામાન્ય નમૂના કરતાં વધારે હોવું જોઈએ કારણ ચરબીવાળા ખોરાક આપવાથી ઉષ્માંક સહેલાઈથી વધારી શકાય છે, અને ખોરાકનો જથ્થો બહુ વધતો નથી. દૂધ, માખણ, મલાઈ, ઈંડાનો પીળો ભાગ, બદામ, મગફળી, તલ વગેરેનું યથાવત પ્રમાણ ખોરાકમાં આવે તો ચરબી આપોઆપ વધે અને સાથે સાથે ઉષ્માંક પણ વધે.

વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરીએ તો એક દિવસમાં નીચે મુજબ ખોરાક આપવાથી ૩૦૦૦ ઉષ્માંક પૂરા થઈ શકે :

(૧) સવારે, નાસ્તામાં :—અચ્છેર દૂધ + ૧૦ ગ્રામ ખાંડ (એક તોલો). નવટાંક લોટની ભાખરી.

(૨) બપોરનું ભોજન :—દોઢ પાશેર લોટની રોટલી. નવટાંક દાળ. બપોરે કોઈ પણ શાક. સવા તોલો ઘી અગર તેલ.

(૩) આ વખતે નાસ્તામાં:—બે મોટાં કેળાં અગર નવટાંક મગફળી કે તલપાપડી.

(૪) સાંજના વાળુમાં :—દોઢ પારોર લોટની ભાખરી, કોઈ પણ શાક પારોર, અચ્છેર દૂધ ખાંડ સાથે, સવા તોલો ઘી અગર તેલ.

આ બાબતમાં મુખ્ય મુદ્દો એ યાદ રાખવાનો છે કે જેટલા ઉષ્ણાંક રોજ ખરચાતા હોય તેથી વધારે ખોરાકમાં લેવાય તો જ જમા થઈ શકે અને વજન વધે, તેથી ખોરાક પૂરતો ન લઈ શકાય તો અને ત્યારે ખર્ચ ઘટાડવું જોઈએ; એટલે, જે વધારે પડતી કસરત કરતા હોય તેમની કસરત ઘટાડવી; ઊંઘ વધારવી; દિવસ દરમિયાન ફરજિયાત આરામ આપવો. કેટલીક વાર દરદીને ઈસ્પિતાલમાં સુવાડી રાખવાથી પણ વજનમાં ફેર પડે છે. અલબત્ત, જેના શરીરમાં કંઈ રોગ નથી છતાં જેનું વજન ઓછું છે એવી વ્યક્તિનો જ અત્રે વિચાર કર્યો છે. ખોરાકના તથા દિનચર્યાના યથાયોગ્ય ફેરફારથી પણ વજન ન વધતું હોય તો વૃષણના અંતઃસ્રાવ (ટેસ્ટો સ્ટેરોન)નાં ઈંજેક્શન આપવાથી અગર તો ઈન્સ્યુલીન આપવાથી ફાયદો જણાશે.

મેદસ્વિતા

કૃશતાથી ઊલટો મુદ્દો મેદસ્વિતાનો છે.

પહેલો પ્રશ્ન એ ઊઠશે કે મેદસ્વી કોને ગણવા? સામાન્ય ગુજરાતી પ્રજાજનનું વજન અન્ય પ્રજાઓના કરતાં ઓછું હોય છે, અને દરેક જણનું વજન ઉંમર વધવાની સાથે વધે છે, તેથી મેદસ્વિતા માટે કંઈક ઉદાર ધોરણ આવશ્યક બને છે. આપણે અગાઉ જોયું કે એક પુખ્ત વયના યુવાન પુરુષનું વજન સામાન્ય રીતે ૧૧૬ હોય છે; એને મેદસ્વી ગણવા માટે પચીસ ટકાની મર્યાદા રાખવી એવો મારો અભિપ્રાય છે એટલે કે આવા પુરુષનું વજન ૧૧૬ + ૨૯ = ૧૪૫થી વધારે હોય તો તેને મેદસ્વી ગણવો.

ઓછા વજનવાળા મનુષ્યો કરતાં મેદસ્વી પ્રકૃતિવાળાને ઘણા ગેરલાભ છે. એમનાં આયુષ્ય ટૂંકાં હોય છે, એમનામાં મધુપ્રમેહ, હૃદયરોગ, લોહીનું વધુ દબાણ, સંધિવા વગેરે અનેક રોગો વધારે પ્રમાણમાં થાય છે. તેથી જેમ જેમ ઉંમર વધે તેમ તેમ માણસે પોતાનો ખોરાક ઘટાડતા જવું જોઈએ. માણસ મેદસ્વી શાથી થાય છે? જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ એની પ્રવૃત્તિ ઘટે છે, કસરત ઘટે છે, અર્થાત્ ઓછા ઉષ્ણાંક ખરચાય છે. ખોરાક તો એનો એ જ રહે છે એટલે શરીરમાં ચરબી જમા થાય છે અને વજન વધે છે. જેટલા ઉષ્ણાંક રોજ ખરચાતા હોય તેનાથી માત્ર સો ઉષ્ણાંક જ વધારે લેવાતા હોય— એટલે મધ્યમ કદનું એક કેળું, કે ત્રણ અધોળ ભેંસનું દૂધ કે પાંઉનું એક જાડું ચોસલું (સ્લાઈસ) — તો વર્ષ આખરે દશેક રતલ વજન વધી જાય છે. આમ હોઈ મેદસ્વિતા માટે એક જ ઇલાજ છે— કાં તો આવક ઘટાડો અથવા ખર્ચ વધારો; અર્થાત્ ખોરાક ઘટાડો કે કસરત વધારો. માણસની ઉંમર વધવાથી કસરત વધારવાનું શક્ય નથી. કસરત વધારવાથી કેટલીક વાર ભૂખ ઊઘડે છે અને ખોરાક ઊલટો વધે છે. આમ હોઈ, મેદ ઘટાડવાનો એક જ રાજમાર્ગ છે કે ખોરાક ઘટાડવો. એક લેખક તો એટલે સુધી કહે છે કે મેદસ્વી મનુષ્યને એક જ કસરતની જરૂર છે, અને તે કસરત શરીરની નહિ પણ બુદ્ધિની.

મેદસ્વિતા માટે ખોરાકની યોજના કરનારે આટલા મુદ્દા યાદ રાખવાના છે: (૧) ઉષ્ણાંક ઘટાડવા; (૨) નત્રિલનું યોગ્ય પ્રમાણ જાળવવું; (૩) કર્બોદિત ઓછાં કરવાં; (૪) ચરબી ઘણી

ઓછી કરવી; (૫) ભૂખ સંતોષાય એટલો ખોરાકનો જથ્થો થવો જોઈએ, અને (૬) ક્ષારો તથા વિટામિનનું યોગ્ય પ્રમાણ જળવાવું જોઇએ; ન જળવાતું હોય તો તેવી ટીકડીઓ રોજ આપવી. ડૉક્ટર પાઠક 'આહારવિજ્ઞાન' નામના તેમના પુસ્તકમાં નીચે મુજબની ભલામણ કરે છે:

ગાયનું દૂધ	—	પાશેર
છાશ – પાતળી	—	ત્રણ શેર
દૂધ ફાડીને બનાવેલું છન્ના*	—	પાશેર
ઘઉં અગર બાજરી	—	નવટાંક
દાળ અગર કઠોળ	—	ચાર તોલા
કેળું, મોસંબી	—	એકેક નંગ
ભાજી (કોબીજ, ટામેટા, મૂળા વગેરે)	—	અચ્છેર
બીજાં શાક (દૂધી, કોળું, કારેલાં, કંકોડાં)	—	રુચિ મુજબ
ઘી – તેલ	—	૦॥ તોલો
ખાંડ – ગોળ	—	એક તોલો

આ નમૂનો એક આખા દિવસ માટેનો છે. આટલી ચીજોમાંથી ૫૬ ગ્રામ નત્રિલ, ૪૮ ગ્રામ ચરબી, ૧૧૦ ગ્રામ કર્બોદિત તથા ૧૨૭૬ ઉષ્માંક મળી રહે છે.

આ પ્રમાણેનો ખોરાક શરૂ કરતાં વજન ન ઘટે તો ધીરજ રાખવી; પાણી તથા મીઠું ઓછાં કરવાં — કારણ કેટલાકની પ્રકૃતિ એવી હોય છે કે એમના શરીરમાં પાણી સંઘરાય છે. વજન ન જ ઘટે તો હજી પણ ખોરાકનું પ્રમાણ ઘટાડવું; દા. ત. ઘઉં અગર બાજરીનું પ્રમાણ અર્ધું કરવાથી સો ઉષ્માંક ઘટી જશે. અહીં આપેલા નુસખા પ્રમાણે ચાલતાં વજન ઘણી ઝડપથી ઘટે તો એમાં થોડો ફેરફાર કરી શકાય. દાખલા તરીકે એક ઈંડું વધારવાથી લગભગ ૯૦ ઉષ્માંક વધારી શકાય; દૂધનું પ્રમાણ પણ વધારી શકાય. જે વજન ઇષ્ટ હોય તેટલે પહોંચ્યા પછી જે ખોરાકથી ફાયદો થયો હોય તેને ચુસ્તપણે વળગી રહેવું જોઇએ.

આમ છતાં, કેટલાક મનુષ્યોની પ્રકૃતિ જ એવી હોય છે કે એમના શરીરમાં મેદ જમા થાય જ. આ મનુષ્યોમાં અંતઃસ્રાવી ગ્રંથિઓની કંઈ વિકૃતિ છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ. એક લેખક તો એવું કહે છે કે કોઈ પણ ગ્રંથિ બગડેલી હોય તો તે લાલાગ્રંથિઓ બગડેલી હોય છે, અર્થાત્ મેદસ્વી લોકોને જીભ પર ઓછો કાબૂ હોય છે, એ જ વજન વધવાનું મુખ્ય કારણ છે. બને ત્યાં સુધી કોઈ પણ પ્રકારની દવા રાખવી. ચરબી ઘટાડવાનો કોઈ સહેલો ઇલાજ નથી, ને કહેવાતા સહેલા ઉપાય બિનજોખમી નથી. ધીરજ અને ચીવટથી ખોરાક ઘટાડવામાં આવે તો અવશ્ય ફાયદો થાય છે. (ક્રમશઃ)

★

* છન્ના એ બંગાળી વાની છે. દૂધ ગરમ કરી એમાં લીંબુ નીચોવતાં દૂધ ફાટી જાય છે; આનું વસ્ત્રગાળ કરતાં જે માવો રહે તે 'છન્ના' કહેવાય છે. એમાં નત્રિલ તથા ચરબી ઘણાં હોય છે.

પ્રતિશ્યાય [શરદી]

વૈદ્ય પ્રભુભાઇ ભક્ત

આનૂપદેશમાં અર્થાત્ શીતલ જલવાયુ જે પ્રદેશમાં સવિશેષ હોય ત્યાં ભાગ્યે જ કોઈ એકાદ વ્યક્તિ જોવામાં આવશે કે જેને જીવનમાં એક પણ વાર શરદી ન થઇ હોય. આજે તો શરદી વિનાનું જીવન જ રહ્યું નથી. વારંવાર તેનું અવતરણ થાય જ છે. મહર્ષિ ભગીરથને ગંગાવતરણ માટે કઠિન પરિશ્રમ કરવો પડ્યો હતો. પરન્તુ આજે શરદીના અવતરણ માટે ખાસ પરિશ્રમ કરવો પડતો નથી. થોડી બેદરકારી યા જીવનની અનિયમિતતા થઈ કે તરત જ શરદીદેવીની પ્રસન્નતા થાય છે. એકવાર એમની પ્રસન્નતા સારી રીતે થાય તો ફરી વારંવાર એમની સવારી આવવાની જ. માટે પુરુષે સાવધાન થઇ એની પુનઃ પ્રવૃત્તિ ન થાય તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

ઉત્તમ સ્વાસ્થ્ય—આજે અનેક એવી પ્રચલિત માન્યતાઓ છે કે જેની પાછળ કોઈ સિદ્ધાન્તો વાસ્તવિક રીતે હોતા જ નથી. પરન્તુ તે એવા રૂઢ થઇ ગયા હોય છે કે સમાજનો મોટા ભાગનો વર્ગ તેમને માનતા હોય છે. તે પૈકી એક પ્રચલિત માન્યતા એ છે કે વર્ષમાં બે ત્રણ વાર શરદી થાય તો કોઇ મોટી યા નાની માંદગી આવતી જ નથી! વાસ્તવિક રીતે વિચાર કરીએ તો પ્રતિશ્યાય એટલે કે શરદી એ એક સામાન્ય નહીં પરન્તુ ગંભીર વ્યાધિ છે જે મિથ્યા આહાર-વિહારથી ઉત્પન્ન થાય છે અને તેમાં વાયુ, પિત્ત અને કફ આ ત્રણેમાંથી બેની અથવા ત્રણેની વિષમતા હોય છે. પ્રત્યેક રોગથી શરીરનું શોધન થતું નથી. કારણ કે તેમાં દોષોની વિષમતા મૂલરૂપે જ હોય છે. આયુર્વેદનું મંતવ્ય છે કે દોષોની વિષમતા એ જ અસ્વાસ્થ્ય છે. સ્વસ્થ પુરુષનાં લક્ષણોમાં કહેવામાં આવ્યું છે કે જેના દોષો (વાયુ, પિત્ત અને કફ) સમ હોય, અગ્નિ (અન્નને પચાવનાર જઠરાગ્નિ—ધાતુઓની ધાત્વગ્નિઓ—અને પાંચ મહાભૂતોની ભૌતિકાગ્નિઓ) સમ હોય, ધાતુઓ અને મળો સમ હોય, તેમજ તેની ક્રિયા પ્રાકૃત હોય, આ સિવાય જેના આત્મા-ઇન્દ્રિય અને મન પ્રસન્ન હોય તેને સ્વસ્થ કહેવામાં આવે છે. સ્વાસ્થ્યના લાભ માટે શું અસ્વસ્થ થવું બુદ્ધિગમ્ય છે ખરું? આથી ધ્રુવ સત્ય એ છે કે ઉત્તમ સ્વાસ્થ્ય માટે શરદી થવી જરૂરી નથી. શરદી શરીરની દુર્બળતાને બતાવનાર છે. સાથે સાથે વિપરીત આચરણની પણ પરિચાયક છે.

શરદીનાં લક્ષણો—શરીરમાં જ્યારે શરદી થાય છે ત્યારે આપણને એવું ભાન થાય છે કે શરીર જાણે આપણું નથી. તે આપણને પ્રસન્ન અને આરામથી રહેવા દેતી નથી. કામ કરવાની ઇચ્છા થતી નથી. મુખ પર ખિન્નતા, શરીરમાં આલસ્ય અને અંગમર્દ—આ ત્રણ તો જાણે શરદીની સાથે આવતા તેના પરિજનો હોય છે. માથું ભારે ભારે લાગે છે. નાકમાં તપખીર સુંઘી હોય તેવો ચચરાટ, મુખમાં વિરસતા અને ઉદ્વિગ્નતા—આ એનાં સામાન્ય લક્ષણો છે. જો શરદીનો વેગ વધુ હોય તો સંપૂર્ણ શરીર શ્રાન્ત અને મન ક્લાન્ત બને છે. આ સ્થિતિમાં શરીર વધુ શિથિલ બને છે અને મન વધુ નબળું પડે છે.

જ્યારે જ્યારે શરદી થાય છે ત્યારે ત્યારે ઘણા પુરુષોમાં તેનું જોર (વેગ) વધુ માલૂમ પડે છે. શરદીના દિવસો જાણે મહીના જેવા લાગે છે, મન નબળું લાગે છે અને કોઈ પણ પ્રકારે આરામ માલૂમ પડતો નથી. શરીર બહુ જ ભારે લાગે છે. શરદી મટી ગયા બાદ શરીર પહેલાંની અપેક્ષાએ તાજું અને હલકું લાગે છે. મન પણ પ્રફુલ્લતા અનુભવે છે. આ સ્થિતિમાં શરદીને શ્રેય આપવું ન જોઈએ. જે પુરુષો તેને શ્રેય આપે છે તે આયુર્વેદનો અનાદર કરે છે એમ સમજવું જોઈએ.

શરદીની વ્યાપકતા—વર્તમાન કાળમાં સમાજના જીવનનો ક્રમ સ્વાસ્થ્ય-વિદ્યાનથી વિપરીત થતો જાય છે. શરીરમાં થતા રોગો અને તેની દુર્બળતાઓ તરફ જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું આપવામાં આવતું નથી. આથી કાળાન્તરે અનેક રોગોનો શિકાર સમાજ બનતો જાય છે. ક્ષણિક સુખને માટે માનવ પોતાના જીવનને ઘણી ખરાબ રીતે બરબાદ કરી નાખે છે. શરીરને દીર્ઘજીવી બનાવવા માટે આજે જે શોખ અને તમન્ના હોવાં જોઇએ તે જોવામાં આવતાં નથી. આજનું જીવન આનંદ વિનાનું તથા ઉદાસીન હોય છે પરન્તુ વિષયોમાં તલ્લીન હોય છે. ઇન્દ્રિયોના નવા નવા વિષયો પ્રાપ્ત થાય તે માટે જીવન જીવવાનું નથી. શરીરમાં સામર્થ્ય ન હોવા છતાં પણ મનુષ્ય ઈન્દ્રિયસુખોનો વધુ ઉપયોગ કરી શરીરને જડ અને જર્જરિત બનાવે છે. આજે અકાળે વૃદ્ધત્વ ઘણી વ્યક્તિઓમાં જોવામાં આવે છે. સમાજના બધા વર્ગના લોકોમાં કોઈ ને કોઇ રોગ આજે જોવામાં આવે છે. ધનિક વર્ગમાં સંતર્પણપ્રધાન અને નિર્ધન વર્ગમાં અપતર્પણપ્રધાન રોગો જોવામાં આવે છે જેથી આ બન્ને વર્ગ સ્વાસ્થ્યની દૃષ્ટિએ વધુ અસંતુષ્ટ છે.

શરદી વૃદ્ધોની અપેક્ષાએ યુવાનોમાં વધુ જોવામાં આવે છે. અને તેની સતત તેમજ સઘન પ્રવૃત્તિ પણ રહે છે. આને દૂર કરવા માટે તેઓ ભિન્ન ભિન્ન પ્રણાલિઓનો આશરો લઈ જાતજાતના પ્રયોગો પણ કરે છે. પરન્તુ જેટલો લાભ થવો જોઈએ તેટલો લાભ ન થવાને કારણે તેઓ આત્મવિશ્વાસ પણ ગુમાવી દે છે, જીવન તેમને અભિશાપ રૂપ લાગે છે. તેમને માટે શરદી એક ચિંતાનો વિષય બની જાય છે. આયુર્વેદમાં કહ્યું છે કે શરદીની ઉપેક્ષાથી ખાંસી અને તેની ઉપેક્ષાથી ક્ષય થાય છે.

શરદીના ભેદો—કારણભેદથી શરદીના બે ભેદો છે: સદ્યોજાત (તરત જ થનારી) તથા ચયાદિ ક્રમોત્પન્ન (કાલાન્તરોત્પન્ન). આ ભેદો સિવાય દોષભેદથી શરદીના પાંચ ભેદો છે: વાતજ—પિત્તજ—કફજ—સન્નિપાતજ અને રક્તજ. બધા પ્રકારની શરદીમાં વાયુની પ્રધાનતા હોય છે.

શરદીનાં કારણો—મૂત્ર, પુરીષ, અધોવાયુ વગેરેના ઉપસ્થિત વેગોને ધારણ કરવાથી, વિવિધ અજીર્ણ, રજ (રજનો પ્રસિદ્ધ અને અનુભવથી પ્રતિશ્યાયજનક સિદ્ધ અર્થ ધૂળ યા પુષ્પોનો પરાગ છે. આ સિવાય રજ શબ્દથી વિભિન્ન ઉડ્ડયનશીલ દ્રવ્યો જેવા કે જોષક, મનસિલ, મોમાઇ વિભિન્ન એસિડી તથા ગેસ વગેરેનો નાસારન્ધ્રોમાં પ્રવેશ થાય છે), અતિભાષણ, ક્રોધ, ઋતુવૈષમ્ય અર્થાત્ ઋતુઓનું અસમાન પરિવર્તન, ઋતુઓનો હીન-મિથ્યા અને અતિયોગ, જલની વિષમતા (સહસા જલપરિવર્તનથી શરદી જોવામાં આવે છે), શિર પર સૂર્ય આદિનો તાપ પડવો, તાપમાં લાંબી મુસાફરી, અતિ જાગરણ,

દિવસે સૂવું, ઝાકળ પડતું હોય તે સમયે ખુલ્લી જગામાં સૂવું, ઠંડાં બરફયુક્ત પીણાંઓનું સતત તથા તાપમાંથી તપીને આવ્યા હોય અને તરત જ તેનું પાન (ઠંડાં પીણાંઓ, કફ તથા વાત પ્રકૃતિવાળા પુરુષોએ વિશેષતયા આનૂપદેશમાં અને જેમને શરદી, ખાંસી અને શ્વાસના વેગો વારંવાર આવતા હોય તેમણે પીવાં ન જોઇએ), અતિ જલપાન (જે અગ્નિને મંદ કરી વાતાદિ દોષોને પ્રકુપિત કરી શરદી વગેરે રોગોને જન્મ આપે છે. આજકાલ વૈદ્યવર્ગ પણ નિસર્ગોપચારકોની દષ્ટિએ દેખાદેખી અધિક જલપાન કરવાની સલાહ આપે છે. તેમણે પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે શરીર કંઇ ગટર જેવું નથી કે તેમાં જેટલું પાણી નાંખવામાં આવે તેથી કંઈ પણ વિક્રિયા ન થાય), ભેજવાળી હવા (વાયુમંડળમાં આર્દ્રતાની અધિકતા હોય તો તેથી પણ શરદી થવાનો સંભવ રહે છે. ચોમાસામાં વરસાદને કારણે, કેળની વાડીઓમાં તથા અન્ય શાકભાજી વગેરેનાં ખેતરોમાં તથા બરફનાં કારખાનાંમાં કામ કરનાર વ્યક્તિઓમાં અતિ શીઘ્ર શરદીના વેગો તથા તેનાથી થનાર વિકારો ઉત્પન્ન થાય છે), શીતલ વાયુ, શીતલ લાદી તથા પથ્થરો પર પાથરણા યા ચટાઇ વગર બેસવાથી અથવા શીતલ જળમાં રહી સતત કામ કરવાથી, ચોમાસામાં નદીઓમાં તરવાથી અને વેજીટેબલ ઘીના બનેલા પદાર્થોનું સેવન કરવાથી શરદી થાય છે.

અતિમૈથુન આ કારણ પણ અધિક મહત્ત્વનું છે. આજે જે નવયુવકો તથા યુવાનોમાં વારંવાર શરદી જોવામાં આવે છે તેમાં આ કારણની ઉપેક્ષા કરવી ન જોઈએ. ઉપચારો કરતી વખતે આ કારણને ધ્યાનમાં રાખવામાં આવે તો ચિકિત્સા ફળવતી બને છે. આ સદ્યોજાત શરદીનાં કારણો છે.

ઘનીભૂત (પૂર્વસંચિત) દોષોથી શિર અભિવ્યાપ્ત હોય તો તે સ્થિતિમાં વાયુની વિશેષ વૃદ્ધિ થઈ જાય તો તે વાયુદોષોને ઉત્કિષ્ટ કરી નાસાસ્રોતમાંથી બહિઃપ્રવૃત કરી શીઘ્ર પ્રતિશ્યાયને ઉત્પન્ન કરે છે.

વાતાદિ દોષો પૃથક્ પૃથક્ (જુદા જુદા), ત્રણે દોષો તથા રક્ત શિરમાં પોતાના પ્રકોપક હેતુઓથી પ્રકુપિત થાય અથવા પોતાના સ્થાનમાં દોષોનો સંચય થઈ પ્રકોપપૂર્વક તે જો શિરમાં સ્થાન જમાવે તો તે શરદીને ઉત્પન્ન કરે છે. આને કાલાન્તરોત્પન્ન (ચયાદિક્રમોત્પન્ન) પ્રતિશ્યાય કહે છે.

અર્વાચીન મતાનુસાર ધૂળ-ધૂમાડો-પુષ્પોનો પરાગ વગેરે દ્રવ્યોનો સાક્ષાત સંપર્ક થવાથી નાસાસ્રોતની શ્લૈષ્મિકકલા ક્ષુભિત થાય છે જેથી પ્રતિશ્યાય થાય છે. આયુર્વેદના મત મુજબ દોષોનો સંચય પણ સાથે થવો જ જોઇએ, જેથી ક્ષોભથી થયેલો પ્રતિશ્યાય ચાલુ રહે છે.

વસંતઋતુમાં થનાર પ્રતિશ્યાય વગેરે વિકારો અર્વાચીનોએ ઋતુસુલભ પરાગકણોનું વાયુમંડળમાં પ્રસાર અને પ્રવેશ થવાથી થાય છે. પ્રાચીન આયુર્વેદમાં ઋતુસ્વભાવને કારણે થયેલા કફના પ્રકોપથી પ્રતિશ્યાય થાય છે એમ કહ્યું છે. પરાગકણ આદિથી ઉત્પન્ન પ્રતિશ્યાય વગેરેમાં રોગીને માટે તે વિરુદ્ધ (એલર્જી) હોય છે. આયુર્વેદ આ સ્થિતિને અચય પ્રકોપ કહે છે.

શીતલવેગો અને વાયુ વગેરેના સ્પર્શથી અથવા શરીરમાં વધેલા વાયુની ક્રિયાથી ગળું અને નાસિકાની રસ રક્તવાહિનીઓનો સંકોચ થાય છે. પરિણામે સ્વરૂપે રસ, રક્ત અને તે

દ્વારા રોગપ્રતિકાર સામર્થ્યના કારણભૂત શ્વેતકણો વગેરે યોગ્ય પ્રમાણમાં આ અવયવોમાં પહોંચતા નથી. પરિણામ એ આવે છે કે વાયુમંડળમાં રહેલા યા ઉપરોક્ત અવયવોમાં પહેલેથી રહેલા રોગજનક વાયરસ જીવાણુઓ શરદી વગેરે રોગો ઉત્પન્ન કરવામાં સફળ થાય છે.

શરદીનાં પૂર્વરૂપો—રોગ ઉત્પન્ન થવાનો હોય તે પહેલાં જે લક્ષણો અવ્યક્તાવસ્થામાં માલમ પડે છે તેને પૂર્વરૂપ કહેવામાં આવે છે. શરદી થવાની હોય તે પહેલાં શિર વિશેષ કરીને લલાટ પ્રદેશમાં ભારેપણું લાગે છે, છીંક વારંવાર આવે છે, અંગમર્દ (શરીર દુઃખતું હોય તેવો આભાસ થાય છે.), રોમાંચ થાય છે, નાકમાંથી ધુમાડો નીકળતો હોય તેવો આભાસ થાય છે. તાળવું ફાટી જતું હોય તેવી વેદના થાય છે, ગળું બેસી જાય છે, અવાજ ક્ષીણ થઇ જાય છે. કેટલીકવાર બોલવાનું સામર્થ્ય પણ રહેતું નથી. અવાજ ફાટેલો લાગે છે. મોંમાંથી લાળ અથવા કફનો સ્રાવ થાય છે. શિર કફથી પરિપૂર્ણ હોય તેવો આભાસ થાય છે. અરુચિ તથા જ્વર આદિ વિવિધ રોગો ઉત્પન્ન થાય છે.

દોષભેદથી શરદીનાં લક્ષણો—જો શરદી વાતપ્રધાન હોય તો નાસિકાનું વિવર વિબદ્ધ માલમ પડે છે. રજકણ યા કફથી નાસા અવરૂદ્ધ હોય તેવી પ્રતીતિ થાય છે. નાસિકામાં વેદના અને તોદ થાય છે. શંખપ્રદેશમાં શૂલ થાય છે. નાસિકામાંથી જળસદૃશ સ્રાવ થાય છે તથા સ્વરભેદ, છીંક (અધિક), શિરની ગુરુતા–અને ગળું તાલુ તથા ઓષ્ઠમાં શોષ થાય છે.

શરદી પિત્તપ્રધાન હોય તો નાસિકામાંથી ઉષ્ણ અને કિંચિત પીતદ્રવનો સ્રાવ થાય છે. નાસિકાના અગ્રભાગમાં પાક થાય છે. નાસિકામાંથી ધૂમયુક્ત અગ્નિનું નિર્ગમન થાય છે. મુખશોષ–જ્વર–અતિપાણ્ડુ તથા કૃશતાથી રોગી પીડિત હોય છે તથા તૃષા અતિશય પીડે છે.

કફપ્રધાન શરદીમાં નાસિકામાંથી સફેદ વર્ણનો, શીત અને ઘન કફનો વારંવાર સ્રાવ થાય છે. કાસ, અરુચિ–નાસાસ્રોત–ગળું–ઓષ્ઠ–તાળવું અને શિરમાં અત્યધિક કંડૂ–શિરમાં ગૌરવ–અક્ષિશોથ તથા રોગીનો વર્ણ સફેદ થઇ જાય છે.

ત્રિદોષજ શરદીનો હુમલો અકસ્માત અને વારંવાર થાય છે અને મટી પણ જાય છે. અતિસ્રાવ પક્વ યા અપક્વ કોઈ પણ પ્રકારનો હોવો, અને ત્રણે દોષોનાં લક્ષણો જોવામાં આવે છે. વિશેષતયા તીવ્રવેદના અને અતિ અરતિ માલમ પડે છે.

રક્તજ શરદીમાં નાસિકામાંથી રક્તનો સ્રાવ થાય છે. નેત્રોની તામ્રતા, ઉચ્છ્વાસ અને મુખમાં દૌર્ગન્ધ્ય–ઇન્દ્રિયજન્ય જ્ઞાનનો નાશ થાય છે. સફેદ સ્નિગ્ધ અને અણુકૃમિ નાસિકામાંથી પડે છે.

શરદીની ચિકિત્સા—શરદીના ઉપચાર કરતાં પહેલાં એ જાણી લેવું જોઈએ કે તે આમ (અપક્વ) છે યા નિરામ (પક્વ). જો ખોરાકના સેવનની ઇચ્છા ન થાય, મુખની વિરસતા માલમ પડે, નાકમાંથી પાણી જેવો સ્રાવ થાય, નાકમાં વેદના માલમ પડે, નાકમાં અણુકમો રહે, માથું ભારે લાગે, વારંવાર છીંક આવે અને મૃદુ જ્વર (તાવ) હોય તો

શરદીની આમ અવસ્થા જાણવી. જો ઉપર કહેલાં લક્ષણોની અલ્પતા હોય, શિર, નાસિકા અને મુખ જો હલકું માલમ પડે, પરિપક્વ અને ઘન કફની નાસિકા દ્વારા પ્રવૃત્તિ થાય તો જાણવું કે શરદી નિરામ (પક્વ) છે. શરદીની આમાવસ્થામાં દોષોને પાચન કરનારા ઉપચારો કરવા જોઈએ અને પક્વાવસ્થામાં અવસ્થાનુસાર શોધન અને શમન ચિકિત્સા કરવી જોઈએ.

આમ શરદીમાં દોષોના પાચન માટે આદુનો રસ, સૂંઠનું ચૂર્ણ યા ત્રિકટુ (સૂંઠ, મરી અને પીપર)નું ચૂર્ણ ગોળની સાથે લેવું. આ અવસ્થામાં જેને શરદીની સતત પ્રવૃત્તિ રહેતી હોય તેમણે સૂંઠ અને ગોળના લાડુ બનાવી રાખવા જોઈએ અને તેનું નિયમિત સેવન કરવું જોઈએ. પહેલાં થોડું ઘી પેણીમાં લઈ સગડી ઉપર મૂકવું. તે ઓગળે એટલે તેમાં ગોળ મેળવવો. ગોળ દ્રવ થઇ જાય ત્યારે તેમાં સૂંઠ મેળવી લેવી. તે બરાબર મળી જાય ત્યારે ઉતારી ૦॥ થી ૧ તોલાના નાના નાના લાડુ બનાવી લેવા. આનું સેવન કરવાથી શરદીના દોષોનું પાચન થાય છે. આ સિવાય આ લાડુના સેવનથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, વાયુનું અનુલોમન થાય છે, આંતરડાંઓને બળ મળે છે અને સ્વાભાવિક રીતે મળની પ્રવૃત્તિ થાય છે: તદુપરાંત વાયુથી થનારા રોગોમાં પણ આની યોજના કરવી હિતાવહ છે. પ્રાચીન વૈદ્યો તથા વૃદ્ધો પોતાને ત્યાં આ પ્રકારના મોદકો હમેશાં રાખતા અને શરીરમાં કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા માલમ પડે તો તેનું સેવન કરતા હતા. આયુર્વેદનો સિદ્ધાંત છે કે રોગમાત્ર અગ્નિની મંદતાથી જ થાય છે. અગ્નિને સમપ્રમાણમાં રાખવો એ જ ચિકિત્સાનો પ્રધાન સ્તમ્ભ છે. સૂંઠ અગ્નિને દીપન કરે છે. ગોળ મળ અને વાયુનું અનુલોમન કરે છે. **જેથી સૂંઠના મોદકની યોજના રોગ માત્રની શરૂઆતમાં અનિવાર્ય છે, જેનો પ્રયોગ સ્વાસ્થ્યની ઇચ્છા રાખનાર પ્રત્યેક વ્યક્તિએ કરવા જેવો છે.**

શરદીની આમાવસ્થામાં તૃષા બહુ જ લાગે છે. આ સ્થિતિમાં જો વારંવાર શીતલ જલનું અતિમાત્રામાં પાન કરવામાં આવે તો તેથી શરદીનું બળ વધે છે. માટે આ સ્થિતિમાં ઉકાળેલું પાણી પીવું જોઈએ. ભેજવાળી આબોહવાવાળા પ્રદેશમાં તો સામાન્ય સ્થિતિમાં પણ ગરમ કરેલું જ પાણી પીવું જોઈએ. રોગની અવસ્થામાં તો વિશેષતયા ઊનું જળનું જ સેવન કરવું જોઈએ. આ સિવાય જો તુળસી, કાળા મરી, ફુદીનો અને લીલી ચાનો ઉકાળો બનાવી જ્યારે જ્યારે તૃષા લાગે ત્યારે પીવા આપવો. આ ઉકાળો પીવાથી પસીનો સારો થાય છે. અગ્નિની દીપ્તિ થાય છે. અન્નપાનના સેવનમાં રુચિ ઉત્પન્ન થાય છે. શરીર હલકું બને છે અને દોષો પક્વ થાય છે, મૃદુજ્વર–અંગમર્દ અને શરીરની સ્તબ્ધતા દૂર થાય છે. કાળા મરી લેખન છે, જેથી ફેફસાંમાં અગર શિરની કપાલ અસ્થિઓમાં ચોંટેલા કફને અર્થાત્ સ્થૂલ અને સૂક્ષ્મ સ્રોતોમાં બદ્ધ થયેલા કફને કાઢે છે અને સ્રોતોના અવરોધને દૂર કરે છે.

અપક્વ શરદીને પકાવવા માટે કેટલીક વાર સ્વેદ પણ બહુ જ ફળદાયી નીવડે છે. આને માટે એક મોટી તપેલીમાં પાણી ભરી તેમાં થોડી ચા નાંખી જ્યારે ઉકળવા લાગે ત્યારે તેની વરાળ મુખ અને નાસિકા દ્વારા લેવી. આ સિવાય ટીંકચર બેન્ઝોઇનનાં ૨૦ થી ૩૦ ટીપાં પાણીમાં નાંખી તેનો સ્વેદ પણ હિતકારી છે. સૌથી શ્રેષ્ઠ અમે અનિવાર્ય સ્વેદ તરીકે શરદીમાં કંટકારી (ભોંયરીંગણી) છે. આ કંટકારીનો સ્વેદ શ્વાસના તીવ્ર હુમલામાં પણ તાત્કાલિક રાહત આપે છે.

શરદી અને ચણા—સદ્યઃ પ્રતિશ્યાયમાં ગરમાગરમ ચણા ખાવા એ બહુ જ ગુણકારી છે. ચણા એ એક આદર્શ અને પૌષ્ટિક ખોરાક છે. આજકાલ ચણાનો વ્યવહાર બહુ જ અલ્પ જોવામાં આવે છે. નાનાં બાળકો અને વયસ્કો બધાને માટે ચણા હિતકારી છે. આજે વિવિધ પ્રકારનાં તૈયાર ખાદ્યો બજારમાંથી લાવી બાળકોને આપવામાં આવે છે તે હાનિકારક તેમજ આમાશય તથા પક્વાશયને વિકૃત કરનારા છે. ચણાની વિવિધ આહારોપયોગી વાનગીઓ બનાવી તેનું સેવન કરવામાં આવે તો શરીરનું બળ અને પ્રાણશક્તિ વધે છે. મધુર અને પૌષ્ટિક પદાર્થોના અતિ સેવનથી બાળકોને કફપ્રધાન રોગો વિશેષ કરીને થાય છે. મધુરરસનો ઉપયોગ આજે આપણા હરહંમેશના ખોરાકમાં પણ વધી ગયો છે, જેને પરિણામે ગળાના રોગો, મેદ, પ્રમેહ આદિ રોગો વધી રહ્યા છે. પિષ્ટમય જેવા કે મેદાથી બનેલા બિસ્કિટસ તો આજે ઘરેઘર ઉપયોગમાં લેવાય છે. આથી સ્વાસ્થ્ય સારી રીતે જળવાતું નથી અને વિવિધ રોગો બાલ્યાવસ્થાથી જ જોવામાં આવે છે. આ પરિસ્થિતિના પરિહાર માટે બાલ્યાવસ્થાથી જ આહારના એક પ્રધાન અંગ તરીકે ચણાનો ઉપયોગ કરવો જોઈએ. શરદીમાં ચણાનું સેવન કર્યા બાદ બે કલાક સુધી પાણી પીવું ન જોઈએ. આથી શરદી સારી રીતે પાકી જાય છે અને તેનું જોર ઘણું જ ઓછું થઈ જાય છે.

શરદી અને એરંડ તૈલ—શરદીમાં નસ્યના રૂપમાં કંઈક ગરમ એરંડતેલ (દીવેલ) નો પ્રયોગ આજે ઘરગથ્થુ રૂપમાં બહુ જ જોવામાં આવે છે. એરંડતેલનો બે રીતે શરદીમાં પ્રયોગ કરવો હિતાવહ છેઃ પ્રથમ દીવો સળગાવી બે આંગળી ઉપર દીવેલ લઈ તેને દીવાની જ્યોત ઉપર ગરમ કરી તે સુંઘવું. આવી રીતે થોડીવાર સુંઘવું અથવા તો એક ચમચીમાં દીવેલ લઈ તેને ગરમ કરી તેનાં ટીપાં બન્ને નાકમાં નાખવાં. આથી આમ પ્રતિશ્યાય શીઘ્ર પાકી જાય છે અને બીજે જ દિવસે શિરની તેમજ શરીરની લઘુતા માલમ પડે છે. આ એરંડતેલનું નસ્ય આમ પ્રતિશ્યાય સિવાય દુષ્ટ પ્રતિશ્યાય—નાસાશોષ, નાકનાં મસા તથા નાસાસ્રાવમાં વધુ ઉપયોગી સિદ્ધ થયું છે. ઘણા શરદીના રોગીઓ આ ઉપચારથી રોગમુક્ત થયા છે.

બાહ્ય ઉપચારોમાં આ સિવાય દોષોના પાક માટે નાક અને કપાળ પર વિવિધ પ્રકારના બામો લગાડવામાં આવે છે. સૂંઠને પાણીમાં ઘસી તેનો લેપ કપાળ અને નાસિકાની આસપાસ કરવામાં આવે છે. શરદીને કારણે જો છાતીમાં વેદના થતી હોય તો તે સ્થિતિમાં કુકચૂર્ણ અને સૂંઠના ચૂર્ણને મેળવી તેને છાતી પર ઘસવાથી તરત જ લાભ થાય છે. શરીરનાં વિવિધ અંગો અને પ્રત્યંગોમાં થતી વાતિક અને શ્લૈષ્મિક વેદના માત્રને દૂર કરવા માટે બામનો પ્રયોગ બહુ જ લાભદાયક છે. આજે પ્રત્યેક ઘરમાં વિવિધ પ્રકારના પ્રલેપો યા બામો હોય છે. તેની અપેક્ષાએ સૂંઠ અને કુકડનું સમભાગે બનાવેલું ચૂર્ણ રાખવામાં આવે તો આ પ્રયોગ બહુ જ સારો નીવડે છે. લવિંગ અને ચોખાને સૂક્ષ્મ વાટી તેનો લેપ કપાળ અને નાસિકા પર કરવાથી પણ શરદીમાં શીઘ્ર લાભ મળે છે.

યુકેલિપ્ટસ ઓઈલ અથવા અજમેટના ફૂલને સુંઘવાથી પણ શરદીમાં લાભ થાય છે. યુકેલિપ્ટસ ઓઈલનાં ચાર-પાંચ ટીપાં પતાસામાં યા ખાંડમાં નાખી તેનું સેવન કરવાથી પણ

આશાતીત લાભ થાય છે. અજમેટના ફૂલને પાનમાં નાંખી તેનો ઉપયોગ કરવામાં આવે તો તેથી પણ સારો લાભ મળે છે. આ પ્રયોગથી શરદીના પ્રધાનદોષ વાયુનું અનુલોમન થાય છે અને આમનું પાચન થાય છે તથા શરીર હલકું બને છે.

નવીન શરદીમાં ઉપર કહેલા ઉપચારોથી આમાવસ્થાનાં લક્ષણો મૃદુ થાય છે અને આમનું પાચન થાય છે. આમનું પાચન થયા બાદ દોષાનુસાર ઉપચારો કરવા. આયુર્વેદમાં આને માટે ઘૃતપાન, વિભિન્ન સ્વેદ, વમન, અવપીડ નસ્ય (શરદીને દૂર કરનાર વનસ્પતિઓનો કલ્ક (ચટણી) બનાવી તેને દબાવી નાકના બહિશ્છિદ્રમાં તેનાં ટીપાં નાંખવાં. આ પ્રકારના પીડનને કારણે તેને અવપીડન નસ્ય કહે છે.) તીક્ષ્ણ શિરોવિરેચન—આસ્થાપન બસ્તિ, ધૂમ્રપાન અને કવલગ્રહ (ઔષધોથી સાધિત દ્રવના કોગળા કરવા)નો પ્રયોગ કરવો.

શરદીમાં ઘૃતપાનઃ—શરદીમાં વાયુપ્રધાન દોષ હોવાથી ઘૃતપાનનું વિધાન બહુ જ લાભદાયક છે. ઘણાં કુટુંબોમાં શરદીમાં ઘૃતપાનનો રિવાજ પરંપરાથી ચાલ્યો આવે છે. આ ઘૃતપાનની યોજના બે રીતે કરવામાં આવે છે : (૧) લીલી ચા, ફૂદીનો, કાળા મરી અને તુળસીનો ઉકાળો કરી તેમાં ૧ ચમચો ઘી નાંખી ગરમાગરમ પીવું; (૨) શરદીને હરનારા ઔષધોથી સાધિત ઘી આપવું. આવા સિદ્ધ ઘૃતોમાં વ્યોષાદ્યઘૃત તથા ત્રિફલાઘૃતનો પ્રયોગ બહુ જ ઉપયોગી છે. જીર્ણ શરદીમાં આનો પ્રયોગ બહુ જ લાભદાયી નીવડે છે.

દુષ્ટ શરદી તથા જીર્ણ શરદીમાં વિવિધ સ્વેદો (બાફ) આપવાની જરૂરિયાત રહે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં એક કાથીવાળા પલંગ પર રોગીને સુવડાવવો. નીચે એક સગડી રાખી તેના પર પાણીવાળું તપેલું મૂકી તેમાં યુકેલિપ્ટસનાં પાન, પીલવણ, બોરડીંગણી, અરડૂસી તથા લીમડાનાં પાન નાંખવાં. રોગીને ગરમ ધાબળો ઓઢાડવો. આથી તેને પ્રસ્વેદ સારો થાય છે અને શરીર હલકું બને છે. વિકૃત દોષો દૂર થાય છે અને શરદી મટે છે.

શરદીમાં વમન—કફપ્રધાન શરદીમાં નાસિકામાંથી સફેદ, શીતલ અને ગાઢા કફનો વારંવાર સ્રાવ થાય છે. તથા ખાંસી, નાસા સ્રોત, ગળું, તાળવું અને શિરમાં અત્યધિક ખંજવાળ આવે છે. શિર પર મોટો પથ્થર પડ્યો હોય તેવો આભાસ થાય છે. રોગીનો વર્ણ પણ રક્તક્ષય થવાથી સફેદ થાય છે. આ સ્થિતિમાં સંચિત દુષ્ટ કફને બહાર કાઢવા માટે વમન કરાવવું જોઈએ. વમનથી કફ વધુ પ્રમાણમાં નીકળી જાય છે જેથી શરીર હલકું બને છે. નાક વગેરેમાં થતી ખંજવાળ મટે છે. રોગી સ્વસ્થ થાય છે. વમન માટે મદનફલ, પિપ્પલીમચૂર્ણ, ગરમ પાણી અને મીઠું લેવું.

શરદીમાં તીક્ષ્ણ શિરોવિરેચન—કેટલાંક સ્ત્રી પુરુષો અભ્યાસ ન હોવા છતાં પણ જ્યારે શરદી થાય છે ત્યારે તપખીર સુંઘે છે. આથી ત્રણ ચાર છીંકો આવે છે. અને શિરોવેદના દૂર થાય છે. નાસિકામાં અપક્વ શરદીને કારણે વેદના, ગુરુત્વ અને અવરોધ માલુમ પડે છે. આ સ્થિતિ દૂર કરવા માટે તીક્ષ્ણ શિરોવિરેચન આપવામાં આવે છે. સૂર્ય તરફ અનિમેષ જોવાથી પણ છીંક આવે છે. તીક્ષ્ણ નસ્ય માટે કાયફળનું ચૂર્ણ તપખીરની માફક સુંઘવું જોઈએ. આથી નાસિકાનો અવરોધ શીઘ્ર દૂર થાય છે. અને શ્વાસપ્રશ્વાસમાં જે તકલીફ હોય તે પણ મટે છે. આનો પ્રયોગ દુષ્ટ શરદીમાં ઘણો જ લાભદાયી નીવડે છે કારણ કે તેમાં નાસિકાનો અવરોધ વધુ હોય છે.

શરદીમાં વિરેચન અને બસ્તિ—શરદીમાં મળાવરોધ હોવો ન જોઈએ. મળાવરોધ જો ઘણા વખતથી હોય તથા મળ કઠિન અને ગ્રથિત હોય તો બસ્તિ (એનિમા) આપી મળોને દૂર કરવા જોઈએ. આ સ્થિતિમાં ત્રિફળાચૂર્ણ યા ત્રિવૃત (નસોતર) ચૂર્ણ તો. ૦। થી ૦॥ પાણી સાથે આપવામાં આવે તો પણ સારો લાભ થાય છે. શરદીમાં મળાવરોધ દૂર કરવા માટે હરીતકી (હરડે) નું સેવન સવિશેષ ઉપયોગી છે. મહાસ્રોતમાં રહેલા કફાદિ દોષો ઉત્કિલષ્ટ (પરિપકવ થઈ આપોઆપ બહાર નીકળવાની તૈયારી કરતા) થવા પર હરડેનું સેવન અત્યન્ત ઉપયોગી છે. વયોવૃદ્ધ અને શાસ્ત્રીય તેમજ પ્રત્યક્ષ જ્ઞાનમાં કુશળ ચિકિત્સકોનું મંતવ્ય છે કે **મળ અને વાયુનો વિબન્ધ ન હોય તો શરદી પ્રાયઃ થતી જ નથી. જેમને વારંવાર શરદીના હુમલા આવતા હોય તેમણે હરીતકીના સેવન પર સવિશેષ ધ્યાન આપવું જોઇએ.** જો હરડેથી શીતલતાનો અનુભવ થાય તો તેમાં સમભાગ, ચતુર્થાંશ યા અષ્ટમાંશ સૂંઠનું ચૂર્ણ દોષ અને પ્રકૃતિ અનુસાર મેળવી સેવન કરવું જોઈએ.

શરદીમાં ધૂમ્રપાન—ધૂમ્રપાનના વિવિધ ભેદો પૈકી વૈરેચનિક ધૂમ્રનો પ્રયોગ શરદીમાં કરવો જોઈએ. શરદીના દોષો સરળતાથી બહાર નીકળી જાય તે માટે અજમો, ભોંયરીંગણીનાં બીજ, સૂંઠ, મરી, પીપર અથવા છાયાશુષ્ક અરડૂસીનાં પાન યા ધંતુરાનાં પાનથી મોટા કાગળમાં બનાવેલી બીડીનું પાન કરવું જોઈએ.

શરદીમાં કવલગ્રહ—આમ અર્થાત અપકવ શરદીમાં ગળામાં વધુ પડતી ગરમી અથવા ગળું બેસી જાય છે. તેને દૂર કરવા માટે જેઠીમધના ઉકાળાના કોગળા કરાવવા જોઈએ. અથવા જેઠીમધના શીરાને ચૂસવો જોઈએ. આ સિવાય હળદર, મીઠું, દૂધ અને ગાયનું શુદ્ધ ઘી મેળવી સવાર સાંજ ગરમ કરી પીવું જોઈએ અથવા તો યષ્ટિ મધુવટી, લવંગાદિવટી, એલાદિવટી, ભાગોત્તરવટીને ચૂસવી. આથી કફ સરળતાથી છૂટો પડી જાય છે અને ગળું ઊઘડી જાય છે. ઘી અને મધ અથવા ઘી તથા સાકર એલચી સાથે ચાટવા જોઈએ. દ્રાક્ષ અને હરડેની બનાવેલી ગોળીઓ ચૂસવા માટે આપવી અથવા ત્રિફળાના કવાથના કોગળા કરવા.

જો શરદી સાથે તાવ અને શરીરની શિથિલતા માલૂમ પડે તો ત્રિભુવનકીર્તિરસ શૃંગભસ્મ અને સીતોપલાદિચૂર્ણનો પ્રયોગ કરવો.

શરદીમાં દોષોના પાચન માટે કેવલ ત્રિભુવન કીર્તિ રસ ૧ રતિથી ૩ રતિ દિવસમાં ૨ વાર આદુનો રસ અને મધ સાથે આપવાથી આશાતીત લાભ થાય છે.

વાતપ્રધાન શરદીમાં—ખાંસી અને અવાજ બેસી ગયો હોય તેમાં ક્ષારો અને લવણોની સાથે ઘીનું સેવન કરવું જોઈએ. આ દષ્ટિએ એલચીને તાવી પર ગરમ કરી તેને બાળવી. ત્યારબાદ તેને વાટી તેમાં થોડું સિન્ધવ-સંચળ યા સાદું મીઠું મેળવી ઘી સાથે આપવું. આથી વાયુનું શમન અને અનુલોમન થાય છે. સિંધવ-સંચળ અને મીઠાના ગાંગડાને ચૂસવાથી પણ વિશેષ લાભ થાય છે. બાળકોને માટે આ વિધિ બહુ જ લાભદાયક છે. આ સિવાય સ્નિગ્ધ, ઉષ્ણ અને અમ્લરસપ્રધાન ભોજન-માંસભોજીઓ માટે માંસરસ અને ગરમ દૂધ હિતાવહ છે. શરદી અને ખાંસીમાં હળદરયુક્ત દૂધનું સેવન વધુ લાભદાયક છે. શંખ-શિર-અને લલાટમાં વેદના થતી હોય તો ગરમ તેલ ઘસવા યા તો સૂંઠનો લેપ કરવો.

શરદી **પિત્તપ્રધાન** હોય તો કાળી દ્રાક્ષ, અંજીર, ખજૂર અને આમળાનો વિવિધ રૂપમાં પ્રયોગ કરવો. કાળી દ્રાક્ષ અને ખજૂર ૫-૫ તોલા લઇ તેને રાત્રે ૦।। શેર ગરમ પાણીમાં ભીંજાવી રાખવાં. સવારે તેને મસળી ગાળી લેવાં. આ જલપૈત્તિક અને રક્ત પ્રતિશ્યાયમાં બહુ જ ઉપયોગી છે. અન્નપાનમાં ઘી, દૂધ, લાલ ચોખા, ઘઉં, શીત-અમ્લ અને તિક્ત શાક તથા મગનો યૂષ આપવો. શાકોમાં લીલી મેથીની ભાજી ઉપયોગી છે. પૈત્તિક પ્રતિશ્યાય સિવાય **પ્રતિશ્યાય માત્રમાં મેથીની ભાજી અથવા તેનો સૂપ દરરોજ લેવો જોઇએ.** મેથીની ભાજીની કડવાશ દૂર કરવા માટે તેમાં વધુ પ્રમાણમાં સાકર મેળવવી ન જોઇએ.

કફપ્રધાન શરદીમાં ગુરુતા-અરુચિ વગેરે લક્ષણોની શાન્તિ ન થાય ત્યાં સુધી તેને લંઘન (ઉપવાસ) કરાવવું. કફ અને વાયુનો પ્રકોપ વિશેષ હોય અને રોગી તરુણ હોય તો લંઘન, સ્વેદ આદિથી કફનો પાક અને ઉત્કલેશ થવા પર વમન કરાવવું. ત્યારબાદ પાચન ઔષધો આપવા. શિશુઓ અને બાળકોના પ્રતિશ્યાય, ખાંસી, તાવ, અરુચિ, અંગોની શિથિલતા અને શ્વાસમાં વમન (ઉલ્ટી) અતિ પ્રશસ્ત છે. વમન માટે બાળકોને રેવન્દચીનીનો શીરો આપવામાં આવે છે. આ ઔષધનો પ્રયોગ બહુ જ વિચાર કરીને કરવો જોઇએ. આ ઔષધના પ્રયોગથી વમન અને વિરેચન બન્ને થાય છે, જેથી બાળકોના કફપ્રધાન રોગોમાં આનો ઉપયોગ નિ:શંક રીતે વૈદ્યો કરે છે. કફનું લેખન કરી તેને બહાર કાઢવા માટે આની સાથે ફુલાવેલો ટંકણખાર અથવા કંટકારી લવણ મેળવવું જોઈએ. રેવન્દચીનીના શીરાની માત્રા ૧ થી ૩ રતિની છે. વમન બાળકો માટે બહુ જ ઉપયોગી છે.

કફપ્રધાન શરદીમાં ગરમ જળ પીવું જોઈએ. શીતલ જળ વાયુયુક્ત પ્રદેશમાં થનારી શરદીમાં તો ભૂલથી પણ ઠંડું જલ પીવું ન જોઈએ. આ પ્રકારની શરદીમાં ૮ રતલ પાણી લઇ તેમાં ૨।। તોલા કાળા મરી તથા ૮ નાગરવેલી પાન નાંખી તેને ઉકાળવું. ઉકાળતાં જ્યારે ¾ જેટલું પાણી બળી જાય અર્થાત્ ૬ રતલ પાણી રહે ત્યારે ગાળી પીવું જોઈએ. સ્નાન માટે જે પાણી ગરમ કરવામાં આવે છે તે પાણીમાં શરૂઆતથી અરણી તથા પીલવણનાં પાનો નાંખી દેવાં. તે પાણીથી જ સ્નાન કરવું. આજના ઝડપી યુગમાં આ પ્રકારની કડાકૂટ કદાચ ઘણાને ન પણ ગમે. પરન્તુ આનો આપ એકવાર જો ઉપયોગ કરશો તો ફરી તમે આ **ક્વાથસ્નાનને** ભૂલશો નહીં અને તેના પ્રચારક થઈ જશો.

કફજ શરદીમાં કફઘ્ન અન્નનું સેવન કરવું જોઈએ. આ દૃષ્ટિએ આદુ તથા લસણ જેમાં વધુ પ્રમાણમાં હોય તેવી મગની દાળની ખીચડી તથા જુવાર અને બાજરીની વિવિધ ખાદ્યકલ્પનાઓ કરી આપવી. મસાલાના સ્થાનમાં સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ જ નાંખવું. શાકમાં પરવર-મેથીની ભાજી અને રીંગણ આપવું.

દુષ્ટ-જીર્ણ અથવા વારંવાર થતી શરદીમાં અગ્નિ વધુ મંદ થઈ ગયો હોય છે. મળ અને વાયુની સ્વાભાવિક પ્રવૃત્તિ થતી નથી. શરીર તથા મન પણ શિથિલ થઈ ગયાં હોય છે. જેથી આમાં તીક્ષ્ણ-દીપન તથા પાચન ઔષધો આપવા જોઈએ. આથી દુષ્ટ-જીર્ણ તથા પુનઃ પુનઃ પ્રવૃત્તિશીલ શરદીમાં **ચિત્રક હરીતકી,** પંચકોલચૂર્ણ, શીતભંજીરસ, દ્રાક્ષાસવ, પિપ્પલ્યવલેહ તથા ત્રિકટુચૂર્ણનો પ્રયોગ કરવો જોઇએ. આ યોગોના સેવનથી

રસધાતુનો પરિપાક સારી રીતે થાય છે. મળ તથા વાયુનું અનુલોમન થાય છે અને શરદી દૂર થાય છે. આમાં રૂક્ષ ઔષધો આપવા ન જોઈએ. આ પ્રકારના ઔષધોના સેવનથી દોષો સ્તબ્ધ થાય છે અને રોગનાં લક્ષણો તથા ઉપદ્રવોમાં વૃદ્ધિ થાય છે. દુષ્ટ શરદી તથા તેનાથી થયેલા વિવિધ નાસિકાના રોગોમાં એરંડતેલ અથવા ષટ્બિન્દુતૈલનાં ટીપાં નાંખવાથી શીઘ્ર લાભ થાય છે. સૂંઠના મોદકો ખાવાં જોઈએ. નાસાસ્રોતમાં જો કૃમિ હોય તો શ્રીવાસ તૈલ (ટરપેન્ટાઇન)નાં ૨ થી ૧૦ ટીપાં નાકમાં નાંખવાં. આથી નાકમાંથી ઘણા કૃમિઓ નીકળે છે. વારંવાર થતી શરદી કદાચિત ભાવિ રાજયક્ષ્માનું પૂર્વરૂપ પણ હોઈ શકે. માટે અરુચિ-અન્ન પ્રત્યે અણગમો, ભૂખનો નાશ, રક્તક્ષય, માંસક્ષય આદિ લક્ષણો જોવામાં આવે તો તરત જ તે સ્થિતિમાં વિશેષ તપાસ કરાવી લેવી જોઈએ.

શરદી માટેના સદ્યઃફળપ્રદ ઉપચારો—

(૧) ગરમાગરમ ચણા ખાવા.

(૨) રાત્રે એરંડતેલ ગરમ કરી તેનાં ટીપાં નાકમાં મૂકવાં યા તેને સુંઘવું.

(૩) રાત્રે સૂતી વખતે ૧ કપ ગરમ દૂધ, ૧ ચમચી હળદર, ૧ ચમચો ઘી તથા થોડું મીઠું પીવું.

(૪) સવારે સૂંઠનો ૧ મોદક હમેશાં લેવો.

(૫) તૃષા જ્યારે લાગે ત્યારે દ્રાક્ષાસવ, ગરમ કરેલું પાણી અથવા તુળસી, કાળા મરી, ફુદીનો અને લીલી ચાનો ઉકાળો પીવો.

(૬) ગળાનો અવરોધ દૂર કરવા માટે મીઠું, સંચળ અથવા સિન્ધવનો ટુકડો મોંમાં રાખી ચૂસવો અથવા તો લવંગાદિવટી, એલાદિવટી, યષ્ટિ મધુવટી અથવા જેઠીમધનો શીરો ચૂસવો.

(૭) ચા અથવા દૂધ સાથે ઘી પીવું.

(૮) કંટકારીનો ક્વાથ લેવો.

(૯) મળપ્રવૃત્તિ માટે હરીતકીનું ચૂર્ણ લેવું.

(૧૦) શિર અને નાસિકા પર ગરમ તૈલ યા સૂંઠના ચૂર્ણનો લેપ કરવો.

(૧૧) મેથીની ભાજીનો સૂપ લેવો.

(૧૨) શરદીમાં દોષોના પાચન માટે ત્રિભુવનકીર્તિરસનો આદુનો રસ અને મધ સાથે પ્રયોગ કરવો.

(૧૩) કાયફળનું ચૂર્ણ સુંઘવું.

(૧૪) અજમો વગેરે દ્રવ્યોથી બનાવેલ ધૂમવર્તિથી ધૂમ્રપાન કરવું.

(૧૫) આવશ્યકતાનુસાર વમન, વિરેચન યા બસ્તિનો પ્રયોગ કરવો.

શરદીની ઉપેક્ષા કરવાથી ખાંસી અને તેનાથી ક્ષય થાય છે. માટે શરદીને સાધારણ રોગ ન માની, તેની ઉપેક્ષા રોગીએ કદી કરવી નહીં.

★

आयुर्वेदोऽमृतानाम् ॥
આયુર્વેદનું જ્ઞાન એ જ સાચું અમૃત છે.

આયુર્વેદોક્ત આયુષ્ય મર્યાદાનું વિવેચન

જટુભાઈ વૈદ્ય

आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम् ।
आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः ॥

ભાવાર્થ—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કે જે આ લોક અને પરલોકમાં સુખનાં સાધન છે. આ ચારેય પુરુષાર્થ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્યથી જ જગતમાં પ્રાપ્ત કરી શકાય છે માટે એને આપનાર આયુર્વેદના ઉપદેશનું જ્ઞાન આદરપૂર્વક મેળવવું અને એનું શ્રદ્ધાપૂર્વક દક્ષતાથી આચરણ કરવું. અર્થાત્ નીરોગી જીવન અને લાંબી આવરદા ઇચ્છનાર માનવીને માટે આયુર્વેદ ઘણો ઉપયોગી છે.

× × ×

सर्वमन्यत्परित्यज्य शरीरमनुपालयेत् ।
तदभावे हि भावानां सर्वाभावः शरीरिणाम् ॥

ભાવાર્થ—બુદ્ધિમાન મનુષ્યે બીજું બધું છોડી દઈને યોગ્ય આહાર–વિહારાદિથી પોતાના શરીરનું રક્ષણ કરવામાં સદાય પ્રયત્નશીલ રહેવું કારણકે એનો નાશ થયા પછી જગતનાં કોઈ જ કાર્યો થઈ શકતાં નથી. શરીરના અભાવ સાથે જ જગતનો પણ અભાવ થઈ જાય છે, એકેય પુરુષાર્થની સિદ્ધિ થતી નથી.

× × ×

વળી શાસ્ત્રોમાં કહ્યું છે કે शरीरमाद्यं खलु धर्मसाधनम् ॥ જે જ્ઞાનીઓ આત્માને જ નિત્ય શાશ્વત માને છે અને શરીરને અનિત્ય–નાશવંત માને છે એવાઓ પણ માનવશરીરને ધર્મનું મુખ્ય સાધન સમજીને એનું જતન કરવાનો ઉપદેશ આપે છે. કારણકે મનુષ્યજન્મદ્વારા જ ધર્માચરણથી મોક્ષ મળે છે.

મનુષ્યશરીર આ લોક અને પરલોક માટે બહુ અમૂલ્ય છે કારણકે

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही।
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनः पुनः ॥

ભાવાર્થ—ધન, મિત્ર, સ્ત્રી, જમીન વગેરે ફરીથી મેળવી શકાય છે પરંતુ શરીર એકવાર ગયા પછી પુનઃ મેળવી શકાતું નથી. મતલબ કે મનુષ્યશરીર દુર્લભ છે.

× × ×

પ્રાચીન આયુર્વેદાચાર્ય મહર્ષિઓએ આયુર્વેદની વ્યાખ્યા પણ કરેલી છે:

आयुरस्मिन् विद्यते अनेन वाऽऽयुर्विन्दतीत्यायुर्वेदः अथवा आयुर्विद्यते ज्ञायतेऽनेनेति आयुर्वेदः । आयुर्विद्यते विचार्यतेऽनेन वेत्यायुर्वेदः ॥

ભાવાર્થ—જેમાં આયુષ્ય વિદ્યમાન છે અને જેનાથી આયુષ્ય પ્રાપ્ત કરી શકાય છે

તેમજ જેનાથી આયુષ્યનું અને એની મર્યાદાનું જ્ઞાન મળે છે—આયુષ્ય પરત્વે વિચાર કરી શકાય છે તથા દીર્ઘાયુષ્ય મળી શકે છે એને આયુર્વેદ કહેવાય છે.

વળી, એનો જરા વિસ્તાર કરીને કહેવાયું છે કે

हिताहितं सुखं दुःखमायुस्तस्य हिताहितम् ।
मानं च तच्च यत्रोक्तमायुर्वेदः स उच्यते ॥

× × ×

आयुर्हिताहितं व्याधिनिदानं शमनं तथा ।
विद्यते यत्र विद्वद्भिः स आयुर्वेद उच्यते ॥

ભાવાર્થ—જેનાથી આયુષ્યનું સામાન્ય લક્ષણ અને તેનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય. આયુષ્યને—જીવન પરત્વે—અનુભવાતાં સ્વાસ્થ્ય સુખ અને રોગ દુઃખનો ખ્યાલ આવે—સમજ પડે. વળી શરીરને તથા વ્યાધિને શું હિતકર છે, શું અહિતકર—હાનિકારક છે, મતલબ કે શું પથ્ય છે, શું અપથ્ય છે એનું જ્ઞાન થાય, રોગનું નિદાન—કારણનો જેનાથી બોધ થાય. રોગનિવારણનો ઉપાય જડે તેમજ આયુષ્ય-મર્યાદા સમજાય. ભાવિ રોગોમાંથી મુક્તિ મળી નિત્યયૌવનપૂર્વક દીર્ઘાયુષ્ય ભોગવી શકાય એને વિદ્વાન પંડિતો આયુર્વેદ કહે છે.

હમેશાં સ્વસ્થ—નીરોગી મનુષ્ય જ દીર્ઘાયુષ્યી હોય છે. આયુર્વેદમાં સંપૂર્ણ તન્દુરસ્તની વ્યાખ્યા નીચે પ્રમાણે કરેલી છેઃ

समदोषः समाग्निश्च समधातुमलक्रियः ।
प्रसन्नात्मेन्द्रियमनाः स्वस्थ इत्यभिधीयते ॥

ભાવાર્થ—જેના શરીરમાં વાત, પિત્ત, કફાદિ દોષો સમ-અપ્રકુપિત-પ્રસન્ન છે અને રસ-રક્તાદિ સાતે ય ધાતુઓ પણ સમ-નિર્વિકારી હોવાથી શરીરનું ધારણપોષણ યથાક્રમે થયા કરે છે. વળી એને લીધે જેનું શરીર અને મન દોષરહિત છે. મલક્રિયા પણ પ્રાકૃતિક-સ્વાભાવિકપણે નિત્ય થયા કરે છે, જેનાં આહાર-વિહાર-નિદ્રાદિ નિયમિતપણે ચાલ્યાં કરે છે તેમજ જેના શરીર સાથે મન-ઇન્દ્રિયો-જેમાં પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેંદ્રિયોનો સમાવેશ થાય છે સિવાય મન સહિત આત્મા એ સઘળાં ય સંપૂર્ણ પ્રસન્ન રહે છે—એને આયુર્વેદમાં 'સ્વસ્થ'—નીરોગી કહે છે. આવાં માણસો જ આયુર્વેદે જણાવેલી આયુષ્ય-મર્યાદા પૂરેપૂરી ભોગવી શકે છે.

કેવળ શરીર જ હૃષ્ટપુષ્ટ હોય કે બળવાન હોય, એ જ સાચી સ્વસ્થતા નથી. મન અને જીવાત્મા પણ નીરોગી હોવા જોઈએ એમ આયુર્વેદ માને છે. કેટલીક વાર તો દુષિત-વિકૃત મન જ શારીરિક રોગોનું કારણ હોય છે. પરંતુ એ વિષય ચર્ચવાનું આ સ્થાન નથી.

આવા સ્વાસ્થ્યપૂર્વકનું દીર્ઘાયુષ્ય મેળવવા માટે ભગવાન ધન્વન્તરિ અને આયુર્વેદના પ્રણેતાએ આપણને પોકારીને કહ્યું છે કે—

सर्वमार्गान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वरोगेभ्यो मोक्षयिष्यामि मानव ॥

ભાવાર્થ—બીજા બધા જ માર્ગો છોડીને જો આયુર્વેદને શરણે તમે આવશો તો હે માનવીઓ, તમે બધા રોગોથી અવશ્ય મુક્ત થઈ જશો.

આ ભગવાન ધન્વન્તરિ, દેવવૈદ્ય અશ્વિનિકુમાર અને આયુર્વેદાચાર્ય મહાત્યાગી એવા ઋષિમુનિઓનો કૉલ છે. અને એ સાચો છે કારણ કે પ્રાચીન મહર્ષિઓએ સ્વાર્થવૃત્તિથી આયુર્વેદનું નિર્માણ કર્યું ન હતું. એમાં વાણિજ્ય અર્થે વ્યાપારી દૃષ્ટિ ન હતી. કેવળ ધર્મપરાયણતા હતી. જનતા–જનાર્દનની નિર્મળ-નિર્ભેળ સેવા કરવાનું એમનું ધ્યેય હતું. જુઓ એ વિષયમાં ચરકસંહિતા શું કહે છે?

भिषगप्यातुरान् सर्वान् स्वसुतानिव यत्नवान् ।
आबाधेभ्यो हि संरक्षेदिच्छन् धर्ममनुत्तमम् ॥

ભાવાર્થ—વૈદ્યે પોતાનો સર્વોત્તમ ધર્મ છે એમ સમજીને જ સ્વેચ્છાથી, કશી જ પ્રતિ બદલાની લાલચ વગર, બધા જ ગરીબ કે તવંગર રોગાક્રાંત દર્દીને પોતાના પુત્રવત્ ગણીને એનું જીવન બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

धर्मार्थं नार्थकामार्थमायुर्वेदो महर्षिभिः ।
प्रकाशितो धर्मपरैरिच्छद्भिः स्थानमक्षरम् ॥

ભાવાર્થ—ધર્મપરાયણ આયુર્વેદાચાર્ય મહર્ષિઓએ અક્ષયપદ–મોક્ષ મેળવવા, પરોપકારાર્થ આયુર્વેદનું જ્ઞાન પ્રગટ કર્યું છે. ધન–વૈભવ મેળવવા નહીં જ. આયુર્વેદ દ્રવ્યપ્રાપ્તિ કે ધનસંચયનું સાધન હરગીઝ નહોતું.

नार्थार्थं नापि कामार्थमथ भूतदयां प्रति ।
वर्तते यश्चिकित्सायां स सर्वमतिवर्तते ॥

ભાવાર્થ—જે વૈદ્ય અર્થ–ધન અને કામ–ભોગ–તૃષ્ણા માટે નહીં પણ પ્રાણીમાત્ર પ્રત્યેની ભૂતદયાથી પ્રેરાઈને પોતાનો વ્યવસાય કરે છે એ સર્વથી શ્રેષ્ઠ છે. અર્થાત્ વૈદ્યની પ્રવૃત્તિ ભૂતદયાને લક્ષમાં રાખીને જ ચાલવી જોઈએ.

कुर्वते ये तु वृत्त्यर्थं चिकित्सापण्यविक्रयम् ॥
ते हित्वा कांचनं राशिं पांशुराशिमुपासते ॥

ભાવાર્થ—જે વૈદ્ય પોતાની આજીવિકા ચલાવવા આ વ્યવસાય પ્રવૃત્તિ કરે છે–એટલે કે ચિકિત્સાકર્મનો વિક્રય–વ્યાપાર ચલાવે છે તે સુવર્ણના ઢગલા રૂપી–પરોપકારના મહદ્ પુણ્યફલને છોડીને–ધૂળના ઢગલાની ઉપાસના કરે છે.

મહા દારુણ રોગ યમાલયમાં જ પહોંચાડે છે. એટલે એવા યમ–પાશમાંથી છોડાવી જીવન–દાન કરવું એનાથી બીજું કોઈ ઉત્તમ દાન નથી. આવા સર્વશ્રેષ્ઠ દાનના બદલામાં ધન મેળવવું એ ખરેખર મૂર્ખાઈ છે એમ કહેવાનો આશય છે. મતલબ કે–એ રાખને માટે રત્ન બાળવા બરાબર છે.

परो भूतदया धर्म इति मत्वा चिकित्सया ।
वर्तते यः स सिद्धार्थः सुखमत्यन्तमश्नुते ॥

ભાવાર્થ—ભૂતદયા–પ્રાણીમાત્ર ઉપર કરુણા કરવી એ જ સાચો–મુખ્ય ધર્મ છે એમ માનીને જે વૈદ્ય ચિકિત્સા કર્મ વૈદકીય વ્યવસાય કરે છે તે કૃતકૃત્ય બને છે. એની સઘળી

કામનાઓ ફલિભૂત થાય છે. વળી એને સર્વ સુખની પૂર્ણ પ્રાપ્તિ–અને એના સમગ્ર–ચારેય પુરુષાર્થ સિદ્ધ થઇ અંતે એ મોક્ષ મેળવે છે.

પ્રાચીન આયુર્વેદની શોધ કે રચના મહર્ષિઓએ વ્યાપારી કે વાણિજ્યની દૃષ્ટિએ એમાંથી ધનસંચય કરવા માટેની યોજનાના હેતુથી કરેલી નહોતી. કમાણી કરવા માટે ત્યારે આયુર્વેદ નહોતો લખાયો. એના અમોઘ પ્રયોગોનો વેપાર કરી ધનાઢ્ય થવાની ત્યારે એમનામાં જરા ય વૃત્તિ નહતી.

આ શ્લોકો વૈદકીય વ્યવસાય કરનાર દરેકને લાગુ પડે છે. એટલું જ નહીં પરંતુ આખા ય મેડિકલ સાયન્સને પણ લાગુ થાય એવું એ કથન છે. પૌર્વાત્ય કે પાશ્ચાત્ય, આધુનિક કે પ્રાચીન ગમે તે મેડિકલ સાયન્સ–વૈદક વિજ્ઞાન–કેવળ ભૂતદયાથી પ્રાણી માત્રની કરુણાથી ચાલે છે–ચલાવાય છે એમ અત્યારે કહી શકાય એમ છે? વિલાયતી આ દવાઓ ગરીબ દેશ ભારતને પોસાય તેવી છે? અને એનું પરિણામ શું? કારણ એ જ કે–આયુર્વેદનો પ્રાદુર્ભાવ ઋષિ-મુનિઓની–ભૂતદયાના વિચારમાંથી જ થયેલો છે. આધુનિક વૈદક વિજ્ઞાનના શોધકો પરત્વે એવું નથી–એનો જન્મ વાણિજ્ય વૃત્તિ ઉપર થયેલો છે અને એનો નિભાવ પણ વેપાર પર જ ચાલે છે. હવે આપણા મૂળ વિષય ઉપર આવીએ.

આયુર્વેદ એ આયુષ્યના જ્ઞાનનું મહાશાસ્ત્ર છે. એમાં આયુષ્ય મર્યાદા–દીર્ઘાયુષ્ય–એનો મુખ્યત્વે વિચાર કરાયેલો છે.

આયુર્વેદની વિશિષ્ટતા જ એ છે કે એ કેવળ રોગ–રોગીઓ કે દવાવાદનું શાસ્ત્ર નથી. પરંતુ એ તો નીરોગી અને દીર્ઘાયુષ્યી રહેવા માટેનું તત્ત્વજ્ઞાન આપનારું શાસ્ત્ર છે. આયુર્વેદ પહેલા નીરોગી માટે છે અને પછી જ રોગી–વ્યાધિગ્રસ્ત માટે છે. आयुर्वेदः स्वस्थातुर-परायणः। એવી રીતે જ પ્રાચીન આયુર્વેદની સંહિતામાં શરૂઆત થયેલી છે. શિષ્યોએ આ સાંભળીને શંકા કરી કે આયુર્વેદ માંદાને અર્થે તો સાજા કરવા માટે હોય જ એ તો બરાબર પણ સાજાને સારુ કેમ? ગુરુએ ખુલાસો કર્યો કે–સાજાનું સાજાપણું સદૈવ જાળવી રાખી દીર્ઘાયુષી થવા માટે–નીરોગી જો પોતાનું આરોગ્ય કેમ જાળવવું એ ન જાણતો હોય તો એ રોગના પંજામાં સપડાય જ અને એનું શરીર ખુએ. આયુર્વેદોક્ત આયુષ્ય મર્યાદા એનું શરીર ભોગવી ન શકે.

આ પ્રસંગે મહર્ષિ ચરકાચાર્ય પ્રણીત ચરકસંહિતામાં વર્ણવાયેલી–ભગવાન પુનર્વસુ આત્રેય મુનિએ પોતાના શિષ્ય અગ્નિવેશને કહેલી મીમાંસા સમજવાનો પ્રયત્ન કરીશું.

કલિયુગમાં મનુષ્યની આયુષ્ય એકસો * વરસની આયુર્વેદમાં માનેલી છે એ જાણીને શિષ્ય અગ્નિવેશે મહર્ષિ પુનર્વસુ આત્રેયની પાસે શંકા કરી પૂછ્યું કે "શું સઘળાની આયુષ્ય-મર્યાદા એક સરખી જ છે? તો કેટલાક મનુષ્યો અપૂર્ણાયુ કેમ જોવામાં આવે છે? માટે હે ભગવાન્, સર્વના આયુષ્યના કાલનું પ્રમાણ ખરેખર નિશ્ચિત છે કે નથી? એ કહો.

પ્રત્યુત્તરમાં ગુરુએ જણાવ્યું કે વત્સ અગ્નિવેશ, આ યુગમાં આયુષ્ય મર્યાદા શતવર્ષીય ગણાય છે છતાં એ સમજવા માટે બુદ્ધિપૂર્વક યુક્તિથી વિચાર કરવાની જરૂર છે.

---

* वर्षशतं खलु आयुषः प्रमाणम् अस्मिन् काले અર્થાત્ આ કલિયુગમાં માનવીના આયુષ્ય-આવરદાની મર્યાદા એકસો વરસની ગણાય છે. –'ચરકસંહિતા'

ખરી રીતે તો પૂર્વદેહમાં પોતે–જીવાત્માએ જે કર્મ કર્યું હોય એને લીધે દૈવકૃત પ્રારબ્ધાનુસાર આયુષ્યમર્યાદા બંધાય છે. પરંતુ એમાં ય દૈવ કૃત પ્રારબ્ધના બલાબલ ઉપર પુરુષાર્થથી સફળતા અને નિષ્ફળતા મળે છે તેમ જ આયુષ્યનો ક્ષય તથા વૃદ્ધિ થઈ શકે છે.

જો એમ ન હોય તો મરણોન્મુખ રોગીઓની ચિકિત્સા કરવાની જરૂર જ ન રહે. વળી મૃત્યુના ભયંકર સાગરમાં સપડાયેલા દર્દીઓ અને સર્વ કોઈએ જીવનની આશા છોડેલા–એવા પણ–સદ્વૈદ્યના હાથે સાજા થયેલા જોવાય છે. કોઈકમાં નિષ્ફળતા પણ મળે છે અર્થાત્ દૈવકૃત નિર્બળ પ્રારબ્ધથી આયુષ્યમર્યાદા અપૂર્ણ નિર્માણ થઈને મળી હોય તો યે એમાં ઐહિક–દૈવી કે માનુષી, બલવાન પુરુષાર્થ હોય તો સફળ અવશ્ય થાય છે જ અને પૂર્ણાયુ મળે છે. કદાચ અતિ પ્રબલ દૈવકૃત–પ્રારબ્ધને લીધે અપૂર્ણાયુ જ બંધાણી હોય તો એમાં બલવાન કે નિર્બળ ગમે તેવો પુરુષાર્થ નિષ્ફલ પણ જાય છે. એટલે કોઈ એક પક્ષ આ વિષયમાં સ્વીકારવો એ યોગ્ય નથી. દૈવકૃત પ્રારબ્ધનું બલાબલ પ્રભુ સિવાય કોઈ જાણવા સમર્થ નથી—પુરુષાર્થ અવશ્ય કરવો જ જોઈએ.

વળી પૂર્ણાયુ–શતાયુષી દીર્ઘજીવનવાળું દૈવકૃત પ્રારબ્ધ રચાયું હોય તો યે અકસ્માતથી એ તૂટી જવાનો પૂરેપૂરો સંભવ છે.

આ વિષય આપણે ઉદાહરણ–દૃષ્ટાંતથી ચર્ચીશું.

એક દીપકમાં તેલ અને વર્તિ–વાટય પરિપૂર્ણ છે. જ્યાં સુધી એમાં તેલ અને વાટયનું અસ્તિત્વ છે ત્યાં સુધી એ દીપકની આયુષ્યમર્યાદા નિશ્ચિત થયેલી છે જ. પરંતુ જો એને જોરથી ફુંકાતા વાયરા ઝંઝાવાત વચ્ચે મૂકવામાં આવે તો તેલ–વર્તિ હોવા છતાં ય એની આયુષ્યમર્યાદા પહેલાં જ એ દીપક બુઝાઇ જાય છે; પરંતુ જો એને નિયતિ સ્થાનમાં રક્ષણ થાય એવી રીતે મૂક્યો હોય તો એ દીપક એની પૂરેપૂરી આયુષ્યમર્યાદા સુધી બળતો જ રહેવાનો.

મતલબ કે આયુષ્યમર્યાદા પૂર્ણ સો વરસની હોવા છતાં પણ અકસ્માત થાય, વિષપાન કરવામાં આવે, ઝેરી જાનવર કરડે કે રોગમાં વિપરીત ચિકિત્સા થાય, પ્લેગ–મરકી–કોલેરા જેવા ચેપી રોગોના વાયરામાં સપડાય, ક્રાંતિ–વિપ્લવમાં કે રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેના સંગ્રામમાં સૈનિક તરીકે જવાનું થાય તો તેમ જ હુલ્લડ–તોફાનમાં અથવા આગમાં કે જલપ્રલયમાં સપડાવાનું થાય તો એવા પ્રસંગવશાત્ વચમાંથી આવરદા તૂટી જાય એવી જ રીતે વગર વિચાર્યું સાહસ કરવાથી પણ એવું જ પરિણામ આવે છે.

હમણાં જ થોડાં વરસો પહેલાં સૌરાષ્ટ્રના ઝાલાવાડમાં લીમડી શહેરના જીનમાં આગ લાગી. એમાં જેઓ જોવા ગયા તે એમાંથી નીકળી જ ન શક્યાં અને હોમાઈ ભસ્મીભૂત બની ગયા. જો આ લોકો એ સ્થળે ન ગયા હોત તો? પોતાની નિર્મિત અને નિશ્ચિત આયુષ્ય અવશ્ય ભોગવી શકત. અને જેઓ ત્યાં ન ગયા એમને કશું ન થયું એ પણ હકીકત છે.

હવે બીજા દૃષ્ટાંતથી, શરીરની સાચવણી પરત્વે પણ આયુષ્યમર્યાદામાં ફરક પડે છે એ મહર્ષિ આત્રેય પુનર્વસુ સમજાવે છે.

એક કુશલ નિષ્ણાત મિસ્ત્રી–સુતાર કારીગરે એક જ જાતના મજબુત લાકડામાંથી બે રથ–ગાડાં બનાવ્યાં હોય. એની એકેક કઠેડો ચક્ર–પૈડાં, એના આરા, ધરી વગેરેમાં કશો જ

ફરક ન હોય. મતલબ કે બન્ને રથની તુલ્ય-રચના હોવાથી બેઉની આયુષ્ય મર્યાદા સરખી જ ગણાય છતાં એને જુદા જુદા વાપરનારા માલિક કે હાંકનારની સાચવણી પરત્વે ભેદ પડે છે. જેમકે જે રથ-ગાડાને સારા તોફાની ન હોય તેવા ઘોડા કે બળદ જોડવામાં આવે, સરલ ખાડાટેકરા વગરના સડક જેવા રસ્તા ઉપર ચલાવવામાં આવે, એમાં ગજા ઉપરવટ ભાર ભરવામાં ન આવે; અને બીજે રથ-ગાડું એથી વિપરીતપણે બેદરકારીથી વાપરવામાં આવે તો, એક જે સાચવણીપૂર્વક વપરાય છે તે રથ-ગાડાનું આયુષ્ય એની પૂરેપુરી-સંપૂર્ણ છેલ્લી મર્યાદા સુધી ટકશે અને જે બીજે રથ-ગાડું બેદરકારીપૂર્વક વપરાય એનું આયુષ્ય એની મર્યાદા પહેલાં જ તૂટી જશે.

એવી જ રીતે મનુષ્યની પણ આયુષ્યમર્યાદામાં ફરક પડે છે. અને કાલ મરણ તથા અકાલ મરણ થાય છે. વળી આ વિષયમાં વધારે વિસ્તાર કરતાં અહીં મહર્ષિ પુનર્વસુ ભગવાન આત્રેયે કહ્યું કે-વત્સ અગ્નિવેશ, તું ધ્યાનથી સાંભળ. જેવી રીતે ગાડામાં યોજેલો ધરો સ્વભાવથી જ ધરાના ગુણથી-સર્વ પ્રકારે યુક્ત હોવા છતાં ઘસાઈ-ઘસાઈને કાળે કરીને પોતાના પ્રાકૃતિક-સ્વાભાવિક ક્રમિક ક્ષયથી છેવટે નાશ પામે છે તેવી રીતે શરીર સાથે જોડાયેલું આયુષ્ય બલવાન પ્રકૃતિથી યોગ્ય રીતે ઉપચાર પામતું પોતાના પ્રાકૃતિક-સ્વાભાવિક પ્રમાણથી ધીરે ધીરે ઘસાતું-ક્ષય પામતું અવસાન પામે છે. એ કાલમૃત્યુ છે.

એવી જ રીતે રથ-ગાડાનો ધરો-એમાં બહુ જ-અધિક ભાર ભરવાથી વિષમ-દુર્માર્ગે ચલાવવાથી અક્ષ-ચક્ર-પૈડાં-એના આરા વગેરે ભાંગી જવાથી, વાહ્ય અને વાહકના દોષથી હચમચીને એના ખીલાઓ નીકળી જવાથી, પૈડાંને તેલ નહીં ઉંગવાથી, રસ્તામાં રથ-ગાડું ઊંધું પડી જવાથી, એનો વહેલો નાશ થાય છે તેમ જ મનુષ્યનું આયુષ્ય પણ પોતાના સામર્થ્ય-બળ-શક્તિ ઉપરાંત કામ કરવાથી જઠરાગ્નિની પચાવાની શક્તિ ઉપરાંત ખાવાથી, વિષમ-વધતું ઓછું અનિયમિત અને સમય-કસમય ભોજન કરવાથી, વિપરીત અને અયોગ્ય આહાર-વિહાર અને નિદ્રાના સેવનથી, અતિમૈથુન-વિષયસેવનથી, અસત્-દુષ્ટ પુરુષોના આશ્રયથી, કુસંગતિના પરિણામે, ઉદીર્ણ-ઉત્પન્ન થયેલા મલમૂત્ર-ત્યાગના વેગો-હાજતો રોકવાથી તેમજ ધારણ કરવા યોગ્ય વેગોનું નહીં ધારણ કરવાથી, એટલે કે મનની દુષ્ટ વાસનાઓને નહીં અટકાવવાથી, અસંયમી જીવનથી, ભૂત-વિષ-વાયુ-ઝંઝાવાત, અગ્નિ-સંતાપ-પ્રહારાદિ અકસ્માતથી, આહારાદિના ત્યાગથી, દર્દની યોગ્ય ચિકિત્સા ન કરવાથી અથવા વિપરીત-અવળા ઔષધોપચારથી કે વ્યાધિમાં કુપથ્ય કરવાથી શરીર વચ્ચે જ, છેલ્લી આયુષ્ય મર્યાદા પહેલાં જ નાશ પામે છે. આ અકાલ મૃત્યુ જ ગણાય.

આ વર્ણનના કથનમાંથી એવો સાર નીકળે છે કે આયુર્વેદનું સ્વસ્થવૃત્ત, ઋતુચર્યા, દિનચર્યા,* રાત્રિચર્યા, સદાચાર વગેરેનું જો યથાયોગ્ય પાલન કરવામાં આવે તો શરીર પોતાની નિમિત્ત અને નિશ્ચિત પૂરેપુરી આયુષ્યમર્યાદા ભોગવી શકે અર્થાત્ અકાલ મરણ ન થાય.

* આ વિષયનું જ્ઞાન મેળવવા માટે પ્રસ્થાન કાર્યાલય તરફથી પ્રગટ થયેલું અને શ્રી. બાપાલાલ વૈદ્યનું લખેલું "દિનચર્યા" નામનું પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. જેમાં સ્વસ્થવૃત્ત ઋતુચર્યા દિનચર્યા રાત્રિચર્યા સદાચાર વગેરેનો સમાવેશ કરેલો છે. —લેખક

મનુષ્યશરીર ચેતનવંત છે, હલનચલનશીલ છે, કાર્યકર છે. જીવન વહન કરનાર છે એટલે એનો નિરંતર વપરાશ થાય છે. જે નિત્ય વપરાય એને ઘસારો તો લાગે જ. એ ઘસારો પુરવા માટે આયુર્વેદે રસાયન વાજીકરણ તંત્રોની રચના કરી એ ઘસારાના અટકાવાના ઉપાયો બતાવ્યા છે. એ વિષયની ચર્ચા આગલા ' પ્રસ્થાન 'ના આરોગ્ય અંકોમાં થયેલી છે એ વાચકો જાણે છે.

વળી ચિત્રનો ઘડો કે જે કેવળ પ્રદર્શનમાં જ રહે છે એ કદી ઘસાતો નથી કે એનો નાશ થતો નથી, સદાય નિત્યનવીન જ રહે છે. પરંતુ જે ઘડો હમેશાં વપરાય છે એ ઘસાવાનો તો છે જ. એવી જ રીતે મનુષ્યશરીર પણ ચેતન-જીવિત હોવાથી એના વપરાશને લીધે ઘસાવાનું તો ખરું જ પરંતુ એની વપરાશ બેદરકારીથી નહીં પણ સાચવણીથી થવી જોઈએ. તો એ પૂરેપુરા-આયુષ્યમર્યાદા—પ્રાકૃતિક ઘસારો પામતાં છતાં ય—સુધી કાર્યક્ષમ રહીને ટકી શકે-મતલબ કે અકાલ મરણ ન જ થાય.

એક મુલતાની પિંજારા કુટુંબ છે. રૂ પીંજવાનો અને ઘોડાગાડી ચલાવવાનો ધંધો કરે છે. એમાં એક જ સમયે એકી સાથે માતાને બે જોડકા પુત્રો જન્મ્યા. તે યુવાન થયા. બેઉ સરખા જ લાગે. દૂરથી અજાણ્યા જોનાર તો ભૂલ પણ ખાઈ જાય. એમાં દુર્ભાગ્યવશાત્ એક ભાઈને દમનો રોગ થયો અને હૃદય નબળું પડી જવાથી એનું મરણ થયું; બીજો ભાઈ તન્દુરસ્ત હાલતમાં હજી જીવે છે. પાછળ જણાવેલ ૨૪-ગાડાનું ઉદાહરણ આ કિસ્સાનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે.

આ લેખનો સારાંશ એ છે કે કલિયુગમાં આયુર્વેદે એકસો વર્ષની આયુષ્યમર્યાદા કહી છે એ સાચી છે. હજી પણ આપણે ત્યાં લગભગ નેવું વરસ ઉપર ગયેલા માણસો ક્યાંક જોવામાં પણ આવે છે.

આયુષ્યમર્યાદા નિશ્ચિત હોવા છતાં, એમાં પૂર્વજન્મ કૃત કર્મોને લીધે એમાં વધઘટ પણ પ્રારબ્ધાનુસાર થાય છે. વળી એ પ્રારબ્ધના બલાબલ ઉપર ચિકિત્સાની સફળતા નિષ્ફળતાનો આધાર છે.

આયુષ્યમર્યાદા નિશ્ચિત હોય તોયે અકસ્માતથી એકાએક તૂટી પણ જાય. પણ એની જાળવણીથી એ શરીર પૂરેપુરી આયુષ્યમર્યાદા ભોગવી શકે. નહીં તો વચમાંથી અકાલે મરણ નીપજે.

મનુષ્યશરીર કાલાંતરે-ક્રમશઃ શનૈઃ શનૈઃ ક્ષીણ થવાના સ્વભાવવાળું છે.* માટે છેવટે તો એની અંતિમ આયુષ્યમર્યાદાએ નાશ પામવાનું છે જ.

પરંતુ એનો અકાળે નાશ ન થાય માટે આયુર્વેદની રચના પ્રાચીન મહર્ષિઓએ કરી છે. આયુર્વેદમાં સ્વસ્થવૃત્ત, ઋતુચર્યા, દિનચર્યા, રાત્રિચર્યા, સદાચાર, આચાર રસાયન, અને રસાયનતંત્ર તથા વાજીકરણતંત્ર એ બધાનો ઉપયોગ-અથવા એનું આચરણ-અકાલ મરણ ટાળવા માટે અને છેલ્લી આયુષ્ય-પરિપૂર્ણ-મર્યાદા સુધી શરીરનું સામર્થ્ય ટકી રહે અને સઘળી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો કાર્યક્ષમ રહે માટે-કરવાનું છે. એનું ધ્યેય આરોગ્ય અને

* આયુર્વેદમાં શરીર શબ્દની નીચે પ્રમાણે વ્યાખ્યા કરેલી છે: શરીર—શીર્યતે અનેન ઇતિ શરીરમ્. આનો અર્થ એ છે કે ધીરે ધીરે ક્ષીણ થાય તે શરીર કહેવાય છે. અને એ ઘસારાની-ક્ષીણતાની પૂરણી કરી અકાલ મરણમાંથી ઉગારે એ આયુર્વેદની કાયચિકિત્સા ગણાય છે.

—લેખક

દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ માટે છે. રોગી શરીર એ પણ એક જીવતા અકાલ મરણ જેવું જ છે એટલે જ —

नगरी नगरस्येव रथस्येव* रथी यथा ।
स्वशरीरस्य मेधावी कृत्येष्ववहितो भवेत् ॥

ભાવાર્થ—જેવી રીતે નગરપતિ પોતાની નગરીના અને રથનો માલિક અથવા સંચાલક પોતાના રથના યોગક્ષેમ–રક્ષણ માટે નિરંતર સાવધાનીપૂર્વક તત્પર રહે છે તેવી રીતે બુદ્ધિમાન પુરુષે પોતાના શરીરની સ્વાસ્થ્ય–રક્ષા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. વળી,

दिनचर्यां निशाचर्यामृतुचर्यां यथोदिताम् ।
आचरन्पुरुषः स्वस्थः सदा तिष्ठति नान्यथा ॥

ભાવાર્થ—દિનચર્યા રાત્રિચર્યા ઋતુચર્યા–એમાં કહેલા નિયમોને પાળે છે, એનું યથાવિધિ આચરણ કરે છે, એ જ માણસ સંપૂર્ણ નીરોગી રહી શકે છે. એથી વિપરીત વર્તન કરનાર કદાપિ સાજો રહી શકતો નથી.

સ્વસ્થ રહેવામાં રસાયન, વાજીકરણ પ્રયોગો, સદાચાર અને 'સ્વસ્થવૃત્તનું' જ્ઞાન અને આચરણ મુખ્ય ભાગ ભજવે છે.

ભગવાનના અનુગ્રહથી—એની ઈચ્છાથી ભવિષ્યમાં આપણે 'પ્રસ્થાન'ના આગામી આરોગ્ય અંકમાં છેલ્લા સ્વસ્થવૃત્ત વિશે વિવેચન કરીશું.—પહેલા ત્રણ વિષયો તો ભૂતપૂર્વ 'પ્રસ્થાન'–આરોગ્ય અંકોમાં ચર્ચાઈ ગયેલ છે.

---

* કઠોપનિષદમાં યમ અને નચિકેતાના સંવાદમાં યમ–ધર્મરાજાએ નચિકેતાને ઉદ્દેશીને કહેલું છે કે—

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥
इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥

ભાવાર્થ—આત્માને રથમાં બેઠેલો જાણ. શરીરને રથ સમજ. બુદ્ધિને સારથિ માન. મનને લગામ ગણ. ઇન્દ્રિયો એના ઘોડા છે. તેના વિષયો એ માર્ગો છે. જ્ઞાનીઓ શરીર બુદ્ધિ મન અને ઇન્દ્રિયો સાથે જોડાયેલ આત્માને શરીર રૂપી રથનો ભોક્તા કહે છે.

શરીરરૂપી રથનો સારથિ બુદ્ધિ છે અને મન લગામ છે. વળી ઈન્દ્રિયો ઘોડા છે તથા એના વિષયો એના રસ્તાઓ છે એટલે બુદ્ધિરૂપી સારથિ મનરૂપી લગામ વડે ઈન્દ્રિયોરૂપી ઘોડાને કાબૂમાં રાખી એના વિષયોમાં–આડાઅવળા માર્ગોમાં ભટકવા ન દે તો આત્મારૂપી–જીવ જે એનો ભોક્તા છે એ નીરોગી તેમજ સુખી રહે છે એ એનો સાર છે. બુદ્ધિપૂર્વક મનને સંયમમાં રાખી જીવન ગાળવું એ ખરું સુખનું સાધન છે. આયુર્વેદમાં પણ શરીર–રોગી કે અલ્પાયુષી થવામાં બુદ્ધિને જ જવાબદાર ગણેલી છે. કારણ કે એ શરીરરૂપી રથનો સારથિ છે.

धीधृतिस्मृतिविभ्रष्टः कर्म यत्कुरुतेऽशुभम् ।
प्रज्ञापराधं तं विद्यात् सर्वदोषप्रकोपणम् ॥

ભાવાર્થ—બુદ્ધિ ધીરજ સ્મૃતિ હિતાહિતનું જ્ઞાન એનાથી ભ્રષ્ટ થઈને જે અયોગ્ય કર્મ–આચરણ કરે છે તેનાથી વાત પિત્ત કફાદિ શારીરિક દોષો અને સત્વ રજસ તમસાદિ માનસિક દોષો કોપે છે. એને પ્રજ્ઞાપરાધ–બુદ્ધિદોષ કહેવામાં આવે છે. શારીરિક–માનસિક રોગોનું મુખ્ય કારણ પ્રજ્ઞાપરાધ જ છે એવો આયુર્વેદનો સ્પષ્ટ મત છે.

આજની પ્રજાની વ્યાપક અસહિષ્ણુતા

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

આપણે આજની ઉછરતી પ્રજાને–નવી પેઢીનાં નવજુવાન અને નવજુવતીમાં રહેલી ખૂબીઓ ને ખામીઓને જોઇને પ્રેમથી એમને સન્માર્ગે વાળવા પ્રયત્ન નહીં કરીએ તો ભારતનાં આવતી કાલનાં ભાગ્યવિધાતાઓ પાસેથી ભારતને રામરાજ્ય–સુરાજ્ય–લોકરાજ્યનું રૂડી રીતે સંચાલન કરતા નહીં જોઇ શકીએ—બલકે મેળવેલા સ્વરાજ્યને પચાવીને બાપુ ગાંધીજીની કલ્પના જેવું રામરાજ્યનું નિર્માણ નહીં કરી શકાય.

વીતી ચૂકેલી સદી અને પેઢીના વૃદ્ધ પુરુષોનાં ઘડતર અને ચણતરે ગયા યુગના યુગ-પુરુષોએ કર્યો અને એમણે ભારતની ભૂમિમાં રોપેલા બીજ ફાલીને આપણે સ્વરાજ્ય મેળવી શક્યા એ પુરુષોનો કાળ પૂરો થયો. એમના અનુભવ અને આવડત, એમનાં જ્ઞાન અને હાવકાઈ, એમણે પીધેલાં અને પચાવેલાં ઝેર અને અમૃતમાંથી આપણે ઘણું ઘણું લેઇ શકીશું અને લેતા આવ્યા છીએ; પરંતુ હવેનાં નવયુગનાં મંડાણમાં અને જ્યારે ભારતની પ્રજાને ભારતનું સ્વરાજ્ય મળ્યું છે ત્યારે, સ્વરાજ્યના નાગરિકનું જીવન જીવતાં શીખવું પડશે. લોક-રાજ્યની પ્રજામાં જોઈતી હાવકાઇ, દેશપ્રેમ, દેશ એ મારો અને હું દેશનો એવી વિશાળ દૃષ્ટિ અને એથી વધુમાં વધુ જરૂરી સહિષ્ણુપણું એટલે સહન કરવાની શક્તિ એ ખૂબ ખૂબ જરૂરી ગણાશે.

ભારતની લોકરાજ્યની પ્રજા બનવા માટે આયુર્વેદશાસ્ત્રમાંથી ઘણું આચરણ કરવા જેવું મળી આવે તેમ છે. સંહિતાઓમાં પુરુષનું વર્ણન કરતાં બે પ્રકારના પુરુષો ગણાવ્યા છે: (૧) સત્વસાર પુરુષ; (૨) હિનસાર પુરુષ. સત્રરૂપે બન્ને પ્રકારનાં પુરુષ (માનવી)નાં લક્ષણો જોતાં અને આજના યુગનાં માનવીઓ સાથે સરખાવતાં આપણને ઘણું જાણવાનું મળે એમ છે.

(૧) જે પુરુષ દુઃખ, દુઃખ અને રોગ ગમે તેટલાં કેમ ન હોય તેને શાન્તિથી સહન કરી શકે તે સત્વસાર પુરુષ જાણવો.

(૨) જે પુરુષ જરાકેય દુઃખ સહન ન કરી શકે, હોય તેનાથી અનેકગણું દેખાડે, બૂમાબૂમ કરે, બીજાને પણ ગભરાવી નાંખી હેરાન હેરાન કરી નાંખે તેને આયુર્વેદશાસ્ત્ર હિનસાર પુરુષ કહે છે. હવે આપણે આપણી નજર સામેની પ્રજાના વિવિધ વર્ગનાં માનવીઓને જોઈએ તો આપણને જણાયા વગર રહેશે નહીં કે ભારતની પ્રજા દિનપ્રતિદિન વધુ અને વધુ હિનસાર–અથવા અસહિષ્ણુ બનતી જાય છે અને આ અસહિષ્ણુ–હિનસાર બનતી જતી પ્રજાને લોકશાહીની શિસ્તબદ્ધ પ્રજા બનાવવા માટે સ્વરાજ્યના સંચાલકોને નાકે દમ આવવા લાગ્યો છે અને સંશય પણ ઊભો થયો છે કે આ પ્રજા લોકશાહી સ્વરાજ્યને જીરવી ને પચાવી શકશે કે કેમ.

જીવનનાં એકેએક ક્ષેત્રમાં જે તુમુલ યુદ્ધો સંજાઈ રહ્યાં છે, તાણખેંચ, રુસણું રૂસી, વર્ગવિગ્રહ, કુમેળ, શિસ્તનો અભાવ, પાપકર્મ ને જોરકર્મ, હડતાલો અને આમરણાન્ત ઉપવાસોની ધમકી, કોલેજો અને હાઈસ્કૂલોનાં વિદ્યાર્થીઓનાં તોફાનો અને હડતાલો, અસંતોષ

અને સ્વાર્થવૃત્તિ, ઘરનાં વડીલો અને નવજુવાનોમાં માનસિક દુમેળ, શેઠ ને ગુમાસ્તા, ભાઇવાત ને ઘરમાલિક, સાસુ અને વહુ, ભાઈ અને બેન, ખેડૂત અને જમીનદાર, પ્રાંત પ્રાંત વચ્ચેના ભાષાવાર પ્રાન્તરચનાથી ઊભી થયેલી કડવાશ અને તંગદિલી—આ બધી અશાન્તિ અને સ્વરાજ્યની મહેકતી સુવાસ આવવાને બદલે અકળાવનારી બદબૂ જે ફેલાઈ રહી છે તેની પાછળ લાગે છે કે દેશમાં હિનસાર પુરુષોનો વધારો થઈ રહ્યો છે અને ગણ્યાંગાંઠ્યા સતસાર પુરુષો જે ભારતની ભૂમિનાં સ્વરાજ્યના છેડા પકડીને ઊભા છે તે પરવારી જતાં હિનસાર પુરુષોના હાથમાં ભારતનું ભાગ્ય આવી જતાં શું થશે એ કલ્પવું દોહ્યલું છે!

ભગવાન આત્રેય અગ્નિવેશને ચરક સૂત્રસ્થાન અધ્યાય સાતમાં, શરીરના વેગોને રોકવાનો ઉપદેશ આપે છે એ બહુ વિચારવા જેવો હોવાથી આપણે થોડાક શ્લોકો લઈએઃ

इमांस्तु धारयेद्वेगान् हितैषी प्रेत्य चेह च ।
साहसानामशस्तानां मनोवाक्कायकर्मणाम् ॥ "

ભાવાર્થ=જે માણસ આ લોકમાં તથા પરલોકમાં હિત ઇચ્છતો હોય તેણે સાહસ (કર્યો) ના તથા મન વચન અને શરીરનાં શાસ્ત્રનિષિધ કર્મોના આવેગો તો અવશ્ય રોકવા જોઇએ.

સાહસ—" सहसा ह्यात्मशक्तिमविचार्यैव क्रियते तत् साहसम् । "

પોતાની શક્તિનો વિચાર કર્યા વિના જે કાર્ય આરંભાય તે સાહસ કર્મ છે.

" लोभशोकभयक्रोधमानवेगान् विधारयेत् ।
नैर्लज्जेर्ष्यातिरागाणामभिध्यायंश्च बुद्धिमान् ॥

ભાવાર્થ=લોભ, શોક, ભય, ક્રોધ, તથા માનનો વેગ, નિર્લજ્જપણું, ઇર્ષા, અતિરાગ, તથા પારકા ધન વિષેની લાલચના વેગોને પણ બુદ્ધિમાન માણસે ત્યાગ કરવો જોઇએ.

અયોગ્ય વિષયમાં ઇચ્છા કરવી તે લોભ. ધન, પુત્ર, ઇષ્ટિજનોના વિનાશથી થતા દુઃખમાં સજાયા તે શોક. શત્રુથી ત્રાસ એ ભય. પોતાનું ધાર્યું ન થાય, પોતાની અનુકૂળતાને બદલે પ્રતિકૂળતા થતાં "અહમ્" તૂટતાં દુનિયા અને દુનિયાનાં મનુષ્યનું કથન એ ખોટું અને હું અને હું કહું-કરું તે સાચું આ જાતની માન્યતા જ્યારે બર ન આવે ત્યારે સળગી ઊઠવું, બળી મરવું, મારું કે મરુંના વિચારો સેવવા એનું નામ ક્રોધ. અને પોતાને સર્વગુણસંપન્ન માની લઈ પોતાને બીજાના કરતાં ચડિયાતા માનવા એનું નામ 'માન' કહેવાય. આ ઉપરાંત નિંદવા યોગ્ય અને છુપાવવાની ઇચ્છા તે નિર્લજ્જપણું. પારકી ઉન્નતિ સહન ન થાય એ 'ઇર્ષા'. વિષયોમાં અતિશય આસક્તિ તે "અતિરાગ" કહેવાય. અને પારકા ધન વિષેની લાલચ થાય એ "અભિધ્યા." આ સઘળાના વેગો આવે ત્યારે તેને રોકવા જોઇએ.

" देहप्रवृत्तिर्या काचिद्वर्तते परपीडया ।
स्त्रीभोगस्तेयहिंसाद्या तस्या वेगान्विधारयेत् ॥

ભાવાર્થ=બીજાને પીડા ઉપજાવવી ને સ્ત્રીસંગ, ચોરી કે હિંસા આદિ જે કોઈ શરીર-પ્રવૃત્તિ થાય તેના વેગો રોકવા જોઇએ.

પારકી સ્ત્રી ભોગવવી, પારકું ધન આદિ ચોરી લેવું અને હરકોઈ પ્રાણીની હિંસા કરવી (હિંસા શબ્દ બહુ વ્યાપક અર્થમાં સમજવા જેવો છે) વગેરે શરીરનાં કર્મો બીજાઓને પીડા ઉપજાવીને કરાય છે. અથવા બીજાને પીડાકારક હોય છે એટલે એવાં શારીર કર્મોના વેગ અવશ્ય રોકવા જોઇએ.

મેં 'ચરકસંહિતા'ના ચાર શ્લોક અર્થ સાથે આપની સામે મૂકયા છે. આમાં નિર્દેશ કરેલી બાબતોનું આચરણ આપણે ન કરીએ અને એવા આવેગો આવે તેને સમાવી દઈએ તો આપણે હિનપુરુષને બદલે સત્વસાર પુરુષ બની શકીએ અને અસહિષ્ણુતા દેશનાં માનવીઓમાં જે વ્યાપક બનતી જાય છે તેના બદલે આપણે સહિષ્ણુ બની શકીએ.

એથી લાભ એ થાય કે આપણે સુરાજ્ય અને લોકશાહીના સાચા નાગરિક બની શકીએ. દેશનું પ્રજાનું સાચું સંગઠન બને અને જે દેશની પ્રજા સત્વસાર પુરુષોથી ખૂબ સભર હોય તે દેશને ગમે તેવાં આક્રમણો સામે ભયાનક હથિયારોની જરૂર ન પડે. "અહિંસા"ના શસ્ત્રથી દુનિયા જીતાય. બાપુ ગાંધીજીની વાણી મેં જુદી ભાષામાં આપની સામે મૂકી.

શાસ્ત્રીય વાતોને આપણે હવે જરા વેગળી મૂકીને સાંપ્રતકાળ સર્જતા માનવીના પગરવના અવાજોને આપણે સાંભળીએ અને વિચારીએ.

(૧) રોગને સહન કરવાનો અભાવ

આજે પ્રજાના મોટા વર્ગમાં, આવેલા રોગને સહન કરવાની શક્તિ સંપૂર્ણપણે નાશ પામી ગઈ હોય એમ જણાય છે. આજના વિજ્ઞાને રોગ થવાનાં કારણ ઉપર પિછોડી ઓઢાડીને લક્ષણ ચિકિત્સા ઉપર પ્રજાને ચઢાવી દીધી છે. જંતુવાદે એમાં ભારે ભાગ ભજવ્યો છે. રોગ થાય એટલે એ રોગને તે જ ઘડીએ મટાડી દેવો જોઈએ, એક ક્ષણ પણ રોગનું દુઃખ ભોગવવા આજની પ્રજા તૈયાર નથી.

ખરી રીતે રોગ અથવા માંદગી એ માનવીના કરેલા અપરાધનું જ ફળ હોય છે. જે વેદના અને દુઃખ છે તે કરેલા પ્રજ્ઞાપરાધની ચૂકવાતી ફી હોય છે. પરંતુ રોગ થયો, વેદના થઈ, કષ્ટ દુઃખ વેઠવું પડયું, તેનું કારણ ન શોધતાં એના કાર્ય (પીડા)ને મટાડવા આજના વિજ્ઞાને શોધેલા તરત ફાયદો કરનારાં ઔષધ લેવાની શરૂઆત કરી ચાર કલાકમાં જ એ રોગ કાબૂમાં આવી જતો હોય તો આઠ કલાક દુઃખ સહન કરવા માનવી તૈયાર નથી. અને આજની તરત ફાયદો કરનારી દવાઓએ માનવીને હિનસાર પુરુષ બનાવી દીધો છે.

સ્થિર અને સ્થાયી લાભ કરનારી, રોગનું મૂળ શોધી કારણ નાબૂદ કરનારી ચિકિત્સા કહો કે આયુર્વેદની ચિકિત્સા તરફ પ્રજાની ઉપેક્ષા દૃષ્ટિ વધી જવાનું આ તાત્કાલિક ફાયદો કરતી અને પરિણામે નવા નવા વ્યાધિનાં ઊંડાં મૂળ રોપતી અસહિષ્ણુ પ્રજાને લલચાવનારી દવાઓએ ઊભી કરી છે. માથું દુખે તો એસ્પીરીન લ્યો અને અરધા કલાકમાં સાજા થઈ જાઓ. માથાનો દુખાવો પેદા કરનાર કારણ શરીરમાં ભલે જીવંત રહે. સમય આવ્યે ફરી ફરી માથું દુખે અને એસ્પીરીનનાં તમે વ્યસની બની જાઓ તેનો વાંધો નથી. લાગલાગટ એસ્પીરીન લેવાથી તમારા જ્ઞાનતન્તુ અને હૃદય ઉપર ભલે નુકસાન થાય પરંતુ થોડાક કલાક કે દિવસો દુઃખ સહન કરીને માથું દુખવાનું મૂળ કારણ શોધી કારણ નાબૂદ કરવાની ધીરજ પ્રજામાં રહી નથી.

મુદતિયો તાવ, ટાઈફોઈડ તાવ, આંતરડાનાં ક્ષોભને લઈને થાય છે. તેમાં દરદીને પૂરતો આરામ અને ખોરાક સદંતર ન આપવો એટલું જ કરવાનું હોય છે. નિરામ અવસ્થા-આમ થતાં પકવદોષ આવતાં તાવ આપોઆપ છૂટી જાય છે. ૨૧ દિવસની સામાન્ય મુદતનો આ

આયુર્વેદમાં બલનું નિરૂપણ

લાભશંકર જાદવજી ઠાકર એમ. એ.

બલપ્રાપ્તિ અર્થે મનુષ્ય માત્ર પ્રયત્નશીલ હોય છે એથી આયુર્વેદીય બલમીમાંસામાં સહુ કોઈને રસ પડશે. ત્રણ પ્રકારના બલનું નિરૂપણ કરતાં આચાર્ય ચરક સૂત્રસ્થાનમાં કહે છેઃ

त्रिविधं बलमिति—सहजं, कालकृतं, युक्तिकृतं च। तत्र सहजं यच्छरीर सत्त्वयोः प्राकृतं, कालकृतमृतुविभागजं वयःकृतं च, युक्तिकृतं यदाहारचेष्टायोगजम् ॥

સહજ બળ, કાલકૃત બળ અને યુક્તિકૃત બળ—એમ ત્રણ પ્રકારનું બળ છે; તેમાં શરીરનું તથા મનનું જે સ્વાભાવિક બળ હોય છે, તે સહજ બળ છે; ઋતુ વિભાગથી ઉત્પન્ન થતું અને વયને કારણે ઉત્પન્ન થતું બળ તે કાલકૃત બળ છે; તેમજ આહાર અને ચેષ્ટાના સમ્યગ્ યોગથી ઉત્પન્ન થતું બળ યુક્તિકૃત છે.

સહજ બળ

ટીકાકાર ચક્રપાણિ સહજ બળ વિષે નિમ્નોક્ત વિવરણ કરે છે :

"સહજ બળમાં 'સત્ત્વ' શબ્દનો અર્થ 'મન' સમજવો; એ મનનું બળ તે 'ઉત્સાહ' કહેવાય છે; આ સહજ બળનું બીજું નામ પ્રાકૃત બળ છે; એટલે કે જન્મથી માંડી ચાલુ થયેલું, સ્વાભાવિક ધાતુઓના વધારાથી વધેલું, બીજા કોઈ પણ કારણ વિનાનું જે બળ તે 'પ્રાકૃત' બળ છે; આપણે જોઈએ છીએ કે કેટલાક લોકો સ્વભાવથી જ બળવાન અને સ્વભાવથી જ દુર્બળ દેખાય છે."

મનુષ્યને પ્રાપ્ત થતું આ સહજ બલ એના પૂર્વજન્મના કર્મ ઉપર આધાર રાખે છે એમ જલ્પકલ્પતરુમાં શ્રી ગંગાધરે કહ્યું છે. પૂર્વજન્મમાં જેવું મન હશે તેવું જ જન્માંતરે પ્રાપ્ત થાય છે × એવું વિધાન ચક્રપાણિએ કરેલું છે. સ્વકર્મક્લેશથી પ્રેરિત સત્ત્વ (મન) વિશુદ્ધ શુક્રઆર્તવમાં યુક્તિથી ગર્ભરૂપે પ્રકટે છે (વાગ્ભટ). સાત્ત્વિક, રાજસિક અને તામસિક એ ત્રણ પ્રકારનાં સત્ત્વમાંથી જેનું પ્રાધાન્ય હોય તદનુસાર શરીરમનનું બલ પ્રાપ્ત થાય છે. ટૂંકમાં, પ્રાકૃત બલ જન્માદિપ્રવૃત્ત છે અને એ આપણા વશમાં નથી. બાકીનાં કાલકૃત અને યુક્તિકૃત બલ વિષે એમ નથી. યુક્તિકૃત બલ તો યોગ્ય પ્રયત્નથી પ્રાપ્ત કરી શકાય છે અને કાલકૃત બલનો વિકાસ અને હ્રાસ મનુષ્યના આહાર વિહાર ઉપર પણ આધાર રાખતો હોઈ એ બાબતમાં પણ મનુષ્ય પ્રયત્નશીલ થઈ શકે છે.

કાલકૃત બળ

ઋતુવિભાગથી ઉત્પન્ન થતું અને વયને કારણે ઉત્પન્ન થતું બળ તે કાલકૃત બળ. આયુર્વેદીય સ્વસ્થવૃત્તમાં ઋતુચર્યાની સૂક્ષ્મ અને પ્રબોધક ચર્ચા–વિચારણા આયુર્વેદના આચાર્યોએ કરી છે. અહીં આપણે બળના સંદર્ભમાં એ વિચારણાનો સંક્ષિપ્ત પરિચય કરીએ.

આયુર્વેદમાં વર્ષની ૭ ઋતુઓના બે વર્ગ પાડવામાં આવ્યા છે. એક વર્ગને ઉત્તરાયણ અથવા આદાનકાલ અને બીજા વર્ગને દક્ષિણાયન અથવા વિસર્ગકાલ કહેવામાં આવે છે. વર્ષમાં ૭ માસ સૂર્ય ઉત્તરમાં હોય છે ત્યારે ક્રમશઃ એનું બળ અર્થાત્ અગ્નિ વધતો જાય છે અને પરિણામે જગતનો સ્નેહભાગ શોષાય છે. વાયુ પણ આ સમયે તીવ્ર અને રુક્ષ થાય છે. આથી તિક્ત (કડવો), કષાય (તૂરો) અને કટુ (તીખો) એ ત્રણ રુક્ષ રસોની વૃદ્ધિ થાય છે.

× पूर्वजन्मानि यादृशं मनः तादृशमेव जन्मान्तरे प्रायो भवति ।

આ બધાં કારણોથી આદાનકાલમાં મનુષ્યોનું બલ ઓછું થાય છે. વર્ષમાં ૭ માસ સૂર્ય દક્ષિણ દિશા તરફ રહે છે ત્યારે ક્રમશઃ સૂર્યનો તાપ ઓછો થતો જાય છે. મેઘાચ્છાદિત વર્ષામાં પૃથ્વી પર શીતળતા રહે છે. અને વરસાદ એ શીતળતામાં વૃદ્ધિ કરે છે. પવન પણ અતિ રુક્ષ નથી હોતો. આથી અરુક્ષ અર્થાત્ સ્નિગ્ધ એવા રસો—અમ્લ (ખાટા), લવણ (ખારા), અને મધુર (મીઠા) રસની વૃદ્ધિ થાય છે. પરિણામે દક્ષિણાયન અથવા વિસર્ગકાલમાં પ્રાણીઓમાં યથાક્રમ બલવૃદ્ધિ થાય છે.

આદાનકાલમાં શિશિર, વસંત અને ગ્રીષ્મ એ ત્રણની તથા વિસર્ગકાલમાં વર્ષા, શરદ અને હેમન્ત એ ત્રણ ઋતુઓની ગણતરી કરવામાં આવી છે.

આદાનકાલની પ્રથમ ઋતુ શિશિરમાં મનુષ્યોનું બળ ઉત્તમ હોય છે. પણ પછી યથાક્રમ બલહાનિ થાય છે. વસંતમાં એ બલ મધ્યમ હોય છે પણ ગ્રીષ્મ ઋતુમાં મનુષ્યોનું બળ ઓછામાં ઓછું હોય છે. ગ્રીષ્મ કાળમાં સૂર્યનો તાપ તીવ્રતમ સ્વરૂપે પ્રકટ થાય છે અને જગતના સ્નેહભાગનું અતિશય શોષણ થાય છે. રુક્ષ વાયુની પણ વૃદ્ધિ થાય છે. જઠરાગ્નિ પણ મંદ પડી જાય છે. આ કારણે ગ્રીષ્મ ઋતુમાં અન્ય ઋતુની અપેક્ષાએ વિશેષ બલહાનિ થાય છે. આથી જ આયુર્વેદના આચાર્યોએ ઋતુસાત્મ્ય આહારવિહારનું આલેખન કર્યું છે. ઉ. ત. ગ્રીષ્મ ઋતુમાં રુક્ષ રસોનો ત્યાગ કરવો અને મધુર, સ્નિગ્ધ તથા બંહણ પદાર્થોનું સેવન કરવું એવો આદેશ છે; તેમજ રાત્રિનો ઉજાગરો રુક્ષ હોઈ એનો ગ્રીષ્મમાં નિષેધ છે તથા દિવાસ્વપ્ન (દિવસની ઊંઘ) કફોત્પાદક હોઈ એની છૂટ છે.

વિસર્ગકાળમાં વર્ષામાં બલહાનિ વિશેષ થાય છે. શરદમાં બલ મધ્યમ હોય છે અને હેમન્તમાં શ્રેષ્ઠ બલ હોય છે. હેમન્ત અને શિશિર એ બલની ઋતુઓ છે. હેમન્તમાં જઠરાગ્નિ પ્રબલ હોય છે. 'શીતગુણયુક્ત હેમન્તકાળમાં શીતળ વાયુના સ્પર્શના સંબંધથી રોકાઈને બળવાન બનેલો બળવાન માણસોનો જઠરાગ્નિ માત્રાદ્રવ્ય ગુરુક્ષમ હોય છે.' (ચરક)

માત્રાદ્રવ્ય ગુરુક્ષમ એટલે આહારનું વિશેષ પ્રમાણ હોય તો એને પણ પચાવવાની ક્ષમતા જઠરાગ્નિ ધરાવતો હોય છે તથા પચવામાં ભારે પદાર્થો પચાવવાની શક્તિ પણ હેમન્ત ઋતુમાં જઠરાગ્નિ ધરાવે છે.

ઋતુબળથી મનુષ્યના બળમાં વૃદ્ધિ અને હ્રાસ થયા કરે છે. એથી બળનું સંરક્ષણ કરવાની ઇચ્છા રાખનારે આયુર્વેદોક્ત ઋતુચર્યાનું સમુચિત પાલન કરવું જોઈએ.

વયઃકૃત

અહીં એક સ્પષ્ટતા કરી લેવી જોઈએ કે બલ પોતે તો એક જ છે પણ એ પ્રાપ્ત ત્રિવિધ રીતે થાય છે. ઋતુઓના પ્રભાવથી સહજ બલની જ વૃદ્ધિ અને હ્રાસ થયા કરે છે. 'જલ્પકલ્પતરુ'માં શ્રી ગંગાધરે એ વિષે સ્પષ્ટતા કરી છે :

"બીજું કાલકૃત બળ ઋતુવિભાગજન્ય હોય છે; એટલે કે ૭ ઋતુઓરૂપ કાળના સ્વભાવથી થયેલ સહજ બળની જ વૃદ્ધિ, મધ્ય તથા હ્રાસરૂપ જે બળ તે જ કાલકૃત બળ છે. અને ઉંમરથી કરાતું બાળપણું, યુવાવસ્થાનું તથા વૃદ્ધાવસ્થાનું જે પ્રાકૃત બળ વધઘટ અને મધ્યમ સ્થિતિમાં જાય છે, તે પણ પ્રાકૃત બળની જ હ્રાસ, વૃદ્ધિ તથા મધ્ય સ્થિતિનું કાલકૃત બળ જ કહેવાય છે."

વર્ષરૂપ કાળ તથા ઉંમર રૂપ કાળથી જે બળ થાય છે તે પણ કાળકૃત બળના વિભાગમાં જ આવે. વયની ત્રણ અવસ્થાઓ નક્કી કરી છે : (૧) બાલ્યાવસ્થા; (૨) મધ્યમાવસ્થા; અને (૩) જીર્ણાવસ્થા.

આચાર્ય સુશ્રુતના મતે ૧૬ વર્ષ સુધીની અવસ્થા તે બાલ્યાવસ્થા. ૧૬ થી ૭૦ વર્ષ સુધીનો વિસ્તૃત ગાળો તે મધ્યમાવસ્થા. આ અવસ્થામાં ક્રમશઃ વૃદ્ધિ, યૌવન, સંપૂર્ણતા અને હ્રાસ પ્રાપ્ત થાય છે.

બાલ્યાવસ્થામાં અને મધ્યમાવસ્થામાં મનુષ્યનું બલ ઉત્તમ હોય છે અને જીર્ણાવસ્થામાં કનિષ્ઠ હોય છે.

યુક્તિકૃત

युक्तिकृतं यदाह । रचेष्टा योगजम् ॥

આહાર અને ચેષ્ટાના સમ્યગ્ યોગથી ઉત્પન્ન થતું (બળ) યુક્તિકૃત બળ છે.

ઔચિત્યપુરઃસર અન્નપાન અને વિહાર (ચેષ્ટા)નું સેવન કરવામાં ન આવે તો બલનો હ્રાસ થાય અને અનેક રોગોના ભોગ બની મનુષ્યો અલ્પાયુષી બને. આહારવિહારનું મહત્ત્વ આપણા પૂર્વાચાર્યોએ અતિશય આંક્યું છે અને તે યથાર્થ છે. સમગ્ર સ્વસ્થવૃત્તમાં ત્રિદોષના અનુલક્ષમાં આહારવિહારની જ પ્રબોધક ચર્ચા કરવામાં આવી છે. નિદાનપરિવર્જનનો સિદ્ધાંત એટલે રોગને ઉત્પન્ન કરનાર કારણભૂત આહારવિહારનો ત્યાગ. આચાર્ય ચરકે સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં વિરુદ્ધ અને પ્રાણઘાતક આહાર દ્રવ્યની જે વિસ્તૃત વિચારણા કરી છે તે જોવા જેવી છે. આપણી સકલ આંતરબાહ્ય શક્તિઓ અન્ન ઉપર આધાર રાખે છેઃ

"અન્ન પ્રાણીઓના પ્રાણ છે, એ કારણે લોકો અન્ન તરફ દોડે છે, અન્ન માટે જ દોડાદોડી કરી રહ્યા છે. વળી વર્ણની પ્રસન્નતા કે શરીરનો સારો રંગ, ઉત્તમ સ્વર, જીવન, પ્રતિભા કે બુદ્ધિની તીક્ષ્ણતા, સુખ અથવા આરોગ્ય, તુષ્ટિ કે સંતોષ, શરીરની પુષ્ટિ, બળ તથા મેધા કે બુદ્ધિની ધારણશક્તિ—એ બધું અન્નમાં પ્રતિષ્ઠા પામ્યું છે—અન્નના આશ્રયે રહેલ છે. ઉપરાંત શરીરની આજીવિકા માટેનાં જે લૌકિક કર્મ કરાય છે, સ્વર્ગપ્રાપ્તિ અર્થેનાં જે કર્મ કર્યાં છે તે બધાં પણ અન્નમાં જ પ્રતિષ્ઠા પામ્યાં છે—અન્નના આધારે જ થઈ શકે છે." (ચરક)

દૂધ ઘી આદિ બલપ્રદ આહારનું સેવન કરવાથી જે બલપ્રાપ્તિ થાય તે યુક્તિકૃત બળ. પણ આપણે જોઈએ છીએ કે ચોખ્ખાં દૂધ ઘી ખાનારાં શ્રીમંતોના શરીરમાં અપેક્ષિત બલ હોતું નથી. કારણ કે કેવળ આહારથી બલપ્રાપ્તિ થતી નથી. આહાર અને ચેષ્ટાના સમ્યગ્ યોગથી જ બલ પ્રાપ્ત થાય છે. વ્યાયામ વગેરેનું ઉચિત સેવન પણ બળ મેળવવા માટે આવશ્યક છે. ચેષ્ટામાં વ્યાયામ; અભ્યંગ, પરિભ્રમણ, સ્નાન આદિ બધી જ પ્રવૃત્તિઓ—ક્રિયાઓની ગણતરી કરી શકાય. આયુર્વેદીય દિનચર્યામાં આ સકલ ચેષ્ટાઓનું વિસ્તારથી આલેખન થયેલું છે.

આચાર્ય ચરક કહે છે :

बलसमाधानं हि शरीरम्, शरीरमूलश्च पुरुषः ॥

બલથી જ શરીર ટકી શકે છે અને શરીર એ જ સંયોગ પુરુષનો આધાર છે.

સદ્યઃપ્રસૂત બાળકની સારવાર

સૌ. વિજયાગૌરી વૈદ્ય

સુપ્રજનન—શ્રેષ્ઠ સંતાનપ્રાપ્તિ અને શિશુપરિચર્યા—બાળઉછેર એ વિષયોનો સમાવેશ આયુર્વેદના કૌમારભૃત્ય તંત્રમાં કરવામાં આવેલો છે.

સુપ્રજા મેળવવા માટે દંપતીઓએ ગર્ભાધાન પૂર્વે તૈયારી કરવી પડતી. અયોધ્યાપતિ સૂર્યવંશી રાજા દિલીપ અને એની રાણી સુદક્ષિણાએ જેના વંશમાં ભગવાન રામચન્દ્રજી થયા એવા કે જે "રઘુપતિ રાઘવ" કહેવાય છે, એ રઘુરાય જેવા પ્રતાપી પુત્રને મેળવવા માટે રાજકુલ ગુરુ બ્રહ્મર્ષિ વસિષ્ઠના આશ્રમમાં બ્રહ્મચર્યપાલનપૂર્વક—વ્રત—નિયમ—સહિત રહેવું પડયું હતું. ત્યાર પછી યથાકાળે ગર્ભાધાન રાણી સુદક્ષિણાને થયા બાદ પણ કૌમારભૃત્યજ્ઞ વૈદ્ય અને પરિચારિકાઓની દેખરેખ તેમજ દોરવણી નીચે તેને રાખવામાં આવી હતી. જ્યારે આવા નિયમો પળાતા ત્યારે ઇન્દ્રનું વજ્ર પણ ન હણી શકે એવા રઘુરાજ જેવા બળવાન પ્રતાપી પુત્રો જન્મતા હતા.

હવે ગર્ભાધાનને નવ માસ પૂરા થતાં રાણી સુદક્ષિણાને પ્રસવના સમયે સૂતિકાગારમાં લઇ જતાં પહેલાં પતિ—દિલીપ રાજાનાં દર્શન કરાવ્યાં હતાં અને ત્યાર પછી સૂતિકાગારમાં પ્રવેશ કરાવ્યો હતો.

कुमारभृत्याकुशलैरनुष्ठिते भिषग्भिराप्तैरथ गर्भभर्मणि ।
पतिः प्रतीतः प्रसवोन्मुखीं प्रियां ददर्श काले दिवमभ्रितामिव ॥

ભાવાર્થ—કૌમારભૃત્યમાં કુશલ—નિષ્ણાત એવા ચિકિત્સકો દ્વારા રાણી સુદક્ષિણાનું અને એના ગર્ભનું સંપૂર્ણ ધારણ—પોષણ કરાયા પછી આસન્ન—પ્રસવા—હવે જેના પ્રસવનો સમય નજીક છે એવી, પોતાની પ્રિય પત્નીને જેમ વાદળાંથી ઘેરાયેલા સૂર્યવાળા દિવસને જુએ તેમ પ્રસન્નતાપૂર્વક રાજા દિલીપે જોઈ.

ગર્ભાધાન પછી બ્રહ્મચર્ય પાળવાનું આયુર્વેદ કહે છે એ વિધાન અનુસાર પતિ—પત્ની અલગ—અલગ શયનાગારમાં સૂતાં અને ગર્ભિણી સ્ત્રી કૌમારભૃત્યજ્ઞ ભિષકની અને પરિચારિકાની જાતદેખરેખ નીચે રહેતી એવો નિયમ એ સમયે તો હશે જ એમ લાગે છે.

સગર્ભાવસ્થાની શરૂઆતથી માંડીને ઠેઠ પ્રસવ—પીડા ઉપડે ત્યાં સુધી સહ—શયન નહીં છોડનાર વિષયી દંપતીઓ સુસંતતિ ક્યાંથી મેળવી શકે?

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ કહ્યું છે કે आपन्नसत्त्वायां कौमारभृत्यो गर्भ-नर्माणि प्रजनने च वियतेत ॥ ભાવાર્થ—સ્ત્રી સગર્ભા થાય ત્યારે ગર્ભના પોષણ—રક્ષણ માટે અને પ્રસૂતિના કાર્ય માટે કૌમારભૃત્ય જાણનાર વૈદ્યની ચિકિત્સા અને પરિચર્યા પ્રમાણે ગર્ભિણીએ વર્તન કરવું. એની દેખરેખ નીચે રહેવું. મતલબ કે એ કાળે ગર્ભિણીની જવાબદારી કૌમારભૃત્યજ્ઞ ચિકિત્સકને સોંપી દેવામાં આવતી.

સંપૂર્ણ આયુર્વેદનાં આઠ અંગો છે એમાં કૌમારભૃત્ય તંત્રની મહત્તા સર્વથી અધિક છે.

कौमारभृत्यमष्टानां तन्त्राणामाद्यमुच्यते । आयुर्वेदस्य महतो देवानामिव हव्यपः ॥

ભાવાર્થ—જેવી રીતે દેવ સમાજમાં એનો અધિપતિ ઇન્દ્ર શ્રેષ્ઠ છે એવી રીતે મહાન આયુર્વેદનાં આઠ અંગોમાં કૌમારભૃત્યતંત્ર મુખ્ય છે.

કારણ કે સમાજ, રાષ્ટ્ર કે રાષ્ટ્રસમૂહ એ બધાનો આધાર જ બાળકો છે.

કૌમારભૃત્યની વ્યાખ્યા નીચે પ્રમાણે છેઃ गर्भोपक्रमविज्ञानं सूतिकोपक्रमं तथा । बालानां रोगशमनं क्रियां बालचिकित्सितम् ॥ ભાવાર્થ—ગર્ભના આદિ કારણભૂત શુક્રવીર્ય અને આર્તવ-રજ અર્થાત્ પુરુષબીજ અને સ્ત્રીબીજ બન્નેની શુદ્ધિ તેમજ એની ગર્ભોત્પાદન શક્તિની વૃદ્ધિ. વળી જો એ દુષિત હોય તો—દુષ્ટિનિવારણના ઉપાયો જેમાં સ્ત્રીરોગ ચિકિત્સા—વંધ્યત્વ-નિવારણ આદિનો સમાવેશ છે. વાજીકરણ—પુરુષાતન દોષ માટે પણ જેમાં ગણાય એ સિવાય ગર્ભધારણ થયા પછી એની સ્થિતિ—વૃદ્ધિ અને પુષ્ટિ—તુષ્ટિના પ્રયોગો, ગર્ભિણીની ચિકિત્સા; પ્રસવનું કાર્ય, સુવાવડીની સુશ્રુષા, સૂતિકા રોગનો પ્રતિકાર, શિશુપરિચર્યા, પ્રસવોત્તર માતા અને બાળકના સ્વાસ્થ્ય રક્ષણ અંગેનું જ્ઞાન, બાલરોગ નિદાન અને એની ચિકિત્સા, એ બધાનો કૌમારભૃત્યતંત્રમાં આયુર્વેદે સમાવેશ કરેલો છે. મતલબ કે એમાં સ્ત્રી બાલ આરોગ્ય સંરક્ષણનું સઘળું જ્ઞાન સમાઈ જાય છે.

અત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી સ્વતંત્ર ભારત એનું સભ્ય હોવાથી ઠેકઠેકાણે સ્ત્રી બાલ આરોગ્ય કેન્દ્ર સ્થપાય છે અને ચલાવાય છે. પરંતુ એમાં એક પણ આયુર્વેદિક કૌમારભૃત્ય તંત્ર જાણનાર વૈદ્યનું સ્થાન નથી. આયુર્વેદનો એક પણ ઉપચાર ત્યાં થતો નથી. અલબત્ત એમાં મિશ્ર આયુર્વેદિક વિદ્યાલયમાં ભણેલા સ્નાતકો છે ખરા, સહાયક તરીકે કામ કરે છે છતાં સ્ત્રીરોગથી માંડી સગર્ભાવસ્થામાં કે પ્રસુતિમાં કે પ્રસવોત્તર સૂતિકાની સારવારમાં કે બાળઉછેરમાં કોઈ જ આયુર્વેદિક ચિકિત્સાને સ્થાન નથી. જાણે કે પ્રાચીન ભારતના આયુર્વેદમાં સ્ત્રી બાલ આરોગ્ય પરત્વે કશું વિજ્ઞાન નહીં જ હોય એવું અત્યારના સ્ત્રી બાલ આરોગ્ય કેન્દ્ર ચલાવનારા માનતા લાગે છે!

ખરી રીતે તો આવાં કેન્દ્ર શરૂ કરતાં પહેલાં આયુર્વેદિક કૌમારભૃત્યજ્ઞ વૈદ્યોને એની સમિતિઓમાં લેવા જોઈએ. એની સલાહથી—એના સહકારથી આવાં સ્ત્રી બાલ આરોગ્ય કેન્દ્ર ચલાવવાં જોઈએ. અત્યારે તો પર—પ્રત્યય—પરદેશી દૃષ્ટિથી જ દેખનાર આપણી લોકશાહી સરકાર આયુર્વેદનો લાભ લેવાને બદલે એને નિર્બળ બનાવી રહી છે. આપણા પ્રાચીન વિજ્ઞાનમાંથી જેટલું ઉપયોગી હોય એટલું અવશ્ય લેવાની જરૂર છે.

पुराणमित्येव न साधु सर्वं न चापि सर्वं नवमित्यवद्यम् ।
सन्तः परीक्ष्याऽन्यतरद् भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ॥

ભાવાર્થ—પ્રાચીન વિચાર—જ્ઞાન કે વસ્તુ કેવળ એ પ્રાચીન છે માટે એ પ્રશસ્ત છે એમ માની લેવાની જરૂર નથી. તેમજ નવું બધું જ સ્વીકારવા યોગ્ય હોય છે એમ પણ નથી. વિચારશીલ વિવેકી મનુષ્યો તો એની પરીક્ષા કરીને—ચકાસીને જૂના નવા બન્નેમાંથી સારું યોગ્ય અને ઉપયોગી હોય એને જ ગ્રહણ કરે છે—સ્વીકારે છે બાકીનું બીજું બધું—નવા કે જૂના બેઉમાંથી નિરુપયોગી બિનજરૂરી નકામું હાનિકારક લાગે તેને છોડી દે છે. પણ અવિચારી તો બીજાની દૃષ્ટિએ જોઈ અંધ—વિશ્વાસથી સત—અસત્ સારા—નરસાની તપાસ —ખાતરી કર્યા વગર જ પરબુદ્ધિથી ચાલે છે.

હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ.

સદ્યઃપ્રસૂત ગર્ભાશયમાંથી યોનિમુખ દ્વારા બહાર પડેલ બાળક તરત જ રડવા લાગે છે. અને ત્યારથી જ એની શ્વાસ લેવાની ક્રિયા શરૂ થાય છે ત્યાં સુધી બાળકના રુધિરાભિસરણ

અને રક્તશુદ્ધિનું કાર્ય માતાના હૃદયમાંથી નાભિ સાથે જોડાયેલ ઓર-નાલદ્વારા ગર્ભમાં હોય ત્યારે થતું હોય છે.

બાળકના રડવાથી એનું મોઢું પહોળું થતાં જ એના મુખ ઉપરનું આચ્છાદિત અતિ પાતળું શ્વેત પટલ-પડદો તૂટી જાય છે અને શ્વાસ લેવાની ક્રિયા શરૂ થાય છે. પરંતુ ગર્ભાશયમાં રહેલા બાળકના મુખમાં અધિક ગર્ભજલ અથવા અન્ય મલ પ્રવેશ ન કરી જાય માટે સ્વાભાવિક રીતે કફનો પોચો-પિચુ-પુંભડા જેવો ડાટ હોય છે જે મુખવિકાસ થતાં જ ઉન્મુખ-છૂટો થઇ જાય છે, અને બાળક શ્વાસ લેવા માંડે છે.

પણ જો પ્રસવ પછી તરત જ આવા કોઈ અવરોધને લીધે બાળક ન રડે તો મુખ ઉપર અને મુખમાં ચોંટેલા કફના આવરણને તરત જ દાયણે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. નહીં તો ગૂંગળાઈને બાળક મરી જવાનો સંભવ રહે છે.

કુશળ દાયણ-શિશુપરિચારિકાએ પોતાની તર્જની-પહેલી આંગળી-નખ વગરની હોય-સુંવાળી કરાવતાં પહેલાં આંગળીનો નખ કાપી નાંખવો જોઈએ. એના ઉપર વિશુદ્ધ રૂના-પિચુ-પોલને વિંટાળી શિશુના મુખમાં ધીરેથી નાંખી એનાથી જીભ-તાળવું અને કંઠ-ગળું લૂછીને સાફ કરી નાંખવાં જોઇએ. આ ક્રિયાથી ગળું સાફ થતાં બાળક તરત જ રડવા લાગે છે. અનુભવથી જણાયું છે કે ગર્ભાવસ્થામાં જે માતા કફ પ્રકૃતિવાળી હોય અથવા શરદી-સળેખમ-ઉધરસ-શ્વાસ આદિ રોગો થયા હોય કે કફકારક ખોરાક લેતી હોય એનાં બાળકને કફનું પ્રમાણ વધુ હોવાથી શ્વાસાવરોધ થતો જોવામાં આવે છે.

જો કફ ગળામાં વધુ ઊંડો હોય તો એને માટે સિંધવયુક્ત ચોખ્ખું ઘી બાળકને ચટાડવાથી જરાક બકારી-વમન થઈને કફ બહાર નીકળી જાય છે.

છતાં નવજાત બાળક નિર્બળતાને કારણે ન રડી શકતું હોય તો તરત જ એનાં મોંઢા ઉપર ટાઢા-ઊના પાણીની વારાફરતી ઝાલકો મારવી જોઇએ અથવા જો શીતકાળ હોય તો ઉષ્ણોદક અને ઉષ્ણકાળ હોય તો શીતોદક આવી રીતે પણ લેવાય. બાળકના મોઢા ઉપર અસર થાય એટલા વેગથી ઝાલકો મારવી જોઇએ. તેમજ શીતોદક કે ઉષ્ણોદકથી ભરેલા જલપાત્રમાં બાળકને ગળા સુધી વારંવાર ઝબોળવાથી પણ શ્વાસોશ્વાસની ક્રિયા ચાલુ થઈ એ રડવા લાગે છે. જો આટલા ઉપાયોથી સિદ્ધિ ન મળે તો પછી વાંસનાં પાન કે ખજૂરીનાં પાનમાંથી બનાવેલ પંખાથી પવન નાંખવો જોઈએ તેમજ બાળકના મોઢા ઉપર મચ્છરદાનીનું જાળીવાળું કપડું ઢાંકી દાયણે એના મુખમાં બહુ જ ધીમે ધીમે ફૂંક મારવી જોઇએ.

જો જન્મ્યા પછી તરત જ બાળકની શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા ચાલુ ન થાય તો બાળક નીલ-ભુરા-જાંબુડિયા રંગનો અથવા ધોળા રંગનો થવા લાગે છે-એના પ્રાણ જોખમમાં આવી પડે છે.

તો પછી એને કૃત્રિમ શ્વાસોશ્વાસ ચાલુ કરાવવાની ક્રિયા કરાવવી પડે છે. એના હાથ-પગ ઊંચા નીચા કરાવવા, એની છાતીને હથેળીથી વારંવાર દબાણ લાવી ઊંચી-નીચી કરાવ્યા કરવી.

એ સિવાય બીજી રીત એવી છે કે દાયણે બાળકને પોતાના બે હાથ ઉપર ચત્તો સુવરાવવો. એક હાથ એના નિતંબ નીચે અને બીજો હાથ એના ખભાની નીચે રાખવો અને પછી બાળકને બેવડો વાળતા હોઈએ એવી રીતે માથું અને પગ બન્ને સામસામા લાવી વારંવાર હલાવ્યાથી, ધીમે ધીમે લાંબો ટૂંકો કરાવ્યાથી, એનો શ્વાસ-પ્રશ્વાસ તરત જ ચાલુ થઇ જાય છે.

આ બધી રીતો કૃત્રિમ શ્વાસોશ્વાસ ચાલુ કરવાની છે.

આવે પ્રસંગે નાભિ નાડી–નાળમાં–નાભિ–દૂંટાની દિશામાં લોબેનીનની સુચિબસ્તિ–ઈન્જેકશન પણ અપાય છે. વળી જો શ્વાસાવરોધ હૃદયદૌર્બલ્યને લીધે હોય તો જઘન–કટિપ્રદેશ પાસેના માંસલ ભાગ ઉપર કોરામિનનું ઈન્જેકશન પણ અપાય છે.

આયુર્વેદમાં વૃદ્ધ વૈદ્યો આવે પ્રસંગે હિરણ્યગર્ભ પોટલી રસનો આદુના રસમાં ઘસી એનો ઘસારો જરાક ચટાડતા. અને છાતી ઉપર બલાતૈલ અથવા મહાનારાયણતૈલ ચોળાવતા. બૃહત્પૂર્ણચંદ્રોદય મકરધ્વજ રસનો પણ યથાનુપાતે ઉપયોગ કરી શકાય. વળી આવે પ્રસંગે કસ્તુરી અંબર, ગોરોચન, ભીમસેની કપુર અને કેસરનું ઘૂંટીને રાખેલું મિશ્રણ પણ મધમાં ચટાડવાથી સુપરિણામ આવે છે.

આ અવસ્થાની જો વધુ ગંભીર સ્થિતિ હોય તો છેવટે એને આધુનિક વૈદક વિજ્ઞાનીઓ આવી પરિસ્થિતિમાં ઓક્સીજન આપે છે.

પરંતુ ખાસ કરીને તો તાળુ–કંઠ–ઓષ્ઠ અને મુખની સફાઈ કરવાથી, મુખમાં થતા હસ્તસ્પર્શથી અને મુખમાં પ્રવેશતા પ્રાણવાયુના સ્પર્શથી જ બાળક રડવા લાગે છે અને શ્વાસ–પ્રશ્વાસની ક્રિયા શરૂ થઈ જાય છે!

આયુર્વેદના કૌમારભૃત્યના નિયમ પ્રમાણે નવજાત બાળકને મુખ–પરિમાર્જન ક્રિયા કર્યા પછી રડવા લાગે–શ્વાસ પ્રશ્વાસ શરૂ થાય ત્યારપછી માથામાં એના ઉપરના પોચા તાલુપ્રદેશ–તાળવાના–બ્રહ્મરન્ધ્ર ઉપર વિશુદ્ધ ગાયનું ઘૃત, તલનું તેલ કે ચોખ્ખા એરંડિયામાં સ્વચ્છ રૂનું પુંભડું બોળી મૂકવામાં આવે છે. એને સ્નેહ–પિચુદાન કહેવાય છે. આ વિધાન અતિયોગ્ય છે, કરવાથી ઘણો ફાયદો થાય છે કારણ કે શિર એ સર્વ ઈન્દ્રિયોનું અધિષ્ઠાન હોવાથી સ્નેહ મિશ્રિત પિચુદ્વારા એની પુષ્ટિ–તુષ્ટિ થાય છે. સર્વ પ્રકારની સ્નેહનક્રિયા ઈન્દ્રિયો અને સર્વ ધાતુઓની ઉત્તમ પોષક અને બધા વાત–વાયુ રોગોમાંથી બચાવનારી છે, એવો આયુર્વેદનો સ્પષ્ટ મત છે. વળી જો આધુનિક દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ બાલ્યાવસ્થાની શરૂઆતમાં તાલુનાં અસ્થિઓ દૃઢ ન હોવાથી આ સ્થાનમાં તૈલપિચુ મૂકવાથી એનો સાર ત્વચાદ્વારા ત્યાંથી શોષાઈને મસ્તિષ્કમાં જાય છે એથી એની અંદર રહેલા વિભિન્ન–વિભિન્ન વાત–સંસ્થાનોને જ્ઞાનતંતુઓનાં કેન્દ્રોને સમ્યક્ પોષણ આપે છે. આ ઘી કે એરંડિયામાં બોળીને બાળકના તાળવામાં મૂકેલું પોતુ એ એક સ્નેહનક્રિયા છે–આયુર્વેદની સ્નેહન ચિકિત્સાનો જ એક પ્રકાર છે. આ કર્મ નિત્ય–બાળકની છ મહિનાની ઉમ્મર થાય ત્યાં સુધી કરવું જોઈએ. કાનમાં પણ તલ તેલનાં ટીપાં નાખવાનો પ્રચલિત રિવાજ હતો.

આ પછી હવે નાલ–કર્તનનો વિધિ આવે છે. માતાના ગર્ભમાંથી બાળક બહાર પડ્યા પછી આટલીવારમાં એ નવીન પરિસ્થિતિ–સાત્મ્ય–કરી લે છે–એને ટેવાઈ જાય છે અને માતાના હૃદયમાંથી–બાળકના નાભિનાલ સુધી વહેતા રક્તના પ્રવાહનો વેગ પણ મંદ–ધીમો પડી ગયો હોય છે. તેમજ ઓર–મેલીનો–માતાના હૃદયની સાથેનો સંબંધ લગભગ તૂટી જવા આવ્યો હોય છે. છતાં ઓર–મેલી બહાર પડી ગયા પહેલાં પ્રાયઃ નાળ કાપવાનો વિધિ કરવાનો પ્રસંગ હોવાથી એમાં ઘણી સાવધાની રાખવાની જરૂર પડે છે. બાળક અને માતાને નુકસાન થવાનો સંભવ છે.

બાળકની નાભિ-દૂંટીથી ચાર આંગળ દૂર-મતલબ કે ચાર અંગુલ નાળ રાખીને રેશમી સ્વચ્છ દોરાથી નાળ દબાય એવી રીતે એક બંધન બાંધવું. એનાથી બે આંગળ દૂર વચમાં જગ્યા રાખી માતાના હૃદય સાથે જોડાયેલ ઓર-મેલી તરફના નાળને એ બાજુ-સામી તરફ પણ એ જ રીતે સ્વચ્છ રેશમી દોરાથી બંધન બાંધવું. ત્યાર પછી વચ્ચે બે આંગળ રાખેલ જગ્યામાં સ્વચ્છ જંતુઘ્ન પ્રવાહીથી સાફ કરેલ ધારદાર કાતરથી નાળ કાપી નાખવું.

પરંતુ એ પહેલાં બાળકના નાળને અંગૂઠો અને તર્જની-અંગૂઠો અને પહેલી આંગળી એનાથી વારંવાર સ્પર્શ કરી દબાવીને ખાતરી કરી લેવી કે નાળમાં વહેતો લોહીના પ્રવાહનો સંચાર ઉત્તરોત્તર ક્ષીણ થઇ તદ્દન બંધ થઈ ગયો છે કે નહીં. મતલબ કે એ નાળમાં વહેતો રક્તસંચાર બંધ થયા પછી જ નાભિનાલ-કર્તન કરવું જોઇએ. નાળને અંગૂઠા-તર્જનીથી દબાવાથી થતા ધડકારાનું સ્પર્શથી જ્ઞાન થાય છે. એ રક્તસંચાર-વહનના ધબકાર ચાલુ હોય અને એ બંધ થયા પહેલાં જ જો નાળ કાપી નાખવામાં આવે તો નવજાત શિશુ માતા તરફથી મળવાવાળા રસ-રક્તથી અમુક પ્રમાણથી વંચિત રહી જાય અથવા અમરા-ઓર-મેલી તરફ રક્તસંચાર ચાલુ હોય તો એટલું લોહી બાળકના શરીરમાંથી બહાર નીકળી જવાનો ભય રહે છે. કેટલેક સ્થળે તો અણઘડ સુયાણીઓ નાળ બાંધ્યા વિના જ કાપી નાળને નીચોવી નાખે છે એથી નાભિનાલમાંથી છિદ્ર દ્વારા લોહી વહી જવાને કારણે બાળકનું મરણ નીપજે છે. વળી નાળમાંથી વહેતા લોહી દ્વારા ચેપી જંતુ-રોગજીવાણુઓના સંક્રમણથી નાભિપાક-રસી વગેરે ઉપદ્રવો બાળકને થવાની સંભાવના છે.

વળી નાભિનાલને બન્ને બાજુ દોરાથી બંધન બાંધવાનું એ પણ એક કારણ છે કે-કદાચ ગર્ભમાં સામે બીજું જોડકું બાળક હોય તો બન્નેની વચ્ચે આપસ-આપસમાં નાભિનાળમાં પરસ્પર સંબંધ હોય છે એવે વખતે જો રક્ત-સંચારના પ્રવાહના વહેતા વેગની નાળનો અંગુષ્ઠ-તર્જનીથી-વારંવાર સ્પર્શ કરીને-પરીક્ષા કર્યા વગર જ નાળ કાપી નાખ્યું હોય તો બીજા બાળકના શરીરમાંથી રક્તસ્રાવ વહી જવાનો પૂરો સંભવ છે. એટલા જ માટે નાળમાં વહેતા રક્તપ્રવાહનું ધડકન બંધ થયા પછી અને નાળને વચમાં જગ્યા રાખી બે બાજુએ દોરાથી બંધન બાંધ્યા પછી જ નાળ કાપવું જોઇએ.

ઉપર કહેલી રીતે રક્ત-સંચારની પરીક્ષા કરીને બન્ને બાજુથી નાળને બંધન બાંધીને વિશુદ્ધ કરેલી ધારદાર કાતરથી નાળને કાપી નાંખવું. એ પહેલાં દોરાના બંધનની પાછળ જે ચાર આંગળ નાળ હોય એને નાભિ તરફ દબાવીને નીચોવી નાખવું, કે જેથી એમાં રહેલ જરા-તરા લોહી બાળકને મળી જાય.

નાળ કાપ્યા પછી બાળકને સહન થાય એવા ઉષ્ણોદકથી સ્નાન કરાવી લેવું. પરંતુ એ વખતે એનું કાપેલું નાળ ખેંચાય નહીં એની સાવચેતી રાખવી. એક એવો પણ મત છે કે નવરાવવા વગેરેની ક્રિયાથી બાળકનું નાળ પાકવાનો સંભવ છે માટે ગરમ કપડાંને ગરમ પાણીમાં ભીંજવી એનાથી સ્પંજ-શરીર લૂછી નાખવું જોઇએ. બાળકનું નાળ ખરી ગયા પછી જ એને નવરાવવું હિતાવહ છે. બાળકને શરદી ન લાગે એ રીતે નવરાવવાની ક્રિયા કરવી જોઈએ કે ભીના મૃદુ વસ્ત્રથી લૂછવું જોઈએ. પછી કોરા કોમળ ટુવાલથી સ્વચ્છ-શુષ્ક કરીને એક ગાદી પાથરેલી માચીમાં વસ્ત્ર ઓઢાડી સુવાડી દેવું. એસિડ બોરિક કે એક્રીફ્લેવિન જેવા જંતુઘ્ન પ્રવાહીમાં બોળી નીચોવેલા રૂથી સ્નાન કરાવી એની નાભિ-દૂંટીને હાથે જરાક દબાવી ઉપર કુષ્ઠતેલનાં ટીપાં મૂકવાં. કુષ્ઠતેલ એટલે કંઠ-સુગંધી ઉપલેટના

ભૂકામાં કકડાવેલ તલનું તેલ. આ તેલનાં ટીપાં નાભિનાલ ઉપર મૂક્યા કરવાથી નાલ જલદી સુકાઈને ખરી પડે છે. હળદરનો ભૂકો નાખી કકડાવેલ ગાયનું ઘી પણ વપરાય.

પછી એસિડ બોરિક ને સિલ્વર નાઈટ્રેડનાં પરિસ્રુત વર્ષાજલ અથવા બાષ્પ જળમાં નાંખી બનાવેલ અતિમૃદુ ટીપાં બાળકની આંખમાં નાંખવાં. સિલ્વર નાઈટ્રેડનું અર્ધાથી એક ગ્રેઇન એક ઔંસ પાણીમાં નાંખીને તૈયાર કરેલું પ્રવાહી હોવું જોઈએ. પાંચથી દસ ગ્રેઇન બોરિક એસિડ એક ઔંસ પાણીમાં નાંખેલું પ્રવાહી હોય તે પામે બોરિક પ્રવાહીમાં તો સ્વચ્છ રૂનું પોલ બોળીને એનાથી પણ આંખો સાફ કરી નંખાય. આ રીતે મરકપુઅરી-ગેમનાં ટીપાં–આર્ઝીરોલનાં ટીપાં પણ ચાલે.

ત્યાર પછી બાળકને ગળથૂથી પાવી જોઇએ કારણ કે પ્રસવ પછી તો તરત જ સંપૂર્ણ વિકસિત ગર્ભાશયની સંકોચાવાની ક્રિયા શરીરમાં–કોઠામાં ચાલતી હોવાથી ત્રણ દિવસ તો માતાની સ્તન–વાહિની સિરાઓનાં મુખ પણ ખુલતાં નથી. એટલે ધાવણ આવતું નથી એટલે બાળકને પોષણ માટે ગળથૂથી પાવી પડે છે. આયુર્વેદમાં તો બાળકને અત્યલ્પ સુવર્ણ ભસ્મયુક્ત—મધ અને ગાયનું ઘી ચટાડવામાં આવતું હતું. પણ એ તો પ્રાચીન કાળમાં ગયું. હવે જુના દેશી ગોળના ધણી વખત—ઝીણા કપડાથી ગળેલા પ્રવાહીમાં, જરાક ગરમ ગાયનું ઘી નાંખી ચોખ્ખા રૂના પુંભડા વડે સદ્યઃપ્રસૂત બાળકને પાય છે. મોઢામાં ટેવે છે પૂંભડાને બાળક પૂર્વજન્મના સંસ્કારને લીધે ચૂસે છે અને પોષણ મેળવે છે. હવે વળી ગ્લુકોઝના પાણીની પણ ગળથૂથી પાવાનો આધુનિક યુગમાં પ્રચાર થતો જાય છે પણ ગ્લુકોઝ કરતાં મધ વધુ સારું છે, એનાથી કફ–શરદી બાળકને થતાં નથી; ગળથૂથી એવી રીતે નિયમિત સમયસર પાવી કે એને બરાબર પોષણ મળે, ક્ષુધા તરસ છીપે. શિયાળો હોય તો ગળથૂથીમાં નાંખેલું ઘી ઠરી ન જાય માટે સગડીમાં અંગારા મૂકી એની ઉપર પાત્ર રાખીને પવાય છે.

ત્રણ દિવસ પછી શરીર–ગર્ભાશયની સંકોચનક્રિયા બંધ પડતાં જ સ્તનમાં–દુગ્ધવાહિનીઓની સિરાઓનાં મુખ ખુલ્લાં થાય છે અને સ્તનો ધાવણથી ભરાઈ જાય છે એટલે બાળકને ધાવવા માતાના ખોળામાં આપવાથી ઊર્મિશીલ–પ્રેમાળ માતાના વાત્સલ્યથી-બાળકનો સ્પર્શ થતાં જ એને પાનો ચડે છે અને ધાવણ વહેવા લાગે છે.

પણ પહેલી જ પ્રસૂતિ વખતે સ્તન કઠણ હોય છે. વળી સ્તનાગ્ર–ચિંચુક–ડીંટડીએ બહાર નીકળેલી હોતી નથી એટલે બાળક મોઢામાં લઈ શકતું નથી અને ધાવી શકતું નથી. એવે પ્રસંગે છાતીને સ્તનથી ગરમાગરમ પાણીથી વારંવાર ઝારવી જોઇએ. અને પરિચારિકાએ હળવે હાથે ધીરે ધીરે પોતાની હથેળીઓથી સ્તનને મસળવાં જોઇએ અને ડીંટડીઓને બહાર લાવવી જોઇએ—એરંડાનાં પાન બાફીને ગરમ ગરમ છાતીએ બાંધવાથી અને એરંડાનાં પાન ઉકાળેલ ઊના પાણીથી છાતી ઝારવાથી પણ સ્તન પોચાં પડી ધાવવાલાયક બને છે. જો કોઇ મોટી ઉમરનું બાળક પ્રસૂતાને ધાવે તોપણ વધારાનું ધાવણ બહાર નીકળી જવાથી કઠણ સ્તન ઢીલાં થાય છે. ડીંટડીઓ પણ બહાર નીકળે છે અને ધાવવાલાયક બને છે.

પણ આ પ્રસંગે બાળક માતાને ધાવતું થાય એને માટે ધીરજપૂર્વક કંટાળ્યા વિના પ્રયત્ન કરવો જોઇએ, નહીં તો બાળક માતાને ધાવવા શીખતું નથી. અને કાયમ માટે વંચિત રહી જાય છે. વળી કેટલીક વાર તો ધાવણનો નિકાલ ન થવાથી—બાળક ધાવી

શકતું ન હોવાથી—ધાવણ ચડે છે, છાતીમાં દુઃખાવો થાય છે, અને સ્તન પાકે છે—મોટું બાળક ધાવનાર ન હોય તો ધાવણ કાઢી નાંખવાનું સાધન-પંપ આવે છે એનો ઉપયોગ કરવો જોઈએ. માતાની ડીંટડી ઉપર મધ ચોપડીને બાળકને ધાવવા માટે આકર્ષવું જોઈએ. અત્યારની સ્ત્રીઓ પોતાના બાળકને ધવરાવવા માટે સાચા દિલથી ધીરજથી પ્રયત્ન પણ કરતી નથી : मातुरेव पिबेत्स्तन्यं तत्परं देहवृद्धये ।

ભાવાર્થ—માતાનું ધાવણ જ બાળકને દેહવૃદ્ધિ—પોષણ માટે સૌથી વધારે ઉપયોગી છે માટે એને ધાવણ ઉપર જ ઉછેરવું જોઈએ. પણ કમનસીબે અત્યારે માતાઓ પોતાના બાળકને ધાવણે ઉછેરવા તૈયાર હોતી નથી. એવી પળોજણ એને ગમતી નથી. વળી પોતાનું સૌંદર્ય નષ્ટ થઈ જશે એવી પણ બીક હોય છે !

આ ફેશનના યુગમાં કુમારિકાઓ નાનપણથી જ કસકસની અથવા તસતસતી તંગ બોડીઝ અથવા ચોળીઓ પહેરે છે એથી સ્તનવૃદ્ધિ થતી નથી, અટકી જાય છે અને એને લીધે દુગ્ધગ્રંથિઓ અને સ્તન્યવાહિનીઓ સંકોચાઈ જવાથી પણ માતાને ધાવણ છૂટતું નથી અને બાળકને પોષણની ખાધ પડે છે. સ્ત્રીઓએ છાતી ભીંસાય એવાં તંગ કપડાં પહેરવાં ન જોઈએ.

સુરત આયુર્વેદિક મહાવિદ્યાલયના પ્રાધ્યાપક વૈદ્ય પ્રભુભાઈ ભક્ત પોતાના 'કૌમાર-ભૃત્ય-બાલતંત્ર' નામક પુસ્તકમાં લખે છે :—

"પાશ્ચાત્ય દેશોમાં પણ માતાના દૂધનું મહત્ત્વ હવે સમજાવા લાગ્યું છે. પંડિત જેલેટ પોતાના 'પ્રસૂતિતંત્ર'માં માતાના દૂધને ખૂબ જ મહત્ત્વ આપે છે. જે બાળકો માતાના દૂધથી પોષાય છે એનું સ્વાસ્થ્ય કૃત્રિમ દુગ્ધપાનથી ઉછરતા શિશુઓની અપેક્ષાએ ઘણું સારું હોય છે એટલા માટે પ્રત્યેક સ્ત્રીનું એ કર્તવ્ય તથા ધર્મ છે કે તે પોતાના બાળકને સ્તનોનું દૂધ પીવડાવે. સ્તન્યપાન કરાવવાથી ગર્ભાશયને પૂર્વાવસ્થા પ્રાપ્ત કરવામાં ઘણી સહાયતા મળે છે."

પાશ્ચાત્ય પંડિત નિકોલસ કહે છે કે "જો માતા દૂધ પીવડાવવા માટે યોગ્ય સ્થિતિમાં હોય તો તેણે બાળકને દૂધ પીવડાવવું જોઈએ અને જો તે દૂધ પીવડાવવાની સ્થિતિમાં ન હોય તો તે પ્રજોત્પાદન માટે પણ અયોગ્ય છે."

છતાં, આપણે ત્યાં અત્યારે એબી ફૂડના-કૃત્રિમ દૂધના ડબ્બાઓ પુષ્કળ પ્રમાણમાં આવે છે !

કદાચ અનિવાર્ય સંજોગોમાં માતાના અભાવમાં—મરણ થાય તો, બની શકે તો બાળક વાળી કુટુમ્બમાં જો કોઈ સ્વજન સ્ત્રી હોય તો એના ધાવણથી બાળકને ઉછેરવું હિતાવહ છે, જો કે અત્યારે આ સ્વાર્થી યુગમાં એવી નિઃસ્વાર્થ ઉદારતા મળવી પણ મુશ્કેલ છે.

કૃત્રિમ દૂધ કરતાં બાળકને બકરીનું તાજું દૂધ વધારે અનુકૂળ પડે છે એવું અનુભવથી જણાયું છે તો માતાના અભાવમાં ઘરે બકરી રાખી એના દૂધથી બાળકને ઉછેરવું.

કેટલીક વાર પોષણના અભાવને લીધે, શારીરિક નિર્બળતાને કારણે માતાને ધાવણ ઓછું આવતું હોય તો એને શતાવરી ચૂર્ણ—અશ્વગંધાદિચૂર્ણ વગેરે દૂધમાં ઉકાળીને યથા-માત્રા પીવાથી સ્તન્યવૃદ્ધિ થાય છે. દુષ્ટ ધાવણની શુદ્ધિના પણ આયુર્વેદે ઉપાયો બતાવેલા છે.

ધાવણા બાળકની માતાએ બ્રહ્મચર્ય પાળવાની ખાસ જરૂર છે. વિષયસેવન એને માટે નિષિદ્ધ છે.

ब्रह्मचारिणी—निषिद्धपुंसयोगा—वर्जित मैथुना—ભાવાર્થ—ધાવણા બાળકની માતાએ પુરુષ-સમાગમ ન કરવો જોઈએ. એનાથી ધાવણ બગડે છે, પોષક તત્ત્વો ઘટી જાય છે,

અને જો ગર્ભ રહી જાય તો, ગર્ભિણીનું ધાવણ ધાવવાથી બાળકને અનેક રોગો થવાનો સંભવ છે. માટે જ્યાં સુધી બાળક ધાવતું હોય ત્યાં સુધી આયુર્વેદે મૈથુનનો નિષેધ કરેલો છે.

આ વિષય ઘણો લાંબો છે એટલે આ આરોગ્ય અંકમાં સમાવેશ કરી શકાય નહીં. એટલે હવે આપણે એનો સંક્ષેપ કરીને વિરમીશું.

ધાવણા બાળકની માતાએ બીજા ઘણા ગુણો પોતાનામાં કેળવવાનું આયુર્વેદે કહ્યું છે.

એ નીરોગી, શીલવતી, ધીરજવાળી, ચંચલચિત્ત ન હોય તેવી, અલોલુપ,–જીહ્વાસ્વાદને જેણે જીત્યો છે તેવી, કુપથ્ય નહીં કરવાવાળી, પ્રસન્ન–ક્ષીર–મધુર–પૌષ્ટિક ધાવણવાળી (અતિશય ખારું ખાટું તીખું ખાનારી સ્ત્રીનું ધાવણ સ્વાદુ હોતું નથી), અજીર્ણ નહીં કરવાવાળી; પથ્ય-હિતકારક ભોજન કરનારી; મિતાહારી–બાળક સાથે પ્રેમથી વર્તન કરનારી,–ચીડિયા સ્વભાવ વગરની અને કુશલોપચારી–ઉપચારજ્ઞા–એટલે ઘરગથ્થુ ઔષધોપચાર જાણનારી તેમજ કયે વખતે શું કરવું જોઈએ એની સૂઝવાળી હોવી જોઈએ.

પણ અત્યારનાં દંપતીઓ—પતિ-પત્નીઓ કેવું જીવન ગાળે છે અને પરિણામ શું આવે છે એનું વર્ણન વૈદ્ય પ્રભુરામ ભક્તના ' કૌમારભૃત્ય–બાલતંત્ર 'માંથી તેઓના જ શબ્દોમાં વાંચીશું :

" ભોગપરાયણ ગૃહસ્થ જીવન બ્રહ્મચર્યનું પૂર્ણરૂપે પાલન ન કરવાથી આપણે આપણી ઇન્દ્રિયોને સંયમમાં રાખી શકતા નથી. આપણો ગૃહસ્થ ધર્મ કે જે દેવઋણ અને પિતૃઋણ મુક્ત કરાવવાનું મહાન સાધન અને પવિત્ર આશ્રમ છે તેને મનુષ્યોએ ભોગવિલાસનું સાધન બનાવ્યું છે. દાંપત્યપ્રેમ પણ શુદ્ધ રહ્યો નથી અને વાસનામય બની ચૂક્યો છે. સ્ત્રીને ધર્મપત્ની અને અર્ધાંગિની ન સમજી કેવળ ભોગનું સાધન માનવામાં આવે છે. સ્ત્રીઓ પણ ભોગાસક્તિને કારણે તથા પોતાના સૌંદર્યરક્ષણને કારણે લગ્ન બાદ તરત જ સંતતિનિયમનના વિવિધ ઉપાયોના પ્રયોગોની શરૂઆત કરે છે. ક્વચિત્ આ ઉપાય અસફળ થાય અને ગર્ભાધાન થાય તો તેને અનુચિત ઉપાય દ્વારા નષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ રીતે સાત્ત્વિક સંતાન ઉત્પન્ન કરવા માટે કરેલું આદર્શ લગ્ન વિલાસી જીવનનું એક સાધન બની ગયું છે એ એક મહાન શોચનીય હકીકત છે. આ સિવાય વાત્સલ્યના અભાવને કારણે માતાઓ પોતાના ભોગસ્વરૂપ સંતાનને સ્તન્યપાન કરાવવામાં તથા તેના ઉચિત ભરણ–પોષણ આદિમાં વિશેષ રુચિ રાખતી નથી. પિતા પણ સંતાન પ્રત્યે ઉદાસીન હોય છે. આ સંતાન તેને ભારરૂપ તથા પોતાની વિલાસિતામાં એક વિઘ્નરૂપ હોવાને કારણે ત્રાસ રૂપ લાગે છે. આ રીતે ભોગપરાયણ જીવન અને વાત્સલ્યના અભાવને કારણે બાળક પ્રાયઃ ઉચિત અન્નપાનથી વંચિત રહે છે જેનું પરિણામ વિવિધ રોગોમાં અને મરણમાં આવે છે. "

આ આપણા અત્યારના ગાર્હસ્થ્ય જીવનનું સાચું ચિત્ર છે. જ્યાં આવું હોય ત્યાં, સ્ત્રીઓ અને બાળકો ક્યાંથી નીરોગી અને દીર્ઘાયુષી હોય? પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપે અને આપણાં સ્ત્રીબાલઆરોગ્યકેન્દ્રોમાં આયુર્વેદના કૌમારભૃત્યતંત્રનો પ્રચાર થાય એવી પ્રાર્થનાસહ વિરમીશું.

તા. ૧૪–૫–૬૦

★

પાયાના પ્રશ્નો

વૈદ્ય નવનીતલાલ બ. પંડયા

આજકાલ શારીરિક, માનસિક અને જાતીય નબળાઇનાં દરદો ખૂબ જ વધ્યાં છે. વિજ્ઞાન પ્રગતિશીલ થતું ગયું છે અને નવી નવી શોધખોળો વડે ક્ષય (ટી. બી.), સન્નિપાત, જેવાં અસાધ્ય કે કષ્ટસાધ્ય દરદો ઉપર માનવીએ વિજય મેળવ્યો છે: પરંતુ સાથે સાથે મનુષ્યનું આયુષ્યમાન ઉત્તરોત્તર ઘટતું ગયું છે. હાલના સુધરેલા જમાનામાં હવાઇ ઉડ્ડયન, ટેલીફોન, મોટર, ટ્રેન, એરકંડિશન ઓરડા વગેરે હોવા છતાં ય આરોગ્યમય જીવન નથી, માનસિક સમતુલના જોવામાં આવતી નથી તેમજ નૈસર્ગિક આનંદ પણ નથી. અને આપણામાંના ઘણાને પ્રતિપળે શરીરમાંથી કંઇક ખૂટતું હોય એમ લાગ્યા કરે છે. અકાળ વૃદ્ધત્વનાં ચિહ્નો જણાય છે. આપણા કરતાં આપણા વડવાઓ ત્રણ ગણું વધારે આયુષ્ય જીવતા હતા.

આ કરુણ અને ઘેરા વિસંવાદે અત્યારના માણસોના જીવન ઉપર ઘણી ખરાબ અસર કરી છે. અગાઉ કરતાં આજે માનસિક દરદો ઘણાં વધી-ગયાં છે. એક માથાનો દુખાવો મટાડવા માટે રોજની લાખો ટીકડીઓ અમેરિકામાં ખવાય છે. અનેક અનિદ્રાના ભોગ બન્યાં છે અને તેને માટે ઊંઘની-ઘેનની ગોળી લેવાય છે. હિસ્ટીરિયા, યાદશક્તિનો અભાવ, ઉન્માદ, અપતંત્રક, વગેરે દરદો અગાઉ કરતાં ઘણાં વધી ગયાં છે. ગાંડાઓની હોસ્પિટલમાં જગ્યા નથી એમ અમેરિકાના આંકડાઓ બોલે છે. અને એવી વધુ હોસ્પિટલોની માગણી થઇ છે. આ જ પ્રમાણે આજનો પુરુષ કે સ્ત્રી શારીરિક દૃષ્ટિએ બળહીન નજરે પડે છે. શાળા કોલેજોનાં વિદ્યાર્થીઓની આરોગ્યતપાસમાં પણ નિર્બળતા મોખરે છે. જીવનમાં આનંદ વગરના નિસ્તેજ માનવીઓ નજરે પડે છે.

આ બધાંનું કારણ શું? આપણા લોકશાહી રાજ્યમાં પહેલાં કરતાં અનેક સગવડો વધુ મળતી હોવા છતાં, લોકો દુ:ખી શા માટે જણાય છે? તે માટે અનેક પ્રશ્નો વિચારવા જોઇએ.

આપણે સ્વતંત્ર થયા છીએ પણ આપણી શિક્ષણવ્યવસ્થા, આહારવ્યવસ્થા, જીવનની રહેણીકરણી અને રાજ્યતંત્ર વગેરે બધું જ પશ્ચિમની શૈલીને અનુરૂપ બન્યું છે. આપણા દેશનેતાઓ જ્યારે દેશાભિમાનની વાતો કરે છે ત્યારે ભારતની સંસ્કૃતિના વિચારો પ્રદર્શિત કરે છે પણ જ્યારે તેને વ્યવહારમાં મૂકવાનું આવે છે ત્યારે પશ્ચિમની સંસ્કૃતિને અનુરૂપ તેનો અમલ થાય છે!

આ બધાંનું મૂળ કારણ અમારી દૃષ્ટિએ અહિત આહાર અને વિહારનો મિથ્યાયોગ છે. આહાર એટલે છએ પ્રકારનાં રસવાળો અને ભક્ષ્યભોજ્યાદિ પદાર્થયુક્ત આહાર અને વિહાર એટલે પશ્ચિમની સંસ્કૃતિનું અનુકરણ કરી તેને અનુરૂપ વસ્ત્રપરિધાન, આહારરચના, જીવનની રહેણીકરણીની પદ્ધતિ વગેરે મુખ્ય છે.

આ ઉપરાંત સદાચાર, નીતિ, ધર્મ, વગેરેને કોરે મૂકીને લક્ષ્મીની લાલસામાં અનિયમિત, અકાલે અને અયોગ્ય આહાર કરવાથી જઠરાગ્નિ વિષમ બની જાય છે એ જ રીતે લક્ષ્મીને જીવનમાં પ્રધાન સ્થાન આપવાથી અને કામવાસનાને ઉત્તેજિત કરે એવાં આહારવિહારનું સેવન કરવાથી પ્રબળ કામવાસના વધતી જ રહે છે એટલે લોકોમાં લક્ષ્મીલોભ, જીહ્વાલોભ અને ઇન્દ્રિયલોભ એ ત્રણે લોભ વધવાથી અનેક રોગો દિનપ્રતિદિન વધતા જ જાય છે. લોકોનું ચારિત્ર નીચું ઊતરતું જાય છે.

આપણાં ધર્મશાસ્ત્રોમાં કામક્રોધાદિ છ શત્રુઓને જીતવાનું કહ્યું છે. ઇન્દ્રિયોનું અતિ લાલનપાલન કરવાની ના કહી છે છતાં જ્યાં સમાજમાં આખું વાતાવરણ જ કલુષિત બની ગયું હોય ત્યાં માણસ વિરક્ત કેવી રીતે રહી શકે!

કુટુંબઆયોજન માટે તેનાં સાધનોનો ઉપયોગ કરો, ઓપરેશન કરાવો એમ તેના પ્રચારકો કહે છે. જરૂર એનાં સાધનોના ઉપયોગથી સંતતિ ન થાય; પણ તેથી શું ? સ્ત્રી પુરુષના ઓજનો નાશ કરનાર વીર્યક્ષય ઓછો થવાનો છે? શરીરમાં એક કામવાસના જ એવી વસ્તુ છે કે જેમ જેમ એનો ઉપભોગ કરતાં રહીએ તેમ તેમ તે વધતી જાય છે, ઘટતી નથી.

આ માટે સાચો રસ્તો તો પાયાની કેળવણીથી જ સુધારવાનો છે. જો કે તેની અસર ઘણી ધીમી થશે પણ સરવાળે તે કાયમની સ્થિર અસરવાળી હશે. લોકોનાં ચારિત્ર સુધરશે. સદાચાર, નીતિ, ધર્મને જેમ જેમ નવી પ્રજા જીવનમાં ઉતારતી જશે તેમ તેમ કામવાસનાનું પ્રાબલ્ય ઘટતું જશે અને કુટુંબઆયોજનનું ધ્યેય કુદરતી રીતે જ પ્રાપ્ત થશે. એટલે કુટુંબ આયોજનનાં સાધનોનો ઉપયોગ કરવાથી સંતતી નહીં થાય એટલે તાત્કાલિક ફાયદો જણાશે પણ તેનાથી ઉભય દંપતીનાં શરીર નિસ્તેજ, કાયમનાં રોગી, ઉદાવર્તજન્યરોગવાળા અને ઓજક્ષયયુક્ત બનશે.

આ લખવા પાછળ અમારો એ આશય નથી કે કુટુંબઆયોજન ન થવું જોઈએ. પણ જે રીતે અત્યારે તે પ્રચારમાં છે તે માનવીનાં આયુષ્યનો ક્ષય કરનાર છે એ નક્કી છે.

આહારની બાબતમાં બીજી એક વાત એ વિચારવાની છે કે આપણે દિવસે દિવસે તૈયાર ખોરાક તરફ વિશેષ ઢળતા થયાં છીએ. તૈયાર ખોરાક અને હોટલ- ફૂડ એ પશ્ચિમના દેશની પદ્ધતિ છે. ત્યાંનાં લોકો એ જાતના ખોરાકથી ટેવાયેલાં છે. તે ઉપરાંત એ ખોરાક પૌષ્ટિક તત્ત્વોવાળો છે કે નહીં તે જાણવા માટે તેની ઉપર વિધિપૂર્વકનું નિયંત્રણ છે. પરિણામે તે જાતના ખોરાકથી તે પ્રદેશના લોકોને ખાસ માઠી અસર જોવામાં આવતી નથી. વળી પશ્ચિમના દેશનો મોટો ભાગ ઉદ્યોગપ્રધાન હોવાને લીધે ત્યાંનાં કારખાનાંઓમાં કામ કરનારને તૈયાર ખોરાક ઉપર નિભાવવું પડે છે.

જ્યારે આપણા દેશમાં તૈયાર ખોરાક તથા હોટલફૂડમાં પૌષ્ટિક તત્ત્વો છે કે નહીં તે માટેનું કોઈપણ પ્રકારનું નિયંત્રણ નથી. બનાવવાની પદ્ધતિ, બનાવનારની સ્વચ્છતા, ખોરાકનાં કાચા દ્રવ્યોની વિશુદ્ધતા વગેરે બાબતમાં કંઈપણ જાતનું નિયંત્રણ ન હોવાથી વેપારની દૃષ્ટિએ વેપારીઓ પ્રજાને ગમે તેવો તૈયાર ખોરાક બનાવીને વેચે છે જે ભારતની પ્રજાને ધીમા ઝેર સમાન છે. પ્રજાનાં સ્વાસ્થ્ય આથી ધીરે ધીરે બગડે છે. જીભના સ્વાદને લીધે માણસ ગમે તેવા ખોરાક માટે અંધ બનીને દોડે છે; કારખાનાંમાં નોકરી કરનાર માણસ સમયના અભાવે બજારમાંથી મળતો ગમે તેવો બજારૂ ખોરાક ખાઈ પેટ ભરે છે. ભૂખ એ એવી વસ્તુ છે કે માણસ કાચું કે પાકું કશું જ જોવા બેસતો નથી કે સમય પણ જોતો નથી. 'ક્ષુધાતુરાણાં ન રુચિર્ન વેલા ।' આથી પરદેશી સંસ્કૃતિનું આંધળિયું અનુકરણ કરીને આપણે આપણાં સ્વાસ્થ્ય બગાડીએ છીએ.

આ માટે આપણા પ્રાંતના–દેશના જાહેર સ્વાસ્થ્ય વિભાગે અત્યારથી જ વિચારવાની જરૂર છે. પ્રજાને શુદ્ધ અને સાત્ત્વિક ખોરાક મળતો રહે એ જોવાની રાજ્ય સરકારની ફરજ છે. આયુર્વેદની આહારપદ્ધતિની રચના વિશેષ પ્રકારની હતી. દરેક ઋતુને અનુકૂળ જ આહારની યોજના થતી. જ્યારે અત્યારે ઉનાળો હોય ત્યારે તો શીખંડ હોય પણ શિયાળાની કડકડતી ઠંડીમાં પણ શીખંડ પૂરીનાં જમણો થાય એ શું સૂચવે છે? આપણી જીહ્વા લોલુપતા કેટલી હદે બગડી છે તે સ્પષ્ટ જણાય છે. ઠંડીની ઋતુમાં જ ઠંડા આહાર કરીએ તો તેથી શરીરમાં શરદીના વિશેષ રોગો થાય. આ પ્રમાણે અહિત અને મિથ્યાહાર વિહારનાં કારણે અનેક રોગો થાય છે અને તેને અટકાવવાના ઉપચાર કરવા જ પડે. એક વાર રોગ પેદા થઈ ગયા પછી તેના ઉપચાર માટે ઔષધ શોધવા દોડવું એના કરતાં રોગ ન જ થાય તેવા ઉપાયો કેમ ન યોજવા !

卐

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૪

સ્નેહી ભાઈશ્રી,

લંડનની મારી પદયાત્રાનું વર્ણન આગળ ચલાવું તે પહેલાં વિલાયતની પ્રજાની તંદુરસ્તીનો ખ્યાલ 'પ્રસ્થાન'ના આરોગ્ય અંક માટે આપું તો તે ઉચિત થઈ પડશે.

વિલાયતની લગભગ સમસ્ત પ્રજાની તંદુરસ્તી ઊંચી કોટિની છે એમ કહું તો તેમાં કશી અતિશયોક્તિ નથી. દેહ છે અને ઉપાધિ આવે એ તો જાણે સ્વાભાવિક છે જ. પરંતુ એ ઉપાધિનું પ્રમાણ જેમ બને તેમ ઓછું રાખવું એ એકદમ સહેલી વાત નથી. વિશાળ જનસમુદાય માટે એવી સ્થિતિ પ્રસ્થાપિત કરવા માટે ભગીરથ પુરુષાર્થની જરૂર પડે છે. કૂદકે ને ભૂસકે આગળ વધતું ઔષધવિજ્ઞાન માનવસમાજની તંદુરસ્તી વધારવામાં અલબત્ત પોતાનો ફાળો આપતું જ જાય છે. પરંતુ કેવળ ઔષધવિજ્ઞાન જ વિલાયતની પ્રજાની ગુલાબી તંદુરસ્તી માટે કારણભૂત નથી; ઔષધ ઉપરાંત બીજાં અનેક તત્ત્વોનો આમાં ફાળો છે.

મારા ૭ મહિનાના વિલાયતના વસવાટ દરમિયાન હું તો જાણે કે નખશીખ તંદુરસ્ત રહ્યો જ હતો, પરંતુ ખરેખરી આશ્ચર્યકારક ઘટના તો મેં એ જોઈ કે આ છ મહિનામાં હું આટલું બધું રખડ્યો છતાં કોઈપણ સ્થળે એકપણ માંદો માનવી જોવાનો પ્રસંગ મને ન સાંપડ્યો તે ન જ સાંપડ્યો! ભારતમાં તો, માત્ર ચોવીસ કલાક માટે પણ, ગમે ત્યાં જઈએ ત્યાં કોઈના ઝીણા તાવની વાત તો કોઈની ઉપરાઉપરી કસુવાવડની વાત, કોઈના પ્રચંડ દમની રામકહાણી, તો કોઈના સ્થાયી હિસ્ટીરિયાનો ચિતાર, કોઈના દયાજનક ઊંટાટિયાની ફરિયાદ તો કોઈની કાયમી શરદીનાં રોદણાં—એમ કંઈ ને કંઈ જોવા-સાંભળવાનું મળે જ!! બીજી બાજુ વિલાયતમાં મને સમખાવા પૂરતી પણ સામાન્ય ગળતા નાકવાળી કે હળવો ઠાંસો સુદ્ધાં ખાતી વ્યક્તિ કદી જ ન અથડાઈ. જ્યાં જુઓ ત્યાં બસ લાલચુંદ અને અલમસ્ત ગુલાબી ગાલ અને થનગન ચાલવાળાં સ્ત્રી પુરુષ અને બાળકોનાં ટોળેટોળાં અથડાતાં મેં જોયાં. મોટી ફાંદવાળા, ખોંખોં કરતા, હાય શું કરું પોકારતા, મારી તો અહદશા બેસે છે એમ રડી ખાતા, કે નિસ્તેજ અને હતાશ થઈને વાતો કરતા માનવીઓ આ સમાજમાં ભાગ્યે જ જોવામાં આવે છે. તો પછી વિલાયતની પ્રજાની આવી મખમલ તંદુરસ્તીનું રહસ્ય શું છે?

પહેલું રહસ્ય તો એ છે કે વિલાયતની પ્રજા ઉપર કુદરતની રહેમ છે. ત્યાંની હવા જ એવી ગુલાબી છે કે જાણે આખો દેશ એક સુંદર હિંદી હીલ સ્ટેશન જેવો દેખાય છે. લંડન જાવ કે લીવરપુલ જાવ, એડીનબરો જાવ કે લિમિંગ્ટન સ્પા જાવ, હેરોગેટ જાવ કે બક્સ્ટન જાવ—મતલબ કે દેશના કોઈપણ ખૂણામાં જાવ તોયે એમજ લાગે છે કે જાણે આપણે ઉતાકામંડ, મહાબળેશ્વર, સીમલા કે દાર્જીલિંગમાં જ ફરતાં ન હોઈએ! "જે ન કરે દવા તે કરે હવા" એવી કહેવતની યથાર્થતા અનુભવવા આપણે ભારતમાં તો આવાં હીલસ્ટેશનો

ઉપર જવું પડે છે ત્યારે વિલાયતની પ્રજાને તો ઘેર બેઠાં જ ગુલાબી હવાની ગંગાનો લાભ મળે છે. આ કંઈ નાનોસૂનો લાભ ન કહેવાય.

પરંતુ ગુલાબી હવાને ગુલાબી જ રાખવામાં માનવપુરુષાર્થની પણ જરૂર રહે છે. ઔદ્યોગિક ક્રાંતિ બાદ કારખાનાંઓનાં ભૂંગળાંમાંથી સતત વેરાતા વાયુઓથી વિલાયતની હવા દૂષિત તો બનેલી છે જ. તેમ છતાં એકંદરે હવા ઘણી ચોખ્ખી રહે છે અને ત્યાંની પ્રજા પણ હવાને ચોખ્ખી રાખવી એ પોતાની પવિત્ર ફરજ છે એમ માનીને જ વર્તે છે. વિલાયતમાં સ્વચ્છતાનું ધોરણ ઘણું ઊંચું છે. રસ્તા ઉપર કોઈ થૂંકતું નથી, હાજત કરવા બેસી જતું નથી કે કોઈપણ પ્રકારનો કચરો પણ ફેંકતું નથી. આવી બધી ગંદકીનું નિર્દિષ્ટ સ્થળોએ જ વિસર્જન કરવામાં આવે છે. વળી સતત વર્ષાને લીધે ધૂળના રજકણો ઊડવાની ઘટના પણ બનતી નથી તેથી રોગનાં જંતુઓ ત્યાં ધૂળ દ્વારા ફેલાતાં નથી. દમના રોગ માટે તો એક મિત્રે મને ભારપૂર્વક જણાવ્યું કે આવા રોગીએ ધૂળનો એક પણ ગોટો શ્વાસમાં ભરાવા દેવો ન જોઈએ કારણ કે ધૂળના રજકણોથી જ દમ ઉગ્ર સ્વરૂપ પકડે છે. હવાને ચોખ્ખી રાખવા લોકો ઠેરઠેર લીલોતરી પણ ઉગાડે છે. દરેક જણ પોતાના ઘરના પટાંગણમાં કે પાર્શ્વભાગમાં નાનકડો બાગ બનાવવામાં ગૌરવ લે છે અને મહેમાનોને દેખાડવાની વસ્તુઓમાં આ બાગનો પણ સમાવેશ થાય છે.

હવા પછી પાણીની સ્વચ્છતા માટે પણ પ્રજા ઘણી જાગ્રત રહે છે. ઠેરઠેર વૉટરવર્કસ હોય છે અને ત્યાં પાણીને પ્રજાના વપરાશમાં જતાં પહેલાં પૂરેપૂરું ચકાસી જોવામાં આવે છે. પાણી એવું ચોખ્ખું હોય છે કે તેને ગાળ્યા વગર સીધેસીધું નળમાંથી ગ્લાસમાં લઈને પીવામાં કશો જ વાંધો આવતો નથી. ત્યાંની પ્રજા ઝરણાં, નદી, તળાવ, સરોવર કે કૂવાનું પાણી આપણી જેમ સીધેસીધું કદાપિ પી લેતી નથી. વૉટરવર્કસ દ્વારા શુદ્ધ થયેલું અને પીવા માટે પ્રમાણિત જાહેર કરાયેલું જ જળ તેઓ સ્વીકારે છે. હોટલોમાં અને રેસ્ટોરાંઓમાં પણ આપણી હોટલોના જેવી અંધાધૂંધી પાણીની બાબતમાં હોતી નથી. પાણી પીવાના ગ્લાસ તથા પ્યાલા રકાબી ઘણી જ ચોકસાઈથી જંતુમુક્ત (સ્ટરીલાઈઝ) થાય એવી રીતે ધોવામાં આવે છે અને ધોઈને સ્વચ્છ વસ્ત્રથી કોરા પણ કરવામાં આવે છે. ધોવા માટે ઊકળતું પાણી અથવા વરાળ વાપરવામાં આવે છે તેથી આપણા ટેબલ ઉપર જ્યારે ખાલી ડીશ મૂકવામાં આવે છે ત્યારે જો તેને અડકીએ તો દાઝી ઊઠીએ એવી તે ગરમાગરમ હોય છે; અલબત્ત બધાં સ્થળોએ આવું ઊંચું ધોરણ નથી પણ હોતું, છતાં એકંદરે આપણી હોટલોની સ્વચ્છતા અને વિલાયતની હોટલોની સ્વચ્છતા વચ્ચે આસમાન જમીનનો તફાવત હોય છે. એકબીજાના પીધેલા ગ્લાસોમાંથી જ રોગોનો બહોળો ફેલાવો થાય છે એ જ્ઞાન ત્યાંની પ્રજાને સારી પેઠે પચી ગયેલું છે તેથી આ વિશે તેઓ બહુ જ જાગ્રત રહે છે. દારૂ પીવાની પ્યાલીઓ પણ કોરી કડકડતી જ આપવામાં આવે છે. ભીના ગ્લાસ, ભીના પ્યાલા રકાબી કે ભીની ડીશો પ્રત્યે ત્યાં બધાને ખૂબ સૂગ હોય છે તેથી આપણી હોટલોની જેમ એઠું વાપરેલું વાસણ જરાક લૂછીને બીજાને ભીનુંભીનું જ પીરસવા જેવી સ્થિતિ ત્યાંનું આરોગ્યખાતું નભાવી લેતું નથી. સ્વચ્છતાની ખામી બદલ હોટલોને મોટા મોટા દંડ ભરવા પડે છે. જાહેર આરોગ્યને જોખમમાં મૂકે તેવા દરેક કૃત્ય બદલ ઘણી કડક સજા કરવામાં આવે છે.

આરોગ્યના આ બે મહત્ત્વના પાયા હવા અને પાણી વિશે વિલાયતની પ્રજા અને સરકાર બન્ને પૂરેપૂરા જાગ્રત છે તેથી જાહેર તંદુરસ્તીનો પચાસ ટકા હિસ્સો તો આ બે તત્ત્વો જ પૂરો પાડે છે. પછીનો મહત્ત્વનો પાયો છે ખોરાક. અને તે વિશે પણ ત્યાંની પ્રજા ખૂબ જ જાગ્રત છે. આપણે ત્યાં થાળીમાં મૂકેલી એકાદ વાનગી—ખાસ કરીને ફરસાણ—ખૂબ સ્વાદિષ્ટ લાગે છે ત્યારે, બીજું બધું પડતું મૂકીને તે જ ઠોકે રાખવાની વૃત્તિ બહુ જ તીવ્ર હોય છે. ભજિયાં કે ભૂસું, ખમણ કે પાતરા, પેટીસ કે બટાકાવડા હાથમાં આવ્યા એટલે બસ નિરંકુશ રીતે ઠોકે રાખવા, અને પછી બીજે દિવસે 'સાલા નડયા' 'સાલી પેટમાં ખૂબ ચૂંક આવે છે' 'પેટમાં બળતરા થાય છે—લ્હાય લ્હાય બળે છે' 'રાત્રે ચાર વખત જવું પડયું'—એવી ફરિયાદ કરવી એ તો અતિસામાન્ય ઘટના છે. વિલાયતની પ્રજા આવી નિવાર્ય ફરિયાદોથી પૂરેપૂરી મુક્ત છે. એ લોકો ખોરાકની બાબતમાં સ્વાદ કરતાં તેની પથ્યા-પથ્યતાને વધુ મહત્ત્વ આપે છે.

તેમની રસોઈ ફિક્કી હોવાની ફરિયાદ હું મનમાં ને મનમાં સતત કરતો હતો પરંતુ તે રસોઇ પથ્ય નથી એવું તો કદાપિ કહી શકાય તેમ નથી. બધી વાનગીઓ ત્યાં પ્રમાણસર જ ખાવામાં આવે છે. ભાવે તે ચીજ વધારે ખાવી અને ન ભાવે તે ઓછી ખાવી એ તો શરીરના એક અંગના ભોગે બીજા અંગને પોષીને તેનો બેડોળ વિકાસ કરવા જેવું ગેરડહાપણભરેલું છે એવી સમજ ત્યાંની પ્રજામાં બચપણથી જ કેળવાયેલી હોય છે. આપણાં પાઠયપુસ્તકોમાં પણ દૂધની બાટલી, તાજાં શાકભાજી, ફળ, ઇંડાં, માછલી વગેરે પોષક ખાદ્ય પદાર્થોનાં રંગબેરંગી ચિત્રો સારી રીતે છાપવામાં આવે છે અને ભજિયાં પાતરાનાં ચિત્રો કદાપિ છાપવામાં આવતાં નથી છતાંયે પથ્ય ખોરાકની બાબતમાં આપણું આચરણ 'પોથીમાંના રીંગણા' જેવું જ રહે છે. બહુ બહુ તો આપણે બોલવા ખાતર "વિટામિન" શબ્દનો ઉપયોગ છૂટથી કરીએ છીએ પરંતુ આપણે એ વિશે સભાનતા નથી કેળવતા કે ચોક્કસ પ્રમાણમાં ગૂંથાયેલા પંચમહાભૂતમાંથી બનેલા આપણા દેહના સર્વાંગી અને સુપ્રમાણ વિકાસ માટે આપણા ખોરાકનું સંકલન પણ વિવિધ પોષકતત્ત્વોને ચોક્કસ પ્રમાણમાં લઈને જ કરવું આવશ્યક છે. આપણા ખોરાકનો ઝોક સ્ટાર્ચ અને તેલી પદાર્થો તરફ વિશેષ હોય છે અને પ્રોટીન તત્ત્વ પ્રત્યે આપણે સદંતર બેદરકારી રાખીએ છીએ તે હકીકત વિલાયતના લોકોને તો ખૂબ જ નવાઈ ભરેલી લાગે છે.

"તમે માંસ, મચ્છી અને ઇંડાં કદાપિ નથી ખાતા તો પછી જીવતા જ કેવી રીતે રહી શકો છો? જીવાદોરી માટે અનિવાર્ય એવું પ્રોટીન તત્ત્વ તમે શેમાંથી મેળવી લો છો?" એવું આશ્ચર્ય વિલાયતના લોકોને શાકાહારીઓ સાથે વાતો કરતાં થયા વગર રહેતું નથી. આપણે તેમને કહીએ છીએ કે "દૂધ, દહીં, દાળ, વાલ, કઠોળ, મગફળી, કાજુ, બદામ જેવા પદાર્થોમાંથી અમને પૂરતું પ્રોટીન મળી રહે છે" ત્યારે તેઓ આપણા નાજુક સ્નાયુઓ પકડવાની ચેષ્ટા કરીને પૂછે છે "યુ સેર્ટ યુ ડીરાઇવ ઇનફ પ્રોટીન ફ્રોમ ધીસ થીન્ગ્સ. બટ લુક. ઈઝ ઇટ ઇનફ?" અને એટલું કહીને સ્નાયુ ઉપરનો ચીમટો "છોડ બાપલિયા" જેવી ચીસ પડાવે તેવો કડક કરી મૂકે છે! આપણને ત્યારે ભાન થાય છે કે જીવાદોરી એટલે ખરેખર શું! શ્વાસ ચાલુ રાખવો એ જ માત્ર જીવન નથી. જીવન એટલે તન અને મનનો તરવરાટ અનુભવવો, થનગનાટ અનુભવવો, આનંદ અને ઉત્સાહ અનુભવવો!

નિરામિષ આહારમાંથી આવો તરખાટ હરગીઝ પ્રકટે તો છે જ પરંતુ તેને માટે ખાસ પ્રયત્ન કરવો પડે છે. પુષ્કળ દૂધ પીવું પડે છે અને તે પચાવવા પુષ્કળ વ્યાયામ પણ કરવો પડે છે. બીજી બાજુ સામિષ આહાર કશા જ ખાસ પ્રયત્ન વગર મજબૂત સ્નાયુઓ ઘડે છે. કાચાં ઈંડાં અને માછલીનાં પ્રોટીનો શરીર ઘણી સહેલાઈથી હજમ કરી શકે છે, જ્યારે કાચા વાલ, દાળ, મગફળી, બદામ અને કઠોળનાં પ્રોટીનો પચાવવા એ લોખંડના ચણા પચાવવા જેવું છે. દૂધ પણ અધિક પ્રમાણમાં લેવાં જતાં પચાવવું મુશ્કેલ પડે છે અને મોંઘું પણ પડી જાય છે. દહીં અને પનીર (ચીઝ) અલબત્ત પચાવવાં સહેલાં છે. પરંતુ તે પણ મોંઘાં છે. બીજી બાજુ માછલાં સસ્તાં હોય છે અને તેથી જ આપણો 'દુબળો' ગણાતો વર્ગ માછલાં ખાતાં અચકાતો નથી અને 'દુબળાં' નામ ધરાવતો હોવા છતાં સશક્ત રહી શકે છે. આપણા શાકાહારી ખોરાકમાં પ્રોટીન તત્ત્વનું પ્રમાણ ઓછું હોવાથી સ્નાયુઓમાં રહેલું રીઝર્વ પ્રોટીન બહુ ખર્ચાઈ જાય છે તેથી આપણને માંસાહારીઓ કરતાં નબળાઈનો હલ્લો ઘણો જલદી લાગુ પડી જાય છે.

અલબત્ત સામિષ-નિરામિષની આ ચર્ચા ભારતવાસીઓ માટે અને તેમાંયે ખાસ કરીને ગુજરાતીઓ માટે ઘણી જ અણગમતી હોય છે. છતાં હવે એવો કપરો સમય આવી પહોંચ્યો છે કે ખોરાક વિશેના આપણા ખ્યાલોમાં પરિવર્તન કરવું આવશ્યક છે. આપણે જાતે સમજીને આવું પરિવર્તન નહિ કરીએ તો યુગબળ કરાવ્યા વગર નહિ જ છોડે. અનાજની તંગી એ આખા એશિયાનો સળગતો પ્રશ્ન છે. જે મળે તે ખાતાં આપણે નહિ શીખીએ તો ભૂખે મરવાનો વારો પણ આવશે જ. એશિયાના બીજા દેશોને તો માંસમચ્છી અને ઈંડાં સ્વીકાર્ય છે—અહિંસાવાદી બૌદ્ધોને સુદ્ધાં! પરંતુ ભારતમાં અને તેમાંયે ખાસ કરીને ગુજરાતીઓમાં અને તે પણ ઉચ્ચ વર્ણના ગણાતા હિંદુ ગુજરાતીઓમાં આ વાત સદીઓથી સદંતર અસ્વીકાર્ય બની રહેલી છે, કારણ કે આજસુધી આપણને આપણો ખોરાક સત્વર જ કર્યો છે. એ જ્યારે નહિ મળે ત્યારે આપણે નવેસર વિચારણા કરવી જ પડશે! સર સ્ટેફર્ડ ક્રીપ્સે એક વખત ગાંધીજી પાસે પુરવાર પણ કરી આપ્યું હતું કે માનવી માત્ર જન્મથી જ ખિલાહારી છે!—એ અર્થમાં કે માતાનું ધાવણ એ કોઈ ભાજીપાલો નથી, બધાં જ દૂધ પ્રાણીના શરીરમાંથી 'લૂંટવાં' પડે છે, એ કોઈ છોડ ઉપરથી દોહવાતાં નથી! કેટલીક હિંસા સીધે-સીધી ખૂની હોય છે અને કેટલીક હિંસા પરોક્ષ રીતે ખૂન ચુસનારી હોય છે! આ કારણે ગાંધીજીએ એક સ્થળે દૂધને પણ "શુદ્ધ માંસ" તરીકે વર્ણવ્યું છે!

જેના ખોરાકનાં બંધનો અને ભૂતો (ઓબ્સેસન્સ) છૂટી ગયાં છે અને જેનું સ્વીકાર્ય વસ્તુઓનું ક્ષેત્ર વિશાળ બની ગયું છે તેવી વિલાયતની પ્રજાને પોતાના દૈનિક આહારમાં પોષક તત્ત્વોનું પ્રમાણ પાઠ્ય પુસ્તકોમાં આપ્યું હોય છે તેવું જ સાચવવામાં કશી મુશ્કેલી પડતી નથી અને તેથી તેમની તંદુરસ્તી પણ સમતોલ રહે છે. 'હાયપમ લાકડી અને પેટ ગાગરડી' જેવું સ્વરૂપ ધરાવનાં બાળકો, લચી પડેલાં પેટવાળી સ્ત્રીઓ કે પીપ જેવા પુરુષો, જેટલા પ્રમાણમાં આપણે ત્યાં જોવામાં આવે છે તેના હજારમા ભાગ જેટલા પણ વિલાયતમાં નજરે પડતાં નથી! ખાસ કરીને બાળકો, યુવાનો અને યુવતીઓ તો ખૂબ જ સુદૃઢ

શરીરવાળાં હોય છે. મધ્યમવયી અને વૃદ્ધ સ્ત્રી પુરુષોમાં કોઇ કોઇ બેડોળ શરીરવાળા નમૂના દેખાય છે ખરા, પરંતુ એકંદરે સમસ્ત પ્રજા સપ્રમાણ દેહ ધરાવતી હોય છે. આને માટે 'બેલેન્સ્ડ ડાયેટ' જ જવાબદાર છે. દરરોજ સવારે નાસ્તામાં કોર્નફ્લેક્સ અને દૂધ, ઇંડાં, પાઉં અને માખણ અને બપોરે તથા રાતના ભોજનમાં સૂપ, પાઉંભરકો, માંસ કે મચ્છીની એકાદ વાનગી, બાફેલા અને કાચાં શાકભાજી અને સેલેડ, પુડીંગ કે ટાર્ટ જેવી મીઠાઇ કે તાજાં ફળ વિલાયતની સમસ્ત પ્રજા યથાશક્તિ ખાય છે જ. તેમના ખોરાકમાં તળેલી વસ્તુ ભાગ્યે જ જોવામાં આવે છે—સિવાય કે પોટેટો ચીપ્સ! અને આપણને તો આ પોટેટો તોબા પોકરાવે છે, પછી તે તળેલા હોય કે બાફેલા, આખા હોય કે છૂંદેલા!

આપણા ખોરાકમાં તેલ, મરચું, આમલી, ગરમ મસાલા હદ ઉપરાંત વપરાય છે. આપણે તળેલી વસ્તુઓ વધારે પડતી ખાઇએ છીએ. આપણાં ચટણી અથાણાં બહુ ઉગ્ર હોય છે. આપણે કઠોળ અને ફરસાણ પણ ભારે પ્રમાણમાં ખાઇએ છીએ અને પ્રોટીનયુક્ત પાચ્ય પદાર્થો અપૂરતા પ્રમાણમાં ખાઇએ છીએ. પરિણામે આપણા શરીરની પાચનક્રિયા શિથિલ થતી જાય છે; અપચો, માથાનો દુખાવો, ગેસ, ખાંસી, કળતર કે વા જેવો એકાદ રોગ દેહમાં કાયમ ઘર કરી બેસે છે અને તેને મટાડવા ખોરાકમાં સુધારો કરવાને બદલે આપણે દવાના પંથે પડીએ છીએ. આ બધા રોગો અટકાવી શકાય તેવા છે—ખોરાકને 'બેલેન્સ્ડ' બનાવવાથી. પણ આપણે નાના રોગ પ્રત્યે નિષ્કાળજી સેવીએ છીએ અને પછી મોટા રોગને નોતરીએ છીએ.

વિલાયતના લોકો રોગની બાબતમાં મક્કમપણે "પ્રીવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર"ની નીતિમાં માનતા હોય છે. શરીરમાં નાનામાં નાની વિકૃતિ પણ દેખા દે છે કે તરત જ તેઓ આળસ છોડીને તેને વધતી અટકાવવા પ્રયત્નશીલ બની જાય છે. તંદુરસ્તીની સાચવણીમાં તેઓ ગફલત કરતા નથી. જીભના ચટાકાને વશ થઇ જઇને "ખાઇ લો આજે, કાલે જોઇ લઇશું" એવો ચાન્સ તેઓ લેતા નથી. શાકભાજી મેવાને ગરમ પાણી કે પર્મેન્ગેનેટનાં દ્રાવણથી ધોઇને પછી જ ઉપયોગમાં લે છે કે જેથી જંતુજન્ય રોગો શરીરમાં હલ્લો ન કરી બેસે. સ્મોલપોક્સ, કોલેરા, ટાઇફોઇડ જેવા કેટલાક જીવલેણ રોગોને તો તેમણે આવી સાવચેતી રાખવાથી કાયમનો દેશવટો દીધેલો છે. દરેક વ્યક્તિ આવા રોગોથી બચવા વખતસર વેક્સીનો અને ઇન્જેક્શનો લઇ લે છે. તેમાં આળસ રાખતા જ નથી. ઘર, બાગ, રસોડું, સંડાસ, વગેરે દરેક સ્થળ ખૂબ ચોખ્ખું રાખીને માંકડ, મચ્છર, વાંદા, માખી જેવા ન્યુસન્સ રૂપ જીવડાંઓને પણ આ લોકોએ દેશવટો આપેલો છે.

એકવાર મેં મિસિસ જ્હોનસનને કહ્યું કે "ગઇકાલે રાત્રે મને મચ્છર કરડતા હોય તેવું લાગેલું" ત્યારે તેણે જવાબ આપેલો કે "નોનસેન્સ, આ દેશમાં મચ્છર છે જ ક્યાં કે તમને કરડવા આવે! જરા જોજો પથારીમાં કંઇ અણીદાર વસ્તુ લઇને તો સૂઇ નહોતા ગયા ને!" અને ખરેખર તેમ જ બન્યું હતું!—મારા બોરટીય કલીપરની સ્ટેપલો પથારીમાં રાત્રે વેરાઈ હશે તે ઊંઘમાં ઘોચાયા કરતી હતી અને હું વિલેપાર્લેમાં સૂતો છું એવું માન્યું હશે તેથી મેં મચ્છર કરડવાની કલ્પના કરી હતી! પણ મિસિસ જ્હોનસન તેના દેશને બટ્ટો લગાડવા દે તેવી નહોતી. એકવાર રસોઇ વિશે પણ મેં ટીકા કરેલી ત્યારે તેણે તાબડતોબ જવાબ આપેલો કે "રીમેમ્બર,

મિ. ગાંધી, લેંકેશાયર ફુડ ઇઝ ધી બેસ્ટ ફુડ ઇન ધી વર્લ્ડ!" અને મેં મનમાં ને મનમાં જ જવાબ આપેલો કે "હા, બાપા, હા, તમારું બધું જ બેસ્ટ છે. ફક્ત એક સુરતી ભોજનનો ટેસ્ટ કરવાનું તમારું નસીબ જ બેસ્ટ નથી, તેથી આ રોજના ફરાળી ભોજનને તમે બેસ્ટ માનો છો. ભલે માનો ને ખુશ રહો!"

રોગને વખતસર અટકાવવા વિલાયતના લોકો રોગનાં જરા જેટલાં ચિહ્નો દેખાતવેંત ડૉક્ટર પાસે દોડે છે. આપણી જેમ ઘરના ઉપાયો દિવસોના દિવસ સુધી કર્યા પછી થાકીએ છીએ અને છેવટે ડૉક્ટર પાસે જઇએ છીએ તેવું એ લોકો થવા દેતા નથી. દાંત દુખવા આવે કે તરત ડેન્ટિસ્ટને મળીને તેનો ઉપચાર કરે છે અને ડેન્ટિસ્ટ દાંત કઢાવી નાખીને ચોકઠું કરાવવાની સલાહ આપે છે ત્યારે તે આપણા જેવી દોઢડાહી દલીલો કરવા બેસતા નથી. હોમિયોપથી, એલોપથી, આયુર્વેદ કે યુનાનીના ગુણદોષની ચર્ચા બાજુએ રાખી પોતાના ડૉક્ટરની સલાહ શિરોમાન્ય ગણીને તરત જ દાંત કઢાવી નાખે છે કારણકે તેઓ પૂરેપૂરું સમજે છે કે મોઢામાં સડો સંઘર્યા કરવો તે ઝેરી સાપ પાળવા બરોબર છે. આ બધાં ઝેર દરરોજ ખોરાક સાથે ભળીને પેટમાં જઇને વધારે હાનિ પહોંચાડે તેના કરતાં બહેતર છે કે બોખા બની જવું પણ સ્વચ્છ બની જવું. આવી જ રીતે આંખે ચશ્મા આવતા હોય ત્યારે તે રૂપાળા લાગશે કે નહિ તેની ફિકર કર્યા વગર પહેરવા શરૂ કરી દેવામાં જ એ લોકો ડહાપણ માને છે. કાનમાં પણ બહેરાશના મંડાણ થતાં વેંત અંદરનું મીણ ખોતરાવવાનો અથવા તો શ્રવણસાથી (હીયરીંગ એઇડ) ખરીદવાનો ઉપાય એ લોકો તરત જ કરી નાખે છે, કારણકે આંધળે બહેરાં કુટાઇને બીજાં મોટાં અનિષ્ટો નોતરવાને બદલે આ નાનાં અનિષ્ટો સ્વીકારી લેવાં સારાં.

આ જ પ્રમાણે આ લોકો માને છે કે પેટમાં મળ કે છાતીમાં કફ એકઠો થવા દેવો જ નહિ. ગમે તેવા પ્રયત્નો કરીને પણ તેને હાંકી તો કાઢવો જ કે જેથી તેનું જોર શરીરમાં જામી ન જાય અને વધારે સડો ન પહોંચાડે. પેટમાં સુકાટ થતો અટકાવવા ગરમ પાણી, ફ્રુટસોલ્ટ, લીકવીડ પેરાફીન કે મોસંબીનો રસ વખતસર લઇ લેવો, કફને ફેફસાંમાં સુકાઇ જતો અટકાવવા કફ સીરપ (કે આપણાં મધ અને સીતોપલાદિ ચૂર્ણ) વખતસર લઇ લેવું, કંઇ પણ ઇજા થતાં વેંત જંતુનાશક મલમ લગાડી દેવો—આવી આવી તકેદારી રાખવાને લીધે અને ખોરાકમાં સમતુલા રાખવાને લીધે વિલાયતના લોકો માંદગીને ખૂબ દૂર રાખે છે. શરીરમાં વાત, કફ, પિત્ત, બધકોશ, પરુ કે પાયોરિયાને સ્થગિત ન થવા દેવા અને રાત્રે સુતાં પહેલાં શરીર અંદરથી તેમજ બહારથી પૂરેપૂરું ચોખ્ખું કરી નાખવું એ જ તંદુરસ્તી માટેનો સામાન્ય સમજનો કીમિયો છે અને તે આ લોકો બરાબર રીતે અજમાવે છે.

હવા, પાણી ખોરાક, સ્વચ્છતા તેમજ અટકાયતી ઉપાયો વિષે કાળજી રાખવાથી વિલાયતના લોકો માંદગીને દૂર રાખે છે એટલું જ નહિ, પણ તંદુરસ્તીનો વિકાસ કરવા તરફ પણ તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. આને માટે તેઓ વ્યાયામને પણ જીવનમાં મહત્ત્વનું સ્થાન આપે છે. ક્રિકેટ, ટેનિસ, હોકી, ફૂટબોલ, તરવું, સાઇકલ ઉપર દૂર દૂર સવારી લઇ જવી—વગેરે વગેરે પ્રકારની કસરતોમાં દરેક યુવક યુવતી રસ ધરાવતાં હોય છે. કેરમ પત્તાં રમવાં અને ગામગપ્પી કરવી એ જ તેમની ફાજલ સમયની પ્રવૃત્તિઓ નથી હોતી. વ્યાયામ

વાચન અને સંગીતની સાધનામાં આ લોકો સારો જેવો ફાજલ સમય ખર્ચે છે. વ્યાયામ ઉપરાંત માલીસ પણ તંદુરસ્તી વધારવા માટે એક અકસીર સાધન છે. વળી વિલાયતનું સ્નાન (ટબ બાથ) ખૂબ જ તાઝગી આપનારું હોય છે. ગરમ પાણી ભરેલા ટબમાં અધી કલાક પડી રહેવાથી થાક અને રોગ દૂર ભાગે છે અને શરીર હથોડી ઠોકેલા તબલા જેવું ચેતનવંતું ('ફિટ લાઈક એ ફીડલ') બની જાય છે.

તંદુરસ્તી વધારનાર સૌથી મોટું ઔષધ તો આનંદી સ્વભાવ છે અને વિલાયતની પ્રજા ખૂબ આનંદી છે. વાતચીતમાં "સેન્સ ઓફ હ્યુમર" હોવી એ તો એ લોકોની એક ખૂબ પ્રશંસનીય ખાસિયત છે. વિનોદનું વાતાવરણ બરાબર જામતું ન હોય તો સ્પોર્ટિંગલી પોતાની જ કોઈ નબળાઈનું પ્રદર્શન કરીને પણ (એટ ધેર ઓન કૉસ્ટ) એ લોકો સામી વ્યક્તિને ગેલમાં લાવવા મથે છે. ઓફિસમાં ગંભીર દેખાતી વ્યક્તિઓને ઓફિસની બહાર ખૂબ જ મોજિલી થતી પણ મેં ઘણે સ્થળે જોયેલી છે. એક વાર મારા આશ્ચર્ય વચ્ચે એક મોટા સાહેબ બોલી ઊઠેલા કે "હું તો મારી પત્નીનો એક પાળેલો બકરો છું." અને તેના જવાબમાં તેમની પત્નીએ ઉમેરેલું કે "અને એ બકરો ખવાડી પીવાડીને એવો માતંગ બનાવેલો છે કે મારા જેવી વાઘણ પત્નીને પણ વશમાં રાખી શકે છે. એ તો એના ખાટકીને પણ ખાઇ જાય તેવો છે તેથી એ બકરો કદાપિ કપાવાનો નથી જ તેની ખાત્રી રાખજો!" આવી રમૂજ પોતાના ભોગે કરનાર પ્રજા પછી ખરેખર વાઘણ અને માતંગ બકરા જેવી તંદુરસ્ત હોય તો તેમાં નવાઇ પામવા જેવું શું છે!

વિલાયતની પ્રજાની તંદુરસ્તીનું આ ગુલાબી ચિત્ર એકાએક આકાશમાંથી ટપકી પડેલું નથી. એ લોકો પણ એક સમયે આપણી જેમ અજ્ઞાન અને વહેમ, આર્થિક સંકડામણો અને ઝીંટવેર્દામાં ગળાડૂબ ખૂંપી ગયેલા હતા. પરંતુ પ્રગતિ સાધવાની તકો તેમને આપણા કરતાં ઘણી વહેલી પ્રાપ્ત થઇ તેથી તેઓ આપણા કરતાં ઘણી બાબતોમાં આગળ વધી ગયેલા છે. આપણો વિકાસ દેશની ગુલામીને લીધે રૂંધાયો હતો જ્યારે તેમનો વિકાસ સામ્રાજ્યની લખલૂંટ આવકમાંથી સધાયો હતો એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે જ. પરંતુ હવે સ્વતંત્ર થયા બાદ જો આપણે આપણો વિકાસ ઝડપથી નહિ સાધીએ તો તેનો દોષ બીજા કોઇને દઇ શકીશું નહિ. બીજી પ્રજાઓને ભોગે કહો કે તેમની પોતાની અક્કલ હોશિયારીથી કહો પણ એક વાત તો નિશ્ચિત છે જ કે વિલાયતમાં કલ્યાણ રાજ્ય (વેલ્ફેર સ્ટેટ)નાં મંડાણ થઈ ચૂકેલાં છે. રાજ્યની સંપત્તિ કેવળ રાજકુટુંબ અને અમીર-ઉમરાવોના અમનચમનમાં વેડફાઈ જવાને બદલે સમસ્ત પ્રજાના કલ્યાણ માટે વાપરવામાં આવે છે અને તેથી જ ત્યાંની પ્રજાનું જીવનનું ધોરણ દિનપ્રતિદિન ઊંચું ને ઊંચું ચડતું જાય છે.

આપણે ત્યાં હજી ગરીબી એવી ભયંકર છે કે વિલાયતની વાતો અહીં લાગુ પાડવાનો પ્રયત્ન સુદ્ધાં કરવો તે ક્રૂર મશ્કરી જેવું લાગે તેમ છે. જ્યાં લોકોને બે ટંક પૂરું ખાવાનું પણ મળતું નથી તેમજ સ્નાન તથા સ્વચ્છતા માટે બે બાલદી પાણી પણ મળતું નથી ત્યાં પણ 'બેલેન્સ્ડ ડાયેટ' અને 'ટબ બાથ'ની વાત હાસ્યાસ્પદ લાગે તેમ છે. દાંતનાં ચોકઠાં, ચશ્મા કે 'હિયરીંગ એઇડ' મેળવવાની ઇચ્છા તો અહીં પણ સૌકોઈને હોય છે જ. છતાં તે બધું કરોડો માનવીઓના ગજા બહારનું છે. તેથી આપણું સૌથી પહેલું કાર્ય તો દેશને

જે અસાધ્ય ગરીબીનો રોગ લાગુ પડ્યો છે તેનું નિવારણ કરવાનું છે. છત્રીસ કરોડની વસ્તીવાળા અને સદીઓની ગુલામીમાંથી હજી હમણાં જ મુક્ત થયેલા દેશમાં કલ્યાણ રાજ્ય સ્થાપવાનું કાર્ય સહેલું તો નથી જ—પરંતુ હવે તે અશક્ય પણ નથી જ. આજે સમાજવાદ અને વિજ્ઞાનનો વિકાસ એવી કક્ષાએ પહોંચ્યો છે કે આ ભગીરથ કાર્ય પણ જરૂર પાર પડશે જ.

ગરીબીને દૂર કરવાની ઝુંબેશમાં મહાઅંતરાય રૂપ બનીને બેઠેલાં વહેમ અને અજ્ઞાનને આપણે પહેલાં તો દૂર કરવાં પડશે. ગરીબી એ કંઇ ગુન્હો નથી પરંતુ ગરીબીના નામે અજ્ઞાનમૂલક વહેમો પોષ્યા કરવા આપણને પરવડે તેમ નથી. આપણાં ખાનપાન, સ્વચ્છતા, વિવાહ, લગ્ન, સંતતિ, બાળઉછેર, શિક્ષણ, સુશ્રૂષા વગેરે વિશેના ખ્યાલોમાં ધરખમ ફેરફારો કરવા જ પડશે અને તે દરેકમાંથી વહેમનું તત્ત્વ નાબૂદ કરવું પડશે. આપણા ઘણા રોગો તો ગરીબી કરતાં અજ્ઞાનને વધારે આભારી છે. મને યાદ છે કે વડોદરાના અતિધાર્મિક વાતાવરણમાં શૌચ માટે જઇ આવ્યા પછી દરેક વખતે નહાવાનું કે 'કોગિયું' કરવાનું ફરજિયાત હતું અને આ મુશ્કેલીમાંથી બચવા હું ઘણીયે વાર શૌચ માટે જવાનું જ માંડી વાળતો હતો! અને તેની અસર પાચન ઉપર થયા વગર નહોતી જ રહેતી. મારા સદ્ગત બંધુ શ્રી. ચતુરભાઇ પણ ધાર્મિક વૃત્તિથી એટલા બધા રંગાયેલા હતા કે સ્નાન તો તેઓ કદાપિ પડતું ન જ મૂકે. સખત તાવ હતો છતાં તેમણે સ્નાન કરી નાખ્યું અને પછી તરત જ તે તાવે ડબલ ન્યુમોનિયાનું સ્વરૂપ પકડી લીધું. તેમના તાવની ખબર આપતો તેમના જ હાથનો લખેલો પત્ર હું મુંબઇમાં વાંચી રહ્યો હતો ત્યારે તો તેઓ વડોદરામાં ચિંતા ઉપર ચઢી ચૂકેલા હતા! ૩૪ વર્ષની ભરયુવાન વયે આવું અકાળ અવસાન કુટુંબમાં સૌકોઇને હચમચાવી મૂકે તેવું હતું. અને તમને યાદ હશે કે મેં તે વખતે 'કિશોર'માં "અકાળ અવસાન—પ્રારબ્ધ કે ગફલત?" નામનો એક લેખ પણ પ્રસિદ્ધ કર્યો હતો. એવા ઉપરાછાપરી બનેલા પ્રસંગોએ મારા મગજમાં ટકી રહેલાં વહેમનાં બધાં જ જાળાં ખંખેરી નાખ્યાં હતાં અને હું ધાર્મિક મટીને 'રેશનાલિસ્ટ' બનતો ગયો હતો.

ભારતનો બીજો મહાન પ્રશ્ન છે વધતી જતી વસ્તીનો. આ પણ અજ્ઞાનનું જ પરિણામ છે. હરિની ઇચ્છા અને ભગવદ્કૃપાના નામે નિરંકુશ રીતે રજન સંતાનોને જન્મ આપવો અને પછી તેમને ઉછેરવામાં પોતે હેરાન થવું અને બીજાને હેરાન કરવા એ સ્થિતિ પણ ગરીબી કરતાં અજ્ઞાનને વધારે આભારી છે. એને માટે ગરીબીને દોષ દેવો એ ગેરવ્યાજબી છે. એવી સ્થિતિને કલ્યાણરાજ્ય પણ કેવી રીતે પહોંચી વળી શકે? રાષ્ટ્રનું નાનામાં નાનું ઘટક કુટુંબ છે અને જો કુટુંબનું નિયોજન અંધાધૂંધી ભરેલું હોય તો સરવાળે રાષ્ટ્રનું નિયોજન પણ અંધાધૂંધીવાળું જ થવાનું. તેથી ગરીબીને દૂર કરવા અને કલ્યાણરાજ્ય સ્થાપવા કુટુંબ નિયોજન કરવાનું પણ અત્યંત જરૂરી છે જ. વિલાયતમાં કેથોલિક સંપ્રદાયવાળાનો કુટુંબનિયોજન પ્રત્યે ખૂબ જ વહેમીલો વિરોધ છે છતાં અંદરખાનેથી મોટા ભાગના કેથોલિકો સંતતિનિયમનનો અમલ કરે છે જ અને રાજ્ય તરફથી પણ આ પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવે છે. ઓગણીસમી સદીમાં વિલાયતનાં કુટુંબોમાં પણ આજે આપણે ત્યાં છે તેવી પાંચથી દસ સંતાનોની હારમાળા લાગતી હતી પરંતુ હવે તો કોઇને પણ ત્યાં

બે થી ત્રણ કરતાં વધારે સંતાનો હોતાં જ નથી એવું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા મને મળ્યું. આવા નાનકડાં કુટુંબના ફાયદા હવે સૌ કોઈ સમજતું થયું છે અને આપણે ત્યાં પણ વહેમ અને અજ્ઞાનની તોતિંગ દીવાલો તૂટતાં કુટુંબ આયોજન ઠેરઠેર અમલી બનશે જ.

વિલાયતના કલ્યાણ રાજ્યની યશકલગી તો તેણે દાખલ કરેલી "નેશનલ હેલ્થ સર્વિસ"માં મૂર્ત થતી દેખાય છે. આ યોજના હેઠળ દેશના દરેક નાગરિકને હવાની જેમ દવાનો પણ લગભગ વિના મૂલ્યે લાભ મળે છે. દરેક કમાતી વ્યક્તિની આવકમાંથી એક ક્ષુલ્લક રકમ પ્રીમિયમ રૂપે આ યોજનાના નિભાવ માટે કાપી લેવામાં આવે છે. પણ તેમાંથી જે મોટું ભંડોળ એકઠું થાય છે તેમાંથી આખા રાષ્ટ્રના આરોગ્યની સંભાળ રખાય છે. ગમે તેવી મોટી માંદગી કે હોસ્પિટલનો ખર્ચ પણ આ ભંડોળમાંથી જ થાય છે એટલું જ નહિ પણ ચશ્માં અને દાંતના ચોકઠાં પણ આ યોજના હેઠળ, જેને જરૂર હોય તે સૌ કોઈને મફત આપવામાં આવે છે! મજૂર પક્ષની સરકારે દાંતના ચોકઠાં (ડેન્ટચોર્સ) મફત આપવાનું શરૂ કર્યું હતું પણ રૂઢિચુસ્ત પક્ષની સરકારે આ એક બાબતમાં પીછેહઠ કરી છે. છતાં એકંદરે નેશનલ હેલ્થ સર્વિસ વિલાયતની પ્રજાને ખૂબ આશીર્વાદ રૂપ થઈ પડેલી છે એટલું જ નહિ, પણ આપણા જેવા પરદેશીઓને પણ આ યોજનાનો લાભ મફત જ મળે છે. મારા મિત્ર શ્રી. પદ્મનાભનનો એક દાંત સખત દુખવા આવ્યો હતો ત્યારે તેઓ આ યોજનાનો લાભ લઈ આવ્યા હતા, પરંતુ પછી કહેતા હતા કે ત્યાં પણ લાંબી લાઈનમાં રાહ જોતાં તો બેસી રહેવું જ પડે છે અને તેથી જેને પરવડે છે તેવા ખમતી આસામીઓ તો ખાનગી ડૉક્ટરોને ત્યાં જ પહોંચી જાય છે. તેમ છતાં આ યોજનાના બીજા પણ અનેક લાભો પ્રજાને મળે છે—જેવાં કે સસ્તું દૂધ અને સસ્તું માંસ, ગર્ભવતી સ્ત્રીની સંપૂર્ણ સારવાર, શાળામાં જતાં બાળકો માટે મફત દૂધ અને નાસ્તો, ઉત્તમોત્તમ જાહેર 'લાયબ્રેરીઓ'ની સગવડો વગેરે.

નેશનલ હેલ્થ સર્વિસ તરફથી દરેક નાગરિકને મફત તપાસ અને મફત ઉપચાર મેળવવાનો અધિકાર છે તેથી જરા જેટલી શારીરિક ફરિયાદ થતાં વેંત જ ડૉક્ટરને ત્યાં પહોંચી જવામાં કોઈ પણ વ્યક્તિ કશી શરમ કે સંકોચ અનુભવતી નથી. બીજી બાજુ આપણે ખર્ચની ચિંતાને લીધે દર્દની બીજી કે ત્રીજી અવસ્થા આવી પહોંચે છે ત્યારે ન છૂટકે જ ડૉક્ટરને ત્યાં જઈએ છીએ, આ એક મહત્ત્વનો તફાવત છે. "એ સ્ટીચ ઇન ટાઇમ સેવ્સ નાઈન"ના ઉપદેશનો અમલ વિલાયતની પ્રજા તેમની તંદુરસ્તીની બાબતમાં તો કરે છે જ (રાજકારણમાં નહિ!) તેથી તેમનું આરોગ્ય બહુ સારી રીતે જળવાઈ રહે છે. માંદા પડવું એ મોટે ભાગે તો નિષ્કાળજી અને ગફલતનું જ પરિણામ છે અને તેથી શરમાવા જેવું છે એવી ભાવના પ્રજામાં દૃઢ થવાથી સૌ કોઈ આ બાબતમાં સાવચેત રહે છે જ. તેમ છતાં નિષ્કાળજી રાખનાર એક ચોક્કસ વર્ગ પણ ત્યાં અસ્તિત્વ ધરાવે છે અને તે મોટે ભાગે શરાબીઓ—ખૂબ પીનારાઓ—નો છે. પણ આ વર્ગ હાથે કરીને માંદગી અને ગરીબી નોતરે છે તેથી કોઈ તેમની દયા પણ ખાતું નથી.

પણ પછી સાજાસમા માનવીઓ પણ વૃદ્ધાવસ્થામાં પ્રવેશે છે ત્યારે તેમની લાંબી માંદગી કે પથારીવશતાનો સવાલ તો ઊભો થાય છે જ. હજી વિજ્ઞાનની મદદથી વૃદ્ધાવસ્થા કે મૃત્યુને ટાળવાનું શક્ય બન્યું નથી—ફક્ત કાળજીપૂર્વકનું જીવન જીવવાથી વૃદ્ધાવસ્થા અને મૃત્યુને જરાક દૂર ઠેલવાનું જ શક્ય બની શક્યું છે તેમજ દર્દને હળવું કરવાનું પણ બની શક્યું છે. વૃદ્ધોની સુશ્રૂષા માટે નેશનલ હેલ્થ સર્વિસ તરફથી 'ઓલ્ડ પીપલ્સ વેલ્ફેર કમિટી'ની

સ્થાપના થયેલી છે. આ કમિટી તરફથી તેમજ બીજી અનેક સ્થાનિક સંસ્થાઓ તરફથી વૃદ્ધો માટે ઘણી સુંદર સગવડો યોજાયેલી છે—તે એટલે સુધી કે આવી સંસ્થાઓ પથારીવશ વૃદ્ધોને કંપની આપવા બબ્બે કલાક "વાતો કરનારા" કે "પાનાં રમનારા" સ્વયંસેવકોને સુદ્ધાં મોકલે છે! નર્સો તેમજ માલીસ કરનારાઓને મોકલે છે, પૈડાવાળી ખુરશીઓ મોકલે છે, બેડ પેન અને કમોડ, સાથોપોલો અને એર રીંગ જેવી દર્દીને સગવડ આપનારી સામગ્રી પણ મોકલે છે. બ્રિટિશ રેડ ક્રોસ સોસાયટી, સેન્ટ જોન્સ એમ્બુલન્સ બ્રિગેડ, ડિસ્ટ્રીક્ટ નર્સિંગ એસોસિયેશન વગેરે સંસ્થાઓ વૃદ્ધો માટે ખાસ સેવાઓ પૂરી પાડે છે.

જે વૃદ્ધોને ખાસ કશી માંદગી હોતી નથી અને જેઓ હરીફરી શકવા સમર્થ હોય છે તેમને માટે તો વૃદ્ધોની સંસ્થાઓ ખાસ ક્લબો ચલાવે છે અને પ્રવાસો પણ ગોઠવે છે. થોડી ઘણી તકલીફ ભોગવતા વૃદ્ધોને માટે ખાસ પ્રકારના લાંબા છરી કાંટા ચમચા, ટેકો લેવાની લાકડીઓ કે ક્રચીસ, બાથમાં ઊતરવાના હેન્ડલો, દાદરના કઠેરા, તરત પહેરાય અને કઢાય તેવા બૂટ વગેરે વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે કે જેથી તેઓ ગબડી પડીને વધારે ઉપાધિ ઊભી ન કરે. વૃદ્ધોનું લોહી ફરતું રાખવા તેમની પાસે યુક્તિપૂર્વક કસરત કરાવી લેવા માટે નાનાં નાનાં કામો પણ તેમને સોંપવામાં આવે છે—જેવાં કે શાક સમારવું, સ્વેટર ગૂંથવું, બાગની મરામત કરવી, વગેરે. વૃદ્ધોને જરૂર કરતાં વધારે વખત પથારીમાં નહિ પડી રહેવા દેવા એવું પણ જરૂરી મનાય છે કારણ કે એક વખત શરીરમાં પથારીવશતાની જડતા ઘૂસી જાય છે તે પછી હાંકી કાઢવી મુશ્કેલ બની જાય છે. આ કારણે વિલાયતમાં વૃદ્ધો પાસે પણ હળવાં કામો કરાવવામાં આવે છે—તેમના જ ભલા માટે!


વૃદ્ધોને આનંદપ્રમોદ કરાવનારા સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓ ફ્લોરેન્સ નાઇટિંગેલના જેવા ભાવનાશીલ હોય છે. વૃદ્ધોની સેવા કરતી વખતે તેઓ ભાડૂતી નર્સોની જેમ કે કંટાળેલા કુટુંબીઓની જેમ બબડતા નથી. તેઓ માને છે કે ભૂદાન, સંપત્તિદાન, વિદ્યાદાન વગેરે બધા પ્રકારનાં દાનોની જેમ વૃદ્ધોની સેવાનું દાન પણ એક સર્વોત્તમ દાન છે. જીવનના જામનાં છેલ્લાં ટીપાં જેટલાં બને તેટલાં મીઠાં હોય તેટલું મૃત્યુ વધારે સુખમય લાગે એવું આ સ્વયંસેવકો સમજે છે તેમજ પોતે પણ એક દિવસ વૃદ્ધ થશે ત્યારે, તેમની પણ જો કોઈ આવી સેવા કરશે તો કેવી મીઠી લાગશે એવી ભાવનાથી પ્રેરાઈને પણ તેઓ આ ક્ષેત્રમાં પડ્યા હોય છે. સૌ કોઈના મૃત્યુને મધુર બનાવનારી આવી એક અખંડ જ્યોત પ્રકટાવવાના જેવું બીજું પુણ્યકાર્ય શું હોઈ શકે? મરનાર વ્યક્તિને જીવનની અંતિમ પળોમાં તેની સુશ્રૂષા કરનાર તથા તેના મૃત્યુને પ્રેમમય વાતાવરણથી મીઠું બનાવનારના જેવું વહાલું બીજું કાંઈ જ લાગતું નથી. દરેક બાબતમાં યંત્રથી કામ લેનારા વિલાયતમાં પણ મૃત્યુને મીઠાશ આપનારા આવા સ્વયંસેવકો છે એ ખરેખર માનવ સંસ્કૃતિને માટે ઘણું આશાસ્પદ ચિહ્ન છે.

આ ઉપરાંત પ્રજાના માનસિક સ્વાસ્થ્ય માટે તેમજ માનસિક નબળાઈને લીધે મુશ્કેલી અનુભવતાં હજારો બાળકો (મેન્ટલી હેન્ડીકેપ્ડ ચીલ્ડ્રન્સ) માટે પણ વિલાયતમાં સુંદર પ્રયાસો થઈ રહ્યા છે. આ વિષેની ઘણી માહિતી મને લંડનમાં નેશનલ એસોસિયેશન ઑફ મેન્ટલ હેલ્થ નામની સંસ્થાની મારી એક લાંબી મુલાકાત વખતે તે સંસ્થાની સેક્રેટરી મિસ વિલ્કોક્સ તરફથી મળી હતી. તે વિષે વળી કોઈક વખત આગળ ઉપર લખીશ.

ક્રમશઃ]

લિ० સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જય હિંદ

★




વર્ષ ૩૫
અંક ૯

સં. ૨
અષા

આદ્યતંત્રી
પ્રો૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

卐

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



ભાવિ પ્રત્યે દીર્ઘદષ્ટિ...

૧૯૫૯-૬૦ દરમિયાન નાની બચતના ક્ષેત્રે ગુજરાતે સર્જેલો અનેરો ઇતિહાસ

બંને વિભાગો પહેલી જ વાર તેમનાં લક્ષ્યાંકો વટાવી ચૂક્યાં છે.
(અમદાવાદ વિભાગના દસે દસ જિલ્લાઓએ તેમનાં લક્ષ્યાંકો વટાવી
દીધાં છે.
કુલ ૧૭ જિલ્લાઓમાંથી ૧૩ જિલ્લાઓ તેમનાં લક્ષ્યાંકો વટાવી ગયાં છે.
રૂ. ૭.૫૫ કરોડના લક્ષ્યાંક સામે કુલ રૂ. ૮.૯૦ કરોડનાં, એટલે કે
૧૧૪ ટકા જેટલા કુલ રોકાણો મેળવાયાં હતાં.

નાની બચત યોજના

ચાલુ વર્ષ દરમિયાન
ગુજરાત માટેનાં રૂ. ૭.૫૦ કરોડનાં લક્ષ્યાંકને ભેવડાવવા માટે
હવે સખત પરિશ્રમ કરો

ગુજરાત સરકારના પ્રકાશન નિયામક, અમદાવાદ તરફથી પ્રકાશિત.

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૦ . અષાડ : ૨૦૧૬ અંક ૩

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧. પેરિસ શિખરપરિષદ
૨. ચીની લોકોનું જોખમ
૩. આપણી પ્રજા અને હિંસક યુદ્ધ
૪. જાપાનની પોલીસ વિ૦ હિંદની પોલીસ
૫. આઈઝનહોવરની જાપાનની મુલાકાત
રદ થવા પાછળનું રહસ્ય

પ્રશ્ન:—પેરિસમાં શિખરપરિષદ ભાંગી પડી. એ ઘટના કાંઈ સમજાય છે ?

ઉત્તર:—વિધિની ઘટનાઓ સમજાય તો રાજદ્વારીઓની સમજાય. એમનાં કારણો એ પોતે જ જાણતાં હોય અથવા એ પોતે ન જાણતાં હોય, અને એમની દોરીઓ ખેંચનારા પડદા પાછળના સૂત્રધારો જ જાણતા હોય ! અટકળો તો છાપાંઓમાં ઘણી થઈ છે પણ તેમાં વાસ્તવિક કયી અને કેટલી એ કહેવાનું કાંઈ સાધન આપણી પાસે નથી. જેમ પેલા બાદશાહ સીઝર વિશે કહેવત છે કે "એ આવ્યો, એણે જોયું અને એણે જીત્યું" એમ, બાદશાહ ખ્રુશ્ચેવ માટે પણ, થોડોક ફેર કરી એમ જરૂર કહેવાય કે "તે આવ્યો, તેણે જોયું અને પરિષદ ભાંગી પડી." એટલે, આપણે તો અહીં જો રસ હોય તો કલ્પનાના ઘોડાઓ કુદાવ્યા સિવાય બીજું કંઈ વધારે ઉપયોગી કરી શકીએ નહિ. જો તમારે જાણવું હોય તો તે સમયે પેરિસમાં હાજર એવા, આપણા એક જુવાન ભાઈએ શું સાંભળ્યું તે તમને જણાવું. તે ભાઈ પત્રમાં લખે છે :

"અહીંની શિખર-પરિષદ વિશેના સમાચાર તો તમે વાંચ્યા હશે. અમેરિકન લશ્કરી સત્તાવાળાઓની આ ભયંકર મૂર્ખતા હતી એવો સામાન્ય અભિપ્રાય રાજકીય પંડિતોનો હતો. જો કે ખ્રુશ્ચેવની રીતભાત તદ્દન વાહિયાત ગણાયેલી. રશિયન માર્શલની સતત હાજરીમાં ખ્રુશ્ચેવ ફરતા હતા તેથી બધાનું માનવું થયેલું કે ખ્રુશ્ચેવ ઉપર ચારે બાજુ દબાણ હતું. ઘણાનો એવો અભિપ્રાય થયેલો કે ચીનના દબાણથી ખ્રુશ્ચેવે આ કૉન્ફરન્સ ભાંગી પાડેલી. લેનિનિઝમ-માર્કિસઝમના ચીની અભ્યાસ કરનારાઓનું માનવું છે કે દરેક યુદ્ધમાં છેવટે સામ્યવાદની જીત હોય છે. એટલે હમણાં કોઈ જાતના સમાધાનની જરૂર નથી. માર્શલ ચેન નામના ચીની લશ્કરી અમલદાર ભાષણમાં એમ બોલેલા કે ૨૦ કરોડ ચીની લોકોના ભોગ સહન કરીને આ દુનિયામાં ચીન સામ્યવાદ ફેલાવશે."

આમ લખી એ ભાઈ છેવટે પોતાના હાથ ધોઈ નાખે છે અને કહે છે :

"આવું બધું છાપાંઓમાં આવેલું. એમાં સાચું કેટલું તે કોણ જાણે."

સાચું કેટલું તે કોણ જાણે ! મારે પણ એ જ કહેવાનું છે.

પ્રશ્ન:—આ ચીની લોકોનું જોખમ ભારે દેખાય છે.

ઉત્તર:—ભારે તો ખરું જ. આપણામાં પેલા અફીણિયાની વાત છે તે જાણો છો

ને ! ગામમાં ધાડ આવી ત્યારે એ માણસ બેઠો બેઠો ઝોકાં ખાતો હતો. એના પાડોશીએ એને ઉશ્કેર્યો કે ફલાણાસંગ, શૂરવીર છો ને આમ બેઠા કેમ છો? એણે અફીણ માગ્યું અને તે મળી ગયું એટલે પાસે કોસ પડી હતી તે લઈને એ દોડ્યો. ધાડને પાછી વાળી, આવેશમાં ને આવેશમાં કોશને વાળી નાખી પેલા પાડોશીના ગળામાં પહેરાવી દીધી! પેલો પાડોશી તો હેરાન થઈ ગયો અને શૂરવીર પેલા અફીણી બંકાને કોશ કાઢી નાખવા આજીજી કરી. પણ એ વખતે તો અફીણ ઊતરી ગયું હતું એટલે પેલાએ કહ્યું કે ભાઈ, હવે તો ફરી ધાડ પડે અને અફીણ ચઢે ત્યારે વાત!

ચીની પ્રજાને ભારતની બ્રિટિશ સરકારે સારું એવું અફીણ ખવરાવ્યું હતું અને એ અફીણના વેપારમાં આપણા અમદાવાદમાંથી કેટલાક શ્રીમંતો પણ થઈ ગયા હતા. હવે એ અફીણને સામ્યવાદે બરાબર ચડાવ્યું છે અને અફીણ + સામ્યવાદ એ બન્નેના કેફવાળી સુરા આજે ચીની પ્રજાને નહિ તો ચીનના રાજદ્વારી નાયકોને તો ચડી જ છે! એટલે તેઓ ૨૦ કરોડને—પ્રજાના ⅓ ભાગને—હોમવાની તૈયારી કરી પોતાની ઘોર લાલસાઓને તૃપ્ત કરવા તૈયાર થયા હોય તો નવાઈ નહિ! લોકો આમ બીજાની લાલસાઓના સાધન કેમ બને છે એ લોકમાનસનો કોયડો છે. આપણામાં ભૂતપ્રેત માટે એમ કહેવાય છે કે તેઓ પોતાની અતૃપ્ત લાલસાઓ સંતોષવા માણસો શોધતા જ હોય છે. હિટલર વગેરે જીવતા ભૂત જ હતા એમ કેટલાકો કહે છે. જો આપણે ભૂતમાં માનીએ તો હિટલરનું ભૂત જ લડાઈઓ ઉશ્કેરતું હશે.

પ્રશ્નઃ—પણ આપણું શું!

ઉત્તરઃ—આપણું એટલે ભારતનું ને? ભારતનું પણ કંઈક એવું છે. એમ તો આપણે એકંદરે આળસુ છીએ. પેલા મારા જુવાન મિત્ર પેરિસથી મને લખે છે :

> "શ્રી ફલાણાચંદને ત્યાં હાફુસ કેરી ખાવા મળેલી. તે વખતે યાદ આવેલું કે ત્યાં હમણાં કેરીગાળો ચાલતો હશે. અને બધાં રસ ખાઈને બપોરના લાંબા એવા આરામ લેતાં હશે."

આ ભાઈને અઠવાડિયામાં અમુક દિવસ ચોવીસ કલાક લાગલાગટ કામ કરવું પડે છે એટલે પોતે અભિલાષપૂર્વક આમ ઉદ્‌ગાર કાઢ્યા પછી લખે છે કે

> "હિંદુસ્તાનના મધ્યમ વર્ગ જેટલું આ દુનિયામાં કોઈ સુખી નહિ હોય એવું મને લાગે છે!"

આ ભાઈની આ છેલ્લી વાત જરા અસ્થાને છે, કારણકે લાંબા સમયથી પોતે પરદેશ છે એટલે એમને ખબર નથી કે હિંદુસ્તાનમાંથી મધ્યમ વર્ગ ભૂંસાઈ જવાની તૈયારીમાં છે. બાકી રસ ખાઈને બપોરના લાંબો એવો આરામ લેવાની વાત તો ખોટી ન કહેવાય. જવાહરલાલજી "આરામ એ હરામ"નું સૂત્ર પોકાર્યા કરે પણ અહીંઆ તો "કામ એ હરામ" એવી ભાવના છે!

અને એ ભાવના સરકારી મોટા અમલદારોથી માંડીને ચીજોનાં કારખાનાં અને ભણાવવાનાં કારખાનાં—શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને જીવનની નાની મોટી મજૂરીઓમાં દરેક ઠેકાણે દેખાય છે. આપણે ત્યાં કામમાંથી જે પૈસા મળવાના તેના ઉપર જ દૃષ્ટિ હોય છે : કામ કર્યાથી પૈસા મળે છે એવું આપણને લાગતું નથી. અને તેથી કામ કરતાં પણ આરામ, અને એમાંથી મળેલા પૈસામાંથી પણ આરામ!—આવું છે. પણ આ તો આડ વાત થઈ.

માથે જોખમ આવતાં આપણી આ આરામપ્રિય અને આળસુ પ્રજા પણ ઊભી થઇ જાય છે એવી કંઇક મને શ્રદ્ધા છે. આ શ્રદ્ધા ઇતિહાસના વાચનથી કાંઇક આવી છે પણ એથી અધિક ગાંધીજીની હાકલને સાંભળી પ્રજાએ જે રીતે પરાક્રમ કર્યાં તે ઉપરથી પેદા થઇ છે. એટલે અત્યારે પણ હાકલ કરનારા ઊભા થશે તો પ્રજા ઊભી થશે એમ મને લાગે છે. અને જવાહરલાલજી જેવા હાકલ કરનાર છે તો પ્રજા ઊભી પણ થશે એવી મને શ્રદ્ધા છે. પણ આ શ્રદ્ધામાં અનેક બાકોરાં પડ્યાં છે: કારણકે જવાહરલાલજીની આજુબાજુ રાજદ્વારીઓનું અને અમલદારોનું—અને ખાસ કરીને અમલદારોનું જે મંડળ છે તેમાંનો મોટો એવો ભાગ બ્રિટિશ અમલ દરમ્યાન ગાંધીજીની હાકલની કશી અસર પામ્યો ન હતો! અને બ્રિટિશ રાજ્યની નીતિનો વફાદાર ટેકેદાર હતો. એમાંથી જે કોઇ કોઇ સરકારી નોકરીમાંથી નીકળ્યા તેમને પણ પેટમાં ચૂંક કંઈ બીજી હતી; અને તેથી '૩૦ પછી જે કોઇ કોઇએ રાજીનામાં આપ્યાં તેઓ તકનો લાભ લઇ સત્તાનાં સ્થાનો ઉપર ચડી જવાની ગડમથલમાં જ હતા. ગાંધીજીને વખતે પ્રેરણા પામી ઉત્સાહમાં આવી લડનારા વર્ગમાંના કેટલાયે અગ્રેસરો અને તેમના અનુયાયીઓ તો અત્યારે સત્તાધારી પક્ષમાંથી નીકળી પણ ગયા છે અને એમાં જે રહ્યા છે તેનો સારો એવો ભાગ તો મેં ઉપર કહ્યો તેવાઓનો જ છે. એટલે જવાહરલાલજી આવી બુઠ્ઠી તલવારોથી કેટલું કામ કરી શકશે એ એક મોટી શંકા તો રહે છે! છતાં જરૂર પડે ચીનના આક્રમણનો આપણી પ્રજા બરાબર સામનો કરશે અને કરી શકશે એવો વિશ્વાસ તો મારામાંથી જતો નથી. કોઈ મનોવિજ્ઞાની આને ઇચ્છા પ્રમાણે વિચાર—wishful thinking—પણ કહે.

પ્રશ્નઃ—ગાંધીજીની અહિંસાને માનનારી આપણી પ્રજા હિંસક યુદ્ધ કરવા તત્પર થશે?

ઉત્તરઃ—જો આપણી પ્રજા તમે કહો છો તેમ ગાંધીજીની અહિંસાને માનનારી હોય તો તો તે યુદ્ધથી ડરનારી ન હોય; પણ અહિંસક યુદ્ધ દ્વારા સામનો કરનારી હોય. પણ હકીકતમાં આપણે અહીંઆ જે અહિંસાની માન્યતા છે તે ગાંધીજીવાળી અહિંસા નથી, પણ દેહરખુઓની અહિંસા છે. અને એવા દેહરખુની અહિંસા તો પોતાને અને દેશને પાયમાલ જ કરે. મને પોતાને એમ લાગે છે કે ખરો ધર્મ તો અનિષ્ટ અને પાપની સામે યુદ્ધ કરવાનો છે. ધર્મ્યાદ્ યુદ્ધાત્ શ્રેયઃ—એ જ મોટી ભાવના છે.

જો હૃદયમાંથી અહિંસક ભાવના નીકળતી હોય તો અહિંસક રીતે યુદ્ધ કરે; પણ એ ન નીકળતી હોય તો પ્રજા અનિષ્ટ સામે હોય, પાપ સામે હોય છતાં હિંસક રીતે પણ યુદ્ધ ન કરે તો તે પ્રજા જીવવાને લાયક નથી, સ્વતંત્ર રીતે તો નહિ જ. એટલે, અત્યારે મુખ્ય બાબત તો પ્રજા આગળ એ ધરવી જોઇએ કે પાપને કે અનિષ્ટને સહન ન કરો, સામનો કરો. અહિંસક સામનાથી પુણ્યાનુબંધી પુણ્ય થશે; હિંસક સામનાથી જેટલે અંશે પાપને કે અનિષ્ટને ખાળી શકાશે એટલું પુણ્ય તો થવાનું પણ એની પાછળ પાપ રહેવાનું એટલે એ પુણ્યાનુબંધી પાપ થવાનું. આ પરિભાષા જૈનશાસ્ત્રની છે પણ અહીંઆ ઠીક બંધ બેસે એવી છે. પણ મુદ્દલ સામનો જ ન કરવો એ તો પાપાનુબંધી પાપ જ છે. એટલે, મિનિમમ કર્તવ્ય તો સામનો કરવો એ જ છે. અને એ વૃત્તિ પેદા કરવામાં અને પોષવામાં અહિંસાનો દંભ અંતરાય રૂપે ઊભો ન થાય એ જોવાની ખાસ જરૂર છે. ચીની લશ્કર ભારતની સરહદમાં આગળ વધે, અને લોકોમાં દાંભિક અહિંસાના કારણથી સામનો કરવાની તૈયારી ન ખીલી હોય તો એ તો મોટો દેશદ્રોહ ગણાય,' એવું

મને લાગે છે. પણ તમે જાણો છો કે હું કશી બાબતમાં 'ચુસ્તવાદી' નથી. તત્ત્વજ્ઞાનમાં જેવો દ્વૈતાદ્વૈતવાદ છે તેમ ધર્મયુદ્ધમાં હિંસા-અહિંસાવાદ છે. એટલે કે સામનો કરવો એ સૌ પ્રથમ આવશ્યક છે. એમાં અહિંસા આવશ્યક રીતે ક્યાં અનુસરવી, ક્યાં અહિંસા કે હિંસા વિકલ્પે આચરવી અને ક્યાં હિંસા અનિવાર્યપણે સ્વીકારવી—એ આજના યુગનો મોટામાં મોટો પ્રશ્ન છે. જેમકે દેશના આંતર વ્યવહારમાં સામનો અહિંસા દ્વારા જ થઇ શકે. વ્યક્તિ-વ્યક્તિના વ્યવહારમાં કોઇવાર થોડાક તમાચા કે લાકડીઓના ફટકાથી સાન એકદમ ઠેકાણે આવી જાય છે અને દુરાચાર અટકાવી શકાય છે. છતાં અહિંસાથી સામનો થાય એ ઉત્તમ; પણ નાસી જવા કરતાં હિંસાથી સામનો થાય એ આવશ્યક. હિંસા, અહિંસામાં સ્થૂલ તાડન કરવું કે ન કરવું એ કરતાં કાંઈક જુદો મનોભાવ હશે; જે દેખીતી અહિંસાને હિંસા બનાવે અને હિંસાને અહિંસા બનાવે!

દેશાંતરોના વ્યવહારમાં ચર્ચા, સમજૂતી, બાંધછોડ, આપ-લે વગેરેથી છેવટની હદ સુધી સમાધાનવૃત્તિથી યુદ્ધ ટાળવાની દૃષ્ટિથી વર્તવું એ જ યોગ્ય; પણ જો દુર્યોધન પાંચ ગામડાં પણ આપવાની ના પાડે તો કવિ ન્હાનાલાલે કહ્યું છે તેમ, "પાર્થને કહો ચડાવે બાણ" એ જ આદેશ યોગ્ય છે. આજે પંડિત જવાહરલાલજીની આગળ શિર ઝૂકે છે તેનું કારણ એ જ છે કે તેઓ આવી નીતિના પુરસ્કર્તા છે, એટલું જ નહિ પણ સંપૂર્ણ ધૈર્ય અને સૂક્ષ્મ બુદ્ધિથી તેનો અમલ કરનારા છે.

પણ આ અણુયુગમાં હિંસક યુદ્ધ બીજી કક્ષાઓમાં ચાલી ગયું છે. જેમાંથી સર્વનાશ હોય-અર્થાત્ કે 'યાયી' અને 'સ્થાયી'-બન્નેનો નાશ હોય-એવા યુદ્ધની ધમકીઓ અપાય પણ તે કરવા કોઈ તૈયાર ન હોય, એ આ છેવટનાં થોડાંક વર્ષોમાં પણ દેખાય છે. પણ આવા ભયથી ઉત્પન્ન થયેલી લાગણી અહિંસાની તો ન જ કહેવાય; વ્હેવારુ ડહાપણની ખરી. એટલે કે સિદ્ધાન્ત તો એવો રહેવાનો કે પાપ અને અનિષ્ટમાં જ ડુબવાનું હોય તો તેના કરતાં સામનો-અહિંસક કે હિંસક-કરવામાં જ શ્રેય છે। હિંસકમાં લાભ નથી એ વ્હેવ્હારુબુદ્ધિ અહિંસક-સામનો કરવાની શક્તિ અને તાલીમ વધારે તો એમાં કાંઈ ખોટું નથી; પણ એ વ્હેવ્હારુ-બુદ્ધિ સામનો કરવાની વૃત્તિ જ ભુલાવી દે તો માણસનો પુરુષાર્થ શૂન્ય થઈ જાય. પણ એ ઝીણું કાંતવું જવા દઇએ.

પ્રશ્નઃ—જુન તા. ૧૭ મીના '*Times of India*' ના *Currant Topics* માં જાપાનની પોલીસ વિશેની નોંધ જોઈ? * શું લાગ્યું?

---

* The peaceful manner in which the Japanese police has been dealing with the violent demonstrations in Tokyo should be a lesson to the men in authority in this country. Though unlike politicians elsewhere they never tire of professing their faith in non-violence they have made no effort to minimise the use of force in dealing with crowds protesting against official policies.

The police in Tokyo did not lose its nerve. And what is even more remarkable it did not consider it necessary to open fire on crowds even in the face of the gravest prove

ઉત્તરઃ—હા જોઈ. એનો તરજુમો કરીને 'પ્રસ્થાન'માં આપજો. જો કે એથી જેને બોધ લેવાનો છે એ લોકો તો બોધ લેશે નહિ. પણ પોલીસ પાસેથી કેવા વર્તનની અપેક્ષા રાખવી એ પ્રજા બરાબર જાણી લેશે. આપણે ત્યાં સ્વરાજ્ય મળ્યા પછી જે સંખ્યાબંધ ગોળીબારો થયા છે તે કરનારાઓના મતે અનિવાર્ય જ હતા, એમને મતે બીજી રીતે શાંતિ અને વ્યવસ્થા સાચવી શકાત જ નહિ. એમના ખ્યાલ પ્રમાણે જો આ ગોળીબારો એમણે ન કર્યા હોત તો નિર્દોષ પ્રજાનો મોટો ભાગ ટોળાંઓની હિંસાનો ભોગ બનત, વગેરે વગેરે. '૫૬ના ગોળીબાર વખતે કેટલાક કોન્ગ્રેસી મિત્રો પાસેથી સાંભળેલું કે 'આભાર માનો ફલાણાનો કે એમણે ગોળીબાર કરાવી અમદાવાદને અને ગુજરાતને ઉગારી લીધું] ' આ પક્ષકારો આવું માનતા હશે એ વિશે શંકા રાખવાનું કારણ નથી, એ બધા લોહીતરસ્યા છે એવી એમને ગાળો દેવાની પણ જરૂર નથી. પણ એમની માહિતી કરતાં બીજા કેટલાકની

Indeed when a fanatical group of students stormed the Diet building all that the police did was to make a tear-gas attack on them and even about this it seemed to be apologetic.

All this is in stark contrast to the practice in our cities where the police panicks at the first sight of unrest among demonstrators and the authorities are only too quick to order it to open fire. It will be instructive to find out how many people have been needlessly killed in police firings during the last thirteen years. It is a slander on people in this country to argue that they are more prone to be violent than people in other countries.

—Times of India : June 17th, 1960

[ભાવાર્થ—

જાપાનની પોલીસે જે શાંતિભરી રીતે ટોકિયોના હિંસક દેખાવોનો સામનો કર્યો એ આપણા દેશના સત્તાધીશો માટે એક પદાર્થપાઠ રૂપ ગણાવું જોઈએ. બીજા દેશોના રાજકારણીઓ તો નહીં પરંતુ આપણા રાજકારણીઓ અહિંસામાં શ્રદ્ધા વિશે પોપટજાપ જપતા કદી થાકતા નથી તેમ છતાં યે સત્તાધારી પક્ષની પોલિસીના વિરોધમાં પ્રજાનાં ટોળાંનો સામનો કરવામાં પશુબળનો ઓછામાં ઓછો ઉપયોગ કરવાની એક પણ તદબીર તેમને જડી નથી.

ટોકિયોની પોલીસે પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવ્યો નહતો. અને ખાસ નોંધપાત્ર તો એ છે કે ઉગ્રતમ ઉશ્કેરણીના સમયે પણ લોકોનાં ટોળાં ઉપર તેમણે ગોળીબાર કરવાનું મુનાસિબ માન્યું નથી. અને જ્યારે વિદ્યાર્થીઓના એક ઉશ્કેરાયેલા ટોળાએ ડાયેટ [પાર્લમેન્ટ] ના મકાન ઉપર હૂમલો કર્યો ત્યારે પોલીસોએ વધુમાં વધુ તો અશ્રુવાયુ છોડયો—અને તે પણ જાણે તેમને નારાજીથી-લાચારીથી કરવું પડતું હોય એ રીતે.

આ બધું આપણાં શહેરોમાં જે બને છે તેના કરતાં તદન જુદું જ છે. આપણે ત્યાં તો દેખાવ કરનારાઓમાં જરાક અશાંતિ જેવું દેખાય કે તરત જ સત્તાધારીઓ ગોળીબારનો હુકમ આપી દે છે ! છેલ્લાં તેર વર્ષો દરમ્યાન કેટલાં માણસો બિનજરૂરી ગોળીબારના ભોગ બન્યા એ જાણવા જેવું ગણાય. બીજા દેશની પ્રજા કરતાં આપણી પ્રજા વધુ હિંસક છે—હિંસક માનસવાળી છે એમ કહેવું એ આપણી પ્રજાની સામે જ નિંદા છે.]

માહિતી જુદી જાતની હતી. સરકારપક્ષીને માહિતી પૂછતાં જણાયું કે પોલીસની બાતમી હતી. પણ બ્રિટિશ અમલ દરમ્યાન પણ પ્રજા ઉપરના અત્યાચારનું સમર્થન આ પોલીસની બાતમીથી જ થતું હતું! બીજાની માહિતી લોકના દર-બરોજના ક્રમપ્રાપ્ત સહજ સંપર્કની હતી—જેમ લોકનેતાઓની બ્રિટિશકાળમાં હતી. અને તેથી એવો અભિપ્રાય રાખી શકાય કે આકસ્મિક રીતે એકઠા થયેલા જુવાનોના ટોળા ઉપર ગોળીબાર કર્યો ન હોત અને કેટલાકને વધેરી નાખવાને બદલે આ જાપાની પોલીસની કુશળતાથી એમને વીખેરી નાખવામાં આવ્યા હોત તો મોટામાં મોટો લાભ કોંગ્રેસ પક્ષને જ થયો હોત, ગુજરાતમાં તેમની પ્રતિષ્ઠા જરા પણ નબળી ન પડી હોત. એટલે આ ગોળીબાર કરાવનારાઓને જાલીમ કે એવાં વિશેષણો આપવાં ન જોઈએ. વધારેમાં વધારે એટલું કહેવાય કે તેઓ બેવકૂફ, કમઅક્કલના, આવડત વિનાના, કે પેલા પંચતંત્રના તરવરિયા વાનર જેવા વિવેકહીન હશે!

પ્રશ્ન:—જાપાનમાં પ્રેસિ. આઇઝનહોવરની મુલાકાત રદ થઇ કે મુલતવી રહી એમાં શું દેખાય છે?

ઉત્તર:—આશ્ચર્ય થાય છે! પ્રેસિ. આઈઝનહોવર જેવા સજ્જન કે જેનો આપણે આટલો સત્કાર કર્યો તેનું આવું થાય એ ખરેખર ખેદજનક છે. આપણી રીતે કહીએ તો શિખરપરિષદથી પ્રેસિ. આઇઝનહોવરના ગ્રહયોગ બગડયા લાગે છે. શિખરપરિષદ ભાંગી પડી એમાં પણ દુનિયાએ પહેલો વાંક તો એમનો કાઢયો અને બીજો વાંક ખ્રુશ્ચેવનો કાઢયો. એને પરિણામે એની રશિયાની મુલાકાત રદ થઈ અને હવે જાપાનની મુલાકાત રદ થઈ. જાપાન તો એમનો જીતેલો દેશ. અને એને પગભર કરવા લાખો ડોલરો પોતે ખરચેલા. છતાં તે ત્યાં જઈ ન શકે! કેટલાક રાજકીય વિવેચકો આનો સંબંધ પેલા જાસૂસી વિમાન સાથે જ જોડે છે. એ હશે. પણ મને તો એમાં જાપાની પ્રજાની વેર કદી ન ભૂલવાની વૃત્તિ જ કામ કરતી દેખાય છે. તક મળે એટલે જાપાન અવશ્ય વેર લેવાનું જ—એમ હીરોશિમા ઉપર એટમ બોમ્બ પડયો ત્યારે પણ કેટલાક લોકો માનતા હતા. જાપાન પગભર થાય અને એટમ બોમ્બનું વેર ન લે એ અસંભવિતતા છે. પરિસ્થિતિ એવું વેર લેવા ન દે એ જુદી વાત છે. એ લોકો આપણા જેવા નથી, કે જેને રાષ્ટ્રમમત્વ પણ બહુ નહિ, અને તેથી બહુ વૈરબુદ્ધિ પણ નહિ. એટલે મને તો આમાં જાપાની પ્રજાની વૈરવૃત્તિ ગૂઢ રીતે કામ કરતી દેખાય છે. પણ હું કોઈ રાજકારણનો અભ્યાસી નથી એટલે સામાન્ય માણસની માફક આશ્ચર્ય અનુભવું છું અને ઘટનાઓ કેમ પ્રગટ થાય છે તેની, રાહ જોઉં છું.

એક વાત મને સ્પષ્ટ દેખાય છે. પેલા મારા પેરિસના જુવાન મિત્ર અમેરિકી લશ્કરી સત્તાવાળાઓની ભયંકર મૂર્ખતાની જે વાત કરી છે તેમાં મને આખું સત્ય લાગતું નથી. ખરી મૂર્ખતા તો ડલીઝની અને એને અનુસરનારા રાજ્યનીતિજ્ઞોની છે. મને લાગે છે કે પ્રેસિ. આઇઝનહોવર એમના રાજનૈતિક સલાહકારોની જડતાનો ભોગ બન્યા છે. આ બાબતમાં ઇગ્લાંડ કે ફ્રાન્સ જેવી રાજનીતિની કુશળતા અમેરિકામાં વિકસી લાગતી નથી. ગમે તે હોય, પણ આપણા દેશ ઉપર પ્રેસિ. આઇઝનહોવરની એક સજ્જન તરીકે છાપ પડી છે અને એનો અનાદર થાય એ આપણને ગમે એવું નથી.

૨૦-૬-૬૦

★

સતીની પ્રથા

વત્સલા મહેતા એમ. એ.

"જે કડક શિસ્તે સતીની પ્રથાને પ્રચલિત કરી છે તે શિસ્ત ગુલામી મનોદશા સૂચવે છે; અને જે સંસ્કૃતિ સ્ત્રીને તેના પર આવી પડેલા અણકલ્પ્યા દુઃખને સમયે તેની પાસે મૃત્યુને ભેટવાનો સંકલ્પ લેવડાવે છે અને તે પછી આ જીવનમાં ફરીથી આવવાના બધા જ માર્ગો બંધ કરી દે છે તે સંસ્કૃતિને હું જંગલી ગણું છું." —એડવર્ડ ટોમસન

સતીની પ્રથા બ્રાહ્મણોના વિધવાઓ પ્રત્યેના કડક વલણનું પ્રતિબિંબ છે. સતીની પ્રથાનો વેદમાં ઉલ્લેખ છે પણ તે એક અપ્રચલિત પ્રથા તરીકે. શ્રૌતસૂત્રો અને ગૃહ્યસૂત્રોમાં મરણોત્તર ક્રિયાનો વિગતવાર ઉલ્લેખ છે પણ આ પ્રથાનો લેશમાત્ર ઉલ્લેખ નથી. ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાં આ પ્રથા નોર્વેમાં પ્રચલિત હતી. સંભવિત છે કે શક લોકોએ ઈ. સ. પૂર્વે બીજી સદીથી ત્રણસો વર્ષ હિંદ પર રાજ કર્યું ત્યારે પોતાના દેશ એશિયાથી આ પ્રથા અહીં લાવ્યા હોય. ઇસુ ખ્રિસ્તના જન્મની આસપાસ ઘણા પરદેશી મુસાફરો હિંદ આવ્યા હતા તે બધા સતીની પ્રથાનો પોતાની નોંધપોથીમાં ઉલ્લેખ કરે છે.

સતીની પ્રથા શરૂ થવાનાં અનેક કારણોમાં એક પ્રાચીન સમયની માન્યતા હતી કે પુરુષને મૃત્યુ પછીના જીવનમાં આ જીવનની બધી જ વસ્તુઓની જરૂર પડતી અને તેથી પત્નીની પણ જરૂર પડતી. બીજું કારણ પતિનો ભય હતો કે પતિ ન ગમતાં પત્ની તેને ઝેર આપશે. જો પતિ મરતાં પત્નીને બળી મરવું પડે તો તે પતિને ઝેર ન આપે. વિધવા પત્ની અનીતિમાન જીવન ગાળે એ ભય પણ સતીની પ્રથાના એક કારણરૂપ હતો. પરન્તુ સૌથી મુખ્ય કારણ તો હિંદુ સમાજમાં ધીરે ધીરે પ્રબળ બનતી જતી માન્યતા હતી કે સ્ત્રી એ પતિની સંપત્તિ છે અને પતિના મૃત્યુ પછી જીવવાનો એને કોઈ અધિકાર નથી. પરદેશી પ્રજાઓ હિંદમાં આ પ્રથા લાવી અને ઉપરનાં કારણોને લઈને હિંદુઓએ તેને અપનાવી લીધી.

સતીની પ્રથા હિંદુ સમાજના સ્ત્રી પરત્વેના વલણનું પ્રતિબિંબ છે. હિંદુ માનસ અનુસાર સ્ત્રી એ પતિની સંપત્તિ છે અને પતિના મૃત્યુ પછી પત્નીનું એક વ્યક્તિ તરીકે અસ્તિત્વ જ નથી રહેતું. જ્યારે સમાજમાં સ્ત્રીનું પત્ની તરીકે જ સ્થાન નહોતું ત્યારે વિધવા તરીકે તો કોઈ પણ હોઈ શકે એ કલ્પવું જ અશક્ય હતું. આને લઈને જે પુરુષ સાથે સ્ત્રીનું જીવન જોડાયેલું હતું તે પુરુષના મૃત્યુની સાથે જ તેની પત્નીના જીવનનો પણ અન્ત આણવો એ સ્વાભાવિક અને આવશ્યક ગણાતું. આ કારણોને લઈને સતીની પ્રથા અપનાવવામાં આવી અને તે પછી સૈકાઓ વીતતાં સ્ત્રીની સ્વામીભક્તિ પર વધુ પડતો ભાર મૂકતી આ પ્રથા યોગ્ય અયોગ્યની સર્વ મર્યાદાઓ વટાવીને એટલી તો ક્રૂર બની ગઈ કે તે કાયદાથી બંધ કરવી પડી.

વેદના સમયમાં પુરુષના મૃત્યુ પછી અગ્નિદાહ સમયે પુરુષો સાથે સ્ત્રીઓ પણ સ્મશાન જતી. તે સમયે ઋગ્વેદ જણાવે છે: "આ સૌભાગ્યવતી સ્ત્રીઓને આંખમાં ઘી આંજીને અહીં બેસવા દો. આ આક્રંદ ન કરતી, નીરોગી અને સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરેલી

સ્ત્રીઓને સૌથી આગળ બેસવા દો." તે સમયે પત્ની મૃત પતિ પાસે ચિતા પર બેસે છે તેને ઉદ્દેશીને તેનો દિયર કહે છે: "હે સ્ત્રી! તું ઊઠ અને આ જીવિત આત્માઓના જગતમાં ફરીથી પ્રવેશ કર અને જેણે તને હાથ પકડીને ઉઠાડી (દિયર પોતે) તેની સાથે લગ્ન કર." પત્ની પતિના મૃતદેહ પાસે ચિતા પર બેસે છે તે વેદના સમય પહેલાંની પણ વેદકાળમાં બંધ પડેલી પ્રથાના પ્રતીક રૂપે છે. પહેલા શ્લોકમાં "अग्रे" [આગળ] શબ્દ આવે છે તે પ્રપંચી પુરોહિતોએ બદલીને "अग्ने" [અગ્નિમાં] કરી દીધો અને પરિણામે સતીની પ્રથા પ્રચલિત થઈ અને આ એક શબ્દના અનર્થને લઈને લાખો સ્ત્રીઓનો ભોગ અપાયો.

અથર્વવેદમાં પણ પતિની ચિતા પર બેઠેલી વિધવાનો ઉલ્લેખ છે અને પછી દિયર તેને ઉઠાડીને ઘેર લઈ જાય છે.

આર્યોને અનાર્યો સામે યુદ્ધ કરવા પુત્રોની જરૂર હતી આથી સતીની પ્રથા એમણે બંધ કરી ને પુનર્લગ્નની પ્રથા શરૂ કરી. વેદમાં "दीधीषु" નો અર્થ "સ્ત્રીનો બીજો પતિ" થાય છે, અને "परापूर्वा" નો અર્થ "જે સ્ત્રીએ બીજો પતિ કર્યો છે તે" થાય છે.

મહાકાવ્યોમાં સતીની પ્રથાનું એક જ ઉદાહરણ આપણે જોઈએ છીએ. મહાભારતમાં માદ્રી રાણી પાંડુરાજાની પાછળ સતી થાય છે. પરન્તુ પાંડવો કે કૌરવો કોઈની પાછળ તેમની પત્નીઓ સતી થતી નથી. રામાયણમાં તો સતીની પ્રથાનું એક પણ ઉદાહરણ નથી.

બ્રાહ્મણ ગ્રન્થો (ઈ. સ. પૂર્વે ૧૫૦૦ – ૭૦૦) માં સતીની પ્રથાનો ઉલ્લેખ નથી. તૈત્તિરિય આરણ્યકમાં વિધવા પતિની ચિતા પર બેસે છે ને દિયર તેને હાથ પકડીને ઉઠાડી જાય છે.

શ્રૌતસૂત્રો અને ગૃહ્યસૂત્રોમાં (ઈ. સ. પૂર્વે ૬૦૦ – ૩૦૦) જન્મ, લગ્ન અને મૃત્યુની વિધિઓ વિગતવાર આલેખવામાં આવી છે પણ સતીનો ઉલ્લેખ નથી. માત્ર આશ્વાલયન ગૃહ્યસૂત્રોમાં તૈત્તિરિય આરણ્યકની જેમ જ અગ્નિદાહ સમયે ચિતા પર બેઠેલી વિધવાનો ઉલ્લેખ છે.

બૌદ્ધિક સમયમાં સ્ત્રીને પુરુષ સમાન સામાજિક અધિકાર આપવાનાં સર્વ પ્રયત્નો કરવામાં આવ્યા હતા એટલે સતીની પ્રથા પ્રચલિત હોય એ અસંભવિત હતું. ગૌતમ બુદ્ધ કોઈ પણ પ્રકારની હિંસાની વિરુદ્ધ હોવાથી સતીની પ્રથાનો અનુરોધ કરત જ નહિ.

ઇતિહાસમાં સૌથી પ્રથમ સતીનો બનાવ ઇ. સ. પૂર્વે ૩૧૬માં બન્યો હતો. કેતુ નામનો હિંદી લશ્કરી અમલદાર મૃત્યુ પામ્યો ત્યારે તેની અનેક પત્નીઓમાંથી એકે સતી થવાનો નિશ્ચય કર્યો. આથી સ્ત્રીઓ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરીને એને સ્મશાને લઈ ગઈ જ્યાં સતીએ પોતાનાં કીમતી અલંકારો કાઢીને મિત્રો અને દાસીઓમાં વહેંચી દીધાં અને એક શબ્દ પણ ઉચ્ચાર્યો વિના ચિતામાં બળી મરી.

જ્યારે બૌદ્ધ ધર્મને કચરીને બ્રાહ્મણ ધર્મ ફરી સ્થપાયો ત્યારે પ્રત્યાઘાતી બ્રાહ્મણોએ સ્ત્રીને સમાજમાં નીચે ધકેલી. પોતાની વિધવા ફરી પરણે એ વિચારમાત્રથી પુરુષો ઈર્ષ્યાથી બળતા અને પત્નીને સતી થવાની ફરજ પાડતા. પણ તેમ છતાં ઘણા સૈકાઓ સુધી આ પ્રથા સામાન્ય નહોતી. સતીનો સૌથી પ્રથમ પાળિયો રાજપુતાનામાં છઠ્ઠી સદીમાં બનાવવામાં આવ્યો છે જે હજી પણ ઊભો છે.

ધર્મશાસ્ત્રો અને ધર્મસૂત્રોમાં સૌથી પ્રથમ સ્ત્રીને સતી થવાનું વિષ્ણુ આશરે પહેલીથી ત્રીજી સદીમાં કહે છે—સિવાય કે તે ગર્ભવતી હોય કે નાનાં બાળકોવાળી હોય કે ઋતુમતી હોય. તે પછી બે કે ત્રણ સદીઓ પછી બૃહસ્પતિસ્મૃતિ સતી થવાનું સ્ત્રીને કહે છે. આ બન્ને શાસ્ત્રકારો જો વિધવા નીતિમય જીવન ન ગાળી શકે તો જ તેમને સતી થવાનું કહે છે. પાંચમી કે છઠ્ઠી સદીમાં પરાશરસ્મૃતિ લખાઈ ત્યાં સુધીમાં વિધવા માટે સતી થવાનું લગભગ ફરજિયાત બની ગયું હતું. પરાશર કહે છે, "જે સ્ત્રી પોતાના પતિ પાછળ ચિતા પર ચઢે તે શરીર પર જેટલા વાળ છે તેટલાં વર્ષ એટલે કે સાડાત્રણ કરોડ વર્ષ સ્વર્ગમાં રહેશે. જેમ મદારી સાપને દરમાંથી ખેંચી કાઢીને ઊંચકે છે તેમ સ્ત્રી પોતાના પતિને સતીની ક્રિયાથી નરકમાંથી ખેંચી કાઢીને સ્વર્ગમાં આણશે." પુરુષનાં બધાં જ પાપો તેની પત્નીના સતીના કર્મથી ધોવાઇ જતાં એમ સમાજ માનતો થઈ ગયો હતો. શંખ અને લિખિત પોતાની સ્મૃતિમાં ઉમેરે છે: "જે સ્ત્રી સતી થાય તેની આસપાસ સ્વર્ગમાં અપ્સરાઓ નૃત્ય કરશે. ચૌદ ઇન્દ્રોનાં રાજ્ય પર્યંત તે દંપતી સ્વર્ગમાં આનન્દ કરશે. કોઈ પુરુષે પોતાના મિત્રની કે બ્રાહ્મણની હત્યા કરી હશે કે કૃતઘ્ની નીવડ્યો હશે તો પણ જો એની પત્ની એના મૃતદેહને ખોળામાં રાખીને ચિતા પર બળી મરશે તો તેનાં બધાં પાપોમાંથી તે પુરુષ મુક્ત થશે અને નહિ તો તે સ્ત્રી જન્મોજન્મ સ્ત્રીનો અવતાર પામશે."

જે સ્ત્રી સતી થવાનો સંકલ્પ લેતી તે સૌથી પ્રથમ સ્નાન કરીને બધાં જ સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરતી. પછી સ્ત્રીપુરુષોનું એક ટોળું તેને સ્મશાનમાં લઈ જતું. સતી હાથમાં એક કાંસકી, એક આરસી, કંકુ અને પાન પકડતી. જો તેનો પતિ બહારગામ મૃત્યુ પામ્યો હોય તો તેનું એક વસ્ત્ર લઈને તે ચિતા પર ચઢતી. તેણે ધારણ કરેલાં અલંકારો તે ચિતા પર ચઢતાં પહેલાં મિત્રોને અને દાસીઓને સ્મરણચિહ્નો તરીકે આપી દેતી.

શુદ્ધિતત્ત્વ કહે છે, "સતી થનાર સ્ત્રી સ્નાન કરીને સફેદ વસ્ત્રો ધારણ કરે છે અને હાથમાં કુશનું એક તરણું પકડીને પૂર્વ તરફ અથવા ઉત્તર તરફ મોં કરીને ઊભી રહીને આચમન લે છે. જ્યારે બ્રાહ્મણો 'ૐ તત્ સત્' કહે છે ત્યારે તે નારાયણને સ્મરે છે અને તે સમયે ઘડી અને ચોઘડિયું કયું તે બોલે છે: અને પછી સંકલ્પ બોલે છે 'જે સ્ત્રી પોતાના પતિ પાછળ ચિતા પર ચઢશે તે સ્ત્રી'—(વગેરે—પરાશર અને શંખ લિખિતના શ્લોકો) બોલે છે. આ સંકલ્પ ત્રણ વખત બોલતાં બોલતાં તે સ્ત્રી ત્રણ વખત ચિતાની આસપાસ પ્રદક્ષિણા ફરે છે. તે પછી તે સ્ત્રી આઠ દિશાઓના આઠ રક્ષકો, સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરેને પોતાના આ કાર્યના સાક્ષીરૂપે આવવાનું આવ્હાહન કરે છે. તે પછી બ્રાહ્મણ વેદનો શ્લોક બોલે છે:—"આ સૌભાગ્યવતી સ્ત્રીઓને આંખમાં ઘી આંજીને અહીં બેસવા દો. આ આક્રન્દ ન કરતી, નીરોગી અને સુંદર વસ્ત્રાલંકાર પહેરેલી સ્ત્રીઓને સૌથી આગળ [अग्रे] બેસવા દો.' (પરન્તુ બ્રાહ્મણોએ "अग्रे" ને બદલે "अग्ने" કર્યું હોવાથી તેનો અર્થ "અગ્નિમાં જવા દો" એમ થઈ ગયો હતો.)

તે પછી બ્રાહ્મણ ઉમેરે છે, "આ સ્વામીભક્ત સ્ત્રીઓ, પતિના દેહ સાથે ચિતા પર ચઢો." પછી તે વિધવા "ૐ નમો નમઃ" બોલીને ચિતા પર ચઢે છે.

સંકલ્પ લીધા પછી કોઇ પણ વિધવા માટે સતી થવાની ના પાડવી એ અત્યન્ત અપશુકનિયાળ ગણાતું. સતીની પ્રથાની એટલી હદ સુધી પ્રશંસા કરવામાં આવતી કે સ્ત્રીને પતિ મૃત્યુ પામતાં એક જાતનું માનસિક ઘેન ચડતું અને તેથી તે તત્ક્ષણ સંકલ્પ લઈને ચિતામાં બળી મરવા તૈયાર થતી. ચિતાની આકરી જ્વાળાઓ દેહને સ્પર્શ કરતી કે તરત આ ક્ષણિક ઘેન ઊતરી જતું; પરન્તુ તે પછી નાસીને બચી જવું અશક્ય બનતું.

ગુજરાતમાં તે સમયની પ્રચલિત પ્રથા પ્રમાણે સતીને બળી મરવા માટે એક લાકડાની ઝૂંપડી તૈયાર કરવામાં આવતી. સતી આમાં બેસતી. કુટુંબનો કોઈ એક પુરુષ ઉઘાડી તલવાર લઇને ઝૂંપડીના બારણા આગળ ચોકી કરતો જેથી ઝૂંપડી સળગતાં સતી નાસી ન જાય. ક્વચિત સતી થનાર સ્ત્રી નાસી ન જાય માટે ચિતાની ઉપર લાકડાનાં ભારે ગાડાનાં પૈડાં મૂકવામાં આવતાં. ઘણી વખત ચિતા પર લાકડાનો મંડપ બાંધવામાં આવતો. જ્યારે ચિતા સળગતી ત્યારે તેની જ્વાળાઓ મંડપને સ્પર્શ કરતાંની સાથે જ મંડપ કડાકા સાથે તૂટી પડતો અને નીચે ચિતા પર બેઠેલી સ્ત્રી ચગદાઇ જતી, જેથી તેને નાસી જવાને કોઇ અવકાશ ન રહેતો.

જાણીતા ગુજરાતી ભાષાના સાહિત્યકાર (અંગ્રેજ લેખક) ફૉર્બ્સ 'રાસમાળા'માં લખે છેઃ "સતીની ચીસો સાંભળવી એ મહા અપશુકનિયાળ ગણાય છે. આથી જેવી ચિતામાંથી જ્વાળાઓ પ્રગટે છે તેવો જ જનતામાંથી 'જય અમ્બે' અને "જય રણછોડ'નો ગગનભેદી નાદ હવામાં ઊઠે છે અને સાથે સાથે આકાશ ફાડી નાખે તેવા મોટા અવાજે રણશિંગુ અને ઢોલ વાગે છે જેથી સ્ત્રી બળીને ભસ્મ થઇ જાય ત્યાં સુધીમાં એની એક પણ ચીસ ન સંભળાય." આ પછી સતીનો સ્મશાનમાં પાળિયો ઊભો કરવામાં આવતો. ક્વચિત તેના પર એક પથ્થરની કે આરસની છત્રી બાંધવામાં આવતી. પાળિયા પાસે એક નાના મંદિરમાં ભગવાનની મૂર્તિની સ્થાપના કરવામાં આવતી. રાજપૂતોમાં પાળિયા પર કોતરકામમાં પતિ જે રીતે મૃત્યુ પામ્યો હોય—ઘોડા પર કે રથમાં કે ચાલતો—તે રીતે આલેખવામાં આવતો. પાળિયા પર સતીનો કંકણવાળો હાથ પણ કોતરવામાં આવતો. ગુજરાતી રાજપૂતો સતીની ક્રિયા જો સામુદાયિક સ્વરૂપમાં થતી તો 'કેસરિયાં' તરીકે ઓળખતા.

મનુના 'માનવધર્મશાસ્ત્ર' પર વિવેચન કરનાર મેધાતિથિ સતીની પ્રથાને તિરસ્કારે છે અને તેને આત્મહત્યા કરવા બરાબર ગણે છે. તે કહે છે કે સતી થવું એટલે આત્મહત્યા કરવી અને આત્મહત્યા કરવાની શાસ્ત્રોમાં સ્પષ્ટ મના છે. કવિ બાણ કહે છે, "સ્વામીની પાછળ મૃત્યુ પામવું એ મૂર્ખાઈ છે અને નિરુપયોગી છે. મૃત્યુ પામેલા પતિને એનાથી કશો લાભ નથી થતો. એને આ કાર્યથી સ્વર્ગ મળતું નથી, તેમ જ આ કાર્ય એને નર્કમાં જતાં અટકાવતું નથી. આ કાર્યથી બન્ને જણ સ્વર્ગમાં ફરીથી મળે છે એની કોઇ સાબિતી નથી, પરન્તુ આત્મહત્યા તો તે કરનારને અવશ્ય નર્કમાં લઇ જાય છે. મૃત પતિના આત્માની ગતિ તો એનાં કર્મ પ્રમાણે થાય છે. પત્ની જીવીને પતિને પિંડ સારે એ જ વધુ પ્રશંસનીય છે."

પરન્તુ અનેક સુધારકોના સખત વિરોધ છતાં આ પ્રથા હિંદુ સમાજમાં ચાલુ રહી.

સુરધન

પુષ્કર ચંદરવાકર

ધુમ્મસ ઓઢીને ઘોરતી ઉષા આટલી રહસ્યમય હશે તેની મને પહેલવહેલી આજે જ જાણ થઈ. પરિચિત વગડો, ઉષાની જોડે સંકેત ખેલીને, રીસાયેલ બાળક નાક ચઢાવી ચૂપચૂપ બની જાય તેમ, ચૂપચૂપ હતો. ઓળખીતાં ઝાડો આડે ધુમ્મસના પડદા લટકી ગયા હતા. એક પડદાને વીંધું ત્યાં સામે બીજો આવી ઊભો રહે.

તે છતાંય ગળા ફરતી સાલ વીંટીને, હાથમાં નાનકડો બાંગરો લઈને વગડામાં ઘૂમવા નીકળ્યો. આખો વગડો રૂપે મઢ્યો હતો. ને તેથી નજર સામે ઉભેલ ઝાડવું પણ તે વખતે અપરિચિત બની જતું. કાયમની કૂણગુલાબી ટાઢ આજે ધુમ્મસ હોવાથી બરાબરની ત્રાટકી હતી. એટલી વળી પવનદેવની મહાકૃપા હતી કે તે છાના રહ્યા, નહીં તો...દાઢી ડગમગાવત.

હું ધીમા પગલે ખારાના વેરાન વગડામાં લટાર મારતો હતો. કેડાની અડખેપડખે ઊગેલ આવળબાવળ, ઝીપટો બોરડી ને ખીજડીઆનાં ઝાંખરાં પર બાઝેલ તુષારબિન્દુઓ નીરખતો હતો. કેડાના કાંઠા પર ઊગેલ આવળનું ફૂલ મેં લળીને તોડ્યું. મેં તેની સુવર્ણરંગી પાંખડીઓ તોડવા માંડી. એક જ પાંખડી તોડી, ત્યાં મેં દિશાઓ ગજવતો ખોંખારો સાંભળ્યો. મારો અત્યાર સુધી થંભેલ હાથ પાછો પાંખડીઓ પર લંબાયો. ફરી પાછો ખોંખારો સંભળાયો. બીજી પાંખડી તોડું તોડું વિચારતું મન થંભ્યું. મનમાં વિચાર આવ્યોઃ 'અરે ! અહીંઆ તે કોણ !' ને ચોદિશ નજર નાખી. ધુમ્મસ ગાળેલ લોહની દિવાલ જેમ નજર આગળ ઝગઝગ થયે જતું હતું. ખૂબ ખૂબ જ્યારે આંખો ખેંચી ત્યારે લાગ્યું કે આ એક ભ્રમ છે.

હું થંભ્યો, પણ હતો ત્યાંથી આગળ ચાલ્યો, માત્ર બે ડગલાં જ. મારા હાથમાં આવળની ડાળખી હતી. ત્યાં ત્રીજી વાર એ જ ખોંખારો સંભળાયો. મરદનો ખોંખારો. આ વખતનો ખોંખારો સામાન્ય મરદનો ન હતો, પણ વજ્રકાય મહામાનવીનો જ હોવો જોઇએ, તેવો ભાસ થાય, એવો ખોંખારો.

મારી કુતૂહલતા ઉશ્કેરાઈ. પહેલી વખત ખોંખારો સાંભળ્યો ત્યારે એમ હતું કે ઠંડીમાં વહેલા બગબગે (પરોઢે) કોઈ ખેડૂત ખેતરે જતો હશે તેનો હશે. પણ ત્રીજી વખતના ખોંખારાએ મને લાગણીવશ કરી દીધો.

મેં આવળની ડાળખીને ફેંકી દીધી. મારી પછવાડે નજર કરી. મેં જમણીડાબી તરફ જોઈ લીધું. સામે તો કોઈ નથી ને ? એમ વિચારીને નજર નાખી પહોંચે ત્યાં સુધી ઊંડાણમાં ને ઊંડાણમાં જોયું. સામે ખારાનો વેરાન વગડો ને તેમાં ઊગેલ આવળબાવળ કે રડ્યાખડ્યા ઝીપટાઓની તિરખીઓ સિવાય કશું ય હતું નહીં. તે સિવાય ધુમ્મસનો ઘુંઘટપટ જ નજરે પડતો.

ક્ષણભર, હું ગરુડદૃષ્ટિએ ચોદિશ ઢૂંઢતો ઊભો. ને ત્યાં ય કશું ન દેખ્યું, ત્યારે આકાશના ચંદરવા સામે મીટ માંડી : ઊંચું જેટલું ઊંચકાય તેટલું ઊંચકીને.

ત્યાં ફરી પાછો તેનો તે જ ખોંખારો. છાતીનાં પાટિયાંને હચમચાવી દે તેવો ખોંખારો.

મેં મારા કાન સરવા કર્યા. કેડા માથેથી ચાલવાનું મૂકી દઈને ખોંખારો આવતો હતો તે દિશામાં વહેતું મૂક્યું. આડા વગડામાં ખાડાખડિયામાં પગ પડી જતો ત્યારે ગડથોલું આવી જતું. નાક, એકવાર તો, છોલાયું. ધોતિયાના ચીરા ઊડી ગયા. મોં પર બાવળિયાના ઉઝરડા ઉઝરડા થઈ ગયા. પણ સ્વસ્થતા મેળવીને આગળ ચાલતો. મારી નજર આગળ તો ધુમ્મસના સામટા સાત પડદા હતા.

ચાલતાં ચાલતાં થોડે છેટે ઘેઘુર ડાકણના વાંસા જેવી પોલા થડવાળી આડી સૂતેલ જાળ-વરખડા દેખાણી.

ત્યાં ફરી ખોંખારો. ખોંખારાની કેડે કૂકડો રણુકયો. ને કૂકડાંને સાદ પુરાવવા શિયાળવાએ લાળી કરી. મારા પગ થંભી ગયા. આગળ ડગલું મૂકતાં સાતપાંચ થઈ. રાત ફૂટતી આવતી હતી. પાછલી રાતનું અંધારું મોળું પડ્યું હતું. મોંસૂંજણું થયું હતું.

મેં ફરી ચારે કોર નજર દોડાવી. પણ કાળામાથાનું માનવી જણાય તો તો કંઈક મને હૈયે ધીરપ રહે ને! મારો ભ્રમ ઓછો થાય ને! 'અલ્યા, તારે તે આ-શું! ખોંખારો કોનો? સ્વપ્નામાં તો ન હતો ને! જાગતીંદામાં તો નથી ને! દુશ્મનની છાતી તોડી નાખે એવા ખોંખારા સાચા કે પછી તંદ્રાવસ્થામાં?' મેં વિચારોને થંભાવ્યા.

જાળ તરફ આંખો ફેરવી. ફરી પાછા વિચાર આવ્યાઃ 'ઘર ફાડનાર શાહુકાર તો નથી સંતાયા ને! ભેરુને ઈશારત કરવા સારુ જોરથી ખોંખારા તો નથી ખાતા ને!' મારી જાળ પાસે જવાની તો હિંમત ન ચાલી.

વિચારતાં વિચારતાં હું જાળથી ત્રણેક ખેતરવા છેટે રહ્યો. ને ત્યાં જ થંભ્યો. જાળ માથે નજર નાખવાની ય હિંમત હવે મારામાં ન હતી. તોય બીનાં બીતાં ઝડપથી જાળ માથે નજર ફેરવી લીધી. ફરી નજર નાખી. ને જ્યાં જાળના પોલા થડ માથે નજર ફેરવું છું ત્યાં પોલાણમાં રૂપેરી ઓડિયાવાળો, રૂપાના તારની મૂછોવાળો, ઉઘાડા માથે, ઓરીઆ-વાળા પહોળી બાંયના કેડિયામાં, મોટાં લીંબુની ફાડ જેવા ડોળાવાળો, આંબલીના કાતરા જેવા નેણવાળો, સુરવાલ પહેરેલ ને સુરવાલ માથે ભેટ બાંધેલ રાજવંશી આછી આછી છાંટવાળો, ભરાવદાર, માંસલ, દેહ ને પગની પીંડીઓ ફાટુંફાટું થતી હોય એવા લોહીદાર માનવીને જોયો. એ ઘડી હું તેની સામે જોઈ રહ્યો. તેનાં મોં પરની ગંભીરતાની, ઘડી પહેલાં રમતી રેખાઓ એકાએક અદૃશ્ય થઈ ગઈ. તેણે તેના હાથને હવામાં ફંગોળ્યો. તે આકૃતિ સહેજ ફરકી. મને થયું કે તે મારી તરફ આવે છે કે શું! હું સહેજ પાછો પડ્યો. મારો શ્વાસ ઘડીભર અદ્ધર રહી ગયો. મેં આંખો મીંચી દીધી. નીચે બેસી ગયો. આંખ આડા ખૂબ જ જોરથી હાથ દઈ દીધા. હું ભોંય પર ફંગોળાઈ પડ્યો.

પણ શુદ્ધિમાં તો હતો જ. મેં ચીસ સાંભળી. આંખ આડા દીધેલ હાથ આપોઆપ ખસી ગયા. મારી આંખો જાળના પોલાણમાં ખીલા થઈ ગઈ. હું આભો બની ગયો. અહીં તો લીલા રમાણી હતી. આંખના પલકારામાં જ.

પણ પેલો આદમી અલોપ થયો ક્યાં! દાદાની દોટ મૂકે તો ખારામાં એ જણાય

વગર રહે નહીં. આથી આગળ હું વિચાર ન કરી શકયો. આજુબાજુ સારી પેઠે અજવાળું થઇ ગયું હતું.

હું ઊભો થયો. કેડે હાથ મૂકીને ઉલળકડાની જેમ ઊભો રહ્યો. તે વખતે મારા મામાના ખેડૂત હરજીએ બૂમ મારી: "ભાણુભઈ!"

હું ધીમા પગલે ધોરી માર્ગ પર ગયો. હરજી મારી સામે જોઇ રહ્યો. તે કશું ય ન બોલ્યો. મરક મરક મોં મરકાવતો હું હરજી સામું જોઇ રહ્યો. પણ તે બોલ્યાચાલ્યા વગર મામાના ઘર ભણી ચાલતો થયો. હું તેની પછવાડે ગયો.

આકાશના ઉંબરે સૂરજરાણો આવીને ખરો ન હતો થયો, છતાં ય અજવાળું થઈ ગયું હતું. ઘરનાં આંગણામાં પગ મૂકયો ત્યાં મામા સામા મળ્યા. મારા મોં પરથી બીકની ધાક હજુ પૂરેપૂરી ખસી ન હતી. મોં સીંઆવીંઆ હતું. પણ મામા મનની સ્થિતિ ન કળી શકે તે સારુ મોં પર કૃત્રિમ હાસ્ય આણ્યું; પણ મારું કાળજું તો મામાના અંતરમાં કયારનું ય કંડારાઇ ગયું હતું તેની મને છેવટે જાણ થઈ.

હું આંગણામાંથી ઓસરી પર ગયો. મારા કાળજામાં ફફડાટ હતો, પણ શાંતિ–કૃત્રિમ શાંતિ જાળવીને રસોડામાં ગોઠવેલ લાકડાના પાણીઆરા પર દાતણ લેવા ગયો. મામી રસોડામાં વાસીકામ કરતાં હતાં. મને જોઇને બોલ્યાં, "ભાણુભઈ, નવા દિ'ના ફરવા નો જાતા હો તો નો રડે, કંઇ! ભઈલા,' નવા દિ' છે તે સરગ માંયલા દેવદેવીયું ધરતી માથે હરવા-ફરવા નીકળે, સમજ્યા ભઈલા!"

હું મામીના વાકયમાં કશું ન સમજ્યો. ગામડાનાં ઘરોમાંના વિશાળ આંગણામાં ઘૂમતાં ઘૂમતાં દાતણ કરવાની મજા આવે છે તે માણવા હું આંગણામાં દાતણ કરવા લાગ્યો. પેલા પ્રસંગને ભૂલવા પ્રયત્ન કરવા લાગ્યો. કૉલેજનાં મીઠાં સંસ્મરણો વારેવારે યાદ કરવા લાગ્યો. પણ પેલો આદમી જાણે બધાંમાં ભરાઈ બેઠો ન હોય એવું મને મનમાં લાગ્યા જ કરતું હતું.

તે જ આકૃતિ અને તેના તે જ ઓખારાનો ભ્રમ શરૂ થયો. દાતણ જેમ તેમ ઉતાવળે કાઢીને ઓશરીના પડથાર પર આવીને કોગળા કરવા મંડયો. મામા સામેથી હાથમાં દૂધનો લોટો લઇને આવતા હતા. મારી સામે ઘડીક તે જોઈ રહ્યા. ને તરત જ તે રસોડામાં ગયા. લોટો મૂકીને વળી પાછા બહાર આવ્યા. શણિયું પાથરીને મારી પડખે બેઠા. મારા વાંસામાં હાથ પંપાળતાં બોલ્યા, "ગાંડાભઈ, કયાં લગણ ફરી આવ્યો?"

"મામા, આજ તો ફરવાની કંઈ મજા આવી!" મેં ચહેરા પર આનંદ વ્યક્ત કર્યો.

"મજા તો આવે જ ને! પણ હવેથી આવું ગાંડપણ નો કરતો. આંયા રે ન્યાં લગણ ઈ દશ, નવા દિ'માં હરવા ફરવા નો જતો."

હું વાત સમજી ગયો. સાચી વાત મામાના કાને આવી પહોંચી છે તેની મને ખાત્રી થઈ, પણ કોણે વાત કરી હશે તે ગૂંચ ઉકેલું તે પહેલાં તો હરજી જ ફળિયામાં આવી ઊભો રહ્યો ને હસતાં હસતાં બોલ્યો, "કીમ ભાણુભઈ, વાઘબાના દર્શન થીયા કે?"

'આ વાઘબા વળી કોણ?' હું મનમાં જ મૂંઝાવા લાગ્યો.

'હાશ' કરી હરજી મામાની પડખે બેઠો.

"ભાણુભઈ," મામાએ વાત ઉપાડી, "તું આંયાની ભોમકાનો ભોમીઓ નો કે'વા. સમજ્યો ભઈલા. વાઘભા કોણુ? સાંભળ, તિયારે!

"આ નવા દિ' પોડા બારસથી તે લાભપાંચમ લગણ. સમજ્યો? માનવી બાર ઘડી ઘરમાં રે' તોય મૂંઝાય, તારે દેવ કંઈ મૂંઝાયા વગર રે'! ભઈલા, આ નવા દિ'માં ઇ લોક મરતવી લોકમાં આવી ચડે છે. સમજ્યો! ને ઈ સારુ કવ છું કે તારે આ પાંચસાત દિ' ફરવાના ખમૈયા કરવા. જો, ખારામાં જાળ છે જાળ, સમજ્યો, ભઈલા, ન્યાં તો આં બારે દિ' વાઘભા હાજરાહજૂર. સમજ્યો કે ભઈલા. અમે તો રાતદિ'ના સાથે બેઠનાર-ઊઠનાર. અમે ઈમનાથી નો ભડકિયે. પણુ ઇમની સીકલ ને ખોંખારો સાંભળી મૂછે લીંબુ લટકાવનાર ભલભલા ન્યાં ને ન્યાં ચત્તાપાટ, શીંધડા થઈ જાય છે શીંધડા!

"પણુ ભઈલા! વાઘભા આણસ આમ ભાયડો. જીવનો ઓલદોલ. નઈ તો ફીર્કા જેવી વાતમાં ગામને માથું વાઢી આલે! સમજ્યો, ભઈ! ઈ આવા વાર-વરતુલાએ જાળ માથે હાજરાહજૂર." મામાએ એકશ્વાસે વાઘભાની વાતને પૂરી કરવાનો નિશ્ચય કર્યો હોય એમ મને લાગ્યું, પણુ મુખ્ય અંકોડો બાકી રહી ગયેલ જાણી રસોડામાંથી મામી બોલી ઊઠ્યાં, "પણુ વાત પૂરી તો કરો! સીત્તેર વરહની પાકી કાયાએ હમ્મીરાને ગંગરાવ્યો ને ઈ કાળમખે પાછલી પૂંઠે......"

"હા." મામા ખોંખાર્યા. હું કંપી ઊઠ્યો. "હા, વાત ઇમ હતી કે અમારા ગામનું સવેલું આ અણીઆળીએ ગીયું ને ઇ છોડીને દીધી'તી ભાઠામાં. સાળી જાત ગમે તીમ તો ય કાંટાળા વરણુની ને. ભલે ને અતારે દાંત ને અન્નને વેર પણુ હાલ્યો આવતો સભાવ જાય કંઇ! ઇમાં ઇમનું શરાદ્ધ ઊજ્યું!

"ઇમાં ઈ બચારાનો ય વાંક નથી હો. આ મારા સાસરોટિયાને ભાઠાવાળાએ તણુવાર. કે'વડાવ્યું કે 'ભઈ, અમારો હવે કંઇક નોર ઉતારો. થવાનું હતું ઇ તો થઈ ગીયું. વેર-ઝેર કરીને નથી મને મત્તા મળવાની કે નથી તમને.' પણુ આ દેશળા ડોશિયાએ કંઈ નો ગણુકાર્યું: આ કાને વાત સાંભળી ને આ કાને વાત કાઢી નાખી.

"સાળું સાવ ડંડૅમૂંડ્યે હાલે કંઈ!

"ઇમાં એક રાતે ઇ લોક આવીને દેશળાનો કપાસ ગૂડી ગીયા, ખારસો મણનો સાત વીઘાનો, લીલી કેળ જેવો. માથે કંઇ સાબકા બેઠેલા! હવે ભાઠાવાળાની જાકુબી હાલવી થઈ. પણુ ગામવાળાને કોઈ રંજાડ નઈ, લગરિક ય નઈ. બીજીવાર ઈમણે દેશળાના વરતવરતુલાં કાપી ઢોરને ચીરીને ઝાડવે ટાંગી જતા રીયા. ત્રીજીવાર દેશળાની સત્તર ભરોટાની ગંજી. સળગાવી ગીયા. ભઈલા, હવે તો ધાન પેટમાં ઊઝ્યું.

"પણુ મારા સાસરોટિયાએ કંઈ નોર જ નો ઉતાર્યો ને! ભાઠાવાળા ય મૂંઝાણા. ગામને ટૂંકુ ઝાલ્યા વગર-હવે ઇનો ય છૂટકો નો'તો. એક રાતે મુખીની સીત્તેર ભરોટાની ગંજીમાં લાલબઈ ચાંપી. પણુ લાલબઇ ચાંપનાર અણુપળોટ. ભઈલા હજુ તો થતો જુવાન. સળગતું ગોટાણું છાણું ચાંપવાના સાટે ગળાયો ચાંપ્યો. ગંજી સાવ ઉઘાડમાં. વા કે' મારું કામ. પછી ગળાયાને સળગતાં શી વાર! ગળાયો તો જોતજોતામાં ઝપટું દેવા લાગ્યો. ને જુવાન

આવ્યો તો ખરો પણ કળાઈ ગીયો. ને ઈમાં તાકડો એવો આવ્યો કે વાઘભા ઉગમણી સીમમાંથી પાછા આવતા'તા. ને ગંજીમાં લાલખઇ દેખી ઇમણે હાકલો દીધો, 'કિયો ઈ વાઘરો મુવો છે !' ઓલા જુવાનને લાગ્યું કે ઝલઈ જાશું ! ઈણે દડદડતી દોટ મૂકી ખડકા કોર ખારામાં. પણ ઇ જુવાનિયા વહિવાંસ વાઘભાએ દોટ દીધી. જુવાનિયો જાળ માથે ચડે છે ત્યાં તો વાઘભાઇ આંબી ગીયા. ટાંટિયો ઝાલીને, વાઘભાએ ઇને હેઠે પટકયો.

"ભઇલા ! આંયા ગામ તળિયામાં તો ભારે લંકા લાગેલી હો ! ભઈલા, આપણા ઘર ઉવાડા તે સૌના કાળજામાં ફડફડ થીયા કરે ! મેં તો રામ માથે વાત મૂકી. નીંભાડામાંથી માંઝાદરીના ખપેડિયા ઇમ જ અમે તો બચ્યા છીં હો, ભઇલા !"

મામા થંભ્યા ઘડીભર. શ્વાસનળીમાં શ્વાસ માતો ન હતો. શ્વાસને નીચો બેસાડી વાત ઉપાડી, "પણ ભાણભઇ, આમ વાઘભાએ ઓલ્યાનો એધો લીધો ને ઓલ્યા જુવાનિયાને હેઠો પટકી માથે અસવાર થઇ બેઠા.

"પણ ઓલ્યો ઈના વેંતમાં આવેલો. કેડયમાં કાતુ સંતાડેલું. સળવળીને હાથે હાથે જે કાતુ વાઘભાના પેટમાં હુલાવ્યું. રામ. કાચો ગેળો ફસઇ પડે ઇમ જ ન્યાંકણે વાઘભાનું ઢીમ ઢળી પડ્યું."

મામાએ વાતને ત્યાં અટકાવી, 'હીમા થઇને તે હરજીની સાથે બહાર ગયા. હું એકલો જ ફળિયામાં આળસ મરડતો ઊભો. મામી હાથમાં ચાનો પ્યાલો લઇને રસોડાની બહાર ગયાં, 'ભઇલા, તમારા મામા ક્યાં ગયા ? વાત તો અધૂરી ? . . .'

'અધૂરી ?'

'હા. વાઘભા સુરધન થીયા છે ઇ વાત કરી તમને ?' ને મામી તરત જ રસોડામાં પાછાં ગયાં.

હુ એકલો હવે નિશાળ આંગણામાં આંટા મારવા લાગ્યો પણ મનમાં પ્રસંગની શકયા-શકય વિચારતો જ.

વાઘભાએ ગામના માટે આદર્શ ને ભાવરંગી દુનિયા સરજી હતી, મારા માટે પ્રશ્નની, નવા અનુભવની, કૌતુકપ્રધાન ને રહસ્યમયી ઘટનાની.

તેમાંથી છેવટે મારા માટે પ્રશ્નની દુનિયા જ સાચી : 'કે ખરેખર, વાઘભા આજે ય આ રીતે વર્તતા હશે ?'

વાઘભા... પ્રશ્ન,

વાઘભા... બીજો પ્રશ્ન,

વાઘભા.......ત્રીજો પ્રશ્ન !

માનસિક શાન્તિ અને આરોગ્ય

વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

ईर्ष्या भयाद्वेग परिप्लुतेन क्रुद्धेन शुग्दैन्य विदितेन ।
प्राघातं युक्तं न च सेव्यमानमन्नं सम्यक्परिपाकमेति ॥

ઉપરની ઋચાઓ આરોગ્ય માટે આપણને નવીન દૃષ્ટિ આપે છે. આપણો સમાજ એમ માને છે કે ખોરાકની વિષમતાથી કે એની અતિ મિતતાથી જ હંમેશાં માંદગી આવે છે; પરંતુ આ માન્યતા કેટલી ગેરસમજવાળી છે તે ઉપરના શ્લોક ઉપરથી સહેજે સમજી શકાશે.

છેલ્લા એક માસથી મારી પાસે એક દરદી બાઈ આવે છે. દોઢેક માસ પહેલાં એ બાઈની એક યુવાન દીકરી ગુજરી ગઈ. આજે ય એનાં મોઢા ઉપરથી શોક અને સંતાપ કોઈ પણ જોઈ શકે એટલા સ્પષ્ટ અને તાજા દેખાય છે. અને હજુ ગઈ કાલે જ જેમ જાણે એ પ્રસંગ બની ગયો હોય એટલાં એનાં હૃદયમાં વેદના અને દુઃખ ભર્યાં છે, અને પરિણામે આ સંતાપથી જ એ બાઈને અજીર્ણ અને ઝાડા થાય છે, વારંવાર પેટમાં દુખે છે, શૂળ આવે છે, અને અચાનક ગભરામણ થઈ જાય છે. ભૂખ તો લાગતી જ નથી. એટલે દિવસે દિવસે મંદાગ્નિ પણ વધતો જ જાય છે અને પરિણામે ખોરાકના પોષણના અભાવે નબળાઈ પણ આવતી જાય છે. જુદી જુદી અનેક પ્રકારની દવાઓ બદલવા છતાં ય એને કંઈ આરામ નથી આપી શકતો કારણકે રોગનું કારણ દૂર કરવાનું મારાથી કે દવાથી બની શકે તેમ નથી. આવા દરદમાં સાચી વાત એ છે કે માણસ પોતે જ સમજણપૂર્વક પોતાનાં દુઃખ અને સંતાપ દૂર કરે તો જ એ રોગમુક્ત થઈ શકે કારણકે રોગનું કારણ જ આ દુઃખ સંતાપ હોય છે.

આવો જ એક બીજો પ્રસંગ ટાંકું. આ દરદીનાં સગામાં પણ એક મરણ થયું છે એનો આઘાત એટલો બધો લાગ્યો છે કે દરદીને તાવ અને ઝાડા છૂટી પડ્યા છે. ભય અને ઉદ્વેગમાંથી આવી પડેલાં આ દરદો છે.

મુંબઈ જેવા શહેરમાં રહેતાં અનેક માણસોનો રોજિંદો અનુભવ છે કે ખોરાક ખાતી વખતે જે પ્રસન્નચિત્ત, નિરાંત અને આનંદ જોઈએ તેને બદલે અતિશય ઉતાવળથી પેટ ભરી લેવાની માનસિક વૃત્તિ સાથે જ જમી લેવામાં આવે છે. અને એ ભોજન પછી પણ ખોરાકના પાચન માટે જે શાંતિ અને આરામ લેવાં જોઈએ તે લેવાને બદલે જલદી જલદી ગાડી પકડવા માટે દોડતાં જવું પડે છે. ઉપરાંત ગાડીમાંની અતિશય ગીરદીને કારણે કલાક અરધો કલાક ઊભા ઊભા જ મુસાફરી કરી ઓફિસ પર જવું પડે છે. આવી સ્થિતિમાં ખોરાકનું પાચન સહજ રીતે જ ન થાય અને પરિણામે એમાંથી જ કબજિયાત, અજીર્ણ, મળદોષ અને એની સીધી અસરથી પેદા થતાં ધાતુદોષનાં દરદો આવી પડે છે. લાંબા સમયની માનસિક અશાંતિ અને ચિંતામાંથી શ્વાસ, દમ અને ક્ષય જેવાં દરદો પેદા થાય છે.

એવી જ માંદગીમાં સ્વસ્થતા રાખવાની છે. માંદાઓનો જેને પરિચય અનુભવ હશે એ સહેજે સમજી શકશે કે માંદગીમાં ચીડિયાપણું, ક્રોધ વગેરે સહજ રીતે જ આવી જાય છે.

[અનુસંધાન પૃ. ૧૫૦

માંદગીમાં ખોરાક (૨)

ડૉ. કાન્તિલાલ

મારા ગયા લેખમાં વજન ઘટાડવા માટેના આહારનો મેં જે નમૂનો આપ્યો હતો તેમાં ગાયનું દૂધ, પાતળી છાશ અને છન્ના એમ દૂધ કે દૂધની બનાવટોનું પ્રમાણ વધારે હતું. આર્થિક દૃષ્ટિએ બધાને આ ન પણ પોસાય. જો સપરેટ દૂધ અગર સપરેટ દૂધની ભૂકી વાપરવામાં આવે તો મોંઘવારી ન નડે. પણ દુર્ભાગ્યે આપણે ત્યાં—ખાસ કરીને અમદાવાદમાં, આ પદાર્થો સુલભ નથી. અમદાવાદમાં સેંકડો મણ દૂધ પિલાય છે પરંતુ કોઈ વ્યક્તિને છૂટક આ પિલેલું દૂધ જોઈતું હોય તો ઝટ મળતું નથી. કોઈ દુકાને મળે તો એનો ભાવ આખા દૂધ જેટલો જ બતાવે છે. આમ હોઈ મેં આપેલી યાદીમાંથી છન્ના તથા ગાયનું દૂધ છોડી દઈ તેને બદલે ઘઉં અગર બાજરી નવટાંક તથા મગફળી એક અધોળ લેવામાં આવે તો તેટલા જ ઉષ્ણાંક મળી રહે. નત્રિલ કંઈક ઓછું થશે પરંતુ તે એટલું નહિ ઘટે જેથી ફિકર કરવાની રહે.

ઉષ્ણાંક, નત્રિલ વગેરે ગણવાની માથાકૂટમાં જેને ન પડવું હોય અને જેને પૈસાની ખાસ મુશ્કેલી ન હોય તેને માટે સારામાં સારો રસ્તો એ છે કે નીચે મધુપ્રમેહ માટે ૐ વર્ગના પદાર્થોની યાદી આપી છે તેમાંનાં શાકભાજી, ફળ ફળાદિ વગેરે પેટ ભરીને ખાવાં અને પછી રુચિ મુજબ ગાયનું દૂધ શેર બશેર કે તેથી વધારે પી લેવું. આમ કરવાથી બધાં તત્ત્વો પૂરતા પ્રમાણમાં મળી રહેશે અને (ત્રણ શેર ગાયનું દૂધ પીએ તો પણ) ઉષ્ણાંક ૧૧૦૦ કે તેની આસપાસ જ થશે.

મધુપ્રમેહ (ડાયાબિટીસ)

હવે આપણે મધુપ્રમેહનો વિચાર કરીએ.

ઇન્સ્યુલિન (મધુપ્રમેહની એક જ રામબાણ દવા)ની શોધ થઈ ન હતી ત્યારે આ રોગની સારવારનો એક માત્ર આધાર આહાર અને આહારનો ફેરફાર હતો. ઇન્સ્યુલિન આવ્યા પછી પણ આહારની ઉપયોગિતા ઘટી નથી, પરંતુ એમાં છૂટથી ફેરફાર થઈ શકે છે. આજે પણ એવા ઘણા કિસ્સાઓ હોય છે જેમાં માત્ર આહારના ફેરફારથી જ રોગ કાબૂમાં લઈ શકાય છે. જેમાં ઇન્સ્યુલિનની જરૂર પડે છે તેવા કિસ્સાઓમાં પણ આહારની યોજના તો કરવી જ પડે છે, એટલે આજે પણ મધુપ્રમેહના દરદી માટે આહારની અગત્ય ઘટી ગઈ નથી.

મધુપ્રમેહના દરદી માટે આહારની યોજના કરતી વખતે લક્ષમાં રાખવાના મુદ્દા આ પ્રમાણે છે :

(૧) દરદીને પૂરતા ઉષ્ણાંક મળવા જોઈએ. એ મેદસ્વી હોય તો એનું વજન ઘટવું જોઈએ, દૂબળો હોય તો વધવું જોઈએ. આપણે આગલા લેખમાં જે ધોરણ નક્કી કર્યું છે એનાથી કંઈક ઓછું વજન હોય અને તે સ્થિર રહે તો બસ છે.

(૨) કર્બોદિત મર્યાદિત પ્રમાણમાં આપવા. પહેલાં આ તત્ત્વ ઉપર કડક અંકુશ રાખવામાં આવતો. પરંતુ હાલ સારી એવી છૂટ આપવામાં આવે છે. કર્બોદિતનું પ્રમાણ બહુ ઘટાડી દેવામાં આવે તો ભોજન નીરસ બની જાય છે. વજનના દર કિલોગ્રામે ૨ થી ૩ ગ્રામ કર્બોદિત આપવાની ભલામણ છે; એટલે પંચાવન કિલોગ્રામ જેટલું વજન હોય તેને ૧૬૫ ગ્રામ કર્બોદિત આપી શકાય. એક અમેરિકન નિષ્ણાત જણાવે છે કે ૨૦૦ ગ્રામથી વધારે કર્બોદિત ન આપવા. ડૉ. પાઠક ભલામણ કરે છે કે "૨૦૦ ગ્રામથી ઓછું નહિ તેટલું" મળવું જોઈએ.

(૩) નત્રિલ યોગ્ય પ્રમાણમાં મળવા જોઇએ.

(૪) આ બે તત્ત્વોમાંથી અમુક ઉષ્ણાંક મળે પછી જે બાકી રહે તે મેળવવા પૂરતી ચરબી લેવી.

(૫) ક્ષાર તથા વાઇટૅમિન્સનું પ્રમાણ જાળવવું.

(૬) આખા દિવસના ખોરાકને ત્રણ ટંકમાં નહિ પણ બની શકે તો પાંચ ટંકમાં વહેંચવો. ડૉ. માંકડ એમના એક લેખમાં નીચે મુજબ વહેંચણી કરવાની ભલામણ કરે છે. એક આખા દિવસના ખોરાકના ૯ હિસ્સા પાડવા; તેમાંથી બે ભાગ નાસ્તામાં લેવા, ૩ ભાગ ભોજન વખતે, ૧ ભાગ ચા વખતે, ૨ ભાગ વાળુ વખતે અને ૧ ભાગ સૂતી વખતે લેવો.

મધુપ્રમેહના દરદીએ શું ખાવું અને શું ન ખાવું તેની ભલામણ કરતી વખતે કેટલીક વાર દાક્તર ભૂલ ખાઈ જાય છે. ઘણી વાર એવું બને છે કે દરદીને નારંગી, મોસંબી, કેળાં, કેરી, બટાટા વગેરે ખાવાની મનાઈ કરવામાં આવે છે, છતાં અનાજ—જેવાં કે બાજરી અગર કોદરા, કઠોળ—જેવાં કે તુવર અગર મગની છૂટ આપવામાં આવે છે. આપણાં દરેક અનાજ અને દરેક કઠોળમાં કોઈ પણ શાક, ફળ, અગર કંદમૂળ કરતાં (બટાટા અને શક્કરિયાં કરતાં પણ) વધારે કર્બોદિત હોય છે. એટલે અનાજ કે કઠોળની રજા આપી હોય તો આ બધી વાનીઓની રજા આપવી જોઇએ. એ ખરી વાત છે કે આપણે અનાજ કે કઠોળ તો મર્યાદિત પ્રમાણમાં જ ખાઈ શકીએ, જ્યારે કેરી કે કેળાં ઘણા વધારે પ્રમાણમાં ખાઈ શકાય. તથાપિ એક અધોળ અનાજ ઓછું કરીએ તો ૭ અધોળ કેરી કે નવટાંક કેળાં કે એક ગ્લાસ (લગભગ અધી શેર) શેરડીનો રસ આપી શકાય.

મધુપ્રમેહવાળા દરદીને આટલી ચીજો ખુશીથી આપી શકાય તથા ઈચ્છા મુજબ લેવા દેવાય :—

(અ) ૧. સપરેટ દૂધ; છાશ; નાળિયેરનું પાણી.

૨. કોબીજ, લેટીસની ભાજી, પાલખ, મૂળાની ભાજી, દુધી, કાકડી, કારેલાં, સરગવાની શિંગ, ફણસી, નોલકોલ, પરવળ, કોળું, તુરિયાં, કાચા ટામેટા.

૩. નારંગી, મોસંબી, તડબૂચ, તાડફળી, ફણસ, ગ્રેઈપફ્રુટ, પાકા ટામેટા.

આ બધા પદાર્થો દર અધોળે દસ કે તેથી ઓછા ઉષ્ણાંક આપે છે તેથી દિવસ દરમિયાન એક રતલ જેટલાં લેવાય તો પણ ૧૫૦થી વધારે ઉષ્ણાંક થશે નહિ અને ભૂખ સંતોષાશે તથા બંધકોશ રહેશે નહિ.

(બ):—નીચે જણાવેલાં શાક, ફળફળાદિ વગેરેમાંથી દર અધોળે વીસ કે તેથી ઓછા ઉષ્ણાંક મળે છે અને આખા દિવસ દરમિયાન દસ અધોળ (અચ્છેર ને નવટાંક) લેવામાં આવે તો માત્ર ૨૦૦ ઉષ્ણાંક જ થાય:

૧. ગાયનું દૂધ, દહીં, લીલું નાળિયેર, શેરડીનો રસ.

૨. તાંદળજો, **મેથી**, **ગાજર**, ફુદીનો, ડુંગળી, કંકોડાં, ફુલેવર, ગવાર, ભીંડા, કાચી અગર **પાકી કેરી**, લીલાં મરચાં, આદુ, મૂળાના દાંડા.

૩. અનનાસ, દ્રાક્ષ, સક્કરજન, લીંબુ, પીચ, **પપૈયું**, જામફળ, દાડમ, બોર.

આ યાદીમાં જેનાં નામ મોટા ને કાળા અક્ષરે છાપ્યાં છે તે પદાર્થો અવશ્ય આપવા; એમાંથી આવશ્યક વાઇટેમિન્સ તથા ક્ષાર મળી રહે છે.

દરદીને વગર રોકટોકે આપી શકાય એવા પદાર્થોમાં માખણ, મલાઈ, ઘી, સૂકો મેવો, મગફળી તથા તલ ગણી શકાય. મગફળી અને તલ મારફતે જરૂરી નત્રિલનો ફવોટા પૂરો કરી શકાય છે.

દરદીને મર્યાદિત સ્વરૂપમાં આપી શકાયઃ કઠોળ, અનાજ.

દરદીને જેની મનાઇ કરવાની જરૂર છે તેવા પદાર્થો: મધ, ખાંડ, ગોળ, બટાટા, રતાળુ, શક્કરિયાં (આ ત્રણ શાક થોડા પ્રમાણમાં જરૂર લઈ શકાય), કેળાં, આરારૂટ, સાબુદાણા વગેરે.

જેનો રોગ બહુ ઉગ્ર પ્રમાણમાં નથી એવા દરદીનો એક દિવસનો ખોરાક નીચે મુજબ ગોઠવી શકાય:

નાસ્તો :	ગાયનું દૂધ..... (ખાંડને બદલે સેકેરીનવાળું)	અચ્છેર
	ભાખરી કે ખાખરો	એક અધોળ
	માખણ (અથવા ઘી)	સવા તોલો
બપોરનું જમણ :	રોટલી/ભાખરી	નવટાંક
	કોઈ પણ કઠોળ	અધોળ
	ગોળ વિનાની કઢી	અચ્છેર
	ટામેટાનો સુપ	અચ્છેર
	ઘી અને/અથવા તેલ	સવા તોલો
	અ વર્ગનાં શાક	દોઢ પાશેર
ચા વખતે :	દૂધ (ચા અગર કોફી સાથે)	પાશેર
	શેકેલી મગફળી	સવા તોલો
વાળુ વખતે :	રોટલી/રોટલો/ભાખરી	ત્રણ અધોળ
	ઘી અને/અથવા તેલ	અધોળ
	અ વર્ગનું શાક	દોઢ પાશેર
	ગાયનું દૂધ	પાશેર

આ પ્રમાણે ભોજન ગોઠવવાથી દરદીને ૫૨ ગ્રામ નત્રિલ, ૮૨ ગ્રામ ચરબી, ૧૬૩ ગ્રામ કર્બોદિત અને ૧૬૩૮ ઉષ્ણાંક મળી રહે છે. આ નમૂનો ડૉ. પાઠકના 'આહાર-વિજ્ઞાન'માંથી જૂજ ફેરફાર સાથે લીધો છે. આ નમૂનામાં રોટલી, ભાખરી, વગેરેનું જે માપ આપ્યું છે તેમાં તેટલા લોટની ભાખરી એમ સમજવું. અત્રે આપેલી ગોઠવણીથી ડૉ. ચાંકડનો મુદ્દો પણ લગભગ જળવાય છે. વાળુ વખતે જે ઘી આપવાનું છે તે કમી કરી રાત્રે સૂતી વખતે એક કપ ભેંસનું દૂધ આપવામાં આવે તો ઉષ્ણાંક લગભગ એટલા જ રહે છે અને ડૉ. ચાંકડે બતાવેલું પ્રમાણ જળવાય છે.

આ ખોરાક પર મૂકયા પછી દરદીના પેશાબમાં સાકર ન જતી હોય તો એને ક્રમે ક્રમે બીજો ખોરાક આપી તંદુરસ્ત માણસ જેટલા ઉષ્ણાંક પર લાવી શકાય. અહીં બતાવેલો ખોરાક આપવા છતાં પેશાબમાં સાકર જાય (મધુપ્રમેહના દરદીએ જાતે જ પેશાબ તપાસતાં શીખી લેવું સારું છે) તો અત્રે આપેલા નમૂનામાંથી અનાજનું પ્રમાણ કમી કરવું. પરંતુ જો દરદીનું વજન ઘટતું હોય તો ખોરાકમાં ફેરફાર કર્યા વિના ઈન્સ્યુલિન શરૂ કરવું હિતાવહ છે.

કેટલાક પ્રયોગો પરથી માલૂમ પડ્યું છે કે દરદીને પાપડી અગર વાલોળ, અડદ અને સપરેટ દૂધની ભૂકી લાંબો વખત આપવાથી એના લોહીમાંની સાકરનું પ્રમાણ ઘટે છે. મને આ વિષે વધારે માહિતી નથી. (ક્રમશઃ)

卐

અનુસંધાન પૃ. ૧૪૬]

આ માનસિક ફેરફારના કારણે આવાં દરદીઓ માંદગી પછી જેટલી ઝડપથી સાજાં થવાં જોઇએ તે થઈ શકતાં નથી. કારણ કે એનાં જ્ઞાનતંતુઓ અને લોહીમાં આ ઉશ્કેરાટના કારણે હંમેશાં ગરમી જ રહે છે. અને પરિણામે ધાતુઓનું પોષણ કરી જે નીરોગીતા લોહી દ્વારા મળવી જોઈએ તે મળી શકતી નથી; કારણકે આ ગરમ થયેલા લોહીથી ખોરાકનું પાચન યોગ્ય રીતે થતું નથી એટલું જ નહિ પણ ઊલટાનું આ ગરમી ખોરાકનાં પોષક તત્ત્વોને જ બાળી નાખે છે, અને કાયમી લાંબા વખતની માંદગીને ટકાવી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

એ જ રીતે આપણો રોજિંદો અનુભવ છે કે વારંવાર ખીજાઈ જતા ચીડિયા અને માનસિક સમતોલપણું ગુમાવીને ઉશ્કેરાઈ જાય તેવા લોકો ભાગ્યે જ નીરોગી અને હષ્ટપુષ્ટ હોય છે. આવા લોકોનાં શરીર ઉપર લોહીમાંસ આ ઉશ્કેરાટને કારણે જ વિકૃત બની જાય છે અને કાયમી દુબળાપણું જ રહે છે.

આયુર્વેદશાસ્ત્ર કહે છે કે ખોરાકનું પાચન થતી વખતે શારીરિક અને માનસિક વૃત્તિઓ શાંત અને સ્થિર રહેવી જોઈએ. કારણકે આ સ્થિતિમાં જ લોહી બીજાં રોકાણોમાંથી ફારગત થઈને ખોરાકનાં પાચન તરફ પૂરી રીતે વહી શકે છે અને એનું પૂરું પાચન કરે છે.

પરંતુ જો કોઈ ને કોઈ માનસિક ચિંતા હોય તો લોહી મગજનાં કાર્યમાં જ ચિંતા કરવાનાં કારણે ક્ષય થતા અણુઓનું પોષણ કરવામાં જ રોકાઈ જાય છે અને પરિણામે પાચનના અભાવે દરદ આવે છે. ક્રોધ અને ઈર્ષાથી લોહીમાં ગરમી આવે છે અને એમાંથી જ ધાતુઓનો ક્ષય થાય છે.

આમ આપણો સમાજ કોઈ ને કોઈ પ્રકારના માનસિક વિકારને પરિણામે પણ માંદગી અને અનારોગ્ય નોતરે છે. જો માણસ પોતે જ થોડીએક સમજ, ચીવટ અને સંસ્કારથી પોતાની માનસિક વૃત્તિઓને કાબૂમાં રાખે અને એને જ પ્રથમ સ્થિર કરીને પોતાનો દુન્યવી વ્યવહાર ગોઠવે તો આજે જે માંદગીની તીવ્ર ઉગ્ર રોગવાળી સ્થિતિ પેદા થાય છે તે સહજ રીતે જ દૂર થશે, ઓછી થશે, અને ગંભીર થતી અટકશે.

ઔષધને પ્રધાન ગણવાને બદલે આયુર્વેદશાસ્ત્રે આવા સ્વાસ્થ્ય વૃત્તને જ જીવનમાં પ્રથમ સ્થાન આપ્યું છે. એનું શ્રદ્ધાપૂર્વક અનુસરણ કરવામાં આવે તો દવાનો કડવો ઘૂંટડો પીવાની જરૂર જ નથી રહેતી.

★

સદ્યઃપ્રસૂત બાળકની સારવાર

[એમાં ઉપયોગી ચિકિત્સા પરત્વે ઔષધ પ્રયોગો]

વૈદ્ય સૌ. વિજયાગૌરી વૈદ્ય

હપ્તો બીજો*

સદ્યઃપ્રસૂત—તરતના જન્મેલા બાળકને ગળામાં કદાચ કફ થોડો રહી ગયો હોય તો એને લીધે ઊલટીઓ થાય છે. તો એવે વખતે કપૂરકાચલી પાણીમાં જરાક ઘસીને એનો ઘસારો પાવો અથવા નીચે પ્રમાણે બાયોકેમિક દવાઓનો ડોઝ બનાવીને પાવો :

નંબર ૧ લો કેલકરફોસ ૩ × ૧ ગ્રેઈન નંબર ૮ મો મેગફોસ ૬ × ૧ ગ્રેઈન નંબર ૧૦મો નેટ્રમફોસ ૩ × ૧ ગ્રેઈન નંબર ૬ઠ્ઠો કાલીફોસ ૩ × ૧ ગ્રેઈન ગરમ પાણી ૦।। તોલો	એક બુચવાળી સ્વચ્છ શીશીમાં ભેગું કરી હલાવી દિવસમાં ત્રણવાર પાવું.

નાનાં બચ્ચાંને આ બાયોકેમિસ્ટ્રીની દવાઓ ફાવી જાય છે કારણકે એ સૌમ્ય—નિર્દોષ, ગંધ વગરની અને સ્વાદિષ્ટ—ગળી મધુર દવાઓ હોય છે.

આ બાયોકેમિક દવાઓના બાર નંબરો એટલે કે બાર દવાઓ આવે છે. ગુજરાતી ભાષામાં પ્રો. જે. જે. કણીઆ કૃત "જીવન રસાયનશાસ્ત્ર" નામનું પુસ્તક ભાવનગર—(સૌરાષ્ટ્ર) ચંપકલાલ મગનલાલ, ગાંધીરોડ એ શિરનામે ગુજરાતી ભાષામાં છપાયેલું મળે છે. સાધારણ ભણેલ—ગણેલ માનવી પણ વાંચીને—સમજીને એ દવાઓનો ઉપયોગ કરી શકે તેમ છે. આ પુસ્તક અને એ બારેય દવાઓ ઘરમાં વસાવવાથી આવે પ્રસંગે બાળકોના ઘણા રોગો મટાડી શકાય છે.

પાછળ લખેલ બાયોકેમિક દવાઓના ડોઝથી બાળકને ઊલટી મટે છે. પેટ ચડ્યું હોય—આફરી થઈ હોય તોપણ શાંત થાય છે તેમ જ બાળક રડતું નથી,—નિરાંતે ઊંઘે છે.

કેટલીક વાર બાળકને ઝાડાની કબજિયાત થઈ જાય છે એવે વખતે એને એરંડિયું અને મધ ચટાડવામાં આવે છે પરંતુ એનાથી શીત પ્રકૃતિનાં બાળકોને કફ-શરદી થઈ જાય છે માટે ઝાડો ઉતારવા સારુ ગ્લીસરીન સેપોઝીટરી—મીણ જેવી નરમ સોગઠી—લંબગોળ, વિલાયતી દવાઓ વેચનારને ત્યાં મળે છે એ લાવી પૂંઠમાં સરકાવીને મૂકી દેવી. એ પીગળ્યા પછી બાળકને તરત જ ઝાડો આવી જાય છે. અને સોગઠી પણ પાછી નીકળી જાય છે. આ ગ્લીસરીન સેપોઝીટરી—સોગઠી મૂકવાનો ઝાડો લાવવા માટે સહેલામાં સહેલો ઉપાય છે.

વળી પેશાબ બંધ હોય તો ગાંધીને ત્યાં હજરતબેર મળે છે જે લાવી પાણીમાં ઘસી એનો ઘસારો નાભિ—ડુંટી આસપાસ પેડુ ઉપર ચોપડી દેવાથી પેશાબ છૂટે છે. આ ઘસારો એકાદ આંગળી બાળકને ચટાડી પણ શકાય.

* હપ્તો પહેલો સંવત ૨૦૧૬ જેઠ માસના 'પ્રસ્થાન' આરોગ્ય અંક ૮માં આવ્યો છે.

વળી મૂત્રરોધ નિવારણ માટે નીચેની બાયોકેમિક દવાઓનો ડોઝ બનાવીને પણ અપાય:

નંબર ૬ ઠ્ઠો કાલીફોસ ૩ × ૧ ગ્રેઇન નંબર ૧૦ મો નેટ્રમફોસ ૩ × ૧ ગ્રેઇન નંબર ૯ મો નેટ્રમમ્યુર ૩ × ૧ ગ્રેઇન નંબર ૧૧ મો નેટ્રમસલ્ફ ૩ × ૧ ગ્રેઇન ગરમ પાણી ૦ાા તોલો	ચોખ્ખી બુચવાળી બાટલીમાં બધું ભેગું કરી હલાવીને દિવસમાં ત્રણવાર પાવું.

એનાથી પેશાબની અટકાયત દૂર થશે.

કવચિત બાળકને મલ–નિર્ગમનનું છિદ્ર હોતું નથી તો ત્યાં શસ્ત્રચિકિત્સક પાસે, પૂંઠની ચામડી ખુલ્લી કરાવવી પડે છે. વળી એવી જ રીતે મૂત્રમાર્ગના છિદ્ર ઉપર પણ ચામડી ચોંટેલી હોય તોપણ ત્યાં શસ્ત્રક્રિયા કરાવવી પડે છે. ત્યારપછી મલમાર્ગ અને મૂત્રમાર્ગ ખુલ્લા થાય છે. આવે પ્રસંગે એના જાણકારની સલાહ લેવી હિતાવહ છે.

બાળકનું મોઢું અને જીભ જ્યારે આવી જાય, આળું થઇ જાય ત્યારે ફુલકાથો અને તુગાક્ષીરી (તપખીર–સીંગોડાનો લોટ) એ બન્નેનો સમભાગે કરેલો ઝીણો ભૂકો ભભરાવવાથી મટી જાય છે. વળી મધ કે ગ્લીસરીન ચોપડવાથી પણ ફાયદો થાય છે. મધમાં કે ગ્લીસરીનમાં નંબર ૨ જો કેલકરસલ્ફ ૩ × થોડું મેળવીને પણ ચોપડી શકાય.

બાળકને શરદી–વરાધ એવું થયું હોય ત્યારે :

સુવર્ણઘટિત મકરધ્વજ રસ ૦ાા ગ્રેઇન કસ્તુરી ૦ાા ગ્રેઇન અંબર ૦ાા ગ્રેઇન ગોરોચન ૦ાા ગ્રેઇન ભીમસેની કપૂર ૦ાા ગ્રેઇન અભ્રકભસ્મ ૦ાા રતિ મૃગશૃંગભસ્મ ૧ રતિ	ખરલ કરી એનાં ચાર પડીકાં બનાવી દરરોજ એકથી બે પડીકાં મધમાં કાલવી ધાવણમાં ઘૂંટીને પાવાથી તરત જ આરામ આવી જશે.

વળી નીચે પ્રમાણે વરાધની દવા ઘેર બનાવીને પણ વપરાય આ ગોળીઓ ઘણી અકસીર છે. બજાર જાહેરખબરીઆ દવાઓ કરતાં આ ઘરગથ્થુ પ્રયોગ નિર્દોષ છેઃ

દાડીનાં બીં રેવંચીનો શીરો	બન્નેને સરખે ભાગે લઇ દાડીનાં પાનના રસમાં એક દિવસ ઘૂંટી, એની અડદ જેવી ગોળીઓ વાળવી. પરંતુ આ ગોળીઓ

એની ચીકાશ અને તૈલી સ્નિગ્ધતાથી સૂકાતી નથી અને પરસ્પર ચોંટી લોંદો થઈ જાય છે. જો એવું બને તો એ લોંદામાંથી જ જરૂર વખતે ગોળી વાળીને ધાવણમાં કે પાણીમાં ઘૂંટીને પાઈ દેવી. એકથી બે ગોળી અપાય છે. એનાથી એકાદ ઊલટી અને એકાદ ઝાડો થઈને બાળકને વરાધ મટી સાજું થઇ જાય છે. આ ગોળીનું માપ બાળકની ઉમ્મરના પ્રમાણમાં ઓછું–વધુ કરી શકાય છે. બહુ નાના ધાવણા બાળકને અડદના દાણાના ચોથા ભાગ જેટલી પણ આપી શકાય. આ ગોળીઓનો ઉપયોગ વરાધ વખતે જ કરવો. જરૂર સિવાય વાપરવી નહિ.

બાળકનો નાભિપાક–દૂંટી પાકે ત્યારે એની ઉપર આલ્કોરટીન–એસેપ્ટિકનો પોટ આવે છે એની પટ્ટી મારવી. અથવા ઝંડુનો દોષઘ્નલેપ છાશમાં ખદખદાવી દઝાય નહીં તેવો સહેવાતો ગરમ ચોપડવો કે દશાંગલેપને ચોખ્ખા ઘીનો–કરમો–મોણ દઇને ગુલાબજળ કે

પાણીમાં કાલવીને ચોપડવો. એનાથી સોજો ઊતરી જશે અથવા પાકીને ફૂટી રૂઝાઈ જશે. રસી નીકળી ગયા પછી ત્યાં શોધન તેલ અને રોપણ તેલનાં કે જાત્યાદિઘૃત અથવા જાત્યાદિ તેલનાં પોતાં મૂકવાથી રૂઝ વળી જશે.

બાળક બહુ રોયા કરે એથી અથવા અમળાઈને ઝાડો થવાથી એની નાભિ–ડૂંટી વધે છે–ફૂલી જાય છે. એને માટે મોટા રાણીછાપનો ત્રાંબાનો–જૂનો ઢબુ અથવા એવો જ ત્રાંબાના પતરાનો ગોળ કકડો આછા રૂના પોલમાં વીંટાળી કપડાથી સીવી ઉપસેલા ડૂંટા ઉપર દબાવી–બરાબર–નાભિને અંદર પેસાડી દઈ ઉપર વિલાયતી દવાઓ વેચનારને ત્યાં મળે છે તેવી ગૂમડાને ચોંટાડવાની એક બાજુએ ચીકણી–ટેપ–પટ્ટી આવે છે એમાંથી જરૂર પૂરતા બે કકડા કાપી ત્યાં ચોકડી જેમ ચોંટી દેવી કે જેથી એ બેવડીઓ રૂ કપડેમઢ્યો ઢબુ ખસી ન જાય. જ્યાં સુધી ડૂંટી પૂરેપૂરી સંકોચાઈ ન જાય ત્યાં સુધી આ ઢબુ અને ચોકડી પટ્ટા ચોંટાડી રાખવા. ઉખડી જાય તો ફરીથી એ પ્રમાણે ચોડવું. વધેલા ડૂંટા ઉપર બાંધવાના તૈયાર પટ્ટા આવે છે પરંતુ એનાથી બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. માટે પેટ ઉપર બંધન આવે એવો પટ્ટો ન વાપરવો.

બાળકની આંખો દુખવા આવે ત્યારે સિલ્વર નાઈટ્રેટના મૃદુ પ્રવાહીનું, આર્ગીરોલનું કે મરક્યુરી ક્રોમ પ્રવાહી કે એક્રિફ્લેવિન પ્રવાહીનાં ટીપાં નાંખવાં. એસીડ બોરિક પ્રવાહીથી આંખો ધોવી. એનાં પણ ટીપાં પડાય. સિવાય ફુલાવેલી ફટકડી, રસવંતી વગેરેના ચોખ્ખા પાણીમાં કે ગુલાબજળમાં બનાવેલ મૃદુ પ્રવાહીનાં ટીપાં નંખાય. ત્રિફળાના પાણીથી પણ આંખો ધોવાય. એનાથી ઘણો ફાયદો થાય છે. સ્યુગરલેડ નામની ધોળી દવા આવે છે જે ઝેરી હોય છે માટે મોઢામાં ન જાય એની ખાસ સંભાળ રાખવી. એ સ્યુગરલેડ પાતળી છાશ જેવું પાણી થાય એટલા પ્રમાણમાં નાંખી એમાં રૂનાં પોલ બોળી નીતારીને એનાં પોલ મૂકી રાત્રે પાટો બાંધી દેવો. એનાથી પણ ફાયદો થાય છે. આંખમાં ઝોંકો વાગ્યો હોય ત્યારે પણ આ પોલ મૂકી શકાય. દશાંગલેપમાં ચોખ્ખા ઘીનું મોણ નાંખી ગુલાબજળ કે પાણીમાં મેળવી ઝીણા કપડાના બેવડમાં એનો લેપટી તરીકે પાટો પણ બંધાય. એનાથી દુખણી આંખ, રતાશ, સોજો અને ઝોંકાની પીડા મટી જાય છે.

કાનમાં ચસકા આવતા હોય ત્યારે સવાર–સાંજ શોધન–રોપણ તેલનાં ટીપાં નાખવાથી રાહત રહે છે. કાનની બહાર કાનના મૂળમાં દોષઘ્નલેપ અને દશાંગલેપનો પાછળ લખ્યા પ્રમાણે વિધિવત્ ઉપયોગ કરી શકાય. કાનમાંથી રસી આવતું હોય ત્યારે પણ આ દવાઓથી ફાયદો થાય છે. વળી નીચે પ્રમાણે બાયોકેમિક દવાઓ આપવાથી કાન વહેતા બંધ થઈ જાય છે, રસી આવતું નથી:

નંબર ૨ જો	કેલ્કરસલ્ફ ૩ × ૧ ગ્રેઈન		ચોખ્ખી શીશીમાં નાખી હલાવી દિવસમાં ત્રણ વાર પાવું. મોટું બાળક હોય તો આ દવાઓનું માપ એક ગ્રેઈનથી ત્રણ ગ્રેઈન સુધી લેવાય.
નંબર ૩ જો	કેલ્કરફ્લોર ૩ × ૧ ગ્રેઈન		
નંબર ૪ થો	ફેરમફોસ ૩ × ૧ ગ્રેઈન		
નંબર ૫ મો	કાલીમ્યુર ૩ × ૧ ગ્રેઈન		
નંબર ૬ ઠ્ઠો	કાલીફોસ ૩ × ૧ ગ્રેઈન		
નંબર ૧૦ મો	[illegible] ૩ × [illegible] ગ્રેઈન		
નંબર [illegible] મો	સીલીશીઆ ૩ × ૧ ગ્રેઈન		

[illegible] પાણી ૧ [illegible].

... જૂનું કાન વહેવાનું [illegible] હોય તો ૩ × ને બદલે ૬ ×, ૧૨ × કે ૩૦ × અથવા ૨૦૦ × પાવરની દવાઓ પણ લેવાય.

સામાન્ય રીતે બાળકોને બાયોકેમિક દવાઓથી પ્રાયઃ ઘણા રોગો મટી જાય છે. એનાં નંબર તથા નામ નીચે પ્રમાણે છે :

નંબર ૧ લો કેલકરફોસ નંબર ૨ જો કેલકરસલ્ફ નંબર ૩ જો કેલકરફ્લોર નંબર ૪ થો ફેરમફોસ નંબર ૫ મો કાલીમ્યુર નંબર ૬ ઠો કાલીફોસ નંબર ૭ મો કાલીસલ્ફ નંબર ૮ મો મેગફોસ નંબર ૯ મો નેટ્રમમ્યુર નંબર ૧૦ મો નેટ્રમફોસ નંબર ૧૧ મો નેટ્રમસલ્ફ નંબર ૧૨ મો સીલીશીઆ	આ દવાઓ શરૂઆતના તાજા રોગમાં ૩ ×, ૬ × અને ૧૨ × પાવરની વપરાય છે. જૂના રોગોમાં—હઠીલાં દર્દોમાં ૩૦× થી ૨૦૦× પાવર સુધીની પણ અપાય છે.
(૧) સાધારણતઃ બાળકોના રોગોમાં નંબર ૪ થો ફેરમફોસ ૩ × ૧ થી ૩ ગ્રેઇન નંબર ૫ મો કાલીમ્યુર ૩ × ૧ થી ૩ ગ્રેઇન નંબર ૬ ઠો કાલીફોસ ૩ × ૧ થી ૩ ગ્રેઇન ગરમ પાણી ૧॥ તોલો	દિવસમાં ત્રણ વખત, વારાફરતી, દર બબ્બે કલાકે હલાવીને પાવું.
(૨) નંબર ૧ લો કેલકરફોસ ૩ × ૧ થી ૩ ગ્રેઇન નંબર ૮ મો મેગફોસ ૩ × ૧ થી ૩ ગ્રેઇન નંબર ૧૦ મો નેટ્રમફોસ ૩ × ૧ થી ૩ ગ્રેઇન ગરમ પાણી ૧॥ તોલો	દિવસમાં ત્રણ વાર દર બબ્બે કલાકે, વારાફરતી, હલાવીને પાવું.

આ બન્ને મિશ્રણ પ્રવાહી બે શીશીમાં જુદાં જુદાં તૈયાર કરી વારાફરતી દર બબ્બે કલાકે પીવાથી ફાયદો થાય છે. તાવ, કફ, શરદી, ઝાડા, આફરી, પેટનો દુખાવો વગેરે રોગો મટે છે. વળી એ લેવાથી કશું નુકસાન નથી.

આ બાયોકેમિક દવાઓના બારેય નંબરોની પેટીઓ તૈયાર આવે છે એ ઘરમાં રાખવાથી અને એનો ઉપયોગ જાણી લેવાથી ઘરે બેઠાં બાળકોને સાજાં રાખી શકાય છે. એનો ઉપયોગ મોટેરાંઓ પણ યોગ્ય રીતે કરીને લાભ ઉઠાવી શકે છે. બાળકોના શીળી, અછબડા, ઓરી, ઉંટાટિયો, મોટી ઉધરસ વગેરે રોગોમાં પણ એનો ઉપયોગ કરાય છે.

બાળકના જન્મ પછી માતાના સ્તનમાં ધાવણ ગંઠાઈ જાય છે, છાતી પાકવાની શરૂઆત થાય છે અને સ્તનાગ્ર–ડીંટડીઓ ઉપર ચીરા પડે છે ત્યારે બાળકના પોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આવે પ્રસંગે જો સ્તનમાં ગાંઠો પડી હોય, સોજો ચઢ્યો હોય, તો કાળી કે રાતી ચીકણી માટીનો લેપ થાય. ટાઢી માટી પણ ચોપડાય. સહેવાતી ગરમ માટી પણ લગાડાય. એલેમ્બિકનો આલ્કોસ્તનલેપ આવે છે એ પણ ચોપડાય. દાપધ્નલેપ છાશમાં ખદખદાવી ચોપડાય. જો ચામડીની રતાશ તથા દાહ અને બળતરા થતાં હોય તો દશાંગલેપ, ઘીના મોણનો દધ પાણીમાં કે ગુલાબજળમાં કાલવીને ચોપડાય. છાતી ગરમ પાણીએ શેકવાથી પણ રાહત રહે છે.

સ્તનાગ્ર ડીંટડી ઉપર ચીરા પડ્યા હોય તો મધ–ગ્લીસરીન, ઘી–માખણ વગેરે ચોપડાય. શોધન તેલ, રોપણ તેલ પણ ચોપડાય. આવી સ્તનાગ્ર ઉપર દવા ચોપડેલી પરિસ્થિતિમાં બાળકને સીધું છાતીએ વળગાડી ધવરાવી શકાતું નથી. એટલે સ્તનની ડીંટડી ઉપર મૂકવાનું નીપલશિલ્ડ નામનું કાચનું રબરની ટોટીવાળું સાધન વિલાયતી દવાઓ વેચનારને ત્યાં મળે છે તે લાવી ડીંટડી ઉપર દબાવી, ટોટીથી બાળક ધાવી શકે છે. હવાના દબાણને લીધે એ નીપલશિલ્ડ સ્તન સાથે ચોંટી રહે છે. આનો ઉપયોગ ધ્યાનપૂર્વક કંટાળ્યા વિના કરવો જોઈએ. ચીરા રૂઝાઈ ગયા પછી તો નીપલશિલ્ડ વગેરે ય બાળક સીધું ડીંટડીએથી ધાવી શકે છે.

આવા ઉપદ્રવોથી જો છાતી પાકે છે અને ફૂટતાં તથા રૂઝાતાં વાર લાગે છે કે શસ્ત્ર-ચિકિત્સા કરાવવી પડે છે તો, કાયમ માટે એ માતાનાં બાળકો ધાવણથી વંચિત બની જાય છે. માટે આવા ઉપદ્રવો આગળ ન વધે એ માટે કાળજીપૂર્વક ચિકિત્સા કરવી જોઈએ.

બાળકોના ઝાડામાં અતિવિષની કળીનો પાણીમાં ઘસારો પાવાથી ફાયદો થાય છે. ઊલટીમાં કપૂરકાચલીનો ઘસારો ઉપયોગી છે એ પાછળ કહ્યું જ છે. આ અતિવિષની કળી અને કપૂરકાચલી એ બન્ને ઊલટી અને ઝાડાના સંયુક્ત ઉપદ્રવમાં અપાય. આ ઔષધને "**બાલદવા**" તરીકે આયુર્વેદે ગણી છે.

હરડેને પણ આયુર્વેદે એવી જ ઉપયોગી માનેલી છે. यस्य नास्ति गृहे माता तस्य माता हरीतकी ॥ જેના ઘરમાં બાળકને માતા નથી એના ઘરમાં હરડે જ માતાની ગરજ સારે છે. હરડેને પાણીમાં ઘસીને ઘસારો નિત્ય બાળકને આપવાથી બાળક નીરોગી રહે છે. હરડેનો પ્રયોગ નિયમિત થવો જોઈએ. હરડે એ બાળકની બીજી માતા જ છે. હરડેની છાલનો જ ઘસારો પાવો જોઈએ; ઠળિયાને ફેંકી દેવો.

પહેલાં ડોસીમાનું વૈદક ઘરમાં તો બાળકો માટે હતું. હવે સદ્યઃપ્રસૂત બાળક માટે પણ એલોપથી–દાક્તરને બોલાવાય છે. એન્ટીબાયોટિક દવાઓ અપિચકારીઓ કરીને આડેધડ દેવાય છે. બાળકોને સૌમ્ય દવાઓ માફક આવે છે. આવી ઝેરી દવાઓથી બાળકની પ્રાણમય જીવનશક્તિ નષ્ટ થઈ જાય છે માટે બાળકોને પ્રાયઃ આયુર્વેદિક સૌમ્ય દવાઓ અને બાયો-કેમિસ્ટ્રીની નિર્દોષ મીઠી દવાઓ આપવી જોઈએ જેથી કશું નુકસાન થાય નહીં.

બાલચાતુર્ભદ્ર ચૂર્ણ—લીંડીપીપર, નાગરમોથ, અતિવિષની કળી અને સાચી–અસલી કાકડાશીંગી–ચારેય ઓસડિયાં સમભાગે લઈ ખાંડીને તૈયાર કરેલું વસ્ત્રગાળ ચૂર્ણ બૂચવાળી શીશીમાં ભરી રાખવું. એમાંથી એકથી બે રતિ દવા મધમાં કાલવી ધાવણ કે દૂધમાં મેળવીને પાવાથી બાળકોના તાવ, ઝાડા, સળેખમ, ઊલટી, ઉધરસ, શ્વાસ–સસણી વગેરે ઘણા રોગો મટે છે. આ ઔષધિને બાલચાતુર્ભદ્રિકા કહેવાય છે. આ પ્રયોગ પણ 'બાલદવા' જ છે.

માતાને બાળક સાથે જ કુદરતે એની છાતીમાં ધાવણની બક્ષિસ કરેલી છે. તોપણ નબળી માતાઓને ધાવણ આવતું નથી. ધાવણનો અભાવ કે અલ્પતા પોષણની ખામીની નિશાની છે. ખાટું–ખારું–તીખું એવું વધારે ખાનાર અને મધુર રસવાળા પદાર્થો ભોજનમાં ઓછા લેનાર માતાને જ ધાવણની તંગી પડે છે. માટે પૌષ્ટિક આહાર–ચોખ્ખું દૂધ–ઘી–માખણ, છાશ, ઓસાવ્યા વિનાના ઓદ્દા રાંધેલા ભાત, મગ અને એમાંથી બનાવેલ પદાર્થો વગેરે ખાવાથી ધાવણની વૃદ્ધિ થાય છે. ખારા, ખાટા તીખા પદાર્થો ભોજનમાંથી ઓછા કરવા કે બંધ કરવા. સગર્ભાવસ્થા દરમ્યાન કે બાળક ધાવતું હોય ત્યારે પણ વિષયસેવન કરવાથી ધાવણ ઘટે છે અને બગડે છે. બાળકના ઉછેર માટે સગર્ભાવસ્થામાં અને એ ધાવતું હોય ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાની ખાસ જરૂર છે.

ધાવણવૃદ્ધિના અને ધાવણશુદ્ધિના થોડા ઉપાયો :

સ્તન્યવર્ધક ચૂર્ણ : ધોળી મૂસળી, સાલમપંજા, કાળી મૂસળી, આસંધ, એખરાનાં બી, તાલમખાનાં ફોતરાં, છાલ વગરનાં કૌચાંના બીજ, જીવંતી, ખરમોડી, જેઠીમધ, બલદાણા, બલમૂળ સુગંધીવાળો અને અષ્ટવર્ગ-દરેક સરખે ભાગે લઈ ખાંડી, વસ્ત્રગાળ ચૂર્ણ કરી ડબો ભરી રાખવો. એમાંથી બેઆનાની ભારથી પાવલીભાર ચૂર્ણ રોજ સવારે દૂધમાં ઉકાળીને પીવાથી ધાવણ વધે છે. વળી આ ઓસડિયામાં સાથે સૂંઠ, લીંડીપીપર, કાળાં મરી, ગંઠોડા વગેરે ઉમેરવાથી ધાવણ શુદ્ધ પણ થાય છે અને બાળકને સહેલાઈથી પચી જાય છે.

મધુર રસપ્રધાન ઔષધિઓ અને ખોરાકથી ધાવણ વધે છે. અને કડવા તથા તીખા રસના યોગ્ય પ્રમાણના સેવનથી ધાવણ શુદ્ધ થાય છે. સુવાવડી સ્ત્રીને ગોળ ઘી સૂંઠ ગંઠોડા સુવાદાણા મેથી બત્રીસાના ઓસડિયાં નાખી બનાવેલ કાટલાના લાડુ ખવરાવે છે. એમાં મધુર-તીખા અને કડવા રસવાળા પદાર્થોની જ યોજના છે અને એનાથી ધાવણવૃદ્ધિ અને શુદ્ધિ થાય છે. એને લીધે બાળક નીરોગી તેમ જ પુષ્ટ થાય છે. પરંતુ કમનસીબે આવો ખોરાક અત્યારે સ્ત્રીઓ સુવાવડ દરમ્યાન પ્રાયઃ ખાતી નથી.

ધાવણશુદ્ધિ માટે તીખા રસમાં સુવાદાણા, સૂંઠ, ગંઠોડા, લીંડીપીંપર, કાળાં મરી, આદુ, તુલસીનાં પાન, નાગરવેલનાં પાન વગેરે લઈ શકાય. કડવા રસ તરીકે કરિયાતું, કલંભો કડુ સુદર્શનચૂર્ણ...લઈ શકાય. સુવાદાણા, લીલીમેથીની ભાજી, સૂકી મેથી વગેરે તો આપણા રોજિંદા ખોરાકમાં વપરાય છે જ. એનો ઉપયોગ સૂતિકા સ્ત્રીએ વધુ કરવાની જરૂર છે.

સ્તન્યશોધન કષાય—કાળીમાર સૂંઠ દેવદાર મોથ મુરમાંસી ગળો ઈંદ્રજવ કરિયાતું કડુ અને ઉપલસરી-આ દસ ઓસડિયાં સરખે ભાગે લઈ સૂડીથી કટકા કરી આખાભાગાં ખાંડી ચિરાઉ ચાળણીથી ચાળી એમાંથી બે તોલાથી ચાર તોલા ભૂકો શેરથી બશેર પાણીમાં ઉકાળી, આશરે દરેક તોલા પાણી બાકી રાખી, ચોળી, લૂગડે ગાળી, શીશી ભરી રાખવી. એમાંથી દિવસમાં ત્રણ વાર બાળકની માતાએ પીવું. એનાથી ધાવણના સઘળા દોષો ટળે છે.*

પ્રેમાળ વાત્સલ્યભરી ઊર્મિલતા, શુદ્ધ પવિત્ર નિર્વિકારી સંયમી સત્વગુણી મન, સાત્વિક આહાર વિહાર અને સદાચારી જીવન માતાના ધાવણની વૃદ્ધિમાં અને શુદ્ધિમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

શીળી શીતળા બળિયાનો રોગ ભયંકર અને જીવલેણ છે. એ દર્દમાં ઘણાં બાળકો હોમાઈ જાય છે. કદાચ બચે છે તો આંખો ગુમાવી બેસે છે અથવા સદાને માટે કુરૂપ રહે છે. માટે બાળક ત્રણ માસનું થાય કે તરત જ શીતળાની રસી મુકાવી દેવી અર્થાત બળિયા ટંકાવી લેવા. જો બાળકના જન્મ વખતે જ, એ જ અરસામાં, શીળીના વાયરા ચાલતા હોય તો ત્રણ મહીના રાહ ન જોતાં એ પહેલાં પણ શીતળા કઢાવી શકાય.

શીળી કઢાવ્યા પછી—બળિયા ટંકાવ્યા બાદ સાત થી નવ વાસામાં કેટલીક વાર બાળકને તાવ ચડે છે અને સાથે આંચકી આવે છે. એનાથી ગભરાવાની જરૂર નથી. આ તાવ આંચકી વધુમાં વધુ બારથી ચોવીસ કલાક રહે છે. એવે વખતે ઠંડા પાણીમાં કોલનવોટર મેળવીને બાળકને માથે પોતાં મૂકવાં અને આ લેખની શરૂઆતમાં જ કહેલ પહેલો પ્રયોગ કરવો

* સુપ્રજનન-ગર્ભાધાન-સગર્ભાવસ્થા-સુવાવડની સારવાર, ધાવણવૃદ્ધિ તથા ધાવણશુદ્ધિ વગેરે વિષયોના વધુ જ્ઞાન માટે શ્રી. જટુભાઈ વૈદ્ય પ્રણીત અને અમદાવાદ ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય પ્રકાશિત 'જનેતાનાં દર્દ' નામનું પુસ્તક વાંચવું.

નંબર ૧લો કેલકરફોસ ૩x ૧ થી ૩ ગ્રેઈન નંબર ૮મો મેગફોસ ૩x ૧ થી ૩ ,, નંબર ૧૦મો નેટ્રમફોસ ૩x ૧ થી ૩ ,, નંબર ૬ઠ્ઠો કાલીફોસ ૩x ૧ થી ૩ ,, ગરમ પાણી ૦ાા થી ૧ તોલો	આ પ્રવાહી બનાવી કલાકે કલાકે એક એક ચમચી દવા હલાવીને પાયા કરવી.

આ દવાઓ નિર્દોષ છે એટલે વધુ અપાઈ જાય તોયે કશું નુકસાન નથી. આ દવાઓનું પ્રવાહી પાવાથી આંચકી ધીમેધીમે શમી જાય છે અને તાવ પણ ઉતરે છે.

બાળકને મોટી ઉધરસ–ઉંટાટિયો થાય છે એ મહીનાઓ સુધી ચાલે છે, અને બાળક હેરાન હેરાન થઈ જાય છે. ઉધરસ બહુ જ ચડે છે અને ઊલટીઓ પણ થયા કરે છે. એને માટે 'પરટુસીન' નામની દવાની શીશી વિલાયતી દવાઓ વેચનારને ત્યાં મળે છે એ લાવી એમાંથી એકએક નાની ચમચી દવા દૂધ સાથે મેળવીને પાવાથી ઘણી રાહત થાય છે અને થોડા જ દિવસોમાં મટે છે. આ દર્દ અતિશય ચેપી છે. ઘરમાં જો એક બાળકને થાય તો બધાં જ બાળકોને લાગુ પડે છે. જો એની સારવાર બરાબર ન થાય તો એમાંથી બ્રોંકો ન્યુમોનિયા, કફજન્ય શ્વાસનળીનો સોજો થાય છે અને એ જીવલેણ બને છે.

માટે આવાં અથવા એના જેવાં જ બાળકોનાં બીજાં ભયંકર જીવલેણ દર્દો જેવાં કે ડીપ્થિરિયા (ગળાના કાકડાનો સોજો), ટીટેનસ (ધનુર્વા) વગેરે રોગોમાંથી બચવા માટે આધુનિક વૈદ્યકવિજ્ઞાને શોધ કરીને એમાંથી બાળકને બચાવી લેવા માટે એની રસીનાં— 'ટ્રીપલ એન્ટીજન'નાં એક સી. સી.નાં ઇંજેકશન ગ્લેક્ષો કંપનીનાં આવે છે એ બાળકને માંસપેશીમાં આપી દેવાથી આવા કોઇ રોગો થવાનો સંભવ જ રહેતો નથી.

પહેલું ઇંજેકશન બાળક માસનું પૂરું થઈ ગયા પછી દેવું; બીજું ઇંજેકશન પાછું ફરીથી એક ઇંજેકશન લીધા પછી એક મહીના પછી લેવું; અને ત્રીજું, ત્યારપછી એક મહીને દેવું—એવી રીતે પહેલાં ત્રણ ઇંજેકશન બાળક છ માસનું થાય ત્યારે મહીના–મહીનાને આંતરે દેવાં. ત્યારબાદ પાછું બાળક જ્યારે બે વરસનું થાય ત્યારે આપવું અને છેલ્લું ઇંજેકશન બાળકને પાંચમે વર્ષે આપવું. આવી રીતે પાંચ ઇંજેકશન લેવરાવી દેવાથી બાળકને કદી પણ મોટી ઉધરસ, ઉંટાટિયો, ડીપ્થિરિયા, કે ધનુર્વા થવાનો સંભવ રહેતો નથી.

ઓરીનું દર્દ એવું જ ત્રાસદાયક છે. એમાં અજ્ઞાનતાને લીધે બાળકને શરૂઆતમાં દૂધ અને ગોળ પાય છે અને બાજરો, પોપૈયા જેવી ગરમ ચીજો ખવરાવે છે એને લીધે ઘણા ઉપદ્રવો થાય છે. અને બાળક રીબાય છે માટે એવે પ્રસંગે ફક્ત ધાવણ કે દૂધ ઉપર જ બાળકને રાખવું અને નીચે પ્રમાણે બાયોકેમિક દવાઓ આપવી :

નંબર ૪ થો ફેરમફોસ ૩x ૧ થી ૩ ગ્રેઈન નંબર ૫ મો કાલીમ્યુર ૩x ૧ થી ૩ ગ્રેઈન નંબર ૬ ઠ્ઠો કાલીફોસ ૩x ૧ થી ૩ ગ્રેઈન નંબર ૭ મો કાલીસલ્ફ ૩x ૧ થી ૩ ગ્રેઈન નંબર ૧૦ મો નેટ્રમફોસ ૩x ૧ થી ૩ ગ્રેઈન ગરમ પાણી ૧ થી ૨ તોલા	મેળવીને દિવસમાં ત્રણ વાર હલાવીને પાવું.

ઓરીમાં દવા ન થાય એ વહેમ છોડી દેવાની જરૂર છે. એ માન્યતાને લીધે ઘણાં બાળકો હેરાન પરેશાન થઈ જાય છે.

ઓરી નમી ગયા પછી તરત જ ટાઢક પાવાથી બાળકને શરદી થઈ જાય છે માટે ઓરી નવમે વાસે નમે ત્યાર પછી એકાદ બે અઠવાડિયાં જવા દઈને નીચે પ્રમાણે ટાઢક પાવી:

ઓરી નીકળી ગયા પછી પાવાનો શીતકષાય—કરિયાતાની પાંદડી, અરડૂશીનાં પાન, ધાણા, અઢસલીઓ, મોથ, કાળી ધરાખ, સુગંધીવાળો, રતાંજળી, મદમક; સુદર્શનચૂર્ણ અને અતિવિષની કળી—એ બધાં ઓસડિયાંને સરખે ભાગે લઈને આખાભાગાં ખાંડી ચીરાઉ ચજણીથી ચાળી ડબ્બો ભરી રાખવો. એમાંથી જરૂર પૂરતો, આશરે અરધા ભારથી એક તોલા સુધી ભૂકો રાત્રે માટીના કે કાચના ઠામમાં અધોળથી નવટાંક જેટલા પાણીમાં પલાળી, સવારે ચોળી લૂગડે ગાળી, એમાં પાવલીભારથી અરધા ભાર સુધી મધ-સાકર મેળવી ઓગાળી શીશી ભરી લેવી. એમાંથી દિવસમાં ત્રણવાર પ્રવાહી હલાવીને પાવું. જો સાવ નાનું બાળક હોય તો ભૂકો પાવલીભાર લેવો અને પાણીનું માપ પણ ઓછું લેવું.

અછબડામાં પણ ઓરીમાં પાછળ કહેલા જ બાયોકેમિક અને આયુર્વેદિક આ ટાઢક પાવાના ઉપાયો યોજી શકાય.

શીળી નીકળે છે ત્યારે તો લોકો એમાં કશી જ દવા વહેમથી પ્રેરાઈને કરતા નથી. છતાં એને માટે પણ વૈદક વિદ્યાને—આયુર્વેદે—ઉપાયો ચિકિત્સા ઔષધોપચાર બતાવેલા છે જ. પરંતુ શીળીમાં જો દવા કરાવવી હોય તો ઘરગથ્થુ ઉપાયો ન કરતાં એના જાણકારની જ સલાહ લેવી હિતાવહ છે. શીળીના દર્દમાં એ નીકળી ગયા પછી ચિકિત્સા બહુ થોડા ટકા સફળ થાય છે માટે સૌથી સારો રસ્તો તો એ જ છે કે પ્રમાદ સેવ્યા વિના બાળકને વહેલામાં વહેલી તકે શીતળાની રસી મૂકાવી દેવી—બળિયા ટંકાવી દેવા.

હવે નીરોગી બાળકને સદાય સુરક્ષિત રાખવા માટે ઉપયોગી પ્રયોગો આપીને લેખ પૂરો કરીશું.

બાલગુટિકા—જાયફળ, જાવંત્રી, જીરૂ શાકતું, ઇંદ્રજવ, કેરીની ગોટલી, સૂંઠ, લવિંગ, કાળાં મરી, બીલાંનો ગરભ, ચણકબાવા, કડાછાલ, અતવખની કળી, ઓડી અજમોદ, સાકર, શુદ્ધ હિંગુલ, કેસર અને ગોરોચન—આ સત્તરેય ઓસડિયાંને ખાંડી કપડછાણ કરી ખરલમાં પાણી સાથે ખૂબ ઘૂંટીને મગ જેવડી ગોળી વાળવી. આ ગોળી રોજ નાનાં બાળકને એકથી બે ધાવણમાં કે દૂધમાં ઘૂંટીને આપવાથી ધાવણ-દૂધ પચે છે અને આળપ લે છે. આ ગોળીમાં કોઈ જ કેફી પદાર્થ નથી.

બાળરક્ષક સોગઠી—વાવડીંગ, વાયુંભા, સંચળ, ઇંદ્રજવ, કરિયાતાની પાંદડી, સૂંઠ, હરડેની છાલ, ડેકામારી, બાળાવજ, જાયફળ, જાવંત્રી, પિનપાપડો, કડુ, કાળી જીરી, કાયફીનાં બીજ, કલંબો, અતવખની કળી, એળીઓ, રેવંચીનો શીરો, મરડાશીંગી, લીંડીપીંપર, હીમેજ, મંડૂરભસ્મ અને ગોદંતીભસ્મ—ઉપરનાં ચોવીસ ઓસડિયાં સરખે ભાગે લઈ ખાંડી એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગુલાબજળમાં ત્રણ દિવસ ખરલમાં નાંખીને ઘૂંટયા પછી એની સોપારી જેવડી, લંબગોળ-સોગઠીના આકારની—વર્તિ—ગોળી બનાવી છાંયે સુકવી પહોળા મોઢાના પેચવાળા શીશામાં ભરી રાખવી. એમાંથી ઓરસિયો—ગોળ છાવર જેવો પથરો-એની ઉપર પાણીમાં ઘસી, જરાક ઘસારો ઉતારીને ચમચીમાં લઈ એમાં થોડું પાણી મેળવીને બાળકને પાવું. એની સાથે બાલચલાર્ક કે આઈપીનોલ દવાઓ વેચનારને ત્યાં મળે છે એનાં થોડાં ટીપાં મેળવીને પણ પવાય. એનાથી પેટ સાફ રહે છે, આફરી ચડતી નથી, બાળકને દૂધ પચી જાય છે. દાંત સહેલાઈથી ફૂટે છે. વળી બાળક સૂકાતું નથી કે બિમાર પડી જતું નથી.

સવારમાં પાછળ લખેલી બાળગુટિકા આપવી. સાંજે આ બાળરક્ષક સોગઠીનો ઘસારો, બાલશલાકા કે આઈપીનોલની સાથે મેળવીને પાવો. વળી આ સોગઠીના ઘસારા અને બાલશલાકા કે આઈપીનોલની સાથે હરડેનો ઘસારો મેળવીને પણ પવાય. એ ત્રણેયનું મિશ્રણ બહુ સારો ફાયદો કરે છે.

જે બાળકો શીત-કફ પ્રકૃતિનાં હોય, વારંવાર જેને શરદી-સળેખમ, ઉધરસ, સંગ્રહણી-વરાધ થઈ આવતું હોય, અને ભરાઈ જતાં હોય એમને બૃહત્ પૂર્ણચંદ્રોદય મકરધ્વજરસની એક એક ગોળી ધાવણમાં કે દૂધમાં ઘૂંટીને પાવાથી એ બધા ઉપદ્રવોમાંથી રક્ષણ મળે છે. નાનાં બાળકોને અરધી કે ચોથા ભાગની એ ગોળી આપી શકાય.

વળી, જે બાળકોને દાંત બહુ આકરા ફૂટતા હોય, વાર લાગતી હોય, દાંત ફૂટતી વખતે ઝાડા, મરડો, ઊલટીઓ, તાવ, આંચકી વગેરે લક્ષણો થતાં હોય અને બાળક ગળી જતું હોય તો, એવે વખતે, કામદુધારસ અરધા વાલથી એક વાલ અને ગોદંતીભસ્મ અરધા વાલથી એક વાલ બન્ને ભેગાં મેળવી એનાં ત્રણ પડીકાં બનાવી દિવસમાં ત્રણવાર—સવાર, બપોર, સાંજ—એક એક પડીકી મધમાં કાલવી ધાવણમાં કે દૂધમાં મેળવીને પાવાથી આરામ આવી જાય છે.

વળી જે બાળકો જન્મ્યા પછી ધીરે ધીરે ગળતાં જાય છે, સુકાય જાય છે, એવાં બાળકોના અસ્થિશોષ—સુકતાન દર્દમાં—કે જેને સામાન્ય જનતા "કોઠે રતવાવાળું બાળક" છે એમ કહે છે એમાં, ઉપર જણાવેલા ઉપાયો—બાલગુટિકા, બાળરક્ષક સોગઠી, બાલશલાકા, બૃહત્ પૂર્ણચંદ્રોદય મકરધ્વજરસ, કામદુધારસ, ગોદંતીભસ્મ, હરડેનો ઘસારો, વગેરે બુદ્ધિપૂર્વક, વિવેકપુરઃસર, વાપરવાથી બાળકને આશીર્વાદ સમાન આરોગ્યલાભ થાય છે અને હમેશાં સ્વાસ્થ્ય જળવાઈ રહે છે.

એક ઘરગથ્થુ ખાદ્ય પદાર્થોમાંથી જ બનતું સ્વાદિષ્ટ પીણું કે જે "બાલપીયુષ" સાર્થક નામવાળું છે એ ઉમરના પ્રમાણમાં નાનાં બાળકોને થોડાં ટીપાં અને પછી મોટાં બાળકોને એકાદ નાની ચમચી આપવાથી એ નીરોગી અને હૃષ્ટપુષ્ટ થાય છે. આ નિર્દોષ પેય વધુ-પડતું ખવાઈ જાય તોયે કશું નુકસાન થતું નથી.

બાલપીયુષમન્થ, તલનું તેલ ચોખ્ખું પાંચ તોલા, ગાયનું ઘી શુદ્ધ પાંચ તોલા અને દસ તોલા ચોખ્ખું મધ-એ ત્રણેયને એક કલઈવાળા વાસણમાં એકઠાં કરી એમાં દહીં ભાંગી છાશ કરવાની ઝેરણી ફેરવી ખૂબ મંથન કરી આ ત્રણેયને મિશ્ર કરી દેવું. પછી બુચવાળી બાટલીમાં ભરી રાખવું-હલાવીને જ વાપરવું. આ મન્થન કરેલ પેય હોવાથી બાલપીયુષમન્થ કહેવાય છે અને પીયુષ-એટલે અમૃત-ખરેખર બાળકોનું તો અમૃત જ છે. અરે, એટલું જ નહિ પરંતુ સમગ્ર જગતનું અમૃત છે, એમ પણ કહી શકાય. આ પીણું પૌષ્ટિક તો છે જ, ઉપરાંત, ત્રિદોષ-વાત પિત્ત અને કફ એ ત્રણેયનું નિયમન કરનાર છે. તલનું તેલ વાયુને હિતકર છે, ઘી પિત્તને હિતકર છે અને મધ કફને હિતકર છે. નાનાં બાળકથી માંડી મોટી ઉમરનાં બાળકો સુધી સૌ કોઈ આ પી શકે. એના ગુણની ખબર વાપર્યા પછી અનુભવે પડે છે. આ બનાવટ તાજેતાજી બનાવીને વાપરવી. બહુ પડતર-જૂની થવા ન દેવી. એલોપથી-કોડલીવર ઓઈલનાં કે વિટામિન્સનાં ટીપાં પાવાં કે કેપસ્યુલો ગળાવવી એના કરતાં આ પ્રયોગ હજાર દરજ્જે સારો છે.

બાળકને પૂરેપૂરા દાંત ફૂટી રહે અને બાળક ઊભું પગે ચાલતાં શીખી જાય ત્યાં સુધી, આ બાળગુટિકા, બાલરક્ષક સોગઠી, બાલશક્તિ-આઈપીનોલ એને હરડે, તથા બાલપીયુષમન્ત્ર-આ બધાંનો ઉપયોગ કરવાથી બાળક ઘણી સહેલાઈથી ઉછરી જાય છે, કશા ઉપદ્રવો થતાં નથી અને કદાચ થાય તો યે બહુ હળવા થાય છે. વળી લાંબું ન ચાલતાં જલદી શમી જાય છે.

નેત્ર ઉપર આખા જીવનનો આધાર છે. બાળકોની આંખોને, નાનપણથી જ સાચવવી જોઈએ, એટલે એનું તેજ વધે એવું નીચે પ્રમાણે આંજણુ બનાવીને નિત્ય આંજવું. બજારૂ આંજણથી લાભ થતો નથી બલકે નુકસાન થાય છે.

આંખોમાં આંજવાનું કાજળ—એક કોડિયામાં સુતરની જાડી વાટય મૂકી એમાં દીવેલ-એરંડિયું નાખી દીવો પ્રગટાવી ઉપર તાવડી ઊંધી પાડી એની મેશ એક ઠામમાં એકઠી કરવી. દીવો પવન લાગે નહીં એવી જગ્યાએ રાખવો.

આ મેશ—કાજળ ૪ તોલા

ફુલાવેલો મોરથુથુ ાા તોલો

ફુલાવેલી ફટકડી ાા તોલો

અંગારા ઉપર બાળીને કરેલ ગંધીલા વજનો કોલસો—૧ તોલો

અંગારા ઉપર બાળીને કરેલ આંબળાનો કોલસો—૧ તોલો

—બધાંને એકી સાથે ખરલમાં ઘૂંટીને, સ્વચ્છ ઝીણા કપડાથી ચાળી લેવું. એક દિવસ બરાબર વાટવાથી ખૂબ ઝીણું થઈ જશે. પછી એમાં ચોખ્ખું ગાયનું ઘી ૪ તોલા મેળવી, પાછું ફરીથી ખરલમાં ઘૂંટી, એક દિવસ ફરીથી મર્દન કરવું. ત્યારબાદ એમાં દસ તોલા ચોખ્ખું પાણી નાખીને એ ઘૃતમિશ્રિત કાજળ ઘૂંટીને ધોઈ નાખવું. પાણી મેલું થઈ જાય ત્યારે એ કાઢી નાખી બીજું ચોખ્ખું પાણી નાખવું. એ પ્રમાણે જ્યાં સુધી મેલું પાણી નીકળ્યા કરે ત્યાં સુધી ધોયા જ કરવું. ચોખ્ખું પાણી નીકળે ત્યારે ધોવાની ક્રિયા બંધ કરી એ કાજળમાંથી બધું પાણી નીતારી નાખી એમાં ભીમસેની કપૂર એક તોલો મેળવી ખૂબ પાછું ફરીથી મર્દન કરવું. કપૂર બધો જ કાજળમાં ભળી જાય ત્યારે એ તૈયાર આંજણને પહોળા મોઢાની શીશીમાં કે ડાબલીમાં ભરી લેવું. આ કાજળ-આંજણ નિત્ય બાળકને આંજવું. આ કાજળ-આંજણ સૌભાગ્યવતી સ્ત્રીઓ, પુરુષો પણ આંજી શકે. એનાથી આંખોનું તેજ વધે છે. વળી આ કાજળ-આંજણ જરા ય બળતું નથી. પરંતુ ઠરે છે. મોરથુથુ, ફટકડીનો દાહક દોષ પાણીથી ધોવાઈ જાય છે, અને આંખો સુધારવાનો ગુણ કાયમ રહે છે. એનાથી આંખોનો મેલ દૂર થઈ જાય છે. ગરમી વધતી નથી. ઠંડક થાય છે. નયન-નેત્ર નિર્મળ-તેજસ્વી રહે છે.

આ લેખમાં જે જે દવાઓ લખી છે તે બધી પ્રસિદ્ધ છે. ગાંધીયાણા—કરિયાણાના વેપારી, આયોર્વેદિક-હોમિયોપથી દવાઓના વેચનારા, વિલાયતી દવાઓના વિક્રેતા અને ફાર્મસીઓમાં તથા વૈદ્યોને ત્યાં મળી શકે એવી છે. વળી નિર્દોષ તથા અનુભવેલી છે.

સંપૂર્ણ]

★

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૫

સ્નેહી ભાઈશ્રી,

પહેલા દિવસની પદયાત્રામાં આખું મધ્ય લંડન મેં ખૂંદી નાખ્યું તેનો વિગતવાર અહેવાલ પત્ર નં. ૧૩ માં મેં આપ્યો હતો. પછી પદયાત્રાને પડતી મૂકીને પત્ર નં. ૧૪ માં 'આરોગ્ય અંક' માટે વિલાયતની પ્રજાની તંદુરસ્તી વિશે લખ્યું અને હવે પાછો પદયાત્રા આગળ ચલાવું છું.

બીજે દિવસે સવારે નાસ્તો કરીને હસુબહેનને ઘેરથી હું ઊપડ્યો ને ગોલ્ડર્સગ્રીનથી યુસ્ટન સ્કવેર પહોંચી ગયો. ધ્યેય તો હતું બેકર સ્ટ્રીટ જવાનું પરંતુ મનમાં એક વિચાર આવ્યો કે કશી જ પૂર્વગણત્રી કર્યા વગર અદ્ધરતાલ ગમે તે સ્ટેશને ઊતરી જઈને જોઈએ તો ખરા કે ત્યાંની દુનિયા પણ કેવી છે! કોઈ કોઈ વખત આવા પ્રયોગો કરવાથી કંઈક અવનવું જ જોવા જાણવા મળી જાય છે એવો અનુભવ મને દિલ્હી, કલકત્તા, બેંગલોર, ત્રિવેન્દ્રમ વગેરે સ્થળોએ પણ થયેલો હતો તેથી મેં આ યુસ્ટન સ્કવેરમાં ઝંપલાવ્યું. અને ખરેખર અહીં કંઈક નવું તો જોવા મળ્યું જ.

મુંબઈમાં જેમ એક બાજુ મલબાર હીલ અને મરીન ડ્રાઇવની સોહામણી દુનિયા છે અને બીજી બાજુ ભૂલેશ્વર અને ભીંડીબજારની બિહામણી દુનિયા છે તેવી જ રીતે લંડનમાં પણ બધું જ પીકેડીલી અને બોન્ડ સ્ટ્રીટ જેવું 'ગ્લીટરીંગ' નથી તેની ખાત્રી આકસ્મિક રીતે જ આ લત્તામાં થઈ ગઈ. યુસ્ટન સ્કવેર સ્ટેશનથી થોડે દૂર ચાલતાંમાં જ સૂટબૂટ પહેરેલા ગોરા ફેરિયાઓની બુમરાણો સાંભળવા મળી—"લે કે જાવ, તાજા મીઠાં...લે કે જાવ, કંપનીકા દીવાલા નીકલ ગયા...ઉઠાવો, લીલામકા માલ...એ દેખો, બચ્ચા ખેલે ઔર બચ્ચાકા બાપ ભી ખેલે" ને મળતાં સૂત્રો પોકારતા આ ફેરિયાઓ અને આપણી કેળાંવાળીઓના જેવી, પણ ફેન્સી ફ્રોકમાં સુસજ્જ થયેલી ગોરી ફેરિયણોને જોઈને ઘડીક એમ જ લાગ્યું કે હું એકાએક ભારતમાં તો પાછો નથી આવી ગયોને.

નજર સામે મુંબઈનું એ જ ચોર બજાર, એ જ જરીપુરાણાનું બજાર, એ જ ભૂલેશ્વર દેખાવા માંડ્યું! "બોલો સાહેબ, શું લેશો? લો આ અસલ એક પૌંડની ટાઇ એક જ શિલિંગમાં ઉઠાવો, લો બાબા માટે ૭ પૌંડના જેવું દેખાતું દૂરબીન ૭ પેન્સમાં જ ઉઠાવો. ઉઠાવો, કોઈપણ ચીજ ૭ પેન્સમાં ઉઠાવો, કાલે પાછી નહિ મળશે! પૈની ખરચો અને તક ઝડપો! લો આ પીચ, પીયર્સ અને સફરજન ખાવ, બોલો કાપી આપું સાહેબ?" એવી બુમરાણોથી ઘરાકોને આકર્ષતાં આ ફેરિયા–ફેરિયણોને જોઈને ખાત્રી થઈ કે વિલાયતનો બધો જ વ્યાપાર મૂડીવાદી ઇજારાવાદી ડીપાર્ટમેન્ટલ સ્ટોરોના હસ્તક નથી ચાલતો. સ્વતંત્ર વ્યક્તિગત વ્યાપારનાં આવાં "બઝાર" હજીયે હસ્તી ધરાવે છે જ. આથી 'સેલ્ફ એમ્પ્લોયડ'ના

હિમાયતી અને 'સ્વતંત્ર પક્ષ'ના નેતા પ્રો. રંગા ખાત્રી રાખે કે વ્યક્તિસ્વાતંત્ર્યનો દીપક હજી બુઝાઈ ગયો નથી. 'ફ્રી એન્ટરપ્રાઇઝ'ની આવી મીનગારીઓ પારાવાર ઇજારાવાદ વચ્ચે પણ હજી જીવંત છે! અલબત્ત ઇજારાવાદીઓ પણ ફ્રી એન્ટરપ્રાઇઝમાં જ માને છે પણ તેની 'બ્રાન્ડ' જરાક જુદી છે! ધમધોકાર નફાનું સ્વાતંત્ર્ય ઝેરી સમાજવાદ ખૂંચવી ન લે તેની તકેદારી રાખવા ભાઈ મીનુ મસાણીએ બીજી બાજુ 'ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઈઝ' પણ સ્થાપેલું જ છે! એક જ સિક્કાની બે બાજુ જુદીજુદી તે આનું નામ!

યુસ્ટન સ્કવેરથી મેરીલબોન રોડના રસ્તે ચાલતો ચાલતો હું બેકર સ્ટ્રીટ પહોંચ્યો અને ત્યાં આવેલા ૪૭૦ એકરનું ક્ષેત્રફળ ધરાવતા એક વિશાળ બાગ 'રીજન્ટ પાર્ક'માં પ્રવેશ્યો. પહેલી નજરે તો આ બાગ એક લીલાછમ જંગી ગાલીચા જેવો દેખાય છે અને આ ગાલીચા ઉપર થોડેથોડે અંતરે પ્રેમી યુગલો આડા પડેલાં દેખાય છે. આ યુગલો 'એની ટાઈમ ઇઝ ટી ટાઈમ' કહેનારા ચાના ગરાડીઓની જેમ પ્રેમની બાબતમાં પણ 'એની ટાઇમ ઇઝ લવ ટાઈમ'માં માનનારા હોય એમ લાગે છે કારણ કે હું સવારના સાડા નવ વાગ્યે આ બાગમાં આવ્યો ત્યારે અને બપોરે એકવાગ્યે તેમાંથી પાછો ફર્યો ત્યારે પણ તેમની પ્રેમસમાધિમાં મસ્ત બનીને પડી રહેલાં હતાં! અલબત્ત રીજન્ટ પાર્કમાં આ પ્રેમસમાધિ ઉપરાંત ઘણુંઘણું જોવાનું છે. એક તો તેમાં બોટીંગ કરવા માટે સુંદર સરોવર છે, બીજું જોવાલાયક આકર્ષણ છે ઓપન એર થિયેટર. આ થિયેટરમાં ઉનાળામાં શેક્સપીઅરનાં નાટકો સંપૂર્ણ કુદરતી વાતાવરણ વચ્ચે ભજવાય છે. રીજન્ટ પાર્કનાં સૌથી મોટાં આકર્ષણો તો તેમાં આવેલા વિશ્વવિખ્યાત પ્રાણીસંગ્રહ–ઝૂઓલોજિકલ ગાર્ડન અને માછલીઘર–એક્વેરિયમ–નાં છે. લંડનનું ઝૂ નિરાંતે પૂરેપૂરું જોવું હોય તો તો આખો એક દિવસ ત્યાં ગાળવો જોઈએ. છતાં મેં ત્રણ કલાકમાં બની શકે તેટલું ઝડપથી આ ઝૂ જોઇ નાખ્યું.

કલકત્તાનું ઝૂઓલોજિકલ ગાર્ડન ખૂબ સુંદર છે પણ લંડનનું તો વળી તેનાથી પણ ચડી જાય તેવું લાગ્યું. એક તો શી તેની સ્વચ્છતા છે! આવી સ્વચ્છતા જાળવવા આ બાગમાં ૨૫૦ જેટલી તો કચરાપેટીઓ રાખવામાં આવેલી છે. થોડેથોડે અંતરે થાંભલા ઉપર આવી પેટી લટકાવેલી હોય છે અને કચરો તેમાં નહિ નાખનારને માટે પાંચ પૌંડ જેવો ભારે દંડ રાખેલો છે. બધાં પશુપંખીઓને કાચના છાપરાવાળાં પીંજરાઓમાં રાખેલાં છે—જીરાફોને સુદ્ધાં! વાંદરા, હાથી, ચકલીઓ, મોર, પોપટ, કાકાકૌવા જેવાં જાણીતાં પશુપંખીઓને તો મેં ઝડપથી જોઈ નાખ્યાં. પણ અહીં તો નવાં નવાં પણ ઘણાં જોવા મળ્યાં. ઉત્તર ધ્રુવનું પોલર બેર–સફેદ રીંછ–અહીંનું મોટું આકર્ષણ છે. તે ઉપરાંત ખૂબ ધ્યાન ખેંચે તેવું તો પેન્ગ્યુઇન નામનું પંખી છે. આ પંખી માણસની જેમ જ બે પગ ઉપર ઊભું રહે છે અને લકવો થયેલો માણસ, જેમ હાથ લબડતા રાખે છે તેમ, તે બે હાથ (પાંખો) લબડતા રાખે છે એ દૃશ્ય જોઈને તો એમ જ લાગે છે કે આ પંખી નથી પણ કોઈ વહેંતિયો માણસ જ છે કે શું! આ પેન્ગ્યુઇન પંખીઓ માટે રીતસરનો એક સ્વીમિંગપુલ જુદો જ બનાવવામાં આવ્યો છે, તે પુલ ઉપર ભૂસકા મારવા માટે સુંદર પાટિયાં જડેલાં છે. તેની ઉપર આ પંખીઓ માનવીઓની જેમ ચઢે છે અને માનવીઓની જેમજ પાણીમાં ભૂસકા મારે છે અને તરે છે. આ દૃશ્ય ખરેખર ખૂબ જ મનોહર લાગે છે.

પેન્ગ્યુઈન ઉપરાંત બીજાં આકર્ષક પંખીઓ પેલીકન, ફ્લેમિન્ગો, રાજહંસ, ઓસ્ટ્રીચ, પી ફાઉલ, ગરૂડ, ક્રીઝંટ, એમસ, હ્રીઝ, ગીઝ, ક્રેન, કોયલ, મોર, પોપટ તેમજ અનાકર્ષક પંખીઓ ઘુવડ, કાગડા, બાજ, વલ્ચર વગેરે પણ મોટી સંખ્યામાં લંડનના ઝૂમાં જોવા મળે છે. પશુઓનું વૈવિધ્ય પણ વિશાળ છે. ઊંટ, હાથી, જીરાફ, રીંછ, હિપોપોટેમસ, વરૂ, વાંદરા, શિયાળ, વાઘ, સિંહ, હરણ, રીનોસીરસ, ઝીબ્રા જેવા જાણીતા અને ભારતમાં જોયેલા પશુઓ ઉપરાંત લંડનના ઝૂમાં ખૂબ નવાનવા પ્રકારનાં પશુઓ જોવા મળે છે જેવા કે દરિયાઈ સિંહ, ગોરિલા, ચિમ્પાન્ઝી, ઊરાંગ ઊટાંગ, ગીબ્બન, મેન્ડ્રીલ, બબુન, લામા, કાંગારૂ, વલ્લાબી વગેરે. આ બધાંમાં સફેદ ઊંટ, સફેદ રીંછ, દરિયાઈ સિંહ, ગોરા ડુક્કર વધારે ધ્યાન ખેંચે છે. દરરોજ બપોરે સાડાચાર વાગ્યે ચિમ્પાન્ઝીસની 'ટી પાર્ટી' થાય છે તે તો આ ઝૂનું ખાસ આકર્ષણ છે. મનુષ્યને મળતાં આ વાંદરાઓ રીતસર ખુરશી ઉપર બેસે છે અને ટેબલ ઉપર મૂકેલી ડીશોમાંથી છરી કાંટા વડે નાસ્તો કરે છે અને ગરમાગરમ ચાનું મિશ્રણ જાતે કરીને પીએ છે!

પશુ પંખી ઉપરાંત લંડનના ઝૂમાં નાગ, સાપ, અજગર, કાચીંડા, મગર, ઘીલોડી, સેલામન્ડર, મચ્છા, દેડકા અને કાચબાની જાતના બિહામણા અને ઘૃણાસ્પદ સેંકડો પ્રાણીઓનું એક ખાસ જુદું સંગ્રહસ્થાન "રેપ્ટાઈલ હાઉસ" નામનું બનાવેલું છે. આ સર્પગૃહની કિંમત જ ૬૪૦૦૦ પૌંડ એટલે કે લગભગ નવ લાખ રૂપિયા જેટલી છે! છતાં આવા નવલખા મહેલમાં ફરતાં ફરતાં આપણને કંપારી આવી જાય છે અને ઝડપથી ભાગવાનું મન થઈ જાય છે!

ઝૂમાં સૌથી સોહામણું સ્થળ તો મને ત્યાંનું માછલીઘર લાગ્યું. મદ્રાસ તેમજ ત્રિવેન્દ્રમમાં મેં સુંદર માછલીઘરો જોયાં હતાં, તેમજ મુંબઈમાં પણ તારાપોરવાળા એકવેરિયમ જોયું હતું. છતાં લંડનનું એકવેરિયમ તો આ બધાંને ટપી જાય તેવું લાગ્યું. એક તો અહીં જળચર પ્રાણીઓનું વૈવિધ્ય અપાર છે અને બીજું આ બધાં પ્રાણીઓનું પ્રદર્શન એક લાંબા અંધારા ભોંયરાની ભીંતોમાં જડેલી પ્રકાશમય પાણી ભરેલી કાચની ટાંકીઓમાં કરવામાં આવેલું છે. આખું વાતાવરણ એવું લાગે છે કે આપણે ટનલમાં ચાલવાને બદલે જાણે દરિયાની નીચે જ ચાલતાં ચાલતાં આ પ્રાણીઓનું નિરીક્ષણ કરતાં ન હોઈએ! અને માછલીઓ પણ અહીં કેવી સુંદર જોવા મળે છે—૩૦૦૦ જાતની માછલીઓ આ એકવેરિયમમાં રાખવામાં આવેલી છે! તેના ત્રણ વિભાગ પાડવામાં આવેલા છે. એક તો મીઠાં જળની માછલીઓના વિભાગ છે, બીજો છે ખારાં જળની માછલીઓનો અને ત્રીજો ઉષ્ણ જળની માછલીઓનો વિભાગ છે. આ બધી માછલીઓને રાખવા માટે બધું મળીને એ કાચની ટાંકીઓમાં સાઠ હજાર ગેલન મીઠું પાણી અને સવા લાખ ગેલન ખારું પાણી સંઘરવામાં આવે છે. સર્પગૃહની કિંમત ૬૪૦૦૦ પૌંડ છે તો આ મત્સ્યગૃહની કિંમત ૫૫૦૦૦ પૌંડ છે.

મીઠાં જળની માછલીઓમાં સૌથી સુંદર માછલી 'પર્ચ' નામની છે. બીજી સુંદર માછલી 'કાર્પ' નામની છે જેની આયુષ-મર્યાદા ૪૦ વર્ષ જેટલી લાંબી હોય છે. બીજી બાજુ 'પાઈક' નામની માછલી બીજી નાની માછલીઓ તેમજ જળપંખીઓનો શિકાર આરોગીને લગભગ ૬૦ રતલ ઉપરાંત વજનની થાય છે. આવી તગડી માછલી જોઈને માછીમારોના મોઢામાં પાણી છૂટ્યા વગર ન જ રહે! તગડા કાચબાઓ પણ જોયા અને મથુરામાં આવેલો જમુનાજીનો વિશ્રામઘાટ યાદ આવ્યો. લીલા રંગના કાચબા પણ જોયા. જળઘોડો

અને જળકુત્તો નામની માછલીઓ પણ જોઈ. શાર્ક, ઓક્ટોપસ, લોબ્સ્ટર, ક્રેબ અને ડ્રેગોન ફીશ જોઈ અને તે બધી બિહામણી લાગવા માંડી. બીજી બાજુ ગોલ્ડ ફીશ, રંગબેરંગી પેરેડાઈઝ ફીશ, નિયોન ફીશ, એન્જલ ફીશ, પર્પલ ફીશ વગેરે નામોવાળી સુંદર માછલીઓ જોઈ. સૌથી રૂપાળી માછલી તો ' ગ્લાસ ફીશ ' હતી. એનું આખું શરીર પારદર્શક કાચમાંથી બનાવ્યું હોય તેવું લાગે છે. અંદરની કરોડરજ્જુ પણ તેની ચામડીમાંથી આરપાર દેખી શકાય છે ! આ માછલી જોઈને વિચાર આવ્યો કે આવા પારદર્શક માનવીઓ અને ખાસ કરીને પારદર્શક ભેજાંવાળા માનવીઓ કોઈ પણ ઝૂમાં હશે ખરાં કે !

આઠ ફૂટ લાંબી ' ઇલેક્ટ્રિક ઇલ ' નામની માછલીના સ્નાયુઓમાંથી વિદ્યુતશક્તિ ઝરે છે અને તેનો ઝાટકો લાગતામાં જ તેની નજીક આવતી બીજી માછલીઓ મરી જાય છે. આ માછલી આંધળી હોય છે, પણ વિદ્યુતબળથી ઉદ્ભવેલાં મોજાંઓના આધારે તે ' ગાઇડેડ મીસીલી 'ની જેમ તેનો માર્ગ શોધી લે છે અને તેને ખોરાક પણ આપોઆપ જ મળી જાય છે ! આ માછલીમાંથી ખરેખર વિદ્યુતશક્તિ ઝરે છે તે દેખાડવા માટે આ માછલીવાળી પાણીની ટાંકીમાં બે તાર (ઇલેક્ટ્રોડ્સ) લટકાવવામાં આવ્યા છે. માછલી સમીપ આવતાં જ આ તારમાં કરંટ પેદા થાય છે અને તે ૧૦ થી ૨૦૦ વોલ્ટ જેટલો જુસ્સાદાર હોય છે. આ કરંટને એમ્પ્લીફાયરમાંથી પસાર કરીને લાઉડ સ્પીકરમાં લાવવામાં આવે છે અને એ રીતે માછલીના હલનચલનનો પડઘો આપણને સંભળાવવામાં આવે છે. છે ને આ પણ એક જાદૂ જેવી વાત !

આ પ્રમાણે પશુગૃહ, પક્ષીગૃહ, સર્પગૃહ અને મત્સ્યગૃહની દુનિયામાં સાડાત્રણ કલાક પદયાત્રા કરીને હું રીજંટ પાર્કની બહાર આવ્યો ત્યારે પગ તો થાકીને લોથ થઈ ગયા હતા અને પેટમાં ભૂખ પણ સખત લાગી હતી. નજીકની કેફેમાં ઘૂસી જઈને જમવાની વૃત્તિ તો થઈ આવી હતી પરંતુ આજે વ્હીટસનની રજાને નિમિત્તે હસુબહેને બપોરનું જમણ પણ ઘેર રાખેલું હતું. ગુજરાતી ભોજનનો લોભ છૂટે તેમ નહોતો તેથી રીજંટ રોડથી ઓક્સફર્ડ સર્કસ, ત્યાંથી ટોટનહેમ કોર્ટ અને ત્યાંથી ગોલ્ડર્સ ગ્રીન એમ ત્રણ ટયુબ ટ્રેનો બદલીને ઘેર પહોંચ્યો. બધાં જમવા બેસવાની તૈયારીમાં જ હતા. હું તેમાં સામેલ થયો અને લાડુ તથા ભજિયાંની જ્યાફત ઉડાવીને ખૂબ તૃપ્તિ અનુભવી.

જમીને પાછો તરત જ ત્રણ વાગ્યે બેકર સ્ટ્રીટ પહોંચ્યો. બેકર સ્ટ્રીટ સ્ટેશનની પાસે જ બે વિખ્યાત ઇમારતો બાજુબાજુમાં આવેલી છે. એક તો છે લંડન પ્લેનેટેરિયમ અને બીજું છે મેડમ ટુસોડનું વેક્સ વર્ક્સ મ્યુઝિયમ. આ બન્ને સ્થળો અત્યંત દર્શનીય છે અને લંડનની યાત્રા કરનાર કોઈ પણ પ્રવાસીએ ચૂકવા જેવાં નથી. હું ગયો તેના બે મહિના પહેલાં જ પ્લેનેટેરિયમ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું તેથી ઘણાને તો આવા સ્થળના અસ્તિત્વની પણ ખબર નહોતી. પરંતુ માન્ચેસ્ટરથી નીકળતી વખતે મારા મિત્ર મિ. ઈવાર્ટ ગ્રીને આ નવું પ્લેનેટેરીયમ જોવાની ખાસ ભલામણ કરિ હતી તેથી હું પણ તે જોવા માટે ઘણો આતુર હતો. સાડા ત્રણ વાગ્યે આ પ્લેનેટેરિયમમાં ' સૃષ્ટિદર્શન 'નો ' શો ' શરૂ થવાનો હતો તેથી મેં ઝટપટ ત્રણ શિલિંગની ટિકિટ કઢાવી અને વખતસર અંદર પહોંચ્યો.

પ્લેનેટેરિયમની રચના નાટક, સીનેમા, કોન્સર્ટ, ઓપેરા કે ઓપન એર શોનાં થિયેટરો કરતાં તદ્દન જુદા જ પ્રકારની છે અને અદ્ભુત છે. હજી હમણાં તો લંડનના દોડાદોડીભર્યા રસ્તા ઉપર ભર બપોરે ચાલતા હતા તેવામાં એકાએક આ શું પરિવર્તન થઈ ગયું ! ક્યાં

અલોપ થઈ ગઈ એ ધાંધલિયા અને મોહક જીવનની સૃષ્ટિ? ક્યાં ગઈ એ મોટરો અને જંગી દુકાનો? અંધારાની નિરવ શાંતિમાં આ બધા ગોળાકારે ખુરશીઓ ઉપર કેમ મૂંગા મૂંગા બેઠા છે? સ્ટેજ ક્યાં છે? સ્ક્રીન ક્યાં છે? આખો ગોળાકાર હોલ સ્ત્રીપુરુષોથી ભરાઈ ગયો છે તો હવે 'શો' કઈ જગ્યાએ થવાનો છે? તમે વિચારમાં પડી ગયા છો તેવામાં તો મધુર મૃદુ સંગીતના સૂરોથી વાતાવરણ ભરાઈ જાય છે અને જાણે સૂર્યાસ્ત બાદનો અંધકાર થવાની તૈયારી હોય તેવો એકદમ ઝાંખો પ્રકાશ દૂર દૂર ઊંચે નજર નાખતાં દેખાય છે. જી, હા, હવે નજર ઊંચે જ રાખજો. ભલે ડોકી દુખી જાય તો દુખવા દેજો પણ આ લ્હાવો લેવાનો ચૂકશો નહિ. "સ્ટાર ગેઝિંગ" કદાપિ કર્યું છે ખરું કે? સીનેમાના સ્ટાર નહિ, આકાશના! તો, લો. કરો હવે સ્ટાર ગેઝિંગ.

આ જાદૂ છે કે શું? આપણે થિયેટરમાં છીએ કે અમાસની રાતે ભરદરિયે ઝોલાં ખાઈએ છીએ? આ શું? એકાએક સંગીત કેમ બંધ થઈ ગયું? આ કોનો અવાજ સંભળાય છે? એ શું કહે છે? કહે છે કે "કાળ અને સ્થળ અનાદિ અને અનંત છે, બ્રહ્માંડ દર્શન માનવીની દૃષ્ટિના ગજા બહાર છે, દિવ્યચક્ષુ વગર વિરાટ દર્શન અસંભવ છે— કેમ તમે આવું જ ભણતા આવેલા છો ને? ઠીક, તો લ્યો હવે જુઓ. સદીઓની બ્રહ્માંડલીલા તમે ફક્ત ચાલીસ જ મિનિટમાં જુઓ. દરેક પળને બ્રહ્માની પળ જ સમજીને જોજોજી."

"દેખાય છે કે ઉપર શું છે તે? છે ને એ જ તમારું અનાદિ અને અનંત બ્રહ્માંડ? દેખાય છે એની કોઈ સીમા? શું કહ્યું? આ એક ભ્રમણા છે એમ? તમને એમ લાગે છે કે હજી હમણાં તો બહાર તડકો જોયો અને એકાએક આ રાત ક્યાંથી પડી ગઈ અને ઉપર ઘોર અંધકારમય આકાશ ક્યાંથી આવી ગયું? જી, હા, આ પણ એક માયા જ છે. ઈશ્વરના માયાભ્રમણામાં ચઢીને તમે યંત્રવત્ જીવનના વિકટ વનમાં ભટકી રહ્યા છો તેમાં ઉમેરો કરવા હવે આ માનવસર્જિત માયામાં તમે ફસાયા છો. પણ ગભરાતા નહિ. આરામથી બેસી રહેજો. ડોકી દુખી જાય તો યે જરા ઊંચે તો જોયા જ કરવું પડશે. પણ અમે તમને જિંદગીભર માયામાં નહિ ફસાવી રાખીએ. ચાલીસ મિનિટમાં વિરાટ સ્વરૂપ દર્શન કરાવીને મોક્ષ આપીશું. દેખાય છે કે આ અંધારા આકાશમાં હવે એકાએક તારાઓ ઝબૂકવા માંડ્યા છે તે? ઓળખાય છે કે? જોયો પેલો ધ્રુવનો તારો, આ બાજુ જુઓ—છે ને તમારા સપ્તર્ષિ? અને ત્યાં જુઓ, પેલો મંગળ દેખાય છે કે? આ જોયો કે શુક્રનો તારો કેવો ઝબૂકે છે તે? બ્રહ્મસંગીતના સૂરો પણ સંભળાય છે કે? તમને ગુજરાતી કાવ્યો યાદ આવવા માંડ્યાં? 'પાપ પુણ્ય ને ત્રિલોકનો હિંડોળો, ફરતી ફૂમતાંની ફેર, જાણે આભને મોભે બાંધ્યા દોર!... ભરતી અનંત ડોલે, બ્રહ્માંડ ભીંજે છોળે કે પ્રેમને હિંડોળે......'

"વેલ, વેલ, વેલ, ફસાયાને તમે માયામાં અને હૃદયમાં ઊભરાવા માંડીને કવિઓની વેવલાઈ! જુઓ ભાઇ, ઉપર આકાશ પણ નથી અને આ ઝબૂકે છે તે તારા પણ નથી. ઉપર તો તમારી બરોડા કોલેજના ઘુમ્મટ કરતાં યે ખૂબ મોટો એક ગોળ ઘુમ્મટ છે અને આવી ગોળખરોળ સ્ક્રીન (પ્રોજેક્શન ડોમ) ઉપર આ હોલના મધ્ય ભાગમાં ગોઠવેલા ૭૦,૦૦૦ પૌંડ એટલે કે લગભગ દસ લાખ રૂપિયાની કિંમતના 'એક 'ઝાઇસ પ્રોજેક્ટર'માંથી આ તારાઓનું પ્રતિબિંબ પડે છે. સીનેમાના પ્રોજેક્ટરમાંથી સ્ક્રીન ઉપર ફેંકાતા પ્રકાશનાં કિરણો આખા માર્ગમાં દેખી શકાય છે ત્યારે આ ઝાઇસ પ્રોજેક્ટર તો મૂંગો મૂંગો આ પ્રતિબિંબો

પરભાર્યો જ ઘુંમટ ઉપર ફેંકે રાખે છે અને તે પણ અસ્તવ્યસ્ત રીતે નથી. આકાશમાં મંગળ, શુક્ર, સપ્તર્ષિ વગેરેનું જે આગવું સ્થાન હોય છે તે જ સાપેક્ષ સ્થાનોએ આ બધા તારાઓ અને ગ્રહો ઝળૂકી રહ્યા છે. આપણી પાસે તે બધાને તેમની જ ગતિએ ચાલવા દેવાનો સમય નથી તેથી હવે જરાક ચાબુક ફટકારીને આ બધાને થોડા દોડાવવા તો પડશે જ. અને ઝડપથી દોડશે તોયે તેમની સાપેક્ષ સ્થિતિ અને સાપેક્ષ ગતિ તો તેમની તેમજ રહેશે."

"જુઓ ત્યારે, મે માસમાં આ બધા આ સ્થિતિમાં છે. જૂન, જુલાઇ, ઑગસ્ટ કરતાં કરતાં પાછો બીજો મે માસ આવી પહોંચે છે ત્યાં સુધીમાં તેમની સ્થિતિ કેવી બદલાતી રહે છે તે બારીકાઇથી નિહાળજો. લ્યો, હવે તો ચાંદામામા પણ આ ઊગી નીકળ્યા છે. કેવા ચોક્કસ દિશામાં દોડી રહ્યા છે! અહીંથી ઊગીને આ ભ્રમણકક્ષામાં ફરીને પાછા આથમી પણ ગયા? આકાશમાંથી બધા તારાઓ પણ અલોપ થઇ ગયા? પણ આ શું? જોયો પેલો સૂરજ દેવતા કેવો ઊગી રહ્યો છે તે? અરે જોતજોતામાં તો મધ્યાહ્ન પણ થઈ ગઈ અને ફરી પાછી જોતજોતામાં રાત પણ પડી ગઈ? પણ જુઓ હવે, આજે તો આકાશમાં પેલો તારો ખરતો દેખાય છે, જોયો કે પેલો ધૂમકેતુ કેવો સડસડાટ ચાલ્યો જાય છે તે? અને જુઓ પેલી આકાશગંગા કેવી દેખાય છે? લ્યો આજે તો શરદપૂર્ણિમા પણ છે અને ચંદ્રગ્રહણ પણ છે! આ શું ઉપરાઉપરી રાત પછી દિવસ અને દિવસ પછી રાત! સૂર્યગ્રહણ પણ જોયું કે? આકાશના આ રંગો કેવા બદલાય છે? હમણાં તો તે પાવકજ્વાળાના જેવું લાલચોળ હતું અને એટલામાં શીતળ અઝૂર બ્લુ થઈ ગયું! અને ફરી પાછો ઘોર અંધકાર!"

"અને હવે જુઓ. બ્રિટન ઉપર ગગનમંડળની આ સ્થિતિ છે તે જ સમયે ભારત ઉપરના ગગનમંડળની શી હાલત છે તે પણ જુઓ. આફ્રિકા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને જાપાનમાં તે જ સમયે શી હાલત છે તે પણ જોઈ લો. અને આ જોયો કે ધ્રુવપ્રદેશ ઉપરથી સૂરજ છચ્છ મહિના સુધી આથમતો નથી તેનું કારણ પણ હવે સમજાયું ને? કેવાં ત્રાંસાં કિરણો ત્યાં પડી રહ્યાં છે! જુદા જુદા કટિબંધમાં સૂર્યનું અંતર બદલાતું રહે છે તેથી હવે સમજાયને વિષુવવૃત્તના પ્રદેશોમાં તાપ કેમ પડે છે અને ધ્રુવપ્રદેશોમાં ઠંડી કેમ પડે છે તેનું રહસ્ય? જોયોને આ કેવો નવો ખેલ છે તે? સૂર્ય ચંદ્ર, અને તારાઓ જ આ ખેલના અભિનેતાઓ છે અને તમારા જીવનભર અને પછીએ પણ તેમના આ અનંત નાટકનો શો નિયમિત રીતે ચાલ્યા જ કરશે. પણ અમે તો તમને તે બધું ચાલીસ જ મિનિટમાં દેખાડી દીધું ને? બોલો કોની માયા ચડે—ઈશ્વરની કે અમારી? ઠીક, તો નાટક હવે પૂરું થયું છે અને અમે તમને આ ઉકાદુખણ દુનિયામાંથી મોક્ષ આપીએ છીએ. રામ રામ!"

આવી મીઠી કૉમેન્ટરી સાથે સૃષ્ટિદર્શન આટલી ઝડપથી કરાવનાર આ પ્લેનેટેરિયમ એ ખરેખર એક અદ્ભુત રચના છે. તેનું શૈક્ષણિક મહત્ત્વ પણ ઓછું નથી. ભૂગોળમાં પણ ચાંદો અને સૂરજ તો ઊગે છે, આથમે છે અને તેમનાં ગ્રહણો પણ થાય છે પણ તે તો પરીક્ષા માટે ગોખવાં પૂરતાં જ! જ્યારે આ તો નજર સામે જ એ બધી આકાશી દુનિયાની ઘટનાઓ નિહાળવાનું સ્થળ છે. સવારે ઝૂમાં પૃથ્વી ઉપર અને દરિયામાં વસતાં હજારો પશુપંખીઓ અને જળચર પ્રાણીઓનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં અને બપોરે આકાશની દુનિયા નિહાળી. અને હજી તો બપોરના સાડાચાર જ વાગ્યા છે. ચાલો જરાક ચા પી લઈએ અને પાછી પદયાત્રા ચાલુ કરીએ.

પ્લેનેટેરિયમની બાજુમાં જ મેડમ ટુસોડનું વિશ્વવિખ્યાત મીણની મૂર્તિઓનું કાયમી પ્રદર્શન આવેલું છે. આ સુંદર ઇમારતમાં અનેક ખંડો છે — ગ્રાન્ડ હૉલ, હૉલ ઑફ ટેબ્લો, હૉલ ઑફ કિંગ્સ, ચેમ્બર ઑફ હોરર્સ વગેરે. બ્લેકપુલમાં મેડમ ટુસોડના વારસ બર્નાર્ડ ટુસોડે મીણની મૂર્તિઓનું જે પ્રદર્શન ગોઠવ્યું છે તેનું વર્ણન તો હું પત્ર નં. ૬માં કરી ગયેલો છું. પરંતુ લંડનનું પ્રદર્શન તો ઘણું જ મોટું છે.

મૂળ તો મેડમ ટુસોડના કાકા કુર્ટીસે મીણની પ્રતિમાઓનું પહેલું પ્રદર્શન ૧૭૫૭ની સાલમાં સ્વીટ્ઝરલેંડમાં બર્ન નામના સ્થળે ખોલ્યું હતું અને ત્યાર પછી ચાર વર્ષ બાદ ૧૭૬૧માં મેડમ ટુસોડનો જન્મ થયો હતો. તેના બીજા વર્ષે ૧૭૬૨માં કુર્ટીસે પેરીસમાં બીજું આવું એક મ્યુઝિયમ ખોલ્યું અને ૧૭૯૩માં જ્યારે કુર્ટીસકાકા ગુજરી ગયા ત્યારે આ મ્યુઝિયમોનો વારસો મેડમ ટુસોડના હાથમાં આવ્યો. મેડમ ટુસોડ આ બન્ને મ્યુઝિયમોને ૧૮૦૨ની સાલમાં લંડનમાં ઉપાડી લાવ્યા. ૧૮૩૫માં બેકર સ્ટ્રીટમાં આ મ્યુઝિયમને લાવવામાં આવ્યું અને ૧૮૫૦માં મેડમ ટુસોડનું નેવું વર્ષની ઉમરે અવસાન થયું. આ નેવું વર્ષની જિંદગીમાં મેડમ ટુસોડે જે નવી કલા વિકસાવી છે તે ખરેખર અદ્ભુત અને અજોડ છે. નજરે જોવાથી જ આ કલાની ખરી કદર તો કરી શકાય તેમ છે. ૧૮૮૪ની સાલમાં આ પ્રદર્શન હાલ છે તે સ્થળે બેકર સ્ટ્રીટમાં લાવવામાં આવ્યું. ૧૮૯૬માં પ્રદર્શનના હાલના વારસ અને કલાકાર બર્નાર્ડ ટુસોડનો જન્મ થયો. ૧૯૨૫માં આ આખું પ્રદર્શન આગમાં બળીને ખાખ થઇ ગયું. પરંતુ ત્રણ જ વર્ષમાં એટલે કે ૧૯૨૮માં બર્નાર્ડ ટુસોડે આખું પ્રદર્શન નવેસર રચ્યું અને તે જ સ્થળે ખુલ્લું મૂક્યું તે આજ સુધી મોજૂદ છે.

મેડમ ટુસોડના મીણમંદિરની મૂર્તિઓ જોતી વખતે આપણને એમ જ લાગે છે કે જાણે તે મૂર્તિ નથી પરંતુ સાક્ષાત વ્યક્તિ જ છે. શરીરનો રંગ અને ચામડીની કુમાશ, આંખના ડોળા અને હાથના નખ, માથાના વાળ અને આખો પોશાક જીવંત માનવીનાં જેવાં જ હોવાથી ઘણાં પ્રેક્ષકો છેતરાઇ જાય છે અને ભ્રમણામાં પડે છે કે આ પૂતળાં ખરેખર પૂતળાં જ છે કે જીવતાં જાગતાં માનવીઓ છે.

બ્રિટિશ રાજકુટુંબના નવા તથા જૂના દરેકે દરેક રાજા તથા રાણીની મૂર્તિઓનો એક વિભાગ જુદો છે. બીજા એક વિભાગમાં દરેકે દરેક દેશની વિખ્યાત વ્યક્તિઓની મૂર્તિઓ છે — તેમાં આપણને ચર્ચિલ, રૂઝવેલ્ટ, સ્ટેલીન, ચાં કાઇ શેક, એટલી, ટ્રુમેન, આઇઝનહોવર, ખ્રુશ્ચેવ, માઓ ત્સે તુંગ થી માંડીને ગાંધીજી, નેહરુ, જીન્હા, ટીટો, ચાઉ એન લાઇ, હેઇલ સલાસી, નાસર વગેરે સેંકડો રાજપુરુષોની મૂર્તિઓ દેખાય છે. પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે આ બધી મૂર્તિઓમાં ફક્ત ગાંધીજી અને નેહરુની મૂર્તિઓને જ ઘોર અન્યાય કરવામાં આવ્યો છે. નથી તેમાં સૌંદર્ય કે નથી તેમાં જરાપણ "લાઇકનેસ ઑફ ફેસીસ". કયા ગમારે આ મૂર્તિઓ બનાવી છે અને તેણે ભારત પ્રત્યેના દ્વેષના માર્યા જાણીજોઇને તો આવી બેહૂદી મૂર્તિઓ નથી બનાવીને એવા પ્રશ્નો આપણને આ બે મૂર્તિઓ જોઇને થાય છે. અનેક હિંદી પ્રેક્ષકોએ આ સંબંધમાં શ્રીમતી વિજ્યાલક્ષ્મી પંડિત ઉપર પત્રો લખ્યા છે અને હવે જણાવતાં આનંદ થાય છે કે મેડમ ટુસોડના પ્રદર્શનના મેનેજરે આ મૂર્તિઓ ઉઠાવી લેવાનો ઓર્ડર પણ આપી દીધો છે. હજારો સુંદર મૂર્તિઓ બનાવી શકનારને આ બે મહાન વિભૂતિઓની પ્રતિમા ઘડતાં ન આવડે એ વાત કોઇના પણ માન્યામાં આવે તેમ નથી.

રાજપુરુષોના ખંડમાંથી બીજા ખંડમાં જઈએ છીએ તો ત્યાં જગતનાં પ્રખ્યાત નટ-નટીઓ અને ખેલાડીઓની મૂર્તિઓ જોવા મળે છે. ત્યાર બાદ ચેમ્બર ઓફ હોરરસમાં ઘણી જ બિહામણી મૂર્તિઓ જોવા મળી. અસલના વખતમાં કેદીઓ ઉપર કેવો જુલમ થતો હતો તે દેખાડતાં કેટલાંક 'ટેબ્લો'નાં દશ્યો આ ચેમ્બરમાં મૂર્તિમંત કરવામાં આવ્યાં છે. આગળ ચાલતાં એક ખૂબ જ સુંદર મૂર્તિ આવે છે તે 'સ્લીપીંગ બ્યુટી'ની છે. આ સુંદરીના શ્વાસોચ્છ્વાસ પણ આબેહૂબ જીવતી સુંદરીની જેમજ ચાલતા હોય છે તે જોઇને આપણે આશ્ચર્ય-મુગ્ધ બની જઇએ છીએ. ઊંઘતી રૂપવતીના પલંગ પાછળ મેડમ ટુસોડની પોતાની એક મૂર્તિ છે તે પણ ઘણી આકર્ષક છે. થિયેટરના દરવાજા ઉપરની મૂર્તિઓથી તો બધા જ છેતરાઇ જાય છે।

'ટિકિટ આપો,' 'આ પુસ્તકની કિંમત શું છે?' એવા પ્રશ્નો જેને આપણે પૂછવા જઈએ છીએ તે વ્યક્તિઓ જીવંત નથી પણ મૂર્તિઓ જ છે તેનું ભાન તો જવાબ મળતો નથી ત્યારે જ થાય છે। બીજી બાજુ ખરા દરવાનો, ટેલીફોન ગર્લ્સ વગેરે મૂર્તિની જેમ જડ થઈને બેસી રહે છે તેને આપણે મૂર્તિ માની બેસીએ છીએ પણ તેઓ જ્યારે એકા-એક બોલી ઊઠે છે ત્યારે જ ખબર પડે છે કે આ પૂતળાં તો સજીવ છે। અક્કલ કામ નથી કરતી કે ગુલાબી રંગના મીણમાંથી આટલી બધી આબેહૂબ પ્રતિમાઓ, સાચા વાળ, સાચી આંખો અને સાચાં કપડાં પહેરાવેલી બનાવતાં કેટલી ઊંચી કલા સિદ્ધ કરવી પડી હશે અને કેટલા કરોડો રૂપિયા ખર્ચવા પડ્યા હશે। અને આ બધું આપણને ત્રણ જ શિલિંગમાં જોવા મળે છે।


મીણમંદિરમાંથી નીકળીને મેં બેકર સ્ટ્રીટમાં આગળ ચાલવા માંડ્યું. નજીકમાં જ રોયલ એકેડેમી ઓફ મ્યુઝિક હતી. તેનાં પગથિયાં ઉપર ચઢ્યો ત્યારે અંદરના હોલમાંથી સુંદર ઓર્કેસ્ટ્રાના સૂરો બહાર આવતા સંભળાયા તેથી હું હોલના દરવાજા પાસે બે મિનિટ ઊભો રહ્યો. તેટલામાં તો એક યુવતી અંદરથી બહાર આવી અને "વોન્ચ્યુ કમ ઇન?" કહીને મને અંદર તેડી ગઈ. તેણે મને કહ્યું કે "બહારથી શું કામ સાંભળો છો? અંદર આવોને. આનો કંઈ ચાર્જ આપવાનો નથી આ તો અમારી રીહર્સલ ચાલે છે." અંદર મેં એક ખુરશી ઉપર બેઠક જમાવી અને એક અદ્‌ભુત સંગીતસંધ્યામાં હું ડૂબી ગયો. શું મનોહર આ ઓર્કેસ્ટ્રા હતીઃ તેમાં ૩૦ વાયોલીન, ૬ સેલો, ૧ પિયાનો, ૪ ડ્રમ, એમ બધાં મળીને પચાસેક વાજિંત્રો એકસૂર થઈને હોલમાં જે દિવ્ય સંગીત વહાવી રહ્યાં હતાં તે સાંભળીને ડફ્ફરમાં ડફ્ફર માનવી પણ સંગીતમય થઈ જાય. રેડિયો કે રેકર્ડ ઉપર આટલી મઝા કદાપિ મળતી નથી.

એક કલાકની આ મહેફીલ મફત માણીને હું રીજંટ પાર્ક તરફ આગળ વધ્યો. કુદરતના તેમજ માનવીના સર્જનના ઉત્તમોત્તમ નમૂનાઓ એક જ દિવસમાં જોવાના મળી ગયા તેથી આ દિવસ તો મારે માટે ઘણો જ યાદગાર બની ગયો. ખૂબ થાક્યો હતો તેથી સીધો ઘેર જઇને પત્ર લખીને ઊંઘી ગયો. અને આ પ્રમાણે બે દિવસની લંડનની પદયાત્રા પૂરી થઈ. ત્રીજા દિવસની પદયાત્રા વિશે આવતા પત્રમાં લખીશ.

ક્રમશઃ]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ.

★



આઝાદી-અંક

૧૫ મી ઑગસ્ટ : ૧૯૬૦



આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક
સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક : રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, શ્રી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.
તા. ૧૫-૮-૧૯૬૦

प्रस्थान

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૦ આઝાદી અંક : શ્રાવણ : ૨૦૧૬ અંક ૪

પડોશી સાથે વાતચીત – ચર્ચા

૧. ગુજરાત યુનિવર્સિટીની ગૂંચ

૨. સરકારી કર્મચારીઓની હડતાલ

૩. આસામની પરિસ્થિતિ

૪. નાગ રાજ્ય

પ્રશ્ન :—ગુજરાત યુનિવર્સિટીનું કેમ કાંઈ ઠેકાણે પડતું નથી?

ઉત્તર :—ગુજરાત યુનિવર્સિટીનો જન્મ થતાં જ તેના પર ક્રૂર ગ્રહોની દૃષ્ટિ પડી હોઇ એમ લાગે છે. જુઓ, વિચારો. સાધારણ રીતે એવો રિવાજ છે કે નવી યુનિવર્સિટીઓ માટે જે કમિશનો નીમાય છે તેમાં તેના પ્રમુખો પહેલા વાઇસ-ચાન્સેલર થાય છે. ગુજરાત યુનિવર્સિટી કમિશનના પ્રમુખ દાદાસાહેબ માવળંકર હતા. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના વિકાસ અને વિસ્તારમાં એમની પ્રેરણાએ અને એમના હાથે મોટો ભાગ ભજવ્યો છે. યુનિવર્સિટી-સ્થાપના પૂર્વે જે જે સંસ્થાઓ વગેરે જોઇએ તે સ્થાપવામાં અને ચલાવવામાં પણ એમનો હિસ્સો મોટો હતો. ગુજરાત યુનિવર્સિટી માટે લાખોનું ફંડ એકઠું કરવામાં પણ એ સુકાની હતા. એ પોતે ગાંધીજીના ચુસ્ત ભક્ત હતા, સરદાર વલ્લભભાઈના લાડીલા મિત્ર હતા, અને કેટલાક કોંગ્રેસીઓની કેટલીક રીતરસમોના તીવ્ર ટીકાકાર હોવા છતાં તેઓ ચુસ્ત કોંગ્રેસી હતા; આ બધું છતાં દાદાસાહેબ માવળંકર ગુજરાત યુનિવર્સિટીના પહેલા વાઇસ-ચાન્સેલર તરીકે કેમ ન આવ્યા? એમાં કયા ગ્રહની કુદૃષ્ટિ પડી? આનો ખુલાસો જ્યોતિષીઓ કરે ત્યારે મળે!

બીજી વાત. ન્યાયમૂર્તિ શ્રી હરસિદ્ધભાઈ દીવેટિયા જેવા વાઈસ-ચાન્સેલરે ગુજરાત યુનિવર્સિટીનું સુકાન અનેક જાતના પક્ષાપક્ષીના વાવાઝોડામાંથી કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. તેઓની ઉમ્મર હોવા છતાં તેઓ વાઇસ-ચાન્સેલરનું કાર્ય કરવા અશક્તિમાન હતા એવું જાણવામાં નથી. છતાં ૧૯૫૬ના બનાવો પછી, વિદ્યાર્થીઓ ઉપર ગમે તે રીતે નિયંત્રણ રાખી શકે એવા બળવાન માણસ તેઓ ન લાગ્યા. અને દૃઢ સંકલ્પબળવાળા કશાથી પણ ન ડગે એવા વાઇસ-ચાન્સેલર નીમાયા, એ વાઇસ-ચાન્સેલરની વરણી થઈ ત્યારે કહેવાય છે કે ઘણા બધા એવા માણસો મત આપવા આવ્યા હતા કે જેઓ સેનેટના સભ્ય હોવા છતાં, જવલ્લે જ સેનેટમાં દેખાતા હોય છે. ગમે તેમ હોય, છતાં શ્રી મગનભાઈ

દેસાઈ જેવા ગુજરાતીના સુસ્ત હિમાયતી આ સ્થાને નીમાયા એ મારે માટે તો ખુશી થવાને વિષય હતા, એ આશાએ કે એમની કારકિર્દીમાં ગુજરાતીને બોધભાષા તરીકે કાર્યક્ષમ બનાવવા એટલી પ્રગતિ થશે કે યુનિવર્સિટીના બંધારણ પ્રમાણે '૬૦ ના નવેમ્બર સુધીમાં તે બધી ફેકલ્ટીઓમાં બોધભાષા થશે. પણ તે બન્યું નહિ અને હાલની અનિષ્ટ સ્થિતિ આવી પડી।

જ્યાં જે લોકો અંગ્રેજીને પાંચ વર્ષ કે દશ વર્ષ 'માધ્યમ' તરીકે ચાલુ રાખવા માગે છે તેમની વાત પણ મને સમજાઈ નથી. આ લોકોએ આ દશ વર્ષના ગાળામાં ગુજરાતીને બોધભાષા બનાવવા પ્રયત્નો કર્યા હોત અને વધારાનાં પાંચ વર્ષમાં એ પ્રયત્નો સારી કક્ષાએ પહોંચવાના હોત તો તો તેમના મતને આપણે આવકારત. પણ એવું કાંઈ એમણે કર્યું હોય એ જાણવામાં નથી. જે લોકો પાંચ કે દશ વર્ષની મુદત માગે છે એ લોકો શું એમ માને છે કે પાંચ-દશ વર્ષમાં બધી ફેકલ્ટીઓમાં ગુજરાતીમાં પાઠ્યપુસ્તકો તૈયાર થઈ જશે ?

એટલે, સાર એ કે ગુજરાતીના દૃઢ આગ્રહી એવા વાઈસ-ચાન્સેલર હોવા છતાં, અને ગુજરાતી માટે હવે ફક્ત દશથી પાંચ વર્ષ માગનારા ગુજરાતી 'માધ્યમ'ને સ્વીકારનાર સેનેટરોની ઘણી મોટી સંખ્યા હોવા છતાં, એમાં કશું થશે એવી આશા બંધાતી નથી. પાંચ વર્ષે પણ આ પ્રશ્ન થાળે પડે તો સારું. પણ ગુજરાતી બોધભાષાનો પ્રશ્ન જે ગુજરાત યુનિવર્સિટી કમિશન વખતે જુબાનીમાં સારી પેઠે ચર્ચાયો હતો અને જેને પરિણામે ૧૯૬૦ સુધીની મુદત મુકવામાં આવી હતી એ પ્રશ્ન હજી ચર્ચાના ક્ષેત્રમાં જ છે। ત્યાંથી આગળ વધ્યો નથી। આ બીજા અરિષ્ટ ગ્રહની અનિષ્ટ દૃષ્ટિ.

વચમાં, ત્રીજા એક ઉપગ્રહની અનિષ્ટ દૃષ્ટિ આવી. બોધભાષા ગુજરાતી નહિ પણ હિંદી જોઈએ। અને સાંભળવા પ્રમાણે એ વખતના સરકારના પ્રતિનિધિઓએ અને તેમના પક્ષકારોએ હિંદીને ગુજરાત યુનિવર્સિટીમાં બોધભાષા તરીકે દાખલ કરાવવાનો મોટો ખટાટોપ ઊભો કર્યો હતો. પણ એ પ્રયત્નને સફળ ન થવા દેવામાં, જાણવા પ્રમાણે, શ્રી મગનભાઈ દેસાઈનું બળવાન સમર્થન એક મુખ્ય કારણ હતું અને તેઓશ્રી માતૃભાષા એ બોધભાષા હોવી જોઈએ એ સિદ્ધાન્તમાં માનનારાઓનો ધન્યવાદ પણ પામ્યા હતા. આમ, એક પછી એક અરિષ્ટ ગ્રહોની અસર નીચે આ ગુજરાત યુનિવર્સિટીનું નાવ અથડાય છે. એની મુસાફરી ક્યારે સુતર થશે એ તો જોઈએ જ કહી શકે।

મને પોતાને તો એમ લાગે છે કે બોધભાષાના આ પ્રશ્નને પાઠ્યપુસ્તકોની હયાતી સાથે જે રીતે સંકલિત કરી દેવામાં આવ્યો છે એ રીત જ ખોટી છે. આપણી વાતચીતમાં હું અનેક વાર કહી ગયો છું કે અંગ્રેજીના જ્ઞાનને મજબૂત રાખ્યા વિના, ગુજરાતી કે બીજી કોઈ ભારતીય ભાષા બોધભાષા તરીકે કાર્યકર નહિ નીવડે. હું પોતે એમ કહું છું કે ગુજરાતીને પાંચ વર્ષ પછી કે દશ વર્ષ પછી કે આજે, ગમે ત્યારે પણ બોધભાષા કરીશું ત્યારે પણ તે તે વિષયનાં પાઠ્યપુસ્તકો ઘણી મોટી સંખ્યામાં અંગ્રેજીમાં રાખવાં પડશે. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીને જો તે તે વિષયનાં પુસ્તકો અંગ્રેજીમાં સમજવા જેટલું અંગ્રેજીનું જ્ઞાન નહિ હોય તો તેને માટે ઉચ્ચ શિક્ષણ એ માત્ર નામનું જ રહેશે.

મને યાદ છે તે પ્રમાણે ગુજરાત વિદ્યાપીઠમાં જ્યાં ગુજરાતી ભાષા દ્વારા શિક્ષણ અપાતું,

કોઈ અધ્યાપક હિંદી દ્વારા પણ શીખવતો, કોઈ અંગ્રેજી દ્વારા પણ શીખવતો—છતાં પાઠ્યપુસ્તકોનો સારો એવો ભાગ અંગ્રેજીમાં જ રહેતો. એટલું જ નહીં પણ, એ સમયે ગૂજરાત વિદ્યાપીઠમાં આવતો વિદ્યાર્થીવર્ગ અંગ્રેજી પુસ્તકોનો સારો એવો ઉપયોગ કરતો. મને ખ્યાલ છે કે ૧૯૨૧થી તે મા. જે. પુસ્તકાલય થયું ત્યાં સુધી, અંગ્રેજી પુસ્તકોની અમદાવાદની સારામાં સારી લાયબ્રેરી ગૂજરાત વિદ્યાપીઠમાં જ હતી.

એટલે હું તો એક શિક્ષક તરીકે એમ માનનારો છું કે જે ઐતિહાસિક પરિસ્થિતિ આપણા દેશમાં ઊભી થઈ ગઈ છે તેને લઈને અંગ્રેજીના સારા એવા જ્ઞાન સાથે, ગુજરાતીમાં શિક્ષણ અપાય તો જ શિક્ષણમાં કાર્યક્ષમતા આવે અને વિવિધ વિદ્યાક્ષેત્રોનાં સારાં ખેડાણ થાય.

પણ આ વિવાદમાં જ ગુજરાત યુનિવર્સિટી પોતાનો સમય વ્યતીત કરવાની હોય તો, ભગવાન એનું ભલું કરે! પેલી એક બાળકની બે માતાઓના ઝગડાની વાત પ્રમાણે, વિદ્યાની ખરી માતા તો કહેશે કે તમારે ગુજરાતી ન જોઈતું હોય તો અંગ્રેજી માધ્યમ ચાલુ રાખો; પણ આમ વિદ્યાર્થીઓનું જીવન બરબાદ ન કરો—જેમાં નથી વિદ્યાર્થી અંગ્રેજી શીખતો, નથી ગુજરાતી શીખતો, અને તે દ્વારા શીખવાના વિષયમાં તો એ મૂઢ જ રહે છે!

પણ આવા મતવાળાને ન અંગ્રેજીવાળા સ્વીકારે, કે ન ગુજરાતીવાળા સ્વીકારે!

પ્રશ્ન:—સરકારી કર્મચારીઓની હડતાલ આવી અને ગઈ. એમાં શું લાગ્યું?

ઉત્તર :—આ હડતાલ પાડવાનો હક્ક કેટલો નૈતિક છે એ વિશે મને વારંવાર વિચાર આવે છે. કોઈ માણસને કામ ન કરવું હોય તો તે ન કરે. એ તો સીધીસાદી વાત છે. પણ પોતાને કામ કરવું હોય છતાં કામ ન કરવું અને એ રીતે જેને માટે કામ કરતા હોઈએ તેને દબાવી પોતાનું ધાર્યું કામ કરાવનાર પાસે કરાવવું એ એક બીજી બાબત છે. પોતે કામ ન કરી અને આવક જતી કરી કષ્ટ વેઠી માલિક પાસે ન્યાયી પગલું ભરાવવું એમાં અમુક પ્રકારની નૈતિકતા છે એમ કહી શકાય. પોતે કામ ન કરી અનેક કષ્ટ વેઠી માલિકને ભારે કષ્ટમાં મૂકી પોતાનું ધાર્યું કરાવવું એમાં પણ દુન્યવી વ્યવહારની નીતિ છે. કારણ કે સમાજમાં બળજોરી કરી પોતાનું ધાર્યું કરાવવું એ વ્યવહાર હજી સર્વત્ર ચાલે છે.

વ્યક્તિઓ સંગઠન કરી સામુદાયિક રીતે કામ કરવાનું અટકાવી દઈને ભલભલા ચમરબંદીઓના ચમ્મર પણ ઢીલા કરાવી શકે અને એ રીતે ઘણાના ચમ્મર ઢીલા થતા જોઈએ છીએ. આમાં નીતિ ક્યાં? અને અનીતિ ક્યાં? માલિકો પોતાના લાભ માટે ધંધા કરતા હોય છે, અને કર્મચારીઓને રોકતા હોય છે અને પોતાની મૂડીની બળજબરીથી અન્યાયી રીતે કામ કરાવતા હોય છે. માલિકોના આ લાભમાં ભાગ પડાવવાની નીતિ તરીકે કર્મચારીઓ સામુદાયિક હડતાલ પાડી, માલિકને એના લાભમાંથી હિસ્સો આપવાની ફરજ પાડે એ સમાજમાં ચાલતી રીત પ્રમાણે બરાબર ન્યાય છે.

પણ જ્યાં કામ કરાવનારાનો વ્યક્તિગત કે વર્ગીય લાભ ન હોય અને એ કામ સમગ્ર દેશને લક્ષીને થતું હોય એવાં કામોમાં હડતાલ પડાય? એવી હડતાલનો અર્થ તો

એ જ થાય કે સમાજનો અમુક વર્ગ આખા સમાજને ગમે તેટલી હાનિ પહોંચે એની દરકાર કર્યા વિના પોતાનો લાભ સાધવા હડતાલ પાડે, તો તેમાં પોતાના સ્વાર્થ માટે દેશનો દ્રોહ કરે છે એમ કહેવાય. કોમ્યુનિસ્ટિક શાસનોમાં હડતાલ પાડવાનો હક્ક છે? મારા જાણવા પ્રમાણે નથી. કારણ, આખું તંત્ર સમસ્તના હિતને માટે ચાલે છે, એટલે કોઈ એક વર્ગને એમાં અંતરાય નાખવાનો હક્ક નથી. એવી માન્યતા છે.

આ વ્યાખ્યાથી દરેક શાસનતંત્ર સમગ્ર લોકના હિત માટે છે. એ શાસનતંત્ર પસંદ ન હોય તો એને અહિંસક કે હિંસક પદ્ધતિથી ક્રાન્તિ કરી બદલી શકાય છે. પણ જ્યાંસુધી એ શાસનતંત્રને સ્વીકારી તેના લાભ લેતા હોઈએ અને તેમાં રહેતા હોઈએ ત્યાંસુધી, એ શાસનતંત્ર સાર્વજનિક હિતને માટે પ્રવર્તમાન છે એ સિદ્ધાંત સ્વીકારી કોઈપણ કર્મચારીઓનો વર્ગ કામ અટકાવી એ શાસનતંત્રને મુશ્કેલીમાં મૂકે એ આખા રાષ્ટ્રને મુશ્કેલીમાં મૂકવા બરાબર છે. સારાંશ કે બહારવટું ખેડી અને એનાં જોખમો માથે લઈ શાસનતંત્રોને ઉથલાવવાનો રિવાજ તો ઇતિહાસસિદ્ધ છે; છતાં એ શાસનમાં રહી, તેને મુશ્કેલીમાં મૂકવાનું કાર્ય કોઈ વર્ગથી થઈ શકે નહીં અને કોઈ પણ શાસનતંત્ર એ સહી શકે પણ નહીં. કાં તો એ શાસનતંત્રે આવા વર્ગને નિષ્ફળ બનાવવો જોઈએ, અને કાં તો શાસકોએ બદલાઈ વધારે બળવાન વ્યક્તિઓને એ તંત્ર સોંપવું જોઈએ. સામ્યસિદ્ધાંતીઓની આ જ નીતિ હોય છે. ચાલુ સરકારોને હેરાન કરી એમને નાકામયાબ બનાવી પોતે ગોઠવાઈ જવું. અને પોતે આવ્યા પછી સૌથી પહેલો કાયદો એ કરવો કે હવે પછી કોઈથી હડતાલ પડાશે નહિ। આથી જો સામ્યસિદ્ધાંતીઓને ફાવવા દેવા ન હોય તો ચાલુ સરકારે જ એટલો કાયદો તો કરવો જોઈએ કે સરકારનાં કાર્યોમાં અને આવશ્યક કાર્યોમાં કોઈથી હડતાલ પાડી શકાય નહીં. જો કે સામ્યસિદ્ધાંતી સરકાર તો બધાં જ કાર્યોને માટે આ કાયદો કરે.

આ કામ કરાવનારાઓની બાજુ થઈ. પણ કામ કરનારાઓની દૃષ્ટિથી શું? પોતાના જીવનધોરણ માટે જો ખાનગી કાર્યતંત્રોમાં હડતાલ પાડી ન્યાય લઈ શકાય તો એવા જ ઉદ્દેશથી એવી જ રીતે સરકાર પાસેથી ન્યાય કેમ ન લઈ શકાય? આનો ઉત્તર આપવો મુશ્કેલ છે. 'Ethics of Strike'ની જોઈએ તેવી ચર્ચા કરી કયાં હડતાલ ધર્મ્ય છે અને કયાં અધર્મ્ય છે એનો કાંઈક તોડ લાવવો જોઈએ. આ યંત્રયુગનો મોટામાં મોટો કોયડો છે અને યંત્રયુગના નવા ધર્મોમાં સૌપ્રથમ વિચાર કરાવે એવો પ્રશ્ન છે.

પ્રશ્ન:—આસામમાં ગરબડ થઈ એ વિશે કાંઇ વિચાર કર્યો છે?

ઉત્તર:—શો વિચાર કરીએ? કારણ કે આવી ગરબડનાં જે કારણો જાહેર થાય છે તેના કરતાં ખરાં કારણો પાછળથી કાંઈ જુદાં જ નીકળે છે! છાપાંઓમાં જે આવે છે તેનાથી ઊલટી સ્થિતિ જ પાછળથી દેખાય છે. ગમે તે હોય પણ જે કાંઈ થયું એ તો શરમભરેલું જ હતું. પણ આ બધાંમાં મૂળ ઉશ્કેરાટનું કારણ શું એ આપણા શાસકો તપાસતા નથી. આપણે ગુજરાતમાં જ જોયું કે ૧૯૫૬ના ઓગસ્ટ પછી ગુજરાતને અને એના વિદ્યાર્થીઓને વગોવવામાં, હલકા પાડવામાં સરકારપક્ષીઓએ કાંઇ બાકી રાખ્યું ન

હતું. મૂળ કારણોમાં કોઈ ઊતર્યું જ નહીં. અને છેવટે જે અટકાવવા ગુજરાત ઉપર આ દુઃખ નાખવામાં આવ્યાં તે જ પાછું પોતે કર્યું!

ભારતના સામાજિક વારસાના જે અનેક તાણાવાણા છે તેનો ધીરજથી અભ્યાસ અને વિચાર કરી તોડ કાઢવાની કોઈને ફુરસદ જ નથી. બધું જ ઝડપથી અને ઉતાવળથી કરી નાખવું છે. મને તો આ બધાં અનિષ્ટ પરિણામો દોડાદોડીના અને મરાઠીમાં જેને 'ઘાઈ' કહે છે એનાં ફળ દેખાય છે. લોકોમાં સમજાવટથી કામ લેનારા વિચારશીલ પુરુષોની જ ખોટ પડી ગઈ લાગે છે. આપણા ગુજરાતમાં તો આ જ કારણથી સારી વસ્તુઓ પણ નિષ્ફળ થાય છે. જેમકે ગુજરાતી બોધભાષાનો મુદ્દો. સારી વાત હોવા છતાં ખોટી રીતે મુકાય છે! પણ આ તો બીજી વાત થઈ.

ખરું કારણ તો સત્તાધારી પક્ષ વિશે લોકોને શ્રદ્ધા કે વિશ્વાસ રહ્યાં નથી અને છતાં સત્તાના બળે ટકી રહેતા એ પક્ષને ઉથલાવવાનો કોઈ માર્ગ લોકોને જડતો નથી એટલે આસામની ગરબડ જેવા અણછાજતા બનાવો બને છે. કોંગ્રેસમાં ૧૯૨૦–૨૧ની મનોભાવના જાગ્રત થાય, તો જ કોંગ્રેસ પાર્ટી લોકહૃદયમાં સ્થાન પામી લોકોપકારક બને. પણ સત્તાસ્થાને રહી એ બનવું દુર્ઘટ લાગે છે. સંભવ છે કે વિરોધ પક્ષમાં રહી કોંગ્રેસ દેશની કદાચ વધારે સેવા કરી શકે. પણ આ તો બધી અટકળો છે. આસામમાં જે બન્યું તે બનવું જોઈતું નહતું એ તો નિર્વિવાદ છે.

પ્રશ્ન:—આ નાગા રાજ્યનું શું થાય છે?

ઉત્તર:—નાગા નહીં પણ નાગ. આ નાગજાતિ ભારતની કદાચ આર્યોપૂર્વેની એક જાતિ છે. એક વખત એવો હતો કે સમગ્ર ભારતમાં નાગલોકોનાં રાજ્ય હતાં. એ લોકો પ્રાચીન કાળમાં શિલ્પાદિક કલાઓમાં ઘણા પ્રવીણ ગણાતા હતા. આબુની આસપાસના પ્રદેશમાં આ જાતિ પ્રાચીન કાળમાં રહેતી હતી એમ માનવાને પણ કારણ છે. પણ એ ગમે તેમ હોય છતાં એ જાતિની પોતાની સંસ્કૃતિ સચવાય એ રીતે એમને ભારતના મહારાજ્યમાં એક ઘટક રાજ્યનું સ્થાન મળે તે સર્વથા યોગ્ય છે. અને પં. જવાહરલાલજીએ એ બાબતમાં વધારે ચિકાશ કર્યા વિના એમને રાજ્યશાસન આપવાનો જે નિર્ણય કર્યો તે એમના જેવા સાચા ડેમોક્રેટને છાજે એવો જ છે.

તા. ૨–૮–૬૦

卐

જય ગુજરાત !

શાન્તિલાલ ઠાકર એમ.એ.,બી.ટી.

ભારતવર્ષ ભલે આઝાદીના ચૌદમા વર્ષમાં પ્રવેશ કરતું હોય, પણ ગુજરાત માટે સ્વતંત્ર એકમ રૂપે આઝાદીનું આ પ્રથમ વર્ષ છે.

વીર નર્મદનું સ્વપ્ન ફળ્યું:

જય જય ગરવી ગુજરાત !

રાત વીતી ને પૂર્વ દિશામાં ઊગ્યું અરુણું પરભાત !

ધ્વજ ફરકતો ઝળળ કસુંબી પ્રેમશૌર્ય-અંકિત !

હા, વીર નર્મદ ! તેં ગાયું અને ગુજરાતના બીજા મહાન તપસ્વીએ—પૂજ્ય બાપુજીએ તે સિદ્ધ કર્યું. ગુજરાતનો ધ્વજ આઝાદીના પવનમાં ફરકે છે.' ગાંધીજીની અહિંસા અને બાપુજીની વીરતાથી તે અંકિત છે. પણ તેના તેજને ચમકતું રાખવાની જવાબદારી ગુજરાતના અત્યારના આગેવાનો પર છે, તેની જનતા પર છે. તે તેજ ચમકતું રહે તે જોવાની અને તેને માટે અત્યારથી તૈયારી કરવાની જવાબદારી ગુજરાતના વિદ્યાર્થીવર્ગની અને તરુણ પેઢીની છે.

આ મહાન કાર્ય માટે ગુજરાતણો પણ જાગી છે. તેમની આગેકૂચ, પ્રગતિશીલ વણઝાર આપણી આંખ સમક્ષ ખડી છે, પસાર થાય છે. તેમનું સ્ત્રીત્વ જાહેર ક્ષેત્રમાં વિવિધ પ્રકારની સેવાઓ બજાવવા થનગન થનગન કરી રહ્યું છે. કેળવણીમાં અત્યારે વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓની સિદ્ધિ વધારે જ્વલંત અને નોંધપાત્ર છે. સામાજિક ક્ષેત્રમાં તેમનું સાહસ અને બંડખોરવૃત્તિ આવકારદાયક પગલાં માંડી બહાર ધસમસે છે. તેણે ચૂલો, નવેણ અને પાણિયારામાં જ પૂરાઈ રહેવાની ચોખ્ખી ના પાડી છે. તેને અનેક ક્ષેત્રોમાં પુરુષની સહીવડી બની, તેની સાથે ખભેખભા મિલાવી કામ કરવાની તમન્ના જાગી છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ચિત્રાંગદા પેઠે તેને પોતાના અર્જુનના ભાથાના ભાથામાંથી બાણ કાઢી સમરાંગણમાં ઝઝૂમતાં પોતાના પતિને તેનું ધનુષ પર સંધાન કરવા માટે તેના હાથમાં શરાવલિ આપવાના કોડ જાગ્યા છે. અત્યારની ઉત્તરા ગાય છેઃ 'મને લુંધે જવાના કોડ, હઠીલા રાણા રે !' તેને દેશસેવિકા બનવું છે, સ્વયંસેવિકા બનવું છે, વાઘણ-સિંહણ બનવું છે. વ્યાયામના ક્ષેત્રમાં પણ તે છોકરાઓ કરતાં જરાય ઊતરતી નથી. નોકરીઓ પર કામ કરી, ફરજ બજાવવામાં પણ તે પછાત રહી નથી. જે દેશની સ્ત્રીશક્તિ જાગે છે તેની પ્રગતિ બહુ ઝડપી અને વિશાળ પાયા પર થાય છે. તેને કોઈ રોકી શકતું નથી. તેની તાકાત અનેકગણી વધી જાય છે. તેના શત્રુઓના હાજા ગગડી જાય છે, અને તેના સૈનિકોમાં નવીન જોમ પૂરાય છે, તેમને પ્રેરણા પ્રોત્સાહન મળે છે.

આપણે ગુજરાતનું નવસર્જન કેવી રીતે કરીશું ?

ગીતા પ્રબોધનાર શ્રીકૃષ્ણચન્દ્રનું ગુજરાત, વેદધર્મનો વીર ટંકાર પંજાબમાં જઈ બજાવનાર સ્વામી દયાનંદ સરસ્વતીનું ગુજરાત, ભારતના આઝાદી-યજ્ઞના પુરોહિત સમા પૂજ્ય બાપુજીનું ગુજરાત ધર્મના સંસ્કારોમાં શિથિલ બને, ચારિત્ર્ય સંરક્ષણમાં નબળું પડે, કેવી

સંપત્તિના ગુણોમાં પછાત રહે, તે કેમ પાલવે? સાચી ધાર્મિકતા તો જીવનની મહોલાતનો પાયો છે. તેના વિના જીવનમાં સડો પેસી જાય, લાંચરુશ્વતની બદી ફૂલેફાલે, સ્વાર્થીપણું આવી જાય, પરાક્રમ અસ્ત પામે, જીવનને નિસ્તેજતા ઘેરી લે, માનવતા પરવારી જાય, જનતા માંયકાંગલી, દીન, હીન, નિર્વીર્ય બની જાય. અત્યારે વધારેમાં વધારે જરૂર છે માનવતાની, બંધુતાની, આત્મભાવનાની, પ્રેમની, સહકારની, શૌર્યની, નીતિમત્તાની, જીવનશુદ્ધિની.

વેપારી સાહસોમાં તો ગુજરાત કદી પાછું પડવાનું નથી. તેનામાં પચીસ મુંબઈ ઊભાં કરવાની તાકાત છે. એક દિવસ એવો હતો કે ગુજરાતી શાહસોદાગરોનાં વહાણ સાતેય સમુંદર ખેડતાં, અઢળક માલ પરદેશમાં વેચી, અનર્ગળ સંપત્તિ ભરી અહીંનાં બંદરોમાં પાછાં આવતાં. સ્તંભતીર્થ (ખંભાત), ભૃગુકચ્છ (ભરૂચ), કાવી, ઘોઘા, દ્વારકા, દમણ, જામનગરનું બેડી બંદર—આ બધાં ગુજરાતનાં ઇતિહાસપ્રસિદ્ધ બંદરો છે. આમ અનર્ગળ દ્રવ્ય ઘસડી લાવવા માટે તો દ્વારકા-કાઠિયાવાડનું બંદરી દ્વાર 'સોનાની દ્વારકા' કહેવાતું હતું. કચ્છના ભુજ અંજારના વેપારીઓ ભલે ઝાઝું ભણેલા નહિ હોય, પણ તેમનું સાહસ અને તેમની સમજશક્તિ તેમને વેપારી ક્ષેત્રમાં અદ્વિતીય સ્થાન અપાવે છે. આફ્રિકામાં વસી, અઢળક ધનસંપત્તિ કમાયેલા ગુજરાતી વેપારીઓ જો નવીન ગુજરાતી રાજ્યને વેપારમાં મૂડી રોકી મદદ આપવા તૈયાર હોય, તો જરૂર આપણી સરકારે તેનો પૂરો લાભ લેવો જોઇએ. અલબત્ત, તેની શરતો ઉભય પક્ષને લાભદાયી હોવી જોઈએ.

પણ ગુજરાતને મોટામાં મોટી જરૂર છે લશ્કરી માનસ કેળવવાની. આપણે ત્યાં પુરાણીભાઈઓએ વ્યાયામની પ્રીતિ પેદા કરી છે, શાસ્ત્રીય વ્યાયામની સંસ્થાઓ મોટી સંખ્યામાં સ્થાપી છે, રાજપીપળામાં 'શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય' ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ ચલાવે છે. ત્યાં વિશાળ ક્રીડાંગણ છે. ત્યાં શિવાજી મિલિટરી સ્કૂલ જેવી 'વનરાજ મિલિટરી સ્કૂલ' આપણા નેતાઓ—આપણી સરકાર સ્થાપે, તો તે ઘણું જ જરૂરી કામ કર્યું ગણાય, ગુજરાતી કાયર છે, નબળા બાંધાનો છે, ડરપોક છે, લશ્કરમાં જોડાવા તૈયાર નથી—આ કલંક આપણે હરકોઈ ભોગે ભૂસવું જ પડશે. તે સિવાય આપણો જેવારો નથી. શીખ, ગુરખા, મરાઠા, રજપૂત—આ કોમોમાંથી જેમ લશ્કરમાં સારામાં સારી ટુકડીઓ મળી રહે છે, તેમ ગુજરાતમાંથી પણ લશ્કરમાં ભરતી થઈ સારામાં સારી ટુકડીઓ ઊભી થવી જ જોઈએ. આમાં કાઠિયાવાડના લોકોને સારો ગણાય તેવો અનુભવ છે. ગુજરાતની રજપૂત કોમ, ભીલ કોમ, કાઠી લોકો, પાટણવાડિયા—આ બધા ધારે તો લશ્કરમાં જેમ અપાવે તેવો સંગીન ફાળો ગુજરાત નોંધાવી શકે.

કેળવણીમાં આપણે આટલા બધા કેમ ગૂંચાઈએ છીએ, તે સમજાતું નથી. જેમ બને તેમ જલદી, કેળવણીનું માધ્યમ સાર્વત્રિક રીતે ગુજરાતમાં ગુજરાતી જ થવું ઘટે—તેમાં બેમત કેવી રીતે હોઈ શકે? પણ તેને માટે જોઈતી તૈયારી આપણે જલદી કરી લેવી જોઈએ. કાયદાના ભણતરમાં, પદાર્થવિજ્ઞાનમાં, રસાયનશાસ્ત્રમાં, દાક્તરી ભણતરમાં, અર્થશાસ્ત્રમાં, ઉચ્ચ ગણિતશાસ્ત્રમાં, ઇજનેરીમાં સારાંમાં સારાં પાઠ્યપુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરે તેવા વિદ્વાનોને સરકારે તથા વિદ્યાપીઠોએ શોધી કાઢી, તેમને સારો પુરસ્કાર આપી, તેમને આગ્રહભરી વિનંતિ કરી, તેવાં પુસ્તકોનું નિર્માણ જલદી કરાવી લેવું ઘટે. કેળવણીના ક્ષેત્રમાં કોઈ સીમાડા ન હોય, તેને સરહદો ન હોય, કોઈ ભાષા પ્રત્યે પૂર્વગ્રહ કે સંગ

ન હોય. જ્ઞાન જ્યાંથી મળે ત્યાંથી લેવું જોઈએ—પછી તે ગમે તે દેશમાં બોલાતી ગમે તે ભાષા હોય. પણ જો આપણો પ્રજાકીય માનસ-દેહ તંદુરસ્ત હશે, બળવાન હશે, જીવંત હશે, તો તે સઘળાનું આત્મસાતકરણ કરી, તેને પચાવી, પોતાના લોહીમાં તેનું લોહી બનાવી, તેને પોતાને અનુકૂળ, પોષક, સંવર્ધક સ્વરૂપ આપશે. એમાં ગભરાવાની કોઈ જરૂર નથી. જરૂર છે માત્ર પોતાપણું જાળવી રાખવાની. બીજી એક વાત. ગુજરાતમાં મહારાષ્ટ્ર જેટલો કે બંગાળ જેટલો વિદ્યાપ્રેમ નથી, સરસ્વતીની અડંગ ઉપાસના નથી, જ્ઞાનનિષ્ઠા નથી, વિદ્વાનોની કદર નથી, તેમને પ્રોત્સાહન નથી, તેમના જેટલું ઊંડું સંશોધનકાર્ય નથી. આપણે આ બધું અપનાવવું જ પડશે, કેળવવું જ પડશે. એકલી લક્ષ્મીપૂજા કોઈ પણ દેશને કે રાજ્યને કીર્તિકળશ નથી અપાવતી. તે દાન કરી શકે છે પણ વિદ્યાના તેજથી પોતાનું મુખ ઉજ્જ્વલ કરી શકતો નથી. આપણે નવીન મહાકાવ્યો રચવાં પડશે, જીવન વિષેનું સ્વતંત્ર ચિંતન કરવું પડશે, નવીન કેડીઓ પાડી કાદંબરીઓ અને સરસ્વતીચન્દ્રો લખવાં પડશે, ઈતિહાસની ગવેષણા કરી, સંસ્કૃતિનાં બળાબળો પરખી, નવીન મૂલ્યાંકનો સરજાવવાં પડશે, નવીન વૈજ્ઞાનિકો, ઋષિઓ, દ્રષ્ટાઓ, નિબંધકારો, સંસ્કૃતિના જ્યોતિર્ધરો મોટી સંખ્યામાં ઊભા કરવા પડશે. આને માટે કૂપમંડૂક બન્યે નહિ ચાલે, એકલી ગુજરાતી-પૂજા કર્યે જ નહિ ચાલે. અફસોસની વાત છે કે—જેમાં આપણી ભારતીય સંસ્કૃતિ અમર બની જીવી રહી છે તે સંસ્કૃત ભાષાના પડ્દર્શન પ્રત્યે, સૂત્ર સાહિત્ય પ્રત્યે, વેદ પ્રત્યે, પુરાણો પ્રત્યે, મહાભારત અને રામાયણ પ્રત્યે આપણે ઉપેક્ષા કરી રહ્યા છીએ. થોડાં જ વર્ષોમાં આપણા ગુજરાતમાં કોઈ સમર્થ વેદાંતી નહિ મળે, મીમાંસક નહિ મળે; યજ્ઞ સાંગોપાંગ કરાવનાર કર્મકાંડી બ્રાહ્મણ નહિ મળે. ન્યાયશાસ્ત્રનો જાણકાર નહિ મળે. તેટલા પ્રમાણમાં આપણી વિદ્યોપાસના પાંગળી અને અધૂરી જ રહેવાની. આપણા અત્યારના કૉલેજના અધ્યાપકોમાં જ પ્રચંડ જ્ઞાનસુધા નથી, સંસ્કૃતિપ્રેમ નથી, તલાવગાહી પાંડિત્ય નથી, તો તે તરુણ પેઢીમાં ક્યાંથી આવવાનું છે! આપણા સાહિત્યક્ષેત્રમાં મણિલાલ, ગોવર્ધનરામ, આનંદશંકર, બ. ક. ઠાકોર, કેશવલાલ ધ્રુવ શોધ્યા પણ અત્યારે જડે તેમ છે! આ બહુ વિચારણીય મુદ્દો છે. વિચારદારિદ્ર્ય, ચિંતનદારિદ્ર્ય, સર્જનદારિદ્ર્ય, કલ્પનાદારિદ્ર્ય, મેધાદારિદ્ર્ય આપણા રાજ્યને નિસ્તેજ બનાવશે, નિર્બળ બનાવશે.

આપણી નવીન પેઢીનું શરીરબળ પણ દિવસે દિવસે એટલું ક્ષીણ થતું જાય છે કે તે પણ ચિંતા કરાવે તેવી ઘટના છે. આપણા દાદાઓ કરતાં આપણા પિતાઓનો શરીરનો બાંધો નબળો હતો, અને તેમના કરતાં આપણાં શરીરનો બાંધો વધારે નબળો બનતો આવ્યો છે. અને આપણાં છોકરાંનાં શરીરનો બાંધો તો તેથી પણ વધારે નબળો બનવાનો છે, તેમાં શંકા નથી. સ્ત્રીઓમાં પણ પ્રદર, ક્ષય, લોહીનો અભાવ, નબળાઈ વધતી જાય છે. એક બે પ્રસુતિઓ પછી તેમનાં શરીર સદાનાં રોગી બની જાય છે. તેવી સ્ત્રીઓએ જેમને જન્મ આપ્યો છે તેવાં બાળકો આ રાજ્યનું શું ઉજાળ દેવાનાં હતાં? આનાં અનેક કારણો છે. આ બીડીનું વ્યસન સર્વવ્યાપક બની ગયું છે. ચોખ્ખું દૂધ, ઘી, માખણ, છાશ, દહીં ગામડાંમાં પણ મળતું બંધ થઈ ગયું છે. ડેરીઓએ આમાં અનિષ્ટ ભાગ ભજવ્યો છે. મોંઘવારીએ દાટ વાળ્યો છે. પોણોસો ટકા લોકોને પેટપૂરતું પૌષ્ટિક ખાવાનું મળતું નથી. બેકારી અને મોંઘવારીને લીધે જ્ઞાનતંતુઓ તંગ રહે છે, માનસ ચિંતાગ્રસ્ત રહે છે. આ

પરિસ્થિતિમાં આપણી પ્રજા હૃષ્ટપુષ્ટ કેવી રીતે બની શકે ? ગુજરાત રાજ્ય જો આનો વિચાર નહિ કરે, ઉપાય નહિ કરે, તો રેતીના પાયા પર તેનું ચણતર લાંબો વખત નભવાનું નથી જ. शरीरमाद्यं खलु धर्मसाधनम् । દૃઢ, સશક્ત, તંદુરસ્ત શરીર વિના નીરોગી મન ક્યાંથી હશે ? ધર્મનું આચરણ ક્યાંથી શક્ય બનશે ? સંયમ કેવી રીતે સાધી શકાશે ? મનોવૃત્તિને નબળી બનાવવામાં આજકાલના સીનેમાઓનો મોટો ફાળો છે. શૃંગારને બતાવતાં ચિત્રો અને સંભળાવતાં ગીતો સરકારે ચલચિત્રગૃહોમાં અને રેડિયો પર બંધ કર્યે જ છૂટકો છે, નહિ તો સંસ્કારિતા પરવારી ચૂકી સમજવાની છે.

સરકારની નિષ્ઠા શુભ છે, પણ તેની યોજનાઓનો અમલ બરાબર થતો નથી. તે તો પ્રજા માટે ધૂમ ખરચા કરે છે, પણ વચલા ગાળામાં તે પૈસો વેડફાઈ જાય છે, યથાર્થ રીતે ખરચાતો નથી, બરબાદ જાય છે. આને કોઈ પણ હિસાબે રોકવું પડશે. સરકારે વધારે કડક બનવું પડશે. પ્રજારાજ્ય એટલે અંધેર નહિ. દરેકને મનફાવતું કરવાની છૂટ નહિ, વ્યક્તિગત સ્વાર્થને પોષવાની તક નહિ. પ્રજારાજ્ય એટલે પ્રજાના કલ્યાણ માટેનું શાસન, સર્વના શુભની સાધના, વ્યક્તિ પછી અને સમાજ પહેલો, 'પોતાનું હિત સર્વના હિતમાં સમાયેલું જ છે' તેવી દૃઢ શ્રદ્ધા—हस्तिपदे सर्वपदं निमग्नम् । જેમ હાથીના પગલામાં બીજાં બધાં જ નાનાં પ્રાણીઓનાં પગલાં સમાઈ જાય છે તેમ.

અને ગુજરાત પર પ્રકૃતિની મહેર તો વરસેલી જ છે ! આપણી નર્મદા અને તાપી, મહી અને સાબરમતી પોતપોતાની અઢળક જલસંપત્તિ લઈને આવે છે, આગવી સંસ્કૃતિની સરવાણીઓ લઈને વહે છે. આપણો પશ્ચિમ સાગર મોતીના થાળ લઈને ગુર્જરી માતાનાં ચરણકમલમાં ભેટ ધરે છે. દ્વારકા, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, નડિયાદ, ભરૂચ, વડોદરા, સુરત—આપણું દરેક શહેર પોતપોતાનું આગવું ખમીર ધરાવે છે, શક્તિની ગુંજાયેશ ધરાવે છે, નવીન ગુજરાતના ઘડતરમાં વૈવિધ્ય આપે તેવી સામગ્રી ધરાવે છે. દરેક જિલ્લાનો મિજાજ જુદો છે, ઘડતર જુદું છે. બોલી જુદી છે, રીતરિવાજો જુદા છે, જીવનદૃષ્ટિ જરાક જુદી છે, ઇતિહાસ જુદો છે. ભૂગોળ જુદી છે, પણ દરેકની પૃષ્ઠભૂમિકામાં ભારતીય સંસ્કૃતિ સભર ભરેલી પડી છે. વિવિધતામાં એકતા અને એકતામાં વિભિન્નતા !

હું નજીકના ભાવિમાં જોઈ રહ્યો છું એક નવીન, તરુણ, આશાસ્પદ, આશાવાદી ગુજરાતનું નવસર્જન. ઉદ્યોગો, મિલો, કારખાનાંઓ, તેલ-સંશોધન કેન્દ્રો, નવીન શહેરો, નદીના બંધો, નહેરો, સમૃદ્ધિશાળી ખેતરો, ગુજરાતની સસ્યશ્યામલા ભૂમિ, દુનિયાના દરેક દેશમાં વેપાર ખેડતો ગુજરાતી વેપારી, સાહસપ્રિયતા, શૂરવીરતા, સેનામાં ભરતી થવાની તમન્ના, મહત્ત્વાકાંક્ષા, નવીન મહાકાવ્યો અને કાદંબરીઓનું સર્જન, રસિક પાંડિત્ય પ્રતિભાશાળી રાજકારણ, દીર્ઘદૃષ્ટિ, મુત્સદ્દીપણું, ખડતલ શરીરનો બાંધો, ચપળ આંખો, થનગનતા પગ, ઉત્સાહથી સ્ફુરતા બાહુ, ગગનવેધી ફાળ, અચૂક પરાક્રમ, તેજસ્વી અધ્યયન, ઊંડું સંશોધન, આત્મશ્રદ્ધા, કીર્તિ, દીપ્તિ, પ્રભા, શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ અને જગતકલ્યાણની ભાવના !

ત્રીજી યોજનાનું હાર્દ

ઠાકોર મિસ્ત્રી એમ.એ.

ઉપલક દષ્ટિએ જોતાં એમ લાગે કે ત્રીજી યોજનાનો આરંભ થતાં આયોજિત વિકાસનો ત્રીજો તબક્કો શરૂ થશે. પરંતુ ખરેખર તો બીજી યોજનાના આરંભથી જ આયોજિત વિકાસની સાચી શરૂઆત થઈ. અત્યંત અસાધારણ સંજોગોમાં પહેલી યોજનાનો ખ્યાલ બાંધવામાં આવ્યો હતો. ૧૯૫૦માં અનાજ, કાપડ વગેરે જીવનને જરૂરી એવી વસ્તુઓની કારમી અછત વર્તાતી હતી. ભાવો ઘણા ઊંચા ગયા હતા અને કોરિયાના યુદ્ધને લીધે વધેલી નિકાસને પરિણામે ફુગાવાનાં બળો દુર્ધર્ષ બન્યાં હતાં. આ આર્થિક મુસીબતોનાં મૂળ બીજ વિશ્વયુદ્ધ અને દેશના ભાગલામાં રહેલાં હતાં. એટલા માટે પહેલી યોજનાનો આશય દેશના અર્થકારણની યોગ્ય મરામત કરી એને યોગ્ય પાયા પર મૂકવાનો હતો. અસાધારણ સંજોગોમાં ઘડાયેલી યોજના સ્વાભાવિક રીતે નમ્ર અને કામચલાઉ હોય છે. પરંતુ બીજી યોજનાના ઘડતર વખતે સંજોગો અત્યંત સાનુકૂળ અને સાધારણ–નોર્મલ કહી શકાય એવા બન્યા હતા. એવા સંજોગોમાં સરકારે લાંબી દૃષ્ટિ ધ્યાનમાં રાખી હિંમતભર્યું પગલું ભરવાનો વિચાર કર્યો. થોડા સમયમાં વિકસિત દેશોની હરોળમાં આવી જવાય એ જાતની યોજના મૂકવામાં આવી. વિભાવના, પદ્ધતિ અને ધ્યેય ત્રણેય દૃષ્ટિએ બીજી યોજના પ્રગલ્ભ અને અનોખી હતી. એ યોજનાએ આર્થિક વિકાસની જે પ્રક્રિયા શરૂ કરી એનો બીજો તબક્કો ત્રીજી યોજનાના આરંભે શરૂ થાય છે.

આમ તો આર્થિક આયોજન માટે ભારત સરકારે પચીસ વર્ષ જેટલી (૧૯૫૧ થી ૧૯૭૬ સુધીની) લાંબી દૃષ્ટિ રાખી છે. પાંચ પંચવર્ષીય યોજનાઓને અંતે ભારતની આર્થિક પરિસ્થિતિ કેવી હશે એનું ચિત્ર આરંભથી જ ઉપસાવવામાં આવ્યું છે. દરેક પંચવર્ષીય યોજના આ બૃહદ્ યોજનાને અનુરૂપ અને પોષક હોવી જોઈએ. પરંતુ બીજી યોજના પહેલી યોજનાથી નિતાંત જુદી પડતી હોવાથી બાકીની ચાર યોજનાઓ વડે જ લાંબા ગાળાનું ધ્યેય પૂરું કરવાનું રહેશે. છેલ્લી ત્રણ યોજનાઓનું સ્વરૂપ અને હાર્દ બીજી યોજનાની સિદ્ધિ દ્વારા જ નક્કી થશે. એટલે ત્રીજી યોજનાનું હાર્દ સમજવા માટે બીજી યોજનાની સિદ્ધિ તપાસવી જોઈએ. પરંતુ બંનેને સમજવા માટે બીજી યોજનાએ અપનાવેલી વિશિષ્ટ આયોજન–રીતિનો ખ્યાલ મેળવવો જોઈશે.

ઇંગ્લેન્ડ, અમેરિકા, જર્મની વગેરે દેશોએ ઝડપથી આર્થિક પ્રગતિ સાધી છે. પરંતુ રાજ્યની રાહબરી વિના એ પ્રગતિ સધાયેલી. એ દેશોના ઝિંદાદિલ ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ સતત સાહસ અને ઉદ્યમથી એ પ્રગતિ પ્રાપ્ત કરી હતી. એમના ઉદ્યમની દિશા મુખ્યત્વે કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો નક્કી કરતાં હતાં. બજારનાં દિગ્દર્શનને લીધે આર્થિક વિકાસનો એક ચોક્કસ અનુક્રમ બંધાયો હતો. શરૂઆતમાં ખેતીનો વિકાસ થયો; પછી સુતરાઉ કાપડ વગેરે વપરાશયોગ્ય સામગ્રી બનાવનાર ઉદ્યોગો ખીલ્યા; અને છેવટે વપરાશના ઉદ્યોગોમાં જરૂરી એવાં સાધનો બનાવનાર કારખાનાંઓ–મૂડીસર્જક ઉદ્યોગો અસ્તિત્વમાં આવ્યા. વિકાસના તબક્કાઓનો આ એક સાધારણ અનુક્રમ છે. કોઈ દેશમાં

કોઈ વાર એવું યે બન્યું હશે કે વપરાશના અને મૂડીસર્જક ઉદ્યોગો એક જ તબક્કામાં પાંગર્યા હોય. ઈંગ્લૅન્ડમાં વરાળશક્તિનો ઉપયોગ સુતરાઉ કાપડના ઉદ્યોગમાં અને ઇજનેરી ઉદ્યોગમાં સાથે સાથે થયો હતો. પરંતુ, વપરાશના ઉદ્યોગોના વિકાસના પ્રમાણમાં મૂડીસર્જક ઉદ્યોગોનો વિકાસ ઘણો ગૌણ હતો. (તબક્કાઓનો અનુક્રમ રચવા પાછળ આશય એટલો જ અભિપ્રેત છે કે જે તે તબક્કામાં જે ઉદ્યોગ જણાવવામાં આવ્યો છે એના વિકાસનો કદ અને પ્રમાણ બીજા ઉદ્યોગો કરતાં વિશેષ અને ધ્યાનપાત્ર હતાં.) આ પ્રકારની વિકાસ–રીતિને શિષ્ટ–ક્લાસિકલ પદ્ધતિ કહેવામાં આવે છે. પરંતુ આ પદ્ધતિ દીર્ઘકાલીન નીવડે છે. ઘણા લાંબા સમય પછી રાષ્ટ્ર ધારેલી પ્રગતિ મેળવી શકે છે. પરંતુ જે અલ્પસાધન પછાત દેશને ઝડપથી વિકસવું હોય એને આ દીર્ઘસૂત્રી પદ્ધતિ આકર્ષક લાગતી નથી.

૧૯૨૭ પછી સોવિયેટ રશિયાએ ઝડપી આર્થિક પ્રગતિ મેળવવા માટે નવી વિકાસ–રીતિ અખત્યાર કરી. સોવિયેટ રીતિમાં મુખ્ય પ્રયત્ન રાષ્ટ્રની કુલ આર્થિક ઉત્પાદનશક્તિ–productive power–શરૂઆતમાં જ વધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સરેરાશ જીવન-ધોરણ નીચું લાવ્યા વિના દેશનાં કુદરતી અને આર્થિક સાધનો બને એટલાં મૂડીસંચય માટે ફાળવવામાં આવે છે. વપરાશના ઉદ્યોગમાં વાપરી શકાય એવાં યંત્રો, ઓજારો વગેરે બનાવનાર મૂડીસર્જક ઉદ્યોગો આરંભથી જ ઊભા કરવાનો પ્રયત્ન થાય છે. આવા ઉદ્યોગોના વિકાસને લીધે દેશની ઉત્પાદનશક્તિમાં ઝડપથી વધારો થાય છે. પરંતુ સાધનોનું મૂડીરોકાણ થાય પછી નક્કર મૂડી બંધાતાં ઘણો લાંબો સમય (પોલાદનાં કારખાનાં માટે આશરે આઠ નવ વર્ષ) જાય છે. મૂડીબંધારણ પાછળ જતો સમય (Gestation period) રાષ્ટ્ર માટે અછતનો અને અપરિગ્રહનો છે. રાષ્ટ્રે ઓછામાં ઓછું વાપરવું અને વધારેમાં વધારે બચાવવું કે જેથી ઉત્પાદનશક્તિની એક તોતિંગ ઇમારત ઝડપથી ચણી શકાય. જેમ ઉત્પાદનશક્તિ બંધાતી જાય અને એનો ઉપયોગ વપરાશના ઉદ્યોગોમાં થતો થાય તેમ તેમ વપરાશી માલનો પુરવઠો બજારમાં વધતો જાય. આ પ્રકારના વિકાસમાં તબક્કાઓનો અનુક્રમ આ પ્રકારનો રહેશે. ખેતી અને સાથે સાથે મૂડીસર્જક ઉદ્યોગોનો વિકાસ અને ત્યારબાદ વપરાશના ઉદ્યોગોની પ્રગતિ. પરંતુ આ પ્રકારનો વિકાસ કુનેહભર્યું આયોજન માંગી લે છે. રશિયાએ આ આયોજન પદ્ધતિ દ્વારા ચાળીસ વર્ષમાં જ્વલંત સિદ્ધિ મેળવી છે. ભારતે પણ ૧૯૫૪ પછી આ વિકાસ–રીતિને અમલમાં મૂકવાનો નિર્ધાર કર્યો છે. બીજી અને એની અનુગામી યોજનાઓ દરમ્યાન દેશની ઉત્પાદનશક્તિ વધારવા માટે પ્રયત્ન થઈ રહ્યા છે. વપરાશના ઉદ્યોગો પાછળ પ્રમાણમાં ઓછું ધ્યાન આપવામાં આવે છે. ખેતીનું સ્થાન આર્થિક વિકાસ દરમ્યાન અનોખું હોય છે. અનાજની આવશ્યકતા એટલી મહત્ત્વની હોય છે કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ અનાજને મૂડી કહેતા થયા હતા. ઉપરાંત ખેતી ઉદ્યોગોને જરૂરી એવો કુદરતી કાચો માલ પૂરો પાડે છે જે ઉદ્યોગોને માટે ચાલુ મૂડી રૂપ છે. ખેતી એ રીતે મૂડી બાંધનાર ઉદ્યોગ છે અને એને ઘરતી અગત્ય આપવામાં આવે છે.

બીજી યોજનામાં ઉદ્યોગ અને ખનિજ પેટે રૂ. ૬૯૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ, એ રકમના ૮૦ ટકા પાયાના ભારે ઉદ્યોગો તેમ જ ઉત્પાદનનાં સાધનો બનાવનાર કારખાનાંઓ માટે મુકરર કરવામાં આવ્યા હતા. જ્યારે સંજોગવશાત્ ૧૯૫૮ માં યોજના અંગે ફેરવિચારણા કરવી પડી ત્યારે રકમને વધારીને રૂ. ૭૯૦ કરોડ કરવામાં આવી. વધારાની

રકમને લીધે મૂડીસર્જક ઉદ્યોગોનું મહત્ત્વ જળવાઈ રહ્યું. આ ભારે મોટી રકમ ખર્ચવામાં આવી હોવાથી મૂડીસર્જક ઉદ્યોગોની ઉત્પાદનશક્તિમાં ઘણો સારો એવો વધારો થયો. પોલાદનાં ત્રણ નવાં કારખાનાં પૂરાં થતાં પોલાદ ઉત્પન્ન કરવાની શક્તિ ૧૩ લાખ ટન ઉપરથી વધીને ૪૫ લાખ ટન જેટલી થવા પામી છે. તાંબું, એલ્યુમિનિયમ, સિમેન્ટ વગેરેના ઉત્પાદનમાં યે નોંધપાત્ર ઉમેરો થયો છે. રેલવે માટે જરૂરી યંત્રો, વેગનો, સ્પૅર પાર્ટ્સ વગેરે મોટા ભાગની સામગ્રી ઘરઆંગણે મળતી થઈ છે. યંત્રોત્પાદન પણ વધ્યું છે. ઔદ્યોગિક યંત્રોના ઉત્પાદનનું કુલ મૂલ્ય ૧૯૫૧ માં આશરે રૂ. ૧૧ કરોડ જેટલું હતું; પરંતુ ૧૯૫૮માં એ મૂલ્ય વધીને રૂ. ૭૯ કરોડ થયું છે. પ્રગતિનો વધારે સાચો ખ્યાલ નિમ્નોક્ત માહિતી ઉપરથી આવી શકે છે. *

થોડા ઉદ્યોગોનું ઉત્પાદન

(૧૯૫૦-૧—૧૯૬૦-૬૧)

વિગત	એકમ	૧૯૫૦-૫૧	૧૯૫૫-૫૬	૧૯૬૦-૬૧ (અંદાજ)	%વારીમાં પ્રગતિ
૧. તૈયાર પોલાદ	દસલાખ ટનમાં	૧·૦	૧·૩	૨·૬	૧૬૦
૨. તાંબું	હજાર ટનમાં	··	૭·૩	૭·૯	··
૩. એલ્યુમિનિયમ	,, ,,	૩·૭	૭·૩	૧૭·૦	૩૫૯
૪. સિમેન્ટ માટેનાં યંત્રો	લાખ રૂ. માં	··	૩૪	૮૦	··
૫. યાંત્રિક ઓજાર	,,	૨૯	૭૨	૫૫૦	૧૭૯૭
૬. વીજળી મોટર્સ	હજાર એચ.પી.	૧૦૦	૨૭૦	૮૦૦	૭૦૦
૭. નત્રલયુક્ત ખાતર	હજાર ટનમાં	૯	૭૯	૨૧૦	૨૨૩૩
૮. કોસ્ટિક સોડા	,, ,,	૧૧	૩૫	૧૨૫	૧૦૩૬

બીજી યોજનામાં ઉત્પાદનશક્તિનો સર્વતોમુખી વિકાસ કરવા માટે પૂરતી કાળજી રાખવામાં આવી હતી. પરંતુ, સાધનોની તૂટ પડતાં ઔદ્યોગિક વિકાસના અગત્યાનુક્રમ (priority) માં ઘટતા ફેરફાર કરવા પડ્યા. આ ફેરફારને લીધે થોડાં કાર્યો પડતાં મૂકવામાં આવ્યાં. ફાઉન્ડ્રી ફોર્જ પ્રોજેક્ટ, હેવી મશિનરી પ્રોજેક્ટ, ફર્ટિલાઈઝર ફેક્ટરી, રૂરકેલા, એલોય અને ટૂલ સ્ટીલ પ્લાન વગેરે કાર્યો મોકૂફ રાખવાં પડ્યાં. પરિણામે મૂડીસર્જક ઉદ્યોગોના સુગ્રથિત બંધારણમાં યંત્રોત્પાદનની ચોખ્ખી ઊણપ વર્તાવા લાગી. ધાતુ ગાળનારા ઉદ્યોગોને મુસીબતો વચ્ચે પણ નાંખવામાં આવ્યા. યંત્રોત્પાદન અંગેની ઊણપ ત્રીજી યોજના દરમ્યાન પૂરવાની નેમ જાહેર કરવામાં આવી.[1] મૂડીસર્જક ઉદ્યોગના ક્ષેત્રમાં આવાં કાર્યો મુલતવી એટલા માટે રાખવામાં આવ્યાં કે એમની સ્થાપના માટે જરૂરી પરદેશી હૂંડિયામણ ભારત મેળવી શક્યું નહીં. પરદેશી હૂંડિયામણને અભાવે ભવિષ્યમાં ઉત્પાદનશક્તિમાં વિકાસ રૂંધાય નહીં એની પૂરેપૂરી કાળજી ત્રીજી યોજનામાં લેવાવી જોઈએ. ભારતની આર્થિક

* Third Five Year Plan : Govet. of India, June, 1960 pp. 19-38-39-40.

૧. Appraisal and Prospect of the Second Plan ; Govet. of India, May, 1958 pp. 60-71.

પ્રગતિ પરદેશીઓની મદદ વિના થાય અગર તો અગત્યની સામગ્રી માટે પરદેશ ઉપરનું અવલંબન ઓછામાં ઓછું રહે એ પ્રકારના સંજોગો ત્રીજી યોજનામાં ઊભા કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે.

ત્રીજી યોજનાનું સર્વોપરી ધ્યેય આત્મનિર્ભર વિકાસની દિશામાં સારી એવી કૂચ કરવાનું છે. આ ધ્યેય સિદ્ધ કરવા માટે મૂડીસર્જક ઉદ્યોગોનો વિકાસ ઘણા મોટા પાયા ઉપર થવો જરૂરી છે. નહીં તો વિકાસને જરૂરી પુરવઠો દેશમાંથી મળી રહે નહીં. ભારત પાસે નિકાસયોગ્ય પુરવઠો નથી એટલે પરદેશી મદદ વડે જ મૂડી અંગેનો સરસામાન મેળવી શકાય. પરંતુ આવા જરૂરી માલસામાન માટે પરદેશીઓ ઉપરનું અવલંબન કોઈ પણ રીતે સલામતીભર્યું ન કહી શકાય. એટલે દેશને બનતી ઉતાવળે આ બાબતોમાં સ્વાવલંબી બનાવવો જોઈએ. ત્રીજી યોજના અને એની અનુગામી ચોથી યોજના દરમ્યાન દેશ મૂડીસર્જક ઉદ્યોગો બાબત સ્વાવલંબી થશે. બીજી રીતે કહીએ તો ત્રીજી યોજનામાં ઉત્પાદનશક્તિ વધારવા માટે ઘણી મોટી રકમ ખર્ચવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

ત્રીજી યોજનામાં મૂડીરોકાણ

(કરોડ રૂપિયામાં

	રકમ	ટકાવારી	રકમ	ટકાવારી
	બીજી યોજના		ત્રીજી યોજના	
૧. ખેતી, સામૂહિક યોજના, સહકાર વ૦	૫૩૦	૧૧·૫	૧,૦૨૫	૧૪·૧
૨. જળસીંચાઈ	૪૫૦	૯·૮	૬૫૦	૯·૦
૧ + ૨	૯૮૦	૨૧·૩	૧,૬૭૫	૨૩·૧
૩. વીજળી	૪૧૦	૮·૯	૯૨૫	૧૨·૮
૪. ગ્રામ અને નાના ઉદ્યોગો	૧૮૦	૩·૯	૨૫૦	૩·૪
૫. ઉદ્યોગ અને ખનિજ	૮૮૦	૧૯·૧	૧૫૦૦	૨૦·૭
૬. વાહનવ્યવહાર અને સંદેશા	૧૨૯૦	૨૮·૧	૧૪૫૦	૨૦·૦
૭. સામાજિક સેવા	૮૬૦	૧૮·૭	૧૨૫૦	૧૭·૨
૮. સંચિત પુરવઠો	—	—	૨૦૦	૨·૮
કુલ	૪૬૦૦	૧૦૦	૭૨૫૦	૧૦૦

બીજી યોજનાની સરખામણીમાં ત્રીજી યોજનામાં ઉદ્યોગ અને ખનિજના વિકાસ માટે આશરે બમણી રકમ ખર્ચાવાની છે. સરકારી મૂડીરોકાણ સાથે ખાનગી મૂડીરોકાણ ગણીએ તો કુલ રકમ રૂ. ૨૫૦૦ કરોડ થવા જાય છે. રૂ. ૨૫૦૦ કરોડની રકમ નીચે મુજબ ઉદ્યોગવાર વહેંચવામાં આવી છે:

ઉદ્યોગો	રકમ (કરોડ રૂ. માં)
૧. ધાતુ ગાળવાના અને ઇજનેરી ઉદ્યોગો	૧૨૦૦
૨. રાસાયણિક અને આનુષંગિક ઉદ્યોગો	૬૫૦
૧ + ૨	૧,૮૫૦
૩. વણાટ ઉદ્યોગો	૧૨૫
૪. ખાદ્ય સામગ્રીના ઉદ્યોગો	૭૫
૫. ખનિજ	૪૦૫
૬. ઇતર ખર્ચ	૪૫
કુલ	૨૫૦૦

ઉદ્યોગના ક્ષેત્રમાં ઉપર સૂચવાયેલું મૂડીરોકાણ મુખ્યત્વે ઉત્પાદનશક્તિ વધારવા પાછળ થશે. ઇજનેરી ઉદ્યોગોને અપાયેલું મહત્ત્વ સમજાવવા માટે યોજનામાં લખવામાં આવ્યું છે કે ત્રીજી યોજના અને ત્યારપછી યોજનામાં યંત્રોત્પાદનનું ચાવીરૂપ મહત્ત્વ રહેશે.

મૂડીરોકાણનું સ્વરૂપ જોતાં ખેતીના વિકાસને પણ બીજી યોજના કરતાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. બીજી યોજના દરમ્યાન અનાજની અછતે આયોજકોને સતત મૂંઝવ્યા છે. અને દેશનું કિંમતી હૂંડિયામણ અનાજ પાછળ ખર્ચવું પડયું છે. જે હૂંડિયામણનો ઉપયોગ અન્યથા મૂડી અંગેનો સરસામાન આયાત કરવામાં થઈ શકયો હોત એ અનાજ પાછળ ખર્ચવું પડયું. ઉત્પાદનશક્તિ વધારવા માટેનાં કાર્યો ખોળંબે પડયાં. જો અનાજ ઘરઆંગણે મેળવી લેવાય તો પરદેશી હૂંડિયામણનો ઉપયોગ દેશની ઉત્પાદન શક્તિ ઝડપથી વધારવામાં થઈ શકે એવી ગણત્રી યોજનામાં થઈ છે. ખેતીનો વિકાસ આ રીતે મૂડીસંર્જનની પ્રક્રિયાને વેગ આપશે.

ટૂંકમાં, ત્રીજી યોજનાનું હાર્દ બીજી યોજનાએ દાખલ કરેલી વિકાસ પ્રક્રિયાના અનુસંધાનમાં જ સમજી શકાય. દેશની કુલ ઉત્પાદનશક્તિ વધારવાનું અને ઉત્પાદનશક્તિના બંધારણની ઊણપ પૂરી કરવાનું ધ્યેય ત્રીજી યોજનાનું છે. ખેતીનો વિકાસ પણ આડકતરી રીતે આ ધ્યેયને પોષવા માટે જ છે. ઉત્પાદનશક્તિ વધારવા માટેનો કાર્યક્રમ કોઈપણ રીતે ખોળંબાય એ પરવડે એમ નથી. ત્રીજી યોજના ઉત્પાદનશક્તિ વધારવા પાછળ અવિરત અને અનિરુદ્ધ પ્રયત્નો કરવા માગે છે.

અનાયાસે

ડૉ. સુમન્ત મહેતા

આ વર્ષના ઉનાળાના બે મહિના અમે મુંબઈ (મુંબાદેવી)માં ગાળ્યા, આ શહેરના એક અપરિચિત એવા મહાલક્ષ્મી મંદિરની પાસેના લત્તામાં. આ મંદિર મુંબાઈ બેટના છેક વાયવ્ય દિશાના સમુદ્રકાંઠા પર બંધાયું છે. વર્ષો પહેલાં મુંબઈ બેટની ઉત્તરે વરલી (વડલી) નો બેટ હતો અને આ બન્ને ટાપુઓ વચ્ચે સમુદ્ર વહેતો હતો. હવે તે દરિયાને પૂરી દેવામાં આવ્યો છે તે છતાં ઘોડદોડ તથા વિલિંગડન કલબનો ભાગ ઠીક નીચાણમાં વસ્યો છે.

અમે જે સાત મજલાના વિશાળ મકાનમાં રહેતાં હતાં તે હવા તથા ઉજાશની દૃષ્ટિએ સારું હતું પણ તે પેડર રોડ અને વોર્ડન રોડ (હવે ભૂલાભાઈ દેસાઈ રોડ) એકઠા થાય છે ત્યાં હોવાને લીધે પાસેના રસ્તા પર વાહનવ્યવહાર ભારે હતો અને મારાથી રસ્તાઓ ઓળંગી શકાતા નહીં. મને દરરોજ નિયમિત ફરવાની ટેવ છે અને મુંબાઈમાં મને કેદખાના જેવું લાગતું. આ બાબતમાં મને ઘણો અસંતોષ હતો અને હું હમેશાં તેની ફરિયાદ કર્યો કરતો.

આવા સંજોગોમાં એક દિવસ મારો એક નવજુવાન સગો મને મળવાને આવ્યો. એ પાંચ-૭ વર્ષોથી યુરોપ અમેરિકામાં સારો અભ્યાસ કરીને પાછો સ્વદેશ આવ્યો હતો. એના અભ્યાસ તથા અનુભવોની વાતો થઈ રહ્યા પછી એણે મારી તબિયતના સમાચાર પૂછ્યા અને મારા મનના બળાપાની મેં વાત એને કહી કે તરત જ એણે કહ્યું કે "ચાલો દાદા! આપણે બહાર ફરી આવીએ; તમને તમારે જોઈતું વ્યાયામ મળી રહેશે અને આપણા દેશની પરિસ્થિતિથી તમે મને વાકેફ કરજો. ઠીક નાની વયે હું પરદેશ ગયો હતો તેથી આ દેશમાં જે અજબ પ્રગતિ થઈ રહી છે તેનો તમે મને ખ્યાલ આપજો."

આવી રીતે અમે રસ્તા પર ઊતરી પડ્યા અને બહુ થોડું ચાલ્યા પછી તારદેવ (તાડદેવ) રસ્તાનો ઉત્તરનો છેડો ઓળંગીને અમે સામેના ફુટપાથ પર ચઢી ગયા હોઈશું, એટલામાં રસ્તા પર ભયંકર હોહાકાર અને અનેક મોટરોને એકદમ ઝડપથી બ્રેક મારી હશે તેની ચીચિયારીઓના અવાજથી અમે થંભી ગયા અને પાછળના રસ્તા પર નજર નાખી. અમે જોયું તો માથાથી પગ સુધી ઓઢેલા બુરકા (બુરખો) વાળી એક સ્ત્રી પોતાના બાપના બાગમાં ફરવા નીકળી હોય તેવી ધીમી ગતિએ, અને તદ્દન ઠરેલ કલેજે રસ્તો ઓળંગી રહી હતી અને અમારા તરફ ધીમેથી આવતી હતી. રસ્તાની બન્ને બાજુએ હારબંધ અટકી પડેલી મોટરોના હાંકનારાઓ આ બાઈને ગાળો દેતા હતા અને રસ્તાની સામી બાજુએ આ બાઈની સગી નવજુવાન છોકરીઓ બીકથી ગભરાઈ જઈને બૂમો મારતી હતી. જ્યારે આ નવા જમાનાની છોકરીઓ અમારી ફુટપાથ પર ધસી આવી ત્યારે એકે બૂમ મારી: "અરે ફાતમા બુઆ! તમે હમણાં જ કચડાઈને મરી ગયાં હોત! તમે સિગનલ જોયા વિના રસ્તો શા માટે ઓળંગવા ગયાં?" આધેડ વયની આ વોરી બાઈ પર બધી બૂમરાણની જરાય અસર થઈ નહીં!

કરવું કયું ?

પન્નાલાલ પટેલ

અડતાલીસની ઉમ્મરે પત્ની ગુજરી જતાં પ્રવીણકુમારને ગંભીરપણે એક પ્રશ્ન ઊઠ્યો : 'જીવનમાં હવે કરવું કયું ?'

એનો અર્થ એમ નથી કે જીવનમાં એમને કંઈ કરવાનું જ ન હતું. શહેરમાં આવેલા કાપડના બે મોટા મોટા સ્ટોર્સનો કારોબાર જ એવડો મોટો હતો કે—અરે બંગલા આસપાસ પચ્ચીસ સો વારમાં પથરાયેલા બગીચાની દેખભાળ જ એમનો અડધો વખત ખાઈ જતી હતી. આ સિવાય ઇચ્છે તો એન્જિનિયર થયેલા ને બહારગામ રહેતા યુવાન દીકરાનાં બે બાળકોની જંજાળમાં ય એ પોતાની જાતને પરોવી શકે એવું હતું.

પણ આ બધાં કામ તો આટલી ઉંમર સુધી કર્યાં જ કર્યાં હતાં ને ? એક દીકરો અને બે દીકરીઓને પ્રેમપૂર્વક ઉછેરી ઠેકાણે પણ સરસ રીતે પાડી દીધાં હતાં; તો પેલા બે સ્ટોર્સનું સંચાલન પણ એવી દક્ષતાથી કર્યું હતું કે અત્યારે એ કાઢી નાખવા બેસે તો વાત-વાતમાં બમણા પૈસા ખની શકે. જ્યારે બગીચાની પણ—જેમ કોઈ એન્જિનિયર અમુક અંતરે સિમેન્ટના થાંભલા નાખી મકાન બાંધે એ રીતે એમણે સરખા અંતરે સુશોભનનાં ઝાડ-વેલ ઉછેરી કાયમની રચના રચી દીધી હતી. હવે તો માત્ર વચ્ચેના ક્યારાઓમાં ઋતુએ ઋતુએ ફૂલછોડ બદલવાનું કામ જ માળીઓને કરતા રહેવાનું હતું.

ટૂંકામાં, પ્રવીણકુમારને ન તો કોઈ આદરેલાં કામ અધૂરાં હતાં કે ન હવે નવાં કાંઈ આદરવાં હતાં......

ને એટલે જ એ, સુહૃદયી એવા મિત્રો આગળ પણ પોતાને ઊઠેલો આ પ્રશ્ન છેડવા લાગ્યા : 'જીવનમાં મારે હવે કરવું શું ?'

એક બે જીવનવાદી મિત્રો તો, પત્નીના અવસાનથી પ્રવીણકુમારમાં આવડો વિષાદ આવ્યો છે એમ માની દિલાસો જ દેવા લાગ્યા: 'અરે ભલા માણસ ! આમ તે કંઈ હિંમત હારી જવાતી હશે ? ને જીવનમાં તમારે એક મદનબેનની વાત જવા દઈએ તો બીજી ખોટ પણ શી છે ?'

પ્રવીણકુમારે હસીને કહ્યું : 'મને હવે બધું જ ખોટવાળું લાગે છે !'

'એ તો પચ્ચીસ ત્રીસ વર્ષનું જીવનસાથી ચાલ્યું જાય એટલે સ્વાભાવિક રીતે જ આ બધું ખોટનું લાગે. બાકી વખતે જતાં આ ખોટ ખોટી લાગી રહી છે એ સમજાવા માંડશે.' ...

પણ પત્નીના અવસાનને બબ્બે વર્ષ થવા છતાં ય ન તો પ્રવીણકુમારને ખોટવાળું લાગવા માંડેલું આ જીવન નફાવાળું લાગ્યું કે ન પેલા પ્રશ્નનું કોઈ નિરાકરણ જડયું !

આ જોઈ પેલા મિત્રોએ વળી આમ કહ્યું : 'હવે તો તમે જીવન હારી જવા જેવી વાત કરો છો, પ્રવીણભાઈ.'

'પણ જેને તમે જીવન કહો છો એને તો મેં ચીત કરી લીધું છે; પછી શું ?'

'ના, ના, ના! જીવન તો અનંત છે. આ તો તમે એમાંથી છટકવા જેવું કરી રહ્યા છો.' પ્રવીણકુમારની દયા ખાતો હોય તેમ પહેલો મિત્ર બોલ્યો.

બીજો પણ બોલ્યા વગર ન રહી શક્યો: 'ખરી વાત. આ તો તમે મદનબહેનના જતાં ભાંગી પડવા જેવું કરી રહ્યા છો.'

પ્રવીણકુમારને આ લોકની દયા આવી, 'તમે તો એવું કરી રહ્યા છો જાણે મારા કરતાં તમે મારી જાતને વિશેષ ન ઓળખતા હો!' હસીને કહ્યું: 'પણ એવું નથી ભાઈ. હા, એટલું ખરું કે મદનના જવાથી હું એકલો પડ્યો ને એકલા પડવાથી વિચાર કરતાં મને પ્રશ્ન ઊઠ્યો: જેને આપણે જીવન જીવન કરીને હાંકયે રાખીએ છીએ એ જીવનમાં માલ કેટલો!'

'પછી?' એક મિત્રે વ્યંગમાં પૂછ્યું.

પણ પ્રવીણકુમારે તો આ વ્યંગનેય હસી કાઢ્યો. કહ્યું: 'એ તો હવે તમને કોઈ વાર મારા જેવો પ્રશ્ન ઊઠે ત્યારે જ સમજાય કે પછી શું!'

'ના, ના, ના!' મિત્રો પૂરું સાંભળવા પણ તૈયાર ન હતા. 'તમારો આ પ્રશ્ન નિરાશામાંથી વિષાદમાંથી ઉદ્ભવ્યો છે!'

'એ હશે, પણ—આ જીવાતા જીવન કરતાં કોઈ વધુ ઉજ્જ્વળ જીવન માટે એ તમારે યાદ રાખવું જોઈએ.'

'એ પણ તમારો એક ભ્રમ છે.' મિત્રે કહ્યું.

પરંતુ આ ચવાઈ ગયેલી વાતો અને ઘસાઈ ગયેલી દલીલોમાં પ્રવીણકુમારને ઝાઝો રસ ન પડ્યો. હસીને કહ્યું: 'આવી બાબતોમાં દલીલની પટાબાજી નકામી છે. કેમકે હું તમને "ભ્રમ છે" એમ કહું ને તમે મને કહો, ને એ રીતે સહુ સહુની માન્યતા ને પૂર્વગ્રહો પ્રમાણે ચાલ્યા કરવાનું. બાકી ખરાબ તો મને એ લાગે છે કે આપણે હવે વિચાર કરવાની રીત પણ બદલવી જોઈએ.'

'એટલે?' મિત્રો માટે આ વળી એક નવું નીકળ્યું.

'એટલે કે સામા માણસને આપણી માન્યતાઓમાં ખેંચવાની ને આપણી રીતે એને જીવાડવાની વૃત્તિ છોડી દઈને કોઈ માણસ વિરુદ્ધની દિશામાં જતું હોય તો—આપણે એને પ્રોત્સાહન ન આપી શકીએ તો કંઈ નહિ પણ પગ તો એનો ન જ ખેંચીએ. બલકે આપણે હિલટાના ખુશ થઈએ કે ચાલો જગતને એક નવા રસ્તા વિશે જાણવા મળશે.'

'અરે પણ કૂવામાં પડતો હોય તો?'

'પડવા દેવો.'

'કેવી તમે મૂરખ જેવી વાત કરો છો!' તેજ સ્વભાવવાળા એક મિત્રથી બોલી જવાયું.

પણ આ મિત્રોને ગળે પ્રવીણકુમારની આવી દલીલો ઊતરતી જ ન હતી. ને માટે જ એમણે આ આખડી માણસને શિખામણ કે સલાહ આપવાનું માંડી વાળ્યું.—

અરે પેલા સ્ટોર્સને લિમિટેડ બનાવી મેનેજિંગ એજન્સી પણ બીજાને આપી દીધી ત્યારે, તો વળી બંગલો ભાડે આપ્યો એ વખતે પણ, એમણે મૂંગા રહીને જ પોતાની નાપસંદગી વ્યક્ત કરી: 'હશે ! સમજે એને કંઈકેય કહેને !'......

પરંતુ આ મિત્રોએ જ્યારે જાણ્યું કે પ્રવીણકુમાર જીવનનો ત્યાગ નથી કરતા બલકે પરાર્થે—લોકઅર્થે જીવન અર્પવા માગે છે ત્યારે તો એ એવા તંગ થઈ રહ્યા કે પોતાની પેલી દલીલો પણ બાલીશ લાગવા માંડી. કહ્યું પણ ખરું: 'અમને શી ખબર કે તમે આવડો મોટો ત્યાગ કરી રહ્યા છો !'

પણ અહીંય પ્રવીણકુમાર પહેલાંની જેમ હસવા લાગ્યા. પૂછ્યું, 'કેમ ?'

'કેમ તે અમે સાંભળ્યું છે કે તમે શાન્તિસેનામાં જોડાઈ ને તમારું જીવન જગત અર્થે સમર્પિ રહ્યા છો.'

પ્રવીણકુમારના મોં ઉપર ગંભીરતા છવાઈ વળી. એક ભારે શ્વાસ લેતાં કહ્યું: 'વાત તો ઠીક છે પણ—મેં શાન્તિસેનામાં જોડાવા માટેના વિચાર ઉપર બે જગ્યાએ લખ્યું હતું જ્યાં એક પાસે મેં અભિપ્રાય અને સલાહ માગ્યાં હતાં.'

અહીં એમણે આ બે જગ્યાઓનાં નામઠામ સાથે પોતે લખેલા પત્રોની વિગત પણ કહી સંભળાવી. અંતમાં ઉમેર્યું: 'પણ આ બે પત્રોના જુદા જુદા જવાબથી મારી મતિ મૂંઝાઈ રહી છે.' આમ કહેતાં એ ઊભા થયા, અંદરના ઓરડામાંથી પેલા બે પત્રો લાવ્યા અને એક મિત્રના હાથમાં મૂકતાં કહ્યું: 'વાંચો !'

મિત્રે આમાંનો એક પત્ર બીજા મિત્રને સંભળાવતાં વાંચવા માંડ્યો: 'શાન્તિસેનામાં જોડાવાની તમારી ઇચ્છાને અમે આવકારીએ છીએ. પણ આ વિષે તમે કંઈ ચોખવટ કરી નથી તો જણાવો કે આ શાન્તિસેનામાં તમે અમુક વર્ષનું દાન કરો છો કે પછી જીવન-દાન? એટલે એ રીતે તમારું નામ નોંધવાની સૂઝ પડે.'

પત્ર પૂરો થતાં પ્રવીણકુમારે કહ્યું: 'આમાં તો જાણે સીધી વાત છે. પણ એમાં ...'

ત્યાં તો પેલા મિત્રે બીજો પત્ર વાંચવા માંડ્યો: 'શાન્તિના સેનાની તરીકે કામ કરવાનો તમારો વિચાર સારો છે. પણ આ કામને સાચી રીતે કરવું હશે તો—લશ્કરના માણસો મોરચા ઉપર જતાં પહેલાં જેમ તાલીમ લઈને સૈનિક બને છે એ પ્રમાણે તમારે પણ સહુ પ્રથમ તમારામાં શાન્તિ સ્થાપવી પડશે. એટલે અમારી માન્યતા પ્રમાણે જગતમાં જો શાન્તિ સ્થાપવાની કોઈને સાચી શરૂઆત કરવી હશે તો એ સહુ પ્રથમ પોતાનાથી જ કરવી પડશે !'

પત્ર પૂરો થતાં પ્રવીણકુમાર બોલી ઊઠ્યા: 'કહો' હવે આ બેમાંથી મારે કયો માર્ગ લેવો ?'

મિત્રો પણ આ બાબતમાં ચોખ્ખો જવાબ આપી શકવાની સ્થિતિમાં ન હતા. ને માટે જ એ કોણ જાણેના અર્થમાં ડોકું હલાવી ચૂપ જ રહ્યા. . .

પ્રવીણકુમારના થોડાક વિવરણ પછી બોલ્યા તે પણ ગોળ ગોળ: ' આમાં તો હવે અમે શું કહી શકીએ ? તમારે જ વિચાર કરીને '—

પણ ત્યાં તો પ્રવીણકુમાર વાત સમેટવા માગતા હોય તેમ ઊભા થતાં બોલ્યા : ' ના. આમાં તો તમે જ તટસ્થભાવે વિચારી શકો; ને એટલે જ હું તમને વિનવું છું કે, આજે નહિ તો બે દિવસ પછી પણ તમે બે જણ વિચાર કરીને જે નિર્ણય કરશો એને હું સાચો રાહ માનીને અનુસરીશ. '—

ને લાગલો જ એમણે પગ ઉપાડ્યો. વાત પણ બદલી નાખી: ' ચાલો હવે ટેબલ ઉપર. તમારા માથે નિર્ણયનો ભાર નાખવા બદલ હું તમને ઠંડું-ગરમ કાંઈક પીણું પાઉં!'

પણ પ્રવીણકુમારની પાછળ પળના આ મિત્રો તો આ બે જૂની વિચારસરણીમાં એવા ભરાઈ પડ્યા હતા કે—

સંભવ છે એ પીણા વખતે ય સાચા રાહની પસંદગી કરવામાં ઠંડા-ગરમનો ખ્યાલ એમને ન રહ્યો હોય તો! કારણ મગજમાં તો એક આ જ પ્રશ્ન ઘોળાઈ રહ્યો હતો : શાન્તિસેનામાં જોડાવું કે પોતામાં પે'લી શાન્તિ સ્થાપવાનું પહેલું કરવું ?

ને પીણું પતાવી આ જ મનોદશામાં ઊભા થતાં એક જણે પ્રવીણકુમારને કહ્યું: ' ઠીક છે, કાલે અમે વિચારી લાવીશું પણ તમે ય વિચારી જોજો...કારણ, અમે બેઉ જો જુદા પડ્યા તો ? ' ને ચાલતા થયા.

સાથે, કુમારને ય વિચારમાં પાડતા નાખતા ગયા: ' આ બેમાંથી મારે હવે કરવું શું ? ! . . . *

* તા. ૧૨-૭-૬૦ ના રોજ આપેલો વાયુવાર્તાલાપ—ઓલ ઇન્ડિયા રેડીઓના સૌજન્યથી

અનુસંધાન ૧૮૯] અનાયાસે

સોડો પાસે સફેદ ચળકતી લાદી હોય છે. આ સફેદ લાદી જોઈને બધાં ઓપુંગો અંધોને યોગ્ય સ્થળે પહોંચાડે છે."

મેં કહ્યું: "અલ્યા કમબખ્ત, તું વળી 'અમારા' અમેરિકાની વાતો કરે છે! તું તો આ કમનસીબ, અજ્ઞાન, સ્વાર્થી, શિસ્ત વિનાના હિંદ દેશનો છે. આપણા દેશને સુધારવામાં તારી બધી શક્તિ વાપરજે!"

અમે પેલી દરગાહ જવાના રસ્તા પર થોડાં પગથિયાં ઊતર્યાં. જમણે હાથે એક નાની સરખી મસ્જિદ દરિયાકાંઠે બાંધી હતી. મકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેમ હતું. અમે ત્યાં બગલાની પાંખ જેવા સફેદ પાયજામા અને લાંબા અંગરખામાં સજ્જ થયેલા ઘણા મુસ્લિમ મહાજનોને નમાજ પઢતા જોયા. આ નમાજીઓએ મસ્જિદમાં પેસતી વખતે આ બીચારા આંધળા મુફલીસોને જોયા તો હશે અને વખતે તેમણે અલ્લાહતાલા—અલ રહેમાન, અલ રહીમને ગરીબોના છૂટકારા માટે પ્રાર્થના પણ કરી હશે.

ચાલવા તથા સતત ટકટક કરવાને લીધે હું હવે થાક્યો હતો, તેથી મારા સાથીને મેં કહ્યું: "હું થાકી ગયો છું, મને ઊંચે અમારા ઘરની અંદર મૂકી આવ."

બીચારા નવજવાને કહ્યું: "દાદા! એક અડધા કલાકમાં આજે તમે તદ્દન અનાયાસે મને ઘણું ઘણું બતાવ્યું છે. આજનો અનુભવ હું કદી ભૂલવાનો નથી."

મેં ઉત્તર વાળ્યો: "એ તો તારો ખુદા જાણે."

સામ્યવાદી સામ્રાજ્યની ચાલ

ચૂનીલાલ પું. બારોટ

મોંગોલિયા પછી તિબેટ—

સત્તરમી સદીના અંતભાગથી મોંગોલિયા પૂર્ણપણે ચીનના મંચુ બાદશાહોના સામ્રાજ્યનો એક ભાગ બની ગયું હતું. વીસમી સદીમાં મોંગોલિયા જાગ્યું. ત્યાં ચીનના શાહીવાદ સામે અનેક બંડ થયાં. છેવટે ક્રાંતિના ફટકાઓથી ચીનમાં ચિંગવંશનું રાજ્ય નબળું પડ્યું ત્યારે ઈ. સ. ૧૯૧૧ માં મોંગોલિયાને પ્રાંતિક સ્વરાજ્ય મળ્યું, અને ૧૯૨૧ માં એણે પૂર્ણ-સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું. એ વખતના એમના ક્રાંતિકારી નેતાએ સુહે-બેતર અને ચોઈબિલસન હતા. સોવિયેત લશ્કરે એમાં મદદ કરી હતી. પરંતુ એ સમયની પરિસ્થિતિ જોઈને ત્યાંના ક્રાંતિકારી પક્ષે ઠરાવ્યું કે લામાશાહી અને રાજાશાહીને નામની પણ ચાલુ નહિ રખાય તો રાજ્ય નહિ ચાલે. આથી બોગદો ગેગેન નામના એક પુરુષને ખાનનો ઇલકાબ આપીને મોંગોલિયાના સર્વોચ્ચ આધ્યાત્મિક અને અમલધારી નેતાનું પદ આપવામાં આવ્યું.

પરંતુ એ લાંબું ન ચાલ્યું. ૧૯૨૪માં મોંગોલિયાનું પ્રથમ બંધારણ કરવામાં આવ્યું ત્યારે રાજાશાહી નાબૂદ કરવામાં આવી. પછીનો વીસ વર્ષ સામંતશાહીનું આર્થિક અવસાન લાવવામાં ખર્ચાયાં. ઈ. સ. ૧૯૪૦માં જે બંધારણ ત્યાંની ધારાસભાએ મંજૂર કર્યું એ ૧૯૩૬ના સોવિયેત બંધારણ જેવું છે. લશ્કરીતંત્ર, ન્યાયતંત્ર અને મજૂર મહાજનોનું તંત્ર પણ સોવિયેતના જેવું જ છે. ત્યાં રશિયાની જેમ એક જ રાજકીય પક્ષ છે અને એનું જ રાજ્ય ચાલે છે. આર્થિક ઉન્નતિ માટે પણ આયોજન; યાંત્રીકરણ, સહકારી કે સામુદાયિક ખેતી ઇત્યાદિ પણ એ જ ઢબે ચાલે છે. પોતાના એક વખતના સામ્રાજ્યનો એક ભાગ આ રીતે પોતાને બદલે રશિયાના વર્ચસ નીચે છે એ ચીનને એના સ્વભાવ પ્રમાણે ગમતું તો નથી, પણ હાલ એ એ બાબત ઝાઝી તકરાર કરતું નથી. પરંતુ તિબેટમાં હાલ ચીન જે રીતે આગળ વધતું રહ્યું છે એ જાણે મોંગોલિયાના ઈતિહાસના એક પ્રકરણનું પુનરાવર્તન છે. ' ફેક્ટસ એબાઉટ ધી મોંગોલિયન પીપલ્સ રિપબ્લિક ' નામક એક મોસ્કોના પ્રકાશનમાં પૃ. ૬ ઉપર એ કથા અક્ષરશઃ નીચે પ્રમાણે છે.

બૌદ્ધધર્મની નાબૂદી—

' મોંગોલિયામાં બૌદ્ધધર્મ એ એક જ ધર્મ છે. સમાજવાદી સિદ્ધાંતોને અનુસરીને દેશનું જે આધુનિકીકરણ થઇ રહ્યું છે એને લીધે બૌદ્ધધર્મનો પ્રભાવ સદ્‌ભાગ્યે ઘટતો જાય છે. બંધારણ પ્રમાણે ધર્મને રાજ્યથી અલગ પાડીને સૌને પોતાનો ધર્મ પાળવાની છૂટ છે. એમ છતાં, રાજ્યની નીતિ પુરાણી પદ્ધતિની ધાર્મિક માન્યતાઓ પ્રમાણે આચરણ કરવાની બો

ભુલાવવા મથવાની છે. ક્રાંતિકારી જનતાના વર્ગભાનને નાબૂદ કરવા માટે, લામાઓએ ઉછેરેલા ને પોષેલા–વહેમો પર (સરકારે) ક્રમેક્રમે વિજય મેળવવાનો છે.

'વહેમો સામેની લડતમાં જે ગૂંચવણ ઊભી થઈ હતી એ બૌદ્ધધર્મ સાથે સંકળાયેલી મોંગોલી કલાને કારણે હતી. રાજ્યને જણાયેલું કે બૌદ્ધધર્મને બળથી દાબી દેવા જતાં લોકો અભિનવ રાજ્યની સામા થઈ જશે. લામાઓમાંના ઘણા તિબેટીમાં અને સંસ્કૃતમાં લખાયેલા બૌદ્ધ સાહિત્યના સારા વિદ્વાનો હતા. એઓ તિબેટીમાં ધાર્મિક અને બિનધાર્મિક વિષયોના લેખકો હતા એટલું જ નહિ, ચીની અને તિબેટી લેખકો અને ફિલસૂફોના ગ્રંથો પર ટીકા-ટિપ્પણ અને ભાષ્યો પણ રચતા. બૌદ્ધ મંદિરો અને મઠો બૌદ્ધ કલા અને સંસ્કૃતિના ભંડારો હોવાથી કલાકેન્દ્રો થઈ પડ્યા હતાં. અને ચિત્રવિદ્યા પર મઠોનો પ્રભાવ હતો. અને એને લીધે લામાઓનો લોકો પરનો પ્રત્યાઘાતી પ્રભાવ મજબૂત થતો હતો ...

'આઝાદી પછી આથી કરીને વહેમ સામેના જંગમાં રાજ્ય પોતાનું બધું બળ સાંપ્રદાયિકતા સામે વાપરે એ રાજ્યના હિતમાં નહોતું. પરંતુ સમાજવાદના સંપૂર્ણ વિજયમાર્ગમાં, ધાર્મિક માન્યતાઓ અને લોકો પરનો લામાઓનો પ્રભાવ, એ ગંભીર અંતરાયો ઊભા કરનાર તત્ત્વો છે એમ નક્કી થયું.

'આથી ૧૯૨૮–૨૯માં મોંગોલી લોકોના ક્રાંતિકારી પક્ષની સાતમી કોન્ગ્રેસ પછી રાજ્યે લામાઓના મઠોની તમામ મિલકતો જપ્ત કરી અને મઠો સામેનાં પગલાં સુસંગઠિત કરવા એક કેન્દ્રવર્તી ધર્મવિરોધી કમિશનની સ્થાપના કરી. ૧૯૩૭માં કડક પગલાં ભરવામાં આવ્યાં. લામાઓ તરફ લોકોની સહાનુભૂતિ હોવાથી આ કામમાં મદદ કરવા સોવિયેત લશ્કરોની જરૂર પડી. અને ખુદ લામાઓ સામે પણ કડક પગલાં ભરવાં પડ્યાં. પરિણામે ૩૭,૦૦૦ (સાડત્રીસ હજાર) લામાઓને મારી નાખવામાં આવ્યા.

'આજે થોડા મઠો મોંગોલિયામાં છે અને તેમને ધાર્મિક આચારોની ક્રિયાઓ કરવાની ખાસ પરવાનગી આપવામાં આવી છે. (પરંતુ) આમાં ગુપ્તપણે એવા લામાઓ છે જે સમાજવાદી સરકારને ટેકો આપે છે.

'જૂની પદ્ધતિની ધાર્મિક માન્યતાઓ આથી ક્રમેક્રમે ઘટતી જાય છે અને વૈજ્ઞાનિક માન્યતાઓ અને ઐહિક સંસ્કૃતિના આધુનિકતાના ખ્યાલો પોષાતા જાય છે. આ ક્રિયા ક્રમિક છે. પરંતુ સમાજવાદની ક્રમિક પ્રગતિને પરિણામે બૌદ્ધધર્મનો પ્રભાવ પૂર્ણપણે નષ્ટિવત્ થતાં અને ધર્મને અદૃશ્ય થતાં વાર નહિ લાગે.'

સામ્યવાદની આ ચાલ હવે તિબેટમાં ચાલી રહી છે. મહમદ સાહેબે આરોને મુસલમાન કરવાનું ના કહેલું છતાં સામ્રાજ્યવાદીઓના હાથમાં પડતાં ઇસ્લામનો તલવારથી ફેલાવો કરતાં ઇસ્લામી બાદશાહો અને એના ઓલિયાઓ શરમાતા નહિ. બરાબર એમ જ સમાજવાદ ઉર્ફે સામ્યવાદના આ નવધર્માં પ્રચારકો આધુનિક શસ્ત્રોથી સજ્જ એવાં લશ્કરો મારફત પોતાના ધર્મના ચમત્કારો કરી બતાવી પોતાનો ફેલાવો કરતાં ક્યાંય શરમાતા નથી.

[અનુસંધાન પૃ. ૧૯૮

માંદગીમાં ખોરાક (૩)

ડૉ. કાન્તિલાલ શાહ

નજલો (જં ગાઉટ)

આ રોગમાં પગના અંગૂઠાના સાંધામાં સોજો આવે છે. કોઈ વાર બીજા સાંધાઓમાં પણ આવે છે. રોગનો હુમલો સાધારણ રીતે ઓચિંતો આવે છે. માંસાહારીમાં શાકાહારીઓ કરતાં વધારે હોય છે, જો કે આપણે ત્યાં આ રોગના દર્દીઓ જોવા તો મળે છે જ. પુરુષો કરતાં સ્ત્રીઓમાં બહુ ઓછા પ્રમાણમાં હોય છે, અને સામાન્ય રીતે વારસામાં ઊતરે છે.

લોહીમાં મૂત્રિયામ્લ (અં યુરિક ઍસિડ) નામનો તેજાબ વધવાથી આ રોગ થાય છે. આપણા શરીરમાં નત્રિલોની જે ઘડભાંજ થાય છે તેમાંના ન્યુક્લીઓ પ્રોટીન્સમાંથી "પ્યુરિન બોડીઝ" નામના પદાર્થો છૂટા પડે છે અને તેમાંથી મૂત્રિયામ્લ બને છે. આપણા ખોરાકના પ્રત્યેક પદાર્થમાં-પછી તે વનસ્પતિજન્ય હોય કે પ્રાણિજ હોય-જેમાં જેમાં કોશસમૂહો હોય છે તેમાં તેમાં થોડું ન્યુક્લીઓ પ્રોટીન હોય છે જ; પરંતુ માંસ, માછલી વગેરેમાં ઘણું વધારે હોય છે, અને તેથી જ માંસાહારીઓમાં રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે.

આ રોગની આહારમૂલક સારવારમાં એ ધ્યાન રાખવાનું કે દરદી મેદસ્વી હોય (અને મેદવાળામાં રોગનું પ્રમાણ વધારે હોય છે) તો એનું વજન ઘટે એવો ખોરાક આપવો, તથા જેમાં પ્યુરિન પદાર્થો ન હોય અથવા અલ્પ હોય તેવો ખોરાક આપવો. રોગનો તીવ્ર હુમલો હોય ત્યારે લંઘન સૌથી સરસ છે. દરદી રહી શકે તો એકલા પાણી પર રાખવો; અગર ફળોનો રસ આપવો. ત્યારબાદ નીચેના પદાર્થોમાંથી રુચિ પ્રમાણે આપવા. આ પદાર્થોમાં પ્યુરિન નહિવત્ છે:—

(૧) દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, પનીર, ખાંડ, ગોળ, છડેલાં અનાજ, ફળફળાદિ, મગફળી, ઈંડાં, કોબીજ, ગાજર, કાકડી, બટાટા, શકરીઆં, ટામેટાં, મૂળા (દાંડા), કોળું વગેરે.

(૨) નીચેના પદાર્થોમાં થોડું પ્યુરિન છે અને તેથી તીવ્ર હુમલા પછી તબિયત સુધરવા માંડે ત્યારે અઠવાડિયામાં બેત્રણ વાર આપી શકાય:

છડેલાં કઠોળ (દાળ), ડુંગળી, ફુલેવર, પાલખ, વટાણા, માંસ, માછલી.

(૩) બિલકુલ વર્જ્ય ગણવાના પદાર્થો:

કલેજી, ગોમાંસ, સ્વાદુપિંડ (અં સ્વીટ બ્રેડ), માંસ રસ, ખમીર, તથા તજ, લવિંગ, મરી, રાઈ, લસણ, જાયફળ વગેરે મસાલા.

ચા, કૉફી અને કોકો પણ તજવાનું કેટલાક કહે છે કારણ એમાં કૅફીન હોય છે અને કૅફીન એ પ્યુરિન વર્ગનું છે. પરંતુ એમાંથી મૂત્રિયામ્લ બનતો નથી તેથી ચા વગેરે આ દરદીથી લઈ શકાય. તથાપિ તીવ્ર હુમલા વખતે તજવાં ઠીક છે. મદિરા સર્વથા વર્જ્ય ગણવો. સોડા, લેમન વગેરે પીણાં આપી શકાય.

ભુલાડવા મથવાની છે. ક્રાંતિકારી જનતાના વર્ગભાનને નાબૂદ કરવા માટે, લામાઓએ ઉછેરેલા ને પોષેલા—વહેમો પર (સરકારે) ક્રમેક્રમે વિજય મેળવવાનો છે.

'વહેમો સામેની લડતમાં જે ગૂંચવણ ઊભી થઈ હતી એ બૌદ્ધધર્મ સાથે સંકળાયેલી મોંગોલી કલાને કારણે હતી. રાજ્યને જણાયેલું કે બૌદ્ધધર્મને બળથી દાબી દેવા જતાં લોકો અભિનવ રાજ્યની સામા થઇ જશે. લામાઓમાંના ઘણા તિબેટીમાં અને સંસ્કૃતમાં લખાયેલા બૌદ્ધ સાહિત્યના સારા વિદ્વાનો હતા.-એઓ તિબેટીમાં ધાર્મિક અને બિનધાર્મિક વિષયોના લેખકો હતા એટલું જ નહિ, ચીની અને તિબેટી લેખકો અને ફિલસૂફોના ગ્રંથો પર ટીકા-ટિપ્પણ અને ભાષ્યો પણ રચતા. બૌદ્ધ મંદિરો અને મઠો બૌદ્ધ કલા અને સંસ્કૃતિના ભંડારો હોવાથી કલાકેન્દ્રો થઈ પડયા હતાં. અને ચિત્રવિદ્યા પર મઠોનો પ્રભાવ હતો. અને એને લીધે લામાઓનો લોકો પરનો પ્રત્યાઘાતી પ્રભાવ મજબૂત થતો હતો ...

'આઝાદી પછી આથી કરીને વહેમ સામેના જંગમાં રાજ્ય પોતાનું બધું બળ સાંપ્રદાયિકતા સામે વાપરે એ રાજ્યના હિતમાં નહોતું. પરંતુ સમાજવાદના સંપૂર્ણ વિજયમાર્ગમાં, ધાર્મિક માન્યતાઓ અને લોકો પરનો લામાઓનો પ્રભાવ, એ ગંભીર અંતરાયો ઊભા કરનાર તત્ત્વો છે એમ નક્કી થયું.

'આથી ૧૯૨૮–૨૯માં મોંગોલી લોકોના ક્રાંતિકારી પક્ષની સાતમી કોન્ગ્રેસ પછી રાજ્યે લામાઓના મઠોની તમામ મિલ્કતો જપ્ત કરી અને મઠો સામેનાં પગલાં સુસંગઠિત કરવા એક કેન્દ્રવર્તી ધર્મવિરોધી કમિશનની સ્થાપના કરી. ૧૯૩૭માં કડક પગલાં ભરવામાં આવ્યાં. લામાઓ તરફ લોકોની સહાનુભૂતિ હોવાથી આ કામમાં મદદ કરવા સોવિયેત લશ્કરોની જરૂર પડી. અને ખુદ લામાઓ સામે પણ કડક પગલાં ભરવાં પડ્યાં. પરિણામે ૩૭,૦૦૦ (સાડત્રીસ હજાર) લામાઓને મારી નાખવામાં આવ્યા.

'આજે થોડા મઠો મોંગોલિયામાં છે અને તેમને ધાર્મિક આચારોની ક્રિયાઓ કરવાની ખાસ પરવાનગી આપવામાં આવી છે. (પરંતુ) આમાં મુખ્યત્વે એવા લામાઓ છે જે સમાજવાદી સરકારને ટેકો આપે છે.

'જૂની પદ્ધતિની ધાર્મિક માન્યતાઓ આથી ક્રમેક્રમે હટતી જાય છે અને વૈજ્ઞાનિક માન્યતાઓ અને ઐહિક સંસ્કૃતિના આધુનિકતાના ખ્યાલો પોષાતા જાય છે. આ ક્રિયા ક્રમિક છે. પરંતુ સમાજવાદની ક્રમિક પ્રગતિને પરિણામે બૌદ્ધધર્મનો પ્રભાવ પૂર્ણપણે નહિવત્ થતાં અને ધર્મને અદશ્ય થતાં વાર નહિ લાગે.'

સામ્યવાદની આ ચાલ હવે તિબેટમાં ચાલી રહી છે. મહમદ સાહેબે મારીને મુસલમાન કરવાનું ના કહેલું છતાં સામ્રાજ્યવાદીઓના હાથમાં પડતાં ઈસ્લામનો તલવારથી ફેલાવો કરતાં ઈસ્લામી બાદશાહો અને એના ગોઠિયાઓ શરમાતા નહિ. બરાબર એમ જ સમાજવાદ ઉર્ફે સામ્યવાદના આ નવધર્મી પ્રચારકો આધુનિક શસ્ત્રોથી સજ્જ એવાં લશ્કરો મારફત પોતાના ધર્મના ચમત્કારો કરી બતાવી પોતાનો ફેલાવો કરતાં ક્યાંય શરમાતા નથી.

{ અનુસંધાન પૃ. ૧૯૯

માંદગીમાં ખોરાક (૩)

ડૉ. કાન્તિલાલ શાહ

નજલો (જ઼ ગાઉટ)

આ રોગમાં પગના અંગૂઠાના સાંધામાં સોજો આવે છે. કોઈ વાર બીજા સાંધાઓમાં પણ આવે છે. રોગનો હુમલો સાધારણ રીતે ઓચિંતો આવે છે. માંસાહારીમાં શાકાહારીઓ કરતાં વધારે હોય છે, જો કે આપણે ત્યાં આ રોગનાં દર્દીઓ જોવા તો મળે છે જ. પુરુષો કરતાં સ્ત્રીઓમાં બહુ જૂજ પ્રમાણમાં હોય છે, અને સામાન્ય રીતે વારસામાં ઊતરે છે.

લોહીમાં મુત્રિયામ્લ (જ઼ યુરિક ઍસિડ) નામનો તેજાબ વધવાથી આ રોગ થાય છે. આપણા શરીરમાં નત્રિલોની જે ઘાડભાંજ થાય છે તેમાંના ન્યુક્લીઓ પ્રોટીન્સમાંથી "પ્યુરિન બૉડીઝ" નામના પદાર્થો છૂટા પડે છે અને તેમાંથી મૂત્રિયામ્લ બને છે. આપણા ખોરાકના પ્રત્યેક પદાર્થમાં-પછી તે વનસ્પતિજન્ય હોય કે પ્રાણિજ હોય-જેમાં જેમાં કોશસમૂહો હોય છે તેમાં તેમાં થોડું ન્યુક્લીઓ પ્રોટીન હોય છે જ; પરંતુ માંસ, માછલી વગેરેમાં ઘણું વધારે હોય છે, અને તેથી જ માંસાહારીઓમાં રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે.

આ રોગની આહારમૂલક સારવારમાં એ ધ્યાન રાખવાનું કે દરદી મેદસ્વી હોય (અને મેદવાળામાં રોગનું પ્રમાણ વધારે હોય છે) તો એનું વજન ઘટે એવો ખોરાક આપવો, તથા જેમાં પ્યુરિન પદાર્થો ન હોય અથવા અલ્પ હોય તેવો ખોરાક આપવો. રોગનો તીવ્ર હુમલો હોય ત્યારે લંઘન સૌથી સરસ છે. દરદી રહી શકે તો એકલા પાણી પર રાખવો; અગર ફળોનો રસ આપવો. ત્યારબાદ નીચેના પદાર્થોમાંથી રુચિ પ્રમાણે આપવા. આ પદાર્થોમાં પ્યુરિન નહિવત્ છે:—

(૧) દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, પનીર, ખાંડ, ગોળ, છડેલાં અનાજ, ફળફળાદિ, મગફળી, ઈંડાં, કોબીજ, ગાજર, કાકડી, બટાટા, શકરીઆં, ટામેટાં, મૂળા (દાંડા), કોળું વગેરે.

(૨) નીચેના પદાર્થોમાં થોડું પ્યુરિન છે અને તેથી તીવ્ર હુમલા પછી તબિયત સુધરવા માંડે ત્યારે અઠવાડિયામાં બેત્રણ વાર આપી શકાયઃ

છડેલાં કઠોળ (દાળ), ડુંગળી, ફુલેવર, પાલખ, વટાણા, માંસ, માછલી.

(૩) બિલકુલ વર્જ્ય ગણવાના પદાર્થો:

કલેજી, ગોમાંસ, સ્વાદુપિંડ (જ઼ સ્વીટ બ્રેડ), માંસ રસ, ખમીર, તથા તજ, લવિંગ, મરી, રાઈ, લસણ, જાયફળ વગેરે મસાલા.

ચા, કૉફી અને કોકો પણ તજવાનું કેટલાક કહે છે કારણ એમાં કૅફિન હોય છે અને કૅફિન એ પ્યુરિન વર્ગનું છે. પરંતુ એમાંથી મૂત્રિયામ્લ બનતો નથી તેથી ચા વગેરે આ દરદીથી લઈ શકાય. તથાપિ તીવ્ર હુમલા વખતે તજવાં ઠીક છે. મદિરા સર્વથા વર્જ્ય ગણવો. સોડા, લેમન વગેરે પીણાં આપી શકાય.

ખોરાકમાં ઘઉં અઝ્હેર, ચોખા પાશેર, ત્રણ અધોળ દાળ અગર કઠોળ, પોણો શેર ભેંસનું દૂધ, સપરેટ દૂધની ભૂકી એક અધોળ, અને એક અધોળ મગફળી–એટલું આપી શકીએ તો દરદીને ૯૦ ગ્રામ નત્રિલ આપી શકાય. શાકભાજી તથા ખાંડ ગોળ કે ઘી તેલ રુચિ પ્રમાણે અને ખપપૂરતાં આપવાં. આ બધું આપવા જતાં ખોરાકનો જથ્થો વધી જાય અગર ઉષ્ણાંક વધે (અહીં જે વાનીઓ ગણાવી છે તેટલામાંથી જ ૨૧૫૦ ઉષ્ણાંક મળે) તો ચોખા છોડી દેવા, એટલે એકદમ ૪૦૦ ઉષ્ણાંક ઓછા થશે પણ નત્રિલ બહુ નહિ ઘટે.

વધારે પ્રમાણમાં નત્રિલ આપવામાં આવે ત્યારે લોહીમાં મૂત્રિયા (અં યુરિયા) નું પ્રમાણ બિલકુલ વધેલું નથી એ ખાસ જોવું. જ્યારે દરદીના લોહીમાં મૂત્રિયા બહુ વધી જાય છે અને દરદી "યુરિમીઆ" (લોહીમાં મૂત્રિયાનું આધિક્ય)માં પ્રવેશે છે ત્યારે આહાર બહુ મદદરૂપ થતો નથી. તે વખતે સારામાં સારો ખોરાક કાં તો ગાયનું દૂધ છે કાં તો ફળોનો રસ (ગ્લુકોઝ સાથે) છે. (ક્રમશઃ)

★

અનુસંધાન પૃ. ૧૯૬]

તિબેટને વટલાવીને સામ્યવાદી વા 'મુક્ત' કર્યા પછી બીજા કયા પાડોશીનો વારો આવશે એ વિચારવા જેવું છે. પૌરાણિક હિંદુ ખ્યાલો પ્રમાણે ભગવાન કોઈને મારતા નહિ, ફક્ત 'મુક્તિ' જ આપતા. એમજ સામ્યવાદીઓ કોઈને મારતા નથી, ફક્ત 'મુક્તિ' જ આપે છે! એમની જબરદસ્તી કેવળ પારકાનો ઉદ્ધાર કરવા જ હોય છે. બ્રિટિશ વગેરે સામ્રાજ્યવાદીઓ પણ કેવળ કલ્યાણ કરવા જ જ્યાં જતા ત્યાં જતા. એમ જ પ્રથમ 'સહ-અસ્તિત્વ'ને નામે અને પછી સામ્યવાદી સ્વર્ગમાં પહોંચાડવા માટે જ આ નરધર્મીઓ દિન-રાત મથ્યા કરે છે. એ જો ન ભુલાય તો હવે પાડોશી બનેલા નેપાલ, ભૂતાન અને ભારતે આ જબરદસ્તી અને વૈજ્ઞાનિક આક્રમણનો સામનો કરી પોતાની અસ્મિતા ટકાવી રાખવા સુસજ્જ રહેવું જ જોઈશે. સતત સજાગતા, એકતા અને આત્મબળ વિના સ્વાતંત્ર્ય ક્યાંય ટક્યું નથી અને ટકવાનું નથી.

લોકશાહીના નામે અત્યારે પક્ષાપક્ષી, મારું તારું, પ્રાંતવાદ, ભાષાવાદ અને આર્થિક અસંતોષની જે જ્વાલાઓ દેશને ભરખવા મથી રહી છે એ કઈ રીતે આપણી તાકાત વધારે છે, અને આપણને આક્રમક બળો સામે સજાગ કરે છે એ વિચારવું એ આઝાદીના તેરમા વર્ષમાં શું આપણી પ્રથમ ફરજ નથી!

卐

વિલાયતની વાતો

કાન્તિલાલ મ. ગાંધી

૧૬

સ્નેહી ભાઈશ્રી,

વિધિની વિચિત્રતા કેવી છે! હજી હમણાં જ પત્ર નં. ૧૪માં મેં લખ્યું હતું કે વિલાયતમાં આરોગ્યનું ધોરણ ઘણી ઊંચી કોટિનું છે અને આનો મુખ્ય યશ ત્યાંના કલ્યાણ રાજ્યે દાખલ કરેલી "નેશનલ હેલ્થ સર્વિસ" ને ઘટે છે. આ લખાણના શબ્દો હજી તો કાનમાં ગૂંજી રહ્યા છે તેવામાં તો વિલાયતમાં થયેલાં મારી બે પ્રિય અને માનીતી વ્યક્તિઓનાં કરુણ અવસાનની નોંધ લેવાનો પ્રસંગ આવી પડ્યો છે!

આમાંની એક વ્યક્તિ તો જગપ્રસિદ્ધ છે અને "નેશનલ હેલ્થ સર્વિસ"ના પ્રણેતા અને પિતા તરીકે જાણીતી છે. આ મહાપુરુષ શ્રી એન્યુરીન બેવાન એક ગરીબમાં ગરીબ બ્રિટિશ કુટુંબમાં ઉછરેલા હતા અને બાલ્યાવસ્થાથી જ જીવનની શરૂઆત એક શ્રમજીવી ખાણિયા તરીકે કરી હતી. આગળ જતાં તેઓ વિલાયતના શ્રમજીવીઓના એક લાડીલા નેતા બની શક્યા હતા. શ્રમજીવીઓનું જીવનધોરણ ઊંચે લાવીને વિલાયતમાં કલ્યાણ રાજ્ય સ્થાપવાની લડતોમાં તેઓ મોખરે હતા અને આખરે જ્યારે તેઓ તેમાં યશસ્વી થયા ત્યારે ૧૯૪૬માં મજૂરપક્ષની સરકારના આરોગ્યમંત્રી તરીકે તેમણે આખા જગતને ચકિત કરી નાખે તેવી "નેશનલ હેલ્થ સર્વિસ" દાખલ કરી. આજે આ સર્વિસનો લાભ વિલાયતમાં વસનાર દરેક વ્યક્તિને વિના મૂલ્યે મળી રહ્યો છે. જે મૂઠીભર અંગ્રેજો ભારતના સ્વાતંત્ર્યના ચુસ્ત હિમાયતી હતા તેમાંના એક શ્રી બેવાન પણ હતા અને તેમના રાજ્યકાર્ય દરમ્યાન જ ભારતને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું હતું. આવા ભડવીરને કેન્સર જેવો જીવલેણ રોગ લાગુ પડ્યો અને તેમને વિલાયતની શ્રેષ્ઠ સારવારનો લાભ મળ્યો છતાં તેમનો જીવનદીપ અકાળે બુઝાઈ ગયો એ જગતભરના શ્રમજીવીઓ અને વિશ્વશાંતિના ચાહકો માટે ઘણા દુઃખદ સમાચાર છે.

બીજા દુઃખદ સમાચાર તમે તા. ૨૨-૬-૬૦ ના 'જનસત્તા'માં વાંચ્યા હશે જ. મથાળું હતું "લંડનમાં હિંદી વિદ્યાર્થીનું અકાળ અવસાન." આ દુર્ઘટનાની વિગતો વાંચીને આ હિંદી વિદ્યાર્થીને નહિ ઓળખનારા સૌ કોઈ સામાન્ય વાચકોને પણ દુઃખ થયું છે તો તેના નિકટના સ્વજનોને કેટલું દુઃખ થયું હશે તેની કલ્પના તમે કરી શકશો. હું પણ તેના નિકટના સ્વજનોમાંનો જ એક છું. હજી હમણાં જ તા. ૯ મી ઓક્ટોબર ૧૯૫૯ ના દિવસે તો અમે ભાઈ પૃથ્વીશને લંડન તરફ જતી પી. એન્ડ ઓ.ની સ્ટીમર 'કેન્ટોન' ઉપર વિદાય કરી આવ્યા તે દૃશ્ય નજર સામેથી ભૂંસાતું નથી. તે દિવસે ખ્યાલ પણ નહોતો કે સ્ટીમરના ડેક ઉપરથી રૂમાલ હલાવતા હલાવતા છેલ્લે ક્ષિતિજમાં અદૃશ્ય થઈ જતા પૃથ્વીશનું એ દર્શન છેલ્લું જ હતું. ત્યારબાદ લંડનથી તેના ઘણા પત્રો આવ્યા અને એ બધા જ પત્રો ખુશખુશાલીના જ હતા. મારી "વિલાયતની વાતો" પણ તેણે ત્યાં ઘણા ગુજરાતીઓને વંચાવી હતી અને તે બધાને ખૂબ ગમી હતી તેથી તે આગળના હપ્તાઓ મોકલવા માટે પણ લખ્યા

કરતો હતો. વિલાયત જતાં પહેલાં છેલ્લા મહિનામાં તેણે અમારી સાથે જે ઉપરાછાપરી જલસાઓ કર્યા હતા અને બધા સાથે તેણે જે માયા લગાડી હતી તેની યાદ પણ તેના પત્રોમાં કરાવતો હતો. તા. ૮મી મેને દિવસે તો મારી ભાણેજ રમા કાપડિયાના લગ્નપ્રસંગે ભાઈ પૃથ્વીશે લંડનથી એક મોટો પુષ્પગુચ્છ મુંબઈના એક ફ્લોરીસ્ટ (માળી) દ્વારા પાઠવ્યો હતો–તેવામાં એકાએક તા. ૧૪મી જૂન ૧૯૬૦ના દિવસે લંડનથી એક કેબલ દ્વારા સમાચાર આવ્યા કે પૃથ્વીશને લંડનની હીથરગ્રીન હોસ્પિટલમાં ગંભીર હાલતમાં દાખલ કર્યો છે.

આ સમાચારે આખા કુટુંબને હચમચાવી મૂક્યું. ઓગણીસ વર્ષની વયનો આ કિશોર પૃથ્વીશ તેના પિતા શ્રી નારાયણદાસ કિલ્લાવાલા તથા માતા શ્રીમતી સુમનબેનનો એકનો એક પુત્ર હતો. [શ્રી. નારાયણદાસ કિલ્લાવાલા વિલેપાર્લે ગુજરાતી મંડળના પ્રમુખ છે. અને હમણાં જ સેન્ટ્રલ રેલવેના ડેપ્યુટી કન્ટ્રોલર ઑફ સ્ટોર્સના હોદ્દા પરથી નિવૃત્ત થયા છે, મારી પત્નીના તેઓ મામા થાય છે.] દૂર દેશાવરમાં પુત્રની ગંભીર હાલતના સમાચારનો આઘાત અસહ્ય હતો છતાં હિંમત રાખીને તે બન્ને જણા આખો દિવસ મુંબઈમાં આમથી તેમ ખૂબ રખડ્યાં અને સાંજ સુધીમાં પાસપોર્ટો અને વિમાનની ટિકિટો મેળવી લાવ્યાં. તે દરમ્યાન બપોરે લંડનની હીથરગ્રીન હોસ્પિટલમાંથી ટ્રંકકોલ આવ્યો તે સાંભળવાનું દુર્ભાગ્ય મારું હતું. તેમાં ડૉ. બ્રાઉને મને જણાવ્યું હતું કે "પૃથ્વીશનાં માતાપિતાને લંડન આવવું હોય તો ભલે આવે પણ મને ભય છે કે તેઓ તેને આવતી કાલે જીવંત દશામાં નહિ જોઈ શકે!" આમ છતાં અમે તેમને ટ્રંકકોલની વાત ન જણાવી અને તરત જ લંડન જવાનો આગ્રહ કર્યો. તે જ રાત્રે તે બન્ને જણા 'બોઈંગ ૭૦૭' વિમાન દ્વારા લંડન જવા વિદાય થયાં. બીજે દિવસે તા. ૧૫મી જૂને બપોરે ૩–૩૦ વાગે તેઓ લંડન પહોંચ્યાં અને સીધાં હીથરગ્રીન હોસ્પિટલમાં ગયાં.

પૃથ્વીશ હજી જીવંત હતો; પરંતુ બેભાન અવસ્થામાં હતો. માતાપિતા તેની સમીપ આવી પહોંચ્યાં હતાં પરંતુ તેને તેની ખબર ન પડી તે ન જ પડી. તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ સુધી હાલત આમ ને આમ જ રહી. અમે અહીં મુંબઈમાં દરરોજ કેબલો અને ટ્રંકકોલથી આના આ જ સમાચાર સાંભળતા હતા કે હાલતમાં કશો જ ફેરફાર નથી. તેના ગળામાં રેસ્પિરેટર યંત્ર દ્વારા ઓક્સીજનના સીલીંડરો રેડે રાખવામાં આવતા હતા તેથી શ્વાસ ચાલુ રહ્યો હતો પરંતુ તે પણ તા. ૧૮મીની સાંજે બંધ પડી ગયો. કેવી કરુણ ઘટના! માતાપિતાની નજર સામે એકના એક પુત્રનું મૃત્યુ થયું પણ મૃત્યુ પહેલાં એક પળ માટે પણ તેણે આંખ ન ખોલી તે ન જ ખોલી. તેણે જાણ્યું પણ નહિ કે તે આ જગતમાંથી વિદાય લઈ રહ્યો છે અને સમીપમાં જ તેનાં માતપિતા મિલન માટે આતુર બનીને મુંબઈથી લંડન સુધી આવ્યાં છે. કરુણતાને વધારે ઘેરી બનાવવા તા. ૧૮ મીએ શનિવાર હતો. અને તા. ૧૯મીએ રવિવાર હતો. આ દિવસો 'વીકેન્ડ' ના હોવાથી બધું બંધ હોઈ અગ્નિસંસ્કાર પણ મોકૂફ રાખવો પડ્યો. ભાઈ પૃથ્વીશના મૃતદેહને એ દિવસ સુધી એક ઠંડા ખંડમાં પુષ્પશય્યા ઉપર સાચવી રાખવામાં આવ્યો અને સોમવાર તા. ૨૦મીએ ગોલ્ડર્સગ્રીનના ક્રેમેટોરિયમમાં તેનો અગ્નિદાહ કરવામાં આવ્યો. તે પ્રસંગે પૃથ્વીશના મિત્રો ઉપરાંત તે જ્યાં રહેતો હતો તે સ્ટોકવેલની વાય. એમ. સી. એ. હોસ્ટેલના વોર્ડન, તથા ઇન્ડિયા હાઉસના એક પ્રતિનિધિ પણ હાજર હતા. અગ્નિદાહ પહેલાં ગીતાપાઠ અને

અંગ્રેજી 'સામ્સ'ની પ્રાર્થનાઓ પણ કરવામાં આવી. ક્યાં જન્મ, ક્યાં મૃત્યુ અને ક્યાં અગ્નિદાહ! શ્રી કિલ્લાવાલાની હિંમતને પણ ધન્ય છે કે આવો કારમો ઘા પડવા છતાં તેમણે સ્વસ્થતા જાળવીને બધો વિધિ પૂરો કર્યો. તા. ૨૧ મી એ રાત્રે લંડનથી ઊપડીને તા. ૨૨મીએ તેઓ બન્ને પાછા મુંબઈ આવી પહોંચ્યાં. કેવી હૃદયદ્રાવક આ ઘટના અને કેવું કારમું આ આખું અઠવાડિયું!

સૌ કોઈ પૂછે છે કે પૃથ્વીશને થયું શું હતું? પૃથ્વીશને ઓળખનાર સૌ કોઈ જાણે છે કે તેનો દેહ પડછંદ હતો અને તેનું આરોગ્ય અણિશુદ્ધ હતું. વિલાયતની હવામાં તો તે પૂર બહારમાં ખીલી ઊઠશે અને પાંચ વર્ષ બાદ એક ઇજનેર બનીને પાછો ફરશે ત્યારે તો ઓળખી પણ નહિ શકાય તેવો થઈને આવશે. અને વાત પણ સાચી જ હતી. તે ફક્ત આઠ જ મહિના ઉપર વિલાયત ગયો હતો છતાં ત્યાંની હવાથી ખૂબ તેજસ્વી બનતો જતો હતો. ઘોડેસ્વારી, મોટર ડ્રાઈવિંગ, તરવું, ખેલવું એ બધાંમાં તે કુશળ હતો અને ખૂબ મોજિલા, મળતાવડા, પરમાર્થી અને ઉદાર સ્વભાવનો હતો તેથી સ્ટૉકવેલની વાય. એમ. સી. એ.ના વિદ્યાર્થીઓમાં પણ તે ખૂબ પ્રિય થઈ પડ્યો હતો.

મુંબઈના જસ્ટીસ જાગીરદારનો પુત્ર પ્રસાદ પૃથ્વીશનો નિકટનો મિત્ર હતો અને લંડનમાં તેણે છેલ્લી ઘડી સુધી પૃથ્વીશની સંભાળ રાખી હતી. તેના તરફથી ખબર પડી કે મૃત્યુ પહેલાં થોડા દિવસ ઉપર પૃથ્વીશ માથું દુખવાની ફરિયાદ કરતો હતો, પરંતુ વાય. એમ. સી. એ.ના ડૉક્ટરની દવાથી માથું તાત્કાલિક મટી જતું હતું અને વળી પાછું દુખવા આવતું હતું. આમાં ગંભીર જેવું કશું લાગતું નહોતું તેથી પૃથ્વીશે પત્રમાં પણ ઘેર આ બાબત કશું જ લખ્યું નહોતું. જુનની તા. ૧૨મી સુધી તો તે તેનો અભ્યાસ કરતો હતો. અને લંડન શહેરમાં ફરવા પણ જતો હતો. પણ તા. ૧૩ મી જુને તે એકાએક બેભાન થઈ ગયો અને તેને બેભાન હાલતમાં હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો અને ઊંડી તપાસ કરી ત્યારે ખબર પડી કે તેને પાણીમાં તરવાથી થયેલી શરદીમાંથી સાયનેસાઈટીસ અને તેમાંથી બ્રેઈન એસેબ્સ થઈ ગયું હતું. બ્રેઈન ઓપરેશનના નિષ્ણાત ડૉક્ટરોએ તે જ રાત્રે તેના બ્રેઈનનું ઓપરેશન કરીને ઈન્ફેક્શન કાઢી નાખ્યું. પરંતુ તે ભાનમાં ન આવ્યો અને હાલત ગંભીર જણાઈ ત્યારે મુંબઈ ખબર આપી અને પછી શું બન્યું તે હું ઉપર જણાવી ગયો છું.

આ દુર્ઘટના માટે પ્રારબ્ધને દોષ આપવો કે ગફલતને એ જણાવવું મુશ્કેલ છે. શરૂઆતની ચિકિત્સામાં ગફલત થઈ હોય તે સંભવિત છે પરંતુ માથાનો દુખાવો એ એવો સર્વસામાન્ય રોગ છે કે કોઈની પણ કલ્પના એટલે સુધી ન જ દોડી શકે કે આનું પરિણામ આટલું ગંભીર આવશે. વિલાયતના ડૉક્ટરો માટે પણ આ કેસ અસાધારણ હતો—દસ લાખમાં એક જેવો. રોગની ગંભીરતા સમજાયા પછી ડૉક્ટરોએ પૃથ્વીશને બચાવી લેવા માટે કોઈ પ્રયત્ન બાકી રાખ્યો નહોતો પણ દુર્ભાગ્યે તેમને કામયાબી મળી નહીં. ડૉક્ટરો અને નર્સોએ પૃથ્વીશની જે તનતોડ સારવાર કરી હતી તે બદલ શ્રી કિલ્લાવાલા ખૂબજ પ્રસંશા કરે છે. એટલું જ નહિ પણ શ્રી નારાયણદાસ અને સુમનબેન બન્ને પ્રત્યે પણ હૉસ્પિટલના સ્ટાફે ઘણો જ હમદર્દીભર્યો વર્તાવ રાખ્યો હતો. તેમને માટે આખું અઠવાડિયું રહેવાની વ્યવસ્થા પણ હૉસ્પિટલના સ્ટાફ ક્વાર્ટર્સમાં જ કરી આપી હતી અને પૃથ્વીશના ઓપરેશન તથા

સારવાર ઉપરાંત આ સગવડ બદલ પણ કશો જ ચાર્જ કરવામાં આવ્યો નહોતો. આ બધું જ "નેશનલ હેલ્થ સર્વિસ" તરફથી મફત કરવામાં આવ્યું હતું. અંગ્રેજો ઉપરાંત પરદેશીઓને પણ આવો લાભ "નેશનલ હેલ્થ સર્વિસ" તરફથી મળે છે તેનો સચોટ પુરાવો આ દાખલો પૂરો પાડે છે.

સોમવારે પૃથ્વીશના દેહને અગ્નિસંસ્કાર કર્યા બાદ શ્રી કિલ્લાવાલા મંગળવારે તો લંડનથી મુંબઈ પાછા આવવા નીકળ્યા. તે પહેલાં તેમણે પૃથ્વીશ રહેતો હતો તે વાય. એમ. સી. એ.ના રૂમની મુલાકાત લીધી. તે રૂમમાં પૃથ્વીશ સિવાય પૃથ્વીશની દરેક વસ્તુ જેમની તેમ હતી. ડૉક્ટરે આપેલી દવાની બાટલી પણ હતી. તેનાં વસ્ત્રો, પુસ્તકો, પૉકેટ રેડિયો, ઇલેક્ટ્રીક શેવર એ બધું જેમનું તેમ જ પડેલું હતું.

આ ઉપરાંત પૃથ્વીશ ઉપર આવેલો એક પત્ર હતો તે પૃથ્વીશ તો ખોલી ન શકયો પરંતુ તેના પિતાએ ખોલીને વાંચ્યો. તે પત્રમાં તેના મિત્ર નીલ ગ્રેગરીએ પૃથ્વીશને ભોજન તથા રૉયલ ફેસ્ટીવલ હૉલમાં કૉન્સર્ટનું નિમંત્રણ પાઠવ્યું હતું અને આ પ્રોગ્રામ વખતે નીલ તેના મામા તથા મામી મિ. ડેનીસ મીલ્બર્ન અને મિસિસ વીવિયન મીલ્બર્નનું ઓળખાણ પૃથ્વીશ સાથે કરાવવાનો હતો. આ મિસ્ટર અને મિસિસ મીલ્બર્ન તે બીજા કોઈ નહિ પણ મુંબઈની અમારી ટેકનિકલ સર્વિસ લેબોરેટરીના ભૂતપૂર્વ ટેકનિકલ મેનેજર કે જેમની સાથે મેં છેલ્લાં ઓગણીસ વર્ષ સુધી કામ કર્યું હતું અને જેઓ હમણાં જ નિવૃત્ત થઈને તા. ૨૭ જુને જ વિલાયત પાછા ફર્યા હતા.

તા. ૨૩મી એપ્રિલે મિ. અને મિસિસ મીલ્બર્ન મારે ઘેર આવ્યાં હતાં ત્યારે તેમનું ઓળખાણ શ્રી કિલ્લાવાલા સાથે થયું હતું ત્યારથી તેઓ વિલાયતમાં પૃથ્વીશને મળવા માટે આતુર હતા. તેમનો ભાણેજ નીલ પણ પૃથ્વીશ વિશે તેમને અવારનવાર લખ્યા કરતો હતો. આ નવા ઓળખાણના પ્રોગ્રામનું આમંત્રણ પણ પૃથ્વીશના રૂમમાં આવીને પડેલું હતું. પરંતુ વિધિની વિચિત્રતા કેવી કે તે આમંત્રણ પૃથ્વીશ વાંચી શકયો નહિ! આઠ દિવસ બાદ લંડનથી મિ. મીલ્બર્નનો એક પત્ર મારી ઉપર અને એક પત્ર શ્રી કિલ્લાવાલા ઉપર આવ્યો અને તે હતો શોકની સહાનુભૂતિનો! તે ઉપરાંત બીજા બે સહાનુભૂતિના પત્રો હતા. તેમાં એક નીલનો હતો અને બીજો નીલની માતાનો હતો. પૃથ્વીશ આ લોકોને ત્યાં નાતાલમાં રહી આવ્યો હતો અને તેમની વચ્ચે ઘર જેવો સંબંધ થઈ ગયો હતો એની યાદથી આ આખું કુટુંબ પણ શોકમાં ડૂબી ગયું છે. પ્રસાદ જાગીરદારના શોકનો પણ પાર નથી. મુંબઈમાં તો આખા કુટુંબમાં હાહાકાર વ્યાપી જ ગયો છે, અને જે કોઈ આ વાત સાંભળે છે તે બધા જ સ્તબ્ધ થઈ જાય છે.

પૃથ્વીશના સંપર્કમાં આવેલા બધા જ સ્નેહીઓ તેની સાથેનો પોતપોતાનો સંબંધ યાદ કરવા બેસે છે ત્યારે માની નથી શકતા કે પૃથ્વીશ સદાને માટે ખોવાઈ ગયો છે. કેટકેટલા પ્રસંગોનાં સંસ્મરણો હજી તો નજર સામે તાજાં જ છે. મારી અને પૃથ્વીશની ઉંમર વચ્ચે પચીસ વર્ષનો ગાળો હતો છતાં છેલ્લાં ત્રણેક વર્ષથી તો તે જાણે સમવયસ્ક હોય તેવું જ લાગતું હતું. "ચાલો ને કાન્તિભાઈ, આ રવિવારે આપણે એક પીકનિક ઉપર જઈએ. તમે હા પાડશો તો પપ્પા પણ હા પાડશે" એવી હળવે દરખાસ્તો મૂકીને તેણે

કેટકેટલાં સુંદર પર્યટનો અને અન્ય પ્રોગ્રામો ગોઠવ્યાં હતાં, તે યાદ કરું છું ત્યારે માની નથી શકતો કે અમારો આ "ડાયરેક્ટર ઓફ પ્રોગ્રામ્સ" હવે કદાપિ પાછો ફરનાર નથી.

એ માથેરાનની ટ્રીપ કેટલી યાદગાર હતી! ત્યાંનાં બધાં 'પોઇંટ' માટે પૃથ્વીશે નવાં નવાં નામો ઘડી કાઢયાં હતાં—પેનેરામાને બદલે 'પાનાં રમો પોઇંટ', ગાર્બટને બદલે 'ગરબડ', માપરાને બદલે 'મીરાં', એખ્કે ને બદલે 'એખ્ખ હૈ', લુઈઝાને બદલે 'લઈ જા' એવાં નામો શીઘ્ર રીતે પાડી વખતે તે બધાંને કેવી રમૂજ કરાવતો હતો તે દશ્ય પણ મારી નજર સામે હજી તાજું જ છે. વસઈ પાસે આવેલા "નિર્મળ" નામના સ્થળના પર્યટન વખતે પૃથ્વીશે ગાયેલાં અંગ્રેજી ગીતો અને બોલ રમતી વખતે તેણે જે બધાને હંફાવ્યા હતા તે પ્રસંગ પણ ભૂલાય તેવો નથી. લિબર્ટી સીનેમામાં "નવરંગ"ની ફિલ્મ શરૂ થઈ કે તુરત જ તેણે પચીસ સ્નેહીઓની સાથે તે ફિલ્મ જોવાનો પ્રોગ્રામ ગોઠવી દીધો હતો અને ફિલ્મ જોઈ બહાર નીકળ્યા બાદ નજીકની રેસ્ટોરાંમાં આટલાં બધાંની એક સામટી જગ્યા ન હોવાથી ફૂટપાથ ઉપર જ આઈસક્રીમની "સ્ટેન્ડીન્ગ પાર્ટી" કેવી ચપળતાથી તેણે ગોઠવી દીધી હતી તે પ્રસંગ પણ આ પચીસે સ્નેહીઓ કદાપિ ભૂલી શકશે નહિ. જૂહુ, આરે કોલોની, તુલસી સરોવર, નેશનલ પાર્ક, પવાઈ, વાંદરા બેન્ડ સ્ટેન્ડ, વરસોવા જેવાં નજીકનાં સ્થળોએ તો તે વખતોવખત અમારી આખી મંડળીને ખેંચી જતો હતો. "ચાલો ને કાન્તિભાઈ..." એ શબ્દો હજીયે ગૂંજ્યા કરે છે અને હૈયું ભરાઈ આવે છે.

પૃથ્વીશનો નાનાં બાળકો પ્રત્યેનો પ્રેમ પણ અદ્દભુત હતો. બાળકોને લાડ લડાવવાં, ખીજવવાં, પટાવવાં, લલચાવવાં, પોપટની જેમ પઢાવવાં વગેરે પ્રેમના બધા પ્રકારો પૃથ્વીશને સાધ્ય હતા. તેના કાકાના પુત્ર ભાઈ જગદીશ કિલ્લાવાલા ('ગુજરાતના સાહિત્યસર્જકો'ના પ્રકાશક)ની પુત્રી મીતુ (મૃણાલ) અને પુત્ર વીપુ (વિપ્લવ) સાથે 'પૃથ્વીશકાકા' જાત-જાતના લાડ કરતા હતા. પૃથ્વીશને ગળે વળગેલો વીપુનો એક ફોટો તો એટલો બધો ભાવવાહી છે કે 'વહાલ'ના શીર્ષક સાથે ફોટોગ્રાફીના કોઈ પણ પ્રદર્શનમાં સ્થાન પામી શકે તેવો તે છે. અમારા પાડોશી શ્રી. શેષનાથ અને મીનાક્ષી ડાભોલકરનો નાનકડો પુત્ર પ્રકાશ પણ પૃથ્વીશનો માનીતો બની ગયો હતો પણ આજે હવે પ્રકાશને પણ ખાત્રી થઈ ગઈ છે કે "પૃથ્વીશકાકા લંડન ગેલા આણી આતા તો પરત યેણાર નાહિ ય તે મી ખરોચ સાંગતો." મારાં સંતાનો મુકુર, પ્રજ્ઞા અને કિરણનો તો તે સગો ભાઈ હોય તેમજ વર્તતો હતો. આસપાસનાં બધાં જ બાળકોને તે સરદાર હોય તેમ લાગતું હતું. આ પ્રમાણે પૃથ્વીશે નાનાં મોટાં સૌ કોઈનો પ્રેમ જીતી લીધો હતો. શ્રી. કિલ્લાવાલાનો ડ્રાઈવર તુકારામ પણ પૃથ્વીશનો દિલોજાન દોસ્ત બની ગયો હતો અને આજે સૌ કુટુંબીઓના જેટલી જ તીવ્ર રીતે તુકારામને તથા પૃથ્વીશના મિત્ર મહેશને પણ ચોટ લાગી ગઈ છે. ભાઈ બહેન વચ્ચેની મીઠી મસ્તીની સહભાગિની પૃથ્વીશની બે બહેનો અંજની (શ્રીમતી ભૂપાણવાલા) અને પ્રેરણા પણ તેમના આ લાડકવાયાનાં મીઠાં પરાક્રમોની યાદ કરીને આજે ઝૂરી રહી છે.

આ અણધાર્યાં અવસાનની ખબર પૃથ્વીશનાં કાકી શ્રીમતી લીલાવતી કિલ્લાવાલા (જગદીશનાં માતુશ્રી)ને તો પૂરા દસ દિવસ બાદ પડી! તેઓ ગયાં હતાં બદરીકેદારની

જાત્રાએ, અને વરસાદને લીધે તે પ્રદેશમાં તાર ટપાલનું ભંગાણ પડ્યું હતું. આ કારણે ભાઈ જગદીશે તેમના મદદનીશ શ્રી હસનભાઇને હરદાર મોકલી આપ્યા અને ત્યાં તેમણે આ બધાં યાત્રીઓનો સંપર્ક સાધ્યો ત્યારે તે બધાંને આ દુઃખદ સમાચારની જાણ થઈ. બીજે જ દિવસે હસનભાઈ લીલાવતી બહેનને મુંબઇ પાછા તેડી લાવ્યા.

આ પ્રમાણે એક સ્વપ્નની જેમ આ બધા બનાવો બની ગયા. કુટુંબના એક આશાસ્પદ યુવકનું અકાળ અવસાન એ કરુણમાં કરુણ ઘટના છે. પરંતુ કવિશ્રી ખબરદાર આશ્વાસન આપે છે કે :—

"જન્મ ને મૃત્યુ છે ઉભય સુંદર જગ
હો ભલે ઉભયના પંથ ન્યારા!
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દિસે
જ્યા ખીલે માત્ર શુભ સ્મરણુ ક્યારા!"

બીજા કવિશ્રી નરસિંહરાવ ભોળાનાથ પણ લખી ગયા છે કે :—

"કાળ શું નિજ બળ વડે સ્મરણચિત્રો ભૂસશે?
એમ જો સત્યજ હશે તો દેહ સહુ સઘળું જશે!
હૃદય એ માને નહિ, આત્મ તત્ત્વ સ્વસિદ્ધ છે,
અન્ય મત, મુજ મન કહે, ઉપપત્તિ કેરી વિરુદ્ધ છે.

'વિલાયતની વાતો'ના સંસ્મરણોમાં ભાઈ પૃથ્વીશના દુઃખદ અવસાનનું આ સ્મરણ ચિત્ર પણ ઉમેરવાનો વખત આવશે તેની કલ્પના સુદ્ધાં મને ગયા મહિને નહોતી. આ સ્મરણચિત્ર આમ અંગત હોવા છતા તેમા સામાન્ય વાચકોને પણ વિચાર કરતા કરી મૂકે તેવા પ્રસંગોનું આલેખન થયુ છે તેથી, તેમજ ઈંગ્લાંડમા "નેશનલ હેલ્થ સર્વિસ"ની યોજના કેટલી કલ્યાણકારી છે અને કોઈ પણ દેશના કોઈ પણ નાગરિકને કેટલી મદદરૂપ થઈ પડે છે તેના આદર્શ નમૂનારૂપ આ કિસ્સો બની ગયો એટલે, વિલાયતની એક વાત તરીકે મેં જાહેરમાં આ રજુ કર્યું છે. વિલાયતની આપણી બીજી વાતો હવે તો આવતા અંકમાં જ આપી શકીશ.


શ્રી નાય બેવાન અને ભાઈ પૃથ્વીશના આત્માને ચિરશાંતિ મળો એવી અભ્યર્થના સાથે વિરમું છુ.

ક્રમશ:]

લિ૦ સ્નેહાધીન
કાન્તિ ગાંધીના
જયહિંદ.

☆

મધમાખીની જેમ સંચય કરો



રોકાણના પ્રકારો

	વ્યાજનો દર
(૧) ૧૨-વર્ષીય રાષ્ટ્રીય યોજના બચત સર્ટિફિકેટો	૫.૪૧ ટકા
(૨) ૧૦-વર્ષીય ટ્રેઝરી બચત ડિપોઝીટ સર્ટિફિકેટો	૪.૦૦ ટકા
(૩) ૧૫-વર્ષીય એન્યુઇટી સર્ટિફિકેટો	૪.૨૫ ટકા
(૪) ટપાલ કચેરીની બચત બેન્કનાં ખાતાં	૨.૫૦ ટકા
(૫) ક્યુમ્યુલેટિવ ટાઈમ : પંચવર્ષીય ખાતું	૩.૩૦ ટકા
ડિપોઝીટ યોજના : દસવર્ષીય ખાતું	૩ ૮૦ ટકા
(૬) ઇનામી બોન્ડ યોજના	

ફકત રૂ. ૫ અને રૂ. ૧૦૦માં જંગી ઇનામો જીતો.



નાની બચત

યોજનામાં નાણાં રોકી સમૃદ્ધ બનો

DIRIMF 55-4

